શ્રી શય્યંભવસૂરિ સંદબ્ધ
શ્રી હરિભદ્રસૂરિ ટીકા સમલંકૃત




# શ્રી દશવૈકાલિક સૂત્ર

મુનિ શ્રી માણેક મુનિજી કૃત

## ભાષાન્તર

સંશોધક .. આચાર્ય શ્રી મુનિચંદ્ર સૂરીશ્વરજી મ. સા.

સંપાદક .. મુનિ શ્રી જયાનન્દ વિજયજી

શ્રી શત્રુંજયાધિપતિશ્રી આદિનાથાય નમઃ
પ્રભુ શ્રીમદ્ વિજય રાજેન્દ્ર સૂરીશ્વરાય નમઃ

*શ્રી શય્યંભવસૂરિ કૃત*

# શ્રી દશવૈકાલિક સૂત્ર
# ભાષાન્તર

.. *દિવ્યાશીષ* ..

આચાર્યદેવ શ્રી **વિદ્યાચન્દ્ર** સૂરીશ્વરજી
આગમજ્ઞ મુનિરાજ શ્રી **રામચન્દ્ર** વિજયજી

*ભાષાંતર કર્તા* .. મુનિરાજ શ્રી **માણેક** મુનિજી

*સંશોધક* .. આચાર્યદેવ શ્રી **મુનિચંદ્ર** સૂરીશ્વરજી

*સંપાદક* .. મુનિ શ્રી **જયાનન્દ** વિજયજી

(આ પુસ્તક જ્ઞાન ખાતામાંથી છપાવેલ છે. ગૃહસ્થોંએ માલીકી કરવી નહીં.)

પુસ્તક : શ્રી દશવૈકાલિક ભાષાન્તર

કર્તા : શ્રી શય્યંભવ સૂરીશ્વરજી

ટીકાકાર : શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી

ભાષાંતર : મુનિરાજ શ્રી માણેક મુનિજી

સંશોધક : આચાર્યદેવ શ્રી મુનિચંદ્ર સૂરીશ્વરજી

સંપાદક : મુનિ જયાનંદ વિજય

દ્રવ્ય સહાયક : મુનિરાજ શ્રી જયાનંદ વિજયજી મ., મુનિ શ્રી દિવ્યાનંદ વિજયજી અને મુનિ શ્રી તત્ત્વાનંદ વિજયજી આદિ ઠાણા નું ચાતુર્માસ ૨૦૫૮માં પાલીતાણામાં એક સદ્ગૃહસ્થ તરફથી થયું. તે સમયે જ્ઞાનખાતાની આવકમાંથી.

પ્રકાશક : શ્રી ગુરુરામચંદ્ર પ્રકાશન સમિતિ ભીનમાળ

સંચાલક : ૧) સુમેરમલ કેવલજી નાહર ભીનમાલ (રાજ.)
૨) મીલિયન ગ્રૂપ સૂરાણા (રાજ.)
૩) શ્રીમતી સકુદેવી સાંકલચંદજી નેતીજી હુકમાણી પરિવાર પાંથેડી (રાજ.)
૪) શા હસ્તિમલ લખમીચંદ ભલાજી નાગોળા પરિવાર બાકરા (રાજ.)

પ્રાપ્તિસ્થાન : ૧) શા દેવીચંદ છગનલાલ સદરબજાર, ભીનમાલ ૩૪૩૦૨૯
૨) શ્રી આદિનાથ રાજેન્દ્ર જૈન પેઢી - સાઁથૂ - ૩૪૩૦૨૬
૩) નાગાલાલ વજાજી ખીંવસરા શાંતિ વિલા અપાર્ટમેન્ટ, કાજીકા મૈદાન, ગોપીપૂરા, સૂરત
૪) મહાવિદેહ ભીનમાલ ધામ, તલેટી હસ્તગિરિ લીંક રોડ, પાલીતાણા - ૩૬૪૨૭૦

# .. અનુક્રમણિકા ..


| | | |
|---|---|---|
| ગુજરાતી | પ્રસ્તાવના | |
| | આ. શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી | ૧ |
| ગુજરાતી | બે શબ્દો | |
| | મુ. જયાનંદવિજય | ૬ |
| हिन्दी | श्री दशवैकालिक एक समीक्षात्मक अध्ययन | |
| | आचार्य देवेन्द्र मुनि | ૭-૪૯ |
| ગુજરાતી | ભાગ ૧ | ૧ સે ૮૩ |
| ગુજરાતી | ભાગ ૨ | ૧ સે ૯૮ |
| ગુજરાતી | ભાગ ૩ | ૧ સે ૧૧૧ |
| ગુજરાતી | પરિશિષ્ટ | |
| हिन्दी | १) दस कालियसुत्त गाहाणुक्कमो | ૧૧૨ |
| ગુજરાતી | ૨) નિર્યુક્તિ, ટીકા અને ભાષ્ય ગાથા | ૧૧૭ |
| ગુજરાતી | ૩) પુસ્તક, તૃણ, ચર્મ, દુષ્ય પંચક | ૧૨૪ |
| ગુજરાતી | ૪) જેટલી ગોચરી શુદ્ધ તેટલું ચારિત્ર શુદ્ધ | ૧૨૭ |

# પ્રસ્તાવના

નિર્યુક્તિ, ભાષ્યસહિત આ.શ્રી હરિભદ્રસૂરિ કૃત શિષ્યહિતા ટીકા સહિત શ્રી દસવૈકાલિક સૂત્રનો ગુજરાતી ભાષામાં અનુવાદ પુનઃ પ્રગટ થઈ રહ્યો છે તે ઘણાં હર્ષનો વિષય છે.

પોણોસો વર્ષ પૂર્વે મુનિરાજ શ્રી માણેકમુનિએ કરેલો અનુવાદ ત્રણ ભાગમાં પ્રગટ થયેલો.[1]

આ અનુવાદ જરૂરી ભાષાકીય ફેરફાર કરવાપૂર્વક મુનિરાજ શ્રી જયાનંદવિજયજી મ.ના સંપાદન પૂર્વક પ્રગટ થઈ રહ્યો છે તે ઘણાં હર્ષનો વિષય છે.

**આગમ અને તેના વિભાગો :**

વર્તમાનકાળમાં આગમોના અંગ, ઉપાંગ, મૂલ, છેદ આ રીતે વિભાગો પ્રસિદ્ધ છે. આ વિભાગીકરણનો ઉલ્લેખ પ્રભાવકચરિત્ર (આર્યરક્ષિત સૂરિ ચરિત્ર, શ્લોક ૨૪૧)માં જોવામાં આવે છે.

એ પહેલાંના નંદીસૂત્ર, પક્ખીસૂત્ર વગેરે ગ્રંથોમાં અંગ અને અંગ બાહ્ય, અંગ બાહ્યમાં આવશ્યક, કાલિક ઉત્કાલિક આ રીતે ભેદો જોવામાં આવે છે.

આ પ્રકાર પ્રમાણે પહેલાં આગમોની સંખ્યા ૮૪ જેટલી હતી. વર્તમાનમાં ૪૫ આગમ પ્રસિદ્ધ છે. શ્રી દસવૈકાલિક સૂત્રનો સમાવેશ[2] મૂળ સૂત્રમાં કરવામાં આવ્યો છે.

**મૂલસૂત્ર :**

મૂલસૂત્ર નામકરણ માટેના હેતુ વિદેશી વિદ્વાનોએ જુદા જુદા આપ્યા છે. વિંટર નિટ્ઝે આ આગમો ઉપર ઘણી ટીકા હોવાની દલીલ આપી છે. તો ચાર પેંટીયર, ગ્યારી, પટવર્ધન વગેરેએ આમાં ભગવાનના મૂળ શબ્દો હોવાનું કારણ આપ્યું છે.[3]

શ્રી દેવેન્દ્રમુનિ શાસ્ત્રિએ ઉપરોક્ત દલીલોનો રદિયો આપી, આ મૂળસૂત્રોમાં આચાર સંબંધી મૂલગુણ, મહાવ્રત, સમિતિ, ગુપ્તિ આદિનું નિરૂપણ હોવાથી 'મૂલસૂત્ર' નામ પડ્યું હોવાનું જણાવે છે.[4]

આગમ પુરુષનું રહસ્ય પૃ. ૩૯માં પણ ચારિત્રના પાયાને મજબૂત કરતા ગ્રંથો સંયમી જીવનના મૂલભૂત સૂત્રો હોવાનું શ્રી અભયસાગરજી મ.એ જણાવ્યું છે.

શ્રી સમયસુંદરજીના મતે મૂલસૂત્રમાં (૧) દસવૈકાલિક (૨) ઓઘ નિર્યુક્તિ (૩) પિંડ નિર્યુક્તિ, (૪) ઉત્તરાધ્યયન આ ચાર આગમો છે.[5]

---

૧ પ્રથમ ભાગ વીર સં. ૨૪૪૭માં શ્રી મોહનલાલજી જ્ઞાન ભંડાર, સૂરત દ્વારા પ્રગટ થયેલ છે. એ પછી ભાગ-૨ અને ભાગ-૩,૪ પણ પ્રગટ થયેલ છે.

૨ નંદીસૂત્રની ચૂર્ણિ (પત્ર ૪૭) અને હારિભદ્રીય (સૂત્ર ૪૩ પત્ર ૯૦) ટીકામાં (મલયગિરિ વૃત્તિ પત્ર ૨૦૩ માં) સૂત્ર પુરુષનું (દ્વાદશાંગ પુરુષનું) વર્ણન આવે છે. શ્રી આગમ પુરુષનું રહસ્ય (ગોડીજી જૈન મિત્ર મંડળ મુંબઈથી ૨૦૧૦માં પ્રગટ થયેલ છે)માં પૃ. ૫૦ સામે એક પ્રાચીન આગમ પુરુષનું ચિત્ર પ્રસિદ્ધ થયું છે. અને પૂ. સાગરજી મ. એ તૈયાર કરાવેલા બે ચિત્રો પૃ. ૧૪ સામે અને પૃ. ૪૯ સામે પ્રગટ થયા છે. આ બે ચિત્રોમાં મૂલ સૂત્રનો સમાવેશ થયો છે.

૩ ઉત્તરાધ્યયન સૂત્ર - દેવેન્દ્રમુનિ પ્રસ્તાવના (આગમ પ્ર. બ્યાવર)
ઉત્તરાધ્યયન એક સમીક્ષાત્મક અધ્યયન પૃ. ૨૦, જૈન સાહિત્ય કા બૃહદ્ ઈતિ. ભાગ-૨

૪ ઉત્તરાધ્યયન સૂત્ર ઉપરોક્ત પ્રસ્તાવના.

૫ સમાચારી શતક

*આ.શ્રી ભાવપ્રભસૂરિજીએ પિંડનિર્યુક્તિ–ઓઘનિર્યુક્તિને એક ગણી આવશ્યક સૂત્રને પણ મૂલસૂત્ર તરીકે સ્વીકાર્યું છે.*[1]

*સ્થાનકવાસી અને તેરાપંથી પરંપરામાં (૧) ઉત્તરાધ્યયન (૨) દસવૈકાલિક (૩) નન્દીસૂત્ર (૪) અનુયોગદ્વાર આ ચાર મૂલસૂત્ર મનાય છે.*

**શ્રી દશવૈકાલિક સૂત્ર :**

*વિકાલમાં રચના થઈ હોવાથી અને દશ અધ્યયનયુક્ત હોવાથી આ ગ્રંથનું નામ દશકાલિક અથવા દસવૈકાલિક પડ્યું છે.*[2] *(દ.વૈ.નિ. ગાથા–૧૫)*

*જોકે વિશેષ પ્રસિદ્ધ નામ દસવેયાલિય–દસવૈકાલિક છે.*

*વીર નિ.સં. ૭૨ આસપાસ ચંપાનગરીમાં શ્રુતકેવલી શ્રી શય્યંભવાચાર્યે આ ગ્રંથની રચના નિર્યુહણ પોતાના સંસારી પક્ષે પુત્ર મનકમુનિ માટે કરી છે.*

*જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ–૧, પૃ. ૧૧૬માં આ સૂત્રની રચના વી.સં. ૮૨ લગભગ થઈ છે એમ જણાવ્યું છે. આમાં ૫૧૪ ગાથાઓ અને ૩૧ સૂત્ર ગદ્યમય છે (આના વિષયમાં પણ પાઠાન્તરો છે)*

*નિર્યુક્તિ (ગાથા ૧૬–૧૭) મુજબ દસવૈકાલિકનું ૪થું અધ્યયન આત્મપ્રવાદપૂર્વમાંથી, ૫મું કર્મ પ્રવાદપૂર્વમાંથી, ૭મું સત્યપ્રવાદપૂર્વમાંથી અને ૯માં પ્રત્યાખ્યાનપ્રવાદની ત્રીજી વસ્તુમાંથી બાકીના શેષ સર્વે અધ્યયન ઉદ્ધરેલાં છે. મતાંતરે આ સૂત્રનું નિર્યુહણ દ્વાદશાંગીમાંથી થયું છે. (દ.વૈ.નિ. ગાથા – ૧૮)*

**ગ્રંથ મહત્વ :**

*દિગંબર પરંપરાના ગ્રંથોમાં પણ દસવૈકાલિક સૂત્રનો ઉલ્લેખ આવે છે. કષાય પાહુડની જયધવલા ટીકા (ભાગ–૧, પૃ. ૧૩–૨૫) અને ગોમ્મટસાર (જીવકાંડ ગા. ૩૬૭)માં અંગબાહ્યના સાતમાં પ્રકાર તરીકે દસ વૈકાલિક સૂત્રનો ઉલ્લેખ છે. નંદીસૂત્રમાં ઉત્કાલિક સૂત્રમાં દસવૈકાલિક પહેલું છે.*

*પહેલાંના કાળમાં આગમોનું અધ્યયન આચારાંગથી શરૂ થતું. અને આચારાંગ સૂત્રના શસ્ત્રપરિજ્ઞા અધ્યયન સુધીના યોગોદ્વહન પછી વડી દીક્ષા ઉપસ્થાપના કરવામાં આવતી. દસ વૈકાલિક રચના પછી સર્વ પ્રથમ દસ વૈકાલિકનું અધ્યયન કરાવવાનું શરૂ થયું. અને દસ વૈકાલિકના ૪ અધ્યયનના યોગોદ્વહન પછી વડી*

---

૧ જૈનધર્મવર સ્તોત્ર શ્લોક૩૦ની સ્વોપજ્ઞ ટીકા

૨ નિર્યુક્તિમાં દસકાલિય (ગાથા ૧,૭,૧૨,૧૪,૨૫,માં પાંચ-છવાર) અને દસવેયાલિય નામ પણ (ગાથા ૬, ૩૯૭ બે-ત્રણવાર)આવે છે. ૧૦ અધ્યયન હોવાથી, અને ત્રીજા પહોરમાં સ્વાધ્યાયના કાળ પહેલાં રચના થઈ હોવાથી વૈકાલિક નામ પડ્યું હોવાનું પ્રસિદ્ધ છે (દસ વૈ. હારિભદ્રીય ટીકા પત્ર ૨) પ્રો. ઘાટગેએ એવી દલીલ આપી છે કે - મનકમુનિ માટે પણ પૂર્વના પદાર્થો કે જે ૧૯ વર્ષના દીક્ષા પર્યાય પછી જ પ્રાપ્ત કરી શકાય એવો નિયમ છે. તે દીક્ષા પછી તુરત જ મળી ગયા એ અર્થમાં પણ વિકાલે-અકાલે સમય પહેલાં ભણ્યા માટે દસવૈકાલિક નામ પડ્યું. (Indian Historical Quarterly, Vol. 12, P. 270) દસ વૈકાલિક સૂત્રનું ૧૦મું અધ્યયન વૈતાલિક છંદમાં હોવાથી દસ-વૈતાલિક - દસ વેયાલિય નામ પડ્યું એવું અનુમાન પણ કેટલાક કરે છે. કેટલાંક વિદ્વાનોનું માનવું છે કે જુનું નામ 'દસ કાલિક' જાણાય છે. કાલિકનો એક અર્થ 'જેમાં ચરણ કરણનું યોગ આવતો હોય તે કાલિક (ચૂર્ણિ પા-૨) એ અર્થમાં આ ગ્રંથ કાલિક હોવાથી દસ કાલિક નામ પડ્યું હોય. પછી કાલિક ઉત્કાલિક ભેદમાં આ ગ્રંથ (દસ વૈકાલિક) ઉત્કાલિકના ભેદમાં પ્રથમ આવતો હોવાથી પછીથી દસવૈકાલિક નામ પ્રસિદ્ધ થયું હોય જો કે આ બધા અનુમાનો છે. ('સમી સાંજનો ઉપદેશ' પ્રસ્તાવના)

દીક્ષા આપવાનું શરૂ થયું. આજે પણ આ જ પ્રમાણે ચાલે છે. (વ્યવહાર ભાષ્ય ઉદ્દેશ ૩, ગાથા ૧૭૪-૧૭૬) એવી જ રીતે પહેલાં આચારાંગ સૂત્રના બીજા અધ્યયનના પાંચમા ઉદ્દેશાના અધ્યયન પછી ભિક્ષા-ગ્રહણની અનુમતિ મળતી જે પાછળથી દસ વૈકાલિક સૂત્રના પાંચમાં પિંડૈષણા અધ્યયનની જાણકારી બાદ મળે છે.

મહાનિશીથ સૂત્ર (અધ્યયન ૫) પ્રમાણે પાંચમા આરાના છેડે અન્ય બધા આગમો વિચ્છિન્ન થયા હશે ત્યારે શ્રી દુપ્પસહસૂરિજી માત્ર આ દસવૈકાલિક સૂત્રના ધારક હશે.

દસવૈકાલિક સૂત્રના રચયિતા શ્રી શય્યંભવાચાર્યને નિર્યુક્તિકારે ૧૪મી ગાથામાં વંદન કર્યું છે. આ ગાથાની વ્યાખ્યામાં આ.ભ.હરિભદ્રસૂરિજીએ શ્રી શય્યંભવાચાર્યના જીવનની ઘટના અને દસવૈકાલિકની રચના વગેરે બાબતો જણાવી છે. (અનુવાદ ભાગ-૧, પૃ. ૧૪)

**ગ્રંથકાર અને ગ્રંથ રચના :**

દસવૈકાલિક સૂત્રની રચનાનો ઈતિહાસ પરિશિષ્ટ પર્વમાં મળે છે. તેનો ટૂંકસાર આ પ્રમાણે છે–

શ્રી સુધર્માસ્વામીના પાટે શ્રી જંબૂસ્વામી અને તેઓની પાટે શ્રી પ્રભવસ્વામી આવ્યા. શ્રુતકેવલી પ્રભવસ્વામીજીએ પોતાના ઉત્તરાધિકારી તરીકે કોણ યોગ્ય તે જાણવા ઉપયોગ મૂક્યો. રાજગૃહના પંડિત શય્યંભવ યોગ્ય જણાયા. યજ્ઞ કરાવતા પં. શય્યંભવને ત્યાં જઈ બે મુનિઓએ કહ્યું કે – "अहो कष्टं अहो कष्टं तत्त्वं न ज्ञायते परम्" શય્યંભવ પંડિતે આગ્રહ કરતાં ઉપાધ્યાયે કહ્યું તત્ત્વ તો અરિહંત ભગવંત બતાવે છે તે જ સાચું. આ પછી શય્યંભવ શ્રી પ્રભવસ્વામીજી પાસે પહોંચે છે. વૈરાગ્ય પામી દીક્ષા લે છે. દ્વાદશાંગીનું અધ્યયન કરે છે. શ્રી પ્રભવસ્વામી તેઓને પાટ પર સ્થાપી સ્વર્ગે જાય છે.

શય્યંભવ પંડિતની પત્ની સગર્ભા હતી. પુત્રને જન્મ આપ્યો. મનક નામ પડ્યું. આઠ વર્ષનો મનક પિતાને શોધતો ચંપાપુરી પહોંચે છે. આ.શ્રી શય્યંભવજીનો ભેટો ગામ બહાર જ થઈ જાય છે. આચાર્યશ્રી કહે છે– તારા પિતાને હું સાર રીતે જાણું છું. મને તારા પિતાથી અભિન્ન સમજ. મનકે દીક્ષા લીધી. એનું આયુષ્ય છ મહિનાનું જ છે એમ જાણી આચાર્યશ્રીએ પૂર્વમાંથી ઉદ્ધરીને દસવૈકાલિક સૂત્રનું નિર્યુહણ કર્યું[1]

મનક મુનિના સ્વર્ગવાસ પ્રસંગે આચાર્યશ્રીની આંખમાંથી આંસુ ટપક્યા ત્યારે જ સહુને મનકમુનિ આચાર્યશ્રીનો પુત્ર હોવાની ખબર પડી. આચાર્યશ્રીએ દસ વૈકાલિકનું સંહરણ કરવા વિચાર કર્યો પણ સંઘની વિનંતીથી ગ્રંથને રહેવા દીધો. તે આજે આપણને સહુને મળ્યો છે.

દશવૈકાલિકના છેડે બે ચૂલિકાઓ છે. આ ચૂલિકાની પ્રાપ્તિની કથા ટૂંકમાં આ પ્રમાણે છે–

કામવિજેતા સ્થૂલભદ્રની સાત બહેનો યક્ષાયક્ષદિન્ના વગેરેએ દીક્ષા લીધી. પાછળથી સ્થૂલભદ્રજીના ભાઈ શ્રીયકે પણ દીક્ષા લીધી. એકવાર યક્ષા સાધ્વીજીએ શ્રીયકમુનિને પર્વના દિવસે તપ કરવા પ્રેરણા કરી. પોરસીમાંથી સાઢ પોરસી, પુરિમડ્ઢ એમ કરતાં ઉપવાસ કરાવ્યો. રાત્રે શ્રીયક મુનિનો સ્વર્ગવાસ થતાં સા. યક્ષાને ચિંતા થઈ કે મારા દબાણથી તપ કરતાં આયુષ્યનો ઉપઘાત તો નડ્યો નહીં હોય ને?

આ જાણવા માટે શાસનદેવી યક્ષાજીને મહાવિદેહ ક્ષેત્રમાં લઈ જાય છે. શ્રી સીમંધર ભગવંતે કહ્યું કે

---

૧ વીર નિ. સં. ૬૪માં ૨૮ વર્ષની વયના શય્યંભવની દીક્ષા થઈ એ પછી ૮ વર્ષે દસવૈકાલિક સૂત્રની રચના થઈ. એ પછી ૩ વર્ષે શ્રી પ્રભવસ્વામીનો ૧૦૫ વર્ષની વયે સ્વર્ગવાસ થયો. અને શ્રી શય્યંભવાચાર્ય યુગપ્રધાન પદે આવ્યા. ૨૩ વર્ષ યુગપ્રધાન પદે રહી વીર સં. ૯૮માં શ્રુતકેવલી શ્રી શય્યંભવાચાર્ય સ્વર્ગે સંચર્યા. અને યુગપ્રધાન પટ્ટાવલી પ્રમાણે પ્રભવસ્વામીની દીક્ષા જંબુસ્વામી પછી વીસ વર્ષે વી. સં. ૨૧માં ૩૦ વર્ષની વયે થઈ. ૪૪ વર્ષ શ્રમણ પર્યાય અને ૧૧ વર્ષ યુગપ્રધાન પદે ૮૫ વર્ષની વયે સ્વર્ગવાસ થયો. (જુઓ જૈન પરંપરા ઈતિહાસ ભાગ-૧, પૃ. ૯૨)

શ્રીયકના મૃત્યુમાં તમારો કશો દોષ નથી. મુનિની સદ્ગતિ થઈ છે.

આ વખતે વિહરમાન ભગવંતે ભાવના, વિમુક્તિ, રતિવાક્યા અને વિવિક્તચર્યા એ ચાર અધ્યયનો આપ્યાં. આમાં પહેલાં બે આચારાંગ અને પછીના બે દસ વૈકાલિકની ચૂલિકા તરીકે મૂકવામાં આવ્યાં.

**નિર્યુક્તિ :**

નિર્યુક્તિઓની રચના શ્રુતકેવલી આ.શ્રી ભદ્રબાહુ સ્વામીજીએ કર્યાનું જાણીતું છે. સૂત્ર જોડે સંકળાયેલ અર્થને પ્રગટ કરવાનું કામ નિર્યુક્તિ કરે છે.

નિર્યુક્તિ આગમો ઉપરની સર્વ પ્રથમ પ્રાકૃત પદ્ય વ્યાખ્યા છે. નિક્ષેપ પદ્ધતિ દ્વારા શબ્દનો અર્થ નિર્ણય નિર્યુક્તિ દ્વારા થાય છે. નિર્યુક્તિની ઉપયોગિતા જણાવતાં નિર્યુક્તિકાર જણાવે છે – એક શબ્દના અનેક અર્થ થતા હોય છે. કયા પ્રસંગે કયા શબ્દનો કયો અર્થ કરવો તે જણાવવાનું–અર્થ સાથે સૂત્રના શબ્દનો સંબંધ જોડવાનું કામ નિર્યુક્તિ કરે છે. (આવ.નિ. ગા. ૮૮) આવશ્યક નિ. ગા.૮૪–૮૫માં દસ નિર્યુક્તિ રચવાની અભિલાષા શ્રી ભદ્રબાહુસ્વામીએ પ્રગટ કરી છે.

આમાંથી આવશ્યક, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, આચારાંગ, સૂત્રકૃતાંગ, દશાશ્રુતસ્કંધ, બૃહત્કલ્પ, વ્યવહાર આ આઠ આગમ ગ્રંથો ઉપર નિર્યક્તિ મળે છે. સૂર્યપ્રજ્ઞપ્તિ અને ઋષિભાષિત ઉપરની નિર્યુક્તિ વર્તમાનમાં મળતી નથી.

પિંડનિર્યુક્તિ દસ વૈકાલિક સૂત્રનાં પાંચમાં પિંડૈષણા અધ્યયન ઉપરની નિર્યુક્તિ છે. વિસ્તૃત હોવાથી એને સ્વતંત્ર ગ્રંથ તરીકે અલગ કરવામાં આવ્યો છે. (પિંડનિર્યુક્તિ મલયગિરિ ટીકાના પ્રારંભમાં)

**નિર્યુક્તિકાર :**

આગમ પ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજી મ. એ પહેલાં એવો અભિપ્રાય વ્યક્ત કરેલો કે નિર્યુક્તિકાર શ્રુતકેવલી પ્રથમ ભદ્રબાહુસ્વામી નહીં પરંતુ દ્વિતીય ભદ્રબાહુ સ્વામી છે. પણ પછી તેઓએ પોતાના અભિપ્રાયનું સ્પષ્ટીકરણ હજારીમલ સ્મૃતિ ગ્રંથમાં કર્યું છે. તેનો સાર આ છે –

બૃહત્કલ્પ ભાગ–૬ની પ્રસ્તાવનામાં નિર્યુક્તિના કર્તા વરાહમિહિરના ભાઈ છઠ્ઠી શતાબ્દીમાં થયેલા દ્વિતીય ભદ્રબાહુ જણાવ્યા છે. આ કથનનું સ્પષ્ટીકરણ શ્રુતકેવલી ભદ્રબાહુજીએ નિર્યુક્તિ રચી નથી એવું નથી પરન્તુ અત્યારે જે રૂપમાં નિર્યુક્તિઓ સંકલિત છે તે સંકલન શ્રુતકેવલીનું નથી.

નિર્યુક્તિ રૂપે આગમોની વ્યાખ્યા કરવાની પદ્ધતિ જૂની છે. અનુયોગ દ્વારમાં અનુગમના બે પ્રકારો સૂત્રાનુગમ અને નિર્યુક્તિ અનુગમ બતાવ્યા છે. પક્ખીસૂત્રમાં 'સનિજ્જુત્તિએ' પાઠ આવે છે. દ્વિતીય ભદ્રબાહુજી પહેલાં થયેલાં ગોવિંદ વાચકની નિર્યુક્તિનો ઉલ્લેખ નિશીથ–ભાષ્ય અને ચૂર્ણિમાં મળે છે. વૈદિક વાઙ્મયમાં પણ નિરુક્ત અતિ પ્રાચીન છે.

દિગંબર સમ્પ્રદાયને માન્ય મૂલાચારમાં પણ આવશ્યક–નિર્યુક્તિની અનેક ગાથાઓ છે. એટલે શ્વેતામ્બર–દિગંબર સમ્પ્રદાયનો ભેદ પડ્યા પૂર્વે નિર્યુક્તિની પરંપરા હતી જ એટલે શ્રુત કેવલી ભદ્રબાહુજીએ નિર્યુક્તિની રચના કરી હતી. પછી ગોવિંદ વાચક વગેરે અન્ય આચાર્યોએ કરી એમ માનવું ઉચિત છે.

નિર્યુક્તિ ગાથાઓમાં ક્રમશઃ વધારો થવાનું પ્રબળ પ્રમાણ એ છે કે દશ વૈકાલિકની બન્ને ચૂર્ણિમાં પ્રથમ અધ્યયનની માત્ર ૫૭ નિર્યુક્તિ ગાથાઓનું વિવેચન છે. જ્યારે હરિભદ્રાચાર્યની ટીકામાં ૧૫૭ નિર્યુક્તિ ગાથાઓ છે. (મુનિ શ્રી હજારીમલ સ્મૃતિ ગ્રંથ, પૃ. ૭૧૮–૯)

**ભાષ્ય :**

નિર્યુક્તિઓ ખાસ કરીને પારિભાષિક શબ્દોનું નિક્ષેપ પદ્ધતિએ વિવેચન કરે છે. જ્યારે ભાષ્યની રચના

*નિર્યુક્તિના ગંભીર રહસ્યોને પ્રગટ કરવા થઈ છે. ભાષ્યના રચયિતા અજ્ઞાત છે. અને નિર્યુક્તિ ભાષ્ય બન્ને પદ્ય પ્રાકૃતમાં હોઈ બન્નેનું મિશ્રણ પણ થઈ ગયું છે. દસવૈકાલિક ભાષ્યની ૬૩ ગાથાઓ છે.*

**ચૂર્ણિઓ :**

*દસવૈકાલિક ઉપર અગસ્ત્યસિંહજી અને જિનદાસગણિની ચૂર્ણિઓ પ્રગટ થયેલી છે.*

**ટીકા – ટીકાકાર :**

*આ.શ્રી હરિભદ્રસૂરિજીએ વિપુલ પ્રમાણમાં સાહિત્ય રચ્યું છે. આગમોની વ્યાખ્યા–ટીકાઓ સંસ્કૃતમાં રચનારા તેઓ પહેલા છે. તેઓશ્રીએ આગમ, યોગ, કથા એમ અનેક વિષયો ઉપર સંસ્કૃત, પ્રાકૃતમાં રચનાઓ કરી છે. તેઓશ્રીએ ૧૪૪૦ કે ૧૪૪૪ ગ્રંથો રચ્યાનું પ્રબંધોમાં વર્ણન છે. આજે પણ તેઓશ્રીના ૬૦થી વધુ ગ્રંથો મળે છે. દસ વૈકાલિક ઉપરાંત નંદીસૂત્ર, અનુયોગ દ્વાર સૂત્ર, પ્રજ્ઞાપના સૂત્ર અને આવશ્યક સૂત્ર ઉપર શ્રી હરિભદ્રાચાર્યજીની ટીકાઓ મળે છે.*

*આ.શ્રી હરિભદ્રસૂરિજીના સમય નિર્ણય માટે ઘણી ચર્ચા થયેલી છે. **'હરિભદ્રસૂરે : સમયનિર્ણય'** જેવા સંસ્કૃત નિબંધો પણ પ્રગટ થયા છે. મોટા ભાગના વિદ્વાનો તેઓનો સમય વિ.સં. ૭૫૭ થી ૮૨૮ આસપાસનો હોવાનું માને છે. એમના જીવનકવન વિષે **આ.શ્રી હરિભદ્રસૂરિ** – લેખક : હી.ર.કાપડીયા, **હરિભદ્રસૂરેઃસમયનિર્ણયઃ** – શ્રી જિનવિજય, **સમદર્શી આચાર્ય શ્રી હરિભદ્ર** – લે. પં. સુખલાલ વગેરે પુસ્તકો અને અનેક લેખો પ્રસિદ્ધ થયા છે. જિજ્ઞાસુઓએ ત્યાંથી જોઈ લેવું.*

**સંસ્કૃત ટીકાઓ**

*આ. હરિભદ્રસૂરિજી પછી દસ વૈકાલિક સૂત્ર ઉપર સંસ્કૃતમાં અન્ય ઘણી ટીકાઓ અને ટબ્બાઓ (ગુજરાતી ભાષામાં) રચાયા છે. કેટલીક વિગતો આ પ્રમાણે છે.*

*યાપનીય (દિગંબર) સંપ્રદાયના અપરાજિતસૂરિ રચિત વિજ્યોદયા ટીકા (વિક્રમના આઠમા સૈકામાં) રચી છે જે અત્યારે અનુપલબ્ધ છે.*

*તિલકાચાર્ય રચિત ટીકા (૧૩મો સૈકો) આ. સોમચન્દ્રસૂરિજી દ્વારા સંપાદિત થઈ રાંદેર રોડ જૈન સંઘ, સૂરત દ્વારા વિ.સં. ૨૦૫૮માં પ્રકાશિત થઈ છે. શ્રી માણિક્યશેખરસૂરિ (૧૫મો શતક) રચિત દીપિકા ઈ.સ. ૧૯૦૫માં પ્રસિદ્ધ થઈ છે. શ્રી સમયસુંદરજી (૧૭મો સૈકો) રચિત દીપિકા ઈ.સ. ૧૯૦૦, ૧૯૧૫ અને ૧૯૧૯માં છપાઈ છે. શ્રી સુમતિ સાધુ કૃત ટીકા ઈ.સ. ૧૯૫૪માં પ્રગટ થઈ છે.*

*આ સિવાય પણ શ્રી વિનયહંસ, શ્રી શાંતિદેવસૂરિ, શ્રી સોમવિમલસૂરિ, શ્રી રાજચન્દ્ર, શ્રી પારસચન્દ્ર, શ્રી જ્ઞાનસાગર, શ્રી પાર્શ્વચન્દ્રસૂરિ વગેરેએ ટીકાઓ રચી છે.*

*આ ઉપરાંત ગુજરાતી ભાષામાં બાલાવબોધો ટબ્બાઓ પણ ઘણાં રચાયા છે.*

*પ્રસ્તુત સંસ્કરણમાં નિર્યુક્તિ, ભાષ્ય સહિત આ.શ્રી હરિભદ્રસૂરિજીની ટીકા શિષ્યહિતા (કે શિષ્ય–બોધિની)નો ગુજરાતી અનુવાદ પ્રસિદ્ધ થઈ રહ્યો છે. આ ગ્રંથ દ્વારા યાકિનીમહત્તરાસુનુજીએ દશવૈકાલિક સૂત્ર, નિર્યુક્તિ, ભાષ્યના ખોલેલા રહસ્યો વગેરે ગુજરાતી ભાષાના વાચકોને પણ સુલભ થાય છે.*

*અધિકારી વાચકો આ ગ્રંથનો ઉપયોગ કરી આત્મકલ્યાણને કરે.*

*એ જ મંગળ કામના.*

ચૈત્ર વદ ૧૪, વિ.સં. ૨૦૫૮
ફૂલચંદ કલ્યાણચંદ ઉપાશ્રય,
અઠવા લાઈન્સ, લાલબંગલા, સુરત

પૂ. આ. શ્રી ભદ્રસૂરીશ્વરજીના શિષ્યરત્ન
મુનિરાજ શ્રી જિનચંદ્રવિજયજી મ.સા. નાં વિનેય
આ. વિજય મુનિચન્દ્રસૂરિ

# બે શબ્દો

*"શ્રી દશવૈકાલિક સૂત્ર" આ પાંચમા આરાના અંત સુધી રહેનારૂ સૂત્ર છે. આ સૂત્રનો રચનાકાળ શ્રી મહાવીર પરમાત્માના નિર્વાણ પછી ૮૨ વર્ષનો મનાય છે. આ સૂત્રની રચના ૩૬ વરસની ઉંમરના શ્રી શય્યંભવસૂરિજીએ કરેલ છે એમ અનુમાન છે. આ સૂત્રનું મહત્ત્વ એથી પણ વધી જાય છે કે આ સૂત્રની રચનામાં સ્નેહની સરગમ ભળેલી છે. પોતાના જ સંસારીપક્ષે પુત્રના ઉત્થાનના ભાવો ભરેલા છે. સાધ્વાચારનું જે વર્ણન ચૌદપૂર્વમાં છે તેમાનું સારભૂત તત્ત્વ લઈને આ ગ્રંથ બનેલ હોવાથી ચૌદપૂર્વનો સાર પણ કહેવાય છે.*

*આ ગ્રંથના રચનાકાળ પહેલાં આચારાંગ સૂત્રનું શસ્ત્ર પરિજ્ઞા અધ્યયનનું શિક્ષણ લીધા પછી ઉપસ્થાપના થતી હતી અને આની રચના થયા પછી આગમધરની આજ્ઞાથી આ સૂત્રના ચાર અધ્યયન કર્યા પછી ઉપસ્થાપના કરવાની પરંપરા પ્રારંભ થઈ. તે આજ દિવસ સુધી અવિચ્છિન્નપણે ચાલે છે અને શાસનના અંત સુધી એટલે કે હજી સાડા અઢાર હજાર વર્ષ સુધી ચાલશે.*

*શ્રી દશવૈકાલિક સૂત્રમાં સાધ્વાચારનું સંપૂર્ણ સ્વરૂપ સમજાવેલ છે. આ સૂત્રએ આત્માઓને અત્યંત ઉપકારક છે કે જેઓને પોતાના આત્માનું હિત કરવું છે. આ સૂત્રની રચના પછી અનેકાનેક આત્માઓએ આ સૂત્રની વાચના ગ્રહણ કરી પોતાની પાંચે ઇંદ્રિયોની વાસનાને આત્મ પ્રદેશ પરથી દૂર કરી છે. કષાયોની કારમી પીડાથી અનેક આત્માઓ મુક્ત બન્યા છે.*

*આ સૂત્રનું વાંચન, ચિંતન અને મનન જેઓએ કર્યું એઓ પામી ગયા છે.*

*આ સૂત્ર ઉપર અનેક મહાપુરૂષોએ પોતાના જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમાનુસાર વિવેચન કર્યું છે. નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા, દીપિકા, અવચૂરિ, ટબા અને ભાષાંતર આ સર્વેનું વિપુલ સાહિત્ય આજે પણ ઉપલબ્ધ છે. અવસર્પિણી કાળના કારણે દિવસે-દિવસે જ્ઞાનશક્તિ ઘટતી જાય છે. તેથી મૂળસૂત્રોના ભાષાંતરો થયા છે. અને એ ભાષાંતરો દ્વારા સામાન્ય જ્ઞાનનો ક્ષયોપશમવાળા આત્માઓ પણ આચરણામાં સુધારો કરે છે.*

*આ સૂત્રની નિર્યુક્તિ ટીકા જે ટીકા શ્રી હરિભદ્રસૂરીશ્વરજી કૃત છે તેનું ભાષાંતર શ્રી માણેકમુનિજીએ કરેલ છે. તે મારા જેવા અલ્પ જ્ઞાનના અનુભવવાળાને ઘણું જ ઉપયોગી થયેલ છે. અને તેથી જ એ ભાષાંતરને પાછું છપાવવાની ઈચ્છા થઈ.*

*અને પરમ સ્નેહી, સરલ સ્વભાવી, ગુણગ્રાહી આચાર્યદેવ શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી પાસે ભાષાંતર મોકલ્યું. એમણે પૂર્ણ પ્રેમથી, પૂર્ણ પ્રયત્નથી સંશોધન કરીને સુધારીને નવું મેટર ફુટનોટ વિગેરે ઉપયોગી મેટર ઉમેરીને મોકલ્યું તે મેટર અને પાછળ પરિશિષ્ટના રૂપમાં 'પંચક અને સાધુના ગોચરીના દોષો'નું પ્રવચન સારોદ્ધારમાંથી મેટર લઈને આપેલ છે. આ સાથે આ પુસ્તકમાં 'સ્વ. આચાર્ય દેવેન્દ્રમુનિ શાસ્ત્રી' શ્રમણ સંઘના આચાર્યની પ્રસ્તાવનામાંથી ઉપયોગી મેટર લઈને સાભાર આપેલ છે.*

*આ પુસ્તકમાં જે કાંઈ ક્ષતિઓ રહી જવા પામી છે તે વાચકોએ વાંચીને મને (સંપાદકને) જણાવવા વિનંતિ. જે કાંઈ જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છા મિ દુક્કડં. હવે આના પછી શ્રી આચારાંગ સૂત્રની ટીકાનું ભાષાન્તર પણ છપાવવા વિચાર છે. ૨૦૫૮ (ગુ. ૨૦૫૭)નું અમારૂં ચાતુર્માસ પાલીતાણામાં એક સદ્ગૃહસ્થ તરફથી થયેલ એ સમયે જ્ઞાન ખાતાની આવકમાંથી આ પુસ્તક છપાયેલ છે.*

**૨૦૫૮, ચૈત્રી પૂનમ** — **જયાનંદ**

**પાલીતાણા**

# दश वैकालिक एक समीक्षात्मक अध्ययन

*'आचार्य देवेन्द्र मुनि'*

(इनके द्वारा ४-५-८४ को लिखी हुई प्रस्तावना में से यह मेटर साभार लिया गया है। जो इस सूत्र की महत्त्वता को विशेष उजागर करता है।)

**धर्म एक चिंतन :**

दश वैकालिक का प्रथम अध्ययन द्रुम पुष्पिका है।

धर्म क्या है? यह चिर चिन्त्य प्रश्न रहा है। इस प्रश्न पर विश्व के मूर्धन्य मनीषियों ने विविध दृष्टियों से चिन्तन किया है। आचारांग में स्पष्ट कहा है कि तीर्थंकर की आज्ञाओं के पालन में धर्म है।[१] मीमांसा दर्शन के अनुसार वेदों की आज्ञा का पालन ही धर्म है।[२] आचार्य मनु ने लिखा है - राग-द्वेष से रहित सज्जन विज्ञो द्वारा जो आचरण किया जाता है और जिस आचरण को हमारी अन्तरात्मा सही समझती है, वह आचरण धर्म है।[३] महाभारत में धर्म की परिभाषा इस प्रकार प्राप्त है - जो प्रजा को धारण करता है अथवा जिससे समस्त प्रजा यानि समाज का संरक्षण होता है, वह धर्म है।[४] आचार्य शुभचंद्र ने धर्म को भौतिक और अध्यात्मिक अभ्युदय का साधन माना है।[५] आचार्य कार्तिकेय ने वस्तु के स्वभाव को धर्म कहा है,[६] जिससे स्वभाव में अवस्थिति और विभाव दशा का परित्याग होता है। चूंकि स्व-स्वभाव से ही हमारा परम श्रेय सम्भव है और इस दृष्टि से वही धर्म है। धर्म का लक्षण आत्मा का जो विशुद्ध स्वरूप है और जो आदि-मध्य-अन्त सभी स्थितियों में कल्याणकारी है — वह धर्म है।[७] वैशेषिक दर्शन का मन्तव्य है — जिससे अभ्युदय और निश्रेयस् की सिद्धि होती है — वह धर्म है।[८]

इस प्रकार भारतीय मनीषियों ने धर्म की विविध दृष्टियों से व्याख्या की है, तथापि उनकी यह विशेषता रही है कि उन्होंने किसी एकाकी परिभाषा पर ही बल नहीं दिया, किन्तु धर्म के विविध पक्षों को उभारते हुए उनमें समन्वय की अन्वेषणा की है। यही कारण है कि प्रत्येक परम्परा में धर्म की विविध व्याख्याएँ मिलती हैं। दशवैकालिक में धर्म की सटीक परिभाषा दी गयी है। — अहिंसा, संयम और तप ही धर्म है। वही धर्म उत्कृष्ट मंगल रूप में परिभाषित किया गया है। वह धर्म विश्व-कल्याणकारक है।[९] इस प्रकार लोक-मंगल की साधना में व्यक्ति के दायित्व की व्याख्या यहाँ पर की गयी है। जिसका मन धर्म में रमा रहता है, उसके चरणों में ऐश्वर्यशाली देव भी नमन करते हैं।

धर्म की परिभाषा के पश्चात् अहिंसक श्रमण को किस प्रकार आहार-ग्रहण करना चाहिए, इसके लिए

---

१ आचारांग १/६/२/१८१

२ मीमांसा दर्शन १/१/२

३ मनु स्मृति २/१

४ महाभारत कर्ण पर्व ६९/५९

५ अमोलकसूक्तिरत्नाकर, पृष्ठ २७

६ कार्तिकेय-अनुप्रेक्षा, ४७८

७ अभिधान राजेन्द्र कोष, खण्ड ४, पृष्ठ २६६९

८ यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः स धर्मः। — वैशेषिक दर्शन १/१/२

९ (क) दशवैकालिक १/१
(ख) योगशास्त्र ४/१००

'मधुकर' का रूपक देकर यह बताया है कि जैसे मधुकर पुष्पों से रस ग्रहण करता है वैसे ही श्रमणों को गृहस्थों के यहाँ से प्रासुक आहार-जल ग्रहण करना चाहिए। मधुकर फूलों को बिना म्लान किए थोड़ा-थोड़ा रस पीता है, जिससे उसकी उदरपूर्ति हो जाए। मधुकर दूसरे दिन के लिए संग्रह नहीं करता, वैसे ही श्रमण संयमनिर्वाह के लिए जितना आवश्यक हो उतना ग्रहण करता है, किन्तु संचय नहीं करता। मधुकर विविध फूलों से रस ग्रहण करता है, वैसे ही श्रमण विविध स्थानों से शिक्षा लेता है। इस प्रकार प्रस्तुत अध्ययन में अहिंसा और उसके प्रयोग का निर्देश किया गया है।

भ्रमर की उपमा जिस प्रकार दशवैकालिक में श्रमण के लिए दी गयी है, उसी प्रकार भाव साहित्य में भी यह उपमा प्राप्त है।[१०] और वैदिक परम्परा के ग्रन्थों में भी इस उपमा का उपयोग हुआ है।[११]

संयम में श्रम करने वाला साधक श्रमण की अभिधा से अभिहित है। श्रमण का भाव श्रमणत्व या श्रामण्य कहलाता है। बिना धृति के श्रामण्य नहीं होता, धृति पर ही श्रामण्य का भव्य प्रासाद अवलम्बित है। जो धृतिमान् होता है, वही कामराग का निवारण करता है। यदि अन्तर्मानस में कामभावनाएं अंगड़ाइयाँ ले रही हैं, विकारों के सर्प फन फैलाकर फूत्कारें मार रहे हैं; तो वहाँ श्रमणत्व नहीं रह सकता। रथनेमि की तरह जिसका मन विकारी है और विषयसेवन के लिए ललक रहा है वह केवल द्रव्यसाधु है, भावसाधु नहीं। इस प्रकार के श्रमण भर्त्सना के योग्य हैं। जब रथनेमि भटकते हैं और भोग की अभ्यर्थना करते हैं तो राजीमती संयम में स्थिर करने हेतु उन्हें धिक्कारती है। काम और श्रामण्य का परस्पर विरोध है, जहाँ काम है, वहाँ श्रामण्य का अभाव है। त्यागी वह कहलाता है — जो स्वेच्छा से भोगों का परित्याग करता है। जो परवशता से भोगों का त्याग करता है, उसमें वैराग्य का अभाव होता है, वहाँ विवशता है, त्याग की उत्कट भावना नहीं। प्रस्तुत अध्ययन में कहा गया है — जीवन वह है जो विकारों से मुक्त हो। यदि विकारों का धुँआ छोड़ते हुए अर्ध-दग्ध कण्डे की तरह जीवन जीया जाए तो उस जीवन से तो मरना ही श्रेयस्कर है। एक क्षण भी जीओ — प्रकाश करते हुए जीओ किन्तु चिरकाल तक धुँआ छोड़ते हुए जीना उचित नहीं। अगन्धन जाति का सर्प प्राण गँवा देना पसन्द करेगा किन्तु परित्यक्त विष को पुनः ग्रहण नहीं करेगा। वैसे ही श्रमण परित्यक्त भोगों को पुनः ग्रहण नहीं करता है। इस अध्ययन में भगवान् अर्हत् अरिष्टनेमि के भ्राता रथनेमि का प्रसंग है जो गुफा में ध्यानमुद्रा में अवस्थित हैं, उसी गुफा में वर्षा से भीगी हुई राजीमती अपने भीगे हुए वस्त्रों को सुखाने लगी, राजीमती के अंग-प्रत्यंगों को निहारकर रथनेमि के भाव कलुषित हो गये। राजीमती ने कामविह्वल रथनेमि को सुभाषित वचनों से संयम में सुस्थिर कर दिया। निर्युक्तिकार का अभिमत है कि द्वितीय अध्ययन की विषय-सामग्री प्रत्याख्यानपूर्व की तृतीय वस्तु से ली गयी है।[१२] विषवन्त जातक में इसी प्रकार का एक प्रसंग आया है — सर्प आग में प्रविष्ट हो जाता है किन्तु एक बार छोड़े हुए विष को पुनः ग्रहण नहीं करता।[१३]

---

१० धम्मपद ४/६

११ यथामधु समादत्ते रक्षन् पुष्पाणि षट्पदः।
तद्वदर्थान् मनुष्येभ्य आदद्याद् अविहिंसया।। — महाभारत, उद्योग पर्व, ३४/१७

१२ सच्चप्पवायपुव्वा निज्जूढा होइ वक्कसुद्धी उ।
अवसेसा निज्जूढा नवमस्स उ तइयवत्थूओ।। — निर्युक्ति गाथा १७

१३ धिरत्थु तं विसं वन्तं, यमहं जीवितकारणा।
वन्तं पच्चावमिस्सामि, मतम्मे जीविता वरं।। — जातक, प्रथम खण्ड, पृ. ४०४

**आचार और अनाचार**

तृतीय अध्ययन में क्षुल्लक आचार का निरूपण है। जिस साधक में धृति का अभाव होता है वह आचार के महत्त्व को नहीं समझता, वह आचार को विस्मृत कर अनाचार की ओर कदम बढ़ाता है। जो आचार मोक्ष-साधना के लिए उपयोगी है, जिस आचार में अहिंसा का प्राधान्य है, वह सही दृष्टि से आचार है और जिसमें इनका अभाव है वह अनाचार है। आचार के पालन से संयम-साधना में सुस्थिरता आती है। आचार दर्शन मानव को परम शुभ प्राप्त करने का मार्ग प्रशस्त करता है। कौनसा आचरण औचित्यपूर्ण है और कौनसा अनौचित्यपूर्ण है, इसका निर्णय विवेकी साधक अपनी बुद्धि की तराजू पर तौल कर करता है, जो प्रतिषिद्ध कर्म, प्रत्याख्यातव्य कर्म या अनाचीर्ण कर्म है, उनका वह परित्याग करता है। ज्ञान, दर्शन, चारित्र, तप और वीर्य जो आचरणीय हैं उन्हें वह ग्रहण करता है। आचार, धर्म या कर्त्तव्य है, अनाचार अधर्म या अकर्त्तव्य है। प्रस्तुत अध्ययन में अनाचीर्ण कर्म कहे गये हैं। अनाचीर्णों का निषेधकर आचार या चर्या का प्रतिपादन किया गया है। इसलिए इस अध्ययन का नाम आचारकथा है। दशवैकालिक के छठे अध्ययन में 'महाचार-कथा' का निरूपण है। उस अध्ययन में विस्तार के साथ आचार पर चिन्तन किया गया है तो इस अध्ययन में उस अध्ययन की अपेक्षा संक्षिप्त में आचार का निरूपण है। इसलिए इस अध्ययन का नाम 'क्षुल्लकाचारकथा' दिया गया है।[१४]

प्रस्तुत अध्ययन में अनाचारों की संख्या का उल्लेख नहीं हुआ है और न अगस्त्यसिंह स्थविर ने अपनी चूर्णि में और न जिनदासगणी महत्तर ने अपनी चूर्णि में संख्या का निर्देश किया है। समयसुन्दर ने दीपिका में अनाचारों की ५४ संख्या का निर्देश किया है।[१५] यद्यपि अगस्त्यसिंह स्थविर ने संख्या का उल्लेख नहीं किया है तो भी उनके अनुसार अनाचारों की संख्या ५२ है, पर दोनों में अन्तर यह है कि अगस्त्यसिंह ने राजपिण्ड और किमिच्छक को व सैन्धव और लवण को पृथक्-पथक् न मानकर एक-एक माना है। जिनदासगणी ने राजपिण्ड और किमिच्छक को एक न मानकर अलग-अलग माना है तथा सैन्धव और लवण को एवं गात्राभ्यंग और विभूषण को एक-एक माना है। दशवैकालिक के टीकाकार आचार्य हरिभद्र सूरिजी ने तथा सुमति साधु सूरिजी ने अनाचारों की संख्या ५३ मानी है, उन्होंने राजपिण्ड और किमिच्छक को एक तथा सैन्धव और लवण को पृथक्-पृथक् माना है। इस प्रकार अनाचारों की संख्या ५४, ५३ और ५२ प्राप्त होती है। संख्या में भेद होने पर भी तात्त्विक दृष्टि से कोई भेद नहीं है। अनाचारों का निरूपण संक्षेप में भी किया जा सकता है, जैसे सभी सचित्त वस्तुओं का परिहार एक माना जाए तो अनेक अनाचार स्वतः कम हो सकते हैं। जो बातें श्रमणों के लिए वर्ज्य हैं वस्तुतः वे सभी अनाचार हैं। प्रस्तुत अध्ययन में बहुत से अनाचारों का उल्लेख नहीं है किन्तु अन्य आगमों में उन अनाचारों का उल्लेख हुआ है। भले ही वे बातें अनाचार के नाम से उल्लिखित न की गयी हों, किन्तु वे बातें जो श्रमण के लिए त्याज्य हैं, अनाचार ही हैं। यहाँ एक बात का ध्यान रखना होगा कि कितने ही नियम उत्सर्गमार्ग में अनाचार है, पर अपवादमार्ग में वे अनाचार नहीं रहते, पर जो कार्य पापयुक्त है, जिनका हिंसा से साक्षात् सम्बन्ध है, वे कार्य प्रत्येक परिस्थिति में अनाचीर्ण ही हैं। जैसे — सचित्तभोजन, रात्रिभोजन आदि। जो नियम संयम साधना की विशेष विशुद्धि के लिए बनाये हुए हैं, वे नियम अपवाद में अनाचीर्ण नहीं रहते। ब्रह्मचर्य की दृष्टि से गृहस्थ के घर पर बैठने का निषेध किया गया है। पर श्रमण रुग्ण हो, वृद्ध या तपस्वी हो तो वह विशेष परिस्थिति में बैठ सकता है।

१४ एएसि महंताणं पडिवक्खे खुड्डया होंति ॥ — निर्युक्ति गाथा १७८

१५ सर्वमेतत् पूर्वोक्तचतुःपञ्चाशद्भेदभिन्नमौद्देशिकतादिकं यदनन्तरमुक्तं तत् सर्वमनाचरितं ज्ञातव्यम्।

- दीपिका (दशवैकालिक), पृ. ७

उसमें न तो ब्रह्मचर्य के प्रति शंका उत्पन्न होती है और न अन्य किसी भी प्रकार की विराधना की ही संभावना है। इसलिए वह अनाचार नहीं है।[१६] जो कार्य सौंदर्य कि दृष्टि से शोभा या गौरव की दृष्टि से किए जायें वे अनाचार हैं पर वे कार्य भी रुग्णावस्था आदि विशेष परिस्थिति में किये जायें तो अनाचार नहीं हैं। उदाहरण के रूप में नेत्र-रोग होने पर अंजन आदि का उपयोग। कितने ही अनाचारों के सेवन में प्रत्यक्ष हिंसा है, कितने ही अनाचारों के सेवन से वे हिंसा के निमित्त बनते हैं और कितने ही अनाचारों के सेवन में हिंसा का अनुमोदन होता है, कितने ही कार्य स्वयं में दोषपूर्ण नहीं हैं किन्तु बाद में वे कार्य शिथिलाचार के हेतु बन सकते हैं, अतः उनका निषेध किया गया है। इस प्रकार अनेक हेतु अनाचार के सेवन में रहे हुए हैं।

जैन परम्परा में जो आचारसंहिता है, उसके पीछे अहिंसा, अपरिग्रह और ब्रह्मचर्य का दृष्टिकोण प्रधान है। अन्य भारतीय परम्पराओं ने भी न्यूनाधिक रूप से उसे स्वीकार किया है।

**स्नान**

तथागत बुद्ध ने पन्द्रह दिन से पहले जो भिक्षु स्नान करता है उसे प्रायश्चित का अधिकारी माना है। यदि कोई भिक्षु विशेष परिस्थिति में पन्द्रह दिन से पहले नहाता है तो पाचित्तिय है। विशेष परिस्थिति यह है — ग्रीष्म के पीछे के डेढ़ मास और वर्षा का प्रथम मास, यह ढाई मास और गर्मी का समय, जलन होने का समय, रोग का समय, काम (लीपने-पोतने आदि का समय) रास्ता चलने का समय तथा आंधी-पानी का समय।[१७]

**भगवान् महावीर की भांति तथागत बुद्ध की आचारसंहिता कठोर नहीं थी। कठोरता के अभाव से भिक्षु स्वच्छन्दता से नियमों का भंग करने लगे, तब बुद्ध ने स्नान के सम्बन्ध में अनेक नियम बनाये।**

एक बार तथागत बुद्ध राजगृह में विचरण कर रहे थे। उस समय षड्वर्गीय भिक्षु न्हाते हुए शरीर को वृक्ष से रगड़ते थे। जंघा, बाहु, छाती और पेट को भी। जब भिक्षुओं को इस प्रकार कार्य करते हुए देखते तो लोग खिन्न होते, धिक्कारते।

तथागत ने भिक्षुओं को सम्बोधित किया — 'भिक्षुओं! नहाते हुए भिक्षु को वृक्ष से शरीर को न रगड़ना चाहिए, जो रगड़े उसको 'दुष्कृत' की आपत्ति है।'

उस समय षड्वर्गीय भिक्षु नहाते समय खम्भे से शरीर को भी रगड़ते थे। बुद्ध ने कहा — 'भिक्षुओं! नहाते समय भिक्षु को खम्भे से शरीर को न रगड़ना चाहिए, जो रगड़े उसको दुक्कड (दुष्कृत) की आपत्ति है।'[१८]

**छाता-जूता**

विनय-पिटक में जूते, खड़ाऊ, पादुका प्रभृति विधि-निषेधों को सम्बन्ध में चर्चाएं हैं।[१९] उस समय षड्वर्गीय भिक्षु जूता धारण करते थे। **वे जब जूता धारण कर गांव में प्रवेश करते, तो लोग हैरान होते थे। जैसे काम-भोगी गृहस्थ हों।** बुद्ध ने कहा — 'भिक्षुओं! जूता पहने गांव में प्रवेश नहीं करना चाहिए। जो प्रवेश करता है, उसे दुक्कड दोष है।'[२०]

---

१६ तिण्हमन्नयरागस्स निसेज्जा जस्स कप्पइ। जराए अभिभूयस्स वाहियस्स तवस्सिणो।। — दशवैकालिक ६/५९

१७ विनयपिटक, पृ. २७, अनु. राहुल सांकृत्यायन, प्र. महाबोधि सभा, सारनाथ (बनारस)

१८ विनयपिटक, पृ. ४१८

१९ विनयपिटक, पृ. २०४-२०८

२० विनयपिटक, पृ. २११

किसी समय एक भिक्षु रुग्ण हो गया। वह बिना जूता धारण किये गांव में प्रवेश नहीं कर सकता था। उसे देख बुद्ध ने कहा — भिक्षुओं! बीमार भिक्षु को जूता पहनकर गांव में प्रवेश करने की मैं अनुमति देता हूँ।[२१] जो भिक्षु पूर्ण निरोग होने पर भी छाता धारण करता है, उसे तथागत बुद्ध ने पाचित्तिय कहा है।[२२]

इस तरह बुद्ध ने छाता और जूते धारण करने के सम्बन्ध में विधि और निषेध दोनों बताये हैं।

दीघनिकाय में तथागत बुद्ध ने भिक्षुओं के लिए माला, गंध-विलेपन, उबटन तथा सजने-सजाने का निषेध किया है।[२३]

मनुस्मृति,[२४] श्रीमद्भागवत[२५] आदि में ब्रह्मचारी के लिए गंध, माल्य, उबटन, अंजन, जूते और छत्र धारण का निषेध किया है। भागवत में वानप्रस्थ के लिए दातुन करने का भी निषेध है।[२६]

इस प्रकार हम देखते हैं कि जैन, बौद्ध और वैदिक तीनों परम्पराओं ने श्रमण और संन्यासी के लिए कष्ट सहन करने का विधान एवं शरीर-परिकर्म का निषेध किया है। यह सत्य है कि ब्राह्मण परम्परा ने शरीर-शुद्धि पर बल दिया तो जैन परम्परा ने आत्म-शुद्धि पर बल दिया। यहाँ पर सहज जिज्ञासा हो सकती है कि आयुर्वेदिक ग्रन्थों में जो बातें स्वास्थ्य के लिए आवश्यक मानी हैं उन्हें शास्त्रकार ने अनाचार क्यों कहा है? समाधान है कि श्रमण शरीर से भी आत्म-शुद्धि पर अधिक बल दे। स्वास्थ्यरक्षा से पहले आत्म-रक्षा आवश्यक है "अप्पा हु खलु सययं रक्खियव्वो, सव्विंदिएहिं सुसमाहिएहिं" श्रमण सब इन्द्रियों के विषयों से निवृत्त कर आत्मा की रक्षा करे। शास्त्रकार ने आत्मरक्षा पर अधिक बल दिया है, जबकि चरक और सुश्रुत ने देहरक्षा पर अधिक बल दिया है। उनका यह स्पष्ट मन्तव्य रहा कि नगररक्षक नगर का ध्यान रखता है, गाड़ीवान गाड़ी का ध्यान रखता है, वैसे ही विज्ञ मानव शरीर का पूर्ण ध्यान रखे।[२७]

सौवीरांजन आदि स्वास्थ्य दृष्टि से चरक संहितादि में उपयोगी बताये वे ही आत्मा की दृष्टि से आगम साहित्य में श्रमणों के लिए निषिद्ध कहे हैं।[२८]

निर्युक्तिकार की दृष्टि से दशवैकालिक का तृतीय अध्ययन नौवें पूर्व की तृतीय आचारवस्तु से उद्धृत है।[२९]

---

२१ विनयपिटक, पृ. २११

२२ विनयपिटक, पृ. ५७

२३ दीघनिकाय, पृ. ३

२४ मनुस्मृति २।१७७-१७९

२५ अञ्जनाभ्यञ्जनोन्मर्दस्त्र्यवलेखामिषं मधु।
सुगन्धलेपालंकारांस्त्यजेयुर्ये धृतव्रताः॥ — भागवत ७।१२।१२

२६ केशरोमनखश्मश्रुमलानि विभृयाददतः।
न धावेदप्सु मज्जेत त्रिकालं स्थण्डिलेशयः॥ — भागवत ११।१८।३

२७ नगरी नगरस्येव, रथस्येव रथी सदा।
स्वशरीरस्य मेधावी, कृत्येष्ववहिते भवेत्॥ — चरकसंहिता, सूत्रस्थान अध्ययन ५।१००

२८ सूत्रकृतांग १।९।१२, १३ से १८, २०, २१, २३, २९

२९ अवसेसा निज्जूढा नवमस्स उ तइयवत्थूओ। — निर्युक्ति गाथा १७

**महाव्रत : विश्लेषण**

चतुर्थ अध्ययन में षट्जीवनिकाय का निरूपण है। आचारनिरूपण के पश्चात् पृथ्वी, पानी, अग्नि, वायु, वनस्पति और त्रस आदि जीवों का विस्तार से निरूपण है। जैनधर्म में अहिंसा का बहुत ही सूक्ष्म विश्लेषण है। विश्व के अन्य विचारकों ने पृथ्वी, पानी, अग्नि आदि में जहाँ जीव नहीं माने हैं, वहाँ जैन परम्परा में उनमें जीव मानकर उनके विविध भेद-प्रभेदों का भी विस्तार से कथन है। श्रमण साधक विश्व में जितने भी त्रस और स्थावर जीव हैं उनको हिंसा से विरत होता है। श्रमण न स्वयं हिंसा करता है, न हिंसा करवाता है और न हिंसा करने वाले का अनुमोदन ही करता है। श्रमण हिंसा क्यों नहीं करता? इस प्रश्न के उत्तर में कहा गया है — हिंसा से और दूसरों को नष्ट करने के संकल्प से उस प्राणी को तो पीड़ा पहुँचती ही है साथ ही स्वयं के आत्मगुणों का भी हनन होता है। आत्मा कर्मों से मलिन बनती है। यही कारण है कि प्रश्नव्याकरण में हिंसा का एक नाम गुणविराधिका मिलता है। श्रमण अहिंसा महाव्रत का पालन करता है। इसकी संक्षिप्त जानकारी प्रस्तुत अध्ययन में है। संयमी श्रमण तीन करण और तीन योग से सचित्त पृथ्वी आदि को न स्वयं नष्ट करे और न सचित्त पृथ्वी पर बैठे और न सचित्त धूल से सने हुए आसन का उपयोग करे। वह अचित्त भूमि पर आसन आदि को प्रमार्जित कर बैठे। संयमी श्रमण सचित्त जल का भी उपयोग न करे, किन्तु उष्ण जल या अचित्त जल का उपयोग करे। किसी भी प्रकार की अग्नि को साधु स्पर्श न करे और न अग्नि को सुलगावे और न बुझावे। इसी प्रकार श्रमण हवा भी न करे, दूध आदि को फूंक से ठंडा न करे। श्रमण तृण, वृक्ष, फल, फूल, पत्ते आदि को न तोड़े, न काटे और न उस पर बैठे। श्रमण स्थावर जीवों की तरह त्रस प्राणियों की भी हिंसा मन, वचन और काया से न करे। **वह जो भी कार्य करे वह विवेकपूर्वक करे।** इतना सावधान रहे कि किसी भी प्रकार की हिंसा न हो। सभी प्रकार के जीवों के प्रति संयम रखना अहिंसा है। **श्रमण स्व और पर दोनों ही प्रकार की हिंसा से मुक्त होता है। काम, क्रोध, मोह, प्रभृति दूषित मनोवृत्तियों के द्वारा आत्मा के स्वगुणों का घात करना स्वहिंसा है और अन्य प्राणियों को कष्ट पहूँचाना पर-हिंसा है।** श्रमण स्व और पर दोनों ही प्रकार ही हिंसा से विरत होता है।

श्रमण मन, वचन और काय तथा कृत-कारित-अनुमोदन की नव कोटियों सहित असत्य का परित्याग करता है। जिंनदासगणी महत्तर के अभिमतानुसार श्रमण को मन, वचन, काया से सत्य पर आरूढ़ होना चाहिए। यदि मन, वचन और काया में एकरूपता नहीं है तो वह मृषावाद है।[३०] जिन शब्दों से दूसरे प्राणियों के अन्तर्हृदय में व्यथा उत्पन्न होती हो, ऐसे हिंसाकारी और कठोर शब्द भी श्रमण के लिए वर्ज्य हैं और यहाँ तक कि जिस भाषा से हिंसा की सम्भावना हो, ऐसी भाषा का प्रयोग भी वर्जित है। काम, क्रोध, लोभ, भय एवं हास्य के वशीभूत होकर — पापकारी, निश्चयकारी, दूसरों के मन को कष्ट देने वाली भाषा, भले ही वह मनोविनोद के लिए ही कही गयी हो, श्रमण को नहीं बोलनी चाहिए। इस प्रकार असत्य और अप्रियकारी भाषा का निषेध किया गया है। अहिंसा के बाद सत्य का उल्लेख है। वह इस बात का द्योतक है कि सत्य अहिंसा पर आधृत है। निश्चयकारी भाषा का निषेध इसलिए किया गया है कि वह अहिंसा और अनेकान्त के परीक्षण-प्रस्तर पर खरी नहीं उतरती। सत्य का महत्त्व इतना अधिक है कि उसे भगवान की उपमा से अलंकृत किया गया है, और उसे सम्पूर्ण लोक का सारतत्त्व कहा है।[३१]

अस्तेय श्रमण का तृतीय महाव्रत है। श्रमण बिना स्वामी की आज्ञा के एक तिनका भी ग्रहण नहीं

---

३० निशीथचूर्णि, ३९८८

३१ प्रश्नव्याकरण सूत्र, २।२

करता।[३२] जीवनयापन के लिए आवश्यक वस्तुओं को तब ही ग्रहण करता है जब उसके स्वामी द्वारा वस्तु प्रदान की जाए। अदत्त वस्तु को ग्रहण न करना श्रमण का महाव्रत है। वह मन, वचन, काय और कृत-कारित-अनुमोदन की नव कोटियों सहित अस्तेय महाव्रत का पालन करता है। चौर्यकर्म एक प्रकार से हिंसा ही है। अदत्तादान अनेक दुर्गुणों का जनक है। वह अपयश का कारण और अनार्य कर्म है, इसलिए श्रमण इस महाव्रत का सम्यक् प्रकार से पालन करता है।

चतुर्थ महाव्रत ब्रह्मचर्य है। ब्रह्मचर्य के पालन से मानव का अन्तःकरण प्रशस्त, गम्भीर और सुस्थिर होता है। ब्रह्मचर्य के नष्ट होने पर अन्य सभी नियमों और उपनियमों का भी नाश हो जाता है।[३३] अब्रह्मचर्य आसक्ति और मोह का कारण है। जिससे आत्मा का पतन होता है। वह आत्म-विकास में बाधक है, इसीलिए श्रमण को सभी प्रकार के अब्रह्म से मुक्त होने का संदेश दिया गया है। ब्रह्मचर्य की साधना के लिए आन्तरिक और बाह्य दोनों प्रकार की सावधानी बहुत आवश्यक है। जरा सी असावधानी से साधक साधना से च्युत हो सकता है। ब्रह्मचर्य पालन का जहाँ अत्यधिक महत्त्व बताया गया है वहाँ उसकी सुरक्षा के लिए कठोर नियमों का भी विधान है। ब्रह्मचर्य उत्तम तप, नियम, ज्ञान, दर्शन, चारित्र, सम्यक्त्व तथा विनय का मूल है।

अपरिग्रह पांचवां महाव्रत है। श्रमण बाह्य और आभ्यन्तर दोनों ही प्रकार के परिग्रह से मुक्त होता है। परिग्रह चाहे अल्प हो या अधिक हो, सचित्त हो या अचित्त हो, वह सभी का त्याग करता है। वह मन, वचन और काया से न परिग्रह रखता है और न रखवाता है और न रखने वाले का अनुमोदन करता है। परिग्रह की वृत्ति आन्तरिक लोभ की प्रतिक है। इसीलिए मूर्च्छा या आसक्ति को परिग्रह कहा है। श्रमण को जीवन की आवश्यकताओं की दृष्टि से कुछ धर्मोपकरण रखने पड़ते हैं, जैसे वस्त्र, पात्र, कम्बल रजोहरण आदि।[३४] श्रमण वे ही वस्तुएं अपने पास रखे जिनके द्वारा संयमसाधना में सहायता मिले। श्रमणों को उन उपकरणों पर भी ममत्व नहीं रखना चाहिए, क्योंकि ममत्व साधना की प्रगति के लिए बाधक है। आचारांग[३५] के अनुसार जो पूर्ण स्वस्थ श्रमण है, वह एक वस्त्र से अधिक न रखे। श्रमणियों के लिए चार वस्त्र रखने का विधान है। प्रश्न व्याकरण सूत्र में श्रमणों के लिए चौदह प्रकार के उपकरणों का विधान है — १. पात्र —जो कि लकड़ी, मिट्टी अथवा तुम्बी का हो सकता है, २. पात्रबन्ध — पात्रों को बाँधने का कपड़ा, ३. पात्रस्थापना — पात्र रखने का कपड़ा, ४. पात्र केसरिका -— पात्र पोंछने का कपड़ा, ५. पटल — पात्र ढकने का कपड़ा, ६. रजस्त्राण, ७. गोच्छक, ८ से १० प्रच्छादक —- ओढ़ने की चादर, श्रमण विभिन्न नापों की तीन चादरें रख सकता है इसलिए ये तीन उपकरण माने गये हैं। ११. रजोहरण, १२. मुखवस्त्रिका, १३. मात्रक और १४. चोलपट्ट।[३६] ये चौदह प्रकार की वस्तुएं श्रमणों के लिए आवश्यक मानी गयी हैं। बृहत्कल्पभाष्य[३७] आदि में अन्य वस्तुएं रखने का भी विधान मिलता है, पर विस्तार भय से हम यहाँ उन सब की चर्चा नहीं कर रहे हैं। अहिंसा और संयम की वृद्धि के लिए ये उपकरण हैं, न कि सुख-सुविधा के लिए।

---

३२ दशवैकालिक, ६।१४

३३ प्रश्नव्याकरण, ९

३४ आचारांग, १।२।५।९०

३५ आचारांग, २।५।१४१; २।६।१।१५२

३६ प्रश्नव्याकरणसूत्र, १०

३७ (क) बृहत्कल्पभाष्य, खण्ड ३, २८८३-९२

(ख) हिस्ट्री ऑफ जैन मोनाशिज्म, पृ. २६९-२७७

पांच महाव्रतों के साथ छठा व्रत रात्रिभोजन-परित्याग है। श्रमण सम्पूर्ण रूप से रात्रिभोजन का परित्याग करता है। अहिंसा महाव्रत के लिए व संयम साधना के लिए रात्रिभोजन का निषेध किया गया है। सूर्य अस्त हो जाने के पश्चात् श्रमण आहार आदि करने की इच्छा मन में भी न करे। रात्रिभोजन-परित्याग को नित्य तप कहा है। रात्रि आहार करने से अनेक सूक्ष्म जीवों की हिंसा की संभावना होती है। रात्रिभोजन करने वाला उन सूक्ष्म और त्रस जीवों की हिंसा से अपने आप को बचा नहीं सकता। इसलिए निर्ग्रन्थ श्रमणों के लिए रात्रिभोजन का निषेध किया गया है।

## महाव्रत और यम

ये श्रमण के मूल व्रत हैं। अष्टांग योग में महाव्रतों को यम कहा गया है। आचार्य पतञ्जलि के अनुसार महाव्रत जाति, देश, काल आदि की सीमाओं से मुक्त एक सार्वभौम साधना है।[३८] महाव्रतों का पालन सभी के द्वारा निरपेक्ष रूप से किया जा सकता है। वैदिक परम्परा की दृष्टि से संन्यासी को महाव्रत का सम्यक् प्रकार से पालन करना चाहिए, उसके लिए हिंसाकार्य निषिद्ध है।[३९] असत्य भाषण और कटु भाषण भी वर्ज्य है।[४०] ब्रह्मचर्य महाव्रत का भी संन्यासी को पूर्णरूप से पालन करना चाहिए। संन्यासी के लिए जल-पात्र, जल छानने का वस्त्र, पादुका, आसन आदि कुछ आवश्यक वस्तुएं रखने का विधान है।[४१] धातुपात्र का प्रयोग संन्यासी के लिए निषिद्ध है। आचार्य मनु ने लिखा है - संन्यासी जलपात्र या भिक्षापात्र मिट्टी, लकड़ी तुम्बी या बिना छिद्र वाला बांस का पात्र रख सकता है।[४२] यह सत्य है कि जैन परम्परा में जितना अहिंसा का सूक्ष्म विश्लेषण है उतना सूक्ष्म विश्लेषण वैदिक परम्परा के ग्रन्थों में नहीं हुआ है। वैदिक ऋषियों ने जल, अग्नि, वायु आदि में जीव नहीं माना है। यही कारण है जलस्नान को वहाँ अधिक महत्त्व दिया है। पंचाग्नि तपने को धर्म माना है, कन्द-मूल के आहार को ऋषियों के लिए श्रेष्ठ आहार स्वीकार किया है। तथापि हिंसा से बचने का उपदेश तो दिया ही गया है। वैदिक ऋषियों ने सत्य बोलने पर बल दिया है। अप्रिय सत्य भी वर्ज्य है। वही सत्य बोलना अधिक श्रेयस्कर है जिससे सभी प्राणियों का हित हो। इसी तरह अन्य व्रतों की तुलना महाव्रतों के साथ वैदिक परम्परा की दृष्टि से की जा सकती है।

## महाव्रत और दश शील

जिस प्रकार जैन परम्परा में महाव्रतों का निरूपण है, वैसा महाव्रतों के नाम से वर्णन बौद्ध परम्परा में नहीं है। विनयपिटक महावग्ग में बौद्ध भिक्षुओं के दस शील का विधान है जो महाव्रतों के साथ मिलते-जुलते हैं। वे दस शील इस प्रकार हैं — १. प्राणातिपातविरमण, २. अदत्तादानविरमण, ३. कामेसु-मिच्छाचारविरमण, ४. मूसावाद (मृषावाद)विरमण, ५. सुरा-मेरय-मद्य (मादक द्रव्य) विरमण, ६. विकाल भोजन विरमण, ७. नृत्य-गीत-वादित्र विरमण, ८. माल्य धारण, गन्धविलेपन-विरमण, ९. उच्चशय्या, महाशय्या-विरमण, १०. जातरूप-रजतग्रहण (स्वर्ण-रजतग्रहण)-विरमण।[४३] महाव्रत और शील में भावों की दृष्टि से बहुत कुछ समानता है।

---

३८ जाति-देश-काल समयानवच्छिन्नाः सार्वभौमा महाव्रतम्। — योगदर्शन, २।३१

३९ महाभारत, शान्ति पर्व ९।१९

४० मनुस्मृति ६।४७-४८

४१ देखिए — धर्मशास्त्र का इतिहास, पाण्डुरंग वामन काणे, भाग १, पृ. ४१३

४२ मनुस्मृति ६।५३-५४

४३ विनयपिटक, महावग्ग १।५६

सुत्तनिपात[४४] के अनुसार भिक्षु के लिए मन-वचन-काय और कृत, कारित तथा अनुमोदित हिंसा का निषेध किया गया है। विनयपिटक[४५] के विधानानुसार भिक्षु के लिए वनस्पति तोड़ना, भूमि को खोदना निषिद्ध है क्योंकि उससे हिंसा होने की संभावना है। बौद्ध परम्परा ने पृथ्वी, पानी आदि में जीव की कल्पना तो की है पर भिक्षु आदि के लिए सचित्त जल आदि का निषेध नहीं है, केवल जल छानकर पीने का विधान है। जैन श्रमण की तरह बौद्ध भिक्षुक भी अपनी आवश्यकताओं की पूर्ति भिक्षावृत्ति के द्वारा करता है। विनयपिटक में कहा गया है — जो भिक्षु बिना दी हुई वस्तु को लेता है वह श्रमणधर्म से च्युत हो जाता है।[४६] संयुक्तनिकाय में लिखा है यदि भिक्षुक फूल को सूंघता है तो भी वह चोरी करता है।[४७] बौद्ध भिक्षुक के लिए स्त्री का स्पर्श भी वर्ज्य माना है।[४८] आनन्द ने तथागत बुद्ध से प्रश्न किया — भदन्त! हम किस प्रकार स्त्रियों के साथ वर्ताव करें? तथागत ने कहा — उन्हें मत देखो। आनन्द ने पुनः जिज्ञासा व्यक्त की — यदि वे दिखायी दें जाएं तो हम उनके साथ कैसा व्यवहार करें? तथागत ने कहा -— उनके साथ वार्तालाप नहीं करना चाहिए। आनन्द ने कहा — भदन्त! यदि वार्तालाप का प्रसंग उपस्थित हो जाय तो क्या करना चाहिए? बुद्ध ने कहा — उस समय भिक्षु को अपनी स्मृति को संभाले रखना चाहिए।[४९] भिक्षु का एकान्त स्थान में भिक्षुणी के साथ बैठना भी अपराध माना गया है।[५०] बौद्ध भिक्षु के लिए विधान है कि स्वयं असत्य न बोले, अन्य किसी से असत्य न बुलवाये और न किसी को असत्य बोलने की अनुमति दे।[५१] बौद्ध भिक्षु सत्यवादी होता है, वह न किसी की चुगली करता है न कपटपूर्ण वचन ही बोलता है।[५२] बौद्ध भिक्षु के लिए विधान है — जो वचन सत्य हो, हितकारी हो, उसे बोलना चाहिए।[५३] जो भिक्षु जानकर असत्य वचन बोलता है, अपमानजनक शब्दों का प्रयोग करता है तो वह प्रायश्चित योग्य दोष माना है।[५४] गृहस्थोचित भाषा बोलना भी बौद्ध भिक्षु के लिए वर्ज्य है।[५५] बौद्ध भिक्षु के लिए परिग्रह रखना वर्जित माना गया है। भिक्षु को स्वर्ण, रजत आदि धातुओं को ग्रहण नहीं करना चाहिए।[५६] जीवनयापन के लिए जितने वस्त्र-पात्र अपेक्षित हैं, उनसे अधिक नहीं रखना चाहिए। यदि वह आवश्यकता से अधिक संग्रह करता है तो दोषी है। बौद्ध भिक्षु तीन चीवर, भिक्षापात्र, पानी छानने के लिए छन्ने से युक्त पात्र आदि सीमित वस्तुएं रख सकता है।[५७] यहाँ तक कि भिक्षु के पास जो सामग्री है उसका अधिकारी संघ है। वह उन वस्तुओं का उपयोग कर सकता है पर उनका स्वामी नहीं है। शेष जो चार शील हैं — मद्यपान, विकाल

---

४४ सुत्तनिपात ३७।२७

४५ विनयपिटक, महावग्ग १।७८।२

४६ विनयपिटक, पातिमोक्ख पराजिक धम्म, २

४७ संयुक्त निकाय ९।१४

४८ विनयपिटक, पातिमोक्ख संघादि सेस धम्म, २

४९ दीघनिकाय २।३

५० विनयपिटक, पातिमोक्ख पाचितिय धम्म, ३०

५१ सुत्तनिपात, २६।२२

५२ सुत्तनिपात, ५३।७;९

५३ मज्झिमनिकाय, अभयराजसुत्त

५४ विनयपिटक, पातिमोक्खा पाचितिय धम्म १-२

५५ संयुक्तनिकाय ४२।१

५६ विनयपिटक, महावग्ग १।५६। चूल्लवग्ग १२।१; पातिमोक्ख-निसग्ग पाचितिय १८

५७ बुद्धिज्म इट्स कनेक्शन विद ब्राह्मणिज्म एण्ड हिन्दुज्म, पृ. ८१-८२

— मोनियर विलियम्स चौखम्बा, वाराणसी १९६४ ई.

भोजन, नृत्यगीत, उच्चशय्यावर्जन आदि का महाव्रत के रूप में उल्लेख नहीं है पर वे श्रमणों के लिए वर्ज्य हैं।

दस भिक्षुशील और महाव्रतों में समन्वय की दृष्टि से देखा जाय तो बहुत कुछ समानता है, तथापि जैन श्रमणों की आचारसंहिता में और बौद्ध परम्परा की आचारसंहिता में अन्तर है। बौद्ध परम्परा में भी दस भिक्षुशीलों के लिए मन-वचन-काया तथा कृत, कारित, अनुमोदित की नव कोटियों का विधान है पर वहाँ औद्देशिक हिंसा से बचने का विधान नहीं है। जैन श्रमण के लिए यह विधान है कि यदि कोई गृहस्थ साधु के निमित्त हिंसा करता है और यदि श्रमण को यह ज्ञात हो जाय तो वह आहार आदि ग्रहण नहीं करता। जैन श्रमण के निमित्त भिक्षा तैयार की हुई हो या आमंत्रण दिया गया हो तो वह किसी भी प्रकार का आमंत्रण स्वीकार नहीं करता। बुद्ध, अपने लिए प्राणीवध कर जो मांस तैयार किया हो तो उसे निषिद्ध मानते थे पर सामान्य भोजन के सम्बन्ध में, चाहे वह भोजन औद्देशिक हो, वे स्वीकार करते थे। वे भोजन आदि के लिए दिया गया आमंत्रण भी स्वीकार करते थे। इसका मूल कारण है अग्नि, पानी आदि में बौद्ध परम्परा ने जैन परम्परा की तरह जीव नहीं माने हैं। इसलिए सामान्य भोजन में औद्देशिक दृष्टि से होने वाली हिंसा की ओर उनका ध्यान ही नहीं गया। **बौद्ध परम्परा में दस शीलों का विधान होने पर भी उन शीलों के पालन में बौद्ध भिक्षु और भिक्षुणियां उतनी सजग नहीं रही जितनी जैन परम्परा के श्रमण और श्रमणियां सजग रही।** आज भी जैन श्रमण-श्रमणियों के द्वारा महाव्रतों का पालन जागरूकता के साथ किया जाता है जबकि बौद्ध और वैदिक परम्परा उनके प्रति बहुत ही उपेक्षाशील हो गयी है। **नियमों के पालन की शिथिलता ने ही तथागत बुद्ध के बाद बौद्ध भिक्षु संघ में विकृत्तियां पैदा कर दीं। [वैसी ही वर्तमान में जैन श्रमण-श्रमणियों में विकृतियाँ आ गयी हैं। सं.]**

महाव्रतों के वर्णन के पश्चात् प्रस्तुत अध्ययन में विवेकयुक्त प्रवृत्ति पर बल दिया है। जिस कार्य में विवेक का आलोक जगमगा रहा है, वह कार्य कर्मबन्धन का कारण नहीं और जिस कार्य में विवेक का अभाव है, उस कार्य से कर्मबन्धन होता है। जैसे प्राचीन युग में योद्धागण रणक्षेत्र में जब जाते थे तब शरीर पर कवच धारण कर लेते थे। कवच धारण करने से शरीर पर तीक्ष्ण बाणों का कोई असर नहीं होता, कवच से टकाराकर बाण नीचे गिर जाते, वैसे ही विवेक के कवच को धारणकर साधक जीवन के क्षेत्र में प्रवृत्ति करता है। उस पर कर्मबन्धन के बाण नहीं लगते। विवेकी साधक सभी जीवों के प्रति समभाव रखता है, उसमें 'आत्मवत् सर्वभूतेषु' की भव्य भावना अंगड़ाइयाँ लेती है। इसलिए वह किसी भी प्राणी को किसी भी प्रकार से पीड़ा नहीं पहुँचाता। इस अध्ययन में इस बात पर भी बल दिया गया है कि पहले ज्ञान है, उसके पश्चात् चारित्र है। ज्ञान के अभाव में चारित्र सम्यक् नहीं होता। पहले जीवों का ज्ञान होना चाहिए, जिसे षड्जीवनिकाय का परिज्ञान है, वही जीवों के प्रति दया रख सकेगा। जिसे यह परिज्ञान ही नहीं है --- जीव क्या है, अजीव क्या है, वह जीवों की रक्षा किस प्रकार कर सकेगा? इसलिए मुक्ति का आरोहक्रम जानने के लिए इस अध्ययन में बहुत ही उपयोगी सामग्री दी गयी है। जीवाजीवाभिगम, आचार, धर्मप्रज्ञप्ति, चारित्रधर्म, चरण और धर्म ये छहों षड्जीवनिकाय के पर्यायवाची हैं।[५८] निर्युक्तिकार श्री भद्रबाहु स्वामी के अभिमतानुसार यह अध्ययन आत्मप्रवादपूर्व से उद्धृत है।[५९]

**एषणा : विश्लेषण**

पांचवें अध्ययन का नाम पिण्डैषणा है। पिण्ड शब्द 'पिंडी संघाते' धातु से निर्मित है। चाहे सजातीय

---

५८ जीवाजीवाभिगमो, आयरो चेव धम्मपन्नत्ती।
तत्तो चरित्तधम्मो, चरणे धम्मे अ एगट्ठा।। — दशवैकालिक निर्युक्ति ४।२३३

५९ आयप्पवायपुव्वा निव्वूढा होइ धम्मपन्नत्ती।। — दशवैकालिक नि० १।१६

पदार्थ हो या विजातीय, उस ठोस पदार्थ का एक स्थान पर इकट्ठा हो जाना पिण्ड कहलाता है। पिण्ड शब्द तरल और ठोस दोनों के लिए व्यवहृत हुआ है। आचारांग में पानी की एषणा के लिए पिण्डैषणा शब्द का प्रयोग हुआ है।[६०] संक्षेप में यदि कहा जाय तो अशन, पान, खाद्य और स्वाद्य, इन सभी की एषणा के लिए पिण्डैषणा शब्द का व्यवहार हुआ है।[६१] दोषरहित शुद्ध व प्रासुक आहार आदि की एषणा करने का नाम पिण्डैषणा है। पिण्डैषणा का विवेचन आचारचूला में विस्तार से हुआ है। उसी का संक्षेप में निरूपण इस अध्ययन में है। स्थानांग सूत्र में पिण्डैषणा के सात प्रकार बताए हैं - १. संसृष्टा --- देय वस्तु से लिप्त हाथ या कड़छी आदि से देने पर भिक्षा ग्रहण करना, २. असंसृष्ट --- देय वस्तु से अलिप्त हाथ या कड़छी आदि से भिक्षा देने पर ग्रहण करना, ३. उद्‌धृता -- अपने प्रयोजन के लिए रांधने के पात्र से दूसरे पात्र में निकाला हुआ आहार ग्रहण करना, ४. अल्पलेपा --- अल्पलेप वाली यानी चना, बादाम, पिस्ते, द्राक्षा आदि रूखी वस्तुएं लेना, ५. अवगृहीता --- खाने के लिए थाली में परोसा हुआ आहार लेना, ६. प्रगृहीता --- परोसने के लिए कड़छी या चम्मच आदि से निकाला हुआ आहार लेना या खाने वाले व्यक्ति के द्वारा अपने हाथ से कवल उठाया गया हो पर खाया न गया हो, उसे ग्रहण करना, ७. उज्झितधर्मा — जो भोजन अमनोज्ञ होने के कारण परित्याग करने योग्य है, उसे लेना।[६२]

**भिक्षा : ग्रहणविधि** — प्रस्तुत अध्ययन में बताया है कि श्रमण आहार के लिए जाए तो गृहस्थ के घर में प्रवेश करके शुद्ध आहार की गवेषणा करे। वह यह जानने का प्रयास करे कि यह आहार शुद्ध और निर्दोष है या नहीं?[६३] इस आहार को लेने से पश्चात् कर्म आदि दोष तो नहीं लगेंगे? यदि आहार अतिथि आदि के लिए बनाया गया हो तो उसे लेने पर गृहस्थ को दोबारा तैयार करना पड़ेगा या गृहस्थ को ऐसा अनुभव होगा कि मेहमान के लिए भोजन बनाया और मुनि बीच में ही आ टपके। उनके मन में नफरत की भावना हो सकती है, अतः वह आहार भी ग्रहण नहीं करना चाहिए। किसी गर्भवती महिला के लिए बनाया गया हो - वो खा रही हो और उसको अन्तराय लगे वह आहार भी श्रमण ग्रहण न करे।[६४] गरीब और भिखारियों के लिए तैयार किया हुआ आहार भिक्षु के लिए अकल्पनीय है।[६५] दो साझीदारों का आहार हो और दोनों की पूर्ण सहमति न हो तो वह आहार भी भिक्षु ग्रहण न करे।[६६] इस तरह भिक्षु प्राप्त आहार की आगम के अनुसार एषणा करे। वह भिक्षा न मिलने पर निराश नहीं होता। वह यह नहीं सोचता कि यह कैसा गांव है, जहाँ भिक्षा भी उपलब्ध नहीं हो रही है! प्रत्युत वह सोचता है कि अच्छा हुआ, आज मुझे तपस्या का सुनहरा अवसर अनायास प्राप्त हो गया। भगवान् महावीर ने कहा है कि श्रमण को ऐसी *भिक्षा लेनी चाहिए जो नवकोटि परिशुद्ध हो अर्थात् पूर्ण रूप से अहिंसक हो। भिक्षु भोजन के लिए न स्वयं* जीव-हिंसा करे और न करवाए तथा न हिंसा करते हुए का अनुमोदन करे। न वह स्वयं अन्न पकाए, न पकवाए और न पकाते हुए का अनुमोदन करे तथा न स्वयं मोल ले, न लिवाए और न लेने वाले का अनुमोदन करे।[६७]

---

६० आचारांग

६१ पिण्डनिर्युक्ति, गाथा ६

६२ (क) आयारचूला १।१४१-१४७ (ब) स्थानांग ७।५४५ वृत्ति, पत्र ३८६ (ग) प्रवचनसारोद्धार गाथा ७३९-७४२

६३ दशवैकालिक ५।१।२७; ५।१।५६

६४ वही ५।१।२५

६५ वही ५।१।३९

६६ वही ५।१।४७

६७ णवकोडि परिसुद्धेभिक्खे पण्णत्ते......! — स्थानांग ९।३

નારકીમાં (અજ્ઞાનથી) ઘણા કરોડો વર્ષે જે કર્મ ખપે તે કર્મ ત્રણ ગુપ્તિવાળો જ્ઞાની પુરુષ એક શ્વાસોચ્છવાસમાં ખપાવે છે. વિગેરે. 'અહી પહેલું, મંગળ'–દ્રુમ પુષ્પિકા અધ્યયન વિગેરે છે. ધર્મની પ્રશંસા સ્વીકારવાના હેતુથી તે મંગળ સ્વરૂપ છે. મધ્ય મંગળમાં ધર્માર્થ કામ અધ્યયન વિગેરે છે અને તેમાં આચાર કથા વિગેરે વિસ્તારથી કહેવાયેલા હોઈને મંગળ સ્વરૂપજ છે. છેલ્લું મંગળ ભિક્ષુ અધ્યયન વિગરે જાણવું કારણકે તેમાં ભિક્ષુના ગુણો વિગેરેનું અવલંબન છે. આ પ્રમાણે અધ્યયનના વિભાગથી ત્રણે મંગળનો વિભાગ બતાવ્યો. હવે સૂત્ર વિભાગથી બતાવીએ છીએ તેમાં પહેલું 'ધમ્મો મંગળ' ગાથા સૂત્ર રૂપે જાણવું. તેમાં ધર્મ બતાવેલો હોવાથી તે મંગળનો હેતુ છે. મધ્ય મંગળ પણ જ્ઞાન દર્શન ઈત્યાદિ સૂત્રની ગાથા છે. તેમાં જ્ઞાનની સાથે સંબંધ કરવાથી તે જ્ઞાન મંગળ રૂપે જાણવું. છેલ્લું મંગળ 'ણિકખમ્મમાણાઈય' વિગેરે જાણવું. તેમાં ભિક્ષુના ગુણો સ્થિર કરવા માટે વિવિક્ત ચર્યા (બ્રહ્મચર્ય ગુપ્તિ) નો વિષય હોવાથી ભિક્ષુ ગુણોનું મંગળ રૂપ જાણવું.

**શિષ્યનો પ્રશ્ન–** મંગળ શબ્દનો શું અર્થ થાય છે ? આચાર્ય ઉત્તર આપે છે સાંભળો અગિ, રગિ, લગિ, વગિ મગિ એમ દંડક ધાતુઓ છે. આ ધાતુઓના સ્વરૂપમાં પા. ૭–૧–૫૮ અનુસાર 'નુમ' પ્રત્યય લાગે છે. ઉણાદિકમાં અનુબંધનો લોપ કર્યે થકે પ્રથમાના એક વચનમાં મંગળ થાય છે. ('મગ્' ધાતુ છે અને તેને ઉણાદિક પ્રત્યય લાગે ત્યારે વચનમાં અનુસ્વાર અને છેવટે 'લ' પ્રત્યય લાગવાથી મંગલ થાય છે. બીજી રીતે જે વડે હિત મંગાય તે મંગલ અથવા મંગાય (સમજાય) અથવા સધાય તે મંગળ.વળી 'મન્' એ ધર્મનું નામ છે અને 'લા' ધાતુ લેવાના રૂપમાં છે. તે જોડતાં પા. ૩–૨–૩ નિયમાનુસાર કર પ્રત્યયના અનુબંધનો લોપ કર્યાથી પા. ૬–૪–૬૪ સૂત્ર અનુસાર આકારનો લોપ થવાથી પ્રથમના એક વચનમાં નપુંસક લિંગે મંગળ થાય છે. એટલે મંગ–ધર્મ લાવે તે મંગલ અર્થાત્ મંગલ એ ધર્મ પ્રાપ્તિનો હેતુ છે. અથવા મને સંસારથી છૂટો કરે–ગાળી નાખે દૂર કરે તે મંગળ.

તે મંગળના ચાર નિક્ષેપા છે. નામ મંગળ, સ્થાપના મંગળ, દ્રવ્ય મંગળ અને ભાવ મંગલ એમનું સ્વરૂપ વિશેષ આવશ્યકથી જાણવું આ ગાથાનો અર્થ સમાપ્ત કરતાં નિર્યુક્તિ કાર ભગવંત કહે છે :–

नामाइ मंगलं पिय चउव्विहं पन्नवेउणं ॥ २ ॥

ચાર પ્રકારે નામાદિ મંગલ બતાવીને અહીંયાં સંબંધક કૃદંત મૂકીને શું બતાવે છે તે કહે છે.

सुयनाणे अणुओगेणाहिगयं सो चउव्विहो होइ । चरणकरणाणुओगे धम्मे गणिए (काले) य दविए य॥३॥

શ્રુત જ્ઞાનમાં અનુયોગ વડે પ્રાપ્ત કરેલું ચાર પ્રકારે છે. ચરણ કરણાનુયોગ, ધર્માનુયોગ, (ધર્મકથાનુયોગ) ગણિતાનુયોગ, અને દ્રવ્યાનુયોગ.

**ટીકાકારની વ્યાખ્યા–** સાંભળેલું જ્ઞાન જે તે શ્રુત જ્ઞાન. તે શ્રુતજ્ઞાનમાં અનુયોગ વડે અધિકાર છે. અહીં એવી ભાવના છે કે ભાવ મંગળના અધિકારમાં શ્રુતજ્ઞાન વડે અધિકાર છે, કહ્યું છે કે

एत्थं पुण अहियारो सुयणाणेणं जओ सुएणं तु । सेसाणमप्पणो ऽविय अणुओगु पईवदिट्ठंतो ॥ १ ॥

'અહીં પણ અધિકાર શ્રુતજ્ઞાન વડે છે જે શ્રુત વડે જ બીજાનો અને પોતાનો અનુયોગ (કથન) થાય છે. તેનું દૃષ્ટાંત પ્રદીપ પેઠે સમજવું. (એટલે જેમ દીવો પોતાને તેમ બીજા પદાર્થને પ્રકાશે છે તેમ શ્રુતજ્ઞાન પોતાને અને પારકાને ખરા રૂપે જણાવે છે.)આ સૂત્રમાં ઉદ્દેશ વિગેરે પ્રવર્તે છે. કહ્યું છે કે सुअणाणस्स उद्देसो समुद्देसो अणुन्ना अणुओगो पवत्तइ શ્રુતજ્ઞાનમાં ઉદ્દેશ સમુદ્દેશ, અનુજ્ઞા અને અનુયોગ પ્રવર્તે છે. તેમાં પહેલું જે

કહેવાય તે ઉદ્દેશો. તેનો ખુલાસો થાય તે સમુદ્દેશ. બે સમજાયા પછી તેની આજ્ઞા અપાય તે અનુજ્ઞા. એ ત્રણ સાથે મળે ત્યારે ઈચ્છિત વિષયનું કથન થાય તેનું નામ અનુયોગ છે. આટલા માટે નિર્યુક્તિકારે કહ્યું છે કે "श्रुतज्ञानेऽ नुयोगेनाधिकृतम् ।।" શ્રુતજ્ઞાનમાં અનુયોગ વડે અધિકાર છે. આ અનુયોગ ચાર પ્રકારે જાણવો– ૧. ચરણ કરણ અનુયોગ. જે કરાય–આચારમાં મૂકાય તે કર્મ–કરણ કહ્યું છે કે–

वय समणधम्मसंजमवेयावच्चं च बंभगुत्तीओ । णाणादितियं तव कोहनिग्गहाई चरणमेयं ।। १ ।।

પંચ મહાવ્રત, દશ પ્રકારે શ્રમણ ધર્મ, સત્તર પ્રકારે સંયમ, દશ પ્રકારની વૈયાવચ્ચ, બ્રહ્મચર્યની નવ વાડ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, બાર પ્રકારનો તપ, ક્રોધાદિ ચાર કષાયનો નિગ્રહ એ સિત્તેર ભેદે ચારિત્ર જાણવું.

કરાય તે ક્રિયા, પિંડ વિશુદ્ધિ વિગેરે. જેમકે

पिंडविसोही समिईभावण पडिमा य इंदियनिरोहो । पडिलेहण गुत्तीओ अभिग्गहा चेव करणं तु ।। १ ।।

પિંડ વિશુદ્ધિ ચાર પ્રકારની, પાંચ પ્રકારની સમિતિ, બાર ભાવના, સાધુની બાર પ્રતિમા, પાંચ દ્રિયનો નિરોધ. પચ્ચીસ પ્રકારે પડિલેહણની શુદ્ધિ, ત્રણ ગુપ્તિ. ચાર પ્રકારે અભિગ્રહ તે કરણ જાણવું. આ ચરણ કરણનો અનુયોગ તે ચરણ કરણાનુયોગ.

**અનુયોગ**– મળતો યોગ (વ્યાપાર) તે અનુયોગ એટલે સૂત્રનો અર્થ સાથે સરખો સંબંધ કહેવો અર્થાત્ સૂત્રનો અર્થ બતાવવો. આમાં 'અકારાંત છે. તે પ્રાકૃત શૈલિએ પ્રથમા દ્વિતીયામાં પણ દેખવો જેમકે 'કયરે' ઈત્યાદિ (આ દિવ્ય રૂપવાળો કોણ આવે છે ? ) વિગેરે ધર્મ એટલે ધર્મ કથાનું કથન તે ધર્મ કથાનુયોગ જાણવો. કાળ (વખતનું કથન કરવું તે ગણિતાનુયોગ જાણવો. (આમાં વિશેષે કરીને ચાર ગતિનાં આયુષ્ય જ્યોતિષની ચાલ વિગેરે બતાવાય છે.

દ્રવ્યોનું વર્ણન કરવું તે દ્રવ્યાનુયોગ. તેમાં કાલિક શ્રુત છે તે ચરણ કરણાનુયોગ જાણવા. ઉત્તરાધ્યયન જે ઋષિ ભાષિત છે તે વિગેરે ધર્મ કથાનુયોગ જાણવાં, સૂર્ય પ્રજ્ઞપ્તિ વિગેરે ગણિતાનુયોગ અને દૃષ્ટિવાદ એ દ્રવ્યાનુયોગ જાણવાં. કહ્યું છે કે

कालियसुअं च इसिभासियाइ तइया य सूरपन्नत्ती सव्वो य दिट्ठिवाओ चउत्थओ होइ अणुओगो ।। १ ।।

કાલિક શ્રુત, ઋષિ ભાષિત, તથા સૂર્ય પ્રજ્ઞપ્તિ એ ત્રણે અનુક્રમે ચરણ કરણાનુયોગ, ધર્મ કથાનુ યોગ, અને ગણિતાનુયોગ છે. આખો દૃષ્ટિવાદ જે બારમું અંગ છે તે ચોથો દ્રવ્યાનુયોગ જાણવો. ગાથાનો અર્થ સમાપ્ત.

અહીં અર્થથી અનુયોગ બે પ્રકારે અપૃથકૃત્વ અનુયોગ અને પૃથકૃત્વ અનુયોગ એટલે એકજ સૂત્રમાં ચારે અનુયોગ કહેવાય ? તે અપૃથકૃત્વ (ચાર સાથે) જાણવા. કારણ કે સૂત્રોના અનંત ગુણ અને પર્યાય હોવાથી બધા અનુયોગ સાથે લેવાય. પૃથકત્વ અનુયોગમાં કોઈ સૂત્રમાં ચરણ કરણ, કોઈમાં ધર્મ કથા વિગેરે પ્રત્યેક અનુયોગ જુદો જુદો આવે. આ માટે એવું બોલાય છે કે

जावंत अज्जवइरा अपुहुत्तं कालियाणुओगस्स । तेणारेण पुहुत्तं कालियसुय दिट्ठिवाए य ।। १ ।।

જ્યાં સુધી આર્ય વજસ્વામી હતા, ત્યાં સુધી ચારે અનુયોગ કાલિક અનુયોગમાં સાથે હતા. ત્યાર પછી કાલિક શ્રુતમાં અને દૃષ્ટિવાદમાં ઉપર કહેલ જુદા જુદા અનુયોગ થયા. આ બધો વિસ્તાર વિશેષ આવશ્યક સૂત્રથી જાણવો. આપણે અહીં પૃથકૃત્વ એટલે ચારે જુદા જુદા અનુયોગ વડે અધિકાર છે તે જ નિર્યુક્તિકાર

બતાવે છે.

अपुहुत्त पुहुत्ताइं निद्दिसिउं एत्थ होइ अहिगारो । चरणकरणाणुओगेण तस्स दारा इमे हुंति ॥४॥

**અપૃથક્ત્વ અને પૃથક્ત્વનું સ્વરૂપ બતાવીને હવે આપણો અધિકાર કહે છે. અહીં ચરણકરણ અનુયોગના દ્વારો નીચે પ્રમાણે છે.**

**ટીકા–** અપૃથક્ત્વ, પૃથકત્વમાં લેશથી કહેવાના સ્વરૂપમાં કહીને ચાલતા વિષયમાં ચરણકરણના અનુયોગવડે પ્રયોજન છે. તેનાં દ્વારો (પ્રવેશ કરવાનાં મુખ) હવે પછીનાં રૂપવાળાં થાય છે. ચોથી ગાથા સમાપ્ત.

निक्खेवेगट्ट निरुत्तविही पवित्ती य केण वा कस्स । तद्दारभेयलक्खण तयरिहपरिसा य सुत्तत्थो ॥ ५ ॥

(૧) નિક્ષેપ (૨) એકાર્થવાળા (૩) છૂટા વિભાગ પાડીને કહેવું; (૪) વિધિ કહેવી, (૫) પ્રવૃત્તિ, (૬) કોણે, (૭) કોનો, (૮) તે દ્વારનાં ભેદ, (૯) લક્ષણ, (૧૦) તેની યોગ્યતા, પરિષદ્ અને (૧૧) સૂત્રાર્થનું વર્ણન.

**ટીકાનો અર્થ** – આ બધાનો વિસ્તારથીઅર્થ વિશેષાવશ્યકથી જાણવો. સ્થાનની અશૂન્યતા માટે ટુંકાણમાં કહીએ છીએ. (૧) અનુયોગ શબ્દનો નિક્ષેપ કરવો. નામ સ્થાપના દ્રવ્ય, ભાવ વિગેરે અનુયોગ સાથે જોડવાં તથા (૨) અનુયોગ સાથે એક અર્થમાં વપરાતા શબ્દ કહેવા. જેમ કે અનુયોગને બદલે નિયોગ વિગેરે કહીએ તો પણ ચાલે. (૩) તેમજ નિર્યુક્ત બોલવું જેમ કે અનુકૂળ યોજવું. તે અનુયોગ અથવા સરખા રૂપવાળો યોગ કરવો તે અનુયોગ. (૪) અનુયોગની વિધિ કહેવી એટલે આ કથન કરવું હોય તો બોલનાર અને સાંભળ નારને અધિકાર બતાવવા.

**વક્તાની કથન વિધિ :**

सुत्तत्थो खलु पढमो बीओ णिज्जुत्ति मीसिओ भणिओ । तइओ य निरवसेसो एस विही होइ अणुओगे॥

(૧) સૂત્રનો શબ્દાર્થ બતાવવો એ પહેલું મંદ બુદ્ધિવાળા શિષ્યો માટે છે. ત્યાર પછી (૨) નિર્યુક્તિ સહિત અર્થ બતાવવો તે મધ્યમ બુદ્ધિવાળા માટે જાણવો. ત્યાર પછી (૩) સંપૂર્ણ અર્થ બતાવવો. તે સર્વોત્તમ બુદ્ધિવાળા માટે છે. આ કથન કરવાની વિધિ જાણવી. હવે સાંભળનારની વિધિ કહે છે.

**શ્રોતાની શ્રવણ વિધિ :–**

मूयं हुंकारं वा बाढक्कार पडिपुच्छ वीमंसा । तत्तो पसंगपारायणं च परिनिट्ठ सत्तमए ॥

णिच्चं गुरु पमाई सीसा य गुरु ण सीसगा तह य । अषमाइगुरु सीसा पमाइणो दोवि अपमाई ॥१॥ पढमे नत्थि पवित्ती बीए तइए य णत्थि थोवं वा । अत्थि चउत्थि पवित्ती एत्थं गोणीए दिट्ठंतो ॥२॥ अप्पण्हुया उ गोणी णेव य दोद्धा समुज्जओ दोढुं । खीरस्स कओ पसवो? जइवि य बहुखीरदा सा उ ॥३॥ बितिएऽवि णत्थि खीरं थोवं तह विज्जए य तइएवि । अत्थि चउत्थे खीरं एसुवममा आयरियसीसे ॥४॥ गोणिसरिच्छो उ गुरु दोहा इव साहुणो समक्खाया । खीरं अत्थपवित्ती नत्थि तहिं पढमबितिएसु ॥५॥ अहवा अणिच्छमाणं अवि किंचि उ जोगिणो पवत्तंति । तइए सारंतमी होज्ज पवित्ती गुणित्ते वा ॥६॥ अपमाई जत्थ गुरुसीसावि य विणयगहणसंजुत्ता । धणियं तत्थ पवित्ती खीरस्सव चरिमभंगंमि ॥७॥

केणत्ति केनानुयोगः कर्त्तव्य इति वक्तव्यं, तत्र य इत्थंभूत आचार्यस्तेन कर्त्तव्यः, तद्यथा—देसकुलजाइरूवी संघयधिइजुओ अणासंसी । अविकत्थणो अमाई थिरपरिवाडी गहियवक्को ॥१॥ जियपरिसो जियनिद्दो मज्झत्थो देसकालभावन्नू । आसन्नलद्धपईभो णाणाविहदेसभासन्नू, ॥२॥ पंचविहे आयारे जुत्तो सुत्तत्थदुभयविहिण्णू ।

आहरणहेउ कारणणयनिउणो गाहणाकुसलो ॥३॥ ससमयपरसमयविउ गंभीरो दित्तिमं सिवो सोमो । गुणसयकलिओ जुग्गो पवयणसारं परिकहेउं ॥४॥

(૧) મુંગો થઈને સાંભળે, સાંભળ્યા પછી (૨) હોંકારો દે, પછી (૩) બોલે કે ઠીક કહ્યું, પછી પ્રશ્ન કરે, પછી (૫) વિચારે; ત્યાર પછી(૬) પ્રસંગને અનુસરતી વાત કરે, ત્યાર પછી (૭) સંપૂર્ણ અર્થ સમજે આ સાંભળનારના સાત ગુણ છે. સાંભળનાર તથા કથા કરનારની પ્રવૃત્તિ ચાર પ્રકારે થાય. ૧. ગુરૂ પ્રમાદિ, શિષ્ય અપ્રમાદિ, ૨ ગુરુ અપ્રમાદિ, શિષ્ય પ્રમાદી ૩ ગુરુ શિષ્ય બન્ને પ્રમાદિ ૪. ગુરુ શિષ્ય બન્ને અપ્રમાદી. આ ચારમાં ત્રીજા ભાંગામાં બન્ને પ્રમાદી હોવાથી કંઈ પ્રવૃત્તિ નથી. ૧લા તથા ૨ જામાં થોડી પ્રવૃત્તિ અને ૪ થામાં સંપૂર્ણ પ્રવૃત્તિ છે.

આમાં દૂધ દેનારી ગાયનો દ્રષ્ટાંત છે. ૧લા ભાગમાં ગાય વસૂકી ગયેલી પણ દોહનારો હોશિયાર. ૨જા ભાગમાં ગાયને દૂધ ખરૂં પણ દોહનાર આળસું. ૩ જા ભાગમાં ગાયને દૂધ પણ નહિ અને દોહનાર પણ હોશિયાર નહિ. ૪ થામાં ગાયને દૂધ ઘણું અને દોહનારો હોશિયાર એવી રીતે ઉપમા આચાર્ય અને શિષ્યોની જાણવી. ગાય સરખા ગુરુ અને દોહનાર માફક શિષ્યો. ક્ષીર માફક અર્થ સમજવાની પ્રવૃત્તિ તે બીજા અને ૩જા ભાગમાં શૂન્ય જાણવી. અથવા ઈચ્છા ન હોય તો ગુરુ યત્કિંચિત્ શિષ્યને પ્રાપ્ત ન કરાવી શકે. ચોથામાં પણ ગુરુ ની આકાંક્ષા અને શિષ્યના અપ્રમાદથી લાભ લઈ શકે. ત્રીજામાં પ્રમાદી ગુરુ અને વિનયથી ગ્રહણ કરનાર શિષ્યો ન હોવાથી સારી રીતે દૂધ ન મેળવે તેમાં અર્થની પ્રાપ્તિ ન થાય.

(૬) અનુયોગ કોણે કરાવવો તે અત્રે કહે છે. આર્ય તે નીચે પ્રમાણે ગુણવાળો હોય તેણે કરાવવા. દેશ, કુળ, જાતિ રૂપ એ ચાર જેના ઉત્તમ હોય, શરીરનું સંઘયણ મજબુત હોય, ધીરજવાન હોય, આકાંક્ષા રહિત, વિકથા ત્યાગી, નિષ્કપટી, શીખીને ન ભૂલનાર, જેનું વચન બીજા માન્ય કરે, પરિષહ જીતનાર, અલ્પ નિદ્રા લેનાર, મધ્યસ્થ, દેશ કાળ ભાવને જાણનાર, બુદ્ધિમાન, જુદા જુદા દેશની ભાષા જાણનાર, પાંચ આચાર પાળ નાર, સૂત્ર અર્થ અને બન્નેની વિધિ જાણનાર, ઉદાહરણ હેતુ કારણ અને નય એ ચારમાં નિપુણ શીખવવામાં કુશળ, જૈન અને પર મતના સિદ્ધાંતોના જાણકાર, ગંભીર, તેજસ્વી, કલ્યાણકારી, શાંત મુદ્રાવાન સેંકડો ગુણોથી શોભાયમાન પ્રવચનનો સાર કહેવા યોગ્ય. એ સર્વે ગુણ યુક્ત યોગ્ય છે. આ બધાનો સંપૂર્ણ અર્થ ×બૃહત્ કલ્પ સૂત્રથી જાણી લેવો.

×૧. દેશયુક્ત એટલે મધ્યદેશમાં અથવા સાડાપચ્ચીસ આર્યદેશોમાં ઉત્પન્ન થયેલ હોય તે. દેશયુક્ત જ આર્યદેશમાં કહેલ વસ્તુને જાણે છે. તેથી સુખપૂર્વક બધા શિષ્યો તેની પાસે ભણી શકે.

૨. પિતાના વંશ સંબંધી હોય તે કુલ કહેવાય, લોકમાં પણ વ્યવહાર છે, કે આ ઈક્ષ્વાકુકુલમાં ઉત્પન્ન થયેલ છે, તેથી તે કુલવાન્ સ્વીકારેલ અર્થ (કાર્ય)ને પૂર્ણ કરનાર થાય છે.

૩. માતાનો વંશ તે જાતિ. જાતિવાન હોય તે વિનયાદિ ગુણ યુક્ત હોય છે.

૪. રૂપવાન, લોકોને ગુણવિષયક બહુમાન પ્રાપ્ત થાય છે. કહ્યું છે, કે જેવી આકૃતિ હોય તેવા ગુણો હોય છે. એ કહેવત મુજબ કુરૂપ વ્યક્તિ આદેય નથી બનતી.

૫.સંઘયણવાન હોય,જેથી વિશિષ્ટ શરીરબલ દ્વારા વ્યાખ્યાન કરવામાં થાકે નહિ.

૬. ધૃતિવાન એટલે વિશિષ્ટ માનસિક સ્થિરતાવાન. તે અતિગહન પદાર્થોમાં પણ ભ્રમ (મુંઝવણ) ન પામે.

૭. અનાશંસી એટલે શ્રોતા વગેરે પાસેથી વસ્ત્ર વગેરેની ઈચ્છા વગરનો.

૮. અવિકત્થન :– અતિ બોલનાર નહિ અથવા કોઈના નાના–થોડા અપરાધમાં વારંવાર બોલે નહિ.

૯. શઠતા રહિત– અમાયાવી.

પણ પહેલા દશવૈકાલિકના વ્યાખ્યાનમાં જરા કહીયે છીએ આ દેશમાં ઉત્પન્ન થયેલા હોવાથી તે સુખથી બોધ વાક્ય કહી શકે છે. ૨. પિતાનું તે કુળ ઉત્તમ હોવાથી જેમ તેજસ્વી પ્રાણી ભાર વહન કરવામાં

---

૧૦. સ્થિર પરિપાટી એટલે સતત અભ્યાસથી અનુયોગની પરિપાટીને એવી સ્થિર કરી હોય, કે જેથી જરાપણ સૂત્ર કે અર્થ ભૂલાય નહિ, તે સ્થિરપરિપાટી

૧૧.ગૃહિત વાક્ય એટલે ઉપાદેય વચની. એમનું થોડું વચન પણ મહાર્થ જેવું લાગે.

૧૨. જિતપર્ષદ એટલે મોટી સભામાં પણ ક્ષોભ ન પામે.

૧૩. જિતનિદ્ર એટલે અલ્પ નિદ્રાવાન્ તે રાત્રે સૂત્ર (૩) અને અર્થની વિચારણા કરતી વખતે નિદ્રાથી બાધિત ન થાય.

૧૪. મધ્યસ્થ એટલે બધા શિષ્યોપર સમભાવવાળા.

૧૫–૧૬–૧૭ દેશકાળ અને ભાવને જાણનાર. તે તે લોકાનો દેશ, કાળ અને ભાવ જાણીને સુખે વિચરી અથવા શિષ્યોના ભાવ જાણીને તેને તે રીતે સુખે પ્રવર્તાવે.

૧૮. આસન્નલબ્ધ પ્રતિભાવાન્ એટલે કર્મના ક્ષયોપશમથી તત્કાલ પરતીર્થિકના પ્રશ્નોના જવાબો આપવામાં સમર્થ હોય તે, આસન્નલબ્ધ–પ્રતિભાવંત.

૧૯. વિવિધ દેશોની ભાષા જાણે, જેથી વિવિધ દેશોના શિષ્યોને સહેલાઈથી શાસ્ત્રોભણાવી શકે અને તે તે દેશના લોકોને તે–તે ભાષા વડે ધર્મ માર્ગમાં જોડી શકાય.

૨૦–૨૪. પંચવિધ જ્ઞાનાચાર વગેરે આચારોથી યુક્ત એટલે ઉજમાળ. કારણ કે પોતે આચારમાં અસ્થિર હોય તો બીજાઓને આચારોમાં પ્રવર્તાવી શકતા નથી.

૨૫. સૂત્રાર્થ અને તદુભયના જાણકાર, તે સૂત્રાર્થ–તદુભયવિજ્ઞ. તેની ચતુર્ભંગી આ પ્રમાણે છે.

૧. સૂત્ર આવડે અર્થ નહીં ૨. અર્થ આવડે પણ સૂત્ર નહીં. સૂત્ર અર્થ બંને આવડે, ૪. સૂત્ર–અર્થ બંને ન આવડે. આમાં ત્રીજો ભાંગો ગ્રહણ કરવો. તેથી સૂત્રાર્થ અને તદુભય વિધિને જે ભણે, તે સૂત્રાર્થ તદુભયવિધિજ્ઞ કહેવાય છે.

૨૬–૨૭. આહરણ એટલે દૃષ્ટાંત હેતુ કારક અને જ્ઞાપક–એમ બે પ્રકારે છે. જેમ ઘટનો કર્તા કુંભાર તે કારક હેતુ અને અંધારામાંથી ઘડાને પ્રકાશમાં લાવનાર દીવો જ્ઞાપક હેતુ છે. ઉપનય એટલે ઉપસંહાર. દૃષ્ટાંતથી જાણેલ પદાર્થને ચાલુ વિષયમાં જોડવો તે ઉપનય–કારણ. એ પ્રમાણે પાઠ હોય; તો કારણ એટલે નિમિત્ત સમજવું. નય એટલે નૈગમ વગેરે. આહરણ, હેતુ, ઉપનય, કારણ અને નય વગેરેમાં નિપુણ હોય, તે જેવો શ્રોતા હોય તે પ્રમાણે હેતુ વગેરેનું પ્રતિપાદન કરી તત્ત્વ સ્વીકારાવે છે.

૨૮. 'ઉપસંહારનિપુણ' હોય તે સારી રીતે અધિકૃત અર્થનો ઉપસંહાર કરી શકે.

૨૯. નયનિપુણ હોય, તે સારી રીતે અધિકૃત નયના કથન વખતે સારી રીતે વિસ્તારથી વિભાગપૂર્વક નયોને કહી શકે.

૩૦. પ્રતિપાદનની શક્તિ યુક્ત તે ગ્રાહણકુશલ.

૩૧–૩૨. સ્વશાસ્ત્રપરશાસ્ત્રને જાણે તે. બીજા વડે આક્ષેપ કરાયેલ સ્વપક્ષ પરપક્ષના આક્ષેપોને દૂર કરે.

૩૩. અતુચ્છ સ્વભાવ એટલે ગંભીર.

૩૪. દીપ્તિમાન :– પરવાદીથી પરાભવ ન પામે તેવા.

૩૫. શિવ એટલે ગુસ્સા વગરના અથવા તેજસ્વી. જ્યાં વિચરે ત્યાં કલ્યાણને કરનાર.

૩૬. સોમ એટલે ગુસ્સા શાંત દૃષ્ટિવાળા– આ પ્રમાણે છત્રીસ ગુણોવાળા ગુરુ જાણવા.

ઉપલક્ષણથી આચાર્ય ચંદ્રના કિરણોનાં સમૂહ જેવા મનોહર ઔદાર્ય– સ્થૈર્ય આદિ ગુણોથી યુક્ત એટલે શોભતા અને પ્રવચનના ઉપદેશક હોય છે. તેથી કહ્યું છે, કે મૂળગુણ–ઉત્તરગુણરૂપ સેંકડો ગુણોથી યુક્ત ગુરુ, સારી રીતે દ્વાદશાંગીના સારરૂપ પ્રવચનકહી શકે છે. જે મૂળગુણ વગેરે ગુણો યુક્ત છે. તેના વચન ઘીથી સિંચાયેલ અગ્નિની જેમ શોભે છે. ગુણહીનના વચનો તેલ વગરના દીવાની જેમ શોભતા નથી.

થાકતો નથી તેમ પોતે પણ ભણાવવામાં થાકતા નથી. માતા સંબંધી તે જાતિ ઉત્તમ હોવાથી વિનયવાન્ હોય છે. રૂપવાન્ હોવાથી તેનું વચન બીજા ગ્રહણ કરે છે કારણ કે આકૃતિમાં ગુણો રહે છે (એવી લોક માન્યતા છે). સંઘયણ ને ધીરજવાળો હોવાથી વ્યાખ્યાન, તપસ્યા કે અનુષ્ઠાનની વિધિ કરાવવામાં ખેદ પામતા નથી. અનાશંસી હોવાથી સાંભળનાર પાસે વસ્ત્રાદિ ન ઈચ્છે, વિકથાનો ત્યાગી હોવાથી ઘણું બોલનારો નથી (જરૂર જેટલુંજ બોલે.) અમાયી હોવાથી કપટ રહિતપણે શિષ્યોને સારે માર્ગે દોરે છે. સ્થિર પરિપાટી હોવાથી ભણેલા સૂત્રને ભૂલતા નથી. ગૃહિત વાક્ય હોવાથી બીજાને તેમનું વચન માન્ય થાય છે. જીત પરિષદ્ હોવાથી અન્ય મતવાળાઓ સાથે વાદ કરતાં સભામાં ડરતા નથી. અપ્રમાદી હોવાથી અલ્પ નિદ્રાવાળા હોય છે. તેથી વ્યાખ્યાનમાં આનંદ આવે છે અને જે શિષ્યો ઉંઘણસી હોય અથવા ઘણીવાર આળસ કરતા હોય તેને પ્રેરણા કરી ઠેકાણે લાવે છે. મધ્યસ્થ હોવાથી ન્યાયવાળા હોય છે. દેશ, કાળ ભાવના જાણ હોવાથી દેશ વિગેરેના ગુણ જોઈ અપ્રતિબદ્ધપણે વિચરે છે અને ઉપદેશ આપે છે, તર્કવાદી હોવાથી અન્યદર્શની કુતર્ક કરીને જીતવા જાય તો પણ સામેના માણસનું કહેવાનું તાત્પર્ય સમજી તુરત ઉત્તર દેવાને સમર્થ થાય છે (ન્યાય સૂત્રના પંચમ અધ્યાયમાં એનું વ્યાખ્યાન વિસ્તારથી કહેલું છે.) જુદા જુદા દેશની ભાષા જાણનાર હોવાથી જુદા જુદા દેશના જન્મેલ શિષ્યોને સુમાર્ગે દોરવવા સમર્થ થાય છે. જ્ઞાનાદિ પંચ આચાર યુક્તહોવાથી તેમનું વચન શ્રદ્ધા કરવા યોગ્ય હોય છે. સૂત્ર અર્થ ઉભયને જાણનાર હોવાથી યોગ્ય રીતે ઉત્સર્ગ અપવાદના બતાવનાર થાય છે. ઉદાહરણ, હેતુ, કારણ, નયમાં નિપુણ હોવાથી તેમાં રહેલ ભાવોને સમ્યક્પણે દેખાડે છે, નહિ કે અમારા સિદ્ધાંતમાં કહેલું તેજ માનો એવું તે બોલે પણ એમ બોલે કે 'સિદ્ધાંત સાથે ન્યાયથી પણ મેળવી લો' ગ્રાહણ કુશળ હોવાથી શિષ્યોને અનેક પ્રકારે હૃદયમાં ઉતારી શકે છે. સ્વ અને પર સિદ્ધાંતના જાણ હોવાથી બીજાના મતનું ખંડન કરી પોતાનો સિદ્ધાંત બતાવે છે (એટલે જૈન મતની ઉત્તમતા જણાવી શકે.) ગંભીર હોવાથી શિષ્યના મોટા ગુન્હામાં રોષાયમાન થતા નથી. તેજસ્વી હોવાથી પર વાદીઓને ક્ષોભ પમાડે છે. મંગળ કારી હોવાથી એમના જ પુણ્ય બળના અતિશયથી મરકી વિગેરેના રોગો શાંત થાય છે. શાંત મુદ્રા હોવાથી બધા માણસોની પ્રીતિ મેળવે છે. આવા સર્વ ગુણવાળાજ સિદ્ધાંતના સારને કહેવા સમર્થ થાય છે, જેથી તે અનેક ભવ્ય જીવોને બોધ હેતુ થાય છે.

> गुणसुट्ठिअस्स वयणं घयमहुसित्तोव्व पावओ भाइ । गुणहीणस्स न सोहइ णेहविहीणो जह पईवो ॥
> क्षीरं भाजनसंस्थं न तथा वत्सस्य पुष्टिमावहति । आवल्गमानशिरसो यथा हि मातृस्तनात्पिबतः ॥१॥
> तद्वत्सुभाषितमयं क्षीरं दुःशीलभाजनगतं तु । न तथा पुष्टिं जनयति यथा हि गुणवन्मुखात्पीतम् ॥२॥
> शीतेऽपि यत्नलब्धो न सेव्यतेग्निर्यथा श्मशानस्थः । शीलविपन्नस्य वचः पथ्यमपि न गृह्यते तद्वत् ॥३॥
> चारित्रेण विहीनः श्रुतवानपि नोपजीव्यते सद्भिः । शीतलजलपरिपूर्णः कुलजैश्चाण्डालकूप इव ॥४॥

ગુણ યુક્ત વચન ઘી અને મધ સીંચેલા અગ્નિ માફક દીપે છે. અને ગુણ હીનનું વચન ઘી વિનાના દીવા જેવું છે. એટલે કે તે શોભતું નથી. તથા અન્ય શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે વાસણમાં રહેલું દૂધ બાળકને જોઈએ તેવી પુષ્ટિ આપનારૂં નથી. પણ માતાના સ્તનનું પાન કરનાર માથું નમાવી ખોળામાં પડેલ બાળકજ પુષ્ટિ પ્રાપ્ત કરે છે. તેવી રીતે સારૂં બોલેલું પણ દુરાચારી માણસનું વચન જેમ ખરાબ વાસણમાં દૂધ શોભતું નથી તેમ દુરાચારીનું વચન લોક માનતા નથી. પણ ગુણવાન માણસનું વચન. સારા વાસણમાં રહેલ દૂધ પીધાની માફક માનનીય હોય છે. અને લોકોને જેમ દૂધ પુષ્ટિ કરે છે તેમ સારૂં વચન સુમાર્ગે દોરે છે. વળી શીયાળાની ઠંડીમાં પણ મહેનતથી મેળવેલ દેવતા હોય પણ તે સ્મશાનનો હોય તો તેની પાસે તાપવા બેસતા નથી તેવી જ રીતે પતિતનું વચન હિતકારક હોય તો પણ લોકો વિશ્વાસ કરતા નથી. તેવી જ રીતે સત્પુરુષો સિદ્ધાન્તના જાણકાર પણ

ચારિત્રથી ભ્રષ્ટ થયેલાનું સેવન કરતા નથી. **જેમ ઠંડા પાણીથી ભરેલો ચંડાલનો કુવો હોય તો પણ ઉચ્ચ જાતિના લોકો તેમાંથી પાણી પીતા નથી.** આવી જ રીતે મુમુક્ષુઓ ભ્રષ્ટાચારીનું વચન સ્વીકારતા નથી.

(૭) હવે શાનો અનુયોગ (કથન) કરવો તે કહે છે. જો કે બધા સિદ્ધાંતનું કથન થાય છે પણ અહી પ્રસ્તાવિક વાતને અનુસરી દશ વૈકાલિકનું કથન કરીશું.

**વાદીની શંકા**–'દશ કાલિકની નિર્યુક્તિ કરીશું એ વચનથી વર્તમાન કથન સમજી જવાયું ત્યારે આ ઉપન્યાસ કર્યો તે નિષ્ફળ છે.' આચાર્ય કહે છે– 'એમ નહિ. અધિકારવાળો વિષય નિક્ષેપાદિ દ્વારના સમૂહ વડે તમામ શ્રુત સ્કંધનો વિષય હોવાથી તેનાજ બળ વડે નિર્યુક્તિકારે પણ ઉપન્યાસ કર્યો. પણ આજ સ્થાનથી બીજી જગ્યાએ પણ શાસ્ત્રનું નામ કહેવા પૂર્વક ઉપન્યાસ કરાય છે એમ જાણવું. (નિર્યુક્તિકારનો અધિકાર નિર્યુક્તિકારે બતાવ્યો અને શાસ્ત્રકારે શાસ્ત્રની વિધિ બતાવી એમ સમજવું.)

નિર્યુક્તિકારની અર્ધી ગાથાને થોડામાં સમજાવી અને બાકીની જે અર્ધી ગાથા રહી તે પણ અધ્યયનના અધિકારમાં જ્યારે સમય આવશે ત્યારે બતાવશું. કારણ કે ત્યાં ઉપક્રમ અનુગમ નિક્ષેપ, નય, એચાર અનુયોગ દ્વારનું અનુપૂર્વી વિગેરે તેના ભેદોનું તથા સૂત્ર વિગેરેનું લક્ષણ તેને યોગ્ય પરિષદ્ વિગેરેનું કહેવાનું શક્ય છે. પણ બીજી જગ્યાએ કહેવું શોભતું નથી કારણ કે અહીં તેનો વિષય નથી. હવે આપણી ચાલુ વાતને નિર્યુક્તિકાર કહે છે.

एयाइँ परूवेउं कप्पे वण्णिय गुणेण गुरुणा उ । अणुओगो दसवेयालियस्स विहिणा कहेयव्वो ॥ ६ ॥

**ટીકાનો અર્થ** – આ નિક્ષેપાદિ દ્વારો કહીને બૃહત્કલ્પ સૂત્રમાં બતાવેલા ૩૬ ગુણોવાળા ગુરુએ દશવૈકાલિકનું શાસ્ત્રમાં કહેલી વિધિએ કથન કરવું. પણ ન જાણનારો શિષ્ય પૂછે છે ' હે ભગવન્ જો દશ વૈકાલિકનું કથન કરો તો કહો કે તે અંગ છે કે અનેક અંગ છે ? એક શ્રુત સ્કંધ કે અનેક છે ? એક અધ્યયન છે કે અનેક ? એક ઉદ્દેશો કે અનેક ઉદ્દેશા એમ આઠ પ્રશ્ન છે તેમાં ત્રણ યોજાય છે. દશ વૈકાલિક એક શ્રુત સ્કંધ, અનેક અધ્યયન અને અનેક ઉદ્દેશા એ ત્રણ જાણવાં આ પ્રમાણે છે તેથી દશ વિગેરે પદનો નિક્ષેપો કરવો જેમ દશનો, કાળનો, શ્રુત સ્કંધનો, અધ્યયનનો ઉદ્દેશાનો છે તેમજ નિર્યુક્તિકાર કહે છે.

दसकालियंति नाम संखाए कालओ य निद्देसो । दसकालियसुअखंधं अज्झयणुद्देस निक्खिविउं ॥७॥

**ટીકાનો અર્થ**– દશ કાલિક પૂર્વે તેનો શબ્દાર્થ કહેલો છે. એવું જે નામ તે સંખ્યા અને કાળથી તેનો કાળમાં નિક્ષેપ કરવો. અર્થાત્ વિશેષ અભિધાન (નામ પાડવું.) આનુ નિબંધન વિશેષ પ્રકારે આગળ કહીશું. મણગ નામના લઘુ શિષ્ય માટે એ કહેવા વડે તેથી દશકાલિક. કાળમાં પ્રવૃત્તિ થઈ તેથી કાલિક દશ શબ્દની સાથે કાળ શબ્દનો નિક્ષેપો શ્રુત સ્કંધ, અધ્યયન તથા ઉદ્દેશાને તેના વિષયમાં સ્થાપના કરી કથન કરવું (વીવરીને બતાવવું). આ ગાથાનો અર્થ છે.

હવે જેવો હૃદયમાં કહેવાનો વિચાર તેવો મોઢેથી ખુલાસો એ ન્યાયને અનુસરી જે શાસ્ત્ર કહેવાનો અભિપ્રાય છે તેને તેનું નામ આપવું યોગ્ય હોવાથી પ્રથમ દશ શબ્દનોજ નિક્ષેપો દર્શાવે છે. 'દશ' તે ગણત્રીમાં એક બે ત્રણ, ચાર વિગેરેને અનુસરી વર્તે છે. જો એક ન હોય તો દશ પણ ન થાય. માટે પ્રથમ એક શબ્દમાંજ નિક્ષેપો કરવાની ઈચ્છાથી કહે છે.

णामं ठवणा दविए माउयपयसंगहेक्कए चेव । पज्जवभावे य तहा सत्तेए एक्कगा होंति ॥ ८ ॥

(૧) નામ (૨) સ્થાપના (૩) દ્રવ્ય (૪) માતૃકાપદ (૫) સંગ્રહ (૬) પર્યાય (૭) ભાવ આ સાત પ્રકારે છે.

**ટીકાનો અર્થ** – એક તેજ એક (એકલું) નામ એક (૨) સ્થાપના એક, સુગમ છે. (૩) દ્રવ્ય એક તે સચિત્ત અચિત્ત તથા મિશ્ર. તેમાં સચિત્ત તે પુરુષ; અચિત્ત તે રૂપીઓ વિગેરે, મિશ્ર તે ઝાંઝર પહેરેલું માણસ તથા (૪) મૂળ પદ (જે ગણધરોને ત્રિપદીમાં તીર્થંકરે બતાવ્યા) ઉપન્નેઈ વા' વિગમેઈ વા,' 'ધુવ્વેઈ વા' (ઉત્પન્ન થાય છે, નાશ થાય છે અને કાયમ રહે છે ? આ માત્રક પદ કહેવાય છે. તે સિવાય વ્યવહારમાં અ, આ, ઇ, ઈ, તે પણ માત્ર પદ (મૂળ પદ) જાણવાં. તેમના વડે જ બધા શબ્દોનો વ્યવહારવ્યાપેલો હોવાથી માત્રપદ કહેવાય છે. અહીં કહેવાની માફક લિંગ વચન પણ થાય છે એટલા માટે આ ઉપન્યાસ કર્યો છે. (૫) સંગૃહીત તે ચોખાનો સમૂહ. એટલે તાત્પર્ય એ છે કે સંગ્રહ શબ્દથી એકમાં પણ સમુદાય આવી જાય. જેમકે ચોખા લાવ્યો એમ કહેવાથી એક દાણો નહિ પણ અનેક દાણાનો સમૂહ પ્રવૃત્તિમાં આવે છે તેથી એક દાણો પણ શાલિ કહેવાય અને ઘણા દાણા પણ શાલિ કહેવાય (ઉત્તમ જાતના ચોખાને શાલિ કહે છે ) લોકમાં આ રીતિ છે. હવે અહીં આદિષ્ટ અને અનાદિષ્ટ એ બે શાલિના ભેદ છે. જેમકે કલમ શાલિ તે કલમનાજ ચોખાનો આદેશ કર્યો. પણ જો કલમ શાલિ ન કીધા હોય તો ગમે તે ચોખા સમજવા. તે અનાદિષ્ટ છે. તે યોજના યથાયોગ્ય કરવી. (૬) પર્યાયિક તે એક પર્યાય, પર્યાય એટલે વિશેષ ધર્મ તે અનાદિષ્ટ વર્ણ વિગેરે એટલે કોઈ પણ રંગ સમજાય. પણ જો આદિષ્ટ એટલે કાળો રંગ વિગેરે કહ્યું હોય તો તેજ કામ લાગે. બીજા આચાર્ય બધા શ્રુત સ્કંધની વસ્તુની અપેક્ષાથી આવી વ્યાખ્યા કરે છે કે અહીં પર્યાયથી એમ સમજવું કે અનાદિષ્ટ તે શ્રુતસ્કંધ જાણવો અને આદિષ્ટમાં દશ કાલિક નામનું સૂત્ર જાણવું. કેટલાક એમ કહે છે કે અનાદિષ્ટ તે દશવૈકાલિક સૂત્ર અને આદિષ્ટ તે તેનું કોઈ પણ અધ્યયન જેમ કે દ્રુમપુષ્પિકા વિગેરે કહે પણ આ જોઈએ તેવું મનોહર નથી. કારણ કે દશવૈકાલિક નામ કહેવાથી આદેશની સિદ્ધિ થાય છે. તેથી પછીના મત કરતાં પહેલાનો મત ઠીક છે (૭) ભાવે તે એક ભાવ જેમ કે અનાદિષ્ટ કોઈ પણ ભાવ. અને આદિષ્ટ તે ઔદયિક, ક્ષાયિક વિગેરે આ સાત જોડે જોડે કહેલા એક એક થાય છે. અહીં દશ પર્યાય અધ્યયનોનો એક સંગ્રહ હોવાથી તેનોજ અધિકાર જાણવો. બીજા આચાર્ય કહે છે શ્રુતજ્ઞાન ક્ષયોપશમિક ભાવમાં વર્તે છે. તેથી ભાવ એકમાં તેનો અધિકાર છે. (બન્નેનું કહેવું ઠીક છે, હવે આ એકની માફક જ બે વિગેરેના નિક્ષેપા હોવાથી તે છોડીને લાગલોજ દશ શબ્દનો નિક્ષેપો કહીએ છીએ.

**દશ શબ્દનો નિક્ષેપો :-**

णामं ठवणा दविए खित्ते काले तहेव भावे अ । एसो खलु निक्खेवो दसगस्स उ छव्विहो होइ ॥९॥

નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ એમ છ પ્રકારે દસ શબ્દનો નિક્ષેપો છે.

**વાદીનો પ્રશ્ન–** [૧]બેથી નવ છોડી કેમ દશનો નિક્ષેપ લીધો ? ઉત્તર– દશનો નિક્ષેપ લેવાથી બાકીના વચલા સમજાઈ જશે. તેમાં નામ સ્થાપના નિક્ષેપો સુગમ છે. દ્રવ્ય દશક તે દશ દ્રવ્ય, જેમાં સચિત્ત, અચિત્ત અને મિશ્ર તેના અનુક્રમે દાખલા મનુષ્ય, રૂપીઓ, અને કડાં વિગેરે યુક્ત પુરુષ, ક્ષેત્ર દશક તે ક્ષેત્રના દશ પ્રદેશ. (વિભાગ) કાલ દશક તે દશ કાળ. એટલેવર્તનાદિ રૂપપણાથી કાળની દશ અવસ્થા થાય છે તે અવસ્થાઓ બાલા કીડા મંદા વિગેરે આગળ કહીશું (દશ દશ વર્ષની ૧૦૦ વર્ષ સુધીમાં દશ અવસ્થા થાય છે.) ભાવદશક તે સન્નિપાતિક ભાવમાં સ્વરૂપથી ભાવવા. (ચોથા કર્મ ગ્રંથમાં તે ભાંગા બતાવ્યા છે.) અથવા તેજ વિષયમાં

વિવેચન કરવા વડે આ દસ અધ્યયન જાણવાં. આ પ્રમાણે ૧૦ શબ્દનો નિક્ષેપો બહુવચન વાળો હોવાથી છ પ્રકારે થાય છે 'ખલુ' શબ્દનો અર્થ નિશ્ચય રૂપમાં છે. એથી એમ સમજવું કે આ વખતે ઉપયોગી છે. 'તુ' શબ્દથી વિશેષ અર્થ છે. વિશેષમાં સમજવાનું કે આ દશ શબ્દ માત્રનો નિક્ષેપો નથી પણ તેમાં કહેવાતા જે વિષય તેનો નિક્ષેપો જાણવો. ગાથા અર્થ સમાપ્ત. ॥૯॥

હવે પ્રસ્તુત (ચાલતા) ઉપયોગીપણાથી કાળના દશ દ્વારમાં વિશેષ અર્થ કહેવાની ઈચ્છાથી કહે છે.

**પૂર્વે કહેલી કાલની દશ અવસ્થા :-**

[1]...बाला किड्डा मंदा बला य पन्ना य हायणि पवंचा । पब्भार मम्मुहि सायणी य दसमा उ कालदसा ।१०।
जायमित्तस्स जंतुस्स, जा सा पढमिया दसा । ण तत्थ सुहदुक्खाइं, बहुं जाणंति बालया ॥१॥
बिइयं च दसं पत्तो, णाणाकिड्डाहिं किड्डइ । न तत्थ कामभोगेहिं, तिव्वा उप्पज्जई मई ॥२॥
तइयं च दसं पत्तो, पंच कामगुणे नरो । समत्थो भुंजिउं भोए, जइ से अत्थि घरे धुवा ॥३॥
चउत्थी उ बला नाम, जं नरो दसमस्सिओ । समत्थो बलं दरिसिउं, जइ होइ निरुवद्दवो ॥४॥
पचमिं तु दसं पत्तो, आणुपुव्वीइ जो नरो । इच्छियत्थं विचिंतेइ, कुडुंबं वाऽभिकंखई ॥५॥
छट्टी उ हायणी नाम, जं नरो दसमस्सिओ । विरज्जइ य कामेसु, इंदिएसु य हायई ॥६॥
सत्तमिं च दसं पत्तो, आणुपुव्वीइ जो नरो । निट्ठहइ चिक्कणं खेलं, खासइ य अभिक्खणं ॥७॥
संकुचियवलीचम्मो, संपत्तो अट्ठमिं दसं । णारीणमणभिप्पेओ, जराए परिणामिओ ॥८॥
णवमी मम्मुही नाम, जं नरो दसमस्सिओ । जराघरे विणस्संतो, जीवो वसइ अकामओ ॥९॥
हीणभिन्नसरो दीणो, विवरीओ विचित्तओ । दुब्बलो दुक्खिओ सुवइ संपत्तो दसमिं दसं ॥१०॥

**ટીકાનો અર્થ** – (૧) બાલા, (૨) ક્રીડા; (૩) મંદા, (૪) બલા, (૫) પ્રજ્ઞા, (૬) હાયિની (૭) ઈષત્પ્રપંચા, પ્રાગ્ભારા, (૮) મન્મુખી, (૧૦) શાયિની આદશ અવસ્થા જાણવી. એટલે સો વર્ષના આયુષ્યમાં મનુષ્યને આ દશ અવસ્થાનો સંભવ થાય છે. પૂર્વ મુનિઓએ આનું સ્વરૂપ આ પ્રમાણે કહ્યું છે.

મનુષ્યને જન્મથી માંડીને પહેલા દશ વર્ષમાં સુખદુઃખનો અનુભવ થવાનો બહુ સંભવ નથી. બીજા દશકામાં (બીજા દશકામાં પ્રાપ્ત થયેલો જીવાત્મા વિવિધ પ્રકારની ક્રીડાઓ કરે છે. પરંતુ તે અવસ્થામાં કામભોગોમાં બુદ્ધિ ઉત્પન્ન થતી નથી) કામ ક્રીડામાં ઓછી મતિ હોય છે. ત્રીજા દસકામાં પાંચે ઈંદ્રિય સંપૂર્ણ હોવાથી અને પાંચે ઈન્દ્રિયોની અનુકૂલ વિષયસામગ્રી ઘરમાં વસ્તુ હોવાથી ઈંદ્રિયોનાં ભોગ ભોગવવા સમર્થ થાય છે. ચોથી બલા નામની અવસ્થામાં પોતાનું બળ દેખાડવાને જો નિરૂપદ્રવી હોય તો સમર્થ થાય છે. પાંચમાં દસકામાં પોતાના ઘરના કુટુંબને સુખી કરવા વાંછે છે અથવા ઈચ્છિત વસ્તુને પ્રાપ્ત કરવાની ચિંતા કરે છે. છઠ્ઠ હાયિની નામની અવસ્થામાં ઈંદ્રિયો થાકવાથી ભોગથી વિમુખ થાય છે. સાતમી અવસ્થામાં આવીને ઈંદ્રિયો થાકવાથી ઘણી ખાંસી થાય છે અને બળખા પડે છે. (ક્રમશઃ સાતમી દશાને પ્રાપ્ત થયેલો માણસ વારંવાર થૂંકે છે. ખાંસી આવે છે. શ્લેષ્મના બળખા પડે છે. અને ઈન્દ્રિય હીન થાય છે.) આઠમી અવસ્થામાં પોતાની શરીરની ચામડીમાં સંકોચાઈને વળીઆ પાડે છે અને વૃદ્ધાવસ્થાથી ઘેરાયેલો સ્ત્રીઓને અનિચ્છત બને છે. નવમી મૃત્યુમુખ નામની અવસ્થામાં પડેલો વૃદ્ધાવસ્થા રૂપ ઘરમાં રહી મરેલા માફક ઈચ્છા વગરનો પડી રહે છે. દશમી અવસ્થામાં હીન અને ભિન્ન એવા સ્વર વાળો મોતને ચાહનારો, દીન મુખવાળો, વિપરીત ચિંતવનારો, દુર્બળ અને દુઃખી થઈ સૂતેલો એવો પડ્યો રહે છે. (આ દશ અવસ્થા સો વર્ષના આયુષ્યમાં જાણવી; ઓછા અને

૧. તુલના કરો, સ્થાનાંગ – ૧૦– સુ. ૧૫૪ ઉત્તરા. નિ. પૃ. ૫/૬

અધિક આયુષ્યમાં તે પ્રમાણે ગણત્રી કરવી.) હવે કાળનિક્ષેપનું વર્ણન કરવાની ઈચ્છાથી કહે છે.

दव्वे अद्ध अहाउअ उवक्कमे देसकालकाले य । तह य पमाणे वण्णे भावे पगयं तु भावेणं ।। ११ ।।

દ્રવ્ય તે વર્તનાદિ લક્ષણવાળો દ્રવ્યકાળ કહેવો. 'અદ્ધ' એટલે ચંદ્ર સૂર્ય વિગેરેની ક્રિયાવાળો અઢીદ્વીપ સમુદ્રની (બે સમુદ્ર અને અઢી દ્વીપનો)અંદર વર્તતો 'અદ્ધાકાળ' જાણવો. તેમાં સમય, આવલી, દિવસ, પક્ષ, માસ વિગેરે જાણવા. તથા આયુષ્ય કાળ એટલે દેવતા વિગેરેના આયુના લક્ષણવાળો કાળ જાણવો. ઉપક્રમ કાળ (ઈચ્છિત એવા પદાર્થને નજીકમાં લાવવા સ્વરૂપ) એટલે જે શીખવવાનું હોય તે વિષયની સમીપે શિષ્યને લાવવાનો કાળ જાણવો. આ કાળ સામાચારી અને આયુષ્યના ભેદથી ભિન્ન કહેવો, તથા દેશકાળ કહેવો, દેશ, પ્રસ્તાવ, અવસર અને વિભાગ એ પર્યાય શબ્દો છે. એ બધા એક અર્થમાં વાપરવા એમ જાણવું કે ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિનો સમય, તથા કાળ કાળ કહેવો. તે એક કાળ શબ્દનો અર્થ પૂર્વે કહેલો લેવો અને બીજો અર્થ સમય સંબંધી (મૃત્યુ) છે જે મરણ ક્રિયાનું વિચારવું તે જે અમુક સમયેજ આવે છે. તે 'ચ' શબ્દ સમુચ્ચયના અર્થમાં જાણવો. પ્રમાણકાળ એટલે 'અદ્ધાકાળનો' એક વિભાગ. તે દિવસ વિગેરેના લક્ષણવાળો જાણવો. વર્ણકાળ એટલે વર્ણ (રંગ) વાળો કાળ (કાળો રંગ ) જાણવો. ભાવકાળ ઔદયિક વિગેરે ભાવકાળ તે સાદિ, સપર્યવ વિગેરે ભેદોથીભિન્ન જાણવો. એટલે તેમાં સાદિ સાંત' એ અહીં ન લેવો, પણ ઔદયિકાદિ ભાવ લેવો. પ્રકૃત કાળ તે અહીં દિવસ પ્રમાણકાળનો અધિકાર જાણવો. તેમાં પણ ત્રીજી પોરિસિનો કાળ લેવો અને તે પણ બહુ કાળ વીતી ગયા પછી (દસ વૈકાલિકની ઉત્પત્તિનો સમય બતાવ્યો.)

**પ્રશ્ન–** મૂળ ગાથામાં तो पगयं भावेण **પ્રકૃત ભાવથી પ્રયોજન છે અને તમે પ્રમાણ કાળ લીધો તો** એ વિરૂદ્ધ કેમ નથી આવતો ? આચાર્ય કહે છે– 'ક્ષાયોપશમિક ભાવ કાળમાં શય્યંભવસૂરિએ નિર્વાહ કર્યો (ઉદ્ધર્યું) અને પ્રમાણ કાળમાં પૂર્ણ કર્યું એમ કહેવાથી કહેલાં લક્ષણો વિરૂદ્ધ નથી અથવા પ્રમાણકાળ પણ ભાવકાળજ છે. તેનું અદ્ધા કાળનું સ્વરૂપ હોવાથી તેનું ભાવપણું છે કારણ કે તે ક્રિયારૂપપણે છે. કાળના દ્રવ્ય, અદ્ધા, આયુષ્ય, ઉપક્રમ, દેશ, કાલ, કાલ કાલ, પ્રમાણ, વર્ણ અને ભાવ એટલા દશ ભેદ છે. તેમાં ભાવકાળમાં ભાવકાળની સાથે દશ વૈકાલિકનો સંબંધ રાખ્યો. અને પ્રમાણકાળ બતાવી ત્રીજે પહોરે ઘણો વખત ગયા પછી ઉદ્ધર્યું. એ બે સાથે આવવાથી વાદીને શંકા થઈ કે નિર્યુક્તિકાર આવું કેમ બોલે છે ? ત્યારે આચાર્યે ઉત્તર આપ્યો 'પ્રમાણકાળ પણ ભાવકાળમાં અદ્ધા કાળના સ્વરૂપે હોવાથી સમાવેશ થાય છે; ગાથાનો અવયવાર્થ વિશેષાવશ્યકથી જાણવો. તે નિર્યુક્તિકાર કહે છે.

सामाइयअणुकमओ वण्णे उं विगयपोरिसीए उ । निज्जूढं किर सेज्जंभवेण दसकालियं तेणं ।। १२ ।।

**ટીકાનો અર્થ** – સામાયિક તે આવશ્યકનું પહેલું અધ્યયન છે. તેનો અનુક્રમ (પરિપાટી) તે અથવા સામાયિકમાં અનુક્રમ (એટલે એક પછી એક કહેવું) તેથી સામાયિકનો (અનુક્રમ વર્ણવવાને આંતરા વિના મૂકેલી ગાથાઓના દ્વારો છે એમ વર્તમાન વિષયથી જણાય છે. વિગત પોરિસીમાંજ એટલે ત્રીજી પોરિસી ઘણી વ્યતીત થયે છતે 'તુ' શબ્દ નિશ્ચય વાચક જાણવો. 'નિર્યુઢ' એટલે પૂર્વમાં રહેલો વિષય ઉદ્ધરીને રચ્યું. 'કિલ' શબ્દ પરોક્ષ આપ્ત આગમ વાદનો સૂચક છે (તીર્થંકર કે તેમના ગણધર પાસે સાંભળ્યું હોય તે પ્રત્યક્ષ કહેવાય, ગુરુ પરંપરાયે સાંભળે તે પરોક્ષ) શય્યંભવસૂરિ ચઉદ પૂર્વી છે તેમણે (પૂર્વે જણાવેલ દશ વૈકાલિક શબ્દનો અર્થ કહ્યો) દશ વૈકાલિક ઉદ્ધર્યું તે કારણથી એમણે રચ્યું એમ કહેવાય છે. ગાથા સમાપ્ત. ॥૧૨॥

શ્રુત અને સ્કંધનો નિક્ષેપો જેમ અનુયોગ દ્વાર સૂત્રમાં કહેલો છે તેમ ચાર પ્રકારે જાણવો. પણ સ્થાન ખાલી ન રહે માટે થોડું કહેવામાં આવે છે. દ્રવ્ય શ્રુતનો આગમથી જ્ઞ શરીર, ભવ્ય શરીર અને એ બન્નેથી જુદું એ ત્રણ ભેદ થાય. (ભણીને મરેલો તે જ્ઞ શરીર અને ભવિષ્યમાં જે બાળક ભણશે તે ભવ્ય શરીર) અને તે બન્ને

છોડીને જે જુદું દ્રવ્ય શ્રુત તે પુસ્તક પાનામાં લખેલું દ્રવ્ય શ્રુત જાણવું. અથવા રેશમ, ઉનનાં જે કોકડાં બનાવે છે તે દ્રવ્ય સૂત્ર (ગુજરાતીમાં જેને સૂતર કહે છે ) આગમથી જ્ઞાતા અને ધ્યાન રાખનારા(ઉપયોગ વાળા ઉપયુક્ત) તે ભાવ શ્રુત તે ગીતાર્થ મુનિ જાણવા. નો આગમથી દશ વૈકાલિકનો જે વિષય તે 'નો' શબ્દનો અર્થ દેશ વચન પણું હોવાથી એજ પ્રમાણે 'નો' આગમથી સ્કંધ શબ્દના નિક્ષેપોમાં સમજવું

દ્રવ્ય :- આગમ — નો આગમ: જ્ઞ શરીર, ભવ્ય શરીર, તદ્ વ્યતિરિક્ત

ભાવથી - આગમ — નો આગમ: સામાયિક આદિ ૬ અધ્યયનનો સમુદાય

શરીર
- સચિત્ત: હાથીનો સ્કન્ધ, ઘોડાનો સ્કન્ધ
- અચિત્ત: બે પ્રદેશથી અનન્ત પ્રદેશ
- મિશ્ર: સેનાની ટુકડી

(A)સ્કન્ધના પર્યાયનામ– (૧) ગણ (૨) કાય (૩) નિકાય (૪) સ્કન્ધ (૫) વર્ગ (૬) રાશિ (૭) પૂંજ (૮) પિંડ (૯) નિકર (૧૦) સંઘાત (૧૧) આકુલ (૧૨) સમુહ આ ૧૨ પ્રકારે પર્યાયના નામ થયા.

નો આગમથી શરીર, ભવ્ય શરીર, વ્યતિરિક્ત દ્રવ્ય સ્કંધ સચેતનાદિ તેના ત્રણ ભેદ સચિત્ત તે બે પગવાળા વિગેરે અને અચિત્ત તે બે પ્રદેશવાળા વિગેરે, મિશ્ર તે સેના વગેરે (લશ્કરનો સમૂહ) ભાવ સ્કંધ તે આગમથી તેના અર્થને ધારણ કરનાર–તેમાં ધ્યાન રાખનાર સાધુ, નો આગમથી ભાવ સ્કંધ તે આ દશ વૈકાલિક સૂત્ર સ્કંધજ જાણવો ('નો' શબ્દનું દેશ વચન પણું હોવાથી કેમકે દસ વૈકાલિક તે શ્રુતનો એક દેશ છે)

હવે અધ્યયન ઉદ્દેશના વર્ણનનો અવસર કહે છે. તે અનુયોગ દ્વારોના પ્રકરણમાં આવેલા દરેક અધ્યયનને જ્યાં બને ત્યાં સમુદાય આશ્રયી નિક્ષેપામાં થોડા સમજાવવા માટે આગળ કહીશું. તેથી કહ્યું હતું કે દશ કાલિકના શ્રુત સ્કંધને અધ્યયન ઉદ્દેશાનો નિક્ષેપ કરવા માટે એનો અનુયોગ (કથન) કરવાનું છે.(યથા યોગ્ય રીતે સંભાવનાને આશ્રયીને ઓઘ નિષ્પન્ન નિક્ષેપામાં લાઘવતા ને માટે કહ્યું) તે થોડા અંશમાં કહ્યું. હવે પ્રસ્તુત ગ્રન્થથી ઉત્પન્નથયેલા કથનને કહેવાની ઈચ્છાથી કહે છે.

जेण व जं व पडुच्चा जत्तो जावंति जह य ते ठविया ॥ सो तं च तओ ताणि य तहा य कमसो कहेयव्वं ॥१३॥

જે આચાર્યે જે વસ્તુને આશ્રયીને આત્મપ્રવાદાદિ પૂર્વમાંથી જેટલાં અધ્યયન જે જે પ્રકારે ઉદ્ધરીને સ્થાપ્યાં છે તે આચાર્યે જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે અનુક્રમે કહેવું જોઈએ. આ ગાથાનો ટુંકો અર્થ છે. અને અવયવનો અર્થ તો દરેક સ્થળે નિર્યુક્તિકાર અવસરે અવસરે કહે છે. આ દશ કાલિક સૂત્રના કર્તાના સ્તુતિ દ્વાર વડે કયા આચાર્યે કર્યું તે જણાવવા કહે છે.

सेज्जंभवं गणधरं जिणपडिमादंसणेण पडिबुद्धं मणगपिअरं दसकालियस्स निज्जुहगं वंदे ॥१४॥ दारं।

શય્યંભવ ગણધર (અહીં 'ગણધર' નો અર્થ સર્વોત્તમ જ્ઞાન, દર્શન ચારિત્ર, ધર્મ વિગેરે સમુદાયને ધારણ કરવાથી ગણધર એમ જાણવો–પણ તીર્થંકરના ગણધર ન જાણવા) જિન પ્રતિમાના દર્શનથી તેઓ *પ્રતિબોધ પામેલા છે. જિન એટલે રાગ દ્વેષ, કષાય, ઈંદ્રિય પરિષહ ઉપસર્ગ વિગેરે જીતવાથી જિન (તીર્થંકર)*

गणकाए अ निकाए, खंधे वग्गे तहेव रासीओ / पुंजे पिंडे निगरे संघाए आउल समूहे ॥१॥

A અ. રાજેન્દ્રકોષભાગ– ૩–૭૦૧ પેજ.

તેની પ્રતિમા [સદ્ભાવ સ્થાપના રૂપ, એક સરખું રૂપ બતાવે તે સદભાવ છે. અને તેવું સરખું રૂપ ન બતાવતાં એક સોપારી વિગેરે મૂકી દેવ માને તે અસદભાવ સ્થાપના.] તે પ્રતિમાના દર્શન વડે પ્રતિબુદ્ધ એટલે મિથ્યાત્વ અજ્ઞાન, નિદ્રા દૂર થવાથી સમ્યગ્દર્શનનો અંતરમાં પ્રકાશ જેમને પ્રાપ્ત થયો. 'મનક પિતા' એટલે મનક નામનો જે બાળક તેના પિતા. દશ કાલિકનો નિર્યુહક એટલે ઉદ્ધાર પૂર્વ વિગેરેમાંથી જેમણે કર્યો તેમને હું વાંદું છું–સ્તુતિ કરૂ છું. આ ગાથાનો અર્થ જાણવો. એનો ભાવાર્થ નીચેની કથાથી જાણવો. અહીં વર્ધમાન સ્વામી જે છેલ્લા તીર્થંકર તેમના શિષ્ય તીર્થના સ્વામી સુધર્મ નામના ગણધર હતા. તેમના શિષ્ય જંબુસ્વામી હતા. તેમના શિષ્ય પ્રભવસ્વામી તેમને એક દિવસ મધ્ય રાત્રિએ વિચાર થયો કે મારા પછવાડે ગણનાયક કોણ થશે ? તેથી શ્રુત બળથી પોતાના આખા સમુદાયમાં તથા સંઘમાં સર્વત્ર ઉપયોગ કર્યો પણ કોઈ સંભાળ લેનાર ન જોયું. ત્યારે તેમણે ગૃહસ્થો તરફ દૃષ્ટિ કરી ત્યારે રાજગૃહી નગરીમાં શય્યંભવ નામનો બ્રાહ્મણ જે યજ્ઞ કરતો હતો તેને જોયો તેથી રાજગૃહી નગરીમાં આવીને બે સાધુના સમુદાયને મોકલ્યો અને યજ્ઞ કરવાના મહોલ્લામાં ભિક્ષા વાસ્તે ધર્મ લાભ આપવાનું તેમણે સૂચવ્યું. પણ જો તમોને તેઓ ગોચરી ન આપે તો તમારે કહેવું કે =

अहोकष्टमहोकष्टम् तत्त्वं न ज्ञायते - क्वचित्

કષ્ટ ઘણું કરે છે પણ તત્ત્વ જાણતા નથી.' એમ સમજાવી મોકલ્યા. તે શિષ્યો ગયા. જ્યારે બે સાધુઓને ગોચરીનો નિષેધ કર્યો ત્યારે તેઓ પોતાના ગુરુના કહેવા પ્રમાણે 'કષ્ટ ઘણું કરે છે પણ તત્ત્વ જાણતા નથી' બોલ્યા. શય્યંભવ બ્રાહ્મણ જે દરવાજા આગળ ઉભા હતા તેમણે તે સાંભળ્યું તેણે વિચાર કર્યો કે **મોહને શાંત કરેલ આ તપસ્વીઓ અસત્ય વચન બોલે નહિ,** એમ વિચારી પોતાના અધ્યાપક પાસે જઈ કહ્યું તત્ત્વ શું છે તે કહો' તે બોલ્યો વેદ તે 'તત્ત્વ છે.' ત્યારે શય્યંભવે તલવાર ખેંચી કહ્યું. જો તું મને અંદરની બરાબર વાત નહિ કરે તો તારો શિરચ્છેદ કરીશ.' ત્યારે અધ્યાપકે વિચાર્યુ કે મારો અંતકાળ આવ્યો છે અને તેથી મારે સત્ય વાત કહેવી જોઈએ. આમ વિચારી તેમણે કહ્યું કે 'આ યજ્ઞ સ્તંભની ખુંટી નીચે સર્વ રત્નમયી જિનેશ્વરની પ્રતિમા દાટેલી છે તે અરિહંત ભગવાનનું કહેલું ધર્મ વાક્ય તેજ તત્ત્વ છે.' તે વખતે તેને સત્ય કહેવાથી શય્યંભવ તેના પગમાં પડ્યો અને યજ્ઞનો જે કંઈ સામાન હતો તે તેને ભેટ કર્યો. અને તે તે સાધુઓની શોધ કરતો આચાર્યની પાસે આવી વંદના કરી સાધુઓને કહ્યું 'મને ધર્મ કહો' ત્યારે આચાર્યે, ઉપયોગ દીધો. અને ઓળખ્યો તે આજ શય્યંભવ છે. પ્રભવ સ્વામીએ સાધુ ધર્મ સમજાવ્યો. તે પ્રતિબોધ પામી અને દીક્ષા લઈ ચૌદ પૂર્વ સુધી ભણ્યા. આ શય્યંભવસૂરિ જાણવા.

જ્યારે શય્યંભવે દીક્ષા લીધી ત્યારે તેની સ્ત્રી સગર્ભા હતી. આથી તે બાઈના સંબંધીઓ જ્યારે શય્યંભવે દીક્ષા લીધી ત્યારે રડવા લાગ્યા અને કહ્યું કે યુવા સ્ત્રીનો પતિ પુત્ર વિનાની મૂકી સાધુ બની ગયો પણ તેઓએ સાથે પૂછ્યું 'કેમ તારે ગર્ભ છે' ? ત્યારે બાઈએ કહ્યું 'યત્કિંચિત્ હોય તેમ જણાય છે.' યત્ કિંચિત્નો અર્થ મનાક (માગધી ભાષામાં મનક) છે. યોગ્ય સમયે પુત્ર જનમ્યો અને પહેલાં સગાંવ્હાલાઓએ પૂછેલું ત્યારે 'મનક' કહેલું તેથી લોકોએ પુત્રનું નામ 'મનક' પાડ્યું. જ્યારે તે આઠ વર્ષનો થયો ત્યારે માને પૂછ્યું 'મારો બાપ કોણ '? માંયે કહ્યું તારા બાપે દીક્ષા લીધી. છોકરો નાસીને ખાનગી તપાસ કરી બાપ પાસે ગયો. તે વખતે આચાર્ય ચંપાપુરીમાં હતા. બાળક પણ પૂછતો પૂછતો ચંપામાં આવ્યો. તે વખતે આચાર્ય બહાર સ્થંડિલે ગયા હતા. તેમણે બાળકને જોયો. બાળકે આચાર્યને હાથ જોડ્યા વાંદ્યા બાળકને જોઈ આચાર્યને સ્નેહ થયો. બાળકને પણ તેમજ થવાથી આચાર્યે તેને પૂછ્યું, હે બાળક, તું ક્યાંથી આવે છે ? બાળકે કહ્યું 'રાજગૃહીમાંથી,' આચાર્યે પૂછ્યું 'તું કોનો પુત્ર' ? અથવા કોનો પૌત્ર' ? 'શય્યં ભવ નામના બ્રાહ્મણ જેમણે દીક્ષા લીધી. તેનો હું પુત્ર થાઉં' એમ બાળકે જવાબ આપ્યો. આચાર્યે જવાબ આપ્યો 'તું કેમ આવ્યો છે' પુત્રે કહ્યું 'હું પણ દીક્ષા લઈશ' પાછું તેણે કહ્યું'

તમે તેમને ઓળખો છો'? આચાર્ય બોલ્યા, 'હા, છોકરાએ પૂછ્યું. 'તે ક્યાં છે? આચાર્યે કહ્યું, 'એક શરીરમાં રહેનાર તે મારા મિત્ર છે' અને તે મારા સમાન જાણ, અને તું મારી પાસે દીક્ષા લે? બાળકે કહ્યું, 'હા હું એમ કરીશ.' તેથી આચાર્યે ઉપાશ્રયે આવીને આલોચના કરી. સચિત્તની પ્રાપ્તિ કરી. (તેની માતાની આજ્ઞા વિના દીક્ષા આપી તેજ સંબંધી આલોચના કરી સંભવે છે) તેણે દીક્ષા લીધી ત્યાર પછી આચાર્યે ઉપયોગ દીધો કે આ કેટલો કાળ જીવશે! પૂર્વની વિદ્યાથી જાણ્યું કે તેનું છ માસનું આયુષ્ય છે. આચાર્યને તેથી તાત્કાલિક બુદ્ધિ ઉત્પન્ન થઈ કે એના થોડા આયુષ્યમાં શું કરવું? તેથી ચૌદ પૂર્વી સાધુ કંઈપણ કાર્ય ઉત્પન્ન થયેથી સૂત્રનો ઉદ્ધાર કરે છે. તથા દસ પૂર્વી (પણ જે છેલ્લો હોય) તે નિશ્ચે ઉદ્ધાર કરે છે (ભવિષ્યમાં સાધુઓને ઉપયોગી બાબતો જોઈ તે સંગ્રહી નવું સૂત્ર બનાવે છે.) તે પ્રમાણે મારે પણ આ કારણ ઉત્પન્ન થયું છે. તેથી હું પણ ઉદ્ધાર કરૂં? એમ વિચારી ઉદ્ધાર કરવાનો પ્રયત્ન કર્યો. ઉદ્ધાર કરતી વખતે થોડો દિવસ બાકી રહ્યો હતો એટલે વિકાળ હતો. તે સમયે ઉદ્ધર્યું. એથી દસવૈકાલિક કહેવાય છે. આ કથા વડે જેણે એનો ઉદ્ધાર કર્યો એ દ્વારનો ભાવાર્થ કહ્યો. એટલુંજ નહિ પણ જેને માટે ઉદ્ધાર કર્યો તે પણ કહી દીધું. નિર્યુક્તિકાર પણ તેજ કહે છે.

मणगं पडुच्च सेज्जंभवेण, निज्जूहिया दसऽज्झयणा । वेयालियाइ ठविया, तम्हा दसकालियं णामं॥१५॥

મનકને વાસ્તે શય્યંભવ સૂરિએ દસ અધ્યયન વિકાળમાં (થોડો દિવસ બાકી હોય તેને વિકાળ કહે છે તે સમયે) ઉદ્ધર્યા માટે દસ વૈકાલિક નામ પડ્યું.

**ટીકાનો અર્થ**– મનક નામના બાળકને આશ્રયીને શય્યંભવસૂરિએ પૂર્વમાંથી ઉદ્ધરીને 'દ્રુમપુષ્પિકા' વિગેરે દશ અધ્યયન વિકાળમાં રચ્યાં વીતિ ગયેલો કાળ તે વિકાળ. અથવા વિકલનં તે વિકાળ અથવા વિકાળ એટલે અસકલ (થોડો) આ બધા એક અર્થવાળા શબ્દો છે. તે વિકાળમાં એટલે છેવટના દિવસમાં (દિવસના પાછળના પહોરમાં) 'દ્રુમપુષ્પિકા' વિગેરે દસ અધ્યયન સ્થાપિત કર્યા માટે દસ વૈ કાલિક નામ જાણવું તેની વ્યુત્પત્તિ પૂર્વે કહી ગયા છીએ. દસ વિકાલિક નામ પણ વિકાળમાં ઉદ્ધરવાથી વ્યાકરણના સૂત્ર પ્રમાણે પાણીની વ્યાકરણના સૂત્ર પ્રમાણે इकण् प्रत्यय થયો છે અને ૭–૨–૧૧૭ સૂત્ર દ્વારા વૃદ્ધિ થવાથી વિકાલ શબ્દ ઉપરથી વૈકાલિક શબ્દ સિદ્ધ થયો (પા. ૪–૨–૮૦) તથા તદ્ધિતના પા. ૭–૨–૧૧૭ સૂત્ર પ્રમાણે વર્ગાદિ શબ્દથી સિદ્ધ થાય છે.) દસ અધ્યયનનું નિર્માણ વૈકાલિકમાં તે દશ વૈકાલિક એ પ્રમાણે જેને આશ્રયીને રચ્યું તે બતાવ્યું. હવે જે અધ્યયનો જ્યાંથી ઉદ્ધર્યા તે કહી બતાવે છે.

आयप्पवाय पुव्वा, निज्जूढा होइ धम्मपन्नत्ती । कम्मप्पवायपुव्वा, पिंडस्स उ एसणा तिविहा ॥ १६ ॥
सच्चप्पवाय पुव्वा, निज्जूढा होइ वक्कसुद्धी उ । अवसेसा निज्जूढा नवमस्स उ तइयवत्थूओ ॥ १७ ॥
बीओऽवि अ आएसो, गणिपिडगाओ दुवालसंगाओ एअं किर णिज्जूढं मणगस्स अणुग्गहट्ठाए ॥ १८ ॥

**અર્થ**– આત્મ પ્રવાદ પૂર્વ જેમાં આત્માના સંસારી અને મુક્ત વિગેરે અનેક ભેદોથી ભિન્ન સ્વરૂપનું કથન છે તેમાંથી ધર્મ પ્રજ્ઞપ્તિ, ષડ્ જીવનિકા એટલે (ચોથું અધ્યયન) ઉદ્ધર્યું. તથા કર્મ પ્રવાદ પૂર્વમાંથી શું ઉદ્ધર્યું તે કહે છે. પિંડની ત્રણ પ્રકારની એષણા ઉદ્ધરી, કર્મપ્રવાદ પૂર્વ જેમાં જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મનું મૂળ એટલે શાથી બંધાય તે કથન છે. તેમાંથી પિંડની ત્રણ પ્રકારની એષણા જેમાં ગવેષણા, ગ્રહણૈષણા, અને ગ્રાસેષણા એમ ત્રણ ભેદે ભિન્ન છે તે ઉદ્ધર્યું (એષણા એટલે શોધવું, અને નિર્દોષ રીતે વાપરવું) આ પિંડેષણા આ સંબંધ વડે લાગુ થાય છે. આધા કર્મી (સાધુને માટેજ બનાવેલ) આહાર ખાવા વડે ખાનાર જ્ઞાનાવરણીયાદિ

કર્મ પ્રકૃતિ બાંધે છે. કહ્યું છે કે આધા કર્મ આહાર ખાનારો સાધુ આઠ કર્મ પ્રકૃતિ બાંધે છે વિગેરે. અને નિર્દોષ પિંડ ભોગવનારો શુભ પ્રકૃતિ બાંધે છે. આટલેથીજ સમજવું. હવે ચાલુ વાત કહીએ છીએ. સત્ય પ્રવાદ પૂર્વમાંથી વાક્ય શુદ્ધિ નામનું અધ્યયન ઉદ્ધર્યું છે. તે સત્ય પ્રવાદમાં જનપદ લોકમાં જે બોલાય તે બોલવું તે જનપદ સત્ય વિગેરે) નું કથન છે. તે વાક્ય શુદ્ધિ નામનું સાતમું અધ્યયન જાણવું. બાકીનાં અધ્યયન પહેલું બીજું વિગેરે નવમા પ્રત્યાખ્યાન નામના પૂર્વની ત્રીજી વસ્તુ (પ્રકરણ)માંથી ઉદ્ધર્યાં. બીજો પણ આદેશ વિધિ સાથે જ 'ગણિ પિટક' અને આચાર્ય સર્વસ્વ અર્થાત્ દ્વાદશ અંગ આચારાંગ વિગેરેમાંથી ઉદ્ધર્યું. તે દશવૈકાલિક પૂર્વે કહ્યા પ્રમાણે લેવું. મનકના અનુગ્રહને માટે કર્યું. એ ત્રણ ગાથાનો અર્થ થયો. હવે જેટલાં અધ્યયન છે તે સંબંધી કહે છે.

दुमपुप्फियाइया, खलु दस अज्झयणा सभिक्खुयं जाव । अहिगारेवि य एत्तो, वोच्छं पत्तेयमेक्केक्के ॥ १९ ॥दारं॥

**અર્થ–** તેમાં પહેલું અધ્યયન 'દ્રુમ પુષ્પિકા' ત્યાંથી લઈ 'સભિક્ખુયં' સુધી દસ અધ્યયન જાણવાં. 'ખલુ' શબ્દનો વિશેષ અર્થ છે. તે સૂચવે છે કે બે ચૂડાઓ (ચૂલિકાઓ)છે ત્યાં સુધી જાણવું. આ દશ અધ્યયનો અધિકાર કહેવાનાં દ્વાર વડેજ કહેવાની ઈચ્છાથી સંબંધપણા વડે અર્ધી ગાથા કહે છે. એટલે અધિકારને પણ એક એક અધ્યયનમાં કહીશું. અધ્યયનના છેવટ સુધી જે અનુસરે તે અધિકાર (વિષય બાબત) જાણવો.

पढमे धम्मपसंसा, सो य इहेव जिणसासणम्मित्ति । बिइए धिइए सक्का, काउं जे एस धम्मोत्ति ॥ २० ॥
तइए आयारकहा उ, खुड्डिया आयसंजमोवाओ । तह जीवसंजमोऽवि य, होइ चउत्थंमि अज्झयणे ॥ २१ ॥
भिक्खविसोही तवसंजमस्स गुणकारिया उ पंचमए । छट्ठे आयारकहा महई जोग्गा महयणस्स ॥ २२ ॥
वयणविभत्ति पुण सत्तमम्मि, पणिहाणमट्ठमे भणियं । णवमे विणओ दसमे, समाणियं एस भिक्खुत्ति ॥ २३ ॥

**ટીકાનો અર્થ–** પહેલા અધ્યયનમાં શું અર્થાધિકાર (બાબત) છે તે કહે છે. ધર્મ પ્રશંસા. દુર્ગતિમાં પડતાં આત્માને ધારણ કરે તે ધર્મ. તેની પ્રશંસા–સ્તુતિ. બધા પુરૂષાર્થમાં ધર્મ જ પ્રધાન છે. એ પ્રમાણે સ્તુતિ છે. બીજાઓ પણ એમજ કહે છે.

धनदो धनार्थिनां प्रोक्तः कामिनां सर्वकामदः । धर्म एवापवर्गस्य, पारम्पर्येण साधकः ॥

ધર્મ તે પૈસાના આકાંક્ષીને કુબેર માફક ધન આપનાર છે. ભોગના ઈચ્છુકોને ને સર્વ ભોગ આપનાર છે. તેમજ પરંપરાએ મોક્ષનો આપનાર પણ ધર્મજ છે. ધર્મ સાધે તેને ધન, ઈચ્છિત વસ્તુ અને છેવટે મોક્ષ મળે છે વિગેરે. આ ધર્મ તે જિનશાસનમાં જ જાણવો. કારણ કે અહીંયાંજ નિરવદ્ય (નિર્દોષ) વૃત્તિનો સદ્ભાવ છે. એ પ્રમાણે જરૂર પડતાં આગળ પણ વિસ્તારથી કહીશું. ધર્મનો સ્વીકાર કરનાર નવીન દીક્ષિતને અધૈર્યતા, સંમોહ ન થાઓ. તેના નિરાકરણ માટે તેજ બાબતવાળું બીજુ અધ્યયન છે. કહે છે કે બીજા અધ્યયનમાં આ અધિકાર છે. ધીરજ હેતુવડે કરવાને શક્તિ માન થાય છે. અહીં જે શબ્દ છે તે પૂર્ણ અર્થવાળો નિપાત (અવ્યય) છે. તે આ જૈન ધર્મ ધૈર્ય આપે છે. કહ્યું છે કે=

जस्स धिई तस्स तवो जस्स तवो तस्स सोग्गई सुलहा । जे अधितिमंत पुरिसा तवोवि खलु दुल्लहो तेसिं ॥

જેને ધીરજ તેનેજ તપ થાય. જેને તપ તેને સુગતિ સુલભ. જે અધૈર્યવાળા પુરૂષો છે તેમને તપ પણ દુર્લભ છે અને તેમને સુગતિ પણ દુર્લભ છે એ જાણી લેવું. પણ આ ધીરજ સદાચારમાં રાખવી, ન કે દુરાચારમાં આટલા માટે તેજ બાબતને બતાવનારૂં ત્રીજું અધ્યયન છે.તેથી કહે છે કે આચાર ગોચર કથા. એટલે આચાર સૂચવનારૂં કથન. આ આચાર કથન ટુંકાણમાં અને વિસ્તારથી એમ બે ભેદો હોવાથી અહીં ટુંકામાં કહે છે. ક્ષુલ્લિકા એટલે લઘવી. (નાની.) તે આચાર કથનમાં આત્માના સંયમનો ઉપાય છે. સંયમન એટલે કબજામાં લેવું તે. આત્માને કબજામાં લેવો તે તેનો ઉપાય છે. કહ્યું છે કે =

तस्यात्मा संयमो यो हि सदाचारे रतः सदा । स एव धृतिमान् धर्मस्तस्यैव च जिनोदितः ।।

તેનો આત્મા સંયમ યુક્ત છે જે નિરંતર સદાચારમાં રક્ત છે. અને જે ધીરજવાન છે તેનોજ ધર્મ જિનેશ્વરે કહેલો છે.

(આમાં જિનેશ્વરે પોતાનો પક્ષ ન રાખતાં ધર્મનું ખરૂં સ્વરૂપ બતાવી ન્યાય પક્ષ સ્થાપ્યો છે. અર્થાત્ મારું તે સાચું નહિ પણ સાચું તેજ મારું છે ' હવે ત્રીજા અધ્યયનમાં કહેલો આચાર ચોથા અધ્યયન સાથે પ્રાયઃ મળતો છે. એટલે ષડ્–છ જીવ નિકાય–જીવનો સમૂહ. ગોચર સબંધી તે ષડ્ જીવ નિકાય ગોચર પ્રાયઃ ચોથા અધ્યયનમાં છે. એટલા માટે આત્માનો સંયમ તે અન્ય જીવનેજ રક્ષણ કરવાની પ્રતિજ્ઞા વડે તત્ત્વથી છે. આથી ખરી રીતે તેના અધિકારવાળું ચોથું અધ્યયન છે. કહે છે કે જીવ સંયમનો પણ ચોથા અધ્યયનમાં અધિકાર છે. તે સાથે (અવિ) શબ્દથી આત્માનો સંયમ પણ તે ભાવને ભાવે છે. કહ્યું છે કે–

छसु जीव निकाएसुं, जे बुहे संजए सया । से चेव होइ विण्णेए, परमत्थेण संजए ।।

છ જીવનિકાયમાં જે પંડિત સદા જયણાથી વર્ત્તે, તેજ ખરો પંડિત, અને પરમાર્થથી તેજ સંયત (સ્વપરનો હિત ચિંતક) છે વિગેરે આ ધર્મ, દેહ નીરોગી હોય તોજ બરોબર પાળે છે. અને આહાર વિના શક્તિ સમાધિ થતી નથી. પણ આહારના બે ભેદ છે. (નિર્દોષ અને દોષિત) તેમાંનો દોષિત છોડીને નિર્દોષ લેવો એ વિષયવાળું પાંચમું અધ્યયન છે. કહ્યું છે કે ભિક્ષાની વિશુદ્ધિ એ તપ અને સંયમ બન્નેને ગુણ કરનાર છે. અને તેજ પાંચમા અધ્યયનમાં અધિકાર છે. તેમાં માગીને ખાવું તે ભિક્ષા. તેની વિશુદ્ધિ એટલે દોષિતનો ત્યાગ. અને નિર્દોષનું કથન છે. તપ વડે પ્રધાન એવો સંયમ તે તપસંયમ કહેવાય. તેને ગુણ કરનાર નિર્દોષ ગોચરી છે. કહ્યું છે કે–

से संजए समक्खाए, निरवज्जाहार जे विऊ । धम्मकायट्ठिए सम्मं, सुहजोगाण साहए ।।

તેજ સંયત જાણવો કે જે વિદ્વાન નિર્દોષ આહાર લે. તેને ધર્મ કાયામાં રહેલો છે. અને શુભ યોગો સારી રીતે સાધનાર જાણવો વિગેરે. ગોચરી ગયેલ સાધુને આચાર પૂછવામાં આવે અને તે જાણવા છતાં પણ લોકોના સમૂહની આગળ વિસ્તારથી કથન કરવા ઉભા ન રહેવું. પણ પોતાના સ્થાનમાં ગુરુ કહેશે એમ કહેવું. આ બતાવનારૂં છઠ્ઠું અધ્યયન છે. કહે છે કે છઠ્ઠા અધ્યયનમાં શું વિષય છે ! ત્રીજા અધ્યયનમાં આચાર કથા છે તે ત્યાં ટુંકી છે અને અહીં વિસ્તારથી જાણવી. તે આગળ કહેશે કે–

गोअरग्गपविट्ठे उ न निसिएज्ज कत्थई । कहच न पबंधिज्जा चिट्ठित्ताण व संजए ।।१।।

ગોચરી ગએલાએ કોઈ સ્થળે બેસવું નહિ તેમજ બેસીને કોઈ પણ સ્થળે કથા કરવી નહિ વિગેરે, ઉપાશ્રયે ગએલાએ પણ પોતે એટલે જે ગુરુ હોય અને બોલવાના ગુણ દોષ જાણતા હોય તેણે નિરવદ્ય વચન વડે આચાર કથા કહેવી. (કથાનો અર્થ અહીં કથન લેવો), એટલા માટે તે અધિકારવાળું સાતમું અધ્યયન છે. કહે છે કે વયણ વિભત્તિ' વિગેરે વિભિન્ન, ખુલાસાથી કહેવું તે વિભક્તિ. એવું નિર્દોષ (એટલે આ વચનથી નિર્દોષ અને આ વચનથી દોષિત એવો વિવેક જે બતાવે) વચન બોલે છે. પુનઃ શબ્દ બીજા અધ્યયનના વિષયથી એનો વિષય વિશેષ અર્થવાળો છે. એ પ્રમાણે સાતમા અધ્યયનમાં નિર્દોષ વચનનો અધિકાર છે. કહ્યું છે કે

सावज्जणवज्जाणं वयणाणं जो ण याणइ विसेसं । वोत्तुं पि तस्स न खमं किमंग पुण देसणं काउं ।।

જે સાધુ સાવદ્ય અને નિરવદ્ય વચનો વિશેષ રીતે જાણતો નથી તેને બોલવાનો પણ અધિકાર નથી તો ઉપદેશ આપવાનો અધિકાર ક્યાંથી હોય ?

આ નિરવદ્ય વચન, આચારમાં જે ધ્યાન રાખનારો હોય તેનેજ હોય. તેથી તે બાબતનું આઠમું અધ્યયન છે. કહે છે કે લક્ષ રાખવું તે આઠમા અધ્યયનમાં અધિકાર પણે કહ્યું છે. 'પ્રણિધાન' એટલે વિશેષ પ્રકારે ચિત્તમાં ધર્મ સ્થાપવો. કહ્યું છે કે पणिहाणरहिस्सेह, निरवज्जंपिभासियं । सावज्जतुल्लं विन्नेयं, अज्झत्थेणेह संवुडं ॥ પ્રણય ધ્યાન (પ્રણિધાન) રહિત (ઉપયોગ વિનાનું) બોલવું તે નિર્દોષ હોય તો પણ પાપ તુલ્ય જાણવું. અધ્યાત્મમાં રહેલું ચિત્ત અહીં સંવર વાળું છે, એટલે ઉપયોગ પૂર્વક બોલવું. એ પ્રમાણે જાણવું આચારમાં જેનું ધ્યાન છે તેજ યોગ્ય વિનયવાળો થાય છે, એ વિનય બતાવનારજ નવમું અધ્યયન છે. કહે છે કે નવમા અધ્યયનમાં વિનયના વિષયનો અધિકાર છે. કહ્યું છે કે

आयारपणिहाणंमि, से सम्मं वट्टई बुहे । णाणादिणं विणीए जे, मोक्खट्ठा णिविगिच्छए ॥

'આચારમાં જેનું ધ્યાન છે તેજ પંડિત યોગ્ય વર્તન છે. જ્ઞાનાદિમાં જે વિનયવાળો છે તે મોક્ષની ચિકિત્સા એટલે આકાંક્ષા રાખનાર સમજવો વિગેરે. આ નવ અધ્યયનમાં જે લીન રહે તે ઉત્તમ રીતે ભિક્ષુ છે. આ સંબંધ વડે સભિક્ષુ એટલે તેને ભિક્ષુ કહે છે એ દસમું અધ્યયન જાણવું. કહે છે કે આ દસમા અધ્યયનમાં આ સાધુની ક્રિયાને બતાવનારૂં દસમું અધ્યયન સમાપ્ત કર્યું. આ ક્રિયા યુક્તજ ભિક્ષુ છે તેથી આ ભિક્ષુ છે એમ ચાર ગાથાનો અર્થ સમજવો. હવે તે ભિક્ષુ તેવા ગુણો એ કરી યુક્ત હોય પણ કદાચ **કર્મની પરતંત્રતાથી એટલે આત્માની શક્તિ કરતાં કર્મ બળવાન થાય તો મુંઝાય**–તેને સ્થિર કરવાનું જે કર્તવ્ય છે. તે વિષય બતાવનારૂં બે ચૂડાનું જોડાણ છે (માથાના ઉપર જેમ ચોટલી હોય તેમ અધ્યયન ઉપરાંત અધિકાર જુદો બતાવ્યો હોય તે ચૂડા કહેવાય ) ચૂડા એટલે ચોટલી.

दो अज्झयणा चूलिय, विसीययंते थिरीकरणमेगं । बिइए विवित्तचरिया असियणगुणाइरेगफला ॥२४॥

**ટીકાનો અર્થ–** બે અધ્યયન. તેમાં શું છે ? તેમાં બે ચૂડા છે. તેમાં પ્રમાદવશ થઈ કોઈ સાધુ ખેદ પામતો હોય તો તેને સંયમમાં સ્થિર કરવો એમ છે અને તેમાં તેનું સ્થિર કરવાનું ફળ બતાવ્યું છે તેજ પ્રમાણે તેમાં સંસાર તરફ દોડનાર સાધુને બતાવ્યું છે કે ઘેર જઈ દુઃખથી જીવવાનું અને મુઆ પછી નરક વિગેરેનાં દુર્ગતિ તેના ફળ ભોગવવાનાં છે એવા દોષ બતાવ્યા છે.

બીજી ચૂડામાં તેજ પ્રમાણે વિવિક્ત ચર્યાનું વર્ણન છે. કેવી રીતે ? તે કહે છે. "દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવવડે વિષયોથી વિમુખ રહેવું તે એકાંત ચર્યા જાણવી. સાથે એમ પણ જાણવું કે **એક ઠેકાણે ન પડી રહેતાં સર્વત્ર વિહાર કરવો** જેથી નિર્મલ ચારિત્ર પળે છે અને ચારિત્રમાં ખેદ ન આવે. એ બતાવનાર તે ચૂડા છે.

दसकालिअस्स एसो, पिंडत्थो वण्णिओ समासेणं । एतो एक्केक्कं पुण अज्झयणं, कित्तइस्सामि ॥ २५ ॥

**ટીકાનો અર્થ–** આ દશ વૈકાલિકનો પૂર્વે બતાવ્યા પ્રમાણે સામટો અર્થ સામાન્ય રીતે કહ્યો. એ અર્થ સંક્ષેપમાં છે માટે આગળ આગળ એક એક અધ્યયનને ખુલાસાથી કહીશું. (પુનઃ) શબ્દનો ગૂઢાર્થ રહેલો છે. (તે ગૂઢાર્થથી એમ સૂચવ્યું કે આગળ ખુલાસો કરશું)

पढमं दुमपुप्फियऽज्झयणं

તેમાં પહેલું અધ્યયન 'દ્રુમ પુષ્પિકા' તેના ચાર અનુયોગ થાય છે. તે દ્વાર નીચે પ્રમાણે છે.

[1] 'ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય એ ચાર અનુયોગના દ્વારોનું અધ્યયનમાં પહેલાં વર્ણન છે. આ

(૧) A વિ. ભા. ગા. ૯૦૭ થી ૯૨૦ B અનુ–૭૫. C ઉત્તરા. ચૂ. પૃ. ૮

પ્રમાણે ક્રમ સ્થાપિત થતાં તેનું પ્રયોજન વિગેરે વિશેષ આવશ્યકથી જાણવું. (૧) ઘણું ખરૂ સ્વરૂપ મળતું છે. અહીં ચાલુ અધ્યયનના શાસ્ત્ર સંબંધી ઉપક્રમમાં અનુપૂર્વી વિગેરે એના ભેદમાં પોતાના બુદ્ધિ વડે સંબંધ યોજવા, અને વિષયનો અધિકાર કહેવો એમ નિર્યુક્તિકાર કહે છે...

पढमज्झयणं दुमपुप्फियंत्ति चत्तारि तस्स दाराइं । वण्णेउवक्कमाई धम्मपसंसाइ अहिगारो ॥ २६ ॥

**ટીકાનો અર્થ –** પહેલું અધ્યયન દ્રુમ પુષ્પિકા. તેનું નામ નિષ્પન્ન નિક્ષેપાનો અવસર છે, તેના શબ્દાર્થને કહીએ છીએ. તેના ચાર અનુયોગ દ્વાર છે. તે ઉપક્રમાદિ મનન કરીને ધર્મ પ્રશંસા વડે અધિકાર કહેવો. આ ગાથાનો અર્થ છે. આ નિક્ષેપો ત્રણ પ્રકારે છે–ઓઘ નિષ્પન્ન, નામ નિષ્પન્ન અને સૂત્રાલાપક નિષ્પન્ન. તેમાં ઓઘ એટલે સામાન્ય સૂત્રનું નામ નિર્યુક્તિકાર ભગવાન કહે છે.

ओहो जं सामन्नं सुआभिहाणं चउव्विहं तं च । अज्झयणं अज्झीणं, आयज्झवणा य पत्तेअं ॥ २७ ॥

ઓઘ એટલે સૂત્રનું સામાન્ય નામ. તે ચાર પ્રકારે તે કેવી રીતે ? તે કહે છે ૧) અધ્યયન ૨) અક્ષીણ ૩) આય ,) ક્ષપણા (આ ચારે એક અર્થવાળાં છે) આ પ્રત્યેકને જુદાં જુદાં કહે છે.

नामाइ चउब्भेयं वण्णेउणं सुआणुसारेणं । दुमपुप्फिअ आओज्जा चउसुंपि कमेण भावेसु ॥ २८ ॥

**ટીકાની વ્યાખ્યા –** નામાદિ ચાર નિક્ષેપાના ભેદને વર્ણન કરીને એટલે કે ૧) નામ અધ્યયન ૨) સ્થાપના અધ્યયન ૩) દ્રવ્ય અધ્યયન અને ૪) ભાવ અધ્યયન એમ ચાર વિભાગ પાડીને અક્ષીણ વિગેરેના પણ નિક્ષેપા સ્થાપવા. એમ કહે છે. સૂત્ર અનુસાર એટલે અનુયોગ દ્વાર નામના સૂત્રમાં કહ્યા પ્રમાણે તે 'દ્રુમ પુષ્પિકા' અધ્યયનમાં પ્રકૃત અધ્યયન છે. તેજ પ્રમાણે અધ્યયન, અક્ષીણ, આય અને ક્ષપણામાં પણ અનુક્રમે ભાવવા. ગાથાનો અર્થ સમાપ્ત.

ભાવ અધ્યયન વિગેરે શબ્દોના વિષયને કહે છે.

अज्झप्पस्साणयणं कम्माणं अवचओ उवचिआणं । अणुवचओ अ नवाणं, तम्हा अज्झयणमिच्छंति ॥ २९ ॥
अहिगम्मंति व अत्था, इमेण अहिगं च नयणमिच्छंति । अहिगं च साहु गच्छइ, तम्हा अज्झयणमिच्छंति ॥ ३० ॥
जह दीवा दीवसयं पइप्पई सो अ दिप्पई दीवो । दीवसमा आयरिया, दिप्पंति परं च दीवंति ॥ ३१ ॥
नाणस्स दंसणस्सऽवि, चरणस्स य जेण आगमो होइ । सो होइ भावआओ, आओ लाहो त्ति निद्दिट्ठो ॥ ३२ ॥
अट्ठविहं कम्मरयं, पोराणंजं खवेइ जोगेहिं । एयं भावज्झयणं, नेअव्वं आणुपुव्वीए ॥ ३३ ॥

**ટીકાનો અર્થ :–** અહીં પ્રાકૃત શૈલિ અને કવિતા હોવાથી અક્ષરોનો ફેરફાર છે. તેથી અજ્ઝપ્પસાણનો સંસ્કૃતમાં અધ્યયન શબ્દ બને છે તે ભાવાર્થ બતાવે છે. અધિ એટલે આત્મામાં વર્ત્તે છે. તે નિરૂક્ત વડે અધ્યાત્મમાં. તે ચિત્ત તેમાં લાવવું જેના વડે તે અધ્યયન (બીજી તરફ દોડતા આત્માને તેમાં લાવી રાખવો.) અહીં કર્મબળથી રહિત આત્મા શબ્દથી ચિત્ત લેવું. (એટલે નિર્મલ આત્મા એવો ચિત્તનો અર્થ જાણવો.) જોઈએ તેવું શુદ્ધ ચિત્ત કરવું. તે અભ્યાસથી જ થાય છે.કેમ ? જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મનો અપચય એટલે ઘટાડો કરવો. તે કર્મ મિથ્યાત્વાદિ કર્મ બંધનના કારણ વડે બંધાય છે, એવો ભાવ છે. એ પ્રમાણે નવાં આવતાં કર્મોનો ઉપચય એટલે ઘટાડો કરવો. આ રીતે પ્રાકૃત શૈલિએ આત્માને શુદ્ધ આત્મા તરીકે દોરવવો એમ 'અધ્યયન' શબ્દનો અર્થ આચાર્યો ઈચ્છે છે. અથવા જેના વડે વિષયો સમજાય તે અધિગમન પ્રાકૃત શૈલિ વડે ઉપર કહેલા અર્થનું દર્શક હોવાથી એવા વચનને અધ્યયન કહેવાય. અથવા અધિક નયન કહેવાય એમ આચાર્યો ઈચ્છે છે. તેનો પણ ઉપર

કહેલોજ અર્થ છે. એજ વચનનો આ અર્થ છે. અય્ વય ઈત્યાદિ દંડક ધાતુ પાઠથી દોરે તે નયન. ભાવમાં 'લુટ્' પ્રત્યય છે તેનો સામટો અર્થ પરિચ્છેદ છે. 'અધિક નયનમ્' એટલે અધિક જ્ઞાનમાં ઉતારે તે અર્થથી અધ્યયન ઈચ્છે છે. 'ચ' શબ્દનો ગૂઢાર્થ છે. અધિક તે સાધુ પામે છે, એથી એમ સમજવું કે આ કારણભૂત અધ્યયન વડે સાધુ મુનિરાજ બોધ સંયમ અને મોક્ષ તરફ અધિક અધિક સમીપ જાય છે. તેથી અધ્યયન શબ્દને આચાર્યો ઈચ્છે છે, અહીં સર્વત્ર અધિક કથન તે અધ્યયન એવી યોજના કરવી. આ ગાથાનો અર્થ છે.

**અક્ષીણ શબ્દનું વર્ણન :-**

નામ સ્થાપના દ્રવ્ય છોડીને ભાવ અક્ષીણ આજ છે. શિષ્યને આપવાથી તે અક્ષય પણાને પામે છે. જેમ એક દીવાવડે સેકડો દીવા સળગાવાય છે અને તેથી મૂળ દીવો પણ દીપે છે અને બીજા દીવા પણ દીપે છે તેજ પ્રમાણે દીપ સમાન આચાર્ય પોતાની નિર્મલ બુદ્ધિ વિગેરેના ઉપયોગ સહિત હોવાથી (કર્મની નિર્જરા અને જ્ઞાનનો પ્રકાશ થવા વડે) પ્રકાશે છે અને પોતાની નિર્મળ બુદ્ધિ વડે શિષ્યને નિર્મળ બુદ્ધિવાળા બનાવે છે. આ ગાથાનો પરમાર્થ છે.

**આય શબ્દનું વર્ણન :-**

ભાવ આય તે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને જ્ઞાનમાં મતિજ્ઞાન વિગેરે છે. દર્શનમાં ઉપશમ વિગેરે છે. ચારિત્રમાં સામાયિક વિગેરેનો લાભ છે. એ લાભ જે વડે થાય તે. ભાવાય, આય એટલે લાભ જાણવો. અધ્યયનના હેતુ વડે જ્ઞાન વિગેરેનું આગમન થાય છે.

**ક્ષપણા. :-**

તે ક્ષપણા ભાવથી આ પ્રમાણે જ છે. આઠ પ્રકારના કર્મની રજ તેમાં જીવ રગદોળવામાં પરવશ પણે હોવાથી રજ તે કર્મ રજ. પુરાણું તે પહેલાનું યોગ એટલે અંતકરણ વિગેરેથી એટલે અંતર ભાવથી (મોઢેથી બોલતો) શરીરને ઉપયોગમાં લેતો અને અધ્યયન ભણતો) કર્મ ખપાવે એટલા માટે અધ્યયન તે કારણ છે અને કાર્ય તે ક્ષપણા છે. તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને અધ્યયનને ક્ષપણા કહ્યું (લોકમાં સારો વરસાદ વરસે અને અનાજ પાકે તો સારો વરસાદ કારણ છતાં અનાજ કાર્યમાં લઈ અનાજ વરસે છે એમ લોકો પણ કહે છે) તે પ્રમાણે આ ભાવ અધ્યયનની યોજના કરવી. શામાં ? તો કે અધ્યયન અક્ષીણ, આય અને ક્ષપણામાં. તે ગાથાનો અર્થ છે, ॥૨૯ થી ૩૩ ॥

આ ઓઘ નિષ્પન્ન નિક્ષેપો બતાવ્યો. હવે નામ નિષ્પન્ન બતાવે છે. ઓઘ નિષ્પન્નમાં જે અધ્યયન બતાવ્યું તેને બદલે નામ નિષ્પન્નમાં દ્રુમપુષ્પિકા કહેવું, (અર્થાત્ મોઘમ હતું તે ખુલ્લુ નામ કહ્યું) ઓઘ એટલે મોઘમ. હવે દ્રુમ શબ્દનો શું શબ્દાર્થ છે તે કહે છે 'દ્રુ' અને 'દ્રુ' એ ગતિ અર્થના ધાતુઓ છે. એ પ્રમાણે 'દ્રુ' જે દેશમાં વિદ્યમાન છે તે એનું છે અથવા એમાં છે. તે પા. ૫-૨-૯૪ સૂત્ર પ્રમાણે 'મતુ' પ્રત્યય લાગીને પા ૫-૨-૧૦૮ પ્રમાણે 'દ્રુમ' શબ્દ બને છે. હવે 'દ્રુમ પુષ્પ' એ બન્નેના નિક્ષેપાની પ્રરૂપણા કરે છે.

णामदुमो ठवणदुमो दव्वदुमो चेव होइ भाव दुमो । एमेव य पुप्फस्स वि चउविव्हो होइ निक्खेवो ॥ ३४ ॥

**ટીકાનો અર્થ :-** નામ દ્રુમ તે જેનું વૃક્ષ હોય તે અથવા જેનું નામ દ્રુમ હોય. સ્થાપના દ્રુમ તે ઝાડનું ચિત્ર વગેરે છે દ્રવ્ય દ્રુમ તેજ ભાવ દ્રુમ થાય છે. તે દ્રવ્ય દ્રુમ ૧) આગમથી અને ૨) નોઆગમથી બે પ્રકારે છે. આગમથી 'દ્રુમ' શબ્દનો જાણનારને પણ ઉપયોગ ન હોય અને નોઆગમથી ૧) જ્ઞ, શરીર, ૨) ભવ્ય શરીર અને ૩) બન્નેથી જુદો તદ્વ્યતિરિક્ત,) એમ ત્રણ ભેદે જાણવો. બન્નેથી જુદું એના એક ભવિક ૨) બદ્ધ આયુષ્ક અને ૩) અભિમુખ નામ ગોત્ર એમ ત્રણ ભેદ છે. ૧) કોઈ પણ ગતિવાળો જીવ જેણે બીજા ભવમાં દ્રુમ થવાને

આયુષ્ય બાંધેલું એટલે બીજા ભવમાં મરીને તેણે નામ ગોત્ર ઉત્પન્ન કરેલ હોવાથી તે દ્રુમ થશે તે **એક ભવિક જાણવો.** જેના વડે દ્રુમ નામ ગોત્ર બંધ બાંધેલ છે. તે **બદ્ધ આયુષ્ય છે. સન્મુખ નામ ગોત્ર** –જવાની તૈયારી વાળો જે વડે તે બન્ને કર્મ ઉદીરણાદિ આવલિકામાં નાંખે તે જાણવું. આ ત્રણ પ્રકારે ભાવિ એટલે ભવિષ્યમાં ભાવ દ્રુમના કારણ હોવાથી દ્રવ્ય જાણવા.

હવે ભાવ દ્રુમ તે બે પ્રકારે છે. આગમથી અને નો આગમથી. આગમથી જાણનારો અને ઉપયોગ રાખનારો અને નોઆગમથી દ્રુમજ પોતે દ્રુમ નામ ગોત્રના કર્મને વેદતો હોય તે જેવી રીતે આ દ્રુમના નિક્ષેપા કહ્યા તે પ્રમાણે પુષ્પના પણ નિક્ષેપા સ્થાપના વિગેરે કરી લેવા. હવે જુદા જુદા દેશમાં જન્મેલા શિષ્ય સમુદાયના સંમોહને દૂર કરવા માટે સિદ્ધાંતમાં 'દ્રુમ' શબ્દના એક અર્થવાળા પર્યાય શબ્દોને બતાવે છે.

दुमा य पायवा रुक्खा,अगमा विडिमा तरू । कुहा महीरुहा वच्छा, रोवगा रुंजगावि अ ।। ३५ ।।

દ્રુમ, પાદપ, વૃક્ષ અગમ, વિટપિન, તરવ, કુહા મહિરૂહા, વચ્છા, રૂપકા, રુંજક વિગેરે.

તેમાં દ્રુમની અર્થ સંજ્ઞા પૂર્વે કહી ગયા. પગવડે જે પીએ તે પાદપ એ પ્રમાણે બીજાની પણ યથાયોગ્ય સંભાવનાવડે અર્થ સંજ્ઞા કહેવી. કારણ કે માગધી ભાષા લોક ભાષા હોવાથી જુદા જુદા દેશના વપરાતા શબ્દો તેમાં વપરાતા હોવાથી સંસ્કૃત પ્રમાણે તેમાં અર્થ થઈ શકે નહિ). હવે પુષ્પના એક અર્થવાળા શબ્દો કહે છે.

पुप्फाणि अ कुसुमाणि अ फुल्लाणि तहेव हौंति पसवाणि । सुमणाणि अ सुहुमाणि अ पुप्फाणं होंति एगट्ठा ।।३६।।

પુષ્પ, કુસુમ, ફુલ, પ્રસવ, સુમન, સૂક્ષ્મ વિગેરે. પુષ્પના એક અર્થવાળા નામ છે.

હવે દ્રુમ અને પુષ્પિકા એક વાક્યમાં એક અધ્યયનનું નામ હોવાથી તેનો શબ્દાર્થ કહે છે. દ્રુમનું પુષ્પ તે દ્રુમ પુષ્પ. આ અવયવ લક્ષણવાળો ષષ્ઠી તત્પુરૂષ સમાસ છે. અને તે દ્રુમ પુષ્પ શબ્દને પા. ૫–૩–૭ સૂત્ર પ્રમાણે 'ક' પ્રત્યય લાગતાં દ્રુમ પુષ્પક બન્યું. અહીં સ્ત્રીપણાની વિવિક્ષા હોવાથી ૪–૧–૪ સૂત્ર પ્રમાણે 'આ' પ્રત્યય લાગી ૭–૩–૪૪ સૂત્ર પ્રમાણે દીર્ઘ થઈ પા. ૬–૧–૧૦૧ સૂત્ર પ્રમાણે 'દ્રુમ પુષ્પિકા' શબ્દ બન્યો. દ્રુમ પુષ્પના ઉદાહરણથી યુક્ત તે દ્રુમ પુષ્પિકા. તે દ્રુમ પુષ્પિકા અધ્યયન તે સમાનાધિકરણ તત્પુરૂષ સમાસ છે. એના એક અર્થવાળા શબ્દો બતાવે છે.

दुम पुष्फिआ य आहारएसणा गोअरे तया उंछो । मेस जलूगा सप्पे वणडक्खइसुगोलपुत्तुदए ।। ३७ ।।

દ્રુમ પુષ્પના ઉદાહરણ યુક્ત તે દ્રુમ પુષ્પિકા છે. અને કહે છે કે (આગળ કહેશે) 'जहा दुमस्स पुप्फेसु' 'જેમ ઝાડના ફુલોમાં વિગેરે.' તથા આહારની એષણા તે આહારેષણા. એષણા શબ્દ લેવાથી ગવેષણા વિગેરે પણ જાણવું. તે અર્થને સૂચવવાથી આહારેષણા તથા ગોચર એટલે ભેદ ભાવવિના ચારે તરફ ગાયની માફક વર્તવું તે ગોચર તે જાણવું. બીજી રીતે ગોચરને બદલે ગોચાર રૂપ થાય. તે ગોચર અર્થનું સૂચન કરવાવાળું હોવાથી આ અધ્યયનને ગોચર કહ્યું. એ પ્રમાણે બધી જગ્યાએ ભાવવું. એનો ભાવાર્થ એ છે કે જેમ ગાય એક સરખી ચરે છે તેમ સાધુએ પણ ફરવું, નહિ કે પૈસાને આશ્રયીને ઉત્તમ, અધમ અને મધ્યમ કુળમાં જવું (એટલે પૈસાદારને ત્યાં જવું અને ગરીબને ત્યાં જવું નહિ એમ નહિ). અથવા વણિક વત્સના દૃષ્ટાંત પ્રમાણે વર્તવું તે દૃષ્ટાંત આ રીતે જાણવો. (પોતાના બાળકને ખવડાવતી મા દાગીનાથી સુશોભિત હોય પણ બાળક તેના રૂપ અને અલંકારને ન જોતાં પોતે પોતાના આહારને જુએ છે અને ખાય છે. તે પ્રમાણે ગૃહસ્થના ઘરમાં ગૃહસ્થની સ્ત્રી સુંદર હોય પણ પોતાની શુદ્ધ ગોચરી તરફ લક્ષ રાખવું) તથા મૂળ ગાથામાં 'ત્વક્' શબ્દ છે તે આ પ્રમાણે છે. ત્વગ્ એટલે અસાર લેવું. તે અર્થ સૂચવનારૂં હોવાથી આ અધ્યયનનું 'ત્વક્' નામ ઠીક છે.

(१) जहा चत्तारि घुणा पण्णत्ता, तंजहा- तयक्खाए छल्लिक्खाए कट्ठक्खाए, सारक्खाए, एवामेव चत्तारि भिक्खुगा पन्नत्ता, तं जहा-तयक्खाए छल्लिक्खाए कट्ठक्खाए, सारक्खाए तयक्खाए, णामं एगे नो सारक्खाए सारक्खाए णामं एगे नो तयक्खाए एगे तयक्खाए वि सारक्खाए वि एगे नो तयक्खाए णो सारक्खाए। तयक्खायसमाणस्स णं भिक्खुस्स सारक्खायसमाणे तवे भवइ, एवं जहा ठाणे तहेव दट्ठव्वं।

ત્વક્ એટલે અસાર ખાવું પણ તે ગૃહસ્થના ઘરે વધેલું તે એટલે તેને બોજો ન વધે અને તે ભીખ માગતો ન થાય. અને સાધુઓ ઉપરથી તેની શ્રદ્ધા પણ ઉઠી ન જાય આ ચાર ભેદનાં ફળ. જે ત્વક્ ખાય, તે સાધુને સાર ખાવાના સમાન તપ થાય છે (અર્થાત્ મહાન્ પુણ્ય બંધાઈ દેવલોકાદિ સુખનો ભાગી થાય). એ પ્રમાણે બધા ભાંગાનું સમજવું. એટલે ત્વક્ભોક્તૃ (ખાનાર)ને વજ્રસાર જેવો તપ થાય છે. મૂળ ગાથામાં (ઉંછ) શબ્દ છે તે અજ્ઞાત પિંડ નો 'ઉંછ' સૂચક છે. અર્થાત્ સાધુ જાણીતા ઘરમાં સ્વાદિષ્ટ આહારની ઈચ્છાથી ન જાય પણ નિર્દોષ ગોચરી લેવા ઓચિંતો અણજાણ્યે ઘેર જાય. મેષનો દૃષ્ટાંત જેમ મેષ (ઘેટું) થોડા પાણીમાં પણ પાણીને ડોળ્યા વિના પોતે પાણી પીએ છે તેમ સાધુએ પણ ભિક્ષા લેવાને પેસતાં થકાં ગૃહસ્થના ઘરમાં બીજ વિગેરે પડ્યાં હોય તો તે આકુળ વ્યાકુળ થઈ દાબવાં નહિ પણ સ્થિરતાથી ધ્યાન રાખી ભિક્ષા લેવી. આ અર્થ સૂચવનારૂં આ અધ્યયન છે. તેથી તેનું મેષ નામ જાણવું જલોકા (જળો) તે અનેષણા પ્રવૃત્તિમાં દેનાર હોય તેના ભોળા ભાવના નિવારણ માટે આમાં સૂચના છે. (કોઈ ભોળો માણસ સાધુને ન ખપતી અથવા દોષિત ગોચરી આપે તો સાધુએ ના પાડવી). સર્પ એટલે સાપ પોતે એક સરખી નજરે ચાલે છે તેમ સાધુએ ગોચરી જતાં સંયમ તરફ ધ્યાન રાખી જવું. આ અર્થ સૂચવનારૂં છે. અથવા જરા પણ સ્પર્શ કર્યા વિના જેમ સાપ દરમાં ઉતરે છે તેમ સાધુએ ગોચરી કરતાં સ્વાદ કર્યા વિના ખાવું. તથા

व्रणलेपाक्षोपाङ्ग वदसङ्गयोगभरमात्रयात्रार्थम्। पन्नग इवाभ्यवहरेदाहारं पुत्रपलवच्च ॥१॥

વ્રણ એટલે રાગ દ્વેષ કર્યા વિના સાધુએ ભોજન કરવું. ગુમડા ઉપર લેપ કરે તેમાં કોઈ ખુશ થતા નથી તેને તો એમજ મનમાં આવે છે કે ક્યારે રોગ મટે તેમજ સાધુ પણ (અનાહારી થવાની અને મોક્ષ પદની વાંછા કરે છે) અક્ષ ઉપાંગ દાન માફક (એટલે ગાડાની અંદર ધરી હોય અને તેમાં તેલ નંખાય છે) સાધુ પણ કાયાનો ઘસારો અટકાવવા માટે જ આહાર લે છે. કહ્યું છે કે વર્ણલેપ–ધરીના ઉપાંગ માફક સાધુ ગોચરી વાપરે અને ગોચરી જતાં બીજી જગ્યાએ ધ્યાન રાખે તો સ્વપરને પીડાકારી થઈ પડે.

શરીર નિભાવવા માત્ર આહાર લે. સાપની માફક એટલે સાપ સીધો દરમાં ઉતરે તેમ સાધુ આહાર કરતાં કોળીયો ગળામાં ગુપચુપ ઉતારે તથા સંતાનના માંસ માફક આ છેલ્લું દૃષ્ટાંત એટલા માટે આપ્યું છે કે સાધુ છ કાયનો રક્ષક છે એટલે એકેન્દ્રિય જીવ પણ તેને પુત્ર સમાન છે. તેને પોતાને માટે રંધાવી ભક્ષણ કરવું તે તેને માટે પાપ છે. વિગેરે. ઈષુ–શર–બાણ છે. તે સૂચવે છે.

जह रहिओऽणुवउत्तो इसुणा लक्खं ण विंधइ तहेव। साहू गोअरपत्तो संजमलक्खम्मि नायव्वो ॥ રથિક માણસ પ્રમાદ યુકત થઈ તીર વડે લક્ષ્ય સાધે તો તે બાણ વડે વીંધી શકતો નથી તેવી જ રીતે સાધુ ગોચરી જતાં બીજી જગ્યાએ ધ્યાન રાખે તો સ્વપરને પીડાકારી થઈ પડે. **ગોલનું વર્ણન–**

जह जउगोलो अगणिस्स णाइदूरे ण आवि आसन्ने। सक्कइ काऊण तहा संजमगोलो गिहत्थाणं ॥ १ ॥
दूरे अणेसणाऽदंसणाइ इयरम्मि तेण संकाइ। तम्हा मिय भूमीए चिट्ठिज्जा गोयरग्गगओ ॥ २ ॥

જેમ લાખનો ગોળો અગ્નિથી દૂર અને ઘણો પાસે ન હોય તો લાખનો ઉપયોગ થઈ શકે તેમ સાધુ

ગૃહસ્થની ઘણો નજદીકમાં અને ઘણો દુર ન રહે તો ચારિત્ર પાળી શકે. જો ગોચરીમાં ઘણો દુર રહે તો અશુદ્ધ ગોચરી વહોરાવે અને ઘણો નજદીક ઘુસી જાય તો ચોરની શંકા અજાણ્યાને આવે. એથી ગોચરી ગયેલા સાધુએ વિવેકથી ઉભા રહેવું. પુત્ર પલવત એટલે જ્ઞાતા સૂત્રમાંની પુત્રના માંસમાં કથા [1]સુસમાના દૃષ્ટાંતથી જાણવી.. અને ઉદક એટલે પુત્તિ ઉદકની ઉપમાથી નિશ્ચયે કરીને સાધુએ અન્નપાન વાપરવું. દૃષ્ટાંત આ છે. જેમ એક વાણીઆએ દારિદ્રતાના દુઃખમાં પીડાઈ રત્નદ્વીપમાં જઈ ત્રણ લોકમાં રમણીય એવાં રત્નો પ્રાપ્ત કર્યા. તે ચોરોથી આકુળ અને દીર્ઘકાળ સુધી ભયને લઈને તે રસ્તો ઓળંગીને આવવા શકિતમાન ન હતો. આથી તેણે બુદ્ધિ કૌશલ્યથી તે રત્નો એક સ્થળે સ્થાપીને જુના પત્થરના ટુકડા લઈ ઘેલાનો (ગાંડાનો) વેશ લઈ ત્યાંથી નીકળ્યો અને બોલવા લાગ્યો 'રત્નવાળો વાણીઓ જાય છે.' એમ ત્રણવાર બોલવા છતાં તેના ગાંડા વેશથી કોઈ પકડવા ન ઉઠ્યું. ત્યારે ચોથી વખત ખરાં રત્ન લઈ નીકળી ગયો. હવે જંગલમાં ઘણી તૃષા લાગવાથી સારૂં પાણી ન મળતાં ગલીચ (ખરાબ) છીછરૂં ખાબોચીઉં જોયું. તેમાં મરેલાં હરણ વિગેરે હતાં. તેથી બધું પાણી ચરબીવાળું થયું હતું. તે વાણીએ ન છૂટકે સ્વાદ કર્યા વિના જીવ બચાવવા તે પાણી પીધું અને રત્નો ઘેર લાવ્યો. આમાં સાધુને અંગે રત્નો સમાન જ્ઞાન દર્શન ચારિત્ર જાણવાં. ચોર સમાન પાંચ ઈંદ્રિયના વિષયો અને ગલીચ પાણી સમાન પ્રાસુક અંતપ્રાંત આહાર વિગેરે જાણવા. તે ખાતાં દ્વેષ અને સારૂં ખાતાં રાગ ન કરવો. જેમ વાણીઓ રત્ન લાવી સુખી થયો તેમ સાધુ પણ ત્રણ રત્ન આરાધી સુખી થાય. અટવી સમાન સંસારનો નિસ્તાર (છૂટકારો) જાણવો. આ બધા એક અર્થવાળા છે. તે પ્રમાણે અપેક્ષાથી આ અધ્યયનના અનેક અર્થ છે. ૩૭ મી ગાથાનો અર્થ.

નામ નિષ્પન્ન કહ્યું. હવે સૂત્રાલાપક નિષ્પન્ના નિક્ષેપાનો અવસર છે. અહીં તે પ્રાપ્ત લક્ષણવાળો છે. તે કહેવામાં આવતો નથી કારણ કે અહીં ત્રીજો અનુયોગ દ્વાર અનુયોગ નામનો છે. ત્યાં નિક્ષેપો કરતાં ઠીક છે એટલે અહીં અથવા ત્યાં બન્ને બરાબર છે તેથી સૂત્રની લાઘવતાને માટે ત્યાં કરીશું. અહીં શંકા સમાધાન થાય તે વિશેષાવશ્યક સૂત્રથી જાણી લેવું. હવે અનુગમ કહીએ છીએ. તે બે પ્રકારે છે. સૂત્રનો અનુગમ અને અધ્યયન વિગેરેનો નિક્ષેપો કર્યો તે જાણવો. ઉપોદ્‌ઘાત નિર્યુકિતનો અનુગમ આ બે દ્વારની ગાથા વડે જાણવો.

---

૧. એક યજ્ઞદેવ નામનો બ્રાહ્મણ, ક્ષિતિ પ્રતિષ્ઠિત નગરને વિષે રહેતો હતો. તે હંમેશા જિનમતની નિંદા કરતો, અને પોતાને પંડિત માનતો અને જાહેર કરતો કે જે મને વાદ કરવામાં જીતશે તેનો હું શિષ્ય થઈશ. વખત જતાં એક બાળ સાધુએ તેને વાદ કરવા પોતાના ગુરૂ પાસે આવવા નિમંત્ર્યો. રાજી થઈ યજ્ઞદેવ તે બાળ સાધુ સાથે તેમના ગુરૂ પાસે ગયો વાદ કરતાં થોડીક વારમાં જ તે હારી ગયો અને પોતે નક્કી કરેલ નિયમ મુજબ તે ગુરૂનાં પાસે દીક્ષા લીધી. એકદા શાસનદેવીએ તેને કહ્યું, જેમ ચક્ષુવાળો માણસ પણ તેજ વિના જોઈ શકતો નથીતેમ જીવ પણ જ્ઞાની હોવા છતાં શુદ્ધ ચારિત્ર વિના મુકિત પામતો નથી."

આવી વાણી સાંભળી તે યજ્ઞદેવ મુનિ અન્ય સર્વ યતિઓની પેઠે શુદ્ધ ચારિત્ર પાળવા લાગ્યો.

યજ્ઞદેવ સાધુ થવાથી તેની સ્ત્રી વિરહવેદના ન સહન કરી શકી, એટલે યજ્ઞદેવને વશ કરવા તેના તપના પારણે યજ્ઞદેવ ઉપર કામણ કર્યું. તેથી યજ્ઞદેવનું શરીર દુર્બળ થતું ગયું અને મૃત્યુ પામીને તે સ્વર્ગે ગયો.

તેની સ્ત્રી પણ દુઃખ સહન ન કરી શકી અને જ્ઞાન થતાં તે પણ દીક્ષા ગ્રહણ કરીને, સ્વર્ગે ગઈ. પણ પોતે પોતાના સંસારીપણાના પતિ એ સાધુતા ગ્રહણ કરેલ, તેની ઉપર કામણ કરેલ તેના ગુરૂ પાસે આલોયણા ન કરી.

યજ્ઞદેવનો જીવ સ્વર્ગથી ચ્યવી રાજગૃહ નગરમાં ધનસાર્થવાહની ચિલાતી નામની દાસીને ઉદરે પુત્રપણે ઉત્પન્ન થયો. તેનું ચિલાતી પુત્ર નામ પાડ્યું. યજ્ઞદેવની સ્ત્રીનો જીવ પણ સ્વર્ગથી ચ્યવીને ચિલાતી દાસીની શેઠાણી ધનસાર્થવાહની સ્ત્રી સુભદ્રાની કુક્ષિએ પાંચ પુત્ર ઉપર છટ્ઠી સુસુમા નામે પુત્રીપણે ઉત્પન્ન થયો. ધનસાર્થવાહે પોતાની પુત્રીની રક્ષા માટે ચિલાતી પુત્રને રાખ્યો. સુસુમા અને ચિલાતી પુત્ર સાથે રમતાં પણ જ્યારે કોઈ કારણસર સુસુમા રોવા માંડે ત્યારે ચિલાતી પુત્ર તેના ગુપ્તાંગ ઉપર પોતાનો હાથ મૂકે આથી સુખ પામતી બાળા સુસુમા રડતી બંધ થતી.

---

નિર્યુક્તિનો અનુગમ તેમાં નિર્યુક્તિ નાં અનુગમ ત્રણ પ્રકારનો છે. તે આ પ્રકારે છે. નિક્ષેપા નિર્યુક્તિ અનુગમ, ઉપોદ્ઘાત નિર્યુક્તિ અનુગમ, અને સૂત્ર સ્પર્શિત નિર્યુક્તિ અનુગમ. તેમાં નિક્ષેપ નિર્યુક્તિનો અનુગમ પૂર્વે કહ્યો. જે આ અધ્યયન

---

કેટલાક વખતે ધન શ્રેષ્ઠીને આ વાતની ખબર પડી, એટલે તેણે આ દાસી પુત્ર ચિલાતી પુત્રને પોતાના ઘરમાંથી કાઢી મૂક્યો.

અહીંથી રજા મળતાં તે જંગલમાં ગયો, ત્યાં સિંહગુહા નામની ભીલ લોકની પલ્લીએ પહોંચ્યો. ત્યાં પલ્લીપતિ મૃત્યુ પામતાં તેનો શ્રેષ્ઠ શરીર વૈભવ હોવાથી ભીલ લોકોએ તેને પોતાનો સ્વામી બનાવ્યો.

ચિલાતી પુત્રને સુસુમાની યાદ સતાવ્યા કરતી હતી. વિષય રૂપી શસ્ત્રની પીડા વધતી ચાલી, એટલે તે પોતાના સર્વ સેવકોને ધનસાર્થવાહને ત્યાં ચોરી કરવા લઈ ગયો. અને સેવકોને કીધું કે, "જે માલસામાન હસ્તગત થાય તે સર્વ તે સેવકોનો અને સુસુમા ઉપાડી લાવવાની તેં ચિલાતી પુત્રની"

રાત્રીને વિષે આ સર્વ ચોરો ધનશેઠને ત્યાં આવી પહોંચ્યા. ઘણા ચોરોને જોઈ ધનશેઠ પોતાના પાંચે પુત્રોને લઈ એકાંતમાં જીવ બચાવવા સંતાઈ ગયા. સામનો કરનાર કોઈ ન હોવાથી ચોરોએ સારી રીતે ધન એકઠું કર્યું અને ચિલાતી પુત્ર સુસુમાને ઉપાડી વિદાય થઈ ગયો. પણ ચોરો ઘરની બહાર નીકળ્યા કે શેઠે કોલાહલ કરી મૂક્યો. આથી નગરરક્ષકો ત્યાં આવ્યા. તેમને લઈ શેઠ પોતાના પાંચ પુત્રોની સાથે ચોરોની પાછળ પડ્યા. ચોરોએ નગરરક્ષકો અને શેઠને પોતાની પાછળ આવતા જોઈ ચોરેલો માલસામાન રસ્તા વચ્ચે મૂકી દઈ પોતાને રસ્તે દોડવા લાગ્યા. ચિલાતી પુત્રે પોતાની પાછળ શેઠ તથા તેમના પાંચ પુત્રોને આવતા જોયા એટલે તેણે સુસુમાનો વધ કરી નાખ્યો. પોતાની પાસેના તીવ્ર હથિયાર વડે તેનું મસ્તક કાપી મસ્તક હાથમાં લઈ ધડ ત્યાં જ રહેવા દઈ નાસી ગયો. શેઠે અને તેના પુત્રોએ સુસુમાનું ધડ જોયું. શેઠ પોતાની પુત્રીનું અને પાંચે ભાઈઓએ પોતાની બહેનનું આવું કમકમાટીભર્યું મૃત્યુ જોઈ ઘણો વિલાપ કર્યો અને દોડવાના થાકથી સર્વેને ક્ષુધાલાગી હવે ત્યાં બીજી કોઈ વસ્તુ ન હોવાથી અને ખાધા વગર પ્રાણ જવાની સ્થિતિ થવાથી સર્વેએ એક બીજાને મારીને ખાવાનો પ્રસ્તાવ મુક્યો. પણ કોઈએ ન સ્વીકાર્યો છેવટે પિતાએ સુસમા ના શરીરને ખાવાની વાત મુકી. અને તે માંસ ખાઈને સર્વેએ જીવ બચાવ્યો. હવે પિતાએ અને ભાઈયોંએ માંસ કેવા ભાવથી ખાધું હશે ! તે વિચારીને સાધુએ પણ જીવ બચાવવા અને આરાધના કરવા માટે આહાર નિસ્વાદ પણે કરવાનો છે. આ દૃષ્ટાંત કહીને હવે એની કથાની પૂર્તિ કરે છે. અને ઘર તરફ પાછા વળતાં શ્રી વીરપ્રભુનો ઉપદેશ સાંભળ્યો, આ દેશના સાંભળી પાંચે પુત્રોએ શ્રાવક ધર્મ અંગીકાર કર્યો અને શેઠે પોતે તો સંયમ ગ્રહણ કર્યુ. ઉત્તમપણે સંયમ પાળતાં તથા ઉગ્રતપશ્ચર્યા કરી શેઠ સ્વર્ગે ગયા.

ચિલાતી પુત્ર હાથમાં સુસુમાનું માથું લઈ ત્વરીત ગતિએ માર્ગ કાપતો હતો. તેનું આખું શરીર લોહીથી ખરડાયેલું હતું. પણ સુસુમાની હત્યાના કારણે મનથી તે હવે ભાંગી પડ્યો હતો. પોતાની જાત ઉપર તે ઘણો ખિજાયો હતો. રસ્તામાં તેણે એક મુનિરાજને કાયોત્સર્ગ દશામાં ઉભેલા જોયા. મુનિને જોતાં જ તે બોલ્યો : હે મુનીશ્વર ! જલદી મને ધર્મ કહો નહિ તો હું આ સ્ત્રીના મસ્તકની પેઠે તમારું મસ્તક પણ છેદી નાખીશ". મુનીને કંઈક પાત્રતા લાગી તેથી તેમને ઉપશમ–વિવેક–સંવર એ ત્રણ પદનું ઉચ્ચારણ કરીને આકાશમાર્ગે ચાલ્યા ગયા.

ચિલાતી પુત્રે વિચાર્યું, "મુનિએ આકાશગામિની વિદ્યાનું ઉચ્ચારણ કર્યું કે, કંઈ મંત્રાક્ષર કહ્યો ? કે કંઈ ધર્મ મંત્ર કહ્યો ?" એમ ચિંતવન કરી મુનિની જગ્યાએ ઉભો રહ્યો અને તે ઉપશમ, વિવેક અને સંવર એ ત્રણ પદનું ધ્યાન ધરવા લાગ્યો. તે ધ્યાન સાથે વિચારતો ગયો કે આ ત્રણ શબ્દનો અર્થ શો ? વિચારતાં વિચારતાં તેણે પોતે જ ઉપશમ શબ્દનો અર્થ બેસાર્યો કે, "ઉપશમ એટલે ક્રોધની ઉપશાંતિ, ક્રોધનો ત્યાગ." એમ વિચારી તેણે ઉપશમ આદર્યો. વળી તેણે વિવેક શબ્દનો અર્થ વિચારતાં તે પણ સમજાયું કે, "કરવા યોગ્ય હોય, તેનો અંગીકાર અને ન કરવા યોગ્ય હોય તેનો ત્યાગ કરવો એ વિવેક." એમ સમજી તેણે વિવેકનો અંગીકાર કર્યો. છેવટે સંવર શબ્દનો અર્થ પણ તે સમજ્યો કે, પાંચ ઈન્દ્રિયોનાં જે તોફાન છે તેનો નિરોધ અર્થાત્ પાંચ ઈન્દ્રિયોને તે તે વિષયમાં જતી રોકવી, એનું નામ સંવર એ અર્થ સમજીને તેણે સંવર પણ આદર્યો. આમ તે ચિલાતી પુત્ર તે ત્રિપદીનું ધ્યાન ધરતો ત્યાં જ કાયોત્સર્ગે રહ્યો. તેનું સર્વ

વિગેરેનો નિક્ષેપો તે જાણવો ઉપોદ્‌ઘાત નિર્યુક્તિનો અનુગમ આ બે દ્વારની ગાથા વડે જાણવો.

उद्देसे निद्देसे य निग्गमे खित्तकालपुरिसे य । कारण पच्चय लक्खण नए समोयारणऽणुमए । १ ।

किं कइविहं कस्स कहिं केसु कहं केच्चिरं हवइ कालं । कइसंतरमविरहियं भवागरिस फासण निरुत्ती ।। २ ।।

તે આ છે. (૧) ઉદ્દેશો, (૨) નિર્દેશ, (૩)નિર્ગમ(૪) ક્ષેત્ર, (૫) કાળ, (૬) પુરુષ, (૭) કારણ, (૮) પ્રત્યય, (૯) લક્ષણ, (૧૦) નય, (૧૧) સમવતારણ, (૧૨) અનુમત,(૧૩) શું, (૧૪) કઈ જાતનું, (૧૫) કોનો, (૧૬) ક્યાં, (૧૭) શેમાં, (૧૮) કેવીરીતે, (૧૯) કેટલી વાર છે, (૨૦) કેટલા, આંતરાવાળુંઅને (૨૧)અવિરહિત, (૨૨) ભવ (૨૩) આકર્ષા, (૨૪) સ્પર્શના અને (૨૫) નિરૂક્તિ. આ ૨૫ દ્વાર

આ બે દ્વારની ગાથાનો સમુદાય અર્થ અને અવયવનો અર્થ વિશેષાવશ્યકથી જાણવો. પણ ચાલુ યોજનામાં આ પ્રમાણે છે. તીર્થંકર પ્રભુએ ઉપોદ્‌ઘાત કરીને આર્ય સુધર્માસ્વામીને તથા તેમનું પ્રવચન પછી જંબુ સ્વામીને, પછી પ્રભવ સ્વામીને ત્યાર પછી આર્યશય્યંભવ સ્વામિને અનુક્રમે કહેવાયું. અને તેમણે આનો ઉદ્ધાર કર્યો. તે પ્રમાણે કથનથી કર્યું. જેને આશ્રયીને અહીંજ આ રચ્યું તે પૂર્વે કહ્યું તે અનુક્રમે અવસર આવ્યે કહેવું જોઈએ. ત્યાં કહ્યું એ ઠીક નહિ એવી વાદીને શંકા થાય, આચાર્ય ખુલાસો કરે છે કે શંકા ન કરવી. વચમાં પણ ઉપોદ્‌ઘાત ત્યાં સ્વીકાર્યો હતો તેથી ત્યાં કહેલું પણ ઉપયોગીજ છે. વાદી એમ હોય તો પણ મોટા સંબંધ પૂર્વક હોવાથી વચગાળાનો ઉપોદ્‌ઘાત તે અહીંજ કહ્યો હોત તો ઠીક. આચાર્ય કહે છે. 'એમ નહિ. વર્તમાન શાસ્ત્રમાં અંતરંગ હોવાથી ત્યાં પણ ઉપયોગી છે. એટલું બસ છે. અક્ષર ગમનીકા માત્ર પ્રયાસનું જ ફળ છે. ઉપોદ્‌ઘાત નિર્યુક્તિ અનુગમ સમાપ્ત.

હવે સૂત્ર સ્પર્શિત નિર્યુક્તિનો અનુગમ કરે છે. અનુગમ (વખત) તે સૂત્ર સાથે જ થાય. વાદીની શંકા–જો એમ હોય તો ઉપન્યાસ કરવો એ નકામો છે. આચાર્ય એમ નહિ. નિર્યુક્તિ પણ સમાન પણે છે.અને સૂત્ર તે સૂત્રના અનુગમમાંજ કહેવાય. તે અવસર પ્રાપ્ત થયે કહેવાય છે જ. અહીં અસ્ખલિતાદિ પ્રકારે સૂત્રને શુદ્ધ ઉચ્ચારવું. તે આ પ્રમાણે. અસ્ખલિત, અમિલિત, અવ્યત્ય અમ્રેડિત વિગેરે અર્થાત્ અનુયોગ દ્વારમાં કહ્યું છે તેમ દોષ ટાળી બોલવું એમ શુદ્ધ બોલતાં કેટલાક સાધુ ભગવંતોને કેટલાક અર્થના અધિકાર સમજાઈ જાય છે. કેટલાકને નથી સમજાતા. તે ન સમજાયેલા સમજાવવાને મંદ બુદ્ધિ યુક્ત શિષ્યોની જાણ માટે દરેક પદે કહેવું, વ્યાખ્યાનુ લક્ષણ આ છે. (૧) સંહિતા, (૨) પદ, (૩) પદાર્થ, (૪) પદ, વિગ્રહ, (૫) ચાલના અને (૬) પ્રત્યવસ્થાન આ છ પ્રકારે છે. ચાલુ વાત કહીએ છીએ ચાલુ તે આ સૂત્રઅનુગમમાં સૂત્ર ઉચ્ચારવું

---

શરીર લોહીથી ખરડાયેલું હતું તેની ગંધથી ત્યાં સોયના જેવા મુખવાળી (શુચિમુખી) કીડીઓ આવીને કરડવા લાગી. કરડતાં કરડતાં અસંખ્ય કીડીઓએ તેનું શરીર ચારણી જેવું કરી નાખ્યું. તે સવ વેદના તેણે ધીરજથી સહન કરી અને અઢી દિવસે તેનું મૃત્યું થતાં સ્વર્ગમાં ગયો.

આમ ફક્ત અઢી દિવસના ઉપશમ, વિવેક અને સંવર શબ્દોને સમજી ગ્રહણ કરી લીધા અને કીડીઓના ચટકાની અસહ્યપીડા શાંત ચિત્તે સહન કરી ચિલાતી પુત્ર સ્વર્ગે સીધાવ્યા. એવા ચિલાતી પુત્રને અમારા લાખ લાખ વંદન.

**સૂત્રની ૧ લી ગાથા.**

धम्मो मंगलमुक्कट्ठं (मुक्किट्ठं) अहिंसा संजमो तवो ।
देवावि तं नमंसंति, जस्स धम्मे सया मणो ।। १ ।।

અસ્ખલિત પદ ઉચ્ચારવું તે સંહિતા. તે આ પાઠથી સિદ્ધજ છે. હવે પદો કહે છે. ધર્મ, મંગળ, ઉત્કૃષ્ટ, અહિંસા, સંયમ, તપ, દેવ પણ નમે છે, જેનું ધર્મમાં નિરંતર મન છે તેમાં 'ધૃ' ધાતુ ધારણાના અર્થમાં છે. તેને 'મ' પ્રત્યય લાગવાથી ધર્મરૂપ થાય છે. મંગળનું રૂપ પૂર્વે કહ્યું છે. 'કૃષ' ધાતુનો અર્થ વિ લેખન છે તેને ઉત્ ઉપસર્ગ અને નિષ્ઠાન્ત (ક્ત ભૂતકૃદન્તથી પ્રત્યયાન્ત થયેલ છે) પ્રત્યય લાગવાથી ઉત્કૃષ્ટ એવું રૂપ સિદ્ધ થયું. તથા તૃહિ, હિસી અને હિંસાના અર્થમાં ધાતુ છે. તેમાં પા. ૭–૧–૫૮ સૂત્ર પ્રમાણે વચમાં 'ન્' લાગીને સ્ત્રીરૂપમાં આ પ્રત્યય લાગી હિંસા શબ્દ થાય છે. તે નિષેધ વાચક પૂર્વે 'અ' લગાડી અહિંસારૂપ થયું. તથા યમ્ ધાતુ ઉપરમ્ના અર્થમાં છે. તેના પૂર્વે સમ્ ઉપસર્ગ લાગી સંયમ રૂપ થયું. તથા તપ્ સંતાપના અર્થમાં છે. તેને અસ્ પ્રત્યય લાગી તપ રૂપ થયું તથા દિવ્ ધાતુ ક્રીડા, વિજીગિષા વ્યવહાર, દ્યુતિ, સ્તુતિ, સ્વપ્ન, કાન્તિ, ગતિ શબ્દોના અર્થમાં વપરાય છે. તેથી આ ધાતુને અચપ્રત્યય લાગી પ્રથમના બહુવચનમાં 'દેવાઃ' એમ થાય છે. 'અપિ' શબ્દ અવ્યય છે. 'તદ્' એ સર્વનામ છે તેનું બીજુ એકવચન રૂપ તમ્ થાય છે. તે પ્રમાણે નમ્ ધાતુને પા. ૩–૧–૧૯ સૂત્ર પ્રમાણે 'ક્યચ્' લાગતાં 'નમસ્યન્તિ' એમ થાય છે તથા યત્ શબ્દનું ષષ્ઠીનું એકવચન યસ્ય થાય છે. ગુજરાતીમાં રૂપ જેનું છે. ધર્મ એ પૂર્વે સિદ્ધ કરી ગયા છીએ. સદા એટલે બધા કાળમાં પા. ૫–૩–૧૫ સૂત્ર પ્રમાણે 'દા' પ્રત્યય લાગ્યો તે પા. ૫–૩–૧૬ સૂત્ર પ્રમાણે સદા રૂપ થયું. તથા 'મન' ધાતુ જ્ઞાનના અર્થમાં છે. એ ધાતુને 'અસ્' પ્રત્યય લાગી મનઃ રૂપ થયું.

હવે પદોના અર્થ કહે છે.

દુર્ગતિમાં પડનારા જીવને ધારી રાખે તે ધર્મ. તેજ કહ્યું છે કે =

दुर्गतिप्रसृतान् जीवान् यस्माद्धारयते ततः । धत्ते चैतान् शुभेस्थाने, तस्माद् धर्म इति स्मृतः ।। १ ।।
દુર્ગતિમાં પડતા જીવોને જે ધારે છે તથા શુભસ્થાનમાં સ્થાપે છે તેથી ધર્મ કહ્યો. જેનાવડે હિત મંગાય તે મંગળ , પૂર્વની પેઠે જાણવું. ઉત્કૃષ્ટ એટલે પ્રધાન નહિંસા તે અહિંસા અર્થાત્ જીવના ઘાતથી પાછા ફરવું સંયમ એટલે આશ્રવદ્વારને અટકાવવો જે અનેક ભવોમાં એકઠાં કરેલાં આઠ પ્રકારના કર્મોને તપાવે તે અનશનાદિ તપ ક્રીડાઓ વિગેરે કરે તે દેવો. અપિ એટલે સંભાવના થાય છે. કે દેવો પણ જેને નમસ્કાર કરે તો મનુષ્ય કરે તેમાં શું નવાઈ 'તમ્' એટલે એ ધર્મ કહેનાર જીવને નમે છે. એ પ્રકટ અર્થ છે. જે જીવનું પૂર્વે કહેલા સ્વરૂપમાં સદા મન એટલે અંતઃકરણ છે. આ પદોનો (અહિંસા સંયમ અને તપ ઉત્કૃષ્ટ મંગળ રૂપ ધર્મ છે તે જેમના હૃદયમાં નિરંતર રમે છે તેમને દેવતાઓ પણ નમસ્કાર કરે છે.) અર્થ થયો. હવે પદોનો વિગ્રહ કહે છે. પણ પદોનો વિગ્રહ પરસ્પર અપેક્ષાવાળા સમાસને ભજે છે. પણ અહીં તેવો કોઈ સમાસ ન હોવાથી નથી બતાવ્યો. ચાલના એટલે શંકા અને પ્રતિ અવસ્થાન એટલે સમાધાન. તે જ્યારે પ્રમાણની ચિંતા કરીશું ત્યારે આગળ કહીશું. પણ તેમની પ્રવૃત્તિ આ ઉપાયવડે છે તે બતાવવા માટે કહે છે.

कत्थइ पुच्छइ सीसो, कहिंचऽपुट्ठा कहंति आयरिया । सीसाणं तु हियट्ठा विपुलतरागं तु पुच्छाए ।। ३८ ।।

**ટીકાનો અર્થ–** કોઈ વખત કંઈ ન સમજીને શિષ્ય પૂછે કે આ કેવી રીતે? આજ ચાલના, અને ગુરુ

सर्वास्वपि सूत्रप्रतिषु मुक्कट्ठं पाठोवर्त्तते, अगस्त्यचूर्णौ वृद्धविवरेण च मुक्कट्ठं, मुक्किट्ठं पाठद्वयमपि दृश्यते साम्प्रतकाले पुनः मुक्किट्ठं इति पाठप्रवृत्ति दृश्यते ।।

જવાબ આપે તે પ્રત્યવસ્થા. આ બન્નેની પ્રવૃત્તિ છે. તે પ્રમાણે કોઈ વખત કોઈ ન પૂછે તો પણ પૂર્વ પક્ષની આ શંકા કરીને આચાર્યો જવાબ આપે છે તે સમાધાન છે. શા માટે કહે છે ? તો કે શિષ્યોના હિતને માટે.

'तु' શબ્દનો અર્થ જ જાણવો. વિપુલતર તે પ્રભુતતર કહે છે. (શિષ્યનો પ્રશ્ન હોય ત્યારે) આ શિષ્ય તિક્ષ્ણ બુદ્ધિવાળો છે એ જાણીને ગુરુ વધારે સમજાવે. ગાથાનો અર્થ ગાથા–

एवं तावत्समासेन, व्याख्यालक्षणयोजना । कृतेयं प्रस्तुते सूत्रे, कार्यैवमपरेष्वपि ॥ १ ॥
ग्रन्थविस्तरदोषान्न, वक्ष्याम उपयोगितु । वक्ष्यामः प्रतिसूत्रं तु यत् सूत्रस्पर्शिकाऽधुना ॥ २ ॥
प्रोच्यतेऽनुगमनिर्युक्तिविभागश्च विशेषतः । सामायिकबृहद्भाष्याज्ज्ञेयस्तत्रोदितं यतः ॥ ३ ॥
होइ कयत्थो वोत्तुं सपयच्छेअं सुअं सुआणुगमो । सुत्तालावगनासो नामादिण्णासविणिओगं ॥ १ ॥
सुत्तप्फासिअनिज्जुत्तिणिओगो सेसओ पयत्थाइ । पायं सोच्चि य नेगमणयाइमयगोअरो होइ ॥ २ ॥
एवं सुत्ताणुगमो सुत्तालावगकओ अ निक्खेवो । सुत्तप्फासिअणिज्जुत्ति णया अ समगं तु वच्चन्ति ॥ ३ ॥

એ પ્રમાણે ટુંકાણમાં વ્યાખ્યા લક્ષણની યોજના છે તે આ પ્રસ્તુત સૂત્રમાં કહી. એ પ્રમાણે બીજામાં પણ કરવી. ગ્રંથ વિસ્તારના દોષથી અમે નહિ કહીએ. પણ ઉપયોગી તો દરેક સૂત્રમાં કહીશું. જે સૂત્રની સાથે સ્પર્શીત છે તે અનુગમ નિર્યુક્તિના વિભાગ વિશેષથી વિશેષાવશ્યકમાં કહેલો છે ત્યાંથી જાણવો. વળી કહ્યું છે કે પદચ્છેદવાળું સૂત્ર કહી સૂત્રનો અનુગમ સફળ અર્થવાળો થાય છે. સૂત્રના આલાવાનું સ્થાપન નામાદિ ન્યાસને વિનિયોગ કરવાવાળું છે. સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિનું કથન પદાર્થ વિગેરે પ્રાયઃ નૈગમ નયાદિ મતમાં ગોચર થાય છે. આ પ્રમાણે સૂત્રનો અનુક્રમે સૂત્રાલાપકનો નિક્ષેપો કર્યો. અને સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિ તથા નયો સાથેજ ચાલે છે. આટલું સમજવા માટે કહ્યું. તેમાં ધર્મ પદને અંગીકાર કરી સૂત્ર સ્પર્શીત નિર્યુક્તિ માટે કહે છે.

णामं ठवणाधम्मो, दव्वधम्मो अ भावधम्मो अ । एएसिं नाणत्तं वुच्छामि अहाणुपुव्वीए ॥ ३९ ॥

**ટીકાનો અર્થ–** નામ સ્થાપના ધર્મ–તે ધર્મ શબ્દ પ્રત્યેકમાં જોડવો એટલે નામ ધર્મ, સ્થાપના ધર્મ, દ્રવ્ય ધર્મ, ભાવ ધર્મ એના જુદા જુદા ભેદને અનુક્રમે કહીશું. હવે નામ સ્થાપના સુગમ હોવાથી દ્રવ્ય ધર્મના અધિકારમાં આગમથી અને નોઆગમથી નિક્ષેપાર્થ થાય. તેમાં જ્ઞાતા પણ અનુપયોગે, અને નોઆગમથી જ્ઞશરીર, ભવ્ય શરીર બન્નેથી જુદો દ્રવ્ય ધર્માદિક કહેવાય છે.

दव्वं च अत्थिकायप्पयारधम्मो अ भावधम्मो अ । दव्वस्स पज्जवा जे ते धम्मा तस्स दव्वस्स ॥४०॥

**ટીકાનો અર્થ–** અહીં ધર્મ ત્રણ પ્રકારે છે તે આ ૧. દ્રવ્ય ધર્મ, ૨ અસ્તિકાય ધર્મ, ૩. પ્રચાર ધર્મ તેમાં દ્રવ્ય એના વડે ધર્મ ધર્મીમાં કંઈક અંશે અભેદ હોવાથી દ્રવ્યધર્મ કહેવાય છે. તથા અસ્તિકાય એના વડે સૂચન કરવાથી સૂત્ર એમ માની ઉપલક્ષણપણાથી અવયવનોજ સમુદાય શબ્દનો ઉપચાર હોવાથી અસ્તિકાય ધર્મ કહેવાય (અસ્તિકાય એટલે જૈન શાસ્ત્રમાં સમૂહ) છે, પ્રચાર ધર્મ એના વડે આ ગ્રંથથી દ્રવ્ય ધર્મનો દેશ કહે છે. ભાવ ધર્મ એ વડે ભાવ ધર્મ સ્વરૂપ કહે છે. હવે પૂર્વે કહેલા ત્રણ ધર્મોના સ્વરૂપને કહે છે દ્રવ્યના પર્યાય જે ઉત્પાદ, વિગમ વિગેરે છે તે ધર્મ તે દ્રવ્યના કહેવાય માટે દ્રવ્ય ધર્મ તે પર્યાય છે. આ પ્રમાણે બીજાથી અસંસક્ત એક દ્રવ્યનો અભાવ– પ્રદર્શન કરવાથી બહુ વચનનો નિર્દેશ કર્યો છે [ એક પદાર્થના જે ધર્મો (અર્થાત્ અનંત ધર્મો) તે અન્ય પદાર્થોમાં સંયુક્ત નથી તેમ નહિ અર્થાત્ દરેક પદાર્થોમાં રહેલા છે. એવું જણાવવા માટે ધર્મ શબ્દ બહુવચનમાં છે]હવે અસ્તિકાયાદિ ધર્મ સ્વરૂપ કહે છે.

धम्मत्थिकायधम्मो, पयारधम्मो य विसयधम्मो य । लोइयकुप्पावयणिअ, लोगुत्तर लोगऽणेगविहो ॥४२॥

ધર્મગ્રહણ કરવાથી ધર્માસ્તિકાય લેવું. તેથી ધર્માસ્તિકાય જ ગતિનો આધાર અસંખ્ય પ્રદેશવાળો

અસ્તિકાય ધર્મ (ત્રિકાલ ને સુચવનાર છે.) જાણવો. બીજા આચાર્યો કહે છે કે ધર્માસ્તિકાયાદિ સ્વભાવવાળો અસ્તિકાય ધર્મ કહેવો પણ આ મત અયુકત છે. કારણ કે તેમાં ધર્માસ્તિકાયાદિના દ્રવ્ય પણે તેનું દ્રવ્ય ધર્મથી અભિન્ન પણું છે. તેથી પૂર્વનો મત ઠીક છે. પ્રચાર ધર્મ તે વિષય ધર્મજ છે 'તુ' શબ્દનો અર્થ 'જ' જાણવો. તેમાં પ્રચરણ એટલે પ્રચાર એટલે પ્રકર્ષે કરી જવું. તેજ આત્મસ્વભાવ પણાથી ધર્મ તેજ પ્રચાર ધર્મ તે કેવી રીતે ? કે જેમાં પ્રાણીઓ સીદાય (મુંઝાય) તે વિષયો રૂપ ગંધ વિગેરે તેનો ધર્મ તે પ્રમાણે ખરી રીતે વિષય ધર્મ તેજ આ રાગાદિવાળો જીવ તેમાં પ્રવર્તે છે એટલે ચક્ષુ વિગેરે ઈંદ્રિઓને વશ થઈ રૂપાદિમાં પ્રવર્તે છે તે પ્રચાર ધર્મ જાણવો. પ્રધાન સંસાર નિબંધન પણાથી અને (આને)મુખ્ય પદ આપવાની ખાતર દ્રવ્ય ધર્મથી જુદો બતાવ્યો છે. હવે ભાવધર્મ કહે છે. તે લૌકિક વિગેરે જુદા જુદા ભેદવાળો છે. કહે છે કે ૧. લૌકિક જૈનેતર મતનું વચન અને લોકોત્તર તે જૈનનું. અહીં લૌકિક અનેક પ્રકારનાં છે. તે કહે છે. –

गम्मपसुदेसरज्जे, पुरवरगामगणगोट्ठिराईणं ।। सावज्जो उ कुतित्थियधम्मो न जिणेहि उ पसत्थो ।। ४२ ।।

(૧) ગમ્ય ધર્મ (મર્યાદા ધર્મ) જેમ દક્ષિણ દેશમાં મામાની દીકરી પરણાય પણ ઉત્તર દેશોમાં તે દુષિત ગણાય એ પ્રમાણે ભક્ષ્ય, અભક્ષ્ય, પેય અપેયની યોજના કરવી. (૨) પશુ ધર્મ તે માતા વિગેરે સાથે કુચાલન, (૩) દેશ ધર્મ તે દેશાચાર જુદા જુદા દેશમાં પહેરવેશ વિગેરે જુદા છે તે, (૪) રાજ ધર્મ તે જુદા જુદા રાજ્યોમાં જુદા જુદા કરો છે તે (૫) પુરધર્મ જુદા જુદા નગરોમાં કંઈ કંઈ વિશેષ ધર્મ છે જેમાં ભાષા ભેદ વિગેરે જાણવા અથવા સ્ત્રી બીજા ઘેર તરફ જાય બીજું ઘર માંડે એવા અર્થમાં સમજવું. (૬) ગામ ધર્મ તે પણ જુદા ગામમાં જુદા જુદા રિવાજ હોય તે, (૭) ગણ ધર્મ તે મલ્લો વિગેરે સમુદાયની વ્યવસ્થા [જેમાં પ્રથમ સરખા પગ મુકી ને કુસ્તી કરે અને પછી વિભ્રમ એટલે ગમેતે રીતે પગ મુકેતે] (૮) ગોષ્ઠી ધર્મ તે ગોષ્ઠી વ્યવસ્થા. એટલે સરખી ઉમ્મરના મિત્રો એકઠા થાય તે ગોઠીયાઓ તેની વ્યવસ્થા. વસંત ઋતુ વિગેરેમાં ગોઠ ઉજાણી કરે તે. (૯) રાજધર્મ તે દુષ્ટને દંડ ને સારાનું પ્રતિપાલન છે. એની ભાવ ધર્મના ગમ્યાદિની નવપ્રકારે વિવક્ષાથી ભાવરૂપ પણે છે અથવા દ્રવ્ય પર્યાય પણાથી છે તેનીજ દ્રવ્યની અપેક્ષા વિના વિવક્ષા કરવાથીઅથવા લોકમાં એને ભાવ ધર્મ તરીકે માનવાથી ભાવમાં ગણે. દેશ રાજાદિનો ભેદ એક દેશને આશ્રયીને કહ્યો તે પ્રમાણે પોતાની બુદ્ધિ વડે અનેક રાજનું વિચારી લેવું. આ પ્રમાણે હવે જૈનેતર કહે છે. પણ પ્રાયઃ પાપ રૂપ હોવાથી લૌકિક જેવો જ છે. અવદ્ય એટલે પાપ તેની સાથે સંબંધ રાખે તે સાવદ્ય. (૧૦)

'તુ' એટલે જ, તે અવધારણ માટે છે. એટલે કયો સાવદ્ય ધર્મ ? તોકે જૈનેતર, ચરક, પરિવ્રાજક (બાવા વિગેરેનો) ધર્મ, શા માટે ? જિનેશ્વર અને અન્ય વિદ્વાનોએ તેને વખાણ્યો નથી તે માટે. આરંભ પરિગ્રહનું કારણ હોવાથી અહીં ખુલાસાની જરૂર છે, પણ ચાલતી વાતમાં સૂચના માત્ર હોવાથી વધારે કહેતા નથી. જૈનેતર ધર્મ કહ્યો. હવે લોકોત્તર ધર્મ કહે છે.

दुविहो लोगुत्तरीओ, सुअधम्मो खलु चरितधम्मो अ । सुअधम्मो सज्झाओ चरित्तधम्मो समणधम्मो ।।४३।।

**ટીકાનો અર્થ–** લોકોત્તર ધર્મ બે પ્રકારે છે. શ્રુત ધર્મ અને ચારિત્ર ધર્મ. શ્રુત ધર્મ તે બાર અંગ (સિદ્ધાંત) તેનો ધર્મ, 'ખલુ' શબ્દ વિશેષ સૂચવે છે. તે નિશ્ચયે વાચનાદિ ભેદો વડે વિચિત્ર છે. કહે છે કે શ્રુત ધર્મ સ્વાધ્યાય તે વાચનાદિ રૂપ તત્ત્વ ચિંતામાં ધર્મના હેતુ રૂપ હોવાથી ધર્મ કહેવાય (શ્રુત વડે ધર્મ ઓળખાય છે.) તથા ચારિત્ર ધર્મ. તેમાં 'ચર' ધાતુ ગતિ અને ભક્ષણના અર્થમાં છે. પા. ૩–૨–૧૮૪ સૂત્ર પ્રમાણે 'ઈત્રન્' પ્રત્યય લાગવાથી ચરિત્ર શબ્દ થયો. એટલે અનિંદિતચાલે છે જેના વડે તે ચરિત્ર. ક્ષય ઉપશમરૂપ તેનો ભાવ તે ચરિત્ર અશેષ કર્મ ક્ષય કરવાને માટે આ વર્તન છે (ચેષ્ટા એટલે વર્તન). તે જે ધર્મ ચારિત્ર ધર્મ. 'ચ' સમુચ્ચય માટે છે. આ શ્રમણ ધર્મજ છે તેથી ચારિત્ર ધર્મ તે શ્રમણ ધર્મ સહન કરે તે શ્રમણ પા. ૩–૩–૧૧૩ સૂત્ર

પ્રમાણે 'શ્રમ' ધાતુનું શ્રમણ રૂપ બને છે. એટલે શ્રમ લેવો, તપસ્યા કરવી. અમારો કહેવાનો આશય એ છે કે તપસ્યા કરનાર દીક્ષા લેવાના દિવસથી બધા પાપ વ્યાપારથી રહિત બનીને ગુરુ ઉપદેશ વડે જ્યાં સુધી પ્રાણ ન અટકે ત્યાં સુધી અનશનાદિ તપ યથાશક્તિ કરે છે અને (બીજા જીવોને દુઃખ ન કરવા વડે પોતે દુઃખ વેઠીને તપ કરે છે. તેજ કહ્યું છે કે–

યઃસમઃસર્વભૂતેષુ, त्रसेषु स्थावरेषु च । तपश्चरति शुद्धात्मा, श्रमणोऽसौ प्रकीर्त्तितः ॥ १ ॥

જે બધા પ્રાણીઓમાં એટલે ત્રસ સ્થાવરમાં સરખાપણું રાખે છે અને શુદ્ધ આત્મા બની તપ કરે તે શ્રમણ જાણવો. ક્ષાન્ત્યાદિ લક્ષણો હવે પછી કહેવાના છે. તે ધર્મ [1]ક્ષમા,[2] કોમળતા[3], સરળતા[4], પવિત્રતા[5], સત્ય[6], સંયમ[7], તપ[8], ત્યાગ[9], અકિંચનતા અને[10] બ્રહ્મચર્ય. આ દશ પ્રકારનો શ્રમણ ધર્મ જાણવો. તેમાં ક્ષમા એટલે કોઈ આક્રોશના વચન કહે અથવા માર મારે તે સમતાથી સહન કરે તો કર્મનો ક્ષય થાય અને સહન ન કરે તો નવાં કર્મ બંધાય, તેથી ક્રોધનો નિગ્રહ કરવો. અને ક્રોધ ઉદયમાં આવ્યો હોય તો નિષ્ફળ કરવો. ક્ષમા, તિતિક્ષા અને ક્રોધ નિગ્રહ એ ત્રણનો એક અર્થ છે. કોમળતા એટલે કોઈ જાતિ કુળ વિગેરેથી હીન હોય અને પોતે ઉત્તમ જાતિનો હોય તો તેના આગળ અહંકાર ન કરવો. અહંકાર ન કરવાથી કર્મની નિર્જરા થાય છે. અને અહંકાર કરવાથી કર્મ વધે છે. માન ઉદયમાં ન આવ્યું હોય તો તે રોકવું અને આવ્યું હોય તો તે નિષ્ફળ કરવું. સરલતા એટલે અકુટિલતા. આ ગુણ ધારણ કરવાથી નિર્જરા થાય, નહિ તો કર્મ બંધાય. એ પ્રમાણે માયાને દાબવી અને નિષ્ફળ કરવી. **પવિત્રતા તે ધર્મ ઊપકરણમાં પણ મૂર્છા ન રાખવી.** યોગ્ય સાધુને વાપરવા આપવું જેથી કર્મ નિર્જરા થાય, તેમ લોભનો નિરોધ અને તે નિષ્ફળ કરવો. સત્ય એટલે વિચારીને નિરવદ્ય વચન બોલવું, જેથી કર્મ ઓછાં થાય; નહિ તો કર્મ વધે. સંયમ તપ અહીં કહેતા નથી કારણ કે મૂળ સૂત્રમાં અર્થ આવે છે. હવે ત્યાગને કહે છે. પોતે આચાર્ય વિગેરેની વૈયાવચ્ચ એટલે પોતે ન ખાતાં ઉપયોગ ન કરતાં યોગ્ય વસ્તુ તેમને આપવાથી મોટી કર્મ નિર્જરા થાય છે. તેથી વસ્ત્ર, પાત્ર, ઔષધ વિગેરે જે કંઈ આવ્યાં હોય તે સાધુઓને યોગ્યતા પ્રમાણે વહેંચી આપવાં. અકિંચનતા એટલે પોતાના દેહમાં પણ મમતા ન રાખવી. તેથી કર્મ ઘટે; મમતા કરવાથી કર્મ વધે. તેથી સાધુએ દેહનું મમત્વ મૂકવું. હવે બ્રહ્મચર્ય કહે છે. તે ઔદારિક કામ ભોગ મન વડે ન સેવે, ન સેવાવે કે ન અનુમોદે. એ પ્રમાણે વચન કાયાના ત્રણ ત્રણ ભેદ લેતાં નવ ભેદ થયા. એ પ્રમાણે દિવ્ય શરીરના પણ નવ ભેદ થાય. તે અઢાર ભેદે બ્રહ્મચર્ય પાળે તેથી મોટી કર્મ નિર્જરા થાય. નહિ તો મહાન્ કર્મ બંધાય. આ દસ પ્રકારનો શ્રમણ ધર્મ છે. આમાં મૂળ ગુણ અને ઉત્તર ગુણ એ બન્નેનો સમાવેશ છે. જેમકે સંયમથી પહેલી અહિંસા, સત્યથી મૃષાવાદ વિરતિ, બ્રહ્મચર્ય થી મૈથુન વિરતી, અકિંચનથી પરિગ્રહ નિવૃત્તિ તથા અદત્તાદાનની નિવૃત્તિમાં જેમાં સ્વદેહ માં પણ મમત્વ નથી. તે બીજાનું ન આપ્યું હોય તે કેવી રીતે લે ? તેથી બન્ને આવી જાય. અથવા એક લેવાથી તેની જાતનું બીજું પણ આવે છે. (જેમ અહિંસા લેવાથી અદત્તાદાન વિરતિ પણ આવી ગઈ. ક્ષાન્તિ, માર્દવ, આર્જવ અને તપ લેવા વડે ઉત્તર ગુણોનું ગ્રહણ છે.)

### મંગળનું સ્વરૂપ.

નામ સ્થાપના સુગમ હોવાથી દ્રવ્ય ભાવ મંગળને કહે છે. તે ભાવ મંગળ કહેવાની ઈચ્છાથી કહે છે ॥ ૪૩ ॥

दव्वे भावेऽवि अ मंगलाइं दव्वम्मि पुण्णकलसाई । धम्मो उ भावमंगलमेत्तो सिद्धित्ति काऊ णं ॥४४॥

દ્રવ્ય લઈને ભાવ છે દ્રવ્ય મંગળમાં પૂર્ણ કળશ તથા આદિ શબ્દથી સ્વસ્તિક વિગેરે મંગળ જાણવા ધર્મ તે પોતે ભાવ મંગળજ છે. શા માટે ? તે કહે છે. આ ક્ષાંત્યાદિ ધર્મના રક્ષણથી સિદ્ધિ એટલે મોક્ષ છે. ભવનું ગાળવું તે ગાથાનો અર્થ છે. આજ મુખ્ય મંગળ છે. એકાંતિક પણાથી અને આત્યંતિક પણાથી. તે પ્રમાણે પૂર્ણ કલશ

વિગેરે દ્રવ્ય મંગળમાં મુખ્ય મંગળ નથી. (કારણ કે ચોરને પૂર્ણકળશ સામે મળેતો અમંગળકર છે.) તેમાં એકાંતિક અને આત્યંતિક લાગુ પડતાં નથી. (એકાંતીક એટલે શંકા રહિત ફળ થાય અને આત્યંતિક એટલે છેવટ સુધી હિતકારક) હવે હિંસાનો વિપક્ષ અહિંસા કહે છે. તે જેમ જેવો ઉદેશ તેવો નિર્દેશ પ્રમાણે અહિંસા કહે છે. ॥ ૪૪ ॥

हिंसाए पडिवक्खो होइ, अहिंसा चउव्विहा सा उ ।। दव्वे भावे अ तहा, अहिंसऽजीवाइवाओत्ति ।।४५।।

**ટીકાનો અર્થ** – પ્રમાદના યોગથી જીવને દુઃખ દેવું તે હિંસા, આ હિંસામાં વિરૂદ્ધ પક્ષ એટલે પ્રમાદનો ત્યાગ કરીને શુભ યોગ ધારીને પ્રાણને બચાવવા તે અહિંસા. તે ચાર પ્રકારની છે. દ્રવ્ય અને ભાવમાં એટલે ૧ દ્રવ્યથી અને ભાવથી અહિંસા. ૨ દ્રવ્યથી ખરી પણ ભાવથી નહિ. ૩ દ્રવ્યથી નહિ પણ ભાવથી ખરી. ૪ દ્રવ્યથી નહિ અને ભાવથી પણ નહિ. એમાં 'તથા' શબ્દ સમુચિત છે. તેમાં ત્રણ ભાંગાના ઉપન્યાસ છે. કારણ કે તેમાં સમુચ્ચય, નિર્દેશ અવધારણ સાદશ્ય, પ્રકાર વચનોમાં વપરાય છે. તેમાં આ ભંગ વાચક દ્રવ્યથી અને ભાવથી લેવો.

जहा केइ पुरिसे मिअवहपरिणामपरिणए मियं पासित्ता आयन्नाइड्डियकोदंडजीवे सरं णिसिरिज्जा, से अ मिए तेण सरेण विद्धे मए सिआ, एसा दव्वओ हिंसा भावओ वि ।।

જેમ મૃગ વધ કરવાની બુદ્ધિમાં વર્તેલો કોઈ માણસ મૃગ જોઈને ધનુષ્ય ખેંચી ચડાવી છોડે, તો તે વખતે તે મૃગ તે તીર વડે મરે. આ હિંસા દ્રવ્યથી ખરી ને ભાવથી પણ ખરી એમ જાણવું. પણ 'સાધુ' ઈરિયા સમિતિ યુક્ત કારણે જતાં કોઈ જીવ મરે તો તેમાં દ્રવ્યથી હિંસા ખરી પણ ભાવથી નથી. કહ્યું છે કે

उच्चालिअंमि पाए इरियासमिअस्स संकमट्ठाए । वावज्जेज्ज कुलिंगी मरिज्ज तं जोगमासज्जा ।। १ ।।
न य तस्स तण्णिमित्तो बंधो सुहुमो वि देसिओ समए । जम्हा सो अपमत्तो सा य पमाओत्ति निद्दिट्ठा ।। २ ।।

'પગ ઉપાડ્યે થકે ઈરિયા સમિતિ યુક્ત થઈ ચાલતાં સાધુથી અજાણ્યે કોઈ જીવ મરે તો તેમાં મરનાર જીવનો દોષ છે. પણ તે સાધુને તેના સંબંધી જરાપણ દોષ સિદ્ધાંતમાં બતાવ્યો નથી.' કારણ કે તે સાધુ અપ્રમાદી છે. અને હિંસા પ્રમાદીનેજ હોય વિગેરે. જે આ બીજો ભાંગો. ભાવથી હિંસા કહેવાય પણ દ્રવ્યથી નહિ તે આ રીતે છે.

जहा केवि पुरिसे मंद मंदप्पागासप्पदेसे संठियं ईसिवलियकायं रज्जुं पासित्ता एस अहित्ति तव्वहपरिणामपरिणए णिकड्ढियासिपत्ते दुअं दुअं छिंदिज्जा एसा भावओ हिंसा न दव्वओ ।।

કોઈ એક પુરુષ પરોઢીઆના મંદ પ્રકાશમાં વળેલી દોરડીને સાપ માની તેને વધ કરવાના ઈરાદાથી તરવારવડે છેદે તે. ભાવથી હિંસા દ્રવ્યથી નહિ આ ત્રીજો ભાગો. પણ ચોથો ભાંગો શૂન્ય છે કારણકે એવી કોઈ હિંસા નથી જે દ્રવ્યથી પણ ન હોય અને ભાવથી પણ ન હોય. હિંસાથી વિરૂદ્ધ પક્ષ તે અહિંસા. અહિંસાના શબ્દાર્થ. ન હિંસા, અહિંસા, અજીવાતિપાત. વળી તે અહિંસાવાળાને પોતાના કર્મનો નાશ થાય છેજ. અજીવ તે કર્મ એમ ભાવવું. ઉપલક્ષણથી અહીં પ્રાણાતિપાત વિરતિ વિગેરે લેવો. હવે સંયમનો અર્થ કહે છે ॥ ૪૫ ॥

पुढविदगअगणिमारुय, वणस्सईबितिचउपाणिंदिअज्जीवे । पेहोपेहपमज्जणपरिट्ठवणमणोवई काए ।।४६।।

पुढवाइयाण जाव य पंचिंदिय संजमो भवे तेसिं । संघट्टणादि ण करे तिविहेणं करणजोएणं ।। १ ।। अज्जीवेहिं जेहिं गहिएहिं असंजमो इहं भणिओ । जह पोत्थदूसपणए तणपणए चम्मपणए अ ।। २ ।। गंडी कच्छवि मुट्ठी संपुडफलए तहा छिवाडी अ । एयं पोत्थयपणयं पण्णत्तं वीअराएहिं ।। ३ ।। बाहल्लपुहुत्तेहिं गंडी पोत्थो उ तुल्लगो दीहो । कच्छवि अंते तणुओ मज्झे पिहुलो मुणेअव्वो ।। ४ ।। चउरंगुलदीहो वा वट्टागिति मुट्ठिपोत्थगो अहवा

। चउरंगुलदीहो चिअ चउरस्सो होइ विण्णेओ ।। ५ ।। संपुडओ दुगमाई फलगा वोच्छं छिवाडिमेत्ताहे । तणुपत्तोसिअरुवो होइ छिवाडी बुहा बेंति ।। ६ ।। दीहो वा हस्सो वा जो पिहुलो होइ अप्पबाहल्लो । तं मुणिअ समयसारा छिवाडिपोत्थं भणंतीह ।। ७ ।। दुविहं च दूसपणअं समासओ तंपि होइ नायव्वं । अप्पडिलेहियदूसं दुप्पडिलेहं च विण्णेयं ।। ८ ।। अप्पडिलेहिअदूसे तुली उवधाणगं च णायव्वं गंडुवधाणालिंगिणि मसूरए चेव पोत्तमए ।। ९ ।। पल्हवि कोयवि पावार णवतए तहय दाढिगालीओ । दुप्पडिलेहिअ दूसे एवं बीअं भवे पणगं ।। १० ।। पल्हवि हत्थुत्थरणं कोयवओ रुअपूरिओ पडओ । दढगालि धोइ पोत्ती सेस पसिद्धा भवे भेदा ।। ११ ।। तणपणगं पुण भणियं जिणेहिँ कम्मट्ठगंठिदहणेहिं । साली वीही कोद्दव रालग रण्णेतणाइं च ।। १२ ।। अय एल गावि महिसी मियाणमजिणं च पंचमं होइ । तलिया खल्लग कोसग कित्ती य बितिए य ।। १३ ।। तह विअडहिरण्णाइं ताइँ न गेण्हइ असंजमं साहू । ठाणाइ जत्थ चेए पेह पमज्जित्तु तत्थ करे ।। १४ ।। एसा पेह उवेहा पुणोवि दुविहा उ होइ नायव्वा । वावारावावारे वावारे जह उ गामस्स ।। १५ ।। एसो उविक्खगो हू अव्वावारे जहा विणस्संतं । किं एयं नु उविक्खसि ? दुविहाएवित्थ अहियारो ।। १६ ।। वावारुव्विक्ख तहिं संभोइय सीयमाण चोएइ । चोएई इयरं पिहु पावयणीअम्मि कज्जम्मि ।। १७ ।। अव्वावारउवेक्खा णवि चोएइ गिहिं तु सीअंतं । कम्मेसु बहुविहेसुं संजम एसो उवेक्खाए ।। १८ ।। पडिसागरिए अपमज्जिएसु पाएसु संजमो होइ । ते चेव पमज्जंते असागरिएँ संजमो होइ ।। १९ ।। पाणाईसंसत्तं पाणमहवा वि अविसुद्धं । उवगरणभत्तमाई जं वा अइरित्त होज्जाहि ।। २० ।। तं परिट्ठप्पविहीए अवहट्टुसंजमो भवे एसो । अकुसलमणवइरोहो कुसलाण उदीरणं चेव ।। २१ ।। जुयलं मणवइसंजम एसो काए पुण जं अवस्सकज्जम्मि । गमणागमणं भवइ तं उवउत्तो कुणइ सम्मं ।। २२ ।। तव्वज्जं कुम्मस्स व सुसमाहियपाणिपायकायस्स । हवइ य काइय संजमचिट्ठंतस्सेव साहुस्स ।। २३ ।। (આનું વિશેષ વર્ણન પરિશિષ્ટિ નં. ૩ માં જુઓ)

પૃથ્વી વિગેરેથી માંડીને પંચેન્દ્રિય સુધી તેઓનો સંયમ થાય. એટલે સંઘટ્ટન વિગેરે મન વચન કાયાથી ન કરે, ન કરાવે, ન અનુમોદે. જે ગ્રહણ કરવાથી અસંયમ થાય તે અહીં જાણવો. જેમકે પાંચ–પાંચ પ્રકારનાં પુસ્તક, વસ્ત્ર, ઘાસ, ચર્મ વિગેરે, પાંચ પ્રકારના પુસ્તક–ગણ્ડી, કચ્છપી, મુષ્ટિ, સંપુટ ફલક અને સૂપાટિક, આ પાંચ પ્રકારનાં પુસ્તક શ્રી વીતરાગે કહ્યાં છે.

ગણ્ડી પુસ્તકમાં પાનાં લંબાઈ પહોળાઈમાં સમાન અને દીર્ઘ હોય. કચ્છપીમાં કોરે પાતળાં અને વચમાં પહોળાં હોય છે. ચાર આંગળ લાંબા અને ગોલાકાર તે મુષ્ટિ પુસ્તક, અથવા ચાર આંગળ લાંબુ ચોખુણું હોય તે, સંપુટક. તે બે ત્રણ પાટીઆવાળું હોય છે. સૂપાટિકા એટલે પાતળાં પાનાં ઉંચા રૂપવાળું (કોમલ અને ચીકણા પત્ર વાળું) એમ પંડિતો કહે છે. અથવા દીર્ઘ હ્રસ્વ અથવા પહોળું. થોડી પહોળાઈવાળું તેને વિદ્વાન્ સાધુઓ સૂપાટિકા પુસ્તક કહે છે. (પ્રાયઃ આ તાડ પત્રને આશ્રયીને છે. હાલનો રીવાજ જુદી રીતનો છે.)

હવે બે પ્રકારના વસ્ત્ર પંચક કહે છે. અપ્રતિલેખિત અને દુષ્પ્રતિલેખિત એમાં તુલી, ઉપધાન (ઓશિકું) ગાલમસૂરીઆં (હાલ પણ રૂ ભરીને બને છે) જાણવાં. તેની પડિલેહણા સીવેલ હોવાથી ન થઈ શકે. તેથી તે અપ્રતિલેખિત તથા ખરડીઓ, સલોમટ, ભુરવીગા, જીર્ણ,સદશ વસ્ત્ર, પ્રલ્હાદિ, કુતુપિ, પ્રવારક, નવત્વક્ તથા દ્રઢ ગાલિકા એ દુઃખે કરીને પડિલેહણ થાય તે દુષ્પ્રતિલેખિત જાણવા. પ્રહલાદિ તે હાથના મોજા. કુતુપ તે રૂથી ભરેલું વસ્ત્ર. દ્રઢ ગાલિકા ને ધોએલું વસ્ત્ર વિગેરે દુઃખથી પડિલેહાય બાકીનાં જાણીતા છે. (તે વખતે પ્રસિદ્ધિમાં હશે.) તે માટે બહુશ્રુતને પૂછવું. હવે ઘાસપંચક કહે છે. આઠ કર્મને દહન કરનાર શ્રી જિનેશ્વર ભગવંત કહે છે કે, શાલિ, વ્રીહિ, કોદ્રવ, રાલ અને અરણ્યનું ઘાસ તે પાંચ પ્રકારનું છે (શિયાળામાં દિલ્હી તરફ ઠંડીના બચાવ માટે આ ઘાસ હાલમાં વપરાય છે.) પાંચ પ્રકારનાં ચામડાં તે બકરી, ઘેટું, ગાય, ભેંસ અને હરણનાં એમ સમજવાં. તે તળીઓ, ખલ્લક, વાધરી (ચામડાની દોરી) કોશ અને કૃતિમાં વપરાય છે. (પૂર્વ કાળમાં ભયંકર

અટવીઓ ઓળંગતા અથવા માંદાઓને ગૂમડાં વિગેરેનાં કારણોમાં અપવાદરૂપે સાધુઓ આ જુનાં ચામડાં વાપરતા.) તથા અસંયમના હેતુ રૂપ હોવાથી વિકટ હિરણ્ય વિગેરેને સાધુઓ ગ્રહણ કરતા નથી. જેમાં જોઈને પ્રમાર્જના ન થાય તે અસંયમ જાણવો. હવે (સંયમના વિષયમાં) પ્રેક્ષા અને ઉપેક્ષા અહીં બે પ્રકારની છે તે બતાવે છે. વ્યાપાર અને અવ્યાપારમાં. જેમ આ નાસતાની (ભાગતાની) કેમ ઉપેક્ષા કરે છે ? અહિ બન્ને પ્રકારનો અધિકાર છે. વ્યાપારની ઉપેક્ષા તે જેની સાથે ગોચરી થાય તેવા સાધુમાં કોઈ સીદાતો હોય તો તેને ધર્મ કાર્યમાં દોરવે તેમ બીજાને પણ સિદ્ધાંત માર્ગે દોરવે તે જાણવું. તે પાસત્થા વિગેરેને માટે છે. અવ્યાપાર ઉપેક્ષા તે કોઈ ગૃહસ્થી ધંધા વિના સીદાતો હોય તો તેને પ્રેરણા ન કરવી. આ ઉપેક્ષાનો સંયમ જાણવો. ગૃહસ્થી ઉભેલો હોય ત્યાં સાધુઓ પગ ન પણ પૂંજે તો સંયમ થાય અને ગૃહસ્થ ન હોય તો પગ પૂંજયેથી સંયમ થાય. પ્રાણાદિ સંસકૃત ભોજન, પાણી અથવા અવિશુદ્ધ ઉપકરણ ભોજન અથવા પ્રમાણ કરતાં વધારે હોય તો તે વિધિથી પરઠવવાથી સંયમ થાય, અને અકુશળ મન વચનનો રોધ તથા કુશળ મન વચનની ઉદીરણા કરવી તે સંયમ. મન વચનના સંયમ સાથે અવશ્ય કાર્યમાં કાયાને જોડવી અને ગમનાગમનમાં તે ઉપયોગ રાખીને સારી રીતે વર્ત્તે અસંયમ ત્યજીને કાચબાની માફક પગ હાથ વિગેરેને ગોપવીને સાધુ કાયાનો સંયમી થાય છે.

આ સંયમ બતાવ્યો. (ઉપર બતાવેલ પુસ્તક, વસ્ત્ર, ઘાસ, ચામડું એ ખાસ કારણે વાપરવાં પડે તો પડિલેહણા થાય). તેટલુંજ અને તેવું જ લેવું તે સંયમ અને બાકીનો અસંયમ જાણવો તથા **ગૃહસ્થીને પાપનો વ્યાપાર હોવાથી તેમાં માથું ન મારવું;** પણ સાધુ તથા પાસત્થાને જરૂર પડ્યેથી ધર્મમાં પણ દોરવવા પ્રેરણા કરવી વાદીની શંકા–અહિંસાજ તત્ત્વથી સંયમ છે. તેથી જુદો પાડી કહેવું તે અયુક્ત છે. આચાર્ય કહે છે. એમ નહિ. સંયમને અહિંસા ઉપર ઉપગ્રહનું કરવાપણું છે. કારણકે સંયમીનેજ ભાવથી અહિંસકપણું છે. હવે તપ ને કહે છે. તે બાહ્ય અભ્યંતર બે પ્રકારનો છે. ॥ ૪૬ ॥

[1]अणसणमूणोअरिआ, वित्ति संखेवणं रसच्चाओ । कायकिलेसो संलीणया य बज्झो तवो होइ ॥४७॥

ટીકાનો અર્થ – 'પ્રથમ બાહ્ય તપનું વર્ણન (૧) અનશન (૨) ઉણોદરી (૩) વૃત્તિસંક્ષેપ (૪) રસત્યાગ (૫) કાયક્લેશ (૬) સંલેખના. આ છ ભેદ બાહ્યતપના થયા. અનશન તે ન ખાવું તે. તે બે પ્રકારે ઈત્વર તે થોડો કાળ સુધી તે મહાવીર સ્વામિના તીર્થમાં એક ઉપવાસથી છ માસ સુધી. 'યાવત્ કથિત' તે મરણ સુધી તે ભેદની ઉપાધિથી વિશેષ પણે ત્રણ પ્રકારે છે. ૧. પાદપોપગમન. ૨ ઈંગિત–મરણ. ૩ ભકત–પરિજ્ઞા. તેમાં અનશન કરનારને ચાર આહાર છોડ્યા પછી ચેષ્ટા પણ છોડી દેવી તથા ચેષ્ટા છોડીને એકાંત નિષ્પ્રતિકર્મ શરીરવાળા તે (જે વૈયાવચ્ચ પણ ન કરાવે. જેમ ઝાડ સ્થિર છે તેમ પોતે પણ સર્વથા ઝાડ જેવો થાય. બીજા તેને જીવતો પણ ન જાણે. આને અન્ય લોકમાં સમાધિ કહે છે. તે પાદપોપગમન છે. તેના બે પ્રકાર છે– ૧ વ્યાઘાતવાળું અને ૨. વ્યાઘાત રહિત. વ્યાઘાત વાળું તે સિંહાદિના ઉપદ્રવમાં મરણ જાણી કરે તે કહ્યું છે કે =

*सीहादिसु अभिभूओ पादवगमणं करेइ थिरचित्तो । आउम्मि पहुप्पंते विआणिउं नवरि गीयत्थो ॥ १ ॥*

સિંહાદિથી પીડાયેલો ભય આવ્યે થકે સ્થિર ચિત્ત રાખી પાદપોપગમન અનશન કરે. આ સાધુ પોતાનું આયુષ્ય સમીપ આવેલું જાણી ગીતાર્થ હોય તેજ કરે.) નિર્વ્યાઘાત વાળું સૂત્ર અર્થ બન્નેમાં પાર પહોંચેલ પોતાના શિષ્યોને ઉત્સર્ગથી તૈયાર કરીને સમુદાયમાં રહીને બાર વર્ષ સુધી તપશ્ચર્યા કરે. કહ્યું છે કે

चत्तारि विचित्ताइं विगई निज्जूहियाइं चत्तारि । संवच्छरे अ दोण्णि उ एगंतरिअं च आयामं ॥१॥ णाईविगिट्ठो अ तवो छम्मासे परिमिअं च आयामं । अन्ने वि अ छम्मासे होइ विगिट्ठं तवोकम्मं ॥ २ ॥ वासं कोडिसहियं

[1] उत्तरा अ. ३०

आयामं काउ आणुपुव्वीए । गिरिकंदरं तु गंतुं पायवगमणं अह करेइ ॥ ३ ॥

'ચાર વર્ષ વિચિત્ર તપ અને ચાર વર્ષ વિકૃતિ રહિત અને બે વરસ એકાંતરે આયંબિલ કરે. ત્યાર પછી આયંબિલથી પરિમિત અતિ વિકૃષ્ટ તપ છ માસ અને વિકૃષ્ટ તપ બીજા છ માસ કરે તે પછી આનુપૂર્વીથી એક વર્ષ સુધી આયંબીલ કરીને પછી પહાડની ગુફામાં જઈ પાદપોપગમન અનશન કરે.'

ઈંગિત પ્રદેશોમાં મરણ એ ઈંગિતમરણ. આ સંહનનની અપેક્ષાએ પૂર્વનું પાદપોપગમન કરી ન શકે તે ચારે આહારના ત્યાગ નિવૃત્તિ રૂપ સ્વયં ઉદ્‌વર્ત્તના કરી શકે એ રીતે કહ્યું છે કે =

इंगिअ देसंमि सयं चउव्विहाहारचायणिप्फण्णं । उव्वत्तणादिजुत्तं णाणेण उ इंगिणीमरणं ॥ १ ॥

उ ( ઈંગિત દેશમાં પોતાની મેળે ચાર આહારનો ત્યાગ કરી ઉદ્‌વર્તનથી યુકત પણ બીજાવડે નહિ) એ ઈંગિત મરણ.

ભક્ત પરીજ્ઞા ત્રણ અથવા ચારે પ્રકારના આહારની નિવૃત્તિ રૂપ તે પોતાના શરીરની સેવા પોતે કરે બીજા પાસે કરાવે તે. ધીરજ અને સંહન ન યુક્ત જેમ સમાધિ રહે તેમ તે કરી શકે કહ્યું છે કે =

भत्तपरिण्णाणसणं तिविहाहाराइचायनिप्फण्णं । सपडिक्कम्मं नियमा जहासमाहिं विणिद्दिट्ठं ॥ १ ॥

ભક્ત પરિજ્ઞા અનશન તે ત્રણ પ્રકારના આહારનો ત્યાગ છે. પાણીની છુટ છે. બીજા પાસે સેવા કરાવે અને સમાધિમાં રહે આનું વિશેષ સ્વરૂપ બહુશ્રુતને પૂછવું હવે ઉણોદરી તપ કહે છે, તે બે પ્રકારે છે. દ્રવ્યથી ને ભાવથી દ્રવ્યથી તે ઉપકરણ, ભક્ત, પાન સંબંધી, ઉપકરણ સંબંધમાં જેઓને જિન કલ્પી વિગેરેનો અભ્યાસ હોય તેઓને આશ્રયી જાણવો, બીજાને માટે નહિ. ઉપધિના અભાવમાં સંયમ ન પળે. પરંતુ જોઈએ તે કરતાં વધારે ન લે અને સંયમ પાળે તેજ **ઉણોદરતા.** કહ્યું છે કે =

जं वट्टइ उवयारे उवगरणं तं सि होइ उवगरणं । अइरेगं अहिगरणं अजयं अजओ परिहरंतो ॥ १ ॥

(જે ઉપકારમાં વર્ત્તે તે ઉપકરણ. તે ન વધારે કે અયત્નાથી ન વાપરે. ભક્તપાન ઉણોદરતા કહે છે.) આત્મીય (પોતાનો) આહાર હોય તેથી ઓછું ખાવું તે =

बत्तीसं किरकवला आहारो कुच्छिपूरओ भणिओ । पुरिसस्स महिलाए अट्ठावीसं हवे कलवा ॥ १ ॥
कवलाण य परिमाणं कुक्कुडिअंडयपमाणमेत्तं तु । जो वा अविगिअवयणो वयणम्मि छुहेज्ज वीसत्थो ॥ २ ॥

(બત્રીસ કવળ (કોળીઆ)નો આહાર પેટ પૂર જાણવો. આ પુરુષને આશ્રયી છે. સ્ત્રીને ૨૮ જોઈએ. આ કવળ તે કુકડીના ઈંડા પ્રમાણે (નાનો) જાણવો. એનો અર્થ એ છે કે મોઢામાં સુખેથી જઈ શકે તે કવળ.) આ પ્રમાણે વ્યવસ્થા હોવાથી અલ્પાહાર વિગેરેનો ભેદ પાંચ પ્રકારે છે.

अप्पाहार अवड्ढा दुभाग पत्ता तहेव किंचूणा । अट्ठ दुवालस सोलस चउवीस तहेक्कतीसा य ॥ १ ॥

૧. અલ્પાહાર, અપાર્ધ, દુભાગ તથા કંઈક ઉણું. તે આ પ્રમાણે છે. આઠ કવલ, બાર કવલ, સોળ કવલ, ચોવીસ કવલ ને એકત્રીસ કવલ. અલ્પાહાર તે એક કવલથી માંડીને આઠ કવલ સુધી એક જઘન્ય, અને આઠ ઉત્કૃષ્ટ, વચલા મધ્યમ. એ પ્રમાણે નવથી બાર સુધી જઘન્ય, ઉત્કૃષ્ટ, મધ્યમ જાણવા. તેમજ તેરથી સોળ સુધી બે ભાગ ઉણોદરી એવીજ રીતે ૧૭ થી ૨૪ સુધી અને ૨૫ થી ૩૧ સુધી કિંચિત્ ઉણોદરી, બુદ્ધિમાને જઘન્ય વિગેરે ભેદો જાણી લેવા. એ પ્રમાણે પાણીનું પણ સમજવું આ પુરુષનું છે, તેમ સ્ત્રીનું પણ ઉણોદરી જાણવું. ભાવ ઉણોદરી તે ક્રોધાદિ કષાયનો ત્યાગ છે. કહ્યું છે કે =

कोहाईणमणुदिणं चाओ जिणवयणभावणाओ अ । भावेणोणोदरिआ पण्णत्ता वीअरागेहिं ॥१॥

જિન વચનની ભાવનાથી ક્રોધાદિ ઉત્પન્ન ન કરતાં તે ત્યાગે તે ભાવ ઉણોદરી શ્રી વીતરાગે કહી

છે.)હવે વૃત્તિસંક્ષેપ કહે છે. તે ગોચરીના અભિગ્રહ રૂપે છે. તેના અનેક પ્રકાર છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી. દ્રવ્યથી નિર્લેપાદિ લેવું. કહ્યું છે કે =

लेवडमलेवडं वा अमुगं दव्वं च अज्ज घिच्छामि । अमुगेण व दव्वेणं अह दव्वाभिगहो नाम ॥ १ ॥

લેપવાળું કે લેપ વિનાનું અમુક દ્રવ્ય આજ લઈશ અથવા અમુક દ્રવ્ય વડે નિર્વાહ કરીશ તે દ્રવ્ય અભિગ્રહ જાણવો. આઠ ગોચર સ્થાન છે

[1]अट्ठ उ गोअरभूमि एलुगविक्खंभमित्तगहणं च । सग्गामपरग्गामे एवइय घरा य खित्तम्मि ॥ २ ॥
उज्जुअ गंतुं पच्चागई अ गोमुत्तिआ पयंगविहि । पेडा य अद्धपेडा अब्भितरबाहिसंबुक्का ॥ ३ ॥
काले अभिग्गहो पुण आदी मज्झे तहेव अवसाणे । अप्पत्ते सइकाले आदी बिइ मज्झ तइअंते ॥ ४ ॥
दिंतगपडिच्छयाणं भवेज्ज सुहुमं पि मा हु अचियत्तं । इति अप्पत्तअतीते पवत्तणं मा य तो मज्झे ॥ ५ ॥
उक्खित्तमाइचरगा भावजुआ खलु अभिग्गहा होंति । गायन्तो अ रूअंतो जं देइ निसन्नमादी वा ॥ ६ ॥
ओसक्कण अहिसक्कणपरंमुहालंकिओ नरो वावि । भावण्णयरेण जुओ अह भावाभिग्गहो णाम ॥ ७ ॥

(१)




૧. ઋજાગતિ :– ઉપાશ્રયથી એક શ્રેણીમાં રહેલા ગૃહસ્થોનાં ઘરોમાં અનુક્રમે ભિક્ષા માટે ફરે અને એટલાં ઘરોમાં ભિક્ષા પૂર્ણ ન થાય, તો પણ પાછા ફરી બીજેથી લીધા વિના ઉપાશ્રયે જાય.

૨. પ્રત્યાગતિ :– ઉપરની જેમ એક શ્રેણીમાં ફરી પાછા ફરતાં બીજી શ્રેણીનાં ઘરોમાં પણ ભિક્ષા માટે ફરે.

૩. ગોમૂત્રિકા :– સામસામે રહેલાં ઘરોની અને શ્રેણીમાં સામસામે રહેલા ઘરોમાં ભિક્ષા માટે ફરતો બંને શ્રેણીઓ પૂર્ણ કરે.

૪. પતંગવિથિ :– પતંગની જેમ અનિયત ક્રમે જે તે ઘરોમાં ભિક્ષા માટે ફરે.

૫. પેટા :– પેટીની જેમ ચારે દિશામાં ચાર શ્રેણીઓ કલ્પી વચ્ચેનાં ઘરો છોડી ચારે દિશામાં કલ્પેલી ચારે શ્રેણીમાં ભિક્ષા માટે ફરે.

એલુક (ડહેલી), વિષ્કંભમાત્ર ગ્રહણ, (જે પાત્રમાં જે વસ્તુ હોય તે પાત્રથી વહોરાવે તે,) પોતાના ગામમાં કે બીજા ગામમાં, અથવા આટલા ઘરમાં કે આટલાક્ષેત્રમાં. (૧) ઋજવી ગતિ એક લાઈનના ઘરોમાં જવું (૨) પ્રત્યાગતિ જઈ પાછા ફરવું, (૩) ગોમૂત્રિકા ગાયના મૂત્ર માફક તથા (૪)પતંગ વિથી, (૫)પેટા (૬) અર્ધ પેટા અને (૭) અભ્યંતર (૮) બાહ્ય શંબુક, તથા કાળને આશ્રયી પ્રભાતે, મધ્યાહ્ને કે છેવટે અભિગ્રહ હોય એટલે સ્મૃતિકાળ પ્રાપ્ત ન થયો હોય તે આદિ, બીજામાં મધ્યે, ત્રીજામાં છેવટે. વળી આપનાર અને લેનાર જરા પણ અપ્રીતિ ન પામો એટલે અપ્રાપ્ત તથા અતીતનું વર્તન તે મધ્ય ભાવ વિગ્રહમાં ઉત્ક્ષિપ્ત, ચરકત્વ (ચરક આદિ ભિક્ષા ગ્રહણ કરીને ગયા હોય તે કાલ) વિગેરે ભાવ સહિત અભિગ્રહ થાય છે અથવા ગાતી, રોતી, બેઠેલી, ઉભાં ઉભાં વોહરાવે તે. અથવા અવષ્વષ્કણ, (તેનું કાર્ય કરવા પહેલાં વહોરાવે) અભિષ્વષ્કણ, (તે જે કાર્ય કરતો હોય તે પૂર્ણ થઈ ગયા પછી વહોરાવે) પરાઙ્મુખ (પુઠ કરીને ઉભા હોય) અલંકૃત પુરૂષ, અને કોઈ પણ ભાવથી યુક્ત હોય તેની પાસેથી લેવું તે ભાવઅભિગ્રહ જાણવો.

**રસ ત્યાગ હવે કહે છે.**

विगइं विगईभीओ विगइगयं जो उ भुंजए साहु । विगई विगइसहावा विगई विगइं बला णेइ ॥ १ ॥ विगई परिणइधम्मो मोहो जमुदिज्जए उदिण्णे अ । सुट्ठुवि चित्तजयपरो कहं अकज्जे ण वट्टिहिति ? ॥ २ ॥ दावानलमज्झगओ को तदुवसमट्ठयाइ जलमाई । सन्तेवि ण सेविज्जा ? मोहाणलदीविएसुवमा ॥ ३ ॥

તે દૂધ વિગેરેનો ત્યાગ. એટલે વિકૃતિ વિકારના ભયથી ડરેલો વાપરતો નથી. કારણકે સ્વભાવમાં વિકાર કરવાથી તેનું નામ વિકૃતિ છે તે સાધુને અનિચ્છાએ કુમાર્ગે દોરે છે. ઈંદ્રિયોને જીતવાવાળો સાધુપણ મોહ ઉદય થતા વિકૃતિનો ઉપયોગ કરે તો કેમ કુમાર્ગે ન જાય ? દાવાનળના મધ્યભાગમાં રહેલો હોય તેને શાંતિ માટે પાણી વિગેરે શું કરે ? એવી રીતે મોહાનલથી દીન પુરુષ તે સુમાર્ગને ગ્રહણ ન કરી શકે (માટે સાધુ એવિગઈ થી દૂર રહેવું) હવે કાયક્લેશ કહે છે. તેના વીરાસન વિગેરે અનેક ભેદ છે :—

वीरासण उक्कुडुगासणाइ लोआइओ य विण्णेओ । कायकिलेसो संसारवासनिव्वेअहेउत्ति ॥ १ ॥ वीरासणाइसु गुणा कायनिरोहो दया अ जीवेसु । परलोअमई अ तहा बहुमाणो चेव अन्नेसिं ॥ २ ॥ णिस्संगया य पच्छापुरकम्मविवज्जणं च लोअगुणा । दुक्खसहत्तं नरगादिभावणाए य निव्वेओ ॥ ३ ॥ पश्चात्कर्म पुरःकर्म (मई) र्यापथपरिग्रहः । दोषा ह्येते परित्यक्ताः, शिरोलोचं प्रकुर्वता ॥ १ ॥

વીરાસન, ઉત્કટ આસન તથા લોચ વિગેરે, તે સંસાર વાસમાં ખેદ રૂપ હોવાથી કાય ક્લેશ જાણવો.

---

૬. અર્ધપેટા :— ઉપરની જેમ કલ્પના કરી પાસે રહેલ કોઈ પણ બે જ દિશામાં રહેલી શ્રેણીનાં ઘરોમાં ભિક્ષા માટે ફરે.

૭. અભ્યંતર શમ્બુકા :— ગામના મધ્ય ભાગમાં રહેલા ઘરોથી ભિક્ષા શરૂ કરી, શંખના આવર્તની જેમ ગોળ શ્રેણીમાં રહેલા ઘરોમાં ભિક્ષા માટે ફરે છેવટે ગામનાં છેડે નીકળે.

૮. બાહ્ય શમ્બૂકા :— ઉપરથી ઉલટા ક્રમે એટલે ગામનાં છેડેથી ભિક્ષા શરૂ કરી શંખના આવર્તની જેમ ગોળ શ્રેણીમાં ફરતો ગામમાં મધ્યે રહેલા ઘરોમાં ભિક્ષા માટે ફરતો ફરતો છેવટે ગામનાં છેડે નીકળે.

૧. દ્રવ્યથી :— મારે આજે ભિક્ષામાં ભાલાની અણી પર રહેલા સ્નિગ્ધ માંડા વિગેરે ગ્રહણ કરવા.

૨. ક્ષેત્રથી :—એક, બે, ત્રણ વિગેરે ઘરે જવું. પોતાના જ ગામમાં કે બહારના ગામમાંથી ગોચરી લેવી, પેટા, અર્ધપેટા, વિગેરેપૂર્વક ગોચરી લેવી. આપનાર એક પગ અંદર—એક પગ બહાર— એમ રાખીને આપે તો લેવી વિગેરે.

૩. કાળથી :— પૂર્વાહ્ન વિગેરે કાળમાં, બધા ભિક્ષુકો ભિક્ષા લઈ પાછા વળી જાય પછી, ભિક્ષા માટે ફરવું વિગેરે.

૪. ભાવથી :— હસતા—હસતા, ગાતા—ગાતા રડતા—રડતા. વિગેરે ક્રિયા કરતા અથવા બંધાયેલો હોય અને ગોચરી આપતો હોય, તો હું ગ્રહણ કરીશ નહિ તો નહિ.

આ વીરાસન વિગેરેથી કાયાનો નિરોધ, જીવોમાં દયા, પરલોકના વિચાર અને બીજાનું બહુમાન એ ફાયદા છે.

હજામ આશ્રયી હાથ માથું ધોવાય. પહેલાં અને પછીના કર્મ તે સાવદ્ય હોવાથી લોચ કરવાથી બચી જાય અને નિઃસંગતા થાય. તથા દુઃખ સહન કરવાથી નરક વિગેરેની ભાવના યાદ આવતાં વૈરાગ્ય થાય.

વળી બીજાઓએ કહ્યું છે, "પશ્ચાત્ કર્મ ને પૂર્વ કર્મ. તે હજામને બોલાવવો. તેને આવતાં જતાં અસંયમથી ચાલે તથા 'કાચુ' પાણી વાપરે એ દોષ લોચવાળાને ન લાગે.હવે સંલીનતા કહે છે. તે ઈંદ્રીય સંલીનતા વિગેરે ભેદથી ચાર પ્રકારની છે.

इंदिअकसायजोए पडुच्च संलीणया मुणेयव्वा । तहय विवित्ताचरिआ पण्णत्ता वीयरागेहिं ॥ १ ॥

(૧) ઈંદ્રિય, (૨) કષાય, અને (૩) યોગને આશ્રયી સંલીનતા, તથા (૪)વિવિક્તચર્યા એમ ચાર પ્રકારની શ્રી વીતરાગે કહી છે. તેમાં કાન વિગેરે પાંચ ઈંદ્રિઓ છે. સુંદર અને ખરાબ શબ્દોમાં રાગ દ્વેષ ન કરે તો ઈંદ્રિય સંલીનતા થાય. કહ્યું છે કે =

सद्देसु अ भद्दयपावएसु सोअविसयमुवगएसु । तुट्ठेण व रुट्ठेण व समणेण सया ण होअव्वं ॥ १ ॥

સારા માઠા શબ્દો કાનમાં પડતાં સાધુએ રાગ દ્વેષ ન કરવો. તેવી રીતે રૂપ વિગેરેમાં જાણવું. કષાય સંલીનતા તે કષાયના ઉદયનો નિરોધ. ઉદીરણા અટકાવવી તે કષાય સંલીનતા છે. કહ્યું છે કે =

उदयस्सेव नीरोहो उदयं पत्ताण वाऽफलीकरणं । जं इत्थ कसायाणं कसायसंलीनता एसा ॥ १ ॥

ઉદય ન થયો હોય ત્યાં સુધી નિરોધ કરવો અને ઉદય આવ્યાને નિષ્ફળ કરવો. હવે યોગ સંલીનતા કહે છે. મનોયોગ વિગેરેના અકુશલનો નિરોધ અને કુશલની ઉદીરણા. કહ્યું છે કે =

अपसत्थाण निरोहो जोगाणमुदीरणं च कुसलाणं । कज्जंमि य विहिगमणं जोए संलीणया भणिआ ॥ १ ॥

અપ્રશસ્ત યોગનો નિરોધ અને સારા યોગની ઉદીરણા તથા કાર્યમાં વિધિ પૂર્વક યત્નથી જવું આવવું તે. હવે વિવિક્ત ચર્યા કહે છે.

आरामुज्जाणादिसु थीपसुपंडगविवज्जिएसु जं ठाणं । फलागादीण य गहणं तह भणियं एसणिज्जाणं ॥१॥

આરામ, ઉદ્યાન વિગેરે જ્યાં સ્ત્રી, પશુ, નપુંસકથી વર્જિત સ્થાન હોય ત્યાં રહેવું, અને નિર્દોષ એવાં પાટીઆ વિગેરે વાપરવાં, હવે બાહ્ય તપ પૂરો થયો. એને બાહ્ય તપ કહેવાનું કારણ એ કે અન્ય લોકો પણ તે આચરે છે, અથવા અન્ય લોકો બીજા કારણથી એ કરે છે. આથી તે બાહ્ય તપ, અર્થાત્ **મોક્ષ સિવાય બીજા માટે આદરે તો તે બાહ્ય તપ ગણાય.** હવે અભ્યંતર તપ કહે છે

पायच्छित्तं विणओ वेआवच्चं तहेव सज्झाओ, झाणं उस्सग्गोऽवि अ अब्भितरओ तवो होइ ॥ ४८ ॥

તેના (૧) પ્રાયશ્ચિત્ત,(૨) વિનય, (૩)વૈયાવચ્ચ, (૪) સજ્ઝાય, (૫) ધ્યાન, ને (૬) કાઉસગ્ગ એ છ ભેદ છે. (પ્રાયશ્ચિત્તના દશ ભેદનું સંક્ષેપમાં વર્ણન કરે છે.) આલોયણા એટલે અવશ્ય કાર્યોમાં ગોચરી વિગેરે જતાં અપરાધ ન હોય તો પણ જો આલોચના ન કરે તો અવિનય થાય. માટે ગુરુ આગળ જેવું હોય તેવું બોલી જવું. એટલે જે કંઈ અયોગ્ય આહાર વિગેરેનો અપરાધ હોય તે યાદ આવી જાય, અથવા આચાર્ય પોતે યાદ કરાવી આપે. તેથી આલોયણા કરવી સારી છે. આલોચના કરવી, પ્રકટ કહેવું, વિશુદ્ધિ કરવી, એ બધા એક અર્થમાં છે. હવે પડિક્કમણું કહે છે. એટલે ગોચરી જતાં, કથા કરતાં પ્રમાદી થઈ કોઈ સાધુ ઇરિયા સમિતિ ન પાળે તે વખતે કોઈ જીવ મૃત્યુવશ થયો હોય તો મિચ્છા મિ દુક્કડંથી શુદ્ધ થાય. એમ બાકીની સમિતિ ગુપ્તિમાં પણ જાણવું જ્યાં અસમિતિપણું હોય ત્યાં મોટો અપરાધ ન હોય તો 'મિચ્છા મિ દુક્કડંથી શુદ્ધિ થાય. આલોચના

અને પડિક્કમણ (મિશ્ર) એ એકેન્દ્રિય જીવોને આકુળતાથી સંઘટ્ટન, અને પરિતાપના કરતાં થાય છે. વિવેક નામ પરિસ્થાપનાનું છે. તે આહાર, ઉપધિ, શય્યા, આસનાદિ ઉદ્‌ગમાદિ દોષથી જો અશુદ્ધ હોય તો તે ત્યાગી દેવું. કાઉસગ્ગ અને વિઉસગ્ગ એ બન્ને એક અર્થવાળા છે. તે ક્યારે કરવાં તે કહે છે. વહાણથી નદી ઉતરતાં, ગમનાગમન, સ્વપ્ન દર્શન અને આવશ્યક વિગેરે કારણોમાં એમ બહુ પ્રકારે છે હવે તપ તે પંચ રાત્રિ દિવસનો વિગેરે રીતે બહુ પ્રકારનો છે તથા છેદના તે જે સાધુએ જેવો અપરાધ કર્યો હોય તે પ્રમાણે તેના પર્યાયનો છેદ કરે. એક દિવસ, એક પખવાડીઉં, મહિનો કે એક વરસ વિગેરે, મૂળ નામ મૂળથી પર્યાય છેદે. અનવસ્થાપ્ય તે સર્વથા ચારિત્ર છેદી કંઈક તપ કરાવી ફરી દીક્ષા આપે. પારાંચિક નામ, ક્ષેત્ર દેશથી દૂર કરી દીક્ષા આપે, આ છેદ વિગેરે દેશકાળ સંયમ વિરાધના કરનાર પુરૂષને આશ્રયી અપાય છે. આ બધું પ્રાયશ્ચિત્ત તપનું વર્ણન ગીતાર્થ પાસેથી જાણવું.

**પ્રાયશ્ચિત્તનો અર્થ :–**

કહ્યું છે કે =

पावं छिंदइ जम्हा पायच्छित्तंति भण्णए तम्हा । पाएण वावि चित्तं विसोहई तेण पच्छित्तं ।। १ ।।

પાપને છેદે અથવા પ્રાયઃચિત્તને શુદ્ધ કરે, તે આલોચનાદિ દશ પ્રકારે છે.

[1]आलोयण पडिक्कमणे मीसविवेगे तहा विउस्सग्गे । तवछेअमूलअणवट्टया य पारंचिए चेव ।। १ ।।

(૧) આલોચના, (૨) પ્રતિક્રમણ (૩) મિશ્ર (૪) વિવેક, (૫)કાઉસગ્ગ, (૬)તપ (૭) છેદ, (૮) મૂળ, (૯) અનવસ્થાપ્ય અને (૧૦) પારાંચિક આ પ્રમાણે આનું થોડુ વર્ણન ઉપર કહી ગયા છીએ એનું વિશેષ વર્ણન વિશેષાવશયક સૂત્રથી જાણવું હવે કહે છે. આઠ પ્રકારના કર્મને જે વડે દૂર કરાય તે વિનય છે, કહ્યું છે કે–

[2]विनयफलं शुश्रूषा गुरुशुश्रूषा फलं श्रुतज्ञानम् । ज्ञानस्य फलं विरति विरतिफलं चाश्रवनिरोधः ।। १ ।। संवरफलं तपोबलमथ तपसो निर्जरा फलं दृष्टम् । तस्मात्क्रियानिवृत्तिः क्रिया निवृत्ते रयोगित्वम् ।। २ ।। योगनिरोधाद्भवसन्ततिक्षयः सन्ततिक्षयान्मोक्षः । तस्मात् कल्याणानां सर्वेषां भाजनं विनयः ।। ३ ।।

વિનયનું ફળ શુશ્રૂષા, તેનું ફળ શ્રુત જ્ઞાન, તેથી વિરતિ, અને તેથી આશ્રવ નિરોધ. તેથી સંવર તેથી તપ. તપથી નિર્જરા અને તેથી ક્રિયા નિવૃત્તિ. તેનું ફળ અયોગીપણું અને તેનાથી ભવ પરંપરા નો ક્ષય થાય છે. અને તેનાથી મોક્ષ તે બધાં કલ્યાણનું મૂળ વિનય છે, તે જ્ઞાનાદિ ભેદે સાત પ્રકારે છે. તે આ પ્રમાણે

णाणे दंसणचरणे मणवइकाओवयारिओ विणओ । णाणे पंचपगारो मइणाणाईण सद्दहणं ।। १ ।। भत्ति तह बहुमाणो तद्दिट्ठत्थाण सम्मभावणया । विहिगहणब्भासोवि अ एसो विणओ जिणाभिहिओ ।। सुस्सूसणा अणासायणा य विणओ अ दंसणे दुविहो । दंसणगुणाहिएसुं कज्जइ सुस्सूणाविणओ ।। ३ ।। सक्कारब्भुट्ठाणे सम्माणासण अभिग्गहो तह य । आसणअणुप्पयाणं किइकम्मं अंजलिगहो अ ।। ४ ।। एंतस्सणुगच्छणया ठिअस्स तह पज्जुवासणा भणिया । गच्छंताणुव्वयणं एसो सुस्सूसणाविणओ ।। ५ ।।

(૧) જ્ઞાન (૨) દર્શન (૩) ચારિત્ર, (૪) મન, (૫) વચન, (૬)કાયા, (૭)ઉપચાર સંબંધી એટલે મતિ, શ્રુત વિગેરે પાંચ પ્રકારનું જ્ઞાન છે એમ શ્રદ્ધા કરવી, ભક્તિ,બહુમાન સમ્યક્ પ્રકારે ભાવવું, વિધિથી ગ્રહણ કરવું, અને અભ્યાસ કરવો તે જિનેશ્વરે કહેલો **જ્ઞાન વિનય** છે, હવે શુશ્રૂષા અને અનાશાતના એ બે પ્રકારે **દર્શનનો વિનય** છે. દર્શન ગુણમાં જે અધિક હોય તેની સેવા કરવી. તથા સત્કાર, અભ્યુત્થાન, સન્માન આસનનો અભિગ્રહ, આસન આપવું, કૃતિકર્મ (વંદન) તથા અંજલિગ્રહ. આવનારની સામે જવું, ઉભા રહેનારની પર્યુપાસના કરવી, જનારની પછવાડે જવું તે શુશ્રૂષા વિનય, સત્કાર તે સ્તવન, વંદન, વિગેરે અભ્યુત્થાન (ઉભાં થવું) તે જ્યાં દેખાય ત્યાંજ કરવું. સન્માન તે વસ્ત્ર, પાત્ર વિગેરે આપવું. પૂજન તે આસનનો-અભિગ્રહ, પછી

(૧) વધુ જુઓ પ્ર. સારોદ્ધાર ભાગ ૨ ગુજરાતી. (૨) વિનય દશવૈ. ૯ મું અ. અ. રાજેન્દ્ર કોષ ભાગ ૬/૧૧૫૩ થી ૧૧૮૨

બેસતાં, આદરવડે આસન આપી કહેવું કે બિરાજો. આસનનું અનુપ્રદાન એટલે એક સ્થાનથી બીજે સ્થાને જાય તો સાથે મૂકવા જવું. કૃતિ કર્મ એટલે વાંદણાં આપવાં એ પ્રસિદ્ધ છે. અનાશાતના વિનય, તે પંદર પ્રકારે છે.

तित्थगरधम्म आयरिअ वायगे थेर कुलगणे संघे । संभोइय किरियाए मइणाणाईण य तहेव ।।

(૧) તીર્થંકર, (૨) ધર્માચાર્ય, (૩) વાચક, (૪) સ્થવિર, (૫) કુલ, (૬) ગણ, (૭) સંઘ, (૮) સાંભોગીક, (૯) ક્રિયા, (૧૦ થી ૧૫)મતિજ્ઞાન વિગેરેમાં છે. અર્થવાદ કહે છે. જેમકે અસ્તિ (છે) માયા તથા જીવો છે વિગેરે. જો એમ શ્રદ્ધા ન કરે તો અથવા બીજી રીતે બોલે તો ક્રિયાની આશાતના થાય છે. અહીં ભાવના કહે છે. તીર્થંકરની આશાતના ન કરવાથી તીર્થંકરે કહેલા ધર્મનું બહુમાનપણું થાય છે. એજ ગુણ પ્રાપ્તિનું લક્ષણ એ પ્રમાણે બધે સમજવું.

कायव्वा पुण भत्ती बहुमाणो तह य वण्णवाओ अ । अरिहंतमाइयाणं केवलणाणावसाणाणं ।।

**ભાવના–** દર્શન વિનયમાં પ્રાયઃ તીર્થંકર (તીર્થંકર, કેવલજ્ઞાની વિગેરે ધર્મમાં સ્થિર કરનાર પુરુષોની ભક્તિ, બહુમાન, તથા ગુણોની સ્તુતિ, ભક્તામર વિગેરે સમજીને ગાવાં તે.) હવે **ચારિત્રનો** વિનય કહે છે.

सामाइयाइचरणस्स सद्दहाणं तहेव काएणं । संफासणं परूवणमह पुरओ भव्वसत्ताणं ।। १ ।। मणवइकाइयविणओ आयरियाईण सव्वकालंपि । अकुसलमणोनिरोहो कुसलाण उदीरणं तहय ।। २ ।।

સામાયિકવિગેરે પાંચ ચારિત્રની શ્રદ્ધા કરવી તથા તે આદરનાર પુરુષનો કાયા (મસ્તક) વડે સ્પર્શના કરવી તથા ભવ્ય જીવો આગળ તેમના ગુણ ગાવા, તથા **મન, વચન, કાયાનો** વિનય બધા કાળમાં આચાર્ય વિગેરેનો કરવો, અને ખરાબ ધ્યાનને અટકાવી શુભ ધ્યાન કરવું,

अब्भासऽच्छणछंदाणुवत्तणं कयपडिक्किई तहय । कारियणिमित्तकरणं दुक्खत्तगवेसणा तहय ।। १ ।। तह देसकालजाणण सव्वत्थेसु तहयणुमई भणिया । उवआरिओ उ विणओ एसो भणिओ समासेणं ।। २ ।।

વિહારમાં થાકીને આચાર્ય વિગેરે આવ્યા હોય અથવા રોગથી પીડિત હોય તો માથાથી તે પગ સુધી તેમનો વિશ્રમણ (થાક ઉતરે, તેમ) કરવું આ **ઉપચારવિનય** આ સુખકારક ક્રિયા વિશેષથી થયેલ હોય, તે ઔપચારિક વિનય, તે સાત પ્રકારે છે. ૧. અભ્યાસસ્થાન, ૨. છંદાનુવર્તન, ૩. પ્રતિકૃતિ, ૪. કાર્ય નિમિત્ત કારણ, ૫. દુખાર્ત ગવેષણ, ૬. દેશ–કાળજ્ઞાન, ૭. સર્વાર્થેષ્વનુમતિ–એ પ્રમાણે ઔપચારિક વિનય સંક્ષેપથી કહેલ છે.

૧. અભ્યાસસ્થાન એટલે સૂત્ર વિગેરેના અભ્યાસીએ આચાર્ય વિગેરેની પાસે જ રહેવું.

૨. છંદાનુવર્તન એટલે ગુરુઓની ઈચ્છા પ્રમાણે વર્તવું.

૩. કૃતં પ્રતિકૃતિ એટલે ભોજન વિગેરેની ભક્તિથી કેવલ નિર્જરા નહિ પણ પ્રસન્ન થયેલ ગુરુઓ મને સૂત્રાર્થના દાન વડે પ્રત્યુપકાર કરશે.

૪. કાર્ય નિમિત્ત કારણ એટલે કાર્ય શ્રુત પ્રાપ્તિ વિગેરે રૂપ નિમિત્તને પામીને એટલે આ ગુરુની પાસે હું શ્રુત પામ્યો છું, માટે તેમનો વિનય કરવો જોઈએ, એ નિમિત્તે વિનયાનુષ્ઠાન કરવું. અથવા સમ્યક્ સૂત્ર–અર્થ ભણાવવારૂપ કાર્ય, તે નિમિત્તે જે વિનય કરવો તે કારિત નિમિત્ત કારણ કહેવાય. અર્થાત્ ગુરુ વડે સારી રીતે ભણાવાયેલ શિષ્યે વિશેષ પ્રકારે વિનયાનુષ્ઠાનમાં સારી રીતે પ્રવર્તવું જોઈએ.

૫. દુખાર્ત ગવેષણ :– દુઃખથી પીડિતની ઔષધ વિગેરે દ્વારા સેવા કરવી. અર્થાત્ દુઃખી ઉપર ઉપકાર કરવો.

૬. દેશ—કાળના અવસરને જોવા.

૭. બધા કાર્યમાં ગુરુને અનુકૂળ પ્રમાણે વર્તવું. અથવા બાવન પ્રકારનો પણ ઉપચાર વિનય છે. તેના પ્રકાર નીચે પ્રમાણે.

**બાવન પ્રકારનો વિનય** :- ૧. તીર્થંકર ૨. સિદ્ધ ૩. નાગેન્દ્રાદિકુલ ૪. કોટી વગેરે ગણ ૫. સંઘ ૬. અસ્તિત્વવાદરૂપ ક્રિયા ૭. સાધુ શ્રાવક રૂપ ધર્મ. ૮. મતિ વગેરે જ્ઞાન ૯. જ્ઞાની ૧૦. આચાર્ય. ૧૧. સિદાતાને સ્થિર કરનાર સ્થવિર (૧૨) ૩ ઉપાધ્યાય, (૧૩) ગણિ આ તેરના અનાશાતના, ભક્તિ બહુમાન અને સદ્ભૂત ગુણવર્ણન (આથી એ સિદ્ધથાય કે જેનામાં જે ગુણ ન હોય અને એનામાં એ ગુણની પ્રશંસા કરીએ તે વિનય ન કહેવાય) આ ચાર પ્રકારે વિનય કરવાથી બાવન ભેદથી આ ઉપચાર વિનય સમાસથી કહ્યો. તેમાં સ્થાન એટલે ભણનારે આચાર્ય પાસે ઘણે દૂર કે ઘણું પાસે ન બેસવું, તથા તેમને અનુકૂળ રીતે ભણવું. તથા વંદના પૂર્વક આચાર્યને પ્રસન્ન કરી સૂત્ર અર્થ લેવો. પણ એકલી નિર્જરાના હેતુથી આહારાદિ માટે યતના ન કરવી. એટલે **નિર્જરા પણ થશે અને ગુરૂ પ્રસન્ન થઈ સારૂં ભણાવશે. તે બંને નિમિત્તે કરવું.** વળી સમ્યક્ પદ અર્થ એ અમને શીખવે છે માટે મોટો ઉપકાર તેમનો છે તે માટે તે પ્રસન્ન થાય તેમ કરવું. બાકીની વાતો પ્રસિદ્ધ છે. વિનય કહ્યો. હવે **વૈયાવચ્ચ** એટલે વ્યાપૃત ભાવ. તે અહીં–

वेआवच्चं वावडभावो इह धम्मसाहणणिमित्तं । अण्णादियाण विहिणा संपायणमेस भावत्थो ॥ १ ॥
आयरिअ उवज्झाए थेर तवस्सी गिलाणसेहाणं । साहम्मियकुलगणसंघसंगयं तमिह कायव्वं ॥ २ ॥

વૈયાવચ્ચ એટલે વ્યાપૃત તે–ધર્મ–સાધનનું કારણ છે.એટલે ભણાવનારને વિધિ વડે અન્ન વસ્ત્ર વિગેરે પૂરાં પાડવાં ૧. આચાર્ય, ૨. ઉપાધ્યાય (૩) સ્થવિર (૪) તપસ્વી (૫) ગ્લાન (અસ્વસ્થ) (૬) શૈક્ષક (નવદીક્ષિત) (૭) સાધર્મિક (૮) કૂલ (૯) ગણ (૧૦) સંઘ એ દશની વૈયાવચ્ચ કરવી. આચાર્ય પાંચ પ્રકારના છે. (૧) પ્રવ્રાજનાચાર્ય, (દીક્ષા આપનાર) (૨) દિશાચાર્ય (૩) સૂત્રના ઉદ્દેશા આપનાર ઉદ્દેશનાચાર્ય, (૪) સમુદ્દેશનાચાર્ય (૫) વાચનાચાર્ય (૨) ઉપાધ્યાય એ પ્રસિદ્ધછે. (૩) સ્થવિર એટલે ગચ્છની સારી હાલત રાખે યથા યોગ્ય વ્યવસ્થા કરે, અથવા વય, જ્ઞાન કે ચારિત્ર પર્યાય વડે વૃદ્ધ હોય, (૪) તપસ્વી તે ઉગ્ર તપસ્યા કરે તથા ચારિત્રમાં અનુરક્ત રહે, (૫) ગ્લાન (રોગાદિથી પીડિત) (૬)શૈક્ષક (નવદીક્ષિત) (૭) સાધર્મિકના ચાર ભેદ (૧) પ્રવચનથી, નલિંગથી, (૨) લિંગથી, નપ્રવચનથી, (૩) લિંગથી અને પ્રવચનથી (૪) નલિંગથી ન પ્રવચનથી, (૮) કૂલ (૯) ગણ (૧૦) સંઘ પ્રસિદ્ધ છે. હવે સ્વાધ્યાય કહે છે. તે પાંચ પ્રકારે (૧) વાચના (૨) પૃચ્છના (૩) પરાવર્તના (૪) અનુપ્રેક્ષા, અને (૫) ધર્મ કથા. (૧)વાચના એટલે શિષ્યોને ભણાવવા (૨) પૃચ્છના સૂત્ર અથવા અર્થની પૃચ્છા કરવી (૩) પરાવર્તના પૂર્વે ભણેલાને વારેવારે યાદ કરવું (૪) અનુપ્રેક્ષા એટલે મનમાં ગણવું વિચારવું ચિંતન કરવું (મોટેથી બોલવું નહિ.) (૫) ધર્મ કથા એટલે અહિંસા વિગેરે લક્ષણ યુક્ત સર્વજ્ઞ પ્રણિત ધર્મ નું વ્યાખ્યાન કરવું. (જેમાં બીજાને વૈરાગ્ય થાય અને એ મોક્ષાભિલાષી બને)

હવે ધ્યાન કહે છે. તે ચાર પ્રકારે છે (૧) આર્ત્તધ્યાન, (૨) રૌદ્ર ધ્યાન (૩) ધર્મધ્યાન (૪) શુક્લધ્યાન તેમાં કહ્યું છે કે =

राज्योपभोगशयनासनवाहनेषु, स्त्रीगन्धमाल्यमणिरत्नविभूषणेषु इच्छाभिलाषमतिमात्रमुपैति मोहाद्, ध्यानं तदार्त्तमिति तत्प्रवदन्ति तज्ज्ञाः ॥१॥ संछेदनैर्दहनभञ्जनमारणैश्च, बन्धप्रहारदमनैर्विनिकृन्तनैश्च । यो याति रागमुपयाति च नानुकम्पां, ध्यानन्तु रौद्रमिति तत्प्रवदन्तितज्ज्ञाः ॥२॥ सूत्रार्थसाधनमहाव्रतधारणेषु, बन्धप्रमोक्षगमनागमहेतुचिन्ता । पञ्चेन्द्रिय व्युपरमश्च दया च भूते, ध्यानं तु धर्ममिति तत्प्रवदन्ति तज्ज्ञाः ॥ ३ ॥ यस्येन्द्रियाणि विषयेषु

पराङ्मुखानि, सङ्कल्पकल्पनविकल्पविकारदोषैः ।योगैः सदा त्रिभिरहो निभृतान्तरात्मा, ध्यानोत्तमं प्रवरशुक्लमिदं वदन्ति ।। ४ ।। आर्त्ते तिर्यगितिस्तथा गतिरधो ध्याने तु रौद्रे सदा, धर्मे देवगतिः शुभं बत फलं शुक्ले तु जन्म क्षयः । तस्माद् व्याधिरुगन्तके हितकरे संसारनिर्वाहके, ध्याने शुक्लवरे रजः प्रमथने कुर्यात् प्रयत्नं बुधः ।।

રાજ્ય, ઉપભોગ, શયન, આસન, વાહન, સ્ત્રી, સુગંધી માળા, મણિ, રત્ન, દાગીના તેમાં મોહના ઉદયથી ઈચ્છા–અભિલાષા થાય છે તેને વિદ્વાનો આર્ત્તધ્યાન કહે છે (અનુકૂળનો રાગ અને પ્રતિકૂળનો ખેદ તે આર્ત્તધ્યાન છે).. તથા બીજાના અંગો પાંગનું છેદન કરવું બાળવું, ભાંગવું, મારવા વડે બાંધવું, પ્રહાર દમન તથા વિનિકૃંતન ક્રૂરતાથી કરી જે ખુશ થાય છે અને દયા લાવતો નથી અને પારકાને દુઃખ આપવા સંબંધી ધ્યાન કરે છે તે રૌદ્રધ્યાન જાણવું આવુ જ્ઞાની કહે છે. ૩ સૂત્ર અર્થ સાધવાને તથા મહાવ્રત ધારણ કરવામાં અને બંધનોનો છુટકારો કરવાના હેતુ રૂપ જે વિચારો–ચિંતા થાય તે, તથા પાંચે ઈંદ્રિઓને જીતવી, સર્વ જીવોમાં દયા રાખવી તેને પંડિતો ધર્મધ્યાન કહે છે. તથા ઈંદ્રિઓ મોહક વિષયોમાં પણ પરાંમુખ રહે અને સંકલ્પ કલ્પના, વિકલ્પ, વિકાર દોષો તથા તેના વ્યાપારથી રહિત જેનો આત્મા શાંત છે તેને પંડિતો ઉત્તમ–શ્રેષ્ઠ એવું શુક્લ ધ્યાન કહે છે આ ચારેનું ફળ કહે છે. (૧) આર્ત્તધ્યાનથી તિર્યંચગતિ થાય (૨) રૌદ્ર ધ્યાનથી નરક પ્રાપ્તિ (૩) ધર્મ ધ્યાનથી દેવ ગતિ અને શુભ ફળ છે, (૪) પણ શુક્લ ધ્યાનથી તો જન્મનો ક્ષય અર્થાત્ મોક્ષમળે છે, તેથી વ્યાધિ રોગનો નાશ કરનાર હિતકારી. સંસારનો છેદ કરનાર અને કર્મ રજને દૂર કરનાર એવા શુક્લ ધ્યાનમાં પંડિત પુરુષો પ્રયત્ન કરે છે. ધ્યાનશતકથી આનો વિશેષ અધિકાર જાણી લેવો. **કાઉસગ્ગ** દ્રવ્યથી ને ભાવથી એમ બે પ્રકારે છે. દ્રવ્યથી ચાર પ્રકારે છે (૧) ગણ (૨) શરીર (૩) ઉપધિ અને (૪) આહારથી, અને ભાવથી ક્રોધાદિ વિગેરેનો ત્યાગ છે. કહ્યું છે કે =

दव्वे भावे अ तहा दुहा विसग्गो चउव्विहो दव्वे । गणदेहोवहिभत्ते भावे कोहादिचाओ त्ति ।। १ ।। काले गणदेहाणं अतिरित्ता सुद्धभत्तपाणाणं । कोहाइयाण सययं कायव्वो होइ चाओ त्ति ।। २ ।।

દ્રવ્યભાવ તે દ્રવ્યથી ચાર પ્રકારે અને ભાવથી ક્રોધાદિનો ત્યાગ કરે વિગેરે. તે ઉપર કહ્યા પ્રમાણે છે. કાળમાં, ગણ અને દેહનું અતિરિક્ત, અશુદ્ધ ભક્તપાન વિગેરેનો ત્યાગ કરવો જો સ્વશિષ્ય ગચ્છ સંભાળનારા હોય ત્યારે ગુરુ તેને જવાબદારી સોંપી પોતે અનશન કરે. ભાવથી ક્રોધાદિકનો ત્યાગ કરવો આ પ્રાયશ્ચિત્તથી માંડી કાઉસગ્ગ સુધી જે અભ્યંતર તપ છે તે લૌકિક મતવાળા જાણતા નથી અને જાણવાવાળા પણ મોક્ષને વાસ્તે યથા યોગ્ય તે આદરતા નથી, આથી જૈન મતવાળા તેને અભ્યંતર તપ કહે છે. બાકીના અર્થ પ્રકટ હોવાથી સૂત્ર પદને સ્પર્શી તે નિરૂક્તિકારે નથી કહ્યો; પણ બુદ્ધિમાને તે પોતાની મેળે વિચારી લેવો. વાદીની શંકા–ધર્મ એ ઉત્કૃષ્ટ મંગળ છે. તેમાં ધર્મ ગ્રહણમાં અહિંસા સંયમ લેવાં તે અયુક્ત છે. કારણ કે અહિંસા વિગેરે ધર્મમાંએ સંપૂર્ણ રીતે રહેલ છે. આચાર્યનું સમાધાન એમ નહીં અહિંસા તે ધર્મનું કારણપણું, અને ધર્મ તે કાર્ય પણું હોવાથી તે કાર્ય કારણમાં કંઈક ભેદ છે. અને કંઈક ભેદ તે આ છે. તેનો દ્રવ્ય પર્યાય તે ઉભય રૂપ હોવાથી બતાવ્યો છે. કહ્યું છે કે =

णत्थि पुढवीविसिट्ठो घडोत्ति जं तेण जुज्जइ अणण्णो । जं पुण घडुत्ति पुव्वं नासी पुढवीइ तो अन्नो ।।

પૃથ્વીથી જુદો ઘડો નથી તેથી તે એક બીજાથી જુદા નથી પણ માટીનો બનેલો ઘડો તે પહેલાં માટી અને પછી ઘડો તેથી ઘડો માટીથી જુદો પણ કંઈક અંશે કહેવાય તેથી અહિંસા વિગેરે જુદા પણ બતાવ્યાં. વળી ગમ્યાદિ ધર્મ જે પૂર્વે અનેક પ્રકારે બતાવ્યો તેનાથી આ અહિંસા ધર્મ જુદો છે તે લોકોત્તરપણું બતાવવા માટે

લૌકિક ધર્મથી જુદો પાડવા અહિંસાદિ લક્ષણ બતાવવું તે ઠીક છે. વાદીની શંકા–અહિંસા, સંયમ, તપરૂપ ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે એવું વચન તે આણાસિદ્ધ છે કે યુક્તિ સિદ્ધ પણ છે ? નિર્યુક્તિકાર ઉત્તર આપે છે. ॥ ૪૮ ॥

जिणवयणं सिद्धं चेव भण्णए कत्थई उदाहरणं । आसज्ज उ सोयारं हेऊऽवि कहिंचि भण्णेज्जा ॥ ४९ ॥

પૂર્વે કહેલા સ્વરૂપવાળા જિન તેમનું વચન આજ્ઞા વડે સિદ્ધ–સાચુંજ છે તે પ્રખ્યાત છે. તે વિચાર્યા વિનાજ સિદ્ધ–વિશ્વાસપાત્ર છે કારણ કે રાગદ્વેષથી રહિત તે જિન છે અને રાગી વિગેરેનું વચન સત્ય હોવાનો અસંભવ છે. કહ્યું છે કે–

रागाद्वा देषाद्वा मोहाद्वा वाक्यमुच्यते ह्यनृतम् । यस्य तु नैते दोषास्तस्यानृतकारणं किं स्यात् ॥ १ ॥

રાગ દ્વેષ અને મોહથી જે વાક્ય બોલાય તે જૂઠું જેને આ દોષ નથી તેને જૂઠનું કારણ શું છે ? વિગેરે છે તો પણ તેવા સાંભળનારાઓની અપેક્ષાથી ક્યાંક ઉદાહરણ કહીએ છીએ. તથા સાંભળનારને આશ્રયી ક્યાંક હેતુ પણ કહીએ છીએ, પણ નિયોગથી નહિ 'તુ શબ્દ સાંભળનારનું વિશેષપણું બતાવે છે કે સાંભળનાર કેવો છે ? તિક્ષ્ણ બુદ્ધિવાળો કે મધ્યમ બુદ્ધિવાળો ? અલ્પ બુદ્ધિવાળા માટે નહિ કારણકે બુદ્ધિમાન હેતુ માત્રના ઉપન્યાસ વડેજ ઘણા ઘણા અર્થને માટે ગમન કરી શકે છે. મધ્યમ બુદ્ધિવાળો તેના વડેજ બોધ પામે છે પણ બીજો નહિ, તેમાં સાધ્ય, સાધના, અન્વય, વ્યતિરેક બતાવવું તે ઉદાહરણ કહેવાય. તે દૃષ્ટાંત જાણવો. સાધ્ય ધર્મ તે અન્વય, વ્યતિરેક લક્ષણ, હેતુ. અહી હેતુને ઉલ્લંઘીને પ્રથમ ઉદાહરણ કહેવું તે ન્યાયને અનુસરી તેના બલવડેજ હેતુનો સાધ્ય અર્થ અને તેનું સાધકપણું તેનો સ્વીકાર થાય છે. કોઈ જગ્યાએ હેતુ કહ્યા વિના પણ દૃષ્ટાંત કહેવાય. અથવા ન્યાય બતાવવા માટે પણ કહેવાય. જેમ ગતિ પરિણામને પરિણમેલા જીવ પુદ્ગલોને ગતિના આધાર રૂપ ધર્માસ્તિકાય છે. જેમ ચક્ષુવાળા જ્ઞાનને દીવાની માફક (એટલે આંખો હોય અને જ્ઞાન હોય તોજ દીવો કામ લાગે ) કહ્યું છે કે =

जीवानां पुद्गलानां च, गत्युपष्टम्भकारणम् । धर्मास्तिकायो ज्ञानस्य, दीपश्चक्षुष्मतो यथा ॥

જેમ જ્ઞાન અને આંખોવાળાનેદીવો સહાયક છે તેમ જીવ અને પુદ્ગલોની ગતિના ઉદગમનનું કારણ ધર્માસ્તિકાય છે તે જીવ વિગેરેને સહાય કરે છે. કોઈ વાર હેતુ એકલાજ કહેવાય છે. દૃષ્ટાંત નથી કહેતા. જેમકે આ મારો ઘોડો છે કારણ કે તેને લાખું વિગેરે પ્રસિદ્ધ ચિન્હ છે. બીજામાં બીજી રીતે દેખાતું નથી તેથી આ મારોજ છે ॥ ૪૯ ॥

कत्थइ पंचावयवं दसहा वा सव्वहा न पडिसिद्धं । न य पुण्ण सव्वं भण्णइ हंदी सविआरमक्खायं ।५०।

**અર્થ–** કોઈ સ્થળે સાંભળનારની અપેક્ષાએ પાંચે અવયવ કહેવાય છે તો કોઈ સ્થળે [1]દશ અવયવ, બધી રીતો ગુરુ અને સાંભળનારની અપેક્ષાએ છે, પણ પ્રતિષિદ્ધ ઉદારહરણ વિગેરે નથી એટલું વાકય શેષ છે. જોકે નિષેધ નથી તો પણ અવિશેષ વડે જ છે. પણ સરલ ઉદાહરણ વિગેરે કહેતા નથી. શા માટે ? તે કહે છે. અહી તે પાસે બતાવવા માટે શું પાસે બતાવે છે ? જેના વડે અહી અથવા બીજો જુદા શાસ્ત્રોમાં પ્રતિપક્ષ થાય. અહી કહેલું તે અનુક્રમે ઉદાહરણ વિગેરેથી કહેલું છે એમ જાણીએ છીએ. પાંચ અવયવ તે આ છે – (૧) પ્રતિજ્ઞા, (૨) હેતુ, (૩) ઉદાહરણ, (૪) ઉપનય અને (૫) નિગમન, ન્યાય દર્શન ૧–૧–૩૨ સૂત્ર પ્રમાણે છે. (૧) દશ પ્રતિજ્ઞા – ^વિભક્તિ વિગેરે આગળ કહેશે. એમના પ્રયોગ નું લંબાણ ન કરવા ખાતર અહી ન કહેતાં જરૂર પડશે ત્યાં કહીશું. હવે જિન વચન સિદ્ધ છે અને કોઈ સ્થળે ઉદાહરણ કહે છે વિગેરે તેમાં ઉદાહરણ અને

[1] નિર્યુક્તિ ની ગાથા ૧૩૭ માં ૧૦ નામ જોવા.

હેતુનું સ્વરૂપ કહે છે.

[A]तत्थाहरणं दुविहं चउव्विहं होइ एक्कमेक्कं तु हेऊ चउव्विहो खलु तेण उ साहिज्जए अत्थो ।।५१।।

'तत्र' શબ્દ વાક્યનો ઉપન્યાસ બતાવનાર છે અથવા નિશ્ચય વાચક છે. ઉદાહરણ પૂર્વની માફક છે, તે મૂળ ભેદથી બે પ્રકારે છે. એટલે એક બનેલું (ચરિત) અને બીજું સમજાવવા માટે બનાવટી (કલ્પિત)હવે તેમાં ઉત્તર ભેદ જે ચાર પ્રકારે છે તે કહે છે. તે બેનાજ (૨) ઉદાહરણ, આહરણ ૧ તેનો દેશ. ૨ તેનો દોષ ૩ તેનો ઉપન્યાસ ૪ એ ચાર ભેદ આગળ કહીશું.

ઈચ્છિત ધર્મ વિશિષ્ટ અર્થને પમાડે તે હેતુ. તે ચાર પ્રકારે છે. 'ખલુ' શબ્દ વ્યક્તિ ભેદથી અનેક પ્રકારનો વિશેષ અર્થ બતાવનાર છે. 'તુ' શબ્દનો પુનઃ શબ્દાર્થ છે. તે હેતુ વડે સાધ્ય અર્થ અવિનાભાવના બલ વડે સધાય છે, કરાય છે અથવા જણાય છે. અર્થ એટલે જે સિદ્ધ કરવાની પ્રતિજ્ઞા છે. હવે જુદા જુદા દેશમાં જન્મેલા શિષ્યોના સમુદાયના હિત માટે ઉદાહરણના એક અર્થમાં વપરાતા પર્યાયવાચી શબ્દો કહે છે. ॥ ૫૧ ॥

नायमुदाहरणंतिअ, दिट्ठंतोवम निदरिसणं तहय । एगट्ठं तं दुविहं चउव्विहं चेव नायव्वं ।। ५२ ।।

જ્ઞાત, જે વડે દૃષ્ટાંત આપવાનો અર્થ જણાય તે, અધિકરણમાં નિષ્ઠા પ્રત્યય છે. તે પ્રમાણે જે વડે ઉદાહરણ કરાય અને ઈચ્છિત અર્થ પમાય તે ઉદાહરણ. દૃષ્ટાંત એટલે જોયેલા અર્થને અંત સુધી લઈ જાય અતીંદ્રિય એટલે પ્રમાણથી ન દેખાયેલું સંવેદન નિષ્ઠાને પહોંચાડે તે દૃષ્ટાંત છે. જેના દ્રાષ્ટાંતિક અર્થ ઉપમાવડે કરાય તે ઉપમાન તથા નિદર્શન એટલે જે નિશ્ચયવડે દ્રાષ્ટાંતિક જ અર્થ થાય તે છે. આ બધા એક અર્થવાળા છે. પૂર્વે કહેલું આ બંને પ્રકારનું ઉદાહરણ તથા ચાર પ્રકારનું પ્રત્યેક જાણવું. સામાન્ય વિશેષથી કંઈક અંશે એકપણું હોવાથી, તેથી સામાન્યનું પણ પ્રધાનપણું બતાવવા એક વચનનું કહેવું છે તે પ્રમાણે એકાર્થ છે. અહીં બહુ કહેવાનું છે પણ ગ્રંથ વિસ્તાર ભયથી નથી કહેતા. હવે બે પ્રકારનું ઉદાહરણ કહે છે ॥ ૫૨ ॥

**ઉદાહરણ :-**

[B] चरिअं च कप्पिअं वा दुविहतत्तोचउव्विहेक्केक्कं । आहरणे तद्देसे तद्दोसे चेवुवन्नासे ।। ५३ ।।

ટીકાનો અર્થ – બનેલું અને કલ્પિત તે બે પ્રકારે છે. જેમાં ચરિત એટલે બનેલું જે વડે કહેવાના અર્થને માનવામાં આવે. દાખલા તરીકે નિયાણું કરવું તે દુઃખ માટે છે. જેમ બ્રહ્મદત્તે, નિયાણું કરી દુઃખ ભોગવ્યું વળી કલ્પિત તે પોતાની બુદ્ધિ કલ્પનારૂપ શિલ્પવડે બનાવી દેવું. તેના વડે કોઈને કહેવાના અર્થની ખાત્રી થાય. જેમકે પીપળાના પાનથી અનિત્યતા બતાવે છે. કહ્યું છે કે–

जह तुब्भे तहअम्हे तुब्भेवि अ होहिहा जहा अम्हे । अप्पाहेइ पडंतं पंडुअपत्तं किसलयाणं ।। १ ।।
णविअत्थि णवि अ होही उल्लावो किसलपंडुपत्ताणं । उयमा खलु एस कया भविअजणविबोहणट्ठाए ।। २ ।।

જેમ તમે તેમ અમે પૂર્વે હતા અને અમે જેમ પડ્યા છીએ તેમ તમારે પડવાનું છે આવું સૂકાયેલાં પડતાં પાંદડાં નવાં પાંદડાની કુંપળોને કહે છે. આ કલ્પિત દૃષ્ટાંતમાં પાંદડાં કંઈ બોલતાં નથી પણ નવ યુવકો અહંકાર કરતા હોય અને તે ભવ્ય સત્ત્વાળા હોય તો તેમના બોધ માટે છે, વિગેરે. હવે આ ઉદાહરણ તે દ્રૃષ્ટાંત કહેવાય. તેનું સાધ્ય જે અનુગમાદિ લક્ષણ છે. હવે દ્રૃષ્ટાંત કહે છે તેનું સાધ્ય અનુગમ વિગેરે લક્ષણ છે. કહ્યું છે =

साध्येनानुगमो हेतोः, साध्याभावे च नास्तिता । ख्याप्यते यत्र दृष्टान्तः, स साधर्म्येतरो द्विधा ।।

સાધ્યવડે હેતુના અનુગમને સાધ્યના અભાવમાં નથી પણ તે દૃષ્ટાંત કહેવાય. તે સાધર્મ અને તે સીવાયનો બીજો વૈધર્મ એમ બે પ્રકારે છે પણ અત્રે લક્ષ્યનો અભાવ હોવાથી શા માટે ઉદાહરણ પણું કહેવાય ?

[A]દૃષ્ટાન્ત ના ચાર પ્રકાર (૧) આહરણ= સામાન્ય દૃષ્ટાન્ત, આહરણ તદ્દેશ= એકદેશીય દૃષ્ટાન્ત (૩) આહરણ તદ્દોષ= સાધ્ય વિકલ દૃષ્ટાન્ત (૪) ઉપન્યાસ ઉપનય= વાદી દ્વારા કરી ગયેલ ઉપન્યાસ તેનું ખંડન કરવા પ્રતિવાદીનું વિરુદ્ધાર્થક ઉપનય. [B] સ્થાનાંગ ૪/૩/૫૦૦

ઉત્તર તેમાં પણ કંઈક અંશે સાધ્યના અનુગમવડે દૃષ્ટાંતિક અર્થના સ્વીકારની ખાત્રીના ફળથી ઉદાહરણ છે. અહીં પણ તે છે જ એમ કહીને જ તે ઉદાહરણ કેમ નહિ ? સાધ્યનું અનુગમ વિગેરે લક્ષણ પણ સામાન્ય વિશેષ ઉભય રૂપ અનંતધર્મવાળી વસ્તુમાં છતાં કંઈક ભેદવાળાનેજ યોજી શકાય. બીજાને નહિ. એકાંત ભેદ જે અભેદનો તેમાં અભાવ છે. જેમકે સર્વથા પ્રતિજ્ઞા, દૃષ્ટાંત અર્થના ભેદવાળા વાદીને અનુગમથી નિશ્ચયે ઘટાડેલ કૃતકપણાથી અત્યંતપણાના પ્રતિબંધનું દર્શન તે ચાલતી બાબતમાં અનુપયોગી છે. (કારણ કે) ભિન્ન વસ્તુનો ધર્મ હોવાથી અને સામાન્યમાં પરિકલ્પિતપણાનું અસત્ત્વપણું હોવાથી આ પણ તેના બળ વડે સાધ્ય અર્થ પ્રતિબંધની કલ્પના છતાં અતિ પ્રસંગનો દોષ આવે. અહીં બહુ કહેવાનું છે. તે ગ્રંથ વિસ્તાર ભયથી નથી કહેતા.

આ પ્રમાણે એકાંત અભેદવાદીને પણ તેનો અભાવ જાણવો, પણ અનેકાંતવાદી વસ્તુને અનંત ધર્મવાળી માનતાં તેના તેના ધર્મના સામર્થ્યપણાથી તે તે વસ્તુઓના પ્રતિબંધના બળ વડેજ તે તે વસ્તુઓનો ગમક (મેળવનાર) થાય છે. બીજી રીતે તેનો તેમાં તે સંબંધી સ્વીકારનો અભાવ છે. આટલું જ બસ છે. હવે ચાલુ વિષય કહેવામાં આવે છે. વિધિ વડે ચરિત અને કલ્પિત એમ બે પ્રકારનાં ઉદાહરણ કહ્યાં. હવે દરેકના ચાર પ્રકાર કહે છે. ૧. ઉદાહરણ ૨ તેનો દેશ. ૩ તેનો દોષ ૪. ઉપન્યાસ. તેમાં ઉદાહરણનો શબ્દાર્થ કહ્યો જ છે. તેના દેશ, દોષ તથા ઉપન્યાસને કહીએ છીએ. ભાગ એટલે દેશ, દોષ એટલે ભૂલ અને ઉપન્યાસ તે વસ્તુ આશ્રયીને લક્ષણવાળો આગળ કહેવાશે. હવે ઉદાહરણ કહે છે ॥ ૫૩ ॥

[1]चउहा खलु आहरणं होइ अवाओ उवाय ठवणा य । तहय पडुप्पन्नविणासमेव पढमं चउविगप्पं ॥ ५४ ॥

**ટીકાનો અર્થ-** (૧)ઉદાહરણ ચાર પ્રકારે છે અથવા વિચાર કરતાં ઉદાહરણના ૪ ભેદ છે. જેમકે ૧. અપાય, ૨. ઉપાય, ૩. સ્થાપના અને ૪. પ્રત્યુપન્ન વિનાશજ. એનું વિસ્તારથી વર્ણન નિર્યુક્તિકાર કહેશેજ. પહેલા અપાયનું ઉદાહરણ ચાર વિકલ્પવાળું છે તે અપાય ચાર પ્રકારનો નીચે પ્રમાણે છે. ૧. દ્રવ્ય અપાય ૨. ક્ષેત્ર અપાય ૩. કાળ અપાય ૪. ભાવ અપાય તેમાં દ્રવ્યનો અપાય તે દ્રવ્યાપાય છે. અપાય એટલે અનિષ્ટની પ્રાપ્તિ (નુકશાન) અથવા દ્રવ્યજ અપાય અર્થાત્ દ્રવ્ય પોતે નુકસાનનો હેતુ થાય છે તે. એ પ્રમાણે ક્ષેત્રમાં અથવા ક્ષેત્રથી પીડા થાય તે ક્ષેત્રઅપાય. એ પ્રમાણે બીજામાં જાણી લેવું. દ્રવ્યાપાયની વાત કહે છે ॥ ૫૪ ॥

दव्वावाए दोन्नि उ वाणिअगा भायरो धण निमित्तं वहपरिणएक्कमेक्कं दहंमि मच्छेण निव्वेओ ॥ ५५ ॥

દ્રવ્યઅપાયના બે દૃષ્ટાંત કહે છે 'તુ' શબ્દથી બીજા પણ જાણવા. જેમકે બે ભાંઈઓ ધન માટે એક બીજાને મારવા તૈયાર થયા. તે કુંડમાંના મત્સ્ય વડે વૈરાગ્ય પામ્યા. ગાથાનો અર્થ સમાપ્ત. એનો ભાવાર્થ આ કથાથી જાણવો. તે કહે છે–કોઈ એક સન્નિવેશમાં બે ભાઈઓ મહા દરિદ્રી હતા તેઓએ સોરઠ દેશમાં જઈ એક હજાર રૂપીઆ પેદા કરી વાંસળીમાં ભર્યા અને તે લઈને બન્ને જણ પોતાને ગામ આવ્યા. રસ્તામાં બન્ને જણ વારા ફરતી તે વાંસળીને ઊચકે છે. એક વખત જ્યારે એકના હાથમાં વાંસળીહતી ત્યારે બીજો ચિંતન કરે છે 'કે આને મારૂં તો રૂપીઆ મારા થઈ જાય ! બીજાએ પણ તેજ વિચાર કર્યો. ત્યાર પછી બન્નેના એવાં વિચાર ચાલતા હતા તેવામાં તેઓ ગામની સમીપે આવ્યા. નદીના તટમાં મોટા ભાઈની વાંસળી ઉપાડવાની વારી આવી. તે કહેવા લાગ્યો. 'ધિક્કાર હો મને કે મેં મારા ભાઈનો વિનાશ ચિંતવ્યો.' એમ કહી પોક મૂકીને રડવા

---

૧. ઉદાહરણ તે ચાર પ્રકારે. (૧) અપાય– હેયધર્મનું જ્ઞાયક દૃષ્ટાંન્ત (૨) ઉપાય – ઉપાદેય વસ્તુનું ઉપાય બતાવનાર દૃષ્ટાન્ત (૩) સ્થાપનાકર્મ– અભિષ્ટની સ્થાપના માટે પ્રયુક્ત દૃષ્ટાન્ત (૪) પ્રત્યુપન્નવિનાશ– ઉત્પન્ન થયેલા દુષણ ને માટે લીધેલ –દીધેલ તે દૃષ્ટાન્ત.

લાગ્યો. બીજાએ પૂછ્યું, 'કેમ રડે છે'? તેણે ખરું કહ્યું, તે બોલ્યો, 'મને પણ એવોજ વિચાર થયાં હતો. મને પણ ધિક્કાર છે' એમ કહી બન્ને જણે તે વાંસળી કુંડમાં ફેંકી દીધી અને તેઓ ઘેર આવ્યા. માછલું તે વાંસળી ગળી ગયું, માછી મારે તે માછલાને જાલમાં પકડ્યું અને માછીમાર તેને મહોલ્લામાં વેચવા લઈ ગયો. આ બે ભાઈઓની માએ માછલું લાવવાને દાસી (બહેન)ને મહોલ્લામાં મોકલી કે જેથી ભાઈને ભોજન અપાય. દાસીના હાથમાં તેજ માછલું આવ્યું. માછલાંને ચીરતાં અંદરથી તેણે વાંસળી જોઈ. તેણે વિચાર્યુ. ' આ મારી થાઓ.' એમ વિચારી તે તેણે ખોળામાં છુપાવવાનું કર્યું. બુઢ્ઢી ડોસીએ તે જોઈને કહ્યું, 'ખોળામાં તેં શું છુપાવ્યું ? પણ દાસી લોભણી બની કંઈ બોલી નહિ પછી બન્ને જણ લડ્યાં દાસીએ મર્મ પ્રદેશમાં છરી મારી તેથી માઁ મરી ગઈ. બે ભાઈઓએ આ વાત જાણીને તથા માને મરેલી જોઈને વિચાર્યું કે દ્રવ્ય દુઃખદાયી છે. તેથી તે બન્નેને વૈરાગ્ય થવાથી તે બાઈને કોઈની સાથે પરણાવીને બન્નેએ દીક્ષા લીધી. (અહીં દાસી અને ભગિની એકજ અર્થમાં વપરાયેલ છે.)

**લૌકિકમાં પણ કહેવાય છે કે**

अर्थानामर्जने दुःखमर्जितानां च रक्षणे । आये दुःखं व्यये दुःखं, धिग् द्रव्यंदुःखवर्धनम् ।। १ ।।
अपायबहुलं पापं, ये परित्यज्य संश्रिताः तपोवनं महासत्त्वास्ते धन्यास्ते तपस्विनः ।।२।।

ધન પ્રાપ્તિમાં દુઃખ ત્યાર પછી તેના રક્ષણમાં દુઃખ અને તે ખરચવામાં પણ દુઃખ થાય છે માટે દુઃખને વધારનારૂં દ્રવ્ય તેનેધિક્કાર હો. વળી બહુ દુઃખવાળું પાપ રૂપ જે ધન તેને ત્યજીને જેઓએ તપોવનનો આશ્રય લીધેલ છે તે મહાસત્વવાળા તપસ્વીઓ ને ધન્યવાદ છે વિગેરે. આટલું ચાલતી વાતમાં ઉપયોગી છે. હવે **ક્ષેત્ર અપાય** કહે છે ।। ૫૫ ।।

खेत्तंमि अवक्कमणं, दसारवग्गस्स होइ अवरेणं । दोवायणो अ काले, भावे मंडुक्किआखवओ ।।५६।।

ક્ષેત્ર દ્વારનો વિચાર તે ક્ષેત્રથી અપાય અથવા ક્ષેત્રજ પોતે તેનું કારણ થાય. તેનું ઉદાહરણ અપક્રમણ (બીજે સ્થળે જવું), દશા વર્ગ એટલે દશ દશારણ વિગેરે અક્ષરાર્થ છે. તેનો ભાવાર્થ કથાથી જાણવો. તે કહીશું. તથા દ્વૈપાયન ઋષિનો અધિકાર કાળને આશ્રયીને અહીં કાળથી અપાય તે કાળ અપાય છે. અથવા કાળજ તેનું કારણ થાય છે. ભાવાર્થ કથાથી જાણવો. તે કહીશું. તથા ભાવથી દેડકું મારનાર સાધુ એ ભાવ અપાય છે. તે ભાવથી અથવા ભાવ તેનું કારણ થાય. તેનો પણ અધિકાર કથાથી જાણવો તે કહીશું.

**ક્ષેત્ર અપાયનું ઉદાહરણ.**

દશ દશારણ હરિવંશના રાજા જેમની મોટી કથા હરિવંશમાં છે તેમાંનું ઉપયોગીજ કહીએ છીએ. કંસને માર્યા પછી તેના સસરા જરાસંઘે તેનું વેર લેવા તૈયારી કરવાથી મથુરામાંથી દશે ભાઈ નાસીને દ્વારકા ગયા. ચાલુ યોજના નિર્યુક્તિકાર પોતે કહે છે શા માટે અકાંડ પ્રયાસ આ વખતે કરીએ? એટલે (મથુરા દુઃખનું કારણ) તે સ્થલ મૂકી દીધું

**કાળ અપાયનું ઉદાહરણ.**

જ્યારે કૃષ્ણે નેમિનાથને પૂછ્યું ત્યારે નેમિનાથજીએ કહ્યું કે બાર વરસે દ્વૈપાયનથી દ્વારકાનગરી નાશ પામશે તે વખતે ઉદ્યોત્તતરા નામની નગરીમાં દ્વીપાયન ઋષિએ લોક પરંપરાથી આ વાત સાંભળી પોતાનાથી, એ નગરીનો નાશ ન થાય એ માટે બાર વરસ સુધી બીજે જવું સારૂં. આમ વિચારી ઉત્તરના દેશમાં ગયો. ભૂલથી કાળની ખબર ન પડતાં બારમેં વરસે પાછો આવ્યો શાંબ અને પ્રદ્યુમ્ને તે ને જોઈ તેને ખુબ માર્યો. ઘણો માર લાગવાથી તે નિયાણું કરી દેવતા થયો. અને તેણે દ્વારકા બાળી મૂકી. આ કાળ અપાય છે. કારણ કે **જિનેશ્વરે**

**કહેલાં વચનોમાં ફેર ન પડે.**

કુરગડુમુનિનું દૃષ્ટાન્ત : **ભાવ અપાયનું ઉદાહરણ**

શિષ્ય સાથે ગોચરી જતાં એક તપસ્વીથી પ્રમાદને લીધે દેડકી મરી. શિષ્યે સૂચવ્યું કે તમારાથી દેડકી મરી. તપસ્વી બોલ્યા, 'રે દુષ્ટ ચેલા, ઘણા કાળથી આ તો મરેલી છે. પછી બન્ને ગયા. પડિક્કમણમાં સાંજે બુઢ્ઢા તપસ્વીને મારેલી દેડકી યાદ ન આવી ત્યારે ચેલાએ તે સંભાર્યું. અને કહ્યું, 'હે તપસ્વી ! દેડકીની આલોચના લો.' તપસ્વી રીસાયો અને ચેલાને મારવા બળખાનું વાસણ લઈ દોડ્યો. **અંધારામાં અને રાત હોવાથી** થાંભલા સાથે અથડાઈને અને જોરથી દોડતાં વધારે લાગવાથી તે મરણ પામ્યો. જ્યોતિષિમાં તે દેવતા થયો. અને ત્યાંથી ચ્યવીને દૃષ્ટિ વિષ સર્પના કુળમાં દૃષ્ટિ વિષ સર્પ થયો તે વખતે ત્યાં રાજપુત્ર ફરતો હતો, ત્યાં દૃષ્ટિવિષમાંનો કોઈ એક સર્પ તે રાજપુત્રને કરડ્યો. આથી સાપ પકડનારે વિદ્યાથી બધા સાપને બોલાવ્યા અને કુંડાળામાં એકઠા કર્યા. પછી કહ્યું, જેણે રાજપુત્ર ને કરડ્યો હોય તે રહો 'બાકીના બધા જતા રહો. જેણે રાજપુત્રને કરડ્યો તે જ રહ્યો બીજા જતા રહ્યા તે એકલો રહ્યો એટલે તેણે તેને કહ્યું 'તારૂં ઝેર પી અથવા અગ્નિમાં બળ તે સર્પ અગંધન જાતિનો હતો. સર્પમાં બે જાત છે. એક ગંધન અને બીજી અગંધન. આ અગંધન માનવાળા હોય છે. તેથી તે અગ્નિમાં પેઠો પણ વમેલું ઝેર ન પીધું. રાજપુત્ર મરી ગયો તેથી ક્રોધાયમાન થયેલા કુંભ રાજાએ દાંડી પીટાવી કે મારી પાસે સાપનું માથું લાવે તેને મહોર આપીશ. દીનારના લોભથી લોકો સાપને મારવા લાગ્યા. તે ક્ષપક જ્યાં સાધુ ઉત્પન્ન થયો હતો અને તેને જાતિ સ્મરણ જ્ઞાન હોવાથી તે દિવસે નિકળતો નહોતો પણ રાત્રે નીકળતો હતો તેનો હેતુ એવો હતો કે પોતે બીજા જીવોને ન બાળે. એક વખતે સાપના પકડનાર એવા રાત્રીમાં ફરનાર ને ખબર પડી તેથી તેની સુગંધ વડે ક્ષપક સર્પનું દર શોધી કાઢ્યું અને ત્યાં ઉભો રહી ઔષધિથી બોલાવવા લાગ્યો. સાપ ચિંતવે છે, 'મેં કોપનું ફળ જોયું. હું જો સન્મુખ જાઉં તો પેલો બળી જશે.' તેથી પૂછડા વડે ઊંધો ચાલવા માંડ્યો. તે વખતે સાપ પકડનારે તેને બહાર નીકળતાંજ મારી નાખ્યો. માથું છેદતાં સાપ મરણ પામ્યો. આ સાપ દેવતાથી અધિષ્ઠિત હતો. તે દેવતાએ રાજાને સ્વપ્ન આપ્યું 'તું સર્પોને ન માર. જેથી નાગકુળ માંથી અવતાર લઈને તારે પુત્ર થશે. તેનું નામ તારે નાગદત્ત રાખવું.' તે ક્ષપક નાગ મરીને તેજ રાજાને ત્યાં પુત્ર થયો. તેનું નામ નાગદત્ત પાડ્યું. તેણે બાળપણમાં દીક્ષા લીધી. પૂર્વ ભવમાં તે સાપ–તિર્યંચપણે હોવાથી ઘણોખાઉધરો હતો તેથી આ ભવમાં સૂરજ ઉગે ને ખાવા માંડે તે સાંજ સુધી ખાય. આટલું છતાં તે શાંત મિજાજી અને ધર્મ શ્રદ્ધા વાળો હતો. ત્યાં સાધુ સમુદાયમાં ચાર મોટા તપસ્વીઓ હતા. તે ચોમાસી, ત્રણ માસી, બે માસી અને એક માસી તપ કરનાર હતા. રાત્રે દેવી વાંદવા આવી. ચારે જણ અનુક્રમે બેઠા હતા. ત્યાર પછી ક્ષુલ્લક બેઠેલો હતો. છતાં દેવીએ ક્ષુલ્લકને વાંદ્યો તેથી ચારે તપસ્વીઓ ક્રોધાયમાન થયા. ચઉમાસી તપ કરનારે દેવીને પકડી લીધી અને કહ્યું, 'હે કટપૂતને, અમે તપસ્વી છતાં તું કેમ અમને વાંદતી નથી ! અને ઘડો ભાત ખાનારને વાંદે છે ! દેવીએ કહ્યું, 'હું ભાવ તપસ્વીને વાંદું છું, પણ પૂજા સત્કાર અને માન ઈચ્છુકોને વાંદતી નથી. તેથી ચારે રીસાયા. દેવીએ વિચાર્યું કે આ નાના સાધુ નેજ દુઃખ દેશે તેથી તેની પાસેજ હું રહું. તેમને હું બોધ કરીશ. બીજે દિવસે નાનો સાધુ ઠંડો આહાર લેવા ગયો પાછો આવી ગુરુને કહી ચોમાસી તપવાળાને વિનંતિ કરી. તપસીને રીસ ચઢવાથી તેમાં થુંકયું નાનો સાધુ કહે છે 'મારી ભૂલ થઈ કે મેં તમને થુંકવાનો પ્યાલો ન આપ્યો અને આ આપ્યું. તેથી તપસીએ રીસાઈ તેના માથા ઉપરજ રાખ અને બળખો નાંખ્યો. એમ બીજા ત્રણે પણ કર્યું. આ ચારેનું તેણે સાંખી લીધું. એટલામાં એક તપસીએ તેનો હાથ પકડી લીધો આટલું છતાં ક્ષુલ્લક સાધુને ન દીનતા થઈ કે ન ક્રોધ આવ્યો. તથા વિશુદ્ધ પરિણામથી લેશ્યા શુદ્ધિ વડે કર્મના આવરણ જે હતાં તે ક્ષય થતાં તેને કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું. (દેવીએ કેવળી મહોત્સવ કરીને) દેવીએ (તે ચારેને) કહ્યું, 'તમને કેવી રીતેવાંદવા ? કારણકે

તમે ક્રોધથી હારેલ છો.' તેથી તે ક્ષપકોને પણ વૈરાગ્ય આવ્યો અને મિથ્યા દુષ્કૃત દીધું. તેઓ બોલ્યા, 'ઉપશાંત ચિત્તવાળા આ બાળકને આપણે પાપ કર્મ વડે પીડીને આશાતના કરી છે, આ પ્રમાણે પોતાને ધિક્કાર આપવાથી શુભ અધ્યવસાય વડે તેઓને પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

આ પ્રમાણે પ્રસંગથી દૃષ્ટાંત કહ્યો. તેનો ઉપનય એટલે તેમાંથી સમજવાનું એ છે કે ક્રોધાદિ અપ્રશસ્ત ભાવ કરવાથી દુર્ગતિનો અપાય થાય. પરલોક ચિંતા માટે ચાલુ બાબતમાં તેની જરૂરીઆત બતાવતાં કહે છે. ॥ ૫૬ ॥

सिक्खगअसिक्खगाणं, संवेगथिरट्ठयाइ दोण्हंपि । दव्वाईया एवं, दंसिज्जंते अवाया उ ॥ ५७ ॥

ટીકાનો અર્થ :– શિક્ષક અને અશિક્ષક એટલે નવા જુના સાધુ. અથવા નવો દીક્ષિત અને ગૃહસ્થી. તેમના સંવેગની સ્થિરતા માટે બંન્નેને આશ્રયી ઉપર કહેલા ચારે અપાયો ઉપર કહેલી રીતિ વડે દેખાડે છે. તેમાં સંવેગ એટલે મોક્ષ સુખનો અભિલાષ છે. સ્થૈર્ય એટલે લીધેલા વ્રત પૂરા પાળવાં તે. તેથી કેવી રીતે દુઃખનું નિબંધન છે તે દ્રવ્ય વિગેરે જવાના બોધથી સંવેગ, અને સ્થિરતા પ્રાપ્ત થાય ?

**ઉત્તર**– દ્રવ્યાદિનો મોહ ન રાખવો. તેથી સંવેગ થાય. વળી કહે છે. ॥ ૫૭ ॥

दविअं कारणगहिअं, विगिंचिअव्वमसिवाइखेत्तं च । बारसहिं एस्सकालो कोहाइविवेग भावम्मि ॥ ५८ ॥

**ગાથાનો અર્થ** – અહીં ઉત્સર્ગથી મુમુક્ષુએ દ્રવ્યજ અથવા અધિક વસ્ત્ર પાત્રાદિક અથવા સોનું વિગેરે છોડી દેવું, પણ નવા શિષ્યને સર્પ ડંશાદિના કારણે ધારણ કરેલુ દ્રવ્ય તે કાર્યની સમાપ્તિ થયે છતે ત્યાગ કરવાનો હોય છે તેને આશ્રનેયી કારણે ગ્રહણ કરેલું દ્રવ્ય (વસ્ત્ર–પાત્ર) તે પણ દીક્ષાદિ કારણ સમાપ્ત થતાં તે છોડી દેવું તેથી જ કહ્યું છે કે દ્રવ્ય કારણને લીધે ગ્રહણ કરેલું તે છોડી દેવું. આ લોક અને પરલોકના અનેક ભયના હેતુ રૂપ અને દુઃખે કરી જેનો અંત આવે એવા આગ્રહ વિગેરે અપાયોનું હેતુપણું મધ્યસ્થ પુરુષોએ પોતાની બુદ્ધિ વડે વિચારી લેવું (દ્રવ્ય રાખનાર યતિ, શ્રી પૂજ્યના હાલ પ્રસિદ્ધ છે છતાં જેઓ મોહાંધ બની પદવીધર થઈ અંધ શ્રદ્ધાળુઓને લુંટી જ્ઞાન ખાતાને બહાને ધન એકઠું કરી અનેક ભવ્યાત્માઓને અશ્રદ્ધાનું કારણ બની ગૃહસ્થી જેવા દેખાય છે તે પ્રત્યક્ષ છે માટે ભવ્યાત્માએ તે પાપદ્રવ્યથી દૂરજ રહેવું તે શોભારૂપ છે.)

**હવે ક્ષેત્ર આશ્રયી અપાય કહે છે.**

તે પ્રમાણે (બારે વરસે ભવિષ્યકાળ માં) કેટલા વરસમાં તે ક્ષેત્ર છોડી દેવું તેનું કારણ આ કહે છે. અશિવાદિ એટલે ભવિષ્યમાં રોગ આવવાનો હોય તે જાણીને બાર વરસ પહેલાં જ તે દેશ છોડી દેવો. કહ્યું છે કે–

संवच्छरबारसएण होहित्ति असिवंति ते तओ णिंति ॥ सुत्तत्थं कुव्वंता अतिसयमादीहिं नाऊ णं ॥ १ ॥

બાર વરસ પહેલાં સૂત્રાર્થને જાણનાર અતિશયવાળા ગીતાર્થ ભગવંતો જાણ થતાં રોગાદિ કારણે તે દેશ છોડી દે છે વિગેરે. તેમ ક્રોધ વિગેરેનો વિવેક એટલે ક્રોધ વિગેરે ન વખાણવા લાયક હોય તે નરકમાં પડવાનાં કારણરૂપ છે માટે તે છોડવાં. આ ભાવ અપાય બતાવ્યો. આ પ્રમાણે ખરી રીતે ચરણ કરણના અનુયોગનો અધિકાર લઈને અપાય બતાવ્યો. હવે દ્રવ્યાનુયોગનો અધિકાર ધ્યાનમાં રાખી બતાવે છે. ॥૫૮॥

दव्वादिएहिं निच्चो, एगंतेणेव जेसिं अप्पा उ । होइ अभावो तेसिं, सुहदुहसंसारमोक्खाणं ॥ ५९ ॥

ટીકાનો અર્થ :– દ્રવ્ય આદિ એટલે દ્રવ્ય, ક્ષેત્ર કાળ ભાવ વડે નારકપણાથી વિશિષ્ટ ક્ષેત્ર અને વયઃ અવસ્થિત, અપ્રસન્નત્વ વિગેરેથી સ્વભાવ એકાંત વડેજ સર્વથા જે વાદીઓ આત્મા (જીવ) ને અથવા અન્ય વસ્તુને માને છે તેમનામાં આ ઉપર કહેલા અપાયોનો અભાવ છે. કયા વાદીઓને અભાવ છે ? કહે છે કે સુખ દુઃખ અને સંસાર મોક્ષના ઈચ્છુકોને, સુખ એટલે આહ્લાદનના અનુભવરૂપ સમય, અને તાપનો અનુભવ તે

દુઃખ તિર્યંચ નર નારક અને અમર (દેવ) તેમાં ભવ લેવો એટલે જન્મમરણરૂપ સંસાર અને આઠ પ્રકારના કર્મના બંધનનો વિયોગ તે મોક્ષ. હવે કોઈ પૂછે કે તે વાદીઓને સુખ વિગેરેનો અભાવ કેવી રીતે ? ઉત્તર–તેઓ માને છે કે આત્માનો હંમેશાં સમાન એક સરખોજ સ્થિર રહેનાર સ્વભાવ હોવાથી જેમાં કશું પણ ઉત્પન્ન નાશ ન થાય તેવા વાદીઓને તેવો સ્વભાવ કાયમ રહે તો હંમેશાં જ ચારે ગતિમાં જ્યાં જે હોય ત્યાં કાયમ રહેવાથી તેવું તે તેવું જ રહે અને અપ્રસન્નપણું ન છોડવાથી પૂર્વ રૂપનું પ્રસન્નપણું થતાં દુઃખીને દુઃખ કાયમ રહ્યું. સંસારીકને સંસાર રહ્યો. એ પ્રમાણે બીજામાં પણ સમજી લેવું. આથી નિત્યવાદીને નિરૂત્તર કર્યા કે તમારૂં માનવું ખોટું છે. ॥ ૫૮ ॥

सुहदुक्खसंपओगो, न विज्जई निच्चवायपक्खंमि । एगंतुच्छेअंमि अ, सुहदुक्खविगप्पणमजुत्तं ॥ ६० ॥

ટીકાનો અર્થ– સુખદુઃખનો સંપ્રયોગ અથવા સારી રીતે જોડાએલો યોગ તે સંપ્રયોગ. એટલે અકલ્પિત, ન ઘટે એટલે શું ? ક્યાં ? તો કે નિત્યવાદ પક્ષમાં, એટલે જેઓ એકાંત નિત્ય માને ત્યાં સંપ્રયોગ ન હોય. પણ જો કલ્પિત હોય તો થાય જ. જેમકે નિત્યવાદી બોલે છે કે પ્રકૃતિના ઉપધાનથી પુરૂષને સુખ દુઃખ થાય છે. જેમ સ્ફટિકમાં રતાશ છે વિગેરે અથવા બીજાઓ કહે છે તેમ બુદ્ધિના પ્રતિબિંબથી એમ થાય આનું કલ્પિતપણું એટલા માટે છે કે તત્ત્વથી આત્મા તદ્રુપ થયા વિના સુખાદિનો અભાવ છે. વળી ઉપધાન (નજીકમાં રહેવાથી)સંનિધિમાં પણ જેમ પ્રકાશ વિનાના પથરામાં રતાશ વિગેરે દેખાય છે તેમ તેનો જો વાદી સ્વીકાર કરે તો તે પૂર્વે સ્વીકારેલાની હાનિ છે. બુદ્ધિના પ્રતિબિંબનો પક્ષ સ્વીકારે તો પણ અવિચલિત આત્માને નિરંતરજ એક સ્વભાવ હોવાથી નિરંતરજ એક રૂપની પ્રતિબિંબતા આપવી જોઈએ. અને જો સ્વભાવનો ભેદ માને તો અનિત્યતાનો પ્રસંગ આવે (અહીં નિત્ય વાદીને એ દૂષણ આપ્યું કે તમે આત્મામાં પહેલાં અનેપછી જરા પણ ભેદ માનશો તો તમારો મૂળ નિત્ય પક્ષ છે તેનોજ નાશ થઈ જશે.)

**અનિત્યવાદીનું ખંડન.**

કોઈ એમ માને કે અનિત્ય એકાંત માનીએ તો ઠીક. તેને કહે છે. એકાંત અનિત્ય એટલે વિનાશ. અર્થાત્ અન્વય રહિત મૂળ વસ્તુનો નાશ. અને જ્યારે મૂળ વસ્તુનો નાશ થયો ત્યારે સુખ દુઃખનો વિકલ્પ અયુક્ત છે. એનો ભાવાર્થ એ કે એકાંત ઉચ્છેદ માનીએ તો સુખાદિનો અનુભવ કરનાર તેજ ક્ષણમાં સર્વથા ઉચ્છેદનો હેતુ હોવાથી અહેતુક પણે છે. એટલે પહેલી ક્ષણે નાશ થયો તેની પછીની બીજી ક્ષણ આવે જ કયાંથી ? તથા તેનો વિકલ્પજ ક્યાંથી થાય ? આ અપાય બતાવ્યો. (એકાંત નિત્ય અનિત્ય બન્નેનું ખંડન કરી સ્યાદ્વાદ યુક્ત જૈન ધર્મને બતાવ્યો કે આત્મા પોતે સુખદુઃખ અનુભવે છે) અપાય કહી ગયા.

હવે ઉપાય કહે છે. ઉપ એટલે સમીપમાં. આય એટલે લાભ. એટલે વિવક્ષિત વસ્તુના સંપૂર્ણ લાભનું હેતુપણું હોવાથી તે વસ્તુનો લાભ તેજ ઉપાય. અર્થાત્ ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિનો વ્યાપાર તે ચાર પ્રકારે છે. તે કહે છે ॥ ૬૦ ॥

एमेव चउविगप्पो होइ उवाओऽवि तत्थ दव्वंमि । धातुव्वाओ पढमो नंगलकुलिएहिं खेत्तं तु ॥६१॥

ટીકાનો અર્થ :– એ પ્રમાણે જેમ અપાય છે, તેમ ઉપાય ચાર પ્રકારે બતાવે છે. (૧) દ્રવ્ય, (૨) ક્ષેત્ર, (૩) કાળ અને (૪) ભાવ ઉપાય. તેમાં (૧) દ્રવ્ય ઉપાયના વિચારોમાં સોનું બનાવનારાનો ઉપાય તે પહેલો અને લૌકિક છે. તથા લોકોત્તરમાં રસ્તામાં ચાલતાં વિગેરે કારણથી પડી ગયેલ પડલાને પ્રાસુકપણે ધોવા અથવા ખરડાયેલ કપડું ધોવું. તે અને (૨) હળ વિગેરે વડે ખેતર ખેડવાં તે ક્ષેત્ર ઉપાય છે. તેથી લાંગળ અને કોદાળી તેનો ઉપાય આ ક્ષેત્ર ઉપાય જાણવો તે લૌકિક છે. લોકોત્તરમાં પણ વિધિ વડે પ્રભાતમાં આહાર વિગેરે

માટે ફરવું તે ક્ષેત્ર ઉપાય છે. બીજા આચાર્યો યોનિ પ્રાભૃત પ્રયોગથી સુવર્ણ બનાવવાના સંઘના પ્રયોજન વિગેરેમાં દ્રવ્ય ઉપાયને બતાવે છે. અને વિદ્યા વિગેરેથી કુમાર્ગ (અટવી)થી છુટકારો કરવો તે ક્ષેત્ર ઉપાય છે એમ બતાવે છે. (આનો ખુલાસો અપવાદ રૂપ હોવાથી છેદસૂત્રમાં પૂરતો છે) અહીં પહેલાં ગ્રહણ કરેલ પદાર્થ ઉલ્લંઘી જતો દેખાય છે. આ પાઠાંતર છે તેથી ધાતુવાદ ભણાયો છે એમાં કંઈક અંશે અવિશેષજ છે (અવિરોધ છે)એમ જાણવું. ॥ ૬૧ ॥

कालो अ नालियाइहिं, होइ भावंमि पंडिओ अभओ । चोरस्स कए नट्टिं, वड्ढकुमारिं परिकहेइ ॥६२॥

**ટીકાનો અર્થ** :– કાળ નાલિકા વિગેરેથી જણાય છે. નાલિકા એટલે ઘડી. આદિ શબ્દથી શંકુ વિગેરેથી પણ જણાય. આ નાલિકા વિગેરેનો ઉપયોગ લૌકિકમાં કાળ બતાવનાર ઉપાય છે (જેને બદલે હાલ વિદેશી ઘડીઆળ વપરાય છે) લોકોત્તર માર્ગે **સાધુ ભગવંતોએ કાળ જાણવા માટે સૂત્રો ગણી જવાં તેથી જણાય કે આટલો કાળ થયો.** હવે ભાવ દ્વારમાં વિચારતાં દૃષ્ટાંત બતાવે છે. કોણે ? તે કહે છે. પંડિત અભય કુમારે, તેજ કહે છે. ચોરને માટે નાટકમાં વૃદ્ધ કુમારીનો, ત્રણ કાળ ગોચર સૂત્ર હોવાથી કહે છે. કારણ કે તેને ભાવ ઉપાય વડે ચોરનો ભાવ જાણવામાં આવ્યો તે પ્રમાણે ચેલા વિગેરેનો ભાવ ગુરુએ વિધિ ઉપાયથી ભાવ જાણી લેવો.

**ભાવ ઉપાયનું ઉદાહરણ કહે છે.**

રાજગૃહી નામે નગર હતું. શ્રેણિક રાજા હતો તેને રાણીએ કહ્યું. મને એક સ્તંભવાળો મહેલ બનાવી આપો. તેણે સુથારને હુકમ કર્યો તેથી તેઓ (લાકડું કાપવા) ગયા તેઓએ જંગલમાં સારા લક્ષણવાળું, સરલ અને ઘણું મોટું ઝાડ જોયું. તેને ધૂપ આપવામાં આવ્યો. કે જેથી જે દેવતા વડે ઝાડ પરિગૃહીત હોય તે દેવ દર્શન દેજો દર્શન ન આપે તો અમે કાપીએ, અને આપે તો ન કાપીએ. ત્યારે તે વૃક્ષવાસી વ્યંતરે તેમને (અભયને) દર્શન આપ્યું. તેણે કહ્યું, 'હું એક થાંભલાવાળો રાજાનો મહેલ બનાવીશ જે માં બધી ઋતુમાં ફળે એવો તથા વનનાં સર્વ વૃક્ષફળો થાય તેવો બગીચો બનાવીશ. મને કાપ નહિ' એથી તે દેવતાએ મહેલ બનાવ્યો. એક વખત એક ચંડાળણીને અકાળે કેરી ખાવાનો ભાવ ઉત્પન્ન થયો તેણે પતિને કહ્યું, 'મને કેરીઓ લાવી આપો ત્યારે અકાળે પણ પોતાની અવનામિની વિદ્યાથી તે રાજાના બગીચાના આંબાની શાખાઓ નમાવી, અને આમ્રવૃક્ષની કેરીઓ લઈ લીધી અને ઉન્નામિની વિદ્યાથી ડાળીઓ પાછી ઉપર ચડાવી દીધી. રાજાએ. સવારમાં જોયું અને કહ્યું, જ્યારે ચોરનાં 'પગલાં નથી જોવાતાં, ત્યારે કોણ મનુષ્ય અત્રે આવી ગયો ?

જેની આવી શક્તિ છે તે મારા અન્તઃપુરમાં પણ આવવાને હિંમત કરે ! એથી અભયકુમારને બોલાવીને કહ્યું, 'સાત રાતમાં જોતું ચોરને નહિ આણે તો તારે જીવતું રહેવાનું નથી. ત્યારે અભયકુમારે તપાસ કરવાનું શરૂ કર્યું એક ઠેકાણે કોઈ નાચનાર રમવાની ઈચ્છાવાળો હતો. લોકો ભેગાં થયાં હતાં. તે વખતે ત્યાં જઈને અભય બોલ્યો, 'જ્યાં સુધીમાં નાચનાર શણગાર સજીલે ત્યાં સુધીમાં મારૂં એક આખ્યાન (કથા) સાંભળીલો. 'કોઈ એક નગરમાં એક દરિદ્ર શેઠ વસે છે તેની પુત્રી વૃદ્ધ કુમારી (સંપૂર્ણ યુવાન) ઘણી રૂપવંત છે વર માટે તે કામ દેવની પૂજા કરે છે તેને એક બાગમાં ચોરીથી ફૂલ વીણતી માળીએ જોઈ તેણે દુરાચાર કરવા માંડયો ત્યારે તેણે કહ્યું, 'હું કુંવારી છુ તેથી તુ મારા શીયલનો ભંગ ન કર. તારે પણ બહેન ભાણજા છે, ત્યારે તેણે કહ્યું, એક ઉપાય થાય તોજ છોડું, જે દિવસે તું પરણે તે દિવસે પતિની રજા લઈને મારી પાસે આવે તોજ હું તને છોડું તેણીએ કહ્યું, 'ભલે એમ.' તેણે રજા આપી છોડી દીધી. અને ત્યાંથી બીજાને પરણી. અને સાસરે ગઈ.

જ્યારે તે મેડા ઉપર ગૃહમાં ગઈ ત્યારે તેણે પતિને સાચી હકિકત કહી. પતિની રજા મળ્યેથી તે નીકળી, અને રસ્તામાં ચોરોથી પકડાઈ પણ તેણીએ તેમના આગળ વાત કહી. ચોરોએ તેને મૂકી દીધી. રસ્તામાં છ મહીને આહાર કરે તેવા રાક્ષસે પકડી. કન્યાએ તેને પણ કહ્યું, અને રાક્ષસે તેને છોડી દીધી. માળી પાસે આવી માળીએ પૂછ્યું, 'શા માટે આવી ? કન્યાએ પૂર્વના વચન અનુસાર.' માળીએ કહ્યું, તારા ધણીએ તને કેમ છોડી ? કન્યાએ બધું કહ્યું તેથી માળીને આશ્ચર્ય થયું કે આ પોતાનું વચન પાળનાર સ્ત્રી છે જેના શીયલના પ્રભાવથી ચોર અને રાક્ષસે પણ છોડી દીધી, તો હું તેનો કેમ શીયળભંગ કરું ! એથી તેને મુકી દીધી. પાછા ફરતાં રાક્ષસ અને ચોર મળ્યા. તેમણે પણ મુકી દીધી, અને શીયલનું રક્ષણ કરી તે પતિ પાસે આવી. આ દૃષ્ટાંત બતાવી અભયકુમારે બધા મનુષ્યોને પૂછ્યું, 'બોલો, આમાં દુષ્કર કામ કોણે કર્યું ? ત્યારે પરસ્પર ઈર્ષ્યા કરનારા જે કામી પુરૂષો હતા તે બોલ્યા 'કે ભર્તારે. કારણ કે તેને પોતાની સ્ત્રીને નિઃશંકપણે રજા આપી. જે ખાઉધરા હતા તે બોલ્યા, 'રાક્ષસે, કારણ કે તેણે છ માસની ભૂખમાં પણ જવા દીધી. જે દુરાચારી હતા તે બોલ્યા, 'માળીએ કે તેણે આવી સુંદરીને પણ મૂકી દીધી. હરિકેશ નામનો ચોર જે કેરીઓ ચોરી કરી ગયો હતો તેણે કહ્યું કે ચોર ઉત્તમ છે. એ ઉપરથી અભયકુમારે તેને ચોર જાણી પકડી લીધો. આ ચાલતી બાબતમાં ઉપયોગી છે. જેમ અભયે ચોરનો ઉપાયથી ભાવ જાણ્યો તેમ અહીં પણ જે ચેલાઓ વડી દીક્ષા યોગ્ય હોય તેમના ભાવને ગીતાર્થે યુક્તિથી જાણી લેવા. એટલે વિરુદ્ધ બોલવું. જો જાતવાન હશે તો કાયમ રહેશે, નહિ તો મોઢું મેલું કરશે. જે ઉપરથી આ દીક્ષા આપવા યોગ્ય છે કે નહિ અથવા પ્રથમ દીક્ષા આપ્યા પછી એનું માથું મુંડવા જેવું છે કે નહિ તે દરેક વખતે જાણી શકાય. તેથી જ કહ્યું છે કે **દીક્ષા આપેલી હોય તો પણ તેને અયોગ્ય હોય તો માથું મુંડતા પહેલાંજ કાઢી મૂક્વો.** અધૂરી કથા ન રહે માટે તેજ કહે છે. અભયકુમાર ચોરને પકડી શ્રેણિક પાસે લાવી ઉભો કર્યો. રાજાના ડરથી સાચી વાત તેણે કરી, ત્યારે રાજાએ કહ્યું, 'જો તું મને આ વિદ્યા શીખવે તો હું તને નહી મારૂં. ચોરે તે સ્વીકાર્યું. રાજા ઊંચે આસને બેસી ભણવા લાગ્યો ઉભાં રહીને ચોરે ભણાવ્યું. પણ (રાજાને) વિદ્યા ન આવડી રાજાએ કહ્યું, 'આમ કેમ ?' અભયકુમારે કહ્યું 'અવિનયથી વિદ્યા ન આવડે ? માટે જેમ ચોર ભૂમિ ઉપર બેઠો હતો અને તમે આસન ઉપર બેઠા હતા તેને બદલે તમે નીચે બેસો તેથી રાજા નીચે બેઠો અને ચોર ઊંચે, બેઠો જેથી વિદ્યા આવડી. આ લૌકિક અર્થને સાધનાર ચરણ કરણાનુયોગને અનુસરી દ્રવ્ય ઉપાય વિગેરે કહ્યા. હવે દ્રવ્યાનુયોગને અનુસરીને બતાવીએ છીએ. તેમાં પણ ઉપાયના દર્શનથી નિત્ય અનિત્ય એકાંત વાદીઓને સુખ આદિ વ્યવહારના અભાવનો પ્રસંગ છે. જેથી પ્રત્યક્ષ ગોચર અતિક્રાંત વસ્તુથી આત્માનો અભાવ થાય (પૂર્વે જેમ અપાયમાં નિત્ય અનિત્યનું ખંડન કર્યું તેમ અહીં પણ એકાંત વાદીઓને ઉપાય કરવો એ નિષ્ફળ છે કેમકે ફેરફાર થાય નહિ ત્યારે મહેનત શા માટે કરવી, અને શાનો ઉપાય કરવો ? અનિત્યવાદીને આત્માનો નાશ હોવાથી ઉપાય વડે કરીને તેને બોધ થાય એટલા માટે ઉપાયથી જ આત્માનું અસ્તિત્વપણું બતાવવાની ઈચ્છાથી કહે છે ॥ ૬૨ ॥

एवं तु इहं आया पच्चक्खं अणुवलब्भमाणोऽवि ॥ सुहदुक्खमाइएहिं गिज्झइ हेऊहिं अत्थित्ति ॥ ६३ ॥

**ટીકાનો અર્થ** – એપ્રમાણે જ જેમ ધાતુવાદી વિગેરેથી દ્રવ્યાદિ, આ લોકમાં આત્મા પ્રત્યક્ષ ન દેખાવા છતાં પણ સુખદુઃખો વિગેરેથી યુક્તિ વડે આત્મા મનાય છે અને આદિ શબ્દથી સંસારનો પરિગ્રહ તેઓ ગ્રહણ કરે છે તથા સંસાર પરિગ્રહ વડે આત્મા માને છે તેજ પ્રમાણે સુખ દુઃખ વિગેરે ધર્મો છે અને ધર્મને અનુરૂપ ધર્મી હોવો જોઈએ. તે ધર્મી ભૂતના સમુદાય રૂપ એવું આ દેહ નથી કેમ કે તે અચેતન છે સુખ વિગેરે ધર્મો તો ચેતન છે. સુખદુઃખના ધર્મપણાથી ધર્મીએ ધર્મના અવશ્ય અનુરૂપજ વર્તવું. ભૂતનો સમુદાય માત્રજ દેહ નથી, કિંતુ એના અનુરૂપ ધર્મી દેહ છે, કારણ કે તેમાં ચેતન નથી અને સુખદુઃખમાં ચેતનપણું છે તેથી

બન્નેમાં ભેદ પડ્યો. અહીં ઘણું કહેવાનું છે. દેહ અને આત્મા જુદા છે. જેમ ધાતુવાદી સુખમાટે જીવ જુદાં માની ધન ઉપાર્જન કરે છે તેમ ધર્મીએ પરલોકના સુખ માટે ધર્મ કરવો. ॥ ૬૩ ॥

जह वडस्साओ हत्थि, गामा नगरं तु पाउसा सरयं । ओदइयाउ उवसमं, संकंती देवदत्तस्स ।। ६४ ।।

ટીકાનો અર્થ– જેમ ઘોડાથી હાથી ગામથી શહેર અને વર્ષાથી શરદ કાળ જુદા છે તેમ ઔદયિક ભાવથી ઔપશમિકમાં સંક્રમણ થાય છે. કોને ? દેવદત્તને. આ પ્રત્યક્ષ છે. એટલું બાકી છે. (શેષ એટલે બહારથી લેવું). ॥ ૬૪ ॥

एवं सउ जीवस्सवि, दव्वाइसंकमं पडुच्चा उ । अत्थित्तं साहिज्जइ, पच्चक्खेणं परोक्खंपि ।। ६५ ।।

ટીકાનો અર્થ– જેમ દેવદત્તને ભાવ બદલાયા તે પ્રમાણે વિદ્યમાન જીવને દ્રવ્યાદિમાં સંક્રમણ થાય. આદિ શબ્દથી ક્ષેત્ર, કાળ, ભાવ લેવા. તેને આશ્રયીને વિદ્યમાન પણું સધાય. શંકા–'છતી વસ્તુનું અસ્તિત્વ સાધવું તે અયુક્ત છે 'ઉત્તર–' એમ નહિ. અવ્યુત્પન્ન અને વિપ્રતિપન્ન સાધનનું વિષય પણું હોવાથી પ્રત્યક્ષ પણે અશ્વ વિગેરેનું સંક્રમણ સર્વથા સાક્ષાત્ પરિચ્છિત્તિને સ્વીકારી પરોક્ષ પણ અવગ્રહ વિગેરેના સંવેદનથી થોડે અંશે પણ તે પ્રત્યક્ષ છે. જેમ અશ્વ વિગેરેનું સંક્રમણ દેવદત્ત નામના માલીકને છોડી ન જાય તેમ ઔદારિક શરીરથી વૈક્રિય રૂપમાં કે તિર્યચ લોકમાંથી ઉર્ધ્વ લોકમાં કે પરિમિત વર્ષના આયુષ્યના પર્યાયમાં જવું કે ચારિત્ર છોડી અચારિત્રી થવું તે જીવ માલીક ધારણ કર્યા વિના ન થઈ શકે, આવું વૃદ્ધ પુરૂષો વ્યાખ્યાન કરે છે. કેટલાક આચાર્યો બીજી ગાથાના અર્ધા ભાગનો પાઠાંતરથી બીજી રીતે ખુલાસો કરે છે. તેમાં આ પ્રમાણે સંબંધ છે. આ પ્રમાણે અહીં આત્મા વિગેરે ગાથા વડે ઉપાયથીજ આત્માનુ અસ્તિત્વ કરીને સુખદઃખ વિગેરેના ભાવ સંગતિ માટે નિત્ય અનિત્ય પક્ષ દૂર કરી આત્માને પરિણામી માનવાની ઈચ્છાથી કહે છે. વ્યાખ્યા પૂર્વ પ્રમાણે જાણવી. ॥ ૬૫ ॥

एवं सउ जीवस्सवि, द्रव्वाईसंकमं पडुच्चा उ । परिणामो साहिज्जइ, पच्चक्खेणं परोक्खेवि ।। ६६ ।।

પહેલો અર્થ પૂર્વ માફક. પાછલા અર્થની ભાવના આ પ્રમાણે છે. એકાંત નિત્ય અનિત્ય પક્ષવાળાને દ્રવ્યાદિની સંક્રાન્તિ દેવદત્તના જોવા છતાં પણ લાગુ ન પડે. તેટલા માટે તેના ભાવ અન્યથા ઉપપત્તિ વડેજ પરિણામ સિદ્ધ ન થાય. કહ્યું છે કે–

नार्थान्तरगमो यस्मात्, सर्वथैव न चागमः । परिणामः प्रमासिद्ध इष्टश्च खलु पण्डितैः ।। १ ।।
घटमौलिसुवर्णार्थी, नाशोत्पादस्थितिष्वयम् । शोकप्रमोदमाध्यस्थं, जनो याति सहेतुकम् ।। २ ।।
पयोव्रतो न दध्यत्ति, न पयोऽत्ति दधिव्रतः । अगोरसव्रतो नोभे, तस्माद्वस्तु त्रयात्मकम् ।। ३ ।।

જેનાથી અર્થાંતરગમ ન થાય જે સર્વથાજ આગમ નથી. પરિણામ અને પ્રમાણથી જે સિદ્ધ છે તે પંડિતોને નિત્ય ઈષ્ટ છે. ઘડો, મુકુટ, સુવર્ણનો અર્થી નાશ ઉત્પાદ અને સ્થિતિમાં આ છે. શોક, પ્રમોદ અને મધ્યસ્થ એ ત્રણેને માણસ હેતુ સહિત માને છે. ઘડો ભાગીને મુકુટ બનાવે તો ઘડાનો નાશ થતાં ઘડાવાળાને દુઃખ થાય. મુકુટની ઉત્પત્તિ થવાથી બીજાને પ્રમોદ થાય, પણ જેને સોનાનોજ ખપ છે તે બન્નેમાં મધ્યસ્થ છે. જેને દૂધ ખાવાનું જ હોય, તે દહિં ન ખાય અને દહિં વાળો દૂધ ન ખાય, પણ જેને ગોરસજ ખાવું ન હોય, તે બન્ને ત્યાગે, એટલા માટે ત્રણ સ્વરૂપવાળીજ વસ્તુ છે. ઉપાય દ્વાર કહ્યું. હવે સ્થાપના દ્વાર કહે છે. ॥૬૬ ॥

ठवणाकम्मं एक्कं, दिट्ठंतो तत्थ पोंडरीअं तु । अहवाऽवि सन्नढक्कण, हिंगुसिवकयं उदाहरणं ।। ६७ ।।

સ્થપાય તે સ્થાપના તેના વડે, તેમનું અથવા, તેમાં કર્મ એટલે સારી રીતે ઈચ્છિત અર્થ બતાવવા વાળી ક્રિયા તે સ્થાપના કર્મ. ૧ એટલે તેની જાતિની અપેક્ષાએ દ્રષ્ટાંન્ત છે. તેમાં સ્થાપના કર્મમાં 'પૌંડરીક, તુ'શબ્દથી તેવુ બીજું. તે પ્રમાણે પુંડરિક અધ્યયનમાં પુંડરિક બતાવી પ્રક્રિયા વડે અન્યમતનું ખંડન કરી પોતાનો મત સ્થાપવો અથવા પાછલો અર્થ સુગમ છે. આ લૌકિક છે. ભાવાર્થ કથાથી સમજવો. એક નગરમાં એક રોગિષ્ઠ માળી હાથમાં ફૂલનો કરંડીયો લઈને જતો હતો. રોગી હોવાથી તેને ઝાડો લાગવાથી પ્રભાતે અંધારામાં ત્યાંજ ટટ્ટી જઈને તે ફૂલોનો ઢગલો તેના ઉપર કર્યો. લોકોએ પૂછ્યું કે આ શું છે કે તું ફૂલ નાખે છે?

ત્યારે માળીએ કહ્યું, 'હું અલોપક છું. અહી હિંગુ નામના શિવ પ્રગટ થયા છે.' એથી ત્યાં હિંગુ શિવ નામના વ્યંતર દેવ પ્રસિદ્ધિમાં આવ્યા. લોકોએ માન્યું. અને તેની પૂજા થઈ અત્યારે પણ પાટલિપુત્ર (પટના)નગરમાં હિંગુ શિવ નામનો વ્યંતર પ્રસિદ્ધ છે. એ પ્રમાણે માળીએ જેમ પોતાની ઈજ્જત રાખી તેમ પ્રમાદવશ થઈ અણચાલતે એવું નીંદનીય કાર્ય આચરવું પડે તો તે ઢાંકી દેવું જેથી બીજા લોકો અધર્મ ન પામે અને ઉલટું ધર્મની ભાવના વધે.

संजाए उड्डाहे जह गिरिसिद्धेहिं कुसल बुद्धीहिं । लोयस्सधम्मसद्धा पवयणवण्णेण सुट्ठुकया ।। १ ।।

જેમ ગિરિસિદ્ધ કુશળ બુદ્ધિવાળા વડે લોકોની ધર્મ પ્રવચનની સ્તુતિ વડે (અર્થાત્ લોકોમાં ધર્મશ્રદ્ધા ને વધારી) (કોઈ સારો સાધુ પણ પાપના ઉદયથી ભ્રષ્ટ થાય તો પણ પોતે એવી મર્યાદાથી રહે કે જેથી લોક અધર્મ ન પામે **તેમ બીજાઓએ તેની પણ નિંદા કરી અપમાન ન કરવું)** આ પ્રમાણે ચરણકરણાનુયોગને લૌકિક આશ્રયી સ્થાપના કર્મ કહ્યાં, હવે દ્રવ્યાદિ યોગને આશ્રયી કહે છે. ॥ ૬૭ ॥

सव्वभिचारं हेतुं, सहसा वोत्तुं तमेव अन्नेहिं । उवबूहइ सप्पसरं, सामत्थं चऽप्पणो नाउं ।। ६८ ।।

**ટીકાનો અર્થ** :– વ્યભિચાર સહિત તે સવ્યભિચારવાળો (ખરાબહેતુવાળો) જે હેતુ સાધ્યધર્મ અન્વય વિગેરે લક્ષણ યુક્ત તે તુરતજ કહીને તે હેતુને બીજા હેતુવડે સમર્થન કરે—અનેક પ્રકારે વિસ્તારી પ્રજ્ઞાબલને બતાવવું, 'ચ' શબ્દ ભિન્ન ક્રમ બતાવે છે. એટલે આત્માને જાણીને પરને પણ જાણવું. ભાવાર્થ આ છે. દ્રવ્યાસ્તિકાયાદિ અનેક નય સંપૂર્ણ પ્રવચનને જાણનારા સાધુએ તેને સ્થાપન કરવા બીજા નય વાળાની અપેક્ષા વડે વ્યભિચારવાળો હેતુ બનાવીને તેના વિરૂદ્ધ નયના મતને અનુસરવાથી એવી રીતે સિદ્ધ કરવો. જેથી સમ્યક્ અનેકાંતવાદનો સ્વીકાર થાય.

**શંકા**–ઉદાહરણ, ભેદ, સ્થાપના અધિકારની ચિંતામાં સવ્યભિચારનો હેતુ શા માટે કહેવો જોઈએ ? ઉત્તર–તેને આશ્રયીને તેને અનુકૂલ ઉદાહરણ પ્રાયઃ બતાવવા માટે જ ઘણા ઉદાહરણોની પ્રવૃત્તિ થાય છે. સંપૂર્ણ, (૬૮મી ગાથામાં એ બતાવ્યું કે કોઈ નિત્યવાદી વાદ કરવા આવે તો અનિત્ય પક્ષ સિદ્ધ કરી નિત્યનું ખંડન કરવું એટલે આપોઆપ જૈનનો સ્યાદ્વાદ સમજાય.) સ્થાપના કર્મદ્વારા કહેવાયું; હવે પ્રત્યુત્પન્ન વિનાશ દ્વાર કહેવાની ઈચ્છાથી કહે છે. ॥ ૬૮ ॥

होंति पडुप्पन्नविणासणंमि गंधव्विया उदाहरणं । सीसोऽवि कत्थवि, जइ अज्झोवज्जिज्ज तो गुरुणा ।।६९।।

**અર્થ** – પ્રત્યુત્પન્ન વિનાશના વિચારમાં ગાંધર્વિકા લૌકિક ઉદાહરણ છે. ઉત્પન્ન થયેલી વસ્તુઓનો નાશ તે પ્રત્યુત્પન્ન વિનાશ અથવા તેમાં પ્રત્યુત્પન્ન વિનાશ છે. એ સમાસ છે. ગાંધર્વિકાનું ઉદાહરણ. એક નગરમાં એક વાણીઓ હતો. તેને ઘણી બહેનો અને ભાણજા તથા ભાભીઓ હતી. તેના ઘરની સમીપમાં રાજકુલના ગાનારાઓ દિવસમાં ૩ વાર સંગીત કરતા હતા. તે રાગમાં લીન થઈ વાણીઆના ઘરમાં સ્ત્રીઓ રાગી બની કંઈપણ કામ કરતી ન હતી. તેથી વાણીઆએ વિચાર્યુ કે ઘરનો નાશ થશે શું ઉપાય કરવો ? કે જેથી સ્ત્રીઓ ન બગડે, તેથી મિત્રને કહ્યું. તેણે શીખવ્યું કે તારા ઘરની બાજુમાં વ્યંતરનું દેવળ (મંદિર) કરાવ. તેણે તેમ કર્યુ અને ઢોલ વિગેરે વાજિંત્ર વગાડનારાઓને રૂપીઆ આપીને ઢોલ વગડાવ. જ્યારે ગંધર્વો ગાય ત્યારે ઢો લીઓ ઢોલ વગાડતા, વાંસળીને સ્પર્શ કરતા અને ગાતા તેથી ગાનારાઓને વિઘ્ન થવા માંડ્યું. અને ઢોલના અવાજમાં ગીત ધ્વનિ (શબ્દ) ન સંભળાતા રાજકુલમાં તેઓએ તે વાત જાહેર કરી. રાજાએ વાણીઆને બોલાવ્યો, અને કહ્યું, 'તું કેમ વિઘ્ન કરે છે ?' તેણે કહ્યું, મારા ઘરમાં દેવ પ્રગટ થયા છે. ત્રણ વખત તેની ભક્તિ કરવી જોઈએ. તેથી રાજાએ ગાનારને કહ્યું, 'બીજે ઠેકાણે ગાઓ, દેવને રોજ, રોજ અંતરાય કેમ કરાય ?' એ પ્રમાણે લોકોત્તરમાં શિષ્યો ગૃહિણીઓને વિષે રાગી બની ફરતા હોય તો આચાર્યોએ એવો ઉપાય કરવો કે જેથી શિષ્ય તે દોષથી દૂર થાય કેમકે બિચારા શિષ્યોને ન બચાવે તો દુરાચારથી નરકના દુઃખ ભોગવશે. કહ્યું છે કે–

[1]चिंतेइ [2]दट्ठुमिच्छइ [3]दीहं णीससइ तह [5]जरो दाहो । [6]भत्तारोयग [7]मुच्छा [8]उम्मत्तो ण [9]याणई [10]मरणं ॥ १॥ पढमे सोयई वेगे दट्ठु तं गच्छई बिइयवेगे । णीससइ तइयवेगे अरुहइ जरो चउत्थंमि ॥ २ ॥ डज्झइ पंचमवेगे छट्ठे भत्तं न रोयए वेगे । सत्तमियंमि य मुच्छा अट्ठमए होइ उम्मत्तो ॥ ३ ॥ णवमे ण याणइ किंचि दसमे पाणेहिं मुच्चइ मणूसो । एएसिमवायाणं सीसे रक्खंति आयरिया ॥ ४ ॥ परलोइया अवाया भग्गपइण्णा पडंति नरएसु । ण लहंति पुणो बोहिं हिंडंति य भवसमुंद्दमि ॥ ५ ॥

૧. ચિંતા, ૨. જોવાની ઈચ્છા, ૩ દીર્ઘ નિઃશ્વાસ, ૪. જ્વરપ્રદાહ, ૬ અજીર્ણ ૭ મૂર્ચ્છા, ૮ ઉન્મત્ત, ૯ ભાન વિનાનો, ૧૦ મૃત્યુ, એટલે એનો અર્થ આ પ્રમાણે છે. સાધુને કોઈ સ્ત્રીને જોવાની ઈચ્છા થયેલ હોય અને તે ન મળે તો ઉપર કહેલી દશ અવસ્થા પ્રાપ્ત કરી મરણ પામે એટલા માટે અપાયોથી આચાર્ય રક્ષણ કરે. એજ ગાથાનો અર્થ થયો. અને પરલોકનો અપાય આ પ્રમાણે છે. પ્રતિજ્ઞા ભંગ કરવાથી નરકમાં પડે, અને ફરી સમકિત પામે નહિ. તથા ભવ સમુદ્રમાં ભમે, આવો અર્થ ધ્યાનમાં લઈને શિષ્ય કોઈપણ વખત દુરાચાર કરે તો આચાર્યે શું કરવું તે કહે છે. ॥ ૬૯ ॥

वारेयव्वु उवाएण जइवा वाऊ लिओ वदेज्जाहि । सव्वेऽवि नत्थि भावा, किंपुण जीवो स वोत्तव्वो ॥७०॥

શિષ્યને ઉપાયથી જેમ તે માને, તેવા કોઈ પણ સિદ્ધાન્તમાં કહેલા ઉપાય વડે, અટકાવવો જેથી તે સારો થાય તેમ કરવું, આ લૌકિક ચરણકરણાનુયોગને આશ્રયી કહ્યું. તેમ દ્રવ્યાનુયોગને આશ્રયી કહે છે. કોઈ નાસ્તિક બકવાસ કરે કે બધા ઘટપટાદિ પદાર્થ નથી તો જીવ પણ કયાંથી હોય ? તો તેને આ પ્રમાણે સમજાવવો. ॥ ૭૦ ॥

जं भणसि नत्थि भावा, वयणमिणं अत्थि नत्थि ? जइ अत्थि । एव पइन्नाहाणी, असओ णु निसेहए को णु ॥७१॥

**ટીકાનો અર્થ–** જો તું એમ કહીશ કે પદાર્થ નથી તો આ તારૂં વચન ભાવનું પ્રતિષેધક છે કે નહિ, એવા બે વિકલ્પ તને થશે. આથી શું સમજવું ? કે જો તું છે એમ કહે તો તારે આ બોલવાનું ખંડન થયું અને તુંજ પ્રતિબંધક વચન કહે છે તે સાચું અને તે સાચું (તો પદાર્થને જીવ પણ સાચા). બીજો વિકલ્પ. જો તારૂં નિષેધ વચન અસત્ય હોય તો અમારા ભાવ પદાર્થના વચનને નિષેધ કરનારજ કોણ છે ! તેથી પણ પદાર્થો સત્ય થયા. વળી તેં કહ્યું, 'જીવ પણ નથી.' અહીં પણ પ્રતિ ઉત્પન્ન વિનાશને અનુસરીને કહે છે. ॥ ૭૧ ॥

णो य विवक्खापुव्वो सद्दोऽजीवुब्भवोत्ति न य सावि । जमजीवस्स उ सिद्धो, पडिसेहधणीओ तो जीवो ॥७२॥

**ટીકાનો અર્થ–** 'ચ' શબ્દનો અર્થ 'જ' છે એટલે વિવક્ષાના કારણવાળો ધ્વનિ, અજીવનો ઉદ્ભવ અર્થાત્ વિવક્ષા પૂર્વક જીવનો નિષેધક શબ્દ અજીવ છે. તેથી જીવની વિવક્ષાનો ઉલટો અર્થ એ છે કે જીવ ધર્મની અસિદ્ધિ ન થાઓ. એટલા માટે કહે છે કે જે કારણથી અજીવની વિવક્ષાજ ઘટાદિમાં અદર્શનથી નથી, પણ મનના અપરિણત, અન્વિત તે દ્રવ્યના સમીપ પણાથી જીવનેજ છે એથી સિદ્ધ છે કે પ્રતિષેધ કરનાર જે ધ્વનિ તે 'જીવ નથી. આથીજ જીવ–આત્મા સ્વયં સિદ્ધ થાય છે. (આ ગાથાનો સાર એમ છે કે જીવ નથી એમ કહેનાર એ પદ સિદ્ધ કરતા અને ઘટપટમાં અસિદ્ધ કરતાં પોતાને સ્વયં સિદ્ધ કરતાં બધા પદાર્થો પોતેજ સિદ્ધ થાય છે. કારણકે 'નથી' એ જ્ઞાન અજીવમાં નથી પણ એ વિવક્ષા જીવનેજ છે. અહીંકં ઘણું કહેવાનું છે પણ નથી કહેતા. સમાપ્ત થયું. પ્રત્યુત્પન્ન વિનાશ દ્વારને અનુસરતા આખ્યાનથી આ ઉદાહરણ છે આ મૂળ દ્વાર છે. અને હવે તેના દેશ, દ્વાર અને અવયવ અર્થને કહે છે. ॥ ૭૨ ॥

आहरणं तद्देसे चउहा अणुसट्ठि तह उवालंभो । पुच्छा निस्सावयणं होइ, सुभद्दाणुसट्ठीए ॥ ७३॥

**ટીકાનો અર્થ–** ઉદાહરણ પૂર્વ માફક છે. તેનું લક્ષણ આ છે. તેનો દેશ એટલે તદ્દેશ, ઉદાહરણ દેશ

આહરણ તદ્દેશના ચાર પ્રકાર (૧) અનુશિષ્ટિ– પ્રતિવાદીના મંતવ્ય ઉચિત અંશનો સ્વીકાર અને અનુચિત અંશ નું નિરાકરણ (૨) ઉપાલમ્ભ્ બીજાના મતને તેની માન્યતાથી દૂષિત કરવું (૩) પૃચ્છા–પ્રશ્ન –પ્રતિપ્રશ્ન દ્વારા બીજાના મતનું ખંડન કરવું (આ સિદ્ધ કરવું) (૪) નિશ્રાવચન– એકના માધ્યમથી બીજાને શિક્ષા દેવી સ્થાપનાંગ ૪/૩/૫૦૧

એમ અર્થ છે. આ ચાર પ્રકારે છે તે બતાવે છે. (૧)અનુશાસન એટલે અનુશાસ્તિ અર્થાત્ સદ્ગુણોના વર્ણનથી ગુણોની પુષ્ટિ કરવી. તથા (૨) ઉપાલંભ એટલે ઠપકો તે જુદી જુદી રીતે કહેવો (૩) પ્રશ્ન એટલે શું, કેમ કોનાથી વિગેરે, (૪) નિશ્રા વચન એટલે કોઈને પણ આશ્રય (સબંધ) વિચિત્ર રીતે કહેવું તે છે, જેમકે સુભદ્રા નામની શ્રાવિકાનું ઉદાહરણ કહેવું ક્યાં ? અનુશાસ્તિમાં ? ગાથાર્થ, તે સદ્બોધ માટે સુભદ્રાનું દૃષ્ટાંત કહે છે.

વસંતપુરમાં જિનદત્ત નામના સુશ્રાવકની સુભદ્રા નામે પુત્રી છે. તે ઘણી રૂપવંતી છે. તેને ચંપાનગરીથી આવેલ તચ્ચનિક નામના બૌદ્ધ ઉપાસકે જોઈ તેમાં રાગયુક્ત બની તેની પ્રાર્થના કરી. શ્રાવકે કહ્યું 'હું' વિરૂદ્ધ ધર્મીને પુત્રીને આપવા ચાહતો નથી. તેથી તેણે સાધુ પાસે જઈને તેઓને ધર્મ પૂછ્યો, અને સાધુએ જે ધર્મ કહ્યો તે તેણે પ્રથમ કપટી શ્રાવક બની સ્વીકાર્યો, ત્યાં તેના સદ્ભાવે જ ફરી ખરી રીતે ધર્મ સ્વીકાર્યો. તે વખતે તેણે સાધુઓને ખરી વાત કહી કે 'મેં' કન્યા માટે કપટથી આ કર્યું છે. પણ હવે મને ખરી રીતે અણુવ્રત આપો' અને તે પ્રકટ શ્રાવક થયો. તેને વિશ્વાસ પડ્યો. તેથી સમય આવ્યે વ્રત સંબંધી માળા સ્થાપી ત્યારે જીનદત્તે તેને શ્રાવક માનીને કન્યા આપી, લગ્ન થયા પછી તેણે સસરાને કહ્યું 'મને મારે ઘેર સ્ત્રી સાથે જવાની રજા આપો' ત્યારે શ્રાવકે કહ્યું, 'તમારૂં કટુંબ અન્ય ધર્મી છે તેથી તમારે ત્યાં કન્યાને બનશે નહિ.પાછળથી અપમાન થશે' પેલાએ કહ્યું, 'ફિકર નહિ.' આગ્રહ કરીને લઈ ગયો અને બીજુ ઘર લઈને રહ્યો. સાસુ અને નણંદો દ્વેષી બની સાધુઓની ભક્તિ કરતા નથી એક વખત તે સગાંઓએ સુભદ્રાના પતિને કહ્યું, તારી સ્ત્રી સાધુથી લંપટ છે ! શ્રાવક પતિ તે માનતો નથી. એક વખત કોઈ તપસ્વી (જિનકલ્પી સાધુ) ગોચરી આવેલા હતા તેની આંખમાં રજ પડી હતી. તેને બહુ દુઃખી જોઈ સુભદ્રાએ નછુટકે તે રજ દૂર કરી. સુભદ્રાના કપાળમાં કરેલા સિંદુર તિલકનો તે સાધુના કપાળમાં ડાઘ લાગ્યો. સાસુ નણંદે તેના પતિને તે દેખાડ્યો. ઘણીએ માન્યું અને તેથી સ્ત્રીને તે માનતો નથી. સુભદ્રાએ ચિંતવ્યું, 'આ શું આશ્ચર્ય છે ? વિના અપરાધે હું ઘરમાં નિંદા પામું છું. અને જેથી ધર્મની નિંદા થાય છે તેથી મને ઘણું દુઃખ થાય છે.' તેણે રાત્રિએ કાઉસ્સગ્ગ કર્યો. દેવ આવ્યો. આજ્ઞા માંગી કે શું કરૂં ? તેણે કહ્યું, 'મારો કલેશ (મારાપર આવેલ કલંક દુરકર કે જેથી ધર્મની હાનિ ન થાય.)દૂર કર' દેવે કહ્યું, ઠીક' આ નગરના ચાર દરવાજા હું બંધ કરીશ અને ઘોષણા કરીશ કે જે પતિવ્રતા હોય તે દરવાજા ઉઘાડો, ત્યારે તું એકલી તે કમાડોને ઉઘાડીશ, અને તારા સગાંને તું ખાત્રી આપી શકીશ અને ચાલણી વડે કૂવામાંથી પાણી ખેંચી તે પાણી છાંટીને દેખાડજે એ ચાલણીમાંથી એક બિંદુ પાણી પણ જમીન પર નહિ પડે ! એમ દિલાસો આપી દેવ ગયો નગરના દરવાજા એણે ઢાંક્યા. પ્રભાતે નગરના લોકો અધીરા બની ગયા, એટલામાં આકાશવાણી થઈ, 'લોકો સાંભળો, ક્લેશ ન કરો જે શીયળવંતી સ્ત્રી ચાલણીમાં કૂવામાંથી પાણી કાઢી અને તે પાણી ન ગળે અને તે પાણી વડે જો દરવાજાને છાંટે તો દરવાજો ઉઘડે. તેથી સવારમાં ઘણા શેઠ શાહુકારની વહુઓ અને પુત્રીઓ સતી થવા ગઈ, પણ કંઈ વળ્યું નહિ, સુભદ્રાએ સગાંઓને કહ્યું. 'ચાલણીથી પાણી ન પડવા દઉં અને મારો પ્રભાવ દેખાડું. પતિએ આજ્ઞા આપી અને વિચાર્યું કે ઉપાસિકા આ શ્રમણની ભક્તિવાળી છે તે ઉઘાડશે. તેણીએ ચાળણીમાં પાણી લીધું. પાણી ન પડતું જોઈને દ્વેષી સાસુ નણંદ ખેદ પામ્યાં પણ મહાજને અને રાજાએ તેનો સત્કાર કર્યો અને તે દરવાજા પાસે ગઈ. અરિહંતને નમસ્કાર કરી બારણાંપર પાણી છાંટ્યું. મોટા શબ્દો વડે કાંકાટ કરતા ત્રણ દરવાજાના દ્વાર ઉઘાડ્યાં ઉત્તર દિશાના દરવાજે પણ પાણી છાંટ્યું. અને કહ્યું, 'જે મારા જેવી શીયલવંતી હોય તે ભવિષ્યમાં પણ ભલે આ દરવાજો ઉઘાડે.' તે દરવાજો અત્યારે પણ બંધ જ છે. બધા લોકોએ તેની સ્તુતિ કરી અને કહ્યું કે 'આ મહાસતી છે અહા ! સતી ધર્મ સદા જયવંતો વર્તો' આ લૌકિક દૃષ્ટાંન્ત છે એવી રીતે ચરણકરણાનુયોગને આશ્રયી વૈયાવૃત્ય વિગેરેમાં શિષ્ય વર્ગને બોધ આપવો, ઉદ્યમવાળા કરવા અને પ્રમાદીનો પ્રમાદ દૂર કરવો કે ભાઈઓ ! સાંભળો, શીયલ વ્રતનું આવું ઉત્તમ ફળ છે. આજ અર્થને બતાવવા કહે છે. ॥૭૩॥

साहुक्कार पुरोगं, जह सा अणुसासिया पुरजणेणं । वेयावच्चाईसु वि एव जयंते णुवहिज्जा ॥ ७४ ॥

**ટીકાનો અર્થ–** સ્તુતિ પૂર્વક જેમ સુભદ્રા સદ્‌ગુણોના કીર્તન વડે લોક જનોથી પ્રશંસાઈ, તેમ વૈયાવચ્ચ વિગેરે અને સ્વાધ્યાયમાં પણ એજ પ્રમાણે ઉદ્યોગ કરનારને અનુમોદવા એટલે સદ્‌ગુણ ગાઈને તેના ભાવની વૃદ્ધિ કરવી. અને કહેવું કે–

भरहेणवि पुव्वभवे वेयावच्चं कयं सुविहियाणं । सो तस्स फलविवागेण आसी भरहाहिवो राया ।। १ ।।
भुंजित्तु भरहवासं सामण्णमणुत्तरं अणुचरित्ता । अट्ठविहकम्ममुक्को भरहनरिंदो गओ सिद्धिं ।। २ ।।

ભરતે પૂર્વભવમાં સુવિહિત સાધુઓની વૈયાવચ્ચ કરેલી તો તેના ફળ વિપાકથી તે ભરત ક્ષેત્રનો રાજા થયો. અને ચક્રવર્તીનું સુખ ભોગવી વૈરાગ્ય પામી ઉત્તમ ચારિત્રનું પાલન કરી આઠ કર્મનો ક્ષય કરી મોક્ષમાં ગયો. આમાં ઉદાહરણનો યોગ્ય ભાગ ઉપયોગી હોવાથી તેટલામાંજ સમાવેશ કર્યો તેજ પ્રમાણે અપ્રમાદી પુરુષે અથવા સ્ત્રીએ ન છુટકે સાધુઓની આંખમાં કણું પડ્યું હોય તો તેવી રીતે કાઢવું કે લોકમાં નિંદા ન થાય. અનુશાસ્તિ છોડીને ઉપસંહાર કરે છે કે વૈયાવચ્ચમાં પણ થોડામાં ઉપસંહાર કર્યો. બીજા ગુણોથી રહિત એવા ભરત વિગેરેની નિશ્ચયથી વૈયાવચ્ચ કરી એમ ભાવવું. (ભરતને ચારિત્રનું કષ્ટ પડ્યા વિના આરીસા ભુવનમાં જે કેવળજ્ઞાન ઉપજ્યું તે પૂર્વભવના વૈયાવચ્ચનો લાભ હતો આ પ્રમાણે લૌકિક ચરણકરણનો અધિકાર કહીને દેશદ્વારમાં અનુશાસ્તિ દ્વાર કહ્યું) હવે દ્રવ્યાનુયોગને અનુસરી દેખાડે છે. ॥ ૭૪ ॥

जेसिंपि अत्थि आया वत्तव्वा तेऽवि अम्हवि स अत्थि । किंतु अकत्ता न भवइ, वेययइ जेण सुहदुक्खं ।। ७५ ।।

ટીકાનો અર્થ – દ્રવ્યાસ્તિકાદિ નયમત માનારા અન્ય દર્શનીઓ આત્મા એટલે જીવ છે એમ માને છે અને કહે છે કે તે વાત સારી છે અમે પણ જીવને માનીએ છીએ તેના અભાવમાં સર્વ ક્રિયાનું અફળપણું થઈ જાય તે સાથે જીવ અકર્ત્તા છે' એમ જે અન્ય દર્શનીઓ કહે છે તેમ જૈનો માનતા નથી. સુકૃત દુષ્કૃત કર્મનો કર્તા ન હોય તો ફળ પણ ન મળે, તેથી જીવ કર્તા છેજ. અહીં પ્રમાણ કહે છે. જીવ જે કારણ વડે સુખ દુઃખને હમણાં અનુભવે છે તે પૂર્વના સુકૃત દુષ્કૃત કૃત્યોનું આ કર્મફળ છે પણ જો જીવ પૂર્વે અકર્તા હોય તો તેમનું ફળ ભોગવવું ન ઘટે (અતિ પ્રસંગ થવાથી અને જો વિના કર્યે ભોગવાય તો મુક્તિના જીવોને પણ સાંસારીક સુખ દુઃખની વેદના માનવી પડે, કારણ કે જીવ અને મોક્ષ બન્નેમાં અકર્તાપણું સમાન છે. પ્રકૃતિ આદિ વિયોગ યુક્ત અને અનાધ્યેય અતિશયવાળા આત્માને એકાંત અકર્ત્તા માનવાથી તે પોતે કંઈ કરતો નથી તેથી અન્ય દર્શની એમ માને છે કે પ્રકૃતિથી આત્મા અકર્તા છતાં અહંકાર વિગેરે કરી પાપનું ફળ ભોગવે છે. તેનો ઉત્તર એ છે કે પ્રકૃતિ આત્મા વિના એકલુંજ કરતી હોય તો વાસ્તવીક આત્મા અકર્તા થવાથી ફળનો પણ ભોક્તા ન થાય. તેથી ધર્મ ક્રિયા વિગેરે બધું ઈંદ્રજાળ જેવું નિષ્ફળ છે, અને ઉપદેશ પણ નિષ્ફળ છે. આમાં ઉદાહરણ લેશ આ પ્રમાણે છે ફક્ત મુદ્દાનીજ વાત કહીએ છીએ. તેમાંજ અસંપ્રતિતમાં મુદ્દાની વાત બતાવવાને દૃષ્ટાન્ત કહેવાથી જ અનુશાસ્તિ દ્વાર સમાપ્ત થયું. હવે ઉપાલંભ દ્વારનું વિવેચન કહે છે. ॥ ૭૫ ॥

उवलम्भम्मि मिगावइ नाहियवाईवि एव वत्तव्वो । नत्थित्ति कुविन्नाण आयाऽभावे सइ अजुत्तं ।।७६।।

ટીકાનો અર્થ– ઠપકો આપવામાં મૃગાવતી દેવીનું દૃષ્ટાન્ત છે કે જે આવશ્યકના અધિકારમાં દ્રવ્ય પરંપરાયે કહેલ છે તે જોવું. જ્યાં સુધી દીક્ષા લીધી અને ચંદનબાળા સાધ્વીની ચેલી થઈ ત્યાં સુધી જોવું. પાછળથી એક વખતે ભગવાન મહાવીર કૌશામ્બીમાં આવ્યા તે વખતે ચંદ્ર અને સૂર્ય પોતાના (મૂળ) વિમાન સહિત વાંદવાને આવ્યા અને સાંજ સુધી સમોવસરણમાં બેઠા અને સંધ્યાકાળે ગયા. આ સમયે ચંદનબાળા ચાલી ગયેલી છે. મૃગાવતીને ખબર ન રહેવાથી અને સાધ્વીને આટલી વાર કરવી અયોગ્ય લાગવાથી પસ્તાવા લાગી કે બહુ મોડું થયું. એમ કહી બીજી સાધ્વી સાથે ચંદનબાળા પાસે જતાં સુધી અંધારૂં થઈ ગયું. ચંદનબાળાએ બીજી સાધ્વી સાથે પડક્કિમણું કરી લીધું. જ્યારે મૃગાવતી આવી ત્યારે તેને ઠપકો આપ્યો કે તમારા જેવી ઉત્તમ

કુળમાં જન્મેલીને આવું કરવું અયોગ્ય છે. મૃગાવતીએ ઠપકો સહન કરી પગમાં પડી ઘણા વિનયથી ખમાવીને ક્ષમા માગી કે આ મારો એક અપરાધ ક્ષમા કરો. હવે ફરીથી આવું નહિ કરૂં. આવા શુદ્ધ ભાવથી વિચારણા કરતા તેને કેવલ જ્ઞાન થયું! ચંદનબાળા (ક્રોધાવેશમાં) તેજ સમયે સંથારો કરી સુઈગયા રાત અંધારી હતી અને તેથી અંધારામાં સાપ આવ્યો સાપથી પીડા ન થાય તે માટે મૃગાવતીએ ચંદનબાળાનો હાથ ઊંચો કર્યો. ચંદનબાળા જાગી અને પૂછ્યું કે આ શું ? તેણે કહ્યું, સાપ આવ્યો છે.' ચંદનબાળાએ પૂછ્યું, 'તું કેમ જાણે ? 'કંઈક આત્મિક જ્ઞાન થયું ?' હા 'પાછું જાય તેવું કે' ? મૃગાવતીએ કહ્યું, 'ન જાય તેવું, કેવળજ્ઞાન થયું છે તેથી ચંદનબાળાએ (ક્રોધ કરવા બદલ) માફી માગી. આમાં લૌકિક અને લોકોત્તર બન્ને દૃષ્ટાંત આવી ગયાં. આ પ્રમાણે આચાર્યે જરૂર પડતાં શિષ્યને ઠપકો આપીને પણ સુધારવો.) આમાં દૃષ્ટાંત નિર્દેશતા પૂર્વની માફક યોજવી (એટલે થોડામાં બતાવી દેવું તે દેશ) એ પ્રમાણે ચરણકરણાનુયોગને આશ્રયીને ઉપાલંભદ્વાર કહ્યું, હવે દ્રવ્યાનુયોગને આશ્રયી કહે છે.

જેમ નાસ્તિકવાદી ચાર્વાક જીવ નથી એમ માને છે આ તેમનું કુજ્ઞાન (ખોટુંજ્ઞાન) છે, કે જીવની સત્તાનો તેઓ અસ્વીકાર કરે છે. તેથી તેને કહેવું, 'કે આત્માનો અભાવ માનવામાં આત્માનો ધર્મ જે જ્ઞાન છે તેનો પણ અભાવ થશે અને જો નાસ્તિક એમ કહે કે એ તો પંચભૂતનો ધર્મ છે તો કહેવું કે ધર્મીની સાથે પંચભૂતનું જડપણું હોવું જોઈએ તેથી ભૂતજડ અને ધર્મ ચેતન એ અયોગ્ય છે. કદાચ એમ કહે કે પંચભૂત એકઠાં થઈને જ્ઞાન ધર્મ થાય તો કહેવું કે દરેક જુદામાં નથી તો ભેગાં થયે પણ નજ થાય. આમ કહી તેમનું ખંડન કરવું. એનેજ આશ્રયી ટેકો આપવા કહે છે ॥ ૭૬ ॥

अत्थित्ति जा वियक्का अहवा नत्थित्ति जं कुविन्नाणं । अच्चंताभावे पोग्गलस्स एयं चिअ न जुत्तं ॥७७॥

**ટીકાનો અર્થ–** જીવ છે ? એવો વિતર્ક અથવા નથી એવી લોકોત્તર વાત ઉડાવનારૂં કુવિજ્ઞાન જો આત્માનો સર્વથી અભાવ હોય તો અચેતન ભૂતરૂપ પુદગલનું જીવપણું યુક્ત ન થાય. ખરેખર આ અન્યાય યુક્ત છે એની ભાવના પૂર્વની માફક જાણવી (નાસ્તિકને કહેવું કે જીવ નથી એ તર્ક કરનાર આત્માનું જ્ઞાન છે અને તે જડવસ્તુમાં હોય નહિ માટે પાંચે ભૂતથી જુદો જીવ માન્યા વિના છુટકો નથી ) આમાં ઉદાહરણ દેશપણું એ છે કે ટુંકાણમાં નાસ્તિકને આશ્રયી પરલોક વિગેરે ઉડાવનારાને જીવ સિદ્ધ કરી આપવો. એટલે તેનું ખંડન થવાથી બીજા ભવ્ય જીવો ધર્મ કરતાં ન અટકે. હવે બાકીનાં બે દ્વાર કહે છે. ॥ ૭૭ ॥

पुच्छाए कोणिओ खलु, निरसावयणंमि गोयमस्सामी । नाहियवाइं पुच्छे जीवत्थित्तं अणिच्छंतं ७८

ટીકાનો અર્થ – પૃચ્છા તે સવાલ પૂછવો તેમાં શ્રેણિક રાજાનો પુત્ર કોણિક તેનું દૃષ્ટાંત છે જેમકે તેણે ભગવાનને પૂછ્યું 'ચક્રવર્તી રાજા સંસાર સુખ છોડ્યા વિના મોત આવ્યે મરીને ક્યાં જાય ? ભગવાને કહ્યું, 'સાતમી નારકીમાં ફરી તેણે કહ્યું, 'હું ક્યાં જઈશ ! ઉત્તર–છઠ્ઠીમાં. પાછું પૂછ્યું સાતમી માં કેમ નહિ ? ભગવાને જવાબ આપ્યો, 'ત્યાં તો ચક્રવર્તીજ જાય ! પ્રશ્ન–'હું ચક્રવર્તી નથી ?' મારે પણ ચોરાશી લાખ હાથી છે' ઉત્તર–'તારી પાસે ચૌદ રત્ન અને નવ ભંડાર નથી.તેથી તેણે મોટો ચક્રવર્તી બનવા બનાવટી રત્ન વિગેરે બનાવી તમિસ્રા નામની ગુફા આગળ આવ્યો, ત્યાં કિરિમાલક નામના દેવતાએ કહ્યું, 'ચક્રવર્તી બાર થઈ ગયા. તું ચક્રવર્તી નથી' દેવે અટકાવ્યો તો પણ તેણે ન માન્યું. તેથી તેને દેવે મારી નાખ્યો. પંચત્વ પામીને તે છઠ્ઠી નારકીમાં ગયો. આ લૌકિક વાત છે. લૌકોત્તરબાબતોમાં મુદ્દાના રહસ્યો અને કારણ વિદ્વાન આચાર્યને પૂછવાં તથા જે શક્ય હોય તે આદરવું અને અશક્યને છોડવું. કહ્યું છે કે

પૂછો અને પૂછાવો ! જેઓ પંડિત સાધુ હોય અને ચારિત્ર પાળતા હોય તેમને નમ્ર બની પૂછ્યા વિના ન રહો; કારણકે જ્ઞાન છે તે પારકાને આશ્રયી ને છે. આમાં ઉદાહરણ દેશના તે થોડામાં પૂછી તેણે સમાપ્ત કરેલ

છે. આ ચરણ કરણ આશ્રયીને કહ્યું હવે એવીજ રીતે દ્રવ્યાનુયોગ છોડીને ગાથાના ઉપન્યાસને અનુકૂળ નિશ્રા વચન કહે છે. નિશ્રા વચનમાં ગૌતમસ્વામીનું ઉદાહરણ છે. જ્યારે ગાંગલી મુનિ વિગેરે જે પૂર્વે તાપસ હતા તેમણે દીક્ષા લીધી અને ત્યારબાદ કેવળજ્ઞાન થયું. જે અધિકાર વજ્રસ્વામીની ઉત્પત્તિનો સંબંધ આવશ્યક સૂત્રમાં કહ્યો છે. ત્યાંજ ગૌતમ સ્વામીને અધીરજ થઈ તે બતાવે છે. ભગવાને ત્યારે કહ્યું, 'તું મારા ઉપર બહુ પ્રેમ રાખે છે. ઘણો કાળ રહેવાથી તું મારા ઉપર ઘણો રાગી બનવાથી તને કેવળ જ્ઞાન થતું નથી. માટે અધીરાઈ ન કર. અંતે આપણે બન્ને સમાન થઈશું. એટલે તને કેવલજ્ઞાન થશે અને તું મોક્ષમાં પણ જઈશ. તેને આશ્રયીને હિત શિક્ષારૂપ દ્રુમ પત્રનું અધ્યયન પણ કહ્યું. આ ઉત્તરાધ્યયનનું દશમું અધ્યયન છે તેમાં બતાવ્યું છે કે 'સમયં, ગોયમ મા પમાયએ,' આ પ્રમાણે બીજા પણ શિષ્યો જેઓ અધીરજ કરતા હોય તેમને બોધ કરવો તથા બીજા કોમળ સાધુઓની નિશ્રા વડે સમજાવવા. આમાં પણ ટુંકાણ પૂર્વની માફક સમજી લેવું. આ ચરણકરણાનુયોગને આશ્રયીને આમાં પ્રશ્ન અને નિશ્રા વચન બન્ને આવ્યાં. એ બન્નેને દ્રવ્યાનુયોગ આશ્રયીને કહે છે તેનું વર્ણન ૭૮ મી ગાથામાં અર્ધ ભાગ જાણવો. નાસ્તિક વાદી જે જીવને માનતો નથી તેને શું પૂછવું ? તે કહે છે ॥ ૭૮ ॥

केणंति नत्थि आया, जेणपरोक्खो त्ति तव कुविन्नाणं । होइ परोक्खं तम्हा, नत्थित्ति निसेहए को णु ? ॥ ७९ ॥

**ટીકાનો અર્થ**– બોલ ભાઈ, તું આત્મા કેમ નથી માનતો !' ઉત્તર પરોક્ષ છે તેથી પ્રશ્ન તારૂં કુવિજ્ઞાન જે જીવનો નિષેધ કરે છે તે પણ પરોક્ષ છે. અમને પ્રમાણ માગનારને પ્રત્યક્ષ દેખાતું નથી, તેથી તારી યુક્તિ વડે જ જીવના નિષેધનો નિષેધ થયો, તો નિષેધ કરનાર કોણ રહ્યું ? અને તેથી વિવક્ષાના અભાવમાં વિશિષ્ઠ શબ્દની ઉત્પત્તિ નથી. આમાં પણ દૃષ્ટાંત ટુંકાણમાંજ છે. ॥ ૭૮ ॥

अन्नावएसओ नाहियवाई जेसिँ नत्थि जीवो उ । दाणाइफलं तेसिं, न विज्जइ चउह तद्दोसं ॥ ८० ॥

**ટીકાનો અર્થ**– હવે બીજી રીતે નાસ્તિક વાદીને પકડવો તે કહે છે. જેઓમાં જીવ નથી તેમને દાન વિગેરેનું ફળ પણ નથી. તેમને દાન, ભોગ, સમાધિ, તપ સ્વર્ગ, અપવર્ગ વિગેરે કશું નથી. આવું સાંભળીને નાસ્તિકો બોલશે, 'ભલે ન હો. એમાં અમને નુકસાન શું ? એમ માની લેવાથી કંઈ નુકશાન થતું નથી.' તેવાને કહેવું, કે 'આ સંસારના જીવોમાં શોક, દુઃખ, રિદ્ધિ, વૈભવ વિગેરે અનેક ભેદો દેખાય છે તેનું કારણ શું માનો છો ?' આથી તેઓ ચૂપ થશે. આ ટુંકાણમાં કહ્યું. ઉદાહરણ દેશતા ચરણકરણાનુયોગની માફકજ કહેવી. નિશ્રા દ્વાર સમાપ્ત. પ્રથમ પૃચ્છા અને પછી નિશ્રા અનુક્રમે કહ્યાં. હવે દોષદ્વાર તે અવયવથી કહેવાને બદલે ઉપન્યાસ માટે કહે છે આ ગાથાના છેવટના ભાગમાં ચાર પ્રકારે દોષ બતાવ્યા તે ઉદાહરણના દોષ અથવા ઉદાહરણ વડેજ સમાન અધિકારી તે દોષો. (આ સમાસને આશ્રયી છે) હવે ચાર પ્રકારના દોષો બતાવવાને માટે કહે છે. ॥ ૮૦ ॥

'पढमं अहम्मजुत्तं पडिलोमं अत्तणो उवन्नासं । दुरुवणियं तु चउत्थं अहम्मजुत्तंमि नलदामो ॥ ८१ ॥

**ટીકાનો અર્થ**– પહેલું અધર્મ યુક્ત જેમાં પાપ વૃદ્ધિ થાય. ૨. પ્રતિકુળ ૩. જેમાં પોતાનું ખંડનજ થાય. તેમ બોલવું. ૪ દુષ્ટ બોલવું હવે તેના ભાવાર્થને કહે છે. અધર્મ યુક્તમાં નલદામ વણકરનું લૌકિક ઉદાહરણ છે. એનો છેવટનો ભાગ કથાથી જાણવો. તે આ પ્રમાણે છે. ચાણક્યે નંદ રાજાને ઉઠાવી ચંદ્રગુપ્તને ગાદીએ બેસાડ્યો ત્યાં સુધી જાણવું. હવે મુદ્દાની વાત કહે છે. નંદના માણસોએ ચોરનો સંગ કરી નગરને લુટવા માંડ્યું. ચાણક્યે

તે દોષના ચાર પ્રકાર = સ્થાનાંગ ૪ – ઉ–૩. ગા. ૫૦૧

(૧) અધર્મ યુક્ત = અધર્મ બુદ્ધિને ઉત્પન્ન કરવાનું દૃષ્ટાન્ત.

(૨) પ્રતિલોમ = અપ સિદ્ધાન્ત નું પ્રતિપાદન કરતું દૃષ્ટાન્ત અથવા પ્રતિકૂળ આચરણની શિક્ષાનું દૃષ્ટાન્ત.

(૩) આત્મોપનીત = બીજા ના મનમાં દોષ દેખવામાં મુક્ત પરંતુ પોતાના દોષનું દૃષ્ટાન્ત.

(૪) દુરૂપનીત = દોષ સહિત નિગમન.

એ ચોર પકડનારને શોધવા માંડ્યો ચાણક્ય બાવો બની હાથમાં ત્રિદંડ રાખી તે નગરમાં ફરતાં તે નલદામ કોળી પાસે બેઠો જે કાપડ વણતો હતો તે વખતે તેના છોકરાને મકોડો કરડ્યો. વેર લેવાને કોળીએ મકોડાનું દર ખોદી મંકોડા બાળી મૂકયા. ચાણક્યે પૂછ્યું, 'આમ કેમ બાળી મૂકે છે ?' કોળીએ કહ્યું, 'જો મૂળ ન ખોદીએ તો પાછા કોઈ વખત કરડે.' ચાણક્યે વિચાર્યું 'આ ઠીક છે. બધાને જડમૂળથી ઉખેડી નાશ કરશે તેથી તેને ચોર પકડનારો બનાવ્યો. તેણે ચોરનો વેશ લઈ પોતે ચોર ભેગો મળી ગયો. અને કહ્યું કે આપણે બધા મળી ખુબ માલ લુટીએ. વિશ્વાસ લાવી ચોરે બીજા બધા ચોરોને બોલાવ્યા. એ પ્રમાણે બધા ચોરોને મેળવી કોળીએ બધા ચોરોને મારી નાંખ્યા. આ અધર્મ યુક્ત દૃષ્ટાંત કોઈને કહેવું નહિ. થોડા ગુન્હાવાળું અને બહુદોષના વિશેષ સ્થાન ને પ્રાપ્ત હોવાથી તે બીજાને પણ આલંબન રૂપથાય. જોકે આ લૌકિક છે પણ લોકોત્તર આશ્રયી ચરણકરણાનુયોગને આશ્રયીને પણ સમજી લેવું કારણ કે એકને ગ્રહણ કરતાં બીજું સમજાય છે એ ન્યાયથી ત્યાં ચરણકરણાનુયોગથી–

णेवं अहम्मजुत्तं कायव्वं किंचि भाणियव्वं वा । थोवगुणं बहु दोसं विससओ ठाणपत्तेणं ।। १ ।।

**દ્રવ્યાનુયોગમાં પણ–**

वादम्मि तहारूवे विज्जाय बलेण पवयणट्ठाए । कुज्जा सावज्जं पिहु जह मोरीणउलिमादीसु ।। १ ।।

વિદ્યાના બલ વડે કોઈ સાથે વાદ થાય તો જેમ નવાં નવાં જાનવર બનાવી. શત્રુનાં બનાવેલાં જાનવરનો નાશ કરવો, કરાવવો તે અયોગ્ય છે (જેમ કે ત્રિરાશિ પંથ કાઢનારે પરિવ્રાજક સાથે વાદ કરી મોર, નોળીઓ વિગેરે બનાવી તે વડે જીવ હત્યા કરાવી) તેમ ન કરવું. કલ્પસૂત્રમાં સ્થવિરાવલિમાં આ કથા છે ત્યાંથી જોઈ લેવી જો કે તેમાં પરિવ્રાજક હાર્યો પણ જીતનાર સાધુનો ખોટો હઠવાદ વધ્યો અને જીવ હિંસા કરવાથી પોતાનું ચારિત્ર ખોઈ બેઠો. ઉદાહરણનો દોષ આ અધર્મ યુક્ત હોવાથીજ છે. આ અધર્મ દ્વાર કહ્યું અને હવે પ્રતિલોમ ઉદાહરણ દ્વારના અવયવ અર્થને વીવરીને કહે છે. ॥ ૮૧ ॥

पडिलोमे जह अभओ, पज्जोयं हरइ अवहिओ संतो । गोविंद वायगोऽविय जह परपक्खं नियत्तेइ ।।८२।।

**ટીકાનો અર્થ–** પ્રતિલોમ ઉદાહરણ દોષ છે, તેમાં અભયકુમારનું દૃષ્ટાન્ત છે. તેણે પ્રદ્યોત રાજાને હરાવ્યો હતો. (ત્રિકાળ ગોચર સૂત્ર અર્થ બતાવે છે માટે ગાથામાં વર્તમાન નિર્દેશ છે.). ભાવાર્થ કથાથી જાણવો. જેમ આવશ્યકમાં શિક્ષા અધિકાર છે તેમાંથી જાણી લેવો. આ લૌકિક પ્રતિલોમ છે. હવે લોકોત્તર દ્રવ્યાનુયોગને આશ્રયી કહે છે.

૮૨મી ગાથાના છેવટના બે પદોમાં ગોવિંદ વાચકનો અધિકાર છે. એના વડે ચરણકરણાનુયોગને આશ્રયી પણ સૂચવેલું જાણવું. કારણ કે પહેલું છેલ્લું લઈએ તો વચલું આપો આપ આવી જાય તેમાં તે ચરણ કરણમાં

णो किंचि य पडिलोमे कायव्वं भवभयेण मण्णेसिं । अविणीयसिक्खगाण उ जयणाइ जहोचिअं कुज्जा ।।१।।

જરાએ વિરૂદ્ધ ન કરવું જેઓ ભવ ભ્રમણનો ભય ધરાવતા હોય તેમને અતિ પીડા ન થાય અવિનીત શિષ્યોને જયણાપૂર્વક યથા ઉચિત કરવું. તેમ સમજાવવા યથોચિત દ્રવ્યાનુયોગમાં ગોપેન્દ્ર વાચકનો અધિકાર છે તેમાં પોતે પર પક્ષને નિવર્તે છે. તે પોતે પૂર્વે બૌદ્ધ હતો. બીજાનો (જૈનધર્મનો) નાશ કરવા ના આશયથી (વિશેષ જ્ઞાન) વિજ્ઞાન (મેળવવા) માટે દીક્ષા લીધી. પાછળથી બોધ(સામયગ્દર્શન) થતાં ઉત્તમ જૈન સાધુ થયો અને મહાવાદી બન્યો

दव्वट्ठियस्स पज्जवणयट्ठियमेयं तु होइ पडिलोमं । सुहदुक्खाइअभावं इयरेणियरस्स चोइज्जा ।। १ ।।
अण्णे उ दुट्ठवादिम्मि किंचि बूया उ किल पडिकूलं । दोरासिपइण्णाए तिण्णि जहा पुच्छ पडिसेहो ।। २ ।।

૧. દ્રવ્યાર્થિક નયનું વચન પર્યાય નયના વિષયમાં કહેવું એજ પ્રતિકૂળ, અને સુખ દુ:ખાદિનો અભાવ ઉલટો ઉલટો કહેવો તે પ્રતિકૂળ કહેવાય. ૨. એમ કહે છે, દુષ્ટ વાદી કંઈ બોલે તે પ્રતિકૂળ હોય અને આપણા લાભને નુકશાન કરતું હોય તો તેનાથી ઉલટું સિદ્ધ કરી તેનું ખંડન કરવું. જેમકે વાદી જીવ અજીવ બે રાશિ કહે તો જીવ અજીવ નો જીવની ત્રણ રાશિ સ્થાપના કરવી. [1](આ જીત થાય. પણ તે જૈન ધર્મથી વિરૂદ્ધ હોવાથી જીત પણ હાર કરતાં બુરી છે.) આમાં ઉદાહરણનો દોષ આ છે, પહેલા પક્ષમાં સાધ્ય અર્થની સિદ્ધિ થતી નથી અને બીજા પક્ષમાં શાસ્ત્ર વિરૂદ્ધ દોષ લાગે. હવે આત્મ ઉપન્યાસ દ્વારનું વર્ણન કરે છે. ॥ ૮૨ ॥

अत्त उवन्नासंमि य तलागभेयंमि पिंगलो थवई ।

**ટીકાનો અર્થ–** આત્માનો જ ઉપન્યાસ બતાવવો તે આત્મ ઉપન્યાસ. એમાં દૃષ્ટાંત. તળાવ ભેદમાં પિંગલ કારીગરનું ઉદાહરણ છે. તેના ભાવાર્થની કથા કહે છે. એક રાજાએ આખા રાજનું સારભૂત તળાવ બનાવ્યું. પણ તે તળાવ દર વરસે ભરાઈને ખાલી થઈ જાય. તેથી રાજાએ વિચાર્યું કે તેનો ઉપાય શું કરવો ? જેથી પાણી કાયમ રહે, ત્યાં એક કપિલ નામનો કારીગર કહે છે, 'હે મહારાજ, પિંગલ એટલે જેનાં દાઢી મૂછ કપિલ રંગના હોય તેમ માથું પણ તેવાજ રંગનું હોય તેને અહીં જીવતાંજ મારીને દાટો તો તળાવ ન ભેદાય. ત્યારે રાજપુત્ર જે પ્રધાન હતો તેણે કહ્યું, 'હે રાજન્, એવો માણસ શોધ્યો જડતો નથી. માટે આ તેવો દેખાય છે તેનેજ ઉપયોગમાં લો. રાજાએ પણ તેમજ કર્યું. આનો સાર એ છે કે એવું ન બોલવું જેથી પોતાનોજ નાશ થાય. જેવું આ લૌકિક છે એવુ એક જાતિવાળું હોવાથી લોકોત્તર પણ જાણી લેવું. તેમાં ચરણ કરણાનુયોગમાં પણ એવું ન બોલવું. જેમકે–

लोइयधम्माओविहु जे पब्भट्ठाणराहमा ते उ कह दव्वसोयरहिया धम्मस्साराहया होंति ? ।। १ ।।

જે નરાધમો લૌકિક ધર્મથી પણ અતિશય ભ્રષ્ટ થયેલ છે અને જેઓ દ્રવ્ય શોચ પણ કરતા નથી તેમને ધર્મ આરાધના (પવિત્ર શોચ) કયાંથી થાય ? વિગેરે દ્રવ્યાનુંયોગમાં એકેન્દ્રિય જીવો વ્યક્ત ઉચ્છ્વાસ, નિશ્વાસ વિગેરે વાળા હોવાથી જીવ છે. અને જે જીવ લિંગના સદ્ભાવવાળા નથી તે જીવ નથી. જેમકે ઘટ, તેથી એમાં અસદ્ભાવ નથી. તેથી તે જીવોજ છે. એમાં આત્માનું પણ તદ્રુપની આપત્તિ વડે આત્માનું ઉપન્યાસ પણું ભાવવું. આમાં ઉદાહરણનો દોષ આત્માના ઉપઘાતને ઉત્પન્ન કરવા વડે પ્રકટ અર્થવાળો હોવાથી કહેતા નથી. (આમાં જે ઘટનું દૃષ્ટાંત આપ્યું છે તે ખોટું છે. અને બોલનારને બોલતાં ન આવડે તો પોતાને હાથે પોતાનું બોલવું ખંડિત કરાવે તેનું આ પ્રત્યક્ષ દૃષ્ટાન્ત છે. કારણ કે પોતે એકેન્દ્રિય જેવો ગણાય એવુ ટીકાની ટીપપ્પણી માં કહ્યું છે.) હવે દુરૂપનીતદ્વાર કહેવાની ઈચ્છાથી કહે છે

अणिमिसगिण्हण, भिक्खुग दुरुवणीए उदाहरणं ।। ८३ ।।

**ટીકાનો અર્થ–** અહીં અનિમિષ માછલાં તેના ગ્રહણમાં ભિક્ષુનું ઉદાહરણ છે. આ લૌકિક છે તેથી લોકોત્તર પણ જાણી લેવું. તે સંબંધી આ કથા છે, કોઈ એક બૌદ્ધ હાથમાં જાળ લઈ માછલાં મારવા ચાલ્યો રસ્તામાં કોઈ ધૂર્તે પૂછ્યું, હે આચાર્ય, આ તમારી ગોદડી ઘણી ફાટેલી છે ? ઉત્તર એ તો જાળ છે. વિગેરે

कन्थाऽऽचार्याघना ते ननु शफरवधे जालमश्रासि मत्स्यान् ? ते मे मद्योपदंशान् पिबसि ननु ? युतो वेश्यया यासि वेश्याम् ? कृत्वाऽरीणां गलेऽह्री क्व नु तव रिपवो ? येषु सन्धिं छिनद्मि, चौरस्त्वं ? द्यूत हेतोः कितव इति कथं ? येन दासी सुतोऽस्मि ।। १ ।।

(૧) રોહ ગુપ્તનું ઉદાહરણ જોવું.

(શ્લોકના અર્થ) હે આચાર્ય આ કથા શું છે? ઉત્તર–'એ તો માછલાંનો જાળ છે.' પ્રશ્ન– 'કેમ માછલાં ખાઓ છો?' ઉત્તર–'દારૂ સાથે.' પ્રશ્ન–'દારૂ પીઓ છો?' ઉત્તર–'વેશ્યા સાથે બેસીને' પ્રશ્ન–'વેશ્યાને ત્યાં જાઓ છો?' ઉત્તર–'શત્રુના ગળે પગ મૂકીને.' પ્રશ્ન–'તમારે શત્રુઓ છે!' ઉત્તર–'જેઓના ઘર ફાડું તે.' પ્રશ્ન–'તુ ચોર છે?' ઉત્તર–જુગારના વાસ્તે.'–'તુ જુગારી છે!' ઉત્તર–'હું દાસી પુત્ર છું.' (આમાં બધું પોતાને હાથે પોકળ ખોલે છે.) આ લૌકિક દૃષ્ટાન્ત છે. હવે ચરણકરણાનુયોગમાં સમજવું કે

इय सासणस्सऽवण्णो जायइ जेणं न तारिसं बूया । वादे वि उवहसिज्जइ निगमणओ जेण तं चेव ।।१।।

જે વડે જૈન ધર્મનું લોક ખોટું બોલે તેવું આપણે ન બોલવું. વાદ પણ એવો ન કરવો કે જેથી અન્ય લોકો જૈન ધર્મની હાંસી કરે.) આમાં ઉદાહરણ દોષ પ્રકટ છે. દુરૂપનીતદ્વાર સમાપ્ત. મૂળદ્વારો તથા ઉદાહરણ દોષ કહ્યા પછી હવે ઉપન્યાસ દ્વાર કહે છે. ॥ ૮૩ ॥

चत्तारी उवन्नासे तव्वत्थुग अन्नवत्थुगे चेव । पडिणिभए हेउम्मि, य होंति इणमो उदाहरणा ।। ८४ ।।

**ટીકાનો અર્થ–** ¹ઉપન્યાસને વિચારતાં ચાર ભેદ થાય છે. તે આ છે.(૧) સૂચના કરવાથી સૂત્ર. તેનો અધિકાર અનુસરીને થાય તે વસ્તુનો ઉપન્યાસ. તેજ પ્રમાણે (૨) અન્ય વસ્તુ ઉપન્યાસ તથા (૩) પ્રતિનિભ ઉપન્યાસ. તથા (૪) હેતુ ઉપન્યાસ આ ભેદો તે હવે પછી કહીએ છીએ તે ઉદાહરણથી જાણવાં. એનો વિશેષ ભાવાર્થ દરેક ભેદમાં નિર્યુક્તિકાર પોતે કહેશે. તેમાં પહેલો ભેદ કહે છે. ॥ ૮૪ ॥

तव्वत्थुयंमि पुरिसो सव्वं भमिऊण साहइ अपुव्वं ।

**ટીકાનો અર્થ–** તે વસ્તુનો ઉપન્યાસ એટલે પુરી અર્થાત્ શહેરમાં શયન કરવાથી પુરુષ શબ્દ થયો. બધે ભમી આવીને અપૂર્વ કહે. આ અર્ધી ગાથાનો અર્થ છે. આમાં પણ વર્તમાન નિર્દેશ પૂર્વે કહ્યા પ્રમાણે જાણવો. કથાથી ભાવાર્થ જાણવો તે કહે છે એક દેવળ (મંદિર) માં કાપડી જાતના બાવા મળ્યા હતા, તેઓ પરસ્પર પૂછે છે 'જેણે આશ્ચર્ય જોયું હોય તે કહો. એક કાર્પટિક બોલ્યો કે મેં આશ્ચર્ય જોયું છે. પણ તપાસ કરીને કહો કે અહીં જો કોઈ શ્રાવક છુપાયલો ન હોય તો કહું. બીજાએ કહ્યું, 'અહીં શ્રાવક નથી.' તેણે કહ્યું, 'મેં રસ્તામાં ફરતાં પૂર્વ વૈતાલિક નગરીમાં સમુદ્રના કિનારે મોટું ઝાડ જોયું. તેની એક શાખા જમીન ઉપર અને બાકીની સમુદ્રમાં હતી. હવે જે પાંદડા સમુદ્રમાં પડ્યાં તે જળચર જીવ થયા અને જે જમીન ઉપર પડ્યાં તે સ્થલચર પ્રાણી થયાં ત્યારે બીજા બાવા બોલ્યા, 'આ દેવ ભટ્ટારકે ખુબ આશ્ચર્યની વાત કરી. ત્યારે એક બાવો (જેપૂર્વે શ્રાવક હતો) બોલ્યો ઠીક પણ સમુદ્ર અને જમીન એ બન્નેની વચમાં કિનારા ઉપર પાંદડા પડે તેનું શું થાય! ત્યારે તે બાવો ગભરાઈને બોલ્યો, 'મેં પહેલાં નહોતું કહ્યું કે શ્રાવક ન હોય તોજ મારે કહેવું?' એમ કહીને ફીક્કો પડી ગયો. આ પડેલી વસ્તુને અધિકારી ને દૃષ્ટાન્ત આપ્યું. આ લૌકિક છે. એજ ન્યાયથી લોકોત્તર પણ જાણવું. તેમાં ચરણકરણ યોગમાં કોઈની સાથે કોઈ શિષ્ય અસત્ય વાતનો કદાગ્રહ કરતો હોય તો તેના બોલવામાંજ ભૂલ પકડીને તેને સમજાવવો. જેમકે =

न मांसभक्षणे दोषो, न मद्ये न च मैथुने । प्रवृत्तिरेषां भूतानां, निवृत्तिस्तु महाफला ।। १ ।।

કોઈ બોલે કે માંસ ભક્ષણ, દારૂ કે મૈથુનમાં દોષ નથી કારણકે એ તો જીવોની પ્રવૃત્તિ સાધારણ છે. પણ નિવૃત્તિ કરે તો મહાન્ ફલદાયી છે. પ્રવૃત્તિ વિના નિવૃત્તિના ફળનો અભાવ હોવાથી આજ પ્રમાણે યોજાય.

---

ઉપન્યાસોપન્યાસ (૧)તદ્વસ્તુનોપન્યાસ–વાદી દ્વારા કહેવાયેલ ઉપન્યાસ હેતુ તેનુ નિરાકરણ. (૨) તદન્ય વસ્તુક ઉપન્યાસ ની કહેવાઈ વસ્તુથી અલગ વસ્તુમાં પ્રતિવાદીની વાતને પકડીને હરાવવો. (૩) પ્રતિનિભ વાદી દ્વારા કહેવાયેલા હેતુને તુરતજ બીજા હેતુનો પ્રયોગ કરીને તેના હેતુઓને પ્રસિદ્ધ કરવાનું (૪) હેતુઉપન્યા સોપનય- હેતુને બતાવીને અન્યના પ્રશ્નના સમાધાન કરી દેવાના.–સ્થાનાંગ–૪ ઉ. ૩ ગા– ૫૦૨

નિર્વિષયપણાથી અને અસંભવ પણાથી ફળ નિબંધન નિવૃત્તિ નિમિતપણાવડે પ્રવૃત્તિ પણ અદુષ્ટજ છે. અહીં કહીએ છીએ. અહી નિવૃત્તિનું જે મહા ફળ બતાવ્યું તે દુષ્ટ પ્રવૃત્તિનો ત્યાગ નિરૂપણ માટે ? અથવા અદુષ્ટ પ્રવૃત્તિ પરિહાર રૂપપણે ? જો વાદી પહેલો પક્ષ પકડે કે દુષ્ટ પ્રવૃત્તિનો પરિહાર, તો કેવી રીતે પ્રવૃત્તિનું અદુષ્ટપણું છે ? પ્રવૃત્તિ તો દોષવાળી છે, બીજો પક્ષ લે કે અદુષ્ટ પ્રવૃત્તિનો પરિહાર છે, તો નિવૃત્તિનું પણ અદુષ્ટપણું થવાથી તેની નિવૃત્તિ પણ પ્રવૃત્તિરૂપે મહાફળ આપવાનો પ્રસંગ આવશે. તે પ્રમાણે માનતાં પહેલાં અને પછીનો વિરોધ આવે છે. (વાદીનું ખંડન એવી રીતે કર્યું કે તું નિવૃત્તિને મહાફલદાયી બતાવે છે તો તારી પ્રવૃત્તિ તું પ્રથમથી નિર્દોષ બતાવે છે અને ત્યારે એનાથી ઉલટી દોષિત નિવૃત્તિ સિદ્ધ થશે, અને જો તું નિવૃત્તિને નિર્દોષ માનીશ તો તારી પૂર્વની પ્રવૃતિ અદોષિત નહિ થાય દોષિતજ થશે. માટે તારૂં વચન ખોટું થશે) હવે દ્રવ્યાનુયોગના અધિકારથી કહે છે. જો કોઈ એમ કહે કે જીવ એકાંત નિત્ય છે કારણ કે તે આકાશની માફક અમૂર્ત છે તો તેણે તેજ અમૂર્તત્વ આશ્રયી તેનાજ ઉત્ક્ષેપન વિગેરેમાં અનિત્ય કર્મમાં તે સિદ્ધ કરવું. કર્મ અમૂર્ત અને અનિત્ય છે. (જેમ કોઈ વાદી જીવને એકાંત નિત્ય માની આકાશની માફક અમૂર્તપણાનો હેતુ લાવી સિદ્ધ કરે તો તેના ખંડન માટે ઊંચે ફેકવું વિગેરે અનિત્ય કર્મમાં પણ સિદ્ધ કરવું કે કર્મ પણ અમૂર્ત અને અનિત્ય છે). આમાં વૃદ્ધ મતવડે ઉદાહરણ દોષજ છે. જેમકે નૈયાયિકમાં અન્ય વસ્તુ સાધર્મ્ય સમ જાતિ છે. ઉપનીતિ દ્વાર સમાપ્ત. ઉપન્યાસ દ્વાર કહે છે.

तयअन्नवत्थुगंमिवि अन्नत्ते होइ एगत्तं ॥ ८४ ॥

ટીકાનો અર્થ– અન્ય વસ્તુના ઉદાહરણમાં અન્ય પણામાં એક પણું થાય છે. તેનો ભાવાર્થ કહે છે. કોઈ કહે છે જીવ અન્ય છે, શરીર અન્ય છે. આ બન્નેના અન્ય શબ્દમાં વિશેષપણું ન હોવાથી તેના વાચ્ય પદાર્થમાં પણ અવિશિષ્ટપણે એક પણાનો પ્રસંગ આવશે તે જીવની શરીરની અપેક્ષા તે અન્ય વસ્તુઓના ઉપન્યાસ વડે પરિહાર કરવો. કેવી રીતે કરવો ? તે કહે છે. આ પ્રમાણે માનીયે તો બધા પદાર્થ, પરમાણુંઓ બે પરમાણુના સ્કંધ, તથા ઘટ પટ વગેરેનું એકપણું આવશે. અન્ય પરમાણુંઓ અને બે પ્રદેશવાળા પણ બીજા. એમ બધે અન્ય શબ્દ અવિશિષ્ટ પણે છે તેથી તેના વાચકપણાથી અવિશિષ્ટ પણું હોવાથી તમને પણ તેજ દોષ આવશે. માટે અન્ય જીવ અને અન્ય શરીર એજ શોભાયમાન છે. આ દ્રવ્યાનુયોગનો વિષય છે. એના વડેજ બીજાનો પણ આક્ષેપ છે. તેમાં ચરણકરણાનુયોગમાં પૂર્વે કહેલ માંસ ભક્ષણનો દોષ નથી. વિગેરે વાદીના કદાગ્રહમાં અન્ય વસ્તુના ઉપન્યાસ વડે ખંડન કરવું. કેવી રીતે ખંડન થાય તે કહે છે. કોઈપણ જીવની હિંસા ન કરો એ વચન વડે જીવ હિંસકોનું ખંડન થયું. લૌકિકમાં તેજ ઉદાહરણમાં અન્ય વસ્તુના ઉપન્યાસ વડેજ ખંડન થાય છે. જેમકે જે પાડીને ખાય અથવા એકઠાં કરે તેઓને શું કહેવાય ? હવે પ્રતિનિભનું દૃષ્ટાંત કહે છે.॥૮૪॥

तुज्झ पिया मह पिउणो धारेइ अणूणयं पडिनिभंमि ।

અર્ધી ગાથાનો અર્થ– તારા બાપને મારા બાપના એક લાખ રૂપીયા દેવાના છે, એનો ભાવાર્થ કથાથી જાણવો. એક નગરમાં એક પરિવ્રાજક તાપસ યોગ્ય સોનાનું વાસણ લઈ ચાલતો હતો. તે કહેતો હતો 'મને કોઈ નવી વાત સંભળાવે તો તેને આ આપી દઉં ત્યારે ત્યાં ઉભેલો એક શ્રાવક બોલ્યો;

तुज्झ पिया मम पिउणो धारेइ अणूणयं सय सहस्सं । जइ सुयपुव्वं दिज्जउ अह न सुयं खोरयं देहि॥१॥

'તારા બાપ પાસે મારો બાપ એક લાખ રૂપીઆ માંગે છે. તેં એ વાત સાંભળી હોય તો લાખ રૂપીઆ આપ, અને ન સાંભળી હોય તો તારૂં વાસણ આપી દે, આ લૌકિક દૃષ્ટાન્તથી લોકોત્તર પણ સમજી લેવું. તેમાં ચરણકરણાનુયોગમાં જેઓ સર્વથા હિંસામાં અધર્મ માને છે તેઓએ વિધિ વડે અનશન કરતાં તે સંબંધી અંતકાલે

ખેદ થતાં આત્મહિંસા આપોઆપ થઈ એટલે અધર્મ સિદ્ધ થયો માટે તેમણે અધર્મરૂપ અણસણ પણ ન કરવું દ્રવ્યાનુયોગમાં કોઈ એમ માનીને બોલે કે મારૂં વચન નિર્દોષ છે તો તેને કહેવું, 'બોલ. ઠીક. જીવ છે તો ઘટ વિગેરે પણ છેજ, અને તેથી તેઓમાં પણ જીવત્વનો પ્રસંગ આવશે જે તું માનતો નથી. પ્રતિનિભ કહ્યુ. હવે હેતુ કહે છે.

किं नु जवा किज्जंते ? जेण मुहाए न लब्भंति ।। ८५ ।।

**ટીકાનો અર્થ–** શા માટે જવ ખરીદો છો ? મફત નથી મળતા તે માટે, આનો ભાવાર્થ કથાથી જાણવો. તે આ પ્રમાણે છે. કોઈ વેપારી જવ ખરીદતો હતો. ત્યારે બીજાએ પૂછ્યું, 'કેમ ખરીદ કરે છે ! પેલાએ ઉત્તર આપ્યો, 'ભાઈ મફત નથી મળતા, આ લૌકિક હેતુ ઉપન્યાસ છે. એથી લોકોત્તર પણ જાણવું. આ લૌકિક ઉદાહરણ છે. હવે હેતુ ઉપન્યાસમાં એના વડે લોકોત્તર પણ જાણી લેવું ચરણકરણાનુયોગમાં જો કોઈ શિષ્યને પૂછે કે આ ભિક્ષા માટે ભટકવું વિગેરે દુઃખદાયી ક્રિયા શા માટે કરવી ? ત્યારે ઉત્તર આપવો કે ભાઈ જેના વડે ભવિષ્યમાં એથી પણ અધિક વેદના નરકાદિમાં ભોગવવી ન પડે. દ્રવ્યાનુયોગને આશ્રયી કોઈ પૂછે કે આ આત્મા ચક્ષુ વિગેરેથી કેમ દેખાતો નથી ? તેવાને કહેવું કે તે અતીન્દ્રિય (ઈન્દ્રિયવગરનો) છે તેથી નથી દેખી શકાતો. હેતુદ્વાર સમાપ્ત. તે કહેવાથી ઉપન્યાસ દ્વાર પણ જાણી લેવું. અને તેનાથી ઉદાહરણ દ્વાર પણ સમજવું. હવે હેતુ કહીએ છીએ. ။ ૮૫ ။

अहवावि इमो हेऊ, विन्नेओ तत्थिमो चउविअप्पो । जावग थावग वंसग, लूसग हेऊ चउत्थो उ ।।८६।।

**ટીકાનો અર્થ–** આ ભલે ઉપન્યાસ હો. ઉદાહરણના ચરમ ભેદ લક્ષણવાળો તે હેતુ છે. અહિં ગાથામાં 'અપિ' શબ્દ સંભાવના રૂપ છે. તે એમ બતાવે છે કે આ અંત્ય દ્વારજ ઉપન્યાસ રૂપ હોવાથી તે ઉપન્યાસ અંદર રહેલા ગુણપણે હોવાથી અહેતુ પણ છે. વળી આ હેતુ જાણવો. એટલે અંદર ઉપન્યાસ રહેલ છે તેથી હવે કહેવાનો હેતુ ચાર ભેદ વાળો જાણવો. તે વિકલ્પ બતાવે છે. [1](૧) યાપક,(૨) સ્થાપક, (૩) વ્યંસક અને (૪) લુષક. બીજા આચાર્ય આ પ્રમાણે કહે છે કે તે હેતુ તે દ્વાર હવે કહેવાય છે. તે ચાર પ્રકારે જાણવું. તેનું પણ ઉદાહરણ કહ્યું. (હેતુ દ્વાર હવે કહેવાય છે તે ચાર પ્રકારનું છે એમ અર્થ લેવો.) બાકીનું અર્ધપૂર્વની માફક જાણવું. આ ગાથાનો અર્થ ટુંકાણમાં કહ્યો છે. એનો પુરો ખુલાસો જરૂર પડ્યેથી અવસર આવ્યે આગળ કહેશે. હવે પહેલો ભેદ પોતેજ કહે છે.

उब्भामिगा य महिला, जावगहेउंमि उंटलिंडाई ।

**ટીકાનો હેતુ–** કુલટા સ્ત્રી જે યાપન કરે તે યાપન. તેજ હેતુ તે યાપક હેતુ. તેનું ઉદાહરણ (એ વાત બાકી છે. ઊંટના લીંડા એની કથામાં સૂચવશે. એનો ખુલાસો કથાથી જાણવો. તે) આ પ્રમાણે છે. એક વાણીઓ સ્ત્રીને લઈને પરદેશ ગયો. કહેવત છે કે =

पाएण खीणदव्वा धणियपरद्धा कयावराहा य । पच्चंतं सेवंती पुरिसा दुरहीयविज्जा य ।। १ ।।

'જેમનું દ્રવ્ય નાશ થયું છે. જેઓએ દ્રવ્ય કમાવા નો પ્રારંભ કર્યો છે, જેઓએ અપરાધ કરેલો હોય છે અને જેઓએ વિદ્યાપ્રાપ્ત નથી કરી તેઓ મુખ્યત્વે કરીને પરદેશને સેવે છે." તેવાણીયાની સ્ત્રી વંઠેલી હતી. તે

[1]હેતુ ચાર પ્રકારે– (૧)યાપક = જેમકે પ્રતિવાદી જલ્દી ન સમજી શકે એવો સમય વિતાવવા વાળું બદલ હેતું (૨) સ્થાપક = સાધ્યને જલ્દી સ્થાપિત કરવાવાળી વ્યાપ્તિ તે 'યુક્ત હેતુ (૩) વ્યંસક= પ્રતિવાદીને છલ (માયા)માં નાંખવાવાળું (૪) લુષક= વ્યંસકથી થયેલી આપત્તિને દૂર કરવાનો હેતુ અથવા બીજા ચાર પ્રકારે (૧) પ્રત્યક્ષ (૨) અનુમાન (૩) ઔપમ્ય (૪) આગમ

કોઈ પુરુષ સાથે સંબંધમાં પડી, વાણીઆને ઘરમાં રહેલો જાણીને તેને તે કહેવા લાગી વ્યાપાર કરવાં જાઓ ?' વાણીઆએ કહ્યું, 'શું લઈને જાઉ ?' તેણીએ કહ્યું, 'ઊંટના લીંડા લઈને ઉજ્જયીની નગરીમાં જાઓ.' તે ભોળો હોવાથી ગાડું ભરીને ઉજ્જયીની ગયો જતી વખતે સ્ત્રીએ કહ્યું, એક એક મહોરે લીંડું વેચજો' એટલે કે સ્ત્રીએ વિચાર્યું કે એ પ્રમાણે કોઈ લે નહિ અને તે ઘણા કાળ સુધી ત્યાં રહેશે તે પ્રમાણે તે ગયો. બજારમાં વેચવા લાગ્યો પણ કોઈ તેને કંઈ પણ પૂછતું નહોતું મૂળદેવે તે જોયું અને પૂછ્યું. તેણે તે કહ્યું, 'મૂળદેવે વિચાર્યું કે આ બિચારાને સ્ત્રીએ ઠગ્યો છે. તેથી તેણે કહ્યું, 'હું આ તારાં લીંડાં વેચી આપું, પણ તારે મને અર્ધો ભાગ આપવો' પેલાએ તે કબુલ કર્યું. ત્યારપછી મૂળદેવ હંસ માગી લાવીને આકાશમાં ઉડ્યો અને નગરના મધ્ય ભાગમાં ઉડી કહેવા લાગ્યો, 'જેના ગળામાં ચેટ (દાસ) રૂપનમાં ઊંટના લીંડાં બાંધેલા ન હોય તો તેને હું મારી નાખીશ હું દેવ છું,' તેથી બધા લોકોએ ડરીને એક એક મહોરથી ઊંટના લીંડાં લીધાં. બધાં ખપી ગયાં, તેથી મૂળદેવને અર્ધા પૈસા આપ્યા. જતી વખતે મૂળદેવે કહ્યું, 'અરે ભાગ્યહીન ! તારી સ્ત્રી કોઈ ધૂર્ત સાથે લાગેલ છે તેથી તને આવું ખોટું શીખવીને મોકલ્યો.' તેણે તે વાત માની નહિ. મૂળદેવે કહ્યું, 'ચાલ, આપણે સાથે જઈએ. તું માનતો નથી માટે તને દેખાડું' વેશ બદલી બન્ને સાથે ગયા. સંધ્યાકાળે આવી ઉતારો માંગ્યો. બાઈએ અણજાણ્યે ઉતારો આપ્યો. બન્ને જણા બેઠા. ધૂર્ત આવ્યો એટલે તેની જોડે (ખાઈ પીને) તે સ્ત્રી બેઠી અને ગાવા લાગી.

इरिमंदिरपर्ण्णहारओ, मह कंतु गतो वणिजारओ । वरिसाण सयं च जीवउ मा जीवंतु घरं कयाइ एउ॥१॥

લક્ષ્મીનું મંદીર અને વેચવાની વસ્તુઓને ધારણ કરનાર મારો પતિ વેપારમાં રક્ત થઈને પરદેશમાં ગયેલ છે તે સેંકડો વર્ષ જીવો અને ઘેર કદી જીવતો ન આવો.' મૂળદેવે કહ્યું,

कयलीवणपत्तवेढिया, पइभणामि देव जं मद्दलएण गज्जती मुणउ तं मुहुत्तमेव ॥ १ ॥

'કેળના વનનાં પાંદડામાં બીટાયેલી તું સાંભળ. જે દેવત સાથે ઢોલક વાગે છે તે એક મુહૂર્ત માત્ર સાંભળી લે પછી મૂળદેવે કહ્યું, 'હે ધૂર્ત, આ શું ? (એના પતિને કહ્યું તું આજોઈલે) તેથી પ્રભાતમાં નીકળીને તેનો પતિ પાછો આવ્યો. તેની સામેજ બેઠો. કોણ ? ત્યારે તે બાઈ ગભરાઈને સામે આવી. તે વખતે ખાવા પીવાનું જ્યાથી ચાલતું હતું ત્યાંથી વાણીઆએ તેનાં ગાયેલાં ગીત સુધી બધું યાદ કરી કહ્યું. આ લૌકિક હેતુ છે. લોકોત્તરમાં પણ ચરણ કરણાનુયોગમાં કોઈ ભોળો શિષ્ય આ વાણીયા માફક કોઈ ધર્મ પદાર્થને ન માને તો સમય આવ્યે વિદ્યા વિગેરેથી અથવા દેવી બોલાવી તેને મારફત શ્રદ્ધાવાળો કરવો. તથા દ્રવ્યાનુયોગમાં પણ પ્રતિવાદીને જાણી ઘણા વિશેષણવાળો હેતુ કહેવો જેથી વાદીને વિચારતાં ઘણો સમય થાય. ત્યાં સુધીમાં તેનો ઉત્તર પણ સુખેથી દેવાય તેથી પણ જો ન સમજે તો જેમ શ્રી ગુપ્ત મહારાજે પોતાના શિષ્ય ષડુલૂકને કુત્રિકાપણ ચર્ચરી (એટલે દેવતા અધિષ્ઠિત સર્વ વસ્તુઓ વેચવાની દુકાન)માંથી પદાર્થ મંગાવ્યા અને સમજાવ્યો તેમ જૈન ધર્મ સિદ્ધ કરવો. યાપક એટલે ઘણો કાળ વીતાવવો તે. (જેમ દુષ્ટ હેતુથી સ્ત્રીએ કર્યું હતું તેમ નહિ. પણ સારા કામમાં વિચારવા માટે વધારે વખત લેવો.) હવે સ્થાપક હેતુ કહે છે.

लोगस्स मज्झजाणण थावगहेऊ उदाहरणं ॥८७॥

**ટીકાનો અર્થ-** ૧૪ રજ્જવાત્મક જે લોક છે તેનો મધ્ય ભાગ કર્યો ? આ સ્થાપક હેતુનું ઉદાહરણ ભાવાર્થ કથાથી જાણવો. તે આ પ્રમાણે છે. એક બાવો ચાલતાં ચાલતાં બોલતો હતો ક્ષેત્રમાં દાન વિગેરે સફળ છે. દાન સમક્ષેત્રમાં કરવું. હું લોકનો મધ્યભાગ જાણું છું પણ બીજા જાણતા નથી. તેથી લોકો તેનો સત્કાર કરતા હતા. તેને પૂછતાં તે ચાર દિશામાં ખીલા ઘાલી દોરી વડે પ્રમાણ કરીને કપટથી કહે છે ' આ લોકનો મધ્ય ભાગ છે.' લોકો આશ્ચર્ય પામ્યા કે આ પંડિતે મધ્યજાણ્યું છે. એક શ્રાવકે જાણ્યું કે આ ધૂર્ત લોકોને વ્યર્થ ઠગે છે તો હું તેને સીધો કરૂં. એમ વિચારી ત્યાં જઈ કહ્યું, 'તારો કહેલ તે લોકનો મધ્ય ભાગ નથી.' તેથી શ્રાવકે ફરીથી માપ કરી બીજું સ્થળ બતાવ્યું કે આ લોકનો મધ્ય ભાગ છે. લોકો ખુશ થઈ ગયા. બીજા આચાર્ય એમ કહે છે કે અનેક સ્થાનમાં જુદા જુદા મધ્ય સ્થાન બતાવી તેનો વિરોધ બતાવ્યો. આ પ્રમાણે જેમ પરિવ્રાજિકને ખોટું બોલતો અટકાવ્યો તે લૌકિક દૃષ્ટાંત છે એમ લોકોત્તરમાં પણ ચરણાકરણનુયોગમાં કુવચન (અસંભાવનીય) કહેનાર અસત્ય બોલનાર શિષ્યને એજ પ્રમાણે પ્રતિબોધ કરાવવો. વળી દ્રવ્યાનુયોગમાં પણ સાધુએ એવું બોલવું અને એવો પ્રશ્ન ગ્રહણ કરવો કે બીજો ઉત્તર આપવા સમર્થ ન થાય અને આપણા બોલવામાં પૂર્વ અને પછીનો વિરોધ દોષ ન આવે. સ્થાપક કહેવાયું. હવે વ્યસંક કહે છે ॥ ૮૭ ॥

सा सगडतित्तिरी वंसगंमि हेउम्मि होइ नायव्वा ।

**ટીકાનો અર્થ-** શકટ તિત્તિરી વ્યંસક હેતુમાં જાણવી. તે ગાથાનો અર્થ છે. ભાવાર્થ કથાથી જાણવો તે આ પ્રમાણે છે. જેમ એક ગામડીઓ ગાડામાં લાકડાં ભરીને નગરમાં આવ્યો. તેણે રસ્તામાં જ આવતાં એક મરેલું તિત્તિરી (પક્ષી) જોયું. તે લઈને ગાડા ઉપર મૂકી નગરમાં પેઠો. નગરમાં પ્રવેશ કરતાં તેને એક ધૂર્ત મળ્યો. તેણે પૂછ્યું, 'આ ગાડાવાળું તિત્તિરી કેટલામાં આપીશ.' તેણે કહ્યું મથેળા સક્તું સાથે આપીશ.તે ઠગે સાક્ષીઓ રાખ્યા અને તિત્તિરી સહિત ગાડું લીધું. અને આપતો કાંઈ નથી. આ વ્યંસક હેતુ છે. (પછી આગળ ગુરુ વાત કહે છે.) તે બિચારો ગામડીઓ ઉદાસ થઈને બેઠો હતો તેવામાં મૂળદેવ જેવો બુદ્ધિમાન માણસ આવ્યો. તેણે પૂછ્યું, 'હે ભાઈ, તું શું વિચાર કરે છે ?' તેણે કહ્યું, 'મને કોઈ બદમાસે આવી ઠગીને મારૂં ગાડું છીનવી લીધું છે. તેણે કહ્યું, 'ન ડર' તું ઉપચારવાળું મથેલું સક્તુક માગ' પછી તેણે અંદરની ગુપ્ત વાત શીખવી. એમ શીખવીને તેની પાસે તે ગયો અને માગ્યું કે, 'તેં મારૂં ગાડું લીધું તો હવે મને ઉપચારવાળો મથેલો સક્તુક આપ.' પહેલાએ કહ્યું, 'ઠીક ? તેને ઘેર લાવી બૈરીને વાત કરી કહ્યું 'ઘરેણાથી સુશોભિત થઈ મહાન વિનય સાથે આ પરોણાને મથેલું સક્તુક આપ ! તેણીએ તે પ્રમાણે કર્યું. પેલા ગાડાવાળાએ કહ્યું કે 'મારી આંગળી કપાયેલી છે. આ ચીંથરી વીંટેલ છે, તેથી મથવાને હું શક્તિમાન નથી. તું મથીને આપ.' મન્થન કરતાં તેણે સ્ત્રીને હાથથી ઉપાડી અને પોતાની સાથે લઈ પોતાને માર્ગે પડ્યો. અને રસ્તામાં લોકોને કહે છે જુઓ, 'મેં ગાડાં સાથે તિત્તિરી આપીને સક્તુક મન્થન કરનારી બાઈડી ગ્રહણ કરી.' ત્યારે ગભરાઈને ધૂર્તે ગાડું પાછું આપ્યું. અને પેલાએ તેની બાઈડી છોડી દીધી. આવીજ રીતે લૂસક હેતુ પણ કથાથી જાણવો આ લૌકિક છે. લોકોત્તરમાં પણ ચરણકરણાનુયોગમાં કુયુક્તિ કરનારને જેવી તેની કુયુક્તિ હોય તેવી તેને સુયક્તિ બતાવી કબજે લેવો કે તે ઠેકાણે આવી જાય. દ્રવ્યાનુયોગમાં પણ કોઈ કુવાદી આવીને કહે કે 'જિન પ્રણીત ધર્મમાં જીવ પણ છે અને ઘડો પણ છે. હવે આ જીવ અને ઘટ બન્નેમાં 'છે' પણું એ સમાન છે તેથી જીવ અને ઘડાનું એકપણું થાય છે. જો તમે એમ કહો કે 'છે'

ભાવથી જીવ જુદો છે તો જીવ નથી એમ અભાવ થશે. આ એટલો માત્રજ વ્યંસક હેતુ છે. લુંસક વડે વળી એવો ઉત્તર આપવો કે 'હે વાદી, જો જીવ ઘટનું એકપણું માનીને બધાનું એકપણું થાય એવું તું માનતો હોય તો ઘટ પરમાણું બે પ્રદેશવાળા સ્કંધ એ બધા 'છે' ક્રિયા પદથી જોડાય તો એ બધાને તું એક માને છે કે કેમ ? જો તેમને એક ન માને તો અમારે પણ જીવ અને ઘટ જુદા છે', અહીં શિષ્ય ન જાણવાથી પૂછે છે. 'આ કેવી રીતે જાણવું કે સર્વ ભાવમાં અસ્તિપણું હોવા છતાં તે એક ન થાય ? આચાર્ય ઉત્તર આપે છે 'અનેકાંત માર્ગ માનવાથી આ વાત સિદ્ધ થાય છે. જેમકે ખેર અને પલાસ એ બન્ને જુદા છે અને વનસ્પતિ છે. એવી રીતે જીવ પણ નિયમથી છે. અને 'અસ્તિ' ભાવમાં જીવપણ હોય અથવા બીજો કોઈ પણ પદાર્થ અજીવ સંબંધી ધર્માસ્તિકાય વિગેરે પણ હોય ? હવે લુષક આશ્રયી કહે છે.

तउसगवंसग लूसग,हेउम्मि य मोयओ य पुणो ।। ८८ ।।

**ટીકાનો અર્થ**– ત્રપુષ વ્યંસકના પ્રયોગમાં લુષક હેતુમાં લાડુ એ દૃષ્ટાન્ત છે. આ ગાથાનો અર્થ છે ભાવાર્થ કથાથી જાણવો. તે નીચે પ્રમાણે છે. જેમ એક ચીભડાં ભરેલ ગાડાવાળો નગરમાં પ્રવેશ કરતો હતો. તે પ્રવેશ કરતો હતો તેવામાં એક ધૂર્તે તેને કહ્યું, જે આ ચીભડાનું ગાડું ખાઈ જાય તેને તું શું આપે ?' ત્યારે ગાડાવાળાએ જવાબ આપ્યો, 'હું તેને એવો લાડુ આપું જે નગરના દ્વારમાંથી બહાર ન નિકળે' ધૂર્તે કહ્યું, 'ચીભડાનું ગાડું ખાઉં તો નગરદ્વારમાંથી ન નિકળે એવો લાડું તું આપીશ ?' જ્યારે ગાડાવાળાએ તે કબુલ કર્યું એટલે લુચ્ચાએ સાક્ષીઓ રાખ્યા અને ગાડું ઉભું રાખીને તે ચીભડાંઓનો એકેક ઝીણો કકડો ખાઈને પછી ગાડાંવાળાને કહ્યું લાડુ આપ ત્યારે ગાડાવાળો બોલ્યો, 'આ તેં ખાધાં નથી' લુચ્ચો બોલ્યો, 'જો ન ખાધાં હોય તો ચીભડાં વેચ.' જ્યારે વેચવા માંડ્યાં ત્યારે ખરીદનાર આવ્યા અને તેઓ જોઈને બોલ્યા 'તારાં ચીભડાં ખવાયલાં છે, કોણ એ ખાધેલાંને વેચાતાં લે ?' પછી તેનો ન્યાય કરવાથી ગાડાવાળો હારી ગયો. આ વ્યંસક હેતુજ લુષક હેતુ નિમિત્તે અહીં આવ્યો છે. હવે ધૂર્ત મોદક માગવા લાગ્યો. ગાડાંવાળો ગભરાયો. તેવામાં જુગારીઓ આવ્યા. તેમને ખુશ કરી ગાડાવાળે પૂછ્યું અને પોતાની બધી વાત કહી. તેથી ગાડાવાળાને તેઓએ કહ્યું, 'તું નાનો લાડુ નગરને દરવાજે રાખીને બોલ કે નગરના દરવાજેથી ન નીકળતો આ મોદક લઈ લો,' જેથી ધૂર્ત હાર્યો. (આ કથાનો સાર એ છે કે ધૂર્તને મોટો લાડુ જોઈતો હતો જે દરવાજામાંથી પણ નીકળી ન શકે તેને બદલે એક નાની સરખી લાડુડીમાં કામ પતી ગયું.) આ લૌકિક દૃષ્ટાંત છે. લોકોત્તરમાં પણ ચરણકરણાનુયોગમાં કુશ્રુતથી ભાવિત એટલે એવી રીતે કુયુક્તિ કરનારને કહેવું જેથી પોતાની મેળે ઉચિત સમજી જાય. દ્રવ્યાનુયોગમાં વળી પૂજ્ય પુરૂષો કહે છે 'જે પૂર્વે બતાવેલ છે.' અન્ય આચાર્ય કહે છે કે કદાચ પોતેજ વ્યભિચારવાળો હેતુ બોલીને પારકાના વિશ્વાસ માટે કહેવાયું હોય અથવા ઉતાવળીયું બોલાયુ હોય તો તે હેતુને અન્યનિરૂક્ત વચન વડે સ્થાપન કરવો. લુષક હેતુ કહ્યો. હવે પહેલાં કહ્યું હતું કે કોઈ જગ્યાએ બતાવશું.' તે પ્રમાણે પાંચ અવયવોના અધિકાર બતાવનારૂં 'ધમ્મો મંગલ' વિગેરે લક્ષણવાળું સૂત્ર અધિકારમાં બતાવે છે. અહિંસા, સંયમ અને તપ રૂપ જે ધર્મ છે તે ઉત્કૃષ્ટ મંગળ છે. આ અમારી પ્રતિજ્ઞા છે, અહીં ધર્મ ધર્મીનો નિર્દેશ છે. અહિંસા સંયમ તપ રૂપ એ ધર્મીનું વિશેષણ છે. ઉત્કૃષ્ટ મંગલ એ ધર્મ સાધવાને માટે છે. ધર્મધર્મી સમુદાય એ પ્રતિજ્ઞા છે. આ અર્ધ શ્લોક વડે કહ્યું. દેવાદિથી પૂજિતપણું એ અમારો હેતુ છે. 'આદિ' શબ્દથી સિદ્ધ, વિદ્યાધર અને નર પણ પૂજે છે એમ જાણવું. આ શ્લોકના ત્રીજા પદ વડે કહેલ જાણવું. અરિહંત વિગેરે માફક તે દૃષ્ટાન્ત છે. અહીં 'આદિ શબ્દથી ગણધર વિગેરે લેવા. આ શ્લોકના ચોથા પદ વડે કહેલું જાણવું. ભાવ મનના અધિકારથી દૃષ્ટાંતમાં કંઈ વાંધો નથી. અહીં કહેવાનું એ છે કે જે દેવો વિગેરેથી પૂજાય તે ઉત્કૃષ્ટ મંગળ છે. જેમકે અરિહંત વિગેરે દૃષ્ટાંત છે દેવાદિ પૂજિત ધર્મ એ ઉપનય

છે. તેથી દેવાદિના પૂજિત પણાથી ઉત્કૃષ્ટ મંગળ આ નિગમન જાણવું આ છેલ્લા બે ઉપનય અને નિગમન સૂત્રમાં પૂર્વના ત્રણ કહેલા તેની સાથે નિરંતર રહેતા હોવાથી એ પણ બે ભેગા જાણી લેવા. હવે અવયવોનેજ સૂત્ર સ્પર્શિત નિર્યુક્તિવડેજ સ્વીકારતાં કહે છે. ॥ ૮૮ ॥

धम्मो गुणा अहिंसाइया, उ ते परमामंगल पइन्ना । देवावि लोगपुज्जा पणमंति सुधम्ममिइ हेऊ ॥८९॥

*ટીકાનો અર્થ– ધર્મનો અર્થ પહેલો બતાવ્યો છે. ગુણ અહિંસાદિ. 'આદિ શબ્દથી સંયમ તપ લેવા 'તું' નો અર્થ,જ છે. તે અહિંસાદિજ. તે પરમ મંગલ છે એવી પ્રતિજ્ઞા. તથા દેવ પણ. અહીં 'પણ' શબ્દથી સિદ્ધ, વિદ્યાધર, રાજા વિગેરે લેવા. લોકમાં તેઓ પૂજ્ય છે. તેઓ પણ સારોધર્મ પાળનારને નમે છે. આ હેતુનો અર્થ સૂચવે છે તેથી હેતુ જાણવો. ॥ ૮૯ ॥

दिट्ठंतो अरहंता अणगारा य बहवो उ जिणसीसा । वत्तणुवत्ते नज्जइ, जं नरवइणोवि पणमंति ॥९०॥

**ટીકાનો અર્થ**– દૃષ્ટાંતનો અર્થ પૂર્વે કહેલ છે. તે અશોક વૃક્ષ વિગેરે આઠ પ્રતિહાર્યથી શોભાયમાન પૂજાને યોગ્ય છે તેથી અરિહંત. તથા ઘણા સાધુઓ તે શ્રી જિનેશ્વરના શિષ્યો છે. ન ચાલે તે અગ–વૃક્ષ. તેના વડે કર્યુ તે અગાર નામ ગૃહ. તે જેને હોય તે અગાર એટલે ગૃહસ્થી. અને તે અગાર ન હોય તે અણગાર. ઘણા એટલે થોડા નહિ. રાગ વિગેરે જીતવાથી જિન. તેના શિષ્ય એટલે ચેલા તે ગૌતમ વિગેરે વાદીની શંકા–'અર્હદાદિ પરોક્ષ હોવાથી દૃષ્ટાંતમાં અયુક્ત છે. અમે કેવી રીતે નિશ્ચય કરીએ કે દેવતા તેને પૂજે છે ! આચાર્યનો ઉત્તર પરોક્ષ એમ કહેવું દુષ્ટ છે, કારણકે સૂત્રનું ત્રણ કાળ બતાવવા પણું છે. તેથી કોઈ વખત પ્રત્યક્ષ પણ હોય છે. દેવો વિગેરે તેને પૂજે છે. તેના નિશ્ચય માટે કહે છે. પૂર્વે જે વીતી ગયું હોય તેની ખાત્રી વર્તમાનને આશ્રયીને થાય છે. તે કેવી રીતે, તે કહે છે. રાજાઓ પણ હાલ ઉત્તમ સાધુને નમે છે, ઉત્તમ એટલે જ્ઞાન, દર્શન ચારિત્ર યુક્ત. એથી એમ જાણવું કે ગુણોનું પૂજ્યપણું સૂચવ્યું. ॥ ૯૦ ॥

उवसंहारो देवा जह, तह रायावि पणमइ सुधम्मं । तम्हा धम्मो मंगलमुक्किट्ठमिइ अ निगमणं ॥९१॥

ટીકાનો અર્થ– ઉપસંહાર–ઉપનય તે આ છે. દેવો જેમ તીર્થંકર વિગેરેને તથા રાજા અથવા બીજા માણસ પણ હાલ સદ્ધર્મીને સજ્જન માણસ ને નમે છે તેથી દેવાદિથી પૂજનીક ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે એ નિગમન છે. પ્રતિજ્ઞા અને હેતુને બીજી વખત સિદ્ધ કરવું એ નિગમન છે. (અહીં સમજવા માટે સહેલું દ્રષ્ટાંત આપીએ છીએ. આ પહાડમાં અગ્નિ છે, એ પ્રતિજ્ઞા. ધૂમાડો છે તેથી આ હેતુ. ચૂલામાં ધૂમાડો છે, ત્યાં અગ્નિ દેખાય છે તે દૃષ્ટાંત. જેમ જ્યાં ધૂમાડો હોય ત્યાં અગ્નિ તેવી રીતે અહીં પણ ધૂમાડો દેખાય છે માટે પહાડમા અગ્નિ છે એ ઉપનય છે. અને તેથી સિદ્ધ થયું કે પહાડ અગ્નિવાળો છે એ નિગમન.) આ કહેવાથી અર્થનો અધિકાર પણ આવી ગયો કે ધર્મની પ્રશંસા છે. હવે જિનશાસનમાં અધિકાર બતાવી દસ અવયવ કહે છે. આ દશે અવયવ પ્રતિજ્ઞા વિગેરે શુદ્ધિ સહિત હોય છે. અવયવપણું તેજ તેના અધિકારના વાક્યનો અર્થ ઉપકારકપણે હોવાથી પ્રતિજ્ઞા વિગેરે ભાવી લેવા. અહીં ઘણું કહેવાનું છે, જે થોડામાં પતાવ્યું. હવે દસ અવયવ બતાવે છે ॥૯૧॥

बिइयपइन्ना जिणसासणंमि साहेंति साहवो धम्मं । हेऊ जम्हा सब्भाविएसु ऽ हिंसाइसु जयंति ॥९२॥

ટીકાનો અર્થ પાંચ અવયવમાં બતાવેલી પ્રથમ પ્રતિજ્ઞાની અપેક્ષાએ આ બીજી પ્રતિજ્ઞા છે. એક પ્રતિજ્ઞા પૂર્વે કહી ગયા. બીજી હવે કહે છે. તે જિનશાસનમાં સાધુઓ સાધે છે. ધર્મીને ધર્મનો અર્થ પૂર્વે કહ્યો છે. અહીં સાધુઓ એ ધર્મીનો નિર્દેશ છે. શેષ સાધ્ય ધર્મ છે. આ પ્રતિજ્ઞાનો નિર્દેશ છે. હવે હેતુનો નિર્દેશ કહે છે. જે

× તંદુલવેયાલિયં

૧. (૧) અશોકવૃક્ષ (૨) પુષ્પવૃષ્ટિ (૩) દિવ્યધ્વનિ (૪) ચામર યુગલ (૫) સ્વર્ણસિંહાસન, (૬) ભામંડલ (૭) દેવદુંદુભિ (૮) છત્રત્રય આ આઠ પ્રાતિહાર્ય છે.

હેતુ અહિંસાદિ પરમાર્થિક હોય તે, નહિ કે બનાવટી 'આદિ' શબ્દથી મૃષાવાદ વિગેરે થી વિરતી જાણવી અન્ય આચાર્ય બીજી રીતે કહે છે કે સદ્‌ભાવિકનો અર્થ સદ્‌ભાવ વડે નિરૂપચરિત સાચું) સકલ દુઃખ ક્ષયને માટેજ યત્ન કરે છે. હવે પ્રતિજ્ઞા શુદ્ધિ કહે છે. ॥૯૨॥

जह जिणसासणनिरया, धम्मं पालेंति साहवो सुद्धं, न कुतित्थिएसु एवं, दीसइ परिवालणोवाओ ॥९३॥

**ટીકાનો અર્થ-** જે રીતે જિનશાસનમાં રકૃતજન નિશ્ચય વડે ધર્મમાં રક્ત થઈને ધર્મ પાળે છે તે સાધુઓ ષટ્ જીવ નિકાયના પરિજ્ઞાનથી કરવું, કરાવવું અને અનુમોદવું એવી પાપ ત્યાગની પ્રતિજ્ઞાવડે અકલંક પાળે છે તે પ્રમાણે બીજા કુતીર્થીઓ પાળતા નથી. એટલે જેવો સાધુનો આચારછે તેવો બીજામાં નથી. ઉપાય ગ્રહણ કરવાથી અહીં એ જાણવું કે શાસ્ત્રમાં કહેલોજ ઉપાય લેવો. પણ બીજાનો આદરેલો ખોટો ન લેવો. કારણ કે સાધુ, વેષધારી જૂઠું બોલનારા કોઈ પતિત પણ હોય છે. એથી શાસ્ત્રનો ઉપાય લેવો, અહીં કહે છે. ॥૯૩॥

तेसुवि य धम्मसद्दो धम्मं निययं च ते पसंसंति । नणु भणिओ सावज्जो कुतित्थिधम्मो जिणवरेहिं॥९४॥

**ટીકાનો અર્થ-** અન્ય ધર્મીઓના ધર્મમાં 'ધર્મ' શબ્દ રૂઢ હોવાથી તેને તે જેમ તેમ પ્રશંસે છે, ત્યારે તે કેમ ન માનવો ? આચાર્ય ઉત્તર આપે છે આ તમારૂં કહેવું અયોગ્ય છે. અન્યના બતાવેલ અનુષ્ઠાન તે જીવ હિંસા યુક્ત હોવાથી ચરકાદિ ધર્મ સાવદ્ય છે. તેથી જિનેશ્વરે તેને પ્રશંસ્યો નથી. તથા છ જીવ નિકાયના પરિજ્ઞાન વિગેરેનો પણ તેમને અભાવ હોવાથી પ્રશંસનીય નથી અહીં ગ્રંથ વિસ્તાર ભયથી વિશેષ કહેતા નથી. ॥૯૪॥

जो तेसुं धम्मसद्दो सो उवयारेण निच्छएण इहं । जह सीहसद्दु सीहे पाहण्णुवयारओऽण्णत्थ ॥९५॥

**ટીકાનો અર્થ-** અન્યમાં ધર્મ શબ્દ ઉપચારથી જાણવો. પણ પરમાર્થથી તો જિન શાસનમાં છે. જેમકે સિંહ શબ્દનું પ્રધાનપણું સિંહમાંજ છે, પણ ઉપચારથી માણસ વિગેરેમાં પણ છે કોઈ શૂરવીર માણસ બળવાન ને ક્રોધી હોય તો તે સિંહની ઉપમાને પામે, પણ તે ખરો સિંહ નથી. તેથી તેમના ઉપચાર ધર્મ તે ખરો ધર્મ ન ગણતાં અહિંસા વિગેરેથી જૈન ધર્મનેજ ધર્મ લેવો. ॥૯૫॥

एस पइन्नासुद्धी हेउ अहिंसाइएसु पंचसुवि । सब्भावेण जयंती हेउविसुद्धी इमा तत्थ ॥१॥ भा.

**અર્થ -** આ ઉપર બતાવેલી પ્રતિજ્ઞાની શુદ્ધિ છે અને અહિંસાદિ પાંચમાં પણ હેતુ સદ્‌ભાવ વડે વર્તે છે. આ પૂર્વે કહેલું છે. પણ શુદ્ધિ કહેવાની ઈચ્છાથી ભાષ્યકારે ફરી લીધું છે. હેતુની વિશુદ્ધિ તે હેતુ વિશુદ્ધિ. વિષયની વિંભાસાનું વ્યવસ્થાપન કરવું તે વિશુદ્ધિ. આ ત્યાં પ્રયોગ છે.

जं भत्तपाणउवगरण,वसहिसयणासणाइसु जयंति । फासुयअकयअकारियअणणुमयाणुदिट्ठभोई य ॥२॥भा.

જે ભોજન, પાણી, ઉપકરણ, મકાન, સુવા બેસવાનું (આ બધાનો એકઠો સમાસ છે) એ બધાં માટે પ્રયત્ન કરે છે. એટલે કે નિર્દોષ, ન કરેલું, ન કરાવેલું, ન કરતાં અનુમોદેલું, તથા ઉદ્દેશ પણ ન રાખેલો એવી યોગ્ય વસ્તુને લેવાનો જેઓનો આચાર છે તેમાં અસુ (એટલે પ્રાણ છે. તે રહિત) એટલે પ્રાસુકનો અર્થ જીવ રહિત છે. તે કરેલું પણ હોય કે ! નહિ. કરાવેલું હોય તે પણ નહિ. અનુમોદેલું હોય તે પણ નહિ. તેમ એનો ઉદ્દેશ પણ નહિ એટલેકે સાધુના નિમિત્તે જરા પણ હિંસા થવી ન જોઈએ.

એનુ નામ અનુદિષ્ટિ આ પરિજ્ઞાનો ઉપાય બતાવેલો તે સકલ પ્રદાનાદિ લક્ષણોવાળો સૂત્રોથી જાણવો. બીજા આચાર્ય શું કહે છે તે બતાવે છે. ॥

अफासुयकयकारिय अणुमयउद्दिट्ठभोइणो हंदि । तस थावरहिंसाए जणा अकुसला उ लिप्पंति ॥३॥भा॥

**અર્થ-** અપ્રાસુક, કૃત કારિત અનુમોદિત, ઉદિષ્ટ વાપરનારા ચરક વિગેરે છે. એમ બતાવે છે કે ત્રાસ પામનારા તે ત્રસ જીવો બેઈંદ્રિય વિગેરે, તથા સ્થિર રહેનારા તે સ્થાવર પૃથ્વીકાય વિગેરે તેઓની હિંસા એટલે

જીવઘાત વડે તેઓ અનિપુણ એટલે મંદ બુદ્ધિવાળા ચરક વિગેરે લેવાય છે. એટલે જે જીવોને પીડા થાય તેના વડે બંધાયેલ કર્મથી તેઓ લેપાય છે. (અહીં કારણમાં કાર્યનો ઉપચાર કર્યો છે). તેથી ચરક વિગેરે તે શુદ્ધ ધર્મ સાધકો નથી પણ જૈન સાધુઓજ ઉત્તમ છે. ॥૩–ભા.॥

एसा हेउविसुद्धी दिट्ठंतो तस्स चेव य विसुद्धी । सुत्ते भणिया उ फुडा सुत्तफासे उ इयमन्ना ॥४॥ भा०॥

**ટીકાનોઅર્થ–** ઉપર કહેલી હેતુની વિશુદ્ધિ બતાવી. હવે દૃષ્ટાંતની વિશુદ્ધિ સૂત્રમાં કહી છે તે સૂત્ર અહીં બતાવે છે. તે આ સૂત્ર છે. ॥૪–ભા. ॥

जहा दुमस्स पुप्फेसु, भमरो आवियई रसं ।
ण य पुप्फं किलामेइ सो य पीणेइ अप्पयं ॥२॥

**ટીકાનો અર્થ–** અહીં પ્રશ્ન, દશ અવયવ નિરૂપણામાં પ્રતિજ્ઞા વિગેરેનો ત્યાગ કરી દૃષ્ટાન્ત જ બતાવ્યો તેનું શું કારણ? આચાર્ય નો ઉત્તર દૃષ્ટાન્તથી જ હેતુ પ્રતિજ્ઞા વિચારી લેવી એવો ન્યાય બતાવવા માટે, હવે ચાલતી વાત કહે છે. જે પ્રકારે ઝાડના પુષ્પમાં અસંપૂર્ણ પદ કહેનાર ઉપમામાં ગ્રહીને ઝાડના આહારાદિ પુષ્પોને આશ્રયી વિશિષ્ટ સંબંધ બતાવવા માટે કહે છે તે પ્રમાણે અન્યાય ઉપાર્જિતનું દાન તેનેં ગ્રહણ કરવું એનો પ્રતિબંધ છે (કોઈ ગૃહસ્થ લુચાઈથી વસ્તુ લાવીને સાધુને આપે તો સાધુએ તે ન લેવી) ભમરો તે ચઉરિન્દ્રિય જંતુ છે. તે મર્યાદાથી ફૂલોનો રસમકરંદ પીએ છે. આ દેશ ઉદાહરણ આશ્રયી જાણવું. આ વિચાર સૂત્ર સ્પર્શિત નિર્યુક્તિમાં બતાવશે. કહ્યું છે કે સૂત્રના સ્પર્શમાં આ અન્ય છે. હવે દૃષ્ટાન્ત કહે છે.

દૃષ્ટાંત વિશુદ્ધિ હવે કહે છે પણ ફૂલને પીડા આપતાં નથી. એવી રીતે ભમરો પોતે આત્માને સંતુષ્ટ કરે છે. આ સૂત્ર સમુદાયનો અર્થ થયો. અવયવનો અર્થ તો નિર્યુક્તિકાર પોતે મોટા વિસ્તારથી કહે છે ॥૯૫॥

जह भमरोत्ति य एत्थं दिट्ठंतो होइ आहरणदेसे । चंदमुहि दारिगेयं सोमत्तवहारण ण सेसं ॥ ९६ ॥

**ટીકાનો અર્થ–** આ ભમરાનું દેશ ઉદાહરણ છે. જેમકે આ છોકરી ચંદ્રમુખી છે. તે ફક્ત સૌમ્યતાને આશ્રયીને છે પણ તેથી ચંદ્રમાં જે કલંક છે તે છોકરીમાં ન હોવાથી ન ઘટાડવું આ એક દેશી ઉદાહરણ છે. ॥૯૬॥

एवं भमराहरणे अणिययवित्तित्तणं न सेसाणं । गहणं दिट्ठंतविसुद्धि सुत्त भणिया इमा चऽन्ना ॥९७॥

**ટીકાનો અર્થ–** એજ પ્રમાણે ભમરાના ઉદાહરણમાં અનિયત વર્તીપણું લેવું. પણ અવિરતિપણું વિગેરે બાકીનું ન લેવું ? કારણ કે તે ભમરામાં અવિરતિપણું છે સાધુમાં નથી. સૂત્રમાં કહેલ પ્રથમ દૃષ્ટાંત વિશુદ્ધિ છે અને સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિમાં બીજી શુદ્ધિ બતાવી. ॥ ૯૭ ॥

एत्थ य भणिज्ज कोई समणाणं कीरए सुविहियाणं । पागोवजीविणो त्ति य लिप्पंतारंभदोसेणं ॥९८॥

**ટીકાનો અર્થ–** આ પ્રમાણે વ્યવસ્થા થતાં કોઈ કહેશે કે (પછી ગૃહસ્થો) સારા સાધુઓ માટે પુણ્યાર્થે કરશે. ગૃહસ્થો રસોઈ કરે તો આ પુણ્ય ઉત્પાદનના સંકલ્પવડે તે સારા સાધુઓ માટે કરેલું તે ભિક્ષાને તેઓ ગ્રહણ કરે તો તે લેનારા સાધુઓ આહાર બનાવતાં લાગેલ દોષવડે લેપાશે. તે પ્રમાણે લૌકિક મતવાળા કહે છે. જેમકે –

क्रयेण क्रायको हन्ति उपभोगेन खादकः । घातको वधचित्तेन, इत्येष त्रिविधो वधः ॥१॥

ક્રયવડે ક્રાયક (ખરીદનારો) હણે છે અને ખાવાવડે ખાનારો હણે છે. મારનારો વધની બુદ્ધિવડે હણે છે

એ પ્રમાણે ત્રણ પ્રકારે વધ થયો. (વાદીએ શંકા કરીકે સાધુને વહોરાવવા ધર્મ જાણી કોઈ રાંધી આપે ને સાધુ લે તો તે પણ હિંસાનો ભાગી થશે ?) આચાર્ય તેનો ઉત્તર આપે છે. ॥ ૯૮ ॥

वासइ न तणस्स कए, न तणं वड्ढइ कए मयकुलाणं । न य रुक्खा सयसाला, फुल्लन्ति कए महुयराणं ॥ ९९ ॥

**ટીકાનો અર્થ–** તૃણને ખાતર વરસાદ વરસતો નથી. અને મૃગને ખાતર ઘાસ વધતું નથી. તેમજ સો શાખાવાળા વૃક્ષ પણ ભમરા માટે ફૂલવાળા થતા નથી. આજ પ્રમાણે ગૃહસ્થો પણ સાધુને માટે રાંધતા નથી વળી અહીં કહે છે. ॥૯૯॥

अग्गिम्मि हवी हूयइ, आइच्चो तेण पीणिओ संतो । वरिसइ पयाहियाए, तेणोसहिओ परोहंति ॥१००॥

**ટીકાનો અર્થ–** તમે કહ્યું જે ઘાસને માટે વરસાદ વરસતો નથી. એ વિગેરે તમારૂં કહેવું અયુક્ત છે. કારણકે અગ્નિમાં કોઈ વસ્તુ હોમે છે અને સૂર્ય તેમાં હોમેલ ઘીવડે પ્રસન્ન થાય છે. અને લોકહિત માટે વરસાદ વરસે છે. તેથી વનસ્પતિ ઉગે છે. તે પ્રમાણે વાદી કહે છે કે અમારા શાસ્ત્રમાં એમ છે કે–

अग्नावाज्याहुतिः सम्यगादित्यमुपतिष्ठते । आदित्याज्जायते वृष्टिर्वृष्टेरन्नं ततः प्रजाः ॥१॥

અગ્નિમાં આહુતિ નાખીને આદિત્યને પૂજાય તો પૂજાયલો આદિત્ય વરસાદ વરસાવે, અન્ન પાકે અને પ્રજા જીવે. આનાં ખંડન માટે (શાસ્ત્ર) આમ કહે છે ॥૧૦૦॥

किं दुब्भिक्खं जायइ ! जइ एवं अह भवे दुरि ट्ठं तु । किं जायइ सव्वत्था दुब्भिक्खं अह भवे इंदो ? ॥१०१॥

वासइ तो किं विग्घं निग्घायाईहिं जायए तस्स । अह वासइ उउसमए न वासई तो तणट्ठाए ॥१०२॥

**ટીકાનો અર્થ–** જો એમ હોયં તો દુકાળ શા માટે પડે છે ? કારણકે (આહુતિ) તેમાં તો ઘી રોજ હોમાય છે, કારણ હંમેશા કાયમ રહે તો કાર્યનો નિષેધ ન થવો જોઈએ, કદી કહેશો કે ખરાબ નક્ષત્ર અથવા ખરાબ પૂજનને લીધે થાય છે. આચાર્ય ફરી તેને પૂછે છે. હંમેશાં એમ દુકાળ શા માટે ? ખરાબ નક્ષત્ર તો કોઈક દેશમાં હોય છે અને હંમેશા પૂજન તો સારૂંજ છે. કારણકે તમારામાં કહ્યું જ છે કે–

सदैव देवाः सम्दावो, ब्राह्मणाश्च क्रियापराः । यतयः साधवश्चैव, विद्यन्ते स्थितिहेतवः ॥१॥

હંમેશાં દેવો, સારી ગાયો, ક્રિયા અનુષ્ઠાનોમાં રકત બ્રાહ્મણો, યતિઓ અને વળી સાધુઓ સ્થિતિના હેતુરૂપ વિદ્યમાન છે." વિગેરે જો ઈન્દ્ર આપતો હોય તો શા કારણે વિઘ્ન થાય છે ! તથા 'આદિ' શબ્દથી દિગ્દાહ વિગેરે કેમ થાય છે ? તે ઈંદ્ર જો પરમ ઈશ્વર પણ હોય તો વિઘ્ન ન થવું જોઈએ. અને જો રૂતુ સમયેજ વરસે છે તો તે વાદળાંનો ગર્ભ બંધાઈને વરસે છે એજ ખરૂં કારણ માનો. આથી સિદ્ધ થયું કે વરસાદ તૃણને માટે પડતો નથી. તેને આવા સંબંધનો અભાવ છે. વળી ॥ ૧૦૧ –૨ ॥

किं च दुमा पुप्फंति भमराणं कारणा अहासमयं । मा भमरमहुयरिगणा किलामएज्जा अणाहारा ॥१०३॥

**ટીકાનો અર્થ–** વળી ઝાડ જો ભમરાને માટે ફળતું હોય તો કદિ પણ ભમરા ભમરી દુઃખી ન થાય અને તે ભૂખ્યાં ન રહે. આવું કોઈ સ્થળે પણ જોવામાં આવતું નથી, હવે પરનો અભિપ્રાય કહે છે. ॥૧૦૩॥

कस्सइ बुद्धी एसा, वित्ती उवकप्पिया पयावइणा । सत्ताणं तेण दुमा, पुप्फंति महुयरिगणट्ठा ॥१०४॥

**ટીકાનો અર્થ–** કોઈનો અભિપ્રાય એમ હોય કે આ બ્રહ્માએ (આ જગત) એ પ્રાણીઓ માટે રચ્યું છે. એટલે તેમાં ભમરા ભમરીના સમુદાય માટે ઝાડો ફલિત કર્યા. તેનો જૈનાચાર્ય ઉત્તર આપે છે. ॥ ૧૦૪ ॥

तं न भवइ जेण दुमा, नामागोयस्स पुव्वविहियस्स। उदएणं पुप्फफलं निवत्तयंती इमं चऽन्नं ॥१०५॥

**ટીકાનો અર્થ–** તમે કહ્યું તે પ્રમાણે નથી. કારણકે ઝાડો નામ ગોત્ર કર્મવડે એટલે પોતે જે કરેલું કર્મ તેના ઉદયવડે ફૂલો અને ફળને ઉગાડે છે. જો એમ ન હોય તો અકાળે પણ ફળફૂલ થવાં જોઈએ. બીજુ કારણ હવે કહે છે. ॥ ૧૦૫ ॥

अत्थि बहू वणसंडा भमरा जत्थ न उवेंति न वसति । तत्थऽवि पुप्फंति दुमा, पगई एसा दुमगणाणं ॥१०६॥

**टीકાનો અર્થ**– ઘણા વન ખંડો છે. જ્યાં ભમરા જતા નથી છતાં પણ તે ફળે છે તેથી સિદ્ધ થયું કે પોતાના સ્વભાવે ઝાડ ફળે છે અહીં કહે છે. ॥ ૧૦૬ ॥

जइ पगई कीस पुणो सव्वं कालं न देंति पुप्फफलं । जं काले पुप्फफलं, दयंति गुरुराह अत एव ॥१०७॥
पतई एस दुमाणं, जं उउसमयम्मि आगए संते । पुप्फंति पायवगणा फलं च कालेण बंधंति ॥१०८॥

**ટીકાનો અર્થ**– પ્રકૃતિ સર્વ કાળ પુષ્પ ફળ શું નથી આપતી એવી આ શંકા કરીને કહે છે. જેનાવડે જે કાળમાં પુષ્પફળ આપે છે. તે શામાટે સર્વકાળ નથી આપતા અને ચોક્કસ કાળેજ આપે છે ? ગુરુનો ઉત્તર–એ હેતુથી જ ઋતુ સમયમાંજ એટલે વસંતાદિમાં ઝાડના સમુદાય ફળે છે તથા કાળે કરીને ફળ થાય છે. તે જો ન સ્વીકારીએ તો નિત્ય થવાં જોઈએ. હવે ચાલતી વાતમાં અર્થ યોજના કરતાં કહે છે ॥ ૧૦૭–૮ ॥

किंनु गिही रंधंती, समणाणं कारणा अहासमयं । मा समणा भगवंतो किलामएज्जा अणाहारा ॥१०९॥

**ટીકાનો અર્થ**– વાદીની શંકા હતી કે ગૃહસ્થો સાધુઓ માટે યોગ્ય વખતે રાંધે છે કે સાધુઓ ભૂખથી દુઃખી ન થાય. આ અભિપ્રાય નથી એ અહીં કહે છે. ॥ ૧૦૯ ॥

समणऽणुं कंपनिमित्तं पुण्णनिमित्तं च गिहनिवासी उ । कोइ भणिज्जा पागं करेंति सो भण्णइ न जम्हा ॥११०॥
कंतारे दुब्भिक्खे आयंके वा महइ समुप्पन्ने । रत्तिं समणसुविहिया सव्वाहारं न भुंजंति ॥१११॥
अह कीस पुण गिहत्था रत्तिं आयरतरेण रंधंति। समणेहिं सुविहिएहिं चउव्विहाहारविरएहिं ? ॥११२॥

**ટીકાનો અર્થ**– સાધુઓ તરફ અનુકંપા તેને માટે. કારણ કે તેઓ સોનું ચાંદી વિગેરે લેવાવડે આપણને અનુકંપા કરતા નથી. એવું માનીને ભિક્ષા આપવા માટે પાક બનાવે કે સાધુઓની અનુકંપા થાય. તે પ્રમાણે સામાન્ય રીતે પુણ્ય નિમિત્તેજ ગૃહસ્થો પાક કરે છે. એવું કોઈ કહે તેનો ઉત્તર. એવું શા માટે નથી તે કહે છે સાધુઓ કાન્તાર (જંગલ) દુકાળ તથા તાવ વિગેરેમાં તથા રાત્રિમાં એવા મોટા કષ્ટમાં જે શ્રેષ્ઠ છે તે ભાત વિગેરે કેમ ખાતા નથી ? જોકે વખતે ગૃહસ્થો રાત્રિમાં મોટા આદરથી રાંધે છે પણ સારા અનુષ્ઠાનોવાળા સાધુઓ જેઓ ચારે પ્રકારના આહારથી વિરક્ત છે તેઓ તે આહારને લેતા નથી ॥૧૧૦–૧૧–૧૨॥

अत्थि बहु गाम नगरा समणा जत्थ न उवेंति न वसंति । तत्थवि रंधंति गिही, पगई एसा गिहत्थाणं ॥११३॥

**ટીકાનો અર્થ**– વળી ઘણા ગામો અને નગરોમાં સાધુઓ હોતા નથી છતાં રંધાય છે. અથવા બીજે ઠેકાણે જતા નથી. ત્યાં પણ રંધાય છે. તેથી સાધુઓ માટે જ ગૃહસ્થીઓ રાંધે છે તે ખોટું છે. એતો એમને પોતાને માટે કુદરતી રંધાય છે. તેનો વધારે ખુલાસો કરે છે. ॥ ૧૧૩ ॥

पगई एस गिहीणं, जं गिहीणो गामनगरनिगमेसुं । रंधंति अप्पणो परियणस्स कालेण अट्ठाए ॥११४॥

**ટીકાનો અર્થ**– આ એક સ્વભાવ છે કે ગૃહસ્થો ગામ, નગર અને નિગમમાં પોતાને તથા ઘરવાળા વિગેરે માટે યોગ્ય વખતે રાંધે છે. (નિગમ એટલે વેપારીનું સ્થાન) ॥ ૧૧૪ ॥

तत्थ समणा तवस्सी, परकडपरनिट्ठियं विगयधूमं । आहारं एसंति, जोगाणं साहणट्ठाए ॥११५॥

**ટીકાનો અર્થ**– ત્યાં આગળ તપસ્વી સાધુ એટલે નવ કલ્પી વિહાર કરનારા પણ પતિત નહિ. તે સાધુઓજ પારકા માટે કરેલું પૂરું રંધાયેલું, ધૂમાડાથી રહિત, અંગારાથી દૂર અર્થાત્ રાગદ્વેષ રહિત શોધે છે. સાધુ ભોજનમાં રાગ દ્વેષ કરે તો અંગારાના દોષ અને ગોચરી વાપરતા દ્વેષ કરે તો ધૂમાડાનો દોષ લાગે. એટલે

ગોચરી કરતાં રાગ દ્વેષ કરેતો, સંયમ કાંતો બળી જાય અને કાંતો કોલસા જેવું કાળું થાય. અહીં કહે છે. મનયોગ, સંયમયોગ સાધવાને માટે સાધુઓ આહાર લે છે પણ પુષ્ટ થવા કે સુંદર દેખાવડા થવા માટે નહિ. ॥૧૧૫॥

नवकोडी परिसुद्धं, उग्गमउप्पायणेसणासुद्धं । छट्ठाणरक्खणट्ठा, अहिंसअणुपालणट्ठाए ॥१॥

**અર્થ–** [A]નવ કોટિ પરિશુદ્ધિ તે નવકોટિ આ પ્રમાણે છે, (૧) ન હણાવે, (૨) ન હણાવે, (૩) ન હણતાને અનુમોદે (૪) ન ખરીદ કરે, (૫) ન ખરીદાવે (૬) ન ખરીદતાને સારૂં જાણે; (૭) ન રાંધે, (૮) ન રંધાવે, (૯) ન રાંધતાને ભલું ગણે. એ નવકોટિથી શુદ્ધ તથા ઉદ્ગમ, ઉત્પાદન, એષણા શુદ્ધિ એટલે ખરી રીતે સકલ ઉપાધિ વિશુદ્ધ કોટિનું ખ્યાપનજ (બતાવવું) જાણવું. આવું પણ શા માટે સાધુ ખાય તે કહે છે. છ બાબતોના રક્ષણ માટે. તે આ પ્રમાણે

वेयणवेयावच्चे इरियट्ठाए य संजमट्ठाए । तह पाणवत्तियाए छट्ठं पुण धम्मचिंताए ॥१॥

૧. ભૂખની વેદના દૂર કરવા. ૨. નાના મોટા સાધુઓની વૈયાવચ્ચ કરવા. ૩. ઈરિયા સમિતિનું પાલન ૪. સંયમનું રક્ષણ કરવા. ૫. જીવન નિર્વાહ કરવા. ૬ ધર્મ ચિંતન તે પણ બીજા ભવમાં પ્રશસ્ત ભાવનાના અભ્યાસથી અહિંસાનું પાલન કરવા માટે તે પણ કહ્યું છે. આહાર ત્યાગથી અભાવિત મતિનો દેહ ત્યાગ ભવાંતરમાં પણ અહિંસા માટે થતો નથી જ્ઞાનવિના એકલા આહાર ત્યાગથી મોક્ષ થતો નથી એટલે સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે આહારની જરૂર છે. ॥ ૧૧૫ ॥

दिट्ठंतसुद्धि एसा उवसंहारो य सुत्तनिद्दिट्ठो । संति विज्जंतित्ति य, संति सिद्धिं च साहेंति ॥११६॥

**ટીકાનો અર્થ–** દૃષ્ટાંત શુદ્ધિ કહી ઉપસંહાર એટલે ઉપનય સૂત્રમાં કહ્યો છે. તે સૂત્ર આ પ્રમાણે છે.॥૧૧૬॥

एमेए समणा मुत्ता जे लोए संति साहुणो ।
विहंगमा व पुप्फेसु, दाण-भत्तेसणे रया ॥ ३ ॥

[B]આ પ્રમાણે પ્રત્યક્ષ વિહાર કરતાં શ્રમણ તપસ્વીઓ દેખાય છે. આ શ્રમણમાં બીજા પણ ગણાય. કારણ કે પાંચ પ્રકારના શ્રમણ છે. ૧. જૈન, ૨. બુદ્ધ, ૩. તાપસ, ૪. બાવા, ૫. ગોશાળક વગેરે તેથી કહે છે કે અહીં ફક્ત તેજ કે જેઓ બાહ્ય અભ્યંતર ગ્રંથ (દ્રવ્ય વિગેરે)થી મુક્ત હોય અને લોક એટલે અઢીદ્વીપ અને બે સમુંદ્રમાં વિદ્યમાન હોય એટલે મનુષ્યની વસ્તી આટલામાં છે અને ત્યાં હંમેશા હોય છે. સાધુઓ જ્ઞાનાદિ રત્નને સાધે છે તેથી સાધુ કહેવાય. તે લેવા, અહીં વાદી કહે છે. 'તમે મુક્ત વિશેષણ આપ્યા પછી સાધુ શબ્દની જરૂર નથી તેથી અયુક્ત છે. ઉત્તર 'અહીં વ્યવહારથી નિહ્નવો પણ મુક્ત કહેવાય. છતાં તેને સાધુ ન ગણ્યા. આટલો ભેદ પાડવા માટે અહી સાધુ શબ્દ લેવો એ ઠીક છે અથવા બીજી રીતે કહીએ છીએ કે લોકમાં જે સાધુઓ છે તેજ અહી ઉદ્દેશ છે તેથી એમ જાણવું કે લોક એટલે સમયક્ષેત્ર ત્યાંજ સાધુઓ છે બીજે નહિ. તેઓ શાંતિ તેજ સિદ્ધિને સાધે છે તેથી શાંતિ સાધુ. ('સન્તિ' ક્રિયાપદનો માગધી શબ્દ હતો તેને બદલે શાંતિ વિશેષણ તરીકે લીધું). તે નિર્યુક્તિકાર કહે છે કે શાંતિ સિદ્ધિને સાધે એમ ઉપર કહી ગયા તેજ જાણવું. વિહંગમ જે મૂળ માં શબ્દ છે એટલે ભમરા તેઓ ફૂલોમાંથી દાન ભોજન લેવામાં રક્ત છે. તેમ સાધુ લે અહીં એટલું વિશેષ છે કે સાધુ આપેલુંજ લે, અને ભમરા એમને એમ લે. વળી સાધુ આપેલું તે પણ પ્રાસુક હોય તો લે; આધાકર્મી વિગેરે ન લે. એષણા શબ્દથી ગવેષણા વિગેરે ત્રણે લેવી. તે (નિર્દોષ)માં સાધુઓ રક્ત હોય છે. આ સૂત્રનો અર્થ ટુંકાણમાં છે. ખુલ્લો અર્થ સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિ કહે છે. તેમાં પણ વિહંગમ શબ્દથી વ્યાખ્યા કહે છે. દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારના વિહંગમ છે. તેમાં પ્રથમ દ્રવ્ય વિહંગમને કહે છે ॥ મુ. ૩ ॥

A સ્થાનાંગ ૯/૩૦ B દશા ચાર ભગ ૧. –સૂત્ર કૃતાંગ ૧–૧૧–૧૧.

धारेइ तं तु दव्वं, तं दव्वविहङ्गमं वियाणाहि । भावे विहंगमो पुण, गुणसन्नासिद्धिओ दुविहो ॥११७॥

**ટીકાનો અર્થ–** આત્માની અંદર જે ધારણ કરે તે દ્રવ્ય એનાવડે પૂર્વે બાંધેલાં કર્મ જાણવાં. જે હેતુવડે ભવિષ્યમાં ભમરાની જાતિમાં ઉત્પન્ન થશે. તુ શબ્દ જ અર્થમાં છે અને અસ્થાને યોજાયલો છે. તે આ પ્રમાણે જાણવું કે ધારે છેજ એટલે જ્યારે ત્યારે દ્રવ્ય વિહંગમ થાય. પણ તે કર્મ ભોગવ્યું નથી એમ સૂચવ્યું છે. દ્રવ્ય એટલે અહીં કર્મ પુદ્ગલ દ્રવ્યને લેવું, પણ આકાશાદિ નહિ, કારણ કે તે અમૂર્ત હોવાથી ધારણ કરવાને અયોગ્ય છે. અને સંસારી જીવને કંઈક અંશે મૂર્ત પણું હોવાથી આપણી ચાલતી બાબતમાં તે આકાશનો ઉપયોગ નથી. તેજ પ્રમાણે કહે છે કે જે આ બીજા ભવમાં લઈ જવાને વિહંગમપણાને પ્રાપ્ત કરાવે તેજ અહીં ચાલતી વાતમાં લેવું. બીજા સંસારી જીવ તેમ નથી (એટલે તે કર્મજ તેને બીજી ગતિમાં લઈ જાય). તે દ્રવ્ય વિહંગમને અધિકારે તે પુદ્ગલ દ્રવ્યને જે ધારે તે દ્રવ્ય વિહંગમ (ગાથામાં જ્યાં જે આવ્યું હોય તેની સાથે તે ન લખેલ હોય તો પણ તે લેવો કારણકે બન્ને સાથે રહે છે) તે દ્રવ્ય અને વિહંગમનો સમાસ કરીએ તો દ્રવ્ય વિહંગમ થાય. અહીં દ્રવ્ય તે જીવજ છે. પણ તે કર્મ પુદ્ગલને સાથે લેવાથી વિહંગમ પર્યાયથી ઓળખાય છે. હવે વિહંગમ તે કારણમાં કાર્યનો ઉપચાર કર્યો છે તેને અનેક પ્રકારે જાણો. આગમથી જ્ઞાતા ઉપયોગ ન રાખે તેથી તે દ્રવ્ય વિહંગમ કહેવાય. હવે ભાવ વિહંગમ કહે છે. ભાવ શબ્દ ઘણા અર્થમાં છે. કોઈ ઠેકાણે તે દ્રવ્ય વાચક છે. જેમકે અછતા (અસત્) ભાવનો જગત્માં ફક્ત કોઈ શબ્દ નથી ભાવ દ્રવ્યનું તે દ્રવ્ય વસ્તુનું છે એમ જાણવું. કોઈ જગ્યાએ શુક્લાદિમાં પણ ભાવ શબ્દ વર્તે છે. જેમકે જે જે પદાર્થ જે જે ભાવને પરિણમે છે વિગેરે જે જે શુક્લાદિ ભાવોને પામે છે તે લેવું. કોઈ જગ્યાએ ઔદયિક વિગેરે ભાવમાં પણ વર્તે છે. જેમકે ઔદયિક ઉપશમિક વગેરે એ પ્રમાણે કહીને છ પ્રકારના ભાવો બતાવે છે તેમાં ઔદયિક ભાવજ દેખાય છે. તેથી ભાવ લોક છે. તેટલા માટે અનેક અર્થવાળી વૃત્તિવાળો ભાવ શબ્દ છે છતાં અહીં ઔદાયિકાદિક વર્તમાનમાં (ચાલુ વાતમાં ) અત્રે લીધેલ છે. થવું એટલે ભાવ અથવા જેમાં થાય છે તે ભાવ. આ ભાવમાં એટલે કર્મ ઉદય આવે ત્યારે. અહીં વિહંગમ એટલે શું ? પુનઃ શબ્દ વિશેષ સૂચવે છે. એટલે એમ સમજવું. કે પૂર્વે કહેલા જીવથી તદ્દન અન્ય જીવ છે એમ નહિ પણ તેજ જીવ લેવો. તેજ પુદ્ગલ લેવા. એટલે તે જીવને તે ઉદયમાં આવે તે લેવું. ગુણ અને સંજ્ઞા એ બે જોડવાથી ગુણસંજ્ઞા થાય. ગુણ એટલે અનકૂળ અર્થ, સંજ્ઞા એટલે પારિભાષિક (ઓળખવા માટે જે નામ કહે તે) તે બળના વડે જે સિદ્ધ થાય તે ગુણ સંજ્ઞા સિદ્ધિ કહેવાય. અહીં સિદ્ધિ શબ્દ છે તે સંબંધ બતાવે છે લોકમાં પણ સિદ્ધિ થાઓ એથી એમ જણાય છે કે એના મનમાં જે ધાર્યું તો તેજ સિદ્ધ થાઓ. એ પ્રમાણે તે ગુણ સંજ્ઞાની સિદ્ધિ વડે આપણો હેતુ શું છે તે કહે છે. બે પ્રકારે એટલે ગુણ સિદ્ધિ વડે એટલે અનુકૂળ અર્થના સંબંધ વડે તથા સંજ્ઞા સિદ્ધિ એટલે યદૃચ્છા અભિધાન યોગ વડે જાણવું. વાદી કહે છે 'જો એમ છે તો આવી રીતે બે પ્રકાર ન કહો. કારણકે ગુણ સંજ્ઞા સિદ્ધિ છે તે બે પ્રકાર સમજાઈ જશે.' આચાર્ય કહે એમ નહિ. આ બે પ્રકાર વડેજ અમારે કહેવું છે. એટલે આગમથી અને નોઆગમ વિગેરે એ બે ભેદ નહિ એ બતાવવા અમારે જણાવવું છે. તેમાં ઉદ્દેશને આશ્રયીને નિર્દેશ એ ન્યાયને આશ્રયી ગુણ સિદ્ધિ વડે જે ભાવ વિહંગમ છે તે કહે છે. ॥૧૧૭॥

विहमागासं भण्णइ गुणसिद्धी तप्पइट्ठिओ लोगो । तेण उ विहङ्गमो सो भावत्थो वा गई दुविहा ॥११८॥

**ટીકાનો અર્થ–** વિહ એટલે જીવ પદ્ગલ ને છોડવા એટલે તે પુદ્ગલો સ્થિતિના ક્ષય વડે પોતાની મેળેજ તે આકાશ પ્રદેશોથી ખરે છે અને ખરતાને છોડે છે. શરીર પણ મળ, ગંડોલક (કીડા) વિગેરે છોડે છે એમાં એવો સંદેહ ન થાય, એટલા માટે અહીં આકાશ શબ્દ લીધેલ છે. પણ શરીરાદિ છોડે એ ન લેવું. સંજ્ઞા શબ્દ હોવાથી આ ખુલાસો થાય છે. આકાશ એટલે દીપવું, એટલે પોતાના ધર્મમાં રહેલા આત્મા વિગેરે જેમાં દીપે તે આકાશ શું રહે છે ? એ ક્રિયાના ખુલાસા માટે કહે છે 'ગુણ સિદ્ધિ' આ પદ ગાથા ભંગના ભયથી અસ્થાને

મૂક્યું તે કહ્યું. તેથી એમ કહ્યું કે એનો સંબંધ તે વિહંગમ તેના વડે તેની સાથે અહીં જાણવો. એનો ખરો અર્થ આ છે. તેના વડે વિહંગ એટલે આકાશ તે આકાશ વડેજ ગુણ સિદ્ધિ વડેજ અનુકૂળ અર્થવાળો સંબંધ તેના વડે વિહંગમ. શું કહેવું છે તે કહે છે. તેમાં રહેલો લોક એટલે એના વડે આકાશનો વિચાર થયો. તે આકાશમાં આ લોક રહેલો છે. પ્રતિષ્ઠિત એટલે પ્રકર્ષે (હંમેશા) રહેલ છે. એથી એમ જાણવું કે રહ્યો અને રહેશે પણ કોણ રહેશે ? તો કે આકાશમાં લોક રહેશે. લોક એટલે શું ? તો કે કેવળજ્ઞાન ધારણ કરેલા સૂર્ય સમાન કેવળી તેને જુવે છે, તેથી તે લોક અહીં ધર્માસ્તિકાય વિગેરે કાળ સિવાયના પાંચ અસ્તિકાય છતાં લોકને ધારણ કરનાર આકાશાસ્તિકાય આધાર આપનાર હોવાથી તે પહેલાં કહી ગયા. બાકીના ચાર રહ્યા, તે લેવા. જેથી નિર્યુક્તિ કારે કહ્યું કે તેમાં રહેલા લોક તે વિહંગમ છે. તે વિહંગમં અર્થાત્ વિહે એટલે આકાશમાં અને ગતઃ એટલે ગયો, જાય છે અને જશે તે વિહંગમ 'ગમ્' ધાતુનો અર્થ અહીં રહેવાના અર્થમાં લીધો છે. એટલે ભાવાર્થ એ લેવો કે ત્રણે કાળ રહેશે. તે ચાર અસ્તિકાય રૂપ લોક આ ભાવ વિહંગમ આ એક પ્રકારે ભાવ વિહંગમ કહ્યો. હવે બીજે પ્રકારે ગુણ સિદ્ધિને આશ્રયી કહે છે ગતિ બે પ્રકારની છે. 'વા' શબ્દનો છુપો ઉપન્યાસ છે. તે આ પ્રમાણે જાણવો. ગતિ બે પ્રકારની તેમાં ગમન તે જવું અથવા જે વડે જાય તે ગતિ. ચાલવું લક્ષણ હવે પછી કહે છે. તેજ કહે છે. ॥૧૧–ભા ॥

भावगई कम्मगई भावगइं पप्प अत्थिकाया उ । सव्वेविहंगमा खलु, कम्मगईए इमे भेया ।।११९।।

**ટીકાનો અર્થ–** ત્રણે કાળમાં હોય, થાય એ ભાવ અથવા તેમાં પોતાના ઉત્પાદ, વિગમ અને ધ્રુવ એ ત્રણ પરિણામ વિશેષ તે ભાવ એટલે અસ્તિકાય. તેઓની ગતિ અર્થાત્ પરિણામ વૃત્તિ તે ભાવ ગતિ તેજ પ્રમાણે કર્મ ગતિ જાણવી. કરાય તે કર્મ. તે જ્ઞાનાવરણીયાદિ[1] આઠ પ્રકારનું છે. (પારિભાષિક એટલે આ શબ્દ જૈનમાં જ વપરાય છે). અથવા ક્રિયા અને કર્મ તેની ગતિ તે કર્મ ગતિ. અથવા જે વડે જવાય તે ગતિ. તે ભવ્ય ગતિને પામીને અસ્તિકાય. અહીં ભાવ ગતિ પૂર્વ માફક છે તેને શું કરે તે કહે છે. જે ધર્માસ્તિકાય વિગેરે અસ્તિકાય છે તે ભાવ ગતિને પામીને સર્વે વિહંગમ એટલે ચાર પૂર્વે કહેલા અસ્તિકાયતે પાંચમા આકાશ વિષે રહેલ છે અને પોતાની સત્તાને કાયમ રાખે છે. તે એક વિહંગમ એટલે તે સદાકાળ વિહંગમજ છે પણ તેનું વિહંગમપણું ન જાય (એમાં કર્મ ગતિ ન લીધી પણ પોતાના સ્વરૂપની ભાવ ગતિ લીધી). કર્મ ગતિ પૂર્વે કહેલી તે અર્થવાળી છે તેના બે ભેદ કહેવાના છે તે કહે છે.॥૧૧૯॥

विहगगई चलणगई कम्मगई उ समासओ दुविहा । तदुदयवेययजीवा, विहंगमा पप्प विहगगई ।।१२०।।

**ટીકાનો અર્થ–** જેના વડે નામ કર્મવાળી પ્રકૃતિ વડે પ્રાણીઓ આમ તેમ જાય તે ગતિ. આકાશમાં ગતિ એટલે વિહાયોગતિ. આ એક નામ કર્મની પ્રકૃતિ છે. તે પ્રમાણે ચલન ગતિ એટલે ચાલવું. એક સ્થાનથી બીજે ઠેકાણે જવું.'સ્પંદન'શબ્દ પણ તે માટે વપરાય છે. ચાલવાની ગતિ તે ચલન ગતિ. એટલે જા, આવ, એમ જાણવું. કર્મ ગતિ ટુંકમાં બે પ્રકારે છે, તે કર્મ ગતિજ લેવી પણ ભાવ ગતિ ન લેવી કારણ કે તે એકજ રૂપે આગળ કહેવાઈ છે. હવે પૂર્વે વિહાય ગતિ કહી ગયા તેને વેદનારા અને નિર્જરા કરનારા તથા ભોગવનારા જીવો એટલે તે બતાવે છે કે વિહાય ગતિનો ઉદય થવાથી તે ઉદયમાં આવે તેને જીવો ભોગવે છે. તે ઉદયને વેદનારા જે જીવો તે અહીં લેવા. (વિહંગમનો આ અર્થ છે). વાદીની શંકા તે ઉદયનેજ વેદનારા જીવો એ કહેવું એવું જે વિશેષણ તે નકામું છે.' આચાર્ય કહે છે–'એમ જીવોનું વેદકપણું કહેવું તે યોગ વડે સફળ છે, કારણ કે અવેદક સિદ્ધો છે. અહીં વિહાયોગતિ નામ પ્રકૃતિ જે છે તે પ્રાપ્ત કરીને અહીં વિહે એટલે વિહાયોગતિના ઉદયથી ઊંચે જાય છે તે વિહંગમ. શું પામીને તે કહે છે. પૂર્વે કહેલી વિહાય ગતિ તે પામે છે. અહીં વિપર્યસ્ત અક્ષર છે. તેથી એમ સમજવું કે વિહાય ગતિને પામીને તે ગતિનો ઉદય થવાથી તે વેદક જીવો વિહંગમ તરીકે લેવા. આ એક કર્મ ગતિ થઈ. હવે બીજી કહે છે. ॥ ૧૨૦ ॥

૧. આઠકર્મ– (૧) જ્ઞાનાવરણીય(૨) દર્શનાવરણીય (૩) વેદનીય (૪) મોહનીય (૫) આયુષ્ય (૬) નામ (૭)ગૌત્ર (૮) અંતરાય.

चलनंकम्मगइं खलु पडुच्च संसारिणो भवे जीवा । पोग्गलदव्वाइं वा विहंगमा एस गुणसिद्धी ॥१२१॥

**ટીકાનો અર્થ-** ચાલવું તે વડે કર્મ ગતિ તેમાં વિશેષ શું ? એટલે લોકમાં જે ગમન આગમન થાય છે તે ચલન અને કર્મ શબ્દ વડે અહી ક્રિયા. તે ચલન અને ગતિ એ બે જોડી દેવાં. એમાં ગતિનું વિશેષણ જે ક્રિયા છે તે ક્રિયા વિશેષણ જાણવું. શા માટે ? તો કે વ્યભિચારનો દોષ આવે છે, તેથી જો તેમ ન લઈએ તો નરકાદિક પણ ગતિ થાય છે તે બે ભેગી થઈ જાય. તેવી રીતે ક્રિયા પણ ખાવા વિગેરેની અનેક પ્રકારની છે તેથી ચલન શબ્દ વિશેષ મૂકયો. એ બે વડે ચલન નામની કર્મ ગતિજ લેવી અનુસ્વાર નકામો છે. ખલુનો અર્થ જ કાર છે. તે એમ સૂચવે છે કે ચલન કર્મ ગતિજ લેવી પણ વિહાય ગતિ ન લેવી. તેને આશ્રયીને સંસરણ એટલે સંસાર. એટલે જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મ યુક્ત જીવોનું ગમન તે સંસારી એટલે એમાંથી સિદ્ધોને છોડી દીધા. 'ભવ' શબ્દ અહી થાઓ એવા અર્થમાં છે. જીવ એટલે ઉપયોગાદિ લક્ષણ જેમને છે. એ બધાનો સામટો અર્થ એ છે કે ચલન કર્મ ગતિને આશ્રયી સંસારી જીવો વિહંગમ થાય છે. વિહમ્ એટલે આકાશમાં ચાલે છે. પોતાના બધા આત્મપ્રદેશ સાથે તે વિહંગમ કરે છે. તે પ્રમાણે પુદ્‌ગલ દ્રવ્ય વિગેરે છે. પૂરણ એટલે પુરાવું અને ગલન એટલે ગળી જવું. એ બે ધર્મ જેને છે તેને પુદ્‌ગલ જાણવું. એવું જે દ્રવ્ય તે પુદ્‌ગલ દ્રવ્ય. દ્રવ્ય લેવાનું કારણ કે વિપ્રતિપત્તિ (અવિશ્વાસ) દૂર કરવા માટે. તે પ્રમાણે આ પુદ્‌ગલનો કેટલાક વાદી વડે અદ્રવ્ય તરીકે સ્વીકાર થાય છે. તેઓ કહે છે કે બધા ભાવો—આત્મામાં રહે છે. એથી પુદ્‌ગલોનું ખરી રીતે સત્તાપણું બતાવવા દ્રવ્ય તરીકે ગ્રહણ કર્યું છે. 'વા' શબ્દનો અર્થ વિકલ્પ વાચક છે. એટલે પુદ્‌ગલ દ્રવ્ય અથવા સંસારી જીવ વિહંગમ તરીકે જાણવા. તેમાં જીવોને આશ્રયીને અનુકૂળ અર્થ બતાવ્યો. અને પુદ્‌ગલો આકાશમાં જાય છે એટલે વિહંગમ. આ પુદ્‌ગલનું જવું પોતાની મેળે તથા પારકાથી પણ સંભવે છે. અહી પોતાની મેળે જાય છે તે વિહંગમ (પરમાણું તથા સૂક્ષ્મ સ્કંધો ચૌદ રાજલોકમાં પોતાની મેળે જાય છે.) અથવા પ્રાકૃત શૈલી વડે જીવની અપેક્ષા વડે કહેલ છે. બીજી રીતે દ્રવ્ય પક્ષમાં વિહંગમ એમ કહેવું. આ ભાવ વિહંગમ છે કારણ કે ગુણ સિદ્ધિને અનુકૂળ સંબંધ છે. અથવા પ્રાકૃત શૈલી વડે બીજી રીતે ઉપન્યાસ કર્યો. આ પ્રમાણે ગુણ સિદ્ધિ વડેજ ભાવ વિહંગમ કહ્યો અને સંજ્ઞા સિદ્ધિ વડે કરે છે.

सन्नासिद्धिं पप्पावि हंगमा होंति पक्खिणो सव्वे । इहइं पुण अहिगारो विहासगमणेहि भमरेहिं, ॥१२२॥

**ટીકાનો અર્થ-** સંજ્ઞાન એટલે સંજ્ઞા નામ રૂઢી એ પર્યાયો છે. તેનાવડે સિદ્ધિ. એમાં સંજ્ઞાનો સંબંધ જાણવો. તેને આશ્રયી આકાશમાં જાય તે, વિહંગમ. કયાં ? ઉત્તર—પાંખો જેમને હોય તે પંખી. તે હંસ વિગેરે બધાં જાણવાં. જો કે પુદ્‌ગલ વિગેરે આકાશમાં જાય છે છતાં લોકમાં પક્ષીઓનેજ વિહંગમ કહેવાય છે. આવી રીતે અનેક વિહંગમ બતાવીને આપણી ચાલુ વાતમાં ઉપયોગ બતાવે છે. આ સૂત્રમાં ફક્ત વિહાય ગમન ભમરાનું જોયું છે માટે તે લીધું છે. (પુનઃ શબ્દ અવધારણ માટે છે એટલે તેનો અર્થ ભમરાને લેવો તે અહી પ્રયોજન છે. બીજે સ્થળે વિહંગમનો શબ્દ ગમે ત્યાં જેમ વપરાય તેમ લેવો પણ અહી ન લેવો. ॥ ૧૨૨॥

दाणेति दत्तगिण्हण भत्ते भज सेव फासुगेण्हणया । एसणतिगंमि निरया, उवसंहारस्स सुद्धि इमा ॥१२३॥

[1]ટીકાનો અર્થ– દાન લેવું એટલે આપેલું લેવું. ન આપેલું ન લેવું. 'ભક્ત' એટલે 'ભજ્) ધાતુ સેવવાના અર્થમાંછે તેનું ભૂતકૃદંત ભક્ત થાય છે ભજ્ એટલે વાપરવું– ભોગવવું અને અર્થ એટલે અહી પ્રાસુક લેવું એટલે આધાકર્મ આદિ રહિત લેવું પણ બીજું નહિં. એષણા શબ્દનો અર્થ ગવેષણા વિગેરે ત્રણેમાં લેવાનો છે. તેમાં સાધુ ઉપયોગવંત હોય. આ ઉપનય વિશુદ્ધિ જાણવી. તેનું લક્ષણ હવે કહે છે. ॥ ૧૨૩ ॥

अवि भमरमहुयरिगणा, अविदिन्नं आवियंति कुसुमरसं । समणा पुण भगवन्तो नादिन्नं भोत्तुमिच्छन्ति ॥१२४॥

૧. ઉત્તરા૦ અ. ૨૪ ગાથા ૨/૧૧/૧૨

**ટીકાનો અર્થ–** ભમરા ભમરીઓ ન આપેલ કુસુમ રસ લે છે અને સાધુઓ આપેલ લે છે. (મધુકરી શબ્દ સ્ત્રીના સંગ્રહ માટે છે) બીજા આચાર્યો કહે છે કે ભમરાની બધી જાતિ લેવા માટે છે ભમરા રસ પીએ છે તે ન આપેલો પણ પીએ પણ સાધુઓ ન આપેલું લેતા નથી. હવે સૂત્ર વડેજ ઉપસંહારની વિશુદ્ધિ કહે છે. તેમાં કોઈ શંકા કરે છે, 'દાણ ભત્તે સણે રયા.' એનો અર્થ એ થાય કે ભક્તિવડે બોલાવીને આધાકર્માદિ દોષવાળું સાધુને આપે તેથી જીવોને પીડા થાય... અને સાધુ તે ન લે તો પોતાની આજીવિકા બંધ થાય. આચાર્ય ઉત્તર આપે છે ॥૧૨૪॥

वयं च वित्तिं लब्भामो न य कोइ उव्वहम्मइ ।
अहागडेसु रीयंते पुप्फेसु भमरा जहा॥४॥

**અર્થ–** અમે એવી વૃત્તિ લઈશું કે કોઈ જીવને પીડા ન થાય (ત્રણે કાળનો સંબંધ બતાવવા ક્રિયાપદ ભવિષ્યકાળનું મૂક્યું છે). ગૃહસ્થોએ પોતાના માટે કરેલું હોય ત્યાં જ શુદ્ધ આહાર લેવા સાધુઓ હંમેશાં જાય છે.– જેમ ફૂલોમાં ભમરા જાય છે એ પૂર્વે કહેલું છે. ભ્રમર તુલ્ય નિર્દોષ વૃત્તિવાળા તત્ત્વને જાણનાર સાધુઓ પોતે અજાણપણે તથા મમત્વ રહિત થઈ ફરે છે. ॥સૂ.૪॥

महुगारसमा बुद्धा, जे भवंति अणिस्सिया ।
नाणापिंडरयादंता, तेण वुच्चंति साहुणो ॥५ सूत्र ॥
त्तिबेमि पढमं दुमपुप्फियज्झयणं समत्तं॥१॥

મધુકર જેવા ભ્રમર સમાન તત્ત્વ ને જાણનારા કોણ ? તો કહ્યું કે આ પ્રમાણે–

જે કુલાદિના આશ્રિત વગર નાના પ્રકારના આહારાર્થે અને ઈન્દ્રિયને દમનારા જે આહાર માટે ફરે છે તે જ સાધુઓ કહેવાય છે. ॥સૂ. ૫॥ આ પ્રમાણે સુધર્માસ્વામીએ કહ્યું કે મેં ભગવાનની પાસે સાંભળેલું હે જંબૂ તને કહું છું. મારી પોતાની બુદ્ધિથી નહીં. આ પ્રમાણે પ્રથમ અધ્યયન દ્રુમપુષ્પિકા નામનું પૂર્ણ થયું. અહીં વાદી કહે છે

अस्संजएहिं भमरेहिं, जइ समा संजया खलु भवंति । एवं (यं) उवमं किच्चा, नूणं अस्संजया समणा ॥१२५॥

**ટીકાનો અર્થ–** અસંયત એવા ભમરા તેના બરોબરજ સાધુઓ હોય છે તો તે પણ સાધુ અસંજ્ઞી જાણવા. આવી ઉપમા આપવાથી એ સિદ્ધ થાય છે કે ભમરા જેવા સાધુ અસંયત છે. આચાર્ય ઉત્તર આપે છે કે તમારૂં કહેવું અયોગ્ય છે. સૂત્રમાં કહેલા વિશષણવડે તિરસ્કાર કરવાથી, તેજ પ્રમાણે બુદ્ધ શબ્દ એ ભમરાને લાગુ નથી પડતો, પણ અનિશ્રિત ગ્રહણ કરવાથી સાધુમાં સંયતપણું અને ભમરામાં નહિ. (આ ભમરાની તુલના ફક્ત ફૂલને પીડા ન દેવી તેટલીજ સમાનપણાવાળી જાણવી) નિર્યુક્તિકાર પણ કહે છે. ॥૧૨૫॥

उवमा खलु एस कया पुव्वुत्ता देसलक्खणोवणया । अणिययवित्तिनिमित्तं, अहिंसअणुपालणट्ठाए ॥१२६॥

**ટીકાનો અર્થ–** મધુકરની તુલનામાં પૂર્વે કહ્યા મુજબ અંશ માત્ર સમાન છે એ ઉપનયથી જેમ ચંદ્રમુખી કન્યા તેમ અહીં એક જગ્યાએ પડી ન રહેવું. જુદી જુદી જગ્યાએ ફરીને ગોચરી લેવી. તેટલીજ ભમરાની ઉપમા છે અને તે દયા પાળવા માટે છે. આ તે કહેશે જ (તૃતીયાના અર્થમાં પાંચમી વિભક્તિ જાણવી).॥૧૨૬॥

जह दुमगणा उ, तह नगरजणवया पयणपायणसहावा । जह भमरा तह मुणिणो नवरि अदत्तं न भुंजंति ॥१२७॥

**ટીકાનો અર્થ–** વૃક્ષનો સમૂહ પુષ્પફળને કુદરતીજ આપે છે. એજ પ્રમાણે નગરના લોકો પોતાની મેળે પોતાના માટે કુદરતી રાંધનારા છે, અને ભમરા માટે ઝાડ જેમ ફૂલવાળાં થતાં નથી તેમ મુનિઓ માટેજ

રંધાતુ નથી. પણ એટલું વિશેષ છે કે ભમરા અદત્ત લે છે, મુનિ તેવું લેતા નથી. તેજ નીચલી ગાથામાં કહે છે. ॥ ૧૨૭ ॥

कुसुमे सहावफुल्ले आहारंति भमरा जह तहा उ । भत्तं सहावसिद्धं समणसुविहिया गवेसंति ॥१२८॥

**ટીકાનો અર્થ-** 'ફૂલ જે સ્વભાવથી ખીલેલ છે તેમાંના રસને ભમરા પીએ છે. એવી રીતે કે ફૂલોને પીડા ન થાય. એવી રીતે ગૃહસ્થોએ ઉદ્‌ગમાદિ દોષ રહિત પોતા માટે કરેલ ઓદન વિગેરે ભોજન સાધુઓ (સારાં અનુષ્ઠાન કરનારા) શોધે છે. હમણાં કહેલો જે દોષ મધુકર જેવા એટલે ભમરામાં જે દોષ છે તે ત્યાગ કરવાની ઈચ્છાથી જ ત્યાં સુધી ઉપસંહાર કરાય છે તે કહે છે. ॥ ૧૨૮ ॥

उवसंहारो भमरा जह तह समणावि अवहजीवित्ति । दंतत्ति पुण पयंमी, नायव्वं वक्कसेसमिणं ॥१२९॥

ઉપસંહાર એટલે ઉપનય. જેમ ભમરાઓ બીજાને પીડા ન કરનારા તેમ સાધુપણ એટલે અંશેજ છે (અર્ધી ગાથાનો અર્થ)

ભમરાને સાધુની સરખામણી અને બાકીમાં ભમરાને સાધુમાં ભેદ છે, નાના પિંડરયા દંતા' એ સૂત્રકાર પોતે કહે છે. એટલે સાધુઓ જુદા જુદા ત્યાગ વૃત્તિના અભિગ્રહ ધારણ કરીને ઘેરઘેરથી થોડું થોડું ગ્રહણ કરીને આહારપિંડ લે છે. અથવા અંતપ્રાંત ભોજન જે લુખું અને નીરસ હોય તેમાં સંતોષ ધરનારા અને ઈંદ્રિય દમન કરનારા છે રત અને દાંતનું સ્વરૂપ તપમાં નિશ્ચયે કહેલું છે. છતાં આ ગાથાની પાછલી અર્ધી ગાથામાં 'દાન્તા' કહ્યું તે ફરીથી શા માટે ? તેમાં વિશેષ કંઈ જાણવા જેવું છે તે કહે છે દાન્ત એટલે ઈરિયા સમિતિ વિગેરે પાળનાર ને કહે છે. ॥૧૨૯॥

जह इत्थ चेव इरियाइएसु सव्वंमि दिक्खियपयारे । तसथावरभूयहियं जयंति सब्भावियं साहू ॥१३०॥

**ટીકાનો અર્થ-** જેમ અહીંજ આ અધ્યયનમાં ભમરા માફક એષણા સમિતિમાં યત્ના કરે છે તેમ ઈરિયાસમિતિ વિગેરેમાં પણ તથા સર્વ સાધુના આચારમાં વર્તે છે એટલે કે ત્રસ, સ્થાવર જે જીવો છે તેમના હિતમાં વર્તે છે આ સદ્‌ભાવિક એટલે પારમાર્થિક કાર્ય સાધુઓ કરે છે. અન્ય આચાર્યો આ ગાથાના છેલ્લા બે પદને નિગમનમાં વ્યાખ્યાન કરે છે. તે જોઈએ તેવું સારૂં નથી તેથી કહે છે કે, ॥ ૧૩૦॥

उवसंहारविसुद्धी, एस समत्ता उ निगमणं तेणं । वुच्चंति साहुणोत्ति (य) जेणं ते महुयरसमाणा ॥१३१॥

**ટીકાનો અર્થ-** ઉપસંહાર વિશુદ્ધિ આ સમાપ્ત થઈ. હવે નિગમનનો અવસર છે તે સૂત્રમાં બતાવે છે. નિગમન એટલે દ્વારનો વિચાર. એટલે તેના વડે સાધુ કહેવાય. જે પ્રકાર વડે મધુકર જેવા છે એટલે કહેલા ન્યાય વડે ભ્રમર જેવા છે. ॥ ૧૩૨ ॥

तम्हा दयाइगुणसुट्ठिएहिं, भमरोव्व अवहवित्तीहिं । साहूहिं साहिउ त्ति, उक्किट्ठं मंगलं धम्मो ॥१३२॥

**ટીકાનો અર્થ-** તેથી દયા વિગેરે ગુણોમાં સારી રીતે રહેલા 'આદિ' શબ્દથી સત્ય વિગેરે સમજવાં તે વડે ભ્રમર માફક જીવદયાની વૃત્તિ વડે સાધુઓ સાધે છે. ઉત્કૃષ્ટ મંગળ એટલે પૂર્વે કહેલા નિર્દોષ ધર્મને સાધે છે. હવે નિગમન શુદ્ધિ કહે છે. ॥ ૧૩૨ ॥

निगमणसुद्धी तित्थंतरावि धम्मत्थमुज्जया विहरे । भण्णइ कायाणं ते जयणं न मुणंति न करेंति ॥१३३॥

**ટીકાનો અર્થ-** નિગમન શુદ્ધિ કહે છે. અહી વાદી કહે છે કે ચરક પરિવ્રાજક વિગેરે ધર્મને માટે ઉદ્યમ કરતા વિચરે છે તેને પણ સાધુ કહેવા. આચાર્ય ઉત્તર આપે છે 'તે ચરક વિગેરે સાધુઓ પૃથ્વીકાય વિગેરે છ કાયને બચાવવા યતના કરતા નથી તેમ તેવી વાતો બતાવનારા આગમને માનતા નથી. તેથી-તેમને તેવું જ્ઞાન પણ નથી. તેથી તેઓ સાધુ નથી તે નીચે કહીશું. વળી. ॥ ૧૩૩ ॥

न य उग्गमाइसुद्धं भुजंती महुयरा वडणुचरोही । नेव य तिगुत्तिगुत्ता जह साहू निच्चकालंपि ।१३४।

**ટીકાનો અર્થ–** તેઓ ઉદ્ગમાદિ દોષ રહિત ભોજન ખાતા નથી. 'આદિ' શબ્દથી ઉત્પાદન વિગેરે દોષો પણ પાળતા નથી. ભમરાની માફક જીવોના અહિતમાં વર્તે છતે સાધુઓની માફક ત્રણ ગુપ્તિ વડે ગુપ્ત નથી પણ સાધુઓ નિત્યકાળ ત્રણ ગુપ્તિવાળા છે. ચરક વિગેરે તે જ્ઞાનથી શૂન્ય હોવાથી તેવા નથી. એટલે જૈન સાધુઓમાં જેવી જીવદયા છે તેવી તેમનામાં નથી. જેથી જે વાસ્તવિક સાધુઓ હોય તેજ સાધુ કહેવાય, તે બતાવે છે. ॥ ૧૩૪ ॥

कायं वायं च मणं च इंदियाइं च पंच दमयंति । धारेंति बंभचेरं, संजमयंति कसाए य ।१३५।

**ટીકાનો અર્થ–** કાયા, વચન, મન, ઈંદ્રિઓ તેઓને સાધુઓ દમે છે. તેમાં કાયા વડે હાથ, પગ, શરીર સ્થિર પણે રાખી જીવોની દયા પાળતાં ઉભા થાય છે અને જાય આવે છે. વચનમાં નકામું વચન બોલતા નથી. પ્રયોજનમાં પણ એવું બોલે કે જીવોને પીડા ન થાય. એવું વિચારીને બોલે. મનમાં પણ કોઈનું બૂરૂં થાય અથવા વિષયની લાલસા થાય તેવું ધ્યાન ન ધરતાં મનના વિચાર પવિત્ર રહે તેમ કરે છે. પાંચ ઈંદ્રિઓ ને ઈષ્ટ અનિષ્ટ વસ્તુમાં રાગ દ્વેષ ન કરવા વડે કબજે રાખે છે. આ પાંચ મૂકવાનું કારણ એ છે કે સાંખ્ય મતવાળા ૧૧ ઈંદ્રિય માને છે. તેના નિષેધ માટે. તેઓની ૧૧ ઈંદ્રિયો આ પ્રમાણે છે. જીભ, હાથ, પગ, ગુદા, લિંગ, મન અને પાંચ ઈંદ્રિઓ. જૈનો તે માનતા નથી. વળી સાધુ ભગવંતો સકલ ગુપ્તિનું પાલન કરીને બ્રહ્મચર્ય પાળે છે, તથા કષાયને દબાવે છે અને ઉદયમાં લાવવા દેતા નથી. આવેલા કષાયને નિષ્ફળ કરે છે એટલે ગમ ખાઈનેપણ સાધુપણું આળે છે. ॥૧૩૫॥

जं च तवे उज्जुत्ता, तेणेसिं साहुलक्खणं पुण्णं । तो साहुणो त्ति भण्णति, साहवो निगमणं चेयं ।१३६।

**ટીકાનો અર્થ–** પૂર્વે કહેલા સ્વરૂપવાળા તપમાં આ કારણ વડે ઉદ્યમ કરનારા આ સાધુઓનું સંપૂર્ણ લક્ષણ છે. આ પ્રકારે **મોક્ષને સાધે છે તે સાધુઓ.** એથી સિદ્ધ થયું કે મોક્ષને સાધે તે સાધુ પણ ચરકાદિક નહી. આ નિગમન છે. આ દશ અવયવ કહ્યા. એના પ્રયોગને વૃદ્ધાચાર્યો આ રીતે બતાવે છે. 'અહિંસાદિ લક્ષણ ધર્મના સાધક તેજ સાધુઓ સ્થાવર જંગમ જીવોને પીડા ન આપવાના હેતુથી તેનાથી બીજાઓ તેવી જીવ દયા ન પાળે તેથી વિપક્ષ થયો. વિપક્ષ દિગંબર ભિક્ષુ ભૌતાદિની માફક, અહીં જેઓ સ્થાવર જંગમ ભૂતના વિનાશના ત્યાગી છે તે બન્નેમાં પ્રસિદ્ધ એવા પુરુષ માફક અહિંસાદિ લક્ષણવાળા ધર્મના સાધક જોયા. તે પ્રમાણે સાધુઓ સ્થાવર જંગમ જીવોના રક્ષક એ ઉપનય છે. તેથી સ્થાવર જંગમ જીવની રક્ષા તે વડે અહિંસાદિ લક્ષણ ધર્મના સાધક સાધુઓજ છે એ નિગમન પક્ષાદિ વિશુદ્ધિ આગળ કહી ગયા. માટે એ કહેતા નથી એ પ્રમાણે અર્થ અધિકારના બેવડાપણાથી પંચ અવયવ તથા દશ અવયવના વાક્યો વડે આ અધ્યયન કહ્યું. હવે બીજી રીતે ભાંગા બતાવી દશ અવયવાળા વાક્ય વડેજ આખું અધ્યયન નિર્યુક્તિકાર કહે છે. ॥ ૧૩૬ ॥

ते उ [1]पइन्न [2]विभत्ती [3]हेउ [4]विभत्ती [5]विवक्ख [6]पडिसेहो । [7]दिट्ठंतो [8]आसंका [9]तप्पडिसेहो [10]निगमणं च ।१३७।

**ટીકાનો અર્થ–** તે અવયવ પ્રતિજ્ઞા વિગેરે છે. તેમાં જ્ઞાનને આશ્રયી એ પ્રતિજ્ઞા એટલે (૧) કંઈ પણ વાત પોતાના મોઢેથી કહેવી આ પહેલો અવયવ. તે પ્રમાણે (૨) વિભાજન એટલે વિભક્તિ. તેનોજ વિષય વિભાગ કહેવો, તે બીજો, તથા (૩) જાણવા યોગ્ય વિશિષ્ઠ ધર્મના વિષયને જે કહે તે હેતુ ત્રીજો

અવયવ છે. (૪) તેની વિભક્તિ ચોથો અવયવ. (૫) તેનો વિપક્ષ એટલે સાધ્ય વસ્તુથી ઉલટો વિપર્યય તે પાંચમો અવયવ છે. (૬) તેનો પ્રતિષેધ કરવો તે છઠ્ઠો, (૭) દૃષ્ટાંત કહેવું તે સાતમો અવયવ છે. (૮) તેમાં આશંકા કરવી એટલે ચાલુ વાતમાં શંકા લાવવી તે આઠમો અવયવ છે. (૯) તેનો નિષેધ ખંડન–સમાધાન તે નવમો અવયવ છે. તથા (૧૦) નક્કી પણેજ કરવું તે નિગમન એટલે નિશ્ચય કરવો તે દસમો 'અવયવ જાણવો. એનો ખુલાસાવાર અર્થ દરેક અવયવોમાં ગ્રંથકારજ કહે છે. ।।૧૩૭।।

धम्मो मंगलमुक्किट्ठंति पइन्ना अत्तवयणनिद्देसो । सो य इहेव जिणमए नन्नत्थ पइन्नपविभत्ती ।१३८।

**ટીકાનો અર્થ–** ધર્મ ઉત્કૃષ્ટ મંગલ એ પ્રતિજ્ઞા. કેવી રીતે ? ઉત્તર–આપ્ત વચનનો નિર્દેશ છે તેથી. આપ્ત એટલે વિશ્વાસ પાત્ર. કારણકે તે સંપૂર્ણ રાગ દ્વેષનો ક્ષય કરેલો હોવાથી કહ્યું છે કે–

आगमो ह्याप्तवचनमाप्तं दोषक्षयाद्विदुः । वीतरागोऽनृतं वाक्यं न ब्रूयाद्धेत्वसंभवात् ।१।

આગમ તે આપ્ત વચનજ જાણવાં. અને દોષ ક્ષયથી તેને આપ્ત કહેવા. વીતરાગ અસત્ય વાક્ય બોલે નહિ કારણકે તેમને રાગદ્વેષના હેતુનો અસંભવ છે ? તે આપ્તનું વચન અમારો નિર્દેશ છે. વાદી કહે છે કે 'આ આગમ વાક્ય છે એથી એ પ્રતિજ્ઞા નહિ.' ઉત્તર વિપ્રતિપદના સંપ્રતિપત્તિના નિબંધન પણાથી તેજ પ્રતિજ્ઞા છે. તેમાં કંઈ દોષ નથી. અથવા આ પાઠાંતર છે તે સાધ્ય વચનનો નિર્દેશ છે. જે સાધીએ તે સાધ્ય, બોલીએ તે વચન. અર્થ એટલે જેનાથી તેજ બોલાય. સાધવાનું તે વચન એટલે સાધ્ય વચન અથવા સાધ્ય વસ્તુ. તેનો નિર્દેશ પ્રતિજ્ઞા એ પહેલો અવયવ કહ્યો. હવે બીજો કહે છે તે અધિકારે કરેલો ધર્મ તે જૈનેન્દ્રના સિદ્ધાન્તમાં છે પણ અન્યત્ર કપિલાદિમાં નથી કારણે કે પ્રત્યક્ષ આપણે જોઈએ છીએ કે વસ્ત્રથી નહિ ગાળેલા ઘણા પાણી વિગેરેના ઉપયોગમાં રક્ત એવા બાવા વિગેરે જીવોને દુઃખ દેનાર છે તેમનામાં ધર્મ કયાંથી હોય ? વિગેરે ઘણું કહેવાનું છે તે નથી કહેતા. ગ્રંથ મોટો થાય અને પૂર્વે કહી ગયા છીએ તેથી. પ્રતિજ્ઞાની વિભક્તિ એટલે પ્રતિજ્ઞાના વિષયના દૃષ્ટાંતનું જુદું સ્વરૂપ એ બીજો અવયવ થયો. હવે ત્રીજો કહે છે. ।। ૧૩૮ ।।

सुरपूइओत्ति हेऊ धम्मट्ठाणे ठिया उ जं परमे । हेउविभत्ति निरुवहि जियाण अवहेण य जियंति ।१३९।

**ટીકાનો અર્થ–** સુર એટલે દેવતા તેનાથી પૂજિત. સુર શબ્દ લેવાથી ઈન્દ્ર વિગેરે પણ જાણવા અહીં ઈતિ શબ્દ 'ઉપ'નો અર્થ બતાવે છે. હેતુ પૂર્વ માફક જાણવો. એટલે હેતુનું અર્થ સૂચક વાક્ય છે. એટલે દેવો વિગેરે પૂજે તે હેતુ. એની સિદ્ધિ માટે બતાવે છે. પૂર્વની માફક કહેલા ધર્મમાં રહે. જેમાં રહે તે સ્થાન એટલે ધર્મસ્થાન. તે ધર્મ સ્થાનમાં રહેલા તે જોડેલા ક્રિયાપદ સાથે જોડે છે. તેથી એમ જાણવું કે ઉત્તમ એવા ધર્મ સ્થાનમાં રહેલા સાધુઓ દેવેન્દ્રો વિગેરેથી પૂજાય છે. એ ત્રીજો અવયવ થયો. હવે હેતુનો વિષય વિભાગ કહે છે. ધર્મ સ્થાનમાં કોણ રહ્યા છે તે બતાવે છે. નિરુપધિવાળા. અહીં ઉપધિ એટલે કપટ છલ, માયા એ બધા એક અર્થમાં છે. આ ક્રોધાદિથી ઉપલક્ષણવાળું છે. એટલે એમ સમજવું કે ચારે કષાયોથી જેઓ છુટા છે. તે પૃથ્વીકાયાદિ જીવોને ન પીડવા વડે તથા તપ ચારિત્ર વડે જીવોને દુઃખ ન દેતાં પોતે જીવે છે. તેજ ધર્મ સ્થાનમાં રહેલા જાણવા બાકીના નહિ. ચાર અવયવ થયા. પાંચમો કહે છે ।।૧૩૯।।

जिणवयणपदुट्ठेवि हु ससुराईए अधम्मरूइणोऽवि । मंगलबुद्धीइ जणो पणमइ आईदुयविवक्खो ।१४०।

**ટીકાનો અર્થ–** અહીં વિપક્ષ તે પાંચમો એટલે પ્રતિજ્ઞા અને વિભક્તિથી ઉલટો જાણવો. જિન એટલે તીર્થંકર તેમનું વચન આગમ સ્વરૂપ તેનો દ્વેષ કરનારા એ ટુંકાણમાં જાણવું. એટલે તે તથા જેઓ

દ્વેષી નથી હું નિપાત અસ્થાને વપરાયો છે તેના પણ સ્થાનને બતાવશું, સસુરાદિક લોકમાં પ્રસિદ્ધ છે. જેમનામાં ધર્મ રુચિ નથી તે અધર્મ રુચિ તથા ધર્મ રૂચિને પણ મંગળ બુદ્ધિએ નામ મંગળ બુદ્ધિ વડેજ તથા લોક નમે છે. આ બન્નેનો વિપક્ષ તે પહેલા બે પ્રત્યેકના તથા શુદ્ધિ તેનો વિપક્ષ સાધ્ય વસ્તુનો વિપર્યય તે વિપક્ષ જાણવો. એટલે લોકમાં અધર્મ રુચિઓને પણ મંગળ બુદ્ધિ વડે લોકો નમે છે. આ પ્રતિજ્ઞાનો વિપક્ષ છે. તેઓનો અધર્મ જુદો પડતો નથી. જિન વચનના દ્વેષી તેના વડે તેની શુદ્ધિ તેમાં પણ હેતુ પ્રયોગની વૃત્તિ વડે ધર્મ સિદ્ધિ છે. (આ ગાથાનો પરમાર્થ એ છે કે જે લોકો અજ્ઞાની છે તેઓ જૈન ધર્મના દ્વેષી હિંસક ગુરુઓને પણ મંગળ બુદ્ધિએ નમે છે અને જૈન ધર્મનો દ્વેષ નથી પણજેઓ સંસારી રહિને હિંસા કરે છે, તેમને ગૃહસ્થીઓ વડીલમાની (સસરાદિને) મંગળ બુદ્ધિવડે નમે છે. આ અહીં ખરેખરૂં મંગળ નથી તે ભેદ પાડે છે. ॥૧૪૦॥

बिइयदुयस्स विवक्खो सुरेहिं पूज्जंति जण्णजाईवि । वुद्धाईवि सुरणया वुच्चन्ते णायपडिवक्खो ।१४१।

**ટીકાનો અર્થ–** બન્નેનું પૂરણ તે દ્વિતીય દ્વય એટલે હેતુ અને તેની શુદ્ધિ, તે પૂર્વે કહેલા બેની અપેક્ષાએ બીજુ કહેવાય. તેનો આ વિપક્ષ છે. અહીં યજ્ઞ કરનારાઓ દેવો વડે પણ પૂજાય છે એવી ભાવના છે યજ્ઞ કરનારા મંગળ રૂપ નથી, જોકે તેઓ દેવોથી પૂજાય છે તેમનું દેવોથી પૂજાવું તે અકારણ છે. આ હેતુનો વિપક્ષ છે. તે પ્રમાણે ઈંદ્રિયોને નહિ જીતેલ તથા ક્રોધ વિગેરેથી ભરપૂર તેઓ વર્તે છે. આ ગ્રંથ વડેજ ધર્મ સ્થાનમાં સ્થિત જે આપણે પૂર્વે સાધુ કહી ગયા તે હેતુ વિભક્તિથી ઉલટો વિપક્ષ જાણવો. હવે ઉદાહરણ વિપક્ષ કહે છે. બુદ્ધ તથા આદિ શબ્દથી કપિલ વિગેરે દેવોથી પૂજાયેલા કહેવાય છે. એટલે કે દેવો તેમની આજ્ઞા માને છે. આ દૃષ્ટાંતનું પ્રતિપક્ષ જાણવું. વાદીની શંકા–'દૃષ્ટાંત પછી કહીશું એવું તમે કહ્યું ત્યાંજ વિપક્ષ કહેવો હતો અને ત્યાંજ તેનો પ્રતિષેધ કરવો યુક્ત હતો. અહીં વિપક્ષનો પ્રતિષેધ શા માટે કહેવાય છે ? ઉત્તર– 'વિપક્ષનું સમાનપણું હોવાથીજ કહેવાય છે. અને વિપક્ષ દ્વાર ટુંકામાં કહેવાય છે. બીજી રીતે આ જુદું દ્વાર પણ થાય. તેજ પ્રમાણે પ્રતિષેધ પણ બીજા દ્વારમાં કહેવાય તે પ્રમાણે કરતાં ગ્રંથ વધી જાય છે. તેથી અંહી કહીએ તો ખોટું નથી, વાદીની શંકા–'દૃષ્ટાંત આશંકા તથા તેનો નિષેધ એ વચનથી આગળ દૃષ્ટાંત કહીને વળી આશંકા તથા પ્રતિષેધ કહેશેજ તેથી તે આ શંકા અને તેનો વિપક્ષ છેજ ત્યારે શા માટે ફરીથી વિપક્ષ પ્રતિષેધ કહો છો ? ઉત્તર–'સાથે સાથે હોવાથી પરંપરાના ભેદ વડે દૃષ્ટાંતનું બે પણું બતાવવા માટે છે જે સાથે સાથે કહેવાનો છતાં પરોક્ષપણાથી સિદ્ધાંત દ્વાર જાણવાથી દૃષ્ટાંત ઉપરથી લેવાની શીખામણનો અર્થ સાધવામાં સમર્થ નથી તેની પ્રસિદ્ધિ માટે હમણાંજ નજર આગળ સિદ્ધ કરેલો છે જે અન્ય કહીશું તે પરંપરા દૃષ્ટાંત છે. તે પ્રમાણે તીર્થંકર તથા સાધુઓ બન્નેને ભિન્નજ આગળ આગળ દૃષ્ટાંતોથી કહીશું. તેમાં તીર્થંકરનું લક્ષણ દૃષ્ટાંતને સ્વીકારી અહીં વિપક્ષ તથા પ્રતિષેધ કહ્યાં અને સાધુને આશ્રયી ત્યાંજ આ શંકા તથા પ્રતિષેધ બતાવીશું તેમાં દોષ નથી. વાદી–'ભલે એમ હો કે પહેલા કહેલી વિધિએ થોડામાં લાવવા માટે ન કહેલું દૃષ્ટાંત જ કહેવું સારૂં છે. પણ અહીંજ દૃષ્ટાંત વિપક્ષ તથા તેનો પ્રતિષેધ છે, તેજ દૃષ્ટાંતને આગળ કહેશો કે જે વડે હેતુ વિભકિતને જોડા જોડ અહીં નથી કહેતા ? તેજ પ્રમાણે અહીં દૃષ્ટાંત કહેતાં પ્રતિજ્ઞા વિગેરેની પેઠે બન્ને રૂપનું પણ અરિહંત તથા સાધુ લક્ષણનું દૃષ્ટાંત એવા બેજ વિપક્ષ તથા પ્રતિષેધ ઉત્પન્ન થાય છે. તેથી સાધુ લક્ષણના દૃષ્ટાંતની આ શંકા તથા પ્રતિષેધ આગળ જુદા ન કહેવા. પડત, તેથી તેમ કરતાં ટુંકાણમાં થાત તથા પ્રતિજ્ઞા હેતુ ઉદાહરણ રૂપ વિશુદ્ધિ સહિત ત્રણે અવયવો ક્રમસર કહેલા થાય, આચાર્યનો ઉત્તર–'અહી દૃષ્ટાંતની માફક પ્રતિજ્ઞા વિગેરે દરેકની આ શંકા તથા પ્રતિષેધ કરવાના છે. તે પ્રમાણે કરીએ તો ઘણા અવયવ થાય. અથવા દૃષ્ટાંતની પ્રતિજ્ઞા

વિગેરેની પેઠે વિપક્ષ તથા પ્રતિષેધ વડે જુદી આશંકા તથા ખંડન કહેવાનું ન થાત એમ કરતાં દસ અવયવ ન થાત અને આ વાક્ય દશ અવયવવાળું બીજી રીતે ભાંગા પાડી કહેવાનું છે; એ ન્યાયને બતાવવા માટે આ છે. એથી કહ્યું કે 'સાધુ લક્ષણ દૃષ્ટાંતની આ શંકા તેનો પ્રતિષેધ જુદો ન કહેવા વડે વિગેરે તે દૂર કરવું જાણવું. થોડામાં સમજો. એ પ્રમાણે પ્રતિજ્ઞાદિ દરેક વિપક્ષ કહ્યો. હવે પ્રતિજ્ઞા વિગેરેનો વિપક્ષ પાંચમો અવયવ વર્તે છે તે બતાવતાં કહે છે. ॥ ૧૪૧ ॥

एवं तु अवयवाणं चउण्ह पडिवक्खु पंचमोऽवयवो । एत्तो छट्ठोऽवयवो विवक्खपडिसेह तं वोच्छं ।१४२।

**ટીકાનો અર્થ–** એજ પ્રમાણે પ્રમાણ અંગ લક્ષણવાળા પ્રતિજ્ઞા વિગેરે ચારનો વિપક્ષ પાંચમો અવયવ છે. વાદીની શંકા 'દૃષ્ટાંતનો વિપક્ષ અહીં કહ્યો છેજ. છતાં ચારનું છે એમ કેમ કહ્યું?' ઉત્તર–'હેતુનું સપક્ષ વિપક્ષ વડે અનુવૃત્તિ વ્યાવૃત્તિપણા વડે દૃષ્ટાંત ધર્મ છે તેથી. તેનો વિપક્ષજ એના અંતર ભાવવાળો હોવાથી તે નિર્દોષ છે. હવે છઠ્ઠો અવયવ વિપક્ષ પ્રતિષેધ છે. તે કહે છે. તે છઠ્ઠા અવયવને કહેશેજ. આ પ્રમાણે સામાન્ય કહીને હવે પહેલા બે વિપક્ષનો પ્રતિષેધ કરે છે. ॥૧૪૨॥

सायं संमत्त पुम्मं हासं रइ आउनामगोयसुहं । धम्मफलं आइदुगे विवक्खपडिसेह मो एसो । १४३ ।

**ટીકાનો અર્થ–** સાતા વેદનીય કર્મ છે તથા સમ્યકૃત્વ વડે તે બરોબર સમ્યક્ભાવ તે છે અને સમ્યકૃત્વ મોહનીય તે કર્મજ છે. જેમાં પુરુષવેદ, હાસ્ય, રતિ એટલે સંસારી વિલાસ તે રતિ મોહનીય કર્મજ છે. તે મોહનીય કર્મ જિનને ન હોય. આયુ, નામ, ગોત્ર તેની સાથે દરેકમાં શુભ શબ્દ જોડવો. એટલે શુભ આયુ, શુભ નામ, શુભ ગોત્ર વિગેરે. અહીં શુભ શબ્દ તીર્થંકર વિગેરે સંબંધી છે તેમને નામ અને ગોત્ર કર્મમાં હોય છે. યશનામ કર્મ વિગેરે તીર્થંકરોનેજ હોય છે. અને ઉચ્ચ ગોત્ર પણ શુભ છે તે તેમને હોય છે ધર્મનું ફળ તે ધર્મ ફળ અથવા બીજી રીતે ધર્મ વડે જે ફળ મળી તેજ છે. આ ફળને જિનેશ્વરે કરેલા અહિંસાવાળા ધર્મનું ફળ જાણવું. અથવા અહિંસા વાળા જિનેશ્વરે કહેલાજ ધર્મ વડેજ આ ફળ મળે છે. આ બધું સુખનો હેતુ હોવાથી હિત છે તેથી તેજ ધર્મ પરમ મંગલ છે. એટલે સાધુને નમસ્કાર કરવો તે મંગલ જાણવું (અહીં સંસારી વિનયનો નિષેધ નથી પણ સાધુ બરોબર સસરા વિગેરેને ન ગણવા એનો વિવેક સૂચવ્યો છે) તે પ્રમાણે જેનાથી હિત થાય તે મંગલ પૂર્વે કહેલા ધર્મ વડેજ જાણવું, પણ જિન વચનથી બહાર અથવા સસરા વિગેરે મોક્ષ માટે મંગળ રૂપ ન લેવા. વાદીની શંકા–'મંગળ બુદ્ધિ વડેજ માણસો નમે છે એ કેવી રીતે તેમાં ઘટશે?' ઉત્તર મંગળની બુદ્ધિવડે પણ ગોવાળીઆની સ્ત્રીઓ વિગેરેની અવિવેક વડે બુદ્ધિ ખીલેલી ન હોવાથી તેઓ ભલે નમે પણ તેથી મોક્ષના નિશ્ચય રૂપ મંગલ ન થાય. જેમ કોઈ આંખના રોગીને બે ચંદ્ર દેખાય છતાં બુદ્ધિમાન પુરુષ ચક્ષુથી બે ચંદ્રની પ્રતીતિ સ્વીકારતા નથી. એ તો અછતી વસ્તુ ને વસ્તુરૂપ પણું આરોપવા વડે તેની પ્રતીતિ થાય છે. પૂર્વે કહેલા બે વિપક્ષો તેના વિષયમાં તેનો વિપક્ષ કહ્યો. આ પ્રમાણે પહેલા બેના વિપક્ષનો પ્રતિષેધ કરીને હવે હેતુ તથા તેની શુદ્ધિ તેનો વિપક્ષ તથા પ્રતિષેધ કરે છે. ॥ ૧૪૩ ॥

अजिइंदिय सोवहिया वहगा जइ तेऽवि नाम पुज्जंति । अग्गिवि होज्ज सीओ हेउविभत्तीण पडिसेहो ।१४४।

**ટીકાનો અર્થ–** જેમણે પાંચે ઈન્દ્રિયો જીતી નથી તેઓજ એવું બોલે છે તથા કપટ સહિત વર્તે છે તે માયાવી પરને ઠગનારો છે. તેઓ પાસે વસ્ત્રાદિ અનેક પ્રકારે પરિગ્રહ વર્તે છે. તે મહા પરિગ્રહવાળા છે તેઓ પ્રાણીનો વધ કરે છે. તે યાજ્ઞિકો જેઓ પૂર્વે કહેલા અજીત ઈંદ્રિય વિગેરે દોષથી દુષ્ટ થયેલા યજ્ઞપૂજનાર જેઓ છે તેઓ જો પૂજાય છે તો બળતો અગ્નિ પણ ઠંડો થવો જોઈએ. પણ તે કદાપિ ઠંડો થતો નથી. તથા આકાશમાં કમળની માળાઓ થવી જોઈએ. અને તે વાંઝણીના સ્તનની શોભા માટે થવા દો.

તેમ પણ થતું નથી જેવી રીતે જેનો અત્યંત અભાવ છે તે જેમ થાય નહિ તેમજ યજ્ઞ કરનારા પૂજાય તે પણ અશક્ય છે. અને કદાચ કાળના દુર્ગુણથી કોઈ અંશે અવિવેકી માણસથી યજ્ઞ કરનાર પૂજાય તો પણ તેમાં મંગળપણાની સિદ્ધિ થતી નથી. અવિચારી અને અછતી વસ્તુમાં પણ આભાસ વડે પ્રવૃત્તિ થાય છે. તે પ્રમાણે નિર્મલ બુદ્ધિવાળાની જ પ્રવૃત્તિ વસ્તુના સત્યપણાને પમાડે છે. પણ તેઓની અસત્ય વસ્તુમાં જાણી જોઈને સાચી પ્રવૃત્તિ થતી નથી. એટલે વિશુદ્ધ બુદ્ધિવાળા સુર અને અસુરના ઈંદ્ર વિગેરે છે તેઓ તો અહિંસાદિ લક્ષણવાળા ધર્મનેજ પૂજે છે પણ બ્રાહ્મણને નહિ. તેથી એમ સિદ્ધ થયું કે દેવદાનવના ઈંદ્ર વિગેરે એ પૂજેલો ધર્મજ ઉત્કૃષ્ટ મંગલ જાણવો પણ યજ્ઞ કરનારાનો નહિ. આ હેતુ તથા તેની વિભક્તિ તેનો વિપક્ષ પ્રતિષેધ અહીં ન કહેલો છતાં પ્રકરણથી જાણી લેવો. એ પ્રમાણે હેતુ તથા તેની શુદ્ધિનો વિપક્ષ પ્રતિષેધ કહ્યો. હવે દૃષ્ટાંતનો વિપક્ષ પ્રતિષેધ કહે છે. ॥૧૪૪॥

बुद्धाई उवयारे पूयाठाणं जिणा उ सब्भावं । दिट्ठंते पडिसेहो छट्ठो एसो अवयवो उ । १४५ ।

**ટીકાનો અર્થ–** બુદ્ધ વિગેરેમાં કપિલ આદિ પણ લેવા. તેઓ ઉપચાર વડે કંઈ અતીંદ્રિય કહે છે તેથી તે પૂજાને યોગ્ય થતા નથી. કિંતુ જિન દેવ તો પરમાર્થને આશ્રયી સર્વજ્ઞપણું વિગેરે અસાધારણ ગુણો યુક્ત હોવાથી તે પૂજા યોગ્ય છે. આ દૃષ્ટાંતનો જે વિપક્ષ તેનો નિષેધ કર્યો. અહીં વિશેષ એ છે કે તેથી એમ કહ્યું છે કે આ બધો પ્રતિજ્ઞા વિગેરે વિપક્ષ પ્રતિષેધ પાંચે પ્રકારનો એકજ છે. હવે છટ્ઠો અવયવ કહીને સાતમો અવયવ દૃષ્ટાન્ત કહે છે. ॥ ૧૪૫ ॥

अरिहंत मग्गगामीं दिट्ठंतो साहुणोऽवि समचित्ता । पागरएसु गिहीसु एसंते अवहमाणा उ । १४६ ।

**ટીકાનો અર્થ–** પૂજાને યોગ્ય માટે અર્હત. કર્મ પાછળ ન વધે માટે અરિહંત, તેનો અહીં દૃષ્ટાંત છે તે સંબંધ છે. તેના માર્ગમાં જનારા એટલે તેના કહેલા માર્ગે વર્તવાનો જેમનો આચાર છે. તે સાધુઓ સમ્યગ્ દર્શન વિગેરે યોગોથી મોક્ષને સાધે છે તે દૃષ્ટાંત છે તે સાધુઓ રાગદ્વેષ રહિત ચિત્તવાળા જાણવા. શું તેઓ પણ દૃષ્ટાંત છે ? હા, અહીં સાદિ ગુણ યુક્તિ હોવાથી તે છે. વળી ગૃહસ્થોએ પોતાના માટે આહાર બનાવેલો તેઓ શોધે છે. પણ ન રાંધવા, ન રંધાવવાવડે આરંભ કરવાની પીડા રહિત તેઓ છે. એ પ્રમાણે બે પ્રકારે દૃષ્ટાન્ત કહ્યો. દૃષ્ટાન્ત વાક્ય આ છે. તે સંસ્કારીને કહેવું. અર્હતોની માફક સાધુઓ પૂજાય છે. સાતમો અવયવ કહીને આઠમો કહે છે. ॥ ૧૪૬ ॥

तत्थ भवे आसंका उद्दिस्स जहवि किरए पागो । तेण र विसमं नायं वासतणा तस्स पडिसेहे ।१४७।

**ટીકાનો અર્થ–** તે દૃષ્ટાન્તમાં આશંકા થાય કે 'સાધુને ઉદ્દેશીને કોઈ કરે અને કોઈ બાળકોને આશ્રયી રાંધે તો ગૃહસ્થીઓ વડે તે દોષ લાગે કે કેમ ? તેનો ઉત્તર આ છે. આ વિષમ દૃષ્ટાન્ત છે. ખરી રીતે રંધાવવા ઉપર જો આજીવિકા કરતા હોય તો નિર્દોષ વૃત્તિનો અભાવ થઈ જાય એ અમે પૂર્વે કહ્યું છે. કે સાધુઓ નિર્દોષજ તપાસીને લે. આઠમો અવયવ થયો. હવે નવમામાં ચોમાસાનું ઘાસ તેના પ્રતિષેધમાં ભાષ્યકારે પૂર્વે વાત કહેલ છે તે નથી કહેતા. નવમો કહીને હવે છેલ્લો અવયવ કહે છે. (મૂળ ગાથામાં ર નિપાતનો અર્થજ છે !) ॥ ૧૪૭ ॥

तम्हा उ सुरनराणं पुज्जत्ता मंगलं सया धम्मो । दसमो एस अवयवो पइन्नहेउ पुणोवयणं ।१४८।

**ટીકાનો અર્થ–** તેથી દેવ અને મનુષ્યથી પૂજવા યોગ્ય છે. માટે તેના પૂજ્યપણાથી મંગળરૂપે હંમેશાં ધર્મ પૂર્વે કહેલો અવયવ છે. તે શું વિષય બતાવે છે. કે પ્રતિજ્ઞા હેતુનો એટલે હેતુ પ્રતિજ્ઞાનું વચન. આ બીજું દશ અવયવરૂપ થયું. એની જોડેનાં સાધન અવયવોનાં સાધન શિષ્યની અપેક્ષા વડે વિશેષ ખાત્રી

થાય તેમ બતાવવાં આ અનુગમ કહ્યો. હવે ચોથાં અનુયોગ નય છે તે કહે છે.? (૧) નૈગમ. (૨) સંગ્રહ, (૩) વ્યવહાર, (૪) ઋજુસૂત્ર, (૫) શબ્દ, (૬) સમભિરૂઢ, (૭) એવંભૂત, એ સાત ભેદવાળા સામાન્ય રીતે સાત નય છે. એનું વર્ણન આવશ્યક સામાયિક અધ્યયનમાં ખુલ્લું કહેલ છે. તેથી અહીં ટુંકાણમાં ફક્ત જ્ઞાન, ક્રિયા, નય એવા બે ભેદ પાડીને કહે છે. એટલે જ્ઞાન નય અને ક્રિયા નય તેમાં પહેલો જ્ઞાન નય કહે છે. જ્ઞાન વાદી કહે છે કે જ્ઞાન જ આ લોક અને પરલોકના ફળનું કારણ યુક્તિએ કરીને યોગ્ય છે. તે પોતે બતાવે છે. ॥ ૧૪૮ ॥

णायंमि गिण्हियव्वे अगिण्हियव्वंमि । चेव अत्थंमि जइयव्वमेव इइ जो उवएसो सो नओ नामं ।१४९।

**ટીકાનો અર્થ–** સારી રીતે જાણ્યા પછી એટલે આ સ્વીકારવું, આ છોડવું એ બન્નેનું ભેગું રહેલું ઉપેક્ષણીયપણ સાથે જણાય છે. આમાં એમ સમજવું કે જાણ્યા પછી જ આ લેવું કે ન લેવું કે ઉપેક્ષા કરવી તે જાણીતામાં થાય, પણ અણજાણ્યામાં કેવી રીતે થાય ? આ લોકમાં લેવાયોગ્ય ફૂલની માળા, ચંદન, સ્ત્રી વિગેરે છે અને ન લેવા યોગ્ય ઝેર, શસ્ત્રનો ઘા, કાંટા વિગેરે; અને ઉપેક્ષા કરવા યોગ્ય ઘાસ, ધૂળ વિગેરે. અને પરલોક સંબંધી સમ્યગ્દર્શન વિગેરે લેવા યોગ્ય છે. તથા મિથ્યાત્વ વિગેરે ત્યજવા યોગ્ય છે. અને વિવક્ષાવડે અભ્યુદય વિગેરે ઉપેક્ષા કરવા યોગ્ય છે આ અર્થમાં યત્ન કરવો. એટલે આ અનુક્રમે આ લોક પરલોકના ફળ ઈચ્છુક જીવે યત્ન કરવો. તે અજાણ્યામાં વર્તતાં ફળ સિદ્ધિ થતી નથી. એજ પ્રમાણે બીજાઓ પણ કહે છે કે –

विज्ञप्तिः फलदा पुंसां, न क्रिया फलदा मता । मिथ्याज्ञानात्प्रवृत्तस्य फलप्राप्तेरसंभवात् ।१

જ્ઞાન તેજ પુરૂષોને ફલ દેનાર છે, પણ ક્રિયા ફલવાળી નથી. મિથ્યા અને અજ્ઞાનથી પ્રવર્તેલાને ફળ પ્રાપ્તિનો અસંભવ છે તેથી પરલોકના ફળ ઈચ્છનારે જાણીતામાંજ પ્રવર્તન કરવું. જૈન સિદ્ધાંત પણ તેમજ કહે છે.

पढमं नाणं तओ दया, एवं चिट्ठइ सव्वसंजए । अन्नाणी किं काही ? किंवा णाहिति छेयपावगं ? ।१।

પહેલું જ્ઞાન અને પછી દયા. આ બધા સાધુઓ આશ્રયીછે. બીચારો અજ્ઞાની શું કરશે ? અથવા પુણ્ય પાપને કેવી રીતે જાણશે ? વિગેરે છે અને તેથી જ એમ સ્વીકારવું કે જ્ઞાન એ મુખ્ય છે. જે જ્ઞાન વડે તીર્થંકર ગણધરોએ ફક્ત અગીતાર્થના વિહારાદિક ક્રિયાનો પણ નિષેધ કર્યો છે. આગમ કહે છે કે–

गीयत्थो य विहारो बीओ गीयत्थमीसिओ चेव । इत्तो तइयविहारो णाणुन्नाओ जिणवरेहिं ।।

ગીતાર્થનો વિહાર હોય અથવા ગીતાર્થ સાથે વિહાર હોય તે સિવાયત્રીજો વિહાર જિનેશ્વરે કહ્યો નથી. એમ અભિપ્રાય છે કે આંધળા પાછળ આંધળો જાય તો સીધે રસ્તે ન જાય તેમ પ્રથમ ક્ષય ઉપશમિક જ્ઞાન બતાવ્યું. ક્ષાયિકને આશ્રયીને પણ તેનુંજ વિશિષ્ટ ફલ સાધનપણું જાણવું. વળી જિનેશ્વર પોતે પણ સંસાર સમુદ્રને કિનારે આવ્યા છતાં દીક્ષા ગ્રહણ કરીને ઉત્કૃષ્ટ તપચરણ કરે તો પણ જ્યાં સુધી જીવ અજીવનું સંપૂર્ણ વસ્તુનું સ્વરૂપ બતાવનાર કેવલ જ્ઞાન ન થાય ત્યાં સુધી મોક્ષ પ્રાપ્તિ નથી. માટે આ લોક પરલોકમાં જ્ઞાનજ ફલનું કારણ છે. આ જે ઉપદેશ અપાય તે નય જાણવો. આ ન્યાય વડે જ્ઞાનનું પ્રધાનપણું બતાવી જ્ઞાનવાદી જ્ઞાનનય સિદ્ધ કરે છે. આ જ્ઞાન વચન ક્રિયા રૂપે આ અધ્યયનમાં જ્ઞાન રૂપ તેજ લેવું આ ઈચ્છે છે કે આનું જ્ઞાન સ્વરૂપજ છે તેથી અને વચન ક્રિયા તો તેના કાર્ય પણે તેને આધીન હોવાથી તે ઈચ્છતો નથી. ગુણ ભૂતમાં તે ઈચ્છે છે. આ જ્ઞાન વાદી ક્રિયાને સાધારણ માનીને તે ઉડાવવા ઈચ્છે છે. હવે

ક્રિયા નય બતાવે છે. હવે ક્રિયાવાદી કહે છે કે ક્રિયાજ પ્રધાન છે. આ લોક પરલોકના હિત માટે યુક્તિઓ કરીને તેજ યુક્ત છે. આ લક્ષણવાળી ગાથાનેજ પોતાના પક્ષની સિદ્ધિ માટે કહે છે ॥ ૧૪૯ ॥

णायम्मि गिण्हियव्वे अगिण्हियव्वंमि चेव अत्थंमि । जइयव्वमेव इइ जो उवएसो सो नओ नामं ।१४९।

**ટીકાનો અર્થ–** ક્રિયા નય દર્શન અનુસારે વ્યાખ્યા એટલે જણાયેલી વાતમાં લેવા છોડવા યોગ્ય વસ્તુમાં આ લોક પરલોકના હિત માટે વર્તવું એજ શ્રેયસ્કર છે. કારણકે પ્રવૃત્તિ કર્યા વિના એકલા જ્ઞાનીને ફળ સિદ્ધિ દેખાતી નથી. તેમ અન્યોએ કહ્યું છે કે–

क्रियैव फलदा पुंसां, ज्ञानं फलदं मतम् । यतःस्त्रीभक्ष्यभोगज्ञो, न ज्ञानात्सुखितो भवेत् ।।१।।

ક્રિયાજ માણસોને હિતકારી છે પણ જ્ઞાન નહિ, કારણકે સ્ત્રી ભોજન અને ભોગના જાણનારા એકલા જ્ઞાનથી સુખી થતા નથી. તથા સિદ્ધાંત પણ એમજ કહે છે કે ક્રિયાજ કરવી. તેથી કહ્યું છે કે –

चेइयकुलगणसंघे आयरियाणं च पवयणसुए य । सव्वेसुवि तेण कयं तव संजममुज्जमंतेणं ।।१।।

ચૈત્ય, કુલ, ગણ, સંઘ, આચાર્ય, પ્રવચન, સૂત્ર બધાંને પણ તે તપને સંયમ કરનારે કર્યું. તેથી આ પણ માની લો, કે તીર્થંકર ગણધરોએ ક્રિયા રહિત પુરુષોનું જ્ઞાન નકામું કહ્યું છે. જેમકે સિદ્ધાંત કહે છે કે–

सुबहुंपि सुयमहीयं किं काही चरणविप्पमुक्कस्स ? । अंधस्स जह पलित्ता दीवसय सहस्स कोडीवि ।१।

ઘણું એ શ્રુત ભણ્યો પણ ચારિત્ર રહિતને શું લાભ ? જેમ આંધળાને હજારો દીવા કર્યા હોય તો શું ફાયદો ? એટલે કે જોયા વિના હજારો દીવા નકામા છે. અહીં તે એમજ સિદ્ધ કરે છે કે બધું ક્રિયામાંજ છે. આ તો ક્ષાયોપશમિક ચારિત્ર આશ્રયીને કહ્યું. અહીં ક્રિયા તે ચારિત્ર લેવું તે ક્ષાયિકને આશ્રયી પણ તેનુંજ ઉત્તમ ફળનું સાધકપણું જાણવું. જેથી અરિહંત ભગવાનને પણ કેવળ જ્ઞાન થયા પછી પણ બધા કર્મનો નાશ કરનાર પાંચ હ્સ્વ અક્ષરઉચ્ચારણ માત્ર કાલની સર્વ સંવરરૂપ ક્રિયા તે ચારિત્ર ક્રિયા જ્યાં સુધી તેને ન મળે ત્યાં સુધી મોક્ષ નથી. તેથી આ લોકપરલોકના હિત માટે ક્રિયા મુખ્ય થઈ. આ ક્રિયાવાદીનો ઉપદેશ છે. તે નય બતાવ્યો એટલે આ નય વાળો જ્ઞાન વચન ક્રિયારૂપ અધ્યયનમાં ક્રિયાનેજ ઈચ્છે છે. કારણકે તેનું સ્વરૂપ તેવું છે. પણ તે જ્ઞાન વચનને ગૌણ માની ઈચ્છતો નથી. એટલે ઉપાદીય માનને ન ઈચ્છતાં ગુણ ભૂતને ઈચ્છે છે. અહીં આ બે નયની યુક્તિઓ વડે શિષ્યને શંકા થાય કે આમાં બન્નેમાં યુક્તિઓ છે તો સાચું શું ? આચાર્યનો ઉત્તર–જ્ઞાન ક્રિયા નય જુદા બતાવી હવે પોતાનો પક્ષ બતાવે છે. ॥ ૧૫૦ ॥

सव्वेसिंपि नयाणं बहूविहवत्तव्वयं निसामेत्ता । तं सव्वनयविसुद्धं जं चरणगुणट्ठिओ साहू ।१५०।

**ટીકાનો અર્થ–** મૂળ નય તથા તેના ભેદો દ્રવ્યાસ્તિક વિગેરે તે સામાન્ય વિશેષ સાથે અપેક્ષા રહિત બન્ને વર્ણન કરાય; અથવા નામાદિનય– કોણ શું યોગ્ય વસ્તુ ઈચ્છે છે તે સાંભળીને સર્વ નયથી સંમત એવું વચન ચારિત્ર ગુણમાં રહેલો સાધુ તે બધા નયોને અપેક્ષા પૂર્વક ભાવ વિષયરૂપ નિક્ષેપાને ઈચ્છે છે. ॥ ૧૫૧ ॥ (અર્થાત્ જ્ઞાનના સ્થાને જ્ઞાન અને ક્રિયાના સ્થાને ક્રિયા એમ બન્નેનયને સ્વીકારીને આત્મશ્રેય કરવું.)

दुमपुप्फिय निज्जुत्ती समासओ वण्णिया विभासाए । जिणचउद्दसपुव्वी वित्थरेण कहयंति से अट्ठं ।१५१।
दुमपुप्फिय निज्जुत्ती समत्ता ।

દ્રુમ પુષ્પિકા નિર્યુક્તિ. ટુંકાણમાં જિનેશ્વર તથા ચૌદ પૂર્વીઓએ વર્ણવેલી તે વિસ્તારથી અહીં કહી. આવું હરિભદ્રસૂરિ મહારાજ કહે છે. પહેલું અધ્યયન સમાપ્ત. છેવટે કહે છે કે આ અધ્યયનનું વ્યાખ્યાન કરતાં મને જે કંઈ પુણ્ય પ્રાપ્ત થયું તે સદ્ધર્મ છે. તેનો બધો લાભ ભવ્ય જીવોને મળો. ॥૧૫૧॥

**પ્રથમ અધ્યયનનું વિવેચન પૂર્ણ**

# શ્રી દશવૈકાલિક સૂત્ર ભાષાન્તર

## ભાગ - ૨

જે મુનિમાં સમ્યગ્દર્શન નથી, સમ્યગ્જ્ઞાનના ઘરનું અનુભવ જ્ઞાન નથી. એવા મુનિ સાધુવેશમાં હોવાંથી જિનશાસનની ક્રિયા કરતાં જિનશાસનની અપભ્રાજના થાય તેવું વર્તન કરી લે છે. એટલા માટે ઉપદેશમાલા ગ્રંથમાં કહ્યું છે કે–

જે મુનિ જિનશાસનના સિદ્ધાંતને નિશ્ચય અને વ્યવહાર નયથી સમજ્યો નથી. જિન સિદ્ધાંતનાં રહસ્યોથી અનભિજ્ઞ છે. ગીતાર્થતા જેને સદ્ગુરુ ભગવંતોની નિશ્રાથી પ્રાપ્ત નથી થઈ અને તે મુનિ બહુશ્રુત અર્થાત્ શાસ્ત્રોનો જ્ઞાતા બની ગયો છે. વિદ્વતા પ્રાપ્ત કરી લીધી છે. વ્યાખ્યા શક્તિથી સંયુક્ત છે. તર્ક શાસ્ત્રોનો જ્ઞાતા છે. જેને અનેક અજ્ઞાન લોકો સન્માન આપે છે. જેની લોકો વિશેષરૂપથી ભક્તિ પૂજા કરે છે. અનેક શિષ્યોનું ગુરુપદ જે ધારણ કરે છે. અર્થાત્ જેની પાસે શિષ્યોનો પરિવાર વધારે છે. તે અનુભવ જ્ઞાનની ઓછપ હોવાથી જિનશાસનનું અહિત થાય તેવી પ્રરૂપણા, તેવું કાર્ય પોતાના ભક્તો દ્વારા કરાવડાવી ભોળાં ભવ્યાત્માઓને ઉન્માર્ગ (ખોટા રસ્તે) ચઢાવી પ્રત્યનીકતાનું ઉગ્ર પાપ બાંધીને જિનશાસનનાં શત્રુપણાનું કાર્ય કરી લે છે.

જિનશાસનનો શત્રુ અર્થાત્ પોતાનો જ શત્રુ આ કથન નિશ્ચયથી છે. જિનશાસનનું અહિત ત્યારે થાય છે જ્યારે વ્યક્તિ પોતે પોતાના આત્માના હિત અહિતના જ્ઞાનથી અનભિજ્ઞ (અજાણ) બને છે. બાહ્ય જ્ઞાન અર્થાત્ મિથ્યા જ્ઞાન આત્માને આત્મ હિતકારી કાર્યો પ્રત્યે આકર્ષિત નથી થવા દેતું. તેનું આકર્ષણ આત્મ અહિતકારી કાર્યો પ્રત્યે હોય છે. જેનાથી શાસનની અવહેલના થાય છે. વ્યવહારથી શાસનની અવહેલના નિંદા વગેરે થાય છે. પરંતુ નિશ્ચયથી આત્માની અવહેલના થાય છે. શાસનની અપભ્રાજના કરાવવાંથી તીર્વ અશુભ કર્મનો બંધ થાય છે, જેનાથી આત્મા દુર્ગતિઓમાં દુઃખો ભોગવે છે. આ આત્માની અવહેલના થઈ.

# सामण्ण पुव्वगाऽज्झयणं

## अध्ययन बीजुं

દ્રુમ પુષ્પિકા અધ્યયન સમાપ્ત થયું. હવે શ્રામણ્ય પૂર્વક નામનું બીજું અધ્યયન કહેવાય છે. તેનો સંબંધ આ પ્રમાણે છે. પહેલા અધ્યયનમાં ધર્મપ્રશંસા કહી છે. અને તે અહીં જૈન શાસનમાં જ છે, પણ આ જગ્યાએ તે ધર્મનો સ્વીકાર કરતાં નવા સાધુને ધીરજ તે વખતે ન રહે, તો મોહ ઉત્પન્ન થાય. તેથી મોહમાં ધૈર્યવાળા થઈ ચારિત્ર ન મૂકવું, તે કહે છે.

**जस्स धिई तस्स तवो, जस्स तवो तस्स सुग्गई सुलभा । जे अ धिइमंत पुरिसा, तवोऽवि खलु दुल्लहो तेसिं ।। १ ।।**

જેને ધૈર્ય છે, તેને તપ છે. અને જેને તપ છે, તેને સુગતિ સુલભ છે. અને જે ધૈર્ય વિનાના છે, તેને તપ પણ ખરેખર દુર્લભ છે. ઉપર પ્રમાણે સંબંધ છે. તે આ બીજા અધ્યયનના પ્રથમ પ્રમાણે ચાર નિક્ષેપા કહેવા જોઈએ. અહીં જેવું નામ તેવા ગુણવાળું અધ્યયન હોવાથી ઉપક્રમાદિ દ્વારના સમૂહની (નામ નિષ્પન્ન નિક્ષેપા) વ્યાપ્તિના પ્રધાનપણાથી નામ નિષ્પન્ન નિક્ષેપાને નિર્યુક્તિકાર કહે છે.

**सामण्ण पूव्वगस्स उ निक्खेवो होइ नाम निप्फन्नो । सामण्णस्स चउक्को, तेरसगो पूव्वयस्स भवे ।। १५२ ।।**

શ્રમ સહન કરે, તે શ્રમણ, તેનો ભાવ તે શ્રામણ્ય, (સાધુપણું) છે. તેનું પૂર્વ કારણ શ્રામણ્ય પૂર્વક છે. સંજ્ઞામાં 'ક' પ્રત્યય લાગે છે. સાધુપણાનું મૂળ કારણ ધૈર્ય છે. તે સાધુપણાનું મૂળ છે. તે ધૈર્ય મેળવવા (રાખવા)નું અધ્યયન છે. આ ભાવાર્થ છે કે - (કષ્ટ આવે ત્યારે સાધુએ ધૈર્ય રાખી વ્રત છોડવું નહિ.) તેથી શ્રામણ્યપૂર્વકનો નામ નિષ્પન્ન નિક્ષેપો થાય છે. આ કયો છે ? આવો બીજો સાંભળ્યો નથી, આ સિવાય શ્રમણપણું બીજું સાંભળ્યું નથી, તેથી શ્રામણ્ય, પૂર્વક જ આ છે. તું શબ્દ સામાન્ય તથા વિશેષવાળા નામના વિશેષણ અર્થ છે. શ્રામણ્યપૂર્વક આ સામાન્ય છે. અને શ્રામણ્ય પૂર્વ એ વિશેષ છે. તે પ્રમાણે કહે છે.

શ્રામણ્યના ચાર, તથા પૂર્વક શબ્દના ૧૩ નિક્ષેપા થાય છે. ॥ ૧૫૨ ॥

નિક્ષેપાનું જ વર્ણન કરે છે.

**समणस्स उ निक्खेवो, चउक्कओ होइ आणुपुव्वीए । दव्वे सरीरभविओ, भावेण उ संजओ समणो ।। १५३ ।।**

શ્રમણ શબ્દનો નિક્ષેપો ચાર પ્રકારનો છે. તું શબ્દથી મંગળ વિગેરેનું પણ થાય. પણ અહિં શ્રમણ શબ્દ વડે અધિકાર છે. તે વિશેષ અર્થ છે. ચાર નિક્ષેપા અનુક્રમે કહેવા, તેમાં નામ, સ્થાપના, પૂર્વપ્રમાણે જાણવા. દ્રવ્ય શ્રમણ બે પ્રકારના છે. તે આગમથી, અને નોઆગમથી. આગમથી જ્ઞાતા, પણ ઉપયોગ ન રાખે. અને નોઆગમથી જ્ઞ શરીર, ભવ્ય શરીર, તે બંન્નેથી જુદો અભિલાપના ભેદવડે દ્રુમ (ઝાડ) માફક જાણવા. તે દ્રવ્યમાં ભવ્ય શરીર આ ત્રીજા પદ વડે ઓળખાવે છે. (પહેલા અધ્યયનની નિ.૩૪મી ગાથામાં અધિકાર જુઓ) ભાવશ્રમણ બે પ્રકારનો છે. આગમથી જ્ઞાતા, અને ઉપયોગ

રાખનાર. અને નોઆગમથી ચારિત્રના પરિણામવાળો સાધુ છે. તે જ કહે છે. તે જ ગાથાના ચોથા પદમાં કહ્યું છે કે ભાવથી સંયત પોતે શ્રમણ છે. ॥ ૧૫૩ ॥

એનું જ સ્વરૂપ કહે છે.

**जह मम न पियं दुक्खं, जाणि य एमेव सव्व जीवाणं । न हणइ न हणावेइ य, सम मणईतेण सो समणो ।। १५४ ।।**

જેમ મને દુઃખ પ્રતિકૂલ હોવાથી ગમતું નથી, તેવું જ સર્વ જીવોને દુઃખ પ્રતિકૂલ જાણીને પોતે જીવોને હણે નહીં. અને બીજા પાસે હણાવે નહીં. ચ શબ્દથી હણનારાઓને અનુમોદે નહિ. એમ જાણવું. એ પ્રમાણે સમ, અણ, એટલે સરખા ગણે. તેથી તે સમણ (શ્રમણ) જાણવો. ॥ ૧૫૪ ॥

**नत्थि य सि कोइ वेसो, पिओ व सव्वेसु चेव जीवेसु । एएण होइ समणो, एसो अन्नोऽवि पज्जाओ ।। १५५ ।।**

વળી સાધુઓને સર્વના ઉપર તુલ્યમન (એક ભાવ) હોવાથી કોઈ ઉપર દ્વેષ કે કોઈ ઉપર પ્રેમ નથી. તેથી તે સમમન (સરખા મન) વાળો હોવાથી આ શ્રમણ શબ્દનો બીજો પર્યાય થયો. ॥ ૧૫૫ ॥

**तो समणो जई सुमणो, भावेण य जइ न होइ पावमणो । सयणे य जणेय समो, समो य माणावमाणेसु ।। १५६ ।।**

તેથી શ્રમણ જે સુમન તે દ્રવ્ય મનને આશ્રયીને સુમન (સારા મનવાળો) હોય અને ભાવથી પણ સારા મનવાળો હોય. પણ પાપી ન હોવો જોઈએ. (તો તે શ્રમણ જાણવો) એટલે સગાં ઉપર જેવો પ્રેમ રાખે, તેમ બધા જીવ ઉપર પ્રેમ રાખે. અને માન અપમાનમાં સમપણું રાખે. (અહંકાર કે દીનતા ન કરે) ॥ ૧૫૬ ॥

**उरगगिरिजलणसागर, नहयलतरुगणसमो य जो होई । भमरमिगधरणिजलरुह, रविपवणसमो जओ समणो ।। १५७ ।।**

[1]ઉંદર વગેરેથી ખોદેલા દરમાં સાપ રહે, પણ ઇચ્છિત ન ખોદી શકે, તેથી ગમે તેમ દુઃખથી રહેવું પડે. તથા કોમળ ચામડી છોલાય, ત્યાં કીડીઓથી પીડા પામે. તેથી સાપ એક દૃષ્ટિ રાખીને ચાલે. તે જ પ્રમાણે સાધુને પારકાના આપેલા ઘરમાં રહેવું, તે પણ કષ્ટ છે. તથા રાગ દ્વેષ થતાં કર્મબંધ થાય. તેથી બચવા માટે એક દૃષ્ટિ રાખી ચાલવું પડે, તેથી શ્રમણને ઉરગ (સાપ)ની ઉપમા આપી છે. તથા પરીષહ રૂપ વિગેરે [2]પરીષહના પવનથી સાધુ ગિરિમાફક નિષ્કંપ રહે. તથા તપરૂપ તેજના પ્રધાનપણાથી, તથા[3] અગ્નિમાં ગમે તેટલાં સૂકાં ઘાસ લાકડાં નાખે, તોપણ તૃષ્ણાવાળો જ હોય. અને બધાં ભક્ષણ કરે, તેમ સાધુ પણ સૂત્ર અર્થની રાત દિવસ આકાંક્ષાવાળો હોય. તથા સાધુને કલ્પે, તેવું એષણીય, અશન વિગેરેમાં જે સ્વાદિષ્ટ, અસ્વાદિષ્ટ મળે. તેમાં રાગદ્વેષ ન કરતાં તે વાપરે. તેથી અગ્નિની ઉપમા ઘટે છે. [4]સાગરમાં ગંભીરપણું તેમ જ સાધુમાં જ્ઞાન વિગેરે રત્નોથી તે ગંભીર હોય છે. તથા સાગરની માફક મુનિમર્યાદા ન ઉલ્લંઘે. તેથી સાગરતુલ્ય છે. [5]આકાશને થંભા વિગેરેનું અવલંબન નથી, તેમ મુનિને પણ કોઈનું અવલંબન ન હોય. માટે આકાશ જેવા છે. [6]ઝાડને ફૂલ હોય. તથા પક્ષીઓને આશ્રય આપે તથા વાંસલા અને ચંદનમાં સમાન હોય. તે જ પ્રમાણે મુનિ મોક્ષનો અર્થી. પ્રાણીમાત્રને આશ્રય રૂપ, તથા શત્રુ મિત્રમાં સમાન ભાવ હોય, માટે તરૂગણ સમાન મુનિ હોય છે. [7]ભમરો અનિયત (એક જગાએ ન રહે) તેવી વૃત્તિવાળો હોય છે. માટે મુનિને ભ્રમરની ઉપમા યોગ્ય છે.

[8]સંસારમાં મૃગ હમેશાં શત્રુથી ડરે છે. તેમ સંસારના ભયથી ઉદ્વેગ બનેલો હમેશાં મુનિ રહે. માટે મૃગની ઉપમા છે. [9]ધરણિ (પૃથિવી) જેમ બધા સ્પર્શોને સહે, તેમ મુનિ સારા માઠા જે પરીષહો આવે, તે સહન કરવાથી પૃથિવીની ઉપમાને યોગ્ય છે. [10]કામભોગ ઉત્પન્ન થાય તો પણ તેનાથી જેમ કમળ કાદવ અને પાણીથી ઊંચું રહે. તેમ પોતે દૂર રહે માટે કમળ સમ જાણવા. [11]ધર્માસ્તિકાય વિગેરે લોકનું સ્વરૂપ સૂર્ય ન બતાવે, પણ મુનિ જ્ઞાનદ્વારા તેનું સ્વરૂપ બતાવે. માટે વિશેષ પ્રકાશક હોવાથી સૂર્યતુલ્ય છે. [12]પવન જેમ અપ્રતિબદ્ધપણે વિહાર કરે, તેમ મુનિ પણ કોઈ જગ્યાએ રાગદ્વેષથી ન બંધાય. એ પ્રમાણે સાપ વિગેરે સમાન મુનિ એકએક ઉત્તમ ગુણોને આશ્રયીને જાણવા.

विसतिणि सवाय वंजुल कणिया रुप्पल समेण । समणेणं भमरुंदुरुनडकुक्कुडअदागसमेण होयव्वं ।। १ ।।

[13]સાધુએ વિષ જેવા થવું, વિષમાં બધા રસોનો અંતર્ભાવ છે, તે રસનો કોઈ અનુભવ ન લે. તેમ મુનિએ થવું. કે ક્યાંય કર્મ બંધાય નહિ. તેથી [14]માનત્યાગથી એટલે નમ્ર હોવાથી તિનિશ (નેતર) જેવો ગણાય. [15]વાયુની ઉપમા ઉપર કહી ગયા મુજબ છે. [16]વંજુલ (વેતસ) સમાન એટલે ક્રોધ વિગેરેથી હારેલા જીવોનો તે વિષ ભાવ દૂર કરવાથી વંજુલની ઉપમા ઘટે છે. (એવી વાત સંભળાય છે કે વેતસને મેળવીને સાપો ઝેર રહિત થાય છે.) [17]કર્ણિકાર એટલે એક જાતનું ફૂલ છે. તેની માફક પ્રગટ અશુચિ ગંધની અપેક્ષાએ નિર્ગંધ, તેમ મુનિઓ પણ સુગંધિ વિગેરેથી રહિત છે. [18]સ્વભાવથી ધવલ (નિર્મળ) અને સુગંધિપણાથી મુનિઓ ઉત્પલ (કમળ) છે, [19]ભમરાની ઉપમા ઉપર બતાવી છે. [20]ઉંદર જેમ બિલાડીથી ડરીને ચાલે, તેમ પોતાનામાં ઉપયોગવાળા દેશ તથા કાળને અનુસરિને ચાલે. તેમ મુનિ પણ સ્ત્રી વિગેરેના ફંદામાં ન ફસે. અને મુનિ યોગ્ય સમયે, તથા યોગ્ય દેશમાં વિચરે. [21]નટની ઉપમા આ પ્રમાણે છે, કે યોગ્ય વખતે યોગ્ય વેશ પહેરે. [22]કુકડાની માફક મળેલી ખાવાની વસ્તુ પગથી વિખેરીને બધાને ભાગે પડતી વહેંચી આપીને ખાય. તેમ મુનિ પણ સાધુઓને વહેંચી આપીને વાપરે. [23]જુવાન વિગેરે સાથે તેમને અનુકૂળ વર્ત્તવાના ભાવથી આદર્શ (દર્પણ)ની ઉપમા યોગ્ય છે. (આ ૨૩ પ્રકારે સાધુ ઉત્તમ હોય) કહ્યું છે કે -

तरुणंमि होइतरुणो थेरो थेरेहिं डहरए डहरो । अद्दाओ विवरूवं, अणुयत्तइ जस्स जं सीलं ।। १ ।।

તરૂણમાં તરૂણ, ઘરડામાં ઘરડો અને બાળકમાં બાળકપણે મુનિ વર્તે. જેમ આદર્શમાં જેવું રૂપ હોય, તેવું બિંબ તેમાં પડે. તે પ્રમાણે મુનિ દરેકને અનુકૂળ ચાલે. આ ગાથાનો કર્ત્તા જુદો છે. તેથી પવન વિગેરેની બેવડી ઉપમા થાય છતાં પુનરુક્તિ દોષ લાગતો નથી.

હવે તત્ત્વ, ભેદ, પર્યાય, એ ત્રણ વડે વ્યાખ્યા થાય. માટે એ ન્યાયને અનુસરીને સાધુના પર્યાય શબ્દોને કહે છે. ॥ ૧૫૭ ॥

पव्वइए अणगारे, पासंडे चरग तावसे भिक्खू । परिवाइ ए य समणे, निग्गंथे संजए मुत्ते ।। १५८ ।।

[1]પ્રકર્ષથી વર્જિત (દૂર થયો) એટલે આરંભ પરિગ્રહથી દૂર તે પ્રવ્રજિત તથા [2] અગાર (ઘર) વિનાનો તેને દ્રવ્યથી અને ભાવથી, અગાર નથી. તથા [3]વ્રત, તેજ પાખંડ અને તે વ્રત જેને હોય, તે પાખંડી છે. કહ્યું છે કે -

पाखंड व्रतमित्याहुस्तद्यस्यास्त्यमलं भुवि । सपाखंडी वदन्त्यन्ये कर्मपाशाद्विनिर्गतः (तं) ।।२।।

[4]ચરે એટલે તપમાં ચરે, તે ચરક (મુનિ) [5] તપ કરે તેથી તાપસ, [6]ભિક્ષાનો આચાર માટે ભિક્ષુ. અથવા આઠ કર્મને ભેદે તેથી ભિક્ષુ છે. તથા [7]પરિ (બધી રીતે) પાપોને વર્જવાથી પરિવ્રાજક છે. ચકાર સમુચ્ચય માટે છે. [8]શ્રમણનો અર્થ પૂર્વની માફક છે. અને [9]ગ્રંથ તે બાહ્ય અને અભ્યંતર પરિગ્રહ, તેનાથી નિર્ગત (નીકળેલા) તે નિર્ગ્રંથ છે. તથા [10] સં, એટલે અહિંસાદિમાં એક ભાવે, યત. એટલે ઉદ્યમ કરનારો, તે સંયત છે. તથા [11]બાહ્ય અને અભ્યંતર ગ્રંથથી મુક્ત, તે મુક્ત (નિર્લોભી) છે. ॥ ૧૫૮ ॥

तिन्ने ताई दविए, मुणीय खंते य दन्त विरए य । लूहे तीरट्ठेऽविय हवंति समणस्स नामाइं ।। १५९ ।।

[12]તીર્ણ, તે સંસાર સમુદ્રથી તર્યો. [13]ત્રાણ એટલે રક્ષણ કરે, તે ત્રાતા છે. એટલે પોતે ધર્મકથા વિગેરેથી સંસારના દુઃખોથી બીજાને બચાવે છે. [14]રાગદ્વેષ વિગેરે ભાવથી રહિત હોવાથી, દ્રવ્ય છે. અથવા દ્રવવું, એટલે તેવા તેવા જ્ઞાનાદિ પ્રકારને પ્રાપ્ત થવું, તે દ્રવ્ય છે. [15]મુનિ પૂર્વની માફક છે. ચ. શબ્દ સમુચ્ચય (જોડવા) માટે છે. [16]ક્રોધનો વિજય કરવાથી ક્ષમા રાખે, તે ક્ષાન્ત છે. એ પ્રમાણે [17]ઇન્દ્રિયાદિને દમન કરવાથી દાન્ત છે. [18]પ્રાણાતિપાત વિગેરે-પાપોથી નિવૃત્ત એટલે વિરત કહેવાય છે. તથા [19]સગાંવહાલાં મિત્રનો સ્નેહ ત્યાગવાથી રૂક્ષ છે. [20]સંસારથી તરવાના અર્થવાળો (ઇચ્છાવાળો) હોવાથી તીરાર્થી છે. અથવા સમ્યકૃત્વ વિગેરે ઉત્તમ ગુણો પ્રાપ્ત કરવાથી, સંસારનું પરિમાણ (હદ બાંધવા)થી તીરસ્થ કહેવાય છે. (આ પ્રમાણે ૨૦ પ્રકારે વર્ણન કર્યું) આ બધાં શ્રમણનાં નામો છે. ॥ ૧૫૯ ॥ શ્રમણ શબ્દનું વર્ણન કર્યું. હવે પૂર્વશબ્દનું વર્ણન કરે છે. તેનો નિક્ષેપો તેર પ્રકારનો છે. તે બતાવે છે. ॥ ૧૫૯ ॥

णामं ठवणा दविए, खेत्ते काले दिसि ताव खेत्ते य पन्नवगपुव्ववत्थू, पाहुडअइपाहुडे भावे ।। १६० ।।

[1]નામ [2]સ્થાપના સુગમ છે. [3]દ્રવ્ય પૂર્વ તે અંકુરા પહેલાં બીજ છે. દહિં પહેલાં દૂધ છે. તથા રસ, ફાણિત, (રાબ)થી વિગેરે પહેલાં છે. આ એક બીજાની અપેક્ષાએ પૂર્વ છે. [4]ક્ષેત્ર પૂર્વ એટલે જવના ક્ષેત્રથી શાલીનું ક્ષેત્ર પૂર્વ છે. (પહેલાં ભાત વાવ્યો અને પછી જવ વાવ્યા) તે એક બીજાની અપેક્ષાએ પૂર્વ (પહેલાં) છે. તથા અપેક્ષાએ જવ પ્રથમ અને પછી ભાત કહેવાય. તોપણ નિર્દોષ છે. [5]કાળ પૂર્વ તે શરદ્ પહેલાં વર્ષા રૂતુ છે. [*]તથા રાતથી પહેલાં દિવસ છે. વિગેરે જાણવા. અથવા આવલિકાના પહેલાં (પૂર્વ) સમય છે. [6]દિશા પૂર્વ તે આ દિશાઓ રૂચક પ્રદેશને આશ્રયીને છે. [7]તાપક્ષેત્ર પૂર્વ તે સૂર્યના ઉદયને આશ્રયીને છે. જ્યાં ઊભો રહીને સૂર્યને દેખે, તે જ્યાં ઊગે, તે તેની અપેક્ષાએ પૂર્વદિશાએ છે. (જેમ ઉજ્જૈનથી કલકત્તા પૂર્વમાં છે.) કહ્યું છે કે -

जस्स जओ आदिच्चो, उदेइ सा तस्स होइ पूव्वदिसा

વિગેરે છે. [8]પ્રજ્ઞાપક. પૂર્વ તે પ્રજ્ઞાપન (પ્રજ્ઞાપક) ને આશ્રયીને પૂર્વ દિશા જેના સન્મુખ જ આ ઊભો તે જ તેની પૂર્વ છે. [9]પૂર્વ પૂર્વ તે ચૌદ પૂર્વ બારમા અંગમાં છે. તેમાંનું પહેલું પૂર્વ લેવું. અને તે ઉત્પાદ પૂર્વ છે. [10]એ પ્રમાણે વસ્તુમાં તથા [11]પ્રાભૃત, અતિ પ્રાભૃતમાં પણ લેવું. એટલે વસ્તુપૂર્વ,

[12]પ્રાભૃત પૂર્વ, અતિ પ્રાભૃત પૂર્વ, પણ જાણવા. આ અપ્રત્યક્ષ સ્વરૂપવાળાં છે. [13]ભાવ પૂર્વે, તે પહેલો ભાવ લેવો. તે ઔદયિક જાણવો. આ ગાથાનો અર્થ છે. ॥ ૧૬૦ ॥ નામ નિષ્પન્ન નિક્ષેપો કહ્યો. હવે સૂત્રાલાપક નિષ્પન્ન નિક્ષેપાનો અવસર છે. વિગેરેનું વર્ણન (ચર્ચા) પૂર્વે કહ્યા માફક જાણવું. તે ઠેઠ સૂત્રાનુગમમાં અસ્ખલિત વિગેરે ગુણયુક્ત સૂત્ર બોલવું. તે આ પ્રમાણે છે.

બીજા અધ્યયનનું ૧લું સૂત્ર (ગાથા) કહે છે.

**कहं नु कुज्जा सामण्णं, जो कामे न निवारए ।**

**पए पए विसीयंतो, संकप्पस्स वसं गओ ! ।। सू०१ ।।**

[1]અહિં સંહિતાદિ ક્રમથી બધાં સૂત્રોનું વ્યાખ્યાન કરતાં ગ્રંથ વધી જાય. માટે સૂત્રના પરિજ્ઞાન સંબંધી ભાવાર્થ માત્ર કહે છે. તેમાં પણ કેટલો, હું ? ક્યારે ? કેવી રીતે ? ઇત્યાદિ અદૃશ્ય પાઠાન્તર (બીજી પ્રતિઓમાં જુદા પાઠ) છે તેને ત્યાગીને જેટલું દેખાય છે. તે જ વર્ણન કરૂં છું. (હરિભદ્રસૂરિ મહારાજ પહેલાં બનેલી ટીકામાં આ પાઠ છતાં દેખાતા આદર્શોમાં અદૃશ્ય માનતા હોવાથી તે મૂકી દીધા છે.)

**कथं नु कुर्यात् श्रामण्यं, यः कामान्न निवारयति ?**

જે કામોને (ઇન્દ્રિયોના અભિલાષોને) ન નિવારે, તે સાધુપણાને કેવી રીતે (પાળી શકે) કરે. મૂળમાં 'નુ' શબ્દ આક્ષેપના અર્થમાં છે. જેમ કે જે પ્રજાનું રક્ષણ ન કરે, તેને રાજા કેમ કહેવાય. અથવા જે અપશબ્દો (ખોટા શબ્દો) વાપરે, તે વૈયાકરણી કેમ કહેવાય. અર્થાત્ તે રાજા પણ નહિં. અને વૈયાકરણી પણ નહિં. તેમ સાધુ પણ ન કહેવાય. જે કામોને ન રોકે, તો હવે શા માટે અભિલાષોને રોકતો નથી તે કહે છે. તેમાં નિમિત્ત કારણ હેતુઓમાં સર્વે વિભક્તિઓનું પ્રાયઃદર્શન છે. એ વચન છે. તેથી પ્રથમ કારણો કહે છે.

**पदे पदे वीषीदन् संकल्पस्य वशंगतः**

એટલે કામ (ઇચ્છાને) ન રોકવાથી ઇન્દ્રિયો વિગેરેના અપરાધ પદની અપેક્ષાએ પગલે પગલે સંકલ્પને વશ થવાથી (દુઃખી થવાથી) તે સાધુ કેવી રીતે કહેવાય ? સંકલ્પ તે અપ્રશસ્ત અધ્યવસાય છે. આ સૂત્રોનો સમાસ (સામટો) અર્થ છે. પણ અવયવનો અર્થ સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિ વડે બતાવે છે. તેમાં પણ બીજા પદોના અર્થ વિષયને છોડીને કામ પદાર્થ ત્યાગવાની બાબતમાં ઉપયોગી હોવાથી તેનું સ્વરૂપ બતાવે છે. (સૂ. ૧)

**नामंठवणाकामा, दव्वकामा य भावकामाय । एसो खलु कामाणं, निक्खेवो चउविहो होइ ।। १६१ ।।**

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ, તે દરેકમાં કામ શબ્દ જોડવો. એટલે નામ કામ, સ્થાપના કામ, દ્રવ્ય કામ અને ભાવ કામ, એ ચાર ભેદ છે. ચ શબ્દથી દરેક ભેદોનાં અંતર ભેદો સૂચવ્યા છે. તથા સમુચ્ચય (તે ચારેને જોડવા) માટે તે ચાર પ્રકારનો કામ શબ્દનો નિક્ષેપો છે. ॥ ૧૬૧ ॥

(૧) તુલના કરો - સંયુક્તનિકાય ૧/૨/૭ ભગવત ગીતા અ. ૨ શ્લોક ૬૨-૬૩.

તેમાં નામ સ્થાપના સુગમ છે. તેને છોડીને દ્રવ્ય કામનું સ્વરૂપ બતાવે છે.

[1]सद्दरसरुवगंधाफासा, उदयंकरा य जे दव्वा । दुविहा य भावकामा, इच्छाकामा मयणकामा ।। १६२ ।।

શબ્દ, રસ, રૂપ, ગંધ સ્પર્શ, એ પાંચ મોહના ઉદયને લીધે હારેલા પ્રાણીઓથી ઇચ્છાય છે. તે કામ છે અને મોહનો ઉદય કરનારા જે જે દ્રવ્યો સંઘાટક (યુગલ) વિકટ માંસ વિગેરે છે, તે પણ મદન કામ નામના 'ભાવકર્મના' હેતુથી તે દ્રવ્ય કામ છે. હવે ભાવ કામ કહે છે. તે ઇચ્છા કામ, અને મદન કામ, એમ બે પ્રકારે છે. તેમાં એષણમ્ એટલે ઇચ્છા, તે ઇચ્છા જ ચિત્તના અભિલાષ રૂપે હોવાથી કામ તેની ઇચ્છા, માટે ઇચ્છા કામ. તથા મદ કરાવે, તે મદન, આ વિચિત્ર પ્રકારનો મોહોદય (મોહ કર્મનો ઉદય) છે. તે જ કામની પ્રવૃત્તિનો હેતુ હોવાથી કામ તે મદનકામ જાણવો. ॥ ૧૬૨ ॥

હવે ઇચ્છા કામનું વર્ણન કરે છે.

इच्छा पसत्थमपसत्थिगा य, मयणंमि वेयउवओगो । तेणहिगारो तस्स उ वयंति धीरा निरुत्तमिणं ।। १६३ ।।

ઇચ્છા પ્રશસ્ત, અને અપ્રશસ્ત, એમ બે પ્રકારે છે. (ગાથામાં અનુસ્વાર ફક્ત ગાથાનું સુખથી ઉચ્ચાર થાય, તેટલા જ માટે છે) તેમાં પ્રશસ્ત ઇચ્છા તે ધર્મ અને મોક્ષને ઇચ્છવાની છે, અપ્રશસ્ત તે યુદ્ધ, અને રાજ્યની છે. ઇચ્છા કામો બતાવ્યા. હવે મદન કામો કહે છે. મદન શબ્દથી ચાલતી વાતને અનુસરીને મદન કામ બન્નેનું વર્ણન કરવું જોઈએ. તે મદન કયો ? ઉત્તર-વેદ ઉપયોગ છે તે, જે વેદાય તે વેદ. સ્ત્રીવેદ વિગેરે ત્રણ છે. તેનો ઉપયોગ, એટલે તેનો વિપાક ભોગવવો તે છે. બીજા આચાર્ય કહે છે કે 'તેનો વ્યાપાર' એટલે વેદનો વ્યાપાર એમ અર્થ કરવો. જેમ કે સ્ત્રીવેદનો ઉદય સ્ત્રીને થાય, ત્યારે પુરૂષની પ્રાર્થના કરે, વિગેરે બીજા વેદોમાં પણ જાણવું. તે મદન કામનો અધિકાર અહીંયાં છે. બાકી પૂર્વે જે કામ સંબંધી ભેદો સરખા ઉચ્ચારવાળા છે, તેથી કહ્યા છે. પણ જરૂર તો મદન કામની હોવાથી ધીર પુરુષો તીર્થંકર ગણધરો વિગેરે તેનું નિરૂક્ત (વર્ણન) કરે છે. તેનું લક્ષણ હવે પછી કહે છે. ॥ ૧૬૩ ॥

विसयसुहेसु पसत्तं, अबुहजणं कामरागपडिबद्धं । उक्कामयंति जीवं, धम्माओ तेण ते कामा ।। १६४ ।।

વિષીદાય એટલે જેમાં પ્રાણીઓ બંધાય તે વિષય શબ્દ વિગેરે પાંચ છે. તેનાથી સુખ મેળવવા, તેમાં પ્રસક્ત એટલે આસક્ત થયેલો જીવ છે તેનાં બીજાં વિશેષણ કહે છે. જેનો પરિવાર પણ અબુધજન હોય. એટલે અકલ્યાણ કરનારાં જેનાં મિત્ર પરિજન છે. એના વડે બાહ્ય વિષય સુખની પ્રવૃત્તિનો હેતુ પણું કહેલ છે. આ કામરાગમાં પ્રતિબદ્ધ, એટલે કામ તે મદન કામ, તેનાથી રાગ (વિષય વાંછા) થાય, તેમાં બંધાયેલો છે. આ પદથી અભ્યંતર વિષય સુખ આ પ્રસક્તિ (આસક્તિ) હેતુપણું કહ્યો, તેનો ભાવાર્થ આ છે કે તેનો પરિવાર મૂર્ખ છે. અને પોતે કામમાં રાગી છે. તેથી તે વિષય સુખમાં પ્રસક્ત કહ્યો.

પ્ર. શા માટે ?

(૧) સ્થાનાંગ ૫-૭-૭.

ઉત્તર-નિરૂક્તના વિચિત્રપણાથી કહ્યું. તેના પ્રત્યનીકપણાથી જીવને કુમાર્ગે દોરે છે.

પ્ર. ક્યાંથી ?

ઉત્તર-ધર્મથી-યત્તદ્ બંન્ને અવ્યયનો નિત્ય સંબંધ છે. તેથી એમ બતાવ્યું કે-જે સામાન્ય કારણવડે જીવ ધર્મથી ભ્રષ્ટ થાય, તે જ કામરાગ અથવા કામ જાણવા. બીજા આચાર્યો આમ કહે છે. (ઉત્ક્રામયંતિ યસ્માત્ ઇતિ) એટલે અબુધ (મૂર્ખ) જન જેનાથી ઉલટે માર્ગે જાય, તે કામ લેવો. બાકીનો અર્થ પૂર્વની માફક છે.

(વિષય સુખમાં પ્રસક્ત થયેલો, મૂર્ખ માણસ જે કામરાગમાં પ્રતિબદ્ધ હોય, તે જીવને જે ઉન્માર્ગે દોરે છે. તેથી તે કામ કહેવાય છે. અર્થાત્ કામ તે જ જીવને ભ્રષ્ટ કરે છે.) ॥ ૧૬૪ ॥

**अन्नंपिय से नामं, कामा रोगत्ति पंडिया बिंति । कामे पत्थेमाणो रोगे पत्थेइ खलु जंतू ।। १६५ ।।**

હવે એ 'કામ'નાં બીજાં નામો કહે છે.

प्र કેવાં ?

ઉત્તર-કામો તે રોગો છે એવું પંડિતો કહે છે.

પ્ર-શા માટે ?

ઉ-કામોને ઈચ્છતો જંતુ (પ્રાણી) ખરેખર રોગોને વાંછે છે. કારણ કે કામ પોતે રોગના રૂપે જ છે. કારણમાં કાર્યનો ઉપચાર કર્યો (અર્થાત્ જે કુમાર્ગે જાય તે કારણ અને કુસંગથી ઇન્દ્રિય સડી જાય વિગેરે રોગ થાય તે કાર્ય છે. એટલે કુસંગ તે જ રોગ થયો) ॥ ૧૬૫ ॥

આ પ્રમાણે પૂર્વની અર્ધી ગાથામાં સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિ બતાવી. હવે ઉત્તરાર્ધ ગાથામાં પદોના અવયવનો અધિકાર કહે છે.

**णामपयं ठवणपयं, दव्वपयं चेव होइ भावपयं । एक्केकंपिय एत्तो णेगविहं होइ नायव्वं ।। १६६ ।।**

નામ, સ્થાપના, દ્રવ્ય, અને ભાવ, એમ નિશ્ચે ચાર પ્રકારે પદ છે. અને તે એક એક પણ અનેક પ્રકારનું છે, એમ જાણવું. સમાસથી ગાથાનો અર્થ કહ્યો. ॥ ૧૬૬ ॥

હવે અવયવ અર્થ કહેવામાં નામ સ્થાપના સુગમ હોવાથી દ્રવ્યપદને કહે છે.

**आउ[१]ट्टि मउक्कि[२]न्नं उण्णे[३]ज्जं पीलि[४]मं च रंगं[५] च । गंथि[६]मवेढिम[७]पूरिम[८] वाइ[९]मसंघाइम[१०] च्छेज्जं[११] ।। १६७ ।।**

[१]આ કુટ્ટિક એટલે રૂપૈયો જેમ ઉપરથી અને નીચેથી પણ મુખ કરીને કુટાય છે. (બન્ને બાજુ છાપ પડે છે.)[२] ઉત્કીર્ણ એટલે પત્થર વિગેરેમાં લેખ અથવા નામ કોતરે છે. તથા [३]બકુલ વિગેરે ફૂલોના આકારો માટીનાં બીબાં કરીને તેમાં પકાવે. (દબાવે) પછી તેમાં મીણ ઉનું કરીને રેડે, તો મીણોનાં ફૂલો બને છે. (તેવી જ રીતે ખાંડના રમકડાં બને છે) આ ઉપનેય ( ) છે. [४]પીડા વચ્ચે વીંટાળેલા વસ્ત્રની ભંગાવળી રૂપે છે. [५]રાતા અવયવની (છબિનું) ચિત્ર રૂપવાળું અને રંગવાળું છે 'ચ' શબ્દ સમુચ્ચય માટે છે. [६]ગ્રંથિત એટલે ગુંથેલી ફૂલોની માળા વિગેરે છે. [७]વેષ્ટિમ તે ફૂલોનો મુકુટ બનાવે છે. [८]માટીની કુંડીના રૂપે અનેક છીદ્રોવાળું ફૂલોનું સ્થાન છે. તે પૂરિમ છે. [९]વાતવ્યં એટલે વણકરે કપડાની અંદર ઘોડા વિગેરેનો આકાર ચિતરેલો હોય છે તે [१०]સંઘાત્ય એટલે કાંચળી વિગેરે કપડાના કકડા જોડી બનાવ્યા હોય તે. [११] છેદ્યં એટલે ઝાડના પાંદડામાં છેદ પાડી બનાવે તે. આ દરેકને પદ

પણું એટલા માટે કે વ્યાકરણની રીતે જોવાથી પદ થાય, બોલાય તે. અર્થના યોગથી ઉપરના દરેકને પદ ગણ્યું. અને દ્રવ્યપણું એટલા માટે કે તે રૂપે તે બનેલું છે. આ દ્રવ્ય પદ કહ્યું. હવે ભાવ પદ કહે છે. ॥ ૧૬૭ ॥

**भावपयं पि य दुविहं, अवराहपयं च नो य अवराहं । नोअवराहं दुविहं, माउग नोमाउगं चेव ।। १६८ ।।**

ભાવ પદ બે પ્રકારનું છે, તે બતાવે છે. અપરાધનું જે હેતુ ભૂત પદ તે અપરાધ પદ છે. ઇન્દ્રિય વિગેરે વસ્તુ છે. 'ચકાર' દરેકમાં રહેલા અંતર ભેદોને સૂચવે છે. અને નો અવરાહ શબ્દથી સંબંધી ઉપન્યાસથી ( ૨ )નો અપરાધ પદ છે. તેમાં અપરાધનથી એમ ગણીનું અપરાધ પદ જાણવું. તેના પણ બે ભેદ છે. માતૃકાપદ, અને નોમાતૃકાપદ છે. તેમાં માતૃકા પદ એટલે અક્ષરો છે. અથવા માતૃકા ભૂતનું પદ તે માતૃકાપદ છે. જેમકે દૃષ્ટિવાદ (બારમા અંગ) માં 'उप्पन्नेइवा' વિગેરે છે.

નો માતૃકાનો અધિકાર ૧૬૯મી ગાથામાં કહ્યો છે. ॥ ૧૬૮ ॥

**नो माउगं पि दुविहं, गहियं च पइन्नयं च बोद्धव्वं । गहियं चउप्पयारं, पईन्नगं होइ (अ) णेगविहं ।। १६९ ।।**

નોમાતૃકા પદ પ્રકીર્ણ, અને ગ્રથિત એમ બે પ્રકારે છે. ગ્રથિત, એટલે રચેલા અથવા બાંધેલા (જોડેલાં) તે બધાનો એક જ અર્થ છે. તેનાથી બીજું પ્રકીર્ણ, એટલે પ્રકીર્ણકને યોગ્ય, કથાનું ઉપયોગી જ્ઞાન છે. ગ્રથિત, ચાર પ્રકારે છે. તે ગદ્ય વિગેરે જાણવું. પ્રકીર્ણક કહેલાં લક્ષણવાળું હોવાથી જ અનેક પ્રકારનું છે. ॥ ૧૬૯ ॥

ગ્રથિતનું વર્ણન કરે છે.

**गज्जं पज्जं गेयं चूण्णं, च चउव्विहं तु गहिय पयं । तिसमुट्ठाणं सव्वं, इ इवेंति सलक्खणा कइणो ।। १७० ।।**

[1]ગદ્ય [2]પદ્ય [3]ગેય [4]ચૌર્ણ એ ચાર પ્રકારનું જ ગ્રથિત પદ છે. કારણ કે તે પ્રમાણે જ ગ્રંથ રચના થાય છે અને આ ધર્મ, અર્થ, કામ એ ત્રણ માટે એની ઉત્પત્તિ (સમુત્થાન) છે. માટે તે ત્રિ સમુત્થાન કહેવાય છે. સર્વ શબ્દ સંપૂર્ણ માટે છે.

શંકા-એ પ્રમાણે ગ્રંથ રચના ઉપરના ત્રણ માટે હોય તો મોક્ષ સમુત્થાન માટે ગદ્યાદિ ગ્રંથ રચનાનો અભાવ થશે.

ઉત્તર-તેમ નથી. કારણ કે મોક્ષનું સમુત્થાન ધર્મ સમુત્થાનમાં સમાય છે. કારણ કે ધર્મ કારણથી મોક્ષ કાર્ય થાય છે. એટલે ધર્મ કારણ છે તેનું કાર્ય તે ધર્મ પોતે મોક્ષ છે અથવા બીજા આચાર્ય કહે છે કે - ત્રિસમુત્થાનમાં લૌકિક પદનું લક્ષણ જ લેવું (કારણ કે તેમના ગ્રંથોથી મોક્ષ થાય નહીં.) એ પ્રમાણે લક્ષણ જાણનારા કવિઓ કહે છે. ॥ ૧૭૦ ॥

હવે ગદ્યનું લક્ષણ કહે છે.

**महुरं हेउनिजुत्तं गहियमपायं विरामसंजुत्तं । अपरिमियं चऽवसाणे कव्वं गज्जं ति नायव्वं ।। १७१ ।।**

---

(૧) ગદ્ય = શ્લોક વગરનું (૨) પદ્ય = શ્લોક

(૩) ગેય = ગીત (૪) ચૌર્ણ = અર્થ ઘણો, શ્લોક નાનો હોય

મધુર એટલે સૂત્રને અર્થ એ બન્ને પ્રકારે સાંભળનારને આનંદ આપે તેવું તથા હેતુ વિયુક્ત એટલે ઉત્પત્તિવાળું (ઉપયોગી) ગ્રથિત અનુક્રમે વિષયવાર રચેલું તથા અપાદ તે વિશિષ્ટ છેદની રચના વિનાનું હોવાથી કવિતામાં જેમ ચાર પદ હોય તેમ ન હોય, વિરામ એટલે વિસામો લેવાની રચનાવાળું કેટલાક આચાર્ય એમ કહે છે કે - તે અર્થથી બની શકે પણ સૂત્ર પાઠથી ન બને જેમ કે -

जिणवर पादारविंद संदाणि उरुणिम्मल्ल सहस्स एवमादि असमाणिउं न चिट्ठइत्ति

જિનેશ્વર પાદારવિંદ સંદાનિત ઉરૂનિર્મલ સહસ્રા એ પ્રમાણે સમાપ્ત કર્યા વિના ન બેસે. બીજા આચાર્ય કહે છે કે યતિ વિશેષ સંયુક્ત આ છે. અપરિમિત અને છેડે બૃહત્ ( મોટું ) થાય છે. એમ કેટલાક આચાર્ય કહે છે. ત્યારે બીજા કહે છે કે અપરિમિતજ બૃહત્ ( મોટું ) છે. છેવટે મૃદુ બોલાય છે એમ બાકી જાણવું. કાવ્ય ગદ્ય આ પ્રમાણે જાણવું. ॥ ૧૭૧ ॥

હવે પદ્યનું વર્ણન કરે છે.

पज्जं तु होइ तिविहं, सममद्धसमं च नाम विसमं च । पाएहिं अक्खरेहिं य एव विहिण्णु कई बेंति ।। १७२ ।।

[1]સમ [2]અર્ધ સમ અને [3]વિષમ એમ ત્રણ પ્રકારે કાવ્ય પદ્ય છે.

પ્રશ્ન-તે કોની સાથે સમ ( બરાબર ) છે.

ઉત્તર-પાદ અને અક્ષરો સાથે સમપણું છે, એટલે ચાર પદનો શ્લોક તથા ગુરૂલઘુ અક્ષરની સમાનતા છે. બીજા આચાર્ય આ પ્રમાણે કહે છે કે સમ અને અર્ધ સમ એટલે જેમાં પહેલું, ત્રીજું અને બીજુ ચોથું પદ સમાન હોય અને વિષમમાં બધાં પદોમાં સમાન અક્ષર ન હોય એમ વિધિ જાણનારા એટલે છન્દશાસ્ત્ર ભણેલા કવિઓ કહે છે. ॥ ૧૭૨ ॥

तंतिसमं तालसमं वण्णसमं गहसमं लयसमं च । कव्वं तु होइ गेयं पंचविहं गीयसन्नाए ।। १७३ ।।

[1]તંત્રીસમ, [2]તાલસમ, [3]ગ્રહસમ, [4]વર્ણસમ અને [5]લયસમ, એમ કાવ્ય પાંચ પ્રકારે હોય છે. જે ગવાય તે ગીત, અથવા ગેય તે પૂર્વે કહેલી વિધિ પ્રમાણે પાંચ પ્રકારે ગીતસંજ્ઞા છે. તેમાં પ્રથમ તંત્રીસમ એટલે વિણા વગેરે તંત્રીમાં ગાતાં શબ્દવડે તુલ્ય અને મળેલા હોય છે. એ પ્રમાણે તાલ વિગેરેમાં પણ યોજના કરવી. હવે તાલ એટલે શું ? ઉત્તર-હસ્તગમા (તાલી પાડીને ગાય તે) વર્ણ તે સ્વર સાત લેવા, જેમાં નિષાદ પંચમ વિગેરે છે. અને ગ્રહ એટલે ઉત્ક્ષેપ લેવા, બીજા આચાર્ય કહે છે કે પ્રારંભ રસથી વિશેષ પણ લેવું. લય એટલે તંત્રીસ્વર વિશેષ છે.

तत्थ किल कोणएण तंती छिप्पइ तओ णहेहि अणुमज्जिज्जइ । तत्थ अणारिसो सरो उट्ठेइ सोलयो त्ति ।।

તેમાં કોણ (ખુણે)થી તંત્રી સ્પર્શાય છે. નખથી અનુમૃદાય (દબાય) છે. તેમાંથી બીજા જેવો સ્વર ઊઠે છે, તેને લય કહે છે ॥ ૧૭૩ ॥ હવે ચૌર્ણપદ કહે છે.

अत्थबहुलं महत्थं हेउनिवाओवसग्गगंभीरं । बहुपायमवोच्छिन्नं, गमणयसुद्धं च चुण्णपयं ।। १७४ ।।

नो अवराह पयं गयं

જેમાં અર્થ (વિષય) ઘણો હોય તે અર્થ બહુલ છે. બહુલ સંબંધી શ્લોક.

क्वचित्प्रवृत्तिः क्वचिदप्रवृत्तिः क्वचिद्विभाषा क्वचिदन्यदेव, विधेर्विधानं बहुधा समीक्ष्य चतुर्विधं बाहुलकं वदन्ति ।। १ ।।

કોઈ જગ્યાએ પ્રવૃત્તિ કોઈ જગ્યાએ અપ્રવૃત્તિ કોઈ જગ્યાએ વિભાષા અને કોઈ જગ્યાએ વળી બીજું જ એમ વિધિનું વિધાન ઘણે પ્રકારે દેખીને વિદ્વાન પુરૂષો ચાર પ્રકારનું બાહુલક (બહોળાપણું) કહે છે. તેથી એ પ્રકારે અર્થનું બહુત્વ જાણવું તથા મહાન્ અર્થ તે મહાન્ એટલે પ્રધાન હેય ઉપાદેય પ્રતિપાદકપણે અર્થ જેમાં હોય તે મહાર્થ જાણવો, હેતુ નિપાત ઉપસર્ગ વડે ગંભીર હોય, બીજી રીતે ઉત્પન્ન ન થાય. (તેનાથી જ તે સિદ્ધ થાય) તેને હેતુ કહે છે. જેમકે મારો જ આ ઘોડો છે. કેમ કે આ ચિહ્ન મારાજ ઘોડામાં હતું અને "ચ વા ખલુ" વિગેરે શબ્દ નિપાત ઉપસર્ગો છે. એમના વડે અગાધ હોય બહુપાદ એટલે અપરિમિતપાદ, તથા અવ્યવચ્છિન્ન એટલે શ્લોકની માફક વિરામ રહિત તથા ગમ અને નયવડે શુદ્ધિ હોય છે. છતાં અર્થ જુદો હોય જેમ કે - इह खलु छज्जीवणिया कयरा खलु सा छज्जीवणिया इत्यादि. દશ વૈકાલિક ચોથા અધ્યયનનું આ પહેલું સૂત્ર છે. નૈગમ વિગેરે નયો સાત છે. તે જાણીતા છે. ગમ અને નયથી શુદ્ધ હોય તે જ ચૌર્ણપદ બ્રહ્મચર્ય અધ્યયન પદ માફક છે. ॥ ૧૭૪ ॥ ગ્રથિત કહ્યું પ્રકીર્ણક તો લોકથી જાણવું તે નોઅપરાધ પદ કહ્યું છે હવે અપરાધ પદ કહે છે.

[1]इंदियविसयकसाया, परिसहा वेयणा य उवसग्गा । एए अवराहपया, जत्थ विसीयंति दुम्मेहा ।। १७५ ।।

ઇન્દ્રિયો શરીર નાક વિગેરે વિષયો સ્પર્શ ગંધ વિગેરે પાંચ છે. કષાયો ક્રોધ વિગેરે ચાર છે. તે ઇન્દ્રિયો વિગેરે બધાનો ગાથામાં દ્વંદ્વ સમાસ છે. પરીષહ ભૂખ તરસ વિગેરે બાવીસ છે. અશાતા (રોગ)નું ભોગવવું તે વેદના છે. ઉપસર્ગ દેવતા વિગેરેથી થાય છે. તે લેવા. એ અપરાધ પદો છે. એટલે મોક્ષમાર્ગમાં જનારને અપરાધસ્થાન (વિઘ્નરૂપ) છે.

પ્ર-આ ઇન્દ્રિયોના વિષય આસ્વાદ મળે છતે તેમાં જે ખેદ પામે કે રાગ કરે તે બંધાય કે બધાએ ?

ઉત્તર-બધા નહિ, ફક્ત મંદ બુદ્ધિવાળા બાળકની માફક જે રાગાદિ કરે તે બંધાય છે.

પણ બુદ્ધિમાન પુરુષો તો એ કારણ આવે છતે તેના વડે જ સંસાર કાન્તારથી (રાગ દ્વેષ કર્યા વિના) તરી જાય છે. ॥ ૧૭૫ ॥ પણ ક્ષુલ્લક સમાન તો પગલે પગલે સંકલ્પને વશ થઈ દુઃખ પામે છે.

પ્રશ્ન-તે ક્ષુલ્લક કોણ છે ? ઉત્તર-તેનું કથાનક (કથા) આ પ્રમાણે છે. કોકણ દેશમાં એક વૃદ્ધ પુરૂષે દીકરા સાથે દીક્ષા લીધી. બાપને તે ઘણો પ્યારો હતો તેણે એક દિવસ કહ્યું બાપા ! જોડા વિના ખુલ્લે પગે ચલાતું નથી. બાપે દયા લાવી પગરખાં અપાવ્યાં, ફરી બોલ્યો ઉપરનાં તળીઆં ઠંડીથી પીડાય છે ત્યારે મોજાં અપાવ્યાં, માથું બળે છે ત્યારે બાપે માથે ઓઢવા કપડું અપાવ્યું. પછી છોકરો બોલ્યો હું ગોચરીમાં ચાલવા અશક્ત છું તેથી બાપે ઉપાશ્રયમાં ગોચરી લાવી આપી પછી જમીનમાં ન સૂવાનું બહાનું કાઢવાથી બાપે પાટ ઉપર સૂવાની રજા આપી પછી લોચની ના પાડી. બાપે અસ્ત્રા

(૧) તુલના કરો. ગીતા. અ. ૨ શ્લો. ૭૧

વડે માથું મૂંડાવા દીધું. પછી નાહવાનું માગ્યું બાપે અચિત્ત પાણીએ નાહવા દીધો પછી આચાર્યના પ્રાયોગ્ય વસ્ત્ર યુગલ (બે વસ્ત્ર) લીધાં. એમ છોકરાએ સાધુપણાને અનુચિત જે જે માગ્યું તે બાપે મોહદશાને વશ થઈ આપ્યાં તેથી તે દુષ્ટે દુરાચારની આજ્ઞા માગી બાપે તેથી અંતિમ અધમ દશા દેખી કાઢી મૂક્યો. તેથી તે ક્ષણ સંખડી (ઉત્સવનું જમણ)માં ઘણું ખાઈ અજીર્ણથી મુઓ વિષય વાંછાથી પીડાઈને મરીને પાડો થયો અને ભાર વહન કરે છે. વૃદ્ધ બાપ ચારિત્ર પાળીને આયુ ક્ષયે મરી દેવતા થયો. અવધિજ્ઞાને પોતાના બેટાંને પાડો થઈ ગયેલ જોઈ સ્નેહનાવશે દેવતાએ તેના માલિક પાસે વેચાતો લીધો અને ગાડી બનાવી તેમાં જોડ્યો. દેવતા તેને ગુરુનારૂપે દોડાવે છે. દેવતાના વધારે બોઝાથી ખેંચવાને અશક્ત થયેલા પાડાને દેવતાએ તોત્રક (પરોણીની આર) વડે વેધીને (ઘોંચીને) કહ્યું કે હે વૃદ્ધ ! હું ભિક્ષા લેવા જવાને શક્તિમાન નથી, એ પ્રમાણે ભૂમિમાં શયન કરવા અશક્ત છું, લોચ કરવા અસમર્થ છું એ પ્રમાણે પહેલાં કહેલાં બધાં વચન તેને સંભળાવ્યાં. છેવટે હે વૃદ્ધ ! દુરાચાર વિના રહેવા અસમર્થ છું તે પણ સંભળાવ્યું એ પ્રમાણે દેવતાએ સંભળાવતાં પાડાનાં ચિત્તમાં આ પ્રમાણે ઉત્પન્ન થયું કે આવું વચન પૂર્વે મેં ક્યાંય સાંભળ્યું છે ? એમ ઇહા અપોહ માર્ગણ ગવેષણ કરવા લાગ્યો. એ પ્રમાણે તેને એકાગ્ર ચિત્તથી જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. દેવતાએ અવધિજ્ઞાનવડે તેને પ્રતિબોધ કરતાં તેને શાંતિ થઈ અને અનશન કરી દેવલોકમાં ગયો. આ પ્રમાણે જ પેલો ન્હાનો સાધુ પગલે પગલે વિષય વાંછનામાં ગૃદ્ધ થતાં દુ:ખી થયો અને નવી નવી કલ્પનાને વશ થયો. છેવટે તિર્યંચપણું પામ્યો જેથી આ દોષ છે માટે અઢાર હજાર શીલાંગના સ્મરણ માટે આ અપરાધ પદોને મુનિ હોય તે વર્જે.

**अट्ठारस उ सहस्सा, सीलंगाणं जिणेहिं पन्नत्ता । तेसिं पडि (रि)रक्खणट्ठा,अवराहपए उ वज्जेज्जा ।। १७६ ।।**

અઢાર હજાર શીલાંગો છે. તે શીલ તે ભાવ સમાધિ અને અંગના તે ભેદો છે. તેના અઢાર હજાર ભેદો જિનેશ્વરે કહેલા છે. તે શીલાંગના રક્ષણ માટે પૂર્વ બતાવેલા અપરાધ પદોને વર્જે. હવે તે અઢાર હજાર ભેદ બતાવનારી ગાથા કહે છે. ॥ ૧૭૬ ॥

**जोए करणे सन्ना, इंदिय भोमाइ समणधम्मे य । सीलंग सहस्साणं, अट्ठारसगस्स निप्फत्ती ।। १७७ ।।**

**सामण पुव्वयनिज्जुत्ति समत्ता**

મન વચન કાયાના વ્યાપાર એ ત્રણ જોગ છે. કરવું, કરાવવું, અનુમોદવું એ ત્રણ કરણ છે. આહાર, ભય, મૈથુન, પરિગ્રહ એ ચાર સંજ્ઞાઓ છે. કાન, આંખ, નાક, જીભ, શરીર પાંચ ઇંદ્રિયો છે. પૃથિવી, અપ્, તેજ, વાયુ વનસ્પતિ એ પાંચ એકેન્દ્રિય અને પાંચમો અજીવ નિકાય એ દશ ભેદે છે. તથા દશ પ્રકારનો યતિ ધર્મ છે તે આ પ્રમાણે.

ક્ષમા, મુક્તિ, આર્જવ, માર્દવ, લાઘવ, સત્ય, તપ, સંયમ, અકિંચનતા, બ્રહ્મચર્ય વાસ એ સ્થાન પ્રરૂપણા છે. હવે આ પ્રમાણે અઢાર હજાર શીલાંગની યોજના કરવી. (૧) હું કાયથી, આહાર સંજ્ઞાથી પ્રતિ, વિરત (વિરક્ત) થયેલો, કર્ણ ઇન્દ્રિયને સંવર કરેલો, પૃથિવી કાય સમારંભથી વિરત થયેલો ક્ષાંતિ ગુણથી યુક્ત વિષય વાંછા નહિ કરૂં આ પ્રથમ ગમ જાણવો. (૨) હવે બીજો ગમ કહે છે. ઉપર પ્રમાણે બધું બોલવું છેવટે મુક્તિ (લોભત્યાગ) ગુણયુક્ત છે. એ પ્રમાણે યતિ ધર્મના દશ ભાંગા સાથે ગુણતાં ૧૦) ભાંગા થયા. એ પ્રમાણે પૃથિવી અપ્ વિગેરે ૧૦ દશ ભાંગા સાથે

ગુણતા કુલ ૧૦૦ ભાંગા થાય. આ શ્રોત્ર ઇંદ્રિયના ૧૦૦ તેવા પાંચેના ગુણતાં ૫૦૦ થયા. જેમ આંહાર સંજ્ઞાના આ ૫૦૦ ભાંગા થયા તેમ ૪ સંજ્ઞાના લેતાં ૨૦૦૦ ભાંગા થયા. તે ન કરૂં આ કરણના છે. તેમ ત્રણ કરણના ગુણતાં ૬૦૦૦ થાય. આ કાય યોગના ૬૦૦૦ થયા તે ત્રણ યોગના ગુણતાં ૧૮૦૦૦ શીલાંગના ભંગની ઊત્પત્તિ થાય ॥ ફક્ત આ સૂત્રમાં બતાવેલો શ્રામણ્ય (સાધુપણું) ન પાળે તે અશ્રમણજ નહિ. પણ આજીવિકાને માટે (ફક્ત ખાવા વિગેરે માટે) દીક્ષા લીધેલો (તે ચીજના અભાવે) પાછો સંક્લિષ્ટ ચિત્તવાળો બની દ્રવ્ય ક્રિયા (બહારથી સાધુપણાની ક્રિયા પ્રતિ લેખના વિગેરે) કરે તો પણ એ અત્યાગી જ છે.[1]

શા માટે ?

ઉત્તર સૂત્રકારે આપે છે.

**वत्थगंधमलंकारं, इत्थीओ सयणाणि य ।**

**अच्छंदा जे न भुंजंति, नसे चाइ त्ति वुच्चइ ।।** (सू० २)

ચીનાંશુ (ઉંચી જાતનાં) વસ્ત્ર, ગંધ તે અનેક પ્રકારની કોષ્ટ પુષ્ટ ઉંચી જાતનાં અત્તર) વિગેરે; અલંકાર તે દાગીના (કડાં વિગેરે) અલંકાર (અનુસ્વાર વાક્યની શોભા માટે છે) સ્ત્રીઓ પદમણી વિગેરે અનેક પ્રકારની છે; શયન તે શય્યા વિગેરે છે. મૂળમાં ચ શબ્દથી તેને લગતાં ન કહેલાં એવાં આસન વિગેરે જાણવાં, તે પરવશ થઈને ન ભોગવે, તો તેને ત્યાગી તેટલાથી ન કહેવો

સૂત્રમાં બહુવચન છતાં તેનો સંબંધાર્થ એક વચનમાં કેમ લીધો ?

ઉત્તર-સૂત્રોની રચના વિચિત્ર પ્રકારની છે, તથા માગધીનો સંસ્કૃતમાં વિપર્યય પણ થાય છે, તે બતાવવા માટે આમ કર્યું છે. આ બીજી ગાથામાં એમ બતાવ્યું કે, પરવશ થઈને ઉપરથી ત્યાગી પણ અંદરથી વિષયોનો રાગી થાય, તો તેને સુબંધુની માફક સાધુ ન કહેવો. હવે સુબંધુ કોણ છે. એ પ્રશ્નનો ઉત્તર આપવા સુબંધુની કથા કહે છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| [1]કરણ ૬૦૦૦ | કરાવણ ૬૦૦૦ | અનુમોદન ૬૦૦૦ | અઢાર હજાર શીલાંગના ધારણ કરનાર. | | | | | | |
| મન ૨૦૦૦ | વચન ૨૦૦૦ | કાયા ૨૦૦૦ | | | | | | | |
| આહાર સંજ્ઞા ૫૦૦ | ભય ૫૦૦ | મૈથુન ૫૦૦ | પરિગ્રહ ૫૦૦ | | | | | | |
| શ્રોતેન્દ્રિય ૧૦૦ | ચક્ષુ ૧૦૦ | ઘ્રાણ ૧૦૦ | રસ ૧૦૦ | સ્પર્શ ૧૦૦ | | | | | |
| પૃથ્વી ૧૦ | અપ્ ૧૦ | તેઉ. ૧૦ | વાયુ ૧૦ | વનસ્પતિ ૧૦ | બેઇન્દ્રિય ૧૦ | તેઇન્દ્રિય ૧૦ | ચોરેન્દ્રિય ૧૦ | પંચેન્દ્રિય ૧૦ | અજીવ ૧૦ |
| ક્ષાન્ત ૧ | મુક્તિ ૨ | આર્જવ ૩ | માર્દવ ૪ | લાઘવ ૫ | સત્ય ૬ | સંયમ ૭ | તપ ૮ | ત્યાગ ૯ | અકિંચન ૧૦ |

જ્યારે ચંદ્રગુપ્તે નંદને કાઢી મૂક્યો, ત્યારે તેની પુત્રિએ ચંદ્રગુપ્ત તરફ સ્નેહ દ્દષ્ટિ કરી. આ બધું કથાનક આવશ્યક સૂત્રથી જાણવું. તેમાં છેવટે બિંદુસાર રાજા થયો, નંદ સંબંધી અમાત્ય સુબંધુ હતો, તે ચાણક્ય ઉપર દ્વેષ કરતો હતો,

છિદ્રો શોધતો હતો, એક વખત સુબંધુએ લાગ જોઈ ચંદ્રગુપ્તને કહ્યું કે, તમે અમને ધન નથી આપતા, તો પણ (પરોપકાર માટે)અમારે ખરૂં હિત કહેવું જોઈએ. જુઓ તમારી માને ચાણક્યે મારી નાંખી છે. રાજાએ ધાવ માતાને તે પૂછ્યું. તેણે કબૂલ કર્યું. પણ શા માટે મારી તે તેને ન પૂછ્યું. તે વખતે કોઈ પણ કારણે ચાણક્ય રાજા પાસે આવ્યો, અને સ્નેહ દ્દષ્ટિથી ન જોયું, તે વખતે ચાણક્ય સમજી ગયો કે, રાજા કોપ્યો છે. મારૂં મરણ આવ્યું છે. એમ વિચારી પુત્ર પૌત્રાદિને ધન આપી દીધું. અને તેમના રક્ષણાર્થે ગુપ્ત સ્થાનમાં સંતાડી દીધાં. અને (ગંધ સંયોજ્યા) પત્ર લખ્યો. તે પણ દાબડામાં મૂક્યો, તે દાબડો એક પછી એક એમ ચાર પેટીમાં મૂક્યો. તેને પાછો સુગંધવાળા ઓરડામાં મૂક્યો. અને ઘણી ખીલીઓ વડે જડીને પોતાનું જે કંઈ દ્રવ્ય વસ્તુ વિગેરે હતું, તે જાતવાળાને આપી, તથા ધર્મમાં વાપરીને જંગલમાં ગાયોના સ્થાન (ગોકુળ)માં ઇંગીની (અનશન) મરણથી મરવા ગયો. રાજાએ ધાત્રીને પૂછ્યું કે, ચાણક્ય શું કરે છે ? તેણીએ બધું કહી સંભળાવ્યું. તેનો પરમાર્થ વિચારી રાજાએ કહ્યું કે, અહો મેં ઘણું ખરાબ કર્યું. તેને પાછો મનાવી લાવવા રાણીઓ અને પરિવાર સેના વિગેરે બધાંને સાથે લઈ ગયો. રાજાએ તેને કરીષ (છાણ વગેરે) મધ્યે બેઠેલો જોયો. ત્યાં જઈ તેની પાસે ક્ષમા માગી. અને નગરમાં આવવા વિજ્ઞપ્તિ કરી. ચાણક્યે કહ્યું, મેં બધું ત્યાગ્યું છે. માટે નહીં આવું. ત્યારે લાગ જોઈ સુબંધુએ રાજાને પ્રાર્થના કરી કે, મને આજ્ઞા આપો તો હું તેની પૂજા કરૂં. રાજાએ (ભોળા ભાવથી) હા પાડી. તેથી ધૂપ સળગાવી તેના એક ભાગમાં કરીષ (છાણાં) ઉપર અંગારો ફેંક્યો. તેથી સૂકાયેલાં છાણાં બળવા માંડ્યા. અને ચાણક્ય પણ બળી મુઓ. પછી રાજા તથા સુબંધુ વિગેરે નગરમાં આવ્યા. અને સુબંધુએ લાગ જોઈ રાજાને પ્રસન્ન કરી ચાણક્યનું ઘર તથા તેમાંની વસ્તુ માગી લીધી. પછી ઘર જોયું. ઓરડો જોયો. કમાડ ઉઘાડ્યાં. પેટી જોઈ, છેવટે તોડીફોડીને દાબડો પણ જોયો. તે અંદરથી મઘમઘાયમાન થતી સુગંધિવાળો પત્ર જોયો. અને વાંચવા માંડ્યો, તેમાં લખ્યું હતું કે, જેઓ આ સુગંધિ ચૂર્ણને સૂંઘે, પછી તે જો સ્નાન કરે, ચંદન અંગે લગાવે, અથવા શણગારે પછી ઠંડુ પાણી પીએ, ને મોટી શય્યામાં સુએ, યાન વડે જાય. અથવા ગંધર્વ (દેવગાયન) ને સાંભળે, અથવા બીજા ઇષ્ટ (ઇચ્છિત) વિષયોને મેળવે, અને પછી જેમ સાધુઓ (સમાધિમાં) રહે, તેમ તે પણ ન રહે, તો મરી જાય. આ બધું વાંચીને ઉત્કંઠિત બની, તેણે જાણવા માટે સુગંધિ એક વ્યક્તિને સૂંઘાવીને પરીક્ષા કરી તો તે મરણ પામ્યો. તેથી જીવિતાર્થી સુબંધુ સમાધિમાં બેઠો, પણ ખરી રીતે સાધુ માફક સમાધિમાં બેઠો નહોતો. તેજ પ્રમાણે વિષય લોલૂપી સાધુ સાધુપણાનો વેષ પહેરી ક્રિયામાં રહે, પણ અંતરંગ શ્રદ્ધા વિના સાધુ ન કહેવાય. તેથી ત્યાગી પણ નહીં. કારણ કે સાધુના કહેવાતા ગુણોવાળો તે નથી. હવે સાધુ કોને કહેવો તે કહે છે. (સૂત્ર. ૨)

**जे य कंते पिए भोए, लद्धे विपिट्ठि कुव्वई ।**
**साहीणे चयई भोए से हु चाइ त्ति वुच्चई ।। ३ ।।**

જે માણસ મનોહર વ્હાલા શબ્દાદિ વિષયોને પામીને શુભ પરિણામથી પોતાના તાબાના ભોગોનો ત્યાગ કરે છે તેને નિયમા ત્યાગી કહેવો.

ચ શબ્દનો અર્થ અવધારણ માટે છે. તેથી એમ અર્થ લેવો કે, જે કંત (મનોહર) ભોગોને ત્યાગે, પણ તે ભોગો પ્રિય પણ હોવા જોઈએ, કારણ કે કોઈ નિમિત્તિને લઈને કાંત (મનોહર) ભોગ પણ અપ્રિય હોય. જેમ કે કહ્યું છે કે -

'चउहिं ठाणेहिं संते, गुणे नासेज्जा तं जहा 'रोसेणं पडिनिवेसेणं, अकयण्णुयाए मिच्छत्ताभिनिवेसेणं

ચાર સ્થાનમાં (ઠેકાણે) સ્વાદિષ્ટ ભોગનો પણ આનંદ ન આવે. પ્રતિનિવેશ (શત્રુના ઘરમાં) તથા અકૃતજ્ઞપણે (ગુણ ભૂલીને અપમાન કરી આપે) મિથ્યાત્વના અભિનિવેશથી અથવા ક્રોધીને ગુરુ ઉપદેશ આપે, તો ન રુચે અથવા મિથ્યાત્વથી હઠી હોય તો આચાર્યનું હિતકર વચન પણ ન રુચે, તેથી સૂત્રકારે કાન્તની સાથે પ્રિય વિશેષણ મુક્યું. એટલે કાન્તપ્રિય એવા ભોગ (વિષયો) પુણ્યયોગે પ્રાપ્ત થયા છતાં તેની તરફ પીઠ કરે. અર્થાત્ તેને ત્યજી દે તે સમયે પોતે બંધનથી બંધાયેલો ન હોય. તેમ પ્રોષિત (વિયોગી) ન હોય, પણ સ્વાધીન છે, પોતાના વશમાં છે. આ પ્રમાણે કાન્તપ્રિય વિદ્યમાન પોતાને સ્વાધીન હોય, તે ભોગોને ત્યાગે તેને સાધુ કહેવો. વારે વારે ત્યાગ શબ્દ લેવાનું કારણ એ છે કે, તેથી ત્યાગ પરિણામની વૃદ્ધિ થાય, તથા ભોગી બીજી વખત લેવાનું કારણ સંપૂર્ણ ભોગ સમજવા. અથવા ત્યજેલા ભોગ ફરી ઉપનત (કારણ) ન થાય તે બતાવવા માટે છે, તેથી એમ સમજવું કે, જેને આવી રીતે, ભોગોની પ્રાપ્તિ થાય, છતાં ત્યાગે, તે નિશ્ચે સાધુ. ભરત ચક્રવર્તી વિગેરે સમાન જાણવો.[A]

પ્રશ્ન-જો ભરત તથા જંબૂ વિગેરે છતા ભોગોને ત્યાગે, તેને સાધુ કહેવા. તે તમારા બોલવામાં આ દોષ લાગુ પડશે ? કે જે અર્થ સારહીન (ભિખારી વિગેરેએ) દીક્ષા લીધી હોય અને ભાવથી અહિંસાદિ સાધુપણામાં પ્રયત્ન કરતો હોય, છતાં શું તે અપરિત્યાગી (અસાધુ) કહેવા ?

આચાર્યનો ઉત્તર-તે ભિખારીઓએ પણ ત્રણ પ્રકારે રત્નકોટી છોડીને દીક્ષા લીધી છે તે આ છે. અગ્નિ, પાણી અને સ્ત્રી, એ ત્રણ રત્ન લોકમાં સારભૂત છે. તે ત્યજેલ છે. તેનું દૃષ્ટાંત આ પ્રમાણે છે. એક કઠીયારે શ્રી સુધર્માસ્વામી પાસે દીક્ષા લીધી. અને પછી તે ગોચરી ગયો, ત્યારે લોકો કહેવા લાગ્યા કે, આ રંક કઠિયારે દીક્ષા લીધી છે. તે બાળક બુદ્ધિથી આચાર્યને કહેવા લાગ્યો કે, મને અહિંથી બીજે લઈ જાઓ. અહિં લોકો ચીડવે, તે મારાથી સહન થતું નથી. સમય પ્રમાણે અભયકુમાર વાંદવા આવતાં, આચાર્યે કહ્યું કે, અમે વિહાર કરીશું. અભયકુમારે કહ્યું કે, મહારાજ કેમ ? ક્ષેત્ર માસ કલ્પને યોગ્ય નથી / કે માસ પુરો થયા વિના અકાલે વિહાર કરો છો ? આચાર્યે ખરૂં કહ્યું. અભયકુમારે કહ્યું કે હું તે લોકોને સમજાવી બોલતાં બંધ કરીશ. તેથી આચાર્ય ત્યાં રહ્યા.

(૧) સ્થાનાંગ - ૪/૪/૬૨૧

ચાર કારણથી માણસ બીજાના ગુણોનો વિનાશ કરે છે. (૧) ક્રોધ (૨) પ્રતિનિવેશ - બીજાની પૂજા પ્રતિષ્ઠાની અદેખાઈથી (૩) અકૃતજ્ઞતાથી (૪) મિથ્યાભિનિવેશ (દુરાગ્રહ)થી

૧. 'कोहेण', इति स्थानाङ्गे (A) ભગવતી ૭/૭(અ) નંદિ ૨૭/ગા. ૭૮.

બીજે દિવસે ત્રણ રત્નકોટી સ્થાપી અને નગરમાં દાંડી પીટાવી કે, અભયકુમાર દાન આપે છે, લોકો આવ્યા, પછી અભયે કહ્યું, હું આ રત્નોની કોટી જે કોઈ અગ્નિ, કાચું પાણી અને સ્ત્રીને સર્વથા ત્યજે, તેને આપી દેવા તૈયાર છું. લોકોએ પૂછ્યું કે, આ ત્રણને ત્યાગ્યા પછી આ ત્રણ કોટીને લઈને શું કરવું / ત્યારે અભયે કહ્યું કે, શા માટે કઠીયારાને તમે રંક કહો છો ? જો કે ધનવિના તેણે દીક્ષા લીધી, તેથી તેણે આ ત્રણ રત્નકોટી ત્યાગી છે. લોકોએ કહ્યું કે, હે સ્વામી ! સત્ય છે. અમારી ખાત્રી થઈ છે કે, અર્થ વિનાનો રંક હોય, તો પણ સંયમમાં રહ્યો હોય તો તેણે લોકમાં સારભૂત અગ્નિ, ઉદક અને મહિલાને ત્યાગવાથી ત્યાગી ગણાય. પ્રસંગને અનુસરતું આ દૃષ્ટાંત કહ્યું સૂત્રાર્થ ॥ ૩ ॥

**समाए पेहाए परिव्वयंतो, सिया मणो निस्सरई बहिद्धा ।**

**न सा महं नो वि अहं पि तीसे, इच्चेव ताओ विणएज्ज रागं ॥ ४ ॥**

એ પ્રમાણે તે ત્યાગી આત્મા તથા પરને સમપણે દેખે, તે સમ તથા જેના વડે દેખાય તે પ્રેક્ષ(દૃષ્ટિ) તે વડે બધાને સમપણે દેખતો ચાલે, એટલે ગુરુના ઉપદેશથી સંયમમાં વર્તે તેવાને પણ કર્મની ગતિ બળવાન હોવાથી કદાચિત્ મન બહાર જાય, (કુવિકલ્પ થાય) એટલે ભોગ ભોગવવાને તેનું સ્મરણ થાય, અને વિના ભોગવેલાને કદાચિત્ કુતૂહલથી મન ચલાયમાન થાય, એટલે તે સંયમ વ્યાપારથી બહાર નિકળ્યો કહેવાય, તેનું દૃષ્ટાંત.

જેમ કે એક રાજપુત્ર બહાર સભા મંડપમાં રમતો હતો. ત્યાં પાણીનો ઘડો લઈ દાસી નીકળી, રાજકુમારે તેનો ઘડો કાંકરાથી ફોડ્યો, તેથી તે દાસીને રોતી દેખીને તેણે પુનરાવૃત્તિ કરી (બીજો કાંકરો ફેંક્યો) તેથી તે દાસીએ વિચાર્યું કે જે રક્ષક હોય, તે જ જો લુંટારો થાય, તો પોકાર ક્યાં કરવો ? પાણીમાંથી અગ્નિ પ્રગટે, તો કેવી રીતે બુઝાવવો. તેથી તે દાસીએ સમયસૂચકતા વડે માટીના કઠણ લોંદાએ શીઘ્રપણે તે જ સમયે કાણું ઢાંકી દીધું. અને ચાલતી થઈ. તે પ્રમાણે કદી સાધુનું મન બહાર નીકળે, તો તે બાઈની માફક સાધુએ પ્રશસ્ત પરિણામવડે અસત્ સંકલ્પ રૂપ છિદ્રને ચારિત્ર રૂપ જલના રક્ષણ માટે ઢાંકી દેવું. કયા આલંબનથી ? તેનો ઉત્તર-જે સ્ત્રીની સુંદરતાથી મોહ ઉત્પન્ન થયો હોય, તેના સંબંધી તેમ ચિંતવવું કે હું તેનો નથી, અને તે મારી નથી, કારણ કે-દરેક પ્રાણી પોતાના કર્મ ફલોને ભોગવે છે. તેથી તે દરેક જુદા છે. એમ ચિંતવીને પોતે તે સ્ત્રી ઉપરનો પ્રેમ દૂર કરે, તત્ત્વદર્શી હોય, તે પરમાર્થ સમજીને પાપથી પાછા હઠે છે. રાગ કરવો એ અતત્ત્વદર્શીનું કામ છે. હવે હું તેનો નથી, તે મારી નથી, એ સંબંધી એક દૃષ્ટાંત છે.

એક વાણીઆનો છોકરો હતો, તેણે સ્ત્રીને ત્યજી, અને સાધુ થયો. પછી તે સૂત્ર પાઠ જોરથી ગોખે છે. અને આ પ્રમાણે બોલે છે. તે મારી નથી, હું તેનો નથી, પછી તે એક વખત વિચારવા લાગ્યો કે, તે મારી, અને હું તેનો, તે મારા ઉપર રાગવાળી હતી, માટે હું તેને શા માટે છોડું ? તેથી તે પોતાના સાધુવેશમાં ઉપકરણ સહિત જ ઘેર જવા નીકળ્યો.

જે ગામમાં પોતાની સ્ત્રી હતી, ત્યાં ગયો. અને તળાવ કિનારે ઊભો. તેવામાં સ્ત્રી પાણી માટે આવી. તે ધણીના ગયા પછી પતિના ચારિત્રથી શ્રાવિકા બની, અને દીક્ષા લેવા ઇચ્છતી હતી. તે સ્ત્રીએ પતિને ઓળખ્યો, પણ સાધુએ તેને ઓળખી નહીં. તેથી તેણે પૂછ્યું, કે, અમુક ગૃહસ્થની દીકરી

જેનો પતિ સાધુ થયો, તે જીવે છે કે નહીં ? જો જીવતી હોય તો, સાધુવેશ મૂકી દઉં, નહિ તો નહિ મૂકું. સ્ત્રીને વૈરાગ્ય રમેલો હોવાથી વિચાર્યું કે, જો તે દીક્ષા મુકશે, તો બન્ને જણાં સંસારમાં ભમીશું. તેથી તે બોલી કે તે તો બીજા સાથે ગઈ. ત્યારે સાધુએ વિચાર્યું કે, ભગવંતે તથા સાધુએ કહેલ છે, તે સત્ય જ છે. કે હું તેનો નથી, તે મારી નથી, એમ પરમ સંવેગને પ્રાપ્ત થયો. અને બોલ્યો કે હું પાછો ફરૂં છું. પછી સ્ત્રીએ વૈરાગ્યમાં પતિત જાણીને શીખામણ આપી કે -

**अणिच्चं जीवियं काम भोगा इत्तरिया**

[A]જીવિત અનિત્ય છે. અને કામ ભોગ ઇત્વર (નાશ થનારા) છે. એ પ્રમાણે સ્ત્રીએ તેને કેવળીએ કહેલો જૈન ધર્મ કહ્યો. ત્યારે પુરુષનું મન બરોબર સ્થિર થયું. તેમ સ્ત્રીએ ખરૂં સ્વરૂપ પણ કહ્યું. તેથી તે સાધુ આચાર્ય પાસે ફરીથી જઈને સ્થિર થયો. તેવી રીતે બીજા સાધુએ પણ તેવે વખતે આત્માને સ્થિર રાખવો. ॥ સૂત્રાર્થ ૪ ॥

એ પ્રમાણે અંદરનો મન મારવાનો વિધિ કહ્યો. પણ તે બાહ્યવિધિ કર્યા વિના મોહ ત્યાગવો શક્ય નથી. માટે તેનું વિધાન બતાવે છે.

**आयावयाहि चय सोगु(ग)मल्लं, कामे कमाही कमियं खु दुक्खं ।**

**छिंदाहि दोसं विणएज्ज रागं, एवं सुही होहिसि संपराए ।। ५ ।।**

[१]સંયમ ઘરમાંથી મન ન નીકળે, માટે ગુરુ કહે છે. હે શિષ્ય ! તું આતાપના કર, એક વાતથી તેની જાતના બીજા પણ લેવાય, તે પ્રમાણે લેતાં કહેવાય છે કે, બાહ્ય તપ અનશન, ઉણોદરી વિગેરે કર અને પૂર્વના પદ વડે, તથા શરીરથી ઉત્પન્ન થતા દોષ દૂર કરવા કહ્યું છે. વળી સુકુમારપણું ત્યજ, એ વચન વડે, તથા સ્ત્રી પુરૂષ બન્ને વડે, થતા દોષનો પરિહાર કર્યો. કારણ કે સુકુમારતાથી પોતાને કામ ઇચ્છા થાય છે. અને તેનું સુંદર રૂપ દેખીને સ્ત્રીઓ પ્રાર્થના કરે છે. એ પ્રમાણે ઉપરના બે ઉપાય વડે પૂર્વે કહેલા કામ (દુષ્ટ ઇચ્છા) ને દૂર કર. કારણ કે તેને, ઉલ્લંઘવાથી ઉલ્લંઘવા જેટલું જ દુઃખ પડશે. કારણ કે કામનું દુઃખ સાથે જોડાણ છે. (ખુ શબ્દ નિશ્ચય માટે છે.) હવે અંતર કામ ઉલ્લંઘવાની વિધિ કહે છે. સમ્યગ્જ્ઞાનના બલ વડે પરિણામે કડવાં દુઃખ ભોગવવાં પડશે. તે વિચારવા [B]વડે તું દ્વેષને છેદ, રાગ કાઢ, ક્યાં રાગ દ્વેષ ન કરવો ? કામમાં એટલે પાંચ ઇન્દ્રિયોના વિષયો તેજ કામ છે. એમ રાગદ્વેષ ત્યજવાથી શું લાભ ? તેથી તને સુખ પ્રાપ્ત થશે. ક્યાં ? સંસારમાં. એટલે એમ સમજવું કે જ્યાં સુધી તને મોક્ષ નહીં મળે, ત્યાં સુધી સંસારમાં પણ સમાધિથી સુખે રહી શકીશ. સંપરાયનો સંસાર અર્થ ન લેતાં બીજા આચાર્ય 'પરીષહ ઉપસર્ગની સાથે સંગ્રામ' અર્થ કરે છે. આ પ્રસંગે દૃષ્ટાંત સાથે ઉપદેશ કર્યો. ॥ સૂત્રાર્થ ૫ ॥

વળી સંયમ ઘરમાંથી મન ન નીકળે, માટે ચિંતવે -

A મોહત્યાગાષ્ટકમ્ માં. (તુલના કરો)

A તુલના કરો - ભગવત ગીતા અ. ૨ શ્લો. ૭૦ શ્લો. ૫૫/૬૫.

૧. સ્થાનાંગ - ૪/૪/૫૮૧

**पक्खंदे जलियं जोइं, धूमकेउं दुरासयं ।**

**नेच्छन्ति वंतयं भोत्तुं, कुले जाया अगंधणे ।। ६ ।।**

**'प्रस्कंदति'** એટલે વિચારે છે કે આ બળતી જ્વાળાની જ્યોત છે. તે ધુમાડાથી પ્રત્યક્ષ છે. પણ ઉલ્કાપાત જેવી અગ્નિ નથી. અને 'દુરાસદ' દુઃખથી તેમાં પડાય તેવું છે. મૂળમાં 'ચ' શબ્દ લેવાયો છે. એથી એમ સમજવું કે આ બળતી પ્રત્યક્ષ અગ્નિમાં પડવું, દુઃખદાયી છે. છતાં તે સ્વીકારીને પણ વમેલા ઝેરને પાછું પીવા અગંધન કુલમાં ઉત્પન્ન થયેલા સાપો ઇચ્છતા નથી. કારણ કે નાગના બે ભેદ છે. ગંધન, અને અગંધન, તેમાં ગંધન કોઈને કરડ્યો હોય, તો મંત્રવાદી મંત્ર વડે બોલાવે, તો ગંધન જાતીનો સાપ તેના મંત્રથી ડરીને ઝેર પી જાય. (સાપથી કરડાયેલો સાજો થાય પણ) અગંધન બળી મરે પણ ઝેર ન પીએ. આનું ઉદાહરણ આ જ સૂત્રના પહેલા અધ્યયનમાં नि.गा. ૫૬માં છે. આનો ઉપસંહાર આ પ્રમાણે ભાવવો, કે જ્યારે તિર્યંચ સાપ જેવા પણ પોતાના કુળના અભિમાનથી જીવિત ત્યાગ કરે, પણ વમેલા ઝેરને પાછું પીતા નથી, તો હું જિન વચનને જાણનારો વિષમ વિપાકના દારુણ ફળને જાણનારો કેવી રીતે ભોગની વાંછા કરૂં ? ।। સૂત્રાર્થ ।।

આ જ બાબતમાં બીજું ઉદાહરણ કહે છે.

જ્યારે અરિષ્ટનેમિ પ્રભુએ દીક્ષા લીધી, ત્યારે રાજીમતી ઉપર તેમના નાનાભાઈ રહનેમીએ પરણવાની મરજી જણાવી. પણ રાજીમતીએ નેમિનાથની દીક્ષા લીધા પછી વૈરાગ્યદશાવાળી હતી. તેથી તે જાણીને એક વખત મધ ઘી સાથે પેયી (રાબડી) પીધી. રહનેમિ આવ્યો, ત્યારે રાજીમતીએ મિઢળનું ચૂર્ણ ફાકી વમન કર્યું. પેલી પેયા પાછી નીકળી તે સમયે આવેલા રહનેમિને બતાવી કહ્યું, કે આ પી. તેણે કહ્યું, તારૂં વમન કરેલું કેવી રીતે પીવાય ? તેથી રહનેમિને રાજીમતીએ કહ્યું, કે તમારા ભાઈએ ત્યજેલી મને તું કેમ ચાહે છે ? ઉપર કહેલ વિષય સંબંધી જ સૂત્ર કહે છે.

**धिरत्थु ते जसोकामी, जो तं जीवियकारणा ।**

**वंतं इच्छसि आवेउं, सेयं ते मरणं भवे ।। ७ ।।**

રાજીમતીએ કહ્યું કે તારા પુરૂષાર્થને ધિક્કાર હો ! હે યશના કામી (હે ક્ષત્રિયપુત્ર ! અસૂયાના અર્થમાં ઉલટું કહેવાય છે. તેથી અર્થ એમ લેવો કે અપયશના અધિકારી ક્ષત્રિયપુત્ર તને ધિક્કાર હો !) અથવા અયશઃ કામી એવું સૂત્ર લઈએ તો પણ તે જ અર્થ થાય છે.

પ્ર.-શા માટે ધિક્કાર કહ્યો.

ઉત્તર-તું સંસાર ભોગવવાની વાંછા કરે છે તેને માટે; અસંયમી થઈને જીવવા ઇચ્છનારો, મને નેમનાથે ત્યાગેલીને વમેલા ભોજન માફક ગ્રહણ કરવા (પીવા) ઇચ્છે છે, આ કારણથી તારે જીવવા કરતાં મર્યાદા ઉલ્લંઘવાથી મરવું બહેતર છે. આ પાપ કરવું સારૂં નથી, (આ ઠપકાના રૂપમાં વચન છે) સૂત્રાર્થ-તેથી રાજીમતીએ તેને સમજાવ્યો, પછી તેણે દીક્ષા લીધી અને રાજીમતીએ પણ દીક્ષા લીધી.

ત્યારપછી નેમિનાથની આજ્ઞા લઈ, કોઈ વખત રથનેમિ ભિક્ષા લેવા દ્વારકા આવ્યા. ત્યાંથી ગોચરી લઈ પાછા ગિરનાર ઉપર નેમિનાથ પાસે આવતાં વરસાદ પડવાથી કંટાળી એક ગુફામાં પેઠા. કર્મ સંજોગે રાજીમતી નેમીનાથને વાંદવા ગયેલી, તે ઉપાશ્રયે પાછી આવતાં વરસાદ પડવાથી ભીંજાતાં તે ગુફામાં આવી અને ભીંજાયલાં કપડાં ખુલ્લાં કરી સૂકવ્યાં. ત્યારે અંધારામાં રહેલા રહનેમિએ તેની સુંદરાકૃતિવાળાં અંગોપાંગ જોયાં અને મનથી ચલાયમાન થયો. ધીરે ધીરે રાજીમતીએ તેને જોયો અને ચેષ્ટાથી સમજી ગઈ કે આનું મન લુબ્ધ થયું ત્યારે મન સ્થિર રાખીને રાજીમતી બોલી -

**अहं च भोगरायस्स, तं चऽसि अंधगवण्हिणो ।**

**मा कुले गंधणा होमो, संजमं निहुओ चर ।। ८ ।।**

**जइ तं काहिसि भावं, जा जा दच्छिसि नारिओ ।**

**वायाइद्धो व्व हडो, अट्ठियप्पा भविस्ससि ।। ९ ।।**

**तीसे सो वयणं सोच्चा, संजयाए सुभासियं ।**

**अंकुसेण जहा नागो, धम्मे संपडिवाइओ ।। १० ।।**

**एवं करेंति संबुद्धा, पंडिया पवियक्खणा ।**

**विणियट्टंति भोगेसु, जहा से पुरिसोत्तमो ।। ११ ।।**

**त्तिबेमि, सामन्नपुव्वगऽज्झयणं समत्तं ।। २ ।।**

[1]હું ભોગરાજા (ઉગ્રસેન)ની પુત્રી છું અને તું અંધક વૃષ્ણિ (સમુદ્રવિજય)નો પુત્ર છે. આપણા બન્નેનું કુળ એ પ્રમાણે ઉત્તમ છે. તેથી આપણે બન્નેએ ગંધન કુળના સાપ જેવાં ન થવું જોઈએ. (કારણ વમેલા ઝેરને તે પીએ તેમ આપણે સંયમ લઈ, સંસાર ત્યાગી પાછા સંસાર ભોગવીએ, તો તેવું નીચ કૃત્ય કરવાથી કુળને કલંક લાગે) કહ્યું છે, કે 'ગંધન કુલના સાપ જેવા આપણે ન થવું, માટે સુખથી સંયમમાં ચર એટલે સર્વ દુઃખ નિવારનાર ક્રિયા કલાપને ચિત્ત સ્થિર કરીને કર. સૂત્રાર્થ ॥ ૮ ॥

જો તું કોઈ જગ્યાએ કુભાવ કરીશ, તો દરેક સ્ત્રીમાં તારૂં મન બગડશે, તો વાયુથી પ્રેરાયેલો ઢીલા મૂળવાળી હડ નામની વનસ્પતિ જેવો અસ્થિર ચિત્તવાળો થઈશ. એટલે સંસાર સાગરમાં પ્રમાદ રૂપ પવનથી પ્રેરાયેલો સુખ દુઃખના ક્ષયનું નિબંધન (કારણ) જે સંયમ તેના ગુણોમાં મૂળ (ચિત્ત) ન રહેવાથી આમ તેમ ભટકીશ, સૂત્રાર્થ ॥ ૯ ॥

ચારિત્ર લીધેલી રાજીમતીનું આવું વૈરાગ્ય ઉત્પન્ન કરાવનારૂં સુભાષિત વચન રથનેમિએ સાંભળ્યું, ત્યારે અંકુશથી જેમ હાથી વશ રહે, તેમ પોતે ધર્મમાં સ્થિર રહ્યો. અંકુશથી હાથી વશ રહે તેનું દૃષ્ટાંત, વસંતપુર નામનું નગર છે, ત્યાં એક શેઠીયાની વધુ (છોકરાની વહુ) નદીમાં સ્નાન કરતી હતી. તેને જોઈ, ત્યાં ઉભેલા એક યુવકે પૂછ્યું, તે સુખેથી સ્નાન કર્યું ? પછી બોલ્યો, આ નદી શ્રેષ્ઠ તરંગોથી શોભીત છે. હું અને આ કિનારાનાં ઝાડો તમારા પગમાં પડ્યા છીએ ! તે સાંભળી સ્ત્રી બોલી કે,

વિશેષ માટે જુઓ १. उत्तरा. शांत्याचार्य टीका अ-२२ गा-४३

તને નદી સુખદાઈ હો તથા નદીનાં તારાં ઝાડ ઘણાં કાળ સુધી જીવતાં રહો. સ્નાન પૂછનારનું ભલું કરવા અમે યત્ન કરીશું. પછી બન્ને જુદાં પડ્યાં. પણ સ્ત્રીનું ઘરબાર તે જાણતો નથી, ત્યાં બીજા નાના દાસ રૂપ છોકરા ઝાડોને દેખતા હતા, ત્યાં જઈ તેમને સુંદર ફળ ફૂલ આપીને પૂછ્યું આ બાઈ કોણ હતી ? તેઓએ ફલાણા શેઠની પુત્રવધુ કહી, તે યુવક તેનો વિરહ ન સહી શક્યો, ત્યારે કોઈ બાવીને શોધી તેનું મન ભિક્ષાવડે સંતુષ્ટ કર્યું. તે બોલી કે હું તારૂં શું ભલું કરૂં ? તેણે કહ્યું, મારે અમુક સ્ત્રી જોઈએ છે. તે બાઈને મળી આવીને સંદેશો કહ્યો. પેલીએ કોપાયમાન થઈ વાસણ ધોતાં ઉઠીને શાહીવાળી હથેળી કરી, તેને પીઠમાં મારી પાંચ અંગુલી પાડી, પાછલે બારણેથી કાઢી મૂકી. પેલા યુવકને બધો અહેવાલ કહ્યો કે, તે તો તારૂં નામ સાંભળવા પણ માગતી નથી, પણ ચતુર યુવક સમજી ગયો. અંધારી પાંચમે પાછલે બારણે સૂચવ્યા પ્રમાણે ગયો. અને બન્ને જણા અશોકવન (ઘર પછવાડેના વાડા)માં મળ્યા, સુતાં, મોડી રાત્રે સસરો પેશાબ કરવા ઉઠ્યો અને બન્નેને બરોબર જોયાં. તેણે જાણ્યું કે આ પુરુષ મારો દીકરો નથી. કોઈ પણ દુરાચારી છે ! તેથી સસરાએ તે પુત્રવધુનું ઝાંઝર કાઢી લીધું. બુઢ્ઢો ખસી ગયા પછી સ્ત્રીએ જાગી જાણી લીધું. તેણે યુવકને કહ્યું શીઘ્ર નાશી જા, આપત્તિના વખતમાં સહાય કરજે, પછી સ્ત્રી પતિ પાસે ગઈ અને પતિને જગાડી બોલી, હમણાં ગરમી છે, માટે ચાલો આપણે પછવાડે અશોક વનમાં જઈએ. બન્ને જણાં ત્યાં જઈ સુતાં. થોડીવાર સુઈ સ્ત્રી જાગીને પતિને ઉઠાડી બોલી, આ શું તમારા કુળને યોગ્ય છે, કે સસરો મારા પગનું ઝાંઝર કાઢીને ગયો. પતિએ કહ્યું હમણા સુઈ જા, સવારમાં પાછું મળશે. સવારમાં પિતાએ છોકરાને શીખામણ આપી કે મેં તારી સ્ત્રી સાથે અન્ય પુરુષ જોયો છે. પતિએ રાતની વાત કહી પણ સસરાએ ન માની, ત્યારે વહુ બોલી કે હું 'મારા આત્માનું કલંક દૂર કરીશ.' બધાએ કબુલ કર્યું પછી સ્ત્રીએ સ્નાન કરી, ગૃહ દેવતાની પૂજા કરી, યક્ષના મંદિરમાં જવા નીકળી, એ યક્ષમાં એવો ચમત્કાર હતો કે, અપરાધી હોય, પાપી હોય તે અટકી જાય. ધર્મી (નિર્દોષ) હોય તે નીકળી જાય. તેથી પેલા જાર પુરુષે ગાંડાનું રૂપ કરી બધાનાં દેખતાં પેલી સ્ત્રીને ગળે બાઝી પડ્યો. લોકોએ તેને દૂર કર્યો. પછી સ્ત્રી યક્ષ પાસે જઈ બોલી કે મારા માતપિતાએ આપેલો ભરથાર તથા આ ગાંડો એ સિવાય બીજા કોઈ પુરુષને હું જાણતી હોઉં તો મને અટકાવજે. યક્ષ વિલક્ષ થઈ વિચારે છે કે, આહા આ ધૂર્તા, મને પણ છેતરે છે. જોકે સતીપણું આ ધૂર્તામાં નથી, છતાં મારો ઉપાય નથી. એમ તે યક્ષે ચિંતવતાં તે સ્ત્રી નીકળીને રસ્તે પડી. પછી પેલીને સતી જાણીને લોકોએ વૃદ્ધને વિલખો પાડી દીધો અને તેની હેલના કરી કે ઘરમાં જ સતીને કલંક આપે છે ? આ બધું તરકટ જોઈ વૃદ્ધની નિદ્રા ચિંતામાં નષ્ટ થઈ ગઈ. ઉંઘ બીલકુલ આવતી નથી. રાજાને ખબર પડી ત્યારે તેને બોલાવીને પોતાના અંતઃપુરનો રક્ષક બનાવ્યો. આ રાજાને ત્યાં તેનો પટહાથી જે રત્ન જેવો હતો, તે વાસગૃહના નીચે બાંધેલો રહેતો. ત્યાં એક રાણી દુરાચારિણી હતી તે હાથીના રક્ષકમાં લુબ્ધ હતી તેથી તેને હાથી પોતાની સૂંઢવડે નીચે ઉતારતો, પરોઢીએ પાછી ઉપર ચડાવતો, એમ ઘણો કાળ ચાલ્યું. હવે પેલો વૃદ્ધ ચોકીદાર થવાથી તે દિવસે મોડી રાત્રે આવી, ત્યારે તે દુષ્ટે તેને હાથીની સાંકળથી મારી, ત્યારે તે બોલી હું કાંઈ અમસ્થી સુતી નહોતી. તું ક્રોધ ન કર, વૃદ્ધે જોયું અને વિચાર્યું કે, જ્યારે રક્ષાએલી રાણીઓ આવું કરે છે, તો વિના રક્ષણની સ્વછંદાચારિણીઓ પાપ કરે, તેમાં શી નવાઈ ! એમ વિચારી નિરાંતે ઉંઘ્યો, બધા લોક સવારે ઉઠ્યા પણ આ ડોસો ન ઉઠ્યો, રાજાને આ વાત કહી ત્યારે રાજાએ કહ્યું, સુવા દો, પછી જ્યારે મોડો ઉઠ્યો, ત્યારે રાજાએ પૂછ્યું તેણે કહ્યું કે એક રાણી કોઈ છે તે પાપ કરે છે તેથી

રાજાએ માટીનો હાથી તૈયાર કરાવ્યો અને બધી રાણીઓને કહ્યું એનું અર્ચન કરીને ઉલ્લંઘો, ત્યારે બધી રાણીઓએ ઉલ્લંઘ્યો, પણ એકે ન ઉલ્લંઘ્યો. તે બોલી હું ડરૂં છું, ત્યારે રાજાએ કમળ માર્યું, તેથી બેભાન થઈને પડી ગઈ, રાજાએ જાણ્યું કે આજ ગુન્હેગાર છે. રાજાએ મર્મ વચનથી કહ્યું, કે મદોન્મત્ત હાથીની સાંકળના મારથી હણાતાં મૂર્છા ન આવી અને કમળના મારથી મૂર્છા પામે છે ! પછી તેનું શરીર જોયું, પીઠ ઉપર સાંકળનો ઘા જોયો, તેથી રાજાએ કોપાયમાન થઈ રાણી, હાથી, મહાવત, એ ત્રણને ડુંગરી ઉપર ચડાવ્યાં અને મહાવતને કહ્યું અહિંથી હાથીને પાડી દે. બન્ને બાજુએ વેણુંગ્રાહ (વાસડી) રાખ્યા, હાથીએ એક પગ ઉંચો કર્યો, ત્યારે લોકોએ પ્રાર્થના કરી કે આ બાપડો તિર્યંચ પશુ શું જાણે કે, આ બન્ને ગુનેગાર છે, ત્યારે હાથીએ બે પગ ઊંચા કર્યા. છેવટે ત્રણે પગ આકાશમાં કરી, એક પગે ઊભો રહ્યો. તેથી લોકોએ આક્રંદ કરી કહ્યું કે, આવા હાથી રત્નને વિના ગુન્હે શા માટે મારો છો ? રાજાએ મહાવતને કહ્યું, તું હાથીને પાછો નીચે ઉતાર, તેણે કહ્યું, અમો બંનેને અભયદાન આપો તો ઉતારૂં તેણે હા પાડી ત્યારે મહાવતે અંકુશ બતાવી હાથીને નીચે ઊતાર્યો. આ દૃષ્ટાંતનો પરમાર્થ એ છે કે તેથી [1]રહનેમિ ઠેકાણે આવ્યો તે ઉપર કહી ગયા છીએ સૂત્રાર્થ ॥ ૧૦ ॥

એ પ્રમાણે સંબુદ્ધ, ડાહ્યા માણસો કહે છે. અથવા સમ્યગ્દર્શન સહિત એટલે તત્ત્વ રહસ્યમાં રંજીત થઈને, બુદ્ધ પુરુષો વિષય રસનું પરિણામ વિચારીને સમ્યગ્દૃષ્ટિ બનેલા હોય, તે પંડિત પણ હોય, અને વિચક્ષણ હોય, એટલે પંડિત શબ્દથી સમ્યગ્જ્ઞાનવાળા વિચક્ષણથી ચરણ (ચારિત્ર)ના પરિણામવાળા હોય, તે લેવા, બીજા આચાર્ય કહે છે કે, સંબુદ્ધ તે સામાન્ય બોધવાળા અને પંડિત તે વમેલા ભોગને વાંછનાર (પતિતો) ના દોષોને જાણનારા, તથા પ્રવિચક્ષણને પાપભીરૂ તેવા પુરુષો અનેક પ્રકારે પૂર્વના અનાદિ અભ્યાસથી કદર્થમાન થાય તો પણ તેઓ ભોગથી પાછા હઠે છે. જેમ આ પુરુષોત્તમ રથનેમિ પાછો હઠ્યો, તેમ.

પ્રશ્ન-રથનેમિ પુરુષોત્તમ કેવી રીતે ? કે જે ચારિત્ર લીધા પછી ફરીથી વિષયનો પોતે અભિલાષી થયો ?

ઉત્તર-અભિલાષ થયા પછી પણ સમજી ગયો, પાપ ન કર્યું, તે જ પુરુષોત્તમપણું છે પણ જે પુરુષ (પાપી) હોય, તે પાપથી પાછો ન હટતાં બીજી રીતે પણ સેવે છે.

પ્રશ્ન-દશવૈકાલિક નિયતશ્રુત (અનાદિનું) છે. કહ્યું છે કે જ્ઞાતા અધ્યયનનાં દૃષ્ટાંતો (કથાઓ) ઋષિભાષિત, (ઉત્તરાધ્યયન) તથા પ્રકીર્ણકશ્રુત, એ અનિત્ય છે. બાકીના નિયત (અનાદિ) છે. તો કેવી રીતે આ પાછળ બનેલું દૃષ્ટાંત તેમાં આવી ગયું ?

ઉત્તર-નિયત શ્રુતમાં પણ એવા અર્થમાં કોઈ હોય છે. ઉસન્ન શબ્દના ગ્રહણથી દોષ નથી તેનો ભાવાર્થ આ છે કે, પ્રાયઃ નિયત છે. કોઈ જગ્યાએ આવું દૃષ્ટાંત પણ હોય, તેથી તે સર્વથા અનિયત નથી. એવું મેં પૂર્વે તીર્થંકર ગણધર પાસે સાંભળ્યું તે કહું છું. અનુગમ કહ્યો, નય પુર્વ માફક જાણવા.

શ્રી હરિભદ્રસૂરિ કૃત ટીકાનું શ્રામણ્ય પૂર્વક અધ્યયન સમાપ્ત

* * *

१. उत्तराध्ययन अ-२२

# तइयं खुड्डियायारकहऽज्झयणं

## ક્ષુલ્લિકાચાર કથા

શ્રામણ્ય પૂર્વક નામનું બીજું અધ્યયન સમાપ્ત કર્યું. હવે ક્ષુલ્લિકાચાર નામનું ત્રીજું અધ્યયન કહે છે. આનો બીજા સાથે આ સંબંધ છે કે, બીજા અધ્યયનમાં ધર્મ સ્વીકારનાર નવા સાધુને તેમાં અધૈર્યનો સંમોહ થાય તો તેણે ધૈર્યવાળા થવું એમ બતાવ્યું. અહિં તો એ બતાવે છે કે, તે ધૈર્યને આચારમાં રાખવું. પણ અનાચારમાં નહીં. આ જ આત્મસંયમનો ઉપાય છે, કહ્યું છે કે :-

तस्यात्मा संयतो यो हि, सदाचारे रतः सदा । स एव धृतिमान् धर्मस्तस्यैव च जिनोदितः ।। १ ।।

જે સદાચારમાં સદા રક્ત હોય. તેનો આત્મા સંયમી કહેવાય. તે જ ધૈર્યવાન્ છે. તેનો જ જિનેશ્વરે ધર્મ કહેલ છે. (અર્થાત્ સદાચારમાં હમેશાં રહેવું) આ પ્રમાણે આવેલા ત્રીજા અધ્યયનના ચાર અનુયોગ દ્વાર કહેવા તે પૂર્વ માફક જાણવા. નામ નિષ્પન્ન નિક્ષેપામાં 'ક્ષુલ્લિકાચાર કથા' નામ છે. તેમાં ક્ષુલ્લિક આચાર, તથા કથાનો નિક્ષેપો કરવો મોટાની અપેક્ષાએ ક્ષુલ્લક થાય તે ચિત્ર ન્યાય બતાવવા માટે મોટાની અપેક્ષા કરવી તે મોટું પ્રથમ બતાવે છે.

नामं ठवणा दविए, खेत्ते काले पहाण पइभावे । एएसि महंताणं, पडिवक्खे खुड्डया होंति ।। १७८ ।।

पइ खुड्डएण पगयं आयारस्स उ चउक्कनिक्खेवो । नामं ठवणा दविए भावायारे य बोद्धव्वे ।। १७९ ।।

नामणधावणवासणसिक्खावणसुकरणाविरोहीणि । दव्वाणि जाणि लोए दव्वायारं वियाणाहि ।। १८० ।।

કોઈનું મોટું નામ હોય, તે મહદ્ નામ, (જેમ કે મોટા ભાઈ) તથા મોટાની સ્થાપના તે મહત્ સ્થાપના, દ્રવ્ય મહાન્ તે અચિત્ત મહાસ્કંધ, ક્ષેત્ર મહાન્ તે લોક અલોક આકાશ,-કાળમહાન્ તે અતીત આદિ ભેદવાળો સંપૂર્ણ કાળ, તથા પ્રધાન મહાન્ ત્રણ પ્રકારનો છે. તે-સચિત્ત, અચિત્ત, અને મિશ્ર છે. તેમાં સચિત્ત પણ ત્રણ પ્રકારનો છે. બે પગવાળાં, ચાર પગવાળાં તથા પગ વિનાનાં, તેમાં બે પગવાળાં તીર્થંકર પ્રધાન (મુખ્ય) છે. ચોપગામાં હાથી શ્રેષ્ઠ છે. અપદ (ઝાડ)માં મુખ્ય ફણસ છે. (તેનું ફળ સૌથી મોટું છે.) અચિત્તોમાં પ્રધાન વૈડૂર્યરત્ન છે. મિશ્રમાં તીર્થંકર છે. કારણ કે તે વૈડૂર્ય વિગેરેથી વિભૂષિત છે. પ્રધાન એટલે તેમાં તેનું મહત (મોટાપણું) છે. પ્રતીત્ય મહત્ એટલે એકની અપેક્ષાએ બીજું, જેમ આમલાં કરતાં (બિલ્વ) મોટું છે. બીલ્વ કરતાં કોઠ મોટું છે. તે પ્રમાણે બધે સમજવું. ભાવ મહત્ ત્રણ પ્રકારનું છે. પ્રધાનપણાથી, કાલથી, આશ્રયથી, પ્રધાનથી ક્ષાયિકભાવ મુખ્ય છે. તેજ મુક્તિમાં હેતુ હોવાથી તેનું જ પ્રધાનપણું છે. કાલથી પારિણામિક એટલે જીવત્વ અને અજીવત્વ, એ બન્નેના પરિણામનું અનાદિ અનંતપણું હોવાથી જીવો અજીવપણે, અને અજીવો તે જીવપણે, કદાપિ પરિણામ પામતા નથી. (આમાં એટલું સમજવું કે કંઈક અંશે કર્મ અજીવ હોવા છતાં જીવને અજીવપણે કરી જ્ઞાન વિગેરેનું આવરણ કરે છે. પણ તેથી જીવનો અજીવ સર્વથા ન થાય.) અને આશ્રયથી ઔદયિક ભાવ પ્રધાન છે. કારણકે ઘણા જીવોએ તેનો આશ્રય કર્યો છે. એટલે મોક્ષ સિવાયના બધા સંસારી જીવો તે છે ઉપર બતાવેલા બધા મોટા તેના પ્રતિપક્ષી બીજા ક્ષુલ્લક (નાના) હોય છે.

કહેવાની માફક લિંગવચન નામને આશ્રયીને રહે છે, એ ન્યાયથી ક્ષુલ્લક લીંગવચન યથાર્થ છે. નામ, સ્થાપના, સુગમ છે. દ્રવ્ય ક્ષુલ્લક તે પરમાણું એટલે (દ્રવ્ય તે ક્ષુલ્લક એમ વિગ્રહ કરવો) ક્ષેત્ર ક્ષુલ્લક તે આકાશનો એક પ્રદેશ લેવો, કાળ ક્ષુલ્લક તે સમય લેવો, પ્રધાન ક્ષુલ્લક- સચિત્ત, અચિત્ત, મિશ્ર, એમ ત્રણ ભેદ છે. સચિત્તના બે, ચાર, અને અપગ લેવા. તેમાં ક્ષુલ્લક બે પગવાળામાં અનુત્તરસુર પ્રધાન છે અને શરીરમાં ક્ષુલ્લકપ્રધાન આહારક શરીર છે. ચોપગામાં પ્રધાન ક્ષુલ્લક સિંહ છે અને અપદમાં જાઈનાં ફૂલ છે. અચિત્તમાં ક્ષુલ્લક પ્રધાન વજ્ર છે. મિશ્રમાં અનુત્તર સુરો જ શય્યામાં રહેલા છે, તે જાણવા. પ્રતીત્ય ક્ષુલ્લક તે કોઠ કરતાં બીલું નાનું છે, અને બીલ કરતાં આમળું નાનું છે, ભાવ ક્ષુલ્લક તે ક્ષાયિક ભાવ છે. કારણ કે તેનો થોડા જીવોએ જ આશ્રય લીધેલો છે. (ગાથાર્થ) આ પ્રમાણે ક્ષુલ્લકનો નિક્ષેપો કહી હવે આપણી પ્રકૃત યોજના આગળ કરીને આચારનો નિક્ષેપો કહે છે. પૂર્વે જે નિક્ષેપા ક્ષુલ્લકના કહ્યા, તેમાં ફક્ત પ્રતીત્ય જે ક્ષુલ્લક છે, તેનો અહીં અધિકાર છે. કારણ કે જે મોટી આચારકથા જે ધર્મ, અર્થ, કામ, અધ્યયન નામનું છે; તેની અપેક્ષાએ આ ક્ષુલ્લિક (નાની) છે.

આચારનો નિક્ષેપ ચાર પ્રકારે છે, તે આ છે. નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ, આ ચાર જાણવો, નામ, સ્થાપના, સુગમ છે. નામન, ધાવન, વાસન, શિક્ષાપન, સુકરણ અવિરોધી દ્રવ્ય જે લોકમાં છે, તેને દ્રવ્યાચાર જાણવો. એનો ભાવાર્થ આ છે. આચરવું તે આચાર, દ્રવ્યનો આચાર તે દ્રવ્યાચાર છે. દ્રવ્યનું તે તે પ્રકારે જે આચરવું (પરિણમવું) તે, નામનનો અવનતિ કરણ (નમાવવું) છે, તે આચારવાળું અને અનાચારવાળું બે ભેદે છે. તેનું પરિણામ અયુક્ત આવે, અથવા તો યુક્ત આવે, જેમ કે તિનિશની વેલ આચારવાળી છે. એરંડો વિગેરે અનાચારવાળું છે. કારણ કે તિનિશને જેમ વાળે તેમ વળી શકે છે. પણ એરંડો વિગેરે વળી શકતાં નથી. આ પ્રમાણે બધે ભાવના કરવી. પણ વિશેષમાં ઉદાહરણો બતાવશે.

ધાવનમાં હરિદ્રા રક્ત વસ્ત્ર આચારવાળું છે, એટલે હળદરથી રંગેલું હોય તે સુખેથી ધોવાય છે. પણ કૃમિરંગવાળું અનાચાર છે. તેનું કારણ એ છે કે તે રંગમાં રંગેલું કપડું ધોતાં ન ધોવાય, પણ તેની રાખ કરીએ તો પણ તેનો રંગ ન જાય. વાસના સંબંધી કવેલું (જે પદાર્થ સુગંધને ગ્રહણ કરી શકે તે પદાર્થની યોજના સમજવી) વિગેરે સુખેથી પાટલા કુસુમ વિગેરેથી સુગંધિવાળું થાય તે આચારવાળું અને વૈડૂર્ય રત્ન વિગેરે કશાથી પણ સુગંધિવાળું ન થાય, માટે તે અનાચારવાળું છે. શીખવવા માટે પોપટ સારિકા વિગેરે સુખેથી મનુષ્યની ભાષા શીખે છે, માટે તે આચારવાળાં અને શકુંત વિગેરે પક્ષી ન શીખે, તે અનાચારવાળાં છે. સુકરણ તે સોના વિગેરેનાં કડાં વિગેરે દાગીના સહેલાઈથી થાય, તે આચારવાળા, તથા ઘંટા લોહાદિ તેમાં બીજાનું તેવું ન થાય, (કઠણ હોવાથી દાગીનો બનાવતાં મુશ્કેલ થાય) માટે તે અનાચારવાળાં છે, અવિરોધ પ્રત્યાચારવાળું તે ગુડ દહીં વિગેરે રસના ઉત્કર્ષથી તથા ખાતાં ગુણ કરે, અને અનાચારવાળાં તે તેલ દૂધ વિગેરે તે બન્ને વિપર્યય છે, (તે બન્ને ભેગાં થતાં સ્વાદિષ્ટ ન થાય, ગુણ પણ ન કરે) આ પ્રમાણેનાં દ્રવ્યો જે લોકમાં છે, તે જ તેના આચાર દ્રવ્યના અવ્યતિરેકથી દ્રવ્ય આચાર, તથા આચરણ પરિણામના વિવક્ષિતપણાથી દ્રવ્યાચાર છે.

ભાવપણામાં પણ ગુણના અભાવથી દ્રવ્યાચાર જાણવો (સમજવો) (ગાથાર્થ) દ્રવ્યાચાર કહ્યો, હવે ભાવાચાર કહે છે. ॥ ૧૭૮, ૧૭૯, ૧૮૦ ॥

दंसणनाणचरित्ते, तवआयारे य वीरियायारे । एसो भावायारो, पंचविहो होई नायव्वो ।। १८१ ।।

निस्संकिय निक्कंखिय, निव्वितिगिच्छा अमूढदिट्ठी अ । उववूह थिरीकरणे, वच्छल्लपभावणे अट्ठ ।। १८२ ।।

દર્શનાચાર, જ્ઞાનાચાર, ચરિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પાંચ પ્રકારનો ભાવાચાર છે. તેમાં દર્શન (શ્રદ્ધારૂપ) તે સમ્યગ્દર્શન છે, પણ ચક્ષુદર્શન વિગેરે ન લેવું. તે ક્ષાયોપશમિકનું આચરણ તે દર્શનાચાર છે. એ પ્રમાણે બીજા આચારમાં પણ યોજવું. ભાવાર્થ ગાથાથી કહેશે. આ ભાવાચાર પાંચ પ્રકારનો જાણવો.

[A]ગાથાનો અક્ષરાર્થ કહ્યો. હવે ભાવાર્થ બતાવે છે. ઉદેશ પ્રમાણે નિર્દેશ બતાવવા પ્રથમ દર્શનાચાર કહે છે. તે આઠ પ્રકારનો છે. [1]નિઃશંકિત, એટલે શંકા વગરનું પ્રભુનું વચન માને, શંકા બે પ્રકારની છે. દેશ શંકા તે જીવત્વ સમાન હોય, છતાં એક ભવ્ય, બીજો અભવ્ય કેમ હોય ? આવી શંકા કરે તે દેશશંકા છે. અને પ્રાકૃતમાં સૂત્રો રચેલાં હોવાથી આ બધું બનાવટી જ છે પણ પોતે વિચારે નહીં, કે ભાવો (પદાર્થો) હેતુથી ગ્રાહ્ય છે, અને હેતુથી અગ્રાહ્ય છે. તેમાં હેતુગ્રાહ્ય તે જીવ અસ્તિત્વ વિગેરે છે અને અહેતુગ્રાહ્ય ભવ્યત્વ વિગેરે છે. કારણ કે અમારા જેવા ઇન્દ્રિયજ્ઞાનીઓને તે હેતુનું પ્રકૃષ્ટ જ્ઞાનનું ગોચરપણું ન થઈ શકે, અને પ્રાકૃતમાં રચવાનું કારણ પણ બાલાદિ સાધારણના માટે છે. કહ્યું છે કે :-

बालस्त्रीमूढमूर्खाणां, नृणां चारित्रकांक्षिणाम् । अनुग्रहार्थं तत्त्वज्ञैः सिद्धान्तः प्राकृतः स्मृतः ।। १ ।।

બાલ, સ્ત્રી, મૂઢ, મૂર્ખ એવા પણ માણસો જો ચારિત્રની આકાંક્ષા રાખે તો તેમના ઉપકાર માટે તત્ત્વજ્ઞ પુરુષો (ગણધર ભગવંતો) એ પાકૃત (તે સમયે લોકમાં બોલાતી ભાષા)માં સિદ્ધાંતો રચ્યા છે. દૃષ્ટ ઇષ્ટ અને અવિરૂદ્ધ છે, એટલે તે આપણે પ્રત્યક્ષ ઉપકારી જાણીએ છીએ. અહીં ઉદાહરણ પેય અને અપેયનું આવશ્યક સૂત્રમાં બતાવેલું છે, તે જાણવું તેથી કંઈ પણ વાતની શંકા ન રહે. તે નિઃશંકિત જીવ જ અર્હત્ શાસન પ્રતિપન્ન છે. તે દર્શનના આચરણ (માનવા)થી તેનું પ્રધાન (ગુણ) તથા દર્શની (ગુણી) એ બન્નેનું અભેદપણું કહ્યું, અદર્શનની માફક તેનાથી જો એકાન્ત ભેદ માને તો ફળના અભાવથી મોક્ષનો પણ અભાવ થાય. એ પ્રમાણે શેષ પદોમાં પણ ભાવના કરવી. તથા નિષ્કાંક્ષિત તે દેશ સર્વાકાંક્ષા રહિત તેમાં દેશકાંક્ષા એટલે દિગમ્બર દર્શન વિગેરેને ઇચ્છે અને સર્વાકાંક્ષા તે બધા દર્શનની ઇચ્છા કરે, પણ છ જીવ નિકાયની પીડા, તથા અસત્ પ્રરૂપણાના લાગતા દોષને વિચારતો નથી. અહીં રાજા અમાત્યનું આવશ્યક સૂત્રમાં ઉદાહરણ બતાવ્યું છે તે જાણવું. [3]વિચિકિત્સા એટલે મતિવિભ્રમ તે જેનો દૂર થયો હોય તે, નિર્વિચિકિત્સક, એટલે કોઈ એમ માને કે જિન મત સારો છે, પણ હું કષ્ટ વેઠું છું. તેનું સારું ફળ મળશે કે નહીં. આવો વ્હેમ, જેમ એક ખેડૂત દાણા વાવીને - કેવળ વિચાર કરે કે દાણાઓ પાકશે કે નહિ પાકે, તો દાણા ના પાકે, પણ આસ્થા(શ્રદ્ધા)

A દર્શનાચારના આઠ નામ (૧) નિઃશંકિત (૨) નિષ્કાંક્ષિત (૩) નિર્વિચિકિત્સા (૪) અમૂઢ દૃષ્ટિ (૫) ઉપબૃંહણા (૬) સ્થિરીકરણ (૭) વાત્સલ્ય (૮) પ્રભાવના

રાખીને બુદ્ધિપૂર્વક જે અનુષ્ઠાન કરે, તેનું ફળ અવશ્ય મળે. એવો વિકલ્પરહિત ભાવ રાખે. કારણ કે અવિકલ્પ ઉપાય, ઉપેય વસ્તુનો આપનાર નથી, એવું નથી. (પણ આપનાર જ છે) એવો નિશ્ચય કરે, તે નિર્વિચિકિત્સક છે. આ અંશ વડે જ નિઃશંકિત, અને નિર્વિચિકિત્સકમાં ભેદ છે. પ્રથમમાં જીવ છે કે નહિ તેવી શંકા અને બીજામાં તો ફળ મળશે કે નહિ, એમ ફક્ત ક્રિયા વિષયમાં જ સંદેહ છે. એનું ઉદાહરણ આવશ્ક સૂત્રમાં વિદ્યાસાધકનું છે, તે જોવું. અથવા નિર્વિજુગુપ્સા એટલે સાધુના મલિન વેશની નિંદા રહિત હોય. આ સંબંધે ઉદાહરણ આવશ્યક સૂત્રમાં શ્રાવકની દીકરીનું છે. (૪) અમૂઢ દૃષ્ટિ એટલે બાળ તપસ્વીની તપની વિદ્યા, અથવા ચમત્કાર દેખીને પોતે મૂઢ ન બને. સમ્યગ્દર્શન રૂપ દૃષ્ટિથી ચલાયમાન ન થાય. અહી સુલસાનું ઉદાહરણ કહે છે. સુલસા નામની શ્રાવિકા હતી. જે રાજગૃહિમાં રહેતી હતી. ત્યાં અંબડ નામનો લૌકિક ઋષિ જતો હતો. બહુ ભવ્યોને સ્થિર કરવાના નિમિત્તે મહાવીર પ્રભુએ તેને કહ્યું, સુલસાને પૂછજે કે ધર્મધ્યાન સારી રીતે થાય છે કે ? (અમારાધર્મલાભ કહેજે) અંબડે વિચાર્યું, કે પુણ્યવતી સુલસા છે, કે જેને મહાવીર પ્રભુ સ્વયં ધર્મલાભ કહેવડાવે છે. તેથી અંબડે પરીક્ષા માટે. તેની પાસે જઈને ભોજન માગ્યું. તેણે ન આપ્યું. ત્યારે બહુરૂપ બનાવીને પરીક્ષા કરી તો પણ ન આપ્યું, તથા તેમાં મૂઢ પણ ન થઈ. તેમ દરેક કુતીર્થીની ઋદ્ધિથી મૂઢ ન થવું ( આ સંબંધી સુલસા ચરિત્ર જોવું) અંબડે ગુરુ બુદ્ધિથી બાવાના વેશમાં ભોજન માગ્યું, પણ સુલસાએ ગુરુબુદ્ધિથી ન આપ્યું તે પ્રમાણે ત્રણે દિશાએ મહાદેવ વિષ્ણુ અને બ્રહ્માના સાક્ષાત્ રૂપ બતાવ્યા પણ દર્શન કરવા ન ગઈ. છેવટે જિનેશ્વરનું રૂપ બનાવ્યું પણ સુલસાએ બુદ્ધિથી વિચાર્યું કે લબ્ધીથી ઉડીને તીર્થંકર ન આવે તેમ બે તીર્થંકર પણ ન હોય તેમ જ બહુ દૂર તે હાલમાં વિચરે છે માટે આ કોઈ ઢોંગી છે. તેથી તે ન ઠગાઈ તેથી ફરી બાવાના વેશમાં જઈ અંબડે સુલસાને કહ્યું કે વીરપ્રભુ સ્વયં મારી પાસે તને ધર્મલાભ કહેવડાવે છે. ત્યારે તેણે ખુશ થઈ નમસ્કાર કરી સ્વધર્મીનું બહુમાન કરી ભોજન આપ્યું. આ ઉપરથી દરેકે જોવું કે ગુણાનુરાગી જેમ સુલસા હતી. તેમ દરેકે પરીક્ષા કરી, પછી ધર્માત્મા જીવ ઉપર પ્રેમ રાખવો ભક્તિ કરવી પણ અંધ, શ્રદ્ધાથી કપટીથી ઠગાવું નહીં. આથી ગુણી પ્રધાન દર્શનાચાર બતાવ્યો, હવે ગુણ પ્રધાન [૫]ઉપબૃંહણા તથા સ્થિરીકરણનું વર્ણન કરે છે. ઉપબૃંહણા, તે સમાન ગુણવાળાના સદ્‌ગુણોની પ્રશંસા કરી તેના ગુણોની વૃદ્ધિ કરવી, અને (૬)સ્થિરીકરણ તે કોઈ પણ કારણે ધર્મી જીવો દુઃખ પામતા હોય, તો તેમને યોગ્ય રીતે મદદ કરી તેમને ધર્મમાં પાછા સ્થાપવા. ઉપબૃંહણામાં રાજગૃહિમાં શ્રેણિક રાજા રાજ્ય કરતો હતો. તેના સમ્યક્ત્વની પ્રશંસા શક્રેન્દ્રે પણ કરી. તેથી એક દેવ પરીક્ષા કરવા તૈયાર થયો. શ્રેણિક બહાર ગયો, ત્યારે તે દેવ ક્ષુલ્લક સાધુનું રૂપ કરી અનિમેષો (માછલાં) ને ગ્રહણ કરવા લાગ્યો, ત્યારે શ્રેણિકે તેને અટકાવ્યો. આગળ જતાં બીજી જગ્યાએ ગર્ભવાળી સાધ્વી જોઈ તેને પોતાના ઓરડામાં ગુપ્ત રાખી. તેનું સુવાવડનું કાર્ય પોતે કર્યું. આટલી પરીક્ષા કરીને દેવે પોતાનું ખરૂં સ્વરૂપ બતાવ્યું. અને કહ્યું કે, હે શ્રેણિક ! તમે જન્મ તથા જીવિત બન્નેને સફળ કર્યાં છે. કે આટલી બધી તમોને જૈન શાસન ઉપર ભક્તિ છે. આ પ્રમાણે પ્રશંસા કરી દેવ અલોપ થયો. એ પ્રમાણે જે કોઈ ધર્મનાં સારાં કામો કરે, તેની પ્રશંસા કરવી. હવે [૬]સ્થિરીકરણનું ઉદાહરણ ઉજ્જયિની નગરીમાં અષાઢ આર્ય (આચાર્ય) અંતકાળે પોતાના શિષ્યને આરાધના કરાવતા કહેતાં કે, સ્વર્ગમાં જાય તો મને દર્શન આપજે.

આ આખું દૃષ્ટાંત ઉત્તરાધ્યયન સૂત્રમાં ૨૨માં પરીષહના સંબંધમાં આપેલું છે. તે જાણી લેવું. તેમાં છેવટે છેલ્લા શિષ્યની ઉપર આશા હતી તેને આવતાં વાર લાગવાથી આચાર્યે ચારિત્ર મૂકવા વિચાર કર્યો. પણ શિષ્યે આવીને સ્થિર કર્યા. તે પ્રમાણે બનતી મહેનતે ધર્મથી પડતાને બીજાએ સ્થિર કરવો. ૭હવે વાત્સલ્ય કહે છે. આર્યવજ્ર સ્વામીએ જેમ દુર્ભિક્ષમાં સંઘની રક્ષા કરી, એ સંબંધી જે અધિકાર આવશ્યકમાં છે, તે જાણવો. ૮પ્રભાવનાનું ઉદાહરણ-આર્યવજ્ર સ્વામીએ જેમ અગ્નિશિખ પાસેથી ફૂલો લાવીને જૈન દર્શનની પ્રભાવના કરી. આ દૃષ્ટાંત આવશ્યક સૂત્રમાં છે. તે જાણવું. એ પ્રમાણે સાધુએ પણ સર્વ પ્રયત્નથી શાસનની પ્રભાવના કરવી. આ પ્રમાણે સમ્યગ્‌દર્શનનો આઠ પ્રકારનો આચાર બતાવ્યો. તે નિઃશંકિત વિગેરે આઠ પ્રકાર જાણવા. ગુણથી પ્રધાન એવો આ નિર્દેશ ગુણ અને ગુણીમાં કોઈ અંશે ભેદ બતાવવા માટે છે. જો એકાન્ત અભેદ માનીએ તો વખતે ગુણ દૂર થતાં ગુણીનું પણ નાશ થવું થાય તો બાકી કોઈ ન રહે ॥ ગાથાર્થ ॥

પ્રવચનની પ્રભાવના સ્વ, તથા પર, નો ઉપકાર કરનારી છે અને તેનાથી તીર્થંકર નામ કર્મ બંધાય છે. ॥ ૧૮૧, ૧૮૨ ॥

હવે ભેદ વડે પ્રવચનના પ્રભાવકોનું સ્વરૂપ કહે છે.

अइसेसइड्डियायरियवाइधम्मकहीखमगनेमित्ती । विज्जारायागणसंमया य तित्थं पभाविंति ॥ १८३ ॥

અતિશયવાળા અવધિજ્ઞાનથી યુક્ત, અને ઋદ્ધિ તે આમર્ષ ઔષધી વિગેરે તેનાથી યુક્ત, તે ઋદ્ધિવાળા પ્રવ્રજિત (સાધુ) અથવા આચાર્ય. વાદી ધર્મ કથા કહેનારા ક્ષપક નૈમિત્તક એ જાણીતા છે. વિદ્યા સિદ્ધ તે આર્ય ખપુટ માફક સિદ્ધ મંત્રવાળા તથા રાજ,ગણ (રાજાઓનો સમૂહ)થી સંમત (માન પામેલા) અથવા રાજા અથવા રાજસંમત (મંત્રી) અને ગણ સંમત તે મહત્તરાદિ તથા ચ શબ્દથી દાન શ્રાદ્ધક વિગેરે છે, આ જો સહાયક હોય તો સ્વયં પ્રકાશક હોય, અને ઉત્તમ સહાયતા હોય તો લોકોને વધારે ધર્મશ્રદ્ધા થાય (સમ્યક્‌ત્વના ૬૭ બોલની સજ્ઝાયમાં આઠ પ્રભાવકનું સ્વરૂપ દૃષ્ટાંત સાથે બતાવ્યું છે, તે જોવું) ॥ ૧૮૩ ॥

[1]काले विणए बहुमाणे, उवहाणे तहय अनिन्हवणे । वंजणअत्थतदुभये, अट्ठविहो नाणमायारो ॥ १८४ ॥

અંગ પ્રવિષ્ટ વિગેરે જે સૂત્રો છે. તેનો જે[1] કાળ બતાવ્યો છે, તે કાળે જ સ્વાધ્યાય કરવો. પણ ગમે તે વખતે નહિ, કારણ કે તે તીર્થંકરનું વચન છે. ખેતી વિગેરેમાં કાળે વાવેલું વધારે ગુણકારી છે. તે દેખીએ છીએ અને વિપર્યય (ઉલટા) કાળમાં વાવતાં વિપરીતપણું દેખાય છે. તેમ ભણવામાં સમજવું. અત્ર ઉદાહરણ, એક સાધુ પ્રાદોષિક કાળ (રાત્રિ)માં પહેલી પોરિસી પૂરી થયા પછી કાલિક શ્રુત ગોખતો દેખીને સમ્યગ્‌દૃષ્ટિ દેવતાએ વિચાર્યું કે બીજી કોઈ ક્ષુદ્ર દેવી એને પીડા ન કરે. તેવી બુદ્ધિથી કુંડામાં છાશ લઈને તેની આગળથી વારંવાર જાય આવે છે અને સાધુને ભણતાં ભણતાં તે દેવી બોલતી કે છાશ લેવી છે કે - આથી તેને વિઘ્ન થતું જોઈ ઘણીવાર રાહ જોઈ તે બોલ્યો કે હે અજ્ઞાની સ્ત્રી ! શું આ છાશ વેચવાનો વખત છે કે ? વખત તો જો. તે દેવીએ કહ્યું ત્યારે શું

(૧) જ્ઞાનાચારના આઠ નામ

(૧) કાલ (૨) વિનય (૩) બહુમાન (૪) ઉપધાન (૫) અનિહ્નવન (૬) સૂત્ર (૭) અર્થ (૮) સૂત્રાર્થ

આ કાલિક શ્રુત ભણવાનો સમય છે કે ? તેથી સાધુએ જાણ્યું કે આ કોઈ સામાન્ય સ્ત્રી નથી, પણ દેવી વિશેષ છે. તેથી ઉપયોગ દીધો, મધ્ય રાત્રી જોઈ તેથી પોતાની ભૂલ બદલ મિથ્યા દુષ્કૃત લીધું. દેવીએ કહ્યું ફરીથી એવું ન કરીશ કારણ કે કોઈ ક્ષુદ્ર દેવતા દુઃખ દેશે માટે કાળમાં ભણવું, પણ અકાલમાં ન ભણવું. તથા [2]શ્રુત ભણતાં ભણનારે ગુરુનો **વિનય** કરવો. અભ્યુત્થાન તથા પગ ધોવા વિગેરે - અવિનયથી ગ્રહણ કરેલું (પ્રાયઃ) અફળ થાય છે. અહીં ઉદાહરણ શ્રેણિકનું છે. રાણીએ રાજાને કહ્યું કે, મારે માટે એક સ્થંભવાળો મહેલ બનાવ. વિગેરે આ દૃષ્ટાંત પહેલા અધ્યયનમાં છે, ગા. ૬૨માં ત્યાંથી જોવું. તેથી વિનય કરીને ભણવું, પણ અવિનયથી નહિ. તથા શ્રુત ભણનારે ગુરૂનું બહુમાન કરવું અર્થાત્ બહુમાન ભાવ રાખવો. બહુમાન ભાવ રાખવાથી ક્ષેપ વિના અધિક ફળ થાય છે. વિનય અને બહુમાન આ સંબંધમાં ચોભંગી કહે છે.

[3](૧) વિનયયુક્ત, બહુમાન યુક્ત, (૨) વિનય રહિત બહુમાન યુક્ત, (૩) વિનય યુક્ત બહુમાન રહિત, (૪) વિનય રહિત બહુમાન રહિત. (આમાંપ્રથમ ભાંગો સર્વશ્રેષ્ઠ છે. શારીરિક અસ્વસ્થાદિ કારણે વિનય ન પણ હોય પણ બહુમાન તો હોવું જ જોઈએ. તેથી બીજો ભાંગો પણ આદરણીય છે.

આ વિનય તથા બહુમાનનું વિશેષપણું બતાવવા આ ઉદાહરણ છે.

એક પહાડની ગુફામાં શિવનું મંદિર છે. તેને બ્રાહ્મણ તથા ભીલ બન્ને જણા પૂજે છે. બ્રાહ્મણ પૂજન કરીને મંદિર સાફ રાખવું, પાણી છાંટવું, વિગેરેમાં ઉદ્યમ કરતો પવિત્ર થઈને સ્તુતિ કરે છે. વિનય યુક્ત છે. પણ બહુમાન રહિત છે, પણ પુલિંદ (ભીલ) તે શિવમાં ભાવ રાખી ગલ્લ (ગંદા) પાણી વડે સ્નાન કરાવે છે, અને બેસે છે, ત્યારે શિવ પ્રત્યક્ષ તેની સાથે વાતો કરવા લાગ્યો. બ્રાહ્મણે બન્નેનો સ્વર સાંભળ્યો, પછી ભીલના ગયા પછી સેવા કરી. ઠપકો આપ્યો, કે, હે શિવ તું આવો કટ પૂતના શિવ (હલકી જાતનો દેવ) છે કે, આવા હલકી જાતિના સાથે વાતો કરે છે ? શિવે કહ્યું તેની ભક્તિ (બહુમાન) ઘણી છે, પણ તારામાં તે નથી. એક વખત એક આંખ ઉખાડીને શિવ રહેલ છે, ત્યાં બ્રાહ્મણ આવ્યો. રોઈને રહી ગયો. શાંત થયો. પણ ભીલે આવતાં શિવ આંખ વિનાનો જોઈ, પોતાની આંખ તીરવડે કાઢી શિવને ચડાવી. ત્યારે શિવે બ્રાહ્મણને ખાત્રી કરી આપી. આ લૌકિક દૃષ્ટાંતથી એમ કહ્યું કે, ભણનારે વિનય બહુમાન બન્ને કરવાં. તથા શ્રુત ગ્રહણ કરવા માટે ઉપધાન કરવાં [4]**ઉપધાન** એટલે તપ તે જે અધ્યયનમાં જે આગાઢ આદિ યોગ લક્ષણ કહ્યું છે તે તે કરવાં કારણ કે તે તપ પૂર્વક શ્રુત ગ્રહણ કરવાથી જ સફલ થાય છે.

અહિં તે સંબંધી એક ઉદાહરણ-એક આચાર્ય છે. તે વાચનામાં થાકી જવાથી સ્વાધ્યાયના વખતમાં અસ્વાધ્યાયિક બોલવા લાગ્યા, જ્ઞાનનું અંતરાય કર્મ બાંધીને કાલ કરીને દેવતા થયા. પછી આયુક્ષયે ચ્યવીને રબારીના કુલમાં અવતર્યા. ભોગને ભોગવે છે. એક વખતે તેને એક પુત્રી થઈ, તે ઘણી રૂપવાન છે. તે બાપ દીકરી બન્ને ગાયો ચારવા માટે પાસેના ગામોમાં જતાં હતાં. (તે બાપ દિકરી ઘી વેચવા પાસેના ગામમાં જતા હતાં.) તેનો બાપ બધાં ગાડાંની આગળ પોતાનું ગાડું કરી ચાલતો હતો, તે સમયે દીકરી ગાડાના ધૂસરા ઉપર બેઠી હતી, યુવકોએ વિચાર્યું કે આપણું ગાડુ સાથે રાખી કન્યાને જોઈએ, તેથી ઉન્માર્ગે ગાડાં ચલાવ્યાં. અને વિષમ રસ્તો આવતાં ચાલતાં

ગાડાં પડીને ભાંગ્યાં. તેથી લોકોએ તેનું નામ અશકટા રાખ્યું. અને બાપનું નામ અશકટ પિતા રાખ્યું. તેથી ગાડાવાળાને આ લોકોની મૂઢ દશા દેખીને વૈરાગ્ય આવ્યો. તેથી કન્યા એક યોગ્ય વરને આપીને દીક્ષા લીધી. અને ઉત્તરાધ્યયનું ત્રીજું અધ્યયન જે ચતુરંગી નામનું છે, તે ભણ્યો. અને ચોથું અધ્યયન ભણતાં જ્ઞાનાવરણીય કર્મનો ઉદય થયો; ભણીને પણ ભૂલે. તેથી ગુરુએ કહ્યું કે, છઠ્ઠવડે તેની તને આજ્ઞા અપાય છે. ત્યારે શિષ્યે કહ્યું કે, તેનો યોગ કેવી રીતે છે ? આચાર્યે કહ્યું કે, જ્યાં સુધી ન આવડે ત્યાં સુધી આંબીલ કરવાં. તેણે કબુલ કર્યું. ભણ્યો, અને બાર વર્ષે બાર ગાથા ભણ્યો, ત્યાં સુધી આયંબીલ કર્યાં, તેથી જ્ઞાનાવરણીય કર્મ ક્ષય પામ્યું. અને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તે પ્રમાણે અશકટ પિતાએ જેમ આગાઢ જોગમાં આંબીલ કર્યાં, તેમ દરેક યોગની તપશ્ચર્યા કરવી, તે ઉપધાન છે.

[5]**અનિન્હવણ** એટલે શ્રુત ભણ્યા પછી શ્રુત ભણાવનારનો લોપ ન કરવો. જ્યારે કોઈ પુછે, ત્યારે સત્ય કહેવું કે હું તેમની પાસે આ ભણેલો છું. જો લોપ કરે તો ચિત્તની મલિનતા થાય. માટે બીજો ન કહેવો. તેનું દૃષ્ટાંત. અસ્ત્રો વિગેરે રાખનાર હજામની પાસે વિદ્યાબળ હોવાથી તેનો અસ્ત્રો વિગેરે રાખવાની કોથળી આકાશમાં ચાલતી હતી. તેની પાસેથી કોઈ પરિવ્રાજકે અનેક વસ્તુ આપી ને ખુશ કરી, તે વિદ્યા શીખી લીધા પછી તે બીજી જગ્યાએ ગયો. અને તેના ત્રિદંડને આકાશમાં ચલાવ્યો. તેથી મહાજને તેને પૂજ્યો, અને રાજાએ પૂછ્યું કે, જે આપને આ લબ્ધિ પ્રકટ થઈ છે, તે વિદ્યાનો અતિશય છે, કે તપનો ? ઉત્તર-વિદ્યાનો. ફરી પૂછ્યું ક્યાં ભણ્યા ? ઉત્તર-ફલાહાર કરનાર ઋષિપાસેથી હિમાચળમાં. આ પ્રમાણે બોલતાં સંક્લેશ દુષ્ટતાથી ત્રિદંડ સ્ખલન થઈ ખટ દઈને નીચે પડ્યો. એ પ્રમાણે જે કોઈ સામાન્ય વિદ્યા જ્ઞાન (બોધ) વાળા પાસે ભણી તેનું નામ ન દેતાં બીજાનું નામ દે તો, તેનું ભણેલું શાસ્ત્ર જ્ઞાન તેના મલિન ચિત્તપણાથી પરલોકને વિષે હિતકારી ન થાય. આ અનિન્હવ કહ્યો. તથા [6]**વ્યંજન** (ઉચ્ચારણ) તથા [7]**અર્થ** તથા [8]**બંન્ને શુદ્ધ** બોલવાં. તે જો ન બોલે, તો શ્રુતજ્ઞાન ન થાય. માટે ભણતાં, અર્થ વિચારતાં, ભેદ ન કરવો. વ્યંજનભેદ આ-પ્રમાણે છે. 'धम्मो मंगल मुक्किट्टं' તેને બદલે તેજ અર્થવાળા શબ્દો 'पुण्णं कल्याणमुक्कोसं' બોલે; અર્થ ભેદ આ પ્રમાણે છે. 'आवन्ती केयावन्ती लोगंसी विप्परामुसन्ति' આ આચાર સૂત્રમાં પાઠ છે. તેનો અર્થ यावन्तः केचन लोके अस्मिन् पाखंडी लोक परामृशति' આ પ્રમાણે અર્થ કહેવાનો હોય ત્યાં अवन्ति जनपदे केया रज्जुर्वान्ता, पतिता, लोकः परामृशति कूप એમ અર્થ કરે. તથા ઉભયભેદ એટલે સૂત્ર તથા અર્થ બન્નેનો ભેદ યથા સ્વરૂપથી મર્દન કરે (બદલે) જેમ કે धर्म मंगल, उत्कृष्ट, अहिंसा पर्वत मस्तक વિગેરે છે. અહીં તેનો દોષ આ છે વ્યંજન ભેદ થવાથી અર્થભેદ થાય. અર્થભેદ થવાથી ક્રિયાભેદ થાય અને ક્રિયાભેદ પડવાથી તેના અભાવમાં મોક્ષ ન થાય. અને મોક્ષ ન થાય તો લીધેલી દીક્ષા વ્યર્થ થાય. એક વખત રાજાએ લખ્યું કે, કુમારને ભણાવો ? (અધીયતામ્) પણ રાણીએ (अंधीयताम्) લખી કુમારને ભણાવવાને બદલે અંધો કરવા લેખ મૂક્યો. (સૂત્રોચ્ચારમાં એક બિન્દી આઘીપાછી થાય તો કેટલો અનર્થ થાય તે વિચારવું) આ સંબંધમાં અહીં પ્રયોજન વિશેષ નથી, તથા અનુયોગદ્વારમાં કહેલ છે, માટે અહીં કહેતા નથી. આ પ્રમાણે જ્ઞાનનો આઠ પ્રકારનો આચાર કાલાદિભેદ દ્વારે જ્ઞાનનો આસેવન પ્રકારવાળો છે. (ગાથાર્થ) હવે ચારિત્રાચાર કહે છે. ॥ ૧૮૪ ॥

[1]पणिहाणजोगजुत्तो, पंचहिं समिईहिं तिहि य गुत्तीहिं । एस चरित्तायारो, अट्ठविहो होइ नायव्वो. ।। १८५ ।।

પ્રણિધાન તે ચિત્ત શાંતિ તે જેમાં પ્રધાન છે, એવો યોગ (વ્યાપાર) તે પ્રણિધાન યોગયુક્ત આ સામાન્ય રીતે અવિરત સમ્યગ્ યોગ દૃષ્ટિવાળો ગૃહસ્થ પણ હોય, તેથી વિશેષ કહે છે. પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિથી જે પ્રણિધાન યોગ યુક્ત આવાજ યોગવાળો જે હોય, તે જ યોગવાળો કહેવાય અથવા પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિ આ વિષયમાં જે આઠને આશ્રયીને પ્રણિધાનયુક્ત આ ચારિત્રાચાર છે, તે આચાર અને આચારવાળાની કોઈ અંશે સાથે રહેવાથી આઠ પ્રકારનો જાણવો. સમિતિ ગુપ્તિમાં કંઈક ભેદ છે, તેને આશ્રયી છે. સમિતિ ગુપ્તિનું રૂપ શુભ પ્રવિચાર, અપ્રવિચાર જેમ પ્રતિક્રમણમાં છે, તે પ્રમાણે જાણવું. (સમિતિ તેમાં શુભ યોગમાં પ્રવર્તન રૂપ છે. ગુપ્તિમાં અશુભ કે શુભ બન્નેમાં પ્રવર્ત્તન રોકે, તે ગુપ્તિ છે. જેમ કે વિચારીને બોલે તે ભાષા સમિતિ છે. પણ ન બોલે, ન ચેષ્ટા કરે, મનઃ સ્થિર રાખે, તે વચનગુપ્તિ કહેવાય છે.) ચારિત્રાચાર કહ્યા પછી તપાચાર કહે છે. ॥ ૧૮૫ ॥

[2]बारसअविहम्मि वि तवे, सब्भंतरबाहिरे कुसलदिट्ठे । अगिलाइ अणाजीवी, नायव्वो सो तवायारो ।। १८६ ।।

બાર પ્રકારના અભ્યંતર તથા બાહ્ય તપનું વર્ણન પહેલા અધ્યયન માં. ગા. નં. ૪૬/૪૭માં કરેલું તે બાહ્યમાં પ્રથમ અનશનથી માંડીને અભ્યંતરમાં પ્રાયશ્ચિત્ત વિગેરે છે, તે કુશળ દૃષ્ટ તે તીર્થંકરે બતાવેલા તપમાં ગ્લાની રહિત, રાજવેઠ માફક ન ગણતાં, યથાશક્તિ એ સ્પૃહા રહિત મોક્ષફળ માટે સમજીને તે જાણવો. તે તપાચાર છે. એટલે આચાર, અને આચારવાળો, એ બેનું કંઈક અંશે એકપણું બતાવ્યું ગાથાર્થ. ૧૮૬ ॥

अणिगूहियबलवीरियो, परक्कमइ जो जुंहुत्तमाउत्तो । जूंजइ अ जहाथामं, नायव्वो वीरियायारो ।। १८७ ।।

તપાચાર પછી વીર્યાચાર કહે છે. બળ, અને વીર્ય, બાહ્ય આભ્યંતર છે. તેને છૂપાવ્યા વિના યથોક્ત ૩૬ લક્ષણવાળા તે જ્ઞાન દર્શન ચારિત્રના ૨૪ તથા તપના બાર મળીને ૩૬ ભેદ થયા. તે ભેદવાળા આચારને ઉપયુક્ત (આદરવામાં એક ચિત્તવાળો) થાય. પરાક્રમ કરે. એટલે ગ્રહણકાલમાં ઉદ્યુક્ત રહે, પછી તેમાં પોતાનું જેટલું શરીરબળ, મનબળ હોય, તેટલું ઉપયોગમાં લઈ છત્રીશ પ્રકારના આચાર પાળે. પણ સામર્થ્ય પ્રમાણે તપ કરે, (હદ બહાર પણ નહી, તેમ પ્રમાદ પણ નહીં.) આ વીર્યાચાર છે. તે પણ આચાર (ગુણ) આચારવાન (ગુણી) બન્નેને કંઈક અંશે એકપણું છે. આ પ્રમાણે વીર્યાચાર કહ્યો અને તે કહેવાથી પાંચે પ્રકારના આચારનું વર્ણન થયું. હવે કથાનું સ્વરૂપ બતાવે છે. ॥ ૧૮૭ ॥

अत्थकहा कामकहा, धम्मकहा चेव मीसिया य कहा एत्तो एक्केक्कावि य, णेगविहा होइ नायव्वा ।। १८८ ।।

સંસારિક વિદ્યા ભણવી તેનું પ્રધાનપણું જેમાં હોય તે અર્થકથા, સંસાર વધે તે કામ કથા, તથા ધર્મ વધે તે ધર્મ કથા, તેમ જ એકેકથી યુક્ત તે મિશ્ર કથા છે, અને એથી જ આ એકેક કથા પણ અનેક પ્રકારની છે ॥ ગાથાર્થ ૧૮૮ ॥ હવે કથાનું વિવેચન કહે છે.

૧. તુલના કરો. ઉત્તરા. અ. ૨૪ થી ૨૫, ૨૯/૫૫-૫૬
आ. नि. ૪-૮
(૨) સ્થાનાંગ - ૬, સૂ ૬૫

विज्जासिप्पमुवाओ, अणिवेओ संचओ य दक्खत्तं । सामं दंडो भेओ, उवप्पयाणं च अत्थकहा ।। १८९ ।।

सत्थाहसुओ दक्खत्तणेण, सेट्ठीसुओ य रूवेणं । बुद्धिए अमच्चसुओ, जीवइ पुन्नेहिं रायसुओ ।। १९० ।।

[1]વિદ્યા[2]શિલ્પ [3]ઉપાય [4]અનિર્વેદ, [5]સંચય, [6] દક્ષપણું, [7]શામ, [8]દંડ, [9]ભેદ, [10]ઉપપ્રદાન, આ દશ પ્રકારની અર્થ કથા જાણવી કારણ કે તેમાં પૈસા પેદા કરવા માટે જ પ્રધાનપણું છે. આ ગાથાર્થ છે, ભાવાર્થ વૃદ્ધના વિવરણથી જાણવો, તે આ પ્રમાણે.

વિદ્યાને આશ્રયી અર્થ કથા, તે વિદ્યા ભણી પૈસા પેદા કરે, જેમ કે કોઈએ વિદ્યા સાધી, તે તેને પ્રભાતે પાંચ (રૂપિયા) આપે છે. અથવા સત્યકી વિદ્યાધર, ચક્રવર્તીને વિદ્યાના પ્રભાવથી ભોગો મળ્યા. તે સત્યકીની ઉત્પત્તિ, તથા શ્રાદ્ધ કુળમાં રહ્યો, તથા મહેશ્વર નામ થયું, એ બધું આવશ્યક સૂત્રમાં તથા યોગ સંગ્રહમાં છે, તે અહીં કહેવું - વિદ્યાનું કહ્યા પછી હવે શિલ્પનું કહે છે. શિલ્પ (હુન્નર) શીખી ધન મેળવે. એનું ઉદાહરણ-કોકાશ નામના કારીગરે ધન મેળવ્યું તે આવશ્યક સૂત્રમાં છે, તેમ જાણવું. ઉપાય કથા, ચાણક્યની કથા, તેણે અનેક ઉપાયો કરી ધન મેળવ્યું. કેવી રીતે ?

ઉત્તર-બે મારી પાસે ધાતુરક્ત છે. વિગેરે આવશ્યકથી દૃષ્ટાંત જાણવું. હવે નિર્વેદ રહિત ઉદ્યમ કરવો તેમાં મમ્મણ શેઠનું પણ દૃષ્ટાંત આવશ્યક સૂત્રથી જાણવું. હવે દક્ષત્વ તે પ્રસંગ સહિત કહે છે. ।। ૧૮૯, ૧૯૦ ।।

दक्खत्तणयं पुरिसस्स, पंचगं सइगमाहु सुंदरं । बुद्धी पुण साहस्सा, सयसाहस्साइं पुन्नाइं ।। १९१ ।।

દક્ષપણાથી સાર્થવાહના પુત્રને ૫, શેઠના પુત્રને સુંદરતાથી ૧૦૦, મંત્રીપુત્રને બુદ્ધિથી ૧૦૦૦ અને રાજપુત્રને પુણ્યથી એક લાખ મળ્યા. આ ગાથાનો અર્થ છે. ભાવાર્થ કથાથી જાણવો, તે આ પ્રમાણે છે.

જ્યારે બ્રહ્મદત્ત કુમાર, મંત્રી પુત્ર, શેઠીયાનો પુત્ર, તથા સાર્થવાહનો પુત્ર, આ ચારે જણાને માંહોમાંહે (અંદરોઅંદર) વાદ થયો કે, આપણામાં કોણ, કોનાથી જીવે છે. ત્યારે રાજપુત્રે કહ્યું હું પુણ્યથી જીવું છું. મંત્રીપુત્ર બોલ્યો, હું બુદ્ધિથી, શ્રેષ્ઠીપુત્રે કહ્યું, હું સુંદરતાથી, સાર્થવાહનો પુત્ર બોલ્યો, હું ચતુરાઈથી. તે બધાએ બોલ્યા, આપણે બીજે સ્થળે જઈ પરીક્ષા કરીએ. પછી જેમાં કોઈ ન જાણે તેવા નગરમાં ગયા. ઉદ્યાનમાં રહ્યા. પછી દક્ષને કહ્યું, શિઘ્ર (જલ્દી) ભોજન લાવ. તે શહેરના એક મહોલામાં વૃદ્ધ વાણીઆની દુકાને ઊભો રહ્યો, ત્યાં ઘણા ખરીદનારા આવ્યા. તે દિવસે કંઈ ઓચ્છવ છે, તેથી તે વાણીઓ પડીઓ બાંધવા અસમર્થ હતો, તેથી સાર્થવાહના પુત્રે દક્ષપણાથી જેને જે જોઈએ તે મીઠું, તેલ, ઘી, ગોળ, સુંઠ, મરચાં વિગેરે દરેકને આપ્યાં, તેથી વાણીઆને ઘણો લાભ થયો. તેથી તે પ્રસન્ન થઈ બોલ્યો કે, આપ અહીં રહેનાર છો કે પરદેશી મુસાફર છો ? તેણે કહ્યું, પરદેશી મુસાફર. વાણીઆએ કહ્યું, તો અમારે ઘેર જમવા ચાલો. પેલાએ કહ્યું, મારા સહાયકો ઉદ્યાનમાં બેઠા છે. તેના વિના હું ખાતો નથી. વણીકે કહ્યું કે બધાઓને લઈ આવો. તેથી બધાને બોલાવ્યા. તેઓ આવ્યા. ત્યારે વાણીઆએ ભોજન, સમારંભ (સત્કાર) તથા પાન સોપારી વિગેરે આપીને પાંચ રૂપૈયા આપ્યા. બીજે દિવસે વાણીઆ (શેઠ)ના પુત્રને કહ્યું, આજે તમારે ભોજન અપાવવું. પેલાએ હા કહી. તેથી તે ઊઠીને ગણિકાના મહોલ્લામાં સુંદર રૂપ કરીને ગયો. ત્યાં દેવદત્તા નામની ગણિકા, પુરુષની

દ્વેષિણી બની, ઘણા શ્રેષ્ઠી પુત્રોએ તથા રાજપુત્રોએ, માગણી કર્યા છતાં ઇચ્છતી નથી પણ શેઠપુત્રનું સુંદર સ્વરૂપ જોઈ તે દિવસે ઠેકાણે આવી. દાસીએ તે વાત તેની માને કહી. આજે દેવદત્તા એક શેઠ પુત્રને તાકી તાકીને જુવે છે, તેથી તેની માએ કહ્યું કે, એ શેઠપુત્રની પાસે જઈને કહે કે મહેરબાની કરીને આજે અમારે ત્યાં ભોજન કરજો, પેલાએ ખુલાસો કર્યો. તેણે હા પાડી, બધાઓને શેઠ પુત્રે બોલાવ્યા. સાથે આવીને જમ્યા અને સો રૂપૈયાનો તે દિવસે ખર્ચ થયો. ત્રીજે દિવસે મંત્રીપુત્રને કહ્યું કે આજે તમારો વારો છે. બધાને ભોજન આપવું. પેલાએ હા કહી. તે કરણશાલા (ન્યાયમંદિર)માં ગયો, ત્યાં ન્યાયાધીશે બે શોક્યનો એક પુત્ર માટે ટંટો હતો. તેનો બે દિવસ સુધી નિકાલ કર્યો નહોતો. તેથી તે ત્રીજે દિવસે મંત્રીપુત્ર આવ્યો, ત્યાં જોયું તો એક પુરુષ મુઓ, તેને બે પત્નીઓ હતી. એકને પુત્ર હતો, બીજી અપુત્રા હતી. પણ બીજીએ સ્નેહથી તેને એવો કરેલો કે તે ખરી માને પણ ભૂલી ગયો હતો, બંને બોલતી કે આ અમારો પુત્ર છે. ન્યાય થઈ શક્યો નહોતો, તેથી સમય જોઈ મંત્રી પુત્રે કહ્યું, હું ન્યાય આપું છું, સાંભળો. ધનના બે ભાગ કરો તથા પુત્રના બે ટુકડા કરો અને વહેંચી આપો. તેથી ખરી માતા બોલી કે મારે દ્રવ્યનું કામ નથી, તેમ પુત્ર પણ તેને આપો, તેથી હું તેને જીવતો પણ જોઈશ. બીજીએ મૌન ધારણ કર્યું. તેની ખરી માતાની પરીક્ષા થતાં પુત્ર તેને આપ્યો. તેથી ખરી માતાએ પ્રસન્ન થઈ તેને એક હજારનો ઉપભોગ આપ્યો. (ભેટ આપી) ચોથે દીવસે રાજપુત્રને કહ્યું. આજે તમારો વારો છે, તમારે અધિક પુણ્યવડે યોગ વહન કરવું. પેલાએ હા પાડી, તેથી રાજપુત્ર તેમની પાસેથી નીકળી ઉદ્યાનમાં ગયો, તે રાજા અપુત્ર મર્યો, ઘોડો તૈયાર કર્યો કે, તે જેને પસંદ કરે તેને તેના ઉપર બેસાડી લાવો, તે ઘોડો તથા માણસો જ્યાં રાજપુત્ર બેઠો છે, તેના ઉપરથી ઝાડની છાયા ખસતી નથી, તેથી ઘોડાએ ખુશ થઈને ત્યાં ઊભા રહી ખુંખારો કર્યો, રાજ્યપદે તેને સ્થાપ્યો. અનેક લાખની પ્રાપ્તિ થઈ. આ પ્રમાણે અર્થ પ્રાપ્તિ થઈ. આ દક્ષદ્વાર કહ્યું. હવે સામ, ભેદ, દંડ, ઉપપ્રદાન એ ચારથી અર્થ મળે છે તે બતાવે છે. તેનું ઉદાહરણ-એક શીયાળે ભમતાં હાથી મરેલો દેખ્યો, તેણે ચિંતવ્યું, મેં ઉપાય કરી મેળવ્યો, તો હવે જરૂર ખાઉં. તેટલામાં સિંહ આવ્યો, તેથી શીયાળીએ ચિંતવ્યું કે એવી ચેષ્ટા સહિત (શું કરે છે તે જોતાં) ઊભા રહેવું. સિંહે કહ્યું હે ભાણજા ! કેમ ઊભો રહ્યો ? તેણે કહ્યું મામા ! કંઈક તેવું જ છે. સિંહે કહ્યું આ કોણ મરી ગયેલું છે ? શિયાળ બોલ્યો હાથી મરેલો છે. સિંહ - કોણે માર્યો ? શિ-વાઘે માર્યો. સિંહે વિચાર્યું કે ઓછી (નીચ) જાતિએ મારેલું હું કેમ ખાઉં, તેથી ખાધા વિના સિંહ ગયો. આ (શામ)નું દૃષ્ટાંત છે. પછી વાઘ આવ્યો, ત્યારે શીયાળીએ કહ્યું હે વાઘ ! આ હાથીને મારીને સિંહ પાણી પીવા ગયો છે. (માટે ભાગી જા) તેથી વાઘ જતો રહ્યો. આ ભેદનું દૃષ્ટાંત છે. એવામાં કાગડો આવ્યો તેથી શિયાળીએ વિચાર્યું કે જો હું એને નહીં આપું તો કા કા કરીને કાગડા ભેગા કરશે તેમના શબ્દથી શિયાળીઆ વિગેરે આવશે, તેથી કેટલાકને વારીશ, તેથી તેને આપું એમ વિચારી કકડો કાપી આપ્યો. આ દાનનું દૃષ્ટાંત છે તે લઈને ઊડી ગયો. ત્યાં બીજો શિયાળીઓ આવ્યો તેણે વિચાર્યું કે તેની સાથે હઠ કરીને અટકાવું, તેથી જોરથી આંખ ચડાવી દોડ્યો અને આવેલો શિયાળીઓ ભાગી ગયો તેને માટે આ દૃષ્ટાંત છે.

उत्तमं प्रणिपातेन शूरं भेदेन योजयेत् । नीचमल्पप्रदानेन, सदृशं च पराक्रमैः ।। १ ।।

એ પ્રમાણે ઉત્તમ પુરુષોને નમસ્કારથી, શૂરને ભેદ પડાવીને, નીચને થોડો ભાગ આપીને, અને બરીબરીઆને લડીને કામ લેવું. ॥ ૧૯૧ ॥

रूवं वओ य वेसो, दक्खत्तं सिक्खियं च विसएसुं । दिट्ठं सुयमणुभूयं च, संथवो चेव कामकहा ॥ १९२ ॥

[1]રૂપ તે સુંદર આકાર કે વર્ણ હોય તે, [2]વયમાં જુવાની, [3]વેષ સ્વચ્છ વસ્ત્રો પહેરવા. [4]દાક્ષિણ્ય તે માર્દવપણું, [5]શિક્ષણ તે જુદા જુદા વિષયો શીખવવા અથવા કલા શીખવવી, [6]દૃષ્ટાંત એટલે અદ્‌ભૂત દેખ્યું હોય, તેને આશ્રયીને તથા [7]સાંભળ્યું હોય, તથા [8]અનુભવ્યું હોય તે, [9]સંસ્તવ એટલે પરિચય આ સંબંધી જે કથા કરાય તે કામ કથા.

રૂપના સંબંધમાં વસુદેવ વિગેરેનાં દૃષ્ટાંત છે. યુવાનીમાં પ્રાયઃ બધાએ લાવણ્યથી મનોહર હોય છે. કહ્યું છે કે -

यौवनमुदग्रकाले विदधाति विरूपकेऽपि लावण्यम् । दर्शयति पाकसमये, निम्बफलस्यापि माधुर्यम् ॥ १ ॥

જુવાનીમાં પોતાના સમયમાં વિરૂપને પણ લાવણ્ય બનાવે છે. કારણ કે લીમડાને લીંબોળીઓ પણ પાકે ત્યારે મધુર રસવાળી થાય છે. ઉજ્વળ વેશ પણ કામાંગ છે; કારણ કે કોઈ પુરુષ ઉજ્વલ વેશ ધારીને જતો હોય તો સ્ત્રી તેનાથી લોભાય છે. તે પ્રમાણે દાક્ષિણ્યમાં પણ 'पंचालः स्त्रीषु मार्दवम्' સ્ત્રીઓને માર્દવ પ્રિય છે, એમ પાંચાલ પંડિત કહે છે. શિક્ષા કલાઓમાં કામાંગને પુષ્ટિ આપે છે. કહ્યું છે કે -

कलानां ग्रहणादेव, सौभाग्यमुपजायते । देशकालौ त्वपेक्ष्यासां, प्रयोगः संभवेन्न वा ॥ १ ॥

કલાઓ શીખવાથી જ સૌભાગ્ય ઉત્પન્ન થાય છે. આ કલાઓનો દેશ કાળને આશ્રયીને પ્રયોગ સંભવે અથવા ન પણ સંભવે.

બીજા આચાર્ય કહે છે કે અહીં અચલ તથા મૂળદેવ એ બન્ને પાસે દેવદત્તા વેશ્યાએ શેલડી માગતાં અચલે છોલ્યા વિનાની ઘણી આપી, પણ મૂળદેવે છોલીને થોડી આપી. ત્યારે દેવદત્તા મૂળદેવ ઉપર પ્રસન્ન થઈ. દેખેલાને આશ્રયીને જેમ કે નારદે રૂક્મણીનું સ્વરૂપ બતાવીને વાસુદેવ પાસે યાચના કરાવી, અને નારદ પાસે સાંભળીને પદ્મનાભે પોતાના મિત્ર દેવ પાસે દ્રોપદીનું હરણ કરાવ્યું. અને અનુભૂતને આશ્રયીને તરંગવતીએ પોતાનો અનુભવ કહ્યો, તે સંબંધી છે. અને સંસ્તવ તે કામ કથા પરિચય, કારણ કે તે પ્રમાણે કામ સૂત્રનો પાઠ હોવાથી છે બીજા આચાર્ય આમ કહે છે.

सइदंसणाउ पेम्मं, पेम्माउ रई रईय विस्संभो । विस्संभाओ पणओ, पंचविहं वड्ढए पेम्मं ॥ २ ॥

[1]દર્શન થયે છતે [2]પ્રેમ થાય, [3]પ્રેમથી રતિ, [4]રતિથી વિશ્રંભ, [5]વિશ્રંભથી પ્રયણ, (સંબંધ) આ પાંચ પ્રકારે પ્રેમ વધે. (તેના સંબંધમાં લૌકિક કથા છે. એક સમયે વેદવ્યાસે સૂત્ર લખ્યું કે, જ્ઞાની પણ ભૂલે, આ તેમના મુખ્ય શિષ્ય (પુત્રને) વાંચતાં રૂડું ન લાગવાથી આગ્રહ કર્યો કે; જ્ઞાની ભૂલે તેને બદલે અજ્ઞાની ભૂલે, એમ લખો. પણ વેદ વ્યાસે ન માન્યું. શિષ્યે હઠ લેવાથી ભવિષ્યનો વાયદો કર્યો, તે દિવસે ત્રીજા પહોરે વરસાદ વરસ્યો. ઠંડો વા વાયો. કોઈ સ્ત્રી ભીંજાઈ ઠંડીથી કંપતી શિષ્યથી થોડે દૂર ઝાડ નીચે ઊભેલી હતી. તેના ઉપર શિષ્યની દૃષ્ટિ ગઈ. તેથી પ્રેમ ઊપજ્યો. પાસે જઈ આગ્રહ કરી પોતાની જોડે ઓટલા ઉપર બેસાડી. ઝાડની છાલનાં કપડાં પહેરવા આપ્યાં તો પણ

કંપતી જોઈ અંદર તાપવા મોકલી. ત્યાં યજ્ઞ કુંડ આગળ સ્ત્રીને તાપતાં શાંતિ થઈ. શિષ્ય ત્યાં ગયો. રતિ થઈ, પછી તેને દિલાસો આપી ધીરે ધીરે પાસે જઈ તેના અંગે હાથ ફેરવતાં ગળે હાથ નાંખી ગાલ ઉપર મોઢું લગાવવા જતાં સ્ત્રીને બદલે ગુરુને દેખ્યા. ત્યારે શિષ્યની આંખો ઊઘડી ગઈ, કે આ તો મારી પરીક્ષા કરવા ગુરુએ બધું કર્યું છે તે ઉપરથી લોકોત્તરમાં પણ આત્માર્થી સાધુએ એમ સમજવું કે સ્ત્રી અથવા સાધ્વી સાથે એકાન્ત પરિચયથી ઉપર પ્રમાણે કુકર્મનું વલણ થાય છે. માટે તેવો પ્રસંગ ન લાવવો. આ કામ કથા કહીને [1]ધર્મ કથાનું વર્ણન કરે છે. ॥ ૧૯૨ ॥

**धम्मकहा बोद्धव्वा, चउव्विहा धीरपुरिसपन्नत्ता । अक्खेवणि, विक्खेवणि, संवेगे चेव निव्वेए ।। १९३ ।।**

**आयारे ववहारे, पन्नत्ती चेव दिट्ठीवाए य । एसा चउव्विहाखलु, कहा उ अक्खेवणी होइ ।। १९४ ।।**

ધર્મ સંબંધી કથા તે ધર્મકથા ચાર પ્રકારની છે. તે તીર્થંકર ગણધર ભગવંતે બતાવી છે. [1]આક્ષેપણી, [2]વિક્ષેપણી, [3]સંવેગ, [4]નિર્વેદ છે. સૂચના માટે સૂત્રમાંની સંવેગ એટલે સંવેગ લાવનારી,

૧. **ચાર કથાની વ્યાખ્યા**

(૧) આક્ષેપણી - જ્ઞાન-ચારિત્ર વગેરેમાં આકર્ષણ ઉત્પન્ન કરવાવાળી કથા.

(૨) વિક્ષેપણી - સન્માર્ગની સ્થાપના કરવાની કથા.

(૩) સંવેદની - સંસારીક દુઃખનું પ્રતિપાદન કરી વૈરાગ્ય ઉત્પન્ન કરાવવાની કથા.

(૪) નિર્વેદની - ભોગોની તરફ ઉદાસીન બતાવવાવાળી કથા.

**કથા**

**ચાર પ્રકારે**

| (૧) **અર્થ** | (૨) **કામ** | (૩) **ધર્મ** | (૪) **મિશ્ર** |
|---|---|---|---|
| (૧) વિદ્યા | (૧) રૂપ | (૧) આક્ષેપણી | (૧) લૌકિક |
| (૨) શિલ્પ | (૨) વય | (૨) વિક્ષેપણી | (૨) વૈદિક |
| (૩) ઉપાય | (૩) વેશ (વસ્ત્રભૂષા) | (૩) સંવેદની | (૩) સામયિક |
| (૪) અનિર્વેદ | (૪) દક્ષતા | (૪) નિર્વેદની | કથા, વિકથા, અકથા |
| (૫) સંચય | (૫) વિષયકલાનું શિક્ષણ | | |
| (૬) દક્ષપણું | (૬) દૃષ્ટાન્ત | | |
| (૭) સામ | (૭) સાંભળવું | | |
| (૮) દંડ | (૮) અનુભવ | | |
| (૯) ભેદ | (૯) પરિચય | | |
| (૧૦) ઉપપ્રદાન | | | |

ધર્મમાં

**(૧) આક્ષેપણી**

(૧) આચાર = સાધુના આચાર-તપનું નિરૂપણ

(૨) વ્યવહાર = વ્યવહાર-પ્રાયશ્ચિત્ત વગેરેનું નિરૂપણ

(૩) પ્રજ્ઞપ્તિ = સંશયગ્રસ્ત શ્રોતા વિગેરેને સમજાવવું.

(૪) દૃષ્ટિવાદ = શ્રોતાગણની યોગ્યતા પ્રમાણે તત્ત્વજ્ઞાન આપવું.

તથા નિર્વેદ લાવનાર છે. હવે બીજી ગાથામાં ભાવાર્થ કહે છે. આચાર તે લોચ કરવો, સ્નાન ન કરવું વિગેરે છે. વ્યવહાર તે દોષ લાગવાથી પ્રાયશ્ચિત્ત લઈ શુદ્ધ થવું તે, પ્રજ્ઞપ્તિ એટલે શિષ્યને સંશય પડતાં મધુર વચને પ્રજ્ઞાપના (સમાધાન) કરવું. દૃષ્ટિવાદ સાંભળનારને હોંશીયાર હોય તો સૂક્ષ્મ જીવાદિનું ભાવ કથન કરવું, બીજા કહે છે, આચારાંગ વિગેરેમાં આચારનું વર્ણન કરવાથી તે નામનાં સૂત્રો લેવાં આચારાંગ, વ્યવહાર, ભગવતી, પ્રજ્ઞાપના તથા દૃષ્ટિવાદ, સૂત્ર વગેરે લેવાં. ચાર પ્રકારમાં ખલુ શબ્દનો વિશેષણ અર્થ છે કે સાંભળનારની અપેક્ષાએ આચાર વિગેરે ભેદોને આશ્રયીને આક્ષેપણી કથા ઘણા પ્રકારની છે. તુ નો અર્થ 'જ' છે. એટલે કથા તે જ જે પ્રજ્ઞાપકે કહી હોય તે પણ બીજાએ કહેલી તે નહી. અને મોહથી છોડાવી તત્ત્વ તરફ જે કથા વડે ભવ્ય પ્રાણીઓને લઈ જવાય તે આક્ષેપણી કથા છે. હવે એના રસને કહે છે ॥ ૧૯૩, ૧૯૪ ॥

**विज्जाचरणं च तवो, पुरिसक्कारो य समिइगुत्तीओ । उवइस्सइ खलु जहियं, कहाइ अक्खेवणीइ रसो ।। १९५ ।।**

[१]વિદ્યા એટલે જ્ઞાન તે અત્યંત અપકાર કરનાર અજ્ઞાન અંધકારને ભેદનારૂં છે. [२]ચરણ તે તે ચારિત્ર એટલે સમગ્ર વિરતિ રૂપ છે. [३]તપ તે અનશનાદિ બાર પ્રકારે છે પુરુષાકાર એટલે કર્મ શત્રુઓ પ્રત્યે પોતાના વીર્યનો ઉત્કર્ષ (અર્થાત્ પરિસહ વિગેરેમાં સ્થિર રહેવું) તથા [४]સમિતિ [५]ગુપ્તિઓ પૂર્વે કહી ગયા તે છે. એ બધાં સાંભળનારની અપેક્ષાએ તેની આગળ કહેવાં. એ પ્રમાણે જ્યાં કોઈ પણ સ્થળે આ ઉપદેશ આક્ષેપણી કથાનો રસ એટલે સાર છે. (જ્ઞાન ચારિત્ર તપ વિગેરેનું સ્વરૂપ બતાવી સંસારથી તેને છોડાવવો અને એવી રીતે સમજાવવું કે તે સાંભળનારને અસર થાય તેમ) ॥ ૧૯૫ ॥ આક્ષેપણી કથા કહીને હવે વિક્ષેપણી કથા કહે છે.

---

**(૨) વિક્ષેપણી**

(૧) પોતાના શાસ્ત્રનું પ્રતિપાદન કરી પછી બીજાના શાસ્ત્રનું પ્રતિપાદન કરે

(૨) બીજાના શાસ્ત્રનું પ્રતિપાદન કરી પછી પોતાના સિદ્ધાન્તની સ્થાપના કરે.

(૩) મિથ્યાવાદનું પ્રતિપાદન કરી પછી સમ્યગ્વાદની સ્થાપના કરે.

(૪) સમ્યગ્વાદનું પ્રતિપાદન કરી પછી મિથ્યાવાદનું પ્રતિપાદન કરે.

**(૩) સંવેજની**

(૧) આત્મ શરીર = શરીરની અશુચિનું વર્ણન કરી શ્રોતાના મનમાં સંવેદ ઉત્પન્ન કરે.

(૨) પરશરીર = મૃતકશરીર = અશુદ્ધિનું વર્ણન કરી સંવેગ ઉત્પન્ન કરે.

(૩) ઇહલોક = મનુષ્યજન્મની અસારતા દેખાડે.

(૪) પરલોક-દેવ-તિર્યંચ-નરકના મોહ-દુઃખ બતાવે.

**(૪) નિર્વેદ**

(૧) ચોર - પરદારિક વગેરે કર્મ

(૨) નારકીના જીવોને મનુષ્યભવમાં કરેલા કૃત્યનું ફલ

(૩) પૂર્વભવના દુષ્કૃત્યનું ફલ આ ભવમાં દુઃખ મળે તે.

(૪) પૂર્વભવના દુષ્કૃત્યનું ફલ પૂર્વ ભવમાં નિચ જાતિ હિંસકપક્ષી વિ.

**(૨) અકથા**

(૧) મોહાકુલ, મિથ્યાજ્ઞાની - અજ્ઞાની - વેષધારી

ગૃહસ્થ વગેરે જે કથા કરે તે અકથા.

कहिऊण ससमयं तो कहेइ परसमय महविवच्चासा । मिच्छासम्मावाए एमेव हवंति दो भेया ।। १९६ ।।

जा ससमयवज्जा खलु होइ कहा लोगवेयसंजुत्ता । परसमयाणं च कहा एसा विक्खेवणी नाम ।। १९७ ।।

जा ससमयेण पुव्विं अक्खाया तं छुभेज्ज परसमए । परसासणवक्खेवा परस्स समयं परिकहेइ ।। १९८ ।।

તે વિક્ષેપણી કથાના બે ભેદ છે. પોતાના (જૈન) સિદ્ધાંતના રહસ્યને કહી, પછી પરમતના સિદ્ધાંતના તત્ત્વને કહે, તે આ એક ભેદ છે. અથવા તેથી ઉલટું તે પ્રથમ પર સમયને કહી પછી પોતાના સિદ્ધાંતને કહે છે. અથવા મિથ્યાત્વની કથા તથા સમ્યગ્‌વાદની કથા કહે તે બે ભેદ છે. એટલે પ્રથમ મિથ્યાવાદને કહી, પછી સમ્યગ્‌વાદ કહે, અથવા પ્રથમ સમ્યગ્‌વાદને કહી, પછી મિથ્યાવાદને કહે. એ પ્રમાણે જે કથાથી કુમાર્ગથી સન્માર્ગે શ્રોતાઓને દોરીએ (એના માનેલા વિચારથી ખસેડીએ) તે વિક્ષેપણી કથા છે. ॥ ૧૯૬ ॥ એનો ભાવાર્થ વૃદ્ધના વિવરણથી જાણવો. તે આ પ્રમાણે છે. વિક્ષેપણી કથા ચાર

---

**(૨) વિકથા.**

(૧) સ્ત્રીકથા = સ્ત્રીસંબંધી

(૨) ભક્ત કથા = ભોજનસંબધી

(૩) દેશ કથા = દેશસંબંધી

(૪) રાજ્ય કથા = રાજ્યસંબંધી

**(૧) સ્ત્રી કથા**

(૧) સ્ત્રીજાતિની કથા*

(૨) 'સ્ત્રીનાકુલની' કથા

(૩) સ્ત્રીના રૂપની કથા

(૪) સ્ત્રીની વેશભૂષાની કથા

**(૨) ભક્ત કથા**

(૧) આવાપકથા-રસોઈની સામગ્રીની ચર્ચા

(૨) નિર્વાપક કથા-અન્ન-સાક વગેરેની ચર્ચા

(૩) આરંભ કથા-જમણવારની સામગ્રીની ચર્ચા

(૪) નિષ્ઠાન કથા-અમુક ભોજનમાં આટલી સામગ્રી અને આટલું ધન વગેરે લાવજો.

**(૩) દેશ કથા**

(૧) દેશચ્છંદ = જુદા જુદા દેશની વિવાહ વિધિની ચર્ચા

(૨) દેશવિધિ = ભોજન વગેરેની ચર્ચા

(૩) દેશવિકલ્પ = ગામ-નગર આદિની ચર્ચા

(૪) દેશ નેપથ્ય = જુદા જુદા દેશના વસ્ત્રોની ચર્ચા

**(૪) રાજકથા**

(૧) નિર્યાણ = રાજાનું નિષ્કરણ

(૨) અતિયાનક = રાજાના નગરપ્રવેશ આદિની ચર્ચા

(૩) બળ = રાજાની, સેના આદિની ચર્ચા

(૪) કોશ = રાજાના કોઠાર આદિની ચર્ચા

પ્રકારની છે. તે આ પ્રમાણે. (૧) સ્વસમય કહી પરસમય કહેવો (૨) પરસમય કહી સ્વ સમય કહેવો (૩) મિથ્યાવાદ કહીને સમ્યગ્વાદ કહેવો (૪) સમ્યગ્વાદ કહીને મિથ્યાવાદ કહેવો એટલે પ્રથમ પોતાના સમયના ગુણો બતાવી પછી પરસમયના દોષો બતાવે, આ વિક્ષેપણીનો પહેલો ભાંગો થયો. અને પ્રથમ બીજા મતનું સ્થાપન કરી તેના દોષો બતાવી પછી પોતાના સિદ્ધાંતનું સ્થાપન કરી તેના ગુણો બતાવે. (આ ૨જો ભાંગો થયો) ત્રીજા ભાંગમાં પર સમય કહી તેમાં જિનેશ્વરના વચન વિરૂદ્ધ જે તેઓએ બતાવેલું હોય તે પ્રથમ કહી તેઓના દોષો બતાવીને તેમાં ઘુણાક્ષર ન્યાયથી જિનેશ્વરના વચનને અનુકૂળ જે કથન કર્યું હોય તે બતાવે, અથવા મિથ્યાવાદ નાસ્તિકતા કહેવાય છે. સમ્યગ્‌વાદ તે આસ્તિક્તા છે, તેમાં પ્રથમ નાસ્તિકવાદનો મત કહી પછી આસ્તિકવાદનો મત કહેવો. (તે ત્રીજો ભાંગો થયો) ચોથા ભાંગામાં એ ભેદ છે કે પ્રથમ જૈન મતને અનુસરતું જે માનતા હોય તે બતાવવું, પછી વિરૂદ્ધ હોયતે બતાવવું. એ પ્રમાણે સાંભળનારને સમ્યગ્‌તત્ત્વમાં લાવવો. ॥ ૧૯૭, ૧૯૮ ॥

હવે વિક્ષેપણી કથાને જ બીજી રીતે કહે છે. જે પોતાના સમયને સર્વથા વર્જીને પર સમય જે માનતા હોય તેવા લોકમાં માનીતા રામાયણ વિગેરે, તથા વેદોમાં રૂગ્વેદ વિગેરે, એમાં જે કથન કર્યું હોય તે કહેવું. (આવો અર્થ ન લેતાં બીજી રીતે લઈએ તો વિધિ અને નિષેધના દ્વાર વડે તેનું વિશ્વવ્યાપકપણું હોવાથી જૈન મત સિવાયનું કોઈ કથન જ નથી) પર સમયમાં સાંખ્ય બૌદ્ધ વિગેરે સિદ્ધાંતોનું કથન હોય, તેમાં સામાન્ય રીતે જે દોષો હોય તે બતાવવા એ વિક્ષેપણી કથા છે; તેનો અર્થ આજ છે કે જે કથા વડે શ્રોતાને સુમાર્ગથી કુમાર્ગમાં અથવા કુમાર્ગથી સુમાર્ગમાં યુક્તિ વડે લાવી શકાય તે વિક્ષેપણી કથા છે. તે આ પ્રમાણે કે રામાયણમાં સામાન્યથી આ પણ તત્ત્વ છે, તેથી સરળ માણસ સુમાર્ગથી કુમાર્ગે પ્રવૃત્તિ કરી દે, તથા દોષ દેખાડવાના દ્વાર વડે પણ એકેન્દ્રિય પ્રાયશઃ એટલે એકેન્દ્રિય જેવાના પણ એવા દ્વેષી છે. એમ મિથ્યાઆલોચન વડે તેમને વિક્ષેપ થાય, તે ગાથાનો અર્થ છે. એને નહીં કહેતાં છતાં જે વિધિ છે, તે કહે છે. જે પોતાના સમય વડે કારણભૂત (આધાર લઈને) જે પૂર્વે કહ્યું, તે તત્ત્વ બતાવ્યું હોય, તે પર સમયમાં ક્વચિત્ જ દોષ બતાવવા વડે તેનું ખંડન કરે. જેમ કે અમારો અહિંસાદિ લક્ષણવાળો ધર્મ છે, સાંખ્ય મતવાળા પણ તેમ જ માને છે, જેમ કે તેઓ કહે છે કે, **'हिंसानाम भवेद्धर्मो, न भूतो न भविष्यति'**

હિંસા ધર્મ થાય, તેવું થયું નથી, થવાનું નથી, એ વચન વડે જૈન તથા સાંખ્યવાળા બરોબર થાય. પણ સાંખ્યમાં આટલો દોષ આવે છે કે, તેઓ આત્માને અપરિણામવાળો માને છે. તેમાં એ તત્ત્વ ન ઘટે, એકાંતથી આત્માને નિત્ય માને, અથવા અનિત્ય માને તો હિંસાનો જ અભાવ થાય, (નિત્ય માને તો હિંસા ન થાય તેમ અનિત્ય માને તો માર્યા વિના મરણ પામે તેથી સ્યાદ્‌વાદ માનવો સારો છે.) અથવા પરશાસન તે વ્યાક્ષેપ કરવાથી એટલે સાતમીનો અર્થ પાંચમીમાં લઈએ તો પરશાસન વડે જે કહેવાયું હોય, તે વડે વ્યાક્ષેપ એટલે સન્માર્ગના સન્મુખ લાવતાં છતાં પરના સમયને કહેવો, પછી તેના દોષ બતાવવા વડે તેને અસ્થિર કરી જૈન મતના ગુણ બતાવી સ્થિર કરવો ॥ ગાથાર્થ છે. ॥ ૧૯૮ ॥

હવે સંવેદની કથા કહે છે.

(અહીં સંવેદનીનો અર્થ સંવેગ ઉત્પન્ન કરનાર લેવો.)

**आयपरसरीरगया, इहलोए चेव तहय परलोए । एसा चउव्विहा खलु, कहा उ संवेयणी होइ ।। १९९ ।।**

**वीरियविउव्वणिड्ढी, नाणचरणदंसणाण तह इड्ढी । उवइस्सइ खलु जहियं, कहाइ संवेयणीइ रसो ।। २०० ।।**

જેના વડે સાંભળનારને સંવેગ થાય તે, સંવેદની કથા છે. ॥ ગાથાર્થ છે ॥ વૃદ્ધ સંપ્રદાય પ્રમાણે વિવરણ આ છે. તેથી ભાવાર્થ સમજવો. સંવેદની કથા ચાર પ્રકારની છે. (૧) આત્મ શરીર સંવેદની (૨) પરશરીર સંવેદની (૩) આલોક સંવેદની (૪) પરલોક સંવેદની. હવે પ્રથમ આત્મશરીર સંવેદની કથા કહે છે. જેમ કે આ મારૂં શરીર વીર્ય, લોહી, માંસ, મજ્જા, વસા, મેદ, હાડકાં, સ્નાયુ, ચામડું, વાળ, રોમ, નખ, દાંત, આંતરડાં વિગેરેના સમૂહથી બનેલું છે. અને પેશાબ વિષ્ટાથી ભરેલું છે, તેથી અપવિત્ર છે, એવું સાંભળવાથી સાંભળનારને સંવેગ (વૈરાગ્ય) ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે પરના શરીર સંબંધી પણ (એજ પ્રમાણે અશુચી બતાવવી તેને સંવેગ કરાવવો, તે પર શરીર સંવેદની છે. અથવા પર શરીરને વર્ણવતો સાંભળનારને વૈરાગ્ય ઉપજાવે તે પર શરીર સંવેદની કથા (આ સંબંધે લૌકિક બનેલી કથા જાણવા જેવી છે. કે એક શ્રેષ્ઠી પુત્રને કોઈ સુંદર સ્ત્રીથી મોહ થયો, તેથી એકાન્તમાં તેની પાસે ભોગની પ્રાર્થના કરી. સ્ત્રીએ તેને પ્રતિબોધ કરવા તેના શરીરમાં શું ભર્યું છે, તે પ્રત્યક્ષ બતાવવા એક માટીના નવા કુંડામાં પોતે ટટ્ટી જઈ વિષ્ટા પેશાબ થુંક બળખા તથા થોડું લોહી છરીની અણીથી કાઢી તે બધું મિશ્ર કરી તેના ઉપર રેશમી વસ્ત્ર લપેટી લાવી. તેને કહ્યું આ કુંડા સાથે સ્પર્શ કરો. સુગંધ લો, તથા વારંવાર તેનાથી આનંદ પામો, પેલાએ તેને ખુશ કરવા હાથમાં લઈ સુંઘ્યું તો, દુર્ગંધથી ભડકી કુંડું ફેકી દીધું. અને સ્ત્રીને ઠપકો આપ્યો કે આ શું કરે છે ? સ્ત્રીએ કહ્યું કે મારા શરીરમાં તમોને મોહ છે. તે બતાવવા કર્યું છે. અને રેશમી વસ્ત્ર એટલા માટે કે ઉપરથી મારી ચામડી સુંદર છે, તે તમને જણાય, તેથી પેલાને વૈરાગ્ય થયો, આંખોનો દુરુપયોગ ફરી ન થાય, માટે તે ફોડી નાંખી અને ઈશ્વરભક્તિમાં લીન થયો. આ પ્રમાણે લોકોત્તરમાં રાજીમતીનો દૃષ્ટાંત રહેનેમિનેપ્રતિબોધવા માટે છે, 'અશુચિ કાયારે મળ મૂત્રની ક્યારી તમને કેમ લાગે એવડી પ્યારીરે દેવરીઆ મુનિવર ધ્યાનમાં રહેજો.' ઇત્યાદિ)

હવે આ લોક સંબંધી સંવેદની કથાનું વર્ણન.

જેમ કે આ મનુષ્યનો જન્મ અસાર અધ્રુવ કેળના થડ સરખો નકામો છે. એ રીતે ધર્મકથાના કહેનારથી સાંભળનારને સંવેગ થાય, તેવી જ રીતે પરલોક સંબંધી કહે કે જેમ દેવો પણ ઇર્ષ્યા, વિષાદ, મદ, ક્રોધ, લોભ વિગેરે દુઃખોથી હારેલા (પીડાયલા) છે, તો પછી તિર્યંચ નારકી સંબંધી શરીરનાં દુઃખોનું વધારે શું કહેવું. વક્તા આવી રીતે કહે ત્યારે સાંભળનારને સંવેગ આવે, આ પરલોક સંબંધી સંવેદની કથા છે. હવે શુભ કર્મોદય અને અશુભ કર્મનો ક્ષય કરનારી કથા કહેવાથી સંવેજની રસ કહે છે. વીર્ય વૈક્રિય ઋદ્ધિ તે તપના પ્રભાવથી ઉત્પન્ન થાય છે, એટલે આકાશમાં ચડે તે, જેવા ચારણ વિદ્યાચારણની લબ્ધિઓ વિગેરે આત્માની શક્તિ (વીર્ય વૈક્રિયનિર્માણક લક્ષણરૂપ) છે, તથા જ્ઞાન ચરણ દર્શનની ઋદ્ધિઓ છે, તે આ પ્રમાણે જ્ઞાન ઋદ્ધિ સંબંધમાં પ્રશ્ન

पभू णं भंते चोद्दसपुव्वी घडाओ घडसहस्सं पडाओ - पडसहस्सं विउव्वित्तए ? हंता पहू विउव्वित्तए

પ્રશ્ન હે ભગવન્ ! ચૌદ પૂર્વ ભણેલો મુનિ એક ઘડાના હજાર ઘડા કરે, તથા પટ (વસ્ત્ર)થી હજાર પટ બનાવી શકવા સમર્થ છે ? ઉત્તર હે ગૌતમ હા તે વૈક્રિય લબ્ધિ વડે કરવા સમર્થ છે. વળી -

जं अन्नाणी कम्मं खवेइ, बहुयाहिं वासकोडीहिं । तं णाणी तिहिं गुत्तो, खवेइ ऊसासमित्तेणं ।। १ ।।

અજ્ઞાની ઘણા કરોડો વર્ષે જે કર્મ ખપાવે, તે કર્મને ત્રણ ગુપ્તિથી ગુપ્ત એવો જ્ઞાની ઉચ્છ્વાસ માત્રમાં ખપાવી નાંખે છે.

હવે ચરણની ઋદ્ધિ કહે છે. ચરણને અસાધ્ય હોય, તેવું કંઈ નથી, તે ચારિત્રવાળો દેવોથી પણ પૂજાય છે. વિગેરે દર્શન ઋદ્ધિ પ્રશમ વિગેરે ગુણો ૩૫ છે.

सम्मद्दिट्ठि जीवो, विमाणवज्जं ण बंधए आउं । जइवि ण सम्मत्तजढो, अहव ण बद्धाउओ पुव्विं ।। १ ।।

જો સમ્યકૃત્વ ન ત્યાગે, અથવા પૂર્વે આયુ ન બાંધ્યું હોય, તો વૈમાનિક દેવ સિવાય બીજું આયુ ન બાંધે. આવો ઉપદેશ કરતાં જે રસ કથાથી થાય, તે ચાલુ બાબતમાં સંવેજની કથાનો રસ જાણવો. ॥ ગાથાર્થ ॥ ૨૦૦ ॥ સંવેજની કથા કહીને હવે નિર્વેદની કથા કહે છે.

पावाणं कम्माणं, असुभविवागो कहिज्जए जत्थ । इह य परत्थयलोए, कहा उ णिव्वेयणी नाम ।। २०१ ।।

थोवंपि पमायकयं, कम्मं साहिज्जई जहिं नियमा । पउरासुहपरिणामं, कहाइ निव्वेयणीइ रसो ।। २०२ ।।

ચોરી વિગેરે કરેલાં પાપોનાં ફળ અશુભ છે, તે આ લોક તથા પરલોક સંબંધિની કથામાં કહીએ, તે આ પ્રમાણે, એટલે આ લોકમાં કરેલાં આ લોકમાં જ ઉદય આવે છે, આની ચોભંગી છે. તે કહે છે. અને તે કથાનું નામ નિર્વેદની છે; એનો ગાથાર્થ એ છે કે, જે કથા વડે શ્રોતા નિર્વેદ પામે, એનો ભાવાર્થ વૃદ્ધ સંપ્રદાયથી આ પ્રમાણે કહે છે. હવે નિર્વેદની કથા ચાર પ્રકારની કહે છે. (૧) આ લોકમાં કરેલાં દુષ્ટ કૃત્યોનાં ફળ આજ લોકમાં દુઃખ આપનારાં છે, જેમ કે ચોરી કરનારા, પરદારાથી દુરાચાર વાંછનારને અહીં જ સાક્ષાત્ શિક્ષા થાય છે. વિગેરે પ્રથમ નિર્વેદની તથા આલોકમાં કરેલાં પાપોનું ફળ બીજા ભવમાં મળે છે, જેમ કે અહીંથી પાપ કરી મરીને નરકમાં ઉત્પન્ન થઈ નરકનાં દુઃખો ભોગવે છે. આ બીજી નિર્વેદની કથા છે. તથા પરલોકમાં પૂર્વે કરેલાં પાપ આ ભવમાં દુઃખ આપનાર થાય છે. જેમ કે બાળપણમાં જ અંતકુળમાં (નીચકુળ) ઉત્પન્ન થઈ તિરસ્કાર પામે, તથા ક્ષય રક્તપિત્ત વિગેરે કોઢથી અથવા દરિદ્રતાથી પીડાયલા દુઃખ ભોગવતા નજરે દેખાય છે. ત્રીજી નિર્વેદની કથા આ છે. તથા પરલોકમાં કરેલાં પાપનાં ફળ પરલોકમાં ભોગવાય જેમ કે પોતે કરેલાં પૂર્વના પાપોથી સાણસા જેવી ચાંચવાળાં પક્ષીમાં જન્મે છે, તેથી તેઓ નરક પ્રાયોગ્ય બાંધવાનાં બાકીનાં કર્મો ત્યાં બાંધી નરક ભવમાં ઉત્પન્ન થઈ નરક ભોગવે છે - આ ચોથી નિર્વેદની કથા છે. એ પ્રમાણે આ લોક કે પરલોક સંબંધી પ્રજ્ઞાપકને આશ્રયીને છે. તેમાં પ્રજ્ઞાપકનો મનુષ્યભવ આ લોક ગણવો, અને બાકીની ત્રણ ગતિ તે પરલોક જાણવો, આ ગાથાનો ભાવાર્થ છે. હવે તેનો રસ (પરમાર્થ) સમજાવે છે.

થોડો પણ પ્રમાદ કરેલો, તેનાથી બંધાયલું કર્મ, તે વેદનીય વિગેરે કહેવાય છે. તે નિયમથી બંધાય છે; પણ એટલું વિશેષ છે કે, પ્રમાદને લીધે બહુ અશુભ પરિણામવાળું એટલે ઘણું કડવું ફળ મળશે, યશોધર વિગેરેનાં દૃષ્ટાંતો તે નિર્વેદની કથાનો પરમાર્થ છે. આ સંક્ષેપથી ગાથાનો અર્થ કહ્યો. હવે સંવેગ નિર્વેદનું નિબંધન કહે છે. ॥ ૨૦૧-૨૦૨ ॥

**सिद्धी य देवलोगो, सुकुलुप्पत्ती य होइ संवेगो । नरगो तिरिक्खजोणी, कुमाणुसत्तं च निव्वेओ ।। २०३ ।।**

સિદ્ધિ અને દેવલોક તથા સુકુલ ઉત્પત્તિથી સંવેગ થાય છે, એટલે એ બતાવવાથી સંવેગ થાય છે, એમ સમજવું. તે પ્રમાણે નરક તિર્યક્ યોનિ કુમાણસપણું વિગેરે દુઃખજનક બતાવવાથી સાંભળનારને સંસારથી નિર્વેદ (ગ્લાનિ) થાય છે. એટલે મોક્ષ અનુષ્ઠાનમાં ઉત્સાહી બનાવવો તે સંવેગ છે અને સંસાર મોહથી હટાવવા નિર્વેદ છે. આ કથાઓ (કોને કહેવી તે સંબંધી) જે જેને કહેવાની હોય તે કહે છે. ॥ ૨૦૩ ॥

**वेणइयस्स (य) पढमया, कहा उ अक्खेवणी कहेयव्वा । तो ससमयगहियत्थो, कहिज्ज विक्खेवणी पच्छा ।। २०४ ।।**

વિનયવડે વર્તે, વૈનયિક તે શિષ્ય છે, તેને પ્રથમ આક્ષેપણી કથા કહેવી, તેથી તેને જૈનસિદ્ધાંતનું જ્ઞાન થાય. ત્યાર પછી ઉપર બતાવેલી વિક્ષેપણી કથા કહેવી ॥ ગાથાર્થ ૨૦૪ ॥ શા માટે આમ કરવું તે કહે છે.

**अक्खेवणीअक्खित्ता, जे जीवा ते लभंति संमत्तं । विक्खेवणीए भज्जं, गाढतरागं च मिच्छत्तं ।। २०५ ।।**

આક્ષેપણી કથાથી સમજાવેલા જીવોને જૈન તથા જૈનેતર (બીજા) મતોનું તત્ત્વજ્ઞાન સમજાવતાં હીરા અને કાચના ટુકડાની પરીક્ષા થતાં જૈનધર્મના ગુણો અને બીજાના દોષો સમજીને પોતે જૈનધર્મ સ્વીકારે છે, તેથી સમ્યક્ત્વનો લાભ થાય છે. અને મિથ્યાત્વ મોહનીયનો ક્ષય ઉપશમનો ઉપાય હોવાથી શુભ ભાવની પ્રાપ્તિ થાય છે, પણ વિક્ષેપણી કથામાં સમ્યક્ત્વની ભજના છે એટલે થાય કે ન પણ થાય. વિક્ષેપણીનો એ સ્વભાવ છે અથવા જૈનમતનાં ગુણો તથા પરમતના દોષોને, સાંભળ્યા વિના ગાઢતર મિથ્યાત્વ હોય તો તે વખતે સમ્યક્ત્વ ન થાય અને મનમાં એમ ચિંતવે કે આ નિંદા કરનારા છે એમ અભિનિવેશ કરે, માટે આક્ષેપણી કથા પ્રથમ કરવી. આ ધર્મ કથા સમાપ્ત થઈ - ॥ ૨૦૫ ॥

**धम्मो अत्थो कामो, उवइस्सइ जत्थ सुत्तकव्वेसुं । लोगे वेए समये सा, उ कहा मीसिया णाम ।। २०६ ।।**

**इत्थिकहा भत्तकहा, रायकहा चोरजणवयकहा य । नडनट्टजल्लमुट्ठियकहा उ एसा भवे विकहा ।। २०७ ।।**

ધર્મ પ્રવૃત્તિરૂપ કૃત્યો કરવાં - અર્થ તે વિદ્યા કલા વિગેરે શીખવાં - કામ તે સંસાર સંબંધી વાંછાઓ વિગેરે સૂત્ર તથા કાવ્યોમાં જે કહેવાય છે તે, મિશ્રકથા જાણવી. તે ક્યાં કહેવાય છે, તે કહે છે કે લોકોને વિશે તે રામાયણ વિગેરે ગ્રન્થોમાં તથા વેદને વિશે એટલે યજ્ઞ ક્રિયા વગેરેમાં, સમયે તે જૈન સિદ્ધાંતમાં તરંગવતીના ચરિત્રમાં વિગેરેમાં કહેવાયેલ છે, તે મિશ્ર કથા છે. તેનાં નામ કહેવાથી તે ચાર પ્રકારની છે. હવે વિકથા એટલે ત્યાગવા યોગ્ય કથાને કહે છે, પણ તેનું સ્વરૂપ જાણ્યા વિના ત્યાગ થવો અસંભવ છે, માટે કહે છે, સ્ત્રી કથા તે દ્રવિડ દેશની નારીઓ આવી છે, વિગેરે લક્ષણવાળી કથા તે સ્ત્રી કથા છે; ભક્તકથા તે સુંદર શાલી જાતનો ભાત (કમોદ) વિગેરે

છે, તથા રાજ કથા, તે અમુક રાજા આવો સારો છે, તથા ચોર જનપદ કથા તે આજે ચોર પકડ્યો છે. તેને આ પ્રમાણે માર્યો, વિગેરે તથા મધ્યદેશ રમણીય છે વિગેરે તથા નટ (નાચનારો) જલ્લ મુષ્ટિકની કથા તે વિકથા છે. દોરી ઉપર ખેલ કરે તે જલ્લ છે. અને મલ્લકુસ્તી કરે તે મુષ્ટિક. આમાં કથાના લક્ષણનો વિરહ અથવા વિપરીત હોવાથી વિકથા છે. ॥ ૨૦૬-૨૦૭ ॥

હવે પ્રજ્ઞાપક (બોલનાર)ની અપેક્ષાએ તેમનું પ્રધાનપણું કહે છે.

**एया चेव कहाओ, पन्नवगपरुवगं समासज्ज, । अकहा कहा य विकहा, हविज्ज पुरिसंतरं पप्प ।। २०८ ।।**

**मिच्छत्तं वेयन्तो, जं अन्नाणी कहं परिकहेइ । लिंगत्थो व गिही वा, सा अकहा देसिया समए ।। २०९ ।।**

ઉપર કહેલી કથાઓ પ્રજ્ઞાપક તે કહેનારો, પ્રજ્ઞાપક તે પ્રરૂપક એટલે એવો વિગ્રહ (છુટા પાડીને અર્થ) કરવો કે અવબોધક એટલે જાણનારો જ્ઞાતા તે ઉપદેશ કરે, પણ ઘરટ્ટ ભ્રમણ કલ્પ (દાણા ભરડનારા) જેવો નહીં, તે પોતે અજ્ઞાન હોવાથી સમજે નહીં (તો સમજાવે ક્યાંથી ?) અકથા હવે પછી તેનું સ્વરૂપ કહેવાશે તેવી કથા કહી ગયા તેવા સ્વરૂપવાળી જ વિકથા થાય છે તે સાંભળનારની અપેક્ષાંએ એટલે પુરુષ બદલાય તો કથા, અકથા થાય, અથવા વિકથા થાય છે. સાધુ અસાધુ જે આશય તેના વિચિત્રપણાથી સમ્યક્શ્રુતાદિ માફક છે. બીજા આચાર્ય મૂળ કર્તાની અપેક્ષાએ એટલે વ્યાખ્યાન કરનારને આશ્રયીને અકથા વિકથા કહે છે; પણ આ કહેવું અતિ શોભન (સારૂં દેખાતું) નથી.

'पण्ण वय परुवगे समासज्जत्ति' પાઠનો પ્રસંગ આવો એટલે જે મૂળ પુરુષને આશ્રયી કહીએ કથા કરનાર પ્રરૂપક એ પ્રથમા એક વચન થાય, અને પ્રજ્ઞાપક પ્રરૂપકને એ દ્વિતીયામાં આવેલ છે. હવે અકથાનું લક્ષણ કહે છે. મિથ્યાત્વ મોહનીય કર્મને વેદતો અજ્ઞાની જે કંઈ પણ કથાને કહે. અહિંકથા કહેનારને અજ્ઞાની કહેવાનું કારણ તેને મિથ્યાદૃષ્ટિપણું છે.

વાદીની શંકા-જો એવું હોય તો અજ્ઞાની શબ્દ લેવાની જરૂર નથી. કારણ કે મિથ્યાત્વ વેદકને અજ્ઞાનીપણું જોડાયલું જ છે. જ્યાં મિથ્યાત્વ ત્યાં અજ્ઞાનીપણું અવ્યભિચારપણે છે.

આચાર્યનો ઉત્તર-એવો તમારા મનનો અભિલાષ હોય તો પણ સમ્યગ્દૃષ્ટિને મિથ્યાત્વના પ્રદેશનો અનુભવ હોય તો પણ તેને અજ્ઞાની નથી કહેતા એ વ્યભિચાર (વાંધો) આવે છે.

હવે તે કેવો પ્રજ્ઞાપક તે કહે છે. લિંગસ્થ એટલે બહારથી સાધુનો વેશ હોય, જેમ અંગાર મર્દન આચાર્ય (અભવ્ય હતો તેથી ચારિત્રની અંદરની શ્રદ્ધા નહોતો માનતો વાસ્તે બાહ્ય ક્રિયા કરતો) હતા તેવા અથવા ગ્રહી, એટલે બીજા હોય એ પ્રમાણે પ્રરૂપકમાં પ્રયુક્ત યુક્તિ વડે સાંભળનાર ઉપર પણ પ્રજ્ઞાપકની પેઠે પરિણામ નિબંધવાળી અકથા થાય. એવું જૈન શાસ્ત્રમાં કહે છે. કારણ કે તેનાથી પ્રતિવિશિષ્ટ કથાના ફળનો અભાવ છે. (ઉપરની ગાથાઓમાં સાંભળનાર અને કહેનારની અપેક્ષાએ અકથા કહી. કારણ કે કથા કહેવાથી, સાંભળવાથી મોક્ષ થવો જોઈએ તે ન થાય. માટે અકથા જાણવી.) ગાથાનો અર્થ-હવે ચાલુ વિષયમાં કથા કોને કહેવી તે કહે છે ॥ ૨૦૮-૨૦૯ ॥

**तवसंजमं गुणधारी, जं चरणत्था कहिंति सब्भावं । सव्वजगज्जीवहियं, सा उ कहा देसिया समए ।। २१० ।।**

તપ, સંયમ, ગુણને ધારનારા, તથા ચરણમાં સ્થિર ભાવવાળા, જે સદ્ભાવ એટલે પરમાર્થ

કેવો તે કહે છે. સર્વ જગતૂના જીવોને હિત કરનાર, પણ વ્યવહારથી થોડા જીવને હિત કરનાર નહિ. તુ શબ્દનો અર્થ જ છે. તે જ કથા શાસ્ત્રમાં નિશ્ચયથી બતાવી છે. આ કથા સાંભળનાર તથા કહેનારા બંનેને નિર્જરાના ફળને આપનારી છે. તેથી ચિત્તમાં કુશળ પરિણામનું નિબંધન (કારણ) કરે છે. પણ તેમાં ભજના ન જાણવી કે, લાભ થશે કે નહીં. (લાભ થશે જ તથા તે જ કથા છે) ॥ ગાથાર્થ ૨૧૦ ॥

અહીં હવે વિકથા પણ બતાવે છે.

**जो संजओ पमत्तो, रागद्दोसवसगओ परिकहेइ । सा उ विकहा पवयणे, पण्णत्ता धीरपुरिसेहिं ।। २११ ।।**

જે પ્રમાદી સાધુ પ્રમાદ એટલે કષાય વિગેરેને વશ થઈને મધ્યસ્થપણું છોડીને જે કંઈ કહે, તેને શાસ્ત્રમાં વિકથા ધીર પુરૂષોએ કહી છે. તે પ્રમાણે પરિણામનું નિબંધન કર્તા શ્રોતાને કરે છે. સાંભળનારના પરિણામ ભેદમાં તેના પ્રત્યે કથાથી ઉલટું કરે છે. તે વિકથા છે. એ પ્રમાણે સર્વત્ર ભાવના કરવી. ॥ ગાથાર્થ ૨૧૧ ॥

હવે સાધુએ કેવી કથા ન કરવી તે કહે છે.

**सिंगाररसुत्तइया, मोहकुवियफुंफुगा संहासिंति । जं सुणमाणस्स कहं, समणेण ण सा कहेयव्वा ।। २१२ ।।**

શૃંગાર રસથી ભરેલી, જે સાંભળતાં પુરુષને કામ વ્યાપે, તે કથા કઈ ? તે કહે છે. મોહ તે ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલ આત્માના પરિણામ રૂપ કુપિત ફુફુકા ઘટિત કુકુલા હસહસિંત્તિ તે જાજ્વલ્યમાન થાય. આ ક્રિયાપદ ઉપરથી લેવું. અર્થાત્ સાધુએ આ કથા ન કહેવી કે, શૃંગાર રસથી ભરપુર હોય, અને તે સાંભળતાં સાંભળનારને એકદમ જાજ્વલ્યમાન કામ વ્યાપી રોમેરોમ પ્રસરી તેને તે તરફ પાપ કરવા દોરવે. તેવી કથા કરવાથી તેના આત્મામાં દુષ્ટભાવ બંધાઈ જાય છે. ॥ ગાથા ૨૧૨ ॥

**समणेण कहेयव्वा, तवनियमकहा विरागसंजुत्ता । जं सोऊण मणुस्सो वच्चइ संवेगनिव्वेयं ।। २१३ ।।**

હવે સાધુએ કેવી કથા કરવી તે કહે છે. તપ નિયમની કથા તે અનશન ઉપવાસ વિગેરે તપ, તથા પાંચ આશ્રવ પ્રાણાતિપાત વિગેરનું આશ્રવથી વિરમણ કરે તે. તથા વૈરાગ્ય ઉત્પન્ન કરે. પણ નિયાણું ન કરે, તેવી કથા કહેવી. વળી જે સાંભળીને સાંભળનાર સંવેગ નિર્વેદને પામે. ॥ ગાથાર્થ ૨૧૩ ॥

હવે કથા કહેવાની વિધિ કહે છે.

**अत्थमहंतीवि कहा, अपरिकिलेसबहुला कहेयव्वा । हंदि महया चडगरत्तणेण अत्थं कहा हणइ ।। २१४ ।।**

**खेत्तं कालं पुरिसं, सामत्थं चऽप्पणो वियाणेत्ता, । समणेण उ अणवज्जा, पगयंमि कहा कहेयव्वा ।। २१५ ।।**

**तइयऽज्झयण निज्जुत्ती समत्ता ।।**

મહાન્ અર્થ હોય, પણ સાંભળનારને ક્લેશ ઓછો થાય. કેવી રીતે કહેવી, તથા શા માટે ? તે કહે છે. મોટા પ્રપંચ વડે કહેવાથી કહેવાના ભાવાર્થને સાંભળનારો સમજી શકતો નથી, તેથી ભાવાર્થ હણાય છે. ॥ ૨૧૪ ॥ વિશેષ વિધિ કહે છે. કથા કહેનારે પ્રથમ ક્ષેત્ર જોવું કે, અહીંના લોક ભૂતાદિ

ભાવિત છે (પાંચ ભૂત અને છઠ્ઠા આત્માના સ્વરૂપને જાણનાર છે કે કેમ ?) તે જોવું. કાલ તે ક્ષીયમાણાદિ (એટલે લોકની અવસ્થા ચડતી છે કે પડતી) તે જોવું. પુરુષ આ ધર્મમાં પરિણમેલ છે કે, મિથ્યાત્વમાં રાચેલ છે, કે નવો છે, તે જોવું. સામર્થ્ય, તે આત્માનું બુદ્ધિબળ જોવું કે, વાદીના પ્રશ્નનું નિરાકરણ કરવાની શક્તિ છે કે ? વિગેરે દેખીને ચાલુ વાતમાં સાધુએ નિરવદ્ય તે પાપના અનુબંધથી રહિત કથન કરવુ, પણ અન્ય એટલે પાપ વધે તેવી કથા ન કરવી. એમ કથાનું સ્વરૂપ કહ્યું. ॥ ગાથા ૨૧૫ ॥

આ કથન (કથા)થી તેના (નામ)થી નામ નિષ્પન્ન નિક્ષેપો સમાપ્ત થયો. હવે સૂત્રાલાપક નિષ્પન્નનો અવસર છે. તેની ચર્ચા પૂર્વની પેઠે જાણવી. સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણયુક્ત સુત્ર ઉચ્ચારવું, તે સૂત્ર આ છે.

**संजमे सुट्ठियप्पाणं, विप्पमुक्काण ताइणं ।**
**तेसिमेयमणाइण्णं, निग्गंथाण महेसिणं ।। १ ।।**

અહીં સંહિતાદિ ક્રમ બતાવવો જોઈએ, પણ તે સુગમ અને પ્રથમ બતાવેલો છે, માટે હવે ગાથાંનો ભાવાર્થ કહે છે. પ્રથમ દ્રુમ પુષ્પિકા અધ્યયનમાં બતાવેલા સ્વરૂપવાળા સુ એટલે આગમમાં બતાવેલી સારી રીતે જેમનો આત્મા સ્થિત છે. તે સુસ્થિત આત્માવાળા નિગ્રંથો, વળી તેમના બીજા ગુણો બતાવે છે. વિશેષ પ્રકારે વળી[1] બાહ્ય આભ્યંતર પરિગ્રહ (ગ્રંથ) ને છોડેલા તે વિપ્રમુક્ત તથા પોતાના આત્માને (પાપથી) તથા પરને (દુઃખથી) રક્ષણ કરે છે. તે ત્રાતાર તેમાં પોતાને રક્ષનારા તે પ્રત્યેક બુદ્ધ છે. પરને રક્ષનારા તીર્થંકર છે. કારણ કે પોતે તરેલા છે. અને સ્વપરને તારનારા સ્થવિરો એટલે નિર્ગ્રંથો, મહર્ષિઓ, સ્વપરને તારનારા છે. તેમને હવે પછી કહેવાતાં અનાચરિત અકલ્પ્ય છે. નિગ્રંથ તે સાધુ જ છે. અને મહાન્ ઋષિ તે મહર્ષિ જ યતિ છે. અથવા મોટું શીલ તે આદરવાની ઇચ્છા હોવાથી મહર્ષિ છે. અહીં જે વિશેષણ છે. તે પૂર્વ પૂર્વ તે ઉત્તર ઉત્તર ભાવના હેતુવાળા ભાવે જાણવા. તેથી એમ જાણવું કે, જેઓ સંયમમાં સુસ્થિત છે, તે જ વિપ્રમુક્ત છે. કારણ કે વિપ્રમુક્તિના હેતુ સંયમ સુસ્થિત આત્મ નિબંધનપણું છે. એ પ્રમાણે ત્રાતામાં પણ જાણવું. બીજા આચાર્ય પશ્ચાનુપૂર્વીએ હેતુ હેતુવાળો ભાવ ગણે છે. તે આ પ્રમાણે છે. જેમ મહર્ષિઓ, તે જ નિર્ગંથો છે. તેમ બધામાં જાણવું ॥ સૂત્રાર્થ ગાથા ૧ ॥ હવે અનાચરિત ગણાવે છે.

**[2]उद्देसियं कीयगडं, नियागं अभिहडाणि य ।**
**राइभत्ते सिणाणे य, गन्धमल्ले य वीयणे ।। २ ।।**
**सन्निही गिहिमत्ते य, रायपिंडे किमिच्छए ।**
**संबाहण दंतपहोयणा य, संपुच्छण देहपलोयणा य ।। ३ ।।**

(૧) સવ્વાઓ - ઉત્તરાધ્યયન - અ ૯/૧૬ ગા. ૧૮/૫૩ ગા. ૮/૪ ટીકા ૮/૯ ગાથા
પ્રશમરતિ શ્લો-૧૪૨
સુત્રકૃતાંગ - ૧/૬૬-૬

(૨) સુત્રકૃતાંગ માં. શ્રુ. ૧-૯ઉ. ૧૨ થી ૨૦ અ. રાજેન્દ્રકોષ ભાગ ૧ - પેજ ૩૧૧ પર અનાચાર શબ્દ જુઓ.

(૧) ઉદ્દેસિય તે સાધુને દાન દેવાને ઉદ્દેશીને બનાવેલું ભોજન વિગેરે તે ઔદેશિક.

(૨) ક્રીતકૃત - ખરીદ કરેલું સાધુ સાધ્વી માટે તે ક્રીત, તે ભૂતકાળનો ત પ્રત્યય છે. ખરીદાયાથી જે આવ્યું તે ક્રીતકૃત અર્થાત્ સાધુ માટે પૈસા ખરચી લેવું તે.

(૩) નિયાગ-આમંત્રણ કરીને લઈ જાય, તેનું અન્ન વિગેરે રોજ લેવું તે નિયાગ. આમંત્રણ વિના કોઈક દિવસ લે તે નિયાગ નથી.

(૪) અભિહડ-એટલે પોતાના ગામથી સાધુને સામુ લાવીને આપે, આમાં બહુવચન એટલા માટે છે કે પોતાના ગામથી કે બીજાના ગામથી, નિશીથ સૂત્રમાં બતાવેલા ઘણા ભેદોવાળું જાણવું તેથી મૂળમાં અભિહડાણી શબ્દ છે.

(૫) રાત્રિભોજન-દિવસે લઈ રાત્રે ખાય, રાત્રે લઈ દિવસે ખાય. રાતે લઈ રાતે ખાય, તથા આજ દિવસે લઈ વાસી રાખી બીજે દિવસે ખાય, તે બધા ભાંગા રાત્રિ ભોજનના છે.

(૬) સ્નાન-તે દેશસ્નાન, તથા સર્વસ્નાન, બે ભેદવાળું છે. દેશસ્નાન ઝાડા પેશાબની જગ્યા શિવાય બીજી જગ્યાએ શરીર ધોવું. જેમાં આંખ પાંપણ ધોવે તે દેશસ્નાન, અને સર્વ સ્નાન તે આખે શરીરે નાહવું તે જાણી લેવું.

(૭) ગંધ મ્રાળા વીંજવું - આ ત્રણ ૭ થી ૯ સુધી છે. તેમાં ગંધમાં કોઠ પુટ વિગેરે સઘળી સુગંધિ તેલની જાતિ સમજવી. તથા માળાથી ગુંથેલી વીંટેલી વિગેરે સઘળી ફૂલની માળાઓ જાણવી. તથા વીંજણો તાડના પંખા વિગેરેનો ગરમીમાં વપરાય છે તે લેવો. ૧ થી ૯ સુધી અનાચરિત છે.

ઔદેશિક વિગેરેમાં દોષો આરંભમાં પ્રવર્તન વિગેરેને પોતાની બુદ્ધિથી જાણી લેવા. ॥ ૨ ॥

॥ ગાથા ૨ જીનો અર્થ ॥ હવે બીજાં અનાચરિત બતાવે છે.

[૧](૧૦) સંનિહિ-જેનાથી આત્મા દુર્ગતિમાં રખાય, તે સંનિધિ છે. એટલે ઘી, ગોળ, વિગેરનો સંચય કરવો,

[૨](૧૧) ગૃહિમાત્ર-તે ગૃહસ્થનું વાસણ વાપરવું. (૧૨) રાજાનો આહાર-બોલાવીને ચાહે રાજા કહે, અથવા બીજા કોઈ કહે કે, ઇચ્છા ભોજન માંગો તે રાંધીને આપે તે લેવું તે કિમિચ્છિક જાણવું. આ બન્નેને બારમામાં ભેગા લીધા છે.

(૧૩) સંબોધન-તે હાડકાં, માંસ; ચામડી, રોમ, એ ચારેના સુખને માટે મર્દન કરવું (તેલ વિગેરે ચોળવું તે.)

(૧૪) દંત પ્રધાવન-આંગળી દાતણ વિગેરેથી દાંતને સાફ કરવા તે.

[૩](૧૫) સંપ્રશ્ન-સાવદ્ય, તે ગૃહસ્થને આશ્રયીને (પ્રશ્ન પૂછે કે હમણાને માટે વ્યાપાર ધંધો કેમ ચાલે છે ઇત્યાદિ) તથા પોતાને આશ્રયીને પૂછે કે હવે હું ઠીક રૂપવાન દેખાઉં છું.

---

(૧) ઉત્તરા ૬/૧૫ - દશ વૈ. ૮/૨૪ - પ્રશ્નવ્યાકરણ ૨/૫.

(૨) સૂત્રકૃ ૧/૯/૨૦ દશ अ-૬/૫૨ નિશીથ /૯/૧-૨

(૩) સુત્રકૃ ૧/૯/૨૧ ટીકા

[1](૧૬) દેહ પ્રલોકન-તે આરિશામાં જોવું. આના દોષો પરિગ્રહ તથા જીવઘાત વિગેરે સ્વબુદ્ધિથી જાણી લેવા.

**अट्ठावए य नाली य, छत्तस्स य धारणट्ठाए ।**

**तेगिच्छं पाहणा पाए, समारंभं च जोइणो ।। ४ ।।**

**सेज्जायरपिंडं च, आसंदी पलियंकए ।**

**गिहिंतर निसेज्जा य, गायस्सुव्वट्टणाणि य ।। ५ ।।**

[2](૧૭) અષ્ટાપદ - તે જુગાર છે. અથવા અર્થાપદ-ગૃહસ્થને ધન કમાવવાનું બતાવવું.

(૧૮) નાલિકા-તે જુગારનો એક ભાગ-મારો ફેંકેલો પાસો નકામો ન જાઓ. એટલા માટે નળીથી ફેંકે છે. આ બન્ને અનાચરિત છે. અષ્ટાપદમાં નળીનો સમાવેશ થાય. છતાં નાળીકામાં આગ્રહ છે કે હું જીતીશ જ. એટલું વિશેષ છે. તેનું પ્રાધાન્યપણું બતાવવા જુદો ભાંગો લીધો. બીજા આચાર્યો કહે છે કે અર્થાપદ પહેલાનો અર્થ લઈએ તો ઠીક, કે નાળીકામાં બધી જાતના જુગાર આવી જાય. અને બન્નેનું અષ્ટાપદ ધૂતમાં સમાવેશ થાય છે. એટલે અષ્ટાપદને પાછલામાં ગણી લીધો. અર્થાપદ પ્રથમમાં લીધો.

[3](૧૯) છત્ર ધારવું-પોતાને કે બીજાને તે અનર્થનું કારણ છે. પણ રસ્તામાં ઘણો માંદો હોય તેને તડકાથી બચાવવા છત્ર ઢાંકે, તો અનાચરિત ન ગણાય. માટે તેને છોડીને અનાચરિત છે. મૂળ ગાથામાં પ્રાકૃત શૈલી મુજબ આકાર તથા નકારનો લોપ થયો છે.

[4](૨૦) તે ગિચ્છે-ચિકિત્સા કરાવવી. એટલે વ્યાધિનો ઉપાય કરવો, તે અનાચરિત છે.

[5](૨૧) પગમાં જુતાં પહેરવાં ઉપાનહ, એમાં એટલું વિશેષ છે કે, આપૃત્તિમાં (રાજા વિગેરેના હુકમથી રાત્રિમાં ભાગતાં કે ભૂલા પડતાં કે રેતાળ ભૂમિમાં) ધારવાં પડે, તે સિવાય અનાચરિત છે.

[6](૨૨) સમારંભં ચ જોઈણો-અગ્નિનો સમારંભ કરવો આ અષ્ટાપદ જુગાર વિગેરેના દોષો જાણીતા જ છે. ॥ ગાથા ૪ થીનો અર્થ ॥

[7](૨૩) શય્યાતર પિંડ અનાચરિત છે. શય્યા વસતિ (મકાન) તે આપીને તરે તે શય્યાતર તેનો પિંડ લેવો, તે અનાચરિત છે.

[8](૨૪-૨૫) આસંદી પલ્યંક-માંચી, તથા પલંગ, આ બન્ને લોકમાં પ્રસિદ્ધ છે. તે બન્ને અનાચરિત છે.

(૧) નિશીથ - ૧૩ / ૩૧ થી ૩૮. (૨) સૂત્રકૃ. ટીકા ૧-૯/૧૭ નિશીથભાષ્ય - ગા. ૪૨૮
(૩) સૂત્ર-કૃ-૧-૯-૧૮ ટીકા. વ્યવહાર ૮/૫.
(૪) A.ઉત્તરા ૧૫/૮, अ. २. ३२-३३ अ. १९ गा. ७५थी ७९. नि. १३-६९
B. આશા.૯/૪/૧/ C. સૂત્ર કૃ. ૧-૯-૧૫ D. ભગવતી ૧૫/૩૯૩-૩૯૪. E. उपा. १-५.
(૫) સૂત્ર ૧-૯-૧૮ પત્ર ૧૮૧. भगवती २-१.
(૬) ઉત્ત. ૩૫-૧૨. प्रश्न व्या. १-३ आश्रवद्वार
(૭) નિશીથ ભા. ૨-૪૫-૪૬. ૧૧૪૪થી ૧૧૫૪.
(૮) સૂત્ર કૃ. ૧-૯-૨૧ પત્રક ૧૮૨. ૧-૪-૨-૧૫/૧૮૨

[1](૨૬) ગ્રહાંતર નિષદ્યા-બે ઘરના વચમાં અથવા ઘરમાં, તથા ચ શબ્દથી પાડાવાળા વિગેરેમાં બેસવું તે અનાચરિત છે.

(૨૭) ગાત્રનું ઉદ્વર્ત્તન-તે કાયાનો મેલ ઉતારવો, તે અનાચરિત છે. ચ શબ્દથી શરીરને બીજા સંસ્કાર કરવા તે પણ અનાચરિતમાં લેવા. ॥ ગાથા ૫ નો અર્થ ॥

**गिहिणो वेयावडियं, जा य आजीववत्तिया ।**

**तत्तानिव्वुडभोइत्तं, आउरस्सरणाणि य ।। ६ ।।**

(૨૮) ગૃહસ્થની વૈયાવચ્ચ વ્યાવ્રત ભાવ, તે વૈયાવૃત્યં એટલે ગૃહસ્થને અન્ન વિગેરે આપવું - કુશળ ક્ષેમ પૂછવાં. તે અનાચરિત છે. (ગૃહસ્થનું કોઈ પણ કાર્ય કરવું)

[2](૨૯) આજીવ વૃત્તિતા-જાતિ-કુલ-ગણ-કર્મ-શિલ્પનું આજીવન, તે આજીવિકા-તેના વડે કરવી, એટલે સંયમના ગુણોથી ઓળખાવાને બદલે પોતાની જાતિ વિગેરે ઉત્તમ બતાવી પેટ ભરવું, તે અનાચરિત છે.

[A](૩૦) તપ્ત અનિવૃત્ત ભોજિત્વં-તે તપેલું પણ અનિવૃત્ત એ વિગ્રહ કરવો એટલે ત્રણ ઉકાળા ન થયા હોય તેવું પાણી વિશેષણ બીજી રીતે લાગુ ન પડે, તે વાપરે. અર્થાત્ પુરૂં ઉકળેલું જે ત્રણ ઉકાળાવાળું ગણાય, તેવું ન હોય. તે મિશ્ર અથવા સચિત્ત પાણી વાપરે તો અનાચરિત છે. (વ્યાકરણમાં વિગ્રહનો અર્થ આ છે કે શબ્દોને છુટા પાડીને યોગ્ય અર્થ કરવો.)

[3](૩૧) આતુર સ્મરણાનિ ક્ષુધા-(ભુખ) વિગેરેથી પીડાયેલા તે પૂર્વે ખાધાનું સ્મરણ (પૂર્વે રસવાળા પદાર્થ ખાધા હોય તે યાદ કરી નિઃશાસા મૂકવા) અથવા આતુર શરણ તે દોષિતને શરણ (પાપ કરનારને ઉત્તેજન આપવું.) ॥ ગા. ૬ઠી ॥

**मूलए सिंगबेरे य, उच्छुखंडे अणिव्वुडे ।**

**कंदे मूले सच्चित्ते, फले बीए य आमए ।। ७ ।।**

**सोवच्चले सिंधवे लोणे, रुमालोणे य आमए ।**

**सामुद्दे पंसुखारे य, कालालोणे य आमए ।। ८ ।।**

વળી બીજાં અનાચરિત કહે છે. તેમાં પ્રથમ, કંદ, મૂળ, બીજ વિગેરે કહે છે.

(૩૨) મૂળો (મૂળક) તે લોકમાં પ્રસિદ્ધ છે. (૩૩) શૃંગબેર તે આદુ. (૩૪) ઇક્ષુખંડ તે શેરડીના કકડા, તે અપરિણિત ગાંઠોવાળા (બે પર્વના વચમાં) જે હોય તે ન કલ્પે.

(૩૫) કંદવજ્ર વિગેરે. (૩૬) મૂળ-સટ્ટામૂળ વિગેરે સચિત્ત હોય તે અનાચરિત છે.

(૧) સૂત્ર કૃ. ૧-૯-૨૯. પત્રાંક ૧૮૪. A ગચ્છાચાર ૨ અધિકાર. અ.રા.કોષ ૪/૨૧૮૩

(૨) સ્થાનાંગ - ૫/૭૧/ વ્યવહાર ભા. ૨૫૩ ટીકા. સૂત્ર કૃ. ૧-૧૩-૧૨/પીન્ડ નિ. ૪૩૭ ટીકા. ઉત્તરા. ૧૫-૧૬ / નિશીથભા. ૪૪૧૦ (૩) ઉત્તરા. ૧૫-૮ નેમી ટીકા. પૃ. ૨૧૭. સૂત્ર કૃ. ૧-૯-૨૧.

(૩૭) તૃપુષી (ચીભડું-કાકડી) વિગેરે ફળ. (૩૮) બીજ તે તલ વિગેરે સચિત્ત (કાચાં) હોય તે અનાચરિત છે. ॥ ગા. ॥ ૭ ॥

હવે આઠમી ગાથામાં લવણ (મીઠાં) અનાચરિત છે, તે કહે છે.

(૩૯) સૌવર્ચલ (સંચળ) (૪૦) સૈંધવ (૪૧) લવણ તે સાંભરી (સાંભર મારવાડમાં એક દેશ તેનું) લવણ વિગેરે (૪૨) રૂમાલવણ ( ) (૪૩) સમુદ્ર લવણ (દરીઆના પાણીનું મીઠું) (૪૪) પાંશુખાર ઉષર લવણ (ઉષ ખારો) (૪૫) કૃષ્ણ લવણ સિંધવ લવણ પર્વતના એક ભાગમાંથી નીકળતું (સાજીખાર) આ બધાં કાચાં હોય તે અનાચરિત છે.

**धूवणे त्ति वमणे य, वत्थीकम्म विरेयणे ।**

**अंजणे दंतवणे य, गायाभंग विभूसणे ।। ९ ।।**

**सव्वमेयमणाइण्णं, निग्गंथाण महेसिणं ।**

**संजमम्मि य जुत्ताणं, लहुभूयविहारिणं ।। १० ।।**

[1](૪૬) ધૂવણેત્તિ ધૂપન તે શરીર તથા વસ્ત્ર વિગેરેને ધૂપ દેવો, નવો વ્યાધિ ન થાય. એટલા માટે પ્રથમથી ધૂમ્રપાન કરે તે અનાચરિત. (બીજા આચાર્યો પ્રાકૃત શૈલી વડે એવો અર્થ કરે છે. (૪૭) વમન મિંઢળ વિગેરેનુ ચૂર્ણ (ફાકી) લઈ ઉલટી કરે તે.[2]

(૪૮) બસ્તિકર્મ પેશાબના ગુપ્ત ભાગમાં ઘી તેલ વિગેરે પ્રુટક વડે લગાડવું.

(૪૯) વિરેચન તે દંતિ (એનિમા) વિગેરેથી જુલાબ લેવો.

(૫૦) અંજન રસ અંજન (સુરમો મેસ વિગેરે આંજવી)

(૫૧) દંતકાષ્ટ તે દાતણ બાવળ વિગેરેનાં પ્રસિદ્ધ છે, તેનાથી દાતણ કરવું તે.

(૫૨) ગાત્ર અભ્યંગ તેલ વિગેરેથી શરીરને ચોળવું.

[3](૫૩) વિભૂષણ તે શરીરને શોભાવવું ॥ ગા ૯ મી ॥

ગાથા દશમાં હવે ક્રિયાસૂત્ર (આમાંથી શું બોધ લેવો તે) ને કહે છે.

ઉપર કહેલા ઔદ્દેશિકથી વિભૂષણ સુધી અનાચરિત છે.

તે કોને / તે બતાવે છે. નિર્ગ્રંથ મહર્ષિઓને અર્થાત્ સાધુઓને તે અનાચરિત છે. એ અર્થ છે.

(૧) સૂ-કૃ-૨-૯-૧૫ અ.ના. કોષ ૪/૨૭૬૯

(૨) સૂ-કૃ ૧-૯-૧૨

- નિશીથ ભા-૪૩૩/૩૧

(૩) નિશીથ-૩/૨૪

उत्तरा - अ-१६-११.

[1]તે સાધુ કેવા ? તે બતાવે છે. સંયમ અને ચ શબ્દથી તપ તેનાથી યુક્ત હોય તે તથા લઘુભૂત વિહારી, લઘુભૂત તે વાયુ, તેથી સમજવું કે વાયુ માફક અપ્રતિબદ્ધ વિહાર કરનારાને તે અનાચરિત છે. (તેમણે ઉપરનાં અનાચરિત ન કરવાં) આ નિગમન ક્રિયાપદ છે. ॥ ગાથા ૧૦ ॥

હવે તેથી તેઓ કેવા થાય છે, તે બતાવે છે.

**पंचासवपरिन्नाया, तिगुत्ता छसु संजया ।**

**पंचनिग्गहणा धीरा, निग्गंथा उज्जुदंसिणो ।। ११ ।।**

પંચાશ્રવ તે હિંસા વિગેરે પાંચ પાપ છે. તે જ્ઞ પરિજ્ઞાવડે જાણનારા, અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાવડે ત્યાગનારા, તે પરિજ્ઞાતા (સંપૂર્ણ જાણનારા) અહીં આહિતાગ્ન્યાદિનો આકૃતિ ગણ હોવાથી નિષ્ઠાનો પૂર્વ નિપાત નથી. એ પ્રમાણે સમાસ યુક્ત જ છે. તે પ્રમાણે પંચાશ્રવ પરિજ્ઞાત પ્રયોગ ઠીક છે. અથવા પરિજ્ઞાત પંચાશ્રવ તેવું પદ કરે તો બરોબર અર્થ થાય છે. (લાગુ પડતાં બે પદ જોડાય અને છેવટના પદની વિભક્તિ રહે તે સમાસ કહેવાય છે. તે છુટા પડે ત્યારે વિગ્રહ કહેવાય છે.) જેઓએ પંચાશ્રવને જાણીને ત્યાગ્યા, તેથી જ તેઓ ત્રિગુપ્તા, એટલે મન, વચન, કાયાની ગુપ્તિએ ગુપ્ત છે. તથા ષટ્સુ એટલે છ જીવનિકાય પૃથિવી વિગેરેમાં સર્વસ્વ પ્રકારે યતના કરનારા તે સંયત છે. તથા પાંચ નિગ્રહણા, તે નિગ્રહ કરે તે નિગ્રહણા છે. "કર્તરિલ્યુટ્ પ્રત્યય છે." પાંચે ઇન્દ્રિયના નિગ્રહણા તે પંચ નિગ્રહણા છે. ધીરા તે બુદ્ધિમાન છે. અથવા સ્થિર છે. નિર્ગ્રંથ તે સાધુ અને ઋજુ દર્શિન્ તે રૂજુ તે મોક્ષ પ્રત્યે હોવાથી તે સંયમ છે. તે સંયમને ગ્રહણ કરવા યોગ્ય દેખે છે. તે રૂજુ દર્શી. અર્થાત્ મુનિઓ સંયમમાં બંધાયેલાં (રાગી) છે ॥ ગાથાર્થ ૧૧ ॥

**आयावयंति गिम्हेसु, हेमंतेसु अवाउडा ।**

**वासासु पडिसंलीणा, संजया सुसमाहिया ।। १२ ।।**

પૂર્વે કહેલા રૂજુદર્શિન મુનિઓ કાલને આશ્રયીને આ પ્રમાણે યથાશક્તિ પરિષહ સહે છે. તે આતાપયંતિ એટલે ઉર્ધ્વસ્થાન વિગેરેથી આતાપનાને ઉષ્ણરૂતુ જે ગ્રીષ્મરૂતુ છે તેમાં લે છે. (તાપને સહે છે) તથા હેમંત (શીયાળા)ની રૂતુમાં અપાવૃતા (કપડા રહિત) ઠંડી સહે છે. અને વર્ષારૂતુમાં એકાશ્રય (એક સ્થાને નિવાસ) કરનારા છે. તે સંયત (સાધુઓ) સુસમાહિત, તે જ્ઞાનાદિ પંચાચારમાં યત્ન કરનારા હોય છે. દરેક રૂતુનું બહુવચન લેવાનું કારણ એ છે કે, તે સાધુઓ દર વર્ષે આ પ્રમાણે કરે છે. તે બતાવવા માટે છે. (ઉનાળામાં તાપ શિયાળામાં ઠંડી સહે, તથા ચોમાસામાં એક જગ્યાએ રહી, સાધુ પાંચ આચાર પાળવાનો ઉદ્યમ કરે) ॥ ગાથાર્થ ૧૨ ॥

**परीसहरिऊदंता, धूयमोहा जिइंदिया ।**

**सव्वदुक्खप्पहीणट्ठा, पक्कमंति महेसिणो ।। १३ ।।**

[2]સંયમમાર્ગથી ભ્રષ્ટ ન થવા તથા કર્મની નિર્જરા કરવા માટે પરિષહો સહન કરવા, એટલે

(૧) શંકરભાષ્ય-ગીતા - ૬-૮/આચા. ૩-૪૯

(૨) તત્ત્વાર્થ સૂત્ર ૯-૮/ઉત્તરા. અ. ૨ / ૧૯-૧૫/૩૨-૭/ આચા. નિ. ગા. ૨૫૧.

ભૂખ તરસ વિગેરે જે છે તેઓ જ રિપુની (શત્રુ) માફક પીડનારા હોવાથી પરિષહરિપુ છે. તે મને દાંતા દમન કર્યા જેમણે તે પરિષહરિપુદંતા, સમાસ પૂર્વ માફક છે. કારણ કે પ્રાકૃતમાં પૂર્વ અપર પદની વ્યવસ્થા નિયમસર નથી. જેમ કે, (નાણા વિમલ જોણ્હાગ વિગેરે જાણવું) તથા ધૂતમોહા મોહનાશક અહીં મોહ તે અજ્ઞાન છે. વળી તે મુનિઓ જિતેન્દ્રિય, એટલે રાગદ્વેષ રહિત છે. તેઓ સર્વ દુ:ખ એટલે શરીર તથા મન સંબંધી દુ:ખો ક્ષય કરવા માટે પ્રવર્તે છે. કિંભૂતા (કેવા) ? તે મહર્ષિ સાધુઓ (આત્માના ભવિષ્યના હિતને સાધનારા) છે.

(પરિષહ સહન કરી, અજ્ઞાન હટાવીને ઇન્દ્રિયો જીતીને મહર્ષિઓ ફક્ત બધાં દુ:ખ ક્ષય કરવાને માટે સંયમમાં ઉદ્યમ કરે છે.) ॥ ગાથાર્થ ૧૩ ॥

હવે તેમને શું લાભ થશે તે કહે છે.

**दुक्कराइं करेत्ता णं, दुस्सहाइं सहेत्तु य ।**
**केइत्थ देवलोगेसु, केइ सिज्झंति नीरया ।। १४ ।।**
**खवेत्ता पुव्वकम्माइं, संजमेण तवेण य ।**
**सिद्धिमग्गमणुपत्ता, ताइणो परिणिव्वुड ।। १५ ।।**
***त्ति बेमि खुड्डियायार कहा तइयं अज्झयणं सम्मत्तं ।।**

[1]દુષ્કર કૃત્યો તે ઔદ્દેશિક વિગેરે દોષિત ભોજન ત્યાગવા વડે, તથા આતાપનાદિ દુ:સહ દુ:ખો ખમીને કેટલાક સાધુઓ સૌધર્મ વિગેરે વૈમાનિક દેવતામાં જાય છે. કેટલાક સાધુઓ મોક્ષમાં જાય છે. કેવી રીતે ? આઠ કર્મ રૂપી રજ રહિત થઈને કેટલાક જાય છે (જાય છે ક્રિયાપદ ઉપરથી લીધું, વર્તમાનકાળ મૂકવાનું કારણ સૂત્ર ત્રિકાળ ગોચર છે.) સિદ્ધિમાં એકેન્દ્રિય પણ છે. તે દૂર કરવા આઠકર્મ રહિત વિશેષણ મૂક્યું છે. ॥ ગાથાર્થ ૧૪ ॥

હવે ચૌદમી ગાથામાં કહેલા સાધુઓ ધર્મ આરાધી દેવલોકમાં જાય છે. ને ત્યાંથી ચ્યવીને સુકુળ તથા આર્ય દેશમાં જન્મે છે. અને ધર્મ ફરીથી પામીને મોક્ષમાં જાય છે. તે ૧૫મી ગાથામાં બતાવે છે.

દેવલોકથી ચ્યવીને મનુષ્ય લોકમાં આવી સંયમ તથા તપ વડે આઠ કર્મ ખપાવીને એ પ્રવાહ વડે સમ્યગ્દર્શન વિગેરે સિદ્ધિ માર્ગને પામી સ્વપરના રક્ષક સર્વથા મોક્ષ પ્રાપ્ત કરે છે. કેટલાક આચાર્યો પરિનિવૃત્તને બદલે 'પરિનિવ્વુડ', માગધી શૈલી છંદ રચના પ્રમાણે લે છે. તે મોટો પાઠ જ છે. એમ ગણે છે. પણ બન્નેનો અર્થ એક જ છે. શય્યંભવસૂરિ કહે છે કે જિનેશ્વરે કહેલા તત્ત્વને હું કહું છું. ॥ સૂત્રાર્થ ૧૫ ॥

સૂત્ર અનુગમ કહ્યા પછી નય કહેવા, તે પૂર્વ માફક સમજવા.

આ ક્ષુલ્લક (નાની) આચાર કથા (સાધુના આચાર, અને અનાચારનું ટુંકાણમાં કથન) છે.

॥ ત્રીજા અધ્યયનની ટીકા સમાપ્ત થઈ ॥

* * *

(૧) उत्तरा-अ-२१-१७, १८

# [1]દશ વૈકાલિક અધ્યયન ૪થું

## षड्जीवनिकाय अध्ययन

**सुयं मे आउसंतेणं भगवया एवमक्खायं इह खलु छज्जीवणिया नामऽज्झयणं समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइया सुयक्खाया सुपण्णत्ता सेयं मे अहिज्जिउं अज्झयणं धम्मपन्नत्ती ।। (सू. १)**

ક્ષુલ્લિક (નાની) આચાર કથા કહીને ષડ્જીવ નિકાય નામનું ચોથું અધ્યયન કહેવાય છે. તેનો આ સંબંધ છે. ત્રીજામાં સાધુએ અનાચારમાં ધૃતિ ન રાખતાં, આચારમાં ધૈર્ય રાખવું. આ જ આત્માના સંયમનો ઉપાય છે. એવું કહ્યું હતું. અહીં ફરીથી કહે છે કે, તે આચાર ષડ્ જીવનિકાય ગોચર (એટલે છ જીવનિકાયની રક્ષા કરવી તે સંબંધી) પ્રાયઃ હોવાથી તેનું સ્વરૂપ જ બતાવે છે. કહ્યું છે કે...

**छसु जीवनिकाएसु, जे बुहे संजए सया । से चेव होइ विण्णेए, परमत्थेण संजए ।। १ ।।**

છ જીવનિકાયમાં જે પંડિત (સાધુ) સદા સંયમ (રક્ષા કરવાની યત્ના કરનારો) હોય, તે જ પરમાર્થથી સંયત જાણવો. આ સંબંધથી અહીં અધ્યયન ચોથું આવ્યું. અને તે નિર્યુક્તિકાર કહે છે.

**जीवाहारो भण्णइ आयारो तेणिमं तु आयायं । छज्जीवणियज्झयणं, तस्सऽहिगारा इमे होंति ।। २१५ ।।**

જીવનો આધાર તે આચાર કહેવાય છે. એટલે એમ સમજવું કે, પ્રથમ તેનું જ્ઞાન મેળવવું, પછી રક્ષા કરવી. તે પ્રમાણે આ અવસરે આવેલું છે. શું ? છ જીવનિકાય અધ્યયન છે. હવે તે કહે છે કે, તે છ જીવ નિકાયના અધિકાર હવે કહેવાતા લક્ષણવાળા થાય છે, ગાથાર્થ ૨૧૫ ॥

તે કહે છે.

**जीवाजीवाहिगमो, चरित्तधम्मो तहेव जयणा य । उवएसो धम्मफलं, छज्जीवणियाइ अहिगारा ।। २१६ ।।**

[1]જીવ અને [2]અજીવનું સ્વરૂપ જેમાં સમજાય, તે જીવ જીવાભિગમ. એટલે એમ સમજવું કે, પ્રથમ સ્વરૂપ બતાવે ત્યારે જાણપણું થાય છે, [3]તે પ્રમાણે ચારિત્ર ધર્મ તે પ્રાણાતિપાતાદિ (જીવહિંસા વિગેરે)થી નિવૃત્ત થવારૂપ છે. [4]વળી તેજ પ્રમાણે યતના, એટલે પૃથિવી વિગેરેમાં આરંભ થાય તેનો પરિહાર (ત્યાગ) રૂપ યત્ન (પ્રયાસ) કરવો. તથા [5]ઉપદેશ તે જેનાથી આત્મા ન બંધાય એવા વિષયનો આપવો (વિચારીને બોલવું) તથા [6]ધર્મ ફળ જે અનુત્તર (કેવળ) જ્ઞાન વિગેરેનો લાભ થાય. સામાન્ય રીતે છ જીવનિકાયના આ અધિકારો છે । ગાથાર્થ ૨૧૬ ॥ આ ઉપક્રમ થયો, હવે નિક્ષેપ કહે છે.

**छज्जीवणियाए खलु निक्खेवो होइ नामनिप्फन्नो । एएसिं तिण्हंपि उ, पत्तेयपरूवणं वोच्छं ।। २१७ ।।**

ખલુ શબ્દ પુરણ અર્થ બતાવનાર નિપાત (અવ્યય) છે. એથી જાણવું કે, છ જીવનિકાયનો વિષય ચાલે છે, તેના જે નિક્ષેપા થાય છે, તેમાં નામ નિષ્પન્ન, આ ષડ્જીવનિકાયિકા છે, તે જ

(૧) દશ વૈકાલિકના ચોથા અધ્યયન સાથે ઉત્તરાધ્યયનના '૩૬'માં અધ્યયનની તુલના કરો.

છે. જેથી આ ત્રણે છ જીવનિકાય એ ત્રણે પદોની દરેકની જુદી પ્રરૂપણા સૂત્રને અનુસારે કહીશ. ॥ ગાથાર્થ ૨૧૭ ॥

તેમાં એકના અભાવે છએનો અભાવ થાય, તેથી પ્રથમ એકની પ્રરૂપણા કરે છે.

**णामं ठवणा दविए, माउगपयसंगेहक्कए चेव । पज्जवभावे य तहा, सत्तेए एक्कगा होंति ॥ २१८ ॥**

**नामं ठवणा दविए, खेत्ते काले तहेव भावे अ । एसो उ छक्कगस्सा, निक्खेवो छव्विहो होइ ॥ २१९ ॥**

આ બન્ને ગાથાનો અર્થ દ્રુમ પુષ્પિકા અધ્યયનમાં કહેલ છે. તેથી અહીં કહેતા નથી. અહીં સંગ્રહ એકેકનો અધિકાર છે. હવે બે વિગેરેને છોડી, છની પ્રરૂપણા કરે છે. નામ સ્થાપના સુગમ છે. દ્રવ્ય છ, તે, છ દ્રવ્યો, સચિત્ત, અચિત્ત, મિશ્ર, તે પુરુષ, સિક્કો અને દાગીના પહેરેલ પુરુષ અનુક્રમે લક્ષણવાળાં છે. ક્ષેત્ર છ, તે આકાશના છ પ્રદેશ જાણવા. અથવા ભરત ઐરાવત વિગેરે છ ક્ષેત્ર લેવાં, કાળષટ્ તે છ સમય લેવા. અથવા છ રૂતુ લેવી. તે જ પ્રમાણે ભાવ છમાં ઔદયિક વિગેરે છ ભાવ લેવા. પણ અહીં સચિત્ત દ્રવ્ય છ નો અધિકાર છે. ॥ ગાથાર્થ ૨૧૮-૨૧૯ ॥

છ પદની વ્યાખ્યા કરીને હવે જીવપદનું વર્ણન કરે છે.

**जीवस्स उ निक्खेवो, परूवणा, लक्खणं च अत्थित्तं । अन्नामुत्तत्तं निच्चकारगो देहवावित्तं ॥ २२० ॥**

**गुणिउड्ढगइत्ते या, निम्मय साफल्लता य परिमाणे । जीवस्स तिविहकालम्मि, परिक्खा होइ कायव्वा ॥ २२१ ॥**
**॥ दो दार गाहाओ ॥**

આ બે ગાથાઓ દ્વારની છે. તેની વ્યાખ્યા કરે છે. (૧) જીવનો નિક્ષેપો તે નામાદિ (ચાર પ્રકારનો) છે. (૨) પ્રરૂપણા બે પ્રકારની છે તે જીવ વિગેરે રૂપવાલી તથા તેના લક્ષણની પ્રરૂપણા, તે આદાન (લેવું) વિગેરે છે. (૩) અસ્તિત્વ, સત્ત્વ શુદ્ધ પદ વાચ્યત્વ વિગેરે છે. (૪) અન્યત્વ, તે દેહથી જુદા છે (૫) અમૂર્તત્વ, તે પોતાની મેળે જ છે. (૬) નિત્યત્વ, તે નિશ્ચયથી જીવમાં સચેતનામાં વિકાર નથી. (૭) કર્તૃત્વ વ્યવહારથી પોતાનાં કર્મનાં ફળ ભોગવે છે. (૮) દેહવ્યાપિત્વ ત્યાં તેનું ચિન્હ જણાય છે. ગાથાર્થ ૨૨૦ ॥ (૯) ગુણિત્વ, તે યોગ વિગેરેથી જણાય છે. (૧૦) ઉર્ધ્વ ગતિત્વ, તે અગુરૂલઘુભાવ હોવાથી છે. (૧૧) નિર્માયતા, તે વિકાર રહિતપણે છે. (૧૨) સફળતા, તે કર્મનું ફળ છે. (૧૩) પરિમાણ, લોકાકાશ માત્ર છે. વિગેરે (ત્રણ હજાર ટીકાના શ્લોક અહીં પૂરા થાય છે.) એ પ્રમાણે જીવની ત્રણકાળ વિષયની પરીક્ષા થાય છે, તે કરવી. ॥ ગાથાર્થ ૨૨૧ ॥

આ પ્રમાણે ટુંકાણમાં દ્વારોની બે ગાથાઓનો અર્થ કર્યો. વિશેષ જાણવા ઇચ્છનારે ભાષ્યથી જાણવો. હવે પ્રથમ નિક્ષેપો કહે છે.

**नामंठवणाजीवो, दव्वजीवो य भावजीवो य । ओह भवग्गहणंमि य, तब्भवजीवे य भावम्मि ॥ २२२ ॥**

નામ સ્થાપના દરેક સાથે જીવ જોડવો. તે નામ જીવ, સ્થાપના જીવ, એમ જાણવું. તે જ પ્રમાણે દ્રવ્યજીવ, તથા ભાવજીવ, એમ જાણવું. જેનું લક્ષણ હવે કહેશે, તેમાં (૧) ઓઘજીવ, અને (૨) ભવ ગ્રહણમાં ભવજીવ, તથા (૩) તદ્ભવજીવ, એટલે તે જ ભવમાં ઉત્પન્ન થયેલા, એમ ત્રણ પ્રકારે છે, ભાવ નિક્ષેપામાં ભાવજીવ છે. આ ગાથાનો ટુંકો અર્થ છે, હવે તેનો વિશેષ અર્થ કહે છે.

**नामंठवण गयाओ, दव्वे गुणपज्जवेहि रहिउत्ति. । तिविहो य होइ भावे, ओहे भव तब्भवे चेव ।। ६ ।। भा. ।।**

નામ સ્થાપના સુગમ છે. કારણ કે તે સાદાં છે. દ્રવ્યજીવ, તે ગુણ પર્યાયવડે ચૈતન્ય મનુષ્યત્વ વિગેરે લક્ષણોવડે રહિત, આ ફક્ત, બુદ્ધિની કલ્પના માત્ર સમજ છે. પણ એવો જીવ કોઈ સંભવતો નથી. ભાવજીવ ત્રણ પ્રકારે છે. તે આ પ્રમાણે (૧) ઓઘજીવ, (૨) ભવજીવ, અને (૩) તદ્દ્ભવજીવ, છે. પૂર્વની ગાથામાં કહ્યું, અને અહીં ફરી કહ્યું, તે ભાષ્યકારનું કહેલું બતાવેલ છે. માટે તેમાં પુનરૂક્તિનો દોષ નથી. બીજા આચાર્ય કહે છે કે, 'ભાવે ઉતિહા ભણિઓ તંપુણ સંખેવ ઓ વોચ્છં.' આવો પાઠ પાઠાંતરમાં છે. એટલે ભાવજીવ, તે નિર્યુક્તિકારે ઓઘજીવ, વિગેરેથી ત્રણ પ્રકારે કહ્યો છે. અને તે ભાવાર્થને આશ્રયીને સંક્ષેપથી કહીશ. ગાથા ભાષ્ય ૬નો અર્થ ॥

હવે ઓઘજીવ કહે છે.

**संते आउयकम्मे, धरई तस्सेव जीवई उदए । तस्सेव निज्जराए, मओ त्ति सिद्धो नयमएणं ।। ७ ।। भा. ।।**

છતે આયુકર્મે સામાન્ય રૂપમાં સામાન્યપણે ધરે, એટલે ભવ ઉદધિમાં રહે, આ અવસ્થાન (રહેવા) માત્રથી તેનું જીવત્વ કેવી રીતે ગણાય, તેટલા માટે અન્વર્થ યોજનાને કહે છે. તે ઓઘથી આયુષ્ય કર્મનું ઉદય આવે છતે જીવે છે. એટલે સંસારમાં રહે ત્યાં સુધી પ્રાણોને ધારે છે. આ જીવવાથી જીવ છે. અને તે ઓઘઆયુઃકર્મના ક્ષયથી (નિર્જરાવડે) તે મરે છે કારણ કે પછી શરીરમાં જીવનો અભાવ થાય છે (નવું શરીર લેતો.નથી) પણ આ સિદ્ધનો જીવ જ ગણાય, પણ બીજો નહીં, વિગ્રહગતિ (એક ભવથી બીજા ભવ)માં જતાં (સ્થૂલશરીર ન હોય છતાં) પણ સૂક્ષ્મ શરીરમાં જીવ હોય છે. (પણ શરીરથી છુટ્યો નથી) આ બધા (સાતે) નયના મતથી જ મરે છે (એમ ગણાય) ॥ ગાથા ભાષ્ય ૭ નો અર્થ ॥

(ટિપ્પણથી જણાય છે કે અહીં જીવે છે. એના વડે એ પ્રમાણે સામાન્યથી જીવ ઓઘજીવિત વિશિષ્ટ જીવ છે. તે મધ્યમ પદઉત્તરપદના લોપથી આ પ્રમાણે રૂપ થાય છે. એવું કેટલાક આદર્શોમાં અધિક દેખાય છે.)

હવે ભવજીવ અને તદ્દ્ભવ જીવનું સ્વરૂપ બતાવે છે.

**जेण य धरइ भवगओ, जीवो जेण य भवाउ संकमई । जाणाहि तं भवाउं, चउव्विहं तब्भवे दुविहं ।। ८ ।। भा. निक्खेवो त्ति गयं ।।**

જેના વડે નારક વિગેરે ચાર પ્રકારના આયુ વડે રહે છે. તે ભવગત એટલે નારક વિગેરે ભવમાં રહેલો જીવ છે. તથા જે મનુષ્ય વિગેરે આયુ વડે નારકાદિ ભવથી સંક્રમણ કરે છે, એટલે મનુષ્ય વિગેરે બીજા ભવમાં જાય છે. તે ચાર પ્રકારના નારક, તિર્યંચ, દેવ, મનુષ્ય, ભેદ વડે ભવ આયુ (ભવજીવિત) જાણવો (જેના વડે ભવગત એટલે ચાર ગતિમાં જીવ રહ્યો છે. જે આયુ વડે એક ભવથી બીજા ભવમાં જાય છે. તે ચાર પ્રકારનું ભવઆયુ, એટલે ભવજીવ જાણવું.) હવે તદ્દ્ભવ આયુ, બે પ્રકારનું છે, તે કહે છે. (૧) તિર્યક્ તદ્દ્ભવ આયુ (૨) મનુષ્ય તદ્દ્ભવ આયુ છે. એટલે તે ભવમાંથી મરી મરીને, ફરી ફરીને તે જ ભવમાં ઉત્પન્ન થાય છે. પણ બીજા ભવમાં ન જાય.

અર્થાત્ તદ્ભવ જીવિત, એટલે ત્યાંથી મરીને પાછો ત્યાં જ ઉત્પન્ન થાય તે છે. અહીં પણ ભાવજીવના અધિકારથી તદ્ભવ જીવિત વિશિષ્ટ જીવ જ લેવો. અને જીવિત તેનું વિશેષણ હોવાથી સાથે લીધો ॥ ભાષ્ય ગાથા ૮ ॥ નિક્ષેપ કહ્યો હવે પ્રરૂપણા કહે છે.

**दुविहा य हुंति जीवा सुहुमा तह बायरा य लोगम्मि । सुहुमा य सव्वलोए, दो चेव य बायरविहाणे ।। ९ भा. ।।**

બે પ્રકારના જીવો છે. તેમ ચ શબ્દ વદે નવ પ્રકારના પણ એકેન્દ્રિય પૃથિવી આદિ પાંચ અને ત્રસકાય બે ઇન્દ્રિય આદિ મળી ચાર, એમ નવ ભેદે છે. પ્રથમ બે ભેદ કહે છે. તે સૂક્ષ્મ અને બાદર છે. સૂક્ષ્મ નામ કર્મના ઉદયથી સૂક્ષ્મ અને બાદર નામકર્મના ઉદયથી બાદર છે. લોકમાં એ પ્રમાણે જાણવું કે, તે બન્ને ભેદ લોકમાં છે. પણ અલોકમાં નથી. બીજો 'ચ' અવધારણના અર્થમાં છે. તે એમ ચોક્કસ જણાવે છે કે, સૂક્ષ્મ જીવો જ બધા લોકમાં છે. પણ બાદર બધે નથી, કોઈ જગ્યાએ બાદરનો અસંભવ છે. આ બે ભેદે બાદર છે, તે પર્યાપ્તક અને અપર્યાપ્તક જાણવા. ॥ ભાષ્ય ગા. ૯ નો અર્થ ॥ હવે તે જ ખુલાસાથી કહે છે.

**सुहुमा य सव्वलोए परियावन्ना भवंति नायव्वा । दो चेव बायराणं पज्जत्तियरे अ नायव्वा ।। १० ।। भा. ।। परूवणादारं गयं ति ।।**

સૂક્ષ્મ તે જ પૃથિવી વિગેરે, તે સર્વ લોક, જે ચૌદ રાજલોકને વિષે પર્યાય પામેલા જાણવા. એટલે તે જ લેવા કે, જેઓ સૂક્ષ્મ પર્યાયને પામેલા ભાવ સૂક્ષ્મ હોય, ભૂત ભાવિમાં થનારાને ન લેવા. (કારણ કે તે હાલ દ્રવ્ય સૂક્ષ્મોમાં છે.) તથા બે ભેદો બાદર પૃથિવી વિગેરેના છે. ચ. શબ્દથી સૂક્ષ્મોના પણ તેજ ભેદ છે. તે આ બે જાણવા, પર્યાપ્તા, અને અપર્યાપ્તા, ॥ ગાથાર્થ ૧૦ ભાષ્યનો અર્થ ॥ પ્રરૂપણા કહી, હવે લક્ષણ કહે છે. અને તે જ ભાષ્યકાર કહે છે.

**लक्खणमियाणि दारं चिंधं हेऊ अ कारणं लिंगं । लक्खणमिइ जीवस्स उ आयाणाई इमं तं च ।। ११ ।। भा.**

હવે લક્ષણ દ્વારનો અવસર આવ્યો છે. આનુ પ્રતિપત્તિ (સ્વીકાર)ના અંગપણે પ્રધાન હોવાથી સામાન્ય રીતે હાલ તેમનું સ્વરૂપ કહે છે. ચિહ્ન, હેતુ, કારણ, લિંગ, લક્ષણ, એ પ્રમાણે છે. તેમાં ચિહ્ન તે ઉપલક્ષણ (ઓળખાણ) જેમ કે દેવકુળ (દેરાને) ધજા તે ચિહ્ન છે. હેતુ, તે નિમિત્ત લક્ષણ. જેમ કે કુંભારની ચતુરાઈ તે ઘડાની સુંદરતા છે. કારણ, તે ઉપાદાન લક્ષણ. જેમ કે માટીનું કોમળપણું તે ઘડાનું વધારે બળવાનપણું છે. લિંગ તે કાર્ય લક્ષણ જેમ ધૂમાડો અગ્નિનું કાર્ય છે. અથવા એ બધા એક પર્યાયવાચી છે. (આ બધાનો અર્થ એક જ છે.) લક્ષણ એટલે જેના વડે પરોક્ષ વસ્તુ લક્ષ્યમાં લેવાય, તે, અને જીવનું આદાન વિગેરે અનેક પ્રકારનું આ લક્ષણ છે. અને તે હવે કહેવાશે : । ગાથાર્થ ૧૧ ॥

**आयाणे परिभोगे जोगुवओगे कसायलेसा य । आणापाणू इंदिय, बंधोदयनिज्जरा चेव ।। २२३ ।।**

**चित्तं चेयण सन्ना, विन्नाणं धारणा य बुद्धी-अ । ईहामईवियक्का, जीवस्स उ लक्खणा एए ।। २२४ ।। दारं**

આ ગાથાઓ પ્રતિદ્વાર (જીવદ્વાર)ની છે. તેની વ્યાખ્યા [1]આદાન, [2]પરિભોગ, [3]યોગ, [4]ઉપયોગ,

[5]કષાય, [6]લેશ્યા, [7]આનપાન, [8]ઇંદ્રિયો, [9]બંધ, ઉદય, નિર્જરા, ॥ ગાથાર્થ ॥ ૨૨૩ ॥ તથા [10]ચિત્ત, [11]ચેતના, [12]સંજ્ઞા, [13]વિજ્ઞાન, [14]ધારણા, [15]બુદ્ધિ, [16]ઇહા, [17]મતિ, [18]વિતર્ક (આ અઢાર પ્રકારે) એટલે આ બતાવેલાં લક્ષણો જીવનાં છે. તું શબ્દ જ કારના અર્થમાં છે તેથી એમ જાણવું કે, આ લક્ષણો જીવનાં જ છે. પણ અજીવમાં તે લક્ષણો નથી. ॥ ગાથાર્થ ૨૨૪ ॥ આ બન્ને ગાથાનો અર્થ ટુંકાણમાં કહ્યો, હવે વિસ્તારથી અર્થ ભાષ્યકાર કહે છે. ॥ ૨૨૩-૨૨૪ ॥

**लक्खिज्जइत्ति नज्जइ, पच्चक्खियरो व जेण जो अत्थो । तं तस्स लक्खणं खलु, धूमुण्हाई व्व अग्गिस्स ।। १२ ।।भा.।।**

લક્ષ્યમાં આવે છે, એટલે જણાય છે; તે કોણ છે ? તે પ્રત્યક્ષ, અને ઇતર, તે પરોક્ષ જે ઉષ્ણપણા વિગેરેથી જે પદાર્થ અગ્નિ વિગેરે તે તેનું લક્ષણ છે. તે જ ખુલાસાથી કહે છે. જેમ ધૂમ ઉષ્ણતા વિગેરે અગ્નિનાં લક્ષણ છે, તે ઉષ્ણતાથી પ્રત્યક્ષજ અગ્નિ જણાય છે અને ધૂમાડાથી પરોક્ષ જણાય છે. (અર્થાત્ નજરે ન દેખાય તે પરોક્ષ) ॥ ગાથાર્થ ૧૨ ભાષ્ય ॥ તે આદાન વિગેરેના દૃષ્ટાંતો કહે છે.

**अयगार कूर परसू, अग्गी सुवण्णे अ खीरनरवासी । आहारो दिट्ठंता, आयाणाईण जहसंखं ।। १३ ।। भा. ।**

અયસ્કાર (લુહાર) કૂર (ભોજન-ભાત) પરશુ (કુહાડી) અગ્નિ, સુવર્ણ, (સોનું), ક્ષીર (દૂધ) નીર (પાણી) વાસી (છેની) તથા આહાર એ દૃષ્ટાંત છે. કોના ? પ્રકાંત (ચાલુ વિષય) જે આદાન વિગેરે છે તેના અનુક્રમે છે અને પ્રતિજ્ઞાદિ ઉલ્લંઘવાથી આ કહેવાનું પરોક્ષ વસ્તુના સ્વીકારમાં પ્રાયઃ પ્રધાન અંગપણું બતાવવા માટે છે. ॥ ગાથાર્થ ૧૩ ॥ હવે પ્રયોગ કહે છે.

**देहिंदियाइरित्तो, आया खलु गज्झगाहपओगा संडासा अयपिंडो, अययाराइव्व विन्नेओ ।। १४ ।। भा. ।।**

દેહ ઇન્દ્રિય વિગેરેથી જુદો આત્મા છે. ખલુ શબ્દ વિશેષણના અર્થમાં છે. તે સૂચવે છે કે, કથંચિત્ (કોઈ અંશે) જુદો છે પણ સર્વથા જુદો નથી. જો તદ્દન જુદો માનીએ તો, અસંવેદન વિગેરેનો પ્રસંગ આવશે. આ વડે પ્રતિજ્ઞાનો અર્થ કહ્યો અને પ્રતિજ્ઞા અર્થ ઇન્દ્રિયો છે. આદેય, આદાનનો, વિદ્યમાન આદાતૃક છે. કેવી રીતે ? તે કહે છે. ગ્રાહ્ય, ગ્રાહકના પ્રયોગથી. તેમાં ગ્રાહ્ય તે, રૂપ વિગેરે છે. અને ગ્રાહક, તે ઇન્દ્રિયો છે. તેઓનો પ્રયોગ, સ્વફલ સાધન વ્યાપાર છે. કારણ કે તેનાથી વ્યાપાર થાય છે. વળી એ (ઇન્દ્રિયો)નો કર્મ, કરણભાવ કર્તાના વિના સ્વકાર્ય સાધન પ્રયોગવાળો થતો સંભવતો નથી. એના વડે પણ હેતુનો અર્થ કહ્યો અને હેતુ તે આદેય આદાન રૂપે છે. હવે દૃષ્ટાંત કહે છે. જેમ કે ગ્રહણ કરનાર સંદંશક (સાણસો) જે અયસ્પિંડ (લોઢું) આદેય છે. તેનાથી લુહાર માફક જાણવું. અતિરિક્ત (જુદો) વિદ્યમાન આદાતા (લેનાર) એના વડે દૃષ્ટાંત અર્થ કહ્યો. પણ તેમાં દૃષ્ટાંતતો સંદંશક, અને અયસ્પિંડ, માફક છે. પણ જે તેનાથી જુદો નથી તેમાં ગ્રાહ્ય ગ્રાહકનો પ્રયોગ નથી. જેમ કે દેહાદિથીજ. એ વ્યતિરેક (ઉલટો) અર્થ છે. એટલે વ્યતિરેક તે જે વિદ્યમાન આદાતૃક ન હોય, તેઓ આદેય આદાન રૂપવાળાં પણ ન થાય, જેમ કે મૃતક દ્રવ્ય ઇંદ્રિયો વિગેરે ન થાય. ॥ ગાથાર્થ આદાન દ્વાર કહ્યું. (દેહાદિકથી આત્મા કાંઈક અંશે જુદો છે. ગ્રાહ્ય, ગ્રાહક, પ્રયોગ છે. દૃષ્ટાંત સંડાસા (સાણસા)થી લોઢું પકડવું તેમાં લુહાર માફક જાણવું, એટલે ઇંદ્રિયો કોઈ પણ વસ્તુને લે તો

પણ આત્માની સહાયતા વિના ન લે. જેમ કે સાણસો લોઢાને પકડે, પણ લુહાર વિના સાણસાથી લોઢું ન પકડાય તેથી આત્મા સિદ્ધ થયો) હવે પરિભોગદ્વાર કહે છે. ॥ ૧૪ ॥ ભા.

**देहो सभोत्तिओ खलु, भोज्जत्ता ओयणाइथालं व । अन्नप्पउत्तिगा खलु जोगा परसुव्व करणत्ता ।। १५ ।। भा.**

"દેહ છે. તે ભોક્તા સહિત છે," આ પ્રતિજ્ઞા છે. ભોગવવા યોગ્ય" આ હેતુ છે. ભાત વિગેરેના થાલનું એટલે થાળીમાં ભાત મુકે, તે ખાનારને માટે જ મૂકાય છે. આ દૃષ્ટાંત છે. અને દેહનું ભોગવવું, તે જીવ વડે છે. તે દેહમાં રહીને ભોગવતો હોવાથી, તેથી પ્રતિજ્ઞા સિદ્ધ થઈ પરિભોગ દ્વાર કહીને હવે યોગદ્વાર કહે છે. "બીજાના પ્રયોજેલા યોગો છે." યોગ તે સાધન છે. જેમાં મન વચન અને કાયા, એ કરણ છે. તે પ્રતિજ્ઞાનો અર્થ છે. કારણપણું એ હેતુ છે. પરશુ માફક આ દૃષ્ટાંત છે, (જેમ પરશુ વડે માણસ કાપે છે. તે પ્રમાણે મન, વચન, કાયા, વડે આત્મા પદાર્થનો નિર્ણય કરે છે.) વળી વિશેષ પક્ષ લેતાં સામાન્ય હેતુ થાય છે. જેમ કે અનિત્ય વર્ણ આત્મક શબ્દ. શબ્દપણું હોવાથી, મેઘશબ્દનું દૃષ્ટાંત ॥ ગાથાર્થ થયો ॥ યોગદ્વાર કહ્યું. હવે ઉપયોગ દ્વાર કહે છે. ॥ ૧૫ ॥

**उवओगा नाभावो, अग्गिव्व सलक्खणापरिच्चागा । सकसाया णाभावो पज्जयगमणा सुवण्णं व ।। १६ ।। भा.**

ઉપયોગ સાકાર, અનાકાર, ભેદથી ભિન્ન છે. તેનાથી જીવનો અભાવ નથી. શા માટે ? તે કહે છે. સ્વલક્ષણને ન ત્યાગવાથી-એટલે ઉપયોગ લક્ષણ જે આત્માનું અસાધારણ લક્ષણ છે. તે તેણે ત્યાગ્યું નથી, તે હેતુ છે. અગ્નિનું દૃષ્ટાંત છે. જેમ કે અગ્નિ, ઉષ્ણતા જે પોતાનું લક્ષણ છે. તેને જ્યાં સુધી ન ત્યાગે, ત્યાં સુધી તે અગ્નિ જ ગણાય. તેમ જીવનું પણ જાણવું. આ પ્રયોગાર્થ થયો. પ્રયોગ આ પ્રમાણે છે.

સન્ આત્મા, (આત્મા વિદ્યમાન છે.) પ્રતિજ્ઞા સ્વલક્ષણ (ઉપયોગ)ને ન ત્યાગવાથી આ હેતુ છે. અગ્નિ માફક આ દૃષ્ટાંત છે. ઉપયોગ દ્વાર કહીને કષાયદ્વાર કહે છે. કષાયપણાથી સહિત, હોવાથી, એટલે અચેતન. વિલક્ષણ એવા ક્રોધાદિ પરિણામથી યુક્ત હોવાથી જીવનો અભાવ નથી. શા માટે ? તે કહે છે. પર્યાયનું ગમન (પ્રાપ્ત) થવાથી એટલે ક્રોધ માન વિગેરે પર્યાયોને (આત્મા, પામે છે) દૃષ્ટાંત સુવર્ણનું છે. જેમ કડાં, કંઠી, વિગેરે પર્યાયને પામેલું સોનું દરેકમાં વિદ્યમાન છે, તેમ આત્મા પણ ક્રોધ, માન, વિગેરેમાં વિદ્યમાન છે. ॥ ગાથાર્થ । લેશ્યાદ્વાર કહે છે. ॥ ૧૬ ॥

**लेसाओ णाभावो, परिणमणसभावओ य खीरं व । उस्सासा णाभावो समसब्भावा खउ व्व नरो ।। १७ ।। भा.**

લેશ્યાના સદ્ભાવથી જીવનો અભાવ નથી. પણ ભાવ જ છે. શા માટે ? કહે છે -

પરિણામનો સ્વભાવ છે. કૃષ્ણ (કાળું) વિગેરે દ્રવ્ય, સાથે હોવાથી જાંબુના ખાનારા વિગેરેના દૃષ્ટાંતથી સિદ્ધ છે. કે તે પ્રમાણે પરિણામ ધર્મપણું હોવાથી, ક્ષીર (દૂધ)ની માફક, આ પ્રમાણે પ્રયોગ અર્થ છે. પ્રયોગ (અનુમાન) આ પ્રમાણે કરવો. (પ્રતિજ્ઞા) આત્મા વિદ્યમાન છે. (હેતુ) પરિણામીપણે હોવાથી, ક્ષીરનું, આ દૃષ્ટાંત છે. લેશ્યા દ્વાર કહીને આનપાન દ્વાર કહે છે.

ઉચ્છ્વાસથી એટલે અચેતન ધર્મથી વિલક્ષણ પ્રાણ, અપાન (શ્વાસ લેવો તે) ના સદ્ભાવથી જીવનો અભાવ થતો નથી; પણ ભાવ જ સિદ્ધ થાય છે. શ્રમ (ચાલવા વિગેરે)ના કારણે પરિસ્પંદ

(જોરથી દમચાલતા) પુરુષની માફક એટલે આ પ્રમાણે પ્રયોગ કરવો.

પણ આ પ્રયોગ વ્યતિરેકવાળો (ઉલટો) જાણવો. આત્માથી યુક્ત જીવતું શરીર છે. શ્વાસોશ્વાસ લેતું હોવાથી, અને જે આત્માવાળું નથી હોતું. તે શ્વાસોશ્વાસ લેવાવાળું પણ નથી હોતું. જેમ કે આકાશ, હવે ઇંદ્રિયદ્વાર છે. ॥ ૧૭ ॥

अक्खाणेयाणि परत्थगाणि वासाइवेह करणत्ता । गइवेयगनिज्जरओ, कमस्सऽन्नो जहाहारो ।। १८ ।। भा.

અક્ષ, એટલે ઇંદ્રિયો આ લોકમાં પ્રસિદ્ધ છે. તે દેહને આશ્રિત છે. પરાર્થ. તે આત્માના પ્રયોજનવાળી છે. વાસી (વાંસલો) વિગેરેની માફક, અહીં કરણપણે હોવાથી આ લોકમાં વાસી વિગેરે માફક. આ પ્રયોગ અર્થ છે.

વાદીની શંકા, આદાનજ, ઇંદ્રિયો છે. તે શા માટે ભેદનો ઉપન્યાસ કરવો ? ઉત્તર નિવૃત્તિ તથા ઉપકરણના દ્વાર વડે 'બેપણું' બતાવવા માટે, તેથી, તેમાં તો ઉપકરણનું ગ્રહણ કરવું, પણ અહીં તો નિર્વૃત્તિ લેવી.

આ પ્રયોગ કરવો. પરાર્થવાળા (આત્મપ્રયોજનવાળા) ચક્ષુ વિગેરે ઇંદ્રિયો છે. સંઘાતપણું હોવાથી, શયન, આસન વિગેરે માફક, અને આ કાંઈ વિશેષ વિરૂદ્ધ નથી. કર્મ સંબંધવાળા આત્માને સંઘાત રૂપપણું સ્વીકારેલું હોવાથી, ઇંદ્રિય દ્વાર કહ્યું. હવે બંધાદિ દ્વારો કહે છે. ગ્રહણ, વેદક, નિર્જરક તે કર્મથી અન્ય છે. જેમ કે આહાર તેમાં ગ્રહણ તે કર્મનો બંધ છે, વેદવુ તે ઉદય, નિર્જરા તે ક્ષય; હવે આહારમાં જે દૃષ્ટાંત હતું, તે આ પ્રમાણે સમજવું કે "આહાર સંબંધી ગ્રહણ તે કર્ત્તા વિગેરે સિવાય થાય નહીં તે પ્રમાણે કર્મનું પણ કર્તા વિના ન થાય - પ્રયોગ વિદ્યમાન ભોક્તાવાળું આ કર્મ છે. ગ્રહણ, વેદન નિર્જરાના સદ્ભાવથી, આહારની માફક તેથી આત્મા સિદ્ધ થયો ॥ ગાથાર્થ - ॥ હવે બીજી ગાથાને આશ્રયીને ચિત્તાદિકનું સ્વરૂપ બતાવવા કહે છે. ॥ ૧૮ ॥

चित्तं तिकालविसयं, चेयण पच्चक्ख सन्नमणुसरणं । विण्णाणऽणेगभेयं; कालमसंखेयरं धरणा ।। १९ ।। भा.

ચિત્ત ત્રિકાલ વિષય છે. એટલે ઓઘથી અતીત, અનાગત, વર્તમાનગ્રાહી છે. ચેતન તે ચેતના, તે પ્રત્યક્ષ વર્તમાન અર્થ ગ્રહણ કરનારી છે. સંજ્ઞાન તે સંજ્ઞા એટલે પછવાડે જે સ્મરણ થાય, તે જ્ઞાન, અને વિજ્ઞાન છે. તે અનેક પ્રકારનું છે. અનેક ધર્મવાળી વસ્તુમાં તેવો તેવો અધ્યવસાય (વિચાર) થાય છે. કાલ અસંખ્યેયેતર છે. એટલે અસંખ્યેય તથા સંખ્યેય છે, શું ? ધારણા તે નાશ ન થાય. તેવી સ્મૃતિ વાસના છે. તે અસંખ્યેય વર્ષ આયુવાળાને અસંખ્યેય કાળ, તથા સંખ્યેય વર્ષાયુવાળાને સંખ્યેય કાળ સુધી ધારણા રહે છે. ॥ ગાથાર્થ ॥ ભા. ॥ ૧૯ ॥

अत्थस्स ऊह बुद्धि, ईहा चेट्ठत्थअवगमो उ मई । संभावणत्थतक्का गुणपच्चक्खा घडोव्वऽत्थि ।। २० ।। भा.

અર્થનો ઉહ તે બુદ્ધિ એટલે સંજ્ઞિ પ્રાણીને પરથી નિરપેક્ષ અર્થનું જાણવું તે, ઇહા તે ચેષ્ટા જેમ કે આ સ્થાણું છે કે પુરુષ છે. તે સદ્ (વિદ્યમાન) પદાર્થને વિચારવારૂપે છે. અર્થાવગમ તે અર્થનો પરિચ્છેદ, તે માથાને ખણવા વિગેરેના ધર્મથી ઉપપત્તિથી આ પુરુષ જ છે. એવી નિશ્ચય મતિ થાય

તે અર્થાવગમથી ઉત્પન્ન થાય તે મતિ જાણવી, "સંભાવણ તથા તક્ક" પ્રાકૃત શૈલીને ફેરવતાં અર્થ સંભાવના શબ્દ થાય તે એટલે આ પ્રમાણે જ આ થાય છે. તે તર્ક, આ પ્રમાણે દ્વારો કહીને આ બધા ચિત્તાદિગુણો વર્ત્તે છે. તે જીવનામના ગુણીનું પ્રતિપાદક છે. તે પ્રયોગ અર્થ વડે ઉપસંહાર કરતા કહે છે. હેતુના ગુણ પ્રત્યક્ષપણે હોવાથી ઘટની માફક જીવ છે એમ સમજાય છે. ॥ આ ગાથાર્થ છે. ॥ ભા-૨૦ ॥

**जम्हा चित्ताईया, जीवस्स गुणा हवंति पच्चक्खा । गुणपच्चक्खत्तणओ, घडुव्व जीवो अओ अत्थि ।। २१ ।। भा.**

જેથી પૂર્વે કહેલા ચિત્ત વગેરે જીવના ગુણો બતાવ્યા તે અજીવના નથી. કારણ કે શરીરાદિના ગુણોથી વિધર્મ પણે હોવાથી-અને એ ગુણો પ્રત્યક્ષ થાય છે. કારણ કે પોતપોતાનો સૌને અનુભવ છે. જેથી આ પ્રમાણે ગુણોના પ્રત્યક્ષપણાથી હેતુથી ઘટ માફક જીવ પણ છે. એથી એ પ્રમાણે પ્રયોગ અર્થ છે. પ્રયોગ આ પ્રમાણે-આત્મા વિદ્યમાન છે. ગુણ પ્રત્યક્ષપણું હોવાથી, તેમાં દ્દષ્ટાંત ઘટનું છે. વળી આ ઘટ માફક આત્માને અચેતનપણું આપવા વડે વિરૂદ્ધ પણ નથી. કારણ કે અવિદ્યમાન બાધનમાં વિરૂદ્ધ છે. આ વચન છે. ચૈતન્ય પ્રત્યક્ષ જ બાધન છે. એટલે ઘડામાં અચેતનતા છે, પણ આત્મામાં તો પ્રત્યક્ષ જ તેથી બાધન રૂપ ચૈતન્ય વિદ્યમાન છે. આ પ્રમાણે મૂળ દ્વારની ગાથા બેના સંબંધમાં પ્રતિદ્વાર, બે ગાથાથી લક્ષણદ્વાર કહ્યું. હવે અસ્તિત્ત્વ દ્વારનો અવસર છે, તે પ્રમાણે ભાષ્યકાર કહે છે. ॥ ૨૧ ॥

**अत्थित्ति दारमहुणा, जीवस्सइ अत्थि विज्जए नियमा । लोआययमयघायत्थमुच्चए तत्थिमो हेऊ ।। २२ ।। भा.**

હવે અસ્તિત્વ દ્વારનો અવસર આવ્યો છે. ત્યાં આ પ્રમાણે 'કહેવાય છે. "જીવ વિદ્યમાન હોઈ પૃથિવી આદિ વિકાર દેહ માત્ર રૂપવાળો છે. આ પ્રમાણે સિદ્ધ સાધ્યતા પણ તેથી અન્ય છે. એવી આશંકા થાય તે દૂર કરવા માટે કહે છે. અન્ય ચૈતન્ય રૂપ છે. તે પણ માતાના ચૈતન્યનું ઉપાદાન થશે. પણ પરલોકયાયી (જનારો) નથી, એવો મોહ થાય, તે દૂર કરવા, કહે છે. કે તે નિશ્ચયથી છે જ, તેથી કહે છે કે" લોકાયત મત દૂર કરવા માટે છે, એટલે નાસ્તિક અભિપ્રાયનું નિરાકરણ કરે છે, એથી તે વિશેષણો સફળ છે. તે લોકાયત મતને દૂર કરવામાં આ હવે પછી કહેવાતો હેતુ અન્યથા અનુપપત્તિ રૂપ યુક્તિનું માર્ગ છે. ॥ ગાથાર્થ ॥ ૨૨ ॥

**जो चिंतेइ सरीरे, नत्थि अहं स एव होइ जीवो त्ति । न हु जीवंमि असंते, संसयउप्पायओ अन्नो ।। २३ ।। भा.**

જે કોઈ આ લોકમાં એમ ચિંતવે કે, હું શરીરમાં નથી, એમ ચિંતવનારો જ જીવ છે. કેવી રીતે ? તે કહે છે - કે અવિદ્યમાન જીવવાળાં એટલે મરેલાના શરીર વિગેરેમાં સંશય કરનારો અન્ય પ્રાણાદિ નથી, કારણ કે સંશયનું ચૈતન્ય રૂપ પણું છે, તેથી; ॥ ગાથાર્થ ॥ એજ હવે બતાવે છે. ૨૩-ભા ॥

**जीवस्स एस धम्मो, जा ईहा अत्थि नत्थि वा जीवो । खाणुमणुस्साणुगया, जह ईहा देवदत्तस्स ।। २४ ।। भा.**

જીવનો આ સ્વભાવ ધર્મ છે. કે જે ઇહા સદ્ અર્થ પર્યાયલોચન રૂપ છે. કેવી ઇહા ? તે કહે છે. કે છે અથવા નથી ? એટલે જીવ છે કે નહિ. તે સંબંધી લોકમાં પ્રસિદ્ધ દ્દષ્ટાંત કહે છે. સ્થાણું, મનુષ્ય, અનુગત. એટલે આ (દૂર દેખાય તે) સ્થાણું (ઝાડનું ઠુંઠું) છે કે પુરુષ છે ? આવી

જે ઇહા દેવદત્તને થાય છે, તે જીવનો ધર્મ છે. ॥ગાથાર્થ ॥ ભા-૨૪ ॥

હવે બીજી રીતે એજ કહે છે.

**सिद्धं जीवस्स अत्थित्तं, सद्दादेवाणुमीयए । नासओ भुवि भावस्स, सद्दो हवइ केवलो ।। २५ ।। भा.**

જીવનું જે ઉપયોગ લક્ષણનું અસ્તિત્વ છે. તે સિદ્ધ છે. શા માટે ? તે કહે છે. "શબ્દથી જ" એટલે જીવ, એમ બોલવાથી અનુમાન કરાય છે. કેવી રીતે ? તે કહે છે.

ન અસત્ પદાર્થનું પૃથ્વી ઉપર શબ્દવાચક હોય "ખરવિષાણ" (ગધેડાનું શિંગડું) શબ્દોથી વ્યભિચારની શંકા થાય, તેથી કહે છે કે, કેવળ શુદ્ધ, અન્ય પદથી ન જોડાયેલ, જીવ શબ્દ છે. ખરાદિપદ સંસૃષ્ટ વિષાણાદિ શબ્દ છે. ॥ ગાથાર્થ ॥ ૨૫ ભા.

(બે પદવાળાં અવિદ્યમાન વસ્તુને પણ કહે. પણ એક પદ હોય તે સત્ય પદાર્થનો જ વાચક હોય છે.) આનું જ વિવરણ કરવા ભાષ્યકાર કહે છે. ॥ ભા-૨૫ ॥

**अत्थित्ति निव्विगप्पो, जीवो नियमाउ सद्दओ सिद्धि । कम्हा ? सुद्धपयत्ता, घडखररसिंगाणुमाणाओ ।। २६ ।। भा०**

નિર્વિકલ્પ (સંદેહ રહિત) જીવ, નિયમથી શબ્દથી સિદ્ધ છે. એટલે વાચક શબ્દ જીવ, તેનાથી વાચ્ય પદાર્થ જીવની સિદ્ધિ છે. કેવી રીતે ? તે કહે છે.

શુદ્ધ પદપણું જીવનું હોવાથી ઘટખરશૃંગના અનુમાનથી. અનુમાન શબ્દ અહીં દૃષ્ટાંત વચન છે. ઘટ, ખર, શૃંગ દૃષ્ટાંતથી એમ પ્રયોગાર્થ છે. તે પ્રયોગ આ પ્રમાણે કરવો. મુખ્ય અર્થ વડે, અર્થવાળો જીવ શબ્દ છે. શુદ્ધ પદપણે હોવાથી ઘટ શબ્દની માફક, અને જે મુખ્ય અર્થ વડે અર્થવાળો ન થાય, તે શુદ્ધ પદ પણ ન થાય; યથા ખર શૃંગ શબ્દ આ ગાથાર્થ છે ॥ હવે પરના અભિપ્રાયની આ શંકા કરીને તેને દૂર કરવા કહે છે. ॥ ભા.-૨૩ ॥

**चोयग-सुद्धपयत्ता, सिद्धी जइ एवं सुण्णसिद्धि अम्हं पि । तं न भवइ संतेणं, जं सुन्नं सुन्नगेहं व ।। २७ भा० ।।**

તમારા કહેવા પ્રમાણે શુદ્ધ પદ પણાથી જો જીવની સિદ્ધિ થાય, તો શૂન્ય સિદ્ધિ અમારી પણ થાય. એટલે વાદી કહે છે કે, શૂન્ય નષ્ટ શબ્દના શુદ્ધ પદપણાથી અમારી સિદ્ધિ થાય. (અર્થાત્ જેમ શૂન્ય એ નકામું છે, તેમ જીવ પણ નકામું પદ છે.) આચાર્ય ઉત્તર આપે છે. જે પારકાએ (તમે) કહેલું તે સિદ્ધ થતું નથી શા માટે ? ઉત્તર-વિદ્યમાન પદાર્થ વડે જેથી શૂન્ય કહેવાય છે તે શૂન્ય પદાર્થ છે. જેમ કે શૂન્ય ગૃહ તે જ કહે છે કે દેવદત્ત રહિત આ શૂન્ય ગૃહ છે. નિવૃત્ત ઘટ નષ્ટ (નાશ પામ્યો) પણ આ બંનેનું જીવ શબ્દનું જીવવાળું અવશિષ્ટ (અધુરૂં) વાચ્ય નથી (ટીકા સંશોધકે અવશિષ્ટ ને બદલે અવિશિષ્ટ પદ મૂક્યું છે, તેનો અર્થ સામાન્ય થાય છે. અર્થાત્, જીવ જેમ સામાન્ય વાચ્ય છે, તેમ તે બેનું સામાન્યપણું નથી) ગાથાર્થ ॥ ભા. ૨૭ ॥

બીજે પ્રકારે અસ્તિત્વ પક્ષને સમર્થન કરતા કહે છે.

**मिच्छा भवेउ सव्वत्था, जे केई पारलोइया । कत्ता चेवोपभोत्ता य, जइ जीवो न विज्जइ ।। २८ ।। भा.**

મિથ્યા થાય, કયા ? બધા પરલોક સંબંધી દાનાદિ કેવી રીતે ? ઉત્તર કર્મનો કર્ત્તા અને ફળનો ઉપભોક્તા જ પરલોક (જનારો) જીવ જો ન હોય, તો. ગાથાર્થ. (અર્થાત્ જીવ ન હોય તો દાન દેવું

તથા તપ બ્રહ્મચર્ય અહીં કષ્ટ વેઠી કરવું, તે બધુ નકામું થાય. કારણ કે જીવ નથી તો પરલોક કોણ જાય ?) આજ બાબતને શીખાઉ શિષ્યના અનુગ્રહ માટે વધારે ખુલ્લું કહે છે. ॥ ભા. ૨૮ ॥

**पाणिदयातवनियमा, बंभं दिक्खा य इंदियनिरोहो । सव्वं निरत्थयमेयं जइ जीवो न विज्जई ।। २९ ।। भा.**

કરૂણા, ઉપવાસ, હિંસાની વિરતિ વગેરે તથા બ્રહ્મચર્ય દીક્ષા (યોગ લક્ષણવાળી) તથા ઇંદ્રિયોને વશ રાખી ચારિત્રનું કષ્ટ ભોગવવું એ સઘળું નિરર્થક જ થાય. જો તમે જીવને પરલોકમાં જનારો ન માનો તો (આ દશા થાય) કિંચ (વળી) શિષ્ટોએ આચરેલો માર્ગ જ ઉત્તમ પુરુષોએ આદરવો. હવે તે માર્ગને બતાવે છે. ॥ ભા-૨૯ ॥

**लोइया वेइया चेव, तहा सामाइया विऊ । निच्चो जीवो पिहो देहा, इइ सव्वे ववत्थिया ।। ३० ।। भा.**

લોકમાં થયા અથવા લોકમાં વિદિત તે લૌકિકા તે ઇતિહાસ વિગેરે કરનારાં, તે જ પ્રમાણે વૈદિકો, ત્રૈવિદ્ય વૃદ્ધો તથા સામાયિક તે ત્રિપિટક, વિગેરે સમય વૃત્તિવાળા, તથા વિદ્વાનો છે તેઓ માને છે કે નિત્ય જીવ છે પણ અનિત્ય નથી. એ પ્રમાણે દેહથી જુદો જીવ છે. એ પ્રમાણે. સર્વ વ્યવસ્થિત (માનનારા) પણ બીજી રીતે માનતા નથી ॥ ગાથાર્થ ॥ એજ કહે છે. ॥ ભા-૩૦ ॥

**लोगे अच्छेज्जभेज्जो वेए सपुरीसदद्धगसियालो । समएज्जहमासि गओ, तिविहो दिव्वाइसंसारो ।। ३१ ।। भा.**

લોકમાં અછેદ્ય, અભેદ્ય, આત્મા કહેવાય છે. ગીતામાં કહ્યું છે કે -

**'अच्छेद्योऽयमभेद्योऽयमविकार्योऽयमुच्यते । नित्यः संततगः स्थाणुरचलोऽयं सनातनः ।। १ ।। इत्यादि**

આ અછેદ્ય, અભેદ્ય, અવિકાર્ય, નિત્ય, સંતતગ, (સદા ભમનારો) સ્થાણું, તથા આ અચલ સનાતન આત્મા છે. તથા વેદમાં કહ્યું છે કે, વિષ્ટા સહિત મરેલો નવડાવ્યા વિના બાળે તે શિયાળીઓ થાય. અને વિષ્ટા રહિત બાળે તો તેની પ્રજા ક્ષુધા રહિત ઉત્પન્ન થાય છે. તથા (બૌદ્ધશાસ્ત્રી) સમયમાં "હું હાથી હતો," એમ કહેવાય છે. તે જ પ્રમાણે બુદ્ધનું વચન છે. કે હે ભિક્ષુઓ ! હું (પૂર્વ ભવમાં) છ દાંતવાળો શંખ જેવો હાથી હતો. અને પોપટ જે પાંજરામાં રહેલો છે, તે શકુંતનો જીવ, જીવક હતો વિગેરે તથા કેટલાક ત્રણ પ્રકારનો દિવ્ય આદિ સંસાર માને છે. દેવ, માનુષ્ય, તિર્યગ, એવા ત્રણ ભેદો છે. આદિ શબ્દથી ચાર પ્રકારે, કેટલાક નારકી વધારે માને છે. ॥ ગાથાર્થ ॥ ગા. ૩૧ ॥

હવે બીજે પ્રકારે અસ્તિત્વ કહે છે.

**अत्थि सरीरविहाया, पइनिययागारयाइभावाओ । कुंभस्स जह कुलालो सो मुत्तो कम्मजोगाओ ।। ३२ ।। भा.**

ઔદારિકાદિ શરીરનો વિધાતા (કરનારો) કોઈ પણ છે, શા માટે ? કહે છે. પ્રતિનિયત આકારપણાદિનો સદ્‌ભાવ હોવાથી શરૂઆતથી પ્રતિનિયત આકારવાળો હોવાથી, એમ સમજવું કે તેનો કર્તા છે. હવે દૃષ્ટાંત કહે છે. કે જેમ ઘડાનો બનાવનાર કુંભાર છે, તેમ આ શરીરનો પણ કર્તા કોઈ છે. કદાચ કુંભાર માફક એ દૃષ્ટાંતે કુલાલ (કુંભાર) માફક તે શરીરનો કર્ત્તા પણ મૂર્ત્ત થશે, એવી વિરૂદ્ધ પણ શંકા થાય તે દૂર કરવા કહે છે.

તે આત્મા મૂર્ત્ત-કર્મ યોગથી, એટલે મૂર્ત્ત કર્મના સંબંધથી કંઈક અંશે મૂર્ત્ત છે. ॥ ગાથાર્થ ॥ અહીંયાં જ શિષ્યની બુદ્ધિ ખીલવવા બીજી રીતે તેની ગ્રહણ વિધિ બતાવે છે. ॥ ૩૨ ॥

**फरिसेण जहा वाऊ, गिज्झई कायसंसिओ । नाणाईहिं तहा जीवो, गिज्झई कायसंसिओ ।। ३३ ।। भा.**

જેમ શીત વિગેરે સ્પર્શથી જેમ વાયુ માનીએ છીએ, એટલે તે દેખાતો નથી, છતાં પણ શરીર સ્પર્શ કરતો માનીએ, તેમ જ્ઞાનાદિ, એટલે જ્ઞાન દર્શનની ઇચ્છા વિગેરેથી જીવને કાયામાં રહેલો માનવો જોઈએ. ॥ ગાથાર્થ ॥ ૩૩ ॥

ઘણાં અનુમાનોથી આત્માનું અસ્તિત્વ સિદ્ધ કર્યું. પણ અનુમાન તો પ્રત્યક્ષપૂર્વક હોય છે. પણ આત્માને કેટલાક દેખતા નથી, તેથી જીવ માનવો, અશોભનિક છે. એવી કોઈની શંકા થાય તે કહે છે.

**अणिंदियगुणं जीवं, दुन्नेयं मंसचक्खुणा । सिद्धा पासंति सव्वन्नू, नाणसिद्धा य साहुणो ।। ३४ ।। भा.**

ઇંદ્રિયથી રહિત ગુણવાળો, અવિદ્યમાન રૂપાદિ ઇંદ્રિયગ્રાહ્ય ગુણવાળો જીવ, અમૂર્ત્તત્વ આદિ ધર્મવાળો છદ્મસ્થને દુર્લક્ષ્ય છે. સિદ્ધ (જે કેવલજ્ઞાન પામેલા) જે સર્વજ્ઞ છે. તે જ જીવને પ્રત્યક્ષ જુએ છે. અહીં સર્વજ્ઞ વિશેષણ એટલા માટે લીધું કે, અંજનસિદ્ધ વિગેરે પણ સિદ્ધ ગણાય, તે ન જુએ. ફક્ત જે મોક્ષમાં ગયા, તે ઋષભદેવ વિગેરે જુએ છે. તથા જ્ઞાનસિદ્ધ તે સાધુઓ. એટલે મોક્ષમાં ન ગયેલા, એવા ભવસ્થ. કેવળી પણ જુએ છે. ॥ ગાથાર્થ ॥ ૩૪ ॥

હવે આગમથી જીવનું અસ્તિત્ત્વ સિદ્ધ કરે છે.

**अत्तवयणं तु सत्थं, दिट्ठा य तओ अइंदियाणंपि । सिद्धी गहणाईणं तहेव जीवस्स विन्नेया ।। ३५ ।। भा.**

આપ્ત વચન તે શાસ્ત્ર છે, આપ્ત પુરુષ તે રાગાદિથી રહિત છે. તુ શબ્દ અવધારણ અર્થમાં છે; તેથી આપ્ત વચન જ શાસ્ત્ર છે[1]. આ વચનથી અપૌરૂષેયનો વ્યવચ્છેદ કર્યો, કારણ કે તેનું અસંભવપણું છે. તે આપ્તવચનના શાસ્ત્રથી જાણ્યું કે, જે ઇંદ્રિયોથી અતિક્રાંત, અને જે અતીંદ્રિયથી જ્ઞાનીઓ જાણે, તેથી તેમના વચનથી આપણે પણ જાણીએ. જેમ આ લોકમાં જ્યોતિષીઓની ગણતરીથી ચંદ્રગ્રહણ વિગેરે આપણે માનીએ છીએ, તેમ જ જીવની સિદ્ધિ પણ માનવી. મૂલદ્વારની ગાથામાં અસ્તિત્વદ્વાર કહ્યું. હવે અન્યત્વ આદિ ત્રણ દ્વાર કહે છે. ॥ ૩૫ ॥

**अण्णत्तममुत्तत्तं, निच्चत्तं चेव भण्णए समयं । कारणअविभागाईहेऊहिं इमाहिं गाहाहिं ।। ३६ ।। भा.**

(૧) અન્યપણું, તે દેહથી આત્માનું જુદાપણું છે; તથા (૨) અમૂર્ત્તત્વ, તે સ્વરૂપવડે (ઇંદ્રિયોથી) આત્મા ન દેખાય તેવો છે. (૩) નિત્યત્વ તે જ પરિણામવાળો, તે નિત્યપણાવાળો કહેવાય છે. આ ત્રણે ગુણો એક એક હેતુ વડે એક કાલે યુગપદ્ (સાથે) રહે છે: કારણ અવિભાગ વિગેરે, હવે પછીની કહેવાતી નિર્યુક્તિની ત્રણ ગાથાઓના લક્ષણો વડે (કહેવાશે) ॥ ગાથાર્થ ॥ ૩૬ ॥

**कारणविभागकारणविणासबंधस्स पच्चयाभावा । विरुद्धस्स य अत्थस्सापाउब्भावाविणासा य ।। २२५ ।।**

કારણ વિભાગ, કારણ વિનાશ, અને બંધના પ્રત્યયના અભાવથી, આ અભાવ અહીં ત્રણેને લાગુ પડે છે. એટલે કારણ વિભાગના અભાવથી જીવને પટાદિની માફક, તંતુ વિગેરે કારણ વિભાગ નથી. જીવ તાંતણાથી બન્યો છે એમ સમજવું નહીં કારણ કે તેમાં કારણનો જ અભાવ છે. એ પ્રમાણે કારણ વિનાશના અભાવમાં પણ જોડવું (કારણ વિનાશનો અભાવ નથી. જ્યાં કારણ નથી, ત્યાં અભાવ

૧. તુલના ભગવત્ ગીતા - अ-૨ શ્લો. ૨૪

હોય જ શાનો ?) તથા બંધનું, એટલે જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલયોગ લક્ષણના પ્રત્યયનો અભાવ થાય, એ હેતુ નથી. કારણ કે બંધનું હેતુપણું ઉત્પન્ન થતું નથી, બંધાતો વ્યતિરિક્ત, બંધ જણાવવા માટે અસમાસ છે. અને વ્યતિરેકી આ અન્વય, વ્યતિરેક, અર્થસાધક છે. તે દર્શાવવા માટે તથા વિરૂદ્ધ અર્થનો પટાદિનાં નાશમાં ભસ્મ વિગેરે માફક અપ્રાદુર્ભાવમાં, અને અનુત્પત્તિ છતે, અવિનાશના હેતુથી જીવનું નિત્યપણું છે. અને નિત્યપણું સિદ્ધ થવાથી અમૂર્ત્તપણું છે. અને અમૂર્ત્તપણાથી, દેહથી તે આત્માનું અન્યપણું પ્રતિપત્તિવડે અનુકૂળ ગુણથી વ્યત્યયવડે સાધ્યનો નિર્દેશ છે અને તે નિર્યુક્તિકાર કહેશે. **"जीवस्स सिद्धमेवं निच्चत्तममुत्तमन्नत्तं"**

આ ગાથાનો સમાસ અર્થ થયો. અને વધારે અર્થ ભાષ્યથી જાણવો. **निर्युक्तिमूलद्वारपरापेक्षया संगृहीतार्थवाचका गाथा निर्युक्तिः तस्याश्च यद्विवरणं तद्भाष्यं, कर्त्ता त्वनयोरेक एवोभयोरपीति वि. प** (નીચેના ટીપ્પણમાં લખ્યું છે કે મૂળદ્વારની જ અપેક્ષા વડે નિર્યુક્તિ-સંગૃહીત અર્થ વાચક ગાથા નિર્યુક્તિ છે. તેનું જે વિવરણ, તે ભાષ્ય છે. પણ કર્ત્તા નિર્યુક્તિ, તથા ભાષ્ય, બંનેનો એક જ છે. वि. प)

આમાં અપઠિત શિષ્યનો સંમોહ દૂર કરવા જેમ ઉપન્યાસ કર્યો છે, તે પ્રમાણે દ્વારો કહીને, પાછળથી નિર્યુક્તિકારના અભિપ્રાય પ્રમાણે મિલાવી લેશે. એટલા માટે કહે છે. ॥ ૨૨૫ ॥

**अन्नत्ति दारमहुणा, अन्नो देहा गिहाउ पुरिस्सो व्व । तज्जीवतस्सरीरियमयघायत्थं इमं भणियं ।। ३७ ।। भा.**

"દેહથી અન્ય" આ દ્વાર કહે છે. તેમાં એ કહેશે કે દેહથી જીવ જુદો છે." ગૃહ (ઘર) વિગેરેમાં રહેલા પુરુષની પેઠે આ દૃષ્ટાંત છે. તેના ભાવમાં પણ ત્યાં અનિયમથી "ભાવથી" આ હેતુ વિચારવો અને આ હેતુ અસિદ્ધ નથી. મૃત દેહમાં દેખાતો નથી. તેથી, હવે પ્રયોગનું ફળ કહે છે. તે જીવ તે શરીર આવું માનનારા વાદીનો મત ખંડન કરવા આ પ્રયોગ કહ્યો છે. ॥ ગાથાર્થ ॥ હવે બીજો પ્રયોગ કહે છે. ॥ ૩૭ ॥

**देहिंदियाइरित्तो, आया खलु तदुवलद्धअत्थाणं । तव्विगमेऽवि सरणओ, गेहगवक्खेहिं पुरिसो व्व ।। ३८ ।। भा.**

ખલુ શબ્દ વિશેષણના અર્થવાળો હોવાથી કોઈ અંશે આત્મા દેહ તથા ઇંદ્રિયોથી જુદો છે. તેનાથી ઉપલબ્ધ અર્થોના સંભવથી પરામર્શપણાથી એટલે ઇંદ્રિયોથી કોઈ પદાર્થ જાણ્યો હોય, તો તેના વિગમ એટલે ઇંદ્રિય નાશ થવાથી પણ સ્મરણ થાય છે. તેથી તે હેતુનો અર્થ છે. અને તે પ્રમાણે આંધળા તથા બહેરા વિગેરે એ પૂર્વે સારી અવસ્થામાં દેખ્યું હોય તો યાદ કરી શકે છે. જેમકે ઘરના ઝરૂખામાં બેઠેલા પુરૂષે દેખ્યું હોય તે ઝરૂખામાં ન બેઠો હોય તો પણ યાદ કરી શકે છે. આ દૃષ્ટાંત છે. પ્રયોગ આ પ્રમાણે - કોઈ અંશે દેહ ઇંદ્રિયથી જુદો આત્મા છે. તદ્‌ઉપલબ્ધ અર્થને યાદ કરનારા દેવદત્તની જેમ. ગાથાર્થ - (ઉપર વિગત સમજાવી છે કે જેમ ઝરૂખામાં બેઠેલો કંઈ જુએ પછી ત્યાંથી ઉઠ્યા પછી પણ યાદ કરી શકે, તેમ ઇંદ્રિયથી કોઈ કંઈ દેખે, સાંભળે, અને પાછળથી કર્મ સંજોગે તે નાશ થાય, તો પણ વસ્તુ યાદ રહે છે. તેથી ઇંદ્રિયથી આત્મા કોઈ અંશે જુદો સિદ્ધ થયો.) ઇંદ્રિયનું ઉપલબ્ધિપણું છે. એવી આ શંકા દૂર કરવા કહે છે. ॥ ૩૮ ॥

न उ इंदियाइं उवलद्धिमंति, विगएसु विसयसंभरणा । जह गेहगवक्खेहिं, जो अणुसरिया स उवलद्धा ।। ३९ ।। भा.

પણ ઇંદ્રિયોજ દેખાવામાં લબ્ધિવાળી નથી, શા માટે ?

ઉત્તર-ઇંદ્રિયો જ્યારે નાશ થાય. ત્યારે વિષયનું સંસ્મરણ (યાદ) રહે છે. એટલે પહેલાં કોઈ માણસ દેખતો હોય-અને પછવાડે અંધો થાય, છતાં પણ પૂર્વે દેખેલો વિષય તેને યાદ આવે છે. તેવી જ રીતે કોઈ માણસ પછવાડે બહેરો થાય તો તેને પૂર્વે સાંભળેલી વાત યાદ રહે છે. એને માટે દૃષ્ટાંત કહે છે. જેમ ઘરના ઝરૂખામાં કોઈ માણસ બેઠો હોય તો તે ઝરૂખારૂપ કરણ વડે કાંઈ જુએ પછી ઝરૂખાથી ઘરમાં આવે અને પૂર્વે દેખેલો પદાર્થ યાદ રહે છે. તે યાદ રાખનાર પોતે ઉપલબ્ધિ (વિષયનો જાણનારો) છે, પણ ઝરૂખો દેખનારો નથી. તેવી જ રીતે ઇંદ્રિયો પણ દેખનારી કે જાણનારી નથી, પણ દેખનાર આત્માને સહાયક છે. આ પ્રમાણે અહીં ગાથાનો અર્થ છે. આ પ્રમાણે એક પ્રકારે અન્યત્વદ્વાર કહ્યું, હવે અમૂર્ત્તદ્વારનો અવસર છે તે પ્રમાણે ભાષ્યકાર કહે છે. ॥ ૩૯ ॥

संपयममुत्तदारं अइंदियत्ता अछेयभेयत्ता रूवाइविरहओ वा, अणाइपरिणामभावाओ ।। ४० ।। भा.

હવે અમૂર્ત્તદ્વાર કહીએ છીએ. અમૂર્ત્ત જીવ છે. કારણ કે અતીન્દ્રિય હોવાથી, દ્રવ્ય ઇંદ્રિયોથી ગ્રહણ કરાતું નથી. (આપણે ઇંદ્રિયો વડે આપણા આત્માને કે બીજાના આત્માને કોઈ પણ રીતે સાક્ષાત્ દેખતા નથી) વળી અમૂર્ત (અરૂપી) કહેવાનું કારણ એ છે કે તે તરવાર કે શૂળથી છેદાતો ભેદાતો નથી. અને તેથી તે રૂપ વિગેરેથી વિરહિત છે. તથા અનાદિ પરિણામ ભાવથી એટલે સ્વભાવથી જ આત્મા અનાદિ અમૂર્ત્ત પરિણામપણે છે. ગાથાર્થ ॥ ૩૦ ॥

छउमत्थाणुवलंभा तहेव सव्वन्नुवयणओ चेव । लोयाइपसिद्धीओ जीवऽमुत्तो त्ति नायव्वो ।। ४१ ।। भा.

હવે છદ્મસ્થ, એટલે કેવલજ્ઞાન સિવાયના બીજા કોઈપણ જ્ઞાનથી આત્મા સાક્ષાત્ દેખાતો નથી. તે જ પ્રમાણે સર્વજ્ઞ વચનથી જ એટલે સાચું બોલનારા વીતરાગના વચનથી માનવો. વળી લોક વિગેરેમાં અમૂર્ત્તપણે પ્રસિદ્ધ છે, તેથી આદિ શબ્દથી વેદ સમય લીધો, આ પ્રમાણે અમૂર્ત્ત જીવ જાણવો. બધી જગ્યાએ આ પ્રમાણે પ્રતિજ્ઞા છે, ॥ ગાથાર્થ ॥ ૪૧ ॥

અમૂર્ત્ત દ્વાર કહ્યું હવે નિત્ય દ્વાર કહે છે.

णिच्चोत्ति दारमहुणा णिचो अविणासि सासओ जीवो । भावत्ते सइ जम्माभावाउ नहं व विन्नेओ ।। ४२ ।। भा. ।।

હવે નિત્યદ્વાર કહે છે, નિત્ય જીવ છે, આ પ્રમાણે કહેતાં પારકાઓથી (બૌદ્ધલોકોથી) સન્તાનવડે નિત્યપણું સ્વીકારવાથી સિદ્ધની સાધ્યતા થાય છે. તે દૂર કરવા કહે છે. જીવ અવિનાશી છે. એટલે ક્ષણની અપેક્ષાએ પણ નિરન્વય (નાશ ધર્મવાળો) નથી. એ જ પ્રમાણે પરિમિત કાળ રહેનારો-કેટલાક વાદિ ઇચ્છે છે. તેઓ કલ્પમાત્ર પૃથ્વી અને ભિક્ષુઓ રહેનારા છે. એ વચનનું ખંડન કરવા કહે છે. જીવ શાશ્વત છે. એટલે સર્વકાળ રહેનારો છે. શા માટે ? ઉત્તર વસ્તુ વિદ્યમાન છે તેથી, તથા જન્મના અભાવથી તેની આકાશની માફક ઉત્પત્તિ નથી. (જીવ નવો ઉત્પન્ન થતો નથી, પણ કર્માનુસારે નવાં નવાં શરીર રૂપ ઘર બદલે છે.) વસ્તુ વિદ્યમાન એટલે જેમ ગધેડાનું શીંગડું પદાર્થ નથી. પણ જીવતો ખરો પદાર્થ છે. એ બતાવ્યું. ॥ ૪૨ ॥

હવે બીજા હેતુઓ બતાવે છે.

संसाराओ आलोयणाउ, तह पच्चिभिन्नभावाओ । खणभंगविघायत्थं, भणिअं तेलोक्कदंसीहिं ।। ४३ ।। भा. ।।

સંસાર એટલે સંસરણ થવું. તેમાં નારકપણે તે જ જીવ નારક ગણાય. અને તિર્યંકપણે તિર્યંક. એમ જીવ નિત્ય છે. તથા હું કરૂં છું. મેં કર્યું. ભવિષ્યમાં કરીશ. એ ત્રિકાળ વિષય સંબંધી જે આલોચના (વિચારણા) છે, તેથી આત્મા નિત્ય છે, તથા પ્રત્યભિજ્ઞા (ઓળખાણ) ના ભાવથી વિદ્વાનથી લઈને મંદ બુદ્ધિવાળી સ્ત્રી સુધી દરેકને જાણીતું છે કે, પહેલા જેને જોયો હોય, તેને પછી મળતાં ઓળખી લે છે. તે ઓળખનારો પહેલાં અને પછી એક જ હોવાથી નિત્ય છે. તે અભેદગ્રાહી નિત્ય કહેવાય છે. આ બધું કહેવાનું ફળ કહે છે. કે પૂર્વે બૌદ્ધોનો ક્ષણભંગુર મત ખંડન કરેલો, તે આ પ્રમાણે છે. આ તીર્થંકર જેઓ ત્રિલોકદર્શી છે. તેમનો આ કહેલો મત છે. એથી પૂર્વે કહેલું તે જ પરમાર્થ નથી પણ આત્માને નિત્ય સિદ્ધ કરવા સાથે બૌદ્ધનું ખંડન પણ કર્યું. ॥ ગાથાર્થ ॥ ૪૩ ॥

તેજ બતાવે છે.

लोगे वेए समए निच्चो, जीवो विभासओ अम्हं । इहरा संसाराई, सव्वंपि न जुज्जए तस्स ।। ४४ ।। भा.

"नैनं छिन्दन्ति शस्त्राणी" त्यादि ગીતામાં લખેલું તે વચન છે. એટલે તે લોકમાં પ્રસિદ્ધ છે. કે જીવને શસ્ત્રો છેદતાં નથી. વિગેરે વચન પ્રમાણે છે. તેથી વેદમાં લખ્યું છે કે, "सएष अक्षयोऽजं" ઇત્યાદિ તે જીવ અક્ષય, અને અજ, છે. એ શ્રુતિનું પ્રમાણ છે. તેથી. તથા સમયમાં "न प्रकृतिर्न विकृतिः पुरुष" ઇતિ વચનનું પ્રમાણ છે કે, પુરુષને પ્રકૃતિ પણ નથી, તેમ વિકૃતિ (વિકાર) પણ નથી. એથી જીવ નિત્ય થયો. તે અપ્રચ્યુત અનુત્પન્ન સ્થિર એક સ્વભાવવાળો છે. આ એકાન્ત નિત્ય જ છે. જૈન મત પ્રમાણે તે વચન ન્યાય વિરૂદ્ધ છે, કારણ કે જો તેમ માનીએ, તો સંસારમાં ચાર ગતિમાં જીવનું ભ્રમણ થાય છે. તેનો ઉચ્છેદ થઈ જાય. તેથી આગળ કહેશે કે, અમારી વિભાષા (વ્યાખ્યા) પ્રમાણે વિકલ્પ વડે એટલે ભજનાથી સ્યાત્ નિત્ય (કોઈ અંશે નિત્ય) વિગેરે રૂપથી એટલે દ્રવ્યાર્થના આદેશથી જીવ નિત્ય છે અને પર્યાય અર્થના આદેશથી જીવ અનિત્ય છે. (દરેક ગતિમાં જીવપણું કાયમ છે. તે દ્રવ્ય છે અને દરેક ગતિમાં જુદું શરીર મળે, તે પર્યાય કહેવાય છે) એટલે જીવને દ્રવ્યથી નિત્ય અને પર્યાયથી અનિત્ય ન માનીએ, તો સંસાર આલોચના (આ સંસારમાં જીવને ભ્રમણ છે તે વિચાર વિગેરે સર્વ ન જ યોજાય) કારણ કે તે આત્માને બીજા સ્વભાવની આપત્તિ વિના એક સ્વભાવ રહેવાથી આ વર્ત્તમાન સંબંધી ભાવ વિના બીજો ભાવ ન થાય (અર્થાત્ આત્મા નિત્યાનિત્ય છે.) તે જ પ્રમાણે જીવનું અમૂર્ત્તપણું તથા અન્યત્વપણું છે. તેની વિભાષા પણ સમજવી એટલે તે બંનેમાં પણ મૂર્ત્ત અને અમૂર્ત્ત સમજવાં. કર્મની અપેક્ષાએ મૂર્ત્ત અને શુદ્ધાત્માની અપેક્ષાએ અમૂર્ત્ત છે. અન્યત્વ એટલે મોક્ષમાં ગયા પછી જીવ સર્વથા પુદ્ગલથી જુદો અને સંસારમાં છે, ત્યાં સુધી કોઈ અંશે પુદ્ગલથી એકમેકપણે છે. જો આ ન માનીએ તો વ્યવહારનો અભાવ થઈ જાય. કારણ કે એકાંત અમૂર્ત્ત અથવા એકાંત શરીરથી ભિન્ન માનીએ તો અતિપાત (મરણ, હિંસા) વિગેરે અસંભવ થાય. અહીં બહુ કહેવાનું છે, પણ વિસ્તાર થઈ જાય માટે કહેતા નથી. અહીં તો સૂત્રની ગાથાના અક્ષરોનો જ માત્ર અર્થ કરવો છે. ॥ ગાથાર્થ ॥ ૪૪ ॥

એ પ્રમાણે અન્યત્વ વિગેરે ત્રણ દ્વારનું વ્યાખ્યાન કરીને અધિકારવાળી ભાષ્યની ગાથાને કહે છે.

**कारणअविभागाओ, कारणअविणासओ य जीवस्स । निच्चत्तं विन्नेयं आगासपडाणुमाणाओ ।। ४५ ।। भा.**

કારણનો અવિભાગ એટલે જેમ કપડું બનાવવામાં તંતુ (તાંતણા) કારણ છે, તેમ જીવને ઉત્પન્ન કરનારૂં કારણ નથી તથા કારણના અભાવે કારણના અવિનાશથી જીવ. (આત્મા)નું નિત્યત્વ જાણવું; શા માટે ?

ઉત્તર-આકાશ પટના અનુમાનથી, અહીં અનુમાન શબ્દ દૃષ્ટાંત વચન છે. અર્થાત્ આકાશ પટના દૃષ્ટાંતથી સમજવું ત્યાં આ પ્રયોગ કરવો.

નિત્ય આત્મા. (પ્રતિજ્ઞા) સ્વકારણ વિભાગનો અભાવ હોવાથી (હેતુ) આકાશ માફક (દૃષ્ટાંત) તે પ્રમાણે કારણ વિનાશના અભાવથી આકાશ માફક આત્મા નિત્ય છે. એથી ઉલટો દૃષ્ટાંત જે નિત્ય છે, તેના કારણો વિભાગ ભાવ છે અથવા કારણના વિનાશનો ભાવ છે. જેમ કે કપડું-એ આકાશથી ઉલટું છે, એટલે આકાશમાંથી પ્રદેશ છૂટા ન પડે પણ કપડાંમાંથી તાંતણાં જુદા થઈ શકે અને નાશ પણ થઈ શકે, એટલે આ જીવની નિત્યત્વ સિદ્ધિ થઈ, ॥ ગાથાર્થ ॥ ૪૫ ॥

ભાષ્ય ગાથામાં કારણ વિભાગ અભાવથી તથા કારણ વિનાશના અભાવથી, એમ બે દ્વાર વર્ણવીને હવે બંધના પ્રત્યયના અભાવથી, એનું વ્યાખ્યાન કરવા કહે છે.

**हेउप्पभवो बंधो, जम्माणंतरहयस्स नो जुत्तो । तज्जोगविरहओ खलु, चोराइघडाणुमाणाओ ।। ४६ ।। भा.**

હેતુ પ્રભવ એટલે હેતુથી ઉત્પન્ન થનાર બંધ છે. પણ તે બંધ જ્ઞાનના આવરણ વિગેરે પુદ્‌ગલ યોગ લક્ષણવાળો છે. તે બંધ ઉત્પત્તિ પછી તુર્ત નાશ થાય, તો તેમાં ન ઘટે અને તેના યોગથી વિરહિત, એટલે બંધના હેતુઓ જે [1]મિથ્યાદર્શન, [2]અવિરતિ, [3]પ્રમાદ, [4]કષાય, [5]યોગ, એ પાંચ છે, તેના વડે જે સંબંધ છે. તેનાથી અભાવ થાય, તો જ તે ન ઘટે, અહીંયાં ખલુ શબ્દ અવધારણ અર્થમાં છે. ચોર ઘટ આદિના અનુમાનથી, અહીં પણ અનુમાન શબ્દ દૃષ્ટાંત અર્થમાં છે એટલે ચોર આદિ ઘટઆદિ દૃષ્ટાંતથી, કારણ કે ઉત્પત્તિના પછી વિનાશ થનાર જે ચોર ચોરીની ક્રિયાના અભાવથી બંધાતો નથી અને ઘટ છે, તે પાણી વિગેરેથી સંયોજાય છે, તેથી તે નિશ્ચે સ્થાયિ છે. આ પ્રમાણે પ્રયોગ છે. નક્ષણિક આત્માં, (પ્રતિજ્ઞા) બંધની ખાત્રીથી (હેતુ) ચોરનું દૃષ્ટાંત છે. એ જ પ્રમાણે નિત્યત્વ, અમૂર્ત્તત્વ, દેહ અન્યત્વ, યોજના પૂર્વ માફક જાણવી (૪૫મી ગાથામાં આત્માને કોઈ અંશે અનિત્ય બતાવ્યો હતો. અહીંયાં કોઈ અંશે ચોરના દૃષ્ટાંતથી નિત્ય બતાવ્યો કે તે ચોરી કરનારને જ સરકારે પકડ્યો પણ જો ચોરી કરનારો પછી જીવતો ન હોય એવું માનીએ તો પછી તેને પકડાય જ કેમ ? માટે આત્મા નિત્ય થયો.) ॥ ગાથાર્થ ॥ ૪૬ ॥

ભાષ્યની ગાથામાં બંધના પ્રત્યયનો અભાવ છે એવું કહ્યું. હવે વિરૂદ્ધ અર્થના અપ્રગટ તથા અવિનાશથી એની વ્યાખ્યા કરે છે.

**अविणासी खलु जीवो विगारणुवलंभओ जहागासं । उवलब्भंति विगारा कुंभाइविणासिदव्वाणं ।। ४७ ।। भा.**

અવિનાશી જીવ નિશ્ચે છે અર્થાત્ નિત્ય છે. શા માટે ? ઉત્તર-વિકારના અનુપલમ્ભથી ઘટ વિગેરેના વિનાશથી કપાળ વિગેરે માફક વિશેષ ન દેખાવાથી જેમ આકાશ, અર્થાત્ આકાશમાં ભેદ

દેખાતો નથી, તેમ આત્મામાં ભેદ દેખાતો નથી, આજ વધારે સમજાવે છે. જેમ ઘડો ભાંગ્યા પછી તેમાં કપાળ (ઠીબ) વિગેરે દેખાય છે, તેમ આત્મામાં ટુકડા દેખાતા નથી. પણ ઘડા વિગેરે વિનાશ દ્રવ્યમાં દેખાય છે એ અહીં અભિપ્રાય છે. નિત્યત્વ, અમૂર્તત્વ, દેહ અન્યત્વની યોજના પૂર્વ માફક કરવી॥ ગાથાનો અર્થ ॥ ચાલુ સંબંધવાળી જ નિર્યુક્તિની ગાથા કહે છે ॥ ૪૭ ॥

निरामयामयभावा बालकयाणुसरणादुवत्थाणा । सुत्ताईहिं अगहणा जाईसरणा थणभिलासा ।। २२६ ।।

નિરામય એટલે રોગરહિતને રોગની ઉત્પત્તિમાં આ પ્રમાણે બોલનારા જાણીએ છીએ કે "પહેલાં હું નિરોગી હતો. હમણાં હું રોગી છું." અથવા પ્રથમ કોઈ રોગી હોય, તે નિરોગી થતાં બોલે "પ્રથમ હું રોગી હતો અને હવે હું નિરોગી છું." આવાં વાક્ય ક્ષણવિનાશી નિરન્વય લક્ષણવાળા આત્મામાં ઉત્પન્ન ન થાય. જો ક્ષણભંગુર હોય, તો રોગી નિરોગી થાય જ ક્યાંથી ? અને એવું બોલાય જ ક્યાંથી ? આ પ્રયોગ અર્થ છે. પ્રયોગ આ પ્રમાણે, અવસ્થિત (કાયમ) આત્મા છે. (પ્રતિજ્ઞા) અનેક અવસ્થા અનુભવે છે. તેથી (હેતુ), બાલકુમારાદિ અવસ્થા અનુભવનાર દેવદત્તની માફક (આ દૃષ્ટાંત છે.) નિત્યત્વ હોવાથી અમૂર્ત્ત છે. અને તેથી દેહથી અન્ય છે. એ પ્રમાણે બધે યોજના કરવી, વળી બાળકે કરેલા અનુસ્મરણથી, અહીંયાં કરેલો શબ્દ અનુભવ વચન છે. તેથી એમ જાણવું કે, બાલકે અનુભવેલું પછવાડે યાદ કર્યું છે. અને તે જ પ્રમાણે બાલપણમાં અનુભવેલું (વૃદ્ધ વૃદ્ધપણામાં યાદ કરતો દેખાય છે. તેથી એમ ન કહેવાય, કે અનુભવે બીજો અને યાદ કરે બીજો. જો એમ ન માનીએ, તો જગત વ્યવહાર ઉલટો થાય. તેમ આ વૃદ્ધ માણસનું યાદ કરવું, તે ખોટું છે. એમ પણ નથી. કારણ કે બાધા અસિદ્ધ છે. તેમ હેતુ ફળના ભાવનિબન્ધનમાં નથી, અન્વય રહિત ક્ષણવિનાશી પક્ષમાં તેનીજ અસિદ્ધિ છે. કારણ કે ક્ષણવાદીનાં મતમાં હેતુની બીજી જ ક્ષણે તેના માનવા પ્રમાણે અભાવની આપત્તિ થશે. અને અસત્‌ના સદ્ભાવના વિરોધથી, પ્રયોગ, અર્થ પ્રયોગ આ પ્રમાણે અવસ્થિત આત્મા (પ્રતિજ્ઞા) પૂર્વે અનુભૂત અર્થના સ્મરણથી, તેનાથી અન્ય એ પ્રકારના માણસની માફક જાણવું. ઉપસ્થાનથી એટલે કર્મફળનું ઉપસ્થાન અહીં લેવું. જેવું જેણે કર્મ મેળવ્યું તેની જ તે પ્રકૃતિ ભોગવે. હવે કરનારો અને ફળ ભોગવનારો તે બન્નેના કાળ જુદા છે, પણ આ બંને કાળ એક અધિકરણવાળા છે. જો તેમ ન માનીએ તો પોતાના કરેલા અનુભવની અસિદ્ધિ થાય. તથા એકનું કરેલું બીજો ભોગવે તે વાત માનવામાં ન આવે, તથા કરેલાનો નાશ, અને ન કરેલાનું સ્વીકારનારનો પ્રસંગ આવે (ચોરી કરનાર ચોર હોય, અને તેને બદલે પકડાય સાહુકાર એવું સિદ્ધ થઈ જાય) સંતાન માનનારા પક્ષમાં પણ કરતા ભોક્તાના સંતાનોની એ બેનું જુદાપણું એક સરખું છે કારણ કે શક્તિનો ભેદ છે તેનું જ તે પ્રમાણે અભાવ સ્વીકારવામાં નિત્યત્વની આપત્તિ થાય છે. આ પ્રમાણે પ્રયોગ કરો. અવસ્થિત આત્મા છે. પોતાના કરેલાકર્મોનું ફળ વેદતો હોવાથી, ખેડુત વિગેરેનાં દૃષ્ટાંત છે. કાન વિગેરેથી ગ્રહણ ન કરાવાથી એટલે કાન વિગેરે કોઈ પણ ઇંદ્રિયથી ન જણાવવાથી અને કાન વિગેરથી ન ગ્રહણ કરાવવાથી તે અસત્ત્વ ન થાય. (પાંચ ઇન્દ્રિઓથી આત્મા ન જણાય તો તે નથી એમ ન મનાય) કારણ કે અવગ્રહ વિગેરે મતિજ્ઞાનના પોતાના સાક્ષાત્ અનુભવથી આત્મા ઇન્દ્રિયથી ન જણાવા છતાં સિદ્ધ જ છે. વળી ક્ષણવાદી બૌદ્ધ લોકોએ પણ અતિ ઇન્દ્રિય જ્ઞાનનો સ્વીકાર કરેલો છે, અને જ્ઞાન એ ગુણપણે છે, અને ગુણ, ગુણીના આધારે રહે છે. તેથી પૂર્વના જ્ઞાનનું જ ગુણીપણું થાય. કારણ

કે તે પણ ગુણ જ છે. તેનો પ્રયોગ આ પ્રમાણે -

નિત્ય આત્મા ગુણીપણે વિદ્યમાન અને અતીન્દ્રિયપણે હોવાથી આકાશ માફક છે. બીજો પ્રયોગ આત્મા નિત્ય છે. જાતિસ્મરણ જ્ઞાનનો અનુભવ થાય છે. તેથી જ, એટલે એક ભવથી બીજા ભવમાં ગયા પછી પૂર્વભવની વાત યાદ આવે છે. હવે જેણે પૂર્વે અનુભવ્યું નથી. તેને તે બીજા ભવમાં ક્યાંથી યાદ આવે ? અને જો આવે, તો અતિ પ્રસંગનો દોષ આવે. આ કોઈ જગ્યાએ જાતિસ્મરણ દેખાય છે, તેમ આ ઠગનારો પણ નથી. કારણ કે તે બોલે તે સિદ્ધ પણ કરી આપે છે. પ્રશ્ન અનુભવ બધાનો એક સરખો છતાં શા માટે બધાને જાતિસ્મરણ થતું નથી ? ઉત્તર-કર્મના પ્રતિબંધથી અને દૃઢ અનુભવનો અભાવ હોવાથી જેમ અહીંયાં પણ બધા લોકોને આજ ભવમાં અનુભવેલી બધી વાત યાદ રહેતી નથી. અર્થાત્ જેમ અહીં કોઈકને યાદ રહે તેમ પરભવની વાત પણ કોઈકને જ યાદ આવે. કોઈકને જાતિસ્મરણ જ્ઞાન થયું તે બધાને હોય એવું નથી. કારણ કે જેમનું ચેતન નષ્ટ થયું હોય તેમને બધે યાદગિરિના શૂન્યપણાથી વ્યભિચાર આવે છે. આ પ્રમાણે પ્રયોગ કરવો. બાળકે કરેલું પૂર્વે માતાનું સ્તનપાન તે બીજા ભવમાં યાદ આવે છે. જેમ કે એક દિવસનું જન્મેલું બાળક પણ માતાના સ્તનનું દૂધ પીવા ઇચ્છા રાખે છે. અને જો પૂર્વે ન ભોગવ્યું હોય તો તે યાદ આવતું નથી. પ્રયોગ આ પ્રમાણે, એક દિવસના જન્મેલા બાળકને પણ પહેલે વખતે જે સ્તનપાનનો અભિલાષ થાય છે, તે પ્રથમના અભિલાષ પૂર્વક છે. કારણ કે અભિલાષપણું છે, તેથી અન્યસ્તન અભિલાષ માફક, કોઈ કહેશે, તેની માફક અપ્રથમપણું-સાધવાથી હેતુ વિરૂદ્ધ થઈ જશે. આચાર્યનો ઉત્તર; તેવું નથી. કારણ કે પ્રથમ અનુભવ બાધન (નડવુ) છે, અને બાધન ન હોય, ત્યારે વિરૂદ્ધ હેતુ થાય. જો આમ ન માનીએ, તો હેતુના ઉચ્છેદનો પ્રસંગ આવે, અહીં ઘણું કહેવાનું છે, પણ વિસ્તાર ભયથી કહેતા નથી. અક્ષરનો અર્થ માત્ર છે. નિત્યાદિ ક્રિયાની યોજના પૂર્વ માફક જાણવી. નિર્યુક્તિ. ॥ ગાથાર્થ ॥ આજ ગાથાને ભાષ્યકાર થોડામાં કહે છે. ॥ ૨૨૬ ॥

**रोगस्सामयसन्ना बालकयं जं जुवाडणुसंभरइ । जं कयमन्नंमि भवे तस्सेवन्नत्थुवत्थाणा ।। ४८ ।। भा.**

રોગની "આમય" સંજ્ઞા છે. તથા જેવી રીતે બાળકપણામાં કંઈ પણ કર્યું, તે જુવાનીમાં સાંભરે છે. તેવી રીતે પૂર્વ ભવે કર્યું, તે જ કર્મની બીજા ભવમાં ઉપસ્થાન (આવવું) થાય છે. આ બધાની વિસ્તારથી પૂર્વે વ્યાખ્યા કહી ગયા છીએ. ॥ ગાથાર્થ ॥ ૪૮ ॥

**णिच्चो अणिंदियत्ता खणिओ नवि होइ जाइसंभरणा । थणअभिलासा य तहा अमओ नउ मिम्मउव्व घडो ।। ४९ ।। भा.**

નિત્ય આત્મા છે. એ ક્રિયા સર્વત્ર જોડવી; કારણ કે તે અતિં પ્રિય છે. અને કાન વિગેરેથી ગ્રહણ કરાતો (સમજાતો) નથી; એમ જાણવું. તથા જાતિસ્મરણ જ્ઞાનથી પૂર્વ જન્મમાં પણ હતો; અથવા પાઠાંતરમાં જાતિસ્મરણ જ્ઞાનથી ક્ષણિક નથી; એ પણ અદુષ્ટ છે. કારણ કે વિધિ તથા નિષેધથી સાધ્ય અર્થનું અભિધાન છે. અને સ્તન અભિલાષથી પણ સિદ્ધ છે. તથા અમય આ આત્મા છે. (અમય એટલે બીજી કોઈ વસ્તુનો બનેલો નથી) પણ માટીનો ઘડો જેમ બનેલો છે. તેમ નથી. તેથી જ આ

કારણ છે. આ બાબતો પણ નિત્યત્વને સાધક છે. આ વિષય નિર્યુક્તિની ગાથામાં ન કહેલ છતાં પણ સૂક્ષ્મ બુદ્ધિવાળા ભાષ્યકાર મહારાજે કહ્યું ॥ ગાથાર્થ ॥ ૪૯ ॥

હવે નિર્યુક્તિની ત્રીજી ગાથા કહે છે.

**सव्वन्नुवदिट्ठत्ता सकम्मफलभोयणा अमुत्तत्ता । जीवस्स सिद्धमेवं निच्चत्तममुत्तमन्नतं ॥ २२७ ॥**

સર્વજ્ઞ (તીર્થંકર-કેવલી) ભગવંતે કહેવાથી. જીવ નિત્ય છે. અને સર્વજ્ઞ વચન અવિતથ (સત્ય) છે. કારણ કે તેઓ રાગ દ્વેષથી રહિત છે. તથા જીવ પોતાના કર્મના ફળોને ભોગવે છે, એટલે જેવા કર્મ કર્યાં હોય તેવાં ભોગવે છે. ઉપસ્થાનથી એનો ભેદ નથી. એમ જો વાદી કહે તો જૈનાચાર્ય કહે છે કે તેમ નહિં, અમારો અભિપ્રાય તમે જાણ્યો નથી, કારણ કે તેમાં તો જેણે કર્યું તે જ કર્તાને કર્મ આવી મળે છે. તે એક ભવમાં પણ સંભવે છે; અને આ જગ્યાએએ તો ભવાંતર એટલે પૂર્વ કોઈ ભવમાં પણ કર્યું હોય. તો તે આ ભવમાં ભોગવાય; તેની અપેક્ષાએ આ કર્યું છે. એથી દોષ નથી; તથા અમૂર્ત્તપણું એટલે મૂર્તિ રહિતપણે-આ પણ શ્રોત્ર ઇત્યાદિ ઇંદ્રિયોથી ગ્રહણ ન થાય. એ વાક્ય જોડે મળતું છે. પણ એમ વાદી કહે તો કહેવું કે નહિ "સાંભળો" ત્યાં તો કહ્યું કે શ્રોત વિગેરેથી ગ્રહણ ન કરાય, એમ કહ્યું પણ અહીં તેનું સ્વરૂપ જ બતાવ્યું છે (કે આત્મા અમૂર્ત્ત છે;) કારણ કે જેમ અમૂર્ત્તને ઇંદ્રિયો ગ્રહણ ન કરે, તેમ મૂર્ત્તઅણુને પણ કાન વિગેરે ઇંદ્રિયો ગ્રહણ કરી શકતી નથી; આ ત્રણેદ્વાર ઉપસંહાર કરતા કહે છે, કે જીવનું નિત્યત્વ, અમૂર્ત્તત્વ, તથા અન્યત્વ એમ ત્રણેદ્વાર સિદ્ધ થયાં; મૂળદ્વારની બે ગાથામાં અન્યત્વ વિગેરે ત્રણદ્વાર કહ્યાં, હવે કર્ત્તાદ્વારનો અવસર છે તે કહે છે. ॥ ૨૨૭ ॥

**कत्तत्ति दारमहुणा सकम्मफलभोइणो जओ जीवा । वणियकिसीवला इव कविलमयनिसेहणं एयं ॥ ५० ॥ भा.**

હવે કર્તાદ્વાર છે, તે કહે છે. સ્વકર્મ ફળના ભોગવનારા જીવો છે. તેથી જ તેઓ કરનારા છે. વાણીઆ તથા ખેડુતોની પેઠે જાણવું. કારણ કે વાણીઆ તથા ખેડુતો, વિના મહેનતે કરેલું ભોગવી શકતા નથી. એ પ્રયોગ અર્થ છે. કર્તા આત્મા છે (પ્રતિજ્ઞા) કારણ કે તેના કરેલાં કર્મનાં ફળને તે ભોગવે છે. ખેડુત વિગેરેનું દૃષ્ટાંત છે; આનું તાત્પર્ય કપિલ મત એટલે સાંખ્ય મતનું નિરાકરણ (નિષેધ) કર્યો છે. કારણ કે તેઓ આત્માને અકર્તા માને છે. હવે દેહ વ્યાપીદ્વારનો અવસર હોવાથી ભાષ્યકાર કહે છે. ॥ ૫૦ ॥

**वावित्ति दारमहुणा देहवावी मओऽग्गिउण्हं व । जीवो नउ सव्वगओ देहे लिंगोवलंभाओ ॥ ५१ ॥ भा.**

હવે વ્યાપીદ્વાર છે તે કહે છે, એટલે જીવ છે. તેનો સ્વભાવ શરીર માત્રમાં વ્યાપીને રહેવાનો છે. તેવો મત પ્રવચનને જાણનારાઓનો છે. એથી એમ કહ્યું કે જીવ છે તે અન્ય લોકના માનવા પ્રમાણે, સર્વગ નથી. તું શબ્દ અવધારણ અર્થમાં છે તેથી એમ જાણવું કે અણુ વિગેરે માત્ર પણ નથી. શા માટે ? ઉત્તર દેહ તેનું ચિહ્ન દેખાય છે. એટલે શરીરમાં જ સુખદુઃખ વિગેરેનો અનુભવ જણાય છે. જેમ જ્યાં અગ્નિ, ત્યાં જ ઉષ્ણતા છે. એટલે અગ્નિનું ચિહ્ન ઉષ્ણતા છે. તે અગ્નિને છોડીને બીજે ન હોય. પ્રયોગ અર્થ કર્યો તે આ પ્રમાણે. શરીર જેટલા નિયત ભાગમાં રહેનારો આત્મા છે.

(પ્રતિજ્ઞા) કારણ કે તેટલી પરિમિત જગ્યામાં તેના ચિહ્ન દેખાય છે (હેતુ) અગ્નિની ઉષ્ણતાના ગુણ માફક છે. (દૃષ્ટાંત) ॥ ગાથાર્થ ॥ મૂળદ્વારની પ્રથમ ગાથા કહી, હવે બીજી ગાથા કહે છે. તેમાં ગુણી એ પહેલું દ્વાર છે. તેને ભાષ્યકાર કહે છે. ॥ ૫૧ ॥

**अहुणा गुणित्ति दारं गुणेहिं गुणित्ति विन्नेओ । ते भोगजोगउवओगमाइ रूवाइ व घडस्स ।। ५२ ।। भा.**

હવે ગુણીદ્વાર કહે છે. ગુણોવડે ગુણી છે. તેના વિના એટલે ગુણ વિના ગુણી ન કહેવાય. આ વચન વડે ગુણ ગુણીનો ભેદ, અને અભેદ કહ્યો. તે ભોગ, યોગ, ઉપયોગ, વિગેરે ગુણો છે. આદિ શબ્દથી અમૂર્ત્તત્વ વિગેરે લેવા તેનું દૃષ્ટાંત કહે છે. જેમ ઘટના ગુણો રૂપ વિગેરે છે, તેમ આત્માના ગુણો ભોગ યોગ ઉપયોગ વિગેરે છે. ॥ ગાથાર્થ ॥ ગુણીદ્વારની ગાથામાં કહ્યું. હવે ઉર્ધ્વદ્વારનો અવસર છે. તે ભાષ્યકાર કહે છે. ॥ ૫૨ ॥

**उड्ढंगइत्ति अहुणा अगुरुलहुत्ता सभावउड्ढगई । दिट्ठंतलाउएणं एरंडफलाइएहिं च ।। ५३ ।। भा.**

[1]હવે ઉર્ધ્વ ગતિ દ્વાર કહે છે. અગુરૂ લઘુપણાના કારણથી અને સ્વભાવથી કર્મથી સર્વથા મૂકાએલો ઉંચે જવાની ગતિવાળો જીવ છે એમ જાણવું. પ્રશ્ન ત્યારે નીચે કેમ જાય છે ? ઉત્તર-જેમ તુંબડું છે, તેનો સ્વભાવ પાણી ઉપર તરવાનો છે. છતાં તેના ઉપર માટીનો ઘણો જાડો લેપ કરીએ તો તે નીચે જાય છે. અને તે લેપ ઓછો થતાં ઉપર આવે છે. તે જ પ્રમાણે આત્મા પણ કર્મલેપથી નીચે જાય છે અને કર્મલેપ ઓછો થતાં તે ઊંચો જાય છે અને સર્વથા કર્મ નષ્ટ થતાં-લોકાંતમાં (સિદ્ધિસ્થાનમાં) જાય છે. આ તુંબડા સાથે માટીનું દૃષ્ટાંત કહ્યું. હવે એરંડાના ફળનું દૃષ્ટાંત કહે છે. આ દૃષ્ટાંતનું બાહુલ્યપણું છે તે બતાવે છે. જેમ એરંડાનું ફળબંધન છુટતાં એટલે એરંડાની મંજરી ફાટતાં ફળ ઊંચે ઉડે છે, તેમ જીવ પણ કર્મબંધન છુટતાં ઉંચે જાય છે. અહીં આદિ શબ્દથી અગ્નિ વિગેરે પણ લેવા એટલે જેમ અગ્નિજ્વાળા ઉંચે જાય છે, તેમ જાણવું. ॥ ગાથાર્થ ॥ મૂળદ્વારની બીજી ગાથામાં ઉર્ધ્વ ગતિદ્વાર કહ્યું. હવે નિર્મયદ્વાર કહે છે. ॥ ૫૩ ॥

**अमओ य होइ जीवो कारणविरहा जहेव आगासं । समयं च होअनिच्चं मिम्मयघडतंतुमाईयं ।। ५४ ।। भा.**

જીવ છે તે અમય છે. એટલે બીજી વસ્તુનો બનેલો નથી. શા માટે ?

ઉત્તર-તેનું કોઈ કારણ નથી. જેમ આકાશનું કારણ નથી. તે પ્રમાણે જીવ છે. અને સમય વસ્તુ અનિત્ય થાય છે. તે બતાવે છે. જેમ કે માટીનો બનેલો ઘડો તથા તંતુનો બનાવેલો પટ (વસ્ત્ર) વિગેરે છે, પણ આત્મા ઘટપટ જેવો નથી તેથી તે અનિત્ય નથી એમ બતાવ્યું.

પ્રશ્ન-આ દ્વારમાં અમય જીવ છે પણ માટીના બનાવેલા ઘટ માફક નહિ. એવું પૂર્વે કહેલું છતાં અહીં ફરી શા માટે કહ્યું ?

ઉત્તર-દ્વારના અનુગ્રહ માટે કહ્યું. કારણ કે ઘણીવાર સાંભળવાથી શિષ્ય વિના દુઃખે સમજે છે, તે શિષ્ય ઉપર અનુગ્રહ થયો અથવા ભાષ્યકારનો અભિપ્રાય અતી ગંભીર હોવાથી આ સિવાય

(૧) વિ. ભાષ્ય (તુલના કરો) ગા. ૩૧૪૧

બીજું અમે સમજ્યા નથી. બીજા આચાર્ય આ પ્રમાણે કહે છે કે, આ ગાથા બીજાની જ કહેલી છે. ॥ ગાથાર્થ ॥ ૫૪ ॥

નિર્ભયદ્વાર કહ્યું. હવે સાફલ્યદ્વારનો અવસર છે, તે ભાષ્યકાર કહે છે.

**साफल्लदारमहुणा निच्चानिच्चपरिणामिजीवम्मि । होइ तयं कम्माणं इहरेगसभावओऽजुत्तं ।। ५५ ।। भा० ।।**

હવે સાફલ્યદ્વાર કહે છે. નિત્ય અનિત્યજ પરિણામમાં જીવ છે એમ જાણવું, તે બીજા કાળમાં ફળ આપનારૂં લક્ષણ તે સાફલ્ય છે, કોને ?

ઉત્તર-કુશળ અને અકુશળ કર્મોનું. કાળ ભેદવડે કર્ત્તા અને ભોક્તાના પરિણામ ભેદ છતાં આત્માને તે બંનેની ઉત્પત્તિ થાય છે, એટલે કર્મોનું ફળ કાળાંતરે જીવને મળે છે, બીજી રીતે માનીએ અને તેમ ન માનીએ તો આત્માનો એક સ્વભાવ થાય. તેના કારણથી કર્મોનું ફળ ભોગવવું તે અયુક્ત થાય એનો સાર આ છે. જો નિત્ય આત્મા હોય અને તેનો સ્વભાવ કર્તાનો જ હોય, તો એને ફળનો ભોગ ક્યાંથી હોય ? અને ભોગવવાના સ્વભાવમાં અકર્તાપણું છે. જે ક્ષણિકવાદી છે તેને કાળદ્વય એટલે પહેલાં અને પછી કાળ એ બેના અભાવથી કરવાપણું અને ભોગવવાપણું જીવને ન ઘટે. પણ જૈન મત પ્રમાણે બંને માનતાં પ્રથમ કર્તા અને પછી ભોક્તા, તો કર્મનું સાફલ્ય થાય છે. ॥ ગાથાર્થ ॥ ૫૫ ॥

બીજા મૂળ દ્વારની ગાથામાં સાફલ્યદ્વાર કહ્યું. હવે પરિમાણદ્વાર કહે છે.

**जीवस्स उ परिमाणं वित्थरओ जाव लोगमेत्तं तु । ओगाहणा य सुहुमा तस्स पएसा असंखेज्जा ।। ५६ ।। भा० ।।**

જીવનું પરિમાણ વિસ્તારથી લઈએ, તો લોક પ્રમાણ છે. અને તે જ્યારે કેવલી ભગવાન કેવલી સમુદ્ઘાત કરે છે, ત્યારે ચોથા સમયમાં હોય છે. તે વખતે અવગાહના બારીક બની આકાશના એક એક પ્રદેશે આત્મપ્રદેશ ફેલાય છે. તેથી જીવના પ્રદેશ અસંખ્યાત છે. તે લોક આકાશના પ્રદેશ બરાબર એક જીવના પ્રદેશ છે. ॥ ગાથાર્થ ॥ ૫૬ ॥

અનેક જીવોની ગણનાના પરિમાણને કહે છે.

**पत्थेण व कुलएण व जह कोइ मिणेज्ज सव्वधन्नाइं । एवं मविज्जमाणा हवंति लोगा अणंता उ ।। ५७ ।। भा० ।।**

પ્રસ્થ (એક જાતનું માપ) વડે અથવા ચાર કુડ અથવા કુડ એટલે ચાર સેતિકાના માપાવડે કોઈ માપનારો વ્રીહિ વગેરે અનાજ માપે એ પ્રમાણે માપતાં અસત્ ભાવ સ્થાપના વડે, અનંતાલોક થાય, તે પ્રમાણે એક એક જીવને જુદો મુકીએ, તો અનંતાલોક થાય.

પ્રશ્ન-ત્યારે એક લોકમાં એટલા બધા જીવ કેમ સમાયા ?

ઉત્તર-સૂક્ષ્મ અવગાહના વડે, જેથી એક ત્યાં અનંતા જીવો રહ્યા છે, પણ આ ગાથામાં તો એક એક જીવની જુદી જુદી અવગાહના વડે ચિંતવન કર્યું તેથી દોષ નથી, આપણે દેખીએ છીએ કે બાદર દ્રવ્યમાં પણ દીવાની પ્રભાના પરમાણું વિગેરે તેવા પરિણામને પામી ઘણાઓનું એકત્ર રહેવું થાય છે. ॥ ગાથાર્થ ॥ ૫૭ ॥

પરિમાણદ્વાર કહ્યું અને તેના કહેવાથી મૂળ દ્વારની બીજી ગાથા તથા જીવપદ કહ્યું. હવે નિકાયપદ કહે છે.

णामं ठवणसरीरे गई णिकायत्थिकाय दविए य । माउगपज्जवसंगहभारे तह भावकाए य ।। २२८ ।।

[1]નામ, [2]સ્થાપના, સુગમ છે. [3]શરીર કાય તે શરીરજ છે. તેના પ્રાયોગ્ય અણુનો સમુદાય રૂપ પણુંહોવાથી[4] ગતિકાય એટલે જે બીજા ભવની ગતિમાં જાય છે, તે તૈજસ કાર્મણ, લક્ષણરૂપ છે. [5]નિકાય કાય તે છ જીવ નિકાય છે. [6]અસ્તિકાય તે ધર્માસ્તિકાય વિગેરે છે.

[7]દ્રવ્યકાય તે ત્રણ વિગેરે ઘટનો સમુદાય છે. [8]માતૃકાકાય તે ત્રણ વિગેરે માતૃક અક્ષર છે, [9]પર્યાયકાય બે પ્રકારે છે. જીવ અને અજીવ, ભેદ વડે છે. જીવ પર્યાયકાય તે જ્ઞાનાદિ સમુદાય છે. અને અજીવ પર્યાયકાય તે રૂપાદિ સમુદાય છે. ગ્રહકાય તે સંગ્રહ એક શબ્દ વાચ્ય ત્રિકટુક વિગેરે માફક છે. [11]ભારકાય-તે કાપોતી છે એને માટે પૂર્વાચાર્ય કહે છે કે -

एगो काओ दुहा जाओ, एगो चिट्ठइ एगो मारिओ । जीवंतो मएण मारिओ, तल्लव माणव केण हेउणा ? ।।

એક કાય તેના બે ભાગ થયા. એક જીવ છે, બીજો મરી ગયો. તેમાં મરેલાએ જીવતાને માર્યો. તેથી હે માનવ ! તું બોલ, એ કયા હેતુએ માર્યો ? તેની કથા કહે છે. એક કાપોતિક (કાવડીઓ) તળાવમાંથી બે બાજુ ઘડા મૂકીને તળાવમાંથી કાવડથી પાણી ભરે છે. તેણે એક અપ્કાય બે ઘડાના વચમાં બે ભાગ કરીને જાય છે. તે વખતે કાવડીઓ જતા રસ્તામાં ઠોકર ખાતાં એક ઘડો ભાંગ્યો. તેની અંદર અપ્કાય મરી ગયો અને બીજા ઘડામાં જીવે છે. તેના અભાવમાં તે પણ ભાંગ્યો. તેથી લોકમાં એમ કહેવાયું કે, પહેલાના મરેલાએ બીજાને માર્યો. અથવા એક ઘડો પાણીથી ભર્યો છે. તેના બે ભાગ કરીને અર્ધાને તપાવ્યો. તે મરી ગયો અને જે ન તપાવ્યો તેમાં જીવતા રહ્યા. તે જીવતાને તપાવેલા ભાગમાં મુઆં તેથી મરેલાએ જીવતાને માર્યા. ભારકાય સમાપ્ત. (આ દૃષ્ટાંતમાં પાછલો ભાગ ઠીક છે. કારણ કે અપ્કાય તે પાણીના અસંખ્યાત જીવોનો સમૂહ છે. તે એક જીવ જુદો પડે નહિ, તેમ તેના બે ભાગ થાય નહિ. તેથી દૃષ્ટાંત પ્રમાણે ઘડો ભરેલો હોય અને અડધું પાણી તપાવ્યું હોય તો, તે જીવ રહિત થાય. અને તપેલામાં ન તપેલું નાંખે, તો તે પણ અજીવ થાય.) ભાવકાયમાં ઔદયિકાદિ સમુદાય છે. અહીંયાં નિકાય તે કાયાના અર્થમાં જ છે. એમ જાણીને નિકાયને બદલે કાયના નિક્ષેપા કર્યા તેમાં દોષ નથી ॥ ગાથાર્થ ॥ ૨૨૮ ॥

इत्थं पुण अहिगारो निकायकाएण होइ सुत्तंमि । उच्चारिअत्थसदिसाण कित्तणं सेसगाणंपि ।। २२९ ।।

હવે સૂત્રનો યોગ (સૂત્ર એટલે અધિકૃત અધ્યયન) છે. તેમાં અધિકાર નિકાયકાય વડે છે. અધિકાર એટલે પ્રયોજન છે. શેષનિકાયનું બતાવવું વ્યર્થ છે. એવી શિષ્યને શંકા થાય તેથી આચાર્ય કહે છે. વ્યુચ્ચરિત અર્થ જેવો ઉચ્ચરિત નિકાય છે. એટલે તે અર્થની તુલનાવાળાંનું કહેવું, તે બીજાં નામાદિ નિકાયોનું પણ વ્યુત્પત્તિના હેતુપણાથી અને પ્રદેશ અંતરમાં ઉપયોગી હોવાથી કહ્યું છે. ॥ ગાથાર્થ ॥

(ઉચ્ચરિત અર્થ (પદાર્થ)ને સદશ જે નામાદિ નિકાય છે તે પણ બીજે જરૂરી હોવાથી કહેવા જરૂરી છે આમાં सेसगाणं એ વિશેષણ છે અને उच्चारिअत्थसदिसाण એ વિશેષ્ય છે.

નિકાયપદ કહ્યું, નામ નિષ્પન્ન નિક્ષેપો કહ્યો. હવે સૂત્ર આલાપક નિષ્પન્ન નિક્ષેપાનો અવસર છે, તે ચર્ચા પૂર્વ માફક જ્યાં સુધી સૂત્ર અનુગમમાં અસ્ખલિત આદિ ગુણયુક્ત સૂત્ર બોલવું, ત્યાં સુધી છે તે આ પ્રમાણે છે ॥ ૨૨૯ ॥

## सूत्र १.

सुयं मे आउसं ! तेणं भगवया एवमक्खायं-इह खलु छज्जीवणिया नामऽज्झयणं, समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइया सुयक्खाया सुपण्णत्ता सेयं मे अहिज्जिउं अज्झयणं धम्मपन्नत्ती । कयरा खलु सा छज्जीवणियानामज्झयणं समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइया सुयक्खाया सुपन्नत्ता सेयं मे अहिज्जिउं अज्झयणं धम्मपन्नत्ती ? इमा खलु सा छज्जीवणिया णामऽज्झयणं समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइया सुयक्खाया सुपन्नत्ता सेयं मे अहिज्जिउं अज्झयणं धम्मपन्नत्ती । तंजहा - पुढविकाइया आउकाइया तेउकाइया वाउकाइया, वणस्सइकाइया तसकाइया । [1]पुढवी चित्तमंतमक्खाया अणेगजीवा पुढोसत्ता अन्नत्थ सत्थपरिणएणं । आऊ चित्तमंतमक्खाया अणेगजीवा पुढो सत्ता अन्नत्थ सत्थपरिणएणं । तेऊ चित्तमंतमक्खाया अणेगजीवा पुढो सत्ता अन्नत्थ सत्थपरिणएणं । वाउ चित्तमंतमक्खाया अणेगजीवा पुढो सत्ता अन्नत्थ सत्थपरिणएणं । वणस्सइ चित्तमंतमक्खाया अणेगजीवा पुढोसत्ता अन्नत्थ सत्थपरिणएणं । तंजहा-अग्गबीया मूलबीया, पोरबीया, खंधबीया, बीयरुहा, संमुच्छिमा, तणलया, वणस्सइकाइया सबीया चित्तमंतमक्खाया अणेगजीवा पुढो सत्ता अन्नत्थ सत्थपरिणएणं ।। से जे पुण इमे अणेगे बहवे तसा पाणा, तंजहा-अंडया पोयया जराउया रसया संसेइमा संमुच्छिमा उब्भिया उववाइया । जेसिं केसिंचि पाणाणं अभिक्कंतं पडिक्कंतं संकुचियं पसारियं रुयं भंतं तसियं पलाइयं आगइ-गइविन्नाया जे य कीडपयंगा जा य कुंथु-पिवीलिया सव्वे बेइंदिया सव्वे तेइंदिया सव्वे चउरिंदिया सव्वे पंचिंदिया सव्वे तिरिक्खजोणिया सव्वे नेरइया सव्वे मणुया सव्वे देवा सव्वे पाणा परमाहम्मिया । एसो खलु छट्ठो जीवनिकाओ तसकाओ(उ) त्ति पवुच्चइ ।। (सुत्र १)

સંભળાય તે શ્રુત. પ્રતિવિશિષ્ટ અર્થ બતાવનાર ફલવાળું વચનના યોગ માત્ર ભગવાને કહેલું વચન પોતાના કાનના કોટરમાં પેઠેલું અને ક્ષાયોપશમિક ભાવે પરિણામને પ્રગટ કરનારૂં કારણ તે શ્રુત કહેવાય છે અને શ્રુત, અવધૃત, અવગૃહીત, એ એક અર્થવાળા પર્યાયો છે. સૂત્રમાં મયા શબ્દ છે તે આત્માનો પરામર્શ છે અને આયુ જેને હોય, તે આયુષ્યમાન્ તેનું આમંત્રણ હે આયુષ્યમન્ ! આ કોને આશ્રયીને છે, તે કહે છે. સુધર્મસ્વામી જંબુસ્વામીને કહે છે, એટલે તે ત્રણ ભુવનના સ્વામી ભગવાને સમવસરણમાં કહેલ, તે મેં સાંભળ્યું, 'ભગ' શબ્દ સમગ્ર ઐશ્વર્ય વિગેરે લક્ષણવાળો છે.

"एश्वर्यस्य समग्रस्य, रूपस्य, यशसः श्रियः धर्मस्याथ प्रयत्नस्य, षण्णां भग इतीङ्गना ।।"

"સમગ્ર ઐશ્વર્ય, રૂપ, યશ, લક્ષ્મી, ધર્મ, અને પ્રયત્ન, એ છ શબ્દોના અર્થમાં ભગ શબ્દ વપરાય છે. ॥ ૧ ॥"

તે જેને હોય, તે ભગવાન; તે ભગવાન વર્ધમાન સ્વામીએ આ પ્રકારે વચન કહ્યું છે. પ્રથમ તેમણે કેવલજ્ઞાનપ્રાપ્ત કર્યું. તે કેવલજ્ઞાનવડે જાણીને કહ્યું શું કહ્યું ?

ઉત્તર, અહીં ખલુ "છ જીવનિકાય" નામનું અધ્યયન, છે ક્રિયાપદ ઉપરથી લેવું, "અહીં" એટલે આ લોકમાં અથવા પ્રવચનમાં, ખલુ એટલે અન્ય તીર્થંકરે કહેલા પ્રવચનમાં, છ જીવનિકાય શબ્દનો

[1] તુલના કરો - નંદિ સૂત્ર ૧૬

અર્થ દરેક જગ્યાએ સમાન છે, નામ તથા અધ્યયન પૂર્વ માફક જાણવાં, "ઇહ" શબ્દથી જાણવું કે, "મેં સાંભળ્યું," એથી આત્માના વિચાર જણાવવા વડે એકાંત ક્ષણ ભંગ દૂર કરવા કહે છે. તે ક્ષણ ભંગમાં આ પ્રમાણે અર્થની ઉપપત્તિ ન થાય; કહ્યું છે કે -

एगंतखणियपक्खे, गहणं चिअ सव्वहा ण अत्थाणं । अणुसरणसासणाइं कुओ उ तेलोगसिद्धाइं ? ।। १ ।।

એકાંત ક્ષણિક પક્ષમાં સર્વથા અર્થોનું ગ્રહણજ નથી; વળી ત્રણ લોકમાં સિદ્ધ એવાં અનુસ્મરણ (યાદગિરિ) તથા શાસન ક્યાંથી હોય ? ॥ ૧ ॥ હે ! આયુષ્યમાન્ ! એટલે ઉત્તમ માન ગુણથી બનેલ આમંત્રણના વચન વડે **ગુણવાળા શિષ્યને આગમનું રહસ્ય આપવું, પણ ગુણ રહિતને ન આપવું;** તે માટે કહે છે કે, તેની અનુકંપાથી પ્રવૃત્તિ છે. કહ્યું છે કે,

आमे घडे निहत्तं, जहा जलं तं घडं विणासेइ । इअ सिद्धंतरहस्सं, अप्पाहारं विणासेइ ।। १ ।।

જેમ કાચા ઘડામાં પાણી નાંખતાં, તે પાણી જ ઘડાનો વિનાશ કરે છે તેવી રીતે આ સિદ્ધાંતનું રહસ્ય અલ્પ આધાર (તુચ્છ બુદ્ધિ) વાળાનો નાશ કરે છે. (ગાયના ઉપર હાથીનો બોજો મૂકે તો ઉપાડવાને બદલે વિનાશ પામે. તેવી રીતે સમજવું.) વળી આયુ તે પ્રધાન ગુણ છે. આયુ લાંબુ હોય, તો પોતે પ્રથમ ભણી પછી શિષ્યોને ભણાવી પરંપરા ચાલુ રાખે; તે ભગવાને કહ્યું. એ વચનથી એમ સૂચવ્યું કે મેં પોતે-મતિ કલ્પનાથી કહ્યું, તેમ નહીં. પણ **શાસ્ત્ર પોતાના ગુરુ પાસે ભણવાનું બતાવ્યું,** તથા સૌથી પ્રથમ ઉપદેશક તીર્થંકર છે. તે બતાવ્યું અને અસર્વજ્ઞ તથા આત્માના જ્ઞાનથી વિમુખ પુરુષે જેવો આત્મા હોય તેનાથી ઉલટો સમ્યગ્ રીતે વિચાર્યા વિના પરલોક સંબંધી ઉપદેશ ન આપવો, તે જ કહે છે, કે તેથી વિપર્યયનો સંભવ છે. કહ્યું છે કે.

किं इत्तो पावयरं ? संमं अणहिगयधम्मसब्भावो । अण्णं कुदेसणाए कट्ठयरागंमि पाडेइ ।। १ ।।

જે બરોબર ધર્મ સદ્ભાવને સમજ્યા વિના અન્યને ખોટા ઉપદેશવડે અતિશય કષ્ટવાળા પાપમાં પાડે છે, તેનાથી બીજું મોટુ પાપ કયું છે ?

અથવા સૂત્રના એક ભાગને બીજી રીતે સમજાવે છે. "आउसंतेणं" ति આ શિષ્યને બદલે ભગવાનનું વિશેષણ લઈએ, તો આયુષ્યવાળા ભગવાને અર્થાત્ ચીરંજીવ એ મંગળકારક વચન છે. અથવા જીવતા ભગવાને સાક્ષાત્ ગણધરોને કહ્યું. આ વચન વડે ગણધરો દ્વારા પરંપરાગમ થયું. અને જીવન વિમુક્ત અનાદિ શુદ્ધ બોલનારાનો અમોહ કહ્યો. કારણકે દેહ વિગેરે વિના તેવા બોલવાના પ્રયત્નનો અભાવ થાય. (આથી એમ જણાવ્યું દેહધારક આત્મા જિનેશ્વરદેવે વિશુદ્ધ કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી સાકાર અવસ્થામાં જ ઉપદેશ કર્યો) કહ્યું છે કે,

वयणं न कायजोगाभावे ण य सो अणादिसुद्धस्स । गहणंमि य णो हेऊ, सत्थं अत्तागमो कह णु ।। १ ।।

કાયયોગના અભાવમાં વચન ન હોય, તથા અનાદિ શુદ્ધને કાયયોગ ક્યાંથી હોય ? અને ગ્રહણમાં હેતુ નથી. અને શાસ્ત્ર તે આપ્તનું આગમ છે. તેમાં કેવી રીતે હેતુ હોય ? ॥ અથવા માગધી આવસંતેણં ॥ ત્તિ એટલે ગુરુના મૂલમાં વસતા એવા મેં આ સાંભળ્યું. એથી એમ સૂચવ્યું કે શિષ્યે ગુરુના ચરણ

સેવીને (ગુરુકુલવાસમાં) સદા રહેવું, ભણવું, કારણ કે તેથી જ જ્ઞાનાદિની (ઉત્તમ ગુણોની) વૃદ્ધિ થાય છે.

**णाणस्स होइ भागी थिरयरओ दंसणे चरित्ते य । धन्ना आवकहाए गुरुकुलवासं न मुंचंति ।। १ ।।**

ગુરુકુલ વાસને જીંદગી સુધી ન મૂકનારો, તે ધન્યવાદને યોગ્ય છે. કારણ કે તે જ્ઞાનનો ભાગી અને દર્શન તથા ચારિત્રમાં વધારે સ્થિર થાય છે. અથવા "આમુસંતેણં" પાઠ લઈએ તો "આમૃશતા" એટલે ભગવાનના ચરણ યુગલને મારા ઉત્તમ અંગ (માથા) વડે ફરશતા મેં સાંભળ્યું, આના વડે વિનય કરવાનું મોટું પદ બતાવ્યું; કારણ કે વિનય મોક્ષનું મૂળ છે. કહ્યું છે કે -

**"मूलं संसारस्सा होंति कसाया अणंतपत्तस्स । विणओ ठाणपउत्तो दुक्खविमुक्खस्स मोक्खस्स ।। १ ।।"**

અનંત પાંદડાં વાળા સંસાર (વૃક્ષ)ના મૂળ કષાયો છે; અને યોગ્ય સ્થાનમાં કરેલો વિનય દુઃખરહિત મોક્ષનું મૂળ છે. (અર્થાત્ વધારે કહેવાથી શું ?) હવે ચાલુ વાત કહીએ છીએ. તેમાં અહીં ખલુ "છ જીવ નિકાયોનું વર્ણનવાળું અધ્યયન છે. એ બતાવ્યું. પણ એ છ જીવનિકાય અધ્યયન કોણે કહ્યું ? ઉત્તર - તે શ્રમણ એટલે મહાતપસ્વી, સમગ્ર ઐશ્વર્યયુક્ત, તથા કષાયાદિ અભ્યંતર શત્રુને જીતવાથી મહાવીર થએલા એવા મહાવીરે કહ્યું છે કે -"

**विदारयति यत्कर्म, तपसा च विराजते । तपोवीर्येण युक्तश्च, तस्माद्वीर इति स्मृतः ।। १ ।।**

મહાન્ વીર તે મહાવીર. અને તેમનું ગૌત્ર કાશ્યપ, તેમણે કહ્યું, પ્રવેદિત. એટલે કોઈ પાસે તેમણે થોડું ઘણું ક્યાંય સાંભળીને કહ્યું, તેમ નહીં, પણ સ્વયં પોતે કેવલજ્ઞાને પ્રકર્ષથી જોયું. (જાણ્યું) તથા સુ, આખ્યાત. એટલે સુર. અસુર મનુષ્યની પર્ષદામાં સારી રીતે વર્ણન કર્યું. અને જેમ કહ્યું, તેમ જ સારી રીતે સૂક્ષ્મ પરિહારના આસેવનવડે પ્રકર્ષથી સેવ્યું. અહીં ધાતુના અનેક અર્થ હોવાથી "જ્ઞપ્ ધાતુનો અર્થ આસેવના કર્યો, હવે આ છ જીવ નિકાય રક્ષારૂપ અધ્યયન ને ભણતાં મારૂં કલ્યાણ છે. એમાં મમ શબ્દ આત્માનો નિર્દેશ છે અથવા બીજા આચાર્યો કહે છે કે "અથવા શાસ્ત્ર છંદની રીત હોવાથી સામાન્યમાં, મમ શબ્દ આત્માનો નિર્દેશ છે. તેથી તે જાણતાં આત્માનું કલ્યાણ છે. જાણવું, સાંભળવું, અને ભાવવું એ એક જ અર્થમાં છે, શા માટે ? ઉત્તર, અધ્યયન ધર્મ પ્રજ્ઞપ્તિ નિમિત્ત કારણ હેતુઓમાં સર્વે વિભક્તિઓનુ પ્રાયે દર્શન છે, એ વચન છે તેથી, હેતુમાં પ્રથમા વિભક્તિ છે. અધ્યયનપણાથી એટલે આત્માને અંદર લાવવો તે ચિત્તની વિશુદ્ધિ મેળવવાથી થાય છે. એ જ કેવી રીતે થાય ? તે કહે છે. ધર્મપ્રજ્ઞપ્તિ એટલે ધર્મનું જણાવવું તે ધર્મને જણાવાના કારણથી ચિત્તની વિશુદ્ધિ થાય છે અને વિશુદ્ધિ થવાથી ભણવું, તે આત્માને શ્રેય છે. બીજા આચાર્ય કહે છે કે, અધ્યયન ધર્મ પ્રજ્ઞપ્તિ, એટલે પૂર્વે બતાવેલું - અધ્યયન તેને ઉપાદેયપણું બતાવવા આ અનુવાદ માત્ર છે. શિષ્ય પૂછે છે. કયું ?"

ઉત્તર સૂત્રમાં બતાવેલ છે તે, એના વડે આ બતાવે છે કે અભિમાન છોડીને સંસારથી ખેદ પામેલા શિષ્યે બધા કાર્યોમાં-ગુરુને પૂછવું; "ઇમાખલુ" શબ્દ વડે આચાર્ય કહે છે. તે સૂત્રમાં બતાવ્યું છે. એનાથી આ બતાવ્યું કે, ગુણવાન્ શિષ્યને ગુરુએ પણ ઉપદેશ આપવો. તે આ પ્રમાણે પૃથ્વી વિગેરે ઉદાહરણ બતાવવા માટે છે.

પૃથ્વી, કાઠિણ્ય વિગેરે લક્ષણવાળી લોકમાં જાણીતી છે. તે જ કાયને ધારણ કરનારા તે પૃથ્વી કાયિક જીવ છે. આપ્ તે પ્રવાહી રૂપે-પાણીના જીવો તે કાયને ધારણ કરવાથી અપ્કાયિક છે. તેજ એટલે ઉષ્ણ લક્ષણવાળું શરીર ધારણ કરવાથી તે તેજસ કાયિક જાણવા. વાયુ તે ચાલવાના ધર્મવાળો જાણીતો છે. તે શરીરને ધારણ કરનાર વાયુ કાય છે અને વનસ્પતિ લતાદિરૂપે જાણીતો છે. તે શરીરને ધારણ કરનાર વનસ્પતિ કાયિક જાણવા. એ પ્રમાણે ત્રાસ પામવાના સ્વભાવવાળા જાણીતા છે. તેઓ તે શરીરને ધારણ કરવાથી ત્રસ કાયિક જાણવા. (દરેકમાં સ્વાર્થેક પ્રત્યય લગાડ્યો છે એટલે પૃથ્વીકાય અથવા પૃથ્વી કાયિક એ બંને એક જ અર્થમાં છે.) આ છએ કાયોનો આધાર પૃથ્વીકાય છે. માટે પૃથ્વીકાય પહેલો કહ્યો અને પૃથ્વી ઉપર પાણી રહે છે. માટે બીજો તેને કહ્યો અને પાણીનો પ્રતિપક્ષ અગ્નિ છે તે ત્રીજો કહ્યો અને ત્યારપછી અગ્નિનો મદદગાર વાયુ છે. તેથી તે ચોથો કહ્યો અને વાયુ ઝાડોની શાખા હાલવા ચાલવાથી જણાય છે. માટે વનસ્પતિકાય પાંચમો કહ્યો અને પછી વનસ્પતિને ત્રસ જીવોનું ઉપગ્રાહકપણું છે. તેથી ત્રસકાય કહ્યો. હવે વિપ્રતિપત્તિ દુર કરવા કહે છે. પૃથ્વી હવે જે લક્ષણ બતાવશે, તે લક્ષણવાળી સજીવ જાણવી. અથવા પાઠાંતરમાં ચિત્તમત્ત શબ્દ છે. તેથી અર્થ અહીંયાં સ્તોકવાચી છે જેમ કે સરસવનો ત્રીજો ભાગ માત્ર છે. એટલે થોડું જ્ઞાન તેને છે. કારણ કે તેને પ્રબળ મોહના, ઉદયથી બધાથી થોડું ચૈતન્ય એકેન્દ્રિય જીવોને છે. તેથી કંઈક વધારે બે ઇન્દ્રિય વિગેરેને છે, આ સર્વજ્ઞે કહેલ છે કે, તેમાં અનેક જીવ છે. પણ એક જીવવાળી પૃથ્વી નથી, વૈદિક મતવાળા એવું માને છે કે, પૃથ્વી દેવતા તેમના વચન પ્રમાણે એક જીવ છે. પણ જૈનો પૃથ્વીમાં અનેક જીવો માને છે. વળી અનેક જીવ હોય પણ તે કેટલાક મતવાળા એક જીવની અપેક્ષાએ રહેલા માને છે. તેઓ કહે છે કે -

एक एव हि भूतात्मा, भूते भूते व्यवस्थितः । एकधा बहुधा चैव, दृश्यते, जलचन्द्रवत् ।। १ ।।

એક જ ભૂતાત્મા, તે જુદા જુદા ભૂતમાં વસેલો છે. તે એકલો છતાં જેમ પાણીમાં ચન્દ્રમા જુદો જુદો દેખાય છે, તેમ તે આત્મા જુદો જુદો દેખાય છે. તેથી કહે છે કે, દરેક જીવ જુદા જુદા છે, એટલે પૃથ્વીકાયમાં પોતાનું એક એક શરીર ધારણ કરીને તે જીવો રહેલા છે, એમ સમજવું અને અંગુળના અસંખ્યાતમા ભાગ જેટલી તેની અવગાહના છે. અહીં વાદી પુછે છે કે જો પૃથ્વી પોતે અનેક જીવોના પિંડ રૂપે છે. તો તેના ઉપર ઝાડો પેશાબ વિગેરે કરવાથી, તે જીવોનો ઘાત થવાથી, અહિંસારૂપ સાધુ ધર્મની ઉત્પત્તિનો સંભવ નહીં થાય. આચાર્ય કહે છે. બીજા શસ્ત્રવડે પરિણત થએલી પૃથ્વી છોડીને અન્ય પૃથ્વી સચિત્ત (જીવવાળી) જાણવી. હવે પૃથ્વીનું શસ્ત્ર શું ? તે બતાવે છે. તે દ્રવ્ય અને ભાવ એમ બે ભેદ કહે છે.

दव्वं सत्थग्गिविसंनेहंबिलखारलोणमाईयं । भावो उ दुप्पउत्तो वाया काओ अविरई अ ।। २३० ।।

દ્રવ્ય એ દ્વારનો વિચાર છે. તેમાં દ્રવ્ય શસ્ત્ર તે ખડ્ગ વિગેરે છે અને અગ્નિ, વિષ, સ્નેહ અને ખટાશ એ પ્રસિદ્ધ છે. અહીં ખાર (ક્ષાર) કરીર (બકરીની લીંડી) વિગેરેથી થાય છે અને લવણ તે જાણીતું છે. આદિ શબ્દથી કરીષ વિગેરે લેવાં આ દ્રવ્ય શસ્ત્ર બતાવ્યાં. હવે ભાવશસ્ત્ર કહે છે તે ખરાબ મન વચન અને કાયાનો ઉપયોગ તથા અવિરતિ છે. અહીંયાં દુષ્પ્રયુક્ત શબ્દ છે, તેથી

એમ જાણવું કે દ્રોહ અભિમાન ઇર્ષ્યા વિગેરે મનનો દુષ્પ્રયોગ છે તે લેવો, વચનનો દુષ્પ્રયોગ તે હિંસાત્મક વચન તથા કઠોર વિગેરે વચન બોલવાં અને કાય દુષ્પ્રયોગ તે દોડવું કુદવું વિગેરે છે અને અવિરતિ તે સામાન્ય રીતે જીવહિંસા વિગેરે પાપસ્થાનમાં પ્રવૃત્તિ કરવી તે બધાં સ્વ અને પરને મારનાર હોવાથી કર્મબંધનિમિત્તપણે હોવાથી ભાવશસ્ત્ર છે ॥ ગાથાર્થ ॥ ૨૩૦ ॥

અહીં ભાવશસ્ત્રનો અધિકાર નથી. પણ દ્રવ્ય શસ્ત્રનો છે તે ત્રણ પ્રકારે છે તે બતાવે છે.

**किंचि सकायसत्थं किंचि परकाय तदुभयं किंचि । एयं तु दव्वसत्थं भावे अस्संजमो सत्थं ।। २३१ ।।**

કાંઈક સ્વકાય શસ્ત્ર છે. જેમ કે કાળી માટીને લીલી માટીનું શસ્ત્ર છે એ પ્રમાણે ગંધ રસ સ્પર્શના ભેદમાં પણ શસ્ત્ર યોજના કરવી (સ્પર્શ જુદા જુદા હોય તો એક બીજાને હણે વિગેરે) તથા કંઈક પરકાય શસ્ત્ર છે. જેમ કે પૃથ્વી છે તે પાણી અગ્નિ વિગેરેનું શસ્ત્ર છે અથવા પાણી અગ્નિ વિગેરે પૃથ્વીનાં શસ્ત્ર છે અને કંઈક બંને મળીને શસ્ત્ર થાય છે. જેમ કે કાળી માટી પાણીના સ્પર્શ રસ ગંધ વિગેરેથી ધોલી માટીનું શસ્ત્ર છે. જેમ કાળી માટીથી મેલું પાણી થાય છે તે વખતે આ કાળી માટી પાણી તથા ધોળી માટીનું શસ્ત્ર થાય છે તે દ્રવ્ય શસ્ત્ર જાણવું ગાથામાં તું શબ્દ છે તે અનેક પ્રકારના વિશેષ અર્થ બતાવે છે. એટલે અનેક પ્રકારનાં શસ્ત્ર જાણવાં અને ભાવદ્વારમાં અસંયમ તે ચરણનું શસ્ત્ર છે ॥ ગાથાર્થ ॥

એ પ્રમાણે પરિણત પૃથ્વીમાં ઉચ્ચારાદિ કરવાથી જીવની હિંસા નથી. તેથી અહિંસાપણાનો સાધુધર્મનો સંભવ થાય છે આ પ્રમાણે આગમનું તે પ્રમાણ છે અને અહીં અનુમાન પણ છે. જેમ કે જીવ સહિત પરવાળાં લવણ પત્થર વિગેરે પૃથ્વીથી બનેલા છે. (પ્રતિજ્ઞા સમાન જાતિવાળા અંકુરાની ઉત્પત્તિના જોવાથી (હેતુ)) તથા તેમાં દેવદત્તના માંસના અંકુરાંનું દૃષ્ટાંત છે. એ પ્રમાણે આગમ અને ઉપપત્તિવડે પૃથ્વી કાયિકનું જીવત્વ સિદ્ધ થયું કહ્યું છે કે -

**"आगमश्चोपपत्तिश्च, संपूर्णं दृष्टिलक्षणम् । अतीन्द्रियाणामर्थानां, सद्भावप्रतिपत्तये ।। १ ।।"**

આગમ અને ઉપપત્તિ એ અતિઇન્દ્રિય પદાર્થના સદ્ભાવના સ્વીકાર માટે દૃષ્ટિનું સંપૂર્ણ લક્ષણ છે.

**"आगमो ह्याप्तवचनमाप्तं दोषक्षयाद्विदुः वीतरागोऽनृतं वाक्यं, न ब्रूयाद्धेत्वसंभवात् ।। २ ।।"**

[1]આગમ છે તે આપ્તનું વચન છે અને તે દોષના ક્ષયથી તેને આપ્ત કહે છે. કારણ કે હેતુના અસંભવથી વીતરાગ અસત્ય વચન ન બોલે આટલું ટુંકામાં બસ છે. પૃથ્વીની માફક અપ્કાય પણ સચિત્ત જાણવા અગ્નિ પણ સચિત્ત તથા વાયુ અને વનસ્પતિ પણ સચિત્ત કહ્યા વિગેરે જાણવું.

હવે જલનું વિશેષ કહે છે.

સજીવ છે. જમીનમાં ખોદવાના સ્વભાવથી દેડકાં માફક કુદીને ઉંચે આવે છે તે પ્રમાણે અગ્નિનું છે.

---

(૧) તુલના કરો. 'પ્રમેયકમલ માર્તન્ડ' 'जले जन्तु स्थले जन्तु'

સજીવ અગ્નિ છે તેની આહારવડે બાળકની માફક વૃદ્ધિ દેખાય છે.

સજીવ પવન છે. બીજાનો પ્રેરેલો તિર્યગ્નિગ (હ) નિયમિત દિશામાં ગાયની માફક તેનું ગમન થાય છે. (બીજાનો નહિ પ્રેરાયેલો તિરછી દિશામાં નિયમિત ગમન કરનાર વાયુકાય સજીવ છે.)

જીવવાળાં વૃક્ષો છે. સર્વ છાલ ઉતારી લેવાથી ગધેડા માફક મરણ પામે છે.

હવે વનસ્પતિ જીવોના વિશેષ ભાગ બતાવવા કહે છે.

तं जहां એટલે, તે આ પ્રમાણે. અગ્રબીજવાળા વિગેરે આ ઉપન્યાસ અર્થ છે. અગ્ર (મોખરે) બીજ જેમાં છે, તેવાં કોરંટ વિગેરે જાણવાં, તથા મૂલ તે જ બીજ જેમાં છે તેવાં ઉત્પલ (કમળ)નાં કંદ વિગેરે છે. પર્વ તે જ બીજ જેમાં છે તે પર્વ બીજવાળા શેરડી વિગેરે છે. તથા સ્કંધ પોતે બીજ જેમાં છે તે સ્કંધ બીજવાળા, શલ્લકી વિગેરે છે. તથા બીજ વાવવાથી ઊગે તે બીજ રૂહા, તેમાં ભાત વિગેરે છે. સંમૂર્ચ્છનથી ઉત્પન્ન થાય, તે સંમૂર્ચ્છિમ જાણવા. તેમાં પ્રસિદ્ધ બીજ નથી. પણ પૃથ્વી (જમીન) ઉપર વરસાદ વિગેરેથી તેવી તેવી જાતિમાં ઘાસ વિગેરે થાય છે. અને આ ન સંભવે તેવું પણ નથી. કારણ કે તેઓ બાળેલી જમીન ઉપર પણ ઊગે છે. તે પ્રમાણે મૂળ સૂત્રમાં તૃણ લતા વનસ્પતિકાયિક શબ્દ છે. અહીં "તૃણ લતાનું" ગ્રહણ એટલા માટે છે કે તેમાં પોતાની જાતિના અનેક ભેદ છે. તે બતાવે છે.

વનસ્પતિ કાયિક ગ્રહણ કરવાનું કારણ સૂક્ષ્મબાદર વિગેરે તમામ વનસ્પતિના ભેદના સંગ્રહ માટે છે. આ વાક્યવડે પૃથ્વી વિગેરેના પણ પોતાની જાતિના પોતામાં રહેલા અનેક ભેદો જેવા કે પૃથ્વી શર્કરા વિગેરે છે તથા પાણીમાં ઓસ, મિહિકા, (ફરફર) વિગેરે છે. તથા અંગારા, જ્વાળા વિગેરે અગ્નિના ભેદો છે, તથા ઝંઝા મંડલિક વિગેરે વાયુના ભેદો છે. આ પ્રમાણે સમજવું. તથા વનસ્પતિ સૂત્રમાં "સબીજા ચિત્તવંત" છે. આ પૂર્વે બતાવેલા વનસ્પતિ વિશેષ છે તે પોતપોતાના નિબંધનમાં આત્મવંત (સજીવ) છે. અને અનેક જીવો વિગેરેનું વર્ણન જે. ધ્રુવગંડિકા છે, તે પૂર્વ માફક જાણવું (અર્થાત્ જેમ પૃથ્વીના એક અંગુલના અસંખ્યાતમા ભાગે જેમ પૃથ્વીકાયના જીવની અવગાહના છે, તે પ્રમાણે પાણી, અગ્નિ, વાયુમાં જાણવું. વનસ્પતિમાં પણ કેટલેક અંશે તેમ જ છે, આચારાંગનું ૧લું અધ્યયન જુઓ( બીજવાળા સચિત્ત કહ્યા, અહીં બીજ જીવ. તેજ મૂળ વિગેરે જીવ છે કે અન્ય તેમાં આવીને ઉત્પન્ન થાય છે ? ॥ ૨૩૧ ॥

આનુ સમાધાન કરવા કહે છે.

बीए जोणिब्भूए जीवो वुक्कमइ सोय अन्नो वा । जोऽवियमूले जीवो सोऽवि य पत्ते पढमयाए ।। २३२ ।।

બીજ તે યોનિ થએલ છે. હવે તે બીજ બે પ્રકારનું છે. એક યોનિવાળું અને બીજું યોનિ વિનાનું છે તેમાં પ્રથમનું છે તે યોનિ કાયમ હોવાથી ઊગી શકે છે અને બીજું યોનિ નષ્ટ થવાથી ઊગી શકતું નથી. તે યોનિવાળું સચિત્ત અને અચિત્ત એમ બે પ્રકારનું છે. અને યોનિ વિનાનું તે નિશ્ચે અચેતન છે. હવે બીજયોનિવાળું છે તેનું અયોનિવાળા સાથે ભેદ બતાવે છે કે તેની ઉત્પત્તિ થતી નથી, કારણ કે તેમાં બીજપણું રહ્યું નથી અને યોનિવાળામાં જે બીજપણું છે તે યોનિના પરિણામને તજ્યું નથી.

શા માટે ?

ઉત્તર-જીવ તેમાં આવીને ઉગે છે તે જ પૂર્વનો બીજ જીવ છે. જેણે બીજ એવું નામ તથા ગોત્ર એવાં બે કર્મ ભોગવીને મૂળ વિગેરે નામ ગોત્ર બાંધીને અથવા બીજો કોઈ પૃથ્વી કાયાદિક જીવ એ જ પ્રમાણે છે અને મૂળમાં જે જીવ છે તે જ મૂળપણે પરિણમે છે તે પણ પાંદડામાં પ્રથમપણે એટલે તે પહેલા પાંદડા તરીકે પરિણમે છે તેથી કરીને એજ જીવ મૂળનો તથા પહેલા પાંદડાનો કર્ત્તા છે.

પ્રશ્ન-જો એ પ્રમાણે હોય તો શાસ્ત્રમાં લખ્યું છે કે

**"सव्वोऽवि किसलओ खलु उग्गममाणो अणंतओ भणिओ"**

સર્વ કિશલય ઉગતાં અનંતકાય કહ્યો છે. તે વિરૂદ્ધ કેમ નહિ થાય ?

ઉત્તર-અહીંયાં બીજ જીવ પોતે કે અન્ય કોઈ જીવ બીજના મૂળપણે ઉત્પન્ન થઈને તેની ઉચ્છન્ અવસ્થા કરે છે, ત્યારપછી કિશલય અવસ્થા કરે તે સાથે નિયમથી અનંત જીવો ઉત્પન્ન કરે છે. ફરીથી તેમાં સ્થિતિ ક્ષય થવાથી બધા જીવો પરિણત થયા પછી આ એકલો મૂળે જીવ અનંત જીવોના શરીરને પોતાના શરીરપણે કરીને એટલો મોટો થાય છે કે જે પ્રથમ પત્ર ગણાય છે તેથી વિરોધ નથી. બીજા આચાર્ય કહે છે કે અહીંયાં પહેલું પાંદડું જે બીજની સમૂર્ચ્છન અવસ્થા નિયમ બતાવવા માટે છે અને શેષ કિશલય વિગેરે બધું મૂળ જીવે પરિણામે પ્રગટ કરેલું નથી એવું અવશ્ય જાણવું. તેથી પૂર્વે કહેલું સર્વ પણ સૂત્ર વિરુદ્ધ નથી. કારણ કે મૂળ પત્રના નિર્વર્તનના આરંભ કાળમાં કિશલયપણાનો અભાવ છે ॥ ગાથાર્થ ॥ એ જ વાત ભાષ્યકાર કહે છે ॥

**विद्धत्थाविद्धत्था जोणी जीवाण होइ नायव्वा । तत्थ अविद्धत्थाए वुक्कमई सो य अन्नो वा ।। ५८ ।। भा० ।।**

વિધ્વસ્ત તથા અવિધ્વસ્ત એવી બે યોનિ જીવોની ન ઉગવાની અને ઉગવાની જાણવી. તેમાં અવિધ્વસ્ત યોનિમાં જે જીવ ઉત્પન્ન થાય તે અન્ય જીવ અથવા તે જ જીવ ઉગે છે. ॥ ગાથાર્થ ॥ ૫૮ ॥

**जो पुण मूले जीवो सो निव्वत्तेइ जा पढमपत्तं । कंदाइ जाव बीयं सेसं अन्ने पकुव्वंति ।। ५९ ।। भा० ।।**

જે મૂળમાં બીજનો અથવા જુદો જીવ વર્તે છે તે પહેલા પાંદડા સુધી એક જ જીવ છે. અહીં પણ પહેલાંની માફક ભાવાર્થ જાણવો. કંદ વિગેરે બીજ સુધી બાકીનું બીજા જીવોબનાવે છે તે વનસ્પતિ જીવો જ છે. વ્યાખ્યાના બંને પક્ષમાં આ અવિરુદ્ધ છે. એક બાજુ સંમૂર્ચ્છન અવસ્થાનું જ પ્રથમ પત્રપણે કહેલું છે. ત્યારપછી કંદ આદિ ભાવે અન્યત્ર કંદ આદિનું વનસ્પતિ ભેદપણું છે. તેનો પ્રથમ પત્ર ઉત્તરકાલજ ભાવ હોવાથી છે. ॥ ગાથર્થ ॥ ૫૯ ॥

હવે થોડામાં વિશેષ બતાવે છે.

**सेसं सुत्तप्फासं काए काए अहक्कमं बूया । अज्झयणत्था पंच य पगरणपयवंजणविसुद्धा ।। ६० ।। भा० ।।**

સૂત્રમાં સ્પર્શ કરનારૂં જે કહેલું લક્ષણ પૃથ્વીકાય વિગેરેમાં છે તે યથાક્રમે અનુયોગધર આચાર્ય બોલે ન કેવલ સૂત્ર સ્પર્શ જ લક્ષણ કહે પણ અધ્યયનના અર્થોને પૂર્વે કહેલા પાંચ જીવાજીવનું અભિગમ વિગેરેને [1]પ્રકરણ, [2]પદ, [3]વ્યંજન, [4]વિશુદ્ધ એવા અર્થોને બોલે [5]સૂત્રજ જીવોનું અભિગમ (સમજ) દરેક

કાયમાં છે. એના વડે પાંચ સંખ્યાનું ગ્રહણ કર્યું, નહિ તો બીજી રીતે અહીંયાં છ અધિકાર છે જેમાં અર્થોને કરાય તે પ્રકરણમ્ અનેક અર્થના અધિકારવાળું કાય પ્રકરણ વિગેરે છે. વિભક્તિ લાગી હોય તે પદ. કહેવાય અનેક વિગેરે વ્યંજન કહેવાય એ વ્યંજનવડે વિશુદ્ધ બોલે ॥ ગાથાર્થ ॥ ૬૦ ॥

હવે ત્રસનો અધિકાર કહે છે. ગાથામાં से શબ્દ અથ શબ્દના અર્થમાં છે અને તે પણ ઉપન્યાસ ના વાસ્તે છે. અથશબ્દ પ્રક્રિયા, પ્રશ્ન, અનંતર, મંગલ, ઉપન્યાસ, પ્રતિવચનના સમુચ્ચયોમાં વપરાય છે હવે જે બાળકો વિગેરેને પણ પ્રસિદ્ધ છે એવા અનેક બે ઇન્દ્રિય વિગેરે ભેદ વડે એકએક જાતિમાં ઘણા ત્રસજીવો છે. ત્રસ એટલે ત્રાસ પામે તે, અને પ્રાણ એટલે ઉચ્છ્વાસ વિગેરે છે. એ જેમને હોય તે પ્રાણી કહેવાય તે આ પ્રમાણે અંડજા વિગેરે આ નિશ્ચયે છઠ્ઠો જીવનિકાય છે તે ત્રસકાય છે. આ યોગ છે જે[૧] ઇંડું તેનાથી ઉત્પન્ન થાય તે **અંડજ** કહેવાય છે તે પક્ષી ઘીલોડી વિગેરે છે અને [૨]પોતે પોતાથી ઉત્પન્ન થાય તે **પોતજ** કહેવાય (પા. ૩-૨-૧૦૧) સૂત્ર પ્રમાણે 'જ' પ્રત્યય જન્મ આપવાના અર્થમાં છે. તે હાથી, વલ્ગુલી ચર્મ જલૌકા વિગેરે છે.[૩] જરાયુના વિંટાયેલા જે જન્મે છે તે **જરાયુજ** જાણવા, તે ગાય, ભેંસ, બકરો, ઘેટો, માણસ વિગેરે છે. અહિં પૂર્વ માફક તે પ્રત્યય છે. રસથી જન્મે તે **રસજ** કહેવાય તેમાં છાસ, આરનાલ, (ઓસામણ) દહીં, તીમન, વિગેરેમાં પાયુકૃમીના આકારવાળા બહુ ઝીણા જીવો થાય છે તે છે, [૪]પરસેવાથી થાય તે **સંસ્વેદજ** કહેવાય તેમાં [૫]માકડ, જુ, શતપદિકા, વિગેરે છે તથા [૬]સંમૂર્ચ્છનથી જન્મેલા તે **સંમૂર્ચ્છનજ** કહેવાય તે શલભ, કીડીઓ, માખી, શાલૂક વિગેરે છે તથા [૭]ઉદ્ભેદથી જન્મે તે ઉદ્ભેદ કહેવાય અથવા ઉદ્ભેદન થઈને જન્મે તે **ઉદ્ભિજ** કહેવાય તે પતંગ, ખંજરીટ, પરિપ્લવ વિગેરે છે [૮]ઉપપાતથી જન્મે તે **ઉપપાતજ** કહેવાય અથવા ઉપપાતમાં થાય તે ઔપપાતિક કહેવાય તે દેવ અને નારકીના જીવો કહેવાય તેમનું જ લક્ષણ કહે છે, જે કોઈને સામાન્યથી જ જીવોનું અભિક્રાન્ત થાય છે એટલે બોલનારની સામે આવવું તે છે અને ભાવમાં નિષ્ઠા પ્રત્યય છે એટલે ક્રમ ધાતુનું ક્રાન્ત થયું. એટલે તે જીવો સામે આવે છે. તથા તે જીવોનું પ્રતિક્રાન્ત થાય એટલે તે જીવોનું પાછું ફરવું થાય અને સંકુચન એટલે શરીરના ભાગોને સંકોચવા તે પ્રમાણે પ્રસારણ એટલે શરીરના ભાગોને પોહળા કરવા રવણમ્ એટલે શબ્દ કરવો ભ્રમણ એટલે આમ તેમ ફરવું, ત્રાસ પામવું, તથા દોડી જવું તથા ક્યાંયથી કોઈ વખતે એટલે ગતિથી આવવું છે આ બધાને જાણનારા છે, પ્રશ્ન અભિક્રાન્ત પ્રતિક્રાન્ત એ બંન્નેનો આગતિ તથા ગતિથી ભેદ નથી છતાં શામાટે જુદા ફરીથી કહ્યાં ? ઉત્તર વિજ્ઞાન વિશેષ બતાવવા માટે, જેમ કે આમ કહેલું છે. જેઓ જાણે છે કે અમે જેમ આવીએ છીએ પાછા જઈએ છીએ તે જ ત્રસ જીવ છે. પણ જે એવું નથી જાણતા જેમ કે વૃત્તિ (વાડ) ને વીંટાઈને વેલ વિગેરે ચઢે છે તે ગોળાકાર ફરવા છતાં તે ત્રસ જીવો ગણાતા નથી. પ્રશ્ન. આ પ્રમાણે બે ઇન્દ્રિઓનું પણ અત્રસપણું સિદ્ધ થશે. કારણ કે તેઓને અભિક્રમણ તથા પ્રતિક્રમણ હોવા છતાં એવું જ્ઞાન નથી. આચાર્યનો ઉત્તર - એમ નથી, તેમને હેતુ સંજ્ઞાથી સમજણ છે તેઓનું બુદ્ધિપૂર્વક જેવું છાયાથી તડકામાં અને તડકાથી છાયામાં જવું આવવું થાય છે, પણ વેલડીઓને તેવું ગમન આગમન સમજપૂર્વક નથી (કે હું ગરમી લેવા તડકામાં જાઉં અને છાયો લેવા છાયામાં જાઉં) વેલડીનું જવું આવવું ફક્ત ઓઘસંજ્ઞા વડે છે જ, આમ થોડામાં બસ છે.

હવે ત્રસ જીવોના ભેદ કહે છે.

[1]જે કીડા એટલે કૃમિઓ આ શબ્દથી તેની જાતિના બધા બેઇન્દ્રિય જીવો લેવા તે શંખ વિગેરે જાણવા તથા પતંગ એટલે શલભ તે ચાર ઇન્દ્રિય છે. તેની જાતિના ભમરા વિગેરે જાણવા તથા જે કુન્થવા (ઝરા) કીડીઓ આનાથી ત્રણ ઇન્દ્રિવાળા જીવો લેવા તેથી એમ જાણવું કે બધા બે ઇન્દ્રિય તે કૃમિ વગેરે તથા સર્વે ત્રણ ઇન્દ્રિય તે કુન્થવા (ઝરા) વિગેરે અને બધા ચાર ઇન્દ્રિય તે પતંગ વિગેરે જાણવા.

પ્રશ્ન-જે કીડા પતંગ વિગેરે પહેલાં કહી ગયા તે શા માટે ?

ઉત્તર-સૂત્રની રચના વિચિત્ર હોવાથી એમ સૂચવ્યું, કે તેમાં ક્રમ રહેતો નથી. પણ સૂત્ર વિના ક્રમ રહે છે.

હવે પંચેન્દ્રિય સામાન્યથી, તથા વિશેષથી છે. તેમાં બધા તિર્યંચ યોનિવાળા ગાય વિગેરે છે. બધી નારકીઓ રત્નપ્રભા નારક વિગેરે ભેદોથી જુદા છે. તથા બધા મનુષ્યો, તે કર્મભૂમિ વિગેરેમાં જન્મેલા વિગેરે છે. સર્વે દેવો, તે ભવનવાસી વિગેરે છે અહિંઆં સૂત્રમાં સર્વ શબ્દ બધા ભેદોને ત્રસપણું બતાવવા માટે છે. એટલે એમ સમજવું કે આજ બધા જીવો ત્રસકાય છે. પણ એકેન્દ્રિયો માફક ત્રસ અને સ્થાવર નથી. કારણ કે અમે કહ્યું છે કે, એકેન્દ્રિમાં પણ પૃથ્વી, પાણી, વનસ્પતિ, એ ત્રણ સ્થાવર છે.[2] અને અગ્નિ, વાયુ તથા બેઇન્દ્રિ વિગેરે ત્રસ છે. આ તત્ત્વાર્થના બીજા અધ્યયનમાં સૂત્ર ૧૩મું ૧૪મું છે. તેનો ખુલાસો કર્યો કે, અહિંઆં એકેન્દ્રિય ત્રસ ન લેવા. સર્વે પ્રાણી પરમ ધર્માણ, એટલે બે ઇન્દ્રિય વિગેરે, તથા પૃથ્વી વિગેરે, પરમ તે સુખ, તેને વાંચ્છનારા છે. એટલા માટે દુઃખ ન દેવું. એટલા માટે આ છએ જીવનિકાયનો પોતે દંડ ન કરે, (એવું કાર્ય ન કરે કે જીવો દુઃખ પામે) એમ જાણવું, તે પ્રમાણે બીજા પાસે ન કરાવે, કરતાને ભલો ન જાણે વિગેરે ઉપરથી જાણવું.

આ છઠ્ઠો જીવનિકાય બતાવીને, પૂર્વે કહેલ કીડા વિગેરે પૃથ્વીકાયથી છઠ્ઠો છે તે ત્રસકાય બધા તીર્થંકર, અને ગણધરોથી પ્રકર્ષથી કહેવાય છે.

પ્રયોગ આ પ્રમાણે છે.

વિદ્યમાનનું કરેલું આ શરીર છે. કારણ કે ઘડાની માફક શરૂઆતથી પ્રતિનિયત આકારવાળું છે તેથી.

પ્રશ્ન-અહીં ત્રસકાયનું નિગમન કહ્યા સિવાય, અસ્થાનમાં બધા જીવો પરમ ધર્માણ એ પછી કહેવાનું સૂત્ર અહિં શા માટે કહ્યું ?

ઉત્તર-નિગમનસૂત્રનું વ્યવધાનવાળું બીજા અર્થથી વ્યવધાનનું બતાવવાપણું છે, તેથી કહ્યું. જેમ કે ત્રસકાયનો નિગમન સૂત્ર છેડો, જીવોની ઓળખાણ છે અને તેના અંતરે અજીવોની ઓળખાણનો

(૧) ઉત્તરા. ૩૬મું અધ્યયન જોવું

(૨) A. સ્થાનાંગ ૩/૩૨૬

B. ઉ ૩૬/૧૦૭

C. ઉ શાંત્યાચાર્ય-પૃ. ૬૯૩

અધિકાર છે, તેના અર્થને કહીને ચારિત્રધર્મ કહેવો, તે પ્રમાણે વૃદ્ધ (મહાન પૂર્વાચાર્ય)ની વ્યાખ્યા છે.

[A]एसो खलु छट्ठो जीवनिकाओ तसकाउत्ति पवुच्चइ, एस ते जीवाभिगमो भणिओ, इयाणिं अजीवाभिगमो भण्णइ-अजीवा दुविहा, तंजहा-पुग्गला य नोपोग्गला य, पोग्गला छव्विहा, तंजहा-सुहुमसुहुमा सुहुमा सुहुमबायरा बायरसुहुमा बायरा बायरबायरा । सुहुमसुहुमा परमाणुपोग्गला, सुहुमा दुपएसियाओ आढत्तो जाव सुहुमपरिणओ अणंतपएसिओ खंधो, सुहुमबायरा गंधपोग्गला, बायरसुहुमा वाउक्कायसरीरा, बायरा आउक्कायसरीरा उस्सादीणं, बायरबायरा तेउवण्णस्सइपुढवितससरीराणि । अहवा चउव्विहा पोग्गला, तंजहा-खंधा खंधदेसा खंधपएसा परमाणुपोग्गला, एस पोग्गलत्थिकाओ गहणलक्खणो, णोपोग्गलत्थिकाओ तिविहो, तंजहा-धम्मत्थिकाओ अधम्मत्थिकाओ आगासत्थिकाओ,

---

A. પુદ્ગલના ચાર પ્રકાર
(૧) સ્કન્ધ = પરમાણુ પ્રચય
(૨) સ્કન્ધ દેશ = સ્કન્ધના કલ્પિત વિભાગો
(૩) સ્કન્ધ પ્રદેશ = અપૃથક્ભુતના અવિભાજ્ય અંશ
(૪) પરમાણુ = સ્કન્ધથી છુટો પડેલો અવિભાજ્ય અંશ

(૧) સ્કન્ધના બે પ્રકાર
(૧) બે પ્રદેશી = બે અણુથી વધુ
(૨) બહુપ્રદેશી = ત્રણથી વધુ

(૨) દેશ
પ્રદેશની અપેક્ષાએ સમાન પરિણતિવાળુ પણ દેશની અપેક્ષાએ અસમાન જેનો ત્રણ, ચાર આદિના રૂપમાં વિવક્ષા થાય છે.

(૩) પ્રદેશ
સ્કન્ધનો નિર્વિભાગ પ્રદેશ કહેવાય છે. તે સ્કન્ધનો અન્તિમ ભાગ છે.

(૪) પરમાણું
જે નાનામાં નાનો અણુ તે પરમાણુ તે બે પ્રકારે છે. (૧) વ્યવહારીક (૨) સૂક્ષ્મ.
વિશેષ વર્ણન. ઉત્તરાધ્યાયન અ. ૨૮/૩૬ અનુયોગ સૂત્ર - ૩૯૮ જોવો.

પુદ્ગલ
શાસ્ત્રમાં પુદ્ગલનો વિષય ઘણો જ લાંબો છે પણ અહિ થોડુંક સમજાય તેવું બતાવીએ છીએ.
પુદ્ગલના લક્ષણ શું ?
શબ્દ-અન્ધકાર, ઉદ્યોત-પ્રભા-છાયા-આતાપ-વર્ણ-રસ-ગંધ સ્પર્શ વગેરે તેના લક્ષણ છે.
વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનની અપેક્ષાએ એનું પરિણમન પાંચ પ્રકારે છે.
(૧) વર્ણ - (૧) કૃષ્ણ (૨) નીલ (૩) લાલ (૪) પીળું (૫) સફેદ
(૨) ગંધ - (૧) સુગંધ (૨) દુર્ગન્ધ
(૩) રસ - (૧) તિક્ત (૨) કડવું (૩) તુરૂ (૪) ખાટ્ટુ (૫) મધુર
(૪) સ્પર્શ (૧) કર્કસ (૨) મૃદુ (૩) ગુરૂ (૪) લઘુ (૫) શીત (૬) ઉષ્ણ (૭) સ્નિગ્ધ (૮) રૂક્ષ દરેકની પરિણતિ.
પુદ્ગલ છ પ્રકારે છે.
(૧) સૂક્ષ્મસૂક્ષ્મ - પરમાણુ પુદ્ગલ.
સૂક્ષ્મ - બે પ્રદેશ ત્રણ પ્રદેશથી અનંત પ્રદેશ
સૂક્ષ્મ-બાદર - ગંધપુદ્ગલ
બાદર સૂક્ષ્મ - વાયુકાયનું શરીર
બાદર - અપ્કાયનું શરીર
બાદર-બાદર અગ્નિ-વનસ્પતિ-ત્રસ વિગેરેનું શરીર

तत्थ धम्मत्थिकाओ गइलक्खणो, अधम्मत्थिकाओ ठिइलक्खणो, आगासत्थिकाओ अवगाहलक्खणो,तथा चैतत्संवाद्यार्षम् - "दुविहा हुंति अजीवा पोग्गलनोपोग्गला य छ तिविहा परमाणुमादि पोग्गल णोपोग्गल धम्ममादीया ।। १ ।। सुहुमसुहुमा य सुहुमा तह चेव य सुहुमबायरा णेया । बायरसुहुमा बायर तह बायरबायरा चेव ।। २ ।। परमाणु दुप्पएसादिगा उ तह गंधपोग्गला होन्ति । वाऊ आउसरीरा तेऊमादीण चरिमा उ ।। ३ ।। धम्माधम्माऽऽगासा लोए णोपोग्गला तिहा होंति । जीवाईण गइट्ठिइअवगाहणिमित्तगा णेया ।। ४

[1]આ નિશ્ચે છટ્ઠો જીવનિકાય ત્રસકાય કહેવાય છે. આ પ્રમાણે જીવાભિગમ બતાવ્યો. હવે અજીવાભિગમ બતાવે છે. અજીવ બે પ્રકારના છે. પુદ્ગલ અને અપુદ્ગલ, પુદ્ગલ છ પ્રકારના છે. (૧) સૂક્ષ્મ સૂક્ષ્મ, (૨) સૂક્ષ્મ (૩) સૂક્ષ્મબાદર (૪) બાદર સૂક્ષ્મ (૫) બાદર (૬) બાદર બાદર છે. સૂક્ષ્મ સૂક્ષ્મમાં પરમાણું પુદ્ગલ લેવા. અને સૂક્ષ્મમાં બે પ્રદેશથી લઈને યાવત્ સૂક્ષ્મ પરિણામે પરિણમેલા, અનંત પ્રદેશનો સ્કન્ધ છે, તે જાણવો. સૂક્ષ્મ બાદરમાં ગંધના પુદ્ગલ લેવા. અને બાદર સૂક્ષ્મમાં વાયુકાયનાં શરીર લેવાં. બાદરમાં ઓસ વિગેરે પાણીનાં શરીર લેવાં અને બાદર બાદરમાં અગ્નિ, વનસ્પતિ, પૃથ્વી તથા ત્રસનાં શરીર લેવાં. અથવા ચાર પ્રકારના પુદ્ગલો છે. (૧) સ્કન્ધ (૨) સ્કન્ધદેશ (૩) દેશ, સ્કન્ધના પ્રદેશ (૪) પરમાણુ પુદ્ગલ [1]આ પુદ્ગલ અસ્તિકાય સમજવા માટે કહ્યો. હવે નો પુદ્ગલાસ્તિકાય ત્રણ પ્રકારના છે તે બતાવે છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, તથા આકાશાસ્તિકાય, તેમાં ધર્માસ્તિકાય જીવાદિને ગતિ આપવાના લક્ષણવાળો કહ્યો, તથા અધર્માસ્તિકાય, ગતિ અટકાવવા (સ્થિરતા માટે) કહ્યો. તથા આકાશાસ્તિકાય, અવગાહ લક્ષણવાળો છે. આ બધાના સંગ્રહને માટે ઉપર ચાર ગાથાઓ બતાવી છે.

इच्चेसिं छण्हं जीवनिकायाणं नेव सयं दंडं समारंभेज्जा नेवन्नेहिं दंडं समारंभावेज्जा दंडं समारंभंतेवि अन्ने न समणुजाणेज्जा जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करेंतं पि अन्नं न समणुजाणामि तस्स भंते ! पडिक्कमामि निंदामि गरहामि अप्पाणं वोसिरामि । (सूत्र० २)

જીવ અભિગમ (સ્વરૂપ) બતાવ્યો. હવે ચારિત્રધર્મ બતાવે છે. તેમાં કહેલા સંબંધવાળું એ સૂત્ર છે. વિગેરે, બધા પ્રાણીઓ પૂર્વે કહ્યા મુજબ પરમ ધર્માણ છે. એટલે તેઓ સુખ વાંછે છે. માટે સર્વે જીવોને એટલે છ જીવનિકાયને પોતે દુઃખ ન દેવું. એટલે સંઘટ્ટન, પરિતાપ વિગેરે થાય, તેવું ન કરે. બીજા ચાકર વિગેરે પાસે દંડ ન અપાવે. અને તેવો દંડ આપનારાને ઉત્તેજન ન આપે. (દંડ એટલે દુઃખઃ આ પ્રમાણે જીવોને દુઃખ ન આપવું, એવું ભગવાનનું વચન છે. એવું જાણીને દરેક સાધુ પ્રતિજ્ઞા કરે કે, હું જીંદગી સુધી છોડું છું. એટલે કહેલા વચનને બરોબર સ્વીકારીને, દરેક જીવને દુઃખ ન થાય. માટે મન, વચન, કાયાથી, ન કરવું ન કરાવવું, ન કર્તાને ભલો, જાણું. એ [1]પ્રમાણે નવ પ્રકારનો દંડ છોડું છું આમ સાધુ બોલતો ગુરુ આગળ કહે છે કે, હે ! ભદન્ત હું તે સઘળા દંડથી પાછો હઠું છું. આ ત્રિકાળ વિષયનો દંડ છે. તેના સંબંધી ભૂત અવયવને આશ્રયીને પાછો હઠું છું. અર્થાત્

(૧) उत्तरा. अ. ૩૬ ગા. ૧૦-૧૧-૩૭ જોવી.

તે પૂર્વે જે પાપ કરેલાં છે, તે હવે ન કરૂં. આમાં વર્તમાન, અને ભવિષ્ય, ન આવે. કારણ કે પ્રતિક્રમણ ભૂતકાળનું થાય, વર્તમાન પાપનું સંવરણ (રોકવું) થાય. અને ભવિષ્યનું પ્રત્યાખ્યાન (પચ્ચક્ખાણ) થાય છે. (ભદંત શબ્દનો અર્થ ભવઅથવા ભય તેનો અંત કરનાર ગુરુ મહારાજ છે.)

ભદંત શબ્દ વડે જણાવ્યું, કે ગુરુની સાક્ષીમાં વ્રત લેવા યોગ્ય છે; તથા પ્રતિક્રમામિ શબ્દવડે જણાવ્યું કે, ભૂત (જીવો) ને દંડ (દુઃખ) દેવાથી હું નિવર્ત્તુ છું. આથી નિવૃત્તિ થાય. અને તેથી પાપની અનુમતિથી વિરમણ (પાછું હટવું) થાય. તથા નિંદામિ. ગરહામિ; આ બે શબ્દોથી જાણવું કે, પોતાના આત્માની સાક્ષીથી પોતાના પાપોની નિંદા થાય, અને પર (ગુરુ)ની સાક્ષીથી ગર્હા થાય, ગર્હા એટલે જુગુપ્સા (પાપથી મોં વાંકુ કરી તિરસ્કાર બતાવવાનો) છે "આત્માને" અતીત પૂર્વે દંડ કરનારાને નિંદવા યોગ્ય જાણી વિવિધ અર્થવાળાંઅથવા વિશેષ અર્થવાળા વિ શબ્દ, તથા ઉત્ અતિશય અર્થવાળા શબ્દવડે. સૃજામિ એટલે છોડું છું. (અર્થાત્ મારાં પાપોથી હું સર્વથા છૂટું છું.)

વાદીનો પ્રશ્ન - જે આ પ્રમાણે પૂર્વના પાપોના દંડનું પ્રતિક્રમણ માત્ર આ સૂત્રનું તાત્પર્ય હોય; એમ થયું, પણ વર્ત્તમાન પાપોનું સંવરણ (રોકાણ) અને ભવિષ્યના પાપોનું પચ્ચક્ખાણ હવે ન બતાવ્યું તેનું કેમ ?

આચાર્યનો ઉત્તર - નકરેમિ (ન કરૂં) વિગેરે શબ્દવડે વર્ત્તમાન પાપોનું રોકાણ તથા ભવિષ્યનું પચ્ચક્ખાણ સિદ્ધ થયું; (સૂ. ૨)

पढमे भंते ! महव्वए प्राणाइवायाओ वेरमणं, सव्वं भंते ! पाणाइवायं पच्चक्खामि, से सुहुमं वा बायरं वा तसं वा थावरं वा, नेव सयं पाणे अइवाएज्जा नेवऽन्नेहिं पाणे अइवायावेज्जा पाणे अइवायंतेऽवि अन्ने न समणुजाणेज्जा, जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करेंतं पि अन्नं न समणुजाणामि तस्स भंते ! पडिक्कमामि निंदामि गरहामि अप्पाणं वोसिरामि । पढमे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ पाणइवायाओ वेरमणं ।। १ ।। (सूत्र० ३)

આ આત્માના સ્વીકારને યોગ્ય દંડનો નિક્ષેપ છે. તે સામાન્ય અને વિશેષ રૂપ છે. સામાન્ય રીતે પૂર્વે કહેલા લક્ષણવાળો જ છે. પણ તે વિશેષ રૂપે પંચમહાવ્રત પણે અંગીકાર કરવો જોઈએ. તે મહાવ્રતોને બતાવે છે. "पढमे भंते" ઇત્યાદિ, સૂત્રના ક્રમના પ્રમાણથી પ્રાણાતિપાત (જીવ નાશથી) વિરમણ (પાછા હઠવું) તેમાં પહેલું છે.

ભદન્ત (ભયઅન્ત) ગુરુનું આમંત્રણ છે. મહાવ્રત એટલે મોટું વ્રત છે. આનું મહત્ત્વ શ્રાવકના સંબંધી અણુવ્રતની અપેક્ષાએ છે, આ વ્રતમાં ૧૪૭ ભાંગા છે તેની આ ગાથા છે.

**'सीयालं भंगसयं पच्चक्खाणंमि जस्स उवलद्धं । सो पच्चखाणकुसलो सेसा सव्वे अकुसला उ ।। १ ।।**

એમના અસંમોહના અર્થે (સમજવા માટે) આગળ અમે ખુલાસો કરશું. તે મહાવ્રતમાં પ્રાણાતિપાત વિરમણ છે. તેમાં પ્રાણ એટલે ઇન્દ્રિયો વિગેરે છે. તેનો અતિપાત દુઃખ દેવુ તે પ્રાણાતિપાત વિરમણ છે પણ જીવનો અતિપાત તેમ નહિ, તે પ્રાણાતિપાતથી વિરમણ એટલે સમ્યગ્જ્ઞાનથી શ્રદ્ધા

(૧) કોટીલી અર્થશાસ્ત્ર ૨/૧૦/૨૮માં દંડના ત્રણ પ્રકાર કહ્યા છે 'વધઃ પરિક્લેશોઽર્થહરણં દણ્ડ'

પૂર્વક સર્વથા તે પાપથી દૂર થવું. આ ભગવાને કહ્યું છે. તે ઉપરથી લેવું એથી આ ઉપાદેય (ગ્રહણ કરવા યોગ્ય) છે. તે નિશ્ચય કરીને હું પ્રાણાતિપાતને હે ભદન્ત ! હું પચ્ચક્ખાણ કરું છું, સર્વ એટલે જરા પણ બાકી નહિ. કારણ કે શ્રાવકના પચ્ચક્ખાણમાં કેટલીક છુટ રહે છે. તેવું પરિસ્થૂર (સ્થૂળ) નહિ. બીજી વાર પણ 'ભદન્ત' શબ્દ પૂર્વ માફક છે, પ્રત્યાખ્યાન (પચ્ચક્ખાણ) તેમાં પ્રતિશબ્દ નિષેધ માટે છે. આ પણ મર્યાદા માટે છે અને ખ્યા ધાતુ કહેવા માટે છે. તેનો આખો અર્થ પ્રતીપ અભિમુખ કથન છે. એટલે હું પાપ ન કરવાનું પચ્ચક્ખાણ કરૂં છું. અથવા "પ્રત્યાચક્ષે" એટલે સંવૃત આત્મા, તે આત્માને કબજે રાખીને, હવે હું નવાં પાપોનો ભાવથી ત્યાગ કરું છું એના વડે વ્રતને માટે સમજ વિગેરેની ગુણયુક્ત વડી દીક્ષાને યોગ્ય છું તે કહે છે. કહ્યું છે કે :-

**पढिए य कहिय अहिगय परिहरउवठावणाइ जोगोत्ति । छक्कं तीहिं विसुद्धं परिहर णवएण भेदेण ।। १ ।।**

**पडपासाउरमादी दिट्ठंता होंति वयसमारुहणे । जह मलिणाइसु दोसा सुद्धाइसु णेवमिहइंपि ।। २ ।। इथ्याहि.**

[1]ભણ્યા પછી તથા કહ્યા પછી તથા સમજ્યા પછી શિષ્ય પાપ તજે છે અને તે વડી દીક્ષાને યોગ્ય છે. તે છ એ છ જીવ નિકાયને ત્રિવિશુદ્ધિ વડે દુઃખ દેવાનું નવભેદવડે પરિહર, એવું ગુરુશિષ્યને કહે છે કે (મન વચન કાયાથી ન કરે, ન કરાવે, કર્તાને ભલો ન જાણે, એ પ્રમાણે પંચ મહાવ્રત અને છઠ્ઠું રાત્રિભોજન ત્યાગ, એ છ વ્રતને ત્રણ કરણ, ત્રણ યોગે, ઉપર કહ્યા મુજબ પાળે અને પાપને ત્યાગે) પટ, પ્રાસાદ, આતુર, વિગેરેના દૃષ્ટાંતો વ્રતના લેવા આગળ કહેવાના છે. જે મલીન વિગેરે દોષો છે. તે અહીંયાં શુદ્ધમાં ન હોય, અર્થાત્ કપડું મેલું હોય તો ન ગમે, તેમ વ્રતમાં પણ દોષ હોય, તો તે કાઢી નાંખવા જોઈએ.

ऐतेसिं लेसुद्देसेण सीसहियट्ठयाए अत्थो भण्णइ-पढियाए सत्थपरिण्णाए दसकालिए छज्जीवणिकाए वा, कहियाए अत्थओ, अभिगयाए संमं परिक्खिऊण-परिहरइ छज्जीवणियाए मणवयणकाएहिं कयकारावियाणुमइभेदेण, तओ ठाविज्जइ, ण अन्नहा । इमे य इत्थ पडादी दिट्ठंता - मइलो पडो ण रंगिज्जइ सोहिओ रंगिज्जइ, असोहिए मूलपाए पासाओ ण किज्जइ सोहिए किज्जइ, वमणाईहिं असोहिए आउरे ओसहं न दिज्जइ सोहिए दिज्जइ, असंठविए रयणे पडिबंधो न किज्जइ संठविए किज्जइ, एवं पढियकहियाईहिं असोहिए सीसे ण वयारोवणं किज्जइ सोहिए किज्जइ, असोहिए य करणे गुरुणो दोसा, सोहियापालणे सिस्सस्स दोसोत्ति कयं पसंगेण ।

ઉપરની બે ગાથાનો અર્થ શિષ્યના હિતના માટે થોડામાં લખે છે. આચારાંગ સૂત્રમાં પહેલું અધ્યયન શસ્ત્ર પરિજ્ઞા અથવા દશ વૈકાલિકનું છ જીવણિયા નામનું આજ ચોથું અધ્યયન શીખ્યા પછી ગુરુએ અર્થ બતાવ્યા પછી તે સારી રીતે સમજ્યો છે, તેની પરીક્ષા કરીને શિષ્ય છ જીવનિકાયોને દુઃખદેવાનું પાપ, મન વચન કાયા વડે કરવું, કરાવવું, અનુમોદવું, એ ત્રણ ભેદે તે પાપને ત્યાગે. ત્યારપછી તેને વડી દીક્ષા આપે. તે સિવાય વડી દીક્ષા ન આપે. અહીંયાં પટ વિગેરેના દૃષ્ટાંતો છે. જેમ મેલું કપડું ન રંગાય, પણ ધોએલું રંગાય; તથા જગ્યા શોધ્યા વિના મહેલનો પાયો ન નાંખે, પણ જમીનની શુદ્ધિ કર્યા પછી પાયો નાંખે, તથા રોગીને રેચ વિગેરે આપ્યા પહેલાં ઔષધ ન આપે,

(૧) ભગવતી સૂત્ર - શ-૮ ઉ-૫ સૂ. ૩૨૯

પણ રેચથી શુદ્ધિ કરીને દવા આપે તથા અસંસ્થાપિત રત્નમાં પ્રતિબંધ ન કરે, પણ સારી રીતે સ્થાપ્યા પછી જડે, એજ પ્રમાણે ભણેલા અને કહેલા અર્થને સમજનારા શિષ્યને વ્રતનું આરોપણ કરે, પણ તે સિવાય નહિ, જો ગુરુ તે પ્રમાણે પરીક્ષા કર્યા વિના વડી દીક્ષા આપે, તો ગુરુને દોષ લાગે. અને ગુરુ પરીક્ષા કર્યા પછી વ્રત આપે, અને શિષ્ય દીક્ષાં બરાબર ન પાળે, તો શિષ્યને દોષ છે. ટુંકામાં આટલું બસ છે.

ઉપર કહ્યું છે કે 'सर्वं भदन्त !' હે ગુરુ હું જીવને દુઃખ દેવાનું ત્યાગું છું. હવે તેજ વધારે ખુલાસાથી બતાવે છે. 'से सुहुमं' વિગેરે એમાં से શબ્દ મગધ દેશનો છે. તેનો અર્થ ગુજરાતીમાં 'અથ' થાય છે. તે હમેશાં કોઈપણ વાત કહેતાં પ્રથમ વપરાય છે.

સૂત્રમાં સૂક્ષ્મ, બાદર, ત્રસ અને સ્થાવર એ જીવોના ચાર ભેદ છે. અહીંયાં સૂક્ષ્મ એટલે નાનો, પણ સૂક્ષ્મ શબ્દથી સૂક્ષ્મ નામ કર્મના ઉદયથી જે સૂક્ષ્મ જીવ છે, તે ન લેવો. તેના શરીરની હિંસા થવી અશક્ય છે. હવે ભેદોને વિશેષથી કહે છે. બાદર એટલે સ્થૂલ (આંખ વિગેરેથી જણાય તેવો) તે બે પ્રકારે છે. ત્રસ અને સ્થાવર તેમાં સૂક્ષ્મ ત્રસ તે કુન્થુ વિગેરે, અને સ્થાવરમાં વનસ્પતિ વિગેરે છે. બાદર ત્રસમાં ગાય વિગેરે અને સ્થાવરમાં પૃથ્વી વિગેરે છે. એ બધા જીવોને હું ન મારું, ન બીજા વડે મરાવું, અને બીજા મારનારાઓને ન અનુમોદું. સૂત્રમાં પ્રાકૃતની શૈલી છે. તથા છંદની રીત છે. તે પ્રમાણે વ્યાકરણના સૂત્ર સાથે વિભક્તિનો ભેદ છે, વળી અહીંયાં યાવજ્જીજીવનો અર્થ પૂર્વ માફક. આખી જીંદગી સુધીનો છે, કે હું આ વ્રતોને આખી જીંદગી સુધી પાળીશ, સૂક્ષ્મ, બાદર, ત્રસ, સ્થાવર એ ચારેનો પ્રાણાતિપાત જાણવો, તે દરેકના દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, અને ભાવથી એમ બીજા ચાર ભેદે છે. તેમાં દ્રવ્યથી છ જીવ નિકાયનો અતિપાત ન કરવો, ક્ષેત્રથી તિર્ચ્છા લોક તથા ઉર્ધ્વ તથા અધોલોક જાણવા, તે ત્રણે લોકમાં રહેલા જીવોની હિંસા ન કરૂં, કાળથી ભૂતકાળમાં અથવા રાત્રિ વિગેરેમાં હિંસા ન કરૂં, (કાળથી ભૂતકાળ લાગુ ન પડે, પણ વર્ત્તમાન, ભવિષ્યને લાગુ પડે, અર્થાત્ વર્તમાનમાં જીવોને ન મારું ન ભવિષ્યમાં મારીશ.) અને ભાવથી રાગ અથવા દ્વેષથી ન મારું તેમાં માંસાદિના સ્વાદથી મારે, તે રાગ કહેવાય. અને શત્રુને મારે તે દ્વેષ કહેવાય. આ બે પ્રકારે રાગ દ્વેષથી હિંસા થઈ. (કાળથી ભૂતકાળમાં મેં એ જીવને માર્યો હોત તો ઠીક થાત એમ વિચારે તો લાગુ પડે.)

અહીંયાં ચોભંગી આ પ્રમાણે છે એક માણસ દ્રવ્યથી જીવને મારે, પણ ભાવથી ન મારે, બીજો જીવને દ્રવ્યથી ન મારે, પણ ભાવથી મારે, ત્રીજો જીવને દ્રવ્યથી મારે, અને ભાવથી પણ મારે, ચોથો માણસ જીવને દ્રવ્યથી પણ ન મારે, અને ભાવથી પણ ન મારે, આ ચોભંગી દ્રુમપુષ્પિકા નામના અધ્યયનમાં બતાવી છે. હવે વ્રત સ્વીકાર કર્યા પછી તેનું નિગમન કરે છે. હે ભગવન્ પહેલા મહાવ્રતમાં હું તૈયાર છું. તે તમારી સામે ભાવથી વ્રત પાળવા તૈયાર છું. એટલે આજથી માંડીને સર્વે જીવોનું મારે રક્ષણ કરવાનું છે. અને જીવહિંસાથી સર્વદા પાછું હઠવાનું છે. અહીં વારેવારે ભદન્ત શબ્દથી જાણવું કે, પ્રથમ, વચમાં અને છેવટે, પણ ગુરુને પૂછ્યા વિના શિષ્યે કંઈપણ ન કરવું, અને કર્યું હોય તો ગુરુને કહી દેવું, તો તે શિષ્ય વ્રતનો આરાધક થાયછે. આ પહેલું વ્રત કહ્યું. સૂ. ૩

अहावरे दोच्चे भंते ! महव्वए मुसावायाओ वेरमणं, सव्वं भंते ! मुसावायं पच्चक्खामि, से कोहा वा लोहा वा, भया वा हासा वा, नेव सयं मुसं वएज्जा नेवऽन्नेहिं मुसं वायावेज्जा मुसं वयंतेऽवि अन्ने न समणुजाणेज्जा । जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करेंतंपि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरहामि अप्पाणं वोसिरामि । दोच्चे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ मुसावायाओ वेरमणं २ ।। सू० ४)

હવે બીજું વ્રત કહે છે. 'अहावरे' ઇત્યાદિ.

[1]હે ભદન્ત ! હવે આ બીજા મહાવ્રતમાં જૂઠું બોલવાથી પાછા હઠવાનું છે. તે સર્વ મૃષાવાદને ત્યાગું છું. તે આ પ્રમાણે, ક્રોધથી, લોભથી, ભયથી અથવા હાસ્યથી, ક્રોધ લોભ લેવાથી તેની વચમાંના માન-માયા પણ લેવા. આ પ્રમાણે ભય અને હાસ્ય લેવાથી તેની સાથેના પ્રેમ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન (ખોટું તહોમત) વિગેરેથી પણ જૂઠું ન બોલું. એટલે હું પોતે જૂઠૂં ન બોલું, તેમ બીજા પાસે પણ જૂઠું ન બોલાવું, તેમ બીજા જૂઠું બોલનારાઓને ટેકો ન આપું, તે પણ આખી જીંદગી સુધી આ વ્રત પાળીશ. તે બધો પૂર્વ પ્રમાણે અર્થ લેવો. વિશેષ આ છે. તે મૃષાવાદ ચાર પ્રકારનો છે. (૧) ખરી વાતનો નિષેધ, (૨) ખોટી વાતને સાચી ઠેરવવી અથવા (૩) બદલાવી નાંખવો (૪) નિંદારૂપે કહેવો તેમાં પહેલો ભંગ ખરી વાતનો નિષેધ આ પ્રમાણે છે. જેમ કે કોઈ બોલે કે આત્મા છે જ નહિ તથા પુણ્ય પાપ છે જ નહિ, તથા બીજો ભંગ ખોટી વાતને સાચી કહેવી. જેમ કે આત્મા સર્વગત (સર્વવ્યાપી) નથી છતાં સર્વ વ્યાપી માને અથવા શ્યામાક તંદુલ જેવડો માને વિગેરે છે તથા અર્થાન્તરમાં ગાયને બદલે ઘોડો કહે તથા ગર્હા એટલે કોઈ કાણો હોય તેને કાણો કહેવો તે વિગેરે છે. વળી આ ક્રોધાદિ ભાવથી ચાર પ્રકારે ઓળખાવ્યો છે. તે આ પ્રમાણે દરેકમાં દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી છે દ્રવ્યથી સર્વ દ્રવ્યોમાં જેવું હોય તેથી ઉલટું બોલવું, ક્ષેત્રથી લોક અલોકમાં જે કંઈ હોય તેનાથી વિરુદ્ધ બોલે તથા કાળથી રાત્રિ વિગેરેમાં જૂઠું બોલવું, ભાવથી ક્રોધ વિગેરેથી જૂઠૂં બોલવું અથવા દ્રવ્ય વિગેરેથી આ ચોભંગી છે.

दव्वओ णामेगे मुसावाए णो भावओ भावओ णामेगे णो दव्वओ एगे दव्वओऽवि भावओऽवि एगे णो दव्वओ णो भावओ । तत्थ कोइ कहिंचि हिंसुज्जओ भणइ-इओ तए पसुमिणा (गा) इणो दिट्ठत्ति ?, सो दयाए दिट्ठावि भणइ-ण दिट्ठत्ति, एस दव्वओ मुसावाओ नो भावओ, अवरो मुसं भणीहामित्तिपरिणओ सहसा सच्चं भणइ एस भावओ नो दव्वओ, अवरो मुसं भणीहामित्तिपरिणओ मुसं चेव भणइ, एस दव्वओऽवि भावओऽवि, चरमभंगो पुण सुण्णो २ ।।

દ્રવ્યથી કોઈ જૂઠૂં બોલે પણ ભાવથી નહિ, બીજો માણસ ભાવથી જૂઠૂં બોલે પણ દ્રવ્યથી નહિ, ત્રીજો દ્રવ્યથી પણ જૂઠૂં બોલે, ભાવથી પણ જૂઠૂં બોલે, ચોથો દ્રવ્યથી પણ જૂઠૂં ન બોલે, ભાવથી પણ ન બોલે, તે પહેલાં ભાગમાં કોઈ પણ માણસ કોઈ જગ્યાએ હિંસામાં તત્પર થઈ રહેલા હોય તે બીજાને પૂછે કે તેં મૃગ પશુ વિગેર જોયાં ? બીજો માણસ દયાને લીધે પશુઓ જોયાં હોય, છતાં જૂઠૂં બોલે કે દેખ્યાં નથી તે પહેલો ભાંગો છે. જેમાં દ્રવ્યથી જૂઠૂં છે, પણ ભાવથી નહિ, બીજો હું

(૧) A વિશેષ વર્ણન માટે મ.આ.નિ. ગા. ૮થી વિશેષા ભા. ૩૬૯ થી.
B ભાષાના વર્જનીય સ્થાન જુઓ ઉત્તરા. અ. ૨૪/૯/૧૦
C દશવૈ. અ. ૭મું

જૂઠું બોલું, પણ ઉતાવળથી એકદમ વિના વિચારે સાચું બોલે કે મેં જોયાં છે તો એ આ ભાવથી જૂઠું છે. પણ દ્રવ્યથી નહિ. ત્રીજો જૂઠો પડું તે સમજીને જ જૂઠું બોલે તે દ્રવ્યથી પણ, અને ભાવથી પણ જૂઠું છે. ચોથો ભાંગો શૂન્ય છે.

अहावरे तच्चे भंते ! महव्वए अदिन्नादाणाओ वेरमणं, सव्वं भंते ! अदिन्नादाणं पच्चक्खामि, से गामे वा नगरे वा रन्ने वा अप्पं वा बहुं वा अणुं वा थूलं वा चित्तमंतं वा अचित्तमंतं वा नेव सयं अदिन्नं गेण्हेज्जा नेवऽन्नेहिं अदिन्नं गेण्हावेज्जा अदिन्नं गेण्हंते वि अन्ने न समणुजाणेज्जा । जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करेंतंपि अन्नं न समणुजाणामि । तस्स भंते ! पडिक्कमामि निंदामि गरहामि अप्पाणं वोसिरामि । तच्चे भंते । महव्वए उवट्ठिओमि सव्वाओ अदिन्नादाणाओ वेरमणं ।। ३ ।। सू० ५)

[1]બીજું મહાવ્રત કહ્યું, હવે ત્રીજું કહે છે. अहावरे ઇત્યાદિ હવે ગુરુને શિષ્ય કહે છે. હે ભદન્ત ! આ ત્રીજા મહાવ્રતમાં અદત્ત આદાન છે. (પૂછ્યા વિના લેવું તે ચોરી છે) તેનાથી હું સર્વથા પાછો ફરું છું. એટલે ચોરીને હું ત્યાગુ છું એ બધું પહેલા માફક લેવું. જેમ કે ગામમાં, નગરમાં, અરણ્ય વિગેરેમાં, ચોરી ન કરૂં. વિગેરે જાણવું. આ વચનથી ક્ષેત્રનો પરિગ્રહ થયો.

તેમાં ગામ કોને કહેવું ? ઉત્તર = બુદ્ધિ વિગેરે ગુણોને ગ્રસિત (ઓછી) કરે તે ગ્રામ (ગામ) છે. અને જ્યાં રાજાવિગેરેનો કર ન હોય, તે નકર (નગર) જાણવું. તથા અરણ્ય એટલે વિના વસતિનું વન તે તથા અલ્પ, ઘણું તે નાનું મોટું, સચિત્ત અથવા અચિત્ત ન લઉં. આ વચનથી દ્રવ્ય નિક્ષેપો લીધો જાણવો તથા અલ્પ તે ઓછા મૂલ્યવાળું તે હીરો વિગેરે છે, અણું તે પ્રમાણથી હીરો વિગેરે છે અને સ્થૂલથી એરંડાનું લાકડું વિગેરે છે. આ સચિત્ત હોય અથવા અચિત્ત હોય એટલે ચેતનવાળું અથવા અચેતન હોય તે હું પોતે બીજાનું ન આપેલું ન લઉં, તેમ બીજા પાસે ન લેવડાવું તથા કોઈ લેતા હોય, તો તેમને સારા ન જાણું આ આખી જીંદગી સુધીનું વ્રત છે, એનો ભાવાર્થ પૂર્વ માફક જાણવો વિશેષ આ છે : - આ અદત્તાદાન (ચોરી) ચાર પ્રકારે છે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, અને ભાવથી છે.

દ્રવ્યથી અલ્પ, બહુ નાનું મોટું, મોટું વિગેરે ક્ષેત્રથી ગામ વિગેરેમાં તથા કાળથી રાત્રિ વિગેરેમાં અને ભાવથી રાગ દ્વેષથી હું ચોરી ન કરૂં; હવે દ્રવ્યાદિની બીજી ચોભંગી કહે છે.

જેમ કે કોઈ દ્રવ્યથી લે, પણ ભાવથી નહિ, કોઈ ભાવથી પણ દ્રવ્યથી નહિ; કોઈ દ્રવ્યથી તથા ભાવથી, તથા કોઈ ન દ્રવ્યથી તથા ન ભાવથી, તેમાં અરક્ત તથા અદ્વેષી સાધુને કોઈ જગ્યાએ ખાસકારણે રસ્તામાં પડેલા તૃણને માલિકને પૂછ્યા વિના લે તો દ્રવ્યથી ખરું પણ ભાવથી નહિ અને ચોરી કરવા ગયેલાને ઉદ્યમ કરવા છતાં ન મળે તો દ્રવ્યથી નહિં પણ ભાવથી ચોરી લાગુ પડે, કોઈ ચોરીની બુદ્ધિથી ચોરી કરે તે દ્રવ્યથી તથા ભાવથી. ચોથો ભાંગો શૂન્ય છે. (આ પ્રમાણે સાધુ સમજીને ચોરી ન કરે હું પણ તે પ્રમાણે ચોરી ત્યાગું છું.)

(૧) આ.વ.નિ. ગા.૭૨૧

अहावरे चउत्थे भंते ! महव्वए मेहुणाओ वेरमणं सव्वं भंते ! मेहुणं पच्चक्खामि, से दिव्वं वा माणुस्सं वा तिरिक्खजोणियं वा, नेव सयं मेहुणं सेवेज्जा नेवऽन्नेहिं मेहुणं सेवावेज्जा मेहुणं सेवंतेऽवि अन्ने न समणुजाणेज्जा, जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करेंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरहामि अप्पाणं वोसिरामि ।। चउत्थे भंते ! महव्वए उवट्ठिओ मि सव्वाओ मेहुणाओ वेरमणं ।। ४ ।। (सू० ६)

[१]ત્રીજું મહાવ્રત કહ્યું, હવે ચોથું કહે છે. अहावरे इत्यादि; હે ભદન્ત, આવું શિષ્ય ગુરુને કહે છે, આ ચોથા મહાવ્રતમાં (મૈથુન સંસાર સંબંધથી પાછા હઠવાનું છે; તે બધાં સંસારી સંબંધને) હે ભદંત ! હું ત્યાગું છું તે આ પ્રમાણે; દેવસંબંધી, મનુષ્ય સંબંધી, તિર્યગ્યોનિ સંબંધી, આ વચન વડે દ્રવ્યથી લીધું, દેવ સંબંધીમાં અપ્સરા સાથે સાધુને સંબંધ ત્યાગવો. સાધ્વીઓને દેવતા સાથે સંબંધ ત્યાગવો. તે પ્રમાણે માનુષી તથા તિર્યંચીની સાથે સંબંધ ત્યાગવો. આ સંબંધ રૂપમાં (ચિત્રમાં) થાય, અથવા સુંદર હોય તો, પણ રાગ થાય. અને રૂપ સહિત દ્રવ્ય તે જીવતી સ્ત્રી વિગેરે છે. અથવા ભૂષણ રહિત સ્ત્રી હોય, તો તે ફક્ત રૂપ ગણાય. તથા ભૂષણ સહિત. તે રૂપ સહિત. તે મનુષ્ય તથાં તિર્યચ; સંબંધી પણ જાણવું; તે હું પોતે ત્રણે જાતિની સ્ત્રીઓ દેવ માનુષી કે તિર્યંચ સાથે સંસારી સંબંધ ન કરૂં, ન કરાવું, કરતાને ભલો ન જાણું, તથા આ મહાવ્રત આખી જીંદગી સુધી પાલવાનું છે તે બધું પૂર્વ માફક જાણવું, વિશેષ આ છે; મૈથુન ચાર ભેદે છે. તે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, અને ભાવથી છે. દ્રવ્યથી કોઈ પણ સ્ત્રી વિગેરે સાથે હું સંબંધ ન કરૂં, ક્ષેત્રથી ત્રણ લોકમાં, કાળથી રાત્રિ વિગેરેમાં ભાવથી રાગદ્વેષથી સંબંધ ન કરૂં; દ્વેષથી આ પ્રમાણે કે આ બાઈ વ્રતધારી છે, તેને મારી સાથે દ્વેષ છે માટે તેનું વ્રત ભાંગું. એમ માની સંબંધ કરે તો, દ્વેષથી કહેવાય. અને સુંદર રૂપથી લલચાઈ સંબંધ કરે, તો રાગથી મૈથુન કહેવાય. તથા દ્રવ્ય વિગેરેની ચઉ ભંગી આ છે.

(૧) દ્રવ્યથી ખરૂં પણ ભાવથી નહીં, (૨) ભાવથી ખરૂં, પણ દ્રવ્યથી નહિ, (૩) દ્રવ્યથી ખરૂં. અને ભાવથી પણ ખરૂં, (૪) તથા દ્રવ્યથી નહિ અને ભાવથી પણ નહિ. એમ ચાર ભાંગા છે, કોઈ સ્ત્રીને રાગદ્વેષ નથી પણ તેના ઉપર કોઈ બલાત્કાર કરે, તો દ્રવ્યથી ખરો પણ ભાવથી નહિ, કોઈ સ્ત્રી સાથે સંબંધ કરવા ઉઠ્યો. પણ તે સંબંધ કોઈ કારણે ન થયો, તો ભાવથી કહેવાય, પણ દ્રવ્યથી નહિ, પાપ કરવા ગયો, અને પાપ કર્યું. તે ત્રીજો ભાંગો છે. ચોથો ભાંગો શૂન્ય છે.

अहावरे पंचमे भंते ! महव्वए परिग्गहाओ वेरमणं, सव्वं भंते ! परिग्गहं पच्चक्खामि, से अप्पं वा बहुं वा अणुं वा थूलं वा चित्तमंतं वा अचित्तमंतं वा नेव सयं परिग्गहं परिगेण्हेज्जा नेवऽन्नेहिं परिग्गहं परिगेण्हावेज्जा परिग्गहं परिगेण्हंतेऽवि अन्ने न समणुजाणेज्जा, जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करेंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरहामि अप्पाणं वोसिरामि । पंचमे भंते ! महव्वए उवट्ठिओ मि सव्वाओ परिग्गहाओ वेरमणं ।। ५ ।। सू० ७)

(૧) A મૈથુનમષ્ટાંગમ્
B उतरा. શાંત્યાચાર્ય ટીકા પૃ. ૬૧૪
C. उतरा. અ. ૧૬, અ-૩૨.

[1]ચોથું મહાવ્રત કહ્યું, હવે પાંચમું કહે છે; હવે આ પાંચમા મહાવ્રતમાં હે ભદંત ! પરિગ્રહથી પાછા હઠવાનું છે, તે હું પરિગ્રહને ત્યાગું છું, તેની આ પ્રમાણે વિગત છે; અલ્પ, બહુ, અણુ, થૂલ, સચિત્ત, અચિત્ત છે. અલ્પ વિગેરેમાં પૂર્વે ત્રીજા વ્રતમાં કહ્યા મુજબ જાણી લેવું. તે કોઈ પણ જાતના પરિગ્રહને હું પોતે ન લઉં, ન બીજા પાસે લેવડાઉં. લેતાને ભલો ન જાણું તે મહાવ્રતને આખી જીંદગી સુધી પાળીશ. એ બધો ભાવાર્થ પૂર્વ માફક છે, વિશેષ આ છે : - પરિગ્રહ ચાર પ્રકારે છે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી, તેમાં દ્રવ્યથી બધા દ્રવ્યોમાં જે મમત્વ થાય તે, ક્ષેત્રથી લોકને વિષે, કાળથી રાત્રિ વિગેરેમાં, અને ભાવથી રાગદ્વેષ વડે જે થાય તે, અન્ય દ્વેષમાં એટલે બીજાની ઇર્ષાથી જે પોતે પરિગ્રહ રાખે, તે દ્વેષથી કહેવાય. અને સુંદર વસ્તુ દેખીને મમત્વ થાય, તે રાગથી કહેવાય. ઉપર કહેલ દ્રવ્ય વિગેરેથી ચોભંગી થાય છે. તે આ પ્રમાણે, દ્રવ્યથી પરિગ્રહ રાખે, પણ ભાવથી નહિ, બીજો કોઈ દ્રવ્યથી નહિ, પણ ભાવથી ખરો. ત્રીજો ભાંગો :- દ્રવ્યથી પણ રાખે, અને ભાવથી પણ રાખે. ચોથો ભાગો દ્રવ્યથી નહિ, અને ભાવથી પણ નહિ. પહેલામાં રાગદ્વેષ વિના સાધુ ધર્મોપકરણ રાખે, તે દ્રવ્યથી છે. પણ ભાવથી નથી. તથા મૂર્છા રાખે, પણ વસ્તુ ન મળે, તો દ્રવ્યથી નહિ, પણ ભાવથી ખરો. ત્રીજુ મૂર્છાથી વસ્તુ રાખે, તે દ્રવ્યથી, અને ભાવથી પણ, ચોથા ભાંગામાં શૂન્ય છે.

अहावरे छट्ठे भंते । वए राई भोयणाओ वेरमणं । सव्वं भंते । राईभोयणं पच्चक्खामि, से असणं वा पाणं वा खाइमं वा साइमं वा, नेव सयं राइं भुंजेज्जा नेवऽन्नेहिं राइं भुंजावेज्जा राइं भुंजंतेऽवि अन्ने न समणुजाणेज्जा, जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करेंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरहामि अप्पाणं वोसिरामि । छट्ठे भंते ! वए उवट्ठिओ मि सव्वाओ राईभोयणाओ वेरमणं ६ ।। सू० ८ [2]इच्चेइयाइं पंच महव्वयाइं राइभोयणवेरमणछट्ठाइं अत्तहियट्ठयाए उवसंपज्जित्ता णं विहरामि (सू० ९)

[3]પાંચમું મહાવ્રત કહ્યું હવે છઠ્ઠું કહે છે. શિષ્ય ગુરુને કહે છે, હે ભદન્ત ! આ છઠ્ઠા વ્રતમાં રાત્રિ ભોજનથી પાછા હઠવાનું છે. હે ભદન્ત ! તે સર્વ રાત્રિ ભોજનને હું ત્યાગુ છું. બીજો ભાવાર્થ પૂર્વ માફક જાણવો જેમ કે તે રાત્રિ ભોજનમાં અશન, પાન, ખાદ્ય તથા સ્વાદ્ય છે. અશનમાં પેટ ભરાય, તે ભોજન ભાત વિગેરે છે, પીવાય તે પાન (પાણી વિગેરે) તથા મૃદ્વીકાનું (દ્રાક્ષાદિધોએલ) પાણી વિગેરે, અને ખાદ્યમાં ખજુર મેવો વિગેરે છે. તથા સ્વાદ્યમાં નાગરવેલનું પાન, એલચી વિગેરે છે. એ ચારે પ્રકારના આહારને હું પોતે રાત્રે ન ખાઉં, બીજાને ન ખવડાવું તથા રાત્રિએ ખાનારાઓને ભલા ન જાણું. આ આખી જીંદગી સુધીનું વ્રત છે. તે હું પાળીશ. ભાવાર્થ ઉપર માફક જાણવો. રાત્રિ ભોજન ચાર પ્રકારે છે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી, દ્રવ્યથી અનાજ વિગેરે ક્ષેત્રથી અઢી દ્વીપ અને બે સમુદ્રની અંદર તથા કાળથી રાત્રિ વિગેરેમાં અને ભાવથી રાગ દ્વેષ વડે રાત્રિ ભોજન ન કરૂં. એનું સ્વરૂપ ચાર પ્રકારે આવી રીતે છે.

(૧) રાત્રે લે, અને રાતના જ ખાય, (૨) રાત્રે લે દિવસે ખાય (૩) દિવસે લે અને રાતના

(૧) તુલના કરો - તત્ત્વાર્થ અ. ૭-૪/૫ આવશ્યક નિ.ચૂર્ણી ભા. ૨ પૃ. ૧૪૬.
(૨) સ્થાનાંગ ૫. સૂ. ૧ (૩) વિ. ભા. ગા. ૧૨૩૯ થી ૧૨૪૫

ખાય (૪) દિવસે લે અને દિવસે ખાય, આ ચોથા ભાંગામાં આગલે દિવસે વધારે લઈ રાખે, અને બીજે દિવસે ખાય એટલે રાત્રે રાખ્યાનો દોષ લાગે એમ જાણવું. તથા દ્રવ્ય વિગેરેની ચોભંગી આ પ્રમાણે છે. (૧) કોઈ દ્રવ્યથી રાતના ખાય, પણ ભાવથી નહિ. (૨) કોઈ ભાવથી ખાય, પણ દ્રવ્યથી નહિ. (૩) કોઈ દ્રવ્યથી રાતના ખાય અને ભાવથી પણ ખાય. (૪) દ્રવ્યથી પણ નહિ અને ભાવથી પણ નહિ તેમાં સૂર્ય ન ઉગ્યો હોય છતાં ઉગેલો જાણીને ખાય, અથવા સૂર્ય આથમ્યો હોય, અને વાદળ વિગેરેના કારણથી ન આથમેલો જાણી ખાય. અથવા રાગદ્વેષ કર્યા વિના આગાઢ કારણે ખાય તો દ્રવ્યથી ખરૂં પણ ભાવથી રાત્રિ ભોજન નહિ, અને રાત્રિએ ખાવા ઉઠે, પણ ખાવાનું ન મળે, તો દ્રવ્યથી નહિ, પણ ભાવથી ખરૂં, ત્રીજો રાત્રિએ ખાવાની બુદ્ધિથી મૂર્છાવાળો થઈ ઊઠે, અને રાતના ખાય, અને ચોથામાં શૂન્ય છે. આ રાત્રિ ભોજન વિરમણ વ્રત પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓ રૂજુ જડ અને વક્રજડની અપેક્ષાએ મૂળ ગુણ જોડે લીધું, અને તે મહાવ્રતમાં ઉમેરી કહ્યું, પણ વચલા બાવીસ તીર્થંકરના સાધુરૂજુ અને પ્રાજ્ઞ હોવાથી તેમને રાત્રિ ભોજન વિરમણ વ્રત ઉત્તર ગુણમાં કહ્યું (અહિંઆં વિસ્તારના ભયથી વિશેષ કહેતાં નથી. પણ ચોથું મહાવ્રત બાવીસ તીર્થંકરના સાધુઓને નથી. તેમને પરિગ્રહમાં જ તેનો સમાવેશ કરવાથી ચાર મહાવ્રત છે. તથા વડી દીક્ષા નથી. આ અધિકાર કલ્પસૂત્ર વિગેરેથી જાણવો.)

[1]હવે બધા વ્રતોના સ્વીકાર કહેવા માટે કહે છે. પૂર્વે કહેલાં પાંચ મહાવ્રતો તથા છઠ્ઠું રાત્રિ ભોજન વિરમણ વ્રત છે તે શા માટે છે ? ઉત્તર આત્માના હિત (મોક્ષ)ને માટે લઉં છું. આ વચન વડે એમ જણાવ્યું કે, બીજા કાર્ય માટે વ્રત લે, તો તે વ્રતોનો અભાવ થાય, કોઈ સ્વર્ગની બુદ્ધિથી વ્રત લે તો, અથવા રાજ્યાદિના અભિલાષથી લે, તો તેને નરેન્દ્રપણામાં આરંભની હિંસા વિગેરેની અનુમતિ રહેવાથી વ્રતમાં દોષ લાગે. (તેટલા માટે સાધુએ મોક્ષ માટે જ દીક્ષા લેવી). આ પાંચ મહાવ્રત, તથા રાત્રિ ભોજન વિરમણ વ્રત, આપની પાસે લઈને હું સારા સાધુઓના કાયદા પ્રમાણે વિહાર કરીશ. જો તે પ્રમાણે ન વર્તે તો લીધેલાં વ્રતો નકામાં થાય અહીંયાં વ્રત ન લેનારને જે દોષ છે, તે હિંસા વિગેરે પાપો કરનારાઓને નીચે પ્રમાણે દુઃખ થાય, તે બતાવે છે. હિંસા કરનારને અલ્પ આયુ હોય, જૂઠ બોલનારની જીભ કપાઈ જાય, ચોરી કરનારને દરિદ્રતા આવે, મૈથુન સેવનારને નપુંસકપણું આવે, પરિગ્રહ રાખનારને અનેક રીતે ચોરો વિગેરેનું દુઃખ છે તે ગુરુએ કહેવાં. હવે ૧૪૭ ભાંગા પ્રત્યાખ્યાન સંબંધી છે. તે આ પ્રમાણે પચ્ચક્ખાણ કરે છે, તે કુશલ છે, બાકીના નકામા છે. હવે તેનો અવયવાર્થ કહે છે. ભાંગાની યોજના આ પ્રમાણે છે.

**'तिन्नि तिया तिन्नि दुया तिन्निक्केक्का य होंति जोएसु । तिदुएक्कं तिदुएक्कं तिदुएक्कं चेव करणाइं ।। १ ।।'**

એનો ભાવાર્થ આ પ્રમાણે છે, ત્રણત્રિક લેવા, ત્રણદ્વિક લેવા, ત્રણ એક એક લેવા, તે કાયા, વચન, અને મનના વ્યાપારના લક્ષણવાળા છે, ત્રણદ્વિકમાં મન વચન કાયા લેવાં. આ પદની ઘટના છે. ભાવાર્થ આ પ્રમાણે છે.

(૧) તત્ત્વાર્થ ૭/૨ ભાષ્ય-/૭/૧ ભાષ્ય સિદ્ધસેન ટીકા.

| | | | |
|---|---|---|---|
| ૩૩૩ | ૨૨૨ | ૧૧૧ | |
| ૩૨૧ | ૩૨૧ | ૩૨૧ | એની ભાવના શું છે તે બતાવે છે. |
| ૧૩૩ | ૩૯૯ | ૩૯૯ | |

ન કરૂં, ન કરાવું, ન કર્ત્તાને ભલો જાણું. તે મન વચન કાયાથી એક ભેદ થયો. હવે બીજો મૂળભેદ કહે છે. ન કરે, ન કરાવે, ન કર્તાને ભલો જાણે તે મન વચન કાયાથી એક ભાંગો થાય,તથા મન કાયાથી બીજો થાય. તથા વચન કાયાથી ત્રીજો થાય એમ બીજો મૂળભેદ કહ્યો. હવે ત્રીજો કહે છે, ન કરે, ન કરાવે, ન કર્તાને ભલો જાણે, તે મનથી એક વચનથી બીજો કાયાથી ત્રીજો એમ ત્રીજો મૂળભેદ પુરો થયો. હવે ચોથો કહે છે; ન કરે, ન કરાવે, મન, વચન, કાયાથી પહેલો ભાંગો તથા ન કરે, ન કર્ત્તાને ભલો જાણે, એ બીજો ભાંગો છે, તથા ન કરાવે, ન અનુમોદે, એ ત્રીજો ભાંગો થાય, ચોથો મૂળભેદ કહ્યો. હવે પાંચમો ભેદ કહે છે, ન કરે, ન કરાવે, મન, વચનથી તે એક, ન કરે, ન કર્તાને ભલો જાણે, એ બીજો. તથા ન કરાવે, ન કર્તાને ભલો જાણે, એ ત્રીજો, એમ ત્રણ ત્રણ ભાંગા મન વચનથી લીધા. એ પ્રમાણે ત્રણ ભાંગા મન કાયાથી લીધા, તથા તે જ પ્રમાણે વચન કાયાથી ત્રણ લીધા, સર્વે મળીને નવ થયા. પાંચમો મૂળભેદ કહ્યો. હવે છઠ્ઠો કહે છે. ન કરે, ન કરાવે મનથી એક, તથા ન કરે, ન કર્તાને અનુમોદે, આ મનથી બીજો. તથા ન કરાવે, ન કર્ત્તાને, અનુમોદે, આ મનથી ત્રીજો થયો. એ પ્રમાણે વચન કાયાથી દરેકના ત્રણ ત્રણ ભાંગા મળી કુલ્લે નવ થયા. આ છઠ્ઠો મૂળભેદ થયો. હવે સાતમો કહે છે. ન કરે મનથી, વચનથી, કાયાથી, આ એક છે; એ પ્રમાણે ન કરાવે, મન.વિગેરેથી-બીજો ન કર્તાને અનુમોદે, તે મન વચન અને કાયાથી એમ ત્રીજો થયો. આસાતમો મૂળ ભેદ કહ્યો. હવે આઠમો કહે છે, ન કરે મન વચનથી એક, તથા મન કાયાથી બીજો અને વચન કાયાથી ત્રીજો એમ ન કરાવે એ ત્રણ ભાંગા જાણવા તથા ન કર્તાને અનુમોદે તે પણ ત્રણ થયા. તે બધા મળી નવ થયા એ આઠમો મૂળ ભેદ થયો. હવે નવમો મૂળ ભેદ કહે છે. ન કરે મનથી એક ન કરાવે બીજો ન કર્તાને અનુમોદે તે ત્રીજો, એ પ્રમાણે વચનમાં બીજો અને કાયાથી ત્રીજો થાય. એ પણ બધા મળીને ત્રણ ત્રણ ગણતાં નવ થાય. આ પ્રમાણે નવમો મૂળ ભેદ કહ્યો. હવે એ બધાનો સરવાળો કહે છે. બધા મળીને એ ૪૯ ભાંગા થાય છે.

'लद्धफलमाणमेयं भंगा उ हवंति अउणपन्नासं । तीयाणागयसंपतिगुणियं कालेण होइ इमं ।। १ ।।

सीयालं भंगसयं, कह ? कालतिएण होंति गुणणा उ तीतस्स पडिक्कमणं पच्चुप्पन्नस्स संवरणं ।। २ ।।

पच्चक्खाणं च तहा, होइ य एसस्स एस गुणणा उ । कालतिएणं भणियं जिणगणधरवायएहिं च ।। ३ ।।'

આનું ફળ (સરવાળો) ૪૯ થયું તેને અતીત (ભૂત) અનાગત (ભવિષ્ય) તથા વર્તમાન કાળ એમ ત્રણ વડે ગુણતાં ૧૪૭ થાય; તેમાં અતીતનું પ્રતિક્રમણ થાય, વર્તમાનનું સંવરણ થાય, અને ભવિષ્યનું પચ્ચક્ખાણ થાય. આ ત્રણ કાળનું ગણવું તે જિનેશ્વર ગણધર, અને વાચકોએ કહ્યું છે. ગાથા અર્થ ચારિત્રધર્મ કહ્યો, હવે યતનાનો અવસર છે તે કહે છે.

से भिक्खू वा भिक्खुणी वा संजय-विरय-पडिहय-पच्चक्खायपावकम्मे दिया वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा से पुढविं वा भित्तिं वा सिलं वा लेलुं वा ससरक्खं वा कायं ससरक्खं वा वत्थं हत्थेण वा पाएण वा कट्ठेण वा कलिंचेण वा अगुंलियाए वा सलागाए वा सलागहत्थेण

वा न ऽऽलिहेज्जा न विलिहेज्जा न घट्टेजा न भिंदेज्जा अन्नं नाऽऽ लिहावेज्जा न विलिहावेज्जा न घट्टावेज्जा न भिंदावेज्जा अन्नं [1]आलिहंतं वा [2]विलिहंतं वा घट्टंतं वा [3]भिंदंतं वा न समणुजाणेज्जा जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करेंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरहामि अप्पाणं वोसिरामि १ ।। (सू० १०)

'से' ઇતિ નિર્દેશમાં છે એટલે જે આ મહાવ્રતથી યુક્ત છે, તે જ ભિક્ષુ (સાધુ) અથવા ભિક્ષુણી (સાધ્વી) છે, તે આરંભના પરિત્યાગથી તેની કાયા ધર્મકાય છે. તે પાળવાને માટે ભિક્ષાના આચારવાળો ભિક્ષુક છે. તે પ્રમાણે ભિક્ષુણી પણ છે. છતાં ધર્મ છે તે પુરૂષવડે ઉત્તમ છે. માટે ભિક્ખુને વિશેષપણે બતાવેલ છે તો પણ તે વિશેષણો સાધ્વીને પણ લગાવવાં. કહે છે - સંયત, વિરત, પ્રતિહત, પ્રત્યાખ્યાત, પાપકર્મવાળો, તેમાં બધી રીતે યતના કરનારો તે સંયત છે. તે [1]સત્તર પ્રકારના સંયમે કરીને યુક્ત છે. તથા વિવિધ (અનેક પ્રકારે) બાર પ્રકારના તપમાં રક્ત છે. તે વિરત જાણવો અને પ્રતિહત પ્રત્યાખ્યાત, પાપ કર્મવાળો એટલે સ્થિતિને ઓછી કરવાથી તથા ગ્રંથિભેદ વડે પચ્ચક્ખાણ કર્યું છે. તથા હેતુના અભાવથી ફરીથી પાપકર્મ જે જ્ઞાનાવરણીય વિગેરે કર્મ જેણે વૃદ્ધિના અભાવથી જેણે હણ્યાં છે તેવો સાધુ, અથવા સાધ્વી શું કરે ? તે કહે છે. દિવસે અથવા રાત્રે એકલો અથવા સભામાં રહેલો, સૂતો હોય, યા તો જાગતો હોય, એટલે રાતના સૂવે, તથા દિવસે જાગે, અને કારણ પડે, એકલો હોય, નહિ તો શેષકાળમાં સમુદાયમાં રહેલો હોય છે. તે હવે પછી કહેવાતા દોષ ન લગાડે. તે આ પ્રમાણે પૃથ્વી, અથવા ભિત્તિ; અથવા શિલા, અથવા લોષ્ટ, તેમાં પૃથ્વી તે લોષ્ટ વિગેરેથી રહિત છે. ભિત્તિ તે નદીનો કીનારો છે તથા શિલા તે મોટો પથરોછે, તથા લોષ્ટ તે માટીનું ઢેફું જાણવું. તે તથા રજ એટલે જંગલની ધૂળ, તેની સાથે વર્તે તે સરજસ્ક કહેવાય. તે ધુળવાળી કાયા હોય - અથવા વસ્ત્ર જે ચોલપટ્ટો વિગેરે છે અને તે લેવાથી તેની સાથેનાં પાત્ર વિગેરે પણ સમજવાં, એટલે ધૂળથી ખરડાએલાં હોય તો શું કરવું, તે કહે છે. [2]હાથ વડે, પગ વડે; લાકડા વડે, લાકડાના છેડા વડે, અથવા આંગળી વડે, અથવા સળી વડે, અથવા લોઢાના સળીઆ વડે, અથવા સળીઓના સમુદાય વડે, ન આલેખે, ન વિલેખે, ન ઘટ્ટન કરે, ન ભેદે આમાં આલેખવું એટલે એકવાર અથવા થોડીવાર ખોતરવું અને વિલેખે એટલે વારંવાર ખોતરે, ઘટ્ટન એટલે ચાલવું, તથા ભેદવું, એટલે વિદારણ કરવું, તે ફાડવું આ બધું પૃથ્વીકાયને દુઃખરૂપ હોવાથી પોતે ન કરે, બીજા પાસે ન કરાવે, તેમ બીજા કોઈ ખોતરતા હોય, તથા છેદનભેદન કરતા હોય, તો તેનું પોતે અનુમોદન ન કરે, વિગેરે બધું પૂર્વ માફક જાણી લેવું. ॥ સૂ. ૧૦ ॥

से भिक्खू वा भिक्खुणी वा संजय-विरय-पडिहय-पच्चक्खायपावकम्मे दिया वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा से उदगं वा ओसं वा हिमं वा महियं वा करगं वा हरतणुगं वा सुद्धोदगं वा उदओल्लं वा कायं उदओल्लं वा वत्थं ससिणिद्धं वा कायं, ससिणिद्धं वा वत्थं नाऽऽ मुसेज्जा न संफुसेज्जा न आवीलेज्जा न पवीलेज्जा न अक्खोडेज्जा न पक्खोडेज्जा न आयावेज्जा न पयावेज्जा अन्नं ना ऽऽमुसावेज्जा न संफुसावेज्जा न आवीलावेज्जा न पवीलावेज्जा न अक्खोडावेज्जा

૧. પ્રથમ અધ્યયન ગાથા ૪૬ જોવી.

૨. નિશીથચૂર્ણી ૪/૧૦૭

न पक्खोड़ावेज्जा न आयावेज्जा न पयावेज्जा अन्नं आमुसंतं वा संफुसंतं वा आवीलंतं वा पविलंतं वा अक्खोडेंतं वा पक्खोडेंतं वा आयावेंतं वा पयावेंतं वा न समणुजाणेज्जा, जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करेंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरहामि अप्पाणं वोसिरामि ।। (सू० ११)

'सेभिक्खू' વિગેરે બધું પૂર્વમાફક જાણવું. એટલે જેમ પૃથ્વીકાયના આલાવામાં તેને દુ:ખ ન થાય, તેમ સાધુ સંભાળથી પ્રવર્તે. તેવી જ રીતે હવે અપ્કાયને દુ:ખ ન થાય, માટે તેના ભેદો પ્રથમ બતાવે છે. તે આ પ્રમાણે. ઉદકંવા, એટલે કુવામાં જે નાના ઝરણની શેર આવે તે, તથા અવશ્યાય, તે ઓસ, તથા હિમ, તે બરફ, મહિકા, ઝીણી ફરફર વરસે તે, કરા, આકાશમાંથી બરફ જેવા નાના ટુકડા પડે તે, હરિતનું, એટલે પૃથ્વીને ભેદીને જે ઘાસ વિગેરે ઉપર આવે તેના ઉપર જે પાણીના બીંદુ દેખાય તે, શુદ્ધોદક એટલે વરસાદનું પાણી જે અદ્ધર ઝીલાય તે, અથવા વરસાદ વિગેરે પાણીથી ભીંજાએલી પોતાની કાયા તથા વરસાદ વિગેરેના પાણીથી ભીંજાએલા પોતાનાં વસ્ત્ર હોય. અહીં ભીંજાએલું એટલે પાણીના છાંટા નીચે પડતાં હોય તે, હમણાં કહેલાં પાણીના ભેદોવાળા હોય તે, તથા સ્નિગ્ધ કાયા અથવા વસ્ત્ર હોય, અહીંયાં સ્નિહ ધાતુનું ભૂતકૃદંત સ્નિગ્ધ છે. તેનો અર્થ પાણીના બીંદુ ન પડતાં હોય તે છે.

આ પાણીને અથવા ભીંજાએલા વસ્ત્રો અથવા કાયાને પાણીના જીવોને દુ:ખ ન થાય, માટે સાધુઓએ શું કરવું તે કહે છે. તેને ન મૃષે, (વસ્ત્રને સળે નહિ) તથા પીડા ન કરે, તથા સ્ફોટન ન કરે. તેને તપાવે નહિ. આ પાપકૃત્ય પોતે ન કરે, ન બીજા પાસે કરાવે, અને બીજો કરતો હોય તેની પ્રશંસા પોતે ન કરે, એમાં થોડું, તથા એકવાર કરે, તે સ્ફોટન કહેવાય. અને વારંવાર ઘણું કરે તો પ્રસ્ફોટન કહેવાય છે. આ મન, વચન, કાયાથી, ન કરવું ન કરાવવું ન કર્તાને ભલો જાણું. એ બધું પૂર્વ માફક જાણવું. ॥ સૂ ૧૧ ॥

से भिक्खु वा भिक्खूणी वा संजय-विरय-पडिहय-पच्चक्खायपावकम्मे दिया वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा से अगणिं वा इंगालं वा मुम्मुरं वा अच्चिं वा जालं वा अलायं, वा सुद्धागणिं वा उक्कं वा न उंजेज्जा न घट्टेजा न उज्जालेज्जा न निव्वावेज्जा अन्नं न उंजावेज्जा न घट्टावेज्जा न उज्जालावेज्जा न निव्वावेज्जा अन्नं उंजंतं वा घट्टंतं वा उज्जालंतं वा निव्वावंतं वा न समणुजाणेज्जा । जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं न करेमि न करावेमि करेंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरहामि अप्पाणं वोसिरामि ।। (सू० १२)

'सेभिक्खू' વિગેરે પૂર્વ માફક છે. એટલે પ્રથમના બે આલાવામાં પૃથ્વીકાય તથા અપ્કાયનું રક્ષણ બતાવ્યું. હવે અગ્નિકાયનું રક્ષણ બતાવવા તેના ભેદો કહે છે. તે આ પ્રમાણે. ૧ અગ્નિ તે લોઢાને ગરમ કરતાં લાલચોળ દેખાય તે, અંગાર તે બળતા (જ્વાળા) વિનાનો અગ્નિ છે. વિરલ અગ્નિકણ તે મુર્મુર (તણખા) કહેવાય છે. તથા બળતાં તે જ્વાળા કહેવાય છે. પણ જો અગ્નિથી જુદી ન પડી હોય તો તે જ્વાળા છે. અને છૂટી પડી ગઈ હોય તો, રાળના ભડકા જેવી અર્ચિ કહેવાય. અલાત, તે ઉલ્મુક

કહેવાય. તથા લાકડાં વિનાનો શુદ્ધ અગ્નિ કહેવાય. ઉલ્કા, તે આકાશમાં અગ્નિ દેખાય તે, વિગેરે અગ્નિના ભેદો છે. તેને પોતે ઉછાળે નહિ, તેમ ઘટ્ટન (હલાવવું) ન કરે, તેમ સળગાવે નહિ, અથવા બુઝાવે નહિ. અને સળગાવવું એટલે પંખા વિગેરેથી પવન આપીને અજવાળું થાય, તેવું ન કરવું. આ પોતે ન કરે, ન કરાવે, ન કર્ત્તાને ભલો જાણે, એ બધું પૂર્વ માફક છે. ॥ સૂ. ૧૨ ॥

से भिक्खु वा भिक्खुणी वा संजय-विरय-पडिहय-पच्चक्खायपावकम्मे दिया वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा से सिएण वा विहुयणेण वा तालियंटेण वा पत्तेण वा पत्तभंगेण वा साहाए वा साहाभंगेण वा पिहुणेण वा पिहुणहत्थेण वा, चेलेण वा चेलकण्णेण वा हत्थेण वा मुहेण वा अप्पणो वा कायं बाहिरं वावि पोग्गलं न फूमेज्जा न वीएज्जा अन्नं न फूमावेज्जा न वीयावेज्जा अन्नं फूमंतं वा वीयंतं वा न समणुजाणेज्जा जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते । पडिक्कमामि निंदामि गरहामि अप्पाणं वोसिरामि ।। (सू० १३)

'सेभिक्खू' વિગેરે બધું પૂર્વ માફક છે. આ આલાવામાં વાયુકાયની રક્ષા કરવાની છે, તેથી સાધુઓએ કેમ વર્તવું, તે બતાવે છે. સિત (ચામર)થી, વિધવન (એક જાતના પંખા) થી, તાલવૃંત (તાડના પંખા)થી, આ તાડના પંખામાં વચમાં છિદ્ર હોય, અન બે પડવાળો હોય તે, કમળનું તથા તેવા બીજાં મોટાં પાંદડાં તે પત્ર કહેવાય, તથા વૃક્ષની ડાળ તે શાખા કહેવાય, તથા શાખા ભંગ, તે ડાળનો ટુકડો કહેવાય, તથા પેહુણ તે મોર વિગેરેનાં પીંછાં, તથા તેનો સમૂહ તે પેહુણ હસ્ત કહેવાય છે. તથા વસ્ત્ર (જાણીતું છે) તથા વસ્ત્રકર્ણ તે તેનો એક છેડો કહેવાય, તેનાથી તથા હાથ વડે, મુખ વડે પોતાની કાયા તથા બાહ્ય પુદ્ગલ તે ગરમ ભાત વિગેરે તેથી શું સમજવું તે બતાવે છે. ભાત વિગેરેને ઠંડો કરવા પોતે મોઢેથી ન ફુંકે તેમ પંખો ન નાંખે અથવા બીજા કોઈ સાધનથી ઠંડું કરવા પ્રયત્ન ન કરે તે પોતે પંખો વિગેરે ન કરે, ન કરાવે, ન કર્ત્તાને ભલો જાણે, તે બધું પૂર્વ માફક છે. કુદરતથી ઠરે, તેમ સાધુએ વર્ત્તવું ॥ સૂ. ૧૩ ॥

से भिक्खू वा भिक्खूणी वा संजय-विरय-पडिहय-पच्चक्खायपावकम्मे दिया वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा से बीएसु वा बीयपइट्ठेसु वा रूढेसु वा रूढपइट्ठेसु वा जाएसु वा जायपइट्ठेसु वा हरिएसु वा हरियपइट्ठेसु वा छिन्नेसु वा छिन्नपइट्ठेसु वा सच्चित्तेसु वा सच्चित्तकोलपडिनिस्सिएसु वा न गच्छेज्जा न चिट्ठेज्जा न निसीएज्जा न तुयट्टेज्जा अन्नं न गच्छावेज्जा न चिट्ठावेज्जा न निसीयावेज्जा न तुयट्टावेज्जा अन्नं गच्छंतं वा चिट्ठंतं वा निसीयंतं वा तुयट्टंतं वा न समणुजाणेज्जा । जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करेंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरहामि अप्पाणं वोसिरामि ।। (सू. १४)

'से भिक्खू' વિગેરે પૂર્વ માફક જાણવું. આ સૂત્રમાં વનસ્પતિકાયની રક્ષા કરવાની છે. તે આ પ્રમાણે બીજ (ભાત વિગેરે) તથા તેમાં પ્રતિષ્ઠિત, એટલે તેમાં આહાર શયન વિગેરે મૂકેલું હોય તે, તે પ્રમાણે રૂઢ, એટલે ખીલેલાં બીજ થએલાં હોય તે, તથા જાત એટલે તૈયાર થઈ ગએલાં હરિત, એટલે ધરોઈ વિગેરે લીલું ઘાસ તે, છેદેલું તે કુહાડા (દુરવા) વિગેરથી વૃક્ષથી, છૂટું પાડેલું હોય તે,

આર્દ્ર એટલે નાના ઇંડાં વિગેરે, ઘુણના કીડાના આશરે રહેલ સડેલું લાકડું આ બધાં વનસ્પતિકાયનાં અંગ છે. અથવા જુદી જુદી જાતો છે. તેના ઉપર સાધુ ચાલે નહિ, ઉભો ન રહે, ન બેસે, ન સૂવે, આ પાપ પોતે ન કરે, ન બીજા પાસે કરાવે, તેમ બીજો કોઈ તેવું પાપ કરતો હોય તો તેની પ્રશંસા ન કરે, પ્રતિષ્ઠિતનો દરેક જગ્યાએ એ જ અર્થ કરવો કે, તેમાં બીજું કંઈ સ્થાપ્યું હોય, તો તેના ઉપર પણ સાધુ ન ચાલે, વિગેરે જાણવું. ॥ સૂ. ૧૪ ॥

से भिक्खू वा भिक्खुणी वा संजय-विरय-पडिहय-पच्चक्खायपावकम्मे दिया वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा से कीडं वा पयंगं वा कुंथुं वा पिवीलियं वा हत्थंसि वा पायंसि वा बाहुंसि वा ऊरुंसि वा उदरंसि वा सीसंसि वा वत्थंसि वा पडिग्गहंसि वा कंबलंसि वा पायपुंछणंसि वा रयहरणंसि वा गोच्छगंसि वा उंडगंसि वा दंडगंसि वा पीढगंसि वा फलगंसि वा सेज्जंसि वा संथारगंसि वा अन्नयरंसि वा तहप्पगारे उवगरणजाए तओ संजयामेव पडिलेहिय पडिलेहिय पमज्जिय पमज्जिय एगंतमवणेज्जा नो णं संघायमावज्जेज्जा ।। (सू. १५)

[१]'से भिक्खू' વિગેરે પૂર્વ માફક જાણવું. આ સૂત્રમાં ત્રસકાયની રક્ષા કરવાની છે, તે બતાવે છે. કીડો, પતંગ, કુન્થુ, કીડી વિગેરે છે. તે હાથમાં, પગમાં, બાહુમાં, સાથળમાં, પેટ ઉપર માથા ઉપર વસ્ત્રમાં, પાત્રમાં-કંબલમાં-દંડાસણમાં રજોહરણમાં ગુચ્છા ઉપર કે ઉંદક (મળ નાંખવાનું સ્થાન) અથવા દાંડી ઉપર, પીઠ ઉપર, પાટીઆં ઉપર શય્યા ઉપર, અથવા સંથારા ઉપર અથવા સાધુને ક્રિયા કરવામાં ઉપયોગી એવા ઉપકરણમાં કીડી વિગેરે.

ત્રસકાય ચડેલો હોય, તો સાધુ ધૈર્યતાથી પ્રયત્ન કરીને તેને વારંવાર જોઈને, પૂંજીને, પ્રમાર્જીને, એકાંતમાં તેને દુઃખ ન થાય, તેવા સ્થાનમાં મૂકે, પણ તે જંતુઓને પરસ્પર પીડા થાય, તેવો સમૂહ એકઠો ન કરે, આ વચનથી બીજા પરિતાપ વિગેરે જીવોને પીડારૂપ છે. તે પણ સાધુએ ત્યાગવાં એમ કહ્યું. અહીંયાં પોતે પાપ ન કરવું, તેમ બીજા પાસે પણ સાધુએ ન કરાવવું, ન કર્તાને ભલો જાણવો, પોતે દરેક રીતે જાતે જ જયણા (સંભાળ)થી મૂકે.

શય્યાનો અર્થ અહીં રહેવાનું મકાન જાણવું. અથવા સંસ્તારિકા જાણવી.

સૂત્રોમાં યતના (જયણા) બતાવી. એટલે ચોથો અધિકાર કહ્યો. હવે શ્લોકોદ્વારા સાધુને ગુરુ મહારાજ ઉપદેશ આપે છે. તે પાંચમો અધિકાર છે. ॥ સૂ. ૧૫ ॥

**अजयं चरमाणो, पाण-भूयाइं हिंसई ।**
**बंधई पावयं कम्मं, तं से होइ कडुयं फलं ।। १ ।।**
**अजयं चिट्ठमाणो उ, पाण-भूयाइं हिंसई ।**
**बंधई पावयं कम्मं, तं से होइ कडुयं फलं ।। २ ।।**
**अजयं आसमाणो उ, पाण-भूयाइं हिंसई ।**
**बंधई पावयं कम्मं, तं से होइ कडुयं फलं ।। ३ ।।**

(૧) વિશેષ દીપિકામાં જુઓ.

अजयं सयमाणो उ, पाण-भूयाइं हिंसई ।
बंधई पावयं कम्मं, तं से होइ कडुयं फलं ।। ४ ।।
अजयं भुंजमाणो उ, पाण-भूयाइं हिंसई ।
बंधई पावयं कम्मं, तं से होइ कडुयं फलं ।। ५ ।।
अजयं भासमाणो उ, पाण-भूयाइं हिंसई ।
बंधई पावयं कम्मं, तं से होइ कडुयं फलं ।। ६ ।।
[1]कहं चरे ? कहं चिट्ठे ? कहमासे ? कहं सए ? ।
कहं भुंजंतो भासंतो, पावं कम्मं न बंधई ? ।। ७ ।।
जयं चरे जयं चिट्ठे, जयमासे जयं सए ।
जयं भुंजंतो भासंतो, पावं कम्मं न बंधई ।। ८ ।।
[2]सव्वभूयऽप्पभूयस्स, सम्मं भूयाइं पासओ ।
पिहियासवस्स दंतस्स, पावं कम्मं न बंधई ।। ९ ।।

જયણા રાખ્યા વિના ચાલે તો શું થાય, તે બતાવે છે. એટલે ઉપદેશ વિના અથવા સૂત્રની બતાવેલી આજ્ઞા વિના બહુ દોષો લાગે, તે બતાવે છે. પહેલી ગાથામાં ઇર્યાસમિતિને ઉલ્લંઘીને અજયણાથી ચાલે તો, બેઇન્દ્રિય વિગેરે પ્રાણીને, તથા એકેન્દ્રિય વિગેરે ભૂતોને, પોતે પ્રમાદથી, અથવા અજાણથી મારી નાંખે અથવા પીડા કરે, તો તે હિંસા કરતો સાધુ અકુશળ કર્મ પરિણામથી પાપકર્મને બાંધે. એટલે જ્ઞાનાવરણીય વિગેરે અશુભ બાંધે. અને તેનાં કડવાં ફળ ઉદયમાં આવતાં અજયણાવાળો સાધુ દુઃખ ભોગવે (વીછું, સાપ, કરડે) કાંકરો ખુંચે, ઠોકર લાગે, માથુ ફુટે, તે પ્રત્યક્ષ આલોકનાં દુઃખ છે અને બીજા ભવમાં નીચ ગતિ મળે, તેનાં મહાન દુઃખ જાણીતાં છે. કારણ કે આ પ્રમાદ કરનારને મોહ વિગેરે હેતુ થવાથી તેનો વિપાક દારૂણ (ભયંકર) છે. એ પ્રમાણે અયતનાથી નીચે ઉતરતાં અથવા ઉભા રહેતાં હાથ પગ ગમે તેમ મૂકતાં ઉપર માફક દુઃખ પામે. એ બીજી ગાથામાં બતાવ્યું. એ પ્રમાણે ત્રીજી ગાથામાં અજયણાથી બેસતાં તથા પગ લાંબા કરતાં પોતાને તથા પરને દુઃખ ઉપજાવે. એ જ પ્રમાણે ચોથી ગાથામાં અજયણાથી સમાધિ વિના રાતના સુતાં, અથવા દિવસે ખૂબ ઉંઘવાથી જીવોને દુઃખ દે, અને પોતે પણ ઉપર મુજબ આલોક પરલોકનાં દુઃખ ભોગવે. પાંચમી ગાથામાં અજયણાથી ખાતાં એટલે વિના વિચારે ખાતાં, વિના કારણ સ્નિગ્ધ ભોજન ખાતાં અથવા ધ્યાન ન દેતાં ખાય તો અનેક જંતુઓની હાનિ કરે, પોતાને રોગ થાય વિગેરે ઉપર મુજબ છે. તથા કાગડા, શિયાળીઆ વિગેરેથી પોતે દુઃખ પામે. (રસગૃદ્ધ જીવોની અનેક પ્રકારે દુર્દશા થાય છે.) છઠ્ઠી ગાથામાં અજયણાથી બોલતાં ગૃહસ્થની ભાષા વડે કઠોર વચન બોલતાં અથવા ગુરુમહારાજ વિગેરેના વચમાં બોલતાં આલોક પરલોકનાં દુઃખ પામે. આ છ ગાથામાં અજયણાથી છ કામ કરતાં સાધુ પાપ

(૧) તુલના કરો સમયસારવિકાર-૧૦
(૨) ભગવતગીતા ૫/૭ ૪/૩૮. B. ઉત્તરા૦ ૩/૧/૩-૮/૧૦-૧૮ સ્થાનાંગ ૩.૪૧૮

બાંધે અને કડવાં ફળ ભોગવે, ત્યારે હવે સાધુ કેવી રીતે ચાલે, ઉભો રહે, વિગેરેથી પાપ ન બાંધે, તે બતાવે છે. છ બાબતો આ છે. ચાલવું, ઉભા રહેવું, બેસવું, સૂવું, ખાવું, બોલવું, તે કેમ કરવું કે પાપ ન બંધાય. તે શિષ્યના સાતમી ગાથામાં પૂછવાથી આચાર્ય આઠમી ગાથામાં કહે છે કે જયણાથી ચાલે, ઉભો રહે, બેસે, સુવે, ખાય, બોલે તો પાપ ન બંધાય. તે આ પ્રમાણે સૂત્રમાં બતાવેલી ઇર્યાસમિતિથી ચાલે અને સ્થિરતાથી હાથ પગનો વિક્ષેપ કર્યા વિના ઉભો રહે તથા આકુંચન વિગેરે કર્યા વિના ઉપયોગથી બેસે, જયણાથી રાતના સૂવે પણ ઘણી નિંદ્રા ઘોર ખેંચાવા માફક ન કરે તથા પ્રયોજન વડે સાદો આહાર અગૃદ્ધપણે ખાય તથા સાધુની ભાષાએ કામ પ્રસંગને અનુસરતું થોડું બોલે, તો તે દુષ્ટ કર્મ જ્ઞાનાવરણીયાદિ ન બાંધે. કારણ કે પોતે શાસ્ત્ર મુજબ ઉપયોગથી કાર્ય કરે છે. તેથી તેને નવાં આશ્રવ ન આવે, આઠ ગાંથાનો અર્થ સમાપ્ત થયો. હવે નવમી ગાથાનો અર્થ કહે છે.

सव्वभूय इत्यादि

સર્વ ભૂત એટલે બધા જીવો ઉપર, આત્મભૂત એટલે પોતાના આત્માની માફક જે જાણે તથા સમ્યગ્ એટલે વીતરાગ પ્રભુએ કહેલી વિધિવડે, પૃથ્વી વિગેરે સર્વ જીવોને દેખે, તથા પ્રાણાતિપાત વિગેરે આશ્રવોને રોકે તથા ઇંદ્રિયોને દમન કરે એવા ઉત્તમ સાધુને પાપકર્મ ન બંધાય. ॥ ૯ ॥ ૧ થી ૯ ગાથા ॥

આ પ્રમાણે સર્વ જીવો ઉપર દયા કરનારાને પાપકર્મનો બંધ ન થાય, એવું જાણીને કોઈ નવા સાધુને એવો ભ્રમ થાએ કે જ્યારે એમ છે તો સર્વ પ્રકારે જીવદયામાં જ વર્ત્તવું. જ્ઞાન ભણવાની શી જરૂર ? તે ભ્રમને દૂર કરવા કહે છે.

**पढमं नाणं तओ दया, एवं चिट्ठइ सव्वसंजए ।**
**अन्नाणी किं काही ? किं वा नाहिइ छेय पावगं ? ॥ १० ॥**
**सोच्चा जाणइ कल्लाणं, सोच्चा जाणइ पावगं ।**
**उभयं पि जाणइ सोच्चा, जं छेयं तं समायरे ॥ ११ ॥**
**जो जीवे वि न याणति (णेइ), अजीवेवि न याणति ।**
**जीवाजीवे अयाणंतो, कह सो नाहीइ संजमं ? ॥ १२ ॥**
**जो जीवेवि वियाणति (णेइ), अजीवेवि वियाणति (णेइ) ।**
**जीवाजीवे वियाणंतो, सो हु नाहीइ संजमं ॥ १३ ॥**

પહેલું જ્ઞાન, એટલે જીવનું સ્વરૂપ ભણીને તેના રક્ષણનો ઉપાય સમજવો તે જ્ઞાન છે. તેવું જ્ઞાન ભણીને દયા (સંયમ) તે એકાંતથી ઉપાદેયપણે હોવાથી ભાવથી તેમાં પ્રવૃત્ત થાય છે. આ પ્રકારે એટલે પ્રથમ જ્ઞાન ભણીને ક્રિયા કરવા રૂપે જે સાધુ વર્તે તે સર્વથા પ્રવ્રજિત છે, પણ જે અજ્ઞાની છે, એટલે જેને સાધ્ય ઉપાય ફલનું જ્ઞાન નથી તે શું કરે ? જેમ કોઈ અંધો વસ્તુને ન જાણે તો કેવી રીતે ખાડા વગેરેથી બચે. તેવી રીતે આ અજ્ઞાની સાધુને કઈ પ્રવૃત્તિ કરવી, કઈ જગ્યાએ નિવૃત્તિ

કરવી, તેવા નિમિત્તના અભાવથી કંઈ ન કરે અથવા શું કરતો જાણે કે **આ સમય ઉચિત નિપુણહિતકર છે. કે તેનાથી ઉલટું અહિત કર છે ?** તેથી તે અજ્ઞાનદશામાં કરે તે પણ ન કર્યા જેવું જ છે. બધી રીતે નિમિત્તનો અભાવ છે. તેનું દૃષ્ટાંત આ છે -

અંધા માણસને આગમાંથી દોડવા જતાં બળવાનો જ પ્રસંગ આવે તથા ઘુણનો કીડો અક્ષર લખે, તે નકામા જેવા ગણાય. તેવી જ રીતે બીજી જગ્યાએ કહ્યું છે. ॥ ૧ ॥

"गीअत्थो अ विहारो, बीओ गीअत्थमीसिओ भणिओ" इत्यादि, अतो ज्ञानाभ्यासः कार्यः ।। १ ।।

એથી જ્ઞાન અભ્યાસ કરવો. ॥ ૧૦ ॥ તે પ્રમાણે કહે છે.

सोच्चा इत्यादि

ગુરૂ પાસે તત્ત્વની વાત સાંભળીને આ મોક્ષનું સાધન છે, આ તત્ત્વનું સ્વરૂપ છે, આ કર્મના વિપાક છે, એ બધું સાંભળીને પોતે કલ્યાણને જાણે છે. કલ્ય એટલે મોક્ષ તેને પ્રાપ્ત કરાવે. તે કલ્યાણ છે એટલે દયા જે સંયમ રૂપે છે, તેજ કલ્યાણ છે. તેને જાણે તે જ પ્રમાણે જે અસંયમ રૂપ થાય. તેને સમજે અને શ્રાવકના વ્રત જે સંયમ અને અસંયમરૂપ છે તેને સમજીને તે બન્નેને સાંભળીને જાણે, પણ સાંભળ્યા વિના ન જાણે, જેથી આ પ્રમાણે જાણીને સારા સાધુએ સમય ઉચિત આત્મહિત કરવું ॥ ૧૧ ॥

હવે બારમી ગાથામાં તે જ ખુલાસાથી કહે છે.

जो जीवे इत्यादि જે જીવોને એટલે પૃથ્વીકાય વિગેરે જીવોના ભેદોને ન જાણે તથા દારૂ, ચાંદી, સોનું વિગેરે જે સંયમના ઘાતક છે, તેમને ન જાણે તો આ બંને જીવ અજીવને ન જાણનારો કેવી રીતે સંયમને જાણશે, કારણ કે તેને તે સંબંધી જ્ઞાન નથી. ॥ ૧૨ ॥

તેથી જે જીવોને જાણે, અજીવોને જાણે, આ જીવ અજીવને જાણનારો તેજ સંયમને જાણે. આ પાંચમો ઉપદેશ અધિકાર બતાવ્યો. ॥ ૧૩ ॥ ૧૦-૧૧-૧૨-૧૩ ॥

**जया जीवमजीवे य, दोऽवि एए वियाणई ।**
**तया गइं बहुविहं, सव्वजीवाण जाणई ।। १४ ।।**
**जया गइं बहुविहं, सव्वजीवाण जाणई ।**
**तया पुण्णं च पावं च, बंधं मोक्खं च जाणई ।। १५ ।।**
**जया पुण्णं च पावं च, बंधं मोक्खं च जाणई ।**
**तया निव्विंदए भोए, जे दिव्वे जे य माणुसे ।। १६ ।।**
**जया निव्विंदए भोए, जे दिव्वे जे य माणुसे ।**
**तया चयइ संजोगं, सऽब्भितर-बाहिरं ।। १७ ।।**
**जया चयइ संयोगं सऽब्भितर-बाहिरं ।**
**तया मुंडे भवित्ताणं, पव्वइए अणगारियं ।। १८ ।।**

जया मुंडे भवित्ताणं, पव्वइए अणगारियं ।
तया संवर मुक्कट्ठं, धम्मं फासे अणुत्तरं ।। १९ ।।
जया संवर मुक्कट्ठं, धम्मं फासे अणुत्तरं ।
तया धुणइ कम्मरयं, अबोहिकलुसं कडं ।। २० ।।
जया धुणइ कम्मरयं, अबोहिकलुसं कडं ।
तया सव्वत्तगं नाणं, दंसणं चाभिगच्छई ।। २१ ।।
जया सव्वत्तगं नाणं, दंसणं चाभिगच्छई ।
तया लोगमलोगं च, जिणो जाणइ केवली ।। २२ ।।
जया लोगमलोगं च, जिणो जाणइ केवली ।
तया जोगे निरुंभित्ता, सेलेसिं पडिवज्जई ।। २३ ।।
जया जोगे निरुंभित्ता, सेलेसिं पडिवज्जई ।
तया कम्मं खवित्ताणं, सिद्धिं गच्छइ नीरओ ।। २४ ।।
जया कम्मं खवित्ताणं, सिद्धिं गच्छइ नीरओ ।
तया लोग मत्थयत्थो, सिद्धो हवइ सासओ ।। २५ ।।

હવે છઠ્ઠા અધિકારમાં ધર્મનું ફળ કહે છે. 'जया' ઇત્યાદિ જ્યારે એટલે જે કાળે જીવ અજીવ બંનેને સાધુ જાણે, ત્યારે નરક વિગેરે ચારે ગતિને તથા બધા જીવોની તે ગતિ સંબંધી જે ભેદો રહેલા છે, તેને જાણે છે, કારણ કે જેવા સ્વરૂપે જીવોની ગતિ છે, તેવા જીવ અજીવના જ્ઞાન વિના ગતિના જ્ઞાનનો અભાવ છે. ॥ ૧૪ ॥ હવે તેની ઉત્તરોત્તર ફળની વૃદ્ધિ બતાવે છે. જયા ઇત્યાદિ જ્યારે બધા જીવોની ઘણા પ્રકારની ગતિને જાણે, ત્યારે ઘણા પ્રકારની ગતિ સંબંધી પુણ્ય, પાપ, જાણે, ત્યારે જીવ કર્મને સંબંધે દુઃખ દેનારો બંધ, તથા દુઃખનો વિયોગ કરનાર સુખ, લક્ષણવાળો મોક્ષ જાણે છે. ॥ ૧૫ ॥ જયા ઇત્યાદિ જ્યારે પુણ્ય પાપ તથા બંધ મોક્ષને જાણે, ત્યારે મોહના અભાવથી પોતે વૈરાગ્યને જાણે છે, તથા સમ્યગ્ વિચારે છે, તથા અસાર દુઃખપણે શબ્દ વિગેરે ભોગો જે દેવતા અને મનુષ્ય સંબંધીના છે અને તિર્યંચ તથા નારકીના ભોગો દુઃખરૂપે હોવાથી તેના ઉપર પ્રેમ ન થાય. પણ પ્રેમ થવા જેવા દેવતા અને માણસના ભોગોને પણ છોડે છે. ॥ ૧૬ ॥ જયા ઇત્યાદિ જ્યારે વૈરાગ્ય પામીને દેવતા અને મનુષ્યના રમણીય ભોગોને છોડે છે ત્યારે દ્રવ્યથી અને ભાવથી બંને પ્રકારે છૂટે છે. એટલે આત્માની અંદર રહેલા ક્રોધ વિગેરેને તથા બાહ્ય પરિગ્રહ સોનું, ચાંદી વિગેરેને છોડે છે. ॥ ૧૭ ॥ जया ઇત્યાદિ જ્યારે બાહ્ય અભ્યંતર પરિગ્રહને છોડે, ત્યારે માથું મુંડાવીને તથા અંદરથી ક્રોધાદિ ત્યાગીને સાધુ થાય છે. એટલે જે પ્રકર્ષે કરીને મોક્ષ તરફ જાય તે, प्रव्रजति કહેવાય. એટલે દ્રવ્યથી તથા ભાવથી અણગાર કહેવાય. એટલે ઘર વિગેરેથી પોતાનું મમત્વ મૂકે છે. ॥ ૧૮ ॥ जया ઇત્યાદિ જ્યારે સાધુ મુંડ થઈને અણગારપણાને પામે છે, ત્યારે તે ઉત્કૃષ્ટ સંવર, જે સર્વ જીવોની રક્ષા રૂપ છે. તે ધર્મ ચારિત્ર ધર્મ ગણાય છે. તેને પામે છે. (માગધીમાં વિશેષણ પછી પણ આવે. પણ ગુજરાતી તથા સંસ્કૃતમાં વિશેષણ પૂર્વે જ આવે) સ્પૃશતિ, નો અર્થ સારી રીતે ચારિત્ર પાળે છે. ॥ ૧૯ ॥ जया ઇત્યાદિ જ્યારે સારી રીતે ઉત્કૃષ્ટ સંવરવાળા ધર્મને ફરસે, ત્યારે તે કર્મરૂપી

રજ જે આત્મામાં લાગેલી છે, તેને દૂર કરે છે. આ રજ પૂર્વે જીવે અજ્ઞાન દશામાં સમ્યક્ત્વ ન પામવાથી, મનના પરિણામ દુષ્ટ રાખવાથી, પ્રાપ્ત કરેલી હતી. તેને સાધુ ચારિત્ર પાળીને દૂર કરે છે. ॥ ૨૦ ॥ जया ઇત્યાદિ જ્યારે કર્મ રજ જે મિથ્યાત્વ વિગેરેથી મેળવેલી તે દૂર કરે, ત્યારે સાધુ તમામ જાણવાજોગ પદાર્થનું જ્ઞાન પ્રાપ્ત કરે તથા દેખવા જોગ પદાર્થને દેખે; કારણ કે આત્માની મલિનતા દૂર થવાથી તેનું આવરણ પણ દૂર થાય છે. એથી સંપૂર્ણ જ્ઞાન દર્શન થાય છે. ॥ ૨૧ ॥ जया ઇત્યાદિ. જ્યારે સંપૂર્ણ જ્ઞાન દર્શન થાય છે; ત્યારે ૧૪ રજ્જુ પ્રમાણલોક છે. તથા અનંત અલોક છે. તેને જાણનારો સાધુ કેવલી થાય છે.એટલે લોક અને અલોકમાં બધું સમાઈ જાય. તે સિવાય બીજું કંઈ નથી. અર્થાત્ બધાને જાણે. ॥ ૨૨ ॥ 'जया' ઇત્યાદિ, જ્યારે લોક, અલોક જાણનારો કેવળજ્ઞાની થાય છે, ત્યારે ઉચિત સમયે યોગોને રૂંધીને એટલે ૧૪મા ગુણસ્થાનને પ્રાપ્ત કરી, ભવ ઉપગ્રાહી કર્મનો અંશ જે છે, તેને ક્ષય કરે છે. ॥ ૨૩ ॥

जया ઇત્યાદિ, જ્યારે યોગોને રૂંધીને શૈલીશી પ્રાપ્ત કરીને ભવ ઉપગ્રાહી કર્મ ખપાવીને સિદ્ધિસ્થાન જે લોકાન્તે આવેલું છે, ત્યાં પોતે નીરજ એટલે સકલ કર્મ રજ રહિત થઈ મોક્ષ પ્રાપ્ત કરે છે. ॥ ૨૪ ॥ जया[1] ઇત્યાદિ જ્યારે કર્મ ખપાવીને નીર થઈ સિદ્ધિસ્થાનમાં જાય છે, ત્યારે ત્રણ લોકના અગ્રભાગે રહેનારો સિદ્ધ સ્વરૂપે કર્મ બીજના અભાવથી શાશ્વત થાય છે. ॥ ૨૫ ॥ ધર્મ ફળ નામનો છઠ્ઠો અધિકાર કહ્યો.

**सुहसायगस्स समणस्स सायाउलगस्स निगामसाइस्स ।**
**इच्छोलणापहोइस्स, दुलहा सोग्गइ तारिसगस्स ।। २६ ।।**

**तवोगुणपहाणस्स उज्जमइ-खंति-संजमरयस्स ।**
**परीसहे जिणंतस्स सुलहा सोग्गइ तारिसग्गस्स ।। २७ ।।**

**[पच्छा वि ते पयाया, खिप्पं गच्छंति अमरभवणाइं ।**
**जेसिं पिओ तवो संजमो य खंती य बंभचेरं च ।। १ ।। (प्र.)]**

**इच्चेयं छज्जीवणियं सम्मद्दिट्ठी सया जए ।**
**दुलहं लभित्तुं सामण्णं, कम्मुणा ण विराहेज्जासि ।। २८ ।।**

**त्ति बेमि ।। चउत्थं छज्जीवणियऽज्झयणं समत्तं ।। ४ ।।**

આ ધર્મફળ જેને દુર્લભ છે તેનાં લક્ષણ બતાવે છે.

सुह ઇત્યાદિ.

સુખ એટલે સંસાર સંબંધી વિષય. તેનો આસ્વાદક (વાંછક) સાધુ હોય. એટલે ફક્ત બહારથી સાધુ બનેલો હોય પણ સાતાકુલ એટલે ભવિષ્યમાં દેવાંગના વિગેરેનો રસિક હોય, તથા અતિશય નિદ્રાળું એટલે સૂત્રાર્થ ભણવાના વખતે મર્યાદા ઉલ્લંઘીને સુતો હોય તથા ઉત્સોલન, તે પાણી વગર વિચારે ઢોળી,

(૧) ઉત્તરા अ. ૩૩/૫૬

હાથ પગ વિગેરેને ખુબ સ્વચ્છ રાખે, તેવા સાધુને દુઃખે કરીને સિદ્ધિ સ્થાનરૂપ સુગતિ પ્રાપ્ત થાય અર્થાત્ વીતરાગની આજ્ઞા ઉલ્લંઘન કરનારા તે સાધુને મોક્ષ મળવો દુર્લભ છે. ॥ ૨૬ ॥ જેને ધર્મફળ સુલભ છે તે બતાવે છે.

તવોગુણ છઠ્ઠ, અઠ્ઠમ, વિગેરે તપમાં પ્રધાન હોય, ઋજુ મતિ એટલે સીધે માર્ગે ચાલવાની બુદ્ધિવાળો તથા ક્ષાંતિથી પ્રધાન એવા સંયમને તથા ભુખ તરસ વિગેરે ૨૨ પરિષહને સહે. તેને મોક્ષ નામની સુગતિ મળવી સુલભ છે. ॥ ૨૭ ॥

મહાન અર્થવાળી આ "છ જીવનિકાયિકા" છે. તેનો વિધિપૂર્વક ઉપસંહાર કરે. આ "છ જીવણીયા" નામનું જે ચોથું અધ્યયન છે, તેમાં બતાવેલ છ જીવનિકાયનું સ્વરૂપ વિગેરેસમજીને સમ્યગ્દષ્ટિ જીવ એટલે તત્ત્વમાં શ્રદ્ધાવાળો મુનિ સર્વદા પ્રયત્ન કરનારો, દુર્લભ એવું સાધુપણું પામીને જેમાં છ કાયનું રક્ષણ કરવાનું છે તેને મન વચન કાયાની ક્રિયા જે કર્મરૂપે છે.તેનાથી એટલે પ્રમાદ કરવાથી જીવોને દુઃખ ન દે, ન સંયમનું ખંડન કરે, કદાચ શાસ્ત્ર પ્રમાણે અપ્રમાદપણે વર્તતા છતાં જીવઘાત થાય, તો તે દ્રવ્યવિરાધના થાય પણ તે અવિરાધના સમાન જાણવી.

जले जीवाः स्थले जीवा, आकाशे जीवमालिनि । जीवमालाकुले लोके, कथं भिक्षुरहिंसकः ? ।। १ ।।

આ ગાથાથી જળમાં સ્થળમાં જીવો છે તથા જીવયુક્ત આકાશ છે તથા જીવ સમુદાયથી ભરેલું લોક છે. તેમાં ભિક્ષુક કેવી રીતે અહિંસક છે ? એ પ્રમાણે બોલનારાનું ખંડન કર્યું તથા સૂક્ષ્મ જીવોની હિંસા થતી નથી. તેથી અપ્રમાદી સાધુને જ્ઞાનપૂર્વક ક્રિયા કરતાં સંયમ પાળી શકે છે.આ પ્રમાણે હું કહું છું. વિગેરેપૂર્વ માફક જાણવું. આ ચોથા અધ્યયનના હવે પર્યાય શબ્દો બતાવવા નિર્યુક્તિકાર કહે છે.

जीवाजीवाभिगमो आयारो चेव धम्मपन्नत्ती । तत्तो चरित्तधम्मो चरणे धम्मे अ एगट्ठा ।। २३३ ।।

જીવ અજીવનું સ્વરૂપબતાવ્યું છે તેથી જીવા જીવાભિગમ છે. તથા બરોબર ધર્મનું સ્વરૂપ બતાવ્યાથી ધર્મ પ્રજ્ઞપ્તિ છે તથા ચારિત્રના નિમિત્તપણાથી તે ચારિત્રધર્મ છે. તથા ચરણના વિષયથી તે ચરણ છે અને શ્રુત ધર્મનો સાર હોવાથી તે શ્રુત ધર્મ છે. આ બધા શબ્દો એક અર્થવાળા છે. કેટલાક આચાર્યો હમણાં કહેલ સૂત્રના નીચે એનું વ્યાખ્યાન કરે છે. આ પણ અવિરુદ્ધ છે. અનુગમ કહ્યો. હવે નયનો સ્વરૂપ જોઈએ, તે પૂર્વ માફક જાણવું. ॥ ૨૮ ॥

મૂળ સૂત્રમાં पच्छावि ઇત્યાદિ ગાથા વચમાં છે. તેની સુગમતા વિગેરેના કારણથી તેની ટીકા નથી. છતાં દીપિકામાં અર્થ છે. માટે લખીએ છીએ. કોઈ વૃદ્ધ અવસ્થામાં પણ તત્ત્વ સમજીને દીક્ષા લે અને જેઓને તપ, સંયમ, ક્ષમા અને બ્રહ્મચર્યપ્રિય હોય તો તેઓ મોક્ષમાં ન જાય તો પણ થોડા કાળમાં સંયમ પાળીને દેવલોકમાં જાય છે. (અને પછી એક બે ભવ કરી મોક્ષમાં જાય.)

**ચોથું અધ્યયન સમાપ્ત**

* * *

# શ્રી દશવૈકાલિક સૂત્ર ભાષાન્તર

ભાગ - 3

જે તત્ત્વની પ્રાપ્તિ કરાવે છે, એવાં ગુરુભગવંતો પ્રત્યે અભાવ લાવીને તેઓનાં અવર્ણવાદ, નિંદા વગેરે કરવાં દ્વારા જે આત્મા પ્રત્યનીક બને છે. તેમની અવહેલના કરી તેમનાથી દૂર થઈ જાય છે. અર્થાત્ સદ્‌ગુરુ ભગવંતનો સંગ છોડી દેનારાં, ત્રીસ પ્રકારના મોહનીય સ્થાનોનું આસેવન કરનારાં. એકવીસ પ્રકારનાં સબળ સ્થાનોનો ઉપયોગ કરનારાં, સેવન કરનારાં, જે આચારહીન છે અર્થાત્ અસદાચારી જીવન જીવનારા છે. આ પ્રકારનું આચરણ કરવાનાં કારણે અસમાધિવંત થાય છે. અસમાધિનાં કારણે આર્ત્તરૌદ્રધ્યાનની પ્રાપ્તિ, આર્ત્તરૌદ્ર ધ્યાનમાં વર્તતા મૃત્યુ થઈ જાય. ત્યારે અનંત સંસારીપણું પ્રાપ્ત થઈ શકે છે.

મહાનિશિથ સૂત્રમાં કહ્યું છે –

હે ગૌતમ ! જે આત્મા મૈથુન સેવન કરવાવાળાં આત્માને વંદન કરે છે. તે આત્મા અઢાર હજાર સિલાંગ રથના ધારક મહાપુરુષોની મહાઆશાતના કરે છે. તીર્થંકરોની આદિ શબ્દથી ગણધરાદિની આશાતના કરે છે. જેનાં ફળ સ્વરૂપે તે આત્માને અનંત સંસારીપણું પ્રાપ્ત થાય છે.

જે આત્મા ચરણ સિત્તરી કરણ સિત્તરીથી યુક્ત આત્માની નિંદા કરે છે. તેઓનો ઉપઘાત કરે છે. કોઈપણ રીતે તેમને નુકસાન પહોંચાડે છે. તે પોતાના ગુણને, ચારિત્રને, મોક્ષસુખને નષ્ટ કરે છે, યા તેને પ્રાપ્ત નથી કરતા. જેનાથી તે આત્મા દીર્ઘ સંસારીપણું પ્રાપ્ત કરે છે. અનંત સંસારી બને છે. એવું રાજેન્દ્ર કોષનાં ભાગ-૧ પાના નં. ૮૧ ૩ ૫૨ લખ્યું છે. આગળ વિશેષતાથી કહ્યું છે કે –

જે સંવિગ્ન વિહારી છે, શાસ્ત્રોક્ત આચારોથી યુક્ત છે તેની પ્રશંસા કરે છે, તે સુલભબોધિ છે અને જે શિથિલ વિહારી છે, આચારહિન છે તેની પ્રશંસા અનુમોદના કરે છે તે અસુલભ બોધી છે તે દીર્ઘ સંસારી છે.

શાસ્ત્રોક્ત અનંત સંસારીપણાનાં કારણોને જોતાં સ્પષ્ટ દેખાય છે કે સદ્‌ગુરુઓની આશાતના અને અસદ્‌ગુરુઓની સ્તવના વંદના પરિપૂર્ણરૂપથી વર્જનીય છે. અસદ્‌ગુરુની સ્તવના વંદનાનો નિષેધ તેમની અવહેલના કરવા માટે નથી કર્યો પરંતુ તેમનાં પણ હિત માટ કર્યો છે, જેથી તે આત્મચિંતન કરી પોતાનામાં રહેલાં દોષોનું નિવારણ કરી શકે.

# पंचमं पिंडेसणडज्झयणं

## અથ પાંચમું અધ્યયન

(पढमो उद्देसओ)

હવે પિંડૈષણા નામનું પાંચમું અધ્યયન[1] કહે છે કે આ અધ્યયનનો પૂર્વના અધ્યયન સાથે આ પ્રમાણે સંબંધ છે. ચોથા અધ્યયનમાં સાધુનો આચાર, છ જીવ નિકાયને આશ્રયીને થાય છે, એવું કહ્યું હતું. અહીંયાં તો ધર્મકાય રહે છતે આ છ જીવ નિકાયની રક્ષા બને છે, અને ધર્મકાયને આહાર વિના સ્વસ્થતા મુખ્યત્વે ન રહે, એ આહાર દોષિત અને નિર્વદ્ય એમ બે પ્રકારે છે, તેમાં નિર્વદ્ય આહાર સાધુએ લેવો, એટલા માટે કહે છે,

**से संजए समक्खाए, निरवज्जाहारि जे विऊ । धम्मकायट्ठिए सम्मं, सुहजोगाण साहए ॥१॥**

તે સંયત છે, જે વિદ્વાન નિર્વદ્ય આહારને લે છે; અને ધર્મકાયમાં રહેલો સારી રીતે શુભ યોગોનો સાધક છે, આ સંબંધ વડે પાંચમું અધ્યયન આવ્યું છે, બીજી રીતે તેજ વાત ભાષ્યકાર મહારાજ કહે છે.

**मूलगुणा वक्खाया उत्तरगुणअवसरेण आयायं । पिंडज्झयणमियाणिं, निक्खेवे नामनिप्फन्नं ॥६१॥ भा.**

'મૂલ ગુણ' જે જીવહિંસાની વિરતિ વિગેરે છે, તે ચોથા અધ્યયનમાં સારી રીતે બતાવેલ છે, અને હવે ઉત્તર ગુણનો અવસર છે, તેથી આ પાંચમું અધ્યયન બતાવ્યું છે, અહીંયાં પણ અનુયોગ દ્વારનો વિષય છે. એ પૂર્વ માફક કહેવો. જ્યાં સુધી નામ નિષ્પન્ન નિક્ષેપો આવે. નામ નિક્ષેપામાં શું છે તે કહે છે, ॥૬૧ ભા.॥

**पिंडो अ एसणा य, दुपयं नामं तु तस्स नायव्वं । चउचउनिक्खेवेहिं, परूवणा तस्स कायव्वा॥२३४॥**

[2]પિંડ અને એષણા એ બે પદવાળું નામ છે તે પાંચમા અધ્યયનનું નામ પિંડૈષણા છે તેનો ચાર પ્રકારે બન્ને પદનો નિક્ષેપ કરવો. ॥૨૩૪॥

**नामंठवणापिंडो, दव्वे भावे अ होइ नायव्वो । गुडओयणाइ दव्वे, भावे कोहाइया चउरो॥२३५॥**

નામ પિંડ, સ્થાપના-પિંડ, દ્રવ્યપિંડ, ભાવપિંડ એમ ચાર ભેદો છે, નામ સ્થાપના સુગમ છે, દ્રવ્યપિંડમાં ગોળ, ભાત વિગેરે દ્રવ્ય છે, તે દ્રવ્ય પિંડ છે, અને ભાવપિંડમાં ક્રોધ, માન, માયા, લોભ એ ચાર છે, ॥૨૩૫॥

**पिंडि संघाए जम्हा, ते उइया संघया य संसारे । संघाययंति जीवं, कम्मेणट्ठप्पगारेण ॥२३६॥**

હવે તેના અન્વર્થ કહે છે. પિંડિ ધાતુ, એકઠું કરવાના અર્થમાં છે, જેથી તે એકઠા થયેલા, અને થતા વિપાક અને પ્રદેશ એ બન્નેના ઉદય વડે એકઠા થયેલા ક્રોધ વિગેરે સંસારી જીવોને ચાર ગતિમાં યોજે છે, પ્રશ્ન કોના વડે? ઉત્તર આઠ પ્રકારના જ્ઞાનાવરણીય વિગેરે આઠ કર્મ વડે જોડે છે, એટલા માટે ક્રોધ વિગેરે પિંડ છે, ॥૨૩૬॥

**दव्वेसणा उ तिविहा, सचित्ताचित्तमीसदव्वाणं । दुपयचउप्पयअपया, नरगयकरिसावणदुमाणं ॥२३७॥**

પિંડ કહ્યો, હવે એષણા કહે છે, નામ સ્થાપના સુગમને છોડીને દ્રવ્યૈષણા તે સચિત્ત, અચિત્ત અને મિશ્ર દ્રવ્યની ત્રણ ભેદે છે, સચિત્તમાં બે પગવાળાં, ચાર પગવાળાં તથા અપદવાળાં છે, તેમાં અનુક્રમે બે પગવાળાં નર છે, ચાર પગવાળાં પશુ છે, અપદમાં ઝાડ છે, સોનાનો સિક્કો લેવાથી અચિત્ત દ્રવ્યૈષણા છે, અને ઘરેણાથી શણગારેલી સ્ત્રી વિગેરે મિશ્ર દ્રવ્યૈષણા છે, હવે ભાવૈષણા કહે છે. ॥૨૩૭॥

**भावेसणा उ दुविहा, पसत्थ अपसत्थगा य नायव्वा । नाणाईण पसत्था, अपसत्था कोहमाईणं ॥२३८॥**

---

૧ તુલના–પિંડનિર્યુક્તિ ટીકા સાથે

૨ A આચારાંગ સૂત્ર ૧–૧–૧, B પિ.નિ. ગા. ૬

ભાવૈષણા બે પ્રકારની છે, (૧) પ્રશસ્ત (૨) અપ્રશસ્ત જાણવી, તેજ કહે છે કે જ્ઞાન વિગેરે ભણવું તે પ્રશસ્ત છે, અને ક્રોધ વિગેરે કરવા તે અપ્રશસ્ત છે, ॥૨૩૮॥

**भावस्सुवगारित्ता, एत्थं दव्वेसणाइ अहिगारो । तीइ पुण अत्थजुत्ती, वत्तव्वा पिंडनिज्जुत्ती ॥२३९॥**

હવે ચાલુ યોજનાને કહે છે, જ્ઞાન વિગેરેને ઉપકાર કરનાર દ્રવ્યૈષણા હોવાથી એના વડે જ અહીં અધિકાર છે. તેની અર્થ-યુક્તિ, ત્યજવા યોગ્ય અને ગ્રહણ કરવા યોગ્ય એમ બે પ્રકારે અર્થની યોજના કરવી. તે પિંડ નિર્યુક્તિ છે. (આ પિંડ નિર્યુક્તિનો અધિકાર અમે બીજી જગ્યાએ તે નામનો જુદો ગ્રંથ બનાવ્યો છે. ત્યાંથી જાણવું. ["પિંડ નિર્યુક્તિ" એ નામનો ગ્રંથ દેવચંદ લાલભાઈ તરફથી છપાયો છે.] આ પ્રમાણે ભદ્રબાહુ સ્વામી કહે છે. ટીકાકાર હરિભદ્ર સૂરિમહારાજે પિંડ નિર્યુક્તિની ટીકા જુદી કરેલી હોવી જોઈએ, તેને આશ્રયીને આ વચન છે.) ॥૨૩૯॥

**पिण्डेसणा य सव्वा संखेवेणोयरइ नवसु कोडीसु । न हणइ न पयइ, न किणइ कारावणअणुमईहि नव ॥२४०॥**

[1]હવે આ અધ્યયનનો શામાં અવતાર થાય છે તે કહે છે. પિંડૈષણા જેના બેતાલીસ ભેદ ઉદ્ગમ વિગેરે છે એ ટુંકાણમાં નવકોટીમાં અવતરે છે, તે આ પ્રમાણે છે (૧) પોતે ન હણે, ન રાંધે. ન ખરીદી કરે. અને બીજા પાસે ન હણાવે, ન રંધાવે, ન ખરીદી કરાવે, તથા મારનારા. રાંધનારા તથા ખરીદ કરનારાને આજ્ઞા ન આપે પ્રશંસા પણ ન કરે, એટલે કરાવવું અને અનુમોદવું તેનો પણ નિષેધ થયો, આ નવે પ્રકારની પિંડૈષણા બે પ્રકારે કરાય છે. ॥૨૪૦॥

**सा नवहा दुह कीरइ, उग्गमकोडी, विसोहिकोडी अ । छसु पढमा ओयरइ, कीयतियम्मी विसोहि उ ॥२४१॥**

[2]ઉદ્ગમકોટી અને વિશોધિકોટી છે. તેમાં હણવું, હણાવવું, અનુમોદવું, રાંધવું, રંધાવવું અને અનુમોદવું તે ઉદ્ગમકોટી અને તેજ અવિશોધિ કોટી છે એટલે તેમાં તેનો સમાવેશ થાય છે. અને પાછલા ત્રણ ખરીદવું, ખરીદાવવું અને ખરીદતાને ભલો જાણવો એ ત્રણ વિશોધિકોટીમાં સમાય છે. તેજ વાત ભાષ્યકાર કહે છે. ॥૨૪૧॥

**कोडीकरणं दुविहं, उग्गमकोडी विसोहिकोडी अ । उग्गमकोडी छक्कं, विसोहिकोडी अणेगविहा ॥६२॥भा.**

કોટી બે પ્રકારની છે. ઉદ્ગમકોટી અને વિશોધિકોટી છે. જેમાં ઉદ્ગમકોટી તે હણાવવું, વિગેરે પૂર્વે કહેલા છે. તે છ પ્રકારે છે. તેમાં આધાકર્માદિ વિગેરે જાણવું અને વિશોધિકોટીમાં ખરીદવું વિગેરે ત્રણ પ્રકારે છે. તે અનેક રીતે ઓઘ ઉદ્દેશિક વિગેરે છે તેમાં છ કોટી કહે છે. ॥૬૨॥ભા.।

**कम्मुद्देसिअचरिमतिग, पूइयं मीसचरिमपाहुडिआ । अज्झोयर अविसोही, विसोहिकोडी भवे सेसा ॥२४२॥**

[3]અવિશોધિકોટીના ૬ ભેદ છે તે બતાવે છે. (૧) કર્મ=આધાકર્મી આહાર (૨) ઉદ્દેશક=તેના છેલ્લા ત્રણ ભેદ [૧] સમુદ્દેશ=પાખંડી [૨] આદેશ=શ્રમણ [૩] સમાદેશ=નિર્ગ્રંથ (૩) પૂતિ=છેલ્લી બાદર પૂતિ લેવી. આધાકર્મથી મિશ્ર આહાર પાણી વગેરે હોય તે, (૪) મિશ્રજાત= પાખંડ, શ્રમણ, નિર્ગ્રંથ વગેરેનું સાથે બનાવેલ હોય તે (૫) બાદર પ્રાભૃતિકા=પોતાના ઇચ્છિત પૂજ્ય સાધુના બહુમાનના કારણે બનાવેલ (૬) અધ્યવપૂરક=પોતાના માટે બનાવેલ આહારમાં સાધુ-સાધ્વી માટે વધારે બનાવે. બાકીના વિશોધિકોટીમાં લેવા કે જે ક્રોધ પ્રામિત્ય વગેરે. હવે રાગાદિની યોજના વડે કોટીની સંખ્યા કહે છે. [અગ્નિના સંપર્કથી બને તે અવિશોધિ કોટીમાં ગણી શકાય]

**नव चेवट्ठारसगा, सत्तावीसा तहेव चउपन्ना । नउई दो चेव सया सत्तरिआ हुंति कोडीणं ॥२४३॥**

---

૧ ઉત્તરા. ૨૪/૧૧-૧૨

૨ A સ્થાનાંગ : ૯-૩, B પિ.નિ. : ૩૯૨ થી ૪૧૦

૩ A સ્થાનાંગ ૭-૫૪૫ વૃત્તિ. B પ્રવચન સારોદ્ધાર ૭૩૯-૭૪૩

**रागाई मिच्छाई, रागाई समणधम्म नाणाई । नव नव सत्तावीसा, नव नउईए य गुणगारा ॥२४४॥**

[1]નવ, અઢાર, સતાવીશ, ચોપન, નેવું તથા બસો સીતેર આનો ભાવાર્થ–પૂર્વાચાર્યના કહેવા પ્રમાણે આ રીતે છે. ઊપર કહેલા નવ કોટી રાગ અને દ્વેષ એ બેએ ગુણવાથી અઢાર થાય, અને તે નવકોટીને જ મિથ્યાત્વ અજ્ઞાન અને અવિરતિ વડે ગુણવાથી સત્તાવીસ થાય. તેને રાગ દ્વેષ વડે ગુણવાથી ચોપન થાય તથા તે નવને દશ પ્રકારના શ્રમણ ધર્મ વડે ગુણવાથી નેવું વિશુદ્ધ ભેદ થાય છે. તથા તેને જ્ઞાન–દર્શન–ચારિત્ર એ ત્રણ ભેદે ગુણવાથી બસો સીતેર થાય છે. આ નામ નિષ્પન્ન નિક્ષેપો થયો હવે સૂત્ર આલાપક નિષ્પન્ન નિક્ષેપાનો અવસર છે. વિગેરે ચર્ચા પૂર્વ માફક છે. સૂત્ર અનુગમમાં અસ્ખલિત ગુણયુક્ત ઉચ્ચારવું જોઈએ. તે આ પ્રમાણે છે. ॥૨૪૩–૨૪૪॥

**संपत्ते भिक्खकालंमि, असंभंतो अमुच्छिओ । इमेण कमजोगेण, भत्तपाणं गवेसए ॥१॥**

**से गामे वा नगरे वा, गोयरग्गओ मुणी । चरे मंदमणुव्विग्गो, अव्वक्खित्तेण चेअसा ॥२॥**

[2]સારી રીતે જાણવા વિગેરેથી વખત જતાં જ્યારે ગોચરી કાળ થાય ત્યારે સાધુએ જવું. આ કહેવાથી કાળ ન થયો હોય તો ગોચરી ન જવું. કારણ કે ગોચરી જવા છતાં રંધાયા વિના મળે નહિ. તથા પ્રભુની આજ્ઞાનો લોપ થાય. તથા દેખેલું ન દેખેલું તેનો વિરોધ થાય. (સાધુ માટે વહેલું રાંધી મૂકવાનો પ્રસંગ આવે અથવા ગોચરી ન મળે તો તેના ઊપર ક્રોધ આવે) હવે બરોબર વખત થયે ગોચરી જતાં આકુળ થવું નહિ, પણ ઉપયોગ રાખીને ચાલવું તથા પિંડ તથા મનોહર ગાયન વિગેરેમાં રસિક થઈ ઘેલા ન થવું. કારણ કે ફક્ત ગોચરીનું જ લક્ષ રહેવું જોઈએ. એમ નહિ, પણ પોતાની જે ક્રિયા કરવાની હોય તે કરીને જ ઉઠે, અને હવે પછીની ગાથામાં કહેવાતા લક્ષણોવાળા ક્રમ વડે સાધુને યોગ્ય ભાત, ઓસામણ વિગેરે શોધતો જાય. (૧) તે પ્રમાણે સંભ્રમ તે મૂર્છા રહિત થઈ ગામમાં, નગરમાં તથા પરાં વિગેરેમાં ગાયના ચરવાની માફક ચાલતો, ઉત્તમ, અધમ, મધ્યમ કુલોમાં રાગદ્વેષ કર્યા વિના ભિક્ષાટન કરે, અગ્ર એટલે પ્રધાન એવો મુનિ પોતે કોઈ સામે લાવીને અથવા આધા કર્માદિ દોષિત આહાર આપે તો પોતે ન લે. એવો તે મુનિ ભાવસાધુ છે. તે ધીમે ધીમે ચાલે, તેમ ઉદ્વેગ રહિત, (પ્રશાંત) એટલે પરિષહ વિગેરે દુઃખોથી ન કંટાળતાં, ચિત્ત બીજે ન રાખતાં પોતાની એષણામાં ઉપયોગ રાખી ચાલે. તેમાં વત્સ અને વાણીયાની બૈરીના દૃષ્ટાંતથી ગાયન વિગેરેમાં લક્ષ્ય ન રાખે. ॥૧–૨॥

**पुरओ जुगमायाए, पेहमाणो महिं चरे । वज्जेंतो (वज्जंतो) बीअहरियाइं, पाणे अ दगमट्टिअं ॥३॥**

[3]સામે યુગ માત્ર એટલે પોતાના શરીર પ્રમાણ અથવા ગાડાના ધૂંસરા પ્રમાણ જેટલી લાંબી દૃષ્ટિ જમીન ઊપર રાખી ચાલે, અને તેમાં બીજ, હરિત ત્યાગે. આ બે વસ્તુના કહેવાથી એમ જાણવું કે સાધુએ દેખીને પગ મૂકતાં તેમાં જો વનસ્પતિ પડી હોય તો તેના ઊપર પગ ન મૂકે, તથા પ્રાણ તે બે ઈન્દ્રિય વિગેરે હાલતાં ચાલતાં નાના મોટાં જન્તુ કે જીવો હોય તે દેખે, તથા પાણી અને માટી અને તેથી જ અગ્નિ અને વાયુ પણ જાણવા. અર્થાત

---

૧ પિ.નિ. ૪૦૦; ૧ હણવું ૨ હણાવવું ૩ અનુમોદવું
૧ રાંધવું ૨ રંધાવવું ૩ અનુમોદવું } ૯
૧ વેચાતું લેવું ૨ લેવરાવવું ૩ અનુમોદવું

૯x૨ રાગ–દ્વેષ=૧૮, ૯x૩ અજ્ઞાન–અવિરતિ–મિથ્યાત્વ=૨૭x૨=રાગ–દ્વેષ=૫૪;

૯x૧૦ શ્રમણધર્મ=૯૦x૩ દર્શન–જ્ઞાન–ચારિત્ર=૨૭૦

૨ A ઉત્તરા.અ. ૨૬ ગાથા ૧૨/૩૫, ૨/૨૮

B બૃહત્ત. ૩૦–૨૧

C નિશીથ ઉ. ૧૨; D સ્થાનાંગ ૯/૬૨; E અ.રાજેન્દ્ર કોષ ભાગ ૩, પૃ. ૩૭૬

૩ A ઉત્તરા.અ. ૨૪–૭; B ઉત્તરા. બૃ.વૃ. ૨૪–૭

સાધુ પોતે પગ મૂકતાં નીચે જુવે અને બાજુમાં જુવે કે મારાથી એકેન્દ્રિય થી પંચેન્દ્રિય સુધી કોઈપણ જીવ દુઃખ ન પામે. આ ગાથામાં જે દૃષ્ટિનું માપ બતાવ્યું છે તેનાથી લાંબી દૃષ્ટિએ દેખે તો બરોબર જીવ રક્ષા ન થાય, અને ઘણું નજીક જોવું બનવું અશક્ય છે, માટે ધીમેથી જોઈને ચાલે. ॥૩॥

**ओवायं विसमं खाणुं, विज्जलं परिवज्जए । संकमेण न गच्छेज्जा, विज्जमाणे परक्कमे ॥४॥**

ત્રીજી ગાથામાં પરજીવની રક્ષા બતાવી અને આ ગાથામાં સ્વરક્ષા બતાવી કે પોતે અવપાત એટલે ખાડા વિગેરેને ન કુદે તથા વિષમ એટલે ઊંચી નીચી જગ્યા હોય તો દેખીને ચાલે કે ઠોકર ન લાગે, તથા સ્થાણુ સુકા ઝાડનું ઠુંઠું દેખીને ચાલે કે જેથી લાગે નહિ, તથા વિજલ એટલે પાણી વિનાનો કાદવ હોય તો તેમાં પણ ન ચાલે. સંક્રમ એટલે પાણી ઓળંગવાના પથરા, લાકડાં લોકોએ ગોઠવ્યાં હોય તો તેના ઊપર પણ ન ચાલે. પડતાં પોતાને લાગે, પાતરાં ફુટે તથા પાણીમાં પડતાં તેમાં રહેલા જીવોની વિરાધના થાય. જો બીજો રસ્તો ન હોય અને ખાસ જવાની જરૂર હોય તો તે માર્ગે સંભાળીને જાય, પણ ચાલવાની શક્તિ હોય, અને બીજો સારો રસ્તો દૂર હોય તો પણ સારે રસ્તે જાય. ॥૪॥

**पवडंते व से तत्थ, पक्खु(ख)लंते व संजए । हिंसेज्ज पाणभूयाइं, तसे अदुव थावरे ॥५॥**

ખાડા વિગેરેમાં ચાલતાં શું દોષ થાય તે કહે છે. ખાડામાં પડે અથવા ઠોકર ખાય તો પોતાને તથા ખાડામાં રહેલા બે ઈન્દ્રિય વિગેરે જીવોને પીડા કરે તથા એકેન્દ્રિય જીવોને પીડા કરે એટલે ત્રસ અને સ્થાવર એ બન્નેને ખાડામાં ચાલવાં જતાં દુઃખ દે, તથા પોતાનાં પણ હાડકાં ભાંગે ॥૫॥

**तम्हा तेण न गच्छिज्जा, संजए सुसमाहिए । सइ अन्नेण मग्गेण, जयमेव परक्कमे ॥६॥**

તેટલા માટે ભગવાનની આજ્ઞામાં રહેલો સાધુ ઊપર કહેલા ખાડા વિગેરેના માર્ગે બીજો માર્ગ હોય તો તેવા માર્ગે ન જાય, પણ માર્ગના અભાવે અથવા લાંબે દૂર જવાની શક્તિ ન હોય તો તે માર્ગે સંભાળીને ચાલે, પણ પોતાને કે બીજા જીવોને પીડા ન થાય, તેમ યત્નાથી ચાલે. ॥૬॥

**इंगालं छारियं रासिं, तुसरासिं च गोमयं । ससरक्खेहिं पाएहिं, संजओ तं न अक्कमे (नइक्कमे) ॥७॥**

હવે વિશેષ પ્રકારે પૃથ્વીકાયની યતના કહે છે. કોલસાની રાશિ (સમૂહ) તથા ખારનો તથા ચોખાના ફોતરાનો તથા છાણાનો સમૂહ હોય ત્યાં સચિત્ત પૃથ્વીની રજ વિગેરેથી ખરડાયેલા પોતાના પગ હોય તો તેમાં ન ચાલે કે પોતાનાથી તે ઢગલામાં ચાલતાં પૃથ્વીકાયની વિરાધના ન થાય. ॥૭॥

**न चरेज्ज वासे वासंते, महियाए वा पडंतिए । महावाए व वायंते, तिरिच्छसंपाइमेसु वा ॥८॥**

આ સૂત્રમાં પાણીના જીવોની રક્ષા બતાવે છે. જ્યારે **વરસાદ પડે** ત્યારે સાધુ બહાર ન નીકળે, અને નીકળ્યો હોય તો ઢાંકેલી જગ્યાએ ઊભો રહે અથવા **ઝીણી ફરફર પડે** ત્યારે પણ ન નીકળે, અથવા **જોરથી વાયરો વાતો** હોય તો સાધુ બહાર ન નીકળે, કારણ કે તેમાં જમીનની સચિત્ત રજ ઉડીને શરીર સાથે અથડાતાં પીડા પામે અથવા ઉડતાં પતંગ વિગેરે આથડી ને મરે, તેથી કોઈપણ વખત અસનિ રૂપે (ઝપાટાબંધ) ન ચાલે, (ટીપ્પણમાં લખ્યું છે. ઈતિરૂપ છે, તે પૂર્વમાં બતાવેલ પતંગ વિગેરે વચમાં આવે છે તેથી એમ જાણવું કે સાધુ એવી રીતે ચાલે કે તેનો ઘાતક ન થાય.) ॥૮॥

**न चरेज्ज वेससामंते, बंभचेरवसाणु(ण) ए । बंभयारिस्स दंतस्स, हुज्जा तत्थ विसो(सु)त्तिआ ॥९॥**

પ્રથમ વ્રતની યતના કહી. હવે ચોથા વ્રતની યતના કહે છે, વેશ્યાના ઘર નજદીકમાં સાધુ ગોચરી ન જાય. ત્યાં જવાથી વ્રતનો ભંગ થાય. જે સાધુ બ્રહ્મચર્ય એટલે 'મૈથુન-વિરતિરૂપ' પાળવા ચાહે છે. તે જો વેશ્યાના ઘર તરફ જાય તો તેના દર્શનથી ચિત્તમાં વ્યાક્ષેપ થાય અને મલિન ધ્યાનરૂપ કચરાથી જ્ઞાન અને શ્રદ્ધા રૂપ નિર્મળ

જળને વિઘ્ન રૂપ થાય અને તે સાધુ દાંત એટલે ઇન્દ્રિયને વશ કરનાર હોય તો પણ તે ભૂલી જાય. ॥૯॥

**अणायणे चरंतस्स, संसग्गीए अभिक्खणं । हो(हु)ज्ज वयाणं पीला, सामण्णम्मि य संसओ ॥१०॥**

પૂર્વની ગાથામાં વેશ્યાના મોહલ્લામાં જતાં દોષ બતાવ્યા હવે આ ગાથામાં વારંવાર ચારિત્રને શાથી દોષ લાગે છે તે બતાવે છે. [1]અનાયત એટલે વેશ્યા અથવા દુરાચારીનું સ્થાન ત્યાં વારંવાર જતાં ત્યાંના સંસર્ગથી પ્રાણાતિપાતવિરતિ વિગેરે મહાવ્રતોને દૂષણ લાગે છે. તથા તે દુષ્ટોના કુવચનથી ચિત્તમાં વિક્ષેપ થવાથી ઉત્તમ ભાવો બદલાઈ જાય છે. અને સાધુપણું મૂકી દેવાના તે વખતે ભાવ થાય છે, તથા સાધુ ધર્મનું ભવિષ્યમાં ફળ મળશે. તેમાં પણ સંશય થાય છે. આ સંબંધમાં પૂર્વાચાર્યો આ પ્રમાણે કહે છે. વેશ્યા વિગેરે સ્ત્રીને દેખવાથી બ્રહ્મચર્ય નું ખંડન કરવાનું મન થાય છે. તથા તેને સુંદર દેખીને તેમાં ચિત્ત લીન થતાં શુદ્ધ ગોચરી લેવાનું ભૂલતાં સચિત્ત લેતાં હિંસાનો દોષ આવે છે. તથા વાતચિતમાં બીજી વાત કરતાં જુઠ બોલવાનો દોષ લાગે છે, તથા જિનેશ્વરે વેશ્યાના દર્શનનો નિષેધ કરેલો હોવાથી તેને દેખતાં અદત્તાદાન (ચોરી)નો દોષ લાગે છે. તેના રૂપથી પ્રેમ થતાં પરિગ્રહનો દોષ લાગે છે. આ પ્રમાણે **વેશ્યા અથવા ખરાબ સ્ત્રીના ઘરમાં ગોચરી વાસ્તે જતાં સાધુના પાંચે મહાવ્રતોનો ભંગ થાય છે.** (સ્ત્રીને વિકારથી જોવામાં પણ પાંચે મહાવ્રતોનો ભંગ થાય છે.) ॥૧૦॥

**तम्हा एयं विआणित्ता, दोसं दो(दु)ग्गइवड्ढणं । वज्जए वेससामंतं, मुणी एगंतमस्सिए ॥११॥**

હવે ઊપરની બે ગાથામાં જે કહ્યું તેનું નિગમન (સાર) બતાવે છે કે આ પ્રમાણે દુર્ગતિના દોષોને વધારનાર વેશ્યા વિગેરેના સ્થાનને જાણીને એકાન્ત જે મોક્ષ છે તેનો આશ્રય કરીને એ દુરાચાર (વેશ્યા વિગેરે) ના સ્થાનને ત્યાગે. વાદીની શંકા=પહેલા વ્રતની વિરાધના બતાવ્યા પછી એકદમ ચોથા વ્રતની વિરાધના શા માટે બતાવી? આચાર્યનો ઉત્તર. તેનું પ્રધાનપણું બતાવવાને માટે, કારણ કે **ચોથા વ્રતની વિરાધના બીજા વ્રતોની વિરાધના કરતાં વધારે દુઃખદાયી છે.** તે થોડામાં બતાવ્યું છે. હવે બીજું વિશેષ કહે છે. ॥૧૧॥

**साणं सूयं (सूइअं) गाविं, दित्तं गोणं हयं गयं । संडिम्भं कलहं जुद्धं, दूरओ परिवज्जए ॥१२॥**

સાધુ ગોચરી જાય, ત્યારે સંભાળ રાખવી કે, રસ્તામાં કુતરૂં, નવી વિયાએલી ગાય તથા મદોન્મત આખલો તથા ઘોડો કે હાથી ઉભાં હોય, અથવા સંડિતા એટલે બાળકોને રમવાનું સ્થાન તથા (કલહ) કજીઆનું સ્થાન તથા લશ્કરને લડવાનું સ્થાન આ બધી જગ્યાઓ તથા પૂર્વે કહેલાં પશુઓ વગેરેનું સ્થાન સાધુની સમાધિમાં વિઘ્ન કરે છે. માટે તેનાથી સાધુએ ચાલતાં દૂર રહેવું. ॥૧૨॥

**अणु(नु)न्नए नावणए, अप्पहिट्ठे अणाउले । इंदिआइं(णिं) जहाभागं, दमइत्ता मुणी चरे ॥१३॥**

હવે ચાલવાની વિધિ કહે છે. અનુન્નત-એટલે દ્રવ્યથી આકાશમાં દેખતો ન ચાલે, તેમ ભાવથી ઊંચ કુલનો ગર્વ કરતો ન ચાલે, તેમ અનવનત એટલે દ્રવ્યથી નીચું દેખતો ન ચાલે, અને ભાવથી લબ્ધિ વિનાનો હોવાથી દીનપણું બતાવતો ન ચાલે, અપ્રહૃષ્ટ એટલે હસવું નહિ, તથા અનાકુલ એટલે ક્રોધાદિ રહિત તથા ઇન્દ્રિયોને 'જહા ભાગં' એટલે યથાયોગ્ય બને તેટલી દમન કરીને મુનિ ચાલે, આ પ્રમાણે ન ચાલે તો ઘણા દોષો લાગે છે. તે બતાવે છે. જેમ કે આકાશમાં જોતો ચાલે તો લોકો તેની હાંસી કરે, કે ત્યાગી થઈને ઊંચે શું જોતો હશે? તથા અભિમાન કરવાથી ઈર્યાસમિતિ ન પાળે તથા ઘણુ નીચું જોઈને ચાલે તો લોકો કહેશે કે આ કોઈ બગલાની માફક ઠગ છે અને દીનપણું બતાવે તો તેને લોકો ક્ષુદ્ર સત્ત્વ (રાંકડો) ગણી લે. હસતો ચાલે તો કોઈ બાઈના સગાં વહાલાંને શક આવે કે તેને જોઈને હસે છે, તથા આકુળ ચાલે તો તેમાં પણ તેજ દોષ આવે, અને ઇન્દ્રિયોનું દમન ન કરે, તો તે દીક્ષાને અયોગ્ય છે. ॥૧૩॥

૧ ઓઘ.નિ. ગા.૭૬૪

**दवदवस्स न गच्छेज्जा, भासमाणो य गोअरे । हसंतो नाभिगच्छेज्जा, कुलं उच्चावयं सया ॥१४॥**

સાધુ જોરથી દોડતો ન ચાલે, તથા વાતો કરતો ન ચાલે, તથા હસતો પણ ન ચાલે, તથા ઊંચનીચના ઘર આવે તો તેમાં ગોચરી જાય, હવે ઊંચ ઘર બે પ્રકારે છે (૧) દ્રવ્યથી ઊંચ તે ઘણા માળનાં ઊંચાં તથા ધોળેલાં (રંગેલા) તથા ભાવથી ઊંચ તે જાતિઓ કરીને ઊંચ જાણવાં. તે પ્રમાણે નીચ પણ બે પ્રકારનાં છે. દ્રવ્યથી નીચ. તે ઝુંપડામાં રહેનાર અને ભાવથી નીચ તે હલકી જાતિના છે, તેમાં ગોચરી જાય. આ વિધિ ન પાળે, તો દોડતો જતાં પડવાથી, પોતાને નુકસાન તથા રસ્તામાં બીજાને લાગતાં, પરને દુઃખ માટે સાધુએ બન્નેને બચાવવા ઉપયોગથી ચાલવું, તથા નીચ ઊંચનો ભેદ રાખે તો ગૃહસ્થને સાધુ ઊપર રાગદ્વેષ થાય, ॥૧૪॥

**आलोयं थिग्गलं दारं, संधिं दगभवणाणि य । चरतो न विणि(नि)ज्झाए, संकट्ठाणं विवज्जए ॥१५॥**

ગોચરી જતાં સાધુએ આલોક (ઝરૂખા ગોખ) થીંગલ (ચણી નાખેલી બારી) બારણું સંધિ (ઘર ના સાંધા) તથા પાણીઆરૂ વિગેરે શંકાના સ્થાન છે ત્યાં ન જોવું. કારણ કે ઘરમાં કંઈ નુકશાન થાય તો સાધુ ઊંપર શક આવે એ બધાં પ્રાયે શંકાના સ્થાન છે તેથી સાધુએ તજવાં. ॥૧૫॥

**रण्णो गहवईणं च, रहस्सारक्खियाणि य । संकिलेसकरं ठाणं, दूरओ परिवज्जए ॥१६॥**

ચક્રવર્તી વિગેરે મોટો રાજા હોય તથા મોટો શેઠીયો હોય તેનાં વાતચીત કરવાના ગુપ્ત સ્થાન હોય તથા કોટવાલનાં સ્થાન હોય અથવા સંક્લેશનાં સ્થાન હોય તેને સાધુ દૂરથી તજે કારણ કે, મોટા પુરુષોના ઘરમાં, અનેક પ્રકારની છાની વાર્ત હોય તે જાહેર ન થવા દેવા માટે તેઓ બંદોબસ્ત રાખે છે. તેમાંની વાત બહાર પડે તો સાધુ ઊપર શક આવે છે. અને તેથી સાધુને પીડા પણ કરે. ॥૧૬॥

**पडिकुट्ठकुलं न पविसे, मामगं परिवज्जए । अचियत्तकुलं न पविसे, चियत्तं पविसे कुलं ॥१७॥**

[1]જે ઘરો નિષેધ કરવા યોગ્ય હોય તે કહે છે. થોડા કાળ માટેનાં તે સુતકવાળાં ઘરો તથા ઘણા કાળ માટેનાં તે જે ઘરવાળે અનાચાર કરવાથી લોકોએ તજેલાં હોય તે ઘરમાં સાધુ ગોચરી ન જાય. જાય તો જૈન ધર્મની લોકો નિંદા કરે તથા કોઈ ગૃહસ્થ એમ કહે કે મારા ઘરમાં ન આવવું, તો ત્યાં ન જાય. તેમ જેને દેખવાથી, સાધુ ઊપર અપ્રીતિ થાય એટલે જો કે તેઓ મોંઢે કાંઈ કારણને લઈને ના ન કહે પણ મન મેલું કરે તો ત્યાં સાધુએ ગોચરી ન જવું, પણ ચિયત્ત એટલે જેમને દાન આપતાં ધર્મ ભાવના વધે ત્યાં ગોચરી જતાં તેથી દાન દેનારને પણ મહાન પુન્ય બંધાય છે. ॥૧૭॥

**साणी-पावारपिहियं, अप्पणा नावपंगुरे । कवाडं नो पणोल्ले(णुल्लि)ज्जा, ओ(उ)ग्गहं सि अजाइया॥१८॥**

સાણી ટાટનો અથવા કપડાનો પડદો હોય અથવા પ્રાવાર એટલે કામળ વિગેરેના પડદાથી બારણું ઢાંકેલું હોય તો સાધુ પોતાના હાથે ન ઉઘાડે કારણ કે પડદો કરીને ગૃહસ્થ લોક કંઈપણ કાર્ય કરતા હોય અથવા ખાતા હોય તો તે ખુલ્લું થવાથી તેમને અપ્રીતિ થાય તેમ કમાડ ઢાંકેલું હોય તો પણ પૂર્વના દોષ હોવાથી સાધુએ ન ઉઘાડવું. **ખાસ જરૂર પડે તો જોરથી ધર્મલાભ એવો ઉચ્ચાર કરી ઉઘડાવવું પણ તેને જાણ કર્યા વિના એકદમ ઉઘાડીને ન જવું.** એનો ભાવાર્થ આ રીતે છે કે, પડદો ઉઘાડવો નહિ, બારણુ ધકેલવું નહિ, તેમ આજ્ઞા વિના ઘરમાં દાખલ થવું નહિ, ( આ અજાણ્યા ઘરોમાં અપ્રીતિ ન થાય તેને માટે વિધિ છે, **જાણીતા ઘરોમાં પણ વિવેક રાખી જવું**,)॥૧૮॥

**गोयरग्गपविट्ठो उ, वच्च-मुत्तं न धारए । ओगासं फासुयं नच्चा, अणुन्नविअ वोसिरे ॥१९॥**

---

૧ A આચારાંગ ચૂ. ૧-૨૩ B નિશીથ ૧૬-૨૭

[1]ગોચરીમાં ગએલો સાધુ ઝાડા પેશાબને ન રોકે (એટલે રોગાદી કારણે અથવા ઉપયોગ શૂન્ય રહેવાથી)કારણ કે તે વખતે ગોચરીમાં શંકા થાય તો બીજા સાધુને પાતરાં સોંપી ગૃહસ્થના ઘરમાં જ્યાં નિરવદ્ય વાડો વિગેરે હોય ત્યાં દેખીને આજ્ઞા લઈને ઝાડો પેશાબ કરે આ સંબંધમાં વૃદ્ધ પુરુષો આ પ્રમાણે કહે છે સાધુએ ગોચરી જતાં પહેલાં ઝાડા પેશાબનો ખુલાસો કરીને જવું છતાં પાછળથી શંકા થાય તો તેને રોકવો નહિ. જો પેશાબ રોકે તો આંખને નુકશાન થાય અને ઝાડો રોકે તો ભયંકર રોગથી જીવ ઘાત થાય. આ બન્ને શરીરને નુકશાન કર્તા છે. માટે સોબતી હોય તેને પાતરાં વિગેરે સોંપીને યોગ્ય સ્થાનમાં અચિત્ત પાણી લઈ જઈને વિધિએ ઝાડો પેશાબ કરે. આ સંબંધમાં ઓઘ નિર્યુક્તિ નામના સૂત્ર માં વિશેષ ખુલાશો છે ત્યાં જોવો. ॥૧૯॥

**नीय(णीय)दुवारं तमसं, कोट्ठगं परिवज्जए । अचक्खुविसओ जत्थ, पाणा दुप्पडिले(हा)हगा ॥२०॥**

નીચો દરવાજો હોય તથા અંધારાવાળો ઓરડો હોય તેમાં સાધુ ગોચરી ન લે કારણ કે તેમાં પડેલી ચીજ અંધારાને લીધે ન દેખાય તેથી ચીજ લેવા જતાં દેખીને ચાલવું કે લેવું તે ન બને, અને તેથી પોતાને કે બીજાને દુઃખ થવાનો પ્રસંગ આવે એ પ્રમાણે જ્યાં પોતાની આંખ કામ ન કરે ત્યાં જીવ રક્ષા ન થાય, માટે તેવા સ્થાનમાં ન જવું. ॥૨૦॥

**जत्थ पुप्फाइं बीयाइं, विप्पइण्णा(न्ना)इं को(कु)ट्ठए । अहुणोवलित्तं ओ(उ)ल्लं, दट्ठूणं परिवज्जए ॥२१॥**

જ્યાં ફૂલો અનેક જાતનાં જાઈ, ગુલાબ, મોગરો વિગેરે પડેલાં હોય, અથવા બીજ તે ડાંગર, ઘઉં વીખેરેલાં કોઠારમાં અથવા દરવાજામાં પડેલાં હોય, અથવા તુરતનું લીપેલું ભીનું હોય તો, ત્યાં સાધુ તેવું જોઈને તેમાં દાખલ ન થાય, કારણ કે, બીજા જીવની હિંસા થાય તો સંયમનો ઘાત થાય, અને પોતાને, લાગે તો આત્મઘાત થાય, ॥૨૧॥

**एलगं दारगं साणं, वच्छगं वावि कोट्ठए । उल्लंघिया न पविसे, विऊहित्ताण व संजए ॥२२॥**

પેસતાં મેષ (બકરો) બેઠેલો હોય, નાનું બાળક હોય, કુતરૂં હોય, વાછરડો હોય અને તે વચમાં બેઠેલા હોય, તો તેને ઓળંગીને સાધુ ન જાય, તથા પ્રેરણાથી ઉઠાડીને પણ ન જાય, કારણ કે તેમાં બેસનાર જનાવર વિગેરેને તથા પોતાને પડી જવાનો ભય રહે, ॥૨૨॥

**असंसत्तं पलोए(इ)ज्जा, नाइदूरावलोयए । उप्फुल्लं न विणिज्झाए, नियट्टे(ट्टि)ज्ज अयंपिरो ॥२३॥**

ગૃહસ્થના ઘરમાં સ્ત્રીની સાથે દૃષ્ટિ મેલાપ ન કરે, કરવાથી રાગનું કારણ થાય, લોક નિંદા કરે, તેમ ઘરમાં પેસી લાંબી દૃષ્ટિ ન કરે કારણ કે, ચોર વિગેરેની શંકા થાય, તેથી આપનાર જ્યાંથી વસ્તુ લઈને આપે તેટલે દૂર દેખે, તથા ઘરના માણસો જેઓ આનંદમાં બેઠા હોય, તેમને પણ ન દેખે, કારણ કે સાધુના મલીન વેષથી તેને અપ્રીતિ થાય. તેથી જૈન ધર્મની નિંદા કરે, અને આહાર ન મળે તો આપનારની નિંદા કર્યા વિના સાધુ પાછો વળે, ॥૨૩॥

**अइभूमिं न गच्छेज्जा, गोयरग्गगओ मुणी । कुलस्स भूमिं जाणित्ता, मियं भूमिं परक्कमे ॥२४॥**

ગોચરીમાં ગએલો સાધુ ગૃહસ્થના ઘરમાં જેટલી મર્યાદા બાંધી હોય, તેનાથી અધિક દૂર ન જાય, તેથી તેના ઘરની મર્યાદા જાણીને તે માપવાળી ભૂમિ સુધી જાય, જેથી દાન દેનારને અપ્રીતિ ન થાય, ॥૨૪॥

**तत्थेव पडिलेहेज्जा, भूमिभागं वियक्खणो । सिणाणस्स य वच्चस्स, संलोगं परिवज्जए ॥२५॥**

[2]ત્યાં ઉભા રહેવાની જગ્યામાં શાસ્ત્રમાં બતાવેલી વિધિએ વિચક્ષણ સાધુ જમીનને દેખીને ઉભો રહે, પણ

૧ ઓ.નિ. ગા. ૧૯૭

૨ ઓ.નિ. ૪૭૭

ગૃહસ્થની સ્નાન (નાહવાની જગ્યા) તથા જાજરૂ (પેશાબની) જગ્યા તરફ ન જુવે, કારણ કે ત્યાં સ્ત્રી વિગેરે ઉઘાડાં બેઠાં હોય તો તેને દુ:ખ થાય, ઘરવાળાં માણસોને પણ શંકા થાય, અથવા પોતાને પણ મોહ થાય, વિચક્ષણ શબ્દથી જાણવું, કે **ગોચરીમાં વિદ્વાન સાધુએ જવું, અને તેથી અગીતાર્થનો નિષેધ કર્યો** ।।૨૫।।

**दगमट्टियआयाणे, बीयाणि हरियाणि अ । परिवज्जेंतो चिट्ठे(ट्ठि)ज्जा, सव्विंदियसमाहिए ।।२६।।**

પાણી કે માટીને લાવવાનો રસ્તો હોય, તથા વચમાં બીજ કે વનસ્પતિ પડ્યાં હોય તો તે જોઈને તેને પીડા ન થાય તેમ પોતાની બધી ઇન્દ્રિયો કબજે રાખીને ઉભો રહે. ।।૨૬।।

**तत्थ से चिट्ठमाणस्स, आहरे पाणभोयणं । अकप्पियं न गेण्हेज्जा, पडिगाहेज्ज कप्पिअं ।।२७।।**

ત્યાં ઉભો રહેલો સાધુ પાણી અને ભોજન લે, પણ સાધુને ન કલ્પે તેવું ન લે; અને જે કલ્પે તેજ લે, તેમાં આ વિધિ છે, ।।૨૭।।

**आहरंती सिया तत्थ, परिसाडेज्जं भोयणं । दैंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ।।२८।।**

[1]વહોરાવનારી બાઈ સાધુને દાન આપતાં માર્ગમાં છાંટા પાડતી વહોરાવે તો સાધુ એની પાસે દાન ન લે, અને કહે કે અમને તેવું દાન ન કલ્પે, છતાં તે પૂછે કે તેમાં શું દોષ છે, તો મધુબિંદુનું દૃષ્ટાંત કહેવું, (ટીપ્પણમાં લખ્યું છે કે મધુ શબ્દ ક્ષીર, જળ અને મધના અર્થમાં વપરાય છે, એવું હેમચંદ્રાચાર્ય કોષમાં કહેલ છે, તેથી ખીરનું દૃષ્ટાંત જાણવું તે આ પ્રમાણે છે, ખીરનું ટીપું નીચે પડયું, ત્યાં માખી આવી. તેના પછવાડે ઘરોળી આવી, ત્યાં બિલાડી આવી, ત્યાં કુતરૂં આવ્યું, બિલાડી પાળેલી હોવાથી માલિકે કુતરાને માર્યું, તેથી કુતરાના માલિકની સાથે લડાઈ થઈ, આ એક ટીપાના કારણે બન્ને માલિકો વચ્ચે લડાઈ થઈ, માટે જો છાંટા પાડતી બાઈ વહોરાવે તો સાધુએ લેવું નહિ) વળી સૂત્રમાં બાઈ શબ્દ લેવાનું કારણ એ છે કે પ્રાય:, ઘરમાં દાન આપનાર બાઈ જ હોય છે. પણ તેથી પુરુષ પણ દાન આપતાં નીચે છાંટા પાડે તો તેની પાસેથી પણ આહાર ન લેવો, અને **તેને પણ દોષ સમજાવવો.** ।।૨૮।।

**संमद्दमाणी पाणाणि, बीयाणि हरियाणि य । असंजमकरिं नच्चा, तारिसं परिवज्जए ।।२९।।**

દાન આપનારી બાઈ ચાલતાં જો વચમાં કીડી, મંકોડી વિગેરે પ્રાણી હોય તેને દુ:ખ દેતી ચાલે, અથવા વચમાં દાણા કે વનસ્પતિ પડેલાં હોય તેને દાબતી ચાલે તો તેને સાધુના કારણે અસંયમકારી એટલે જીવોને પીડનારી સમજી તેની પાસેથી આહાર ન લે, અને કહે કે આવી રીતે દાન આપનાર પાસેથી અમોને લેવું ન કલ્પે. ।।૨૯।।

**साहट्टु निक्खिवित्ताणं, सच्चि(चि)त्तं घट्टियाण(णि) य ।**
**तहेव समणट्ठाए, उदगं संपणो(णु)ल्लिया ।।३०।।**

કોઈ બાઈ એક વાસણમાંથી લઈ બીજા વાસણમાં નાખીને વહોરાવે તો ન લેવું, તેના નિચે મુજબ ભેદ છે.

**[2]तं फासुगमवि वज्जए, तत्थ फासुए फासुयं साहरइ फासुए अफासुअं साहरइ अफासुए फासुयं साहरइ अफासुए अफासुअं साहरइ, तत्थ जं फासुअं फासुए साहरइ तत्थवि थेवे थेवं साहरइ थेवे बहुअं साहरइ, बहुए थेवं साहरइ बहुए बहुअं साहरइ, ।एवमादि यथा पिण्ड निर्युक्तौ।**

તેમાં પ્રાસુક (અચિત્તમાં) પ્રાસુક નાંખે, પ્રાસુકમાં અપ્રાસુક નાંખે, અપ્રાસુકમાં પ્રાસુક નાંખે, તથા અપ્રાસુકમાં અપ્રાસુક નાંખે તેમાં પણ થોડામાં થોડું, થોડામાં ઘણું, ઘણામાં થોડું, અને ઘણામાં ઘણું નાંખે, આ વાતને પિંડ નિર્યુક્તિમાંથી જાણવી. (આમાં એમ કહેવાનું છે કે, સાધુ નિમિત્તે જો બીજું વાસણ બગાડે, તો કાચા પાણીએ

૧ પિંડ નિ. ગા. ૬૨૮
૨ પિં.નિ. ૫૫૮

ધોવાથી સાધુને દોષ લાગે, તેમ એકમાં બીજી વસ્તુ નાંખવાથી જે ક્રિયા થાય તેનો દોષ સાધુને લાગે) તથા ન દેવા લાયક વાસણમાં મૂકેલી વસ્તુ સચિત્ત વસ્તુમાં મૂકીને આપે, અથવા સચિત્ત વસ્તુને અડકીને આપે, અથવા સાધુને માટે કાચા પાણીને આમ તેમ હલાવીને આપે તેથી તે જીવોને દુઃખ થવાથી સાધુ તેવી ગોચરી ન લે. ॥૩૦॥

**आ(ओ)गाहइत्ता चलइत्ता, आहरे पाण-भोयणं । देंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥३१॥**

વર્ષા ઋતુમાં ઘરના આંગણાનાં ભરાએલા સચિત્ત પાણીને ડોળીને અથવા પાણીને બહાર કાઢીને પછી ગૃહસ્થ પોતે સાધુને વહોરાવે તો સાધુ એમ કહે કે મને તેવી વસ્તુ લેવી ન કલ્પે. સૂત્રમાં એકવાર સચિત્ત કહ્યું છતાં ફરીથી ઉદક (પાણી) ફરી કેમ લીધું? તેનો ઉત્તર આચાર્ય કહે છે કે પાણીમાં અનંતકાય વનસ્પતિ રહે છે તે બતાવવા માટે જુદો ભેદ કહ્યો. લૌકિકમાં પણ સામાન્ય વાત કહીને તેમાં વિશેષ બતાવવું હોય તો ફરી જુદું નામ કહે જેમ કે બ્રાહ્મણો આવ્યા પણ તેમાં પ્રખ્યાત વશિષ્ઠ હોય તો પછી કહે કે વશિષ્ઠ પણ આવ્યા છે એમ કહેવાય છે એટલે વહોરાવનાર પાણીને દુઃખ દઈને ભાત ઓસામણ વિગેરે વહોરાવે તો લેવું નહિ અને કહેવું કે મને તે ન કલ્પે. ॥૩૧॥

**पुरेकम्मेण हत्थेण, दव्वीए भायणेण वा । देंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥३२॥**

દાન આપનાર આપતાં પહેલાં સાધુ માટે કાચા પાણીથી હાથ ધોવે અથવા ડોઈ, કડછો અથવા તપેલી વિગેરે કાચા પાણીથી ધોઈ ને વહોરાવે તો કહે કે અમને તેવું ન કલ્પે. ॥૩૨॥

**एवं उदओल्ले ससिणिद्धे, ससरक्खे मट्टियाऊसे । हरियाले हिंगुलुए, मणोसिला अंजणे लोणे ॥३३॥**

એજ પ્રમાણે કાચા પાણીથી હાથ ભીના હોય અથવા કાચા પાણીનાં ટીપાં પડતાં હોય તેવા ભીના હાથે વહોરાવે તો ન લેવું (સસ્નિગ્ધ એટલે થોડા પાણી વાલો હોય તો પણ ન લેવું) તથા રેતીથી તથા ગારાથી તથા ઉસથી એટલે કોઈપણ ખારથી અથવા હડતાલ, હિંગલોક તથા મણશીલ વિગેરે પૃથ્વીકાયની કોઈપણ ચીજથી હાથ ખરડેલો હોય તો ન લેવું અથવા અંજન, ધાતુ તથા નમક (મીઠું) વિગેરેથી હાથ ખરડાયેલા હોય તો તેના હાથનું પણ લેવું ન કલ્પે. (આ પ્રાયઃ સચિત્ત વસ્તુ છે) ॥૩૩॥

**गेरुयवण्णियसेढियसोरट्ठियपिट्ठकुक्कुसकए य । उक्किट्ठमसंसट्ठे, संसट्ठे चेव बोद्धव्वे ॥३४॥**

[1]પીળી માટી, ધોળી માટી, સચિત્ત ફટકડી, સોનાગેરૂ ફટકડી, ચોખાનો આટો તથા કુસકી તથા કાલિંગડ (તડબુચ), તુંબડું વિગેરે મોટા ફલનું શાક કરતાં અથવા ચટણી બનાવતાં ખરડાયેલા હાથે અથવા ન ખરડાયેલા હાથે વહોરાવે તો સાધુએ લેવું કે નહિ (સૂત્રમાં ઉત્કૃષ્ટ શબ્દ છે તે મોટા ફલના માટે છે) તેની વિધિ આગળ કહે છે, ॥૩૪॥

**असंसट्ठेण हत्थेण, दव्वीए भायणेण वा । दिज्जमाणं न इच्छेज्जा, पच्छाकम्मं जहिं भवे ॥३५॥**

[2]હવે ગૃહસ્થના હાથ પૂર્વે ન ખરડેલા હોય અથવા ડોઈ વિગેરે વાસણ પૂર્વે ન ખરડેલાં હોય તો સાધુએ ન લેવું કારણ કે ગૃહસ્થ સાધુના માટે હાથ ખરડીને કાચા પાણીએ ધોશે તેથી ન લેવું (માટે બને ત્યાં સુધી ગૃહસ્થ જમવા બેઠા હોય તેવા સમયે જવું અથવા ગૃહસ્થ સાધુ નિમિત્તે કાચા પાણીથી હાથ ન ધોવે તેવું હોય તો લેવું.) ॥૩૫॥

**संसट्ठेण हत्थेण, दव्वीए भायणेण वा । दिज्जमाणं पडिच्छेज्जा, जं तत्थेसणियं भवे ॥३६॥**

[3]પણ હાથ અચિત્ત વસ્તુથી ખરડેલા હોય અને તે નિંદનિક પદાર્થ ન હોય તો દાન આપવાની વસ્તુ અચિત્ત હોય તો સાધુએ લેવી આ બાબતમાં વૃદ્ધ સંપ્રદાય આ પ્રમાણે છે કે ખરડાએલા હાથ, ખરડાએલું વાસણ,

૧ નિ.ભા. ગા. ૧૮૫૨    ૨ ઉત્ત. શાંત્યા. વૃત્તિ ૬૦૭    ૩ પિંડ નિ. ગા. ૫૬૫ થી ૫૭૧

તથા વધેલું થોડું દ્રવ્ય હોય એવું સાધુને લેવું ઉત્તમ છે એટલે બાઈ જે આપનાર હોય, તેણે પોતાના ઘર માટે હાથ ખરડ્યા હોય, તથા વાસણ ખરડ્યું હોય અને તે વાસણમાં વહોરાવ્યા પછી થોડી વસ્તુ રહી હોય તેમ વહોરવું પણ તેમ ન હોય તો સાધુએ વહોરાવવાના વાસણમાંથી બધું ન લેવું, થોડું પણ રહેવા દેવું, કે સાધુ માટે વાસણ ધોવાનો દોષ ન લાગે, ॥૩૬॥

**दोण्हं(दुण्हं) तु भुंजमाणाणं, एगो तत्थ निमंतए । दिज्जमाणं न इच्छेज्जा, छंदं से पडिलेहए ॥३७॥**

બે માણસ રસોઈના માલીક છે તે જમવા બેઠા છે, તેમાં એક માણસ સાધુને આપવા બોલાવે તો સાધુ એ તે વસ્તુ લેવી નહિ પણ બીજાની દૃષ્ટિ તથા શરીરના વિકારથી જાણે કે તે આપવા ઇચ્છે છે કે નહિ જો તેની સ્નેહાલ દૃષ્ટિ હોય તો લેવી. ॥૩૭॥

**दोण्हं(दुण्हं)तु भुंजमाणाणं, दोऽवि तत्थ निमंतए । दिज्जमाणं पडिच्छेज्जा, जं तत्थेसणियं भवे ॥३८॥**

બે માણસ જમવા બેઠા હોય અને બન્ને આમંત્રણ કરે તો અચિત્ત વસ્તુ હોય તો લેવી કલ્પે. ભુજિ ધાતુ ભોગવવાના અને ખાવાના બન્ને અર્થમાં વપરાય છે તે જમતા હોય અથવા બીજાને જમાડતા હોય તો બન્ને માલીક પાસેથી તેમની ઇચ્છા અનુસાર લેવું, ॥૩૮॥

**गुव्विणीए उवन्नत्थं, विविहं पाण-भोयणं । भुञ्जमाणं विवज्जेज्जा, भुत्तसेसं पडिच्छए ॥३९॥**

બાઈ ગર્ભવતી હોય તેના માટે બનાવેલું હોય તેવું અનેક પ્રકારનું ખાવાનું પીવાનું હોય તે ન લેવું, પણ તે તેનું વાપરી રહ્યા પછી વહોરાવે તો લેવું કલ્પે, ॥૩૯॥

**सिया य समणट्ठाए, गुव्विणी कालमासिणी । उट्ठिआ वा निसीएज्जा, निसन्ना वा पुणुट्ठए ॥४०॥**

સાધુના માટે પૂરા માસ થએલી ગર્ભવાલી બાઈ બેઠેલી ઉભી થાય અથવા વહોરાવવા ઇચ્છે અથવા ઉભેલી હોય અને બેસી જાય અથવા બેઠેલી ફરીથી ઉઠે તો તેના હાથનું લેવું ન ખપે.॥૪૦॥

**तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पियं । देंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥४१॥**

કારણ કે તેનું વહોરાવેલું ખાવાપીવાનું અચિત્ત હોય તે પણ ગર્ભને તથા બાઈને પીડાનું કારણ જાણી સાધુને લેવું ન કલ્પે પણ આટલો ભેદ છે કે દાન આપનાર ઘરમાં બીજું કોઈ ન હોય તો બાઈ હાલ્યા ચાલ્યા વિના ત્યાં બેસીને જ દાન આપે તો સ્થવિર કલ્પીને લેવું ઘટે પણ જિનકલ્પી મુનિને જ્યારથી ગર્ભ રહે ત્યારથી તે છેવટ સુધી પણ લેવું ન ઘટે આવો સંપ્રદાય છે, તે કદી ઉઠીને આપે તો બાઈને કહેવું કે અમોને લેવું યોગ્ય નથી, ॥૪૧॥

**थणगं पज्जेमाणी, दारगं वा कुमारियं । तं निक्खिवित्तु रोयंतं, आहरे पाण-भोयणं ॥४२॥**

બાળક ધાવતું અથવા ખોળામાં રમતું હોય પછી તે બાળક બાલિકા અથવા નપુંસક છોકરું હોય તેને નીચે જમીન ઊંપર રોતું મૂકીને વહોરાવવા ઇચ્છે તો તેના હાથનું ખાવાપીવાનુ લેવું ન કલ્પે. અહીંયાં પૂર્વાચાર્યના આ નિયમો છે. સ્થવિરકલ્પી સાધુ બાળક ધાવતું હોય તેને બાઈ મૂકી દે બાળક રડે અથવા ન રડે તો પણ લેવું ન કલ્પે પણ તે બાળકને બીજી બાઈ ધવરાવે અથવા મોટું બાળક હોય તેને બીજું ખાવાનું આપે અને ન રડે તો લેવું કલ્પે પણ બાળક રૂવે તો ન કલ્પે, તથા બાળક તે સમયે ધાવતું ન હોય પણ ધાવવા યોગ્ય હોય અને રડે તો લેવું ન કલ્પે, પણ ન રડે તો લેવું કલ્પે, જિનકલ્પી મુનિઓના માટે આ નિયમ છે કે ધાવવા યોગ્ય બાળક ચાહે રડે ચાહે ન રડે ધાવતું હોય અગર ન હોય તો પણ તેના હાથનું લેવું ન કલ્પે. પણ જ્યારે બાળક બીજું દૂધ પીવા ઇચ્છતો હોય તો તે પીતાં રડે અથવા ન રડે તો પણ ન લેવું અથવા ન પીતો હોય ને રડે તો પણ તેને છોડે તો પણ ન લેવું જો ન રડે તો લે, આ બધાનું કારણ શિષ્ય પૂછે છે કે શા માટે ન લેવું? ઉત્તર–તે બાળકને જમીન પર મૂકતાં અને ખરડાએલા હાથે પાછો લેતાં અસ્થિરપણાથી લેતાં બાળકને દુઃખ થાય અથવા બિલાડીથી અસમર્થ એવા નાના બાળકને

માંસનો લોચો જાણી ઉપાડી પણ જાય તો તેનો દોષ સાધુને લાગે, ॥૪૨॥

**तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पियं । दैंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥४३॥**

માટે ઊપર બતાવેલા દોષોને સમજી સાધુએ ત્યાં આહાર પાણી બાઈ આપતી હોય તો પણ બાળકવાળી બાઈ પાસેથી ન લેવું. અને કહેવું કે અમને તેવું ન કલ્પે. ॥૪૩॥

**जं भवे भत्तपाणं तु, कप्पाऽकप्पंमि संकियं । दैंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं॥४४॥**

[1]આ બધી શીખામણ આપીને આચાર્ય મહારાજ કહે છે કે સાધુઓએ વિચાર કરીને કોઈપણ જીવને પીડા ન થાય તેવી રીતે યોગ્ય આહાર હોય તો લેવો, પણ લેવા યોગ્ય હોય તથા આ સાધુના માટે બનાવ્યું છે, એવી શંકા પણ પડે તો કહેવું કે અમને આ લેવું ન કલ્પે. ॥૪૪॥

**दगवारएण(रेण) पिहियं, नीसाए पीढएण वा । लोढेण वावि लेवेण, सिलेसेण व केणई ॥४५॥**

[2]આપવાની વસ્તુ જે વાસણમાં હોય તેના ઊપર કાચા પાણીનો ઘડો મૂક્યો હોય અથવા પીસવાના પથરાથી ઢાંકેલું હોય, અથવા મોટું પાટીયું હોય, અથવા વાટવાનો પથરો હોય, અથવા માટીના લેપ વડે તે વાસણ મજબુત કરેલું હોય અથવા લાખથી અથવા બીજા કોઈપણ પદાર્થથી બંધ કરેલું હોય તો તેમાંથી ન લેવું. ॥૪૫॥

**तं च उब्भिंदिउं देज्जा, समणट्ठाए व दायए । दैंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥४६॥**

તે વાસણને ભેદીને અથવા ઊપર બતાવેલી વસ્તુ મૂકેલી હોય તો તે બાઈ આપે તો પણ લેવું ન કલ્પે. ( તેમાં દોષ આ પ્રમાણે છે. કાચા પાણીના ઘડાથી પાણીના જીવોને દુઃખ થાય, તથા ભારે વસ્તુ ખસેડતાં બાઈનો હાથ પગ ભાંગે તથા લેપ કરેલી વસ્તુ ઊખેડતાં, પાછી ચોંટાડતાં સાધુને ક્રિયા દોષ લાગે માટે તે ન લે. પણ ગૃહસ્થે પોતાના માટે પૂર્વે વાસણ ઊઘાડ્યું હોય તો લેવું કલ્પે). ॥૪૬॥

**असणं पाणगं वावि, खाइमं साइमं तहा । जं जाणेज्ज सुणेज्जा वा दाणट्ठा पगडं इमं ॥४७॥**

અશન (ભાત વિગેરે) પાનક. (પીવાના પદાર્થ) ખાદ્ય (લાડુ વિગેરે) અને સ્વાદ્ય (બાળ હરડે વિગેરે) અથવા ખારો અજમો વિગેરે છે. તે પદાર્થ કોઈ આપે, પણ એમ જાણે કે આ દાન આપવા માટે બનાવ્યાં છે તે ન લે. ॥૪૭॥

**तं भवे (तारिसं) भत्तपाणं तु, संजयाण अकप्पियं । दैंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥४८॥**

આવું ખાન પાન વિગેરે સાધુઓને લેવું અયોગ્ય છે. માટે આપનાર બાઈને કહેવું કે અમને તેવું લેવું ન ઘટે. ॥૪૮॥

**असणं पाणगं वावि खाइमं साइमं तहा । जं जाणेज्ज सुणेज्जा वा, पुण्णट्ठा पगडं इमं ॥४९॥**

[3]એજ પ્રમાણે ચારે પ્રકારનો આહાર, અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, પોતે જાણે અથવા સાંભળે કે, આ પુણ્યના માટે કરેલ છે, તો સાધુઓને તેમાંથી લેવું ન કલ્પે. પ્રશ્ન-જો આમ હોય તો ઉત્તમ કુળોમાં, મોટા ઘરોમાં આહાર લેવા ન જવું, કારણ કે ત્યાં પુણ્યના માટે જ રસોઈ કરવામાં આવે છે, કારણ કે મોટા પુરુષો પિતૃકર્મ (શ્રાદ્ધ) વિગેરેની રસોઈ સિવાય તુચ્છ માણસની માફક થોડી રસોઈ બનાવતા નથી પણ સંત પુરુષોને આપવા નિમિત્તે જ વધારે રસોઈ બનાવે છે. આચાર્યનો ઉત્તર-અમારો અભિપ્રાય તમે જાણ્યો નથી. અમારૂં કહેવું એમ છે

૧ પિંડ નિ. ગા. ૫૨૯-૫૩૦

૨ A પિંડ નિ. ગા. ૩૪૭ B આચા. ચૂલા. ૧૧૯૦-૯૧

૩ A સ્થા. ૫-૨૦૦ વૃત્તિ B ચાર પ્રકારના આહારની વ્યાખ્યા માટે આવ.નિ. ગા. ૧૫૮૭-૮૮ જોવી.

કે પોતાને ખાવા જેટલું રાખી બાકી દેવા યોગ્ય જ પૂન્યાર્થે કાઢી મૂક્યું હોય તે આપે તો તે ન લેવું પણ પોતાના નોકરોને ખાવા જોગ તથા ઉચિત પ્રમાણ કરી બીજાઓને પણ ઇચ્છાનુસાર આપે એવી સુબુદ્ધિથી ગૃહસ્થ લોક વધારે રાંધે (પાંચ પરોણા આવે તો પણ નભે) તેવા માંથી સાધુને લેવાનો નિષેધ નથી; આ વચનથી ન દેવા જોગ દાનનો અભાવ છે ઉલટું દેવા યોગ્ય કાઢી લીધેલામાં ઇચ્છાનુસાર દાનનો સ્વીકાર થાય નહિ કોઈ પણ દાનમાં ઇચ્છા પ્રમાણે દાનનો સ્વીકાર છે તેવો વહેવાર દેખાય છે અને આવું ન દેખાય તેનો જ નિષેધ છે કારણ કે આરંભનો દોષ તેમાં લાગે છે પણ ઇચ્છાનુસાર દાન આપવામાં પણ તેના અભાવમાં આરંભની પ્રવૃત્તિ થાય પણ તેના માટે સાધુને આરંભનો દોષ ન લાગે અને તે પ્રમાણે સુતક વિગેરેમાં તેની માફક બધાને દાન આપતા નથી તો પણ ઉત્તમ પુરુષો ઉદાર અભિપ્રાયથી વધારે રસોઈ બનાવે છે, કરવા યોગ્ય અનુષ્ઠાન કરવાથી અને તે પ્રમાણે ગ્રહણ કરવાથી સાધુને દોષ નથી (આ બધાનો સાર એ છે કે ગૃહસ્થો ઘરવાળા માટે, નોકર માટે કે પરોણા માટે ચાહે તેટલી રસોઈ ઉદાર વૃત્તિથી બનાવે તેમાંથી સાધુ લે તો દોષ નથી, પણ પુણ્ય નિમિત્તે જૂદું બનાવે તો તેમાંથી લેવાનો સાધુને દોષ છે.) આ અક્ષર ગમનિકા માત્ર પ્રયાસનું ફળ છે (જેનો જે અભિપ્રાય છે તે પ્રમાણે કૃત્યનું ફળ છે). ॥૪૯॥

**तं भवे भत्त-पाणं तु, संजयाण अकप्पियं । देंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥५०॥**

પુણ્યાર્થે ઊપર બતાવેલો આહાર કોઈ આપે તો કહેવું કે અમને તે લેવો ઉચિત નથી. ॥૫૦॥

**असणं पाणगं वावि, खाइमं साइमं तहा । जं जाणेज्ज सुणेज्जा वा, वणिमट्ठा पगडं इमं॥५१॥**

આ ગાથામાં વનીપક એટલે કૃપણ (યાચક) તેના માટે બનાવ્યું હોય,॥૫૧॥

**तं भवे भत्त-पाणं तु, संजयाण अकप्पियं । देंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥५२॥**

તો સાધુએ કહેવું કે અમોને લેવું ઉચિત નથી. ॥૫૨॥

**असणं पाणगं वावि, खाइमं साइमं तहा । जं जाणेज्ज सुणेज्जा वा, समणट्ठा पगडं इमं ॥५३॥**

**तं भवे भत्त-पाणं तु, संजयाण अकप्पियं । देंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥५४॥**

તે પ્રમાણે એમ જાણે કે સાંભળે કે બૌદ્ધના સાધુઓના માટે જ રસોઈ બનાવેલી છે તે આપે તો પણ કહેવું કે અમને લેવું ઉચિત નથી (જો સાધુ લે તો બૌદ્ધના સાધુઓને ઈર્ષા ઉત્પન્ન થાય તથા શ્રાવકોને કહે કે તમારા સાધુઓને શા માટે તમો આપતા નથી એમ કહી અપમાન કરે.) ॥૫૩-૫૪॥

**उद्देसियं कीयगडं, पूईकम्मं च आहडं । अज्झोयर पामिच्चं, मीसजायं च वज्जए ॥५५॥**

હવે ખાસ સાધુઓના માટે જ બનાવ્યું હોય તે ઔદેશિક લેવું ન ઘટે, તથા સાધુના માટે વેચાતું લાવીને આપે તો તે ન કલ્પે તથા પોતાના માટે ગૃહસ્થે બનાવ્યું હોય તેમાં સાધુ નિમિત્તે બનાવેલો આહાર ભેળવે તો તે પૂતિ કર્મ દોષ કહેવાય તે લેવું ન ઘટે, તથા બહારગામથી અથવા પરાંમાંથી સાધુ નિમિત્તે સામે લાવીને આપે તો તે આહૃત દોષ છે, તથા પોતાના માટે રસોઈ કરી હોય તેમાં સાધુ આવેલા જાણીને સાધુ માટે થોડું વધારે રાંધે તો અધ્યવપૂરક દોષ લાગે, તથા પ્રામિત્ય એટલે સાધુ માટે બીજાનું લુંટીને આપે તે છે, અને સાધુ તથા ગૃહસ્થ એ બન્નેનું પહેલેથી જ રંધાય તે મિશ્ર દોષ આ પ્રમાણે જે દોષિત આહાર હોય તે સાધુને લેવો ન કલ્પે. ॥૫૫॥

**उग्गमं से (य) पुच्छेज्जा, कस्सट्ठा? केण वा कडं? ।**
**सो(सु)च्चा निस्संकियं सुद्धं, पडिगाहेज्ज संजए ॥५६॥**

હવે સંશય દૂર કરવા કહે છે. ગૃહસ્થને ત્યાં આહાર લેતાં શંકા પડે કે આ સાધુના માટે બનાવ્યું છે તો તેના માલીકને અથવા નોકરને પૂછવું કે આ કોના માટે બનાવ્યું છે અને પૂછવાથી ખાત્રી થાય કે સાધુ માટે

નથી પણ બીજા માણસો અથવા તેમને માટે છે તો શુદ્ધ બુદ્ધિથી વિચારીને લેવું પણ વિચાર કર્યા વિના લે, તો દોષ લાગે. ॥૫૬॥ [વિશેષે કરીને બાળકોને પૂછવાથી શીઘ્ર નિઃશંક થવાય.]

**असणं पाणगं वावि, खाइमं साइमं तहा । पुप्फेसु हुज्ज उम्मिसं, बीएसु हरिएसु वा ॥५७॥**
**तं भवे भत्त-पाणं तु, संजयाण अकप्पियं । देंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥५८॥**

ખાવા પીવા વિગેરેની વસ્તુમાં જાઈ પાટલ વિગેરેના ફૂલ હોય અથવા બીજ હોય અથવા હરિત શાક વિગેરે હોય તો સાધુને લેવું ન ઘટે આપે તો કહેવું કે અમારે ઉચિત નથી. ॥૫૭-૫૮॥

**असणं पाणगं वावि, खाइमं साइमं तहा । उदगंमि होज्ज निक्खित्तं, उत्तिंग-पणगेसु वा ॥५९॥**
**तं भवे भत्त-पाणं तु, संजयाण अकप्पियं । देंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥६०॥**

તે પ્રમાણે આહારમાં કાચું પાણી જોડે હોય અથવા ઉતિંગ (કીડીનું દર કીડીઆરૂ) હોય અથવા પનક (લીલ બાઝેલી) હોય તેમાં આહાર પડ્યો હોય તો તે આહાર ન લેવો. પાણીમાં મૂકેલું બે પ્રકારે છે (૧) એક તો તદન જોડે જેમ કે પાણીમાં ખાવાની વસ્તુ મૂકી હોય (૨) અને એક આંતરે હોય જેમ કે પાણીના ઘડા ઊપર દહીંનું વાસણ મૂકેલું હોય તે પ્રમાણે ઉતિંગ અને પનકમાં પણ સમજી લેવું. ઊપર કહેલો આહાર આપે તો સાધુને લેવો ન ઘટે પણ કહેવું કે અમને આ ઉચિત નથી, ॥૫૯-૬૦॥

**असणं पाणगं वावि, खाइमं साइमं तहा ।**
**अगणिम्मि(तेउम्मि) होज्ज निक्खित्तं, तं च संघट्टिया दए ॥६१॥**
**तं भवे भत्त-पाणं तु, संजयाण अकप्पियं ।**
**देंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥६२॥**

ઊપર પ્રમાણે કોઈ વસ્તુ અગ્નિમાં લાગુ હોય અને અગ્નિને અડકીને આપે તો લેવું ન ઘટે અને કહેવું કે તે સાધુને લેવું ઉચિત નથી. ॥૬૧-૬૨॥

**एवं उस्सक्किया, ओसक्किया, उज्जालिया, पज्जालिया, निव्वाविया, उस्सिंचिया,**
**निस्सिंचिया, ओवत्तिया, ओयारिया दए ॥६३॥**
**तं भवे भत्त-पाणं तु, संजयाणं अकप्पियं ।**
**देंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥६४॥**

એજ પ્રમાણે અગ્નિ ન બૂઝાય માટે ફૂંક મારીને વહોરાવે અથવા ઘણું બળી ન જાય માટે અંગારા ખસેડીને વહોરાવે અથવા વધારે બળતું કરવા લાકડાં ઉમેરીને વહોરાવે, અથવા વારે વારે લાકડાં નાખતાં વહોરાવે અથવા બળવાના ભયથી અગ્નિ બૂઝાવીને વહોરાવે એજ પ્રમાણે અગ્નિને દુઃખ દઈને વહોરાવે તો લેવું ન કલ્પે તથા ઘણા ભરેલા વાસણમાંથી ઉભરાવાના ભયથી અથવા ઓસામણ વિગેરે દાન આપવાના માટે થોડું કાઢીને અથવા દાન આપવા માટે બીજા વાસણમાં કાઢીને વહોરાવે અથવા નીચે ઉતારીને અગ્નિને પાણી છાંટીને અથવા અગ્નિ ઊપર મૂકેલા વાસણ ને આમતેમ કરીને વાસણમાંથી વહોરાવે આ બધી ક્રિયા સાધુ માટે થતી હોય તો સાધુઓને તે લેવું અયોગ્ય છે અને આપે તો કહે કે અમને લેવું નથી ઘટતું (આમાં અગ્નિના જીવને દુઃખ થાય તથા બાઈને લેતાં મૂકતાં ભય રહે માટે ન લેવું પણ ગૃહસ્થને પોતાના માટે ક્રિયા થઈ ગઈ હોય તો લેવાને અડચણ નથી.)॥૬૩-૬૪॥

**होज्ज कट्ठं सिलं वावि, इट्टालं वावि एगया । ठवियं संकमट्ठाए, तं च होज्ज चलाचलं ॥६५॥**

ગોચરી વિગેરેમાં સાધુ ગયો હોય ત્યાં લોકોએ પાણીમાં ચાલનારને પગ ન મૂકવો પડે માટે લાકડું પથરો ઈંટાળા ગોઠવ્યા હોય તે પ્રાયે ચલાયમાન હોય છે. ॥૬૫॥

**न तेण भिक्खू गच्छेज्जा, दिट्ठो तत्थ असंजमो । गंभीरं झुसिरं चेव, सव्विंदियसमाहिए ॥६६॥**

*ત્યાં સાધુ તેના ઊપર પગ મૂકીને ન જાય કારણ કે ત્યાં પ્રભુએ જ્ઞાનથી અસંયમ જોયો છે તથા ગંભીર એટલે તેમાં પ્રકાશ ન પડે; તથા પોલું હોય તેથી સર્વ ઇન્દ્રિયોને સમાધિમાં રાખીને રાગદ્વેષ ત્યાગીને બીજે રસ્તે* ઉતરે અને **સારો રસ્તો બીજો ન હોય તો પાણીમાં પગ મૂકી ઉતરે** (જો તેમ ન કરે તો પોતાનો પગ ખસતાં હાડકાં ભાગે, તથા પથરા નીચે સૂક્ષ્મ જંતુ હોય તે દબાવાથી પીડા પામે.) ॥૬૬॥

**निस्सेणिं फलगं पीढं, उस्सवित्ताणमारुहे । मंचं कीलं च पासायं, समणट्ठाएव दावए ॥६७॥**

ચઢવાના માટે નિસરણી અથવા પાટિઉં (ખોખું) ગોઠવીને બાઈ મેડા ઊપર ચઢે અથવા માંચા ઊપર, ખીલા ઊપર, પગ મૂકીને કોઈ વસ્તુ લાવીને બાઈ આપે. ॥૬૭॥

**दुरूहमाणी पवडेज्जा, हत्थं पायं व लूसए । पुढविजीवे विहिंसेज्जा, जे य तन्निस्सिया जगा ॥६८॥**

તો ચઢનારી બાઈ અથવા ભાઈ પડી જાય તેનો હાથ પગ ભાંગી જાય અથવા નીચે પૃથ્વીકાય તથા ત્યાં રહેલા જીવોને પીડા થાય. ॥૬૮॥

**एयारिसे महादोसे, जाणिऊण महेसिणो । तम्हा मालोहडं भिक्खं, न पडिगिण्हंति संजया ॥६९॥**

આ પ્રમાણે ઊપર કહેલા મહાન દોષોને જાણીને ઉત્તમ સાધુઓ મેડા ઊપરથી લાવેલી ગોચરી લેતા નથી. જો નિસરણી પગથીયાં જેવી (મજબુત જડેલી હોય તો સાધુ ઊપર જઈને લે પણ ખસી જાય તેવી હોય તો સાધુએ પણ ઊપર જઈને ન લેવું) મૂળ સૂત્રમાં હંદી માલોહડ પાઠાન્તર છે ત્યાં એવો અર્થ લેવો કે આવી ગોચરી લેવી ન કલ્પે. ॥૬૯॥

**कंदं मूलं पलंबं वा, आमं छिन्नं च (व) सन्निरं । तुंबागं सिंगबेरं च, आमगं परिवज्जए ॥७०॥**

ગોચરીમાં કંદ સુરણ વિગેરે મૂળ, વિદારીકા (ભોયસીંગ) વિગેરે લુમ (ફળનું ઝુમખું) કાચું અથવા છેદેલું હોય તેવું શાક પાંદડાં તથા તુંબડું આદુ જો સચિત્ત હોય તો સાધુને લેવું ન કલ્પે. ॥૭૦॥

**[1]तहेव सत्तुचुण्णाइं, कोलचुण्णाइं आवणे । सक्कुलिं फाणियं पूयं, अन्नं वा वि तहाविहं ॥७१॥**

**विक्कायमाणं पसढं, रएणं परिफासियं । दंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥७२॥**

સત્તુચુરણ (જવ ચણાને શેકીને બનાવેલો આટો) તથા બોરનો આટો (બોરકુટ) તથા તલપાપડી ગોળરાબડી (પેંત) અથવા શીરો પૂય (આટાની બાટી) તથા લાડુ વિગેરે દુકાનમાં વેચવાને માટે રાખેલા હોય તે ઘણા દિવસ પડી રહેવાથી વાસી હોય તથા રેતી ઉડવાથી ધૂળવાળા હોય આવી ચીજ કોઈ વહોરાવે તો સાધુએ લેવી નહિ, અને કહેવું કે અમોને કલ્પે નહિ. ॥૭૧-૭૨॥

**बहुअट्ठियं पोग्गलं, अणिमिसं वा बहुकंटयं । अच्छियं तेंदुयं बिल्लं, उच्छुखंडं व सिंबलिं ॥७३॥**

ઘણા ઠળીયાવાળું સીતાફળ હોય અથવા કાંટાવાળું અનાનસ ફળ હોય અથવા અસ્થિક અથવા ટીમરૂનું (ટીમરવા) ફળ બીલીનું ફળ હોય અથવા શેરડીનો કટકો હોય અથવા વાલની પાપડી હોય, ॥૭૩॥

**अप्पे सिया भोयणज्जाए, बहुउज्झियधम्मिए । दंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥७४॥**

જો આ કાચાં હોય તો સચિત્તનો દોષ લાગે તથા અચિત્ત હોય તો પણ ખાવા કરતાં ફેંકી દેવાનું ઘણું હોય તથા પછવાડે માખીઓ, કીડીઓને પીડાકારક હોવાથી લેવું ન કલ્પે. આપનારને સમજાવવું કે અમને આ લેવું યોગ્ય નથી. ॥૭૪॥

---

૧ શલિગ્રામ નિઘણ્ટુ પૃ. ૮૯૦

**तहेवुच्चावयं पाणं, अदुवा वारधोवणं । संसेइमं चाउलोदगं, अहुणाधोयं विवज्जए ॥७५॥**

હવે ગોચરીમાં પાણી ઊંચું અને નીચું તે દ્રાક્ષ વિગેરેનું ઊંચું તથા આરનાલનું (ખરાબ) પાણી નીચું અથવા ગોળના ઘડાનું ધોવણ તથા સંસ્વેદજ (લોટનું ધોવણ) તથા ચોખાનું ધોવણ તે તુરતનું હોય તો લેવું ન કલ્પે પણ તે લેવાની વિધિ કહે છે. ॥૭૫॥

**जं जाणेज्ज चिराधोयं, मईए दंसणेण वा । पडिपुच्छिऊण सोच्चा वा जं च निस्संकियं भवे ॥७६॥**

[1]ઘણા વખતનું ધોવણ હોય તે, બુદ્ધિથી અથવા જોવાથી સમજાય તો ગૃહસ્થને પૂછી જુએ, અને નક્કી કરીને અચિત્ત જાણીને લે, એટલે તેમાં પરપોટા ઉઠતા બેસી ગયા હોય, તે લે. આ વિધિ પિંડ નિર્યુક્તિમાં છે. ॥૭૬॥

**अजीवं परिणयं नच्चा, पडिगाहेज्ज संजए । अह संकियं भवेज्जा, आसाइत्ताण रोयए ॥७७॥**

ઊનું પાણી બરોબર ત્રણ ઉકાળાથી ઉકળેલું હોય તેને બુદ્ધિ તથા દેખવાથી જાણે કે આ સાધુને લેવા યોગ્ય છે, અને દેહને ઉપકારક છે, તે જાણે અને શંકા પડે તો થોડું લઈ ચાખી જુવે, ખાત્રી થએથી લેવા જેવું હોય તો લે. ॥૭૭॥

**थोवमासायणट्ठाए, हत्थगंमि दलाहि मे । मा मे अच्चंबिलं पूइं, नालं तण्हं विणे(णि)त्तए ॥७८॥**

આપનાર બાઈને કહેવું કે મને થોડું હાથમાં આપો હું ચાખી જોઉં. જો યોગ્ય હશે તો લઈશ. પણ તે ઘણું ખાટું હોય અથવા ગંધ મારતું હોય તો તેનાથી તરસ છીપે નહિ. ॥૭૮॥

**तं च अच्चंबिलं पूइं, नालं तण्हं विणेत्तए । दिंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥७९॥**

તેવું ખાટું ગંધાતું પાણી, તરસ મટાડવા કામ ન લાગે માટે આપનારને નિષેધ કરી કહેવું કે અમને યોગ્ય નથી. ॥૭૯॥

**तं च होज्ज अकामेणं, विमणेण पडिच्छियं । तं अप्पणा न पिबे, नोवि अन्नस्स दावए ॥८०॥**

કર્મ સંજોગે ઇચ્છા નહિ છતાં તેણે આપી દીધું અથવા ભૂલથી સાધુએ લઈ લીધું તો પણ પોતે પીએ નહિ, તેમ બીજા સાધુને પીવા આપવું નહિ. ॥૮૦॥

**एगंतमवक्कमित्ता, अचित्तं पडिलेहिया । जयं परिट्ठवेज्जा, परिट्ठप्प पडिक्कमे ॥८१॥**

એ પાણી લઈને જ્યાં એકાંત અને જીવરહિત જગ્યા અથવા નિભાડો હોય ત્યાં જગ્યાને પુંજીને યતનાથી પરઠવીને પાછા આવવું. ॥૮૧॥

**सिया य गोयरग्गगओ, इच्छेज्जापरिभोत्तुयं(भुंजिउं) । कोट्ठगं भित्तिमूलं वा, पडिलेहित्ताण फासुयं ॥८२॥**
**अणुन्नवेत्तु मेहावी, पडिच्छन्नंमि संवुडे । हत्थगं संपमज्जित्ता, तत्थ भुंजेज्ज संजए ॥८३॥**

[2]સાધુ બીજે ગામ અથવા દૂર ગોચરી ગયો હોય અને કદાચ ભૂખ અથવા તરસ લાગી, અને રસ્તામાં સાધુને રહેવા યોગ્ય સ્થાન ન મળે તો શૂન્ય, મઠ વિગેરે હોય, અથવા કોઈ ઘરની ભીંત હોય તો બાજુની જગ્યા આંખથી નિર્જીવ જોઈ ઓઘાથી પુંજીને તે મકાનના માલીકની વિશ્રાંતિ લેવાને રજા લઈને બુદ્ધિમાન સાધુ એકાંતમાં ઊપર ઢાંકેલું હોય ત્યાં ઈર્યા પ્રતિક્રમણ કરીને મુહપત્તિથી કાયાને પુંજીને રાગદ્વેષ દૂર કરીને પોતે ખાય. ॥૮૨-૮૩॥

**तत्थ से भुंजमाणस्स, अट्ठियं कंटओ सिया । तण कट्ठ सक्करं वावि, अन्नं वा वि तहाविहं ॥८४॥**

૧ આ.ચૂ. ૧.૯૯
૨ ઉ.વૃ. પત્ર ૬૦-૬૧

ત્યાં ખાતાં ઠળીઓ અથવા કાંટો હોય અથવા તણખલું, છોડાઉં અથવા કાંકરો હોય અથવા તેવું બીજું કંઈ હોય, ॥૮૪॥

**तं उक्खिवित्तु न नि(क्खि)खिवे, आसएण न छड्डए । हत्थेण तं गहेऊण, एगंतमवक्कमे ॥८५॥**

**एगंतमवक्कमित्ता, अच्चित्तं पडिलेहिया । जयं परिट्ठवेज्जा, परिट्ठप्प पडिक्कमे ॥८६॥**

તે ઉછાળાને હાથથી ફેંકવું નહિ. તેમ મોંઢેથી ફેંકવું નહિ, પણ હાથમાં લઈને એકાંતમાં જઈને અચિત્ત જગ્યાને જોઈ યતનાથી મૂકીને પાછો આવે. ॥૮૫-૮૬॥

**सिया य भिक्खू इच्छेज्जा, सेज्जमागम्म भोत्तुयं । सपिंडपायमागम्म, उंडुयं पडिलेहिया ॥८७॥**

[1]પોતાના મકાનમાં ગોચરીની વિધિ કહે છે. ભૂખ વિગેરે ન હોય તો સાધુ પોતાના મકાનમાં આહાર સાથે આવે અને ત્યાં બહાર જ શુદ્ધ જગ્યા જોઈ બરાબર આહાર તપાસી લે. ॥૮૭॥

**विणएण पविसित्ता, सगासे गुरुणो मुणी । इरियावहियमायाय, आगओ य पडिक्कमे ॥८८॥**

[2]પછી નૈષેધિ કહી વિનયથી એટલે માથું નમાવી 'નમો ખમાસમણાણં' બોલીને પ્રવેશ કરે. અને ગુરુ મહારાજ પાસે આવીને આજ્ઞા લઈ ઈરિયાવહીયાનો કાયોત્સર્ગ કરે. ॥૮૮॥

**आभोएत्ताण नीस्सेसं, अईयारं जहक्कमं । गमणाऽऽगमणे चेव, भत्त-पाणे व संजए ॥८९॥**

કાયોત્સર્ગની અંદર પોતાની ગોચરીમાં લાગેલા દોષોને યાદ કરીને અનુક્રમે ગુરુ આગળ કહેવાને ચિંતવે. જતા આવતાં તથા ગોચરી, પાણી લેતાં જે ભૂલો થઈ હોય તેને સાધુ કાયોત્સર્ગમાં રહી હૃદયમાં સ્થાપે. ॥૮૯॥

**उज्जुप्पण्णो अणुव्विग्गो, अव्वक्खित्तेण चेयसा । आलोए गुरुसगासे, जं जहा गहियं भवे॥९०॥**

[3]સરળ બુદ્ધિવાળો ભૂખ વિગેરેનો વિજય કરી બીજામાં લક્ષ ન રાખીને જે જે બન્યું હોય તે ગુરુ આગળ કહી બતાવે કે મેં આ પ્રમાણે ખાવા પીવાની વસ્તુ, અમુક, બાઈ, ભાઈ પાસેથી અમુક રીતે જેમ ગ્રહણ કરી હોય તેમ કહી બતાવે કે મેં ફલાણી બાઈના હાથે લીધું છે અથવા હાથ ધોતી હતી તેની પાસેથી લીધું છે. ॥૯૦॥

**न सम्ममालोइयं होज्जा, पुव्विं पच्छा व जं कडं । पुणो पडिक्कमे तस्स, वोसट्ठो चिंतए इमं ॥९१॥**

[4]વખતે કોઈ સૂક્ષ્મ દોષ અજાણપણાથી, અથવા વિસરી જવાથી રહ્યા હોય. ગૃહસ્થ બાઈએ પહેલાં કે પછી સાધુ નિમિત્તે હાથ વિગેરે કાચાં પાણીથી ધોયા હોય તે ફરીથી ગુરુ આગળ કહી બતાવે તે તદ્દન સૂક્ષ્મ દોષ હોય તે ગુરુની આજ્ઞા લઈ 'ઈચ્છામિ પડિક્કમિઉં ગોઅરચરિઆએ પાઠ' વિગેરેનું સૂત્ર બોલી જવું, અને પછી કાયોત્સર્ગમાં હવે પછીની ગાથા ચિંતવવી ॥૯૧॥

**अहो जिणेहिं असावज्जा, वित्ती साहूण देसिया । मोक्खसाहणहेउस्स, साहुदेहस्स धारणा ॥९२॥**

અહો તીર્થંકર પ્રભુએ નિર્દોષ સાધુની વૃત્તિ, મોક્ષ સાધવાના હેતુ સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્ર જે સાધન છે. તેની સાધના માટે અને તે માટે સાધુના દેહને ધારણ કરવા બતાવેલી છે. ॥૯૨॥

**नमोक्कारेण पारेत्ता, करेत्ता जिणसंथवं । सज्झायं पट्ठवेत्ताणं, वीसमेज्ज खणं मुणी ॥९३॥**

---

૧ A ઓઘ નિ. : ગા. ૫૦૯-૫૧૩, ૫૯૪-૬૦૭ B પ્રશ્ન વ્યા. : સં. ૩, ભા-૫

૨ આવશ્યક : ૫-૩

૩ A ઓઘ નિ. : ગા. ૫૧૪-૫૧૯ B આવશ્યક સૂત્ર : ૪/૮

૪ A ઓ.ભા. : ૨૭૪ B આવ. સૂ. : ૪/૬

[1]પછી 'નમો અરિહંતાણં' પદ કહી જિનેશ્વરનું સ્તવન 'લોગસ્સઉજ્જોઅ-ગરે' પૂરો પાઠ મોઢેથી ભણે અને જો પૂર્વે સ્વાધ્યાય (સૂત્ર ભણવું) ન કર્યો હોય તો માંડળીની ઇચ્છાવાળો તેજ કરે, અને બીજા સોબતી સાધુ આવે ત્યાં સુધી રાહ જોઈ ભણે. જો કોઈ તપસ્વી વિગેરે આવ્યો હોય તો તે મુનિ પણ વિશ્રાંતિ લે. ॥૯૩॥

**वीसमंतो इमं चिंते, हियमट्ठं लाभमट्ठिओ । जइ मे अणुग्गहं कुज्जा, साहू होज्जामि तारिओ ॥९४॥**

વિશ્રાંતિ લેતો મુનિ આ પ્રમાણે ચિંતવે, કલ્યાણને કરનારૂં હિતકારી, મને લાભ આપનારૂં આ કાર્ય છે કે મારા લાવેલા નિર્દોષ આહારમાંથી બીજા સાધુઓ, મારા ઊપર કૃપા કરીને પોતાનું ઇચ્છિત લે તો હું અશુભ કર્મની નિર્જરા વિગેરેથી ભવ સમુદ્રથી તરીશ. ॥૯૪॥

**साहवो तो चियत्तेणं, निमंतेज्ज जहक्कमं । जइ तत्थ केइ इच्छेज्जा, तेहिं सद्धिं तु भुंजए ॥९५॥**

[2]એ પ્રમાણે વિચારીને યોગ્ય વખતે પ્રથમ આચાર્યને આમંત્રણ કરે, જો, તેઓ લે તો ઘણું સારૂં, નહિ તો તેમને પ્રાર્થના કરે કે, જેને જોઈએ તેને આપ આપો, જો તેઓ આપે તો ઠીક, અને એમ કહે કે તું આપ, તો અનુક્રમે ઉત્તમ ગુણોવાળા રત્નાધિકને આપે, અથવા પાઠાંતરમાં બીજા આચાર્ય એમ કહે છે કે લેવાની યોગ્યતાવાળાની અપેક્ષાએ આપે, અથવા બાળક, સાધુ વિગેરેને પ્રાર્થના કરે, તેઓની ઇચ્છા પ્રમાણે તેઓ લે, નહિ તો તે ધર્મ બંધુઓ સાથે પોતે ગોચરી કરે.॥૯૫॥

**अह कोई न इच्छेज्जा, तओ भुंजिज्ज एगओ । आलोए भायणे साहू, जयं अपरिसाडियं ॥९६॥**

જો કોઈ ન લે તો રાગદ્વેષ રહિત થઈને પ્રકાશમાં જઈ ખુલ્લા પાતરામાં માખી વિગેરે જોઈને યતનાથી ઉપયોગ રાખી છાંટો ન પડવા દેતાં પોતે ખાય. ॥૯૬॥

**तित्तगं व कडुयं व कसायं, अंबिलं व महुरं लवणं वा ।**
**एयलद्धमन्नट्ठपउत्तं, महु-घयं व भुंजेज्ज संजए ॥९७॥**

[3]ભોજનની વિધિ કહે છે. તીખું, કડવું, કસાએલું, ખાટું, મીઠું, ખારૂં, જેવું ખાન પાન હોય. તે સૂત્રમાં કહ્યા પ્રમાણે વિધિથી **ધરિમાં તેલ લગાડે, તે ન્યાયે મોક્ષને માટે**, જેમ કોઈ સાકર, ઘી સ્વાદથી જમે, ખાય, તેમ પોતે ગમે તેવું નીરસ ભોજન હોય, તો પણ સ્વાદથી જમે, પણ શરીરનું રૂપ રંગ વધારવા ભોજન ન કરે. એટલે ડાબી દાઢમાંથી જમણી દાઢમાં પણ સ્વાદ લેવા કોલીઓ ન ખસેડે, છ રસની વસ્તુઓ, તીખું એલુંક, વાલુંક વિગેરે. કડવું, આદુ ઓસામણ, કસાએલું વાલ વિગેરે છે, ખાટું, છાશ, મઠો વિગેરે. મીઠું, દૂધ, સાકર છે, ખારૂં તે નમક વિગેરે સાધને યોગ્ય અચિત્ત હોય તે લે, પણ સ્વાદથી ન વાપરે. ॥૯૭॥

**अरसं विरसं वावि, सूइयं वा असूइयं । ओल्लं वा जइ वा सुक्कं, मंथु-कुम्मासभोयणं ॥९८॥**

[4]અરસ એટલે હિંગ વિગેરેથી સ્વાદિષ્ટ ન કર્યું હોય તે, વિરસ એટલે સ્વાદ રહિત થઈ ગએલું, સૂચિત તે શાક યુક્ત, અથવા શાક વિગેરેથી રહિત તે અસૂચિત. અથવા પાઠાંતરમાં બીજા આચાર્ય કહે છે કે કહીને આપે, અથવા કહ્યા વગર આપે, તે સૂચિત, અસૂચિત છે, અથવા ઘણા શાકવાળું ભોજન તે આર્દ્ર છે, અથવા તદ્દન શાક વિનાનું સુકું હોય, અથવા મંથુ એટલે બોરનો ચુરો, અથવા અડદ, અથવા ચોળા બાફેલા હોય.॥૯૮॥

**उप्पन्नं नाइहीलेज्जा, अप्पं वा बहु फासुयं । मुहालद्धं मुहाजीवी, भुंजेज्जा दोसवज्जियं ॥९९॥**

૧ ઓ.નિ. : ૫૨૧
૨ A ઓ.નિ. : ગા. ૫૨૩-૫૨૫    B ઉ. : ૧-૩૫
૩ A ભગવતી સૂત્ર : ૭-૧-૨૧/૨૪    B ઉત્તરા.અ. : ૨૬/૩૨    C ઓ.નિ. : ૫૯૩
૪ A ઓ.નિ. : ૫૯૩/૫૮૭-૫૮૮    B ઓ.નિ. : ૫૭૧-૫૭૨    C ઉત્તરા. : ૮/૧૨/૨૫

તે વિધિએ પ્રાપ્ત થાય તો તેને તુચ્છ ભોજન સમજી આપનારની અથવા ભોજનની નિંદા ન કરે, અથવા એમ ન ચિંતવે કે આટલા થોડાથી મારૂં પેટ શું ભરાશે, અથવા ઘણું છે. પણ ફેંકી દેવા જેવું છે તે ખાધેથી શું? ત્યારે કેવી રીતે ચિંતવે તે કહે છે કે આ લોકોનો મેં કંઈપણ ઉપકાર કર્યો નથી. છતાં મને આપે છે તે સારૂં છે. તે પ્રમાણે કંઈપણ **ગૃહસ્થને ઉપકાર કર્યા વિનાનું** જે ભોજન મળે તેવા ભોજનથી જીવવાનું છે, તેથી તે દોષથી રહિત એટલે ભોજન કરતાં જે પાંચ દોષ લાગે છે તે [1]સંયોજના વિગેરે ન કરતાં રાગદ્વેષ રહિત ખાય. બીજા આચાર્ય એમ કહે છે કે મૂલમાં મુધા જીવી શબ્દ છે. તેનો અર્થ આ છે કે સાધુએ પોતાની ઉત્તમ જાતિ વિગેરે બતાવી ભોજન ન લેવું. ॥૯૯॥

**दुल्लहा उ मुहादाई, मुहाजीवी वि दुल्लहा । मुहादाई मुहाजीवी, दोविगच्छंति सो(सु)गइं ॥१००॥**

**त्ति बेमि। पिंडेसणाए पढमो उद्देसो समत्तो ॥१॥**

શાસ્ત્રકાર મહારાજ કહે છે કે આ પ્રમાણે કોઈ પણ જાતનો સ્વાર્થ રાખ્યા વિના દાન આપનારા વિરલા હોય છે. તેમજ કોઈપણ જાતનો સ્વાર્થ રાખ્યા વિના ગોચરી લેનારા પણ વિરલા હોય છે. આ બન્ને મોક્ષમાં જાય છે. કોઈ વખત તે ભવમાં મોક્ષમાં ન જાય તો એક ભવ દેવતાનો કરી મોક્ષમાં જાય છે. અહીં ભાગવતની કથા કહે છે. એક પરિવ્રાજક હતો, તે એક ભગતને ઘેર ગયો, અને કહ્યું કે હું તારે આશરે ચોમાસું રહીશ. પણ રાખનારે કહ્યું કે મારૂં તમારે કંઈપણ કાર્ય ન કરવું, આ શરતે રહો, પેલાએ તે કબુલ રાખ્યું. ભક્ત પણ તેને ઉચિત શય્યા ભોજન પાણી વિગેરે આપે છે. એક વખત ભક્તનો ઘોડો ચોરો ચોરી ગયા, પણ દહાડો ઉગી જવાથી તેમણે કાંટાની જાળોમાં મૂકી દીધો. સવારમાં તે પરિવ્રાજક તળાવમાં સ્નાન કરવા ગયો. તેણે ઘોડો દેખ્યો. અને તેણે આવીને ભગતને કહ્યું કે ઘોડો અમુક જગ્યાએ છે. ત્યારે ભગતે કહ્યું કે હવે તારી સેવા કરવાનું ફળ મને અલ્પ મળશે, માટે તું ચાલ્યો જા. (**ગૃહસ્થની પીડામાં ત્યાગીને પડવું ઉચિત નથી. તેમણે તો ઈશ્વરના ધ્યાનમાં જ લક્ષ રાખવાનું છે**) આ પ્રમાણે વિના લોભે દાન આપનાર થોડા છે. હવે બીજું દૃષ્ટાંત કહે છે. એક રાજા ધર્મની પરીક્ષા કરે છે, અને કહે છે કે એવો કયો ધર્મ છે જે સ્વાર્થ વિના ભોજન લે. તેની પરીક્ષા માટે લાડવાનું દાન આપવા નોકરોથી કહેવડાવ્યું. તેથી ઘણા બાવા વિગેરે આવ્યા, ત્યારે રાજાએ પૂછ્યું કે તમે શાથી ખાઓ છો. કોઈએ કહ્યું કે મોઢેથી ખાઉં છું, બીજાએ કહ્યું કે પગોથી ખાઉં છું. ત્રીજાએ કહ્યું કે હાથથી ખાઉં છું. ચોથો કહે હું લોકોના ઊપર ઉપકાર કરીને ખાઉં છું. રાજાએ કહ્યું કેવી રીતે? ત્યારે અનુક્રમે બોલ્યા હું કથા કરૂં છું. હું સંદેશો લઈ જાઉં છું. હું લેખ લખું છું, હું ભીખ માંગી ખાઉં છું. આ પ્રમાણે બધાના ખુલાશા થયા. છેવટે ક્ષુલ્લકે કહ્યું કે હું તો સંસારનો વૈરાગ્ય થવાથી પરમાત્માનું ધ્યાન કરૂં છું, પણ કોઈનું કશું કામ કરતો નથી. રાજાએ તેનો ધર્મ સાચો માનીને તેના ગુરુ જે આચાર્ય હતા તેમની પાસે આવીને ધર્મ સાંભળી વૈરાગ્ય પામી દીક્ષા લીધી. આવા વૈરાગ્ય ધારી ભોજન કરનારા જગતમાં વિરલા છે. પિંડૈષણા અધ્યયનનો પહેલો ઉદ્દેશો સમાપ્ત થયો.॥૧૦૦॥

## बीजो उद्देसो – બીજો ઉદ્દેશો

**पडिग्गहं संलिहित्ताणं, लेवमायाए संजए । दुगंधं वा सुगंधं वा, सव्वं भुंजे न छड्डए ॥१॥**

[2]પહેલા ઉદ્દેશામાં જે વાત ઉપયોગી કહેવાની રહી છે, તે બીજામાં કહે છે. ગોચરી કરતાં પાતરાને બરોબર ભોજન રહિત કરવું, એટલે સુગંધિ હોય, અગર દુર્ગંધિ હોય તો પણ લેપ રહિત કરવું, તેમાં જરા પણ છાંડવું નહિ. જો છાંડે તો કીડી વિગેરે તેના ઊપર આવી મરી જાય, તેથી સંયમનો ઘાત થાય માટે સાધુએ લેપ મર્યાદા વડે પાતરાને ચાટીને કે અંગુઠાથી ઘસીને સાફ કરવાં. ॥૧॥

૧ પિ.નિ. : ૬૩૮–૬૫૫

૨ A ઓ.ભા. : ૨૮૪–૨૮૯ B પિ.નિ. : ૬૪૯

**सेज्जा निसीहियाए, समावन्नो य गोयरे । अयावयट्ठा भोच्चा णं, जइ तेणं न संथरे ॥२॥**

શય્યા એટલે સુવાની જગ્યા. તથા નૈષેધિકી એટલે ભણવાની જગ્યા, અથવા બીજો અર્થ આ છે કે શય્યા જ ખરાબ હોય, તો તે તજવાથી શય્યા તે નૈષેધિકી કહેવાય છે, તેમાં રહેલા સાધુને ગોચરીમાં પૂરો આહાર ન મળ્યો હોય. અથવા તપસ્વી થોડું થોડું ખાતો હોય તો તેટલાથી તેનો નિર્વાહ ન થાય. અથવા માંદો હોય તો ઓછું ખાય તેથી બીજીવાર ભૂખ લાગે. ॥૨॥

**तओ कारणमुप्पन्ने, भत्त-पाणं गवेसए । विहिणा पुव्ववुत्तेण, इमेणं उत्तरेण य ॥३॥**

[1]તો તેવું કારણ આવતાં વેદનાદિ પુષ્ટ આલંબન હોય તો સાધુ બીજીવાર પણ ગોચરી લેવા ચોથી ગાથામાં કહ્યા પ્રમાણે જાય. **અન્યથા સાધુને એકવાર જ ગોચરી જવાનું વિધાન છે.** ॥૩॥

**कालेण निक्खमे भिक्खू, कालेण य पडिक्कमे । अकालं च विवज्जेत्ता, काले कालं समायरे ॥४॥**

[2]જે કાળમાં ઉચિત હોય, એટલે જે સમયે ગૃહસ્થો જમવા બેઠા હોય, તે સમયે ગોચરી લેવાને માટે સાધુ નીકળે અને ઉચિત કાળમાં ભણવાનું થાય તે સમયમાં પાછો આવી જાય. કહ્યું છે કે – ક્ષેત્ર કાળ અને પાતરા (ગોચરી) ત્રણેને અનુકૂળ ગોચરી જનારને આઠ ભાંગા થાય છે. (એટલે અઢી ગાઉથી દૂર ગોચરી ન જવાય. ખાતાં દિવસ રહે, તેટલો કાળ હોવો જોઈએ. તેવે સમયે તેણે પાછું ફરવું.) અકાળ છોડી દેવો. એટલે જે કાળે ભણવાનું ન થાય, તે અકાળ કહેવાય. તેમાં ગોચરી જવું. બાકી બધું કાર્ય સમયે સમયે ઉચિત કરવાનું છે. અથવા સર્વ યોગોનો સંગ્રહ કરવા કહે છે, કે ભિક્ષા વખતે ભિક્ષા કરે, અને ભણવાના વખતે ભણવાનું કરે. કહ્યું છે કે, (જોગો જોગો. જિણ સાસણંમિ.) ધર્મના જુદા જુદા વેપારો જિનશાસનમાં કહેલા છે. ॥૪॥

**अकाले चरसि भिक्खू, कालं न पडिलेहसि । अप्पाणं च किलामेसि, संनिवेसं च गरहसि ॥५॥**

અકાળમાં જો ગોચરી જાય તો શું થાય? તે કહે છે. અકાળે ગોચરી જતાં કાળની ખબર ન રાખ્યાથી ગોચરી ન મળતાં પોતે કહેશે કે નિર્ભાગી ગામમાં, જ્યાં ટટી (ઠલ્લે) જવાની જગ્યા છે ત્યાં આહાર ક્યાંથી મળશે? આ પ્રમાણે પોતે ખેદ પામશે. અને ગામની નિંદા કરશે તેથી દીનતા પામીને ભગવાનની આજ્ઞા લોપશે. ॥૫॥

**सइ काले चरे भिक्खू, कुज्जा पुरिसकारियं । अलाभो त्ति न सोएज्जा तवो त्ति अहियासए ॥६॥**

એટલા માટે અકાળ તજીને કાળમાં ભિક્ષા સમયે સાધુએ ગોચરી જવું. બીજા આચાર્ય કહે છે કે સ્મૃતિકાળ એટલે કે જે સમયમાં ભિક્ષુકોને દેવા લોકો યાદ કરે, તે કાળે સાધુ જાય. **જ્યાં સુધી પગમાં શક્તિ હોય ત્યાં સુધી બીજા ઊપર બોજારૂપ ન થતાં પોતે ગોચરી જાય.** હવે ગોચરી જતાં ન મળે તો સાધુએ શોક ન કરવો. કારણ કે તેણે તો સુબુદ્ધિએ વીર્યાચારને પાળ્યો છે. તેના માટે ગોચરી જવાનું છે. નહિ કે આહાર લાવવાના માટે, આવું વિચારી શોક ન કરે, પણ આ તપ થયો એમ સમજીને સહન કરે, **ઓછું મળે તો ઉનોદરી અને ન મળે તો ઉપવાસનો લાભ થયો એમ ચિંતવે.** ॥૬॥

**तहेवुच्चावया पाणा, भत्तट्ठाए समागया । त(तं) उज्जुयं न गच्छेज्जा, जयमेव परक्कमे ॥७॥**

હવે ક્ષેત્રની યતના કહે છે. ઊંચા અને નીચા પ્રાણીઓ પશુ પક્ષીઓ બલિ, દાન વિગેરેમાં ભોજન લેવાને માટે આવ્યાં હોય તેની તરફ પોતે ન જાય, કારણ કે તેમને મળતાં અંતરાય થાય અથવા તેમને ભય લાગે માટે પોતે એમને ત્રાસ ન થાય તેવી રીતે યતનાથી ચાલે. ॥૭॥

**गोयरग्गपविट्ठो उ, न निसीएज्ज कत्थई । कहं च न पबंधेज्जा, चिट्ठित्ताण व संजए ॥८॥**

૧ દશા. શ્રુ. : અ. ૮ સૂ. ૨૪૪
૨ ઓઘ.નિ.માં જુઓ, અ.રાજેન્દ્ર કોષ ભાગ ૩/૯૭૦ બૃ. ૧૭.

ગોચરી ગએલો સાધુ ઘરમાં કે દેવળમાં બેસી ન રહે, કારણ કે સંયમને નુકશાન થાય છે. તેમ ધર્મ કથા પણ કહેવા ન બેસે. અને પ્રશ્નનો ઉત્તર આપવા પણ બેસે નહિ, એટલે ઘણો કાળ ગૃહસ્થના ઘરમાં બેસી રહેવાથી સાધુ માટે ગોચરી બનાવે તો દોષ લાગે તથા ઘરના માણસોને રાગદ્વેષ થાય, પણ એક પ્રશ્ન પુછે તો તેનો ઉત્તર ઉભા રહીને આપે. (તે આગળ કહેશે.) હવે દ્રવ્ય યતના કહે છે. ॥૮॥

**अग्गलं फलिहं दारं, कवाडं वावि संजए । अवलंबिया न चिट्ठेज्जा, गोयरग्गगओ मुणी ॥९॥**

ઉલાળો જે દરવાજામાં કમાડ પછવાડે રાખવામાં આવે છે તે તથા પરીઘ (ભુંગળ) જે (ભીતની અંદર લાકડાની ખેંચવાની રાખવામાં આવે છે તે.) આ નગરના દરવાજે વિશેષ કરીને હોય છે. તેને તથા બારણું તથા કમાડ વિગેરેને અટકીને સાધુએ ઉભા ન રહેવું. તેથી સાધુને લઘુતા અને જીવ વિરાધનાનો દોષ લાગે છે. (સંયત અને મુનિ બંને એક જ અર્થમાં છે.) ॥૯॥

**समणं माहणं वा वि, किविणं वा वणीमगं । उवसंकमंतं भत्तट्ठा, पाणट्ठाए व संजए ॥१०॥**

હવે ભાવ યતના કહે છે. સાધુ ગોચરી જાય ત્યાં સામે બૌદ્ધના સાધુ, બ્રાહ્મણ, કૃપણ, પિંડોલક (ભિક્ષુ અથવા ભિક્ષાચર–ભિખારી) તથા વનીપક (દરિદ્રી) આમાંનો કોઈ ખાવા પીવાનું લેવાને માટે આવ્યો હોય. ॥૧૦॥

**तं अइक्कमित्तु न पविसे, नवि चिट्ठे चक्खुगोयरे । एगंतमवक्कमित्ता, तत्थ चिट्ठेज्ज संजए ॥११॥**

તો તેને ઉલ્લંઘીને સાધુએ ઘરમાં જવું નહિ. અથવા તેની નજર પડે ત્યાં પણ ઉભા ન રહેવું. માટે થોડે દૂર એકાંતમાં જઈને ત્યાં મુનિએ ઉભા રહેવું. ॥૧૧॥

**वणीमगस्स वा तस्स, दायगस्सुभयस्स वा । अप्पत्तिअं सिआ होज्जा, लहुत्तं पवयणस्स वा ॥१२॥**

જો ત્યાં જાય તો શું દોષ લાગે તે કહે છે. લેનારને તથા આપનારને આપતાં વિઘ્ન થાય, તેથી અપ્રીતિ થાય, અથવા તેઓ જૈન ધર્મની નિંદા કરે કે તેમને આવો સાદો વિવેક પણ ધ્યાનમાં નથી, કે ઘરમાં ઉલ્લંઘીને દાખલ થાય છે. ॥૧૨॥

**पडिसेहिए व दिन्ने वा, तओ तम्मि नियत्तिए । उवसंकमेज्ज भत्तट्ठा, पाणट्ठाए व संजए ॥१३॥**

એટલા માંટે જ્યારે ગૃહસ્થ તેને ના પાડે અથવા તેને આપે તો તેના ગયા પછી મુનિએ આહાર પાણી લેવાં ત્યાં જવું. ॥૧૩॥

**उप्पलं पउमं वा वि, कुमुयं वा मगदंतियं । अन्नं वा पुप्फसच्चित्तं, तं च संलुंचिया दए ॥१४॥**

મુનિએ પરપીડા ન કરવી તે કહે છે કે ઘરમાં નીલકમલ તથા પદ્મ જાતિનાં કમલ તથા મલ્લિકા જાતિનાં ફૂલ અથવા સચિત્ત ફૂલ વિગેરે હોય તેને છેદીને મુનિને આપવા માંડે તો, ॥૧૪॥

**(तं भवे)तारिसं भत्त-पाणं तु, संजयाण अकप्पियं । दैंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥१५॥**

મુનિએ કહેવું કે એ મુનિને લેવું અયોગ્ય છે. અમને તેવું જોઈતું નથી. ॥૧૫॥

**उप्पलं पउमं वा वि, कुमुयं वा मगदंतियं । अन्नं वा पुप्फसच्चित्तं, तं च संमद्दिआ दए ॥१६॥**

ઊપર પ્રમાણે કોઈ પણ જાતના ફૂલો હોય અને તેને મર્દન કરીને (ચોળીને) મુનિને આપે. ॥૧૬॥

**तारिसं(तं भवे) भत्त-पाणं तु, संजयाण अकप्पियं । दैंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं॥१७॥**

તો તેણે કહેવું કે અમારે તેવું લેવું ઉચિત નથી. લુંચન અને મર્દનની જે વાત આવી છે તેમાં પહેલાં બતાવી ગયા છીએ કે પ્રાણ બીજ તથા વનસ્પતિને દુઃખ દઈને વહોરાવે તો ન લેવું. એમ કહ્યાં છતાં આ બે ગાથા ફરી શા માટે કહી? આચાર્યનો ઉત્તર–પહેલાંમાં સામાન્ય અને બીજામાં વિશેષ નામ લઈને કહ્યું છે. ॥૧૭॥

**सालुयं वा विरालियं, कुमुउप्पलनालियं । मुणालियं सासवनालियं, उच्छुखंडं अनिव्वुडं ॥१८॥**

શાલુક (કમળ નું કંદ) તથા વિરાલિકા (પર્વવલ્લિ પ્રતિપર્વવલ્લિ પ્રતિપર્વ કંદ પલાશના કંદ) તથા કુમુદની તથા બીજા કમળની નાળ તથા પદ્મનો કંદ તથા સરસવની નાળ (ડાંડલી) અથવા શેરડીનો ટુકડો આ બધા રાંધ્યા વિનાનાં અથવા અચિત્ત ન થયાં હોય, તે સાધુને લેવું ન કલ્પે. ॥૧૮॥

**तरुणगं वा पवालं, रुक्खस्स तणगस्स वा । अन्नस्स वा वि हरियस्स, आमगं परिवज्जए ॥१९॥**

ઉગતા ફળની કુંપળ-પ્રવાલ (કોમળ ડાખળી) શીંગ વિગેરે અથવા ઘાસનાં મીઠાં રાડાં (સાંઠા) અથવા લીલી વનસ્પતિ (મોગરી ડાંડી વિગેરે) જે કંઈ કાચું હોય તે સાધુએ ન લેવું. ॥૧૯॥

**तरुणियं वा छेवाडिं, आमियं भज्जियं सइं । देंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥२०॥**

તેવી કુમળી શીંગો અથવા મગફળી કાચી રાંધ્યા કે શેક્યા વિનાની હોય અથવા પૂરી શેકી ન હોય અને આપે તો સાધુએ કહેવું કે અમને તેવું લેવું ન ઘટે. ॥૨૦॥

**तहा कोलमणस्सिन्नं, वेलुयं कासवनालियं । तिलपप्पडगं नीमं, आमगं परिवज्जए ॥२१॥**

વંશ બોર કારેલાં (વાંસ અથવા કેર) શ્રીપરનીનું ફળ (કાશ્યપ નાલિકા) તલપાપડી અથવા વાલની પાપડી અથવા પાકી લીમડાની લીંબોળી આ બધી ચીજો રાંધ્યા અથવા અચિત્ત થયા વિનાની હોય તો લેવી ન કલ્પે.॥૨૧॥

**तहेव चाउलं पिट्ठं, वियडं वा तत्तनिव्वुडं । तिलपिट्ठ पूइपिन्नागं, आमगं परिवज्जए ॥२२॥**

[1]તેવી રીતે ચોખાનો આટો અથવા કાચું અથવા અર્ધ કાચું પાણી ત્રણવાર ઉકાળ્યા વિનાનું હોય તથા તલનો કૂટેલો ભૂકો હોય અથવા સરસવનો ખોળ આ બધી ચીજો રાંધ્યા વિનાની હોય તો સાધુએ ઉપયોગમાં લેવી નહિ. ॥૨૨॥

**कविट्ठं माउलिंगं च, मूलगं मूलगत्तियं । आमं असत्थपरिणयं, मणसा वि न पत्थए॥२३॥**

કોઠું, બીજોરૂં, મૂળો પાંદડાવાળો તથા એકલું કંદ કાચું હોય અથવા પુરૂં રાંધેલું ન હોય તે મનથી પણ ન ઈચ્છે (અનંતકાય હોવાથી મૂળા વિગેરે સર્વથા છોડવા જોગ છે.)॥૨૩॥

**तहेव फलमंथूणि, बीयमंथूणि जाणिया । बिहेलगं पियालं च, आमगं परिवज्जए ॥२४॥**

બોરનું ચુરણ, જવનું ચુરણ તથા હરડાં બેડાંનું ફળ વિગેરે કાંચાં હોય અથવા ઠલીઆ સહિત હોય, રાંધ્યા વિનાના હોય તો સાધુએ ન લેવાં. ॥૨૪॥

**समुदाणं चरे भिक्खू, कुलं उच्चावयं सया । नीयं कुलमइक्कम्म, ऊसढं नाभिधारए ॥२५॥**

સાધુ ઊંચ નીચ ઘરનો તફાવત ન રાખતાં. સમાન પણે રાગદ્વેષ રહિત ગોચરી લે, (દારૂ-માંસ-વાપરનારા અધમ ઘરોને છોડી) બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય વિગેરેની ગોચરી સાધુ લે પણ ગરીબ ઘરોને છોડી, શ્રીમંતોના ઘરો શોધતો ન ફરે. ક્યારેક જાય તો પણ તેમાં અપમાન થાય. લોક નિંદા કરે. ॥૨૫॥

**अदीणो वित्तिमेसेज्जा, न विसीएज्ज पंडिए । अमुच्छिओ भोयणंमि, मायण्णे एसणारए ॥२६॥**

ગોચરી ફરતાં ન મળે તો ખેદ ન કરે, કદાચ સારૂં ભોજન મળે તો લોભીઓ થઈ વધારે ન લે, પણ ખાવા જેટલું લે. તેમાં સાધુ ઉદ્ગમ ઉત્પાદનાનો પક્ષપાતી હોય અને ગૃહસ્થોને ફરી બનાવવું ન પડે, તેનું ધ્યાન સખે. (એ પ્રમાણે વહોરે.) ॥૨૬॥

---

૧ A સ્થાનાંગ : ૩/૩૪૯ વૃત્તિ B સૂત્ર કૃત. : ૨-૬-૨૬

**बहुं परघरे अत्थि, विविहं खाइम-साइमं । न तत्थ पंडिओ कुप्पे, इच्छा दिज्ज परो न वा ॥२७॥**

ગૃહસ્થના ઘરમાં ઘણી ચીજો પડેલી હોય છે. અનેક પ્રકારનાં ખાનપાન વિગેરે હોય છે. છતાં ગૃહસ્થ ન આપે અથવા ઓછું આપે તો વિદ્વાન સાધુએ ક્રોધ ન કરવો. કારણ કે, તે આપનારની મરજી ઊપર છે. ॥૨૭॥

**सयणाऽऽसणवत्थं वा, भत्त-पाणं व संजए । अदंतस्स न कुप्पिज्जा, पच्चक्खे वि य दीसओ ॥२८॥**

ગૃહસ્થના ઘરમાં સંથારીઉં (સૂવાનું પાથરણું) આસન વસ્ત્ર અથવા ખાનપાન વિગેરે પ્રત્યક્ષ દેખાતી ચીજો હોય અને તે સાધુ માંગણી કરે છતાં ઘરવાળો ન આપે તો સાધુએ ક્રોધ ન કરવો. ॥૨૮॥

**इत्थियं पुरिसं वावि, डहरं वा महल्लगं । वंदमाणं न जाएज्जा, नो य णं फरुसं वए ॥२९॥**

[1]સ્ત્રી, પુરુષ, નપુંસક અથવા નાનું મોટું માણસ સાધુને નમસ્કાર કરે તો તેને ભક્ત જાણીને તેની પાસે કોઈપણ વસ્તુની માંગણી ન કરવી કદાચ વસ્તુની જરૂર પડે અને માંગણી કરી હોય, છતાં તે ગૃહસ્થ ન આપે તો તેને કડવાં વચનો ન કહેવાં. ॥૨૯॥

**जे न वंदे न से कुप्पे, वंदिओ न समुक्कसे । एवमन्नेसमाणस्स, सामण्णमणुचिट्ठई ॥३०॥**

કોઈ નમસ્કાર ન કરે. તો તેના ઊપર ક્રોધ ન કરવો. તથા રાજા વિગેરે મોટો માણસ નમસ્કાર કરે તો અહંકાર ન કરવો. એવો જે સમપરિણામ રાખે તો તેને ભગવાનની આજ્ઞા પ્રમાણે ચાલવાથી અખંડ સાધુપણું પ્રાપ્ત થાય. ॥૩૦॥

**सिया एगइओ लद्धुं, लोभेण विणिगूहई । मा मेयं दाइयं संतं, दट्ठूणं सयमायए ॥३१॥**

ગોચરીમાં ઉત્તમ વસ્તુ આવી હોય તો લોભીઆ થઈને પાતરામાં છુપાવવી નહિ પણ ગુરુના જોવામાં આવે, તેવી રીતે રાખવી કે ગુરુ વિગેરેને લેવી હોય, તો કામ લાગે. ॥૩૧॥

**अत्तट्ठगुरुओ लुद्धो, बहुं पावं पकुव्वई । दुत्तोसओ य से(सो) होइ, नेव्वाणं च न गच्छई ॥३२॥**

જો સાધુ લોભીઓ થઈને પોતાના માટે છુપાવે તો તે પછી ઘણા પાપ કરે છે. અને તેને કોઈ દિવસ સંતોષ ન થાય. અને તેથી ધીરજ ન રહેવાથી તે મોક્ષ પણ પ્રાપ્ત ન કરી શકે. ॥૩૨॥

**सिया एगइओ लद्धुं, विविहं पाण-भोयणं । भद्दगं भद्दगं भोच्चा, विवण्णं विरसमाहरे ॥३३॥**

અથવા ગોચરીથી આવતાં રસ્તામાં સારો સારો આહાર ખાઈ લે. અને પછી બીજાને ખાવા માટે અથવા બીજાને બતાવવા માટે થોડું નીરસ ભોજન લાવે. ॥૩૩॥

**जाणंतु ता इमे समणा, आययट्ठी अयं मुणी । संतुट्ठो सेवई पंतं, लूहवित्ती सुतोसओ ॥३४॥**

એથી પોતે એમ સમજે કે મને બીજા સાધુઓ ઉત્તમ માને કે 'આ આત્માર્થી સાધુ.' થોડું લુખું નીરસ ભોજન ખાઈને સંતોષ માને છે.॥૩૪॥

**पूयणट्ठा जसोकामी, माण-सम्माणकामए । बहुं पसवई पावं, मायासल्लं च कुव्वई ॥३५॥**

આવી રીતે પૂજાવાની ઈચ્છાવાળો ખોટા જસનો ચાહનારો માન સન્માનને ઈચ્છે તે ઘણાં પાપો કરે અને ઘણાં કપટ કરે.॥૩૫॥

**सुरं वा मेरगं वावि, अन्नं वा मज्जगं रसं । ससक्खं न पिबे भिक्खू, जसं सारक्खमप्पणो ॥३६॥**

[2]સુરા તે જવના આટાનો બનાવેલો દારૂ અથવા મહુડાંનો દારૂ અથવા તેવી બીજી કોઈ નશાવાળી

१ A આચાર ચૂલા : ૧–૬૨ B નિશીથ : ૨–૩૮

૨ A ચરક પૂ.ભા. સૂત્ર સ્થાન ૩–૧–૨૫ પૃ. ૨૭૩ B સ્થા. ૬–૪૪

ચીજોનો દારૂ પોતે છાનો અથવા જાહેરમાં પણ ન પીએ. કારણ કે સર્વજ્ઞ ભગવાન સદા જોઈ રહ્યા છે. તેમ પોતાના કુળની લાજ રાખવાના માટે સાધુ તેનાથી દૂર રહે. ॥૩૬॥

**पियाएगइओ तेणो, न मे कोइ वियाणइ । तस्स पस्सह दोसाइं, निअडिं च सुणेह मे ॥३७॥**

કદાચ એકાંતમાં પીએ કે મને કોઈ દેખતું નથી. તો તેના દોષોને તથા તેના કપટને મારી પાસે સાંભળો. 'એવા સારા સાધુને ગુરુ ઉપદેશ આપે છે.' ॥૩૭॥

**वड्ढई सों(सुं)डिआ तस्स, मायामोसं च भिक्खुणो । अयसो य अनिव्वाणं, सययं च असाहुया ॥३८॥**
**निच्चुव्विग्गो जहा तेणो, अत्तकम्मेहिं दुम्मई । तारिसो मरणंते वि, नाऽऽराहेइ संवरं ॥३९॥**

તેને દિવસે દિવસે વધારે કુટેવ પડે અને તેથી ઘણું જૂંઠું બોલે કપટ કરે. તેથી કોઈક વખત પકડાતાં આબરૂ જાય. મોક્ષ મળે નહિ. તથા હમેશાં, તેને સાધુપણું હોય નહિ. તથા તે પાપકર્મથી નિરંતર ખેદમાં રહેશે. અને જેમ ચોર પોતાનાં પાપ છુપાવવા ચિંતામાં રહે તેમ પોતે પણ ચિંતામાં રહી અંતકાળે પણ ખોટી બુદ્ધિથી આરાધના પણ ન કરી શકે. ॥૩૮-૩૯॥

**आयरिए नाराहेइ, समणे यावि तारिसो । गिहत्था वि ण गरहंति, जेण जाणंति तारिसं ॥४०॥**

તેના આવાં પાપો હોવાથી તે આચાર્યની સેવા ન કરે. બીજા સાધુઓની સેવા ન કરે. અને જો તેનાં આવાં પાપો જણાય તો ગૃહસ્થો પણ તેની નિંદા કરે. ॥૪૦॥

**एवं तु अगुणप्पेही, गुणाणं च विवज्जए । तारिसो मरणंतेऽवि, नाऽऽराहेइ संवरं॥४१॥**

એટલા માટે દારૂડીયો સાધુ દુર્ગુણોને પકડીને ઉત્તમ ગુણોને છોડીને સાધુપણાથી દૂર થઈ ચારિત્રને અંત વખતે પણ આરાધી શકે નહિ.॥૪૧॥

**तवं कुव्वइ मेहावी, पणीयं वज्जए रसं । मज्ज-प्पमायविरओ, तवस्सी अइउक्कसो ॥४२॥**

દારુ પીવાના દોષ બતાવ્યા. તેથી સાધુએ શું કરવું, તે કહે છે બુદ્ધિમાન સાધુ તપ કરે. ગુરુની આજ્ઞામાં રહે તથા ઘી, દૂધવાળા પદાર્થ તજે અને દારુ, તથા આળસ વધારે, તેવા પદાર્થો છોડીને તપસ્વી સાધુ તપસ્યા કરીને અહંકાર ન કરે. ॥૪૨॥

**तस्स पस्सह कल्लाणं, अणेगसाहुपूइयं । विउलं अत्थसंजुत्तं, कित्तइस्सं सुणेह मे॥४३॥**

ગુરુ મહારાજ બીજા શિષ્યોને કહે છે કે તેવો સાધુ (સારો સાધુ) શું મેળવે તે જુઓ. તેનું કલ્યાણ થાય એટલે સંયમ સારી રીતે પાળે તેથી બીજા સાધુઓ તેનું બહુમાન કરે. તથા વિશાળ એટલે તેને મોક્ષનું સુખ આપનાર સિદ્ધાંતનું રહસ્ય મળે. તથા તુચ્છતાથી રહિત નિરૂપમ સુખ મળે એવું બતાવીશ. તમે મારી પાસેથી સાંભળો. ॥૪૩॥

**एवं तु(स)गुणप्पेही, अगुणाणं (च) विवज्जए । तारिसो मरणंतेऽवि, आराहेइ (य) संवरं ॥४४॥**

એ પ્રમાણે અપ્રમાદ વિગેરે ઉત્તમ ગુણોને ઇચ્છનારો તથા પ્રમાદ વિગેરે દુર્ગુણોનો ત્યાગનારો સાધુ, ગુરુની આજ્ઞામાં સુબુદ્ધિથી રહીને મરણાંતે ચારિત્રની આરાધના સારી રીતે કરે કારણ કે ઉત્તમ ગુણો તે ચારિત્રનું બીજ છે.

**आयरिए आराहेइ, समणे यावि तारिसो । गिहत्था वि णं पूयंति, जेण जाणंति तारिसं ॥४५॥**

તે ઉત્તમ સાધુ આચાર્યની સેવા કરે. તે પ્રમાણે બીજા સાધુઓની પણ સેવા કરે કારણ કે તેના ભાવ શુદ્ધ છે અને તેવું જાણીને ગૃહસ્થો પણ તેનું બહુમાન કરે છે. ॥૪૫॥

**तवतेणे वइतेणे, रूवतेणे अ जे नरे । आयार-भावतेणे य, कुव्वई देवकिब्बिसं ॥४६॥**

તપ-વચન-રૂપ-આચાર અને ભાવ એ પાંચની ચોરી કરે, તે આ પ્રમાણે છે. પોતે તપ ન કરતો હોય છતાં કુદરતી દુર્બળ હોય. તેથી કોઈ પૂછે કે આપ તપસ્વી છો? તો મૌન રહે અથવા હા કહે તો તે તપચોર જાણવો. તેજ પ્રમાણે ધર્મ કથા કહેતાં ક્યાંયથી થોડું સાંભળી કથા કરે તો કોઈ પૂછે કે આપ શાસ્ત્ર જાણો છો? ન ભણ્યો હોય છતાં કહે અથવા મૌન રહે તો વચનચોર જાણવો. એ પ્રમાણે રૂપવાળો જોઈ કોઈ પૂછે કે આપ રાજકુમાર છો તો હા કહે તો તે રૂપચોર જાણવો. તેજ પ્રમાણે સારા આચારવાળાના નામે પૂજાય તો તે આચારચોર જાણવો. તથા બીજાના કહેલા સિદ્ધાંત રહસ્યને પોતાને નામે બતાવે તો તે ભાવચોર જાણવો. આ પ્રમાણે ચોરી કરવાથી કિલ્બિષિક દેવમાં ઉત્પન્ન થાય. ॥૪૬॥

**लद्धूणवि देवत्तं, उववन्नो देवकिब्बिसे । तत्थावि से न याणाइ किं मे किच्चा इमं फलं? ॥४७॥**

તે પ્રમાણે આવી હલકી ગતિ પામ્યા છતાં, અને સારી ક્રિયાથી દેવપણું પામ્યા છતાં વિશુદ્ધ અવધિજ્ઞાનના અભાવે જાણતો નથી કે મેં પૂર્વે ચોરી કરી તેનું આ ફળ છે. ॥૪૭॥

**तत्तोवि से चइत्ताणं, लब्भिही एलमूयगं । नरयं तिरिक्खजोणिं वा, बोहि जत्थ सुदुल्लहा ॥४८॥**

હવે બીજા દોષો કહે છે. દેવલોકમાંથી નીકળીને મનુષ્યપણામાં એલમૂકતા (ગાંડાપણું વિગેરે અથવા બકરા જેવી ન સમજાય તેવી ભાષામાં) ઉત્પન્ન થશે. અને પરંપરાએ નરક અને તિર્યંચ ગતિને મેળવશે. તથા સર્વ સુખોનું મૂળ જૈન ધર્મની પ્રાપ્તિ થવી દુર્લભ થશે, ટીકામાં એલમૂકતા એ જગ્યાએ વારંવાર દુઃખ પામવાનું સૂચવે છે. તથા ભવિષ્યકાળમાં પણ પરંપરાએ દુઃખ ભોગવશે. એમ સૂચવે છે. ॥૪૮॥

**एयं च दोसं दट्ठूणं, नायपुत्तेणं भासियं । अणुमायं पि मेहावी, मायामोसं विवज्जए ॥४९॥**

તેથી ઉપદેશ આપે છે કે આ પ્રમાણે મહાવીર જિનેશ્વરે કહ્યું. તે દોષોને જાણીને મર્યાદામાં રહેલો સાધુ જરાપણ ખોટું માન ન લે અને માયા જાુઠને સર્વથા ત્યાગે છે. ॥૪૯॥

**सिक्खिऊण भिक्खेसणसोहिं, संजयाण बुद्धाण सगासे ।**
**तत्थ भिक्खु सुप्पणिहिइंदिए, तिव्वलज्जगुणवं विहरेज्जासि ॥५०॥**
**त्तिबेमि समत्तं पिंडेसणानामज्झयणं पंचमं ॥५॥**

અધ્યયન સમાપ્ત કરતાં ગુરુ કહે છે કે વિદ્વાન ગુરુ પાસે ભિક્ષાની શુદ્ધિ શિખીને પોતાની ઇન્દ્રિયો કબ્જામાં રાખીને ઉત્કૃષ્ટ સંયમ પાળતો, તથા સૂત્રમાં બતાવેલી વિધિએ સમાચારી કરતો, પોતે ગુણવંત સાધુ થઈ વિચરે તેવું હું કહું છું. વિગેરે બધું પૂર્વ માફક જાણવું. બીજો ઉદ્દેશો આ પૂરો થયો. સૂત્ર અનુગમ કહ્યા તથા નયનું વર્ણન પૂર્વ માફક જાણવું. પિંડૈષણા નામનું પાંચમું અધ્યયન સમાપ્ત થયું.

**આવા ગુરુ ભગવંતની પાસે ચારિત્રગ્રહણ (દીક્ષા લેવી) કરવું તે હિતકારી છે.**

*(૧) જેમણે વિધિપૂર્વક જ દીક્ષા લીધેલ હોય. (૨) ગુરુ ભગવંતની ઊપાસના કરવાંવાળાં હોય (૩) અખંડિત વ્રતવાળાં હોય (૪) વિધિપૂર્વક આગમજ્ઞાનને પ્રાપ્ત કરેલું હોય (૫) અતિ નિર્મલ બુદ્ધિનો વિકાસ થયેલો હોય (૬) કષાયભાવો પણ જેનાં ઉપશાન્ત થયેલાં હોય (૭) સકલ સંઘનાં પ્રત્યે વાત્સલ્યભાવવાળાં હોય (૮) બધાંજ જીવોના હિતેચ્છુ હોય (૯) આદેય વચન યુક્ત હોય (૧૦) અનુવર્તક હોય (૧૧) ગંભીર હોય (૧૨) વિષાદ રહિત હોય (૧૩) ઉપશમ લબ્ધિયુક્ત હોય (૧૪) સૂત્રાર્થ પ્રરૂપક હોય (૧૫) સ્વગુરુથી ગુરુપદ પામેલાં હોય (૧૬) ગીતાર્થ હોય (૧૭) કૃત યોગી (યોગોદ્વહન કરેલાં હોય) એવાં ગુરુની પાસે દીક્ષા, ચારિત્ર લેવું જોઈએ. આવી દીક્ષાને આગમોક્ત દીક્ષા કહેવામાં આવેલી છે.*

अथ महाचारकथाख्यं षष्ठमध्ययनम् ।

(धम्म-ऽत्थ-काम ऽज्झयणं)

**અથ છઠ્ઠું અધ્યયન**

"મહાચાર કથા નામનું છઠ્ઠું અધ્યયન" હવે કહે છે. તેનો પૂર્વના અધ્યયન સાથે આ સંબંધ છે કે ગયાં અધ્યયનમાં સાધુની ભિક્ષાની વિશુદ્ધિ બતાવી અને અહીંયાં ગોચરીમાં ગએલા સાધુએ પોતાનો આચાર મોટા માણસોએ પૂછ્યું હોય. અને પોતે જાણતો હોય તો પણ ત્યાં વિસ્તારથી કહેવું નહિ. પણ કહેવું કે ગુરુ મહારાજ ઉપાશ્રયમાં કહેશે. તેજ અહીં કહે છે કે ગોચરીમાં ગએલો સાધુ ક્યાંય પણ બેસે નહિ. તેમ બેસીને કથા પણ સાધુ વિસ્તારથી ન કહે. તેથી પાંચમા છઠ્ઠા અધ્યયનનો આ સંબંધ થયો તેના અનુયોગ દ્વારનો ઉપન્યાસ (વર્ણન) પૂર્વ માફક જાણવો તથા નામ નિષ્પન્ન નિક્ષેપો આવે ત્યાં મહાચાર કથા નામ જાણવું અને પૂર્વે તે તત્ત્વથી બતાવ્યું છે તેથી અહીં ટૂંકાણમાં કહે છે.

**जो पुव्विं उद्दिट्ठो, आयारो सो अहीणमइरित्तो । सच्चेव य होइ कहा, आयारकहाए महईए ॥२४५॥**

પૂર્વે ત્રીજા અધ્યયનમાં આચારનું વર્ણન કહેલું છે તે જ્ઞાનાચાર વિગેરે પાંચ પ્રકારના છે. તે સર્વ અહીં વિસ્તારથી કહેવું, અને તે ત્રીજા અધ્યયનમાં ક્ષુલ્લક આચાર કથા હતી અને અત્રે મહાચાર કથા છે. તેથી કથાનું વર્ણન પણ આક્ષેપણી વિગેરે છે. તે કહેવું અને પૂર્વે ક્ષુલ્લક (નાનો) તેનાથી ઉલટો મહત્ (મોટો) તેનું વર્ણન કરવું. એટલે ત્યાં નાની આચાર કથા અને અહીં મોટી આચાર કથા જાણવી, નામ નિષ્પન્ન નિક્ષેપાનું વર્ણન કર્યું. બીજો વિસ્તાર પૂર્વ માફક જાણવો હવે સૂત્ર અનુગમમાં અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્ર બોલવું તે આ પ્રમાણે, ॥૨૪૫॥

**नाणदंसणसंपन्नं, संजमे य तवे रयं । गणिमागमसंपन्नं, उज्जाणम्मि समोसढं॥१॥**

જ્ઞાન તે શ્રુત જ્ઞાન વિગેરે છે. દર્શન તે ક્ષાયોપશમિકાદિ એ બંનેથી યુક્ત તથા પાંચ આશ્રવથી રહિત સંયમમાં તથા તપસ્યામાં લીન એવા તથા સાધુ સમુદાયથી યુક્ત તે[1] ગણી આચાર્ય હોય. વળી તે વિશિષ્ટ સૂત્ર ભણેલા હોય, એવા સદાચારી પંડિત આચાર્ય ઉદ્યાનમાં આવેલા હોય, તે ધર્મ ઉપદેશ આપતા હોય (મૂળસૂત્રમાં પ્રથમ જ્ઞાન અને પછી આગમ કહ્યું એ બન્ને એક છે. છતાં જુદા જુદા એટલા માટે મૂક્યા છે કે તેમનું જ્ઞાન વધારે આગમો ભણવાથી નિપુણ બુદ્ધિવાળું છે. અને ઉદ્યાન કહેવાનું કારણ એ છે કે શહેર કરતાં ઉદ્યાનમાં સાધુને વધારે નિવૃત્તિ રહે છે. પણ તે સાધુને ઉચિત હોવું જોઈએ.) ॥૧॥

**रायाणो रायमच्चा य, माहणा अदुव खत्तिया । पुच्छंति निहुयऽप्पाणो, कहं भे आयारगोयरो? ॥२॥**

[2]તેવા ઉત્તમ ગુરુને આવેલા સાંભળીને, તેમની પાસે રાજાઓ, રાજ્યના પ્રધાનો, બ્રાહ્મણો, ક્ષત્રિયો અથવા શેઠીયાઓ આત્માને સ્થિર કરી હાથ જોડીને પૂછે કે હે ગુરુવર! ક્રિયાકલાપ (આચાર) શું છે ? તે કહો. ॥૨॥

**तेसिं सो निहुओ दंतो, सव्वभूयसुहावहो । सिक्खाए सुसमाउत्तो, आयक्खइ वियक्खणो ॥३॥**

[3]તે સમયે તે આવેલા ભક્તો આગળ ધર્મકાયને સ્થિર કરી નિશ્ચલ રહી. ઇન્દ્રિયો તથા મનને દમન કરીને સર્વ જીવોને સુખ આપનાર ગ્રહણ અને આસેવન એટલે ગુરુ પાસે પ્રથમ આચાર સાંભળવા. અને પછી વર્તનમાં

૧ A જીવાભિ–સૂ. ૨૫૮ B સમવાયાંગ – ૧૧૭ વૃ.

૨ સ્થા. ૮–૩/૬૫૧

૩ A સૂત્ર કૃ. શ્રુત – ૧ B આવ. ચૂ. ભાગ–૨, પૃ. ૧૫૭

મૂકવો એ બંને પ્રકારની શિક્ષાએ યુક્ત પંડિત આચાર્ય તેમને ધર્મ સમજાવે છે. ॥૩॥

**हंदि! धम्म-ऽत्थ-कामाणं, निग्गंथाणं सुणेह मे । आयार-गोयरं भीमं, सयलं दुरहिट्ठियं ॥४॥**

ધર્મ–અર્થ ને કામ સાધુઓના કેવી રીતના છે. તે આચાર મહાકષ્ટકારી છે, અને સામાન્ય માણસોથી ન પળાય તેવો કઠણ અને સંપૂર્ણ છે. તે તમે મારી પાસે સાંભળો, ધર્મનો નિક્ષેપો પહેલા અધ્યયનમાં કહ્યો છે તેથી અહીં લોકોત્તર ધર્મ નિર્યુક્તિકાર કહે છે. ॥૪॥

**नऽन्नत्थ एरिसं वुत्तं, जं लोए परमदुच्चरं । विउलट्ठाणभाइस्स, न भूयं न भविस्सई ॥५॥**

એવું જૈન ધર્મ સિવાય બીજે ક્યાંય કહ્યું નથી લોકમાં જે શ્રેષ્ઠ તે સામાન્ય માણસને આચરવું કઠણ છે. વિપુલ સ્થાન ભજનારાને આવું પૂર્વે થયું નથી અને થવાનું પણ નથી તે ધર્મ, અર્થ અને કામ એ ત્રણે ને સૂત્ર સ્પર્શ નિર્યુક્તિ વડે પહેલા અધ્યયનમાં ઊપર કહેલ છે. હવે લોકોત્તર ધર્મ કહે છે. ॥૫॥

**धम्मो बावीसविहो, अगारधम्मोऽणगारधम्मो अ । पढमो अ बारसविहो, दसहा पुण बीयओ होइ ॥२४६॥**

ધર્મ સામાન્ય રીતે બાવીશ પ્રકારનો છે એટલે ગૃહસ્થનો ધર્મ બાર પ્રકારનો છે અને સાધુ ધર્મ દશ પ્રકારનો છે, આ સંક્ષેપમાં કહી હવે વિસ્તારથી કહે છે. ॥૨૪૬॥

**पंच य अणुव्वयाइं, गुणव्वयाइं च होंति तिन्नेव । सिक्खावयाइं चउरो, गिहिधम्मो बारसविहो अ ॥२४७॥**

ગૃહસ્થ (શ્રાવક) નાં પાંચ અણુવ્રત છે, તે સ્થૂળ એટલે થોડામાં છે. તે સર્વથા જીવનું રક્ષણ ન કરી શકે પણ નિરપરાધીત્રસ (હાલતા ચાલતા) જીવને બચાવી શકે વિગેરે છે. ગુણવ્રત તે ત્રણ છે. તે દિશાનો નિયમ વિગેરે છે. અને ચાર સામાયિક વિગેરે શિક્ષા વ્રત છે. આ ગૃહસ્થ ધર્મનું વર્ણન આવશ્યક સૂત્રમાં વિસ્તારથી બતાવ્યું છે તેથી અહીં કહેતા નથી, તેથી સાધુ ધર્મનું સ્વરૂપ કહે છે. ॥૨૪૭॥

**खंती य मद्दवऽज्जव, मुत्ती तवसंजमे अ बोद्धव्वे । सच्चं सोयं आकिंचणं, च बंभं च जइधम्मो ॥२४८॥**

[1](૧) ક્ષમા (૨) કોમળતા (૩) સરળતા (૪) મુક્તિ (નિર્લોભતા) (૫) તપ (૬) સંયમ (૭) સત્ય (૮) પવિત્રતા (૯) અકિંચન (૧૦) બ્રહ્મચર્ય એમ દશ પ્રકારે સાધુ ધર્મ છે. તેનું વર્ણન પહેલા અધ્યયનમાં છે. (ટીપ્પણમાં લખ્યું છે. ચારિત્ર ધર્મ તે અહીં શ્રમણ ધર્મ જાણવો. તે ચૂર્ણીકાર મહારાજે વિસ્તારથી કહેલો છે. તે અથવા સંલીનતા સંયમ વિગેરેમાં વ્યાખ્યાન કરેલુ હોવાથી એમ કહેલું છે.) ॥૨૪૮॥

**धम्मो एसुवइट्ठो, अत्थस्स चउव्विहो उ निक्खेवो । ओहेण छव्विहऽत्थो, चउसट्ठिविहो विभागेणं ॥२४९॥**

ધર્મ કહ્યો હવે અર્થનો અવસર છે. તેમાં આ પ્રમાણે કહ્યું છે, અર્થનો ચાર પ્રકારે નિક્ષેપો છે. નામ સ્થાપના દ્રવ્ય અને ભાવ છે. તેમાં દ્રવ્યથી આગમથી, નો આગમથી છોડી વ્યતિરિક્તમાં સામાન્યથી છ પ્રકારનો છે તથા વિશેષથી ચોસઠ પ્રકારે છે એનો ખુલાસો હવે પછીથી કહે છે. ॥૨૪૯॥

**धन्नाणि रयण थावर, दुपयचउप्पय तहेव कुविअं च । ओहेण छव्विहत्थो, एसो धीरेहिं पन्नत्तो ॥२५०॥**

જવ વિગેરે (૧) ધાન્ય કહેવાય છે. તથા (૨) રત્ન (સુવર્ણ) તથા (૩) સ્થાવર તે જમીન ઘર વિગેરે તથા (૪) બે પગવાળાં તે માણસ અથવા ગાડી ગાડાં વિગેરે (૫) ચાર પગવાળાં તે ગાય ભેંસ વિગેરે છે. તથા (૬) કુપ્યમાં તાંબાના કળશ વિગેરે છે. એ ઓઘથી છ પ્રકારનો છે. તે જિનેશ્વરે તથા ગણધર એવા ધીર પુરુષોએ કહેલાં છે. તે હવે વિસ્તારથી કહે છે. ॥૨૫૦॥

**चउवीसा चउवीसा, तिगदुगदसहा अणेगविह एव । सव्वेसिंपि इमेसिं, विभागमहयं पवक्खामि ॥२५१॥**

ચોવીસ પ્રકારનું ધાન્ય તેનો અર્થ (દ્રવ્ય) જાણવો. તથા ચોવીસ પ્રકારના રત્ન તેનો અર્થ જાણવો. તથા

૧ ગાથા ૪૩ જૂઓ

ત્રણ પ્રકારે સ્થાવર અર્થ અને બે પ્રકારે પદાર્થ તથા દશ પ્રકારે ચોપગાં અર્થ તથા અનેક પ્રકારે કુપ્ય અર્થ છે. આ બધાને ખુલાસાથી હવે કહેશે. ॥૨૫૧॥

**धन्नाइं चउव्वीसं जव १ गोहुम २ सालि ३ वीहि ४ सट्ठीआ ५ ।**
**कोद्दव ६ अणुया ७ कंगू ८ रालग ९ तिल १० मुग्ग ११ मासा १२ य ॥२५२॥**
**अयसि १३ हरिमन्थ १४ तिउडग १५ निप्फाव १६ सिलिंद १७ रायमासा १८ अ ।**
**इक्खू १९ मसूर २० तुवरी २१ कुलत्थ २२ तह २३ धन्नगकलाया २४ ॥२५३॥**

ચોવીસ પ્રકારનાં ધાન્ય (૧) જવ (૨) ઘઉં (૩) ચોખા (શાલિ) (૪) ડાંગર (વ્રીહિ) (૫) સાઠી ચોખા (૬) કોદરા (૭) અણુંકા (બાવટો) (૮) કાંગ (૯) રાલગ (કાંગની એક જાત) (૧૦) તલ (૧૧) મગ (૧૨) અડદ (૧૩) અળસી (૧૪) કાળા ચણા (૧૫) ત્રિપુટક (તિઉણ/ખેસારી) (૧૬) નિષ્પાવ (વાલ) (૧૭) શિલિંદ (મઠ) (૧૮) રાજ માષા (ચોળા) (૧૯) ઈક્ષુ (શેરડી) (૨૦) મસુર (૨૧) તુવેર (૨૨) કુલથી (૨૩) ધાણા (૨૪) કલાયક (વટાણા) એ પ્રમાણે ચોવીસ પ્રકારના અનાજ છે. ॥૨૫૨-૨૫૩॥

**रयणाणि चउव्वीसं सुवण्णतउतंबरययलोहाइं । सीसगहिरण्णपासाणवइरमणिमोत्तिअपवालं ॥२५४॥**
**संखो तिणिसागुरुचंदणाणि वत्थामिलाणि कट्ठाणि । तह चम्मदंतवाला गंधा दव्वोसहाइं च ॥२५५॥**

ચોવીસ પ્રકારના રત્નો તે નીચે મુજબ છે. (૧) સોનું (૨) તરવું (૩) તાંબુ (૪) ચાંદી (૫) લોઢું (૬) સીસું (૭) હિરણ્ય (રૂપિયો વિગેરે) (૮) પાષાણ (પન્ના માણેક) (૯) હીરો (૧૦) ચંદન (૧૧) મણી (૧૨) મોતી (૧૩) પરવાળાં (૧૪) શંખ (૧૫) તિનિસ (એકજાતનું વૃક્ષ) (૧૬) અગરૂ વિગેરે (૧૭) વસ્ત્ર (૧૮) અમિલ (ઊનનાં વસ્ત્રો) (૧૯) કાષ્ઠ (ઉત્તમ જાતનું લાકડું) (૨૦) ચર્મ (તે સિંહ વિગેરેનાં ચામડાં) (૨૧) હાથી વિગેરેના દાંત (૨૨) ચમરી ગાય વિગેરેના બાલ (૨૩) સુગંધ (૨૪) પીપર વિગેરે દ્રવ્ય ઔષધ છે (અગરૂ તથા ચંદન જુદાં છે તેથી ૧૦ નંબરમાં બતાવ્યું છે.) ॥૨૫૪-૨૫૫॥

**भुमी घरा य तरुगण, तिविहं पुण थावरं मुणेअव्वं । चक्कारबद्धमाणुस, दुविहं पुण होइ दुपयं तु ॥२५६॥**

સ્થાવર આદિ વિભાગ કહે છે. જમીન, ઘર, ઝાડ એમ ત્રણ પ્રકારે છે. (મૂળમાં પુનઃ શબ્દ છે. તેથી એમ જાણવું કે તે દરેકમાં ઘણા ભેદ રહેલા છે.) જેમ કે જમીનમાં ખેતરો છે. અને તે ખેતર સેતુ તે વરસાદથી ખેડાય અને કેતુ તે પાણી પાઈને ખેડાય તથા સેતુ કેતુ તે બંને રીતે પાણી લે તથા ઘર તે ત્રણ પ્રકારનાં છે. જેમ કે જમીનમાં ખોદેલાં (ભોંયરાં) તથા જમીન ઊપર તે માળ વાળાં અને તે બંને જાતનાં નીચે ભોંયરૂં અને ઊપર માળ તથા ઝાડમાં પણ અનેક પ્રકારના ભેદો છે. જેમ કે નાળિયેર, આંબા વિગેરેના બગીચા છે. તથા ચક્રઆરાથી બાંધેલું તે (પૈડાવાળુ) ગાડાં વિગેરે તથા મનુષ્ય તે દાસ દાસી વિગેરે એ બે પગવાળાં જાણવાં ॥૨૫૬॥

**गावी महिसी उट्टा, अयएलगआसआसतरगा अ । घोडग गद्दह हत्थी, चउप्पयं होइ दसहा उ ॥२५७॥**

ગાય, ભેંસ, ઉંટ, બકરી, ઘેટું (વાલહીક દેસના જાતવાન ઘોડા) તે અશ્વ કહેવાય તથા ઘણા જોરથી દોડે તે અશ્વતર (ખચ્ચર) કહેવાય અને બાકી બધા ઘોડા કહેવાય ગધેડા, અને હાથી એમ દસ પ્રકારે ચોપગાં જાણવાં. ॥૨૫૭॥

**[1]नाणाविहोवगरणं, णेगविहं कुप्पलक्खणं होइ । एसो अत्थो भणिओ, छव्विह चउसट्ठिभेओ उ ॥२५८॥**

જુદી જુદી જાતના ઉપકરણ જેમ કે તાંબાનો કળશ કડીલ (દીવો) વિગેરે ઉપકરણ છે. તે કુપ્ય છે. આ પ્રમાણે ધાન્ય, રત્ન, સ્થાવર, બે પગાં, ચોપગાં અને કુપ્ય તેના અનુક્રમે ભેદ આ પ્રમાણે છે. ધાન્યના ચોવીસ ભેદ છે. રત્નના ચોવીસ ભેદ છે. સ્થાવરના ત્રણ ભેદ છે. તથા બેપૈડાંવાળાનો એક ભેદ અને બે પગવાળાંનો એક ભેદ

૧ આવ. ચૂ. ભા-૨, પૃ. ૨૯૨

તથા ચાર પગવાળાંના દશ ભેદ તથા કુપ્યનો એક ભેદ એ બધા મળીને કુલ ચોસઠ ભેદ સમજવા. ॥૨૫૮॥

**कामो चउवीसविहो, संपत्तो खलु तहा असंपत्तो । संपत्तो चउदसहा, दसहा पुण होअसंपत्तो ॥२५९॥**

[1]કામ ઓઘથી ચોવીસ પ્રકારનો છે તેમાં સંપ્રાપ્ત ચૌદ પ્રકારનો છે અને અસંપ્રાપ્ત દશ પ્રકારના છે. તેનો ખુલાસો હવે કરે છે. ॥૨૫૯॥

**तत्थ असंपत्तो अत्थो, १ चिंता, २ तह सद्ध ३ संसरणमेव ४ ।**
**विक्कवय ५ लज्जनासो ६ पमाय ७ उम्माय ८ तब्भावो ९ ॥२६०॥**

પ્રથમ થોડું કહેવાનું હોવાથી દશ પ્રકારનો અસંપ્રાપ્ત કામ કહે છે. (૧) જોયા વિના ફક્ત કાને સાંભળીને તે તરફ કાન ખેંચાય (૨) તેનું રૂપ વિગેરે ગુણોને સાક્ષાત્ જોઈ તેને મેળવવાની ચિંતા કરે (૩) તથા મોહિત થઈ સંબંધ કરવાની ઈચ્છા કરે (૪) તેનું રૂપ ચિતરેલ વિગેરે જોવું. (૫) તેના વિયોગમાં આહાર વિગેરે ઊપર અરતિ થાય (૬) લજ્જાનો નાશ ને વડીલના દેખતાં પણ દુરાચારની પ્રશંસા (૭) પ્રમાદ એટલે તેને માટે સર્વ આરંભમાં તૈયાર થવું તથા (૮) ઉન્માદ તે ગમે તેમ બકવું, બોલવું (૯) ભાવના તે થંભા વિગેરેને પણ સ્ત્રીના આલિંગનની બુદ્ધિએ ભેટવું. ॥૨૬૦॥

**मरणं१० च होइ दसमो, संपत्तंपिअ समासओ वोच्छं । दिट्ठीए संपाओ १ दिट्ठीसेवा य संभासो २ ॥२६१॥**

(૧૦) તે સ્ત્રીનો મેલાપ ન થાય તો તેના શોકથી મરણ પામે આ પ્રમાણે સ્ત્રીની પ્રાપ્તિ ન થાય અને તેના ઊપરનો મોહ ન છોડે, તો દસમી અવસ્થા એ મરણ પામે છે. હવે પ્રાપ્તિ થાય તો શું થાય ? તે ટૂંકામાં કહે છે. (૧) કુબુદ્ધિએ જોવું (૨) તેની સાથે ભાષણ કરવું આમાં કુબુદ્ધિએ પુરુષ દેખવો તેને દૃષ્ટિ સેવા કહેવાય અને બંનેની આંખ મળે તો ભાવસાર કહેવાય તથા સંભાષણમાં બંને એકાંતમાં મળતાં સંસારની વાતો કરે તે છે.॥૨૬૧॥

**हसिअ ३ ललिअ ४ उवगूहिअ ५ दंत ६ नहनिवाय ७ चुंबणं ८ होइ ।**
**आलिंगण ९ मायाणं १० कर ११ सेवण १२ संग १३ किड्डा १४ अ ॥२६२॥**

(૩) હસવું (૪) કામ જાગે તેવા મધુર ગર્ભિત વચનો બોલવાં (૫) પાસા વિગેરેથી ખેલીને મેલાપ કરવો. (૬) દંતનિપાત (૭) નખનિપાત (નખ વડે ઉઝરડાં કરવાં ) (૮) ચુંબન (૯) આલિંગન થોડો સ્પર્શ કરવો (૧૦) આદાન (સ્તન ઊપર હાથ નાખવો) (૧૧) સેવન (૧૨) કર (૧૩) સંગ અને ભોગ (૧૪) ક્રીડા તેમાં પાછળના ૧૧-૧૨-૧૩-૧૪ એ ચાર ભાગ તે મૈથુન સેવનના અનુક્રમે જાણવા કામનું સ્વરૂપ બતાવીને કહે છે. ધર્મ વિગેરે ત્રણેનું સંપત્નતા (વિરોધ) તથા અસપત્નતા તે (અવિરોધ) બતાવે છે. ॥૨૬૨॥

**धम्मो अत्थो कामो भिन्ने ते पिंडिया पडिसवत्ता । जिणवयणं उत्तिन्ना असवत्ता होंति नायव्वा ॥२६३॥**

ધર્મ-અર્થ અને કામ એ ત્રણે સાથે લઈએ, તો પરસ્પર વિરોધી છે તેવું લૌકિક જે જૈનેતર વચન છે. તેમાં આ પ્રમાણે કહેલું છે કે અર્થનું મૂળ નિકૃતિ (લોભ) તથા ક્ષમા (સહનશીલતા) છે. અને કામનું મૂળ પૈસા શરીર અને યોગ્ય ઉંમર છે. તથા ધર્મનું મૂળ દાન-દયા અને દમન છે. અને મોક્ષનું મૂળ બધાથી મોહ ઉતારવો અને ધર્મ ક્રિયામાં તત્પર રહેવું તે છે. ॥૨૬૩॥

**"अर्थस्य मूलं निकृतिः क्षमा च, कामस्य वित्तं च वपुर्वयश्च । धर्मस्य दानं च दया दमश्च, मोक्षस्य सर्वोपरमः क्रियाश्च ॥१॥**

આ બધા પરસ્પર વિરોધી છતાં જિન વચનને અનુસારે કુશળ બુદ્ધિના યોગથી વ્યવહારથી ધર્મ વિગેરે તત્ત્વના સ્વરૂપને વિચારવાથી અથવા નિશ્ચયથી જોતાં પરસ્પર અવિરોધી થાય છે, તેમાં પ્રથમ વ્યવહારથી અવિરોધ બતાવે છે. ॥૧॥

---

૧ ઉત્તરાધ્યયન નિર્યુક્તિ ૨૪૦

**जिणवयणंमि परिणए, अवत्थविहिआणुठाणओ धम्मो । सच्छासयप्पयोगा, अत्थो वीसंभओ कामो ॥२६४॥**

જિનવચન, હૃદયમાં યોગ્ય રીતે રુચવાથી, અવસ્થાને યોગ્ય કર્મ કરવાથી, પોતાની યોગ્યતાને આશ્રયીને દર્શન વિગેરે શ્રાવકની પ્રતિમા અંગીકાર કરવાથી દોષ રહિત વર્તન કરવાથી ધર્મ થાય છે. નિર્મળ વિચારના પ્રયોગથી વિશિષ્ટ લોકથી અને પુણ્યના બળથી અર્થ પ્રાપ્તિ થાય છે. તથા યોગ્ય પત્નિના સ્વીકારથી વિચારના મળતાપણાથી કામ, ભોગનું સુખ મળે છે. (વીતરાગના વચનથી સંસારની અસારતા જાણ્યા પછી ચારિત્ર લેવામાં વિઘ્ન આવતું હોય તો ગૃહસ્થ યોગ્ય રીતે ન્યાયથી ધન મેળવે અને સાદાઈથી જિંદગી ગુજારે. ધન મળતાં કે ન મળતાં હર્ષ, શોક ન કરે, તથા ધર્મના સમયમાં ધર્મ કરે તો ધર્મ ને અર્થ બંને અવિરોધીપણે પળાય, તથા સંસારથી ન છૂટવાથી, લુખ્ખા પરિણામે સ્ત્રી સંબંધ કરે તેમાં પણ પર્વ તિથિએ પૌષધ (એક દિવસનું ચારિત્ર) સામાયિક (બે ઘડીનું ચારિત્ર) પ્રતિક્રમણ (દોષોની શુદ્ધિ) કરે તો કામ અને ચારિત્રમાં પણ વિરોધ ન આવે.) ॥૨૬૪॥

**धम्मस्स फलं मोक्खो सासयमउलं सिवं अणाबाहं । तमभिप्पेया साहू तम्हा धम्मत्थकाम त्ति ॥२६५॥**

હવે નિશ્ચયથી અવિરોધ બતાવે છે. નિર્મળ મનથી ધર્મ સાધનારને મોક્ષ મળે છે. તે મોક્ષ નિત્ય છે, અતુલ્ય છે, પવિત્ર છે, બાધા વિનાનો છે, તે ધર્મ રૂપી અર્થને કામ એટલે ઇચ્છનારા સાધુઓ છે. (ધર્મને ઉત્તમ ધન માનીને તેની જ ઇચ્છા કરવી, તેમાં જ મન, વચન, કાયાને રોકવી તેથી મોક્ષ મેળવે તે સાધુઓ જાણવા.) ॥૨૬૫॥

**परलोगु मुत्तिमग्गो, नत्थि हु मोक्खो त्ति बिंति अविहिन्नू । सो अत्थि अवितहो, जिणमयंमि पवरो न अन्नत्थ ॥२६६॥**

ઊપરની વાતને દૃઢ કરવા કહે છે. કેટલાક અજ્ઞ પુરુષો વિધિને ન જાણતાં કહે છે કે, બીજા જન્મમાં જવાનું નથી. અર્થાત્ પરલોક નથી, તથા મોક્ષનો માર્ગ, જ્ઞાન, દર્શન, ચારિત્ર પણ નથી, તથા બધાં કર્મથી મૂકાઈ મોક્ષ મેળવવો. તે પણ નથી. આવું જે નાસ્તિકો કહે છે તેમને જૈનાચાર્ય ઉત્તર આપે છે કે વીતરાગના વચનમાં પહેલાં અને પછી કોઈ પણ જાતનો વિરોધ નથી. તેમાં જ પરલોક, મોક્ષનાં સાધન, અને મોક્ષ, એ બધાં સિદ્ધ થાય છે. પણ જેઓ ધર્મના નામે હિંસા કરે છે, અથવા નિત્ય અથવા અનિત્ય એકાંત માની બેઠા છે, તેમને ત્યાં ઊપરની ત્રણ વાતો ઘટતી નથી. આ પ્રમાણે સૂત્રને સ્પર્શ કરનારી કેટલીક નિર્યુક્તિની ગાથાઓ કહી, હવે સૂત્રનો અવસર છે. તેનો આ પ્રમાણે સંબંધ છે, ગયા સૂત્રમાં સાધુઓના આચારના વિષયનું કથન બતાવ્યું, અને હવે તેની મહત્ત્વતા બતાવે છે કે જેવો ચારિત્રનો શુદ્ધાચાર જૈન માર્ગમાં બતાવ્યો છે. તેવો જૈન સિવાયના કપિલ વિગેરે મતમાં બતાવ્યો નથી, તેથી બીજાને તેવી યોગ્યતા વિના આચરવો બહુ મુશ્કેલ છે. તેથી આ ઉત્તમ સંયમ સ્થાનને વિપુલ સ્થાન ભજનારા ઉત્તમ મુનિને આ જિન મતમાં કહેલો આચાર હોય છે અને તે પ્રમાણે પાળે છે, પણ બીજે તેવાં વચન નથી અને પાળતા પણ નથી. તે સૂત્ર ગાથા ૬ માં નીચે બતાવેલ છે. ॥૨૬૬॥

**सखुड्डग-वियत्ताणं, वाहियाणं च जे गुणा । अखंड-फुडिआ कायव्वा, तं सुणेह जहा तहा ॥६॥**

ક્ષુલ્લક એટલે દ્રવ્ય અને ભાવથી બાળક જેવા તથા વ્યક્ત એટલે દ્રવ્ય ભાવથી વૃદ્ધ પુરુષો (બુદ્ધિમાં મંદ તથા વર્તનમાં પણ મંદ તે બાળક કહેવા અને બુદ્ધિમાં નિપુણ અને વર્તનમાં પણ યોગ્યતાવાળા તે વૃદ્ધ કહેવાય) તે બાળ અને વૃદ્ધ, બંને તથા રોગી અને નીરોગી બંને એ પ્રમાણે ચારેમાં જે ગુણો અખંડ અને અસ્ફુટિત છે. અર્થાત્ જરા પણ દોષ ન લગાડે તો તે અખંડ કહેવાય. અને સર્વ પ્રકારે વિરાધનાને ત્યાગે તો તે અસ્ફુટિત કહેવાય, તેને હું કહું છું તે જેમ તમારે કરવાનું છે, તેમ તમે સાંભળો. ॥૬॥

**दस अट्ठ य ठाणाइं, जाइं बालोऽवरज्झई । तत्थ अन्नयरे ठाणे, निग्गंथत्ताओ-भस्सई ॥७॥**

તે સાધુ જો થોડા અથવા ઘણા દોષો લગાડે તો અગુણ કહેવાય. તે અગુણ દશ અને આઠ મળી કુલ અઢાર છે, તે અસંયમ સ્થાનને સાધુ બાળક બુદ્ધિએ કોઈપણ સેવે તો ભ્રષ્ટ થાય છે. એટલે સાધુપણાથી દૂર થાય છે. તે વાત

હવે સૂત્ર સ્પર્શ કરનાર નિર્યુક્તિ વડે સ્પષ્ટ કરે છે. ।।૭।।

**[1]अट्ठारस ठाणाइं आयारकहाएं (ए) जाइं भणियाइं । तेसिं अन्नतरागं, सेवंतु न होइ सो समणो ।।२६७।।**

અઢાર સ્થાનોને આ આચાર કથામાં તીર્થંકરે કહ્યાં છે. તેમાંનું એક પણ અસંયમસ્થાન સાધુ અંગીકાર કરે તો તે સાધુપણામાં રહી શકે નહિ. હવે તે સ્થાન ક્યા છે? તે નિર્યુક્તિકાર કહે છે. ।।૨૬૭।।

**[2]वयछक्कं कायछक्कं, अकप्पो गिहिभायणं । पलियंकनिसेज्जा य, सिणाणं सोहवज्जणं ।।२६८।।**

જીવ હિંસાથી દૂર રહેવું, વિગેરે પંચ મહાવ્રત તથા છઠ્ઠું રાત્રી ભોજન ન કરવું. એ છ વ્રતો છે, તથા પૃથ્વીકાયથી ત્રસકાય સુધી છ કાયની રક્ષા કરવી. તથા નવા શિષ્યને વડી દીક્ષા આપતાં જે કલ્પ છે તે હવે પછીથી કહેશે, તથા કાંસા વિગેરેનું ગૃહસ્થનું વાસણ વાપરવું, પલંગ તે સુવામાં વાપરે, તથા ગૃહસ્થના ઘરે નિષ્કારણ બેસવું (ગૃહસ્થની માફક ઘરબાર કરીને રહેવું) તથા સ્નાન તે શરીરના થોડા ભાગમાં અથવા આખું શરીર ધોવું. તે તથા શરીરને શોભાયમાન કરવું, આ બધાનો પરમાર્થ એ છે કે સાધુપણામાં રહેવા માટે છ વ્રત પાળવાં છ કાયની રક્ષા કરવી. સાધુને યોગ્ય આહાર, વસ્ત્ર વિગેરે લેવાં, તથા ગૃહસ્થનાં વાસણ ન વાપરવાં. ગૃહસ્થના ઘરે ન બેસવું, તથા સ્નાન કરવું નહિ, તથા વાળ ઓળવા વિગેરે શરીરની શોભા ન કરવી. **આ અઢાર બાબતો જો ન પાળે તો સાધુ ધર્મથી ભ્રષ્ટ થાય છે.** ।।૨૬૮।।

**तत्थिमं पढमं ठाणं, महावीरेण देसियं । अहिंसा निउणा दिट्ठा, सव्वभूएसु संजमो ।।८।।**

પ્રથમ હિંસાનું સ્વરૂપ બતાવે છે. પૂર્વે કહેલા અઢાર ગુણો ન પાળે તો ભ્રષ્ટ થાય છે. એવું જિનેશ્વરે કહ્યું તેમાં હિંસાથી દૂર રહેવું, તે અહિંસા છે. સાધુએ આધાકર્માદિ આહાર પણ ન લેવો. તેમાં પણ સૂક્ષ્મ હિંસા લાગે છે. તેથી પોતે આધાકર્મી આહાર ન ખાય, ન ખવડાવે અને ખાનારને ભલો જાણે નહિ તો તે અહિંસા કહેવાય. તે પ્રમાણે પાળે તે સંયમ કહેવાય. તેવું જિનેશ્વરે કહ્યું છે. સર્વ ભૂતોની રક્ષા કરવાનું જૈન ધર્મમાં છે. પણ બીજે તેવું જીવ રક્ષાનું કર્તવ્ય નથી. કારણ કે તેઓ તેમના માટે રાંધેલું ખાય છે. આ અહિંસા નિપુણ છે. કારણ કે સાધુ આધાકર્મી આહારને ત્યાગે છે. આ શાસ્ત્રમાં જ છે. એમ નહિ પણ સર્વજ્ઞ ભગવાન સાક્ષાત્ દેખે છે. હવે વધારે ખુલાસાથી કહે છે. ।।૮।।

**जावंति लोए पाणा, तसा अदुव थावरा । ते जाणमजाणं वा, न हणे नो वि घायए ।।९।।**

જગતમાં જેટલા જીવો છે, તેમાં ત્રસ અને સ્થાવર એવા બે ભેદ છે. તે જિનેશ્વરની આજ્ઞા પ્રમાણે માનવા, અને એમને જાણીને રાગદ્વેષથી અથવા અજાણપણામાં પ્રમાદથી હણે નહિ. બીજા પાસે હણાવે નહિ તથા બીજો કોઈ હણતો હોય તો તેની પ્રશંસા ન કરે. એટલા માટે અહિંસાને નિપુણ (સુંદર) જિનેશ્વરે સાક્ષાત્ દેખી છે. આ અહિંસા સુંદર શા માટે છે તે બતાવે છે.।।૯।।

**सव्व(सव्वे)जीवा वि इच्छंति, जीविउं न मरिज्जिउं । तम्हा पाणवहं घोरं, निग्गंथा वज्जयंति णं ।।१०।।**

૧ અઢાર સ્થાન (૧) અહિંસા (૨) સત્ય (૩) અચૌર્ય (૪) બ્રહ્મચર્ય (૫) અપરિગ્રહ (૬) રાત્રિભોજન ત્યાગ (૭) પૃથ્વીકાય રક્ષા (૮) અપ્કાય રક્ષા (૯) તેઉકાય રક્ષા (૧૦) વાયુકાય રક્ષા (૧૧) વનસ્પતિકાય રક્ષા (૧૨) ત્રસકાય રક્ષા (૧૩) અકલ્પ્યનો ત્યાગ (૧૪) ગૃહસ્થના ભાજનનો ત્યાગ (૧૫) પલ્યંક આદિનો ત્યાગ (૧૬) ગૃહસ્થના ઘરે નિષ્કારણ બેસવાનો ત્યાગ (ઘર આદિનો ત્યાગ) (૧૭) સ્નાન ન કરવું (૧૮) વિભૂષા ન કરવી

A સમવાયાંગ ૧૮ B અ.રા.કોષ ભાગ-૧, પૃ. ૨૫૦;

૨ શ્રમણ પાક્ષિક અતિચાર

[1]સર્વે જીવો જીવવાને ઇચ્છે છે, પણ દરેકને પ્રાણ વ્હાલા હોવાથી મરવાને ઇચ્છતા નથી તેટલા માટે પ્રાણ વધ તે દુઃખનો હેતુ હોવાથી ભયંકર જાણીને સાધુઓ હિંસાને ત્યાગે છે. (સૂત્રમાં 'ણં' શબ્દ છે તે ફક્ત વાણીની શોભા માટે છે. જેમ ગુજરાતીમાં કવિતામાં 'લોલ' શબ્દ વપરાય છે.)॥૧૦॥

**अप्पणट्ठा परट्ठा वा, कोहा वा जइ वा भया । हिंसगं न मुसं बूया, नो वि अन्नं वयावए ॥११॥**

[2]પ્રથમ સ્થાનમાં અહિંસા બતાવી બીજામાં જુઠ ન બોલવું તે બતાવે છે. પોતાના માટે જૂઠું બોલે. જેમ કે પોતે માંદો ન હોય છતાં હું માંદો છું. તેથી મારે આ વસ્તુ જોઈએ એમ કહે તે જ પ્રમાણે બીજો માંદો ન હોય છતાં માંદો કહી કંઈ પણ સ્વાર્થ સાધે અથવા ક્રોધથી બીજાને તે દાસ ન હોય છતાં દાસ કહી અપમાન કરે, એ પ્રમાણે **માનથી પોતે પંડિત ન હોય છતાં પંડિત તરીકે ઓળખાવે** તથા ગોચરીમાં **જવાના પ્રમાદથી કપટથી કહે મારો પગ દુઃખે છે.** પણ પગ દુઃખતો ન હોય, તથા લોભથી જૂઠું બોલે જેમ કે **શુદ્ધ આહાર મળતો હોય પણ સ્વાદિષ્ટ ન હોય તો ગૃહસ્થ ને કહે, આ તો અમારે સાધુને ખપે તેવો નથી.** એ પ્રમાણે બોલે. ભયથી જૂઠું બોલે એટલે પાપ કર્યું હોય છતાં **દંડ આપશે એમ સમજી ગુન્હો કબુલ ન કરે,** અથવા જેમ તેમ ખોટું બોલે, તે પ્રમાણે બીજાની હાંસી કરવા જૂઠું બોલે, આ જૂઠું બોલવું પરપીડા કરનારૂં છે. માટે સાધુએ સર્વથા જૂઠું ન બોલવું. બીજાની પાસે ન બોલાવવું. જૂઠું બોલનારને ભલો જાણવો નહિ.॥૧૧॥

**मुसावाओ य(उ) लोगम्मि, सव्वसाहूहिं गरहिओ । अविस्सासो य भूयाणं, तम्हा मोसं विवज्जए ॥१२॥**

જુઠાને આ લોકમાં બધા સાધુ પુરુષોએ નિંદ્યો છે. કારણ બીજાં વ્રતોને તે નાશ કરનાર છે તથા લીધેલી પ્રતિજ્ઞા ન પાળવાથી તેનો કોઈ વિશ્વાસ ન કરે, તેથી જૂઠો સાધુ સર્વેને વિશ્વાસ કરવા યોગ્ય નથી. માટે સાધુઓ જાુઠને તજે. ॥૧૨॥

**चित्तमंतमचित्तं वा, अप्पं वा जइ वा बहुं । दंतसोहणमेत्तंपि, ओग्गहं सि अजाइया ॥१३॥**

ત્રીજા સ્થાનમાં ચોરી ન કરવી તે બતાવે છે. જીવવાળી તે જીવ એટલે બે પગવાળાં પુરુષ, સ્ત્રી અથવા બાળક તેની ચોરી સાધુ ન કરે અથવા અચિત્ત – સોનું વિગેરે ન લે, અથવા હલકી કિંમતનું અથવા હલકા પ્રમાણનું તથા ભારે કિંમતનું કંઈ પણ ન લે, તથા દાંત ખોતરવાની ઘાસની સળી પણ પૂછ્યા વિના ન લે. ॥૧૩॥

**तं अप्पणा न गिण्हंति नोऽवि गेण्हावए परं । अन्नं वा गेण्हमाणंपि, नाणुजाणंति संजया ॥१४॥**

તેટલા માટે સાધુએ સચિત્ત વસ્તુ ત્યાગેલી હોવાથી પોતે ન લે ને બીજા પાસે લેવડાવે નહિ, તથા લેનારને ભલો જાણે નહિ. (વળી સાધુને યોગ્ય વસ્તુ પણ ગૃહસ્થ પાસે યાચના કરીને વાપરે.) પણ પૂછ્યા વિના ન લે. ॥૧૪॥

**अबंभचरियं घोरं, पमायं दुरहिट्ठियं । नाऽऽयरंति मुणी लोए, भेयाययणवज्जिणो ॥१५॥**
**मूलमेयमहम्मस्स, महादोससमुस्सयं । तम्हा मेहुणसंसग्गं, निग्गंथा वज्जयंति णं ॥१६॥**

ચોથું સ્થાન કહે છે. સ્ત્રી સંગ તે મહા ભયંકર છે, કારણ કે તેનાથી બીજા ઊપર દુષ્ટ ભાવ ઉત્પન્ન થાય છે. તથા બધા પ્રમાદનું મૂળ હોવાથી (ધર્મક્રિયામાં) પ્રમાદ થાય છે અને જિનેશ્વરના વચન પ્રમાણે અનંત સંસાર ભ્રમણ કરાવનાર હોવાથી દુરાશ્રય છે. એટલા માટે ચારિત્રના ભેદનું સ્થાન જાણીને આ લોકમાં મુનિઓ સ્ત્રી સંગ કરતા નથી. વળી આ અધર્મનું મૂળ છે તથા આ લોકમાં મોટો દોષ એ છે કે તેનાથી ચોરી વિગેરે કરવી પડે, અને પરલોકમાં દુર્ગતિ મલે, આવું જાણીને મૈથુનનો સંસર્ગ સ્ત્રીથી વાત કરવી વિગેરે છે, તે પણ

૧ ઓ.નિ. ૫૭
૨ આવ.ચૂ. – ૨/૨૮૯

સાધુઓ ત્યાગે છે. ॥૧૫-૧૬॥

**विडमुब्भेइमं लोणं, तिल्लं सप्पिं च फाणियं । न ते संनिहिमिच्छंति, नायपुत्तवओरया ॥१७॥**

**लोभ(ह)स्सेसऽणुफासो(अणुप्फासे), मन्ने अन्नयरामवि ।**

**जे सिया सन्निहिं कामे, गिही पव्वइए न से ॥१८॥**

[1]હવે પાંચમું સ્થાન કહે છે. ગાયના મુતરથી પકાવેલું બિડ (નમક, મીઠું) અથવા સમુદ્રના પાણીનું સુકવેલું નમક તે અચિત્ત હોય અથવા સચિત્ત હોય તે જ પ્રમાણે તેલ, ઘી, ગોળની રાબ, આ બધી વસ્તુઓનો મહાવીરના વચનમાં રક્ત સાધુઓ સંગ્રહ ન કરે. તીર્થંકરો તથા ગણધરો કહે છે કે જો લોભથી સંગ્રહ કરવાનો જરા ભાવ પણ કરે તો તેને ગૃહસ્થી કહેવો, પણ સાધુ ન કહેવો, અને તે પોતે નરક વિગેરે દુર્ગતિનો અધિકારી છે. ॥૧૭-૧૮॥

**जं पि वत्थं व पायं वा, कंबलं पायपुंछणं । तं पि संजम-लज्जट्ठा, धारेंति परिहरेंति य ॥१९॥**

[2]અહીંયાં સાધુ પોતે ધર્મના ઉપકરણ રાખે તેમાં દોષ નથી. તે બતાવે છે. જે પ્રમાણે શાસ્ત્રકારે વસ્ત્ર તે ચોલપટ્ટો (નિચેનું વસ્ત્ર) ચાદર (તે ઊપરનું વસ્ત્ર) તથા પાત્ર તે લાકડાનું તુંબાનું કે માટીનું હોય. અથવા વર્ષાઋતુમાં વાપરવાને કામળ હોય અથવા પગ પુંજવાનું રજોહરણ વિગેરે છે. તે વસ્ત્ર ગુપ્ત ભાગ ઢાંકવા તથા સંયમની રક્ષા માટે જેવાં બતાવ્યાં હોય તે પ્રમાણે રાખવાથી સંયમ પળે છે. જેમ કે જો કપડું ન હોય તો ગૃહસ્થની સ્ત્રીઓ શરમાય અને નવદીક્ષિતને લજ્જા આવે. પોતાનાથી ગોચરી પણ ન જવાય તથા હાથમાં આહાર લેતાં ઢળે. અથવા ગૃહસ્થના વાસણમાં લેતાં તે પછવાડે કાચા પાણીથી ધોવે તો સાધુને દોષ લાગે એટલા માટે સાધુઓ વિધિએ પાત્ર વિગેરે સંયમ રક્ષણ માટે અને વસ્ત્ર લજ્જાના માટે વાપરે અને ખાસ કારણ આવે તો ત્યાગે પણ ખરા, અથવા જરૂર પડેથી મમતા રહિત થઈ વાપરે.॥૧૯॥

**न सो परिग्गहो वुत्तो, नायपुत्तेण ताइणा । मुच्छा परिग्गहो वुत्तो, इइ(इअ)वुत्तं महेसिणा ॥२०॥**

[3]એટલા માટે માપસર વસ્ત્ર પાત્ર પાસે રહેવા છતાં તેને જ્ઞાત પુત્ર (મહાવીર પ્રભુ) જે સર્વ જીવોના રક્ષક છે તેમણે કેવળજ્ઞાનથી જાણીને સ્વપરની રક્ષા કરનાર આ વસ્ત્ર પાત્રને પરિગ્રહ કહ્યો નથી. પણ મહર્ષિ એટલે ગણધરો કહે છે કે તે વસ્તુ ઊપર મુર્ચ્છા રાખે, તો તેને પરિગ્રહ કહેવો. ॥૨૦॥

**सव्वत्थुवहिणा बुद्धा, संरक्खणपरिग्गहे । अवि अप्पणो वि देहंमि, नाऽऽयरंति ममाइयं ॥२१॥**

શંકા[4]-વસ્ત્ર હોય તો પરિગ્રહ કેમ નહિ ? તેનો ખુલાસો કરે છે. સમ્યગ્ બોધ વડે અજ્ઞાનનો નાશ થાય છે એટલે તત્ત્વને જાણનારા સાધુઓ છ જીવ નિકાયની રક્ષા કરવાને માટે જ આ વસ્ત્ર પાત્ર રાખે છે, તથા તેને આવશ્યક વસ્તુઓ માનીને વાપરવા છતાં તેના ઊપર આ મારૂં છે એવો મમત્વભાવ રાખતા નથી, પણ વસ્ત્ર કરતાં વધારે ઉત્તમ પોતાના શરીર ઊપર પણ તત્ત્વના જાણ હોવાથી મમતા રાખતા નથી. જો સંયમની રક્ષા ન થતી હોય તો અનશન કરી જીવિતનો અંત લાવે છે. તેથી દેહ કે પાત્ર કે વસ્ત્ર ઊપર સાધુને મમત્વ નથી, (પણ કર્મ ખપાવવા સ્વપરના રક્ષણ માટે શાસ્ત્રોક્ત મર્યાદાએ વાપરે છે) જેમ કાયામાં મમતા રહિત છે તે જ પ્રમાણે વસ્ત્રમાં પણ મમતા રહિત છે. ॥૨૧॥

**अहो निच्चं तवोकम्मं, सव्वबुद्धेहि वण्णियं । जा य लज्जासमा वित्ती, एगभत्तं च भोयणं ॥२२॥**

તેથી તેઓ શું કરે છે તે છઠ્ઠું સ્થાન બતાવે છે. સર્વ દોષોને દૂર કરનાર ગુણોની વૃદ્ધિ કરનાર તપ જે

૧ નિશીથ ચર્ણિ ૮ સૂ. ૧૭ તુલના

૨ વ્યવહાર સૂ. ઉ. ૫. ગા. ૧૧૪

૩ A ઉત્ત. અ. – ૨/૧૩ B આચારાંગ સૂત્ર – ૨/૫ C પ્રશમરતિ – ૧૩૮/૧૪૫ D તત્ત્વાર્થ – ૯/૫

૪ સ્થાનાંગ – ૩/૯૫

જિનેશ્વર તથા ગણધરોએ બતાવેલ છે. સંયમને વિરોધ ન કરે, પણ પુષ્ટિ કરનાર વૃત્તિ છે માટે તે તપને સાધુઓ કરે પણ દેહને ટકાવી રાખવાના માટે ભાવથી રાગદ્વેષ રહિતપણે અને દ્રવ્યથી **દિવસમાં એકવાર ભોજન કરે.** ।।૨૨।।

**संतिमे सुहुमा पाणा, तसा अदुव थावरा । जाइं राओ अपासंतो, कहमेसणियं चरे? ।।२३।।**

[1]રાત્રિમાં શા માટે નહિ? તે બતાવે છે. કેટલાક સૂક્ષ્મ જીવો જે ત્રસ કે સ્થાવર હોય તેને સાધુ દીવા કે ચંદ્રના પ્રકાશમાં આંખથી બરોબર જોઈ શકતો નથી. તેથી ગોચરી લાવતાં કે ભોજન કરતાં જીવોની રક્ષા ન કરી શકે તો શુદ્ધ ગોચરી કેવી રીતે થાય?।।૨૩।।

**उदओल्लं बीयसंसत्तं, पाणा निव्वडिया महिं । दिया ताइं विवज्जेज्जा, राओ तत्थ कहं चरे? ।।२४।।**

રાતમાં ભિનાસમાં લીલણ ફુલણ હોય અથવા અચિત્ત બીજયુક્ત હોય અથવા તે પ્રમાણે ઘી, વિગેરેમાં કીડી, મંકોડી હોય તથા ઓસામણ, છાસ વિગેરેમાં પણ ડાંસ, મચ્છર ઉડતા પડેલા જીવો હોય.

શંકા. દિવસે પણ તે જીવો હોય છે તો શું કરવું?

ઉત્તર–સાધુ પરલોકની ભીતિએ દિવસે બરોબર આંખે જોઈને ગોચરી કરે તેમાં દોષિત લીલણ ફૂલણવાળું સંભાળીને તજી દે. તેથી દિવસે રક્ષા થાય પણ તેમ રાતના ન થાય માટે સાધુ રાત્રિ ભોજન તજે. કારણ કે રાતના ગોચરી જાય તો સંયમનો પણ અસંભવ છે. ।।૨૪।।

**एयं च दोसं दट्ठूणं, नायपुत्तेण भासियं । सव्वाहारं न भुंजंति, निग्गंथा राइभोयणं ।।२५।।**

હવે ઉપદેશ આપે છે. આ બધા જીવની હિંસા વિગેરે દોષોને જાણીને તથા પોતાને પણ પીડા થાય તેવું સમજીને મહાવીર પ્રભુએ કહ્યું છે કે સાધુઓએ ચારે પ્રકારના ખાનપાનને રાત્રીમાં ન વાપરવું, (ન રાખવું). ।।૨૫।।

**पुढविकायं न हिंसंति, मणसा वयस कायसा । तिविहेण करण जोएंण, संजया सुसमाहिया ।।२६।।**

છ વ્રતનું વર્ણન કર્યું. હવે છ કાયાના રક્ષણનું વર્ણન કરે છે. પ્રથમ પૃથ્વીકાયનું બતાવે છે. એટલે પૃથ્વીના જીવોને દુ:ખ થતું જાણીને ખોતરવા વડે કે બીજી કોઈ રીતે મન, વચન, કાયાથી ન કરે, ન કરાવે, ન અનુમોદે એ ત્રણ કરણ છે. તથા પૂર્વના ત્રણ યોગ છે. તેને સમજીને પૃથ્વીકાયની હિંસા ન કરે. એ સાધુઓ સંયત છે, અને સમાધિમાં રહેલા જાણવા. આ સાતમું સ્થાન થયું. ।।૨૬।।

**पुढविकायं विहिंसंतो, हिंसई तु तदस्सिए । तसे य विविहे पाणे, चक्खुसे य अचक्खुसे ।।२७।।**

હવે હિંસાના દોષ કહે છે. પૃથ્વીકાયને ખોતરવા વિગેરેથી જે હણે છે તે પૃથ્વી સીવાય જે બીજા જીવો તેને આશ્રયે રહેલ પાણી તથા બેઇંદ્રિય વિગેરે અનેક ત્રસ સ્થાવરો છે. જે આંખે દેખાય અથવા ન દેખાય તેવા છે. તેમને પણ હણે છે. ।।૨૭।।

**तम्हा एयं विआणित्ता, दोसं दोग्गइवड्ढणं । पुढविकायसमारंभं, जावज्जीवाए वज्जए ।।२८।।**

એ પ્રમાણે પૃથ્વીકાય તથા તેને આશ્રયે રહેલા બીજા જીવોની હિંસા થતી જાણીને તેનાથી દુર્ગતિનું વધવું જાણીને પૃથ્વીકાયનો આરંભ જે જમીન ખોતરવી વિગેરે છે, તે સાધુઓ આખી જિંદગી સુધી તજે. ।।૨૮।।

**आउकायं न हिंसंति, मणसा वयस कायसा । तिविहेण करणजोएण, संजया सुसमाहिआ ।।२९।।**
**आउकायं विहिंसंतो, हिंसई उ तदस्सिए । तसे अ विविहे पाणे, चक्खुसे य अचक्खुसे ।।३०।।**
**तम्हा एयं विआणित्ता, दोसं दोग्गइवड्ढणं । आउकायसमारंभं जावज्जीवाए वज्जए ।।३१।।**

હવે પૃથ્વીકાય માફક અપ્‌કાય એટલે પાણીના એક બિંદુમાં પણ અસંખ્યાતા જીવો જાણીને તથા તેને

૧ A ઓ.નિ.ગા–૨૫૦ B મૂલાચાર મૂલગુણ–૩૫ C ભગવતી ૭/૧ સૂ.૨૧

આશ્રયે રહેલા નાના મોટા અનેક જીવોને દુઃખ થતું જાણીને સાધુ ભગવંતો મન, વચન, કાયાથી અને ત્રણ કરણથી અપ્કાયની હિંસા આખી જિંદગી સુધી ત્યાગે છે. આ આઠમું સ્થાન થયું. ॥૨૯-૩૦-૩૧॥

**जायतेयं न इच्छंति, पावगं जलइत्तए । तिक्खमन्नयरं सत्थं, सव्वओ वि दुरासयं ॥३२॥**

હવે નવમું સ્થાન કહે છે. પૃથ્વી માફક અગ્નિમાં પણ જીવો જાણીને તેની રક્ષા કરવી તે કહે છે. જેનાથી તેજ (બળતો પ્રકાશ) થાય તે અગ્નિ છે. તે અગ્નિને મન, વચન, કાયાથી સાધુ બાળે નહિ કારણ કે તે અગ્નિ પોતે બળીને અનેક જીવોને બાળવાનું પાપ કરે છે. તે *તીક્ષ્ણ સર્વથી વધારે ભયંકર શસ્ત્ર છે. તે છએ કાયને બધી દિશામાં તીક્ષ્ણ ધારની માફક દુઃખ દે છે. ॥૩૨॥*

**पाईणं पडिणं वावि, उड्ढं अणुदिसामवि । अहे दाहिणाओ वा वि, दहे उत्तरओ वि य ॥३३॥**
**भूयाणं एसमाघाओ, हव्ववाहो न संसओ । तं पईव-पयावट्ठा, संजया किंचि नाऽऽरभे ॥३४॥**

પૂર્વમાં પશ્ચિમમાં અથવા ઊંચી નીચી તથા ખુણામાં અથવા ઉત્તર દક્ષિણમાં પણ બધા જીવોનો તે હવ્યવાહ (અગ્નિ) ઘાતક છે એટલા માટે સાધુઓ દીવો અથવા રાંધવાના કંઈપણ કામનો આરંભ ન કરે. ॥૩૩-૩૪॥

**तम्हा एयं वियाणित्ता, दोसं दोग्गइवड्ढणं । तेउकायसमारंभं, जावज्जीवाए वज्जए ॥३५॥**

એટલા માટે દુર્ગતિ આપનાર દોષોને જાણીને સાધુએ આખી જિંદગી સુધી અગ્નિકાયનો આરંભ છોડવો. ॥૩૫॥

**अनिलस्स समारंभं, बुद्धा मन्नंति तारिसं । सावज्जबहुलं चेयं, नेयं ताईहि सेवियं ॥३६॥**

હવે દસમું સ્થાન કહે છે. વાયુમાં પણ અસંખ્યાત જીવો છે. તેથી પંખા વડે કે કપડાના છેડા વડે તેનો સમારંભ કરવા ઇચ્છતા નથી. કારણ કે તીર્થંકરો એવું કેવળજ્ઞાનથી જાણે છે કે અગ્નિ માફક વાયુનો સમારંભ પણ જીવોનો ઘાતક છે. તેથી તેનું સેવન કરવું યોગ્ય નથી. માટે સાધુએ પણ વાયુનો સમારંભ ન કરવો. ॥૩૬॥

**तालियंटेण पत्तेण, साहाविहुयणेण वा । न ते वीइउमिच्छंति, वीआवेऊण वा परं ॥३७॥**

તે પવનનો આરંભ તાડના પંખાથી તથા પાંદડાથી જેનું સ્વરૂપ ચોથા અધ્યયનમાં બતાવ્યું છે. તે પ્રમાણે પોતે પંખા વિગેરેથી હવા ખાતા નથી, તેમ બીજાની પાસે પંખો નંખાવતા નથી. તેમ હવા ખાનારની પણ અનુમોદના કરતા નથી. ॥૩૭॥

**जं पि वत्थं व पायं वा, कंबलं पायपुंछणं । न ते वायमुईरंति, जयं परिहरंति य ॥३८॥**

પોતાના ઉપકરણથી પણ વિરાધના ન કરે તે બતાવે છે. વસ્ત્ર પાત્ર કાંબળ(કામળ) રજોહરણ વિગેરે જે ધર્મોપકરણ છે તેના વડે પણ હવા ખાતા નથી એટલું જ નહિ પણ જો જોરથી પવન ચાલતાં વસ્ત્રનો છેડો વિગેરે હાલતાં હોય તો તેની પણ યતના કરે, બરોબર બાંધી રાખે એટલે વાયુની પોતે ઉદીરણા ન કરે તેમ વસ્ત્રથી પણ વાયુને દુઃખ થવા ન દે. ॥૩૮॥

**तम्हा एयं वियाणित्ता, दोसं दोग्गइवड्ढणं । वाउकायसमारंभं, जावज्जीवाए वज्जए ॥३९॥**

ઊપર મુજબ વાયુના સમારંભમાં પણ દોષો જાણીને આખી જિંદગી સુધી સાધુ તેનો સમારંભ તજે. ॥૩૯॥

**वणस्सइं न हिंसंति, मणसा वयस कायसा । तिविहेण करणजोएण, संजया सुसमाहिआ ॥४०॥**
**वणस्सइं विहिंसंतो, हिंसई उ तदस्सिए । तसे अ विविहे पाणे, चक्खुसे य अचक्खुसे ॥४१॥**
**तम्हा एयं वियाणित्ता, दोसं दोग्गइवड्ढणं । वणस्सइसमारंभं, जावज्जीवाए वज्जए ॥४२॥**

હવે અગીઆરમા સ્થાનમાં વનસ્પતિકાયનો આરંભ તજવા કહે છે. પૂર્વ માફક તેમાં દોષો જાણીને સાધુએ વનસ્પતિકાયનો આરંભ ન કરવો. ટીકા વિશેષ નથી પણ સાદો અર્થ પૂર્વ માફક છે. કે સાધુ ત્રણ કરણ ત્રણ

યોગ વડે વનસ્પતિકાયની હિંસા ન કરે કારણ કે વનસ્પતિકાયમાં, અનેક જીવો રહે છે. તેથી તે બધાની હિંસા થાય છે, જેમાંના કેટલાક આંખે દેખાય અને કેટલાક દેખાતા નથી, તેટલા માટે આખી જિંદગી સુધી વનસ્પતિકાયનો સમારંભ સાધુ ન કરે. ॥૪૦-૪૧-૪૨॥

**तसकायं न हिंसंति, मणसा वयस कायसा । तिविहेण करणजोएण, संजया सुसमाहिआ ॥४३॥**
**तसकायं विहिंसंतो, हिंसई उ तदस्सिए । तसे य विविहे पाणे, चक्खुसे य अचक्खुसे॥४४॥**
**तम्हा एयं वियाणित्ता, दोसं दोग्गइवड्ढणं । तसकायसमारंभं, जावज्जीवाए वज्जए ॥४५॥**

બારમું સ્થાન ત્રસકાયની રક્ષા કરવાનું છે, તે કહે છે, ત્રસ (હાલતા ચાલતા) જીવોનો આરંભ કરતાં તેને આશ્રયે રહેલા બીજા અનેક જીવોને આંખે દેખાય અથવા ન દેખાય, તેની હિંસા થાય છે, માટે તેવા દોષો જાણીને સમાધિવાળા સાધુઓ ત્રસકાયનો સમારંભ આખી જિંદગી સુધી ન કરે. ॥૪૩-૪૪-૪૫॥

**जाइं चत्तारिऽभोज्जाइं, इसिणाऽऽहारमाइणि । ताइं तु विवज्जेंतो, संजमं अणुपालए ॥४६॥**

હવે તેરમું સ્થાન અકલ્પ્ય કહે છે, છ કાયનું રક્ષણ બતાવ્યાથી મૂળ ગુણો કહ્યા, હવે એને સહાયતા કરનારા ઉત્તર ગુણો કહે છે. શિક્ષક સ્થાપના કલ્પ, અકલ્પ સ્થાપના કલ્પ, તેમાં પ્રથમનો કહે છે. જે શિષ્ય પિંડ નિર્યુક્તિ વિગેરે સૂત્ર ન ભણ્યો હોય તો તેના હાથની આણેલી ગોચરી વિગેરે ન કલ્પે. કહ્યું છે કે,

"अणहीआ खलु जेणं पिंडेसणसेज्जवत्थपाएसा । तेणाणियाणि जतिणो कप्पंति ण पिंडमाईणि ॥१॥
उउबद्धंमि न अणला वासावासे उ दोऽवि णो सेहा । दिक्खिज्जंती पायं ठवणाकप्पो इमो होइ ॥२॥"

જે સાધુ પિંડૈષણા તથા શય્યા વસ્ત્ર પાત્રની એષણાનું વર્ણન ન ભણ્યો હોય તો તેના હાથનો પિંડ વિગેરે સાધુને કલ્પતો નથી બીજી ગાથાનો પરમાર્થ ગીતાર્થથી જાણવો, અકલ્પ સ્થાપના કલ્પ કહે છે.॥૪૬॥

**पिंडं सिज्जं च वत्थं च, चउत्थं पायमेव य । अकप्पियं न इच्छेज्जा, पडिगाहेज्ज कप्पियं ॥४७॥**

આહાર, શય્યા, વસ્ત્ર, પાત્ર એ ચારે જો સાધુને અયોગ્ય હોય તો સંયમને ઇચ્છનારો સાધુ ન વાપરે, જો તે અયોગ્યને ન ત્યાગે તો સત્તર પ્રકારનું સંયમ પળે નહિ ઊપર કહેલા ચાર આહાર, શય્યા, વસ્ત્ર, અને પાત્ર અયોગ્યને ત્યાગી સાધુને યોગ્ય હોય તે ગ્રહણ કરે. ॥૪૭॥

**जे नियागं ममायंति, कीयमुद्देसियाऽऽहडं । वहं ते समणुजाणंति, इइ वुत्तं महेसिणा ॥४८॥**

અકલ્પનીયના દોષ બતાવે છે. જે સાધુઓ વેષ માત્ર ધારીને રોજનો એક જ જગ્યાએ પિંડ લે છે. અર્થાત્ ગૃહસ્થ આમંત્રણ કરી જાય અને પોતે રોજ તેને ત્યાંથી લે તો મમત્વ બંધાય એવી જ રીતે સાધુ માટે વેચાતું આણેલું, તથા સાધુ માટે બનાવેલું. તથા સાધુ માટે દૂરથી લાવેલું. તે સાધુઓ લે તો તેમાં થયેલા આરંભને સાધુઓ અનુમોદે છે. એવું મહાવીર પ્રભુ કહે છે. (ત્રીજા અધ્યયનમાં આનું વર્ણન છે.) ॥૪૮॥

**तम्हा असण-पाणाई, कीयमुद्देसियाऽऽहडं । वज्जयंति ठियप्पाणो, निग्गंथा धम्मजीविणो ॥४९॥**

એટલા માટે સાધુઓ ઊપર કહેલ ચારે પ્રકારનો આહાર વસ્ત્ર વિગેરે ખરીદેલ વિગેરે દોષોવાળો હોય તો લેતા નથી તે સાધુઓ સ્થિર આત્માવાળા નિર્ગ્રંથ તથા ધર્મજીવિતવાળા છે. ॥૪૯॥

**कंसेसु कंसपाएसु, कुंडमोएसु वा पुणो । भुंजंतो असण-पाणाई, आयारा परिभस्सई ॥५०॥**

સ્થાન ચૌદમામાં ગૃહસ્થના વાસણો ન વાપરવાનું કહે છે. કાંસાના થાળ, વાટકા, કુંડી વિગેરે અથવા માટીનું વાસણ હાથીના પગના આકારનું કુંદમોદ નામનું (કુંડું) વિગેરે વાસણમાં સાધુ ખાય અને તે નિર્દોષ ગોચરી હોય તો પણ સાધુતાથી સાધુ ભ્રષ્ટ થાય છે. ॥૫૦॥

**सीओदगसमारम्भे, मत्तधोअणछड्डणे । जाइं छण्णंति(छिप्पंति)भूआइं, सो तत्थ दिट्ठो असंजमो ॥५१॥**

કારણ કે સાધુએ વાપર્યા પછી તે વાસણોને ગૃહસ્થો સાફ કરતાં કાચું પાણી વિગેરે વાપરે તથા ગૃહસ્થની પેશાબની કુંડી વિગેરે વાપરે તો તેથી પણ કાચાપાણીનો આરંભ થાય એટલા માટે કેવળજ્ઞાનીએ જોયું છે કે ગૃહસ્થનું વાસણ વાપરતાં સાધુને અસંયમનો દોષ લાગે છે. કારણ કે તેમાં ગૃહસ્થ દ્વારા જીવો હણાય છે. ॥૫૧॥

**पच्छाकम्मं पुरेकम्मं, सिआ तत्थ न कप्पई । एयमट्ठं न भुंजंति, निग्गंथा गिहिभायणे ॥५२॥**

ગૃહસ્થનું વાસણ વાપરતાં પહેલાં અથવા પછી ગૃહસ્થો કાચું પાણી વાપરશે. તેથી સાધુને તેનું વાસણ લેવું ન કલ્પે તથા તેજ કારણે તેવા વાસણમાં ગોચરી ન કરે (કોઈ રોગાદી ખાસ કારણે યોગ્ય વાસણના અભાવે ગૃહસ્થનું વાસણ લેવું પડે તો ગૃહસ્થને પ્રથમ અને પછી ઉપદેશ કરવો કે આ પ્રમાણે કાચા પાણીથી દોષ ન લગાડવો તે ધ્યાન રાખવું પણ અચિત્ત ધૂળ વિગેરેથી સાફ કરવું.) ॥૫૨॥

**आसंदी-पलियंकेसु, मंच-मासालएसु वा । अणायरियमज्जाणं, आसइत्तु सइत्तु वा ॥५३॥**

[1]સ્થાન પંદરમું બતાવે છે. માંચી, પલંગ, ખાટલો તથા ટેકો દઈ બેસવાના આસન જેમ કે ખુરશી, કોચ વિગેરે સાધુઓને બેસવાને અથવા સુવાને વાપરવાં કલ્પતાં નથી. તેમાં અપવાદ બતાવે છે. ॥૫૩॥

**नाऽऽसंदी-पलिअंकेसु, न निसेज्जा न पीढए । निग्गंथाऽपडिलेहाए, बुद्धवुत्तमहिट्ठगा ॥५४॥**

એટલા માટે જ્યાં પોલી વસ્તુ હોય જેમાં જીવ ભરાઈ રહેલા દેખાતા ન હોય તેની પ્રતિલેખના (આંખથી જોવું) થઈ શકે નહિ માટે તેને વાપરે નહિ. આવું પંડિત સાધુઓ જે તીર્થંકરની આજ્ઞામાં વર્તનારા છે તેઓ કહે છે. મૂળમાં પીઠક શબ્દ છે તેનો અર્થ નેતરથી ભરેલા આસનો જાણવાં તેમાં પણ સાધુઓ ન બેસે. (જરૂર પડે તો લાકડાના પાટીયાંનાં બનાવેલાં પાટ પાટલા જેમાં માકણ વિગેરે જીવો ન રહે તેવાં વાપરવાં) પણ ધર્મ કથા કરતાં તથા જરૂર પડે ઉપદેશ અર્થે રાજસભામાં જતાં આંખથી દેખાય તેવી પાટ વિગેરે વાપરવાં તે કહે છે. ॥૫૪॥

**गंभीरविजया एए, पाणा दुप्पडिलेहगा । आसंदी पलिअंको य, एअमट्ठं विवज्जिया ॥५५॥**

અપ્રકાશવાળા સ્થાનમાં ભરાએલા ચાંચડ-માંકડવાળા આસન વિગેરે આંખોથી તેમાંના જીવો ન દેખાવાથી તેને વાપરતાં અંદરના રહેલા જીવો દુઃખ પામે છે, એટલા માટે સાધુઓ એને વાપરતા નથી, ॥૫૫॥

**गोयरग्गपविट्ठस्स, निसेज्जा जस्स कप्पई । इमेरिसमणायारं, आवज्जइ अबोहियं ॥५६॥**

હવે સોળમું સ્થાન કહે છે, ગોચરીમાં ગયેલો સાધુ જો ગૃહસ્થના ઘરમાં બેસવાનું રાખે તો હવે પછીના કહેવાતા અનાચારના દોષો તથા મિથ્યાત્વના દોષો લાગશે, ॥૫૬॥

**विवत्ती बंभचेरस्स, पाणाणं च वहे वहो । वणीमगपडिग्घाओ, पडिकोहो य अगारिणं ॥५७॥**

[2]ગૃહસ્થના ઘરમાં બેસવાથી બ્રહ્મચર્યનું નુકશાન અને જીવોનો વધ થાય. તેનો દોષ તથા બીજાને ભિક્ષા લેવા આવતાં અટકાવ થાય તેથી તેને દ્વેષ થાય તથા ગૃહસ્થને ક્રોધ થાય કે, ઘરની સ્ત્રી સાથે એને શું સંબંધ છે. ॥૫૭॥

**अगुत्ती बंभचेरस्स, इत्थीओ यावि संकणं । कुसीलवड्ढणं ठाणं दूरओ परिवज्जए ॥५८॥**

બ્રહ્મચર્યનું રક્ષણ નહિ થાય. તથા સ્ત્રીઓને તેના ઊપર દૂરાચારની શંકા (અભિલાષા) તેના વિકસ્વર નેત્રો જોવાથી થશે, તેથી ગૃહસ્થના ઘરમાં બેસવું તે દોષો વધારનારૂં જાણીને સાધુઓ તેને દૂરથી તજે, અર્થાત્ ગૃહસ્થના ઘરમાં ન બેસે. ॥૫૮॥

---

૧ ઉત્તરા.અ. – ૨૭–૩૦

૨ સૂત્ર કૃ. ચૂર્ણિ ગા. ૪૫૫

**तिण्हमन्नयरागस्स, निसिज्जा जस्स कप्पई । जराए अभिभूयस्स, वाहियस्स तवस्सिणो ॥५९॥**

[1]ત્રણ કારણવાળાં યોગ્ય જગ્યાએ ગૃહસ્થના ઘરમાં બેસે તો તેમને દોષ લાગતો નથી. તે બતાવે છે. વૃદ્ધાવસ્થાથી અશક્ત હોય અથવા બહુ રોગથી થાકી ગયો હોય. અથવા માસ કલ્પ વિગેરે લાંબા ઉપવાસથી જેની કાયા અશક્ત હોય તેવે કારણે સાધુ ગૃહસ્થના ઘરમાં અથવા બહાર થોડીવાર સુધી વીસામો લેવા બેસે છે. પણ ત્યાં બેસીને ભિક્ષુક વિગેરેને અંતરાય ન થાય. તે સંભાળ રાખે આ અપવાદ રૂપ છે.॥૫૯॥

**वाहिओ वा अरोगी वा, सिणाणं जो उ पत्थए । वोक्कंतो होइ आयारो, जढो हवइ संजमो ॥६०॥**

સત્તરમું સ્થાન કહે છે. વ્યાધીવાળો અથવા નિરોગી જો સ્નાન કરે તો તેથી જીવોની વિરાધના થતાં અસંયમ થાય છે. અને સાધુએ સ્નાન કરવાથી બાહ્ય તપરૂપ આચાર પળે નહિ. માટે સ્નાન કરવું નહિ. ॥૬૦॥

**संतिमे सुहुमा पाणा, घसासु, भिलुगासु य । जे उ भिक्खू सिणायंतो वियडेणुप्पिलावए ॥६१॥**

અચિત્ત પાણીએ સ્નાન કરવાથી અસંયમ કેવી રીતે થાય? તે બતાવે છે. પ્રત્યક્ષ દેખાતા ઝીણા જીવો (કંથુવા વિગેરે) જમીનમાં જ્યાં પોલી જમીન હોય તેમાં રહે છે. તથા ભીલુગા (ફાટ અથવા ચીરાંમાં) રહે છે. તે સ્નાનના પાણીનો રેલો જતાં તે જીવો નાશ પામે છે. અને તેથી સંયમનો ઘાત થાય છે. ॥૬૧॥

**तम्हा ते न सिणायंति, सीएण उसिणेण वा । जावज्जीवं वयं घोरं, असिणाणमहिट्ठगा ॥६२॥**

તેટલા માટે જિનેશ્વરની આજ્ઞામાં રહેનાર સાધુઓ કાચા અથવા ઉના પાણીથી સ્નાનની ઈચ્છા કરતા નથી. એવું મહા કષ્ટકારી વ્રત સ્નાન ન કરવાનું છે. તે આખી જિંદગી સુધી પાળે છે. ॥૬૨॥

**सिणाणं अदुवा कक्कं, लोद्धं पउमगाणि य । गायस्सुव्वट्टणट्ठाए, नाऽऽयरंति कयाइ वि ॥६३॥**

પૂર્વે કહેલું સ્નાન અથવા (ચંદન કલ્ક) ચંદનનો લેપ વિગેરે તથા લોધ્ર (એક જાતની સુગંધિ વસ્તુ) પદ્મ (કેશરના તાંતણા) આ બધા પદાર્થો ભાવ સાધુઓ લેપ વિગેરેમાં આખી જિંદગી સુધી વાપરતા નથી. ॥૬૩॥

**नगिणस्स वावि मुंडस्स, दीहरोम-नहंसिणो । मेहुणा उवसंतस्स, किं विभूसाए कारियं ? ॥६४॥**

અઢારમું સ્થાન હવે કહે છે. જેમ સ્નાન ત્યાગ્યું, તેમ સાધુએ શરીરની પણ શોભા ન કરવી તે અઢારમું સ્થાન છે, સાધુ નગ્ન હોય અથવા માથું મૂડાવેલું હોય, જેના લાંબા વાળ અને નખ હોય એટલે જિન કલ્પીને બિલકુલ કપડાં ન હોય. સ્થવિર કલ્પીને પરિમાણ વાળાં હોય તથા બગલ વિગેરેમાં વાળ વૃધ્યા જ કરે તથા સ્નાન વિગેરે ન કરવાથી તથા બ્રહ્મચર્ય તે સંસારની ઈચ્છા તેને શાન્ત હોવાથી તેને શોભાનું મન શી રીતે થાય? (ન થાય) અને વિભૂષા કરે તો દુઃખ પામે તે કહે છે. ॥૬૪॥

**विभूसावत्तियं भिक्खु, कम्मं बंधइ चिक्कणं । संसारसायरे घोरे, जेणं पडइ दुरुत्तरे ॥६५॥**

જો સાધુ પોતાનો માર્ગ ભૂલીને ગૃહસ્થની માફક શોભા કરે તો તે શોભાના કારણથી (સ્ત્રીઓને વિભ્રમમાં પાડી) અનેક પ્રકારનાં સંસાર ભ્રમણનાં ચીકણાં કર્મ બાંધી તે કર્મથી તથા અયોગ્ય કૃત્ય કરવાથી ઘોર સંસાર સાગરમાં ડૂબે છે. ॥૬૫॥

**विभूसावत्तियं चेयं, बुद्धा मन्नंति तारिसं । सावज्जबहुलं चेयं, नेयं ताईहि सेवियं ॥६६॥**

આ પ્રમાણે બાહ્ય શોભાનું દુઃખ બતાવીને હવે જેઓ વિભૂષાનો સંકલ્પ કરે છે તેને દુઃખ બતાવે છે કે, તીર્થંકરો એવું કેવળજ્ઞાનથી જાણે છે કે મનમાં પણ વિભૂષાનો સંકલ્પ કરનારો સાધુ બહુ પાપનાં કૃત્ય કરે માટે આત્મામાં આનંદ માનનારા સાધુઓ આર્ત્તધ્યાન કરાવનારૂં આ કૃત્ય કરતા નથી. (જાણે છે કે તેથી અનંત ગણું

૧ ઓઘ નિ. ૫૫

દુઃખ ભોગવવું પડશે.)॥૬૬॥

**खवेंति अप्पाणममोहदंसिणो, तवे रया संजम अज्जवे गुणे ।**
**धुणंति पावाइं पुरेकडाइं, नवाइं पावाइं न ते करेंति ॥६७॥**

આ પ્રમાણે મૂળ ગુણ તે છ વ્રત અને છ કાયની રક્ષા તે બાર છે. અને ઉત્તર ગુણમાં અકલ્પ્ય ગૃહસ્થનું વાસણ, પલંગ, નીસજ્જા (એટલે ગૃહસ્થના ઘરે નિષ્કારણ બેસવું) સ્નાન અને શોભા એ છ ત્યાગવાથી છ ઉત્તર ગુણ છે, ઉત્તર ગુણ એટલે જેના વડે મૂળ ગુણ જે મહાવ્રત રૂપ છે તેને ટેકો આપે તે અઢાર સ્થાન થયાં. તે પૂરાં પાળે તો શું થાય તે બતાવે છે. ॥૬૭॥

**सओवसंता अममा अकिंचणा, सविज्जविज्जाणुगया जसंसिणो ।**
**उउप्पसन्ने विमले व चंदिमा, सिद्धिं विमाणाइं उवेंति ताइणो ॥६८॥**
**त्तिबेमि ॥ छट्ठं धम्मत्थकामज्झयणं समत्तं ॥६॥**

મોહ રહિત દર્શનવાળા અર્થાત્ બરોબર દેખનારા તેઓ અણસણ વિગેરે તપમાં રક્ત, તથા સંયમ, તથા સરળતાના ગુણો ધરનારા તેઓ પ્રથમનાં કર્મ દૂર કરે છે, અને અપ્રમત્તપણાથી નવાં પાપ બાંધતા નથી.

સદા મોહની શાંતિ છે. તથા મમતાથી રહિત છે. જેઓ કોઈપણ જાતનો પરિગ્રહ રાખતા નથી. તથા આત્મજ્ઞાનની વિદ્યામાં રક્ત છે. જે આ લોક અને પરલોકમાં ઉપકારી છે. તે શ્રુતજ્ઞાનમાં નિરંતર મન રાખનારા છે તેઓ આ લોકમાં કીર્તિ મેળવે છે. અને શરદ ઋતુના ચંદ્રમાની ચાંદરણી જેવા નિર્મળભાવ વાળા, સાધુ પોતાના ઉત્તમ કૃત્યથી કાંતો આઠે કર્મ ત્યાગીને મોક્ષમાં જાય છે અથવા ઊપર કહેલા નિર્મળ વિમાન તે વૈમાનિક દેવલોક તે સૌધર્મ અવતંસક વિગેરે ઉત્તમ વિમાનમાં ઉત્પન્ન થાય છે. તે પોતે અહીંયાં પણ સાધુ ધર્મમાં રહીને સ્વપરનું રક્ષણ કરવાથી ત્રાતા (રક્ષક) છે. સૂત્ર અનુગમ કહ્યો નયોનું વર્ણન પૂર્વ માફક જાણવું, અને ધર્મ, અર્થ અને કામ એ ત્રણેને યથાયોગ્ય બતાવનારૂં આ છઠ્ઠું અધ્યયન સમાપ્ત થયું. ॥૬૮॥

### આવા વ્યક્તિ દીક્ષાનાં માટે અયોગ્ય છે.

*(૧) બાલક (જેનાં આઠ વર્ષ પૂરાં ન થયાં હોય) આ વિષયમાં પણ ત્રણ મત છે, કોઈ અષ્ટપૂર્ણ (આઠ વર્ષ પૂરાં), કોઈ ગર્ભાષ્ટમ્ (ગર્ભથી આઠ વર્ષ), જન્માષ્ટમ્ (જન્મથી આઠ વર્ષ) માને છે. (૨) વૃદ્ધ (સાઈઠ વર્ષ પછી) (અશક્ત હોય ત્યારે) (૩) નપુંસક (જન્મથી જ) (સ્ત્રી-પુરુષ બંન્નેનો ઇચ્છુક) (૪) જડ (ભાષા જડ, કાયા જડ વિગેરે) (૫) ક્લીબ – સ્ત્રી વિગેરેની ચેષ્ટાથી કામોત્તેજક થનારો (૬) વ્યાધિગ્રસ્ત – બિમાર, ભગંદર, અતિસાર જેવા ભયંકર રોગોવાળો (૭) ચોર (૮) રાજદ્રોહી (૯) ઉન્મત્ત – યક્ષાદિથી ગ્રસિત (૧૦) દાસ (૧૧) કષાય દુષ્ટ (૧૨) વિષય-દુષ્ટ (૧૩) મુઢ, સ્નેહ તથા અજ્ઞાનતાથી યુક્ત) (૧૪) અવબદ્ધક આટલાં સમય સુધી હું તમારો છું એવો કરાર કરનાર (૧૫) ઋણાર્ત (કર્જદાર) (૧૬) જુંગિત (જાતિ હીન), કર્મજુંગિત, શરીર જુંગિત, કુબડો વિગેરે (૧૭) ભૃતક (નોકર) (૧૮) શિષ્ય – નિષ્ફેટિકા વગર આજ્ઞાએ દીક્ષા આપવી. અને દીક્ષા માટે અયોગ્ય સ્ત્રી, ઊપરના વર્ણન (પ્રવચન સારોદ્ધાર-૧૦૭) મુજબ તથા ગર્ભવતી અને સબાલવત્સા (ખોળામાં બાળકવાળી) આમ ૨૦ પ્રકારેથી સ્ત્રી દીક્ષા માટે અયોગ્ય છે.*

અયોગ્ય આત્મા દીક્ષા દેતાં શાસનની અવહેલના કરે.

# "वाक्यशुद्ध्याख्य सप्तममध्ययनम्"

## વાક્ય શુદ્ધિ નામનું ૭મું અધ્યયન

હવે વાક્ય શુદ્ધિ નામનું સાતમું અધ્યયન કહે છે. છઠ્ઠામાં કહ્યું છે કે સાધુએ ગોચરીમાં જતાં પોતે જાણવા છતાં તથા પૂછવા છતાં પણ ધર્મ કથા વિસ્તારથી ન કરવી પણ પોતાના ગુરુ પાસે સ્થાનમાં મોકલવા અહીંયાં સાતમા અધ્યયનમાં બતાવશે કે ધર્મ કથા કરનારે પ્રથમ બોલવાના દોષો અને ગુણો શું થશે તે જાણીને નિર્વદ્ય વચન વડે ઉપદેશ આપવો, તેજ ગાથા કહે છે.

**सावज्जणवज्जाणं वयणाणं जो न याणइ विसेसं । वोत्तुंपि तस्स ण खमं, किमंग पुण देसणं काउं? ॥१॥**

સાવદ્ય અને નિરવદ્ય વચનનું જે સાધુ વિશેષ પણું નથી જાણતો તેને બોલવાની પણ આજ્ઞા નથી. તો ઉપદેશ દેવાનો અધિકાર ક્યાંથી હોય? (તેણે ઉપદેશ ન આપવો.) આ પ્રમાણે છઠ્ઠા સાતમા અધ્યયનનો સંબંધ છે. એના અનુયોગ દ્વારનું વર્ણન કરવું. તેમાં પૂર્વની માફક નામ નિક્ષેપા સુધી બતાવવું. અને તેમાં 'વાક્ય શુદ્ધિ' વાળા પદનું નામ જાણવું તેમાં પ્રથમ વાક્યના નિક્ષેપા કહે છે. ॥૧॥

**निक्खेवो अ(उ) चउक्को वक्के दव्वं तु भासदव्वाइं । भावे भासासद्दो तस्स य एगट्ठिआ इणमो ॥२६९॥**

નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ એમ ચાર પ્રકારે વાક્યનો નિક્ષેપો જાણવો નામ સ્થાપના સુગમ છે. દ્રવ્ય વાક્ય તે 'જ્ઞ–શરીર' ભવ્ય શરીર તે બે થી જુદું, ભાષાદ્રવ્ય તે દ્રવ્ય વાક્ય જાણવું. એટલે બોલનારે ગ્રહણ કરેલા પણ તે પુદ્ગલો જ્યાં સુધી ન બોલે ત્યાં સુધી જાણવા. પણ ઉચ્ચાર કર્યા પછી તે ભાષાદ્રવ્ય શબ્દ પણે પરિણમે છે. તે ભાવવાક્ય છે. તે વાક્યના એક અર્થવાળાં નામો નીચે મુજબ છે, ॥૨૬૯॥

**वक्कं वयणं च गिरा सरस्सई भारही अ गो वाणी । भासा पन्नवणी देसणी अ वयजोग जोगे अ ॥२७०॥**

વાક્ય, વચન, ગી, સરસ્વતી, ભારતી, ગૌ, વાક્, ભાષા, પ્રજ્ઞાપની, દેશની, વાગ્યોગ, યોગ, તે નિગદ સિદ્ધ છે. (સ્વયં સમજાય તેવાં છે) એટલે બધાનો એક જ અર્થ થાય છે. ॥૨૭૦॥

**दव्वे तिविहा गहणे अ निसिरणे तह भवे पराघाए । भावे दव्वे अ सुए चरित्तमाराहणी चेव ॥२७१॥**

[1]"દ્રવ્ય ભાષા" ત્રણ પ્રકારની છે. લેવામાં, કાઢવામાં તથા પરને આઘાત કરવામાં છે. (૧)તેમાં કાય યોગ વડે ભાષા દ્રવ્યનું ગ્રહણ કરવું તે ગ્રહણ દ્રવ્ય ભાષા છે તથા (૨)તેજ ભાષા દ્રવ્યોને વાક્ય યોગ વડે બહાર કાઢવા (ઉચ્ચાર કરવા) તે નિસર્ગ ભાષા છે. અને (૩)નીકળેલા ભાષાના દ્રવ્ય વડે અન્યને પોતાના રૂપે પરિણામ પમાડવા પ્રેરણા કરવાની જે ક્રિયા તે પરાઘાત છે. આ ત્રણે પ્રકારની ક્રિયા દ્રવ્ય યોગનું પ્રધાનપણું બતાવવાની ઇચ્છાથી દ્રવ્ય ભાષા કહી છે. અને ભાવદ્વારને વિચારતાં તેજ ભાવ ભાષા ત્રણ પ્રકારની જ છે. દ્રવ્યમાં, શ્રુતમાં, તથા ચારિત્રમાં, તે ભેદ લગાડવા એટલે દ્રવ્ય ભાવ ભાષા છે. તેજ પ્રમાણે શ્રુતજ્ઞાનને આશ્રયીને જે બોલાય તે શ્રુતભાવ ભાષા જાણવી. અને ચારિત્રને આશ્રયીને જે બોલાય તે ચારિત્ર ભાવ ભાષા જાણવી. આ ત્રણે પ્રકારની ભાષા બોલનારા દ્રવ્ય ભાવના પ્રધાનપણાની અપેક્ષાએ ભાવભાષા છે. અને તેજ ઓઘથી દ્રવ્ય વિગેરેની આરાધના બતાવવાથી આરાધનિ કહેવાય છે અને 'ચ' શબ્દથી વિરાધના તથા ઉભય અનુભવ થાય છે. તે પણ દ્રવ્યાદિ આરાધના વિગેરેથી જાણવી, વાદીની શંકા–અહીંયાં દ્રવ્ય ભાવ વાક્યનું સ્વરૂપ બતાવવું. કારણ કે તેનો વિષય છે. ત્યારે ભાષાનું વર્ણન શા માટે કરો છો? ઉત્તર–વાક્ય અને ભાષા બંને એક અર્થવાળાં હોવાથી દોષ નથી. ખરી રીતે

૧ A (૧) ગ્રહણ (૨) નિકળવુ (૩) પરાઘાત B વિ.ભા.–૩૬૯ થી ૩૭૨

જોતાં વાક્યનું જ વર્ણન ચાલે છે. આ ગાથાનો સામટો અર્થ કહ્યો, પણ અવયવનો અર્થ હવે કહેશે તેમાં દ્રવ્ય અને ભાવ ભાષાને ધ્યાનમાં રાખીને આરાધની વિગેરે ભાષાના ભેદની યોજનાને કહે છે.॥૨૭૧॥

**आराहणी उ दव्वे सच्चा मोसा विराहणी होइ । सच्चामोसा मीसा असच्चमोसा य पडिसेहा ॥२७२॥**

આરાધની ભાષાનું વર્ણન કરે છે. પરલોકની પીડા ન થાય તેવી રીતે વસ્તુને કહે તે આરાધની ભાષા છે તે દ્રવ્ય સંબંધી ભાવભાષા તે સત્યાભાષા જાણવી અને મૂળમાં તુ શબ્દ છે. તેથી જાણવું કે તે દ્રવ્યથી કોઈ વિરાધની પણ સત્ય હોઈ શકે. પરપીડા સંરક્ષણના ફળના ભાવને આરાધવાથી સત્ય છે. અને વિરાધનાથી મૃષાભાષા વિરાધની થાય છે. એટલે દ્રવ્યને બીજી રીતે કહેવાથી વિરાધના થાય એ જ પ્રમાણે કંઈક સાચી કંઈક જુઠી તે મિશ્રભાષા થાય છે. એટલે તેમાં થોડું આરાધનાનું ફળ હોય. અને થોડું વિરાધનાનું ફળ હોય છે તથા આરાધની ન હોય, તેમ વિરાધની પણ ન હોય. તેવી ભાષા અસત્ય મૃષા ભાષા કહેવાય તેનાથી કહેવાતા દ્રવ્યમાં સત્ય અને અસત્ય એ બંનેનો અભાવ છે. આ ચાર ભાષાનું સ્વરૂપ ઉદાહરણો વડે ખુલ્લું થશે, પ્રથમ સત્યભાષાનું વર્ણન કરે છે. ॥૨૭૨॥

**जणवयसम्मयठवणा नामे रूवे पडुच्च सच्चे अ । ववहारभावजोगो दसमे ओवम्मसच्चे अ ॥२७३॥**

સત્ય વાક્ય દશ પ્રકારનું છે. તેમાં જનપદ સત્ય વિગેરે ભેદો છે. તેમાં જુદા જુદા દેશના લોકો જુદી જુદી ભાષા બોલે છે. તેથી એક બીજાનું બોલવું એક બીજાના અર્થને મળતાપણું હોય અને તેથી જ તેમનો વહેવાર ચાલે તો તે **(૧) જનપદ** (દેશ) સત્ય જાણવું, જેમ કે ઉદકને કોકણ વિગેરે દેશમાં પયઃ-પિચ્ચં, ઉદક, નીર, વિગેરે કહે તે બધું લુચ્ચાઈ વિનાનું હોવાથી જુદા જુદા દેશને ઇચ્છિત અર્થને મેળવવામાં ઉપયોગી હોવાથી જે દેશમાં જે શબ્દ બોલાય તો તેને વાપરવામાં હરકત નથી. અને તે જનપદ સત્ય કહેવાય એ પ્રમાણે બીજા ભેદો પણ જાણવા. **(૨) સંમત-સત્ય** એટલે કુમુદ કુવલય ઉત્પલ તામરસ એ ચારે એક સરખા પંક (કાદવ)માં ઉત્પન્ન થાય છે. છતાં ગોવાળીઆથી રાજા સુધી બધાને એ જ માન્ય છે કે અરવિંદ ને જ પંકજ કહેવું, હવે **(૩) સ્થાપના સત્ય** કહે છે, મુદ્રા (વીંટી અથવા સીક્કો)માં જે લેખ લખાય અક્ષર કોતરાય કે આ તોલમાં માસો છે. અથવા આ કાર્ષાપણ (એકજાત નો સીક્કો) આ સો છે આ હજાર છે. (હુંડી, નોટ વિગેરેમાં તે આંકડા પ્રત્યક્ષ છે) **(૪) નામ સત્ય** તે કોઈ માણસ કુળને વધારનારો ન પણ હોય. તો પણ કુળવર્ધન નામ પાડ્યું હોય તો તે પણ સત્ય છે. એ પ્રમાણે ધનવર્ધન ન હોય તો પણ ધનવર્ધન નામ પાડે તે સત્ય છે. તે પ્રમાણે યક્ષ ન હોય છતાં નામ યક્ષ પાડે તો તે યક્ષ કહેવાય હવે **(૫) રૂપ સત્ય** કહે છે. કોઈનામાં તેવા ગુણો ન હોય છતાં તેવું રૂપ ધારે તો તે રૂપ સત્ય કહેવાય, જેમ કે કોઈમાં સાધુના ગુણો નથી, પણ સાધુનો વેષ ધારે. તો તે રૂપ સાધુ કહેવાય છે. **(૬) પ્રતીત્ય સત્ય** કહે છે. જેમકે, અનામિકા આંગળીનું બીજી આંગળી સાથે સરખાપણું કરતાં તે લાંબી ટૂંકી કહેવાય. તે પ્રમાણે આ અનંત પરિણામવાળા દ્રવ્યનું તે તે સહકારી કારણોના સંબંધથી તે તે રૂપ પ્રગટ થાય છે. તે પ્રતીત્ય સત્ય કહેવાય છે. હવે **(૭) વ્યવહાર સત્ય** કહે છે. (ઘાસ બળતુ હોય) છતાં પહાડ બળે છે તેમ કહેવાય છે. પાણી ઝરતું હોય છતાં ઘડો ઝરે છે એમ કહેવાય છે, તથા પેટ છતાં અનુદરા (પેટ વિનાની) કન્યા કહેવાય છે. તે આગળ કહેશે, અલોમા એટલે પેટ ઊપર વાળ ઓછા હોય, તેને કહે છે. એ પ્રમાણે એડકા તથા પહાડમાં રહેલ ઘાસનું બળવું પણ આ પ્રમાણે વહેવાર વર્તે છે. અનુદરાનો અર્થ આ છે કે, જે કન્યાને પુરુષથી ગર્ભ રહેવાનો તે સમય સંભવ ન હોય, તો તે અનુદરા સ્ત્રી કહેવાય છે, તથા કાપવા યોગ્ય રૂવાંટી વધી ન હોય તો ઘેટાંને અલોમ એડક કહે છે. **(૮) ભાવ સત્ય** આ પ્રમાણે છે. બગલામાં પાંચ રંગ હોય પણ તેમાં ધોળો રંગ વધારે હોવાથી ધોળા કહેવાય છે. તથા **(૯) યોગ સત્ય** તે આ પ્રમાણે છે. છત્રના યોગથી છત્રી કહેવાય, અને દંડના યોગથી દંડી કહેવાય. **(૧૦) ઉપમા સત્ય** એ પ્રમાણે જાણવું જે તલાવ મોટું હોય તે સમુદ્ર જેવું કહેવાય છે. આ દશ પ્રકારની સત્ય ભાષા કહી એટલે જનપદ,

સંમત, સ્થાપના, નામ, રૂપ, પ્રતીત્ય, વ્યવહાર, ભાવ, યોગ, ઉપમા સત્ય એ દશ પ્રકારની સત્ય ભાષા છે. હવે મૃષા (જૂઠી) ભાષા કહે છે. ॥૨૭૩॥

**कोहे माणे माया, लोभ पेज्जे तहेव दोसे अ । हासभए अक्खाइय उवघाए निस्सिआ दसमा ॥२७४॥**

(૧) **ક્રોધથી** પિતા પુત્રને કહે કે તુ મારો પુત્ર નથી અથવા ક્રોધમાં જે કંઈ બોલાય તે આશય વિપરીત હોવાથી તે બધું જૂઠું છે. તે પ્રમાણે (૨) **માનમાં** ચડેલા પાસે ધન ઓછું હોય છતાં તેને કોઈ પૂછે તો કહે કે હું બહુ ધનવાન છું તથા (૩) **કપટ જુઠ** તે આ પ્રમાણે છે, માયા કરનારા (ખેલ કરનારા વાદી વિગેરે) બોલે કે ગોળો નષ્ટ પામ્યો (ઉડી ગયો) તે પ્રમાણે (૪) **લોભથી** વાણીઆ વિગેરે જે ભાવે વેચ્યું લીધું હોય તેથી જુદો ભાવ બતાવે તે છે. (૫) **પ્રેમથી** જૂઠું–દાસ ન હોય છતાં કહે કે હું તારો દાસ છું. (૬) **દ્વેષથી** જુઠ તે ગુણવાનને પણ અગુણી કહે. (૭) **હાસ્ય** (મશ્કરી)નું જૂઠ તે મશ્કરાઓ કોઈનું કંઈ લે અને પૂછતાં કહે કે મેં જોયું નથી. (૮) **ભય** જુઠ તે ચોરો પકડાતાં જૂઠું બોલે કે મેં કાંઈ લીધું નથી. (૯) **કથા** જુઠ તે મીઠું મરચું ભભરાવીને ગમે તે વાત બનાવી કાઢે તે તથા (૧૦) **ઉપઘાત** જુઠ એ ચોર ન હોય છતાં તેને ચોરીનું તોહમત મૂકીને ચોર કહેવો. એ પ્રમાણે ક્રોધ, માન માયા, લોભ, પ્રેમ, દ્વેષ, હાસ્ય, ભય, કથા તથા ઉપઘાતને આશ્રયી દશ પ્રકારની અસત્ય ભાષા જાણવી. હવે, સત્ય મૃષા (મિશ્ર) ભાષાને કહે છે. ॥૨૭૪॥

**उप्पन्नविगयमीसग जीवमजीवे अ जीवअज्जीवे (अजीवे) । तहऽणंतमीसगा खलु परित्त अद्धा अ अद्धद्धा ॥२७५॥**

(૧) **ઉત્પન્ન મિશ્ર** જેમ કે કોઈ નગરને આશ્રયી બોલે કે આજે દશ બાળક જનમ્યાં. હવે જો દશ કરતાં ઓછાં, અથવા વધારે જનમ્યાં હોય તો તેમાં મિશ્ર ભાષા વ્યવહારથી કહેવાય. જેમકે એક માણસ બીજાને કહે કે હું તને સવારે સો રૂપીયા આપીશ, પણ પચાસ આપે તો તે વ્યવહારમાં સત્ય અસત્ય કહેવાય છે. એટલે સર્વથા ના આપે તો જૂઠ કહેવાય. પણ ઓછા આપે તો મિશ્ર કહેવાય. તેમજ તે નગરમાં બિલકુલ ન જનમ્યા હોય તો જૂઠ ભાષા કહેવાય. તે પ્રમાણે (૨) **વિગત મિશ્ર** મરવાને આશ્રયી પણ જાણવું. જેમકે કોઈ નગરમાં આજે દશ બુઢ્ઢા માણસ મરી ગયા, તેથી ઓછા વધતા મરેલા હોય તો તે પણ વિગત મિશ્ર ભાષા જાણવી. (૩) **ઉત્પન્ન વિગત મિશ્ર** આ નગરમાં આજે આટલા જન્મ્યા ને આટલા મરી ગયા એમ કહે પણ તેમાં ઓછાં વધતાં હોય એટલે આ જન્મ મરણને આશ્રયી મિશ્ર ભાષા જાણવી. તથા (૪) **જીવ મિશ્ર** જીવ સંબંધી એટલે જીવતા અને મરેલા કરમીયા હોય તો જીવતા કરમીયા બોલતા મિશ્ર ભાષા કહેવાય, અથવા (૫) **અજીવ મિશ્ર** તે અજીવ સંબંધી ઘણા કરમીયા મરેલા હોય, અને થોડા જીવતા હોય તો કહે કે મરેલા કરમીયા તો તે મિશ્ર ભાષા કહેવાય. (૬) **જીવાજીવ મિશ્ર** તે કોઈપણ માણસ એમ કહે કે આટલા જ મરેલા અને આટલા જ જીવતા કહેતાં તેથી ઓછા વધારે મરેલા જીવતા હોય તો તે જીવાજીવ આશ્રયી મિશ્ર કહેવાય. તથા (૭) **અનંત મિશ્ર** તે મૂળા, કંદ વિગેરેના પાંદડામાં પ્રત્યેક (પરીત) વનસ્પતિના જીવો હોય તે બધાને અનંતકાય કહેવાથી અનંત મિશ્ર કહેવાય, (૮) તે પ્રમાણે પ્રત્યેકને આશ્રયી તે ઘણા જીવો પ્રત્યેક હોય તેમાં કોઈ અનંત હોય. તેને પ્રત્યેક કહેતાં **પ્રત્યેક મિશ્ર** કહેવાય. (૯) **અદ્ધા મિશ્ર** તે કાળ સંબંધી છે જેમકે કોઈ પણ માણસ કોઈ કાર્યમાં સોબતીઓને કહે કે રાત પડી છે, છતાં દિવસ થોડો બાકી હોય તો તે કાળ મિશ્ર કહેવાય. (કાળ અને અદ્ધા એક જ છે) (૧૦) **અદ્ધદ્ધ મિશ્ર** એટલે દિવસ અને રાતનો એક ભાગ, તે સંબંધી મિશ્ર બોલે જેમ કે કોઈ કાર્યમાં ઉતાવળ હોય તો એક પહોર દિવસ ચઢ્યો હોય તો પણ કહે કે મધ્યાહ્ન થઈ ગયો છે એ પ્રમાણે મિશ્ર શબ્દ દરેકમાં જોડવો. (આનો પરમાર્થ એ છે કે ચોક્કસ ખાત્રી કર્યા વિના જે બોલવું તેમાં થોડુ સાચું અને થોડુ જૂઠું બોલાય તો તે મિશ્ર ભાષા કહેવાય છે.) હવે અસત્યા મૃષા કહે છે.॥૨૭૫॥

**आमंतणि आणवणी जायणि तह पुच्छणी य पन्नवणी । पच्चक्खाणी भासा भासा इच्छाणुलोमा य ॥२७६॥**

(૧) **આમંત્રણી** ભાષા જેમ કે હે દેવદત્ત! તેમાં સાચું જૂઠું કશું પણ નથી, કારણ કે પૂર્વે કહેલા સત્ય

અસત્ય કે મિશ્રનો ભાંગો લાગુ પડતો નથી, એ પ્રમાણે બીજામાં પણ જાણવું એ પ્રમાણે (૨) **આજ્ઞા** સંબંધી, જેમ કે શિષ્યને કહે કે આ કર, આ પણ કરવું ન કરવું, બંનેનો અભાવ હોવાથી પરમાર્થથી એક પણ નિયમ નથી, તેમજ અદુષ્ટ વિવક્ષાને જન્મ આપનારો હોવાથી તે અસત્યા મૃષા કહેવાય. એ પ્રમાણે પોતાની બુદ્ધિ વડે બીજી જગ્યાએ પણ વિચારી લેવું. *(૩) **યાચના** ભાષા, કે મને ભિક્ષા આપો આમાં પણ સાચ, જુઠ કે મિશ્ર નથી. તે પ્રમાણે* (૪) **પૃચ્છના ભાષા** પૂછવા સંબંધી જેમ કે આ વાત કેવી રીતે છે? તેમજ (૫) **પ્રજ્ઞાપની** (ઉપદેશ રૂપ) જેમ કે હિંસામાં રક્ત માણસ દુઃખ વિગેરેનો ભાગીઓ થાય છે. (૬) **પ્રત્યાખ્યાની** ભાષા તે અદિત્સા (યાચનાની ના કહેવી) ભાષા તથા (૭) **ઈચ્છાનુલોમા** તે કોઈએ કોઈને કહ્યું કે સાધુ પાસે જઈએ ત્યારે તે ઉત્તર આપે, હા, બહુ સારૂં. ॥૨૭૬॥

**अणभिग्गहिआ भासा भासा अ अभिग्गहंमि बोद्धव्वा । संसयकरणी भासा वायड अव्वायडा चेव ॥२७७॥**

(૮) **અનભિગૃહિતા** જે ભાષા અર્થ વિનાની બોલે, જેની મતલબ કાંઈ પણ ન હોય તે ડિત્થ, વિગેરે જાણવી. અને (૯) **અભિગ્રહ** ભાષા તે જાણવી કે જેમાં અર્થ નીકળે. જેમ કે ઘટ. આ બંનેમાં ફેર (ભેદ) એટલો છે કે (ડિત્થનો અર્થ નથી, અને ઘટનો અર્થ છે. સાંભળનારો પણ લક્ષ આપે છે) (૧૦) **સંશય** કરનારી ભાષા જેમ કે સિંધવ કહેવાથી તેના અનેક અર્થ થાય છે. ત્યારે સાંભળનારને સંશય થાય છે કે ઘોડો મંગાવે છે કે નમક (મીઠું) મંગાવે છે અને (૧૧) **પ્રગટ** ભાષા આ પ્રમાણે છે. આ દેવદત્તનો ભાઈ છે, તથા અપ્રગટનો અર્થ આ પ્રમાણે છે. જેમ કે બાળકોને પીઠમાં થાબડીને રાજી રાખે. તે (૧૨) **અપ્રગટ** ભાષા છે. આ પ્રમાણે ટૂંકામાં અસત્યામૃષા ભાષા કહી તેનું જ ખુલાસાવાર વિવેચન કરે છે. ॥૨૭૭॥

**सव्वावि अ सा दुविहा पज्जत्ता खलु तहा अपज्जत्ता । पढमा दो पज्जत्ता उवरिल्ला दो अपज्जत्ता ॥२७८॥**

ઊપર બતાવેલી સત્યા વિગેરે ભેદવાળી ચારે પ્રકારની ભાષા બે પ્રકારની છે. પર્યાપ્તા તથા અપર્યાપ્તા એટલે જે એક પક્ષમાં સ્થાપન થાય, ચાહે સત્યમાં અથવા અસત્યમાં, તે વ્યવહારને સાધનારી જાણવી. અને તેથી વિપરીત અપર્યાપ્તા જાણવી. તેથી જ કહે છે કે પહેલી બે ભાષાઓ સત્યા અને મૃષા એ બંને પર્યાપ્તા છે. કારણ કે તે પોત પોતાના વિષયનો વ્યવહાર સાધે છે. અને પાછળની બે ભાષા પોતાનો વ્યવહાર ન સાધવાથી અપર્યાપ્ત છે. દ્રવ્યની ભાવ ભાષા કહી. હવે શ્રુતભાવ ભાષા કહે છે. ॥૨૭૮॥

**सुअधम्मे पुण तिविहा सच्चा मोसा असच्चमोसा अ । सम्मद्दिट्ठी उ सुओवउत्तु सो भासई सच्चं ॥२७९॥**

શ્રુત ધર્મ સંબંધી જે ભાવ ભાષા છે તે ત્રણ પ્રકારની છે. સત્યા, મૃષા, અસત્યામૃષા તેમાં સમ્યગ્ દૃષ્ટિ સિદ્ધાંતમાં ધ્યાન રાખીને ઉપયોગ પૂર્વક બોલે તે સત્ય ભાષા કહેવાય. ॥૨૭૯॥

**सम्मद्दिट्ठी उ सुअंमि अणुवउत्तो अहेउगं चेव । जं भासइ सा मोसा मिच्छादिट्ठीवि अ तहेव ॥२८०॥**

અને તેજ સમ્યગ્ દૃષ્ટિ જીવ, સામાન્ય રીતે આગમમાં ધ્યાન રાખ્યા વિના પ્રમાદથી જે કંઈ યુક્તિ રહિત બોલે, જેમ કે તંતુઓથી પટ જ થાય છે, તે અથવા બીજાં તેવાં વચન બોલે તે મૃષા કહેવાય. (સંસ્કૃતમાં પાંચમી વિભક્તિ છે, ત્યાં ત્રીજી જોઈએ, કારણ કે જેના વડે વસ્તુ બને ત્યાં ત્રીજી જોઈએ.) અથવા કોઈ ઉપયોગ વિના તંતુથી ઘટ બને તે પણ મૃષા(જુઠ) છે. વિજ્ઞાન વિગેરેનું પણ તેમ જ છે. તેવી જ રીતે જૈન સિવાયના પણ મિથ્યાદૃષ્ટિઓ જે કંઈ તત્ત્વ સમજ્યા વિના ઉપયોગમાં રહીને અથવા ઉપયોગ રહિત થઈને બોલે તે તત્ત્વની દૃષ્ટિએ જુઠ જ છે. ઘુણના કીડાથી લાકડામાં કોતરાએલા અક્ષરના ન્યાયથી સંવાદમાં તેઓ સત્ય અથવા અસત્યમાં ઉન્મત્ત માણસની માફક બોલે તેથી તે મૃષા ગણાય. ॥૨૮૦॥

**हवइ उ असच्चमोसा सुअंमि उवरिल्लए तिनाणंमि । जं उवउत्तो भासइ एत्तो वोच्छं चरित्तंमि ॥२८१॥**

અસત્યામૃષા ભાષા તે શ્રુતમાં આગમ પોતે જ છે એટલે આગમમાં જે પરાવર્તન કરવું વિગેરે સિદ્ધાંતને

ભણતાં તેની આમંત્રણી વિગેરે ભાષાના રૂપ પણે હોવાથી તેજ છે. પણ અવધિ, મનઃપર્યાય અને કેવળજ્ઞાન એ ત્રણ જ્ઞાનમાં જે ઉપયોગ રાખતો બોલે તે અસત્યામૃષા જાણવી. આમંત્રણી ભાષા વિગેરે માફક તેવા અધ્યવસાયમાં તેની પ્રવૃત્તિ છે. આ પ્રમાણે શ્રુત ભાવ ભાષા કહી. પૂર્વે કહ્યું હતું કે હવે ચારિત્રને વિષે કહીશ. તે ચારિત્ર સંબંધી ભાવ ભાષાને કહે છે. ॥૨૮૧॥

**पढमबिइआ चरित्तं भासा दो चेव हौंति नायव्वा । सचरित्तस्स उ भासा सच्चा मोसा उ इअरस्स ॥२८२॥**

પહેલી અને બીજી તે સત્યા અને મૃષા ભાષામાં ચારિત્ર વિષયમાં બે જ ભાષાઓ જાણવી. તેનું સ્વરૂપ કહે છે. ચારિત્ર પરીણામ વાળાને તેની વૃદ્ધિના નિબંધન રૂપ જે ભાષા તે દ્રવ્ય સંબંધી અને બીજા ભાવમાં હોય તો પણ તે સત્ય ભાષા છે. કારણ કે સંત પુરુષોનું હિત કરે તે સત્ય ભાષા જાણવી. અને મૃષા તે ચારિત્ર રહિત સંસારી જીવની તેની વૃદ્ધિના નિબંધનના કારણ રૂપ ભાષા જાણવી. (જેનાથી જીવોનું હિત થાય તે સત્યા, અને જેનાથી જીવોનું અહિત થાય તે અસત્યા ભાષા જાણવી) આ પ્રમાણે વાક્યના એક જ અર્થવાળી ભાષાનું વર્ણન કર્યું. હવે શુદ્ધિનું સ્વરૂપ બતાવે છે. ॥૨૮૨॥

**णामंठवणासुद्धी दव्वसुद्धी अ भावसुद्धी अ । एएसिं पत्तेअं परूवणा होइ कायव्वा ॥२८३॥**

નામ સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર પ્રકારની શુદ્ધિ છે તે દરેકની પ્રરૂપણા કરવી જોઈએ, નામ સ્થાપના સુગમ હોવાથી તેને છોડીને દ્રવ્ય શુદ્ધિ કહે છે. ॥૨૮૩॥

**तिविहा उ दव्वसुद्धी तद्दव्वादेसओ पहाणे अ । तद्दव्वगमाएसो अणण्णमीसा हवइ सुद्धी ॥२८४॥**

દ્રવ્ય શુદ્ધિ ત્રણ પ્રકારની છે, તેજ દ્રવ્યથી એટલે તદ્દ્રવ્ય શુદ્ધિ તથા આદેશથી એટલે આદેશ દ્રવ્ય શુદ્ધિ તથા પ્રાધાન્યથી તે પ્રાધાન્ય દ્રવ્ય શુદ્ધિ છે, તેમાં પ્રથમનું વર્ણન કરે છે; જે દ્રવ્ય બીજા દ્રવ્યની સાથે જોડાયા વિના શુદ્ધ થાય તે, દૂધ, દહિ છે, તે તદ્દ્રવ્ય શુદ્ધિ જાણવી, અને આદેશમાં મિશ્ર થાય છે તે અન્ય અથવા અન્ય નહિ, તે સંબંધી છે. તેથી કહ્યું છે કે આદેશથી દ્રવ્ય શુદ્ધિ બે પ્રકારની છે અન્ય પણ અથવા અન્યપણા વિના જેમ કે અન્યપણામાં શુદ્ધ કપડાં પહેરેલો દેવદત્ત છે, અને અનન્ય (એકજ) પણામાં શુદ્ધ દાંત વાળો છે. (ચોક્ખાં કપડાં અને દેવદત્ત એ બે જૂદાં છે, અને શુદ્ધ દાંત અને દેવદત્ત એ બંને જૂદાં નથી) હવે પ્રાધાન્ય દ્રવ્ય શુદ્ધિ કહે છે. ॥૨૮૪॥

**वण्णरसगंधफासे समणुण्णा सा पहाणओ सुद्धि । तत्थ उ सुक्किल महुरा उ संमया चेव उक्कोसा ॥२८५॥**

વર્ણ, રસ, ગંધ અને સ્પર્શમાં જે સામાન્ય પણે સુંદરતા છે તે મનોજ્ઞતા જાણવી, અથવા મનોજ્ઞતા એટલે પોતાના અભિપ્રાયને અનુકૂળ હોય તે પ્રધાન પણે શુદ્ધિ જાણવી, તેમાં આ પ્રમાણે ચિંતા (વિચાર)ના સંબંધમાં ધોળો રંગ અને મધુર રસ છે. એટલે ધોળો રંગ અને મધુર રસ ગમે છે, તથા 'તુ' શબ્દથી સુરભિ ગંધ અને મૃદુ (કોમળ) સ્પર્શ ગમે છે, એમ જાણવું, અને અભિપ્રાય પણ પ્રાયે મનોજ્ઞ છે, એટલે આ પ્રમાણે લોકમાં ઘણે ભાગે આ પ્રવૃત્તિ છે કે સફેદ રંગ, મધુર રસ અને સુગંધિ અને કોમળ સ્પર્શ એ સૌને ગમે છે. ઉત્કૃષ્ટ અને કમનીય એ રંગ વિગેરે ઘણે ભાગે વહાલા છે એમ સૂચવે છે. 'ચ' શબ્દનો છૂપો ઉપન્યાસ છે (તે આગળ કહેશે.) દ્રવ્ય શુદ્ધિ કહી, હવે ભાવ શુદ્ધિ કહે છે. ॥૨૮૫॥

**एमेव भावसुद्धी तब्भावाएसओ पहाणे अ । तब्भावगमाएसो अणण्णमीसा हवइ सुद्धी ॥२८६॥**

દ્રવ્ય શુદ્ધિ માફક ભાવ શુદ્ધિ ત્રણ પ્રકારની છે તે જ ભાવમાં તે તદ્ભાવ શુદ્ધિ છે, અને આદેશ ભાવ શુદ્ધિ અને પ્રધાન ભાવ શુદ્ધિ પણ છે. તદ્ભાવ શુદ્ધિમાં બીજી જગ્યાએ ધ્યાન છોડીને તેજ ભાવમાં ધ્યાન આપવું તે. તદ્ભાવ શુદ્ધિ. અને જે ભાવ બીજા પદાર્થ વિના એકલો શુદ્ધ થાય છે, તે છે. જેમકે ભૂખ્યાને અન્નનો અભિલાષ થાય, ત્યારે તેમાં તેનું ચિત્ત લાગે, તે જ્યારે અન્ન ખાઈ છોડે ત્યારે તેની ભાવ શુદ્ધિ થાય, તેજ પ્રમાણે આદેશમાં

પણ મિશ્ર શુદ્ધિ થાય છે, એટલે એ સંબંધી તથા તે વિના અન્ય સંબંધી તેથી કહ્યું છે કે આદેશ ભાવ શુદ્ધિ બે પ્રકારની છે, એક તો અન્ય પણે, બીજી અનન્ય છે. જેમ કે શુદ્ધ ભાવવાળા સાધુને ગુરુ છે. તે અન્યપણામાં છે, એટલે ગુરુ જુદા છતાં તેના ઊપર ચેલાનો શુદ્ધ ભાવ છે તથા એકપણામાં 'શુદ્ધભાવ' પોતે જ છે, એટલે તેમાં શુદ્ધભાવ એ આત્માથી જુદો નથી પણ એક જ છે. હવે પ્રધાન ભાવ શુદ્ધિ કહે છે. ॥૨૮૬॥

**दंसणनाणचरित्ते तवोविसुद्धी पहाणमाएसो । जम्हा उ विसुद्धमलो तेण विसुद्धो हवइ सुद्धो ॥२८७॥**

દર્શન, જ્ઞાન, ચારિત્ર સંબંધી તથા તપ સંબંધી જે વિશુદ્ધિ છે, તે પ્રાધાન્ય આદેશ છે. તેમાં દર્શન વિગેરેનું વર્ણન ચાલતાં જે પ્રધાનપણું છે, તે પ્રધાન ભાવ શુદ્ધિ છે, તે દૃષ્ટાંત બતાવે છે. જેમ કે સમ્યગ્ દર્શન વિગેરેમાં ક્ષાયિક જ્ઞાન, દર્શન, ચારિત્ર છે. તે પ્રમાણે તપ પ્રધાન ભાવ શુદ્ધિ તે આંતર તપ છે. એટલે પ્રભુએ કહેલી આજ્ઞા પ્રમાણે અનુષ્ઠાનની આરાધના કરવી. આ કેવી રીતે પ્રધાન ભાવ શુદ્ધિ છે? આચાર્ય ઉત્તર આપે છે કે આ ક્ષાયિક દર્શન, જ્ઞાન, ચારિત્ર વિગેરેથી શુદ્ધ થાય છે, એટલે સાધુ કર્મ મળથી રહિત બની મળથી મુક્ત થતાં સિદ્ધ સ્વરૂપે થાય છે. તેથી જ આ પ્રધાન ભાવ શુદ્ધિ છે. ઊપર કહ્યા પ્રમાણે દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ત્રણે બતાવ્યાં. અને ઊપર કહેલી બધી શુદ્ધિઓમાં અહીં ભાવ શુદ્ધિ વડે આપણને પ્રયોજન છે. તે વાક્ય શુદ્ધિથી થાય તેથી કહે છે. ॥૨૮૭॥

**जं वक्कं वयमाणस्स संजमो सुज्झई न पुण हिंसा । न य अत्तकलुसभावो तेण इहं वक्कसुद्धित्ति ॥२८८॥**

*જેનાથી વાક્ય શુદ્ધ બોલાય તેનાથી સંયમની શુદ્ધિ થાય છે અહીંયાં શુદ્ધિ એટલે નિર્મળ થવું પણ કૌશિક* વિગેરેથી હિંસા થાય છે. તે અહીંયાં ન લેવી. આત્મામાં કલુષભાવ (ખરાબભાવ) જે દુષ્ટ અભિસંધિ રૂપ ભાવ થાય છે. તે ન લેવો પણ તેને ત્યાગવો તે કારણ વડે આ પ્રવચનમાં ભાવ શુદ્ધિનું નિમિત્ત વાક્ય શુદ્ધિ છે તેથી તેમાં પ્રવર્તન કરવું તે જ કહે છે. ॥૨૮૮॥

**वयणविभत्तीकुसलस्स संजमंमी समुज्जुयमइस्स । दुब्भासिएण हुज्जा हु विराहणा तत्थ जइअव्वं ॥२८९॥**

વચનની વિભક્તિમાં કુશળ એટલે બોલવા જોગ, ન બોલવા જોગ, એ બે પ્રકારને જાણનાર એટલું જ નહિ પણ તે પ્રમાણે બોલીને સંયમમાં વર્તનારો એટલે અહિંસામાં જેનું ચિત્ત લાગેલું છે તેવા સાધુને પણ કોઈ વખત (અજાણથી) ખરાબ વચન બોલવા વડે વિરાધના થાય તેથી પરલોકમાં પીડા થાય તેથી ખરાબ વાક્યનું પણ જ્ઞાન જાણવા પ્રયત્ન કરવો. (આ બોલવાથી નુકશાન થાય તે પણ સાધુએ જાણવું જોઈએ.)

વાદીની શંકા–જો બોલવામાં વખતે ભૂલ થાય તો પરલોકમાં પીડા જ થાય તો ન બોલવું તેજ સારૂં છે. ઉત્તર–ન બોલનાર જો મૂર્ખ હોય તો તેને પણ દોષ લાગે છે. કહ્યું છે કે, ॥૨૮૯॥

**वयणविभत्तिअकुसलो वओगयं बहुविहं अयाणंतो । जइवि न भासइ किंची न चेव वयगुत्तयं पत्तो ॥२९०॥**

વચન વિભક્તિમાં અકુશળ (મૂર્ખ) એટલે આ બોલવું કે આ ન બોલવું એવો વિવેક જેને નથી તે ઉત્સર્ગ વિગેરે જૈન સિદ્ધાંતના ભેદથી અજાણ્યો જો બોલવામાં દોષ માનીને ન બોલે અને મૌન બેસી રહે તો પણ તેને વચન ગુપ્તિનો લાભ ન મળે. તેથી તે દોષિત જાણવો. (ચેલો દોષિત આહાર લાવ્યો હોય અને ગુરુ ઉત્સર્ગ અપવાદ ન જાણતો હોય તેથી ન બોલી શકે. તો ચેલો એ દોષિત આહાર ખાવાથી અને નિષેધ ન કરવાથી ગુરુ પણ દોષનો ભાગીદાર છે.) હવે તેથી ઉલટું કહે છે. ॥૨૯૦॥

**वयणविभत्तीकुसलो वओगयं बहुविहं वियाणंतो । दिवसंपि भासमाणो तहावि वयगुत्तयं पत्तो ॥२९१॥**

વચન વિભક્તિને જાણનારો શાસ્ત્રમાં કહેલા ઉત્સર્ગ વિગેરે ભેદોવાળા વચનને જાણનારો દિવસ માત્ર (આખો દિવસ) બોલનારો સિદ્ધાંત વિધિએ બોલતો હોવાથી તે વચન ગુપ્તિ વાળો છે. અર્થાત્ તે દોષનો અધિકારી નથી. હવે વચન વિભક્તિમાં જે કુશળ છે તેની ઓઘથી વચન વિધિ કહે છે. ॥૨૯૧॥

**पुव्वं बुद्धीइ पेहित्ता, पच्छा वयमुयाहरे । अचक्खुओ व नेतारं, बुद्धिमन्नेउ ते गिरा ॥२९२॥**

પ્રથમ વચનના બોલવાના સમયમાં બુદ્ધિ વડે વિચારીને પછી બોલે એટલે એમ જાણવું કે, મારૂં વચન કોઈને પણ પીડાકારી ન થાઓ. દૃષ્ટાંત કહે છે જેમ આંધળો દોરનારને આશ્રયીને ચાલે છે, તે પ્રમાણે બુદ્ધિને આગળ કરીને ભાષા બોલો. એટલે **બુદ્ધિને અનુસારે વિચારીને બોલે.** આ પ્રમાણે વાક્ય શુદ્ધિ નામ નિષ્પન્ન નિક્ષેપો થયો. હવે સૂત્રાલાપક નિષ્પન્નનો અવસર છે. એ બધું પૂર્વ પ્રમાણે જાણવું. હવે સૂત્રાનુગમમાં નિર્દોષ અને અસ્ખલિતાદિ ગુણોવાળું સૂત્ર બોલવું તે કહે છે. ॥૨૯૨॥

**चउण्हं खलु भासाणं, परिसंखाय पन्नवं । दोण्हं तु विणयं सिक्खे, दो न भासेज्ज सव्वसो ॥१॥**

ચાર પ્રકારની ભાષાઓ છે. આ સિવાય પાંચમી નથી. આ ભાષાઓ પૂર્વે સત્યા વિગેરે કહી, તે સર્વે પ્રકારે તેનું સ્વરૂપ જાણીને બુદ્ધિમાન સાધુ સત્યા અને અસત્યામૃષા એવી બે પ્રકારની ભાષાને બોલે અને શુદ્ધ પ્રયોગમાં જેના વડે કર્મ ઓછાં થાય તેજ વિનય છે. એમ માનીને પ્રથમની કહેલી બે ભાષા, પણ અસત્યા અથવા સત્યા મૃષા એ સર્વથા ન બોલે. ॥૧॥

**जा य सच्चा अवत्तव्वा, सच्चामोसा य जा मुसा । जा य बुद्धेहिऽणाइन्ना, न तं भासेज्ज पण्णवं ॥२॥**

તે વિનયને જ કહે છે. જે સત્ય ભાષા છે, તે પદાર્થના તત્ત્વને અંગીકાર કરીને સાવદ્યપણે હોય તે ન બોલવી જેમ કે આ જગ્યાએ પલ્લી (નિવાસ સ્થાન) છે, આવી કૌશિક ભાષા માફક ન બોલે. (ચોરોની પલ્લી આ જગ્યાએ છે. એવું સત્ય વચન પણ સાધુ બોલે તો ચોરોને જે શિક્ષા થાય તેના દોષનો ભાગીદાર સાધુ થાય. તે વખતે તેમાં ચોર ન હોય તો પણ પકડાતાં નિર્દોષ માર્યો જાય) તેવી જ રીતે સાધુએ મિશ્ર ભાષા પણ ન બોલવી, જેમ કે દસ જ બાળકો જનમ્યા. અને મૃષા (જુઠ) એ તો તદ્દ્ન ખોટું જ બોલવું છે તે સાધુએ ન બોલવું. અહીં પણ સૂત્રમાં 'ચ' શબ્દ છે, તેનો છુપો સંબંધ છે, તથા જે ભાષા તીર્થંકર, ગણધર એવા પંડિત પુરુષોએ આચરી નથી એવી 'અસત્યા–મૃષા' આમંત્રણી, આજ્ઞાપની વિગેરે લક્ષણવાળી ભાષા અવિધિ પૂર્વક સ્વર વિગેરે પ્રકાર વડે ન બોલે. અર્થાત્ એવી ભાષા પંડિત સાધુ ન બોલે કે જેમાં દોષ હોય. ॥૨॥

**असच्चमोसं सच्चं च, अणवज्जमकक्कसं । समुप्पेहमसंदिद्धं, गिरं भासेज्ज पण्णवं ॥३॥**

સાધુએ કેવી ભાષા બોલવી તે કહે છે. સાવદ્ય અને કર્કશ જે ન હોય તે પાપ રહિત અને અતિશય ઉક્તિથી મત્સર રહિત, પહેલાં વિચારીને સ્વપરને ઉપકાર કરનારી સંદેહ રહિત તથા વિના વિલંબે બીજો સમજે તેવી ભાષા સાધુએ બોલવી. ॥૩॥

**एयं च अट्ठमन्नं वा, जं तु नामेइ सासयं । स भासं सच्चमोसं पि, तं पि धीरो विवज्जए ॥४॥**

[1]હવે સત્યા તથા અસત્યા મૃષાના નિષેધનું વર્ણન કરે છે. જે વચન વડે મોક્ષ જે શાશ્વતું છે, તેને નીચું પાડે એટલે સાધુને મોક્ષ ગુણ પામવા ન દે, (દુર્ગતિમાં ઘસડી જાય) તેવું કર્કશ અને સાવદ્ય વચન જે સત્યામૃષા છે, તે ન બોલે, અને તે વચન સત્ય હોય તો પણ ન બોલે.

શંકા–સત્યા મૃષા ભાષાનો સામાન્ય પણે જ નિષેધ કરવાથી તે પ્રમાણે સત્ય ભાષાનું પણ સાવદ્યપણું સમજાઈ જાય છે, તો નવું શા માટે લખવું પડ્યું? ઉત્તર– મોક્ષને વિઘ્ન કરનાર બારીક પણ અર્થને સ્વીકારીને કોઈ પણ ભાષાનું ભાષણ ન કરવું, એવું અતિશય નિષેધ બતાવનાર આ છે, તેથી પુનરૂક્તિનો દોષ જ નથી, (સત્યા વિગેરે ચારે પ્રકારની કોઈ પણ ભાષામાં બોલતાં જો બીજા જીવને પીડારૂપ હોય અથવા આત્માને મલિન કરવા રૂપ હોય તો તે ભાષા ન બોલવી એવું બતાવવા ફરી ખુલાસો કરે, તો મંદ બુદ્ધિવાળાને લાભ જ થાય પણ દોષ નથી.) ॥૪॥

૧ આચા. ચૂલા. – ૪/૧૦

**वितहं पि तहामुत्तिं, जं गिरं भासए नरो । तम्हा सो पुट्ठो पावेणं, किं पुणं जो मुसं वए? ॥५॥**

હવે જુઠ ન બોલવાની રીત બતાવે છે. અસત્ય વચન મૂર્તિના વિષયમાં બોલે અર્થાત્ પુરુષનો વેષ પહેરીને સ્ત્રી પોતે પુરુષની ભાષા બોલતી હોય, તે સમયે કોઈ તેને જાણનારો એમ કહે કે એ સ્ત્રી ગાય છે. અથવા એ (સ્ત્રી) આવે છે. આવું બોલવાથી બોલનારને બોલવાના સમયે જ જુઠ બોલવાનું પાપ બંધાઈ જાય છે. તો જે જાણી જોઈને જીવોને નુકશાન કરનારી જુઠી ભાષા બોલે તો તેને કેટલો બધો દોષ લાગે? અર્થાત્ ઘણો જ, (સ્ત્રી પુરુષનો વેષ પહેરે તે સમયે વર્તમાન કાળને અનુસરી પુરુષ જ કહેવાય જેમકે નાટકમાં રાજાનો વેષ પહેરીને કોઈ સ્ત્રી આવે તો તેને વહેવારમાં પુરુષ જ કહેવાય છે. તે પ્રમાણે પુરુષ સ્ત્રીનો વેષ પહેરે તો તેને સ્ત્રી કહેવી. એથી ઉલટું બોલે તો જુઠ બોલવાનો દોષ લાગે તેવું જુઠ પણ ન બોલવું તો જીવોને પીડનારૂં ખરૂં જુઠ કેવી રીતે બોલાય?)॥૫॥

**तम्हा गच्छामो वक्खामो, अमुगं वा णे भविस्सई । अहं वा णं करिस्सामि, एसो वा णं करिस्सई ॥६॥**

તે જ પ્રમાણે અમૂર્ત વસ્તુ અંગીકાર કરીને પણ બોલતો બંધાય છે. જેમ કે અમે કાલે અહીંથી જઈશું જ અથવા અમે એમ સવારે તેના ઔષધ માટે બોલીશું જ તથા અમારૂં કાર્ય ઘર વિગેરે થશે જ હું આ લોચ (સાધુના બાલનું દૂર કરવું) નિયમથી કરીશ જ. અથવા આ સાધુ અમારી સેવા કરશે જ.॥૬॥

**एवमाई उ जा भासा, एसकालंमि संकिया । संपयाईयमट्ठे वा, तं पि धीरो विवज्जए ॥७॥**

એવી અથવા તે સિવાયની જેમ કે હું તને પુસ્તક આપીશ જ આવી ભવિષ્યકાળના વાસ્તે જે ભાષા નિશ્ચયપણે બોલાય તેમાં અંતર્ મુહૂર્ત વિગેરે પણ વિઘ્નવાળાં છે, તો તેથી ભવિષ્યમાં થાય અથવા ન પણ થાય તથા વર્તમાન અને ભૂતના વિષયમાં શંકાવાળી છતાં નિશ્ચય વાળી ભાષા બોલવી એ પણ દોષનું કારણ છે. જેમ કે સ્ત્રી પુરુષનો નિશ્ચય ન હોય અને એ પુરુષ છે. એ વર્તમાનકાળ આશ્રયીને દોષ છે તથા બળદીઓ અથવા ગાય અથવા સ્ત્રી વિગેરે કંઈ પણ દેખતાં નિશ્ચય ન હોય તો કહી દે કે મેં ગોધો જોયો છે, ગાય જોઈ છે, આવું જે કંઈ શંકાવાળું હોય તે પણ નિશ્ચયરૂપે બોલતાં દોષ લાગે છે માટે તે ભાષા બુદ્ધિમાન સાધુ હોય તે ન બોલે કારણ કે ખોટું પડતાં જુઠનો જ દોષ લાગે અને વિઘ્ન થતાં ન જવાય તો ગૃહસ્થો નિંદા કરે તેથી સાધુએ દરેક વખતે વિચારીને અભિપ્રાય જણાવવો હોય તો પ્રાયે શબ્દ બોલવો અથવા જેવો સમય તેવું બનશે. (હાલમાં સાધુઓને કોઈ વિનંતી કરે તો વર્તમાન જોગ એ શબ્દ વાપરે છે.)॥૭॥

**अईयम्मि य कालम्मि, पच्चुप्पन्नमणागए । जमट्ठं तु न जाणेज्जा, एवमेयंति नो वए ॥८॥**

સાધુ ભૂતકાળ સંબંધી અથવા વર્તમાન કે ભવિષ્ય સંબંધી જે અર્થને બરોબર પોતે ન જાણે તે પણ સાધુએ ન બોલવું. (આ અજાણ પણે ગમે તેમ ન બોલવું એ સૂચવ્યું છે) ॥૮॥

**अईयम्मि य कालम्मि, पच्चुप्पन्नमणागए । जत्थ संका भवे तं तु, एवमेयं ति नो वए ॥९॥**

તે જ પ્રમાણે ત્રણે કાળને આશ્રયીને જે બાબતમાં શંકા જેવું હોય તે વિષયને આશ્રયીને પણ પોતે નિશ્ચયાત્મક ન બોલે.॥૯॥

**अईयम्मि य कालम्मि पच्चुप्पन्नमणागए । निस्संकिअं भवे जं तु, एवमेयं तु निद्दिसे ॥१०॥**

ત્રણે કાળ આશ્રયીને જે કંઈ બોલવું હોય અને તેમાં ભૂત વર્તમાન કે ભવિષ્ય સંબંધી જેનો પૂરો નિશ્ચય કર્યો હોય અને નિરવદ્ય હોય તે જ વિષયને બોલે બીજા આચાર્ય કહે છે કે અહીં એવો અર્થ કરવો કે સાધુને કંઈપણ બોલવું હોય તો પરિમિત ભાષા વડે બોલવું એટલે મૂળ સૂત્રમાં (સ્તોક સ્તોક) શબ્દ છે. તેનો અર્થ પરિમિત બોલવાનો કર્યો.॥૧૦॥

**तहेव फरुसा भासा, गुरुभूओवघाइणी । सच्चावि सा न वत्तव्वा, जओ पावस्स आगमो ॥११॥**

[1]સાધુએ ભાવ સ્નેહ રહિત એવી કઠોર વાણી ન બોલવી તથા મોટા પુરુષનું અપમાન કરનારી ભાષા પણ ન બોલવી. જેમ કે કોઈ નામીચા કુળનો છોકરો હોય તેને કહેવું કે તું તો દાસ છે, આ પ્રમાણે સત્યભાષા બહારથી દેખાતી હોય પણ અંદરથી બીજાને દુઃખ દેનારી હોવાથી સાધુએ તેવી ભાષા પણ છોડવી અર્થાત્ સત્યમાં પણ જો પાપ બંધાતું હોય તો સાધુએ ન બોલવું. ॥૧૧॥

**तहेव काणं काणे त्ति, पंडगं पंडगे त्ति वा । वाहियं वा वि रोगि त्ति, तेणं चोरे त्ति नो वए ॥१२॥**

બીજાનું અપમાન કરનાર પણ સત્ય ભાષા ન બોલવી તે બતાવે છે. જેમ કે, એક આંખવાળાને કાણો તથા નપુંસકને નપુંસક (બાયલો) કહેવાથી દોષ લાગે અથવા વ્યાધિવાળાને રોગીઓ, ચોરને ચોર, એવું પણ ન કહેવું. કારણ કે તેથી અપ્રીતિ, લજ્જાનો નાશ, સ્થિર રોગની બુદ્ધિ, વિરાધના વિગેરે દોષ છે. ॥૧૨॥

**एएणऽन्नेण अट्ठेण, परो जेणुवहम्मई । आयारभावदोसण्णू, ण तं भासिज्ज पण्णवं ॥१३॥**

એજ પ્રમાણે બીજું કાંઈ પણ બોલતાં જેના વડે બીજો દુઃખ પામે તથા તેવા કોઈપણ પ્રકારે, બીજાનું મન દુઃખાતું હોય તો આચારભાવના દોષને જાણનારો, મર્યાદામાં રહેલો સાધુ ન બોલે.॥૧૩॥

**तहेव होले गोले त्ति, साणे वा वसुले त्ति य । दमए दुहए वा वि, (नेवं) न तं भासेज्ज पण्णवं ॥१४॥**

તે પ્રમાણે હોલ ગોલ, કુતરો, વસુલ (શૂદ્ર જાતિ) ભિખારી, દુર્ભાગી એવું વચન પણ ઉત્તમ સાધુ બીજાને ન કહે. આ જગ્યાએ હોલ વિગેરે જે શબ્દો જે જે દેશમાં વપરાતા હોય તે શબ્દો સાંભળનારને માઠું લગાડનારા હોવાથી તેવા વચનનો નિષેધ કર્યો છે. (ગુજરાતમાં પણ પાજી, કૃપણ, ભ્રષ્ટાચારી, પતિત, વંઠેલ વિગેરે પુરુષને તથા સ્ત્રીને રાંડ, અભાગણી, વાંઝણી વિગેરે કઠોર શબ્દ બોલાય છે તે સાંભળનારને દુઃખકારક હોવાથી સાધુએ ન બોલવા, તે પ્રમાણે ગૃહસ્થે પણ ન બોલવા.)॥૧૪॥

**अज्जिए पज्जिये वावि, अम्मो माउसिय त्ति वा । पिउस्सिए भायणेज्ज त्ति, धूए नत्तुणिए त्ति य ॥१५॥**

સાધુએ ગૃહસ્થ સ્ત્રી પુરુષની સાથે સગાં વહાલાંના શબ્દો ન બોલવા તે બતાવે છે. પ્રથમ સ્ત્રીનું બતાવે છે. જેમકે, હે, આર્જીકા (દાદી) પ્રાર્જીકા (વડાદાદી) અથવા હે મા, હે માસી, હે ફોઈ, હે ભાણેજી, હે દીકરી વિગેરે આ બધાં આમંત્રણનાં વચનો છે. તે સાધુએ ન બોલવાં. ॥૧૫॥

**हले हले त्ति अन्ने त्ति, भट्टे सामिणि गोमिणि । होले गोले वसुले त्ति, इत्थियं नेवमालवे ॥१६॥**

તે પ્રમાણે હલે (અલી) હલી તથા ભટાણી અથવા ગોમિનિ તથા હોલે ગોલે વસુલે વિગેરે જુદા જુદા દેશમાં લોકમાં આમંત્રણનાં વચનો બોલાતાં હોય તેમાંના કેટલાંક ખુશામતનાં, કેટલાંક તોછડાઈનાં છે. તેથી ઊપર કહેલા વચનોથી સ્ત્રીઓને ન બોલાવવી. જો તે પ્રમાણે બોલીએ તો તેને પ્રેમ થાય અથવા અંદરથી દ્વેષ થાય અથવા ધર્મની નિંદા થાય કે સાધુ શા માટે ખુશામત કરતા હશે? કે અપમાનના વચનો બોલતા હશે? ॥૧૬॥

**नामधेज्जेण णं बूया, इत्थीगोत्तेण वा पुणो । जहारिहमभिगिज्झ, आलवेज्ज लवेज्ज वा ॥१७॥**

સ્ત્રીઓ સાથે કેમ બોલવું તે બતાવે છે. તેનું નામ આવડતું હોય તો નામ દઈને બોલાવવી અથવા તેનું ગોત્ર આવડતું હોય તો તે ગોત્રના નામે બોલાવવી જેમ કે કાશ્યપ ગોત્ર વાલી! જે દેશમાં જે પ્રમાણે બોલાતું હોય તે પ્રમાણે વિચારીને ઊપરના દોષ ન લાગે તેમ બોલાવવી. થોડું બોલવું તે લપન કહેવાય અને વધુ બોલવું તે આલપન કહેવાય, જેમ કે મધ્ય દેશમાં બુઢ્ઢી સ્ત્રીને ઈશ્વરા કહેવાથી સંતોષ પામે છે. અને બીજા દેશમાં ધર્મપ્રિયા કહેવાથી સંતોષ માને છે. માટે વિચારીને બોલવું કે કોઈને ખોટું ન લાગે. હવે પુરુષને બોલાવવાની વિધિ કહે છે. ॥૧૭॥

૧ આ.ચૂ. – ૪/૧૦

**अज्जए पज्जए वा वि, बप्पो चुल्लपिउ त्ति अ । माउला भाइणेज्ज त्ति, पुत्ते णत्तुणिअ त्ति य ॥१८॥**

હે દાદા, હે પરદાદા, હે બાપા, હે નાના બાપા, (કાકા) હે મામા, હે ભાણેજા, હે દીકરા, હે પૌત્રા વિગેરે શબ્દો પણ ખુશામત તથા તોછડાઈના છે તે ન બોલે. ॥૧૮॥

**हे हो हले त्ति अन्ने त्ति, भट्टा सामिय गोमिय । होल गोल वसुल त्ति, पुरिसं नेवमालवे ॥१९॥**

હે હલે, હે અન્ને, (ભરથાર) સ્વામિન્, ગોમિન, હોલ, ગોલ વસુલ વિગેરે વચનો પણ પુરુષને કહેવાં નહિ, કારણ ઊપર બતાવ્યાં છે.॥૧૯॥

**नामधेज्जेण णं बूया, पुरिसगोत्तेण वा पुणो । जहारिहमभिगिज्झ, आलवेज्ज लवेज्ज वा ॥२०॥**

કેવી રીતે બોલવું તે કહે છે જેમ પૂર્વે સ્ત્રીઓની સાથે બોલવાનું બતાવ્યું તેમ અહીં પણ જાણવું. નામ લઈને અથવા અટક ગોત્ર વિગેરેથી બોલાવવા (કયા દેશમાં કેવી રીતે બોલાવવાથી સંતોષ થાય તે રીતિ રિવાજ જાણવા માટે **વૃદ્ધ સાધુઓ સાથે નાના સાધુએ વિહાર કરવો યોગ્ય છે** કે તે વૃદ્ધ સાધુ તે દેશની રીતિથી જાણીતો થયેલો જેમ બોલે તેમ બીજાએ બોલવું કે ઊપરના દોષ ન લાગે.) ॥૨૦॥

**पंचिंदियाण पाणाणं, एस इत्थी अयं पुमं । जाव णं न विजाणेज्जा, ताव जाइ त्ति आलवे ॥२१॥**

પુરુષ સ્ત્રી સાથે બોલવાનું બતાવી હવે પંચેન્દ્રિય તિર્યંચ આશ્રયીને કેમ બોલવું તે બતાવે છે. ગાય વિગેરે માર્ગમાં જોએલી હોય,તો આ ગાય જ છે પણ બળદ નથી. એવું નિશ્ચયરૂપ વચન ન બોલવું. તેમજ આ બળદ જ છે. તેમ પણ ન બોલવું. પણ ફક્ત આ એ જાતિનું છે. તેમ કહેવું એટલે તેવા કારણે કોઈ પૂછે અને ખબર હોય તો. જાતિ કહેવી એટલે ગાય બળદનો પુરુષ સ્ત્રી લિંગનો ભેદ ન પડે. અને જુઠનો દોષ ન લાગે. જો સાધુ ગાયને બળદ કહે અથવા બળદને ગાય કહે તો ગોવાળીઆને પણ સાધુ ઊપર તિરસ્કાર થાય કે જેને ગાય બળદનું પણ ભાન નથી તે સાધુપણું શું પાળતા હશે! આ સંબંધી શંકા અને સમાધાન વૃદ્ધ પુરુષોનું છે. તેથી જાણવું. તે આ પ્રમાણે છે. જો શિષ્ય પૂછે કે લિંગનો ભેદ પડે તો દોષ લાગે એમ હોય તો પૃથ્વી વિગેરેનો નપુંસકપણાનો અધિકાર છતાં સ્ત્રી પુરુષ પણે કેવી રીતે બોલાય છે? જેમ કે પત્થર (પુલિંગ) માટી (સ્ત્રીલિંગ) તે પ્રમાણે પાણીનો બરફ, અગ્નિનો તણખો, જ્વાળા તથા પવનનો વા વાત્યા તથા વનસ્પતિમાં આંબો આંબલી એ પ્રમાણે બેઈન્દ્રિયમાં કૃમિ, જળો, તેઈન્દ્રિયમાં માંકણ, કીડી, ચઉરિન્દ્રિયમાં ભમરો માખી આ બધા દોષ સાધુને કેમ ન લાગે? કારણ કે શાસ્ત્રકારે આ બધામાં ફક્ત નપુંસક વેદ બતાવ્યો છે. છતાં સ્ત્રીલિંગ અને પુલિંગ કેવી રીતે વપરાય? આચાર્યનો ઉત્તર–જનપદ (દેશવાચી) તથા વ્યવહારમાં જેમ લોક બોલે તેમ બોલવામાં હરકત નથી. પણ ફક્ત પંચેન્દ્રિયમાં ગોવાળીઆ વિગેરેને પણ પુરુષ સ્ત્રી લિંગના ભેદ માલુમ છે. ત્યાં વિવેકથી બોલવું; નહિ તો તેઓ કહેશે કે સાધુઓનો ધર્મ સારો નથી, કે ઉલટું બોલે છે. અને જો સંભાળીને સાધુઓ બોલે તો તેને શ્રદ્ધા થતાં સાધુ ધર્મનો પણ લાભ થાય વિગેરે બીજા ગુણો તે મેળવે. ॥૨૧॥

**तहेव मणुसं पसुं, पक्खिं वा वि सरीसिवं । थूले पमेइले वज्झे, पाइमे त्ति य नो वए ॥२२॥**

[1]તે પ્રમાણે માણસમાં વૃદ્ધ જુવાન કોઈપણ હોય અથવા પશુ તે બકરો વિગેરે હોય, પક્ષી તે હંસ વિગેરે અને સરીસવ તે અજગર વિગેરે હોય તે પુષ્ટ હોય તથા ચરબીથી ભરેલો હોય તો આ મારવા યોગ્ય છે અથવા મારીને રાંધવા યોગ્ય છે, અથવા જમરાજાને ત્યાં પહોંચાડવા યોગ્ય છે. એવું વાક્ય સાધુ ન બોલે; કારણ કે તે સાંભળવાથી જનાવરને અપ્રીતિ થાય. ભય ઉપજે તથા બીજાને મારવાનું મન થાય. તેની અનુમોદના તથા સાધુઓ માંસનું ભક્ષણ કરે છે. એવી પાપની આશંકા બીજાને થાય. માટે તેવું સાધુ ન બોલે. ॥૨૨॥

**परिवूढे त्ति णं बूया, बूया उवचिए त्ति य । संजाए पीणिए वा वि, महाकाए त्ति आलवे ॥२३॥**

૧ A સૂત્ર. કૃ. – ૧/૪/૨/૧૩ B આ.સૂ. – ૪/૨૫ વૃત્તિ

પણ કારણે કરીને બોલવું પડે તો આ શરીરે સ્થૂળ છે, અને તેનું શરીર વધેલું છે. અથવા આનંદી છે, અથવા મહાકાય છે, (અર્થાત્ માંસે કરીને વધેલો છે, એવું ન બોલે.)॥૨૩॥

**तहेव गाओ दुज्झाओ, दम्मा गोरहग त्ति य । वाहिमा रहजोग्ग त्ति, नेवं भासेज्ज पण्णवं ॥२४॥**

આ ગાયો દોહવા યોગ્ય છે. (તેને દોહવાનો વખત થયો છે.) આ ગોધલાઓ (વાછરડાને દમન કરવા યોગ્ય અથવા નાથવા યોગ્ય) સૈંથલામાં અથવા જેંસલામાં પલોટવા યોગ્ય છે. તથા ભાર ઉપાડવા યોગ્ય છે, તથા આ બળદ રથમાં જોડવા યોગ્ય છે, આવું બુદ્ધિમાન સાધુ ન બોલે, કારણ કે તે સાંભળીને તેનો ધણી તે કામ કરે તો તેના અનુમોદનનું પાપ સાધુને લાગે તથા લોકોમાં, એમ કહેવાય કે આ સાધુને હજી સંસારની માયા મૂર્ચ્છા છુટી નથી, એમ નિંદા કરે માટે તેવું ન બોલે. ॥૨૪॥

**जुवंगवे त्ति णं बूया, धेणुं रसदय त्ति य । रहस्से महल्लए वा वि, वए संवहणे त्ति य ॥२५॥**

કામ પડે તો આવી રીતે બોલવું, આ જુવાન ગોધલો (વાછરડું) છે, અથવા આ ગોધલો નાનો છે, અથવા ભાર ખેંચવા યોગ્ય છે, એટલે સંવહન, તે રથને જોડવા યોગ્ય છે, એવું બોલે આ કોઈ વખત દિશા બતાવવામાં, બળદ વિગેરે ઉભેલા હોય અને બોલવામાં જરૂર પડે તો ઊપર મુજબ બોલવું કે સાધુને તેનો દોષ ન લાગે. ॥૨૫॥

**तहेव गंतुमुज्जाणं, पव्वयाणि वणाणि य । रुक्खा महल्ल पेहाए, नेवं भासेज्ज पण्णवं ॥२६॥**

માણસને ક્રીડાનું સ્થાન તે ઉદ્યાન તથા પર્વત તથા વનનાં ઝાડો મોટાં જોઈને ત્યાં ગએલા સાધુએ 'આવું પાપનું વચન' ન બોલવું તે કહે છે, ॥૨૬॥

**अलं पासायखंभाणं, तोरणाण गिहाण य । फलिह-ऽग्गल-नावाणं, अलं उदगदोणिणं ॥२७॥**

આ ઝાડો મહેલ તથા થાંભલા કરવાને યોગ્ય છે, એમાં એક થાંભલાનું મકાન હોય, તો તે મહેલ કહેવાય, અને મકાનને ઘણા થાંભલા હોય તે ઘર વિગેરે જાણીતાં છે, તથા નગરના તોરણ કરવાને યોગ્ય છે, તથા ઘરોમાં દરવાજાના ભૂગળો (બારસાખ), ઉલાળો વિગેરે કરવાને યોગ્ય છે, આ ઝાડ વહાણ તથા નાવડાં બનાવવાને યોગ્ય છે, તથા આ કુવામાંથી પાણી કાઢવાના રેંટ બનાવવા યોગ્ય છે (તેવું ન બોલે,)॥૨૭॥

**पीढए चंगबेरे (रा) य, नंगले मइयं सिया । जंतलट्ठी व नाभी वा, गंडिआ व अलं सिया ॥२८॥**

આ ઝાડ પાટીયાં પાડવાને યોગ્ય છે, આ ઝાડ ચંગબેર (કથરોટ ચાટવો વિગેરે લાકડાની ચીજો) બનાવવા યોગ્ય છે, આ ઝાડનું હળ બનાવા યોગ્ય છે, તથા આ ઝાડનું મયીક (ખેડૂતો જમીનમાં વાવેલા બીજને ઢાંકી દેવાના માટે 'સમાર' એટલે છથી આઠ ફુટનો લાંબો પાટીયાના જેવું હથીઆર વાપરે છે, તે) બનાવવા યોગ્ય છે, તથા સંચાની લાકડી જેમ કે ઘાણી તથા ઘાણીની લાટ તથા શેરડીનો કોલ, ગાડાનું કે રથનું નાભિ જેનામાં પૈડાના આરા નાખવામાં આવે છે. તે વચલું ચકર તથા ગંડીકા સોનીની દુકાનમાં વાપરવાનું લાકડાનું હથિયાર વિગેરે બનાવવા યોગ્ય છે, આવું પાપનું વચન સાધુએ કદી ન બોલવું. ॥૨૮॥

**आसणं सयणं जाणं, होज्जा वा किंचुवस्सए । भूओवघाइणिं भासं, नेवं भासेज्ज पण्णवं ॥२९॥**

આ ઝાડ બેસવાના પાટલા કરવાને યોગ્ય છે, આ ઝાડ સૂવાના પલંગ બનાવવા યોગ્ય છે, આ રથને યોગ્ય છે, આ ઉપાશ્રયને યોગ્ય છે, અથવા આ બારણાં બનાવવા યોગ્ય છે, અથવા પાત્રા બનાવવા યોગ્ય છે, એવું જીવને દુઃખ દેનારૂં વચન બુદ્ધિમાન સાધુ ન બોલે કારણ કે તેવું વચન બોલતાં સાધુને ઝાડ કાપવાની અનુમોદનાનું પાપ લાગે તથા તેનો સ્વામી વ્યંતર વિગેરે દેવતા કોપાયમાન થાય, તથા ગૃહસ્થ એમ જાણે કે આ સારા લક્ષણવાળું ઝાડ છે, અથવા ઉલટું બોલાયું હોય તો એમ કહે કે આ સાધુઓને બોલવાનું ભાન નથી. ॥૨૯॥

**तहेव गंतुमुज्जाणं, पव्वयाणि वणाणि य । रुक्खा महल्ल पेहाए, एवं भासिज्ज पण्णवं ॥३०॥**

તેથી ઉદ્યાન, પર્વત અને વનમાં ગએલો હોય, ત્યાં મોટાં મોટાં ઝાડ દેખીને જરૂર પડે તો આ પ્રમાણે સાધુએ બોલવું. ॥૩૦॥

**जाइमंता इमे रुक्खा, दीहवट्टा महालया । पयायसाला विडिमा, वए दरिसणि त्ति य ॥३१॥**

આ વૃક્ષો અશોક વિગેરે છે. તે ઉત્તમ જાતિનાં છે. આ અનેક જાતનાં ઝાડ નાળીએરી વિગેરે ઊંચા છે. અને નંદી વૃક્ષ વિગેરે ગોળાકારે છે, અને વડ વિગેરે વિસ્તારવાળાં છે. આ ઝાડો ઘણી ડાળવાળાં છે. આ જોવા યોગ્ય વૃક્ષો છે, તે પણ સાધુ વિશ્રાંતિ લેવા બેઠો હોય, ત્યાં જોયાં હોય તો બીજા સાધુને નિશાની બતાવવા કહેવું પડે ત્યારે જ બોલવું. (પણ વિના કારણે ગમે ત્યાં બોલવું નહિ.) ॥૩૧॥

**तहा फलाइं पक्काइं, पायखज्जाइं नो वए । वेलोइयाइं टालाइं, वेहिमाइं त्ति नो वए ॥३२॥**

હવે ફળના આશ્રયીને કહે છે. આ આંબા વિગેરેનાં ફળ પાકેલાં છે. ખાવા યોગ્ય છે. એમાં જાળ બંધાયેલી છે. ખાડા નાંખીને કોદરા અથવા પરાળ (ઘાસ) વિગેરે નાંખીને પકાવીને ખાવા યોગ્ય છે, એમ સાધુ ન બોલે અથવા આ વધારે પાકેલી હોવાથી આંબો વેડી (ચુંટી) લેવા યોગ્ય છે, અથવા આ ગોટળી બંધાયા વિનાની છે, માટે કોમળ છે. તથા આ ગોટળી બંધાયાથી બે ફાડચાં (ચીરવા) યોગ્ય છે. આવું વચન સાધુ ન બોલે, કારણ કે ગૃહસ્થ એમાં મહેનત કરે અને પ્રયાસ કરતાં સાધુને અનુમોદનાનું પાપ લાગે. તથા ફળ પાકેલાં ન હોય તો ગૃહસ્થને સાધુ પર દ્વેષ થાય. ॥૩૨॥

**असंथडा इमे अंबा, बहुनिव्वट्टिमाफला । वएज्ज बहुसंभूया, भूयरूव त्ति वा पुणो ॥३३॥**

કારણે કરી સાધુએ કેમ બોલવું તે વિધિ કહે છે. આ આંબા ફળથી ભરેલા છે, તેથી ઘણા ભારથી નીચા નમી ગયા છે, અને ભાર ઊંચકવાને સમર્થ નથી. આંબા લેવાનું કારણ એ છે કે તેમાં ફળ ઘણાં તથા ઉપયોગી હોવાથી તે પ્રધાન વૃક્ષ છે અથવા એમાં ગોટલી બંધાએલાં ફળ ઘણા છે, અને ઘણાં પાકેલાં હોવાથી તથા વેડવા (ચુંટવાને) યોગ્ય હોવાથી તેવાં પ્રકારનાં છે. તથા આ કોમળ ફળવાળાં છે. (આ સાધુ બીજા સાધુને માર્ગની નિશાની બતાવે તેવા સમયે બોલવાનું છે. તેજ પ્રમાણે પોતે ક્યાં રહ્યા તે કોઈ પૂછે તો તે નિશાની બતાવવામાં બોલવા યોગ્ય છે.) ॥૩૩॥

**तहो (हेवो)सहिओ पक्काओ, नीलियाओ छवी इ य ।**
**लाइमा भज्जिमाओ त्ति, पिहुखज्ज त्ति नो वए ॥३४॥**

હવે અનાજ પાક્યું હોય તો તેની બોલવાની વિધિ કહે છે. આ ડાંગર, કમોદ, ભાત, વિગેરે પાકી ગયા છે, તથા તેની કાન્તિ લીલા રંગની છે. અથવા વાલ, ચોળા, ગવાર વિગેરેની ફળી ચુંટવા યોગ્ય થઈ છે. તથા આ ફળીઓ (શીંગો) વિગેરે ભુંઝવા યોગ્ય છે, તથા આ અનાજનો પોંક (અડધું પાકેલું અનાજ) પાડવા યોગ્ય છે. આવું વચન સાધુ ન બોલે, કારણ કે તેથી ગૃહસ્થ આરંભ કરે તેનું પાપ સાધુને લાગે એ પૂર્વે બતાવ્યું છે.॥૩૪॥

**विरूढा बहुसंभूया, थिरा ऊसढा वि य । गब्भियाओ पसूयाओ, ससाराओ त्ति आलवे ॥३५॥**

જરૂર પડેથી બોલવાની વિધિ કહે છે. આ રૂઢ છે, એટલે બહુ પાકેલ છે, અથવા પાકી જવા જેવા છે. આ પાકી ગયેલા છે, આને માથે ડુંડા (કણસલાં) આવેલાં છે. આ ગર્ભવાળાં છે, એને ડુંડાં (કણસલાં) આવ્યાં નથી. ફક્ત મુછ આવેલી છે (મુછ એટલે ચોટલી, રૂવાંટી) ડાંગર વિગેરે આ પ્રમાણે છે. એમ બોલવું. પાકેલાને માટે કેવી રીતે બોલવું તે ઊપર બતાવ્યું છે.॥૩૫॥

**तहेव संखडिं नच्चा, किच्चं कज्जं ति नो वए । तेणगं वा वि वज्झे त्ति, सुतित्थे त्ति य आवगा ॥३६॥**

**संखडिं संखडिं बूया, पणियट्ठं त्ति तेणगं । बहुसमाणि तित्थाणि, आवगाणं वियागरे ॥३७॥**

સાધુએ વિચારીને બોલવું, ત્યાર પછી તેને લગતું બીજુ પણ કહે છે. 'સંખડી' એટલે જેમાં જીવોનું આયુ (આઉખું) નાશ પામે. (મરણ પામે) તે સંખડી એટલે સ્થાવર જીવોને દુઃખરૂપ મરણનું જમણ જાણીને સાધુ ત્યાં ગયો હોય તો એમ ન બોલે કે આ બાપને માટે કરવા યોગ્ય છે. જો બોલે તો મિથ્યાત્વની વૃદ્ધિ થાય તથા ચોરને દેખીને એમ ન બોલવું કે આ બાંધવા યોગ્ય છે. જો બોલે તો એમ મનાય કે આ ખરેખર ચોર જ છે. (વખતે તે ચોર ન પણ હોય તો સાધુને જૂઠનો દોષ લાગે અને કદાચ ખરો ચોર હોય તો તેનાં સગાંવહાલાં સાધુ ઊપર દ્વેષ કરીને તેને અથવા બીજા સાધુને હેરાન કરે) નદી જાણીને એમ ન બોલવું કે આ સારું તીર્થ છે કે આ ખરાબ તીર્થ છે. (જો બોલે અને સારું તીર્થ કહે તો લોકો નાહવા આવે, અથવા તે બાને પાણીના જીવોને હેરાન કરે, અને ખરાબ કહે તો તેને માનનારાને દ્વેષ થાય.) પણ કારણે કરીને બોલવું પડે તો તેની વિધિ કહે છે. સંખડીને સંખડી જ કહે એટલે કોઈ વખતે વર્ણન કરવું પડે તો એમ કહે કે ખીચોખીચ સંખડી (જમણવાર) હતી. ચોર માટે કહેવું હોય તો વર્ણનમાં પણિત અર્થ છે, એટલે એણે પોતાનો જીવ મૂકીને ધનની મૂર્છા કરી છે, આ ચેલાને અથવા બીજા કોઈને ઉપદેશ આપવો હોય તો કર્મના ફળ આવાં ભોગવવાં પડે છે. તે બતાવવા કહેવું. અને નદી સંબંધી સાધુને બીજા સાધુ સાથે વાત કરવી પડે તો કહેવું કે આ નદીનું પાણી ઉતરવાની જગ્યા એ સમાન છે: જ્યાં નદીમાં ઉતરાતું હોય તેને તીર્થ કહે છે. ॥૩૬-૩૭॥

**तहा नईओ पुण्णाओ, कायतिज्ज त्ति नो वए । नावाहिं तारिमाओ त्ति, पाणिपेज्ज त्ति नो वए ॥३८॥**

નદી ભરેલી હોય તો પૂરી ભરેલી છે. એમ ન કહેવું કારણ કે તેથી તેમાં ઉતરતાં માણસો પાછા ઘેર જશે તેથી સાધુને તેની ક્રિયાનો દોષ લાગશે, તથા શરીરથી તરવા યોગ્ય છે એમ પણ ન કહેવું. જો તેમ કહે તો હવે વિઘ્ન નથી, એમ જાણીને લોકો નદીમાં પડી પાણીના જીવોને દુઃખ દેશે. નાવથી ઉતરવા યોગ્ય છે, એમ પણ ન બોલે, જો બોલે તો બીજી રીતે વિઘ્ન થશે. એમ જાણીને નાવ મૂકી ઉતરતાં નાવનો દોષ મુનિને લાગશે, તથા કિનારાનું પાણી પીવા યોગ્ય છે, એમ પણ ન બોલવું. કારણ કે તેથી લોકો પાણી પીવા લાગી જાય, માટે તેવું પણ મુનિએ ન બોલવું. ॥૩૮॥

**बहुवाहडा अगाहा, बहुसलिलुप्पिलोदगा । बहुवित्थडोदगा यावि, एवं भासेज्ज पण्णवं ॥३९॥**

પ્રયોજનમાં બોલવું પડે અને બીજા મુનિને રસ્તો બતાવવો હોય તો કહેવું કે પ્રાયઃ નદી ભરેલી છે તથા અગાધ (ઘણું પાણી) છે, તથા બીજાં ઝરણાં, તથા નાળાંથી ઘણા પાણીવાળી નદી છે તથા પોતાના કાંઠાને પાણીથી ભીંજાવવા તૈયાર થએલી છે, આ પ્રમાણે બુદ્ધિમાન સાધુ કારણે કરીને બોલે, કોઈ ગૃહસ્થ અથવા અન્ય કોઈ આવીને પૂછે તો મુનિ એમ ન બોલે કે હું કાંઈ જાણતો નથી. જો એવું જૂઠું બોલે તો પ્રત્યક્ષ જૂઠ દેખીને બીજા માણસને દ્વેષ થાય. ॥૩૯॥

**तहेव सावज्जं जोगं, परस्सऽट्ठाए निट्ठियं । कीरमाणं ति वा णच्चा, सावज्जं नाऽऽलवे मुणी ॥४०॥**

વળી બોલવાની વિધિમાં એવું બીજું કહે છે. સાવદ્ય વ્યાપારવાળું વચન પારકાના માટે ભૂત, વર્તમાન કે ભવિષ્ય કાળ સંબંધી જાણીને ન બોલે તેનો ખુલાસો આગળ કહે છે. ॥૪૦॥

**सुकडे त्ति सुपक्के त्ति सुच्छिन्ने सुहडे मडे । सुनिट्ठिए सुलट्ठे त्ति, सावज्जं वज्जए मुणी ॥४१॥**

[1]આ સભાની બાંધણી સારી કરી છે અથવા આ સહસ્ર 'પાક' વિગેરે સારો પકાવ્યો છે. આ વન વિગેરે સારૂં છેદયું છે. તથા કૃપણનું ધન વિગેરે ઠીક ચોરાઈ ગયું છે, તથા આ શત્રુ મરી ગયો તે સારૂં થયું, આ ધનના અભિમાનીનું ધન ઠીક વપરાયું, તથા આ કન્યા બહુ સુંદર છે, એવું સાવદ્ય વચન મુનિ ન બોલે, જો બોલે તો તેની સંસારિ પ્રવૃત્તિમાં જે દોષ લાગે તેની અનુમતિનો દોષ મુનિને લાગે, પણ નિરવદ્ય વચનને જરૂર પડે બોલે, જેમ કે એણે વડીલોની સેવા સારી કરી, આ સાધુએ બ્રહ્મચર્ય બહુ સારૂં પાળ્યું, આ ઉત્તમ પુરુષે સંસારનું બંધન ઠીક છેદયું

૧ A ઉત્ત. નેમિચંદ્રસૂરિ વૃત્તિ-૧/૩૬     B આ.ચૂ. - ૪/૨૩

છે. આ ચેલાનું ઉપકરણ ઉપસર્ગમાં ઠીક ચોરાયું છે. (પોતાની મર્યાદાથી બહાર કોઈ મુનિ વધારે વસ્ત્ર રાખતો હોય અને એકલો ભટકતો હોય તો કપડું જાય તો એની મુર્છા ઉતરી એ ઠીક થયું) (આથી સાધુ એ પોતાનું વસ્ત્ર ચોરાયું હોય તો તેનો ખેદ ન કરવો) તેવી જ રીતે જો કોઈ મુનિ અનશન કરીને મરી ગએલો હોય તો કહેવું કે એણે પંડિત મરણ સારૂં કર્યું (મુનિઓને અંતકાળે આયુની ખબર પડી હોય અને કાયાનો ખપ ન હોય તો સમાધિથી આહારનો ત્યાગ કરી તપસ્યાથી મરે તો એ પંડિત મરણ કહેવાય છે, પણ ફાંસો ખાઈને કે કૂવામાં પડીને મરે તો તે બાળ મરણ કહેવાય. તે વખાણવા યોગ્ય નથી.) એણે અપ્રમાદપણે મુનિપણું પાળીને કર્મનો અંત કર્યો તે સારૂં છે, તથા આ મુનિની ક્રિયા બહુ સારી છે, તેમાં દોષ નથી. પણ ગુણાનુરાગ છે. અર્થાત્ મુનિએ જેમાં જીવોને પીડા થાય તેવું કૃત્ય હોય તેની પ્રશંસા ન કરવી, તેમ કોઈએ સારૂં કૃત્ય કર્યું હોય, નિઃસ્પૃહતા સ્વીકારી હોય તો તેને પ્રશંસવા (અનુમોદવા) યોગ્ય છે.)॥૪૧॥

**पयत्तपक्के त्ति व पक्कमालवे, पयत्तछिन्ने त्ति व छिन्नमालवे ।**
**पयत्तलट्ठे ति व कम्महेउयं, पहारगाढे त्ति व गाढमालवे ॥४२॥**

હવે ગૃહસ્થે પાપ કરીને વસ્તુ બનાવી હોય ત્યારે તેમાં મુનિએ ન બોલવું, એ ઉત્સર્ગ માર્ગ છે. પણ હવે અપવાદ માર્ગ કહે છે. કોઈ માંદા સાધુના માટે ઓસડ લાવવું હોય તો જરૂર પડે એમ કહેવું કે આ પ્રયત્નથી સારૂં પકાવેલું છે. એટલે બીજો સાધુ જે ઓસડ લેતો હોય તે શંકા રહિત થઈને લે, તેજ પ્રમાણે કારણ પડે બીજા સાધુને વન સંબંધી કહેવું હોય તો આ વન બરાબર પ્રયત્નથી છેદાએલું છે કે તેમાં સાધુને લીલું ઘાસ વિગેરે નડે તેમ નથી, તથા આ સુંદર કન્યાએ પ્રયત્નથી દીક્ષા લીધી છે. તે ચારિત્ર સારૂં પાળે, તેવી યોજના કરવી, તથા કર્મ નિમિત્તે આ બધું છે, એમ બોલે તો હરકત નથી; તથા કોઈને માર ઘણો લાગ્યો હોય તો એમ કહેવું કે એને માર ઘણો લાગ્યો છે, જેથી તે સાંભળનારને અપ્રીતિ ન થાય. ॥૪૨॥

**सव्वुक्कसं परग्घं वा, अउलं नत्थि एरिसं । अचक्कियमवत्तव्वं, अचि(वि)यत्तं चेव णो वए ॥४३॥**

રસ્તામાં ચાલતાં કોઈ પૂછે તો એમ ન કહેવું કે આ સર્વોત્તમ (સુંદર) છે. તેમ આ ઘણું મોંઘું છે. આવું બીજે કંઈ નથી, એવું ન બોલે. આ અસંસ્કૃત છે. અર્થાત્ બીજે આવું ઘણું મળે છે. એમ સાધુ ન બોલે, આ અનંત ગુણે કરીને યુક્ત બોલાય તેવું નથી. તથા અપ્રીતિકર છે. આવું બીજાને અપ્રિય લાગે તેવું ન બોલવું, અથવા સારૂં છે એવું પણ ન બોલે, કારણ કે તેથી બીજાને લેવાનું મન થાય. તેનો દોષ મુનિને લાગે, અથવા ખરાબ કહેવાથી તેનો માલ વેચાય નહિ તો અંતરાયનો દોષ લાગે, (એટલા માટે **મુનિએ સર્વત્ર વિચારીને બોલવું જોઈએ.**)॥૪૩॥

**सव्वमेयं वइस्सामि, सव्वमेयं ति नो वए । अणुवीइ सव्वं सव्वत्थ, एवं भासेज्ज पण्णवं ॥४४॥**

આ બધું બોલીશ, એવું કોઈએ સંદેશો આપતાં મુનિએ ન બોલવું, કારણ કે બોલવામાં જરાપણ વધઘટ થાય તો દોષ લાગે અને અક્ષરે અક્ષર સંદેશો કહેવાને શક્ય નથી, તેજ પ્રમાણે તું આ અક્ષરે અક્ષર બીજાને કહેજે. એવો સંદેશો પણ બીજાને ન આપવો, કારણ કે તે પ્રમાણે બનવું અશક્ય છે. સ્વર અને વ્યંજનનો કંઈપણ ભેદ પડી જાય અને તે પ્રમાણે ન બોલે તો જુઠનો દોષ લાગે. એટલા માટે દરેક જગ્યાએ મુનિએ ચિંતવીને બધાં કાર્યમાં જેનો સંભવ અને શક્ય હોય તેટલું જ બુદ્ધિવાન મુનિએ બોલવું. ॥૪૪॥

**सुक्कीयं वा सुविक्कीयं, अकेज्जं केज्जमेव वा । इमं गेण्ह इमं मुंच, पणीयं नो वियागरे ॥४५॥**

ગૃહસ્થને માલ લેતો વેચતો જાણીને મુનિએ એમ ન કહેવું આ તેં ઠીક લીધું, અથવા ઠીક વેચ્યું, અથવા આ ખરીદવા યોગ્ય છે, અથવા ખરીદવા યોગ્ય નથી, કારણ કે આ મોંઘું અથવા સસ્તું થશે એવું ન બોલવું, એવી જ રીતે તું લે, વેચ એવું પણ ન બોલે તથા ઘી વિગેરે મોંઘું થશે એવું વ્યાપાર સંબંધી મુનિ ન બોલે. જો બોલે તો ઊપર જેવા દોષો થાય એટલે લેતાં, વેચતાં ખોટ જાય તો અપ્રીતિ થાય અને વ્યાપાર કરતાં કમાય તો વધારે

વ્યાપારમાં પડી ઘણા આરંભ કરે. ॥૪૫॥

**अप्पग्घे वा महग्घे वा, कए व विक्कए वि वा । पणियट्ठे समुप्पन्ने, अणवज्जं वियागरे ॥४६॥**

હવે બોલવાની વિધિ કહે છે. સસ્તું, મોંઘું લેવું વેચવું કે વેપારની બાબતમાં કોઈ ગૃહસ્થ જો સાધુને કંઈપણ પૂછે તો તે સમયે મુનિએ કહેવું કે મુનિઓને આ વ્યાપાર સંબંધમાં બોલવાનો અધિકાર નથી, એવું નિર્દોષ વચન બોલવું. ॥૪૬॥

**तहेवाऽसंजयं धीरो, आस एहि करेहि वा । सय चिट्ठ वयाहि त्ति, नेवं भासेज्ज पण्णवं ॥४७॥**

તેમજ અહીં જ બેસો, અહીં આવો, જાઓ, એમ સંચય કરો, સુઓ, ઉભા રહો, બહારગામ જાઓ, આવું ગૃહસ્થ સાથે બુદ્ધિમાન મુનિએ ન બોલવું. ॥૪૮॥

**बहवे इमे असाहू, लोए वुच्चंति साहुणो । न लवे असाहुं साहुं त्ति, साहुं साहु ति आलवे ॥४८॥**

આ લોકને વિષે ઘણા આજીવિક (ગોશાળા નામના પંથ) વિગેરેના મુનિઓને તેઓ મુનિ માને છે. પણ મોક્ષ સાધકની અપેક્ષાએ તેમનું સાધુપણું ઉચિત ન હોવાથી ખરી રીતે તેઓ અસાધુ છે, તેથી તેવાઓને ઉત્તમ મુનિએ મુનિ તરીકે ન કહેવા. જો તેમને મુનિ કહે તો અમુનિને મુનિ કહેવાનો જુઠનો દોષ લાગે, અને તેને ખુદને પણ સાધુ તરીકે ન કહેવો, કારણ કે તેના દોષોની અનુમોદના થાય, પણ જે ખરા મુનિ હોય તેને મુનિ કહેવા, તે બતાવે છે. ॥૪૮॥

**णाणदंसणसंपन्नं, संजमे य तवे रयं । एवंगुणसमाउत्तं, संजयं साहुमालवे ॥४९॥**

જ્ઞાન દર્શન થી યુક્ત હોય તથા સંયમ તથા તપશ્ચર્યામાં રક્ત હોય એવા ઉત્તમ ગુણોથી જે વિભૂષિત હોય તેવા મુનિને મુનિએ મુનિ કહેવા, પણ વેષ ધારીને જ ફક્ત રહેલો હોય, અને ગુણ ન મેળવે તો તેને મુનિ ન કહેવો. ॥૪૯॥

**देवाणं मणुयाणं च, तिरियाणं च वुग्गहे । अमुयाण जओ होउ, मा व होउ त्ति नो वए ॥५०॥**

દેવતામાં સુર અસુરને તથા મનુષ્યમાં રાજાઓને તથા તિર્યંચમાં પાડા પાડાઓ વિગેરેને લડાઈ થાય તો તેમાં એનો જય થાઓ, અથવા ન થાઓ એવું મુનિએ ન બોલવું. જો બોલે તો લડાઈના પાપનો દોષ લાગે તથા જેની હાર ઇચ્છે તેને દ્વેષ થાય માટે તેવું મુનિ ન બોલે. (વર્તમાનમાં આ પાર્ટી જીતે અને આ પાર્ટી હારે તો ઠીક આવું મુનિ ન બોલે.) ॥૫૦॥

**वाओ वुट्ठं च सीउण्हं, खेमं धायं सिवं ति वा ।**
**कया णु होज्ज एयाणि? मा वा होउ त्ति नो वए ॥५१॥**

વાયુ વાય તો સારૂં, અથવા વૃષ્ટિ પડે તો ઠીક, ઠંડો પવન હોય તો ઠીક, આ રાજ્ય શત્રુ રહિત ક્યારે થશે! સુકાળ ક્યારે થશે? ઉપસર્ગો ક્યારે મટશે? આવું સાધુ ન બોલે. પોતે ગરમીમાં પીડાય, ઠંડકથી પીડાય, અનેક જાતના ભયો આવે, તો પણ તેનાથી કંટાળે નહિ. તેમ કદાચ એમ પણ ન ચિંતવે કે વરસાદ ન પડો, સુકાળ ન થાઓ, એવું વિપરીત વચન પણ ન બોલે, એવું બોલતાં બીજા લોકો સાંભળે તો દ્વેષ થાય. અને તેથી ઉલટું થાય તો પોતાને આર્ત્તધ્યાન થાય, વાયુ વાતાં અનેક જીવોને પીડા થાય અને અધિકરણના દોષ લાગે. (સાધુના ચિંતવવાથી વરસાદ આવે, અને તેની ખેતી થાય તો પૃથ્વી ખેડતાં જે જીવોને પીડા થાય, તેનું અધિકરણ પાપ સાધુને લાગે માટે સાધુએ દરેક અવસ્થામાં સમાધિમાં રહીને સુખ દુઃખને બરોબર સહેવાં.)॥૫૧॥

**तहेव मेहं व नहं व माणवं, न देवदेव त्ति गिरं वएज्जा ।**
**सम्मुच्छिए उन्नए वा पओदे, वएज्ज वा वुट्ठे बलाहए त्ति ॥५२॥**

આકાશ માં વરસાદ ચઢ્યો હોય અથવા એકલું આકાશ હોય. અથવા કોઈ રાજા વિગેરે હોય તો તેને દેવ કહીને બોલાવવો નહિ. તેને દેવ કહે તો જુઠ બોલવાનો દોષ લાગે, તથા ખુશામતનો દોષ લાગે તો કેવી રીતે બોલવું. તે કહે છે. વરસાદ ચઢ્યો છે. વરસાદ ઘેરાયો છે અથવા વૃષ્ટિ થઈ વાદળાં ફેલાયાં છે. ।।૫૨।।

**अंतलिक्खे त्ति णं बूया, गुज्झाणुचरियं ति य । रिद्धिमंतं नरं दिस्स, रिद्धिमंतं ति आलवे ।।५३।।**

આકાશના માટે કહેવું કે આ અંતરીક્ષ છે, અથવા દેવતાઓને ફરવાનું સ્થાન છે. વળી મેઘ અને નભ એ બંને માટે એક જ અર્થ છે. તેને ઊપર પ્રમાણે બોલવું, ધનવાનને ધનવાન શબ્દથી બોલાવવો. જો તેમ ન બોલે તો વ્યવહારમાં જુઠનો દોષ લાગે. (પણ દેવ શબ્દ વડે ન બોલાવવો.) ।।૫૩।।

**तहेव सावज्जणुमोयणी गिरा, ओहारिणी जा य परोवघाइणी ।**
**से कोह लोह भयसा व(हास) माणवो, न हासमाणोवि गिरं वइज्जा ।।५४।।**

તેજ પ્રમાણે પાપને પ્રશંસનારી ભાષા મુનિએ ન બોલવી કે આ ગામ નાશ પામ્યું તે ઠીક થયું તથા આ એમ જ છે. એવું ન બોલે. તથા બીજાને સંશય ઉત્પન્ન થાય. તેવું પણ મુનિ ન બોલે, તથા માંસ ખાવું તેમાં દોષ નથી, એવું જીવ હિંસાનું દોષિત વચન ન બોલે એ પ્રમાણે ક્રોધથી, લોભથી, ભયથી, હાસ્યથી, માન, પ્રેમ વિગેરેને અનુસરનારી એવી ભાષા પણ મુનિ ન બોલે. તેમ હસ્તો હસ્તો પણ ન બોલે કારણ કે તેથી ઘણાં દુષ્ટ કર્મો બંધાય છે. ।।૫૪।।

**[1]स-वक्कसुद्धिं समुपेहिया मुणी, गिरं च दुट्ठं परिवज्जए सया ।**
**मियं अदुट्ठं (ट्ठे) अणुवीई भासए, सयाण मज्झे लहई पसंसणं ।।५५।।**

[1]પોતાના વાક્યની શુદ્ધિને રાખીને સાધુ બોલે તથા દુષ્ટ વાણીને પોતે તજે, કેવું બોલે તે કહે છે. સ્વરથી અને પરિમાણથી માપવાળું એટલે સાંભળનારો સાંભળી શકે તથા સમજી શકે તેવું બોલે તથા અદુષ્ટ તે દેશકાળને યોગ્ય વિચારી ને બોલનારો સાધુ ઉત્તમ પુરુષોમાં પ્રશંસા પામે છે. (તેનું વચન બીજા માણસો માન્ય કરે છે.) ।।૫૫।।

**भासाए दोसे य गुणे य जाणिया, तीसे अ दुट्ठाए वि(परि)वज्जए सया ।**
**छसु संजए सामणिए सया जए, वएज्ज बुद्धे हिअमाणुलोमियं ।।५६।।**

ઊપર બતાવ્યા પ્રમાણે ભાષામાં રહેલા દોષો અને ગુણો જાણીને તેમાં દુષ્ટ વચનો જે હોય તેને છોડી દે. અને છ કાયમાં રક્ષક બનીને સંયત (મુનિ) ચારિત્રના પરિણામવાળો સદા ઉપયોગ રાખીને બુદ્ધિવાન પુરુષ પ્રાણીને હિત કરનારૂં અને પરિણામે સુંદર હોય તેવું મનોહર વચન મુનિઓ બોલે. ।।૫૬।।

**परिक्खभासी सुसमाहिइंदिए, चउक्कसायावगए अणिस्सिए ।**
**से निद्धुणे धुण्णमलं पुरेकडं, आराहए लोगमिणं तहा परं ।।५७।।**
**त्ति बेमि वक्कसुद्धी अज्झयणं समत्तं ।।७।।**

અધ્યયન સમાપ્ત કરતાં કહે છે કે વિચાર કરીને બોલનારો તથા ઇંદ્રિયોને વશ રાખનારો તથા ક્રોધ વિગેરે ચાર કષાયને દૂર કરનારો, કોઈના પણ પ્રતિબંધમાં ન રહેતાં સાધુ ધર્મ પાળનારો પોતાના પૂર્વે કરેલાં પાપરૂપી મેલને દૂર કરીને આ લોકમાં વાણીને કબજામાં રાખવા વડે, માન પામે છે, અને પરિણામે પરંપરાએ મોક્ષ પણ પામે છે. આ સૂત્ર અર્થ કહ્યો. હવે નય, પૂર્વ માફક જાણવા. એવું સુધર્મા સ્વામી જંબૂ સ્વામીને કહે છે. વિગેરે પૂર્વ માફક જાણવું. વાક્ય શુદ્ધિ નામનું સાતમું અધ્યયન સમાપ્ત થયું. ।।૫૭।।

૧ ઉત્ત.અ. – ૯ ગા. ૪૮

મુનિનું સર્વસ્વ મૌન છે.

# अट्ठमं आयारप्पणिहि अज्झयणं

## આચાર પ્રણિધિ અધ્યયન આઠમું.

સાતમું અધ્યયન વાક્ય શુદ્ધિ નામનું કહ્યું અને હવે આઠમું આચાર પ્રણિધિ કહીએ છીએ તેનો આ પ્રમાણે સંબંધ છે. ગયા અધ્યયનમાં મુનિએ વચનના ગુણ દોષ જાણીને નિર્દોષ વચન બોલવું એવું કહ્યું અને અહીંયાં આચારમાં રહેનારનું વચન નિર્દોષ હોય તેથી દરેકે તેમાં પ્રયત્ન કરવો. (પ્રથમ આચાર જાણવા ઉદ્યમ કરવો).

**पणिहाणरहिअस्सेह, निरवज्जंपि भासिअं । सावज्जतुल्लं विन्नेअं, अज्झत्थेणेह संवुडम् ॥१॥**

પ્રણિધાન (ઉત્તમ ધ્યાન) વિનાનું, નિરવદ્ય બોલે તો પણ તે દોષિત વચન જાણવું કારણ કે જે માણસ આત્મામાં, ઉપયોગ સહિત થઈને, જે બોલે તેજ સંવૃત એટલે ઉત્તમ વચન છે. આ પ્રમાણે સાતમા આઠમા અધ્યયનનો સંબંધ બતાવ્યો. એનાં ચાર અનુયોગદ્વાર કહેવાં જોઈએ એ બધું પૂર્વ માફક ઉપન્યાસ કરવો. જ્યાં સુધી નામ નિષ્પન્ન નિક્ષેપો આવે. તે નામ આચાર પ્રણિધિ એવું બે પદવાળું નામ છે. તેમાં પ્રથમ આચારને જરા બતાવીને, પછી પ્રણિધિને બતાવે છે. ॥૧॥

**जो पुव्विं उद्दिट्ठो आयारो सो अहीणमइरित्तो । दुविहो अ होइ पणिही दव्वे भावे अ नायव्वो ॥२९३॥**

પૂર્વે ક્ષુલ્લિકાચાર કથા નામના ત્રીજા અધ્યયનમાં આચાર શબ્દનું વર્ણન કર્યું છે તે અહીંયાં જરા પણ ઓછો વધતો નહિ અર્થાત્ પૂરેપૂરો આચાર અહીંયાં જાણવો. હવે પ્રણિધિ શબ્દના નિક્ષેપા કહે છે. નામ સ્થાપના સુગમ છે. તે છોડીને દ્રવ્ય અને ભાવ એ નિક્ષેપો બતાવે છે. ॥૨૯૩॥

**दव्वे निहाणमाई मायपउत्ताणि चेव दव्वाणि । भाविंदिअनोइंदिअ दुविहो उ पसत्थ अपसत्थो ॥२९४॥**

દ્રવ્ય સંબંધી પ્રણિધિ તે નિધાન (ધન વિગેરે) જમીનમાં દાટ્યું હોય તે, તથા આદિ શબ્દથી જાણવું કે, કપટથી જે કૃત્ય થાય તે પણ દ્રવ્યને દ્રવ્ય પ્રણિધિ કહેવાય જેમ કે પુરુષ સ્ત્રીનો વેષ કરીને ભાગે અથવા સ્ત્રી પુરુષનો વેષ કરી નીકળી જાય એ દ્રવ્ય પ્રણિધિ છે. હવે ભાવ પ્રણિધિ કહે છે. તે બે પ્રકારનાં છે. (૧) ઇંદ્રિય પ્રણિધિ (૨) નો ઇંદ્રિય (મન) પ્રણિધિ છે. તેમાં ઇંદ્રિય પ્રણિધિ પણ બે પ્રકારની છે. પ્રશસ્ત અને અપ્રશસ્ત છે. તેમાં પ્રથમ પ્રશસ્ત ઇંદ્રિય પ્રણિધિને કહે છે. ॥૧॥

**सद्देसु अ रूवेसु अ गंधेसु रसेसु तह य फासेसु । नवि रज्जइ न वि दुस्सइ एस खलु इंदिअप्पणिही ॥२९५॥**

[1]શબ્દ રૂપ ગંધ રસ અને સ્પર્શ એમ પાંચ ઇંદ્રિયોના પાંચ વિષય છે. તેમાં ચાહે ઈષ્ટ હોય, ચાહે અનિષ્ટ હોય, પણ તેમાં ચક્ષુ વિગેરે ઇંદ્રિયો ન રાજી થાય, ન ખેદ પામે. એવું જેને મધ્યસ્થપણું હોય તે પ્રશસ્ત ઇંદ્રિય પ્રણિધિ કહેવાય, પણ તેથી ઉલટું હોય તો તે અપ્રશસ્ત છે. હવે તેના દોષ કહે છે. ॥૨૯૫॥

**सोइंदिअरस्सीहि उ मुक्काहिं सद्दमुच्छिओ जीवो । आइअइ अणाउत्तो सद्दगुणसमुट्ठिए दोसे ॥२९६॥**

કાનના સ્વરૂપ શબ્દ દોરી વડે બંધાએલો જીવ જેમ કોઈ સાંકળથી બાંધે, તેમ કોઈના મધુર શબ્દોમાં ગૃદ્ધ (આસક્ત) થએલો જીવ તેમાં ચિત્ત લગાડીને, અકાર્ય કરીને વધ બંધન પામે છે. (સાપ દરમાં રહેલો મોરલીના મધુર અવાજથી બહાર સાંભળવા આવીને મદારીના વશ થઈ આખી જિંદગી દુ:ખ પામે છે. તે પ્રમાણે મનુષ્યો પણ સ્ત્રી વિગેરેના મધુર અવાજથી તેમાં લલચાઈ દુ:ખ પામે છે. હવે બીજી ઇંદ્રિયોનું થોડું વર્ણન કરે છે.)॥૨૯૬॥

---

૧ A સૂત્ર કૃ. – ૧/૮૧–૧/૧૬ B આ. – ૨–૧૫–૧, ૧૮૦

**जह एसो सद्देसु एसेव कमो उ सेसएहिं पि । चउहिंपि इंदिएहिं रूवे गंधे रसे फासे ॥२९७॥**

જેવી રીતે મધુર અવાજ સાંભળવા થી લલચાઈને દુ:ખ પામે છે. તે જ પ્રમાણે અનુક્રમે આંખ, નાક, જીભ, શરીર તેના ચાર વિષય રૂપ, ગંધ, રસ અને સ્પર્શમાં લપટાએલો જીવ દુ:ખ પામે છે, ગાથાઓ પણ તે પ્રમાણે સમજી લેવી જેમકે 'ચક્ખિંદિઅરસ્સીહિ' વિગેરે પણ જાણવી આ વિષયને દૃષ્ટાંતથી કહે છે. ॥૨૯૭॥

**जस्स खलु दुप्पणिहिआणि इंदिआइं तवं चरंतस्स । सो हीरइ असहीणेहिं सारही वा तुरंगेहिं ॥२९८॥**

જે સાધુને ઇંદ્રિયો કબજામાં ન હોય. તો તેનું કરેલું તપ મોક્ષમાં ન લઈ જતાં. ઉલટે માર્ગે લઈ જાય છે, જેમ રથનો હાંકનારો સારથિ ઘોડાને કબજામાં ન રાખે તો રથ ઉલટે માર્ગે જાય છે. (તપસ્વી સાધુ જો ઇંદ્રિયોના રસમાં પડે તો તે તપનું ફળ સ્વર્ગ માગે, અને તેથી સંસાર ભ્રમણ કરે, આ સંબંધે બ્રહ્મદત્ત ચક્રવર્તીનું દૃષ્ટાંત છે.) હવે નો ઇંદ્રિય પ્રણિધિ કહે છે. ॥૨૯૮॥

**कोहं माणं मायं लोहं च महब्भयाणि चत्तारि । जो रुंभइ सुद्धप्पा एसो नोइंदिअप्पणिही ॥२९९॥**

[1]ક્રોધ, માન, માયા, લોભ એ ચારનું સ્વરૂપ અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની, સંજ્વલન એમ ચાર ભેદે છે, એ ચાર મહાભય સમાન છે. તેનાથી સમ્યગ્ દર્શન વિગેરે ઉત્તમ ગુણોનો અટકાવ થાય છે એ ચારને જે કોઈ રોકે, તે શુદ્ધાત્મા ક્રોધ વિગેરેને રોકવાથી એટલે ક્રોધ કરે નહિ તથા ક્રોધ થતો હોય તો દબાવી રાખે એ પ્રમાણે કરવાથી આત્માનું મન સાથે એકપણું થવાથી તથા કુશળ પરિણામ થવાથી નો ઇંદ્રિય પ્રણિધિ કહેવાય (તે મનને કબજામાં રાખવાથી થાય છે. એમ સૂચવ્યું.) એ પ્રમાણે પ્રણિધિ ન કરે તો શું દોષ થાય તે કહે છે. ॥૨૯૯॥

**जस्सवि अ दुप्पणिहिआ होंति कसाया तवं चरंतस्स । सो बालतवस्सीविव गयण्हाणपरिस्समं कुणइ ॥३००॥**

જે તપસ્વી તપ કરતાં ક્રોધ વિગેરે ન રોકે તો તેનું તપ ઉત્તમ નથી, પણ તે બાળ તપસ્વી છે. કારણ કે તે ઉપવાસનું પારણું કરતાં તપના પુન્ય કરતાં વધારે દોષ લગાડે છે. જેમ કે હાથીને સ્નાન કરાવ્યું હોય. તો પણ પોતાના સ્વભાવ પ્રમાણે પાછી ધૂળ અંગ ઊપર નાંખે છે, તેમ ઉપવાસ એક બે ત્રણ કરતાં પારણામાં અનેક વસ્તુનો ઉપયોગ કરે, આધાકર્મી આદિ આહાર વાપરે અથવા તેવી વસ્તુ ન મળતાં ક્રોધ કરી ઘણાં નવાં ચીકણાં કર્મ બાંધે છે, તે વધારે ખુલાસાથી કહે છે.॥૩૦૦॥

**सामान्नमणुचरंतस्स कसाया जस्स उक्कडा होंति । मन्नामि उच्छुफुल्लं व निप्फलं तस्स सामन्नं ॥३०१॥**

જો સાધુપણું તે પાળે તો પણ બહારથી વેષધારી જાણવો એટલે જો હૃદયમાં ક્રોધ વિગેરે વધારે પ્રમાણમાં રાખે તો ગુરુ મહારાજ કહે છે તેનું સાધુપણું શેરડીના ફૂલ માફક નકામું છે. કારણ કે તેને કર્મની નિર્જરા થતી નથી પણ કર્મ બંધ થાય છે. ॥૩૦૧॥

**एसो दुविहो पणिहो सुद्धो जइ दोसु तस्स तेसिं च । एत्तो पसत्थमपसत्थ लक्खणमज्झत्थनिप्फन्नं ॥३०२॥**

એ પ્રમાણે બે પ્રકારનાં ઇંદ્રિય તથા નો ઇંદ્રિય પ્રણિધિ છે તે નિર્દોષ હોય, એટલે જો બહાર અને અંદરની ચેષ્ટા ઇંદ્રિય અને કષાયવાળી હોય તો તે સાધુને આ પ્રમાણે જાણવું. એનો ભાવાર્થ આ છે કે જેને ઇંદ્રિય અને કષાયો કબજામાં હોય, તેનું શુદ્ધ પ્રણિધિ છે, એમાં પણ તત્ત્વ દૃષ્ટિએ જોતાં બહારનાં કરતાં અંદરની ચેષ્ટાની વધારે જરૂર છે. એટલે બાહ્ય ચેષ્ટા કરતાં અંદરની ચેષ્ટા વધારે શાંત હોવી જોઈએ. તથા અંદરની ચેષ્ટા પણ તત્ત્વમાં હોય તો વધારે પ્રશંસવા યોગ્ય છે, તથા અપ્રશસ્ત લક્ષણવાળું પ્રણિધિનું જે અધ્યાત્મ છે તે પણ ખરાબ છે ઊપરથી કોઈ કપટી લોકોને ઠગવા ક્રોધ ન કરે. અને મૌન ધારણ કરીને સમાધિ લગાવે તો તેની સમાધિ નકામી છે. પણ જ્યારે આત્મામાં એકાગ્રતા રાખી કોઈ પણ જાતની સ્પૃહા રાખ્યા વિના સ્થિર ચિત્તે સમાધિ કરે તે પ્રશંસવા યોગ્ય છે. ॥૩૦૨॥

૧ A સ્થાનાંગ – ૨/૨ B વિ.ભાષ્ય – ૨૬૬૮ C ભગવતી સૂ. ૧૨/૫/૨ D યોગશાસ્ત્ર – ૪/૧૦/૧૮
F આ.નિ. – ગા. ૧૦૮

**मायागारवसहिओ इंदिअनोइंदिएहिं अपसत्थो । धम्मत्था अ पसत्थो इंदिअनोइंदिअप्पणिही ॥३०३॥**

માયા સ્થાન યુક્ત એટલે કપટ તથા ઋદ્ધિ વિગેરેનો અહંકાર કરનારો તે હોય અને ઇંદ્રિય અને મન એ બંનેનો નિગ્રહ કરે તો એ અપ્રશસ્ત પ્રણિધિ છે. એટલે બીજાને ઠગવા માટે જમીન ઊપર જોઈ જોઈને ચાલે. તથા બીજા પાસે પૂજાવા માટે ક્ષમા ધારણ કરે. અથવા રિદ્ધિ વિગેરેનો ગર્વ કરે, તો તે પ્રશંસવા યોગ્ય નથી, પણ મોક્ષના માટે ધર્મ રક્ત બની કપટ તથા અહંકાર રહિત જે ઇંદ્રિયોનો જય કરે છે, અને એ પ્રમાણે ક્ષમા વિગેરે જે સાધુ ધારણ કરે તેનાથી તે ગુણો અભેદ હોવાથી તે પ્રશસ્ત પ્રણિધિ કહેવાય તેનું ઇંદ્રિયોને તથા મનને કબજામાં રાખવું, તે નિર્જરાનું ફળ છે, હવે અપ્રશસ્ત તથા પ્રશસ્ત પ્રણિધિના ગુણો અને દોષોનું વર્ણન કરે છે. ॥૩૦૩॥

**अट्ठविहं कम्मरयं बंधइ अपसत्थपणिहिमाउत्तो । तं चेव खवेइ पुणो पसत्थपणिहीसमाउत्तो ॥३०४॥**

જ્ઞાનાવરણીય વિગેરે આઠ ભેદનું જે કર્મ છે, તે કર્મ રૂપ રજને બાંધે છે, તે બાંધનારો અપ્રશસ્ત પ્રણિધિવાળો જાણવો. અર્થાત્ કપટથી ધ્યાન કરનારો મોક્ષમાં ન જતાં બીજાને ઠગવાથી પોતે ઠગાઈને આઠ કર્મ બાંધીને સંસાર ભ્રમણ કરે છે, અને જે પ્રશસ્ત પ્રણિધિ એટલે કપટ રહિત ઇંદ્રિય તથા મનનો નિગ્રહ કરનારો કર્મરજને ક્ષય કરે છે. (અર્થાત્ મોક્ષ મેળવે.) તેટલા માટે સંયમ પાળવા પ્રશસ્ત પ્રણિધિમાં રહેવું તે બતાવે છે. ॥૩૦૪॥

**दंसणनाणचरित्ताणि संजमो तस्स साहणट्ठाए । पणिही पउंजिअव्वो अणायणाइं च वज्जाइं ॥३०५॥**

[1]દર્શન જ્ઞાન ચારિત્ર તે જેમાં છે, તે પૂર્ણસંયમ છે, તે પૂર્ણસંયમ સાધવા માટે પ્રશસ્ત પ્રણિધિને યોજવો, તથા તેનાથી જે વિરુદ્ધ કપટ વિગેરે, તે છોડી દેવાં. જો ન છોડે તો તેના દોષો બતાવે છે.॥૩૦૫॥

**दुप्पणिहिअजोगी पुण लंछिज्जइ संजमं अयाणंतो । वीसत्थनिसट्ठंगोव्व कंटइल्ले जह पडंतो ॥३०६॥**

દીક્ષા લીધા પછી સુપ્રણિધિ ન રાખે તો તે સંયમની વિરાધના કરે છે, જેમ કે કોઈક વિશ્રબ્ધ (ભાવ વિનાનો) નિસૃષ્ટ (ઝુકાવેલા) અંગવાળો યત્ના કર્યા વિના કાંટાવાળા માર્ગે જાય છે, અથવા શ્વભ્ર (ઊંચાણમાં આકાશ) વિગેરેમાં ઊપરથી પડીને દુઃખ પામે છે, તેમ આ સાધુ વેષ ધારીને સારા ધ્યાનમાં ન રહે; તો તેનું સંયમ કુમાર્ગે જતાં નાશ પામે છે, હવે તેથી ઉલટું કહે છે. ॥૩૦૬॥

**सुप्पणिहिअजोगी पुण न लिप्पई पुव्वभणिअदोसेहिं । निद्दहइ अ कम्माइं सुक्कतणाइं जहा अग्गी ॥३०७॥**

સુપ્રણિહિત એટલે દીક્ષા લીધા પછી ઇંદ્રિય, મનને કબજામાં રાખીને નિષ્કપટી બની સાધુપણું પાળે તો તે દોષોને અટકાવવાથી ઊપર કહેલા કર્મ વિઘ્નને પામતો નથી અને તપ વિગેરેના પ્રભાવથી પૂર્વ કર્મ બાળી મૂકે છે, જેમ સૂકા ઘાસને અગ્નિ બાળે છે તેમ તે પણ કર્મોનો નાશ કરે છે.॥૩૦૭॥

**तम्हा उ अप्पसत्थं पणिहाणं उज्झिऊण समणेणं । पणिहाणंमि पसत्थे, भणिओ आयारपणिहि त्ति ॥३०८॥**

આ પ્રમાણે પરમ કૃપાળુ ગુરુ મહારાજ ફરીથી સમજાવે છે કે અપ્રશસ્ત પ્રણિધિ દુઃખદાઈ છે અને બીજો સુખદાઈ છે. માટે અપ્રશસ્તને છોડીને કલ્યાણ કરનારા પ્રશસ્ત પ્રણિધિમાં યત્ન કરવો આ પ્રમાણે આચાર પ્રણિધિ બતાવ્યો (એટલા માટે દરેક સાધુએ મોક્ષ માટે ઇંદ્રિયો અને મનને વશમાં રાખવું.)

આ પ્રમાણે નામ નિષ્પન્ન નિક્ષેપો કહ્યો, હવે સૂત્રાલાપક નિષ્પન્ન નિક્ષેપાનો અવસર છે, તે બધું પૂર્વ માફક જાણી સૂત્ર અનુગમમાં અસ્ખલિત વિગેરે ગુણોવાળું સૂત્ર બોલવું, તે આ છે,॥૩૦૮॥

**आयारप्पणिहिं लद्धुं जहा कायव्व भिक्खुणा । तं भे उदाहरिस्सामि, आणुपुव्विं सुणेह मे ॥१॥**

ઊપર બતાવેલા આચાર પ્રણિધિને પામીને જે પ્રકારે સાધુનું અનુષ્ઠાન કરવાનું છે, તે પ્રકારને હું તમને

૧ ઓઘ. નિ. ગા. ૭૬૭/૬૮

અનુક્રમે કહીશ, તે તમે સાંભળો આ પ્રમાણે ગૌતમ ઇંદ્રભૂતિ વિગેરે ગણધરો પોતાના શિષ્યોને બોલાવીને કહે છે, ॥૧॥

**पुढवि दग अगणि मारुय, तण रुक्ख सबीयगा । तसा अ पाणा जीव त्ति, इइ वुत्तं महेसिणा ॥२॥**

[1]માટે ગૌતમ અથવા મહાવીર વિગેરે ઋષિઓએ આ પ્રમાણે કહ્યું છે કે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, ઘાસ, ઝાડ, બીજ એ પાંચ એક ઇંદ્રિય જીવ છે, (તેમાં ઘાસ ઝાડ અને બીજ એ ત્રણ પણ વનસ્પતિકાયમાં ગણવાં) તથા બે ઇંદ્રિયથી તે પંચેંદ્રિય સુધી ત્રસ જીવો છે. ॥૨॥

**तेसिं अच्छणजोएण, निच्चं होयव्वयं सया । मणसा काय वक्केण, एवं भवइ संजए ॥३॥**

તેટલા માટે તેમનું રક્ષણ (અહિંસા-જીવદયા) કરીને હમેશાં સાધુએ રહેવું. એટલે મન વચન કાયાથી તેમની હિંસા ન કરવી, તે સાધુપણું છે. પણ હિંસા કરે તો સાધુપણું નથી. ॥૩॥

**पुढविं भित्तिं सिलं लेलुं, नेव भिंदे न संलिहे । तिविहेण करण जोएण, संजए सुसमाहिए ॥४॥**

હવે દરેકના ભેદ બતાવે છે. પૃથ્વી તથા નદીમાં કિનારાની ભેખડ તથા જમીનમાં રહેલો પત્થર તથા ઇંટાળાનો કકડો (વિના પકવેલો) તેને ભેદે નહિ, તેમ ખોતરે પણ નહિ, એમાં ભેદવું એટલે ટુકડા કરવા, અને ખોતરવામાં થોડો ભાગ ઓછો કરવો તે આલેખવું છે, આ બંને સાધુ ન કરે, તે શુદ્ધભાવ વાળો જાણવો. ॥૪॥

**सुद्धपुढवीए न निसीए, ससरक्खंमि अ आसणे ।**
**पमज्जित्तु निसीएज्जा, जाणित्तु जाइयोग्गहं(जाइत्ता जस्स उग्गहं)॥५॥**

જે પૃથ્વી અચિત્ત થઈ નથી. તે શુદ્ધ પૃથ્વી ઊપર સાધુ ન બેસે (ગૃહસ્થોએ ચાલવા વિગેરેથી પગથી પાડી હોય. તે જગ્યાએ ચાલવું કે બેસવું) તથા જ્યાં ધૂળ ઘણી ભેગી થઈ હોય, અને તે લોકોના વપરાશમાં ન આવેલી હોય, ત્યાં સાધુ આસન મૂકીને પણ ન બેસે, તે પ્રમાણે ધૂળમાં આળોટે પણ નહિ, જરૂર પડે તો લોકોથી વપરાયેલી અચેતન પૃથ્વીમાં રજોહરણથી પુંજીને બેસે, તથા બેસવા પહેલાં તે જમીનના માલિકની પરવાનગી મેળવવી (જો માલિક તે વખતે ત્યાં હાજર ન હોય તો ઇંદ્રની આજ્ઞા લેવી,) 'અણુજાણહ જસ્સગો' એમ બોલીને બેસવું પૃથ્વીકાયની વિધિ કહીને હવે પાણીની વિધિ કહે છે. ॥૫॥

**सीओदगं न सेवेज्जा, सिला वुट्ठं हिमाणि य । उसिणोदगं तत्तफासुयं, पडिगाहेज्ज संजए ॥६॥**

અપ્કાય (પાણી) તે જમીનમાંથી નીકળેલું સાધુ ન પીએ તથા હિમ (બરફ) ન ખાય, તથા કરા તે પણ ન ખાય, હિમ પ્રાયે ઉત્તર દેશમાં વધારે થાય છે. (હાલમાં બનાવટી બરફ બહુ બને છે, તે પણ ન ખાય) ત્યારે શું કરવું તે કહે છે, ઉનું કરેલું પાણી જેના ત્રણ ઉકાળા આવેલા હોય, તથા સોવીર (ધોવણ)નું પાણી વિગેરે અચિત્ત થયેલું યાચીને સાધુ પીએ. ॥૬॥

**उदओल्लं अप्पणो कायं, नेवं पुंछे न संलिहे । समुप्पेह तहाभूयं, नो णं संघट्टए मुणी ॥७॥**

[2]પોતાની કાયા નદી ઉતરતાં અથવા ભિક્ષાએ જતાં વરસાદ વિગેરેથી ભીંજાએલી હોય, તો તેને કપડાથી કે ઘાસ વિગેરેથી લુછે નહિ, તથા હાથથી જરા સ્પર્શ પણ ન કરે, પણ પોતાની મેળે સુકાવા દે.॥૭॥

**इंगालं अगणिं अच्चिं, अलायं वा सजोइअं । न उंजेज्जा न घट्टेज्जा, नो णं निव्वावए मुणी ॥८॥**

પાણી પછી અગ્નિ ની વિધિ કહે છે. જ્વાલા રહિત અંગારા છે, અને બળતા લોઢામાં રહેલો તે અગ્નિ અને

૧ પ્રજ્ઞાપના સૂત્રમાં પ્રથમ સ્થાને ૧૨ ભેદ બતાવ્યાં છે.

૨ પ્રજ્ઞાપના - ૧/૪૩

જુદું પડેલું બળતુ તે અર્ચિ (ભડકા) છે. અલાત (ઉલ્મુક) જ્યોતિ વિગેરે હોય, તેને પોતે બાળે નહિ, અને અડકે પણ નહિ, બુઝવે પણ નહિ, અર્થાત્ દીવો બાળે નહિ. એક જગ્યાએથી બીજી જગ્યાએ ખસેડે પણ નહિ, અને બુઝાવે પણ નહિ, (બીજા પાસે એ કાર્ય કરાવે પણ નહિ) તેને સાધુ જાણવો. હવે વાયુની વિધિ કહે છે. ॥૮॥

**तालियंटेण पत्तेण, साहा(ए) विहुयणेण वा । न वीएज्जअप्पणो कायं, बाहिरं वा वि पोग्गलं ॥९॥**

તાડના પંખાથી કે કમળ વિગેરેના પાંદડાથી કે ઝાડની ડાળીથી પોતાના શરીર ઉપર હવા ન લે. તેમ ગરમ પાણીને ઠારવા પણ કોઈપણ જાતના પંખાનો ઉપયોગ ન કરે. ॥૯॥

**तणरुक्खं न छिंदेज्जा, फलं मूलं च कस्सइ । आमगं विविहं बीयं, मणसा वि न पत्थए ॥१०॥**

હવે વનસ્પતિની વિધિ કહે છે. દર્ભ વિગેરેનું ઘાસ કદંબ વિગેરે ઝાડ હોય તેને પોતે ન છેદે, તથા ફળ તથા ઝાડ વિગેરેનું મૂળીઉ જમીનમાંથી ખેંચી ન કાઢે, તથા શેક્યા વિનાનાં કાચાં બીજ મનથી પણ ઇચ્છે નહિ, તો ખાવાની તો વાત જ ક્યાંથી હોય.॥૧૦॥

**गहणेसु न चिट्ठेज्जा, बीएसु हरिएसु वा । उदगंमि तहा निच्चं, उत्तिंग-पणगेसु वा ॥११॥**

તથા વનની કુંજમાં (લીલા છોડવાની અંદર) ન બેસે. કારણ કે ત્યાં બેસતાં ઓચિંતો સ્પર્શ થઈ જાય, તથા પાથરેલા કમોદના (ડાંગર) બીજમાં તથા દરો ઊપર પણ ન બેસે, કારણ કે ત્યાં હમેશાં અનંતકાય વનસ્પતિ રહે છે કે પાણીમાં હમેશાં લીલ રહે છે, તથા સાપનું છત્ર (ટોપ તે છત્રીના આકારે ચોમાસામાં સફેદ રંગવાળુ જમીનમાં ઉગે છે,) તે તથા જ્યાં જમીન ઊપર સેવાળ (લીલ બાઝેલી હોય) ત્યાં સાધુ ન બેસે (ઉદકનો અર્થ અહીં પાણી ન લેતાં અનંતકાય વનસ્પતિ લીધો છે. અને બીજા આચાર્ય પાણી જ અર્થ કરે છે.) હવે ત્રસકાયની વિધિ કહે છે. ॥૧૧॥

**तसे पाणे न हिंसेज्जा, वाया अदुव कम्मुणा । उवरओ सव्वभूएसुः पासेज्ज विविहं जगं ॥१२॥**

બે ઇંદ્રિય વિગેરે ત્રસકાયને પોતે હણે નહિ, મન વચન કાયાથી તેમની રક્ષા કરે, એ પ્રમાણે બધા જીવો ઊપર ધ્યાન રાખીને જૂએ કે આ જીવોએ જીવદયા પાળી નથી, તે માટે સંસારમાં ભમે છે એમ ખેદ પામીને પોતે દરેક પ્રકારે તેમનું રક્ષણ કરે, અને હિંસાથી પોતે બચે. ॥૧૨॥

**अट्ठ सुहुमाइं पेहाए जाइं जाणित्तु संजए । दयाहिगारी भूएसु, आस चिट्ठ सएहि वा ॥१३॥**

સ્થૂળ વિધિ કહીને સૂક્ષ્મ વિધિ કહે છે. આઠ પ્રકારના સૂક્ષ્મ જીવો છે. તેને જોઈને સાધુએ બેસવું. જે જીવો ઊપર દયાનો અધિકારી છે, તે (સાધુ) પ્રથમ અજીવ જગ્યા જોઈને પછી આસન ઊપર બેસે કે સુવે એટલે જ્ઞપરિજ્ઞા વડે જીવોને જાણે પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે હિંસાને ત્યાગે તે સાધુ છે. તે જો જોયા વિના બેસે અને જીવોની દયા ન પાળે તો દયાનો અધિકારી ન કહેવાય. તેથી તેને અતિચાર (મલિનતા) લાગે. ॥૧૩॥

**कयराइं अट्ठ सुहुमाइं?, जाइं पुच्छेज्ज संजए । इमाइं ताइं मेहावी, आइक्खेज्ज वियक्खणे ॥१४॥**

આઠ સૂક્ષ્મ ક્યાં છે. જો તે પ્રશ્ન સાધુ પૂછે, તો તેને મર્યાદામાં રહેલા ગીતાર્થ સાધુએ તેને ખુલાસાથી સમજાવવું, આ સૂત્રમાં એમ સમજાવ્યું છે કે બરોબર જાણનારાએ જ કહેવું, કે સાંભળનારને વિશ્વાસ આવે, પણ પોતાને પૂરી ખબર ન હોય તો સાંભળનારને તેના ઊપર વિશ્વાસ ન આવે, (તથા શિષ્ય પોતાને દયાનો અધિકાર હોવાથી તે અવશ્ય પૂછે, કે મારે ઉપકારક અને અપકારક શું છે? કે જેના ઊપર હું યત્ન કરૂં.)॥૧૪॥

**सिणेहं पुप्फसुहुमं च, पाणुत्तिंगं तहेव य । पणगं बीय हरियं च, अंडसुहुमं च अट्ठमं ॥१५॥**

અવશાય (ઝાકળ) હિમ મહિકા (ઝીણી ફરફર), કરા હરતનું (મોતી જેવા પાણીના બિંદુ) આ પાણીના સૂક્ષ્મ ભાગો છે જે **(૧) સ્નેહ સૂક્ષ્મ** નામથી ઓળખાય છે, તેનું રક્ષણ હમેશાં સાધુએ કરવું, **(૨) પુષ્પ સૂક્ષ્મ** તે

વડ, ઉમરડો વિગેરેના ફૂલ તેવા જ રંગના બહુ ઝીણાં હોવાથી દેખાતાં નથી તેની રક્ષા કરવી (ટીપણમાં લખ્યું છે કે ગૃહસ્થોને આવર્જવા દુર્લભ છે, પણ સાધુઓએ ખુબ લક્ષમાં રાખીને તેને બચાવવા જોઈએ.) તે અપેક્ષાએ સૂક્ષ્મ છે. તે જ પ્રમાણે (૩) **સૂક્ષ્મ પ્રાણી** તે કંથવા આ અનુદ્ધરી કહેવાય છે, કારણ કે એટલા નાના હોય છે કે ચાલતા હોય તો જ જીવ તરીકે જણાય, પણ ન ચાલે તો જીવ તરીકે જાણવા બહુ મુશ્કેલ થઈ પડે, (માટે સાધુએ પ્રત્યેક સમયે પૂંજીને જોઈને વસ્તુનો ઉપયોગ કરવો.) (૪) **ઉત્તિંગ સૂક્ષ્મ** તે કીડીનગરૂં (કીડીઆરૂ) તેમાં કીડીઓ ઉપરાંત બીજા સૂક્ષ્મ જીવો પણ હોય છે. તથા (૫) **પનક સૂક્ષ્મ** તે પ્રાયઃ ચોમાસામાં લાકડું તથા જમીન ઊપર પાંચ વર્ણની લીલ બાઝે છે તે છે તથા (૬) **બીજ સૂક્ષ્મ** એ ડાંગર વિગેરેના બીજના મોંઢા ઊપર જે કર્ણિકા બાઝે છે. લોકમાં તેને તુષમુખ કહે છે. (૭) **હરિત સૂક્ષ્મ** તે નવી વનસ્પતિ ઉગી હોય ત્યારે જમીન જેવો તેનો રંગ હોય, અને (૮) **અંડ સૂક્ષ્મ** તે માખી, કીડી, ગરોળી, બ્રાહ્મણી, કૃકલાસ(કરોળિયો) વિગેરેનાં ઇંડાં નાનાં હોય છે તે અંડ સૂક્ષ્મ છે તેની રક્ષાની વિધિ બતાવે છે. ॥૧૫॥

**एवमेयाणि जाणित्ता, सव्वभावेण संजए । अप्पमत्ते जए निच्चं, सव्विंदियसमाहिए ॥१६॥**

આ પ્રમાણે આઠે સૂક્ષ્મને સૂત્ર વડે જાણીને સર્વભાવ એટલે યથા શક્તિ સાધુએ અપ્રમત્ત બનીને નિદ્રા આળસ વિગેરેને છોડીને મન વચન કાયાથી તેમના રક્ષણ માટે સર્વકાળ સમાધિમાં રહેવું. એટલે પાંચે ઇંદ્રિયોના વિષયમાં રાગ દ્વેષને ત્યાગીને જીવોની રક્ષા કરવી. ॥૧૬॥

**धुवं च पडिलेहेज्जा, जोगसा पाय-कंबलं । सेज्जमुच्चारभूमिं च, संथारं अदुवाऽऽसणं ॥१७॥**

[1]રોજ સિદ્ધાંતની વિધિએ શક્તિ હોય ત્યાં સુધી ન ઓછું ન વધારે પોતાનાં ઉપકરણ પાતરાં કામળ (કમ્બળ) વિગેરે તથા શય્યા સંથારો સ્થંડિલ (ઝાડા પેશાબની જગ્યા) વિગેરે તથા આસનને બરાબર દેખે અને વાપરે; સૂત્રમાં પાતરાં લેવાથી બીજાં પણ વાસણ સમજવા, જેમ કે લાકડાનું કે તુંબાનું માટીના વાસણ હોય, તથા કામળ લેવાથી ઉન તથા સૂતરનાં બીજા કપડાં જે ઉપયોગી હોય તેની પણ રોજ બરોબર પ્રતિલેખના (ધારીને જોવું) કરે. ॥૧૭॥

**उच्चारं पासवणं, खेलं सिंघाण जल्लियं । फासुयं पडिलेहित्ता, परिट्ठावेज्ज संजए ॥१८॥**

ઝાડો પેશાબ બલખો લીટને પ્રથમ અચિત્ત જગ્યા આંખથી જોઈને જમીન ઊપર સાધુએ નાખવું. ॥૧૮॥

**पविसित्तु परागारं, पाणट्ठा भोयणस्स वा । जयं चिट्ठे मियं भासे, न य रूवेसु मणं करे ॥१९॥**

ઉપાશ્રયની વિધિ બતાવીને હવે ગોચરી જતાં ગૃહસ્થના ઘરની વિધિ બતાવે છે. બીજાને ઘેર ગોચરી પાણી લેવા જાય અથવા માંદા વિગેરે માટે દવા લેવા જાય. ત્યાં યત્નાથી ઉભો રહે. એટલે ગૃહસ્થના ઘરમાં ઝરૂખા વિગેરેમાં ન દેખે, પણ યોગ્ય જગ્યાએ ઉભો રહે, અને જે કારણે આવ્યો હોય તેજ વાતને ખુલાસાથી ટૂંકમાં કહે. પણ દાન આપનાર સ્ત્રીની કાંતિ કે રૂપ ઊપર નજર ન નાખે, એ પ્રમાણે બીજા કશા ઊપર પણ મન ન રાખે (રૂપ લેવાથી રસ વિગેરે ઊપર પણ સાધુએ મન ન લગાડવું.)॥૧૯॥

**बहुं सुणेइ कण्णेहिं, बहुं अच्छीहिं पेच्छइ । न य दिट्ठं सुयं सव्वं, भिक्खू अक्खाउमरिहइ ॥२०॥**

ગોચરીમાં ગયેલાને કોઈએ પૂછ્યું કે શું જોયું? અથવા ઉપદેશના અધિકારનું સામાન્ય પણે કહે છે, કે સારૂં અને નઠારૂં કાન વડે ઘણું સાંભળ્યું. અર્થાત્ નિંદા સ્તુતિના કે મધુર ગાયનના કે કઠોર અવાજના ઘણા શબ્દો કાનમાં પડી ચુક્યા તે પ્રમાણે અનેક પ્રકારનાં જોવા યોગ્ય, ન જોવા યોગ્ય સારાં માઠાં રૂપો આંખે જોવાઈ ગયાં હોય તો પણ આ પ્રમાણે ન કહે, કે તારી સ્ત્રીને મેં રોતી જોઈ કે સાંભળી, કારણ કે, આવું કહેવું સાધુને ઉચિત નથી અર્થાત સ્વ અને પર એ બંનેને આલોક પરલોકમાં હિતકારી હોય તેટલું જ કહેવું. પણ બધુએ સાંભળેલું કે જોએલું સાધુએ

૧ A ઉત્તરા. અ-૨૬ B ઉત્તરા. અ-૨૪/૧૩-૧૪-૧૫ C ઓ. નિ. - ગા. ૨૦૮

ન કહેવું, જો અહિતનું કહે કે, તારી સ્ત્રીને ખરાબ વર્તણુકવાળી મેં જોઈ છે. તો તેના ઘરમાં ક્લેશ થતાં સાધુને ચારિત્રમાં દોષ લાગે, પણ બંનેને હિતકારક હોય તેવું કહે, જેમ કે તમારા શિષ્યને મેં રાજાને શાંતિ પમાડતાં જોયો.॥૨૦॥

**सुयं वा जइ वा दिट्ठं, न लवेज्जोवघाइयं । न य केणइ उवाएणं, गिहिजोगं समायरे ॥२१॥**

ફરીથી ખુલાસો કરે છે. બીજાથી સાંભળ્યું હોય કે પોતે જોયું હોય તો પણ બીજા જીવને દુઃખ દેનારૂં વચન સાધુ ન બોલે જેમ કે તું ચોર છે અથવા કોઈ પણ ઉપાયે સૂક્ષ્મ ભાંગાએ ગૃહસ્થનો સંબંધ ન કરે, એટલે તેના છોકરાને રમાડવું અથવા તેના વ્યાપાર સંબંધી પોતે કાંઈ પણ આચરે નહિ. ॥૨૧॥

**निट्ठाणं रसनिज्जूढं, भद्दगं पावगं ति वा । पुट्ठो वा वि अपुट्ठो वा, लाभालाभं न निद्दिसे ॥२२॥**

ગૃહસ્થના ઘરમાં બધા રસથી યુક્ત રસોઈ હોય અથવા ફીકું બગડી ગયેલું નીરસ ભોજન હોય, તો તે બંને જોઈને આ ઠીક છે, આ નઠારૂં છે, એવું પોતે બીજાને પૂછતાં પણ કહે નહિ, તેમ પોતાને મળેલું હોય તે કોઈ પૂછે કે ન પૂછે તો પણ મળ્યું ન મળ્યું તેવું કંઈપણ ન બોલે.॥૨૨॥

**न य भोयणंमि गिद्धो, चरे उंछं अयंपिरो । अफासुयं न भुंजेज्जा, कीयमुद्देसियाऽऽहडं ॥२३॥**

સારા ભોજનમાં રક્ત બનીને શેઠીઆનાં ઘર ન શોધે પણ આંગળી બતાવ્યા વિના અજાણ્યા ઘરોમાં ધર્મલાભ મોંઢેથી બોલતો પ્રવેશ કરે ત્યાં સચિત્ત કે મિશ્ર ભોજન ન લે. તેમજ વેચાતું લાવેલું કે સાધુ માટે બનાવેલું કે સાધુ માટે જ દૂરથી આણેલું. તેવું દોષિત ભોજન પણ ન લે. (પૂર્વે વિશોધિ અવિશોધિ કોટી બતાવી ગયા છે તે જોવી.) ॥૨૩॥

**संनिहिं च न कुव्वेज्जा, अणुमायं पि संजए । मुहाजीवी असंबद्धे, हव्वेज्ज जगनिस्सिए ॥२४॥**

[1]સાધુએ પોતાની પાસે જરાપણ ખાવા પીવાની વસ્તુનો સંગ્રહ ન કરવો, (રાત્રિમાં જરા પણ ન રાખવું. દિવસે મૂર્છાથી વધારે લાવી સંઘરવું નહિ) તથા મુધાજીવી એટલે ગૃહસ્થની સાથે કોઈ પણ જાતનો પરિચય કે તેને સંસારી લાભ બતાવ્યા સિવાય નિર્દોષ ભોજન ઊપર સંતોષ સાધુએ રાખવો, તથા કમળના પાન ઊપર પાણી નિર્લેપ રહે, તેમ પોતે નિર્લેપ રહી જગતના બધા જીવો હાલતા કે સ્થિર હોય તેમનું રક્ષણ કરતો વિચરે. ॥૨૪॥

**लूहवित्ती सुसंतुट्ठे, अप्पिच्छे सुहरे सिया । आसुरत्तं न गच्छेज्जा, सोच्चाणं जिणसासणं ॥२५॥**

વાલ ચણા વિગેરે બાફેલાં હોય જેમાં ઘી તેલ વિશેષ ન હોય તેવા લુખ્ખા ભોજન ઊપર સદા સંતોષી રહે તથા ઈચ્છાનો નિરોધ કરે એટલે ઊનોદરી (મિતાહાર) કરે અને દુકાળ વિગેરેમાં થોડું મળે તો પણ સંતોષી રહે. તથા સાદું નિરસ ઓછું લુખ્ખું મળવા છતાં ગુરુ પાસેથી જિનેશ્વરનું વચન જે ક્રોધનાં માઠાં ફળ બતાવનારૂં છે તેને સાંભળીને બીજા ઊપર ક્રોધ પણ ન કરે. (મનમાં પણ રીસ ન રાખે.) વીતરાગનું વચન આ પ્રમાણે છે.

**[2]जहा चउहिं ठाणेहिं जीवा आसुरत्ताए कम्मं पकरेंति, तंजहा-कोहसीलयाए पाहुडसीलयाए जहा ठाणे जाव जं णं मए एस पुरिसे अण्णाणी मिच्छादिट्ठी अक्कोसइ हणइ वा तं ण मे एस किंचि अवरज्झइत्ति, किं तु मम एयाणि वेयणिज्जाणि कम्माणि अवरज्झंतित्ति सम्ममहियासमाणस्स निज्जरा एव भविस्सइ त्ति सूत्रार्थः॥**

જીવો ચાર જગ્યા એ અસુરપણાનું કર્મ બાંધે છે. ક્રોધથી તથા પ્રાભૃત શીલ પણે જેવું સ્થાનાંગ સૂત્રમાં બતાવ્યું છે તે જોવું જ્યાં સુધી કે આ પુરુષ અજ્ઞાની મિથ્યા દૃષ્ટિ આક્રોશ કરે અથવા હણે ત્યાં સાધુએ વિચારવું કે આ મારો જરા પણ અપરાધ કરતો નથી પણ ખરી રીતે, મેં પૂર્વે જે કર્મ કર્યાં તેનો ખરેખરો દોષ છે. એવું પોતે

૧ વિ. ભા. – ગા. ૧૨૪૦

૨ સ્થાનાંગ – ૪–૪–૫૬૭ तत्र पाठभेद दृश्यते

મનમાં ચિંતવે તેને નિર્જરા જ થાય. (તેનાં અશુભ કર્મ દૂર થઈ જાય છે. અહીંયાં સ્થાનાંગ સૂત્રનો પૂરો પાઠ નથી. પણ એમ સૂચવ્યું કે ક્રોધનાં અનેક કારણો હોય ત્યાં પણ સાધુએ બીજાનો દોષ ન કાઢતાં પોતાના પૂર્વ કર્મનો દોષ કાઢીને સંતોષથી દુઃખ સહન કરવું.)॥૨૫॥

**कण्णसोक्खेहिं सद्देहिं, पेम्मं नाभिनिवेसए । दारुणं कक्कसं फासं, काएण अहियासए ॥२६॥**

કાનને આનંદ આપનારા વેણુ વિણા અથવા પોતાની સ્તુતિમાં પ્રેમ ન કરે. તથા કઠોર એવા ખરાબ સ્પર્શને લઈ સંતોષથી કાયા વડે સહન કરે આ સૂત્રમાં કાનથી લઈને કાયા સુધી પાંચે ઇંદ્રિયોના રાગદ્વેષને દૂર કરવાનું બતાવ્યું એટલે અનુકૂળમાં રાગ ન કરવો તેમ પ્રતિકૂળમાં દ્વેષ પણ ન કરવો.॥૨૬॥

**खुहं पिवासं दुस्सेज्जं, सीउण्हं अरई भयं । अहियासे अव्वहिओ, देहे दुक्खं महाफलं ॥२७॥**

ભૂખ, તરસ, ખરાબ પથારી, ઠંડી, ગરમી, અરતિ ભય વિગેરેમાં પોતે મોઢું રાંકડું ન કરે. પણ ખરાબ શય્યા, એટલે સૂવાની જમીન ઊંચી નીચી હોય, અને અરતિ તે મોહનીય કર્મની હોય, અથવા વાઘ વિગેરેથી ભય આવે, અથવા જ્યાં દુઃખ થાય, ત્યાં એમ ચિંતવવું કે શરીરમાં હાલ જેટલું દુઃખ ભોગવશું, તેટલું ભવિષ્યમાં સારો લાભ થશે એટલે મોક્ષ આપનારૂં થશે. શરીર અસાર છે અને મોક્ષ સાર છે. એવું, મનમાં વારંવાર ચિંતવે. ॥૨૭॥

**अत्थंगयम्मि आइच्चे पुरत्था य अणुग्गए । आहारमइयं सव्वं, मणसा वि न पत्थए ॥२८॥**

સૂર્ય આથમ્યા પછી રાત્રીમાં અથવા સૂર્ય ઉગ્યા પહેલાં પરોઢીએ આહાર રૂપ કોઈ પણ વસ્તુને સાધુ મનથી પણ વાંછે નહિ. તો ખાવાનું કે તે સંબંધી બોલવાનું પણ હોય જ ક્યાંથી? ॥૨૮॥

**अतिंतिणे अचवले, अप्पभासी मियासणे । हवेज्ज उयरे दंते, थोवं लद्धुं न खिंसए ॥२९॥**

કદાચ દિવસે પણ આહાર ન મલ્યો હોય તો પણ સાધુ અતિન્તિણ (ન બડબડનારો) બને, તથા ન મળતાં ચંચળ પણ ન થાય, કિંતુ સ્થિર અને શાંત બને, જરૂર પડે થોડું બોલે, આહાર મળતાં હોજરી પાચન કરે, તેવું થોડું ભોજન લે, કદાચ ગૃહસ્થ થોડું આપે, તો તેની નિંદા કે તિરસ્કાર ન કરે.॥૨૯॥

**न बाहिरं परिभवे, अत्ताणं न समुक्कसे । सुयलाभे न मज्जेज्जा, जच्चा तवसि बुद्धिए ॥३०॥**

પોતે બીજાને ખીસીઆણો ન પાડે. પોતાની પ્રશંસા ન કરે. સિદ્ધાંત ભણવાથી અહંકારી ન થાય, કે હું પંડિત છું, લબ્ધિ વાળો છું, (જે જોઈએ તે બીજાને નહિ મળતાં મને મળે છે) અથવા હું ઊંચ જાતિનો છું. તપશ્ચર્યા વાળો છું તથા બુદ્ધિથી શ્રેષ્ઠ છું, એ પ્રમાણે કુળ, બળ, રૂપનાં સંબંધમાં પણ અહંકાર ન કરે, કે હું કુળવાન છું, રૂપવાળો છું, બળવાન છું. ॥૩૦॥

**से जाणमजाणं वा, कट्टु आहम्मियं पयं । संवरे खिप्पमप्पाणं, बीयं तं न समायरे ॥३१॥**

સાધુએ જાણતાં અથવા અજાણતાં રાગદ્વેષને વશ થઈને મૂળ ઉત્તર ગુણોમાં દોષ લગાડ્યા હોય તો ગુરુ પાસે બોલી જાય, અને ફરીથી તેવું પાપ ન થાય તેની સંભાળ રાખે, અને આત્માને કબજામાં રાખે કે ફરીથી તેવો દોષ ન લાગે. ॥૩૧॥

**अणायारं परक्कम्म, नेव गूहे न निण्हवे । सुई सया वियडभावे, असंसत्ते जिइंदिए ॥३२॥**

અનાચાર સેવીને (પાપ કરીને) જરા પણ છુપાવવું નહિ. એટલે ગુરુ પાસે, જેવી હકિકત હોય તેવી પૂરે પૂરી કહેવી, (સૂત્રમાં ગહન અને નિહ્નવ શબ્દ છે, તેનો અર્થ એ છે કે થોડું છુપાવે તે ગુહન અને બિલકુલ ઉડાવી દે તે નિહ્નવ છે,) પોતે નિરંતર પવિત્ર એટલે નિર્મળ બુદ્ધિ વાળો રહે તથા ખુલ્લાભાવ વાળો તથા બીજાથી પરવશ થયેલો ન બને તથા ઇંદ્રિયોનો પ્રમાદ દૂર કરીને રહે. ॥૩૨॥

**अमोहं वयणं कुज्जा, आयरियस्स महप्पणो । तं परिगिज्झ वायाए, कम्मुणा उववायए ॥३३॥**

આચાર્ય અથવા જ્ઞાન વિગેરે ગુણોથી બીજા મોટા સાધુઓ જે કહે કે આમ કર, આમ બેસ વિગેરે વચનને શિષ્યે અમૂલ્ય સમજીને અંગીકાર કરવું, અને તે જ પ્રમાણે વચનથી હા કહીને અમલમાં મૂકવું. ॥૩૩॥

**अधुवं जीविअं नच्चा, सिद्धिमग्गं वियाणिआ । विणियट्टेज्ज भोगेसु, आउं परिमियमप्पणो ॥३४॥**

જીવિત (આયુષ્ય)ને ચલાયમાન જાણીને મોક્ષને અચલ માનીને તેનો માર્ગ જે સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્ર માનીને બંધના હેતુઓ જે ભોગો છે. તેનાથી પોતે દૂર થાય, કદાચ આયુષ્ય અધવચ્ચે 'ન' તૂટે, તો પણ તે પરિમાણ વાળું છે. કારણ કે સો વર્ષનું આયુષ્ય હાલના વખતમાં છે, (તેમાં બાળપણા અને બુઢ્ઢાપણામાં ધર્મ સાધી શકાય નહિ, માટે જુવાનીમાં જ ધર્મ સાધવાનો છે.) એવું જાણીને ઇંદ્રિયો ઉન્મત્ત થાય તો પણ ભોગોથી પાછા હઠવું જોઈએ. ॥૩૪॥

**बलं थामं च पेहाए, सद्धामारोग्गमप्पणो । खेत्तं कालं च विण्णाय, तहऽप्पाण निजुंजए ॥३५॥**
**जरा जाव न पीले(डे)ई, वाही जाव न वड्ढई । जाविंदिया न हायंति, ताव धम्मं समायरे ॥३६॥**

ફરીથી ઉપદેશ કરે છે. પોતાની શક્તિ તથા હિંમત જોઈને તથા પોતાના આત્માની શ્રદ્ધા તથા આરોગ્યતા જોઈને, તથા ક્ષેત્ર તથા કાળ જાણીને ધર્મની અંદર પોતાના આત્માને જોડે, કારણ કે જ્યાં સુધી બુઢ્ઢાપો આવ્યો નથી, તથા રોગો વધ્યા નથી ત્યાં સુધી (જુવાનીમાં જ) સમજુ માણસે ધર્મ એટલે ચારિત્ર ધર્મ આરાધવો જોઈએ. ॥૩૫-૩૬॥

**कोहं माणं च मायं च, लोभं च पाववड्ढणं । वमे चत्तारि दोसे उ, इच्छंतो हियमप्पणो ॥३७॥**

ક્રોધ, માન, માયા, લોભ એ ચાર પાપને વધારનારા છે અને પાપના હેતુઓ જ છે, તેવું જાણીને એ ચારે દોષોને આત્માનું હિત વાંછનારે (ગૃહસ્થ અથવા સાધુએ) છોડવા જોઈએ.॥૩૭॥

**कोहो पीइं पणासेइ, माणो विणयनासणो । माया मित्ताणि नासेइ, लोभो सव्वविणासणो ॥३८॥**

જો ન છોડે તો, આ લોકમાં પણ શું નુકશાન થાય? તે બતાવે છે, ક્રોધ પરસ્પર પ્રેમનો નાશ કરે છે, માન વડિલો પ્રત્યે અહંકાર, તથા અજ્ઞાનતાથી વિનયનો ભંગ કરાવે છે, માયા વિશ્વાસનો ભંગ કરવાથી મિત્રતા નાશ પામે છે અને લોભ છે, તે, પ્રેમ વિનય અને મિત્રતા એ ત્રણેનો તથા બીજા સર્વ ગુણોનો નાશ કરે છે. ॥૩૮॥

**उवसमेण हणे कोहं, माणं मद्दवया जिणे । मायं चऽज्जवभावेण, लोभं संतोसओ जिणे ॥३९॥**

[1]હવે તે દોષોને દૂર કેવી રીતે કરવા તે કહે છે. શાંતિ રાખીને ક્રોધને જીતે (ગમ ખાય) અને માન છે, તેને કોમળતાથી નાશ કરે. સરળભાવે કપટનો ત્યાગ કરે, અને સંતોષ (નિઃસ્પૃહતા)થી લોભનો જય કરે, એટલે ઉદયમાં આવ્યા હોય, તો દૂર કરી નાખે, અને બીજા થવા દે નહિ, (દાબી રાખે.)॥૩૯॥

**कोहो य माणो य अणिग्गहीया, माया य लोभो य पवड्ढमाणा ।**
**चत्तारि एए कसिणा कसाया, सिंचंति मूलाइं पुणब्भवस्स ॥४०॥**

હવે પરલોકનાં દુઃખ બતાવે છે. ક્રોધને અને માનને જો કબજામાં ન રાખ્યા હોય, અને કપટ તથા લોભને વધવા દીધાં હોય, તો તે ચારે સંપૂર્ણપણે પોતાનો ભાવ દુષ્ટરૂપે ભજવતાં ફરીથી અશુભ ભાવ જળવડે સંસાર બીજને સિંચે છે. (ફરીથી સંસારમાં ભ્રમણા કરાવે છે.) ॥૪૦॥

---

૧ A નિયમસાર – ૧૧૫　B યોગશાસ્ત્ર ૯/૨૩　C ધમ્મપદ – ૨૨૩　D ઉ.અ. ૨૩/૫૩

**राइ(या)णिएसु विणयं पउंजे धुवसीलयं सययं न हावएज्जा ।**
**कुम्मो व्व अल्लीण-पलीणगुत्तो, परक्कमेज्जा तव-संजमम्मि ॥४१॥**

એથી સાધુએ શું કરવું, તે બતાવે છે, પોતાનાથી પહેલાં દીક્ષા લીધેલા અથવા જ્ઞાનથી અથવા ઉમ્મરથી જે મોટા હોય, તે રત્નાધિક કહેવાય છે, તેમનો વિનય કરવો. એટલે તેમને આવતાં જોઈ પોતે ઉભા થવું, આસન આપવું, અને યથાયોગ્ય વંદન કરવું, તથા અઢાર હજાર જે, બ્રહ્મચર્ય વ્રત્તના ભેદ છે. તેને નિરંતર છોડે નહિ, અર્થાત્ પૂરા પાળે, તથા કાચબાની માફક પોતાની ઇંદ્રિયો અંગ ઉપાંગને વશમાં રાખીને તપથી પ્રધાન એવા સંયમમાં વર્ત્તે (ઇંદ્રિયોને કબજામાં રાખીને સંયમ પાળે, અને મોટાનો વિનય રાખે.) ॥૪૧॥

**निद्दं च न बहु मन्नेज्जा, सप्पहासं विवज्जए । मिहोकहाहिं न रमे, सज्झायम्मि रओ सया ॥४२॥**

ઘણી નિદ્રા ન કરે તથા ઘણું હસવાનું પણ છોડી દે, સ્ત્રી સંબંધી અથવા કામ વિકારની કથાઓ છોડી દે. પણ ભણવા–ગણવામાં રાત દિવસ રક્ત રહે. ॥૪૨॥

**जोगं च समणधम्मम्मि, जुंजे अणलसो धुवं । जुत्तो य समणधम्मम्मि, अट्ठं लहइ अणुत्तरं ॥४३॥**

મન વચન કાયાના વ્યાપારને નિરંતર આળસ રહિત થઈને સાધુના દશ પ્રકારના યતિધર્મ ક્ષમા વિગેરેમાં યોજે કારણ કે તેમાં રહેલો સાધુ સર્વોત્તમ અર્થ જે સમ્યગ્ જ્ઞાન વિગેરે છે, તેને મેળવે એટલે મનથી ભણવામાં ઉત્સાહ રાખનારો, અને વચનથી ઉચિત કાળમાં ભણનારો તથા કાયાથી કપડાં વિગેરેની પ્રતિલેખના કરનારો જ્ઞાન દર્શન વિગેરેને મેળવે અને છેવટે મોક્ષ પણ મેળવે. ॥૪૩॥

**इहलोग-पारत्तहिअं, जेणं गच्छइ सोग्गइं । बहुसुयं पज्जुवासेज्जा, पुच्छेज्जऽत्थविणिच्छयं ॥४४॥**

જેમાં આ લોક અને પરલોકનું હિત છે, અને જેના વડે સુગતિ પ્રાપ્ત થાય છે, એટલે આ લોકમાં અપમાન ન થાય, અને શ્રેષ્ઠ કર્તવ્યથી સ્વર્ગ અને મોક્ષ મળે તે બંને હિત જેનાથી થાય છે, તે જ્ઞાન આપનાર એવા બહુશ્રુત (ગીતાર્થ સાધુ) ને સેવે, એટલે તેમની સેવામાં રહીને સૂત્રના નવા નવા વિષયોને જાણે અને પોતાનું હિત કેમ થાય તેનો નિશ્ચય કરે. ॥૪૪॥

**हत्थं पायं च कायं च, पणिहाय जिइंदिए । अल्लीणगुत्तो निसिए, सगासे गुरुणो मुणी ॥४५॥**

હાથ પગ અને કાયા તેને કબજામાં રાખીને ઇંદ્રિયોને જીતીને એકાગ્ર થઈને આસન સ્થિર કરીને ગુરુ પાસે મુનિ બેસે (એટલે ભણવામાં કે ગુરુના કાર્યમાં, સ્થિર ચિત્ત કરે.)॥૪૫॥

**न पक्खओ न पुरओ, नेव किच्चाण पिट्ठओ । न य ऊरुं समासेज्जा, चिट्ठेज्जा गुरुणंतिए ॥४६॥**

ગુરુના પડખામાં અથવા મોઢાની સામે અથવા ગુરુની પાછળ બેસવું નહિ, તેમ ગુરુના ઢીંચણને અડકીને ન બેસે, પણ એવી રીતે બેસે કે, ગુરુની દૃષ્ટિ સામે રહે, અને બીજાને વંદન કરતાં વિઘ્ન ન થાય તેમ જરા બાજુ ઊપર બેસે, જોડે બેસવાથી પોતાના શરીરથી ગુરુનું અપમાન (આશાતના) થાય, અને પડખામાં અથવા પાછળ બેસવાથી દૃષ્ટિ ન પડે, સામે બેસે તો બીજાને વંદન કરતાં પણ અડચણ થાય માટે વિચારીને જ બેસે. ગુરુની આગળ પગ ઊપર પગ ચડાવીને ન બેસે. અવિનયનો દોષ થાય છે. હવે વાણીની પ્રણિધિ કહે છે.॥ ૪૬॥

**अपुच्छिओ न भासेज्जा, भासमाणस्स अंतरा । पिट्ठिमंसं न खाएज्जा, मायामोसं विवज्जए ॥४७॥**

ગુરુને પૂછ્યા વિના તથા કારણ વિના બોલવું નહિ, તથા ગુરુજી બોલતા હોય, તે વખતે વચમાં બોલે નહિ, તેમ પછવાડે નિંદા પણ ન કરે તેમ કપટ યુક્ત જુઠને છોડી દે. ॥૪૭॥

**अप्पत्तिअं जेण सिया, आसु कुप्पेज्ज वा परो । सव्वसो तं न भासेज्जा, भासं अहियगामिणिं ॥४८॥**

જે બોલવાથી બીજાને અપ્રીતિ થાય, અથવા એકદમ બીજાને ક્રોધ થાય એવું વચન બંને લોકમાં અહિત કરનારૂં જાણીને સાધુએ સર્વ અવસ્થામાં ન બોલવું.॥૪૮॥

**दिट्टं मियं असंदिद्धं, पडिपुन्नं वियं जियं । अयंपिर-मणुव्विग्गं, भासं निसिर अत्तवं ॥४९॥**

ત્યારે કેમ બોલવું, તે બતાવે છે, બરાબર નજરો નજર જોએલું હોય, તથા શંકા રહિત હોય (સ્વ પર હિતકર હોય) તેવી ભાષા થોડા અક્ષરમાં સ્વર વિગેરેથી જાણીતી (બીજો સમજે તેવી) ન જોરથી તેમ ન ધીમેથી બીજાને અપ્રીતિ ન થાય તેમ સચેતન (વિચારવાન)સાધુ બોલે. ॥૪૯॥

**आयारपण्णत्तिधरं, दिट्ठिवायमहिज्जगं । वइविक्खलियं णच्चा, न तं उवहसे मुणी ॥५०॥**

આચાર સૂત્ર ભણેલા એટલે સ્ત્રીલિંગ વિગેરે જાણનારો તથા પ્રજ્ઞતિધર તે લિંગ વિગેરેને વિશેષ પ્રકારથી જાણનારો તથા દૃષ્ટિવાદ નામનું બારમું અંગ ભણનારો કદાચ પ્રત્યય લોપ, આગમ વર્ણવિકાર, કાલ, કારક, વિગેરે વ્યાકરણના નિયમ જાણનારો પણ ભૂલે એટલે અશુદ્ધ ઉચ્ચાર કરે, લિંગ ભેદ થાય, એવી ભૂલો જાણીને પણ બીજા મુનિએ હસવું નહિ, કે, આવું વ્યાકરણ ભણેલો, અથવા બારમું અંગ ભણનારાનું કેવું કૌશલ્ય છે, કે, આવી સાદી ભૂલ કરે છે? તે કંઈ ભણ્યો નથી, આવું સાધુ ન બોલે તેમ ન તેવી ચેષ્ટા કરે, કારણ કે જ્ઞાની અપ્રમાદી સાધુની પણ ભૂલ થવાનો સંભવ રહે છે, તેમાં કાંઈ નવાઈ જેવું નથી, માટે તેવી ભૂલ જાણીને હસવું નહિ, પણ જરૂર પડતાં એકાંતમાં સંતોષથી તેની થતી ભૂલ સુધરાવવી,॥૫૦॥

**नक्खत्तं सुमिणं जोगं, निमित्तं मंत भेसजं । गिहिणो तं न आइक्खे, भूयाहिगरणं पयं ॥५१॥**

નક્ષત્ર સંબંધી ગૃહસ્થ શુભ અથવા અશુભ વિચાર પૂછે, અથવા સ્વપ્રના સંબંધી ફળ પૂછે, અથવા વશીકરણ વિગેરેના યોગ પૂછે તથા ભૂતકાર્ય વિગેરે સંબંધી નિમિત્ત પૂછે, અથવા વીંછુ વિગેરેનો મંત્ર પૂછે તેમજ અતિસાર વિગેરેનું ઔષધ પૂછે તો તે બીજા જીવોને પીડારૂપ જાણીને સાધુએ ગૃહસ્થોની આગળ ન કહેવું, પણ ગૃહસ્થને અપ્રીતિ ન થાય, માટે કહેવું કે હે ભદ્ર! આ કહેવાનો અધિકાર સાધુનો નથી, (સાધુએ ફક્ત ધર્મનો ઉપદેશ આપવાનો છે.)॥૫૧॥

**अन्नट्ठं पगडंलेणं(लयणं), भएज्ज सयणऽऽसणं । उच्चारभूमिसंपन्नं, इत्थी-पसुविवज्जिअं ॥५२॥**

સાધુ માટે ન બનાવેલા ઘરને તથા તેવા જ નિર્દોષ પાટ, પાટલા, શય્યા, આસન વિગેરેને વાપરે, પણ તે મકાનમાં કારણ પડે વાપરવા સ્થંડિલ (ઝાડા પેશાબ) ની જગ્યા હોય તથા તેમાં એકાંતમાં સ્ત્રી પશુ તથા નપુંસકથી પીડા ન હોય.(ત્યાં રહેવું.)॥૫૨॥

**विवित्ता य भवे सेज्जा, नारीणं न लवे कहं । गिहिसंथवं न कुज्जा, कुज्जा साहूहिं संथवं ॥५३॥**

ત્યાં રહેતાં ધર્મ કથાની વિધિ કહે છે, બીજા સાધુ હોય નહિ, અથવા બીજા ગૃહસ્થ ન હોય, તેવા સમયે સ્ત્રી સાથે ધર્મની કથા પણ ન કરવી, તેમ પુરુષો સાથે પણ વિચારીને ઉચિત કથા કરવી, એટલે ગૃહસ્થનો વધારે પરિચય સ્નેહ વધતાં સાધુની ધર્મ બુદ્ધિ ઓછી થાય અને ગુરુ ભક્તિને બદલે ગૃહસ્થના જેવી, મિત્રતા થાય. માટે સાધુએ ગુણિ સાધુઓનો પરિચય રાખવો. એટલે ગુણોની વૃદ્ધિથી કલ્યાણ થાય.॥૫૩॥

**जहा कुक्कुडपोयस्स, निच्चं कुललओ भयं । एवं खु बंभयारिस्स, इत्थीविग्गहओ भयं ॥५४॥**

જરૂર પડે ગૃહસ્થનો પરિચય કરવો પડે તો પણ સ્ત્રીનો તો ન જ કરવો. તે કહે છે. જેમ મરઘીના બચ્ચાને બિલાડીનો હમેશાં ભય રહે છે, તેમ સ્ત્રીના શરીરથી સાધુને બ્રહ્મચર્ય ભંગનો ભય રહે છે, મૂળ સૂત્રમાં વિગ્રહ શબ્દ છે, તેનો અર્થ એ છે કે, સ્ત્રી જીવતી ન હોય પણ ફક્ત વિગ્રહ એટલે એકલું શરીર મડદા રૂપે પડેલું હોય, તો પણ સાધુને વિકાર કરાવે છે. (તો જીવતી સ્ત્રીઓનું તો કહેવું જ શું?) ॥૫૪॥

**चित्तभित्तिं न निज्झाए, नारिं वा सुअलंकियं । भक्खरं पिव दट्ठूणं, दिट्ठिं पडिसमाहरे ॥५५॥**

એટલા માટે ભીંતમાં કે કાગળમાં ચીતરેલી સચેતન અથવા અચેતન શણગાર કરેલી અથવા ન શણગાર કરેલી સ્ત્રીને પોતે જુએ નહિ અને કદાચ જોવાય તો પણ ઝળકતા સૂર્યની માફક તેને માની તેની ઊપરથી દૃષ્ટિ પાછી ખેંચી લેવી. ॥૫૫॥

**हत्थ-पायपडि(लि)च्छिन्नं, कण्ण-नासविगप्पिअं । अवि वाससइं नारिं, बंभयारी विवज्जए ॥५६॥**

[1]હાથ, પગથી કપાએલી અથવા કાન, નાક જેના કદરૂપા હોય અથવા સો વરસની ઘરડી ડોસી હોય, તો પણ બ્રહ્મચારી એટલે સાધુનું ચારિત્રરૂપી ધન સ્ત્રીરૂપી ચોરોથી ન લુંટાય, માટે તે તરફ દૃષ્ટિ ન કરવી, આ ઊપરથી એમ સમજવું કે જ્યાં એવી કદરૂપી બુઢ્ઢી સ્ત્રીથી સાધુને ભય છે, (તો રૂપવાળી અને જુવાન સ્ત્રીથી તો પૂછવું જ શું?) માટે સ્ત્રીને વર્જવી. ॥૫૬॥

**विभूसा इत्थिसंसग्गी, पणीयरसभोयणं । नरस्सऽत्तगवेसिस्स, विसं तालउडं जहा ॥५७॥**

વળી (સાધુએ આટલું ન કરવું, તે કહે છે.) ગૃહસ્થની માફક વસ્ત્રની શોભા તથા સ્ત્રીનો પરિચય તથા ઘી, તેલ, મરી, મશાલાનું ભોજન આ જો સાધુ ત્યાગે નહિ, તો તેને પરલોકનું હિત ચિંતવતાં અમૃત સમાન સાધુપણું મૂકીને, હળાહળ ઝેર સમાન સંસાર ભ્રમણ મળે છે. ॥૫૭॥

**अंग-पच्चंगसंठाणं, चारुल्लविय-पेहियं । इत्थीणं तं न निज्झाए, कामरागविवड्ढणं ॥५८॥**

સ્ત્રીનાં અંગ તે માથું વિગેરે છે, અને પ્રત્યંગ તે આંખ વિગેરે તથા શરીરનો આકાર (હાલ ચાલ ચેષ્ટા) તથા મધુર બોલવું, તથા નિહાળીને જોવું, એ સ્ત્રીઓનું જે કંઈ છે, તે કામરાગને વધારનારૂં જાણીને તે તરફ સાધુ લક્ષ ન રાખે. (આ પૂર્વે દેખવાનું નિષેધ કર્યા છતાં ફરી કહેવાનું કારણ હાવભાવ પ્રધાન છે તેથી જુદું લીધું છે.) ॥૫૮॥

**विसएसु मणुण्णेसु, पेमं नाभिनिवेसए । अणिच्चं तेसिं विण्णाय, परिणामं पोग्गलाण य॥५९॥**

પાંચે ઈંદ્રિયોના મનોહર સુખદાઈ શબ્દ વિગેરે વિષયોમાં સાધુએ પ્રેમ ન કરવો, તેમજ વિપરીતમાં દ્વેષ ન કરવો. શંકા–કાનનું સુખ વિગેરે ન ઇચ્છવું એવું પૂર્વે કહેલું છતાં અહીં ફરીથી શા માટે કહ્યું?–ઉત્તર–બીજાં કારણ કહેવાથી વિશેષ લાભ થાય તે માટે કહેલું છે, સાધુ જિનવચન પ્રમાણે વિચારે કે તે વિષયોનું સુંદરપણું કે વિરૂપતા અનિત્ય છે, ક્ષણ માત્ર છે, જોવા પૂરતું જ છે, વિગેરે પુદ્‌ગલોના પરિણામને વિચારે તે કહે છે.॥૫૦॥

**पोग्गलाण परीणामं, तेसिं णच्चा जहा तहा । विणीयतण्हो विहरे, सीईभूएण अप्पणा ॥६०॥**

વારંવાર મનોજ્ઞ અને અમનોજ્ઞ એવા બંને પ્રકારના પદાર્થોના સ્વરૂપને વિચારે કે આનું પરિણામ શું આવશે. લાભ કેટલો છે અને હાનિ કેટલી છે, તે વિચારીને તૃષ્ણા છોડીને ક્રોધ વિગેરેને દૂર કરી મધ્યસ્થ પરિણામે વિચરે (આ સંબંધમાં ટૂંકી કથા કહી છે.) (એક રાજાની દેવાંગના જેવી રાણી હતી. તેનું રૂપ અથાગ હતું, તેને જોવા માટે સૂર્ય પણ સમર્થ નહોતો. એવી રીતે ગુપ્ત રાખવાથી તેને જોવા અનેક પુરુષો ઇચ્છતા હતા, કોઈ પર્વ નિમિત્તે અમુક વખતે બગીચામાં કોઈએ જવું નહિ, એવો રાજાએ ઢંઢેરો પીટાવ્યો, પણ ધનાઢ્ય રસિક યુવાનો પરોઢીએ જઈને રાણીનું રૂપ જોવાને માટે બાગમાં ઝાડો ઊપર સંતાયા, પણ રાણી કોઈ પણ કારણથી ત્યાં આવી નહિ, રાજાએ પરીક્ષા લેવા માટે પહેરો મૂક્યો હતો કે મારી આજ્ઞા લોકો પાળે છે કે નહિ? પછી અંદર રહેલા યુવકો ભૂખથી કંટાળી ધીરે ધીરે બહાર આવવા લાગ્યા, રાજાએ પણ પોતાનો દાબ બેસાડવા માટે બાગની અંદરના ભરાઈ રહેલા યુવકોનો એકે એકનો શીરચ્છેદ કરાવ્યો. આ પ્રમાણે રૂપ જોવાના રસીયા બૂરે હાલે મુવા, તે પ્રમાણે દરેકમાં

૧ A સમવાં.વૃત્તિ પત્ર – ૧૫ B સ્થાનાંગ – ૯/૩

સમજવું કે ઇંદ્રિયોના વિષય સુખ નહિ પણ દુઃખ જ આપનારા છે, તેથી સાધુએ પોતે મોક્ષમાં જ રક્ત રહેવું. ॥૬૦॥

**जाए सद्धाए निक्खंतो, परियायट्ठाणमुत्तमं । तमेव अणुपालेज्जा, गुणे आयरियसम्मए ॥६१॥**

જે ઉત્તમ ગુણો સ્વીકારવા રૂપ શ્રદ્ધા વડે અવિરતિ (સંસાર) રૂપ કાદવથી નીકળ્યો છે, અને દીક્ષારૂપ ઉત્તમ સ્થાનને પામ્યો છે, તે ચારિત્રને પૂર્વની ચડતી શ્રદ્ધા માફક જ યતનાથી પાળે, અને આચાર્ય તથા તીર્થંકર વિગેરેએ જે મહાવ્રત રૂપ ગુણોનું બહુમાન કહેલું છે, તે ગુણો મેળવવા પ્રયત્ન કરે, બીજા આચાર્ય શ્રદ્ધાનું વિશેષણ જ ગુણો કરે છે, (એટલે મહાવ્રતોને બદલે શ્રદ્ધાનું વિશેષણ લીધું, જેની શ્રદ્ધા પાકી હોય, તે જ મહાવ્રતો બરાબર રીતે પાળી શકે છે.) પણ એ શ્રદ્ધા આચાર્યને સંમત જોઈએ એટલે આચાર્ય જે પ્રમાણે કહે તે પ્રમાણે શિષ્યે વર્ત્તવું, પણ પોતાની ઇચ્છા કે કદાગ્રહથી કલંકિત ન થવું. ॥૬૧॥

**तवं चिमं संजमजोगयं च, सज्झायजोगं च सया अहिट्ठए ।**
**सुरे व सेणाए समत्तमाउहे, अलमप्पणो होइ अलं परेसिं ॥६२॥**

[1]આચાર પ્રણિધિનું ફળ કહે છે. તપ તે બાર પ્રકારનું અણસણ વિગેરે છે, તે સાધુઓને જાણીતું છે, અને પૃથ્વી વિગેરે જીવોનું રક્ષણ છે સંયમ યોગ છે, અને (તત્ત્વમાં રમણતા રહે માટે.) સ્વાધ્યાય યોગમાં એટલે ભણવામાં હમેશાં રક્ત રહે, અહીંયાં તપમાં ભણવાનું આવી ગયું છતાં જુદું બતાવવાનું કારણ જ્ઞાન મેળવવું તે આચારનું મુખ્ય સાધન છે. વળી બહાદુર યોદ્ધો શત્રુની ચાર પ્રકારની સેના સાથે લડતાં ઘેરાએલો પોતાના શસ્ત્રોથી અને બળથી જય મેળવે છે, અને શત્રુઓને મારી પાછા હઠાવે છે, (તે પ્રમાણે સાધુઓ સંપૂર્ણ તપ વિગેરે શસ્ત્રોથી સજ્જિત થઈ ઇંદ્રિય અને કષાયોથી ઘેરાયા છતાં તેમને કબજે લઈ પોતાના શુદ્ધાચારમાં રહે જેથી પોતાનું તથા પોતાના આશ્રિતોનું રક્ષણ કરી શકે.) ॥૬૨॥

**सज्झाय-सज्झाणरयस्स ताइणो, अपावभावस्स तवे रयस्स ।**
**विसुज्झई जं से मलं पुरेकडं, समीरियं रुप्पमलं व जोइणा ॥६३॥**

ફરીથી તેજ કહે છે–સ્વાધ્યાય તેજ સારૂં ધ્યાન તેમાં રક્ત સ્વ અને પરનું રક્ષણ કરનારો તથા લબ્ધિ વિગેરેની અપેક્ષા રહિત શુદ્ધ ચિત્તવાળો તપમાં પણ યથાશક્તિ રક્ત હોય, તે સાધુને પૂર્વ ભવોમાં કરેલાં પાપ રૂપ મેલ દૂર થઈ જાય છે. જેમ કે ચાંદીને અગ્નિમાં તપાવવામાં કાટ બળી જાય અને ચળકતી થાય. તે પ્રમાણે સાધુને પણ પોતાનાં કર્મ નષ્ટ થતાં જ્ઞાન વિગેરે આત્માના નિર્મળ ગુણો પ્રગટ થાય છે. ॥૬૩॥

**से तारिसे दुक्खसहे जिइंदिए, सुएण जुत्ते अममे अकिंचणे ।**
**विरायई कम्मघणंमि अवगए, कसिणब्भपुडावगमे व चंदिम ॥६४॥**
**त्तिबेमि॥आयारपणिही णाम अज्झयणं समत्तं॥८॥**

પૂર્વે કહેલા પ્રમાણે ગુણોમાં રક્ત સાધુ દુઃખથી જીતવા યોગ્ય એવી જે ઇંદ્રિયો છે, તેને જીતનારો અને શ્રુતજ્ઞાનથી યુક્ત પોતે મમતા છોડીને કોઈપણ જાતનો પરિગ્રહ રાખ્યા વિના જેમ વાદળાં દૂર થવાથી નિર્મળ આકાશમાં ચંદ્રમા શોભે, તેમ સાધુનાં જ્ઞાનાવરણીય વિગેરે ઘાતી કર્મ રૂપ વાદળાં દૂર થતાં મેળવેલા કેવળજ્ઞાન રૂપ નિર્મળ પ્રકાશ વડે દીપે છે, સૂત્ર અનુગમ કહ્યો, નયો પૂર્વ માફક જાણવા, આચાર પ્રણિધિ નામનું આઠમું અધ્યયન સમાપ્ત ॥૬૪॥

૧ કલ્પભાષ્ય – ગા. ૧૧૬૯

# नवमं विणयसमाहिअज्झयणं

## पढमो उद्देसओ

## વિનય સમાધિ નામનું નવમું અધ્યયન કહે છે.

## પહેલો ઉદ્દેશો

ગયા અધ્યયનમાં કહ્યું કે આચારમાં, ચિત્ત સ્થિર કરનારનું વચન નિરવદ્ય હોય છે તેથી તેમાં યત્ન કરવો, એવું કહેલું અને આ અધ્યયનમાં યથા ઉચિત વિનયવાળો, હોય તેને જ આચારમાં ચિત્ત સ્થિર હોય છે. (અર્થાત્ આચારમાં રહેલાનું વચન નિર્મળ હોય અને જે સાધુ ઉચિત વિનય કરનારો હોય તેનું આચારમાં ચિત્ત હોય,) કહ્યું છે કે,

**आयारपणिहाणंमि, से सम्मं वट्टई बुहे । णाणादीण विणीए जे, मोक्खट्ठा निव्विगिच्छए ॥१॥**

[1]આચારમાં તેજ સ્થિર ચિત્તવાળો પંડિત સાધુ સારી રીતે ચાલે છે, કે જે જ્ઞાન વિગેરેમાં વિનીત (વિનયવાળો) છે; અને મોક્ષના માટે શંકા રાખ્યા વિના ઉદ્યમ કરે છે આ બંનેના સંબંધ વડે આ અધ્યયન આવેલું છે, તેના ચાર અનુયોગદ્વારનો પૂર્વ માફક ઉપન્યાસ કરવો, જ્યાં સુધી નામ નિષ્પન્ન નિક્ષેપો આવે, તેમાં વિનય સમાધિ એવું બે પદવાળું નામ છે, તેના નિક્ષેપા કહે છે.॥૧॥

**विणयस्स समाहीए निक्खेवो होइ दोण्हवि चउक्को । दव्वविणयंमि तिणिसो सुवण्णमिच्चेवमाईणि ॥३०९॥**

[2]વિનય એ પ્રસિદ્ધ તત્ત્વ છે. તથા સમાધિ એ બંનેના નામ વિગેરે ચાર ભેદે નિક્ષેપ છે, નામ સ્થાપના સુગમને છોડીને દ્રવ્ય વિનય કહે છે. 'જ્ઞ' શરીર ભવ્ય શરીર એ બંનેથી જુદા તિનિશ (એક જાતનું વળી જાય તેવું લાકડું) છે અને તે રથ વિગેરેના ભાગોમાં (હાલ ખુરશીઓ વિગેરેમાં) વપરાય છે. તેના વળવાના ઉત્તમ ગુણથી વપરાય છે, તે જ પ્રમાણે સોનું વિગેરે જે નરમ ધાતુ છે, જે વાળ્યુ વળે છે, તે કડાં કુંડળ વિગેરેમાં વપરાય છે, તે વળવાને દ્રવ્ય વિનય કહે છે, તે પ્રમાણે તેવાં તેવાં રૂપવાળાં બીજાં પણ લેવાં અર્થાત્ બીજી વળનારી વસ્તુઓ પણ લેવી. હવે ભાવ વિનય કહે છે.॥૩૦૯॥

**लोगोवयारविणओ अत्थनिमित्तं च कामहेउं च । भयविणय मुक्खविणओ विणओ खलु पंचहा होइ ॥३१०॥**

લોકમાં જે વિનય કરાય છે, તે લોકોપચાર વિનય, તે વિનય આબરૂ મેળવવાને માટે છે, તથા પૈસા પેદા કરવા વિનય કરાય તે અર્થવિનય, તથા સંસાર સંબંધ કરવા વિનય કરાય તે કામવિનય તથા ભયને માટે વિનય કરાય તે ભયવિનય, તથા મોક્ષ માટે ગુરુ વિગેરેનો વિનય તે મોક્ષ વિનય, એમ ઉપચારથી પાંચ પ્રકારનો વિનય છે, તે હવે ખુલાસાથી બતાવે છે. ॥૩૧૦॥

**अब्भुट्ठाणं अंजलि आसणदाणं अतिहिपूआ य । लोगोवयारविणओ देवयपूआ य विहवेणं ॥३११॥**

ઘેર આવેલાની સામે ઉભા થવું, હાથ જોડી વિનંતિ કરવી, બેસવાને આસન આપવું, આ વિનય પ્રાયઃ ઘેર આવેલાનો કરાય છે, તથા જે અતિથિ છે, તેને ભોજન કરાવવું (જમાડવું) વિગેરે પણ વિનયમાં છે, તથા દેવતાની પૂજા પોતાની શક્તિ પ્રમાણે બળિ વિગેરે આપીને કરવી, તે પણ આજ લોકોપચાર વિનયમાં છે, (મોક્ષનું સ્વરૂપ

---

૧ A પ્રશ્ન વ્યાકરણ સંવરદ્વાર – ૩/૫ B સૂત્ર કૃ. ૧–૧૨–૧

૨ A તત્ત્વાર્થરાજ વાર્તિકમ્ – ૮/૧ B ઉત્તરાધ્યયન બૃહદ્ વૃત્તિ – પૃ. ૪૪૪

જાણ્યા વિના તથા તત્ત્વની પીછાણ થયા વિના દેખા દેખી જે વીતરાગ દેવ સિવાયની દેવ પૂજા થાય તે આમાં ગણેલી છે.) ॥૩૧૧॥

**अब्भासवित्तिछंदाणुवत्तणं देसकालदाणं च । अब्भुट्ठाणं अंजलिआसणदाणं च अत्थकए ॥३१२॥**

અર્થ વિનય કહે છે– રાજા વિગરેની પાસે રહેવું, અને તેમની ઇચ્છાને તાબે થવું, તથા લશ્કર વિગેરેમાં મોટા રાજાને દેશકાળને યોગ્ય મદદ કરવી. તથા તેમનું બહુમાન કરવા ઉભા થવું, (ગ્રાહકનો આદર કરવો) વિગેરે પૂર્વે કહ્યા મુજબ કરવું, તે અર્થવિનય છે (જેના પાસેથી પૈસા મળે તેવા પુરુષની આગતા સ્વાગતા કરવી, તેનો મુખ્ય હેતુ પૈસાનો હોવાથી તેને અર્થ વિનય કહેલ છે.)॥૩૧૨॥

**एमेव कामविणओ भए अ नेअव्वमाणुपुव्वीए । मोक्खंमिऽवि पंचविहो परूवणा तस्सिमा होइ ॥३१३॥**

હવે કામ વિનય કહે છે. વેશ્યા વિગેરે દુરાચારિણી સ્ત્રીઓનું સુંદર રૂપ જોઈને તેનું મન રાજી રાખવાને માટે જે વિનય કરાય તેનું નામ કામ વિનય છે, તેજ પ્રમાણે નોકરો કે ગુલામો માલિકની ખુશામત કરે તે ભય વિનય છે. તે પ્રમાણે મોક્ષ સંબંધી પણ પાંચ પ્રકારનો વિનય છે; તે હવે બતાવે છે.॥૩૧૩॥

**दंसणनाणचरित्ते तवे अ तह ओवयारिए चेव । एसो अ मोक्खविणओ पंचविहो होइ नायव्वो ॥३१४॥**

દર્શન જ્ઞાન ચારિત્ર સંબંધિ તથા તપ અને ઔપચારિક એમ પાંચ પ્રકારનો મોક્ષ વિનય છે, તેનો ખુલાસો કરે છે. ॥૩૧૪॥

**दव्वाण सव्वाभावा उवइट्ठा जे जहा जिणवरेहिं । ते तह सद्दहइ नरो दंसणविणओ हवइ तम्हा ॥३१५॥**

ભગવાને ધર્માસ્તિકાય વિગેરે દ્રવ્યોનું સ્વરૂપ જેવું બતાવ્યું, તેજ પ્રમાણે અગુરુલઘુ વિગેરે બધા ભાવો કહ્યા છે, તે પ્રમાણે માને, તો તે દર્શન વિનય કહેવાય. ॥૩૧૫॥

**नाणं सिक्खइ नाणं गुणेइ नाणेण कुणइ किच्चाइं । नाणी नवं न बंधइ नाणविणीओ हवइ तम्हा ॥३१६॥**

જ્ઞાન વિનય બતાવે છે, નિરંતર નવું જ્ઞાન પ્રાપ્ત કરે, તથા જુના જ્ઞાનને ગણે, એટલે ભણેલાની આવૃત્તિ કરે. તથા જ્ઞાન વડે સંયમ કૃત્યો કરે. એ પ્રમાણે જ્ઞાની સાધુ નવાં કર્મો ન બાંધે. અને જુનાં કર્મોને દૂર કરે, તેથી તે જ્ઞાન વિનીત છે, એટલે જ્ઞાનથી કર્મને દૂર કરનારો છે. ॥૩૧૬॥

**अट्ठविहं कम्मचयं जम्हा रित्तं करेइ जयमाणो । नवमन्नं च न बंधइ चरित्तविणओ हवइ तम्हा ॥३१७॥**

આઠ પ્રકારનાં જે કર્મ છે, તેનો સમૂહ પૂર્વે જે બાંધેલો હોય, તેને રિક્ત (ખાલી) કરે એટલે પોતાની સાધુની ક્રિયામાં યત્નવાળો રહેવાથી કર્મ ઓછાં કરે અને નવાં કર્મ બાંધે નહિ, તે ચારિત્ર વિનય છે, તેજ ચારિત્ર વડે સાધુ વિનીત કર્મવાળો છે.॥૩૧૭॥

**अवणेइ तवेण तमं उवणेइ अ सग्गमोक्खमप्पाणं । तवविणयनिच्छयमई तवोविणीओ हवइ तम्हा ॥३१८॥**

તપનો વિનય કહે છે – તપસ્યા વડે અજ્ઞાન રૂપ અંધકારને દૂર કરે, અને પોતાના આત્માને સ્વર્ગ અને મોક્ષની તરફ લઈ જાય, તે તપ વિનય છે. ॥૩૧૮॥

**अह ओवयारिओ पुण दुविहो विणओ समासओ होइ । पडिरूवजोगजुंजण तह य अणासायणाविणओ ॥३१९॥**

હવે ઉપચાર વિનય કહે છે – પ્રતિરૂપ યોગ યોજના વિનય તથા અનાશાતના વિનય એમ બે પ્રકારે છે. તેનો ખુલાસો કરે છે. ॥૩૧૯॥

**पडिरूवो खलु विणओ काइअजोए य वाइ माणसिओ । अट्ठ चउव्विह दुविहो परूवणा तस्सिमा होइ ॥३२०॥**

ઉચિત વિનય ત્રણ પ્રકારનો છે. કાયાથી, વચનથી અને મનથી તેમાં કાયાનો આઠ, વચનનો ચાર અને મનનો બે પ્રકારનો છે, તે દરેકની હવે પ્રરૂપણા કરે છે.॥૩૨૦॥

अब्भुट्ठाणं अंजलि आसणदाणं अभिग्गह किई अ । सुस्सूसणमणुगच्छण, संसाहण काय अट्ठविहो ॥३२१॥

[1](૧) ઉભા થવું (૨) પૂછતાં હાથ જોડવા (૩) આસન આપવું (૪) અભિગ્રહ એટલે ગુરુની આજ્ઞાનું પાલન કરવું (૫) કૃતિ કર્મ એટલે નમસ્કાર કરવો તથા (૬) વિધિ પ્રમાણે ન ઘણું દૂર અથવા ન ઘણું નજીક રહી ગુરુ મહારાજની સેવા કરવી. અને (૭) આવતાની સામે લેવા જવું, તેમજ (૮) જતાની પાછળ મૂકવા જવું. એમ આઠ પ્રકારનો કાયાનો વિનય છે. ॥૩૨૧॥

हिअमिअअफरुसवाई अणुवीईभासि वाइओ विणओ । अकुसलचित्तनिरोहो कुसलमणउदीरणा चेव ॥३२२॥

હવે વચનનો વિનય કહે છે – હિત, મિત, અકઠોર અને વિચાર પૂર્વક વાણી સાધુએ બોલવી, જેનું પરિણામ સુંદર આવે, તે હિત છે, તથા થોડા અક્ષરમાં કહેવું, તે મિત તથા કાનમાં સાંભળતાં ક્રોધ ઉત્પન્ન ન થાય, તે અકઠોર અને વિચારીને બોલવું, એમ ચાર પ્રકારે વચનનો વિનય છે, મનનો વિનય બે પ્રકારનો છે, એટલે આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન વિગેરેથી અકુશળ મનને રોકવું તથા ધર્મધ્યાન અને શુક્લધ્યાન જે કુશળ ભાવ છે, તેની ઉદીરણા કરવી, આ પ્રતિરૂપ વિનય શા માટે અને કોનો કરવો? તે શિષ્યના પ્રશ્નમાં ગુરુ કહે છે. ॥૩૨૨॥

पडिरूवो खलु विणओ पराणु अत्तिमइओ मुणेअव्वो । अप्पडिरूवो विणओ नायव्वो केवलीणं तु ॥३२३॥

પ્રતિરૂપ એટલે ઉચિત વિનય તે તે વસ્તુની અપેક્ષાએ પ્રાયઃ આત્માથી જુદો અને મુખ્ય અનુવૃતિરૂપ જાણવો, આ છદ્મસ્થ (કેવળજ્ઞાન વિનાના) સાધુઓ માટે પ્રાયે જાણવો, અને આ પ્રતિરૂપ વિનય તે અપર (પોતાનો આત્મા) તેનો અનુવૃતિરૂપ છે, તે કેવળ જ્ઞાનીને જ હોય છે, કારણ કે તેઓને બીજાનો વિનય નહિ હોવાથી તેવી જ રીતે તેમનાં કર્મ ખપે છે, તેમનામાં પણ ઈત્વર એટલે પ્રતિરૂપ ભણેલા કેવળ ભાવોનો હોય છે, હવે તેની સમાપ્ત કરે છે. ॥૩૨૩॥

एसो मे परिकहिओ विणओ पडिरूवलक्खणो तिविहो । बावन्नविहिविहाणं बेंति अणासायणा विणयं ॥३२४॥

આ પ્રમાણે પ્રતિરૂપ લક્ષણવાળો ત્રણ પ્રકારનો વિનય મન વચન અને કાયાનો છે, અને પેટા ભેદ જેના બાવન છે, એવું તીર્થંકરો કહે છે, તે અનાશાતના વિનયને હવે કહે છે, ॥૩૨૪॥

तित्थगरसिद्धकुलगणसंघकियाधम्मनाणनाणीणं । आयरिअथेरओज्झागणीणं तेरस पयाणि ॥३२५॥

[2](૧) તીર્થંકર (૨) સિદ્ધ (૩) કુલ (૪) ગણ (૫) સંઘ (૬) ક્રિયા (૭) ધર્મ (૮) જ્ઞાન (૯) જ્ઞાની, તથા (૧૦) આચાર્ય (૧૧) સ્થવીર (૧૨) ઉપાધ્યાય અને (૧૩) ગણી સંબંધી તેર પ્રકારનો વિનય છે. તેમાં તીર્થંકર અને સિદ્ધ એ બંને જાણીતા છે. કુલ તે નાગેન્દ્ર વિગેરે જાણવું. અને ગણ તે કોટીક વિગેરે છે, સંઘ જાણીતો છે, ક્રિયા તે અસ્તિવાદ રૂપ છે, ધર્મ તે શ્રુત ધર્મ વિગેરે છે, જ્ઞાન તે મતિ વિગેરે છે, અને જ્ઞાની તે જ્ઞાનવાળાં જાણવા, આચાર્ય જાણીતા છે, સ્થવીર તે કંટાળેલા સાધુને ચારિત્રમાં સ્થિર કરે તે છે, અને ઉપાધ્યાય જાણીતા છે, અને સાધુ સમુદાયના અધિપતિ તે ગણી કહેવાય આ તેર પદો થયા. ॥૩૨૫॥

अणासायणा य भत्ती बहुमाणो तहय वन्नसंजलणा । तित्थगराई तेरस चउग्गुणा होंति बावन्ना ॥३२६॥

આ તેર પદોને અનાશાતના (નિંદા ન કરવી) તથા ભક્તિ (જોઈતી ચીજ પૂરી પાડવી) બહુમાન (જોઈને બહુ હર્ષ બતાવવો) તથા ગુણોની સ્તુતિ એમ ચાર ભેદે ગુણતાં બાવન થાય છે, આ પ્રમાણે વિનય બતાવ્યો અને હવે સમાધિ કહે છે. તેમાં નામ સ્થાપના સુગમ છે, તેને છોડીને દ્રવ્ય વિગેરે સમાધિ કહે છે. ॥૩૨૬॥

दव्वं जेण व दव्वेण समाही आहिअं च जं दव्वं । भावसमाहि चउव्विह दंसणनाणे तवचरित्ते ॥३२७॥

૧ A ઉત્તરા. – ૩૦/૩૨ B વિ. ભા. – ૯૩૨/૩૪૬૯

૨ A પ્રથમ અ. ગા. ૪૭ જૂઓ B સ્થાનાંગ – ૭/૧૩૭ C ઔપપાતિક તપવર્ણ D ભગવતી – ૨૫/૭
E આ. ચૂર્ણિ (જિનદાસ ગણી)

દ્રવ્ય તેજ સમાધિ, તે દ્રવ્ય સમાધિ છે, અથવા શરીરને દુઃખ રૂપ ન થાય, એવા પ્રમાણમાં દૂધ, ગોળ વાપરે, અથવા ત્રિફલા વિગેરેથી જે શરીરમાં નિરોગતાથી સમાધિ રહે, તે દ્રવ્ય સમાધિ જાણવી, તથા ત્રાજવામાં એક બીજાના તોલવામાં કાટલાં (વજન)થી સમપણું કરે, તે દ્રવ્ય સમાધિ રૂપ છે, હવે ભાવ સમાધિ કહે છે. પ્રશસ્ત ભાવનું અવિરોધી લક્ષણ જે છે, તે ચાર પ્રકારનું છે, એટલે દર્શન જ્ઞાન તપ અને ચારિત્ર આમાં આત્માનો નિર્મળ ભાવ કાયમ રહે, તેને ભાવ સમાધિ કહે છે, આ ભાવ સમાધિનો દર્શન વિગેરે એકલામાં અથવા ચારે ગુણોમાં (આત્માની સાથે) સર્વથા અવિરોધ હોવો જોઈએ. આ પ્રમાણે સમાધિનો નામ નિષ્પન્ન નિક્ષેપો કહ્યો, હવે સૂત્રઆલાપક નિષ્પન્ન નિક્ષેપાનો અવસર છે તે પૂર્વ માફક જાણીને અસ્ખલિત ગુણયુક્ત સૂત્ર ઉચ્ચારવું તે કહે છે. ||૩૨૭||

**थंभा व कोहा व मयप्पमाया, गुरुस्सगासे विणयं न सिक्खे ।**
**सो चेव ऊ तस्स अभूइभावो, फलं व कीयस्स वहाय होइ ॥१॥**

"માની' (અહંકારી) અક્કડ રહેવાથી સ્તંભરૂપે ગણાયો છે, એટલે પોતાની જાતિ કુલ વિગેરેનો ગર્વ કરી માની સાધુ કોઈને નમતો નથી તથા ક્રોધ વિગેરેથી ગુરુ જે પાઠ આપે તે ન લે, તથા કપટ કરી ગુરુને છેતરે તથા પોતે ઘણી નિંદા વિગેરે કરી ભણે નહિ, એવા કુશિષ્યો ગુરુ પાસેથી વિનય એટલે સંસારથી મુક્ત થવાનું શાસ્ત્રજ્ઞાન મેળવી શકે નહિ. (વિનય રહિત સાધુને શાસ્ત્ર ભણાવવાનો અધિકાર નથી.) શિષ્ય કેમ ન ભણે, તે કહે છે, હું ઊંચ જાતિનો થઈને આવા અધમ ચંડાળ ગુરુ પાસે કેમ ભણું? અથવા ગુરુએ ભૂલ પડતાં તેને ધમકાવ્યો હોય તો રીસ કરી ભણે નહિ, અથવા કપટથી કહે કે, મને શૂળ આવે છે. (દુઃખે છે) એમ કહી ભણે નહિ, અથવા ભણવાના વખતમાં ઉંઘી જાય, અથવા પ્રમાદને વશ બની ગુરુ કહે તે સાંભળે નહિ, આવા ચાર દોષોને અનુક્રમે બતાવવાનું કારણ એ છે કે ભણવામાં તે પ્રમાણે દોષો વિઘ્ન નાંખે, બીજા આચાર્ય કહે છે કે શિષ્ય ગુરુનો વિનય શીખતો નથી. (હાલમાં શિષ્યો અથવા, બીજા સાધુઓ પોતે બીજાનો વિનય કરવો પડશે, તેથી મારૂં માન ભંગ થશે અથવા તેના વશમાં રહેવું પડશે, તેવું વિચારી વિદ્વાન સાધુઓ અથવા ગુરુની પાસે ન ભણતાં પંડિતો રાખી ભણે છે. તેમાં વિનય ઉડી જવાથી સાધુઓને યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થતું નથી, અને શ્રાવકોનું દ્રવ્ય વ્યર્થ જાય છે, અને વર્તમાનમાં તો વિશેષે કરીને વ્યાખ્યાતા બનવા માટે ભણવાની પ્રવૃત્તિ વિશેષ છે, તે ખાસ વિચારવા જેવું છે,) આ પ્રમાણે વિનય ન કરવાથી તેનું શું થાય છે, તે જડ મતિને અભૂતિ ભાવ થાય છે. અર્થાત્ સાધુપણામાં જ્ઞાનની વૃદ્ધિ તથા સમાધિનો આનંદ મળવો જોઈએ તે મળતો નથી, પણ તેના જે ગુણો હોય તે પણ નાશ પામે છે, જેમકે વાંસનું ફળ વાંસનો નાશ કરવા માટે ઉત્પન્ન થાય છે, તે પ્રમાણે સાધુ થયા પછી ગુરુ વિગેરેનો વિનય ન કરે, અને શાસ્ત્ર અધ્યયન ન કરે તો તેના ઉત્તમ ગુણોનો નાશ થાય છે, (પતિત ગણાય છે,)||૧||

**जे यावि मंदे त्ति गुरुं विइत्ता, डहरे इमे अप्पसुए त्ति नच्चा ।**
**हीलंति मिच्छं पडिवज्जमाणा, करेंति आसायण ते गुरुणं ॥२॥**

જે બહારથી સાધુ વેશ પહેરે પણ અંદરથી સાધુના ગુણો ઉત્પન્ન થયા ન હોય, તેવા અગંભીર પેટવાળો પોતે મંદ છતાં પોતાના ગુરુ કાંઈપણ સમજાવતાં ગુરુને સ્મૃતિ ન રહે, તેવું જાણીને કુશિષ્ય કહે કે આ ડહર (બાળક જેવો) છે, તથા કંઈ સૂત્ર ભણ્યો નથી, એમ બોલીને ગુરુનું અપમાન કરે છે, અથવા મશ્કરીમાં કહે કે (આપ બહુ ભણ્યા છો.) 'ખૂબ વયો વૃદ્ધ છો' અથવા ઈર્ષાથી કહે કે તું મંદ બુદ્ધિવાળો છે, તું શું ભણવાનો છે? જો કે એમ ગુરુની આશાતના ન કરવી પણ તત્ત્વ ન જાણ્યાથી તેમ બોલનારા શિષ્યો મિથ્યાત્વને પામીને ગુરુની આશાતના કરે છે, એટલે તત્ત્વને નહિ સમજીને ગુરુની લઘુતા કરીને બધાનું અપમાન કરે છે, અથવા પોતાનું સમ્યગ્ દર્શન વિગેરેને

૧ દશાશ્રુતસ્કંધ – ૪

નાશ કરવા રૂપ શિષ્ય આચરે છે તેનું કારણ કે એક ગુરુની આશાતના કરવાથી બધા સાધુની તથા બધા ગુણોની આશાતના થાય છે, (માટે શિષ્યે ગુરુની ભૂલ જોવા છતાં પણ અપમાન કરવું નહિ, પણ ફરીથી ધીરેથી પૂછી પોતાના મનનું સમાધાન કરવું જોઈએ.)॥૨॥

**पगईए मंदा वि भवंति एगे, डहरा वि य जे सुय-बुद्धोववेया ।**
**आयारमंता गुण-सुट्ठियप्पा, जे हीलिया सिहिरिव भास कुज्जा ॥३॥**

માટે હીલના ન કરવી તે કહે છે. કર્મના વિચિત્ર ભાવથી સ્વભાવિક કેટલાક વૃદ્ધ ગુરુઓ મંદ એટલે તીક્ષ્ણ બુદ્ધિ રહિત હોય છે, એટલે કેટલાક વયોવૃદ્ધ છતાં સૂત્રનું જ્ઞાન તેમને પરિણમતું નથી, અને કેટલાક નાના સાધુઓ શ્રુત અને તીક્ષ્ણ બુદ્ધિ સહિત હોય છે, એટલે બુદ્ધિવાળા તથા સૂત્રના અભ્યાસી હોય છે, અથવા ભાવિની વૃત્તિને આશ્રયીને થોડા બોધવાળા ગુરુ હોય છે, પણ જ્ઞાનાદિ આચાર યુક્ત સર્વ રીતે હોય છે, અને ગુણોમાં એટલે સાધુને યોગ્ય ઉપકરણનો સંગ્રહ કરનારા તથા સારા ભાવમાં આત્માને રમણતા કરાવનારા હોય છે, તેવા દરેક પ્રકારના ગુરુને પૂજ્ય માનીને તેમની હીલના (અપમાન) શિષ્યે ન કરવી અને તેમની હીલના કરે તો જેમ અગ્નિ જાજ્વલ્યમાન બની બાળી મૂકે છે તેમ શિષ્યોને જ્ઞાન દર્શન ચારિત્રના ગુણોનું નુકશાન થાય છે. (જો કે ગુરુ તેને બાળવા કે તેના ગુણોનો નાશ કરવા ઇચ્છતા નથી પણ પોતાના દુર્ગુણોથી શિષ્ય દુર્દશાને પામે છે, અથવા તેના જ્ઞાન આદિ ગુણો ધીરે ધીરે નષ્ટ થાય છે.) ॥૩॥

**जे यावि नागं डहरे त्ति नच्चा, आसायए से अहियाय होइ ।**
**एवऽऽयरियं पि हु हीलयंतो, नियच्छई जाइपहं खु मंदो ॥४॥**

[1]ગુરુને નાનો જાણીને, જે હીલના કરે, તેને બોધ આપે છે. જેમ કોઈ નાનો સાપ ધારીને તેને છંછેડવા જાય તે રીસાએલો સાપ કરડીને તેનું અહિત કરે છે, તેમ જ આચાર્ય નાની વયના હોય અથવા જ્ઞાનમાં ઓછા હોય, તે પણ કારણે કરીને નાનાને મોટા બનાવ્યા હોય, છતાં તેમની શિષ્ય હીલના કરે, તો તે શિષ્ય આ લોકમાં અપમાન પામી મરીને બે ઇંદ્રિય વિગેરે જાતિમાં સંસાર ભ્રમણ કરે છે. ॥૪॥

**आसीविसो यावि परं सुरुट्ठो, किं जीवनासाओ परं नु कुज्जा? ।**
**आयरियपाया पुण अप्पसन्ना, अबोहिआसायण नत्थि मोक्खो ॥५॥**

આ દૃષ્ટાંત ઊપરથી, અહીંયાં વિશેષ એ કહેવાનું છે કે સાપ કરતાં પણ આચાર્યની આશાતના બહુ દુઃખદાઇ છે, સાપ કોપાયમાન થાય તો પ્રાણ કરતાં વધારે શું લે? પરંતુ આચાર્યની હીલના તેને અબોધિ આપે છે, એટલે તેના સમ્યક્ત્વનો નાશ કરે છે. તેથી તેને મોક્ષ મળતો નથી અને તેથી તે અનંત સંસાર ભ્રમણ કરે છે. ॥૫॥

**जो पावगं जलियमवक्कमेज्जा, आसीविसं वा वि हु कोवएज्जा।**
**जो वा विसं खायइ जीवियट्ठी, एसोवमाऽऽसायणया गुरूणं ॥६॥**

બીજું દૃષ્ટાંત આપે છે કે જે માણસ બળતા અગ્નિને ઉલ્લંઘે અથવા સાપને કોપાયમાન કરે, અથવા જીવવાને વાસ્તે ઝેર ખાય, જેવી રીતે તેનાથી નુકશાન છે. પણ ફાયદો નથી તેવી જ રીતે ગુરુની આશાતના કરવી તે ભવિષ્યમાં શિષ્યના દુઃખને માટે જ છે.

**सिया हु से पावय नो डहेज्जा, आसीविसो वा कुविओ न भक्खे ।**
**सिया विसं हालहलं न मारे, न या वि मोक्खो गुरुहीलणाए ॥७॥**

---

૧ ઓ.નિ. – ૫૨૬

કદાચ તેને દેવતાની કે મંત્રની સહાયતા હોય તો તેને અગ્નિ બાળે નહિ, કોપાયમાન થયેલો સાપ કરડે નહિ. અથવા હળાહળ ઝેર તેનો પ્રાણ ન લે, તો પણ ગુરુની આશાતના કરનારને તેના મંત્ર વિગેરે મોક્ષ આપી શકતા નથી.॥૭॥

**जो पव्वयं सिरसा भेत्तुमिच्छे, सुत्तं व सीहं पडिबोहएज्जा ।**
**जो वा दए सत्तिअग्गे पहारं, एसोवमाऽऽसायणया गुरूणं ॥८॥**

કોઈ માણસ મૂર્ખતાથી અથવા અહંકારથી પર્વતને મસ્તકથી ભેદવા ઇચ્છે અથવા ગુફામાં સૂતેલા સિંહને જગાડવા ઇચ્છે, અથવા તલવારની ધારને હાથથી પ્રહાર કરે, તો તેથી પોતાના જ પ્રાણ જાય, અથવા દુઃખ ભોગવવું પડે તેવી રીતે ગુરુની આશાતના કરનારને ભવોભવ દુઃખ ભોગવવું પડે છે. ॥૮॥

**सिया हु सीसेण गिरिं पि भिंदे, सिया हु सीहो कुविओ न भक्खे।**
**सिया न भिंदेज्ज व सत्तिअग्गं न यावि मोक्खो गुरुहीलणाए ॥९॥**

મંત્ર બળથી કે પુન્ય બળથી પર્વતને પણ માથાથી ભેદે, અથવા કોપેલો સિંહ મારે નહિ અથવા ખડ્ગ વિગેરેની ધાર વાગે નહિ તો પણ ગુરુની હીલના કરનારનો મોક્ષ ન થાય. ॥૯॥

**आयरियपाया पुण अप्पसन्ना, अबोहि आसायण नत्थि मोक्खो ।**
**तम्हा अणाबाहसुहाभिकंखी, गुरुप्पसायाभिमुहो रमेज्जा ॥१०॥**

એટલા માટે જ શિષ્યથી આચાર્ય અપ્રસન્ન હોય તો તે શિષ્યની ધર્મ શ્રદ્ધા નાશ પામવાથી મોક્ષ થતો નથી. તેટલા માટે અવ્યાબાધ સુખ (મોક્ષ)નો અભિલાષી શિષ્ય ગુરુના પ્રસાદને ચાહતો ગુરુને અનુકૂળ વર્તન કરે.॥૧૦॥

**जहाऽऽहियग्गी जलणं नमंसे नाणाहुईमंतपयाभिसित्तं ।**
**एवाऽऽयरियं उवचिट्ठएज्जा, अणंतणाणोवगओ वि संतो ॥११॥**

જેવી રીતે યજ્ઞ કરનારો બ્રાહ્મણ વેદી બનાવીને અગ્નિની ઉપાસના કરે, એટલે તેમાં ઘી વિગેરે હોમે, અને અગ્નિનો મંત્ર ભણી આહુતિ આપે, અને સ્વાહા પદ બોલે, તથા મંત્ર વડે અભિષેક કરે તે પ્રમાણે શિષ્ય અનંત જ્ઞાનને ભણેલો હોય તો પણ શિષ્ય ગુરુને સેવે. (પોતાના ભણ્યાનો ગર્વ ન કરતાં શિષ્ય ગુરુ પાસે વિનયથી રહે) (વસ્તુના અનંત સ્વ પર પર્યાય હોવાથી જ્ઞાનને અનંતની ઉપમા આપી છે.) શિષ્ય ઘણું ભણેલો હોય, તો પણ ગુરુની સેવા કરે તો સામાન્ય ભણેલો શિષ્ય ગુરુની સેવા કેમ ન કરે?॥૧૧॥

**जस्संतिए धम्मपयाइं सिक्खे, तस्संतिए वेणइयं पउंजे ।**
**सक्कारए सिरसा पंजलीओ, काय ग्गिरा भो! मणसा य निच्चं ॥१२॥**

જેમની પાસે પોતે ધર્મપદોને શીખે. તેમની પાસે જતાં તેમનો વિનય કરવો, એટલે તેમનો સમાગમ થતાં ઉભા થઈને નમસ્કાર કરે તથા માથું નમાવી બે હાથ જોડીને અંજલી કરે, તથા મસ્તક નમાવે, અને બોલે કે 'મત્થએણ વંદામિ' આ પ્રમાણે ગુરુ મહારાજ શિષ્યને કહે છે. તમારે યાદ રાખવું કે જેની પાસે સૂત્રો ભણ્યા હો તેમને તે વખતે નમસ્કાર કરવો, અને પછી પણ જ્યારે મલે ત્યારે તેમનો સત્કાર પણ તેજ પ્રમાણે કરવો, જો તેમ ન કરો તો ભણેલું ઉપયોગી ન થાય, અને મનના ભાવ મલિન થાય. ॥૧૨॥

**लज्जा दया संजम बंभचेरं, कल्लाणभागिस्स विसोहिठाणं ।**
**जे मे गुरू सययमणुसासयंति, तेऽहं गुरू सययं पूययामि ॥१३॥**

લાજ (મારી નિંદા થશે એવો ભય રાખી પાપ ન કરે) દયા (જીવોને દુઃખ ન દેવું) સંયમ (ઇંદ્રિયોને

કબજામાં રાખી પાપ ન કરવું) બ્રહ્મચર્ય (વિશુદ્ધ તપનું અનુષ્ઠાન કરી સ્ત્રી સંગ ન કરવો) આ લજ્જા વિગેરે ચારે ગુણોથી કુમાર્ગને દૂર કરી, સારા માર્ગે ચાલવાથી, કલ્યાણને ભજનારા જીવો કર્મ મળને દૂર કરે છે, આથી શિષ્યને એમ સૂચવ્યું કે, જે ગુરુ છે તે પોતાના શિષ્યને સુમાર્ગે નિરંતર દોરે છે તે ગુરુને હું નિરંતર બહુમાન આપું, આ જગમાં મારે તેમનાથી બીજો કોઈ વધારે પૂજવા યોગ્ય નથી તેથી કહે છે. ॥૧૩॥

**जहा निसंते तवणऽच्चिमाली, पभासई केवल भारहं तु ।**
**एवाऽऽयरिओ सुय-सील-बुद्धिए, विरायई सुरमज्झे व इंदो ॥१४॥**

ગુરુને સૂર્યની ઉપમા આપે છે, જેમ પ્રભાતનો સૂર્ય તમામ ભરત ક્ષેત્રને પ્રકાશે છે, તેમ સૂર્ય જેવા આચાર્ય સૂત્રના જ્ઞાન વડે તથા સદાચારની (બીજાને દુઃખ ન દેવું એવી) બુદ્ધિ વડે જીવાદિ તત્ત્વને પ્રકાશે છે. (શિષ્યોને શીખવે છે.) માટે ગુરુને સેવવા યોગ્ય છે, અને તેથી સુશિષ્યો વડે વિચરતા ગુરુ સામાનિક દેવ વિગેરે મધ્યે જેમ ઇંદ્ર શોભે છે, તેવી રીતે પોતે શોભે છે. ॥૧૪॥

**जहा ससी कोमुइजोगजुत्ते, नक्खत्त-तारागणपरिवुडप्पा ।**
**खे सोहई विमले अब्भमुक्के, एवं गणी सोहइ भिक्खुमज्झे ॥१५॥**

તેથી સુશિષ્યોથી ગુરુ જેમ કાર્તિક પુનમનો ચંદ્રમા રાત્રિએ નક્ષત્રો તથા તારાની સાથે નિર્મળ આકાશમાં શોભે છે, તે જ પ્રમાણે ગણી મુનિ સમુદાય સાથે શોભે છે, તેથી ગુરુ પૂજવા યોગ્ય છે. ॥૧૫॥

**महागरा आयरिआ महेसी, समाहिजोगे सुय-सील-बुद्धिए ।**
**संपाविउकामे अणुत्तराइं, आराहए तोसए धम्मकामी ॥१६॥**

જ્ઞાનાદિ ઉત્તમ ગુણ રત્નોથી યુક્ત મોટી ખાણ સમાન આચાર્ય મોક્ષ ઇચ્છુક મહર્ષિ સમાધિ યોગ તથા બાર અંગના સૂત્ર જ્ઞાન વાળા તથા પરદ્રોહથી દૂર રહેલ તથા ઉત્પાતિકી વિગેરે ચાર પ્રકારની ઉત્તમ બુદ્ધિવાળા ગુરુ છે તેમને શિષ્ય આરાધે અને ઉત્તમ ગુણોની અભિલાષા રાખીને ધર્મનો ઇચ્છુક શિષ્ય ગુરુને પ્રસન્ન કરે, બીજા આચાર્ય કહે છે કે સમાધિ યોગ શ્રુત શીલ બુદ્ધિના ભંડાર, એવા ગુરુને મોક્ષનો ઇચ્છુક બનીને શિષ્ય સેવે, **પણ ભણીને મોટાઈ મેળવવા જ ગુરુને ન સેવે.**॥૧૬॥

**सोच्चाण मेहावि सुभासियाइं, सुस्सूसए आयरिएऽप्पमत्तो ।**
**आराहइत्ताण गुणे अणेगे, से पावई सिद्धिमणुत्तरं ॥१७॥**
**त्ति बेमि। विणयसमाहीए पढमो उद्देसो समत्तो ।९-१।**

આ પ્રમાણે બોધના વચન સાંભળીને મર્યાદામાં રહેલો પ્રમાદ છોડીને ગુરુ સેવામાં તત્પર બની ગુરુની સેવા કરે તો, જ્ઞાનાદિ ઉત્તમ ગુણોને પ્રાપ્ત કરી, અનુત્તર સિદ્ધિ (મોક્ષ) મેળવે, અથવા સ્વર્ગમાં જાય તો બીજા ભવમાં ઉત્તમ કુળ પ્રાપ્ત કરી પરંપરાએ મોક્ષ મેળવે, વિનય સમાધિ નામનો પહેલો ઉદેશો સમાપ્ત થયો, **(ગુરુનો વિનય કરવાથી ગુરુ પ્રસન્ન થતાં, સુબોધ આપે, તેથી શિષ્યને સમાધિ થાય)** તે આ પ્રથમ ઉદેશામાં બતાવ્યું છે. ॥૧૭॥

### બીજો ઉદેશો

**मूलाओ खंधप्पभवो दुमस्स, खंधाओ पच्छा समुवेंति साला(साहा) ।**
**साह प्पसाहा विरुहंति पत्ता तओ से पुप्फं च फलं रसो य ॥१॥**

વિનયના અધિકારનો આ બીજો ઉદેશો છે. જેમ બીજથી મૂળ થાય અને મૂળથી થડ થાય છે. ત્યાર પછી

થડમાંથી હાથ સમાન શાખાઓ થાય છે, તેમાંથી પ્રશાખા અને અંકુરા પછી ફૂલ ફળ અને રસ અનુક્રમે થાય છે, તેજ પ્રમાણે ધર્મનું ફળ છે, તે બતાવે છે.॥૧॥

**एवं-धम्मस्स विणओ, मूलं परमो से मोक्खो । जेण कित्तिं सुअं सग्घं, निस्सेसं चाभिगच्छई ॥२॥**

જે પ્રમાણે ઝાડનું બતાવ્યું. તે પ્રમાણે વિનય કરનાર શિષ્યને અનુક્રમે પ્રથમ શ્રદ્ધારૂપ બીજમાંથી વિનય મૂળ થઈ તેમાંથી સ્કંધરૂપ દેવલોક ગમન ઉત્તમ કુળમાં ઉત્પત્તિ અને કીર્તિરૂપ ફૂલની સુગંધિ તથા કીર્તિ પછી શ્રુત તે સિદ્ધાંતનું જ્ઞાન મળે છે. અને તેની પ્રશંસા થાય છે, અને કેવળજ્ઞાન પામીને ફળરૂપ મોક્ષ મેળવે છે, (તે કારણે ભાવથી વિનય કરવો).॥૨॥

**जे य चंडे मिए थद्धे, दुव्वाई नियडीसढे । (वुज्झइ)वुब्भई से अविणीयप्पा, कट्ठं सोयगयं जहा ॥३॥**

જે વિનય નથી કરતો, તેના દોષ બતાવે છે, જે ક્રોધી બુદ્ધિહીન હોય, એટલે તેના હિતની વાત કરતાં પણ તે રીસાય છે, અને ઉત્તમ જાતિ વિગેરેનો ગર્વ કરી ઝાડનાં ઠુંઠાની માફક નમતો નથી, તથા મોઢામાંથી અનુચિત બોલનારો તથા કપટી શઠ આટલા દોષોથી સંયમ વ્યાપાર છોડીને વિનય ન કરે. આ અવિનીત શિષ્ય સંસાર પ્રવાહમાં જેમ નદીના પૂરમાં લાકડું તણાઈ જાય, તેમ તે સકળ કલ્યાણનું કારણ જે વિનય તેનાથી રહિત થઈને તણાય છે. (અર્થાત્ સંસાર ભ્રમણ કરે છે.)॥૩॥

**विणयं पि जो उवाएण, चोइओ कुप्पई नरो । दिव्वं सो सिरिमेज्जंतिं, दंडेण पडिसेहए ॥४॥**

ગુરુ મહારાજ ઘણા જ મધુર વચન વિગેરેના ઉપાય વડે શિષ્યને વિનયની પ્રેરણા કરે, છતાં પણ કુશિષ્ય કોપાયમાન થાય, તે માણસ પોતાને આવતી દેવતાઈ લક્ષ્મીરૂપ (કામધેનુ) ને દંડા વડે રોકે છે અર્થાત વિનયથી ગુણ તથા સંપદાઓ મળે છે, પણ શિષ્ય ક્રોધી થાય તો તે સંપદાઓ તેને ન મળે, આ સંબંધમાં દશાર વિગેરેનું દૃષ્ટાંત છે. જેમ કે કુરૂપે લક્ષ્મી આવીને પ્રાર્થના કરી પણ તેઓએ સ્વીકારી નહિ અને કૃષ્ણ વાસુદેવે તેના ગુણ જોઈ સ્વીકારી લીધી.॥૪॥

**तहेव अविणीयप्पा, उववज्झा हया गया । दीसंति दुहमेहंता, आभिओगमुवट्ठिया ॥५॥**

તેવી જ રીતે વિનય રહિત આત્મ જ્ઞાનથી રહિત કુશિષ્યો દુઃખ ભોગવે છે, તે બતાવે છે, જેમ ઘોડા હાથીના શીખવનારા જે મહાવત તેમની આજ્ઞામાં ન રહે તો, તેમના અવિનયથી તેમને ઘોડાસળ (અશ્વશાળા) વિગેરેમાં પૂરી રાખીને ભૂખ્યા રાખે છે, અને ચાબખા મારી બોજો ઉપડાવે છે, આ પ્રમાણે અધમ દશાનું દુઃખ ભોગવતા નજરે દેખાય છે. ॥૫॥

**तहेव सुविणीयप्पा, उववज्झा हया गया । दीसंति सुहमेहंता, इड्ढिं पत्ता महायसा ॥६॥**

તેજ પ્રમાણે વિનયવાન શિષ્યોના લાભ બતાવે છે. જેમ કે રાજાના સારા ઘોડા હાથી કબજામાં રહે અને વિનય શીખે તો તેમને અનેક પ્રકારનું રાજા તરફથી સુખ મળે છે તથા તેમના સદ્ગુણોથી પ્રખ્યાત થઈ ભૂષણ વિગેરે મેળવે છે, (તેમજ સુશિષ્યોને ગુરુની સેવામાં રહેવાથી લોકમાં કીર્તિ અને ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય છે.)॥૬॥

**तहेव अविणीयप्पा, लोगंमि नर-नारिओ । दीसंति दुहमेहंता, छाया ते विगलिंदिआ ॥७॥**

જેવી રીતે આ લોકમાં ઘરના નોકરો કે સ્ત્રીઓ કહ્યામાં ન રહે તો અપમાન તથા દુઃખને પામે છે, (તેવી રીતે કુશિષ્યો પણ ગુરુની આજ્ઞામાં ન રહે તો કુગતિમાં જાય) વળી મા-બાપની આજ્ઞામાં જે ન રહે, અને સ્ત્રી અથવા પુરુષ કુમાર્ગે જાય, તો માર ખાય, ડામ ખમે, તથા નાક કાન કાપી નાખવાથી જેવું દુઃખ પામે તેવું કુશિષ્યને પણ કુમાર્ગે જવાથી દુઃખ ભોગવવું પડે.॥૭॥

**दंड-सत्थपरिज्जुण्णा, असब्भवयणेहि य । कलुणा विवन्नछंदा, खुप्पिवासाए परिगया ॥८॥**

[1]દંડ એટલે લાકડીનો માર, શસ્ત્ર એટલે તલવાર વિગેરેથી ઘા ખાય તથા કઠોર વચનથી તિરસ્કારાયેલા તે ઉત્તમ પુરુષોને દયા લાવવા યોગ્ય હોય છે, તથા કેદમાં પડી પરવશ થયેલા ભૂખ તરસથી પીડાયેલા કાંતો ખાવા પીવા ઓછું મળે, અથવા ઉપવાસ કરાવે. આ બધાં આ લોકમાં અવિનીતને દુઃખો છે. ॥૮॥

**तहेव सुविणीयप्पा, लोगंसि नर-नारिओ । दीसंति सुहमेहंता, इड्ढिं पत्ता महायसा ॥९॥**

પણ જે માબાપની કે રાજાની આજ્ઞા પાળે છે, તેવા વિનીત પુરુષ સ્ત્રીને સુખ સંપદા કીર્તિ મળે છે, તે પ્રમાણે સુશિષ્યોને ગુરુની સેવાથી લાભ મળે છે. ॥૯॥

**तहेव अविणीयप्पा, देवा जक्खा य गुज्झगा । दीसंति दुहमेहंता, आभिओगमुवट्ठिआ ॥१०॥**

પૂર્વે જે સાધુએ ગુરુની આજ્ઞા ન પાળી હોય તેઓ અભિયોગી દેવતા થાય છે. અને તે દેવતા વૈમાનિક અને જ્યોતિષના છે તથા યક્ષો તે વ્યંતર છે, અને ગુહ્યક તે ભવનવાસી દેવતાઓ છે, તેઓને ત્યાં પણ ઇંદ્રની આજ્ઞામાં રહેવું પડે છે અને ન રહે તો તે દુઃખ ભોગવે છે. તે પ્રમાણે કુશિષ્યને દુઃખ થાય છે. (સિદ્ધાંત દ્વારા દેવતાનું દુઃખ જણાય છે.)॥૧૦॥

**तहेव सुविणीयप्पा, देवा जक्खा अ गुज्झगा । दीसंति सुहमेहंता, इड्ढिं पत्ता महायसा ॥११॥**

તથા ઊપર કહેલા દેવતાઓ ત્યાં પણ ઇંદ્રની આજ્ઞામાં રહેવાથી સુખ પામે છે. તેમ સુશિષ્યો ગુરુની આજ્ઞામાં રહેવાથી સુખ પામે છે. ॥૧૧॥

**जे आयरिय उवज्झायाणं, सुस्सूसावयणंकरा । तेसिं सिक्खा पवड्ढंति, जलसित्ता इव पायवा ॥१२॥**

[2]જેમ ઝાડોને પાણી પાવાથી તે પ્રફુલ્લિત થાય છે તે પ્રમાણે ગુરુ મહારાજ તે આચાર્ય ઉપાધ્યાય વિગેરેની સેવા કરનારા જે શિષ્યો છે તે પુન્યવાનોને ગુરુની કૃપાથી પ્રતિદિન સૂત્ર અર્થ વિધિ મળે છે, (હૃદયમાં નિર્મળ ભાવ હોવાથી ગુરુએ શીખવેલું બરાબર સમજાય છે.)

ઊપરની ગાથાઓમાં નારકી છોડીને ત્રણ ગતિમાં અવિનીતને દુઃખો તથા વિનયવાનને સુખો બતાવ્યાં છે. અને તેમાં પશુના તથા દાસ દાસીનાં દુઃખો પ્રત્યક્ષ જોવાય છે. અને દેવતાનાં દુઃખો શાસ્ત્રોથી જણાય છે. માટે વિનયવાળા શિષ્યને સુખ મળે અને અવિનીતને દુઃખ પડે. એટલું જ નહિ પણ પરલોકમાં પણ તે દુઃખ પામે છે. તે ૨૧ મી ગાથામાં કહેશે. ॥૧૨॥

**अप्पणट्ठा परट्ठा वा, सिप्पा णेउणिआणि य । गिहिणो उवभोगट्ठा, इहलोगस्स कारणा ॥१३॥**

માટે વિનય કરવો. ગૃહસ્થીઓ પોતાની આજીવિકા વિગેરે માટે અથવા પુત્રાદિકને વિદ્યા કલા શિખવવા માટે અન્યનો વિનય કરે છે. તેથી પોતે સુખથી ઇચ્છિત ઉપભોગ મેળવે છે, તે આ લોકમાં જ સુખનું કારણ છે. (સૂત્રમાં શિલ્પ છે તેનો અર્થ કુંભાર વિગેરેની ક્રિયા જાણવી, અને નૈપુણ્ય તે ચિતરવા વિગેરેની કળા જાણવી, તે બંને કળા વિગેરે ગૃહસ્થો સ્વાર્થ માટે શિખે છે, અને બીજાને શિખવે છે.) ॥૧૩॥

**जेणं बंधं वहं घोरं, परियावं च दारुणं । सिक्खमाणा नियच्छंति, जुत्ता ते ललिइंदिआ ॥१४॥**

જે શિલ્પ શિખવાને માટે સાંકળ વિગેરેથી બંધાય છે, અને ચાબખા વિગેરેથી માર ખાય છે, અને ઘોર પરિતાપને રાજપુત્ર વિગેરે પણ સહન કરે છે, (અર્થાત્ જો કળા ન આવડે તો શિખવનાર ગમે તેવું કડવું વચન કહે,

૧ A ઉત્તરા–અ. ૧/૯ B ઉત્તરા–અ. ૧/૨૭
૨ ઓઘનિર્યુક્તિ

સોટીનો માર મારે, સાંકળથી બાંધે, તે તમામ દુઃખ સહન કરે છે, અને તે સહન કરનારા ગરીબના જ પુત્ર નહિ પણ ભણવા માટે આવેલા સુંદર આકૃતિવાળા રાજપુત્રો વિગેરે પણ કળા ભણતાં દુઃખ સહન કરે છે.)॥૧૪॥

**तेवि तं गुरुं पूयंति, तस्स सिप्पस्स कारणा । सक्कारंति नमंसंति, तुट्ठा निद्देसवत्तिणो ॥१५॥**

આટલું દુઃખ દેવા છતાં પણ શિલ્પાદિ શિખનારા રાજપુત્રો દુઃખ આપનારા ગુરુને મધુર વચન વડે પૂજે છે, તથા શિલ્પ શિખવવા બદલ તેમનો વસ્ત્ર વિગેરેથી સત્કાર કરે છે, અને હાથ જોડીને માથું નમાવી ઉપકાર માને છે, તથા પોતે એમ માને છે કે તેમની (ગુરુની) આજ્ઞા માનીશું તો જ કળા આવડશે, એવું જાણીને પ્રસન્ન થઈને કળાચાર્યની આજ્ઞા પ્રમાણે વર્તે છે. ॥૧૫॥

**किं पुण जे सुयग्गाही, अणंतहियकामए । आयरिया जं वए भिक्खू, तम्हा तं नाइवत्तए ॥१६॥**

આ લોકમાં આટલું દુઃખ ભોગવીને કોમળ એવા રાજપુત્ર વિગેરે પણ ગુરુને પૂજે છે. અને ફક્ત આજ લોકનું સુખ ભોગવે છે, તો જે સાધુઓ જિનેશ્વરનું વચન, આ લોકનું સુખ તથા પરલોકનું અનંતુ સુખ, જે મોક્ષ તે મેળવવા ઇચ્છતા શિષ્યોએ કંઈપણ સ્વાર્થ ન રાખનારા એવા ગુરુને ઉત્તમોત્તમ ભાવથી કેમ ન પૂજવા? તેટલા માટે એકાંત હિતકારક ગુરુ જે કહે તે બધાં વચનને સાધુઓ ઉલ્લંઘે નહિ તેથી તે સર્વ લાભને મેળવે. ॥૧૬॥

**नीयं सिज्जं गइं ठाणं, नीयं च आसणाणि य । नीयं च पाए वंदिज्जा, नीयं कुज्जा य अंजलिं ॥१७॥**

શિષ્યે કેવો વિનય કરવો તે કહે છે, ગુરુના કરતાં પોતાનો સંથારો (પથારી) નીચો રાખવો. તથા ગુરુથી ઘણે દૂર નહિ તેમ ઘણી નજીક પણ નહિ એમ પછવાડે (જેમ ગાય પછવાડે વાછરડું એમ) ચાલે તથા ઘણો દોડે નહિ, તેમ ઘણો ધીરેથી પણ ન ચાલે, વળી ગુરુ કરતાં બેસવાનું સ્થાન તથા આસન પણ નીચું રાખવું, તથા ગુરુના બેઠા પછીથી બેસે, તથા ગુરુને નીચો નમીને પગમાં નમસ્કાર કરે, તથા પ્રશ્ન વિગેરે પૂછતાં માથું નીચું નમાવી અંજલી કરીને પૂછે પણ લાકડાના ઠુંઠાની માફક અક્કડ રહીને પૂછે નહિ.॥૧૭॥

**संघट्टइत्ता काएणं, तहा उवहिणा मवि । 'खमेह अवराहं मे', वइज्ज'न पुणो'त्ति य ॥१८॥**

કાયાનો વિનય કહ્યો. હવે વચનનો કહે છે. બને ત્યાં સુધી ગુરુનાં કપડાં વિગેરેને પગ લગાડવો નહિ પણ ભૂલથી પગ લાગે તો તુરત ગુરુની ક્ષમા માંગવી, એટલું કહેવું કે આ મારા હીનભાગીનો અપરાધ ક્ષમા કરો, ફરીથી આવું નહિ કરૂં.॥૧૮॥

**दुग्गओ वा पओएणं, चोइओ वहई रहं । एवं दुब्बुद्धि किच्चाणं, वुत्तो वुत्तो पकुव्वई ॥१९॥**

[1]સારો શિષ્ય ઊપર મુજબ પોતાની મેળે વર્તે, પણ તેથી ઉલટો શું કરે તે કહે છે, ખરાબ બળદીયો ચાબખાથી કે પરોણાથી માર ખાઈને સીધે રસ્તે ન જાય, અને અવળે રસ્તે રથને લઈ જાય, તે પ્રમાણે કુબુદ્ધિવાળો શિષ્ય ગુરુના સોંપેલા કાર્યને વારેવારે પ્રેરણા કરવાથી પુરૂં કરે.॥૧૯॥

**कालं छंदोवयारं च, पडिलेहित्ताण हेउहिं । तेण तेण उवाएणं, तं तं संपडिवायए ॥२०॥**

સાધુને આવા ગૃહસ્થ સંબંધી કૃત્ય કરવાં ન શોભે તે કહે છે. શરદ વિગેરે છ ઋતુનો જે કાળ છે, તે સંબંધી તથા છંદ ઉપચાર તે આરાધનાનો પ્રકાર તથા દેશ વિગેરે સંબંધી ઉપચાર તેવા તેવા ઉપાયો જોઈને સાધુએ ગૃહસ્થને કંઈપણ કહેવું નહિ, જેમ કે શરદમાં પિત્તને હરવાવાળું ભોજન કરવું, તથા પ્રવાત નિવાત (અનુકૂળ હવા) ના સ્થાનમાં સુવું, તથા દેશને આશ્રયીને જેમ અનુપદેશમાં થુંક બળખા વધારે જાણીને શ્લેષ્મનો ઉપાય કર, અથવા જેને જેવું હિતકર હોય, તેવું કર, આવું ગૃહસ્થને સંસાર સંબંધી ન કહે તથા વૈદક વિગેરેનો અભ્યાસ તથા તેની વૈયાવચ્ચ ન કરવી; પણ સાધુ સાધુને ઉચિત ઉપાય બતાવે. અને તે પ્રમાણે વર્તે પણ ગૃહસ્થને સાવદ્ય વ્યાપાર

૧ ઉ. ૧/૧૨

હોવાથી બતાવે નહિ, મૂળ સૂત્રમાં આ ગાથા સિવાય બીજી એક પ્રક્ષેપ ગાથા દેખાય છે તેનો અર્થ નીચે મુજબ છે.

**"आलवंते लवंते वा, न निसिज्जाइ पडिस्सुणे । मुत्तूण आसणं धीरो, सुस्सूसाए पडिस्सुणे॥"**

[1]ગુરુ મહારાજ ઘણું અથવા થોડું કહે તો પણ શિષ્ય પોતે આસનને બેઠો બેઠો સાંભળે નહિ, પરંતુ આસન છોડી પાસે આવી નમ્રતાથી સાંભળે.॥૨૦॥

**विवत्ती अविणीयस्स, संपत्ती विणियस्स य । जस्सेयं दुहओ नायं, सिक्खं से अभिगच्छई ॥२१॥**

ઉપલી ગાથાઓમાં બતાવ્યું કે અવિનીતને આવાં દુઃખ અને વિનયવાનને આવાં સુખ થાય, એવું બંને પ્રકારનું જે જ્ઞાન (સમજવાની શક્તિ) હોય, તે બુદ્ધિથી વિચારીને તે ગુરુ મહારાજનું વચન માને અને તે પ્રમાણે પોતે વર્તે તો ભાવથી નવું નવું જ્ઞાન પ્રાપ્ત કરે. ફરી વિનીતનાં ફળ કહે છે.॥૨૧॥

**जे यावि चंडे मइइड्ढिगारवे, पिसुणे नरे साहस हीणपेसणे।**
**अदिट्ठधम्मे विणए अकोविए असंविभागी न हु तस्स मोक्खो ॥२२॥**

પણ જે સાધુ (શિષ્ય) ક્રોધી હોય, તથા પોતાની રિદ્ધિના માનમાં ચઢેલો હોય, ગુરુની નિંદા કરનારો હોય, તે જોવામાં પુરુષ હોય, પણ સાધુને યોગ્ય કૃત્ય ન કરે, કિંતુ અકૃત્ય કરે, ગુરુની આજ્ઞા માને નહિ, તથા ગુરુ મહારાજ પાસે ભણેલો ન હોય, તથા વિનયહીન હોય, તથા લાવેલી વસ્તુમાંથી બીજાને ભાગ આપે નહિ, આવા સાધુને બહારની કષ્ટ ક્રિયા કરવા છતાં પણ તેને મોક્ષ મળતો નથી. (પણ સમ્યગ્ દૃષ્ટિ તથા ચારિત્ર વાળો હોય, અને ઊપર બતાવેલાં દુર્ગુણો ન હોય તો તેને મોક્ષ મળે છે, તે કહે છે.)॥૨૨॥

**निद्देसवत्ती पुण जे गुरुणं, सुयत्थधम्मा विणयंमि कोविया ।**
**तरित्तु ते ओहमिणं दुरुत्तरं, खवित्तु कम्मं गइमुत्तमं गय ॥२३॥**
**त्ति बेमि॥ विणयसमाहिअज्झयणे बीओ उद्देसो समत्तो ॥२॥**

વિનયનું છેવટે ફળ બતાવે છે. આચાર્ય વિગેરે ગુરુની આજ્ઞા પ્રમાણે કરનારો સૂત્ર અર્થનો અભ્યાસી વિનયમાં પંડિત આવા ઉત્તમ ગુણોવાળો સુશિષ્ય દુઃખે કરીને તરવા યોગ્ય આ સંસાર સમુદ્રને તરે છે એટલે તે જ ભવમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી બધાં કર્મ ખપાવી અને ઉત્તમ ગતિ જે મોક્ષ તેને પ્રાપ્ત કરે છે. વિનય સમાધિ અધ્યયનનો બીજો ઉદેશો સમાપ્ત થયો.॥૨૩॥

### ત્રીજો ઉદેશો

**आयरियऽग्गिमिवाऽऽहियग्गी, सुस्सूसमाणो पडिजागरेज्जा ।**
**आलोइयं इंगियमेव णच्चा, जो छंदमाराहयई स पुज्जो ॥१॥**

જગતમાં વિનયવાન શિષ્ય પૂજ્ય થાય છે, તે બતાવે છે કે આચાર્યને સારો શિષ્ય આરાધે, જેમ બ્રાહ્મણ યજ્ઞના દેવતાને સંભાળી રાખે, તેમ ગુરુને શિષ્ય સંભાળે, જો વડીલ આચાર્ય ન હોય પણ સામાન્ય સાધુ હોય પણ જો તેઓ સૂત્ર અર્થ ભણાવતા હોય, સારે રસ્તે દોરવતા હોય, તો તેમની પણ વૈયાવચ્ચ (સેવા) કરવી, અને તેમની આજ્ઞા પ્રમાણે વર્તવું.

વાદીની શંકા–યજ્ઞના પૂજનારા બ્રાહ્મણની વાત આગળ આવી ગઈ છે, છતાં તમે ફરીથી કેમ કહો છો? ઉત્તર–ત્યાં ફક્ત આચાર્યનું જ કહ્યું હતું. અને અહીં રત્નાધિક વિગેરે ને અંગે પણ છે, તે આગળ કહેશે. હવે ગુરુ સેવાની વિધિ કહે છે.

---

૧ ઉ.અ. – ૧/૨૦

ગુરુ મહારાજ કહે તે કરો એમ નહિ પણ ગુરુની ચેષ્ટા જોઈને તેમની ઇચ્છા પ્રમાણે શિષ્ય પોતાના ભાવથી સેવા કરે, આવો શિષ્ય જગત પૂજ્ય થાય છે, ગુરુને ઠંડી વાય ત્યારે ઓઢવાનાં કપડાં તરફ નજર કરે, તે સમયે શિષ્ય કપડું લાવીને આપે, અથવા બળખા કે સળેખમ જાણીને સુંઠ વિગેરે લાવી આપે, આ ઈંગિત (ચિહ્ન) કહેવાય છે, કે બુદ્ધિમાન શિષ્ય પોતાના ગુરુ તરફ હમેશાં દૃષ્ટિ રાખે કે ગુરુને બોલવાની પણ તકલીફ ન પડે.) ॥૧॥

**आयारमट्ठा विणयं पउंजे, सुस्सूसमाणो परिगिज्झ वक्कं ।**
**जहोवइट्ठं अभिकंखमाणो, गुरुं तु नाऽऽसाययई स पुज्जो ॥२॥**

જ્ઞાનાદિ પાંચ પ્રકારનો આચાર છે. તે મેળવવા ગુરુનો વિનય કરે, એટલે ગુરુ મહારાજના વચનને સાંભળવા ઇચ્છા કરે તથા સાંભળીને કપટ રહિત થઈને જે પ્રમાણે કહ્યું હોય, તે પ્રમાણે કરે, જો તે પ્રમાણે ન કરે તો ગુરુની આશાતના થાય, માટે ગુરુની આશાતના ન કરે તે જગતમાં પૂજ્ય થાય છે. ॥૨॥

**राइणिएसु विणयं पउंजे, डहराવि य जे परियायजेट्ठा ।**
**नीयत्तणे वट्टइ सच्चवाई ओवायवं वक्ककरे, स पुज्जो ॥३॥**

જ્ઞાનાદિ ભાવ રત્નથી જે ઊંચા હોય, તે પૂજનિક છે, તેમનો વિનય કરે, તથા જેઓ વય અને જ્ઞાનથી નાના હોય, પણ ચારિત્રથી મોટા હોય, તેમનો વિનય કરે તથા ગુણે અધિક હોય તેમના આગળ પોતાની નમ્રતા બતાવે, તથા સત્ય વચન બોલે, તથા ગુણાધિકને નમીને બહુમાન કરે, તથા પાસે રહી તેમનું કાર્ય કરી આજ્ઞાનું પાલન કરે આવા વિનયી શિષ્ય લોકમાં પૂજ્ય થાય છે.॥૩॥

**अन्नायउंछं चरई विसुद्धं, जवणट्ठया समुयाणं च निच्चं ।**
**अलद्धुयं नो परिदेवएज्जा, लद्धुं न विकंथयई (विकत्थयई), स पुज्जो ॥४॥**

પોતે અજાણ્યા ઘરમાં ગોચરી જાય, અને ગૃહસ્થોને વાપરતાં વધેલું અન્ન લે, વળી અજાણ્યા ઘરમાં પણ દોષિત આહાર ન મલે, માટે જોઈને શુદ્ધ લે, આ આહાર સંયમના નિર્વાહ માટે શરીરને ટકાવવા જેટલો જ લે, પણ શરીરને પુષ્ટ કરવા ન લે, આ આહાર પણ જુદી જુદી જગ્યાએ ફરીને લે, અને યોગ્ય આહાર જે મળ્યો હોય તે લે, કદાચ કોઈ જગ્યાએથી ફરવા છતાં ન મળે, અથવા ઓછું મળે તો પોતે એમ ખેદ ન કરે, કે હું કેવો નિર્ભાગી છું! અથવા આ દેશ કેવો ભિખારી છે, કે મને ગોચરી પણ પૂરી મળતી નથી! કદાચ પુન્યના ઉદયથી વધારે સારી ગોચરી મળે તો પોતાની પ્રશંસા ન કરે, કે હું કેવો ભાગ્યવાન છું! અથવા આ દેશ કેવો સરસ છે! કે આવી સુંદર ગોચરી મળે છે, (ગોચરી મળવી અને ગોચરી આપવી, એ ગૃહસ્થને 'દાનાન્તરાય' અને સાધુને 'લાભાન્તરાય' કર્મ જેટલા અંશે ઓછું થયું હોય, તેટલો વિશેષ લાભ થાય, માટે સાધુએ પોતાના દેશની કે ગૃહસ્થની નિંદા સ્તુતિ ન કરતાં જે મળે એમાં સંતોષ રાખવો, અને મધ્યસ્થ રહેવું,) તો તે સાધુ જગત પૂજ્ય થાય છે. ॥૪॥

**संथार सेज्जाऽऽसण-भत्त-पाणे, अप्पिच्छया अइलाभे वि संते ।**
**जो एवमप्पाणऽभितोसएज्जा, संतोसपाहन्नरए, स पुज्जो ॥५॥**

સંથારો (સુવાનું કપડું) શય્યા (જ્યાં સુઈ જવાનું હોય તે જગ્યા) આસન (બેસવાનું વસ્ત્ર) ભોજન તથા પાણી સાધુને વધારે અથવા સારા મળે, તો પણ મૂર્છા ન રાખે, તેમ વધારે લે પણ નહિ, એટલે શાસ્ત્રમાં બતાવેલી વિધિ પ્રમાણે જોઈએ તેટલું લઈ આત્માને સંતોષી રાખે, પણ વધારે ન લે, તો તેના નિર્મમત્વપણાથી ગૃહસ્થોમાં તે પૂજ્ય થાય છે.॥૫॥

**सक्का सहेउं आसाए कंटया, अओमया उच्छहया नरेणं ।**
**अणासए जो उ सहेज्ज कंटए, वईमए कण्णसरे, स पुज्जो ॥६॥**

ઇંદ્રિયોની સમાધિથી પૂજ્યપણું થાય છે તે બતાવે છે. એટલે કોઈ કડવાં વચન કહે તો તે લોઢાના કાંટા માફક સૌને દુઃખદાઈ થાય, છતાં ગૃહસ્થોને સ્વાર્થ માટે બીજાની ગરજ હોય, અને તે કડવાં વચન કહે, તો પોતાનો સ્વાર્થ સાધવાને તે સહન કરે છે, અથવા લોઢાના ખીલા ઊપર પણ પૈસાના લોભે સૂવાવાળા દેખાય છે, અથવા ગરજ પડે કાંટાવાળા ઘાસમાં પણ સૂવે છે. આ બધું સ્વાર્થના માટે શક્ય થાય છે, પણ સાધુને પરમાર્થ સાધવાનો હોવાથી તેણે તો વિશેષ પ્રકારે કડવાં વચનો સહેવાં જોઈએ, એટલે વિના કારણ કોઈ તુચ્છ કે તિરસ્કારનાં વચનો કહે અને તે કાનમાં જતાં તીરની માફક હૃદય ભેદે, તો પણ મનમાં ક્રોધ ન કરે, તથા તેવું બોલનારને સામું કડવું વચન પણ ન કહે, તે જગત પૂજ્ય થાય. (હિતના માટે ગુરુ અથવા ઉત્તમ શ્રાવક કડવું વચન કહે અથવા અન્ય કોઈ દ્વેષથી ચીડવવા કડવું વચન કહે, તે સમયે સાધુએ સામું ન બોલતાં તેમાંથી જેટલો ગુણ હોય તેટલો જ લેવો.)॥૬॥

**मुहुत्तदुक्खा हु(उ) हवंति कंटया, अओमया तेऽवि तओ सुउद्धरा ।**
**वायादुरुत्ताणि दुरुद्धराणि, वेराणुबंधीणि महब्भयाणि ॥७॥**

તેનો વધારે ખુલાસો કરે છે. છાતીમાં લાગેલાં તીર અથવા પગમાં લાગેલાં કાંટા થોડો કાળ દુઃખ આપે છે, કારણ કે જ્યારે તેને ત્યાંથી કાઢીને ઘા ઊપર દવા લગાવે ત્યારે મટી જાય છે, પણ કહેલાં કડવાં વચન મનને વિંધવાથી તેનો ઘા જલદીથી રૂઝાતો નથી, પણ જો સાધુ સમતા ન રાખે, અને સામો કડવાં વચનનો ઉત્તર આપે તો પરસ્પર વેર વધે અને તેથી કુગતિમાં પડવાનું થાય, એવો મહાભય આપનાર કડવું વચન છે, (એટલા માટે એક વખત સહન કરવાનું દુઃખ વેઠવું સારૂં, કે વેર ના વધે. તેમજ સાધુએ કોઈને કડવું વચન પણ ન કહેવું જેથી ક્લેશનું બીજ થવાનો ભય ન રહે.)॥૭॥

**समावयंता वयणाभिघाया, कण्णंगया दुम्मणियं जणंति ।**
**धम्मो त्ति किच्चा परमग्गसूरे, जिइंदिए जो सहई स पुज्जो ॥८॥**

કડવાં વચનનો સમૂહ કાન તરફ આવતાં મનમાં ખેદ ઉત્પન્ન કરે છે, કારણ કે અનાદિ કાળનો અભ્યાસ ચાલતો આવે છે, તેવે સમયે સાધુનો ધર્મ સમતા રાખવાનો છે, એમ જાણીને જેમ દાની દાન આપે તથા વીર પુરુષ લડાઈમાં ઘા ખમે છે તેમ પોતે વીર શિરોમણિ બનીને ઇંદ્રિયોને જીતીને સહન કરે, ક્રોધની ચેષ્ટા પણ ન કરે. (ભવિષ્યમાં વેર લેવાનું પણ ન ચિંતવે) આવો સાધુ જગત પૂજ્ય થાય છે. ॥૮॥

**अवण्णवायं च परम्मुहस्स, पच्चक्खओ पडिणीयं च भासं ।**
**ओहारिणिं अप्पिअकारिणिं च, भासं न भासेज्ज सया, स पुज्जो ॥९॥**

પરનિંદા પછવાડે ન કરે, તેમ સામે બીજાને કડવું વચન પણ ન કહે, તથા આ ખોટો જ છે, એવું ખરાબ વચન પોતે ન બોલે, આવી રીતે બોલવામાં જે વિવેક રાખે તે પૂજ્ય થાય છે.॥૯॥

**अलोलुए अक्कुहए अमायी, अपिसुणे आवि अदीणवित्ती ।**
**नो भावए नो वि य भावियप्पा, अकोउहल्ले य सया, स पुज्जो ॥१०॥**

આહાર વિગેરેમાં લુબ્ધ ન થાય, તથા ઇંદ્રજાળ વિગેરેમાં વિદ્યામાં ફસાય નહિ, તથા કુટિલતા (કપટ) ન રાખે, તથા સંઘાડા (સાધુ સમૂહ)માં ક્લેશ ન કરાવે, તથા આહાર વિગેરે યોગ્ય ન મળતાં ખેદ ન કરે, તથા દીનતા ન બતાવે, તથા મનમાં ખરાબ ધ્યાન ન કરે. અને બીજા આગળ એમ ન કહે, કે હું કેવો પ્રશંસવા યોગ્ય છું, તથા ભાવિત આત્મા ન બને (એટલે પોતાના દોષ જુએ અને સુધારે) પોતાની પ્રશંસા પોતે ન કરે તથા કૌતુક વિગેરે

એટલે નાટક ચેટક વિગેરે છોડે તે સાધુ જગત પૂજ્ય થાય છે.॥૧૦॥

**गुणेहिं साहू अगुणेहऽसाहू, गेण्हाहि साहूगुण मुंचऽसाहू ।**
**वियाणिया अप्पगमप्पएणं, जो राग-दोसेहिं समो, स पुज्जो ॥११॥**

સાધુના પૂર્વે વિનય વિગેરે જે ગુણો બતાવ્યા, તે ગુણ વાળો સાધુ કહેવાય અને તે ગુણો જેનામાં ન હોય તે અસાધુ કહેવાય, માટે ગુરુ શિષ્યને કહે છે, કે તું ગુણોને ધારણ કર અને દોષને છોડી દે, આવું ગુરુ પાસે જિનેશ્વરનું વચન સાંભળીને પોતાના આત્માને રાગ દ્વેષ રહિત કરે, અને સમભાવી થાય, તે પૂજ્ય થાય છે.॥૧૧॥

**तहेव डहरं व महल्लगं वा, इत्थीं पुमं पव्वइयं गिहिं वा ।**
**नो हीलए नोवि य खिंसएज्जा, थंभं च कोहं च चए, स पुज्जो ॥१२॥**

સાધુમાં કોઈ ડહર મહલ્લક (નાના મોટા) હોય અથવા બરોબરીઆ હોય તથા કોઈ સ્ત્રી-પુરુષ કે નપુંસક હોય તે ગૃહસ્થ હોય અથવા સાધુ હોય, અથવા અન્ય ધર્મી હોય, તે બધાને ખોટું લાગે તેવું વચન ન બોલે, તથા ઈર્ષા કરીને તેમનું અપમાન ન કરે. (હીલના તે એકવાર અપમાન અને વારંવાર અપમાન તે ખીંસના કહેવાય, તે ન કરે) તથા તેનું મૂળ અહંકાર ન કરે, તથા ક્રોધ પણ ન કરે, તે સાધુ જગતમાં પૂજ્ય થાય છે. ॥૧૨॥

**जे माणिया सययं माणयंति, जत्तेण कन्नं व निवेसयंति ।**
**ते माणए माणरिहे तवस्सी, जिइंदिए सच्चरए, स पुज्जो ॥१३॥**

જે આચાર્ય શિષ્યોને બોધ આપીને તેમને પ્રથમ વિનય શિખવે છે, અને વિનય કરનારા શિષ્યોના સત્કારથી સંતુષ્ટ થએલા આચાર્ય નિરંતર શિષ્યોને ભણાવે છે. અને ભણવામાં આળસ કરનારને પ્રેરણા કરીને પણ યત્ન વડે શ્રુત ભણાવે છે તથા જેમ માતા-પિતા કન્યાને ગુણવાન કરીને સારા વરને પરણાવે છે. તેમ પોતાના શિષ્યોને ગુણવાન બનાવી (આચાર્ય પદ જેવા) સારે પદે ચડાવે છે. એવા ઉત્તમ ગુરુના ગુણોને શિષ્ય યાદ કરીને માનનીય આચાર્યને માને છે, તથા જે તપશ્ચર્યા કરનાર જિતેન્દ્રિય બનીને લોભ રહિત (પરમાર્થ સાધક) થાય છે તે સાધુ જગતમાં પૂજ્ય થાય છે. ॥૧૩॥

**तेसिं गुरूणं गुणसागराणं, सोच्चाण मेहावि सुभासियाइं ।**
**चरे मुणी पंचरए तिगुत्तो, चउक्कसायावगए, स पुज्जो ॥१४॥**

તેવા ગુરુ ગુણોના સાગર છે, તેમનાં કહેલાં હિતનાં વચન પરલોકમાં ઉપકારી છે, તે સાંભળીને પંચમહાવ્રતમાં સાધુ દૃઢ થઈને મન ગુપ્તિ વિગેરેથી ગુપ્ત થઈ ચાર કષાયને જીતે તેથી જગત પૂજ્ય થાય છે. તે ફળ બતાવી સમાપ્ત કરે છે.॥૧૪॥

**गुरुमिह सययं पडियरिय मुणी, जिणवयनिउणे अभिगमकुसले ।**
**धुणिय रय-मलं पुरेकडं, भासुरमउलं गइं गय ॥१५॥**
**॥ त्ति बेमि ॥ विणयसमाहीए तइओ उद्देसो समत्तो ।३।**

આચાર્ય વિગેરે પૂજ્ય ગુરુને આ મનુષ્ય લોકમાં જે મુનિ હંમેશાં આરાધિને જિન મતમાં નિપુણ હોય અને મળવા આવેલા સાધુઓની સેવામાં ચતુર હોય તે પોતાના પૂર્વે કરેલાં દુષ્ટ કર્મોને છેદીને જ્ઞાન તેજથી દેદિપ્યમાન તથા અનુપમ એવી સિદ્ધિ નામની સર્વોત્તમ ગતિને મેળવે છે. કદાચ બીજા ભવમાં સ્વર્ગમાં જાય.તો ઉત્તમ કુળમાં અવતાર લઈ ધર્મ પામીને મોક્ષ મેળવે છે. આ પ્રમાણે ગુરુની સેવા કરવી એમ સુધર્મા સ્વામી જંબૂસ્વામીને કહે છે. ત્રીજો ઉદ્દેશો સમાપ્ત॥૧૫॥

## ચોથો ઉદ્દેશો

**सुअं मे आउसं? तेणं भगवया एवमक्खायं इह खलु थेरेहिं भगवंतेहिं चत्तारि विणयसमाहिट्ठाणा पण्णत्ता, कयरे खलु ते थेरेहिं भगवंतेहिं चत्तारि विणयसमाहिट्ठाणा पण्णता? इमे खलु ते थेरेहिं भगवंतेहिं चत्तारि विणयसमाहिट्ठाणा पण्णत्ता, तंजहा-विणयसमाही(१) सुयसमाही(२) तवसमाही(३) आयारसमाही(४)।**

સૂત્રકાર પૂર્વે કહેલા વિનયને વધારે ખુલાસાથી કહે છે, સુધર્મા સ્વામી જંબૂસ્વામીને કહે છે, હે, આયુષ્યમાન્? જિનેશ્વર ભગવાને મને આ પ્રમાણે કહ્યું છે. (ચોથા અધ્યયનમાં આનો વિશેષ ખુલાસો છે.) અહીંયાં એટલે આ ક્ષેત્રમાં કે આ સિદ્ધાંતમાં જે સ્થવિર (ગણધર) ભગવંતોએ વિનય સમાધિનાં ચાર સ્થાન કહ્યાં છે, એટલે જે પ્રમાણે જિનેશ્વર પાસે પોતે સાંભળ્યાં છે તે પ્રમાણે સૂત્રોમાં ગૂંથ્યાં (રચ્યાં) છે.

પ્રશ્ન તે ચાર ક્યા છે,? ઉત્તર – ૧. વિનય સમાધિ, ૨. શ્રુત સમાધિ, ૩. તપ સમાધિ અને ૪. આચાર સમાધિ છે.

### સમાધિનું વર્ણન

પરમાર્થથી આત્માનું હિત સુખ અને સ્વાસ્થ્ય (ખરી શાંતિ) જેના વડે થાય તે સમાધિ છે. આ સમાધિ વિનયથી મેળવવી તે વિનય સમાધિ જાણવી તથા શ્રુત એટલે જૈન સિદ્ધાંત ભણીને તેનાથી સમાધિ લેવી તથા તપશ્ચર્યા કરીને તથા મૂળ ગુણ વિગેરે આચાર પાળીને સમાધિ લેવી.

**विणए सुए अ तवे, य आयारे निच्चं पंडिया । अभिरामयंति अप्पाणं, जे भवंति जिइंदिआ ॥१॥**

આ સમાધિ લેનારા પંડિત સાધુઓ જેઓ સમ્યગ્ રીતે પરમાર્થ જાણનારા છે. તેઓ વિનય વિગેરે ચારે ગુણોમાં જીવને રમાડે છે, (યોજે છે.) અને તેઓ ઇંદ્રિયોના વિષયોને જીતે છે. (જે ઇંદ્રિયોને જીતીને ખરી શાંતિ મેળવે) અને તે જ ખરા પંડિત છે.॥૧॥

**चउव्विहा खलु विणयसमाही भवइ, तं जहा-अणुसासिज्जंतो सुस्सूसइ १ सम्मं संपडिवज्जइ २ वेयमाराहइ ३ न य भवइ अत्तसंपग्गहिए ४ चउत्थं पयं भवइ ।**

વિનય સમાધિ ચાર પ્રકારે બતાવે છે. ગુરુ શિખામણ આપે તથા જ્યારે જ્યારે પ્રેરણા કરે ત્યારે ગુરુ પાસે સાંભળવાની ઇચ્છા રાખે તથા ગુરુ જે સંભળાવે તે પોતાના ભાવથી ધ્યાન પૂર્વક સાંભળે અને તત્ત્વને સમજીને પરમાર્થ શોધી કાઢે તથા વેદ એટલે ભણેલા જૈન સિદ્ધાંતને યોગ્ય અનુષ્ઠાન (વર્તન) કરીને સફળ કરે, (નિર્મળ ચારિત્ર પાળે), તથા પોતે ગુરુની આજ્ઞા પાળતો છતાં મનમાં અહંકાર ન કરે, કે મારા જેવો વિનય ગુણ વિગેરે વાળો બીજો સારો સાધુ નથી, આ પ્રમાણે ચારે પદો સૂત્રના ક્રમ પ્રમાણે ઉત્તરોત્તર ગુણની અપેક્ષાએ છે (જે આ પ્રમાણે ગુણો પ્રાપ્ત કરે, તેની પ્રશંસા થાય.)

**॥ भवइ य एत्थ सिलोगो ॥**

**पेहेइ हियाणुसासणं सुस्सूसई तं च पुणो अहिट्ठए ।**
**न य माणमएण मज्जई, विणयसमाहि आययट्ठिए ॥२॥**

જે હિત શિક્ષાને ઇચ્છે છે, એટલે આ લોક પરલોકનું હિત જેનાથી થાય, તેવા ગુરુનાં ઉપદેશને ચાહે છે, તથા તે કહેલા તત્ત્વને સમજે છે, તથા તે પ્રમાણે વર્તે છે, અને ગુણ પ્રાપ્ત કરીને પૂજાતાં અહંકાર કરતો નથી, આવો મોક્ષાર્થી સાધુ વિનય સમાધિ વાળો જાણવો.॥૨॥

## શ્રુત સમાધિ નું વર્ણન

**चउव्विहा खलु सुयसमाही भवइ, तंजहा-सुयं मे भविस्सइत्ति अज्झाइयव्वं भवइ १, एगग्गचित्तो भविस्सामिति अज्झाइयव्वं भवइ २, अप्पाणं ठावइस्सामित्ति अज्झाइयव्वं भवइ ३, ठिओ परं ठावइस्सामित्ति अज्झाइयव्वं भवइ ४, चउत्थं पयं भवइ ।**

આચારાંગ વિગેરે બાર અંગોના પરમાર્થનું તત્ત્વ જ્ઞાન મને મળશે, એવી બુદ્ધિથી ભણે પણ માન વિગેરે મેળવવા ન ભણે તથા ભણવામાં ખલેલ ન પડે, માટે એકાગ્રચિત્તે સ્થિરતા રાખીને ભણે આ આલંબન વડે ભણે તથા ધર્મ તત્ત્વ જાણીને આત્માને શુદ્ધ ધર્મમાં જોડીશ, આજ હેતુ ધ્યાનમાં રાખે તથા હું ભણીને ધર્મમાં સ્થિર રહીને શિષ્યોને પણ ધર્મમાં જોડીશ, આ હેતુએ સિદ્ધાંત ભણે.

**भवइ य एत्थ सिलोगो-नाणमेगग्गचित्तो य, ठिओ ठावयई परं ।**
**सुयाणि य अहिज्जित्ता, रओ सुयसमाहिए ॥३॥**

એકાગ્ર ચિત્તે ભણીશ, ધર્મમાં સ્થિર રહીશ. અને બીજાને સ્થિર કરીશ. સૂત્રોને ભણીને શ્રુત સમાધિમાં રહીશ,॥૩॥

## ચાર પ્રકારની તપ સમાધિનું વર્ણન

**चउव्विहा खलु तवसमाही भवइ, तं जहा-नो इहलोगट्ठयाए तवमहिट्ठेज्जा १ नो परलोगट्ठयाए तवमहिट्ठेज्जा २, नो कित्ति-वण्ण-सद्द-सिलोगट्ठयाए तवमहिट्ठेज्जा ३, नऽन्नत्थ निज्जरट्ठयाए तवमहिट्ठेज्जा ४, चउत्थं पयं भवइ।**

આ લોકમાં લબ્ધિની ઇચ્છાથી અનશન વિગેરે તપ ધમ્મિલ કુમાર માફક નહિ કરૂં, તથા પરલોકના સુખ વાસ્તે બ્રહ્મદત્ત માફક તપ નહિ કરૂં, તથા જશકીર્તિના માટે તપ નહિ પરંતુ ફક્ત સકામ-નિર્જરા માટે તપ કરીશ, (સર્વ દિશામાં વ્યાપે તે કીર્તિ અને એક દિશામાં વ્યાપે તે વર્ણ, અને અર્ધ દિશામાં વ્યાપે તે શબ્દ, અને તેજ સ્થાનમાં વ્યાપે તે શ્લાઘા, આમ મૂળ સૂત્રમાં ચાર શબ્દો છે, તેના જુદા અર્થ જાણવા, તેના માટે તપશ્ચર્યા ન કરે.)

**भवइ य एत्थ सिलोगो-विविहगुणतवोरए य निच्चं भवइ निरासए निज्जरट्ठिए ।**
**तवसा धुणइ पुराणपावगं, जुत्तो सया तवसमाहिए ॥४॥**

નિરંતર ગુણોનો અર્થી તપશ્ચર્યામાં રક્ત રહે તથા કોઈ જાતના આ લોક પરલોકની સંસારી આશા ન રાખે, પણ સકામ નિર્જરાનો ભાવ રાખે, અને નિર્મળ તપશ્ચર્યાથી સમાધિમાં રહી પૂર્વના અશુભ કર્મોને છેદી નાખે, અને નવાં ન બાંધે.॥૪॥

## ચાર પ્રકાર ની આચાર સમાધિ

**चउव्विहा खलु आयारसमाही भवइ, तं जहा नो इहलोगट्ठयाए आयारमहिट्ठेज्जा १, नो परलोगट्ठयाए आयारमहिट्ठेज्जा २, नो कित्ति-वण्ण-सद्द-सिलोगट्ठयाए आयरमहिट्ठेज्जा ३, नऽन्नत्थ आरहंतेहिं हेऊहिं आयारमहिट्ठेज्जा ४ चउत्थं पयं भवइ।**

આ લોકના અર્થે જ આચાર ન પાળે, તેમ પરલોક માટે પણ ન પાળે, તેમ કીર્તિ વિગેરે મેળવવા પણ ન પાળે, કિંતુ જિનેશ્વરે કહેલા સર્વથા ત્યાગ રૂપ પાંચ આચાર પાળે અને મૂળ ગુણ આરાધે,

**भवइ अ एत्थ सिलोगो-जिणवयणरए अतिंतिणे, पडिपुण्णाययमाययट्ठिए ।**
**आयारसमाहिसंवुडे, भवइ अ दंते भावसंधए ॥५॥**

જિનેશ્વરના વચનમાં રક્ત, એકવાર નહિ, પણ વારંવાર ભાવથી સૂત્ર વિગેરેને પૂરેપૂરું ભણનારો બની સૂત્રમાં બતાવેલી વિધિએ અશુભ આશ્રવને અટકાવી ઇંદ્રિય અને મનને તાબે રાખતો આત્માને મોક્ષ તરફ લઈ જનારો સાધુ બને. ।।૫।।

**સર્વ સમાધિનું ફળ કહે છે.**

**अभिगम चउरो समाहिओ, सुविसुद्धो सुसमाहियप्पओ ।**
**विउलहियसुहावहं पुणो, कुव्वइ सो पयखेममप्पणो ।।६।।**

ઊપર કહેલી ચારે પ્રકારની સમાધિને સમજીને પાળીને મન વચન કાયાથી વિશુદ્ધ બની સત્તર પ્રકારની સંયમ સમાધિમાં આત્માને સ્થિર કરી ધર્મ રાજ્યને મેળવી વિસ્તીર્ણ હિત અને ભવિષ્યમાં અક્ષય સુખનો સમૂહ તથા આત્માનું ક્ષેમ પદ એટલે નિશ્ચળ સુખ તે મોક્ષને પ્રાપ્ત કરે (પોતાનું ક્ષેમ પદ મેળવે આથી આત્માને જેઓ એકાંત ક્ષણિક માને છે તેમનું ખંડન કર્યું.) ।।૬।।

**जाई-मरणाओ मुच्चई, इत्थंयं च चएइ सव्वसो ।**
**सिद्धे वा भवइ सासए, देवे वा अप्परए महड्डिए ।।७।।**
**। त्ति बेमि ।। चउत्थो उद्देसो समत्तो ।।४।। विणयसमाहीणामाज्झयणं समत्तं ।।९।।**

આ પ્રમાણે ચાર પ્રકારની સમાધિનું સેવન કરનાર જન્મ મરણ ના દુઃખરૂપ સંસારથી મૂકાય છે. અને આ પ્રમાણે નારકી વિગેરે સંબંધી વર્ણ સંસ્થાન વિગેરે સર્વથા ત્યજે છે અને ફરી ગ્રહણ ન કરવાથી શાશ્વત સુખવાળા સિદ્ધ પદને મેળવે છે. અથવા તે ભવમાં મોક્ષમાં ન જાય તો અનુત્તર વિમાનમાં અલ્પ સંસારવાળો મોટી રિદ્ધિ વાળો દેવતા થાય છે, (તે દેવો પોતાનાં સ્થાનથી ક્યાંય જતાં નથી) વળી તે દેવતાને જ ખાજ ખણવા જેવું વિષય સુખ મનથી પણ નથી. તથા ત્યાંથી ચ્યવીને પ્રાયઃ એક બે ભવમાં મોક્ષ મેળવે છે. નવમું અધ્યયન સમાપ્ત.।।૭।।

**આત્માને અતીવ પ્રમાણમાં કર્મબંધ કરાવવાવાળી**
**જે કંઈપણ ક્રિયાઓ છે તે શાસ્ત્રોમાં સબલ દોષનાં નામથી વર્ણિત છે.**

*(૧) હસ્તમૈથુન કરવું (૨) મૈથુનનું સેવન કરવું (૩) રાત્રિભોજન કરવું (૪) આધાકર્મિ આહાર વિગેરે કરવો (૫) શૈય્યાતર પિંડ વાપરવો (૬) ઔદેશિકાદિદોષ સહિત આહરાદિ ઉપયોગમાં લેવો (૭) પ્રત્યાખ્યાનનો ભંગ કરવો (૮) છ મહિનામાં ગચ્છાંતર કરવું (૯) એક મહિનામાં ત્રણ વાર નદી પાર કરવી (૧૦) એક માસમાં ત્રણવાર માયા કરવી (૧૧) રાજપિંડ લેવો (૧૨) બલાત્કારથી જીવ હિંસા કરવી (૧૩) અસત્ય ભાષણ કરવું (૧૪) અદત્તાદાનનું સેવન કરવું (૧૫) સચિત્ત ભૂમિ પર કાયોત્સર્ગ કરવો (૧૬) પળલેલાં શરીરથી કે સચિત્ત રજથી લિપ્ત શરીરથી શહેરમાં જવું (૧૭) જીવ કે જીવવાળી ભૂમિ પર બેસવું (૧૮) સચિત્ત જમીકંદ વાપરવું (૧૯) એક વર્ષમાં દશ વાર માયાનું સેવન કરવું (૨૦) એક વર્ષમાં દશ વખત લેપ નદી ઊતરવી (૨૧) સચિત્ત જલથી ભીના એવાં હાથોથી આહારાદિ લેવો.*

*આત્માર્થીએ સબલ દોષોથી અવશ્ય બચવું જોઈએ.*

# दसमं सभिक्खू अज्झयणं
## સભિક્ષુ નામનું દશમું અધ્યયન

હવે ભિક્ષુ અધ્યયન કહેવાય છે અર્થાત્ ભીખ માગવાથી ભિક્ષુ ન ગણાય પણ તે ભિક્ષુમાં આવા ગુણો હોવા જોઈએ તે બતાવે છે. તેનો નવમા અધ્યયન સાથે આ પ્રમાણે સંબંધ છે. પૂર્વે કહ્યું કે આચારમાં રહેલો હોય, તે વિનય સંપન્ન હોય. અને અહીં એવું કહેશે કે જે વિનય વિગેરેમાં રહેશે તે જ સમ્યગ્ ભિક્ષુ છે. એના પૂર્વ પ્રમાણે અનુયોગ દ્વાર કહેતાં નામ નિક્ષેપમાં ''સભિક્ષુ'' એવું અધ્યયનનું નામ છે. અહીંયાં 'સ' કાર છે, તે ભિક્ષુ સાથે સંબંધ રાખે છે. તે 'સકાર'ના નિક્ષેપા કહે છે.

**नामंठवणसयारो दव्वे भावे अ होइ नायव्वो । दव्वे पसंसमाई भावे जीवो तदुवउत्तो ॥३२८॥**

સકાર નામ તે નામ સકાર છે તેનું ચિત્ર તે સ્થાપના સકાર કહેવાય, હવે દ્રવ્ય સકાર અને ભાવ સકાર બતાવે છે. દ્રવ્ય સકારના પહેલાની માફક આગમ નોઆગમ તથા 'જ્ઞ' શરીર, ભવ્ય શરીર તથા તે બંનેથી રહિત પ્રશંસાના અર્થવાળો દ્રવ્ય સકાર છે. અને ભાવસકાર ઉપયોગ વાળો એક પણાથી જીવ પોતે જ ભાવસકાર છે. હવે દ્રવ્ય સકારના નિક્ષેપા ઉપયોગી હોવાથી બતાવે છે.॥૩૨૮॥

**निद्देसपसंसाए अत्थीभावे अ होइ उ सगारो । निद्देसपसंसाए अहिगारो इत्थ अज्झयणे ॥३२९॥**

નિર્દેશ (વિચાર જણાવવા) પ્રશંસા અને અસ્તિભાવ એ ત્રણ અર્થમાં સકાર શબ્દ છે. જેમ કે નિર્દેશમાં એની પછી તે આવે છે. (આવું કોઈ ને સૂચવવું હોય તો સંસ્કૃતમાં 'સ' અને ગુજરાતીમાં 'તે' વપરાય છે.) પ્રશંસામાં આ સત્ પુરુષ છે. એટલે સ અને સત્ નો એક અર્થ છે. અને અસ્તિભાવમાં (વિદ્યમાન વસ્તુમાં) આ વસ્તુ વિદ્યમાન છે. અર્થાત્ (નાશ પામી નથી) તેમાં આ અધ્યયનમાં નિર્દેશ અને પ્રશંસા એ બંનેમાં જે સકાર છે, તેની જરૂર હોવાથી તે બેઉમાં લીધો છે. હવે તે બતાવે છે.॥૩૨૯॥

**जे भावा दसवेआलिअम्मि करणिज्ज वण्णिअ जिणेहिं ।**
**तेंसि समावर्णमिति (मी) जो भिक्खू भन्नइ स भिक्खू ॥३३०॥**

જે પદાર્થો પૃથ્વી વિગેરે છે. તેનું રક્ષણ કરવું એવું **જિનેશ્વર તથા ગણધર ભગવંતે આ દશવૈકાલિક સૂત્રમાં બતાવ્યું** છે. તે ભાવોને યથાશક્તિ દ્રવ્યથી અને ભાવથી આચરીને છેવટ સુધી પાળે, તે ભિક્ષુ છે. (ઇતિ શબ્દનો છુપો ઉપન્યાસ છે. અહીંયાં નિર્દેશમાં સકાર બતાવ્યો કે આવો હોય તે ભિક્ષુ કહેવાય હવે પ્રશંસામાં બતાવે છે.॥૩૩૦॥

**चरगमरुगाइआणं भिक्खुजीवीण काउणमपोहं । अज्झयणगुणनिउत्तो होइ पसंसाइ उ सभिक्खू ॥३३१॥**

ચરક (એક જાતના અન્ય મતના સાધુ) મરૂકા (બ્રાહ્મણ) તથા આદિ શબ્દથી બૌદ્ધના સાધુ જાણવા. તેઓ સાધુ ધર્મને પાળતા ન હોવાથી ભિક્ષા માત્રથી જીવન ગુજારનારા જાણી, તેમને અહીં ભિક્ષુ તરીકે ન લેવા, પણ આ અધ્યયનમાં બતાવેલા ગુણવાળો સાધુ હોય, તે ભિક્ષુ જાણવો. એટલે સદ્ ભિક્ષુ એવો સભિક્ષુ (સારો ભિક્ષુ) જાણવો આ પ્રમાણે નિર્દેશ તથા પ્રશંસાના અર્થમાં સકાર લીધો, હવે ભિક્ષુનું વર્ણન કરે છે.॥૩૩૧॥

**भिक्खुस्स य निक्खेवो निरुत्तएगट्ठिआणि लिंगाणि । अगुणट्ठिओ न भिक्खू अवयवा पंच दाराइं ॥३३२॥**

(૧) નિક્ષેપો તથા (૨) નિરૂક્ત તથા (૩) પર્યાય (૪) ચિહ્ન તથા અગુણી ન લેવા, પણ (૫) ગુણી લેવા. વિગેરે વર્ણનનાં અનુક્રમે પાંચ દ્વાર આવશે, તથા પહેલાં અધ્યયનમાં બતાવેલાં પાંચ અંગ પ્રતિજ્ઞા વિગેરે કહેશે.

હવે તે ખુલાસાથી કહે છે. ॥૩૩૨॥

**णामंठवणाभिक्खू दव्वभिक्खू अ भावभिक्खू अ । दव्वम्मि आगमाई अन्नोऽवि अ पज्जवो इणमो ॥३३३॥**

ભિક્ષુના નામ સ્થાપના દ્રવ્ય, ભાવ એમ ચાર પ્રકારે નિક્ષેપા છે. સુગમ નામ સ્થાપના છોડીને દ્રવ્ય નિક્ષેપામાં આગમ, નોઆગમ જ્ઞ શરીર ને ભવ્ય શરીર વિગેરે પૂર્વ માફક છે. અને તે સિવાય એક ભવિક વિગેરે પણ ભેદ છે, બીજા પણ ભેદ જેમાં દ્રવ્ય ભિક્ષુનું લક્ષણ છે. તે બતાવે છે. ॥૩૩૩॥

**भेअओ भेअणं चेव, भिंदिअव्वं तहेव य । एएसिं तिण्हंपि अ, पत्तेअपरूवणं वोच्छं ॥३३४॥**

(૧) ભેદકપુરુષ (૨) ભેદન તે કુહાડાથી (૩) ભેદવા યોગ્ય તે લાકડું વિગેરે એમ ત્રણ ભેદ છે. એ ત્રણેનું જુદું જુદું સ્વરૂપ બતાવશે.॥૩૩૪॥

**जह दारुकम्मगारो भेअणभित्तव्वसंजुओ भिक्खू । अन्नेवि दव्वभिक्खू जे जायणगा अविरया अ ॥३३५॥**

લાકડાનું કામ કરનારો સુથાર તે વાંસલો કે કુહાડો લઈને લાકડું છેદવાની ક્રિયામાં તત્પર હોય, તે દ્રવ્યનો ભેદનારો હોવાથી દ્રવ્ય ભિક્ષુ કહેવાય. તે સિવાય બીજા પણ પરમાર્થ તત્ત્વને સાધ્યા વિના ભિખ માંગીને પેટ ભરે, તે યાચક અને પાપ સ્થાનથી દૂર નહિ થએલા સંસારી છતાં ભિક્ષુ કહેવાય, તે દ્રવ્ય ભિક્ષુ જાણવા, તેના બે ભેદ છે. એક તો ગૃહસ્થ વેષે ભિખ માગે, અને બીજા બાવા વિગેરેનો વેષ રાખીને યાચે છે, તે બતાવે છે. ॥૩૩૫॥

**गिहिणोऽवि सयारंभग उज्जुपन्नं जणं विमग्गंता । जीवणिअ दीणकिविणा ते विज्जा दव्वभिक्खुत्ति ॥३३६॥**

સ્ત્રી સહિત-પરણેલા નિરંતર (હમેશાં) છ જીવ નિકાયનો આરંભ કરનારા તથા ભોળા માણસોને 'અમે ભૂદેવ છીએ' લોકના હિત માટે જ જન્મ્યા છીએ માટે અમોને અમુક અમુક દ્રવ્ય જેમ કે ગાય, સ્ત્રી વિગેરે આપો આ પ્રમાણે ગૃહસ્થ છતાં બ્રાહ્મણો કરે છે, તે ગૃહસ્થ ભિક્ષુ જાણવા અને જેઓ બાવા વિગેરે આજીવિકા માટે દ્રવ્ય વિગેરે ભેગું કરે છે, તે બાવા તથા બ્રાહ્મણોનો હેતુ દ્રવ્ય માટે હોવાથી તે દ્રવ્ય ભિક્ષુ જાણવા આ બાવા કાપડી નામના ગૃહસ્થ વેષવાળા પૂર્વે હતા તે લેવા. (પાલનપુરમાં કાપડી નામે હાલ છે.) હવે સાધુ વેષને ધારણ કરેલા બતાવે છે.॥૩૩૬॥

**मिच्छदिट्ठी तसथावराण पुढवाइबिंदिआईणं । निच्चं वहकरणरया अबंभयारी अ संचइआ ॥३३७॥**

બૌદ્ધ મત વિગેરેના સાધુ વિગેરે અતત્ત્વને તત્ત્વ માનનારા હોવાથી મિથ્યાત્વવાળા તથા સાધુનું ચિહ્ન તે સર્વોત્તમ શાંતિ, તેનાથી રહિત અને પૃથ્વી વિગેરે સ્થાવરકાય તથા બેઇંદ્રિય વિગેરે ત્રસકાય તેનો વધ કરવામાં રક્ત અબ્રહ્મચારી તથા સંચય કરનારા સાધુ ધર્મમાં શૂન્ય હોવાથી દ્રવ્ય ભિક્ષુ જાણવા. (ચ શબ્દનો પરમાર્થ આગળ સમજાવશે.) સંચય કરવાથી તે અબ્રહ્મચારી છે તેથી સંચયને બતાવે છે. ॥૩૩૭॥

**दुपयचउप्पयधणधन्नकुविअतिअतिअपरिग्गहे निरया । सच्चित्तभोइ पयमाणगा अ उद्दिट्ठभोई अ ॥३३८॥**

બે પગવાળાં તે દાસી વિગેરે અને ચાર પગવાળાં તે ગાય ભેંસ વિગેરે છે. ધન તે સોનું ચાંદી વિગરે, ધાન્ય કમોદ (ભાત) વિગેરે કુપ્પ તે લોઢું તથા તાંબુ વિગેરે. આ દરેકમાં મન વચન કાયાથી તથા કરવું કરાવવું અને અનુમોદવું, એમ ત્રણ યોગ ત્રણ કરણમાં રક્ત છે. આ વાત તેમના શાસ્ત્રમાં છે કારણ કે તેઓ લખે છે કે,

**विहारान् कारयेद् रम्यान् वासयेच्चबहुश्रुतान् ।**

'મનોહર મહેલ જેવા વિહાર (મઠ) બનાવીને બહુશ્રુત એટલે બૌદ્ધ મતના પંડિતોને રાખવા.'

વાદીની શંકા–ઉત્તમ ગુણના ધારક એવું ન કરે.

આચાર્યનું સમાધાન–સચિત્તનું ભોજન કરનારા છે, તથા માંસ વિગેરેનું ભોજન કરનારા છે. તથા પોતાના હાથથી રાંધનારા તથા તેમના માટે જ રંધાએલું ખાનારા આટલા દુર્ગુણો બૌદ્ધ વિગેરે સાધુના છે. અને તેવા

જ બીજા તપસ્વીઓને પણ જાણવા, કારણ કે સાધુને કેવું નિર્દોષ ભોજન લેવું, તેનું તેમને જ્ઞાન નથી. તેથી તેઓ પાળતા પણ નથી. ત્રણ યોગ અને ત્રણ કરણમાં આસક્ત પૂર્વે કહ્યા તે બતાવે છે. ॥૩૩૮॥

**करणतिए जोअतिए सावज्जे आयहेउपरउभए । अट्ठाणट्ठपवत्ते ते विज्जा दव्वभिक्खुत्ति ॥३३९॥**

પોતાના આ લોકના સુખ માટે મન, વચન, કાયાથી પાપને કરે, કરાવે અને અનુમોદે, એટલે જીવોને પીડારૂપ પોતે કૃત્ય કરે, જેથી શરીરની પુષ્ટિ થાય. તથા મિત્રો વગેરેના સુખ માટે તથા બંનેના માટે પાપ કરે, કેટલાક મતલબ માટે, અને કેટલાક વિના મતલબે પાપ કરે છે એટલે આર્ત્તધ્યાનનું ચિંતન, ક્રૂર વચન બોલવા વડે તથા લક્ષવેધન વિગેરેથી જીવ હિંસા વિગેરેમાં જેઓ તત્પર હોય તેવા બૌદ્ધ વિગેરે સાધુ (વેષ જિન ભાષિત હોય પણ ઉપરોક્ત કાર્ય કરનારા હોય તો તે પણ) દ્રવ્ય ભિક્ષુ જાણવા. સ્ત્રી વિગેરેના સંબંધથી વિશુદ્ધ તપનો અભાવ હોવાથી અબ્રહ્મચારી છે, તે બતાવે છે.॥૩૩૯॥

**इत्थीपरिग्गहाओ आणादाणाइभावसंगाओ । सुद्धतवाभावाओ कुतित्थिआऽबंभचारित्ति ॥३४०॥**

દાસીઓ વિગેરે સેવામાં રાખે તેથી મનના પરિણામ અશુદ્ધ થાય, તેથી તે સાધુ ન કહેવાય. અને તાપસ વિગેરેને શુદ્ધ તપના અભાવથી કુતીર્થિને પણ અબ્રહ્મચારી જાણવા. અહીંયાં બ્રહ્મ શબ્દનો અર્થ વાસ્તવિક તપ લેવો (તપનો અર્થ અહીંયાં ઇંદ્રિયોનું સંપૂર્ણ દમન કરવું, તે લીધો છે) આ પ્રમાણે દ્રવ્ય ભિક્ષુનું વર્ણન કર્યું હવે ભાવ ભિક્ષુનું કહે છે. ॥૩૪૦॥

**आगमतो उवउत्तो तग्गुणसंवेअओ अ (उ) भावंमि । तस्स निरुत्तं भेअगभेअणभेत्तव्वएण तिहा ॥३४१॥**

ભાવથી આગમ નોઆગમ એમ બે પ્રકાર છે. આગમથી ભિક્ષુ શબ્દને જાણનારો તથા તેમાં ઉપયોગ રાખનારો છે. તથા ભિક્ષુના ગુણને જાણનારો નોઆગમથી ભાવ ભિક્ષુ થાય છે. (અને ભિક્ષુની ક્રિયા તેને કરવી પડે છે) આ પ્રમાણે ભાવ ભિક્ષુનો નિક્ષેપો થયો. હવે તેનું નિરૂક્ત કહે છે. ભિક્ષુનું નિશ્ચિત એટલે ખરેખરૂં શબ્દનું અર્થવાળુ રૂપ બતાવવું એટલે ભેદક ભેદન અને ભેત્તવ્ય એમ કહેવાતાં ત્રણ ભેદો વડે ત્રણ પ્રકારનાં છે. તે વધારે ખુલાસાથી સમજાવે છે. ॥૩૪૧॥

**भेत्ताऽऽगमोवउत्तो दुविह तवो भेअणं च भेतव्वं । अट्ठविहं कम्मखुहं तेण निरुत्तं स भिक्खुत्ति ॥३४२॥**

અહીં આગમમાં ઉપયોગ રાખનારો સાધુ છે. અને તે સાધુ બાહ્ય અને અભ્યંતર એવા બે પ્રકારના ભેદ વડે જે તપ કરે, તે તપ ભેદનાર (ભેદન) છે. આ આઠ પ્રકારનાં કર્મો છે. તે ભેદવા યોગ્ય છે અને તે ભૂખ વિગેરે દુ:ખોના હેતુ હોવાથી તેની જોડે ક્ષુધા શબ્દ જોડવો. એટલે શાસ્ત્રની રીતિએ તપસ્યા કરીને કર્મને ભેદે તે ભિક્ષુ જાણવો. (આ નિરૂક્ત કહેવાય.)॥૩૪૨॥

**भिंदंतो अ जह खुहं भिक्खू जयमाणओ जई होइ । संजमचरओ चरओ भवं खिवंतो भवंतो उ ॥३४३॥**

જે ક્ષુધા (ભૂખ) ને ભેદે તે ભિક્ષુ થાય છે, એટલે ભૂખ વિગેરે બાવીસ પરીષહોને સહન કરતો ભાવથી યત્ન કરે, અને તેવા ગુણોમાં રહેતો યતિ કહેવાય, પણ બીજી રીતે યતિ ન કહેવાય, એ પ્રમાણે સંયમમાં એટલે સત્તર પ્રકારનો સંયમ છે. તેને રાખનારો તે સંયમ ચરક (સંયમમાં ચાલનારો) કહેવાય. તેજ માણસ સંસારને ઓછો કરતો ભવાન્ત (થોડા ભવમાં મોક્ષ લેનારો) થાય છે. હવે બીજી રીતે નિરૂક્ત કહે છે. ॥૩૪૩॥

**जं भिक्खमत्तवित्ती तेण व भिक्खु खवेइ जं व अणं । तवसंजमे तवस्सित्ति वावि अन्नोऽवि पज्जाओ ॥३४४॥**

જે ભિક્ષા માત્ર વૃત્તિ એટલે નિર્દોષ ગોચરી લે, તે ભિક્ષાના આચારવાળો હોવાથી ભિક્ષુ કહેવાય, હવે ભિક્ષુના પ્રસંગથી જ બીજા ભિક્ષુ શબ્દના પર્યાયો છે. તેનું નિરૂક્ત કહે છે; કર્મ ખપાવવાથી ક્ષપણ કહેવાય, તથા સંયમ તપમાં એટલે સંયમમાં તપ મુખ્ય છે તે સંયમ તપને આદરવાથી તપસ્વી કહેવાય છે, એ પ્રમાણે બીજા પણ પર્યાયો હોય તો તેના અર્થથી ભિક્ષુ શબ્દનું નિરૂક્ત થાય છે. હવે એક અર્થિક દ્વાર કહે છે. ॥૩૪૪॥

[1]तिन्ने ताई दविए वई अ खंते अ दंत विरए अ । मुणितावसपन्नवगुजुभिक्खु बुद्धे जइ विऊ अ ॥३४५॥

વિશુદ્ધ સમ્યગ્ દર્શન વિગેરેનાં લાભથી ભવ સમુદ્રને તરવાથી તે તીર્ણ કહેવાય છે. તથા તાય (સત્ય વચન બોલવું) તે, તાય જેને હોય, તે તાયી કહેવાય છે. એટલે જિનેશ્વરના કહેલા માર્ગ પ્રમાણે પોતે આચરે અને તે માર્ગને કહેવાથી પોતાના શિષ્યોને સારી દેશના વડે પાળનારો તે તાયી છે. તથા દ્રવ્ય તે રાગદ્વેષ તેનાથી રહિત તે દ્રવિક કહેવાય, હિંસાદિથી વિરત તે વ્રતી, ક્ષમા કરવાથી શાંત છે, તથા ઇંદ્રિયનું દમન કરવાથી દાન્ત છે, તથા વિષય સુખથી નિવૃત્ત થએલો હોવાથી વિરત છે, તથા ત્રણ કાળની અવસ્થાને માને તેથી મુનિ કહેવાય છે. તપના પ્રધાનપણાથી તાપસ છે, મોક્ષનું સ્વરૂપ બતાવવાથી પ્રરૂપક કહેવાય, તથા માયા રહિત હોવાથી ઋજુ કહેવાય, ભિક્ષુ શબ્દનું વર્ણન પૂર્વે કર્યું છે. તત્ત્વ જાણનાર હોવાથી બુદ્ધ કહેવાય ઉત્તમ આશ્રમમાં રહેનારો હોવાથી અથવા યત્ન કરવાથી યતિ તથા સૂત્રાર્થ બરોબર જાણવાથી પંડિત કહેવાય છે. ॥૩૪૪॥

[2]पव्वइए अणगारे पासंडी चरग बंभणे चेव । परिवायगे अ समणे निग्गंथे संजए मुत्ते ॥३४६॥

પાપથી વર્જિત (છૂટેલો) માટે પ્રવ્રજિત, દ્રવ્ય અને ભાવ એ બંને પ્રકારના ઘર (આગાર)થી છૂટેલો હોવાથી અણગાર છે. સંસારપાશથી છૂટેલો માટે પાખંડી છે. ચરક પૂર્વ માફક છે, વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળવાથી બ્રાહ્મણ અને પાપને વર્જવાથી પરિવ્રાજક છે. શ્રમણ પૂર્વ માફક છે, નિર્ગ્રંથ સંયત મુક્ત વિગેરે પૂર્વ માફક જાણવા. ॥૩૪૬॥

साहू लूहे अ तहा तीरट्ठी होइ चेव नायव्वो । नामाणि एवमाईणि होंति तवसंजमरयाणं ॥३४७॥

નિર્વાણ સાધક યોગ સાધવાથી સાધુ છે, તથા સ્વજન વિગેરેનો સ્નેહ ત્યાગવાથી રૂક્ષ છે, ભવ અર્ણવથી કિનારે જવાની ઇચ્છા રાખવાથી તીરાર્થી છે, આ બધાં નામ ભિક્ષુના એક અર્થવાળાં છે, એટલે તપ સંયમમાં જેઓ રક્ત છે. તેવા ભાવ સાધુઓનાં નામ જાણવાં, હવે લિંગદ્વાર કહે છે. ॥૩૪૭॥

संवेगो निव्वेओ विसयविवेगो सुसीलसंसग्गो । आराहणा तवो नाणदंसणचरित्तविणओ अ ॥३४८॥

મોક્ષ સુખનો અભિલાષ તે સંવેગ છે. અને સંસારના વિષયથી ખેદ પામવો તે નિર્વેદ છે, અને વિષયનો ત્યાગ તે વિષય વિવેક છે, સારી સોબતમાં રહેવું, તે સુશીલ સંસર્ગ છે, તથા અંત વખતે બધાં પાપોને યાદ કરી દેવગુરુ સમક્ષ મિચ્છા મિ દુક્કડં દેવું, તે આરાધના છે. યથાશક્તિ ઉપવાસ વિગેરે કરવા, તે તપ છે, પદાર્થને યથા સ્વરૂપે જાણવા, તે જ્ઞાન છે, અને સ્વભાવથી અથવા ગુરુના ઉપદેશથી જે ભગવાનના વચન ઊપર શ્રદ્ધા થાય, તે દર્શન કહેવાય છે, સામાયિક વિગેરે પાંચ ભેદવાળું ચારિત્ર છે. જ્ઞાન તથા જ્ઞાન ભણાવનાર ને વંદન કરવું, તે વિનય છે. ॥૩૪૮॥

खंती अ मद्दवऽज्जव विमुत्तया तह अदीणय तितिक्खा । आवस्सगपरिसुद्धी अ होंति भिक्खुस्स लिंगाइं ॥३४९॥

[3]ક્ષમા એટલે કોઈના હૃદયને ભેદે તેવાં વચન સાંભળીને પણ ક્રોધ ન કરે, ઊંચ જાતિનો કે બીજા ગુણોનો અહંકાર ના કરે, બીજો ઠગે તો પણ તે ઠગવા પ્રયત્ન ન કરે, તે સરળતા, તથા ધર્મ ઉપકરણમાં પણ મૂર્છા ન રાખે તે નિર્લોભતા છે અને ખાવાનું ન મળે, તો પણ દીનતા ન કરે, તે અદીનતા છે. બાવીસ પરિષહ આવે તો પણ પોતે સહન કરે તે તિતિક્ષા છે. તથા અવશ્ય કરવા યોગ્ય કૃત્યમાં અતિચાર ન લગાડે, આ જે ગુણો બતાવ્યા તે ભાવ સાધુનાં લિંગ છે. હવે અવયવદ્વાર કહે છે. ॥૩૪૯॥

अज्झयणगुणी भिक्खू, न सेस इइ णो पइन्न-को हेऊ? अगुणत्ता इइ हेऊ-को दिट्ठंतो? सुवण्णमिव ॥३५०॥

---

૧ દ.નિ. ગા. ૧૫૯ જુઓ

૨ દ.નિ. ગા.-૧૫૮ જુઓ

૩ વિશેષ આગળ દ.અ. ૧ ગા. ૪૩ જુઓ

આ અધ્યયનમાં બતાવેલા ગુણોવાળો ભિક્ષુ ભાવસાધુ થાય છે. તેનું સ્વરૂપ આ છે, આ ગુણોથી રહિત સાધુ ન કહેવાય, એવું જૈનાચાર્ય કહે છે. 'આ પ્રતિજ્ઞા છે.' જેનામાં ગુણો ન હોય તે સાધુ નહિ. એવો હેતુ સાધ્ય છે. આમાં હેતુ નગુણપણું તથા સાધ્ય તે સાધુ નહિ એમ છે. દૃષ્ટાંત સોનાનું છે. જે સોનાના ગુણ ન ધરાવે તે સોનું ન કહેવાય. તે પ્રમાણે સાધુના ગુણ ન ધરાવે તે સાધુ ન કહેવાય, એ નિગમન છે. હવે સોનાના ગુણો બતાવે છે. ॥૩૫૦॥

**विसघाइ रसायण मंगलत्थ विणिए पयाहिणावत्ते । गुरुए अडज्झडकुत्थे अट्ठ सुवण्णे गुणा भणिआ ॥३५१॥**

[1](૧) ઝેરને નાશ કરનાર, (૨) રસાયન તે વૃદ્ધત્વને રોકનાર (જુવાન રાખનાર), (૩) મંગળ પ્રયોજન તથા (૪) ઈચ્છાનુસાર ટુકડા કરી શકાય તેવું વિનીત, (૫) તપેલો રસ પ્રદક્ષિણાની જેમ વર્તવાથી પ્રદક્ષિણાવર્ત, (૬) કડાં આદિ દાગીના બનાવવામાં કામ લાગે તેવું નરમ તથા વજનમાં ગુરુ(૭) તપતાં પીગળીને ચક્કર ફરનારૂં વજનમાં ભારે અગ્નિથી બળી ન જાય, તથા (૮) કોઈપણ વખત કાટ વિગેરેથી બગડી ન જાય, એમ સોનામાં આઠ ગુણ છે, એવું તેના ગુણ જાણનારે કહ્યું છે, એમ સોનાના ગુણો બતાવીને તેમાં સાર શું લેવો તે બતાવે છે.॥૩૫૧॥

**चउकारणपरिसुद्धं कसछेअणतावतालणाए अ । जं तं विसघाइरसायणाइगुणसंजुअं होइ ॥३५२॥**

ચાર પ્રકારે પરીક્ષા કરવી, તે (૧) કષ (૨) છેદ (૩) તાપ (૪) અને તાડના આ પ્રમાણે પરીક્ષા કરતાં સોનું ઝેર ઉતારનાર વિગેરે ગુણવાળું છે. આવું ભાવ સુવર્ણ પોતાના કાર્યનું સાધક છે. ॥૩૫૨॥

**तं कसिणगुणोवेअं होइ सुवण्णं न सेसयं जुत्ती । नहि नामरूवमेत्तेण एवमगुणो हवइ भिक्खू ॥३५३॥**

પૂર્વે કહેલા બધા ગુણવાળું સોનું છે. પણ કસોટી વિગેરેમાં જે ગુણો ન દેખાડે તે અશુદ્ધ હોય, તેથી સોનું ન કહેવાય એટલે એકલા પીળા રંગથી કે ચળકાટથી સોનું ન કહેવાય, જેમ તે સોનું ન કહેવાય, તેમ રજોહરણ વિગેરે રાખવાથી નામ માત્ર રૂપ રાખવાથી સાધુ ન કહેવાય, તે ભીખ માંગીને ખાય તો પણ તે ભાવ ભિક્ષુ નહિ થાય. ॥૩૫૩॥

**जाति सुवण्णगं पुण सुवण्णवण्णं तु जइवि किरिज्जा । न हु होइ तं सुवण्णं सेसेहि गुणेहिं संतेहिं ॥३५४॥**

જેમ કોઈ નિપુણતાથી બાહરથી પીળા આદિ લક્ષણો જોઈને સ્વર્ણ ખરીદે પણ કષાદિથી તેની પરીક્ષા થાય તો તે સ્વર્ણ નથી એમ સમજાય છે (સ્વર્ણના લક્ષણો ન હોવાથી તે સ્વર્ણ ગણાય નહિ) તેમ બાહરના વેશ માત્રથી સાધુના લક્ષણ ન હોય તો સાધુ ભિક્ષુ કહેવાય નહિ.॥૩૫૪॥

**जे अज्झयणे भणिआ भिक्खु गुणा तेहि होइ सो भिक्खू । वण्णेण जच्च सुवण्णगं व संते गुणनिहिम्मि ॥३५५॥**

જે આ અધ્યયનમાં ભિક્ષુ ગુણો તે જિનવચનમાં ચિત્ત સમાધિ આદિ કહ્યા છે તે નામ, સ્થાપના, દ્રવ્ય નિક્ષેપો દૂર કરીને ભાવ ભિક્ષુ પરિશુદ્ધ ભિક્ષાવૃત્તિ વાળો હોવાથી આવો શા માટે? તો કહ્યું કે વર્ણથી પીળો જાતિ સ્વર્ણની જેમ પરમાર્થથી પણ સ્વર્ણની જેમ ગુણનો સમૂહ હોતે છતે બીજા કષ આદિ ગુણ સમૂહ યુક્ત જેમ અન્ય ગુણયુક્ત સારા વર્ણવાળું સ્વર્ણ થાય છે તેમ ચિત્ત સમાધિ આદિ ગુણયુક્ત ભિક્ષણશીલ ભિક્ષુ હોય છે. ॥૩૫૫॥

**હવે વ્યતિરેક થી સ્પષ્ટ કરે છે.**

**जो भिक्खू गुणरहिओ भिक्खं गिण्हइ न होइ सो भिक्खू । वण्णेण जुत्ति सुवण्णगं व असई गुण निहिम्मि ॥३५६॥**

---

૧ **સુવર્ણના આઠ ગુણ** (૧) વિષમારક (૨) રસાયણકારક (૩) મંગલકારક (૪) વિનીત (૫) ગુરુપણાથી યુક્ત (૬) અદાહ્ય (૭) પ્રદક્ષિણાવૃત (૮) ક્યારે ન સડે તેવું. **સાધુના આઠ ગુણ** (૧) મોહ વિષ મારક (૨) મોક્ષ માર્ગમાં પુષ્ટિદાયક (૩) શિવ પદમાં મંગળકારક (૪) પ્રતિપળે વિનયવાન (૫) અતુચ્છ ચિત્તયુક્ત (૬) ક્રોધાગ્નિથી અદાહ્ય (૭) મોક્ષ માર્ગાનુસારીવર્તન યુક્ત (૮) શિલસુગંધ યુક્ત. – અ.રા. કોષ ભાગ ૭/૧૦૦૮

જે ભિક્ષુ ગુણરહિત (ચિત સમાધિ આદિ ગુણથી શૂન્ય હોતે છતે ભિક્ષા માટે ફરે તે ભિક્ષાટન માત્રથી ભિક્ષું ન થાય. અપરિશુદ્ધ ભિક્ષાવૃત્તિવાળો હોવાથી આવું શા માટે? વર્ણથી યુક્તિ (જાતિ) સ્વર્ણની જેમ, વર્ણ માત્રથી જેમ ગુણ ન હોવાથી કષાદિથી તે સ્વર્ણ દેખાતું નથી તેમ ભિક્ષુ પણ ગુણ ન હોય તો ભિક્ષુ કહેવાતો નથી. ॥૩૫૬॥

**उद्दिट्ठकयं भुंजइ छक्कायपमद्दओ घरं कुणइ । पच्चक्खं च जलगए जो पियइ कह नु सो भिक्खु?॥३५७॥**

જે સાધુ પોતાના માટે કરેલો ઔદેશીક આહાર ખાય તેથી તે છ કાયનો હિંસક છે, એટલે કોઈ જગ્યાએ ઘર બાંધતાં પૃથ્વીકાય વિગેરેનો આરંભ થાય, તથા ઇચ્છેલું ભોજન જમતાં રહેવાના સ્થાન ઊપર મૂર્ચ્છા કરે, અથવા ભાડાનું ઘર લે, તથા નજરે દેખાતા પ્રાણી જીવોને દુઃખ આપે, (કાચું પાણી પણ પીએ) અથવા વિના કારણે એકને એક જગ્યાએ મઠ બાંધીને પડ્યો રહે, તેથી સંસારની મૂર્ચ્છા થાય, તેને સાધુ કેમ કહેવાય? (આવું આ કાળમાં ઘણું બની રહ્યું છે.) (અર્થાત્ તે ભાવ ભિક્ષુ નથી) આમ ઉપનય કહીને હવે નિગમન કહે છે.॥૩૫૭॥

**तम्हा जे अज्झयणे भिक्खुगुणा तेहिं होइ सो भिक्खू । तेहि अ सउत्तरगुणेहि होइ सो भाविअतरो उ ॥३५८॥**

એથી આ અધ્યયનમાં બતાવેલા ભિક્ષુના ગુણો મૂળ ગુણ રૂપ કહ્યા. તે ગુણોવાળો જ ભિક્ષુ છે, અને પિંડ વિશુદ્ધિ (નિર્દોષ આહાર વિગેરે) ઉત્તર ગુણને પાળનારો તથા ચારિત્ર ધર્મમાં પ્રસન્નતા ધરનારો તે ભાવ ભિક્ષુ છે, નામ નિક્ષેપો કહ્યો. હવે સૂત્રાલાપક નિષ્પન્ન નિક્ષેપાનો અવસર છે, વિગેરે ચર્ચા પહેલાંની માફક જાણવી, અને સૂત્ર અનુગમમાં અસ્ખલિતાદિ ગુણોવાળું સૂત્ર કહેવું જોઈએ, તે નીચે પ્રમાણે છે. ॥૩૫૮॥

**निक्खम्ममाणाय बुद्धवयणे, निच्चं चित्तसमाहिओ भवेज्जा ।**
**इत्थीण वसं न यावि गच्छे, वंतं नो पडियावियति जे, स भिक्खू॥१॥**

દ્રવ્ય અને ભાવ એવા બે પ્રકારનાં જે ઘર છે તે છોડીને છતી યોગ્યતાએ જેણે તીર્થંકર ગણધરના ઉપદેશથી દીક્ષા લીધી છે. તેવા મુનિએ તે જ તીર્થંકરાદિના વચનમાં નિરંતર સમાધિ રાખવી, એટલે ચિત્તમાં પ્રસન્નતા રાખવી, અર્થાત્ સૂત્ર અર્થ ભણીને તેમાં કાળ નિર્વાહ કરવો, હવે તેથી ઉલટું જે સ્ત્રી વિગેરેનો ઉપદ્રવ છે. તેને સમજીને તેને વશ કદાપી ન થાય, કારણ કે તેવા અસત્ કાર્યમાં મન જતાં નિશ્ચયથી ચારિત્રને ત્યાગી વમેલા ભોગની ઇચ્છા થાય છે. આ લખાણનો સાર એ છે કે વીતરાગના વચનમાં એકાંત પ્રસન્ન થઈને સાધુએ સંસાર ત્યાગ કર્યા પછી કોઈપણ જાતની મોહક વસ્તુ સ્ત્રી વિગેરેમાં મનથી પણ પ્રેમ કરવો નહિ તે ભાવ ભિક્ષુ છે. ॥૧॥

**पुढविं न खणे न खणावए, सीओदगं न पिए न पियावए ।**
**अगणिसत्थं जहा सुनिसियं, तं न जले न जलावए, जे स भिक्खू ॥२॥**

સ્ત્રીથી પ્રેમ ન રાખે તેમ પ્રમાદથી કે જાણીબુઝીને પૃથ્વી જે સચેતન છે તેને પોતે ખોદે નહિ, ખોદાવે નહિ તેમ ખોદતાને અનુમોદન કરે નહિ, તે પ્રમાણે કાચું પાણી ન પીએ, ન પીવરાવે, તેમ પીતાને ભલો ન જાણે, તથા અણીદાર ધારવાળી તલવાર માફક છ જીવનિકાયનો ઘાતક એવો અગ્નિ જે શસ્ત્રરૂપ છે, તેને પોતે ન બાળે, ન બળાવે, ન અનુમોદે તે ભાવ સાધુ કહેવાય.

વાદીની શંકા-પૂર્વે બધા અધ્યયનોમાં છ કાયની રક્ષાનું સ્વરૂપ બતાવ્યું તેજ ફરીથી શા માટે કહ્યું?

ઉત્તર – તે છ કાયની રક્ષા કરે તે ભાવ ભિક્ષુ છે. એવું બતાવવાને માટે અહીં કહ્યું છે. તેથી દોષ નથી.॥૨॥

**अनिलेण न वीए न वीयावए, हरियाणि न छिंदे न छिंदावए ।**
**बीयाणि सया विवज्जयंतो, सच्चित्तं नाऽऽहारए जे, स भिक्खू ॥३॥**

વાયુ જેનાથી લેવાય એવા વસ્ત્રના છેડાથી પંખા વિગેરેથી હવા ન ખાય, તેમ બીજા પાસે પંખા ન નંખાવે,

ન અનુમોદે તથા વનસ્પતિ શષ્પ (લીલું ઘાસ) વિગેરે ભાજીને ન છેદે, વિગેરે તથા કાચા વ્રીહિ (એક જાતના ચોખા) વિગેરે બીજ જ્યાં સુધી સચિત્ત હોય, ત્યાં સુધી તેને વિના કારણે અડકે પણ નહિ, અને સચિત્તનું ભોજન પણ ન કરે, તે ભાવ ભિક્ષુ છે.॥૩॥

**वहणं तस-थावराण होइ, पुढवी-तण-कट्ठनिस्सियाणं ।**
**तम्हा उद्देसियं न भुंजे, नोऽवि पए न पयावए जे, स भिक्खू ॥४॥**

ઔદ્દેશિક વિગેરે દોષિત આહાર ન લે. તેના વડે ત્રસ સ્થાવરની રક્ષા બતાવે. તે ભોજનમાં બેઇંદ્રિય વિગેરે ત્રસ જીવો તથા પૃથ્વી વિગેરે સ્થાવર જીવોનો આરંભ થાય છે. માટે સાધુ સાવદ્ય આહાર વિગેરે ન લે, એટલું જ નહિ પણ ન રાંધે, ન રંધાવે, ન અનુમોદે તે ભાવ ભિક્ષુ છે. ॥૪॥

**रोइय नायपुत्तवयणं, अत्तसमे मन्नेज्ज छप्पि काए ।**
**पंच य फासे महव्वयाइं, पंचासवसंवरए जे, स भिक्खू ॥५॥**

[1]વીતરાગે કહેલા વિધિ પ્રમાણે ચારિત્ર ભાવનાને પ્રિય માનીને મહાવીર પ્રભુના વચન પ્રમાણે પૃથ્વી વિગેરે છ કાયને પણ પોતાના જીવ જેવા વહાલાં ગણે અને પંચ મહાવ્રતને પાળે, તથા પ્રાણાતિપાત વિગેરે પાંચ આશ્રવને છોડીને પાંચ ઇંદ્રિયોને કબજામાં રાખે તે ભાવ ભિક્ષુ છે. ॥૫॥

**चत्तारि वमे सया कसाए, धुवजोगी य हवेज्ज बुद्धवयणे ।**
**अहणे निज्जायरूव-रयए, गिहिजोगं परिवज्जए जे, स भिक्खू ॥६॥**

[2]ક્રોધ વિગેરે ચાર કષાયને ક્ષમા વિગેરે ગુણો ધારીને નિરંતર છોડે તથા તીર્થંકરના વચન વડે ચારિત્રમાં સ્થિર ભાવવાળો થાય. ગાય, ભેંસ વિગેરે મિલકતની ઉપાધિથી રહિત હોય તથા સોનું, રૂપું વિગેરે રાખે નહિ અને ગૃહસ્થના સંબંધને સર્વે પ્રકારે છોડે તે ભાવ ભિક્ષુ છે.॥૬॥

**सम्मद्दिट्ठी सया अमूढे, अत्थि हु नाणे तवे संजमे य ।**
**तवसा धुणई पुराणपावगं, मणवयकायसुसंवुडे जे, स भिक्खू ॥७॥**

સમ્યગ્દૃષ્ટિ બનીને ચિત્તમાં શંકા ન કરે, તથા મૂઢતાને છોડે અને ત્યજી દેવા યોગ્ય અથવા ગ્રહણ કરવા યોગ્ય જે પદાર્થનું જ્ઞાન છે, તેમાં તથા જે ઇંદ્રિયથી ન જણાય, ત્યાં બુદ્ધિથી પણ વિચાર કરી, માને તથા બંને પ્રકારનો તપ જે કર્મ મળને દૂર કરવામાં સમર્થ છે, તેને વિષે તથા નવા કર્મ ન આવે તેવા સંયમને વિષે દૃઢ ભાવ રાખે, અને તે તપસ્યા વિગેરેથી પૂર્વના પાપોને ઉત્તમ વૃત્તિથી ત્રણ ગુપ્તિથી ગુપ્ત બની દૂર કરે તે ભાવ ભિક્ષુ છે. ॥૭॥

**तहेव असणं पाणगं वा, विविहं खाइम-साइमं लभित्ता ।**
**होही अट्ठो सुए परे वा, तं न निहे न निहावए जे, स भिक्खू ॥८॥**

તેજ પ્રમાણે આહાર, પાણી, ખાવાની વસ્તુ, તથા સ્વાદ કરવાની વસ્તુ જુદી જુદી જાતની પ્રાપ્ત કરીને ભવિષ્યમાં એટલે કાલે, પરમ દિવસે કામ લાગશે, તેવી બુદ્ધિએ પોતે સંગ્રહ ન કરે, ન કરાવે, તેમ ન અનુમોદે, આ પ્રમાણે સર્વથા સંનિધિ છોડનારો ભાવ ભિક્ષુ છે. ॥૮॥

**तहेव असणं पाणगं वा, विविहं खाइम-साइमं लभित्ता ।**
**छंदिय साहम्मियाण भुंजे, भोच्चा सज्झायरए जे, स भिक्खू ॥९॥**

---

૧ જ્ઞાતા ધર્મ – શ્રુ. –૧, અ. ૧૭
૨ ઓ.નિ. – ગા. ૨૭૭

ઊપર મુજબ ચારે પ્રકારનો આહાર પાણી વિગેરે મળતાં તે દિવસે પણ મમતા છોડીને ક્રિયા પાત્ર સ્વધર્મી મુનિઓ ઊપર વાત્સલ્ય ધારણ કરીને તેમને આપીને બાકીનું પોતે ખાય, અને પછી અભ્યાસમાં તથા સાધુના અનુષ્ઠાનમાં (વિના પ્રમાદે) તત્પર રહે તે ભાવ ભિક્ષુ છે. ॥૯॥

**न य वुग्गहिअं कहं कहेज्जा, न य कुप्पे निहुइंदिए पसंते ।**
**संजमे धुवजोगजुत्ते, उवसंते अविहेडए जे, स भिक्खू ॥१०॥**

જેથી ક્લેશ ઉત્પન્ન થાય, તેવી કોઈપણ વાતો ન કરે, તથા ધર્મની વાતમાં પણ પોતે બીજા ઊપર કોપાયમાન ન થાય, પણ ઇંદ્રિયોને વશ રાખીને રાગદ્વેષ રહિત રહે, તથા સંયમમાં નિશ્ચલ યોગથી રહે એટલે મન વચન કાયાથી સંયમ પાળે, તથા કાયાની ચપળતા વિગેરેથી રહિત રહે, તથા ઉચિત કૃત્યોમાં અનાદરવાળો ન થાય, બીજા આચાર્યો એનો અર્થ ક્રોધાદિનું ઘટાડવું કહે છે. આ ભાવ ભિક્ષુ છે. ॥૧૦॥

**जो सहइ हु गामकंटए, अक्कोस-पहार-तज्जणाओ य ।**
**भय-भेरवसद्दसप्पहासे, समसुह-दुक्खसहे य जे, स भिक्खू ॥११॥**

વળી જે મહાત્મા ઇંદ્રિયોને દુ:ખરૂપ કાંટા જેવા આક્રોશ (હલકાં વચન) તથા ચાબખાનો માર, તથા તિરસ્કાર વિગેરે કોઈ ઈર્ષાથી કરે તો તે પોતે સહન કરે, વળી અત્યંત ભયંકર એવા વૈતાલ વિગેરેના ખડખડ હસવાના શબ્દો સાંભળે તો પણ સ્થિરતા રાખે, અને સુખ દુ:ખને સમભાવે સહન કરે તે ભાવ ભિક્ષુ છે.॥૧૧॥

**पडिमं पडिवज्जिया मसाणे, नो भाए(भीयए)भय-भेरवाइं दिस्स ।**
**विविहगुण-तवोरए य निच्चं, न सरीरं चाभिकंखई जे, स भिक्खू ॥१२॥**

તેનો ખુલાસો કરે છે. મસાણમાં નિર્ભયપણે સાધુની માસ વિગેરેની પ્રતિમા (સ્થિરતાથી ઉભા રહેવું તે) ને ધારણ કરી ઉભા રહેતા વૈતાલ વિગેરેના ભયંકર શબ્દોથી ન ડરે, ન ચલાયમાન થાય. (ગમે તેવા રૂપ કરે. લલચાવે, તો પણ સ્થિરતા રાખે) તથા નિરંતર મૂળ ગુણ વિગેરે મહાવ્રત તથા અનશન વિગેરે તપશ્ચર્યામાં લીન રહે, પણ નિ:સ્પૃહતાથી શરીરની આકાંક્ષા ન રાખે કે હું પાતળો થઈ ગયો, અથવા ભવિષ્યમાં દુર્બળ થઈ જઈશ, એવી ચિંતા ન કરે તે ભાવ ભિક્ષુ છે. ॥૧૨॥

**असइं वोसट्ठ-चत्तदेहे, अक्कुट्ठे व हए व लूसिए वा ।**
**पुढविसमे मुणी हवेज्जा, अनियाणे अकोउहल्ले य जे, स भिक्खू ॥१३॥**

એકવાર નહિ પણ હમેશાં નિર્મમત્વ બની શરીરની વિભૂષા વિગેરે છોડીને કોઈના આક્રોશથી અથવા મારથી અથવા તલવારના ઘાથી અથવા કુતરા, શીયાળના કરડી ખાવાથી મુનિ ક્રોધાયમાન ન થતાં પૃથ્વી માફક સર્વ સહન કરે, પણ રાગદ્વેષ ન કરે, તથા બીજા ભવમાં ભોગોની આશા ન રાખે, તથા નટ વિગેરેનાં કૌતુક ન જુએ, તે ભાવ ભિક્ષુ છે. ॥૧૩॥

**अभिभूय काएण परीसहाइं, समुद्धरे जाइपहाओ अप्पयं ।**
**विइत्तु जाई-मरणं महब्भयं, तवे रए सामणिए जे, स भिक्खू ॥१४॥**

ભિક્ષુ નું સ્વરૂપ વધારે ખુલાસાથી કહે છે, એકલા મન વચનથી નહિ પણ કાયા સાથે એટલે મન વચન કાયાથી સિદ્ધાંત નીતિએ જે દુ:ખ આવે તે સહન કરે. (કાયા સિવાય પ્રાય: પરિસહ સહેવાના નથી) તે બાવીસ પરિસહો ક્ષુધા વિગેરેને, તે સંતોષથી સહે, અને જન્મ મરણના રસ્તાથી આત્માને બચાવે, (પાર ઉતારે) એટલે જન્મ મરણ તે સંસારમાં મહાભયનું કારણ છે તેને જાણીને તપશ્ચર્યામાં રક્ત રહે અને સાધુપણામાં નિર્મળ ભાવના રાખે તે ખરો ભિક્ષુ છે.॥૧૪॥

**हत्थसंजए पायसंजए, वायसंजए संजइंदिए ।**
**अज्झप्परए सुसमाहियप्पा, सुत्तत्थं च वियाणई जे, स भिक्खू ॥१५॥**

કાચબાની માફક કારણ વિના હાથ પગ ન હલાવે પણ સંભાળથી કારણ પડે હલાવે ચલાવે, તથા અકુશળ વચન (સ્વપરને પીડાકારક જાણી ત્યાગી) કુશળ વચન બોલે અને ઇંદ્રિયોને વિષયોને કુમાર્ગે જતાં અટકાવે, તથા અધ્યાત્મ એટલે ધર્મ ધ્યાન અને શુક્લ ધ્યાનમાં રમણતા કરી આત્માને સમાધિમાં રાખે, તથા સૂત્ર અને અર્થ એ બંનેને યથા વિધિએ જાણે તે ભિક્ષુ છે. ॥૧૫॥

**उवहिंमि अमुच्छिए अगढिए(अगिद्धे), अण्णायउंछं पुलनिप्पुलाए ।**
**कय-विक्कय-संनिहिओ विरए, सव्वसंगावगए य जे, स भिक्खू ॥१६॥**

પોતાના સંયમના ઉપકરણ (કપડાં વિગેરે) ઊપર મૂર્ચ્છા ન રાખે, તથા આવાં જ જોઈએ, એવો (આગ્રહ) પ્રતિબંધ ન રાખે (પણ સંયમનું રક્ષણ થાય તેવાં લે) તથા અજાણ્યા કુળોમાં ભાવથી નિર્મળ બની આહાર લે તે પણ થોડું થોડું અને સંયમને અસારતા ન લાગે તેવું નિર્દોષ લે તથા દ્રવ્ય અને ભાવ એ બંને પ્રકાર ક્રય (ખરીદવું) વિક્રય (વેચવું) તથા સંઘરી રાખવું વિગેરે દોષોને દૂર કરે, તથા સર્વ સંસારી સંગથી મુક્ત રહે તે ભિક્ષુ જાણવો. ॥૧૬॥

**अलोलो भिक्खू न रसेसु गिद्धे(गिज्झे), उंछं चरे जीविय नाभिकंखे ।**
**इड्ढिं च सक्कारणपूयणं च, चए ठियप्पा अणिहे जे, स भिक्खू ॥१७॥**

વળી જોઈતી વસ્તુ ના મલી હોય, તો તેની દીનતા કરી ફરીથી પ્રાર્થના ન કરે. તેમ મળતા સ્વાદિષ્ટ રસમાં આસક્ત ન થાય, અને અજાણ્યા ઘરથી ગોચરી લે. (પહેલાં વસ્ત્ર વિગેરે આશ્રયીને કહ્યું અને અહીં ગોચરી આશ્રયીને જાણવું એમ ઉંછ શબ્દ બે વાર છતાં દોષ નથી) તથા જીવિતની ઇચ્છા ન કરે એટલે દુરાચારી જીવનને ન ઇચ્છે, તથા તપના પ્રભાવથી રિદ્ધિનો તથા વસ્ત્ર વિગેરેનો સત્કાર તથા સ્તવ (પ્રશંસા) વિગેરેને તજે, (પ્રશંસા માટે કે પૂજાવા માટે ચારિત્ર ન પાળે, પણ મોક્ષ માટે તપ કરે) તથા જ્ઞાન વિગેરેમાં સ્થિર રહીને માયા રહિત બને તે ભિક્ષુ છે. ॥૧૭॥

**न परं वएज्जासि अयं कुसीले, जेणऽन्नो कुप्पेज्ज न तं वएज्जा ।**
**जाणिय पत्तेय पुण्ण पावं, अत्ताणं न समुक्कसे जे, स भिक्खू ॥१८॥**

શત્રુને પણ એવું અપ્રીતિનું વચન ન કહે, કે આ દૂરાચારી છે. પણ પોતાના શિષ્યને સમજાવવા એકાન્તમાં તેના દુરાચારની શિખામણ આપે, અને સામાનો ગમે તેટલો અપરાધ હોય તો પણ તેવું ન બોલે કે તેને ક્રોધ થાય.

પ્રશ્ન – આવું શા માટે કરે?

ઉત્તર – પોતાનું પુન્ય પાપ કે સારૂં નઠારૂં કૃત્ય પોતાને ભોગવવાનું છે. જેમ અગ્નિને સ્પર્શ કરે તો બળવાનું દુઃખ તે ભોગવે છે. વળી **પોતાનામાં ગુણો હોય તો પણ પોતે અહંકાર ન કરે કે મારા જેવો કોઈ સારો સાધુ નથી** તેને ભિક્ષુ કહેવો. ॥૧૮॥

**न जाइमत्ते न य रूवमत्ते, न लाभमत्ते न सुएण मत्ते ।**
**मयाणि सव्वाणि विवज्जइत्ता, धम्मज्झाणरए जे, स भिक्खू ॥१९॥**

[1]હવે મદનો નિષેધ કહે છે. પોતે જાતિનો મદ ન કરે કે હું બ્રાહ્મણ અથવા ક્ષત્રિય છું. બીજાઓ હલકી જાતિના છે તથા હું રૂપવાન છું, હું લાભવાળો છું. બીજા તેવા નથી, હું પંડિત છું, પણ બીજા નથી. એ પ્રમાણે આઠ

૧ જાતિ, કુલ, બલ, રૂપ, તપ, શ્રુત, લાભ, ઐશ્વર્ય

પ્રકારના મદ છોડીને સૂત્રમાં કહેલા ધર્મ ધ્યાનમાં રક્ત રહે તેને ભિક્ષુ કહેવો.॥૧૯॥

**पवेअए अज्जपयं महामुणी, धम्मे ठिओ ठावयई परं पि ।**
**निक्खम्म वज्जेज्ज कुसीललिंगं, न यावि हासं कहए जे, स भिक्खू ॥२०॥**

શુદ્ધ ધર્મના પદને પરોપકાર વાસ્તે સદાચારી મુનિ કહે તેજ ખરેખરો જ્ઞાતા જાણવો. પણ બીજો નહિ. એટલે પોતે ધર્મમાં સ્થિર રહે, અને બીજાને સુબોધ આપી ધર્મી બનાવે (પોતે બોલેલું વચન પાળે, તેથી તેનો બોધ સચોટ લાગે) પોતે દીક્ષા લઈને દુરાચારીનું કૃત્ય કે ચિહ્ન ત્યાગે, તથા બીજાને હાંસી આવે, તેવાં ભાંડ ચેષ્ટાનાં કૃત્ય ન કરે, તે ભિક્ષુ છે. તેવા ભાવ ભિક્ષુનું ફળ કહે છે.॥૨૦॥

**तं देहवासं असुइं असासयं, सया चए निच्चहियट्ठियप्पा ।**
**छिंदित्तु जाई-मरणस्स बंधणं, उवेइ भिक्खू अपुणागमं गइं ॥२१॥**
**त्ति बेमि ॥ सभिक्खूअज्झयणं दसमं सम्मत्तं ॥१०॥**

[1]પ્રત્યક્ષ દેખાતી (કેદરૂપ) કાયાને વીર્ય ચરબી લોહીથી બનેલી જાણીને તથા થોડા કાળમાં નાશ પામનારી સમજીને તેની મમતા ત્યાગી મોક્ષ સાધન જે સમ્યગ્ દર્શન અને ચારિત્ર છે, તેમાં એકાંત સુસ્થિત રહે તેવા ભાવ ભિક્ષુ સંસારમાં જન્મ મરણના બંધનને છેદીને અજર અમર પદને પામે, અને સિદ્ધિ ગતિને પામી, નિશ્ચલ સ્થાનમાં રહે.

આ પ્રમાણે સુધર્મા સ્વામી જમ્બૂસ્વામીને કહે છે કે મેં જે સાંભળ્યું, તે તમોને કહ્યું. સૂત્ર અનુગમ કહ્યો. નયો પહેલાંની માફક જાણવા. હરિભદ્ર સૂરિ મહારાજની રચેલી આ મોટી ટીકાનું દશમું અધ્યયન સમાપ્ત થયું. ॥૨૧॥

**સમાપ્ત**

૧ A સુત્તનિપાત – અ. ૧૧ B જ્ઞાતાધર્મ – પૃ. ૫૯ (આગમ બ્યાવર પ્રકાશન)

- *જેની પાસે પોતાના માટે કોઈ કાર્ય કામ નથી, ન સ્વાધ્યાય, ન ધ્યાન, ન તત્ત્વચિંતન, ન વૈયાવચ્ચ, એવી રીતે પોતે પોતાને જ કૃતકૃત્ય માની બેસે, તે મહાપુરુષોની દૃષ્ટિ તો બસ જનતા પર જ પડે છે, તે દરેક સમયે જનોપકારનાં માટે તત્પર હોય છે.* (સમ્યગ્દર્શન વર્ષ ૨૦, નવે. ૬૯)
- *બધાંની વચ્ચે અંતર રાખવાનું પરમાત્માએ આપણને જ શીખવ્યું છે સૌથી સાથે હળીમળી જવાની વાત તો એ મૂર્ખાઓએ જ ફેલાવી છે. બધાની ભલાઈની કામના કરી શકાય છે. પરંતુ બધાની જ સાથે કાંઈ હળી મળી શકાતું નથી. હળવું–મળવું ભળવું એ તો સારાં સજ્જન માણસોની સાથે જ થઈ શકે છે. (શું દૂધને ફટકડીનો મેળાપ સંભવિત શક્ય છે?)*

## પ્રથમ ચૂલિકા

આ સૂત્ર ઊપર બે ચૂલિકા છે, તે કહે છે. આ ચૂલિકાનો આવો સંબંધ છે કે, આવા ગુણવાળો સાધુ ભાવ ભિક્ષુ કહેવાય. તેવો સાધુ પણ કર્મની પ્રબળતાથી સાધુપણામાં ખેદ માને. (ઘેર જવાની ઇચ્છા કરે) તો તેને સ્થિર કરવાના અધિકાર વાળી આ બે ચૂડા (ચૂલિકા)ઓ છે. હવે ચૂડા શબ્દનો અર્થ કહે છે.

**दव्वे खेत्ते काले भावम्मि अ चूलिआय निक्खेवो । तं पुण उत्तरतंतं सुअगहिअत्थं तु संगहणी ॥३५९॥**

નામ સ્થાપના સુગમ છે, તેને છોડી દ્રવ્ય વિગેરે ચૂડાનો નિક્ષેપો કહે છે. દશવૈકાલિકની ચૂડાઓ આચારાંગ સૂત્રની ચૂડા માફક ઉત્તર તંત્ર છે, દશવૈકાલિક સાંભળેલાએ આ શીખવું, એટલે એમ સૂચવ્યું કે જેણે પૂર્વે સાંભળવામાં પુરૂં ધ્યાન ન આપ્યું હોય, તો તેની સારરૂપ આ બે ચૂડાઓ ટુંકાણમાં છે. પણ નકામી નથી. એમ જાણવું. ॥૩૫૯॥

**दव्वे-सच्चिताई कुक्कुडचूडामणीमऊराई । खेत्तंमि लोगनिक्कुड मंदरचूडा अ कुडाई॥३६०॥**

દ્રવ્ય ચૂડાની વ્યાખ્યા કહે છે, દ્રવ્ય ચૂડા આગમ નોઆગમ જ્ઞ શરીર અને ભવ્ય શરીર વિગેરે છોડીને વ્યતિરિક્તમાં ત્રણ પ્રકારે સચિત્ત અચિત્ત અને મિશ્ર છે, કુકડાની કલગી સચિત્ત છે, મણી ચૂડા અચિત્ત છે, અને મોરની મિશ્ર છે, ક્ષેત્ર ચૂડામાં લોક નિષ્કુટ લોકનો ઉપરવર્તીનો જે આકાર તે ચૂડા (ચૂલિકા) જેવો લાગે. તે પ્રમાણે મેરૂ પર્વત ઊપર પાંડુકંબલ તથા બીજા પર્વતોના શિખર જાણવા, આ ક્ષેત્ર પ્રધાનતાથી જાણવી, આદિ શબ્દથી અધોલોકમાં સીમંતક (નરકાવાસો છે તે)ની ચૂડા તથા તિર્યગ્ લોકમાં મંદર (મેરૂ) પર્વતની ચૂડા (ચૂલા) છે, ઉર્ધ્વલોકમાં ઈષત્ પ્રાગભારા (સિદ્ધ શિલા)ની ચૂલા જાણવી. ॥૩૬૦॥

**अइरित्त अहिगमासा अहिगा संवच्छरा अ कालंमि । भावे खओवसमिएँ इमा उ चूडा मुणेअव्वा ॥३६१॥**

કાળ ચૂલામાં અધિક માસ જાણીતો છે. (તે સૂર્ય અને ચંદ્ર વર્ષ સમાન લાવવા માટે અઢી વર્ષે એક માસ વધારવામાં આવે છે.) અને સાઠ વર્ષે એક વર્ષ વધે છે. તે કાળ ચૂલા છે, ભાવ ચૂલામાં ક્ષય ઉપશમ ભાવમાં આ બે ચૂલાઓ જ છે, (જ્ઞાન વૃદ્ધિ જેનાથી થાય તે ભાવ ચૂલા) આ બંને ચૂલામાં પ્રથમ રતિવાક્ય ચૂલા છે. તેના ચાર અનુયોગ દ્વારનો ઉપન્યાસ કહેવો જોઈએ, તે પૂર્વ પ્રમાણે કહેતાં નામ નિક્ષેપામાં રતિવાક્ય એવું નામ છે, તે બે પદ છે. પ્રથમ રતિ પદનો નિક્ષેપો કહે છે. નામ સ્થાપના છોડીને દ્રવ્ય ભાવ રતિ કહે છે. ॥૩૬૧॥

**दव्वे दुहा उ कम्मे नोकम्मरई अ सद्ददव्वाई । भावरई तस्सेव उ उदए एमेव अरईवि ॥३६२॥**

દ્રવ્યરતિ આગમનોઆગમ જ્ઞ શરીર અને ભવ્ય શરીર છોડીને બે પ્રકારે કર્મદ્રવ્ય રતિ અને નો કર્મ દ્રવ્ય રતિ છે, તેમાં પ્રથમમાં રતિ વેદનીય કર્મ જાણવું. તે જ્યાં સધી ઉદયમાં ન આવ્યું હોય, ત્યાં સુધી જાણવું અને નો કર્મદ્રવ્ય રતિ શબ્દાદિ દ્રવ્ય જાણવા એટલે જેનાથી રતિ થાય, એવા કાને શબ્દ સાંભળે, સ્પર્શ કરે, સ્વાદ લે વિગેરે જાણવા-ભાવ રતિ તે રતિ વેદનીય કર્મના ઉદયમાં જાણવી, આ પ્રમાણે અરતિનું પણ જાણવું, તેના પણ દ્રવ્ય ભાવ વિગેરે રતિથી ઉલટા નિક્ષેપા લેવા, હવે વાક્યનું સ્વરૂપ ટુંકામાં બતાવે છે.॥૩૬૨॥

**वक्कं तु पुव्वभणिअं धम्मे रइकारगाणि वक्काणि । जेणमिमीए तेणं रइवक्केसा हवइ चूडा ॥३६३॥**

'વાક્ય શુદ્ધિ' અધ્યયનમાં તેના અનેક પ્રકારે નિક્ષેપા કહ્યા છે, ત્યાંથી જાણવા પણ અહીંયાં ચારિત્ર રૂપ ધર્મમાં રતિ ઉત્પન્ન કરનારાં વાક્યોને લેવાં. એટલે જે નિમિત્તે રતિ થાય, તે રતિનાં વાક્યો વાળી આ ચૂલા છે. (રતિ કરનારાં વાક્યો જેમાં છે, તે 'રતિ વાક્યા નામની આ' ચૂલા છે.)

અહીંયાં રતિ નામ વાળું વર્ણન સારી રીતે સહન કરવા (જાણવા)થી ગુણ કરવા વાળી ચૂલા થાય.

તે બતાવે છે.॥૩૬૩॥

**जह नाम आउरस्सिह सीवणछेज्जेसु कीरमाणेसु । जंतणमपत्थकुच्छाऽऽमदोसविरई हिअकरी उ ॥३६४॥**

જેમ રોગીને શરીરમાં ગુમડાં ઉત્પન્ન થતાં નસ્તર વિગેરે મૂકવું પડે, તો તેને ફાયદો થાય છે, અને જેને અજીર્ણ થયું હોય, તેને અપથ્ય ખોરાક અટકાવતાં તે હિતકારી થાય અને ભવિષ્યમાં રોગ મટે, માટે તે સુંદર છે, તે પ્રમાણે અહીં સાધુને બોધ આપે છે. ॥૩૬૪॥

**अट्ठविहकम्मरोगाउरस्स जीअस्स तह तिगिच्छाए । धम्मे रई अधम्मे अरई गुणकारिणी होइ ॥३६५॥**

આઠ પ્રકારના કર્મરૂપ રોગથી દુઃખી એવા સંસારી ભાવ રોગી જીવોને તે રોગો દૂર કરવા ઊપર કહ્યા પ્રમાણે આ સંયમ રૂપ ચિકિત્સામાં નાહવાનો નિષેધ તથા લોચ વિગેરેનું કષ્ટ પ્રથમ દેખાય પણ તેથી શ્રુતધર્મ અને ચારિત્ર ધર્મમાં રતિ થાય, અને અધર્મ ઊપર અરતિ થાય, અર્થાત્ પાપ છોડીને જીવધર્મ આદરે, તે હિતકારી છે. છેવટે તેનાથી મોક્ષ પ્રાપ્તિ છે, તેજ ખુલાસાથી સમજાવે છે. ॥૩૬૫॥

**सज्झायसंजमतवे वेआवच्चे अ झाणजोगे अ । जो रमइ नो रमइ अस्संजमम्मि सो वच्चई सिद्धिं ॥३६६॥**

ભણવા ગણવામાં, પૃથ્વી વિગેરે છ કાયનો સંયમ પાળવામાં, તપસ્યામાં, આચાર્ય વિગેરેની સેવામાં, અને ધર્મ ધ્યાન વિગેરેમાં જે પ્રેમ રાખે, અને અધર્મ જે જીવ હિંસા વિગેરે છે, તેમાં ચિત્ત ન રાખે, તો તે મોક્ષમાં જાય છે. તપશ્ચર્યા તથા સંયમ લેવા છતાં સ્વાધ્યાય (ભણવું) જુદું લીધું તેનું કારણ ફક્ત તેનું પ્રધાનપણું બતાવવા માટે છે. હવે સમાપ્ત કરે છે. ॥૩૬૬॥

**तम्हा धम्मे रइकारगाणि अरइकारगाणि उ (य) अहम्मे । ठाणाणि ताणि जाणे जाइं भणिआइं अज्झयणे ॥३६७॥**

ચારિત્ર રૂપ ધર્મમાં રતિ ઉત્પન્ન કરનારાં અને અધર્મમાં અરતિ કરનારાં હવે પછી જે વાક્યોને આ અધ્યયનમાં કહ્યાં છે તે સાધુએ જાણવાં જોઈએ નામ નિક્ષેપો કહ્યો. હવે સૂત્ર આલાપક નિષ્પન્ન નિક્ષેપાનો અવસર છે, માટે શુદ્ધ સૂત્ર ઉચ્ચારવું જોઈએ, તે કહે છે.॥૩૬૭॥

**इह खलु भो? पव्वइएणं उप्पन्नदुक्खेणं संजमे अरइसमावन्नचित्तेणं ओहाणुप्पेहिणा अणोहाइएणं चेव हयरस्सि-गयंकुस-पोयपडागाभूयाइं इमाइं अट्ठारस ठाणाइं सम्मं संपडिलेहियव्वाइं भवंति॥**

[1]આ જિનશાસનમાં નિશ્ચયથી સાધુએ દીક્ષા લીધા પછી ઠંડી તાપ વિગેરે શરીરના દુઃખથી તથા સ્ત્રી વિગેરે કે અયોગ્ય મકાનના કારણે મનના દુઃખથી કંટાળો આવતાં ચારિત્રમાં અરતિ થાય, અને ગૃહસ્થાવાસમાં એટલે સાધુમાંથી નીકળી પાછા ઘેર જવાની ઇચ્છા થાય, તેવા માણસે પોતાના મનને સ્થિર કરવા વિચારવા યોગ્ય 'બોધ વચનો' ના સમૂહ રૂપ આ છે. જેમકે ઘોડાને લગામ, હાથીને અંકુશ અને વહાણને શઢ જેમ કબજામાં રાખે તેમ ઘેર જનાર સાધુને શું દુઃખ પડશે, તે બતાવવા હવે પછી અઢાર સ્થાન કહે છે. તેણે તે અઢાર સ્થાનો સારી રીતે વિચારવાં (જેથી તેને ઘેર જવાનું મન થશે નહિ, પણ સંયમમાં જ સ્થિરતા થશે.) હવે અઢાર સ્થાનનું સ્વરૂપ બતાવે છે. તેમાં પ્રથમ ચાર બતાવે છે.

**तंजहा-हंभो? दुस्समाए दुप्पजीवी १, लहुस्सगा इत्तिरिआ गिहीणं कामभोगा २, भुज्जो य साइबहुला मणुस्सा ३, इमं च मे दुक्खं न चिरकालोवट्ठाइ भविस्सइ ४,**

સ્થાન પહેલું – ગુરુ શિષ્ય ને કહે છે, હે ભાઈ! આ કલિયુગમાં અધમ કાળ હોવાથી કાળના દોષથી જ રાજાઓને પણ દુઃખોથી પોતાનું જીવન ગુજારવું પડે છે, શ્રેષ્ઠ ભોગોના અભાવથી, વિટંબણા (પીડા) પ્રાયઃ સંસાર

૧ A ઉત્તરા.અ. – ૯/૫ B સ્થા. – ૪/૪૭૩

છે, અને (ભોગોની અતૃપ્તિથી કુચાલ સેવતાં) કુગતિનો હેતુ ગૃહસ્થાશ્રમ છે, તેને વારંવાર વિચારવું. (રાજા શેઠ અમલદાર અને પ્રજા વિગેરેને પુત્ર, સ્ત્રી, નોકરી, ગુલામી વિગેરેથી અનેક પ્રકારનું દુઃખ છે, તે વિચારવું.)

સ્થાન બીજું – કદાચ ભોગો મળે તો પણ તે તુચ્છ કુશકીના બાચકા જેવા અસાર અને અલ્પકાળ રહેનારા છે. પણ દેવો જેવા નથી એટલે જેમ ગાનારીનું ગાણું કંઠ બગડી જવાથી પ્રિય ને બદલે અપ્રિય થાય, એ પ્રમાણે પરિણામે ઘણું દુઃખ આપનારા પાંચે ઇંદ્રિયોના વિષયો છે, એટલે સુખ થોડું છે, અને દુઃખ અનંત ગણું છે, એવું વારંવાર વિચારવું.

સ્થાન ત્રીજું – આ સંસારમાં મનુષ્યો પ્રાયઃ કપટથી ભરેલા હોય છે. તેથી તેમનો વિશ્વાસ રાખવા લાયક નથી. અને જો વિશ્વાસ ન રાખીએ, તો પછી સુખનો લેશ પણ ક્યાંથી હોય? અને માયાના બંધનો હેતુ છે. કારણ કે આપણને પણ તેની સાથે માયા કરવી પડે, અને તેથી ઘણો ભયંકર બંધ થાય છે. જેથી એવા દુઃખી જીવનરૂપ ગૃહસ્થવાસમાં રહેવું, તે દુઃખ રૂપ છે.

સ્થાન ચોથું – આ સાધુ પણું પાળતાં શરીર અને મનનું દુઃખ જે પરિસહથી આવે છે. તે ઘણા કાળ સુધી રહેવાનું નથી. એટલે અશાતા વેદનીય કર્મ દૂર થતાં સંયમ રાજ્ય પ્રાપ્ત થતાં સુખ મળશે. અને પરિસહો દૂર થશે. પણ જો થોડા દુઃખ માટે સંયમ મૂકી દઈશ, તો ભયંકર નરકમાં દુઃખ ભોગવવાં પડશે. માટે શા માટે ઘેર જવું જોઈએ?

સ્થાન પાંચથી તે આઠ સુધીનું વર્ણન કરે છે.

**ओमजणपुरक्कारे ५, वंतस्स य पडियाइयणं ६, अहरगइवासोवसंपया ७,**
**दुल्लभे खलु भो? गिहीणं धम्मे गिहवासमज्झे वसंताणं ८,**

પાંચમું સ્થાન–પ્રથમ જ્યારે ચારિત્ર લીધું ત્યારે ધર્મના પ્રભાવથી રાજા પ્રધાન વિગેરે મોટા પુરુષો પગમાં પડીને નમસ્કાર કરતા પણ દીક્ષા છોડવાથી માનને બદલે પેટ ભરવા તથા પાપ છુપાવવા માટે સામાન્ય માણસની પણ ખુશામત કરવાનો વખત આવે છે અને અધર્મિરાજાના દેશમાં બળજબરીથી વેઠ કરાવતાં સખત મજુરી કરવી પડે છે. તેથી એવા પાપનાં દુઃખ ગૃહસ્થાશ્રમમાં અહીં ભોગવવા કરતાં સાધુપણું ઘણું સારૂં છે.

સ્થાન છઠ્ઠું–આ પ્રમાણે દરેકમાં વિચારવું કે ઉલટી કરેલા આહારને કુતરૂં કે શિયાળ વિગેરે અધમ પ્રાણી ખાય છે. તે પ્રમાણે સાધુપણુ લઈને જે ભોગો ત્યાગેલા છે તેને પાછા ભોગવવા જતાં લોકમાં નિંદાને પાત્ર થાય છે. અને તુચ્છની ગણતરીમાં આવે છે, તેથી વધારે દુઃખો સંયમ ત્યાગનારને સંસારમાં ભોગવવાં પડે છે.

સ્થાન સાતમું–અધોગતિની પ્રાપ્તિ થવાની એટલે ચારિત્ર છોડનારને નરકગતિમાં વાસ કરવાનો લાભ થાય છે. માટે સંયમ પાળવું ઘણું સારૂં છે.

સ્થાન આઠમું–ગુરુ કહે છે, હે શિષ્ય! ગૃહસ્થાવાસમાં રહેનારને પ્રમાદને લીધે ગૃહસ્થાવાસમાં ધર્મ આદરવો બહુ દુર્લભ છે, એટલે પુત્ર, સ્ત્રી, માતા-પિતા, દેવું, લેણું એ સઘળું તપાસતાં એક ફાંસારૂપ છે, માટે નિવૃત્તિરૂપ સાધુપણું પાળવું, સારૂં છે. અને સ્નેહનું બંધન અનાદિકાળના મોહનું કારણ છે, પણ ખરી રીતે કોઈ કોઈને માટે સહાયક નથી. (પોતાનું આયુષ્ય પુરૂં થતાં સંબંધ છોડી ને ચાલ્યા જાય છે.)

સ્થાન નવથી તે બાર સુધીનું વર્ણન કહે છે.

**आयंके से वहाय होइ ९, संकप्पे से वहाय होइ १०,**
**सोवक्केसे गिहवासे निरुवक्केसे परियाए ११, बंधे गिहवासे मोक्खे परियाए १२,**

સ્થાન નવમું–પેટમાં શૂળ ઉઠવી વિગેરે જીવલેણ રોગો ધર્મથી પતિત થયેલાને વધને (મૃત્યુને) માટે થાય છે, (એટલે અનિયમિત ખોરાક, અધિક શ્રમ, જીભ ઊપર કાબુ નહિ, વિગેરે કારણથી ગૃહસ્થને વધારે રોગ થાય છે) તથા એકવાર પોતાનો વધ (મૃત્યુ) મટાડવા અનેકને પોતે વધનાં દુ:ખ આપે છે. (દવા વિગેરેમાં અનેક જીવોને દુ:ખનું કારણ થાય છે.)

સ્થાન દશમું–વહાલાનો વિયોગ અને અનિષ્ટનો સંયોગ આ મનનો સંકલ્પ રૂપ રોગ છે. અને તેથી સાધુપણું છોડીને ઘેર જનારને ગૃહસ્થ જેવી ચેષ્ટાઓ કરતાં પોતાને અને પરને વધરૂપ થાય છે (બધાનું મન સંતોષવા જતાં તેમ થવું દુર્લભ છે. તેથી પોતાને અને પરને ક્લેશ થશે.)

સ્થાન અગીયારમું–એટલા માટે જ ગૃહસ્થાવાસમાં ખેતી કરવી, ઢોરને સંભાળવા, વ્યાપાર કરવા, નફા ખોટના હિસાબ ચૂકવવા, તથા રાત–દિવસ તેની ચિંતા કરવી, આવી રીતના ક્લેશો. પંડિતો (સાધુ ધર્મ પાળનારા) ને નિંદવા યોગ્ય છે. તથા સાધુપણાના થોડા દુ:ખ કરતાં ઠંડી તાપ મહેનત વિગેરેનું ઘણું દુ:ખ છે, તથા સ્ત્રી, પુત્ર, સગાંવહાલાં માટે ઘી, તેલ, મીઠું વિગેરે લાવવાની ચિંતામાં પડવું પડે છે. પણ સાધુપણામાં તેવું દુ:ખ કંઈ પણ પડતું નથી, તે વિચારવાથી સંયમમાં સ્થિરતા થશે તે ધ્યાનમાં રાખવું.

સ્થાન બારમું–ગૃહવાસ કોશીટાના કીડાની માફક બંધનરૂપ છે, એટલે ઘર પડી જાય કે તૂટી ફૂટી જાય તો તેને સમરાવવાનું દુ:ખ એટલે બહાર પરદેશમાં રહેતા પણ તેની ચિંતા રહે, પણ સાધુપણામાં તેવું કોઈ પણ જાતનું દુ:ખ રહેતું નથી.

સ્થાન તેરથી તે અઢાર સુધીનું વર્ણન કરે છે.

**सावज्जे गिहवासे अणवज्जे परियाए १३, बहुसाहारणा गिहीणं कामभोगा १४, पत्तेयं पुण्ण-पावं १५, अणिच्चे खलु भो! मणुयाण जीविए कुसग्गजलबिंदुचंचले १६, बहुं च खलु (भो!) पावं कम्मं पगडं १७, पावाणं च खलु भो! कडाणं कम्माणं पुव्विं दुच्चिण्णाणं दुप्पडिकंताणं वेयइत्ता मोक्खो, नत्थि अवेयइत्ता, तवसा वा झोसइत्ता १८। अट्ठारसमं पयं भवइ।**

સ્થાન તેરમું–ગૃહસ્થાવાસમાં સાવદ્ય એટલે છ કાયની પીડા રૂપ છે, અને ત્યાં અઢાર પાપસ્થાનથી સેવન કરવા પડે છે; અને સાધુપણું પાપ રહિત સર્વ જીવની રક્ષારૂપ છે.

સ્થાન ચૌદમું–ગૃહસ્થના ભોગો ચોર રાજકુમાર વિગેરેના સામાન્ય છે. (પણ દેવતા જેવા રમણીય કામ ભોગ નથી.)

સ્થાન પંદરમું–સાધુપણું દરેક પ્રકારે પુન્યપણાનું કારણ છે. અને ગૃહસ્થપણું પાપરૂપ છે.

સ્થાન સોળમું–મનુષ્યનું જીવિત દર્ભના કાંટાની અણી ઊપર રહેલા પાણીના બિંદુ માફક ચંચળ છે, એટલે અનેક પ્રકારના ઉપદ્રવથી મરણનો ભય રહેલો છે, (અગ્નિ, જળ, ઠોકર લાગવાથી, ઊંચેથી પડી જવાથી, ખરાબ હવામાં રહેવાથી, સાપ, વાઘથી નાશ પામવું, તે પ્રાણ ઘાતક છે.) તેથી તે અત્યંત અસાર છે.

સ્થાન સત્તરમું–ગૃહસ્થપણામાં પગલે પગલે પાપ કર્મ પ્રકટ છે, (માટે તેનું મનથી પણ ચિંતવન કરવા યોગ્ય નથી)

સ્થાન અઢારમું–હે શિષ્ય! એવા પાપના કારણમાં જતાં મન, વચન, કાયાથી અનેક પ્રકારે જ્ઞાનાવરણીય વિગેરે દુ:ખરૂપ કર્મો બંધાય છે. અને પૂર્વે તેમાં બાંધેલાં તે ભોગવ્યા વિના આ ભવમાં છુટકો નથી, અને આ ભવમાં

સાધુપણું છોડી પ્રમાદ કષાય વિગેરેથી નવાં પાપ બંધાતાં આવતા ભવમાં પણ ભોગવ્યા વિના છુટકો નથી, પણ જો સાધુપણું પાળતાં કષ્ટને સહન કરતાં તપશ્ચર્યા આદરતાં આ ભવમાં જ કર્મ ખપી જતાં મોક્ષ મળે છે, એટલા માટે સાધુપણું પાળવું ઉત્તમ છે. (સ્થાનમાં અને ટીકામાં કંઈક ભેદ છે, માટે સૂત્ર પ્રમાણે અર્થ લીધો છે પણ તેથી ભાવાર્થમાં ભેદ પડતો નથી) આ અઢારે સ્થાનને ટેકા માટે છંદ રૂપે શ્લોકો બનાવ્યા છે તે નીચે પ્રમાણે છે.

**भवइ य एत्थ सिलोगो-**

**जया य चयई धम्मं, अणज्जो भोगकारणा । से तत्थ मुच्छिए बाले, आयइं नावबुज्झई ॥१॥**

આ પ્રમાણે અઢારે સ્થાન સમજાવતાં કદાચ સાધુ પાપના ઉદયથી સાધુપણું છોડી દે તો તે મ્લેચ્છ જેવો મનોહર શબ્દ વિગેરેમાં મૂર્ચ્છા પામેલો, ભવિષ્યનું દુઃખ તે મંદ બુદ્ધિવાળો જાણતો નથી તે બતાવે છે. ॥૧॥

**जया ओहाविओ होइ, इंदो वा पडिओ छमं । सव्वधम्मपरिब्भट्ठो, स पच्छा परितप्पई ॥२॥**

જેમ ઇંદ્ર પોતાના ઇંદ્રાસનથી ભ્રષ્ટ થઈને જમીન ઊપર પડે છે, તો પોતાનું પૂર્વનું પૂર્ણ સુખ વિચારતાં પસ્તાય છે, તેમ સાધુપણું મૂકેલો સાધુપણાના સુખને પછી વિચારતાં ધર્મમાં ભ્રષ્ટ થયેલો પસ્તાય છે, એટલે સાધુપણામાં ક્ષમા વિગેરેનો ધર્મ છે, તે છોડીને ક્રોધ કરે તો ઝઘડા ઉભા થતાં રાત્રીના વખતે સુખે સુવું પણ દુર્લભ થાય છે, અને સાધુપણામાં ક્ષમાથી લોકમાં પૂર્વે પૂજાતો અને તે પાછળથી ક્લેશ કરતો જોઈ લોકો નિંદા કરે છે, તે વખતે ખરેખરો પોતે પસ્તાય છે. ॥૨॥

**जया य वंदिमो होइ, पच्छा होइ अवंदिमो । देवया व चुया ठाणा, स पच्छा परितप्पई ॥३॥**

પહેલાં સાધુપણામાં લોકથી વંદાય છે અને પાછળથી સાધુપણું છોડી દેતાં નિંદાને પાત્ર બને છે, તેથી જેમ ઇંદ્ર દેવીને કાઢી મૂકે તો તે દેવી સ્થાન ભ્રષ્ટ થતાં પસ્તાય છે, તેમ આ ભ્રષ્ટ સાધુને પણ પસ્તાવો થયા સિવાય રહેતો નથી. ॥૩॥

**जया य पूइमो होइ, पच्छा होइ अपूइमो । राया व रज्जपब्भट्ठो, स पच्छा परितप्पई ॥४॥**

પ્રથમ વસ્ત્ર વિગેરેથી પૂજાતો તે પાછળથી સાધુપણું છોડી દેતાં અપૂજ્ય થાય છે, તેથી જેમ રાજા રાજભ્રષ્ટ થયેલો પસ્તાય છે, તેમ તે સાધુ પણ પાછળથી પસ્તાય છે. ॥૪॥

**जया य माणिमो होइ, पच्छा होइ अमाणिमो । सेट्ठि व्व कब्बडे छूढो, स पच्छा परितप्पई ॥५॥**

પ્રથમ તે માનનીય હતો, તેના શીલના પ્રભાવથી સર્વે લોકો તેની આજ્ઞા પાળતા અને ઉભા થઈને માન આપતા હતા, પણ સાધુપણું છોડી દેવાથી પાછળથી કોઈપણ માન આપે નહિ. તેથી જેમ કોઈ શેઠીઓ મોટું શહેર છોડીને નાના ગામમાં રહેવા ગયા પછીથી પસ્તાય છે, તેમ આવા સાધુના પાછળથી બેહાલ થતાં પસ્તાય છે. ॥૫॥

**जया अ थेरओ होइ, समइक्कंतजोव्वणो । मच्छोव्व गलं गिलित्ता, स पच्छा परितप्पई ॥६॥**

જ્યારે સાધુપણું છોડીને ઘેર જાય, અને જુવાની જતાં બુઢાપામાં પસ્તાવો થાય છે, જેમ કે માછલું લોઢાના સળીયામાં માંસના લોભથી ફસાતાં ગળામાં લોખંડના કાંટા લાગતાં પસ્તાય છે, તેવી રીતે આ ભ્રષ્ટ સાધુ બુઢાપામાં તે ભોગનાં કડવાં ફળરૂપ ઘરના માણસોની ચિંતાથી બળતો હમેશાં પસ્તાય છે. ॥૬॥

**जया अ कुकुडुंबस्स, कुतत्तीहिं विहम्मई । हत्थी व बंधणे बद्धो, स पच्छा परितप्पई ॥७॥**

જેમ છુટો હાથી સાંકળે બંધાવાથી પસ્તાય છે, તેમ પાપના ઉદયથી સાધુ ભ્રષ્ટ થઈ ઘેર જતાં ખરાબ કુટુંબ એટલે કુભાર્યા વિગેરેને સમજાવતાં શાંત ન થવાથી તેઓની ચિંતામાં બળતો પસ્તાય છે. ॥૭॥

**पुत्त-दारपरिकिण्णो, मोहसंताणसंतओ । पंकोसन्नो जहा नागो, स पच्छा परितप्पई ॥८॥**

વિષય સુખના માટે સાધુપણું છોડીને સ્ત્રી પરણતાં સ્ત્રી અને પુત્ર વિગેરે ઊપર મોહ વધતાં ધર્મ ક્રિયા ગૃહસ્થની પણ ભૂલી જતાં હાય પીટ (હાડમારી)માં જ દિવસો ગુજારતાં કાદવમાં ખુંચેલા વનના હાથીની માફક પસ્તાય છે, કે આહા હા! મેં આ કેવું મૂર્ખાઈનું કૃત્ય આદર્યું કે જેથી મારી આવી દુર્દશા થઈ છે. ॥૮॥

**अज्ज याहं गणी होंतो, भावियप्पा बहुस्सुओ । जइ हं रमंतो परियाए, सामण्णे जिणदेसिए ॥९॥**

કોઈ બુદ્ધિમાન સાધુ દીક્ષા મૂક્યા પછી આ પ્રમાણે પશ્ચાત્તાપ કરે છે કે જો હું આજ સુધી સાધુપણામાં ભાવ રાખીને રહ્યો હોત તો આચાર્ય પણ થયો હોત! અને આત્માની ભાવના ભાવવા વડે બહુશ્રુત બન્યો હોત! એટલે આલોક પરલોકનું હિત કરનાર જે જૈન સિદ્ધાંત છે, તે ભણ્યો હોત! પણ ભગવાનના વચનમાં રમણતા ન કરી. સાધુપણું ન પાળ્યું તેથી આવી અધમ દશાને હું પામ્યો છું. (મૂળ શ્લોકમાં પર્યાય શબ્દ છતાં શ્રામણ્ય શબ્દ લેવાનું કારણ એ છે કે પર્યાય ઘણા અર્થમાં વપરાય છે. માટે શ્રામણ્ય લીધો છે. તથા જિનદેશિત શબ્દ મૂકવાનું કારણ એ છે કે બૌદ્ધના પણ સાધુ પોતાના સાધુપણાને શ્રામણ્ય કહે છે, તેથી તેને જુદું પાડવા માટે લીધેલ છે.)॥૯॥

**देवलोगसमाणो उ परियाओ महेसिणं । रयाणं अरयाणं च, महानरयसालि(रि)सो ॥१०॥**

પડવાની ઇચ્છાવાળાને ફરીથી ગુરુ બોધ આપે છે. જેઓ એ ચારિત્ર છોડ્યું તેઓ પાછળથી કેવી રીતે પસ્તાય છે તે સાંભળો. સારા સાધુઓનો દીક્ષા પર્યાય દેવલોક સમાન છે. કારણ કે દેવલોકમાં નાટક વિગેરે જોવામાં લીન થઈને નિશ્ચિત પણે બેઠા છે તેમ સાધુઓ સ્થિર મનથી પોતાના ભણવા ગણવામાં અને કહેલી વિધિએ પડિલેહણ (વસ્ત્ર વિગેરે જોવાં)માં એક ધ્યાનવાળા છે. વળી આવી રીતે બરોબર જીવની રક્ષા કરવાથી તેઓને નિર્ભયપણું હોવાથી દેવલોક સમાન આદરવા યોગ્ય ચારિત્ર પર્યાય છે, પણ એવા રક્ત ન હોય તેમને સાધુપણાના વર્તનમાં અરમણતા થવાથી તથા ગાયન વિગેરેના વિષયમાં આસક્ત થવાથી ભગવાનના સાધુ વેષને વિડંબણા કરવાવાળા ક્ષુદ્ર જીવોને આ સાધુપણું પાળવું, તે રૌરવ નરક સમાન, મનના અતિશય દુઃખથી ભયકારી લાગે છે, (વળી સાધુપણું સારૂં પાળે તો અહીં દેવલોક સમાન બહુમાન થાય, અને પછી પણ દેવલોક મળે, પણ ચારિત્રમાં લીનતા ન રાખે તો સાધુપણામાં જીવતાં નરક સમાન દુઃખ અને ચારિત્ર ભાંગવાથી પાછળથી મહા નરકમાં જાય છે. ॥૧૦॥

**अमरोवमं जाणिय सोक्खमुत्तमं, रयाण परियाए तहाऽरयाणं ।**
**निरओवमं जाणिय दुक्खमुत्तमं, रमेज्ज तम्हा परियाए पंडिए ॥११॥**

સાધુપણું મૂકી દેનારને ગુરુ સમજાવે છે કે પૂર્વે કહ્યા મુજબ દેવતા પ્રમાણે સાધુનું પ્રશમ (ક્રોધનો અભાવ) વિગેરે ઉત્તર ગુણોનું સુખ ચારિત્ર પર્યાયમાં રક્ત અને પડિલેહણ વિગેરે ક્રિયામાં યત્ન કરનારને સુખરૂપ છે અને ચારિત્રમાં અરતિ કરનારને નરક તુલ્ય છે. તેથી આલોક પરલોકના ઘણાં સુખ દુઃખ વિચારીને પંડિત પુરુષે નિરંતર ચારિત્ર પર્યાયમાં રમણતા કરવી. ॥૧૧॥

**धम्माओ भट्ठं सिरिओ ववेयं, जन्नग्गि विज्झायमिवऽप्पतेयं ।**
**हीलंति णं दुव्विहियं कुसीला, दाढुद्धियं घोरविसं व नागं ॥१२॥**

ચારિત્ર પર્યાય મૂકનારને આલોકના દોષો બતાવે છે. સાધુ ધર્મથી ભ્રષ્ટ થનારને તપરૂપ લક્ષ્મી નાશ થતાં તેનું મુખ જેમ યજ્ઞની સમાપ્તિનો અગ્નિ બુઝાતાં તેજ વિનાનો દેખાય છે, અને ખાલી રાખ રહે છે તેમ આ સાધુપણું છોડી દેનારનું (મુખ) ઝાંખુ થાય છે, લોકો તેની હીલના કરે છે કે તું ઉત્તમ પગથીયે ચઢેલો પાછો પડ્યો છે, વળી ઝેરી સાપની

દાઢો કાઢી નાંખવાથી મદારી વિગેરે લોકો તેને પજવે છે, તેમ ચારિત્રને મૂકી દેનારને પણ તેવું અપમાનનું દુઃખ સહન કરવું પડે છે, (અગ્નિ અને સાપનું જેવું અપમાન થાય તેમ દીક્ષા છોડનારનું થાય છે.)॥૧૨॥

**इहेवऽधम्मो अयसो अकित्ती, दुन्नामधेज्जं च पिहुज्जणम्मि ।**
**चुयस्स धम्माओ अहम्मसेविणो, संभिन्नवित्तस्स य हेट्ठओ गई ॥१३॥**

હવે બંને લોકોના ભય બતાવે છે, અહીંયાં જ અધર્મ અપયશ તથા અપકીર્તિ છે તથા લોક કહે કે આ પતિતનું નામ લેવા યોગ્ય પણ નથી, આવું તુચ્છ માણસો પણ કહે ત્યારે ઉત્તમ લોકોનું તો કહેવું શું. વળી સ્ત્રી વિગેરે માટે છ કાયની હિંસાના થનારા આરંભો કરવા પડે તેથી ચીકણાં કર્મ બંધાવાથી નરકમાં ઉત્પન્ન થવું પડે છે. ॥૧૩॥

**भुंजित्तु भोगाइं पसज्झ चेयसा, तहाविहं कट्टु असंजमं बहुं ।**
**गइं च गच्छे अणभिज्झियं दुहं, बोही य से नो सुलभा पुणो पुणो ॥१४॥**

સાધુપણું મૂકનારો પાંચ ઇંદ્રિયના વિષય એટલે ગાયન વિગેરેમાં આનંદ મેળવવો. ધર્મથી વિમુખ બની ખુલ્લા ચિત્તે મૂર્ખ માણસને યોગ્ય અધર્મ ફળને કરીને ખેતી વિગેરેમાં અસંતોષી થઈને ઘણાં ઘણાં પાપો કરીને અનિષ્ટ ગતિને પ્રાપ્ત થાય છે, તે ગતિમાં દુઃખ પામે છે, અને ભવિષ્યમાં દુઃખ આપનારાં કર્મ બાંધે છે, અને જૈન માર્ગની વિરાધના કરવાથી ઘણા ભવો સુધી સમ્યક્ત્વની પ્રાપ્તિ પણ થવી દુર્લભ છે. ॥૧૪॥

**इमस्स ता नेरइयस्स जंतुणो, दुहोवणीयस्स किलेसवत्तिणो ।**
**पलिओवमं झिज्झइ सागरोवमं, किमंग! पुण मज्झ इमं मणोदुहं? ॥१५॥**

વળી ઉપદેશ આપે છે કે હે શિષ્ય! ચિન્તામણિ રત્ન જેવું સાધુપણું ન છોડ, કારણ કે એકાંત ક્લેશ ચિત્તવાળું નરકનું દુઃખ તને મળશે, એવું જાણીને જ્યાં સુધી તું ન મૂકે ત્યાં સુધીમાં વિચારી લે, કે નરકમાં પલ્યોપમ (અસંખ્ય વર્ષનું માન) સુધી તથા સાગરોપમ તેથી વધારે વર્ષનું એટલે દશ કોડા કોડી પલ્યોપમનો સાગરોપમ છે ત્યાં સુધી તારે ભવિષ્યમાં ગૃહસ્થપણામાં પાપ કરવાથી દુઃખ ભોગવવાં પડશે, અહીંયાં સાધુપણામાં અલ્પકાળ દુઃખ ભોગવીને છુટી શકીશ, પણ નારકીમાં કેવી રીતે છુટી શકીશ? માટે સાધુપણું ન મૂક. ॥૧૫॥

**न मे चिरं दुक्खमिणं भविस्सई, असासया भोगपिवास जंतुणो ।**
**न चे सरीरेण इमेणऽवेस्सई, अवेस्सई जीवियपज्जवेण मे ॥१६॥**

મને આ દુઃખ ઘણો કાળ રહેવાનું નથી. તથા પ્રાણીઓને પ્રાયઃ વિષય તૃષ્ણા જુવાનીની શક્તિમાં થોડા જ કાળ રહેવાની છે, અને તૃષ્ણા ખરી રીતે વૃદ્ધાવસ્થામાં પણ મન સંબંધી રહેવાની જ છે, માટે ખોટી વ્યાકુળતા કરવી નકામી છે, એ તો નિકળી જતાં જીવની સાથે ચાલી જવાની છે, (માટે હે જીવ, તું સંસારની ભોગ તૃષ્ણા મૂકીને ચારિત્રમાં જ આનંદ માન.)॥૧૬॥

**जस्सेवमप्पा उ हवेज्ज निच्छिओ, चएज्ज देहं न हु धम्मसासणं ।**
**तं तारिसं नो पयलेंति इंदिआ, उवेंतवाया व सुदंसणं गिरिं ॥१७॥**

**इच्चेव संपस्सिय बुद्धिमं नरो, आयं उवायं विविहं वियाणिया ।**
**काएण वाया अदु माणसेणं, तिगुत्तिगुत्तो जिणवयणमहिट्ठेज्जासि ॥१८॥**

**। त्ति बेमि ॥ रइवक्का पढमा चूला समत्ता ॥१॥**

આવી આત્મા સંબંધી જેને ખાત્રી થઈ છે, તે માણસ વિઘ્ન આવતાં પ્રાણ ત્યાગ કરે, પણ ધર્મશાસન

(ચારિત્ર) છોડે નહિ, અને સંયમ સ્થાનથી ઇંદ્રિયોને ચલાયમાન કરે નહિ, જેમ મેરુ પર્વતને પવન ચલાયમાન કરી શકતો નથી, તેમ સાધુને પણ ઇંદ્રિયો ચંચળ કરી શકતી નથી, (તેજ ખરો આત્માર્થી સાધુ જાણવો) આ પ્રમાણે ઊપર કહેલાં અઢાર સ્થાન તથા શ્લોકો પહેલેથી તે છેવટ સુધી વિચારીને બુદ્ધિમાન પુરુષ સમ્યક્જ્ઞાન વિગેરેનો લાભ મેળવવા તેના સાધનના પ્રકારો જે જ્ઞાન વિગેરેના આઠ આઠ આચાર છે. તે પ્રમાણે મન, વચન અને કાયાથી ઉત્તમ વર્તન રાખી ત્રણ ગુપ્તિથી ગુપ્ત થઈને જિનેશ્વરના વચનમાં રહે, અને તે પ્રમાણે ચારિત્રમાં ઉદ્યમવાળો થાય, જેથી તેને મોક્ષ મળે છે. આ પ્રમાણે પ્રથમ ચૂલિકા રતિવાક્યા નામની સૂત્ર અનુગમથી પૂરી થઈ અને નયો પૂર્વની માફક જાણવા. ॥૧૭-૧૮॥

- *માન, પાન તથા સન્માનમાં ડૂબેલા તથા જમાનાવાદનાં એ પૂરમાં તણાઈ રહેલાં શ્રીમંતોના ગુલામ, દાસ, ભક્ત ભક્તાણી વર્ગને પોતાનો બનાવીને સ્વ શાસન સુંદર ચલાવવાં માટે મંત્ર તંત્રાદિનો સહારો લેવાવાળાં, વાસક્ષેપ આદિનાં દ્વારા ભક્તવર્ગ બનાવવાવાળાં તથા શિષ્યોનું કોઈપણ પ્રકારનું અહિત ન થાય તેવી ચિંતાથી કોશો દૂર, ખાન-પાનમાં પરિપૂર્ણ રૂપે મગ્ન, લીન, શિષ્ય વર્ગને વધારવાં માટે બાળક-બાલીકાઓને ધનથી ખરીદવાળા આવા ઘણાં બધા દોષોનું સેવન કરવાવાળા પણ આ યુગમાં ગુરુપદ પર છે. તથા તેમની ઘણી પૂજા થઈ રહી છે. એ પણ આ યુગનું મહાન નવાઈ પમાડે તેવું જ આશ્ચર્ય છે.*
- *માત્ર દ્રવ્ય ચારિત્ર સ્વીકૃત કરવાવાળાં અનંત આત્માઓ આજ સુધીમાં થઈ ગયાં. જેમણે ગુરુ આજ્ઞા પારતન્ત્ર્ય રૂપ ગુરુકુળવાસ તથા ગચ્છવાસનો સેવન ઉપયોગ કરતા કરતાં એવો અપૂર્વ વીર્યોલ્લાસ પ્રકટ કર્યો છે કે એજ ભવમાં ભાવ ચારિત્ર પ્રાપ્ત કરીને તેનાં પરિણામોથી તે જ ભવમાં કેવલજ્ઞાન તથા નિર્વાણ પદની પ્રાપ્તિ કરી છે.*
- *શાસ્ત્રોના પ્રાપ્ત કરેલાં અર્થોને જે કહે છે તે ગુરુ છે. "ગુ શબ્દ અંધકારનો દ્યોતક છે અને રુ શબ્દ અંધકારને દૂર કરનારો છે, અંધકારનો અપેક્ષિત અર્થ અહિં અજ્ઞાનરૂપી અંધકારની સાથેનો છે" ગુરુ એ શબ્દનો પૂર્ણ અર્થ છે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનારાં તે ગુરુ અને તે જ સદ્દગુરુ હોય છે.*

## બીજી ચૂલિકા

પહેલી ચૂલિકા કહી, હવે બીજી કહે છે, તેમાં આ પ્રમાણે સામાન્ય સંબંધ છે કે પહેલીમાં ચારિત્રમાં સ્થિર રહેવાનું કહ્યું અને આ બીજી ચૂલિકામાં વિવિક્ત ચર્યાનો અધિકાર કહે છે, એ સંબંધી ભાષ્યકાર કહે છે.

**अहिगारो पुव्वुत्तो चउव्विहो बिइअचूलिअज्झयणे । सेसाणं दाराणं अहक्कमं फासणा होइ ॥६३॥ भा०।**

ચૂડાનો અધિકાર પ્રસ્તાવના રૂપે પહેલી ચૂલિકામાં કહ્યો અને બીજી ચૂડામાં પણ અનુયોગદ્વાર પહેલાંની માફક જાણવા. બાકીનાં દ્વાર જે સૂત્ર આલાપક નિષ્પન્ન નિક્ષેપો વિગેરે પ્રસ્તાવના માફક સ્પર્શના એટલે થોડામાં વ્યાખ્યા કરવી વિગેરે કહે છે. અહીં સૂત્ર અનુગમમાં જે સૂત્ર નિર્દોષ રીતે કહેવાનું છે તે કહે છે. ॥૬૩–ભા॥

**चूलियं तु पवक्खामि, सुयं केवलिभासियं । जं सुणेत्तु सुपुण्णाणं, धम्मे उप्पज्जई मई ॥१॥**

ભાવ ચૂડાને હું કહું છું, કારણ કે તેનો અવસર આવેલો છે, અહીં ચૂડામાં પણ શ્રુતજ્ઞાન છે, અને તે કેવલી ભગવંતે કહેલું છે તે જ હું કહીશ. એના ઊપર પૂર્વાચાર્યનો કહેલો આવો અધિકાર છે.

કોઈ સાધ્વીએ કૂરગડુ (ઘડો ભરેલો ભાત ખાનાર મુનિ) જેવા ભૂખવાળા સાધુને બોધ આપીને પરાણે ચોમાસી પર્વ જેવા દિવસે ઉપવાસ કરાવ્યો, પણ શરીરે સહન નહિ થવાથી તે સાધુનો સમાધિથી સ્વર્ગવાસ થયો અને સાધ્વીને મનમાં પશ્ચાત્તાપ થયો, કે હું સાધુનો જીવ લેનાર છું એમ કલ્પાંત કરતાં તેને વિચાર થયો કે હું દૂર રહેલાં તીર્થંકરને પૂછું, તેમ વિચારતાં તેના ગુણથી આકર્ષિત થયેલી દેવી આવી, અને તે દેવી સાથે સાધ્વી, શ્રી સીમંધર સ્વામી પાસે ગઈ, અને ભગવાનને પૂછ્યું કે હું સાધુના મરણની ઘાતક છું કે નહિ? પ્રભુએ તેને નિર્દોષ કહીને આ ચૂડા સંભળાવી તે આ ચૂડા છે. તે ચૂડા સાંભળીને સારા અનુબંધવાળા પુન્યવાન જીવોને અચિંત્ય ચિન્તામણિ જેવા ચારિત્ર ધર્મમાં વિશેષ પ્રકારે શ્રદ્ધા થાય છે, અને ચારિત્રનું બીજ ઉત્પન્ન થાય છે, તે માટે આ પહેલું સૂત્ર કહ્યું છે, આ પ્રમાણે પહેલી ગાથામાં આ ચૂલિકાની કેવી રીતે ઉત્પત્તિ થઈ તે પણ બતાવીને તેથી શું લાભ થાય, તે પણ જણાવ્યું છે. ॥૧॥

**अणुसोयपट्ठिए बहुजणंमि, पडिसोयलद्धलक्खेणं । पडिसोयमेव अप्पा, दायव्वो होउकामेणं ॥२॥**

આ પ્રતિજ્ઞા સૂત્ર છે અને અધ્યયન (ચૂડા)માં ચર્યા (જુદા જુદા ગામે વિહાર કરવા) ના ગુણો બતાવે છે, તેની પ્રવૃત્તિમાં મૂળ પગ રૂપ આ છે, જેમકે નદીના પુરના પ્રવાહમાં પડેલા તણાતા લાકડાની માફક આપણો જીવ વિષય કુમાર્ગને અનુકૂળ ક્રિયા કરનારા ઘણા માણસો સાથે સંબંધ રહેવાથી પતિત થાય છે. એટલે લાકડું જેમ દરિયામાં તણાઈ જાય છે, તેમ પતિત સાધુ દોષોના દરિયામાં તણાય છે, એટલા માટે દેવતાની સહાયથી દરિયામાં જતાં બચે તેમ સાધુએ તેથી ઉલટા એટલે વિષય રસને ન પોષે, તેવો રસ્તો પકડવો જોઈએ; જેને મોક્ષની અભિલાષા છે, તેણે જ્યાં જ્યાં ઇંદ્રિયોને ચંચળતા કરાવનારા વિષયો છે, ત્યાં ત્યાં જન આચરિત કૃત્યોને પોતાના મનમાં પણ ન લાવીને તેનાથી દૂર રહેવું, પણ પ્રત્યેક સમયે આગમ ભણવામાં એક ચિત્તે તત્પર રહેવું, આ સંબંધમાં શ્લોકો છે.॥૨॥

**निमित्तमासाद्य यदेव किञ्चन, स्वधर्ममार्गं विसृजन्ति बालिशाः ।**
**तपःश्रुतज्ञानधनास्तु साधवो, न यान्ति कृच्छ्रे परमेऽपि विक्रियाम् ॥१॥**

કંઈપણ નિમિત્ત પામીને મૂર્ખ પુરુષો સ્વધર્મ માર્ગને છોડી દે છે, પણ તપસ્યા અને શ્રુતજ્ઞાન રૂપ ધનવાળાં સાધુઓ ગમે તેવા મહાકષ્ટોમાં પણ પોતાનો ઉત્તમ ધર્મ છોડતા નથી.

**कपालमादाय विपन्नवाससा, वरं द्विषद्वेश्मसमृद्धिरीक्षिता ।**
**विहाय लज्जां न तु धर्मवैशसे, सुरेन्द्रता(सा)र्थेऽपि समाहितं मनः ॥२॥**

રામપાત્ર (સાવલુ) હાથમાં લઈને, તેમ ફાટેલા વસ્ત્રો પહેરીને રહેવું તે સારૂં, પણ અધમ શત્રુના ઘરમાં સમૃદ્ધિ જોઈને તેની લાલચમાં લપટાઈને ધર્મ રહિત એવા સુરેન્દ્ર જેવા વૈભવવાળા સાથે સમાધિમાં લજ્જા છોડીને રહેવું સારૂં નથી.॥૨॥

**पापं समाचरति वीतघृणो जघन्यः, प्राप्यापदं सघृण एव विमध्यबुद्धिः ।**
**प्राणात्ययेऽपि न तु साधुजनः स्ववृत्तं, वेलां समुद्र इव लङ्घयितुं समर्थः ॥१॥**

નિર્લજ્જ માણસ વિના કારણે પાપ કરે છે, અને મધ્યમ બુદ્ધિવાળો માણસ લજ્જાને લીધે કષ્ટ આવતાં પાપ આચરે છે, પણ સાધુ પુરુષો પોતાનાં મહાવ્રતોને પ્રાણ ત્યાગ થતાં સુધી પણ છોડતા નથી, જેમ સમુદ્ર પોતાની મર્યાદા રૂપ વેલાને છોડતો નથી, પણ હદમાં રાખે છે, તેમ સાધુ પુરુષો મર્યાદા છોડતા નથી. આટલો ઉપદેશ બીજી ગાથાને અંગે કહ્યો કે સાધુએ પણ પ્રાણાન્ત કષ્ટ આવે તો પણ સાધુપણું છોડવું નહિ, (હવે બીજી ગાથાનો ખુલાસો ત્રીજી ગાથામાં કહે છે.)॥૨॥

**अणुसोयसुहो लोगो पडिसोओ आसवो सुविहियाणं । अणुसोओ संसारो, पडिसोओ तस्स उत्तारो ॥३॥**

કર્મના બોજાથી વિષય સુખમાં લીન થવું. એ નીચી જગ્યામાં જેમ પાણી જાય તેમ જવાનું છે, તે અનુશ્રોત કહેવાય, અને તેનાથી વિપરીત તે ઇંદ્રિયોનો વિજય કરવો, તે પરમાર્થ સાધનરૂપ કાયા, વચન અને મનનો વ્યાપાર તે આશ્રય (આધાર) વ્રત ગ્રહણ રૂપ ઉત્તમ સાધુઓને છે, એમાં એમ સમજાવ્યું છે કે આ સંસાર તે વિષય સુખ છે, અને તે સુખ ભોગવવા જતાં પાછો સંસાર છે, જેમ વિષ એ મૃત્યુ છે, અને દહીં ચીભડું પ્રત્યક્ષ તાવ છે. (આમાં કારણમાં કાર્યનો ઉપચાર છે) માટે તે વિષયથી ઇંદ્રિયો ને રોકવી તે પ્રતિશ્રોત એટલે સંસાર ભ્રમણથી બચીને મોક્ષમાં જઈ શકે છે તેજ ઉત્તાર (તરવાનો કિનારો) છે.

અહીંયાં કારણનો કાર્યમાં ઉપચાર કર્યો છે, જેમ કે લોકમાં ઘી આયુષ્યને વધારનારૂં હોવાથી ઘીને જ આયુષ્ય કહે છે, તથા વરસાદથી તાંદુલ(ચોખા) પાકે, તેથી વરસાદ પડતાં લોકો કહે છે કે આ તાંદુલ (ચોખા) વરસે છે.॥૩॥

**तम्हा आयारपरक्कमेण संवरसमाहिबहुलेणं । चरिया गुणा य नियमा य होंति साहूण दट्ठव्वा ॥४॥**

આ પ્રમાણે ઇંદ્રિયનો નિરોધ સંસારથી પાર ઉતારનાર છે, એવું સમજીને સાધુએ પોતાનું પરાક્રમ જ્ઞાનાદિ પાંચ પ્રકારના આચારમાં વાપરવું તથા ઇંદ્રિયોનો નિરોધ કરી સમાધિની બહુલતા જેણે કરી છે તેવા મુનિએ પાછું પડવું ન થાય, તથા ચારિત્ર નિર્મળ રહે, માટે ભિક્ષુ ભાવના સાધન રૂપ અનિયત વાસ (એક જગ્યાએ પડી ન રહેવું) દ્રવ્ય ચર્યા પાળવી, અને મહાવ્રતો જે મૂળ ગુણ છે. તથા પિંડ વિશુદ્ધિ વિગેરે નિયમો ઉત્તર ગુણ છે, તે બંને યોગ્ય સમયે વિધિ અનુસાર પાળવાં, તે ભાવચર્યા છે, તે સાધુઓને જાણવા યોગ્ય છે. (સમ્યગ્જ્ઞાન વિગેરેને ભણવું તે પ્રમાણે ચાલવું, અને તે પ્રમાણે બીજાને ઉપદેશ આપવાનો છે.)॥૪॥

**अणिएयवासो समुयाणचरिया, अणायउंछं पइरिक्कया य ।**
**अप्पोवही कलहविवज्जणा य, विहारचरिया इसिणं पसत्था ॥५॥**

ચર્યા કહે છે, અનિયતવાસ એટલે માસકલ્પ તે શિયાળે ઉનાળે એક એક માસ રહેવાનું , અને ચોમાસામાં ચાર માસ સ્થિર રહેવાનું છે, તે નવ કલ્પી વિહાર કરવો જોઈએ, અથવા અનિકેતનવાસ એટલે કોઈપણ ઘર ઊપર

મમત્વ ન રાખતાં ઉદ્યાન વિગેરેમાં જ્યાં ઓછો રાગ થાય, ત્યાં રહેવું જોઈએ, અને જુદી જુદી જગ્યાએથી ભિક્ષા માંગવી જોઈએ, તથા નિર્દોષ ઉપકરણ વિગેરે લેવાં, તથા ગૃહસ્થોથી ઓછા પરિચયવાળા મકાનમાં રહેવું. જરૂર પૂરતી જ ઉપધિ (વસ્ત્ર વિગેરે) રાખવાં તથા પરસ્પર ક્લેશકારક કથા ન કરવી, આવી રીતે સાધુઓની ચર્યા (યોગ્ય રીતે વિહાર વિગેરે) પ્રશંસવા યોગ્ય છે એટલે તેથી સાધુઓને ભણવા વિગેરેમાં વિક્ષેપ ન થાય અને ભગવાનની આજ્ઞા પાળવાથી ભાવ ચરણના સાધનથી આ 'ચર્યા' પવિત્ર છે, તેથી પ્રશંસવા યોગ્ય છે. આ સાધુઓની વિહાર ચર્યાને અંગે નિર્યુક્તિકાર કહે છે. ॥૫॥

**दव्वे सरीरभविओ भावेण य संजओ इहं तस्स । उग्गहिआ पग्गहिआ विहारचरिआ मुणेअव्वा ॥३६८॥**

સાધુની વિહાર ચર્યાનો અધિકાર હોવાથી તે સાધુ કહેવાય છે, (ચર્યા સાધુમાં રહેલી છે) માટે સાધુનો અધિકાર કહે છે. દ્રવ્યથી અને ભાવથી દ્વારનો વિચાર કરવો, તે દ્રવ્ય ભાવ ચર્યા નિક્ષેપો છે, તથા ભવ્ય શરીર એટલે મધ્યમ ભેદપણાથી આગમ નોઆગમ જ્ઞ શરીર, ભવ્ય શરીર, તદ્વ્યતિરિક્ત દ્રવ્ય સાધુનું ઉપલક્ષણ આ છે, (આ સાધુના દ્રવ્ય નિક્ષેપામાં બધો અધિકાર પૂર્વે આવી ગયો છે.) અને ભાવથી દ્વાર વિચારતાં સંયત ગુણને અનુભવનારો ભાવ સાધુ પોતે છે, તેથી આ અધ્યયનમાં ભાવ સાધુનું ઉદ્યાન, આરામ વિગેરેમાં નિવાસથી અનિયત ચર્યા જાણવી, તે પણ વિશિષ્ટ અભિગ્રહ રૂપ એટલે ઉત્કટ આસન વિગેરેથી રહેવું, તે જાણવુ, (સાધુએ ગુરુકુળ વાસમાં રહી પ્રથમ શ્રુત જ્ઞાન મેળવવું, બાદ ગુરુની આજ્ઞાથી ઉદ્યાન વિગેરેમાં રહેવું, અને પ્રમાદ ટાળવા અનેક પ્રકારનાં આસન વડે કાળ વ્યતીત કરવો.)

હવે સૂત્રના સ્પર્શ વડે નિર્યુક્તિ કહે છે.

**अणिएअं पइरिक्कं अण्णायं सामुआणिअं उंछं । अप्पोवही अकलहो विहारचरिआ इसिपसत्था ॥३६९॥**

વ્યાખ્યા સૂત્ર માફક જાણવી, અવયવનો અનુક્રમ ગાથા ભંગના ભયથી નથી કર્યો, તથા અર્થથી સૂત્રના ઉપન્યાસ માફક જાણવો. વિહાર ચર્યા ઋષિઓની પ્રશંસવા યોગ્ય છે, જે કહેલું તેને વિશેષપણે સમજાવે છે, (તે હવે પછીના સૂત્રમાં આવશે.) ॥૩૬૯॥

**आइण्ण-ओमाणविवज्जणा य, उसन्नदिट्ठाहड-भत्त-पाणे ।**
**संसट्ठकप्पेण चरेज्ज भिक्खु, तज्जायसंसट्ठ जई जएज्जा ॥६॥**

[1]આકીર્ણ એટલે જ્યાં આગળ રાજાનું કુળ અથવા સંખડી (જમણવારમાં ઘણા લોકો એકઠા થયેલા હોય) ત્યાં જતાં સ્વપક્ષ અને પરપક્ષના માણસો હોય, તેમાં અપમાન થાય, અથવા ઉપેક્ષા થાય, તથા લાલચુ તરીકે ગણાય તેથી ત્યાં આગળ સાધુએ જવું નહિ, તે કહે છે, હાથીના પગમાં અફળાવવું, તથા ઘોડાની લાત અથવા ઘણા લોકોની અવરજવરથી પડી જવા વિગેરેથી સાધુના અંગને નુકશાન થાય, (તથા સાધુના ભયથી ભાગી જતાં બીજા જીવોને પીડારૂપ થાય,) વળી ગોચરીમાં અલાભ (દાન મળે નહિ) અથવા દોષિત આહાર મળે. પ્રાયે જોયા વિનાનું ભોજન મળે (સાધુને અચિત્ત સચિત્તને જોઈને લેવાનું છે, તે ત્યાં જોઈ શકાય નહિ) એટલે ભાત ઓસામણ કાંજી વિગેરે જોઈને લેવાં, વળી હાથ વાસણ ગૃહસ્થે પોતાના માટે ભોજન લેતાં ખરડેલા હોય, તેવા હાથ થી લેવું, (જો સાધુ માટે ખરડે તો કાચા પાણીએ ધોતાં સાધુને દોષ લાગે.) એટલે સંસૃષ્ટ તે કાચું ગોરસ (દૂધ દહીં છાશ) વિગેરેથી વાસણ કે હાથ ખરડેલા હોય તો સાધુ લેવા યત્ન કરે, આને માટે આઠ ભાંગા બતાવેલા છે. ખરડેલો હાથ ખરડેલું વાસણ અને વાસણમાં સાધુએ દાન લીધા પછી થોડું પણ બાકી રહેવું જોઈએ, આ ભાંગો સર્વોત્તમ છે,

૧ સ્થાનાંગ – ૫/૧/૧

એટલે સાધુ માટે પહેલાં કે પછી વાસણ કે હાથ ધોવો પડે નહિ (બાકીના સાત ભાંગા ગુરુ પાસેથી સમજી લેવા, સૂત્રમાં ઓસન્ન શબ્દ છે તેનો અર્થ પ્રાયે છે સાધુને શુદ્ધ ગોચરી લેવાની હોવાથી બે જણાએ જવું એક શુદ્ધ વસ્તુમાં ધ્યાન રાખે અને બીજો ભિક્ષા ગ્રહણ કરે.)॥૬॥

**अमज्ज-मंसासि अमच्छरीया, अभिक्खणं निव्विगईगया य ।**
**अभिक्खणं काउस्सग्गकारी, सज्झायजोगे पयओ हवेज्जा ॥७॥**

સાધુએ મદ્ય અને માંસ દુર્ગતિના કારણ સમજીને પોતે તેને છોડી દેવાં, વાદીની શંકા–આરનાલ (કાંજી) તથા અરિષ્ઠા (છાશ) વિગેરે પણ સંધાન (મિશ્ર થવા)થી ભાત વિગેરે મળેલાં છે. તેથી તે પ્રાણીનાં અંગ હોવાથી ત્યાજ્ય છે (છાશ ગાયના અંગમાંથી થાય છે. માટે ભાત સાથે છાશ મળેલી હોય તો તે પણ ખાવી નહિ જોઈએ.)

જૈનાચાર્યનો ઉત્તર–તમારૂં કહેવું બરાબર નથી. છાશ પ્રવાહી અને પ્રાણીનું અંગ હોવાથી તે મદ્ય માંસની તુલના પામતું નથી. લોક શાસ્ત્રથી પણ તેવું સિદ્ધ થતું નથી. સંધાન અને પ્રાણીનું અંગપણું એ બંનેની સરખામણી કરવી તે અયોગ્ય છે, તેમ તે મર્યાદા ઓળંગવા જેવું છે, જેમ કે સ્ત્રી અને માતા એ બંને દેખાવમાં સમાન છે, તેથી એક ભોગવવા યોગ્ય અને બીજી પૂજવા યોગ્ય છે, તે વિવેક નષ્ટ થશે. વળી પાણી અને મૂત્ર એ બંનેમાં પ્રવાહીપણું સમાન હોવાથી એક પીવા યોગ્ય અને બીજું ત્યાગવા યોગ્ય નહિ થાય. તેથી પ્રાણીનું અંગ દૂધ છે તેની બનેલી છાશ તે માંસની તુલનામાં ન ઘટે, તેમ છાશ પ્રવાહી અને દારૂ (મદ્ય) પ્રવાહી તેનું સમાનપણું ન ઘટે, આ સહેજ સમજવાને માટે જ લખ્યું છે, તેથી **વાદીએ અથવા કુશિષ્યે કદી પણ ખોટો તર્ક બાંધી** મદ્ય અને માંસને ઉપયોગમાં લેવાં નહિ, વળી સાધુ બીજાનો દ્વેષી ન થાય, **અને વારંવાર એટલે વિના કારણે વિકૃતિ (દૂધ દહી ઘી વિગેરે) ન વાપરે,** આ કહેવાથી એમ સૂચવ્યું કે ખાવા યોગ્ય જે વિકૃતિ છે તે પણ કારણ વિના ન લેવી, વળી કાયોત્સર્ગ (સ્થિર આસન કરી જાપ) કરવો, એટલે બહાર જઈ આવ્યો હોય તો વિધિ અનુસાર ઈરિયાવહિનો એક લોગસ્સનો કાઉસગ્ગ કરે, બીજા આચાર્ય એમ કહે છે, વિકૃતિના પરિભોગમાં પણ કાઉસગ્ગ કરે, શા માટે? તે કહે છે, ઈર્યા પંથ પ્રતિક્રમણ કર્યા વિના બીજું કંઈ પણ કરે નહિ, કારણકે તેના વિના શુદ્ધિ થતી નથી, તથા ભણવા ગણવામાં તથા આયંબિલ વિગેરે તપમાં પ્રયત્ન કરે, જો તેમ ન કરે, તો ઉન્માદ વિગેરે દોષો થાય.॥૭॥

**न पडिण्णवेज्जा सयणाऽऽसणाइं, सेज्जं निसेज्जं तह भत्त-पाणं ।**
**गामे कुले वा नगरे व देसे, ममत्तभावं न कहिंचि कुज्जा ॥८॥**

માસ કલ્પ વિગેરે કરીને વિહાર કરતાં ગૃહસ્થ પાસે એવી કબુલાત ન કરાવે, કે મને આ સ્થાન વિગેરે વાપરવા આપશો જ.

પ્રશ્ન–કઈ વસ્તુ? ઉત્તર–શયન (સંથારો) આસન (પાટલો) શય્યા (રહેવાનું મકાન) નિષદ્યા (ભણવાની જગ્યા) અથવા તે કાળને આશ્રયીને અનુકૂળ ભોજન જેમ કે ઉનાળો હોય, તો ખાંડ ખાજાં અથવા દ્રાક્ષનું પાણી વિગેરેની જો કબુલાત કરાવે તો મમત્વનો દોષ લાગે, વળી આ ગામમાં શ્રાવક કુળમાં અથવા અયોધ્યા જેવા નગરમાં મધ્ય દેશ વિગેરે એટલે ગામ, કુળ, નગર, દેશ વિગેરે સ્થળમાં કયાંય પણ મારા પણાનો સ્નેહ મોહ ન કરે, તેમ પોતાના ઉપકરણ વિગેરેમાં પણ મમતા ન રાખે. ॥૮॥

**गिहिणो वेआवडियं न कुज्जा, अभिवायणं वंदण पूयणं वा ।**
**असंकिलिट्ठेहि समं वसेज्जा, मुणी चरित्तस्स जओ न हाणी ॥९॥**

ગૃહસ્થની વૈયાવચ્ચ (સેવા) સાધુ ન કરે કારણ કે સાધુ પાસે ગૃહસ્થ સેવા કરાવે તો સાધુનું ચારિત્ર નષ્ટ

થાય, અને ગૃહસ્થને બહુ પાપ લાગે, તેમ સાધુ વચનથી સ્તુતિ પણ ન કરે, તથા કાયાથી નમસ્કાર પણ ન કરે, તેમ વસ્ત્ર વિગેરેથી સત્કાર પણ સાધુ ન કરે, જો તેમ કરે તો ઊપરના જ દોષો લાગુ પડે છે, આ દોષો દૂર કરવાને માટે જ ગૃહસ્થોની સેવા નહિ કરનારા એવા ઉત્તમ સાધુઓનો સાધુ સંસર્ગ કરે કે જેથી પોતાના મહાવ્રતો વિગેરેનું રક્ષણ થાય જો ગૃહસ્થની સાથે સાધુ રહે તો તેના સંસારી કૃત્યની અનુમોદનાનું પાપ લાગે (નવમી ગાથાનું આ પદ ભવિષ્યના વિષય માટે જ છે, જે વખતે પ્રણયન કાળમાં સંક્લિષ્ટ સાધુનો અભાવ છે, પ્રણયન એટલે ઉપદેશ આપે તેવા સમયમાં ગૃહસ્થનો સંસર્ગ ન કહેવાય, પણ પાછળથી સંસર્ગ ન કરવો તેવો ઉપદેશ છે, **જેઓ ગૃહસ્થનો અતિ પરિચય રાખે છે, તેમને પાસત્થા પતિત સાધુ કહેવા**, માટે તેવા સાધુનો સંસર્ગ ન કરવો.)॥૯॥

**न या लभेज्जा निउणं सहायं, गुणाहियं वा गुणओ समं वा ।**
**एक्कोऽवि पावाइं विवज्जयंतो, विहरेज्ज कामेसु असज्जमाणो ॥१०॥**

કદાચ કાળના દોષથી સંયમ અનુષ્ઠાનમાં કુશળ અને પરલોક સાધવામાં તત્પર એવો બીજો કોઈ સોબતી ન મળે, એટલે સોબતી જ્ઞાનાદિ ગુણમાં અધિક હોય, અથવા સમાન પણ હોય, અથવા સહેજ ઓછા ગુણવાળો હોય, પણ તે ઉત્તમ કંચન જેવો હોય, તો તેની સોબત કરવી પણ ત્રણમાં એક પણ સોબતી ન મલે, અને જ્યાં ગૃહસ્થના પરિચય કરનાર જોવામાં આવે, તો તેમનો સંસર્ગ ન કરતાં અથવા કંટાળી હતાશ ન થતાં પોતે એકલો પણ વિચરે, કેવી રીતે? તે કહે છે, પાપનાં કારણ, એવાં ખરાબ કૃત્યોને છોડી સૂત્રમાં કહેલા ઉત્તમ આચાર વડે ને ઉચિત વિહાર વડે વિચરે અને ઇચ્છા કામ વિગેરે વિષય વાંછાથી સંભાળતો વિચરે પણ પાસત્થા વિગેરેની કુસોબતમાં ન રહે, જો રહે તો તેની દુષ્ટતા પણ પોતાને લાગે, તેવું બીજાઓએ પણ કહ્યું છે. ॥૧૦॥

**वरं विहर्तुं सह पन्नगैर्भवेच्छठात्मभिर्वा रिपुभिः सहोषितुम् ।**
**अधर्मयुक्तैश्चपलैरपण्डितैर्न पापमित्रैः सह वर्त्तितुं क्षमम् ॥१॥**

સાપની સાથે વિચરવું સારૂં, તથા શઠ (ક્રોધી) આત્માવાળા શત્રુઓ સાથે પણ રહેવું સારૂં, પણ અધર્મ યુક્ત ચપળ એવા મૂર્ખ પાપી મિત્રો સાથે રહેવું, કે તેમની સાથે વર્તવું, તે ઘણું જ ખરાબ છે.॥૧॥

**इहैव हन्युर्भुजगा हि रोषिताः, धृतासयश्छिद्रमवेक्ष्य चारयः ।**
**असत्प्रवृत्तेन जनेन संगतः, परत्र चैवेह च हन्यते जनः ॥२॥**

કદાચ સાપ કોપાયમાન થાય, તો મૃત્યુ આપે. તથા તલવારવાળા શત્રુઓ લાગ જોઈને મારી નાખે, પણ કુમાર્ગે ચાલતા પુરુષની સાથે સોબત કરતાં આલોક પરલોક બંનેમાં હણાવું પડે છે.॥૨॥

**परलोकविरुद्धानि, कुर्वाणं दूरतस्त्यजेत् । आत्मानं योऽभिसंधत्ते, सोऽन्यस्मै स्यात्कथं हितं? ॥३॥**

પરલોકવિરૂદ્ધ કાર્ય કરનારાને દૂરથી છોડવો જોઈએ જે પોતે દુર્ગતિમાં જાય, તે બીજાને હિત કરનારો કેવી રીતે થાય? ॥૩॥

**ब्रह्महत्या सुरापानं, स्तेयं गुर्वङ्गनागमः । महान्ति पातकान्याहुरेभिश्च सह संगमम्? ॥४॥**

બ્રહ્મ હત્યા, દારૂ પીવો, ચોરી કરવી, ભણાવનારા ગુરુની સ્ત્રીનો સંગ કરવો, વિગેરે મહાન પાપો પાપીઓની સોબત કરનારા માણસોને છે, (એવું આ અન્ય શાસ્ત્રોના શ્લોકોમાં પણ કહે છે.)॥૪॥

**संवच्छरं वाऽवि परं पमाणं, बीयं च वासं न तहिं वसेज्जा ।**
**सुत्तस्स मग्गेण चरेज्ज भिक्खू, सुत्तस्स अत्थो जह आणवेइ ॥११॥**

જ્યાં ચોમાસું કર્યું હોય, અથવા એક માસ કલ્પ કર્યો હોય, ત્યાં સાધુએ બીજી સાલ ન રહેવું, એટલે બે

વરસ છોડીને પછી ચોમાસું કરવું એથી વધારે શું કહે, પણ દરેક રીતે સિદ્ધાંતમાં કહેલા માર્ગે સાધુ ચાલે, તેમ પૂર્વ અને પછી એ બંનેમાં વિરોધ ન આવે, એવો યુક્તિએ પ્રમાણ તથા પરમાર્થ સાધનરૂપ ઉત્સર્ગ અપવાદ સહિત જેમ શાસ્ત્રમાં કહ્યું હોય, તે પ્રમાણે પોતે વર્તે એટલે જરૂર પડતાં કારણે રહેવું પડે તો દર માસે સાધુ સંથારો ગોચરી વિગેરે બદલતો રહે. તે પ્રમાણે વાંદણાં પ્રતિક્રમણ વિગેરેમાં પણ વિધિસર અનુષ્ઠાન કરતો રહે, પણ લોકની હેરી (ચીડવાટ)થી ખેદ પામીને મૂકી ન દે, જો મૂકી દે તો આશાતના થાય. આ પ્રમાણે જૂદે જૂદે સ્થાને વિચરતો રહે. હવે તેના ગુણોના ઉપાય બતાવે છે. ॥૧૧॥

**जो पुव्वरत्तावररत्तकाले, संपेहई अप्पगमप्पएणं ।**
**किं मे कडं? किं च मे किच्चसेसं? किं सक्कणिज्जं न समायरामि? ॥१२॥**

મેં શું કર્યું, અને શું કરવાનું છે, તે મધ્ય રાત્રિએ ઉઠીને વિચારવું, અને ઉંમરના પ્રમાણમાં મારે શું શક્ય છે? 'અને તે પ્રમાણે હું કેટલું આચરૂં છું. એ બધું શાસ્ત્ર રીતિએ વિચારવું.' જો તે નહિ કરૂં તો ગયેલો કાળ ફરીથી આવવાનો નથી.॥૧૨॥

**किं मे परो पासइ? किं व अप्पा? किं वाहं खलियं न विवज्जयामि?**
**इच्चेव सम्मं अणुपासमाणो, अणागयं नो पडिबंध कुज्जा ॥१३॥**

હું કેટલે અંશે સ્ખલિત થયો છું, અને તે મારૂં વિરૂદ્ધ વર્તન બીજો કોઈ જુએ છે, અને તે જોનારો જૈન છે, કે જૈનેતર? તથા મારો આત્મા પોતે જુએ છે કે નહિ, વળી મારૂ સ્ખલિત (ભૂલ) સુધારૂ છું કે નહિ, એવું ઉત્તમ સાધુ આગમમાં કહેલી વિધિએ સારી રીતે હમેશાં તપાસતો રહે, તેમ ભવિષ્યકાળમાં પાપના પ્રબંધની ચિંતા પણ ન કરે. ॥૧૩॥

**जत्थेव पासे कइ दुप्पउत्तं, काएण वाया अदु माणसेणं,**
**तत्थेव धीरो पडिसाहरेज्जा, आइण्णो खिप्पमिव क्खलीणं ॥१४॥**

જે સાધુને ભૂલ કબૂલ કરવાનું આ પ્રમાણે હોય, એટલે મન વચન અને કાયાથી ધર્મ ઉપધિના પ્રતિલેખન વિગેરેમાં પોતાની ભૂલ થએલી જુએ, તો ધીરજવાળો થઈને, પોતાની ભૂલ સુધારી લે, જેમ ઉત્તમ જાતિનો સારી ચાલવાળો ઘોડો કોઈ જગ્યાએ ઠોકર ખાય, પણ તુર્ત જ સાવધાન થઈને પોતાના માલિકને બચાવી લે છે, તે પ્રમાણે ઉત્તમ સાધુ પોતાની થએલી ભૂલને સુધારી લે છે.॥૧૪॥

**जस्सेरिसा जोग जिइंदियस्स, धिईमओ सप्पुरिसस्स निच्चं ।**
**तमाहु लोए पडिबुद्धजीवी, सो जीवई संजमजीविएण ॥१५॥**

જે સાધુને પોતાના હિતની વિચારવાની પ્રવૃત્તિ રૂપ મન વચન કાયાનો વ્યાપાર છે, તે સાધુ પોતાની ઇંદ્રિયોને જીતી, સંયમમાં ધીરજ રાખી પ્રમાદનો જય કરે તે સત્ પુરુષની લોકોમાં નિત્ય પ્રશંસા થાય છે, એટલે જ્યારથી તેણે દીક્ષા લીધી, સામાયિક ઉચ્ચર્યું તે મરતાં સુધી તેના ઉત્તમ ચારિત્રથી લોકો તેને પ્રતિબુદ્ધ જીવી કહે છે, તેજ સંયમ જીવિતથી જીવે છે.॥૧૫॥

**अप्पा खलु सययं रक्खियव्वो, सव्विंदिएहिं सुसमाहिएहिं ।**
**अरक्खिओ जाइपहं उवेई, सुरक्खिओ सव्वदुहाण मुच्चइ ॥१६॥**

**॥ त्ति बेमि ॥ विवित्तचरिआ चूला समत्ता ॥२॥**

આત્માને નિશ્ચયથી શક્તિ અનુસાર હમેશાં પરલોકના અપાય (દુઃખ)થી બચાવવો જોઈએ, કેવી રીતે? ઉત્તર–સ્પર્શના વિગેરે બધી ઇંદ્રિયોને વિષયમાં કુમાર્ગે જતાં અટકાવીને, સમાધિવાળા થવું, જો તે પ્રમાણે આત્માની રક્ષા કરવામાં ન આવે, તો જન્મ મરણના માર્ગરૂપ સંસારમાં ભ્રમણ કરવું પડે, પણ સૂત્રમાં લખ્યા પ્રમાણે અપ્રમાદ પણે આત્માની રક્ષા કરવામાં આવે, તે શરીર અને મનના અનેક પ્રકારના દુઃખોથી મૂકાય છે, જેથી જન્મ મરણ ફરીથી ન થાય, અને એકાન્ત શ્રેષ્ઠ શાન્તિપદ (મોક્ષ)ની પ્રાપ્તિ થાય છે. આ પ્રમાણે સુધર્મા સ્વામી કહે છે. વિગેરે પૂર્વ માફક જાણવું. હવે બાકી રહેલી વક્તવ્યતા ને કહે છે. ॥૧૬॥

**छहिं मासेहि अहीअं, अज्झयणमिणं तु अज्जमणगेणं । छम्मासा परिआओ, अह कालगओ समाहीए ॥३७०॥**

છ માસે આ દશવૈકાલિક નામનું અધ્યયન આર્ય મનક મુનિ (મનક મુનિ નામના સાધુ) એ ભણ્યું. (આર્ય શબ્દનો અર્થ એ છે કે ત્યાગવા યોગ્ય જે પાપો છે તેનાથી શીઘ્ર દૂર થાય છે. તે આર્ય, અને મનક એવું નામ એ બંને મળી, આર્ય મનક શબ્દ થયો છે. તેમનું આયુષ્ય દીક્ષા લીધા પછી છ માસ હતું તેટલામાં આ સૂત્ર ભણીને આગમમાં કહેલી વિધિએ શુભ લેશ્યાના ધ્યાન વડે સ્વર્ગવાસ થયા. અહીંયાં વૃદ્ધવાદ (પૂર્વાચાર્યનું કથન) આ પ્રમાણે છે કે જેમ મનક સાધુએ દશવૈકાલિક સૂત્ર ભણી આરાધના કરી તેમ બીજાઓને પણ તે ભણવાથી આરાધના થાઓ.॥૩૭૦॥

**आणंदअंसुपायं कासी सिज्जंभवा तहिं थेरा । जसभद्दस्स य पुच्छा कहणा अ विआलणा संघे ॥३७१॥**

જ્યારે તેનું મરણ થયું, ત્યારે મનક સાધુના ગુરુ જે આ સૂત્રના ઉદ્ધારક છે, તે શય્યમ્ભવ સૂરિએ આંખમાંથી હર્ષના આંસુ મૂક્યાં કે એણે સારી રીતે સૂત્રની આરાધના કરી છે, તે વખતે ગુરુની આંખમાં આંસુ જોઈને તેમના પ્રધાન શિષ્ય યશોભદ્ર મહારાજે પૂછ્યું કે સાધુને રાગ ન હોય, છતાં એક શિષ્યના મરણથી આપને આવો સંસાર સ્નેહ કેમ થયો? ગુરુએ ખુલાસો કર્યો કે આ ગૃહસ્થપણાનો મારો પુત્ર છે, અને તેણે સારી આરાધના કરી, તેથી મને હર્ષનાં આંસુ આવ્યાં છે. તેથી બધા શિષ્યો પશ્ચાત્તાપ કરવા લાગ્યા, કે હે પૂજ્ય! આપે પ્રથમ અમોને કેમ ન કહ્યું? અમો ગુરુ પુત્રની સેવા કરત.

ગુરુએ કહ્યું કે તેમાં તમારો દોષ નથી પણ તે શિષ્ય સાધુઓની સેવા કરે, તેથી તેને સૂત્ર ભણવાની સાથે વૈયાવચ્ચનો પણ મહાન લાભ થાય, પણ જો મેં કહ્યું હોત તો તમો તેની પાસે સેવા કરાવત નહિ. તો તેને વૈયાવચ્ચનો લાભ મલત નહિ, આ દશ વૈકાલિક સૂત્ર તેના છ માસના અલ્પ આયુષ્ય માટે મેં ઉદ્ધર્યું છે, તે વખતે સંઘે જાણ્યું. અને ભવિષ્યમાં પડતા કાળમાં ઘણા જીવોને આ ટુંકામાં મહાન સારવાળું સૂત્ર લાભકારક થશે, એથી તે કાયમ રહેવા દો. એવી સંઘે ગુરુને પ્રાર્થના કરી. (અને ત્યારથી આચારાંગ સૂત્રના પહેલા અધ્યયનને બદલે તેની વાંચના શરૂ થઈ.)

આ પ્રમાણે સૂત્ર અનુગમ કહ્યો, અને નયોનું વર્ણન પૂર્વે કહ્યું છે. દશ વૈકાલિકની પાછલી ટીકા પહેલાં અધ્યયનના છેવટમાં આવી ગઈ છે, માટે સ્થાન શૂન્ય ન રહે, તેથી ટૂંકાણમાં કહે છે, જ્ઞાનવાદી અને ક્રિયાવાદી એ બંને પોત પોતાનું એકાન્ત સ્થાપે છે, જ્ઞાનવાદી કહે છે, કે જ્ઞાન જ હિત અહિતની ઓળખાણ કરાવી મોક્ષે પહોંચાડે છે, ક્રિયાવાદી પોતાનું સ્થાપે છે કે જ્ઞાનથી કંઈ થવાનું નથી પણ ક્રિયા એટલે સામાયિકથી લઈ યથાખ્યાતચારિત્ર છે તેને આરાધનારો મોક્ષ પ્રાપ્તિ કરે છે. જિનેશ્વરના મત પ્રમાણે જ્ઞાન અને ચારિત્ર મળવાથી જ કાર્ય સિદ્ધિ છે. બહુ નયો એટલે અભિપ્રાયોનું છેવટ તત્ત્વ એ છે કે સાધુએ સમ્યગ્જ્ઞાન ભણવા સાથે ચારિત્રની નિત્ય આરાધના કરવી.

આ પ્રમાણે દશવૈકાલિક સૂત્રની બીજી ચૂડા સમાપ્ત થઈ હરિભદ્ર સૂરિકૃત ટીકા સમાપ્ત થઈ અને દશ વૈકાલિક સૂત્ર સમાપ્ત થયું.॥૩૭૧॥

**॥ श्री ॐ शांति शांति शांतिः ॥**

અનુગમ કહ્યો હવે નયો તે નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત આમ સાત ભેદે છે. આ નયોનું સ્વરૂપ આવશ્યકના સામાયિક અધ્યયનમાં બતાવેલ છે. માટે અહીં વિસ્તાર કરતા નથી. અહીં સ્થાન શૂન્ય ન રહે તે માટે જ્ઞાન તપ અને ક્રિયા નયના ભાવ દ્વાર વડે સંક્ષેપથી કહે છે. ત્યાં જ્ઞાન નય કહે છે. કે જ્ઞાન જ આલોક અને પરલોકના ફળનું કારણ યુક્તિએ કરીને યોગ્ય છે. તે બતાવે છે.

**णायंमि गिण्हियव्वे अगिण्हियव्वंमि चेव अत्थंमि । जइयव्वमेव इइ जो उवएसो सो नओ नाम**

**ટીકા નો અર્થ** – સારી રીતે જાણ્યા પછી એટલે આ સ્વીકારવું, આ છોડવું એ બન્નેનું ભેગું રહેલું ઉપેક્ષણીય પણ સાથે જણાય છે. આમાં એમ સમજવું કે જાણ્યા પછી જ આ લેવું કે ન લેવું કે ઉપેક્ષા કરવી તે જાણીતામાં થાય, પણ અજાણ્યામાં કેવી રીતે થાય? આ લોકમાં લેવા યોગ્ય ફૂલની માળા, ચંદન, સ્ત્રી વિગેરે છે અને ન લેવા યોગ્ય ઝેર, શસ્ત્રનો ઘા, કાંટા વિગેરે; અને ઉપેક્ષા કરવા યોગ્ય ઘાસ, ધૂળ વિગેરે. અને પરલોક સંબંધી સમ્યગ્દર્શન વિગેરે લેવા યોગ્ય છે. તથા મિથ્યાત્વ વિગેરે ત્યજવા યોગ્ય છે અને વિવક્ષા વડે અભ્યુદય વિગેરે ઉપેક્ષા કરવા યોગ્ય છે. આ અર્થમાં યત્ન કરવો. એટલે આ અનુક્રમે આલોક પરલોકના ફળના ઈચ્છુક જીવે યત્ન કરવો. તે અજાણ્યામાં વર્તતાં ફળ સિદ્ધિ થતી નથી. એજ પ્રમાણે બીજાઓ પણ કહે છે કે

**विज्ञप्तिः फलदा पुंसां, न क्रिया फलदा मता । मिथ्याज्ञानात्प्रवृत्तस्य, फलप्राप्तेरसंभवात् ॥१॥**

'જ્ઞાન તેજ પુરુષોને ફલ દેનાર છે, પણ ક્રિયા ફલવાળી નથી. મિથ્યા અને અજ્ઞાનથી પ્રવર્તેલાને ફળ પ્રાપ્તિનો અસંભવ છે.' તેથી પરલોકના ફળ ઇચ્છનારે જાણીતામાં જ પ્રવર્તન કરવું. જૈન સિદ્ધાંત પણ તેમજ કહે છે–

**पढमं नाणं तओ दया, एवं चिट्ठइ सव्वसंजए । अण्णाणी किं काही,? किंवा णाहीइ छेअपावगं ॥१॥**

પહેલું જ્ઞાન અને પછી દયા. આ બધા સાધુઓને આશ્રયીને છે. બિચારો અજ્ઞાની શું કરશે? અથવા પુન્ય પાપને કેવી રીતે જાણશે? વિગેરે છે અને તેથી જ એમ સ્વીકારવું કે જ્ઞાન એ મુખ્ય છે. જે જ્ઞાન વડે તીર્થંકર ગણધરોએ ફક્ત અગીતાર્થને વિહારાદિક ક્રિયાનો પણ નિષેધ કર્યો છે. આગળ કહે છે કે–

**गीअत्थो अ विहारो बिइओ गीअत्थमीसिओ भणिओ । एत्तो तइअविहारो नाणुण्णाओ जिणवरेहिं ॥१॥**

ગીતાર્થનો વિહાર હોય અથવા ગીતાર્થ સાથે વિહાર હોય તે સિવાય ત્રીજો વિહાર જિનેશ્વરે કહ્યો નથી. એમ અભિપ્રાય છે કે આંધળા પાછળ આંધળો જાય તો સીધે રસ્તે ન જાય તેમ પ્રથમ ક્ષય ઉપશમિક જ્ઞાન બતાવ્યું. ક્ષાયિકને આશ્રયીને પણ તેનું જ વિશિષ્ટ ફળ સાધનપણું જાણવું. વળી જિનેશ્વરને પણ સંસાર સમુદ્રને કિનારે આવ્યા છતાં દીક્ષા ગ્રહણ કરીને ઉત્કૃષ્ટ તપચરણ કરે તો પણ જ્યાં સુધી જીવ અજીવનું સંપૂર્ણ વસ્તુનું સ્વરૂપ બતાવનાર કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી મોક્ષ પ્રાપ્તિ નથી. માટે આલોક પરલોકમાં જ્ઞાન જ ફળનું કારણ છે. આ જે ઉપદેશ અપાય તે નય જાણવો. આ ન્યાય વડે જ્ઞાનનું પ્રધાનપણું બતાવી જ્ઞાનવાદી જ્ઞાનનય સિદ્ધ કરે છે. આ જ્ઞાન વચન ક્રિયા રૂપે આ અધ્યયનમાં જ્ઞાન રૂપ તેજ લેવું આ ઇચ્છે છે કે આનું જ્ઞાન સ્વરૂપ જ છે તેથી અને વચન ક્રિયા તો તેના કાર્ય પણે તેને અધીન હોવાથી તે ઇચ્છતો નથી. ગુણ ભૂતમાં તે ઇચ્છે છે. આ જ્ઞાનવાદી ક્રિયાને સાધારણ માનીને તે ઉડાવવા ઇચ્છે છે. હવે ક્રિયાનય બતાવે છે. હવે ક્રિયાવાદી કહે છે કે ક્રિયા જ પ્રધાન છે. આલોક પરલોકના હિત માટે યુક્તિઓ કરીને તેજ યુક્ત છે. આ લક્ષણવાળી ગાથાને જ પોતાના પક્ષની સિદ્ધિ માટે કહે છે.

**णायम्मि गिण्हियव्वे अगिण्हियव्वं चेव अत्थंमि । जइयव्वमेव ईइं उवएसो सो नओ नाम ॥**

ક્રિયા નય દર્શન અનુસારે વ્યાખ્યા એટલે જણાયેલી વાતમાં લેવા છોડવા યોગ્ય વસ્તુમાં આલોક પરલોકના હિત માટે વર્તવું એ જ શ્રેયસ્કર છે. કારણ કે પ્રવૃત્તિ કર્યા વિના એકલા જ્ઞાનીને ફળ સિદ્ધિ દેખાતી નથી.

તેમ અન્યો એ કહ્યું છે કે-

**क्रियैव फलदा पुंसां, न ज्ञानं फलदं मतम् । यतः स्त्रीभक्ष्यभोगज्ञो, न ज्ञानात्सुखितो भवेत् ॥१॥**

ક્રિયા જ માણસોને હિતકારી છે, પણ જ્ઞાન નહિ, કારણ કે સ્ત્રી, ભોજન અને ભોગનો જાણનારો એકલા જ્ઞાનથી સુખી થતો નથી. તથા મોક્ષ ફળના અર્થીએ ક્રિયા જ કરવી અને સિદ્ધાંત પણ એમ જ કહે છે કે-

**चेइअकुलगणसंघे आयरिआणं च पवयणसुए अ । सव्वेसुवि तेण कयं, तव संजममुज्जमंतेणं ॥१॥**

ચૈત્ય, કુલ, ગણ, સંઘ, આચાર્ય, પ્રવચન, સૂત્ર બધાંને પણ તે તપને સંયમ કરનારે કર્યું. તેથી આ પણ માની લો, કે તીર્થંકર ગણધરોએ ક્રિયા રહિત પુરુષોનું જ્ઞાન નકામું કહ્યું છે. જેમ કે સિદ્ધાંત કહે છે કે-

**सुबहुंपि सुअमहीअं किं काही चरणविप्पमुक्कस्स ? अंधस्स जह पलित्ता दीवसयसहस्स कोडीवि ॥१॥**

ઘણુંએ શ્રુત ભણ્યો પણ ચારિત્ર રહિતને શું લાભ? જેમ આંધળાને હજારો દીવા કર્યા હોય તો શું ફાયદો? એટલે કે જોયા વિના હજારો દીવા નકામા છે. અહીં તે એમ જ સિદ્ધ કરે છે કે બધું ક્રિયામાં જ છે. આ તો ઉપશમ ચારિત્ર આશ્રયીને કહ્યું. અહીં ક્રિયા તે ચારિત્ર લેવું. તે ક્ષાયિક ને આશ્રયી પણ તેનું જ ઉત્તમ ફળનું સાધકપણું જાણવું. જેથી અરિહંત ભગવાનને પણ કેવળજ્ઞાન થયા પછી પણ બધા કર્મનો નાશ કરનાર પાંચ હ્રસ્વ અક્ષર ઉચ્ચારણ માત્ર કાલની સર્વ સંવર રૂપ ક્રિયા તે ચારિત્ર ક્રિયા જ્યાં સુધી તેને ન મળે ત્યાં સુધી મોક્ષ નથી. તેથી આ લોક પરલોકના હિત માટે ક્રિયા મુખ્ય થઈ. આ ક્રિયાવાદીનો ઉપદેશ છે. તે નય બતાવ્યો એટલે આ નય વાળો જ્ઞાન વચન ક્રિયારૂપ અધ્યયનમાં ક્રિયાને જ ઇચ્છે. કારણ કે તેનું સ્વરૂપ તેવું છે. પણ તે જ્ઞાન વચનને ગૌણ માની ઇચ્છતો નથી. એટલે ઉપાદેય માનને ન ઇચ્છતાં ગુણ ભૂતને ઇચ્છે છે. અહિં આ બે નયની યુક્તિઓ વડે શિષ્યને શંકા થાય કે આમાં બન્નેમાં યુક્તિઓ છે તો સાચું શું? આચાર્યનો ઉત્તર-'જ્ઞાન ક્રિયા નય જુદા બતાવી હવે પોતાનો પક્ષ બતાવે છે.'

**सव्वेसिंपि नयाणं बहुविहवत्तव्वयं निसामेत्ता । तं सव्वनय विसुद्धं जं चरणगुणट्ठिओ साहू**

મૂળ નય તથા તેના ભેદો દ્રવ્યાસ્તિક વિગેરે તે સામાન્ય વિશેષ સાથે અપેક્ષા રહિત બન્ને વર્ણન કરાય; અથવા નામાદિનય-કોણ શું યોગ્ય વસ્તુ ઇચ્છે છે તે સાંભળીને સર્વ નયથી સંમત એવું વચન ચારિત્ર ગુણમાં રહેલો સાધુ તે બધા નયોને અપેક્ષા પૂર્વક ભાવ વિષય રૂપ નિક્ષેપાને ઇચ્છે છે. (અર્થાત્ જ્ઞાન અને ક્રિયા એ બન્ને સાથે આરાધવા યોગ્ય છે.)

શ્રી વર્ધમાન સ્વામીને નમસ્કાર કરીને ચૂડા અધ્યયનની વ્યાખ્યા કરી એ રીતે દશ વૈકાલિકની ટીકા પૂર્ણ થઈ. દશ વૈકાલિક નિર્યુક્તિ ટીકા ચૂલિકા સહિત પૂર્ણ થયું. યાકિની મહત્તરાના ધર્મપુત્ર ભગવાન શ્રી આચાર્ય હરિભદ્ર સૂરીશ્વરજી કૃત શિષ્ય બોધિની આ ટીકા બનાવી. આ ટીકા કરવા દ્વારા જે પુણ્ય ઉપાર્જન કર્યું તેથી માત્સર્ય દુઃખના વિરહરૂપી ગુણવાળું આ જગત બને એમ આચાર્યશ્રીએ ભાવ વ્યક્ત કર્યા છે.

## परिशिष्ट - १

## दसकालियसुत्तगाहाणुक्कमो


| सुत्तगाहा | गाहंको |
|---|---|
| अंग-पच्चंग-संठाणं | ८-५८ |
| अंतलिक्खे त्ति णं बूया | ७-५३ |
| अईयम्मि य कालम्मि जमट्ठं | ७-८ |
| अईयम्मि य कालम्मि जत्थ | ७-९ |
| अईयम्मि य कालम्मि निस्सं | ७-१० |
| अकाले चरसि भिक्खू! | ५-२-५ |
| अगुत्ती बंभचेरस्स | ६-५८ |
| अग्गलं फलिहं दारं | ५-२-९ |
| अजयं आसमाणो | ४-३ |
| अजयं चरमाणो | ४-१ |
| अजयं चिट्ठमाणो | ४-२ |
| अजयं भासमाणो | ४-६ |
આપણી પાસે દરરોજ યાચકોને સંપૂર્ણ ભોજન દાન કરવાની શક્તિ નથી તો પણ મારે કેટલાક યાચકોને (સાધુઓને) ભિક્ષા આપવી જોઈએ. આપ્યા વગર આ ભવમાં કે પરભવમાં સ્વર્ગ વગેરેમાં સુખાદિ ભોગવી શકતા નથી. તેથી આપ્યા પછી જ ભોગવવું જોઈએ. દાતાને પુણ્ય કર્યા વગર સ્વર્ગ ગમન વગેરે પ્રાપ્ત થતા નથી. કરેલ પુણ્ય જ ફલદાન કરવા સમર્થ હોય છે, માટે પુણ્ય ઉપાર્જન બુદ્ધિથી ગૃહસ્થ જ્યારે દરરોજ જેટલા પ્રમાણમાં ભોજન રાંધે તેટલાં પ્રમાણમાં જ ભોજન રાંધતી વખતે (સાધુ) ભિક્ષુક કે ગૃહસ્થ કોઈપણ આવશે, તો તેને ભિક્ષા દાન માટે આટલું અને પોતાના માટે આટલું–એવા વિભાગ વગર વધારે પૌંઆ વગેરે રાંધે ત્યારે ઓઘ ઔદેશિક થાય છે.

(૨) વિભાગૌદેશિક – તે ત્રણ પ્રકારે છે, ૧. ઉદ્દિષ્ટ, ૨. કૃત, ૩. કર્મ.

૧. જે અશનાદિક પોતાના માટે જ રાંધ્યું હોય, તેમાંથી (સાધુઓને)ભિક્ષાચરોના દાન માટે જુદુ રાખે, તે ઉદ્દિષ્ટ.

૨. જે વધેલા ભાત–શાલિ વગેરેનો ભિક્ષા દાન માટે જ કરંબા વગેરે રૂપે કરે, તે કૃત.

૩. વિવાહ વગેરે પ્રસંગે વધેલા લાડવા વગેરેના ભૂકાને (સાધુઓને) ભિક્ષાચરોને આપવા માટે ગોળ વગેરેના પાક દ્વારા ફરી લાડવા વગેરે રૂપે કરે, તે કર્મ કહેવાય. આ ત્રણેના ફરી ચાર ચાર ભેદ છે.

ઉદ્દેશ, સમુદ્દેશ, આદેશ, સમાદેશ.

(૧) તેમાં જે ઉદ્દિષ્ટ, કૃત કે કર્મ વિભાગૌદેશિક ઉદ્દેશ ત્યારે કહેવાય કે જ્યારે આ પ્રમાણે સંકલ્પ કરે કે કોઈપણ (સાધુઓ) ભિક્ષાચરો, પાખંડીઓ કે ગૃહસ્થો આવશે તો તે બધાને મારે આપવું ત્યારે ઉદ્દેશ કહેવાય.

(૨) જ્યારે પાખંડીઓને આપવું આવો નિશ્ચય કરે – તો તે સમુદ્દેશ કહેવાય.

(૩) જ્યારે શ્રમણો એટલે બૌદ્ધ શાક્ય વગેરેને આપીશ – એવું વિચારે ત્યારે આદેશ કહેવાય.

(૪) નિર્ગ્રંથ જૈન સાધુને જ આપીશ એવું વિચારે – તે સમાદેશ કહેવાય છે.

આ વાત નવી નથી પણ ઋષિમુનિઓની છે. પિંડનિર્યુક્તિમાં કહ્યું છે કે, જે કોઈપણ આવે તેને આપવું, તે ઉદ્દેશ, પાખંડીઓ માટે કરે, તે સમુદ્દેશ, શ્રમણોને માટે કરે, તે આદેશ અને નિર્ગ્રંથો માટે કરે, તે સમાદેશ થાય છે.

આ પ્રમાણે વિભાગૌદેશિકનાં બાર પ્રકાર થયા.

*પ્રશ્ન : આધાકર્મ અને કર્મ–ઔદેશિકમાં પરસ્પર શું તફાવત છે ?*

*ઉત્તર : જે આધાકર્મ છે, તે પહેલેથી જ સાધુ માટે જ બનાવ્યું હોય છે અને કર્મ ઔદેશિક પહેલા તો પોતાના માટે રાંધ્યું હોય, પણ પછી ઘણા પાકના સંસ્કાર કરવાપૂર્વક બનાવે, તે કર્મ ઔદેશિક છે.*

૩. **પૂતિ કર્મ :** ઉદ્ગમ વગેરે દોષો રહિત પવિત્ર એવા ભોજન વગેરેને અવિશુદ્ધ કોટીવાળા ભોજનના અવયવ સાથે મેળવી અપવિત્ર કરવું. પવિત્ર ભોજનને જે અશુદ્ધ ભોજન દ્વારા કર્મ કરવું તે પૂતિકર્મ. તેના યોગથી ભોજન વગેરે પણ પૂતિકર્મ કહેવાય.

આનો ભાવાર્થ આ રીતે છે. જેમ સુગંધી મનોહર વગેરે ગુણોથી વિશિષ્ટ શાલિ વગેરેના ભોજનને સડેલા, ગંધાતા, અપવિત્ર વગેરે દ્રવ્યના એક નાના અંશ દ્વારા પણ તે વિશિષ્ટ ભોજન અપવિત્ર થાય છે અને વિશિષ્ટ લોકોને ત્યાજ્ય થાય છે. તેવી રીતે નિરતિચાર ચારિત્રવાળા સાધુના નિરતિચાર ચારિત્રને સાતિચાર રૂપે અપવિત્ર કરવાના કારણે અવિશુદ્ધ કોટી દ્રવ્યના સંપર્ક માત્રથી સ્વરૂપથી શુદ્ધ આહાર પણ વાપરતાં ભાવપૂર્તિનું કારણ હોવાથી પૂતિકર્મ થાય છે. આધાકર્મ વિગેરે અવયવના લેશમાત્રથી પણ ખરડાયેલ થાળી–ચમચો–વાટકી વિગેરે

પૂતિરૂપ હોવાથી છોડી દેવી. અર્થાત્ શુદ્ધ આહારમાં આધાકર્માદિ આહારનું મિશ્રણ તે પૂતિકર્મ.

**૪. મિશ્રજાત :** કુટુંબનો વિચાર તથા સાધુનો વિચાર કરી બન્ને ભાવ મેળવી જે રસોઈ વિગેરે રાંધી હોય, તે મિશ્રજાત. તે ત્રણ પ્રકારે છે.

૧. યાવદર્થિક, ૨. પાંખંડીમિશ્ર, ૩. સાધુમિશ્ર.

૧. દુષ્કાળ વિગેરેના ટાઈમે ઘણા ભિક્ષુકોને જોઈ તેની દયાની બુદ્ધિથી જે કોઈ ગૃહસ્થો કે ભિક્ષાચરો આવશે, તેઓને આપવા માટે તથા કુટુંબને ખાવા માટેની બુદ્ધિથી સામાન્યરૂપ ભિક્ષુક યોગ્ય અને કુટુંબ યોગ્ય ભેગું કરી જે રાંધે, તે યાવદર્થિકમિશ્રજાત.

૨. જે ફક્ત પાખંડી માટે અને પોતાના માટે જ રાંધે, તે પાખંડીમિશ્રજાત.

૩. જે ફક્ત (નિર્ગ્રંથ) સાધુ અને પોતાના માટે ભેગું રાંધે, તે સાધુમિશ્રજાત. શ્રમણોને પાખંડીઓમાં ગણેલા હોવાથી જુદા લીધા નથી.

**૫. સ્થાપના :** સાધુ માટે કેટલાક વખત સુધી જે વસ્તુ રાખી મૂકાય, તે સ્થાપના. અથવા આ વસ્તુ સાધુને આપવાની છે–એવી બુદ્ધિથી કેટલાક વખત રાખવું તે સ્થાપના. તે સ્થાપના સંબંધથી આપવા યોગ્ય પદાર્થ પણ સ્થાપના કહેવાય છે. તે સ્થાપના ચૂલા–થાળી વિગેરે માં સ્વસ્થાન કહેવાય છે. અને શિકા છાબડી વિગેરેમાં પરસ્થાન કહેવાય છે. તથા ચિરકાલીન અને અલ્પકાલીન જે સાધુદાન નિમિત્તે અશનાદિને રાખવું, તે સ્થાપના એ ભાવ છે.

**૬. પ્રાભૃતિકા :** કોઈક ઈષ્ટ વ્યક્તિને કે પૂજ્યને બહુમાનપૂર્વક જે ઇચ્છિત વસ્તુ અપાય તે પ્રાભૃત એટલે ભેટ કહેવાય છે. તે ભેટની જેમ સાધુઓને પણ આપવા લાયક ભિક્ષા વગેરે જે વસ્તુ અપાય તે જ [૧]પ્રાભૃતિકા.

તે બે પ્રકારે છે. ૧. મોટા આરંભવાળી તે બાદર અને સ્થૂલ અને ૨. અલ્પારંભવાળી તે સૂક્ષ્મ. તે બેને પણ ૧. ઉત્ષ્વષ્કણ અને અવષ્વષ્કણ એમ બે પ્રકારે છે.

ઉત્ષ્વષ્કણ એટલે પોતાને કરવા યોગ્ય પ્રવૃત્તિને જે કાળ હોય, તેને કરવાના કાળ પછી કરવી એટલે કામકાજનો સમય મોડો કરવો.

અવષ્વષ્કણ એટલે પોતાને કરવાની પ્રવૃત્તિ હોય, તેને તેના સમય પહેલા કરવી તે.

**બાદર ઉત્ષ્વાષ્કણ પ્રાભૃતિકા પર દૃષ્ટાંત :**

જેમ કોઈક નગરમાં કોઈક શ્રાવકે પોતાના સંતાનના વિવાહ કરવાનો વિચાર કર્યો. જોષીએ સારૂં મુહૂર્ત પણ આપ્યું. પણ તે વખતે બીજી તરફ વિચારતાં ગુરુ, તે ગામમાં હતા નહિ. તેથી શ્રાવકે વિચાર્યું કે લગ્નના રસોડામાં અનેક અશન, ખાદ્ય વગેરે મનોરમ ખાવા યોગ્ય ચીજો બનશે. તે ખાદ્ય ચીજો સાધુના ઉપયોગમાં આવશે નહિ. માટે થોડા દિવસ પછી ગુરુ મહારાજ વિહાર કરતાં કરતાં અહીં આવશે તેમ સંભળાય છે. તો તે વખતે જ મારે લગ્ન રાખવા જોઈએ. જેથી સાધુઓને અશન વગેરે ઘણું ઘણું આપી શકું. જો સુપાત્રમાં અપાય તો અશન વગેરે સાર્થક છે. આ પ્રમાણે કરવાથી મહાપૂણ્યનો લાભ થાય. મોટું કલ્યાણ પ્રાપ્ત થાય. આ રીતે વિચારીને નિર્ધારિત લગ્નને ગુરુને આવવાના સમયે કરે. આ પ્રમાણે વિવાહના દિવસને પાછો ઠેલીને, જે ભોજન વગેરે પકાવાય તે બાદર ઉત્ષ્વષ્કણ પ્રાભૃતિકા કહેવાય છે.

૧ 'પ્ર' એટલે પ્રકર્ષથી એટલે સારી રીતે. 'આ' એટલે સાધુદાનની મર્યાદાપૂર્વક. 'ભૃતિ' એટલે બનાવે, 'ઘકા' એટલે ભિક્ષા, તે પ્રાભૃતા. પછી સ્વાર્થિક 'ક' પ્રત્યય લાગવાથી પ્રાભૃતિકા થયું.

**બાદર અવષ્વષ્કણપ્રાભૃતિકા પર દૃષ્ટાંત :**

કોઈક શ્રાવકે પોતાના પુત્ર વિગેરેના વિવાહનો દિવસ નક્કી કર્યો હોય, તેમાં વિવાહના દિવસ પહેલાં જ સાધુઓ વિહાર કરતાં ત્યાં આવી પહોંચે ત્યારે વિચારે કે, 'આ સાધુઓને મારે વિશિષ્ટ અને ઘણું ભોજન પાન વગેરે પુણ્ય માટે આપવું છે. તે મોટે ભાગે વિવાહ વગેરે મોટા પ્રસંગે ભોજન ઘણું થાય છે. મારા પુત્ર વગેરેનો વિવાહ જ્યારે આવશે, ત્યારે સાધુઓ બીજે વિહાર કરી જશે, તો લાભ નહિ મળે. એમ વિચારી સાધુઓ રોકાયા હોય, તે વખતમાં જ બીજુ મુહૂર્ત નક્કી કરી લગ્ન કરે. અહીં લગ્ન મુહૂર્તનો દિવસ જે થોડા વખત પછીનો હતો, તેને અવષ્કણ કરીને એટલે નજીક કરીને જે ભોજન વગેરે પકાવાય તે બાદરઅવષ્વષ્કણપ્રાભૃતિકા છે.

**સૂક્ષ્મઉત્ષ્વષ્કણપ્રાભૃતિકા પર દૃષ્ટાંત :**

કોઈક બાઈ સૂતર કાંતતી હતી. તે વખતે રડતાં બાળકે ભોજન માંગ્યું કે, હે! મા! મને ખાવાનું આપ. તે વખતે નજીકના ઘરોમાં બે સાધુને ગોચરી માટે આવેલા જોયા. ત્યારે સુતર કાંતવાના લોભથી રડતા અને બૂમ મારતા છોકરાને કહ્યું કે, બેટા તું રડ નહિ, રાડ ન પાડ. આપણા ઘરે સાધુઓ ફરતા ફરતા આવશે, ત્યારે ગોચરી વહોરાવવા ઉભી થઈશ, ત્યારે તને પણ તે વખતે જ ખાવાનું આપીશ. પછી બે સાધુ આવ્યા, ત્યારે વહોરાવવા ઉભી થઈ, તે વખતે સાધુને ગોચરી વહોરાવી અને બાળકને ભોજન આપ્યું. અહીં બાળકે જે વખતે ભોજન માંગ્યું, તે વખતે તે પુત્રને ભોજન આપવું ઉચિત હતું, તે ભવિષ્યમાં સાધુના દાન વખતે જ કરવું તે ઉત્ષ્વષ્કણ. આ સૂક્ષ્મઉત્ષ્વષ્કણ પ્રાભૃતિકા છે.

**સૂક્ષ્મ અવષ્વષ્કણપ્રાભૃતિકા પર દૃષ્ટાંત :**

કોઈ ગૃહસ્થ બાઈ સૂતર કાંતતી હતી. તે વખતે બાળકે ભોજન માંગ્યું. તો તેને કહ્યું કે, એક પૂણી કાંતી લઉં પછી તને ભોજન આપીશ. એટલામાં સાધુ આવ્યા. તેમને વહોરાવવા માટે ઉભી થઈ. તે વખતે બાળકને ભોજન આપ્યું. અહીં રૂની પૂણી કાંત્યા પછી બાળકને ભોજન આપવાનું નક્કી કરેલ, તે સાધુ નિમિત્તે વહેલા ઉઠીને બાળકને ભોજન આપવું, તે સૂક્ષ્મઅવષ્વષ્કણપ્રાભૃતિકા છે. આ પ્રાભૃતિકા, સાધુ માટે ઉઠેલ અને બાળકને ભોજન આપ્યા પછી હાથ વગેરે ધોવા દ્વારા અપ્કાય વગેરેની વિરાધનાનું કારણ હોવાથી અકલ્પ્ય છે.

**૭. પ્રાદુષ્કરણ :** સાધુને આપવા માટે યોગ્ય વસ્તુને દીવો, અગ્નિ કે મણિ વગેરે મૂકીને કે ભીંત વગેરે દૂર કરીને કે બહાર કાઢીને કે રાખીને પ્રગટ કરવી તે પ્રાદુષ્કરણ. તે પ્રાદુષ્કરણ સંબંધથી તે દેવા યોગ્ય ચીજ પણ પ્રાદુષ્કરણ કહેવાય.

જેને પ્રગટ કરાય તે પ્રાદુષ્કરણ. તે બે પ્રકારે છે. પ્રકાશ કરવા વડે અને પ્રગટ કરવા વડે.

કોઈક સાધુ પ્રત્યેની ભક્તિવાળો શ્રાવક, હમેશાં સુપાત્ર દાનથી પવિત્ર કરેલ પોતાના હાથવાળો, તે કંઈક અલ્પ વિવેકના કારણે પોતાના અંધારીયા ઘરમાં રહેલ – સાધુને આપવા યોગ્ય – પદાર્થ દેખાતા ન હોવાથી સાધુને ખપે નહિ – એમ વિચારી, તે પદાર્થને પ્રકાશમાં લવવા માટે તેજસ્વી મણિ ત્યાં મૂકે અથવા દીવો કે અગ્નિ પેટાવે, લાઈટ કરે અથવા ઝરૂખા કરે, નાનું બારણું મોટું કરે, ભીંતમાં બારી વગેરે મૂકાવે. આ પ્રમાણે દેવા યોગ્ય વસ્તુ જે જગ્યાએ રહી હોય તેને પ્રકાશિત કરવી તે પ્રકાશકરણ. (ગૃહસ્થે પોતાના માટે બારીબારણાં મૂકાવેલ હોય તો સાધુને દોષ ન લાગે.)

ઘરમાં ચૂલા વગેરે ઉપર પોતાના ઘર માટે રાંધેલ ભાત વગેરેને અંધારામાંથી લઈને બહારના ચૂલાના ભાગે કે ચૂલા સિવાયના બીજા કોઈ પણ ઉજાસવાળા સ્થાને સાધુને વહોરાવવા માટે રાખવું, તે પ્રકટકરણ. આ બંને

પ્રકારના પ્રાદુષ્કરણ છજીવનિકાયની વિરાધના વગેરે દોષનું કારણ હોવાથી સાધુએ છોડી દેવા.

૮. **ક્રીત દોષ :** સાધુ માટે મૂલ્ય વગેરે દ્વારા જે ખરીદ્યું હોય તે ક્રીત. તે ક્રીત ચાર પ્રકારે છે. ૧. આત્મદ્રવ્યક્રીત, ૨.આત્મભાવક્રીત, ૩.પરદ્રવ્યક્રીત, ૪. પરભાવક્રીત.

**(૧) આત્મદ્રવ્યક્રીત** - પોતાના જ દ્રવ્ય એટલે ઉજ્જયંત વગેરે તીર્થોની શેષ વગેરે, રૂપ પરાવર્તન વગેરે કરનારી ગુટીકા, સૌભાગ્ય વગેરે કરનારી રાખડી વગેરે આપવા દ્વારા બીજાને આકર્ષી ભોજન વગેરે લે, તે આત્મદ્રવ્યક્રીત છે. આમાં ઉજ્જયંત વગેરે તીર્થોની શેષ વગેરે આપ્યા પછી નસીબ યોગે તે ગૃહસ્થને અચાનક તાવ વગેરે આવવાથી બિમાર પડે, તો વિચારે કે બોલે કે 'આ સાધુએ નિરોગી એવા મને માંદો પાડ્યો' આથી શાસનઅપભ્રાજના થાય. આ વાત રાજા વગેરે જાણે તો પકડે કે મારે વગેરે કરે. હવે જો પહેલા રોગી હોય અને શેષ વગેરે આપવા દ્વારા નિરોગી થાય, તો આ સાધુઓ ચાટુકારી છે – એ પ્રમાણે સાધુનો લોકમાં ઉડ્ડાહ થાય તથા **નિર્માલ્ય વગેરે આપવાથી સારા શરીરવાળો થઈ ઘરના વેપાર વગેરે કાર્યો દ્વારા છ જીવનિકાયનો વિરાધક થવાથી કર્મ બંધન વિગેરે દોષો થાય.** (રાખડી, દોરા-ધાગા વિગેરે કરી ભક્તો બનાવી એમને શારીરિક-માનસિક સ્વસ્થતા અપાવનારાઓ કેવા કર્મ બાંધતા હશે એ એમણે વિચારવું.)

**(૨) આત્મભાવક્રીત :** પોતે જાતે ભોજન વગેરે માટે ધર્મકથક, વાદી, તપસ્વી, આતાપના કરના તથા કવિ વગેરે ધર્મકથાદિ કરવા દ્વારા લોકોને આકર્ષી તેમની પાસે જે અશનાદિ ગ્રહણ કરે, તે આત્મભાવક્રીત છે. **અહીં પોતાના નિર્મલ અનુષ્ઠાન નિષ્ફલ કરવા વગેરે દોષો થાય છે.**

**(૩) પરદ્રવ્યક્રીત :** પર એટલે ગૃહસ્થે સાધુ નિમિત્તે સચિત્ત, અચિત્ત તથા મિશ્ર દ્રવ્યથી અશનાદિને ખરીદી, સાધુને વહોરાવે તે પરદ્રવ્યક્રીત. આમાં છજીવનિકાયની વિરાધના વગેરે દોષો સમજાય એવા છે.

**(૪) પરભાવક્રીત :** પર એટલે મંખ વગેરે, સાધુ પરની ભક્તિનાં વશથી પોતાની કળા, વિજ્ઞાન વગેરે બતાવીને કે ધર્મકથા કરીને બીજાને આવર્જીને જે ગ્રહણ કર્યું હોય, તે પરભાવક્રીત. મંખ એટલે કેદારક કે જે પટ બતાવીને લોકોનું આકર્ષણ કરે.

ઉપરાંત નીચે પ્રમાણેના પરભાવક્રીતમાં ત્રણ દોષો પણ થાય છે.

૧. ક્રીત દોષ

૨. બીજાના ઘરેથી લાવેલા હોવાથી અભ્યાહૃત

૩. લાવી લાવીને સાધુ માટે એક જગ્યાએ ભેગું કરી રાખે માટે સ્થાપના દોષ.

૯. **પ્રામિત્ય :** 'તને ફરી ઘણું આપીશ' એમ કહી સાધુ માટે જે ઉછીનું લેવું, તે અપમિત્ય કે પ્રામિત્ય કહેવાય. અહીં જે ઉછીનું લેવાય, તે ઉપચારઅપમિત્ય કહેવાય, તે બે પ્રકારે છે. લૌકિક અને લોકોત્તર.

(૧) લૌકિકમાં ગૃહસ્થે બીજા પાસે ઉછીનું લઈને ઘી વગેરે સાધુને આપે એમાં દાસપણું, બેડી, બંધન વગેરેના દોષો છે.

(૨) લોકોત્તર વસ્ત્રાદિ વિષયક સાધુઓને પરસ્પર જાણવું. તે બે પ્રકારે છે.

(અ) કોઈનું વસ્ત્ર વગેરે કોઈ લઈ કહે કે, થોડા દિવસ વાપરી પાછું તમને આપીશ.

(બ) કોઈક વસ્ત્ર વગેરે લઈ એને કહે કે આટલા દિવસ પછી તને આવું જ બીજું વસ્ત્ર આપીશ.

તેમાં પહેલાં પ્રકારમાં શરીરાદિના મેલથી મેલું થાય કે ફાટી જાય કે ચોર વગેરે ચોરી જાય કે ખોવાઈ જાય

કે પડી જાય, તો તે વસ્ત્ર બાબતે ઝઘડા વગેરે થાય. આ દોષો થાય અને બીજા પ્રકારમાં માંગનારને દુષ્કર રુચિના કારણે સારું એવું વિશિષ્ટતર બીજું વસ્ત્રાદિ આપવા છતાં ઘણી મહેનતે તેને પ્રસન્ન કરી શકાય. તેથી ગમા–અણગમાના કારણે ઝઘડા વગેરે દોષો સંભવે છે.

**૧૦. પરિવર્તિત :** સાધુના નિમિત્તે જે પરાવર્તન એટલે અદલાબદલી કરવી તે. તેના લૌકિક અને લોકોત્તર એમ બે પ્રકાર છે. તે બંને પ્રકારના પણ બે–બે પ્રકાર છે.

(૧) તદ્દ્રવ્યવિષયક, (૨) અન્યદ્રવ્યવિષયક

તેમાં તદ્દ્રવ્ય વિષયક આ રીતે છે. જેમ કુથિત એટલે બગડેલું ઘી આપીને સાધુ માટે સુગંધી ઘી લે વગેરે.

અન્ય વિષયકમાં કોદરા, કૂર વગેરે આપીને શાલિ, ભાત વગેરે લે. આ લૌકિક છે.

લોકોત્તરમાં સાધુને – સાધુની સાથે વસ્ત્રાદિ પરાવર્તનનું સ્વરૂપ પણ બે પ્રકારે જાણી લેવું. આમાં જે દોષો છે તે આગળ પ્રમાણે જાણવા.

**૧૧. અભ્યાહત :** ગૃહસ્થે સાધુના નિમિત્તે બીજા સ્થાનેથી લાવેલ આહાર વગેરે તે અભ્યાહત. તે બે પ્રકારે છે. આચીર્ણ અને અનાચીર્ણ.

(૧) અનાચીર્ણ પ્રચ્છન્ન (૨) અનાચીર્ણ પ્રકટ – એમ બે પ્રકારે છે.

૧. જેમાં સાધુને અભ્યાહતરૂપે બિલકુલ ખબર ન હોય તે પ્રચ્છન્ન.

૨. જેમાં સાધુને ખબર હોય, તે પ્રગટ.

તે બન્ને પણ સ્વગામવિષયક અને પરગામવિષયક એમ બે પ્રકારે છે. જે ગામમાં સાધુ રહ્યા હોય, તે સ્વગામ અને બાકીના પરગામ.

**પ્રચ્છન્નસ્વગામવિષયક અભ્યાહત ઉપર દૃષ્ટાંત :**

કોઈક ભક્તિવાળી શ્રાવિકા સાધુને લાભ લેવા માટે સાધુને અભ્યાહતદોષની શંકા ન આવે એટલા માટે લહાણીના બહાને લાડુ વગેરે લઈ, સાધુ આગળ એમ કહે કે, હે ભગવંત! હું મારા ભાઈના ઘરે જમણમાં ગઈ હતી, ત્યાંથી મને આ બધું આપ્યું છે. અથવા હું મારા સગાને ત્યાં આ લહાણી મારા ઘરેથી આપવા ગઈ હતી, પણ કોઈક રીસના કારણે તે એમને ન લીધી, તે લઈ પાછી જતી હતી. વચ્ચે ઉપાશ્રય આવ્યો એટલે વંદન કરવા આવી છું. જો આપને ખપે એવું હોય, તો લાભ આપો. તે વખતે જે આપે તે પ્રચ્છન્ન સ્વગામવિષયક અભ્યાહત છે.

**પ્રચ્છન્નપરગામવિષયક અભ્યાહત ઉપર દૃષ્ટાંત :**

કોઈક ગામમાં ઘણા શ્રાવકો હોય અને તે બધા પરસ્પર કુટુંબી હોય, હવે કોઈક વખતે તેમને ત્યાં વિવાહ થયો. તે વિવાહ પૂરો થયો ત્યારે ઘણા લાડવા વગેરે વધ્યા. ત્યારે એમણે વિચાર્યું કે જો આ સાધુને વહોરાવીએ તો આપણને મોટું પુણ્ય થાય. કેટલાક સાધુઓ નજીકમાં છે, કેટલાક દૂર છે. વચ્ચે નદી છે માટે અપ્‌કાયની વિરાધનાના ભયથી આવશે નહીં અને આવેલા સાધુ પણ ઘણા લાડુ વગેરે જોઈને શુદ્ધ છે – એમ કહેવા છતાં પણ આધાકર્મની શંકાથી લેશે નહીં. તેથી જે ગામમાં સાધુઓ છે, ત્યાં છુપી રીતે લઈ જઈએ. એમ વિચારી ત્યાં લઈ ગયા. પછી ઘણાએ વિચાર્યું કે જો સાધુને બોલાવીને આપીશું તો તે અશુદ્ધની શંકા કરીને લેશે નહીં. માટે બ્રાહ્મણ વગેરેને પણ થોડું થોડું આપો. આ પ્રમાણે અપાતું સાધુઓ જોશે નહીં તો પણ તેમને અશુદ્ધની શંકા રહેશે માટે જ્યાં આગળથી સાધુ, ઠલ્લે વગેરે જતા આવતા નીકળેલા હોય અને જુએ ત્યાં આગળ બ્રાહ્મણ વગેરેને આપીએ, આમ

વિચારી કોઈક નક્કી જગ્યાએ બ્રાહ્મણ વગેરેને થોડું થોડું આપવા માંડે. તે વખતે ઠલ્લે વગેરે કામ માટે નીકળેલા કેટલાક સાધુઓને જોયા અને તેમને આમંત્રણ આપ્યું કે, હે સાધુઓ! આ અમારા વધેલા લાડુઓ ઘણા છે. જો તમને કંઈક ખપ હોય, તો લાભ આપો. સાધુઓ પણ શુદ્ધ જાણીને લે. આ પ્રચ્છન્ન પરગામવિષયકઅભ્યાહૃત છે. આ જો પરંપરાએ ખબર પડે તો પરઠવવું.

**પ્રગટસ્વગામવિષયકઅભ્યાહૃત ઉપર દૃષ્ટાંત :**

કોઈક સાધુ ભિક્ષા માટે ફરતા ફરતા કોઈ ઘરે ગયા. ત્યાં માનનીય સગાવહાલા વગેરેને જમણ વગેરે ચાલતું હોવાથી તે વખતે સાધુને વહોરાવી ન શક્યા હોય, વગેરે કારણોથી કોઈક શ્રાવિકા પોતાના ઘરેથી સાધુના ઉપાશ્રયે લાડુ વગેરે લાવી જે વહોરાવે, તે પ્રગટસ્વગામવિષયકઅભ્યાહૃત છે.

એ પ્રમાણે પરગામવિષયકપ્રગટઅનાચીર્ણ અભ્યાહૃત પણ જાણવું.

**આચીર્ણ અભ્યાહૃત :**

આચીર્ણ અભ્યાહૃત ક્ષેત્રવિષયક અને ગૃહવિષયક એમ બે પ્રકારે છે.

ક્ષેત્રવિષયક = ઉત્કૃષ્ટ મધ્યમ અને જઘન્ય એમ ત્રણ પ્રકારે છે.

કોઈક મોટા ઘરમાં ઘણા જમનારાઓની પંગત બેઠી હોય અને પંગતના એક છેડે સાધુઓ હોય અને બીજે છેડે અશનાદિ દેય ચીજો પડી હોય, ત્યાં સાધુ સંઘાટક સંઘટ્ટા વગેરેના ભયથી જઈ ન શકે, તો સો હાથ પ્રમાણના ક્ષેત્રમાંથી જે લાવ્યા હોય, તે ઉત્કૃષ્ટ આચીર્ણ ક્ષેત્રાભ્યાહૃત છે. સો હાથ ઉપરથી લાવેલ હોય તો તેનો નિષેધ છે.

મધ્યમક્ષેત્રાભ્યાહૃત – એક હાથના પરાવર્તનથી લઈ સો હાથમાં કંઈક ન્યૂન ક્ષેત્રમાંથી લાવે.

એક હાથનું પરાવર્તનવાળું જઘન્ય ક્ષેત્રાભ્યાહૃત છે,

કર પરાવર્તન એટલે કંઈક હાથ હલાવી શકાય તેટલું ક્ષેત્ર. જેમ કોઈક આપનાર વ્યક્તિ ઉભી રહીને અથવા બેસીને પોતે જાતે હાથમાં રાખેલ લાડુ, માંડા વગેરેને આપવા માટે હાથ લંબાવીને રહી હોય, આ પ્રકારે રહેલી તે સાધુના સંઘાટક ને જોઈ તેમને લાડુ દેખાડીને આમંત્રણ આપે ત્યારે તે સંઘાટક તેના હાથ નીચે પાત્ર રાખે ત્યારે તે બાઈ પોતાના હાથને હલાવ્યા વગર કંઈક મુઠ્ઠી ઢીલી કરે એટલે માંડો વગેરે પાત્રમાં પડે આ ક્ષેત્રવિષયક આચીર્ણ.

ગૃહવિષયક આચીર્ણ અભ્યાહૃત – આ પ્રમાણે થાય છે. એક લાઈનમાં ત્રણ ઘર રહેલા હોય, તેમાં જ્યારે સાધુ સંઘાટક ભિક્ષા લે, ત્યારે એક સાધુ ધર્મલાભ આપેલ ઘરે ભિક્ષા લે, તે ઘરમાં ભિક્ષા લેતા ઉપયોગ રાખે. પાછળ રહેલ બીજો સાધુ ધર્મલાભ આપેલ સિવાયના બે ઘરમાંથી લવાતી ભિક્ષામાં દાતાના હાથ વગેરેમાં ઉપયોગ રાખે. ત્રણ ઘરમાંથી લેવાયેલ અશનાદિક આચીર્ણ છે. ચાટ (સાધન વિશેષ વાસણ, બર્તન) વગેરેમાંથી હોય તો અનાચીર્ણ.

**૧૨. ઉદ્‌ભિન્ન :** ઉદ્‌ભેદ કરવો એટલે ખોલવું તે. સાધુ વગેરેને ઘી વગેરેનું દાન કરવા માટે, ગાયના છાણ વગેરેથી ઢાંકેલ ઘડા વગેરેના મોઢાને ખોલવું, તે ઉદ્‌ભિન્ન કહેવાય.

તે પિહિતોદ્‌ભિન્ન અને કપાટોદ્‌ભિન્ન એમ બે પ્રકારે છે.

(૧) પિહિતોદ્‌ભિન્ન – જે છાણ, અગ્નિથી તપાવેલ લાખ, સચિત્ત પૃથ્વીકાય વગેરે ચોંટે એવી ચીકણી ચીજો દ્વારા,

દરરોજ ન વાપરવા યોગ્ય ખાંડ, ઘી, ગોળ વગેરેથી ભરેલા ઘડા, મશક, કુતુપ, કુશૂલ વગેરેના મોઢાને ઢાંકેલ હોય, તેને સાધુના દાન માટે ખોલીને ખાંડ વગેરે સાધુને આપે, તે પિહિતોદ્ભિન્ન કહેવાય છે.

(૨) કપાટોદ્ભિન્ન : જે ખાંડ, ઘી, ગોળ વગેરેને ઓરડા વગેરે તેમજ મજબૂત અને નિશ્ચલ એવા કબાટના, રોજ નહીં ખોલાતા બારણાને સાધુને દાન આપવા માટે ખોલીને, ગોળ, ખાંડ વગેરે સાધુને આપવા, તે કપાટોદ્ભિન્ન.

અહીં આગળ છ જીવનિકાયની વિરાધના વગેરે દોષો છે. તે આ પ્રમાણે :– કુતુપ વગેરેના મોઢાથી સાધુને ઘી વગેરે આપી શેષ રહેલ પદાર્થની રક્ષા માટે ફરીવાર કુતુપ વગેરેના મોઢાને સચિત્ત પૃથ્વીકાયને પાણીથી ભીંજાવી ઉપર લેપ કરે તેથી પૃથ્વીકાય અને અપ્કાયની વિરાધના થાય. પૃથ્વીકાયમાં મગ વગેરે અને કીડી વગેરે હોવાની સંભાવના હોવાથી ત્રસકાયની પણ વિરાધના થાય.

કોઈક નિશાની માટે લાખ તપાવીને કુતુપ વગેરેના મોઢે લાખની મુદ્રા મારે, તો તેઉકાયની વિરાધના, જ્યાં અગ્નિ હોય ત્યાં વાયુ પણ હોય છે માટે વાયુકાયની પણ વિરાધના, તથા કુતુપ વગેરે પર લેપ કરવા માટે માટી વગેરેને શોધતા દાતાને કોઈક વખત વીંછી વગેરે કરડે અને પીડાય તો લોકો બોલે કે 'અહો! આ સાધુઓ મહાપ્રભાવિક છે. જેમને દાન કરવા માત્રથી તરત જ આ ફળ મળ્યું એમ લોકમાં મશ્કરી થાય. જો પહેલેથી કુતુપ વગેરેનું મોઢું સાધુ માટે ખુલ્લું કરી રાખે, તો છોકરા વગેરેને ઘી વગેરે આપવાથી તેમજ ખરીદવા વેચવા દ્વારા પાપ પ્રવૃત્તિ થાય. તે કુતુપ વગેરેના મોઢાને ઢાંકવાનું ભૂલી જાય તો અંદર ઉંદર વગેરે જીવો પડે તો મરી જાય.

કપોટોદ્ભિન્નમાં પણ આ જ દોષો જેમકે કબાટની આગળ કોઈપણ કારણથી પૃથ્વીકાય કે પાણી ભરેલ કરવક એટલે (લોટો) અથવા બીજોરૂ વગેરે મૂકયા હોય, તો તે બારણાને ઉઘાડવાથી તેની વિરાધના થાય. પાણી ભરેલ કરવક (લોટો) વગેરે ઢળી જતા કે ફૂટી જતા પાણી પસરતું નજીકના ચૂલા વગેરેમાં પણ જાય. ત્યાં અગ્નિ હોય તો તેની વિરાધના થાય. જ્યાં અગ્નિ હોય ત્યાં વાયુ હોય એટલે વાયુકાયની વિરાધના. ઉંદર વગેરેના દરમાં પેસે તો કીડી–ગરોળી વગેરે જીવોની વિરાધનાથી ત્રસકાયની વિરાધના તથા દાન કરવું, લે, વેચાણ કરવું વગેરે દ્વારા અધિકરણની પ્રવૃત્તિ થાય, માટે બંને પ્રકારનું ઉદ્ભિન્ન ગ્રહણ ન કરવું.

જો કુતુપ વગેરેના મુખબંધ દરરોજ બંધાતા અને છોડાતા હોય અને તે લાખની મુદ્રા વગર ફકત કપડાંની ગાંઠ બાંધતા હોય અને સચિત્ત પૃથ્વીકાય વગેરેનો લેપ કરતા ન હોય, તો સાધુ માટે ખોલીને પણ જો આપે તો સાધુ ગ્રહણ કરે.

કપોટોદ્ભિન્નમાં પણ જો બારણું રોજ ખોલાતું હોય અને **એનો આગળો જમીન સાથે ઘસાય તેવો ન હોય** (આગળ પાછળ ખેંચવાના સ્પ્રીંગવાળાવાળા કબાટ હોય તો ન લેવાય), તેવા કબાટ કે ઓરડા વગેરેમાં રહેલ અશન વગેરે ખપે છે.

**૧૩. માલાપહૃત :** માળ એટલે શિકા વગેરે. તેના ઉપરથી સાધુ માટે જે ભોજન વગેરે લેવાય તે માલાપહૃત છે. તે ચાર પ્રકારે છે. ૧. ઉર્ધ્વમાલાપહૃત, ૨. અધોમાલાપહૃત, ૩. ઉભયમાલાપહૃત, ૪. તિર્યગ્માલાપહૃત

(૧) ઉર્ધ્વમાલાપહૃત – જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારે છે.

(અ) ઊંચે ટીંગાડેલ શિકા વગેરે પરથી ન લઈ શકવાથી પગની પાની ઉંચી કરી પગના અંગુઠા પર ઉભા રહી આંખથી જે ન દેખાતા હોય તેવા અશન વગેરેને જમીન પર રહીને લેવું. પાની થોડી ઊંચી કરી ગ્રહણ થતું હોવાથી જઘન્યઉર્ધ્વમાલાપહૃત છે.

(બ) નીસરણી વગેરે પર ચઢી, મકાન પર જઈ દાતાર બેન જે આપે તે લેવું તે. નીસરણી વગેરે પર ચડવું વગેરે

મોટી ક્રિયાપૂર્વક નીચે લાવી ગ્રહણ થતું હોવાથી ઉત્કૃષ્ટ માલાપહૃત છે.

(ક) આ બેની વચ્ચેનું મધ્યમમાલાપહૃત છે.

(૨) અધોમાલાપહૃત – સાધુ માટે ભોંયરા વગેરેમાં જઈ, ત્યાં રહેલ ભોજન વગેરેને લાવી જે આપે તે અધોમાલાપહૃત. ત્યાં જો અંધારું હોય અને લાઈટ વગેરે કરે તો પ્રાદુષ્કરણ દોષ વધારામાં લાગે.

(૩) ઉભયમાલાપહૃત – ઊંટડી એટલે કુંભી, કળશ, પેટી, કોઠી વગેરેમાં રહેલ અશનાદિને આપનાર જો કંઈક કષ્ટપૂર્વક આપતી હોય, તો તે ઉભય એટલે ઉર્ધ્વમાલાપહૃત છે. આમાં ઊંચે અને નીચેની ક્રિયારૂપ કુંભી, કળશ, પેટી, કોઠી વગેરેમાંથી પગ ઊંચા કરી કમ્મરમાંથી વાંકાવળીને કાઢવાનું હોવાથી ઉભયમાલાપહૃત છે. તો આ પ્રમાણે કે મોટી અને ઊંચી કોઠી વગેરેમાં રહેલ દેય પદાર્થને લેવા માટે દાતારને પોતાની પાની ઊંચી કરી એટલે ઉર્ધ્વાશ્રિતમાલાપહૃત અને નીચે તરફ હાથ અને મોઢું કરવાથી એટલે વાંકા વળવાના કારણે અધોમાલાપહૃત એમ બંને પ્રકાર મલવાથી ઉભયમાલાપહૃત થાય છે.

(૪) તિર્યગ્માલાપહૃત – જ્યારે ભીંત વગેરેમાં ખભા જેટલી ઊંચી જગ્યામાં રહેલ, ગોખલા વગેરેમાં રહેલ તથા મોટા ગવાક્ષ વગેરેમાં રહેલ, પદાર્થને તીરછો હાથ લાંબો કરી જે પ્રાયઃ આંખ વડે અદ્રશ્ય હોય, તે અશનાદિ દેય વસ્તુને દાતા આપે, ત્યારે તિર્યગ્માલાપહૃત છે.

*પ્રશ્ન : માળ શબ્દ વડે ઊંચો પ્રદેશ જ કહેવાય છે. તો પછી ભોંયરા વગેરે નીચી ભૂમિમાં રહેલ જગ્યાને માળ શબ્દ શી રીતે કહેવાય ?*

*ઉત્તર : અહીં લોક રૂઢિથી ઉચ્ચપ્રદેશ વાચક માળ શબ્દ ન લેવો. પરંતુ સૈદ્ધાંતિક ભાષામાં માળ શબ્દથી ભૂમિગૃહ વગેરે પણ લેવાય છે.*

માલાપહૃતમાં બીજા પણ નીચે મુજબ દોષો લાગે છે. માંચડા, માંચી, ઉખરો વગેરે પર ચડી પગની પાની ઊંચી કરી લટકતા સિકા વગેરેમાંથી લાડુ વગેરે લેતા કોઈક રીતે માંચા વગેરે ખસી જતા દાતાર બાઈ પડી જાય તો નીચે રહેલ કીડી વગેરે અને પૃથ્વીકાય વગેરેની વિરાધના થાય અને બાઈનો હાથ વગેરે ભાંગે. જો વિષમ રીતે પડ્યા હોય અને કોઈક અસ્થાન (મર્મ) ભાગમાં વાગે તો જીવ પણ જાય. શાસનની અપભ્રાજના થાય કે 'સાધુ માટે ભિક્ષા લેતા મરી ગઈ' માટે આ સાધુઓ કલ્યાણકારી નથી. દાત્રીનું આ પ્રમાણે અનર્થ થાય છે, એ પણ જાણતા નથી. લોકમાં મૂર્ખપણાનો પ્રવાદ થાય વગેરે અપભ્રાજના થાય માટે સાધુએ માલાપહૃત ન લેવું.

જે દાદર વગેરેના પગથીયા વગેરેથી સુખે ઉતરચડ થતી હોય તેના પર ચડી આપે તો માલાપહૃત ન થાય.

**સાધુ પણ એષણા શુદ્ધિ નિમિત્તે દાદર વડે મકાન ઉપર ચડે. અપવાદ માર્ગે સાધુ જમીન પર રહ્યા હોય અને ઉપરથી લાવી આપે, તો પણ ગ્રહણ કરે.**

**૧૪. આચ્છેદ્ય :** સાધુના દાન માટે નોકર કે પુત્ર વગેરેની ઇચ્છા વગર તેની પાસેથી ઝુંટવી લેવું, તે આચ્છેદ્ય. તે ત્રણ પ્રકારે સ્વામિવિષયક, પ્રભુવિષયક અને ચોરવિષયક. ગામ વગેરેનો નાયક તે સ્વામિ. પોતાના ઘરનો જ નાયક તે પ્રભુ. સ્તેન એટલે ચોર.

૧. ગામ વગેરેના મુખી, સાધુઓને જોઈ ભદ્રિકપણાથી કજીયો કરીને કે કજીયો કર્યા વગર બળાત્કારે સાધુ નિમિત્તે કુટુંબીઓ પાસેથી અશનાદિ ઝૂંટવીને સાધુને જે આપે, તે સ્વામિવિષયક આચ્છેદ્ય.

૨. ગોળદીક (ગોવાળ), નોકર, પુત્ર, પુત્રી, વહુ, સ્ત્રી વગેરેનું દૂધ વગેરે અશનાદિ. એમની પાસેથી

એમની ઇચ્છા વગર ગૃહનાયક ઝૂંટવીને સાધુને આપે તો તે પ્રભુવિષયક આચ્છેદ્ય.

૩. કેટલાક ચોરો સાધુ તરફ ભક્તિવાળા હોય છે. તેથી તેઓ રસ્તે આવતા કોઈક વખત સાર્થ સાથે આવેલા અને ભોજન માટે સાર્થના માણસોમાં ગોચરી ફરવા છતાં પણ પૂરી ભિક્ષા ન મળેલ, એવા સાધુઓને જોઈ, તેમના માટે પોતાના કે સાર્થના માણસો પાસેથી બળાત્કારે ઝૂંટવી ભાથુ વગેરે આપે, તે સ્તેનવિષયક આચ્છેદ્ય.

આ ત્રણે પ્રકરનું આચ્છેદ્ય સાધુઓને ખપે નહીં. કારણ કે અપ્રીતિ, કલહ, આપઘાત, અંતરાય દ્વેષ વગેરે અનેક દોષોનો સંભવ છે. ફક્ત સ્તેનાછેદ્યમાં આટલી વિશેષતા છે કે જેમનું ભોજન વગેરે ઝૂંટવીને ચોરો સાધુને આપતા હોય, ચોરો દ્વારા આપતી વખતે તે જ સાર્થિકો જો આ પ્રમાણે બોલે કે 'ચોરો અમારું જરૂર લેવાના છે. તો પછી ચોરો જો તમને અપાવે તો અમને મોટો સંતોષ છે' આ પ્રમાણે સાર્થના માણસોની રજા મળવાથી, સાધુ ગોચરી લઈ શકે. ચોરની બીકથી જો લીધું હોય તો ચોરોના ગયા પછી ફરી લીધેલું તે પાછું તેમને આપી દે અને કહે કે ચોરના ભયથી અમે લીધું હતું, હવે તે જતા રહ્યા છે તેથી આ તમારૂં દ્રવ્ય તમે લઈ લો. આ પ્રમાણે કહ્યા પછી જો તેઓ રજા આપે કે 'અમે પણ તમને આપ્યું છે' તો ખપે એવું હોવાથી, વાપરી શકે.

**૧૫. અનિસૃષ્ટ** : બધા માલિકોએ જે વસ્તુને સાધુના દાન માટે રજા ન આપી હોય તે અનિસૃષ્ટ. ૧. સાધારણઅનિસૃષ્ટ, ૨. ચોલ્લકઅનિસૃષ્ટ, ૩. જડ્ડઅનિસૃષ્ટ એમ ત્રણ પ્રકારે છે.

૧. ઘણા જણા વચ્ચેની જે વસ્તુ હોય તે સાધારણ.

૨. શેઠે ખેતરમાં રહેલા નોકરને આપેલ કે સેનાપતિ (રાજા)એ સૈનિકોને આપેલ, જે દેશી ભાષામાં ભક્ત (ભાથુ) કહેવાય છે, તે ચોલ્લક.

૩. જડ્ડ એટલે હાથી તેને માટેનું ભોજન, તેઓની રજા વગર સાધુઓને લેવું ખપે નહીં.

૧. સાધારણ અનિસૃષ્ટ – યંત્ર, દુકાન, ઘર વગેરેમાં રહેલ તલકુટ્ટી તેલ, વસ્ત્ર, લાડુ, દહીં વગેરે આપવા યોગ્ય વસ્તુ અનેક પ્રકારની હોય છે. ઘાણી વગેરે યંત્રમાં તલકુટ્ટી અને તેલ, દુકાનમાં વસ્ત્ર વગેરે, ઘરમાં અશનાદિ જે સર્વજન સાધારણ હોય, તેને સર્વ સ્વામી રજા ન આપે અને કોઈક એક જણ સાધુને આપે, તો તે સાધારણ અનિસૃષ્ટ.

૨. ચોલ્લક – છિન્ન અને અચ્છિન્ન એમ બે પ્રકારે છે. તેમાં કોઈક-કુટુંબી ખેતરમાં હળ ખેડનારાઓને કોઈના દ્વારા ભોજન મોકલે. તે જો દરેક હળ ખેડનારને જુદા જુદા વાસણમાં અલગ કરીને મોકલાવ્યું હોય તો છિન્ન ચોલ્લક કહેવાય અને બધા હળ ખેડનારના માટે એક જ વાસણમાં ભેગું કરીને મોકલે તો અછિન્ન.

તેમાં જે ચોલ્લક જેના નિમિત્તનો જે ભાગ હોય તે-તે ચોલ્લક દ્વારા મૂળ સ્વામિના જોતા કે ન જોતા આપે તો સાધુને ખપે. કેમકે ભાગ પડવાથી પોતાની માલિકી કરી આપ્યું છે માટે ખપે.

અછિન્ન પણ કૌટુંબિક વડે જે હળ ખેડનારાઓને યોગ્ય મોકલાવેલ ભાગ, તે બધાયે હળ ખેડનારા વડે દાન માટે રજા અપાયી હોય, મૂળ માલિક જોતો હોય કે ન જોતો હોય, તો પણ ખપે. તે બધાએ રજા ન આપી હોય અને મૂળ માલિકની રજા હોય તો ન ખપે. કેમકે દ્વેષ, અંતરાય, પરસ્પર ક્લેશ થવાના કારણે દોષ લાગે છે.

૩. જડ્ડઅનિસૃષ્ટ – એટલે હાથી અને રાજાએ રજા ન આપી હોવાથી મહાવત દ્વારા અપાયેલ ભોજન ન ખપે. કેમકે હાથીનું ભોજન રાજાની માલિકીનું છે. તેથી રાજાની રજા વગર લેવાથી પકડવા, બાંધવા, વધ પડાવી લેવા વગેરે દોષો થાય. અથવા મારી રજા આજ્ઞા વગર આ સાધુને ભિક્ષા આપે છે એમ વિચારી ગુસ્સે થઈ રાજા મહાવતને નોકરીમાંથી છૂટો કરે. આથી તેની આજીવિકા સાધુના નિમિત્તે નાશ પામી એટલે સાધુને અંતરાય દોષ

થાય અને સાધુએ રાજાની રજા વગર લેવાથી અદત્તાદાનનો દોષ લાગે. અને હાથીના દેખતા તો મહાવતના ભાગનું પણ ન લેવું. કેમકે હાથી સચેતન (બુદ્ધિવાળો) છે. તેથી મારા ખાવામાંથી આ સાધુ ભિક્ષા લે છે એ પ્રમાણે વિચારી કયારેક ગુસ્સે થયેલ તે રસ્તે ફરતા ઉપાશ્રયમાં સાધુને જોઈ તેમના ઉપાશ્રયને તોડી નાખે કે સાધુને પણ ગમે તે રીતે મારી નાંખે.

**૧૬. અધ્યવપૂરક :** અધિ એટલે વધારે. અવપૂરણ એટલે ભરવું, ઉમેરવું. પોતાના લાભ માટે આપેલ ઉપાશ્રય વગેરેમાંથી સાધુને આવેલા જાણી, તેમના લાયક ભોજન બનાવવા માટે અધિક ઉમેરવું તે અધ્યવપૂરક. તે અધ્યવપૂરકથી યુક્ત જે ભોજન પણ અધ્યવપૂરક કહેવાય. ૧. તે સ્વગૃહ્યાવદર્થિકમિશ્ર, ૨. સ્વગૃહસાધુમિશ્ર, ૩. સ્વગૃહપાખંડમિશ્ર એમ ત્રણ પ્રકારે છે.

સ્વગૃહશ્રમણમિશ્ર તો સ્વગૃહપાખંડમિશ્રમાં અંતર્ગત છે માટે જૂદું કહ્યું નથી.

યાવદર્થિક વગેરેના આવવા પહેલા ચૂલો સળગાવવો, તપેલીમાં પાણી ગરમ કરવું વગેરે આરંભ પોતાના માટે કર્યો હોય અને પછી યથા સંભવ યાવદર્થિક વગેરે ત્રણમાંથી કોઈપણ આવે, ત્યારે તેના માટે વધારે ભાત વગેરે ઉમેરે તો આ અધ્યવપૂરક કહેવાય.

*પ્રશ્ન : અધ્યવપૂરક અને મિશ્રજાતમાં શું ભેદ છે?*

*ઉત્તર : મિશ્રજાતદોષ પહેલેથી યાવદર્થિક વગેરે સાધુના માટે તેમજ પોતાના માટે બનાવાય છે. અને અધ્યવપૂરકમાં પ્રથમ તો પોતાના માટે બનાવાતું હોય છે, પછી યાવદર્થિક સાધુ કે પાખંડી આવ્યા છે એમ જાણી, તેમના માટે પાછળથી વધારે પાણી ચોખા વગેરે ઉમેરાય છે.*

અહીં સ્વગૃહયાવદર્થિકમિશ્ર અધ્યવપૂરક શુદ્ધ આહારમાં, જેટલા કણીયા કાર્પટિક વગેરે માટે પાછળથી નાંખ્યા હોય, તેટલા કણીયા વાસણમાંથી દૂર કર્યા પછી કે કાર્પટિક વગેરેને આપ્યા પછી, જે બચેલું ભોજન, હોય તે સાધુને ખપે. આથી જ આ વિશોધિ કોટિ કહેવાય છે.

સ્વગૃહપાખંડમિશ્ર કે સ્વગૃહસાધુમિશ્રમાં શુદ્ધાહારમાં પડેલ જેટલું અધ્યવપૂરક નાંખેલ હતું તે વાસણમાંથી જૂદું કર્યા પછી કે પાખંડી વગેરેને આપ્યા પછી જે બચે તે સાધુને ન ખપે. કારણ કે સમસ્ત આહાર પૂતિદોષવાળો થઈ ગયો છે. ૫૬૪-૫૬૫

### ઉત્પાદના દોષ :

**धाईदूइनिमित्ते आजीववणीमगे तिगिच्छा । कोहे माणे माया लोभे हवंति दस एए ।।५६६।।**

**पुव्विंपच्छासंथवविज्जामंते य चुण्णजोगे य। उप्पायणाय दोसा सोलसमे मूलकम्मे य ।।५६७।।**

**૧. ધાત્રી, ૨. દૂતિ, ૩. નિમિત્ત, ૪. આજીવક, ૫. વણિમગ, ૬. ચિકિત્સા, ૭. ક્રોધ, ૮. માન, ૯. માયા, ૧૦. લોભ, ૧૧. પૂર્વ સંસ્તવ પશ્ચાત્ સંસ્તવ, ૧૨. વિદ્યા, ૧૩. મંત્ર, ૧૪. ચૂર્ણ, ૧૫. યોગ, ૧૬. મૂળકર્મ આ ઉત્પાદના સોળ દોષો છે.**

**૧. ધાત્રીપિંડ :** ધાત્રી એટલે બાળકો જેને ધાવે પીવે તે ધાત્રી. અથવા બાળકોને દૂધ પીવડાવવા માટે જે ધારણ કરે તે ધાત્રી. બાળકને પાળનારી સ્ત્રી. તેના પાંચ પ્રકાર છે. ૧. દૂધધાત્રી, ૨. મજ્જનધાત્રી, ૩. ક્રીડનધાત્રી, ૪. મંડનધાત્રી, ૫. ઉત્સંગધાત્રી.

અહીં ધાત્રીપણું કરવું કે કરાવવું તે વિવક્ષાથી ધાત્રી શબ્દ કહેવાય છે. માટે ધાત્રીનો જે પિંડ (આહાર) તે

ધાત્રીપિંડ. ધાત્રીપણું કરવા-કરાવવા દ્વારા જે પિંડ પ્રાપ્ત કરાય તે ધાત્રીપિંડ. એ પ્રમાણે દૂતિ વગેરે પિંડમાં પણ વિચારવું.

આની વિચારણા આ પ્રમાણે છે – કોઈક સાધુ ગોચરી માટે પૂર્વ પરિચિત ઘરે ગયા, ત્યાં રડતા છોકરાને જોઈ તેની માતાને કહ્યું કે 'હજુ આ બાળક દૂધ પીતો (ધાવણો) છે માટે દૂધ વગર ભૂખ્યો થયેલ, તે રડે છે. તેથી મને જલ્દી ગોચરી વહોરાવ પછી આ બાળકને ધવડાવ. અથવા પહેલા આ બાળકને ધવડાવ પછી મને વહોરાવ. અથવા તો હમણા મારે ગોચરી જોઈતી નથી, બાળકને જ ધવડાવ. હું બીજા ઘરોએ જઈને પાછો અહીં આવીશ. તું શાંતિથી બેસ, હું જ કોઈ જગ્યાએથી દૂધ લાવી પીવડાવું. આ પ્રમાણે ધાત્રીપણું કરે.

એમ કહે કે બાળકને ધવડાવવાથી બાળક બુદ્ધિશાળી, દીર્ઘાયુ અને નિરોગી થાય અને અપમાનિત કરવાથી આનાથી વિપરીત થાય છે. લોકમાં પુત્ર દર્શન દુર્લભ છે. માટે બીજા બધા કામ છોડી આ બાળકને ધવડાવ.

આ પ્રમાણે કરવાથી ઘણા દોષો થાય છે. બાળકની મા જો ભદ્રિક હોય તો આકર્ષિત થઈને આધાકર્મ વગેરે કરે. તથા સાધુને ચાટુ કરતા જોઈ બાળકના સગા અને આડોસી-પાડોશીઓ બાળકની માતા સાથે સાધુના સંબંધની સંભાવના કરે. જો બાળકની માતા અધર્મી હોય તો દ્વેષ કરે કે, 'અહો જુઓ આ સાધુની પારકી પંચાત! તથા વેદનીય કર્મના વશથી કદાચ બાળકને તાવ વગેરે માંદગી થાય, તો બાળકની માતા સાધુ સાથે ઝઘડો કરે કે 'તમે મારા બાળકને માંદો પડ્યો' આથી શાસનની હીલના થાય.

કોઈક શેઠના ઘરે બાળકને ધવડાવનારી ધાત્રીને પોતાની બુદ્ધિના પ્રપંચ વડે દૂર કરાવી, બીજીને સ્થાપન કરવા માટે ધાત્રીપણાના લક્ષણ અને દોષ કહે છે. તે આ પ્રમાણે –

ગોચરી ગયેલ કોઈક સાધુ, કોઈક ઘરમાં, કોઈક બાઈને શોક કરતી જોઈને પૂછે, 'કેમ આજે તમને ઉદાસીનતા દેખાય છે?' તે બાઈ કહે કે 'હે સાધુ મહારાજ! દુઃખ તો દુઃખમાં સહાયક થનારને જ કહેવાય' સાધુ કહે, 'સહાયક કોને કહેવાય?' તે બાઈ કહે કે, 'જે કહેવાયેલા દુઃખને દૂર કરે, તે દુઃખ સહાયક કહેવાય' સાધુ કહે કે, 'મારા સિવાય બીજો કોણ તેવો છે?' તે કહે કે, 'હે ભગવંત! અમુક ઘરમાં બીજી ધાત્રીએ મને ધાત્રીપણાથી દૂર કરાવી, તેથી હું દુઃખી છું' ત્યારે સાધુ અભિમાનમાં આવી એમ કહે કે, 'જ્યાં સુધી તને ત્યાં આગળ રખાવું નહીં ત્યાં સુધી તારી ભિક્ષા હું લઈશ નહીં.'

આ પ્રમાણે કહી જેને દૂર કરવાની છે તે ધાત્રીને ન જોઈ હોવાથી તેના સ્વરૂપને ન જાણતો, તે તેના સ્વરૂપને પૂછે કે 'તે યુવાન છે, પ્રૌઢા છે કે ઘરડી છે? નાના સ્તનવાળી છે કે મોટા સ્તનવાળી છે. અણીદાર સ્તનવાળી છે? માંસ ભરપૂર છે કે પતલી છે? કાળી છે કે ગોરી છે?' વગેરે પૂછીને તે શેઠને ત્યાં જઈ તે બાળકને જોઈ શેઠની આગળ ધાત્રીના દોષો બોલે કે ઘરડી ધાત્રીના સ્તન નબળા હોય છે, તેને ધાવનારો બાળક પણ નિર્બળ થાય. પતલી ધાત્રીના સ્તન નાના હોય, તેને ધાવનારો બાળક પણ પૂરૂં ધાવણ ન મળવાના કારણે દુઃખી થવાથી પતલો જ રહે. મોટા સ્તનવાળી ધાત્રીને ધાવવાથી બાળક કોમળ અંગવાળો હોવાથી સ્તન દ્વારા નાક દબાવવાના કારણે ચિબડા નાકવાળો થાય છે. કૂર્પરાકાર સ્તનવાળી ધાત્રીને ધાવવાથી બાળકને હમેશાં સ્તન તરફ મોઢું લંબાવવું પડતું હોવાથી સૂચી (સોય) ના જેવા મોઢાવાળો થાય.

કહ્યું છે કે ઘરડીને ધાવવાથી નિર્બળ, કૂર્પર સ્તન ધાવવાથી સૂચી મુખ, મોટા સ્તનવાળીને ધાવવાથી ચીપટા નાકવાળો અને પાતળીને ધાવવાથી પતલો થાય. જાડીને ધાવવાથી જડ થાય અને પતલીને ધાવવાથી નિર્બળ થાય માટે મધ્યમ બળવાળી ધાત્રીનું ધાવણ પુષ્ટિકર થાય છે.

હવે નવી સ્થાપેલ ધાત્રી કાળા વગેરે જે અધિક વર્ણવાળી હોય, તો તેને તે રીતે નિંદે જેમકે, કાળી ધાત્રી બાળકના રંગને નાશ કરે છે. ગોરી ધાત્રી બળહીન હોય માટે શ્યામા (ઘઉંવર્ણ) બળ વર્ણ માટે ઉત્તમ છે.

આવી વાતો ઘરના માલિક સાંભળીને વૃદ્ધ વગેરે સ્વરૂપવાળી ચાલુ ધાત્રીને દૂર કરી અને સાધુ સમ્મત ધાત્રીને રાખે. તે ધાત્રી પ્રસન્ન થઈને સાધુને સુંદર ઘણી ગોચરી વહોરાવે તે ધાત્રીપિંડ.

આમાં ઘણા દોષો છે, તે આ પ્રમાણે. જે ધાત્રીને દૂર કરાવી તે દ્વેષને ધારણ કરે તથા સાધુને કલંક આપે કે 'આ ધાત્રી સાથે સાધુને આડો સંબંધ છે.' અતિ દ્વેષ થાય તો ઝેર વગેરે આપી ક્યારેક મારી પણ નાંખે. હવે જે જૂનીને દૂર કરી નવી ધાત્રી રાખી હોય તે પણ ક્યારેક એમ વિચારે કે જેમ આને જૂનીને દૂર કરી મને રખાવી, તેમ બીજી કોઈની વિનંતિથી મને પણ અહીંથી ધાત્રીપણાથી દૂર કરાવશે માટે એવું કરું કે એ સાધુ જ ન રહે. એમ વિચારી ઝેર વગેરેના પ્રયોગથી મારી નાંખે.

એ પ્રમાણે મજ્જન એટલે સ્નાન, મંડન એટલે શણગાર, ક્રિડનક એટલે રમાડવું, અંક એટલે ખોળામાં બેસાડવું આદિ ધાત્રીપણું કરવા કરાવવામાં દોષો વિચારીને જાણવા.

**વર્તમાનમાં નોકર આદિને નોકરીએ રખાવવાનું કાર્ય કરી ગોચરી વહોરવી તે ધાત્રીપિંડમાં જાય. આ માણસ સારો છે અમે અનુભવેલ છે. સંઘ ઉપધાન આદિમાં આ રસોયા, આ માણસો લાવો એમ કહેવાથી પણ આ દોષ લાગે.**

**૨. દૂતિદોષ :** દૂત એટલે એક બીજાના સંદેશા પહોંચાડનાર. તેથી દૂતીત્વ એટલે પરસ્પરના સંદેશો પહોંચાડીને સાધુ દ્વારા જે પિંડ મેળવાય તે દૂતિપિંડ. તે સ્વગામ અને પરગામવિષયક એમ બે પ્રકારે છે –

જે ગામમાં સાધુ રહ્યા હોય તે જ ગામમાં જો સંદેશો કહે તો સ્વગામ દૂતી.

જો પરગામમાં જઈને સંદેશો કહે તો પરગામ દૂતી.

આ બન્ને ગુપ્ત અને પ્રગટ એમ બે–બે પ્રકારે છે તેમાં પ્રચ્છન્ન એટલે ગુપ્ત તે બે પ્રકારે છે.

૧. લોકોત્તરવિષયક એટલે બીજા સંઘાટક સાધુથી પણ ગુપ્ત.

૨. લોક લોકોત્તર વિષયક એટલે બાજુમાં રહેલ લોક અને બીજા સંઘાટક સાધુથી પણ ગુપ્ત.

કોઈક સાધુ ભિક્ષા માટે જતા, તેના વિશેષ લાભ માટે તે જ ગામના મહોલ્લામાં કે બીજા ગામમાં માતા વગેરેના સંદેશાને તેની પુત્રી વગેરે આગળ જઈ કહે, કે તારી માતા કે તારા પિતા કે તારા ભાઈએ તને કહેવડાવ્યું છે કે, તારે આજે અહીં આવવું વગેરે. આ પ્રમાણે સ્વપક્ષે–પરપક્ષને સાંભળતા નિઃશંકપણે કહે તે પ્રગટ સ્વગામ પરગામ વિષયક દૂતીત્વ.

કોઈક સાધુને કોઈક દિકરીએ માતાને પોતાના ગામમાં કે પરગામમાં સંદેશો કહેવા માટે વિનંતી કરી. ત્યારે તે સંદેશો ધારી તેની માતા વગેરે પાસે જઈ એમ વિચારે, કે દૂતીપણું પાપકારી હોવાથી નિંદનીય છે. તેથી સંઘાટક બીજો સાધુ મને દૂતી દોષ દુષ્ટ આહાર છે એમ જાણીને નિષેધ ન કરે માટે, બીજી રીતે કહે 'હે શ્રાવિકા! તારી દિકરી અતિભોળી છે કે જે સાવદ્ય યોગના પચ્ચક્ખાણવાળા અમને કહે, કે 'મારી માને આટલું કહેજો, હું આ પ્રયોજનથી આવવાની છું વગેરે' ત્યારે તે શ્રાવિકા પણ ચતુરાઈથી મનનો ભાવ જાણી બીજા સંઘાટક સાધુને વહેમ ન પડે માટે કહે કે 'હું હવે તેને તમારી આગળ આવી વાત કરતા રોકીશ' આ પ્રમાણે સંઘાટક સાધુથી છૂપાવવાથી અને લોક આગળ નહીં છૂપાવવાથી લોકોત્તર પ્રચ્છન્ન સ્વગામ પરગામ વિષયક દૂતીપણું છે.

લોક લોકોત્તર ઉભય પ્રચ્છન્ન આ પ્રમાણે છે. કોઈક શ્રાવિકા સાધુને આ પ્રમાણે કહે કે, 'મારી મા વગેરેને તમે આમ કહેજો કે 'તારું કામ' જે તને ખબર છે તે તું જાણે છે તે રીતે થઈ ગયું છે' અહીં સંઘાટક સાધુ અને લોકોથી સંદેશાનો ભાવ ન જાણતો હોવાથી ઉભય પ્રચ્છન્નપણું છે.

આ બધામાં ગૃહસ્થના સાવદ્યકાર્યમાં પ્રવૃત્તિ દ્વારા જીવવિરાધના વગેરે દોષો થાય છે.

૩. **નિમિત્ત :** ભૂતકાળ વગેરેને જાણવા માટેની શુભ-અશુભ ચેષ્ટા વગેરેનું જે જ્ઞાન, તે નિમિત્ત. તેનું જે જ્ઞાન પણ ઉપચારથી નિમિત્ત કહેવાય. તે નિમિત્ત કહીને મેળવેલ પિંડ (આહાર) તે નિમિત્તપિંડ.

કોઈક સાધુ ગોચરી વગેરે મેળવવા માટે ગૃહસ્થ આગળ નિમિત્તોને કહે. જેમ 'ગઈકાલે તને આવું સુખ-દુઃખ થયું હતું' અથવા ભવિષ્યમાં 'અમુક ટાઈમ કે દિવસે તને રાજા તરફથી લાભ થશે. અથવા આજે તને આવું આવું થશે' તે ગૃહસ્થો પણ લાભ-અલાભ, સુખ-દુઃખ જીવિત-મરણ વગેરે વિષયક પૂછેલ કે ન પૂછેલને ધૃષ્ટતાપૂર્વક કહે. તેની કહેલી વાત સાંભળીને આકર્ષિત થયેલ, તેઓ સાધુને લાડુ વગેરે વિશિષ્ટ ગોચરી ઘણી આપે, તે નિમિત્તપિંડ કહેવાય. એ સાધુને ન ખપે. **વર્તમાનમાં ગૃહસ્થોને યંત્ર-મંત્ર દ્વારા સુખી કરવાના જે વિધાનો કરાય છે તે આની અંતર્ગત છે.**

*આત્મવિષયક પરવિષયક કે ઉભયવિષયક નિમિત્તથી અનેક જીવોના વધ વગેરેનો સંભવ હોવારૂપ* અનેક દોષો છે.

૪. **આજીવક :** જેનાથી જીવાય તે આજીવન એટલે આજીવિકા. તે આજીવિકા પાંચ પ્રકારે ૧. જાતિવિષયક ૨. કુલવિષયક, ૩. ગણવિષયક, ૪. કર્મવિષયક, ૫. શિલ્પવિષયક. તે સૂયા અને અસૂયા એમ બે પ્રકારે છે. સૂયા એટલે કોઈક વિશિષ્ટ વચન રચના વડે કહેવું તે અને અસૂયા એટલે પ્રગટ વચન વડે જણાવવું તે. સાધુ સૂયા અને અસૂયા વડે પોતાની જાતિ પ્રગટ કરી જીવે તે જાતિઆજીવક.

જેમ કોઈ સાધુ ભિક્ષા માટે ફરતા કોઈ બ્રાહ્મણના ઘરે પ્રવેશ કરે, ત્યાં બ્રાહ્મણના છોકરાને હોમ વગેરેની ક્રિયાને સારી રીતે કરતો જોઈ, તેના બાપ આગળ પોતાની જાત પ્રગટ કરવા માટે કહે કે, સમિધ, મંત્ર, આહુતિ, સ્થાન, યાગ, કાળ, ઘોષ વગેરેને આશ્રયીને શુદ્ધ કે અશુદ્ધ ક્રિયા થાય છે. લીલાપીપળા વગેરે ડાળખીનો ટુકડો સમિધરૂપે છે. ૐ વગેરે પ્રણવાક્ષરરૂપ વર્ણો મંત્રો છે. અગ્નિમાં ઘી વગેરે નાંખવા તે આહુતિ છે. ઉત્કટુક વગેરે આસનોને સ્થાન કહેવાય. અશ્વમેધ વગેરે યજ્ઞો કહેવાય. પ્રભાત વગેરે કાળ. ઉદાત્ત-અનુદાત્ત વગેરે ઘોષ. જ્યાં જે યોજવો જોઈએ ત્યાં તે યોજાય તે સમ્યક્ક્રિયા. જ્યાં સમિધ વગેરે ઓછા વધતા કે વિપરીતરૂપે પ્રયોગાય તે સમ્યક્ક્રિયા ન કહેવાય.

આ તમારો પુત્ર હોમ વગેરેની સમ્યક્ક્રિયા કરતો હોવાથી શ્રોત્રિયનો પુત્ર છે અથવા વેદ વગેરે શાસ્ત્રના પારંગત ઉપાધ્યાયની પાસે સારી રીતે ભણ્યો છે – એમ જણાઈ આવે છે. આ પ્રમાણે કહેવાથી તે બ્રાહ્મણ કહે, 'હે સાધુ! તમે જરૂર બ્રાહ્મણ છો એટલે હોમ વગેરેની ભૂલ વગરની વાતો જાણો છો અને સાધુ મૌન રહે. આ સૂયા વડે સ્વજાતિ પ્રકટન છે.

અસૂયા જાતિઆજીવક એટલે આહાર માટે પોતાની જાતિ પ્રગટ કરે, જેમકે હું બ્રાહ્મણ છું.

આમાં ઘણા દોષો છે. તે આ પ્રમાણે કે જો તે બ્રાહ્મણ ભદ્રિક હોય તો પોતાની જાતિ પક્ષપાતથી ઘણો આહાર વગેરે સાધુના નિમિત્તે બનાવીને આપે, તેથી આધાકર્મનો દોષ લાગે. હવે જો અભદ્રિક હોય, તો આ પાપાત્મા ભ્રષ્ટ થયો છે જેથી બ્રાહ્મણપણું છોડી દીધું છે – એમ વિચારી પોતાના ઘરમાંથી બહાર કાઢી મૂકે. એ

પ્રમાણે ક્ષત્રિય વગેરે જાતિઓમાં પણ જાણવું તથા કુલ વગેરેમાં પણ સમજવું.

**૫. વનિપક :** વન્ ધાતુ માંગવાના અર્થમાં છે. વનિપક એટલે દાતારને માન્ય શ્રમણ વગેરેનો પોતે ભગત છે – એમ બતાવી જે પિંડ–આહાર માંગવો તે.

કોઈક સાધુ–યતિ, નિર્ગ્રંથ, શાક્ય, તાપસ, પરિવ્રાજક, આજીવક, બ્રાહ્મણ, પ્રાઘૂર્ણક, શ્વાન (કૂતરા), કાગડા, પોપટ વગેરેના ભક્ત ગૃહસ્થના ઘરે ભિક્ષા માટે પ્રવેશ કરે અને તેની આગળ અશનાદિ લેવા માટે નિર્ગ્રંથ વગેરેના ગુણ વર્ણવવા દ્વારા પોતાને નિર્ગ્રંથ વગેરેનો ભક્ત જણાવે. તે આ પ્રમાણે –

તે સાધુ નિર્ગ્રંથ ભક્ત શ્રાવકના ઘરે પ્રવેશ કરી નિર્ગ્રંથોને આશ્રયિને બોલે કે, 'હે કુલિતિલક શ્રાવક! તમારા આ ગુરુ તો અતિશય જ્ઞાન વગેરેથી શોભે છે. બહુશ્રુત છે. શુદ્ધ ક્રિયાનુષ્ઠાન પાલન પરાયણ છે. સુંદર સામાચારી આચરવા વડે ચતુર ધર્મીજનોના મનને આશ્ચર્ય પમાડનાર છે. મોક્ષ નગરના રસ્તામાં સાર્થવાહ જેવા છે વગેરે. તથા બૌદ્ધોપાસકના ઘરે જાય તો ત્યાં બૌદ્ધ સાધુને જમતા જોઈ તેના ઉપાસકો આગળ તેમની પ્રશંસા કરે કે, અહો! આ મહાનુભાવો બુદ્ધશિષ્યો ચિત્રમાં ચિતરેલાની જેમ સ્થિર અને પ્રશાંત ચિત્તવૃત્તિવાળા ખાઈ રહ્યા છે. મહાત્માઓએ આવી રીતે જ જમવું જોઈએ. આ લોકો દયાળુ છે અને દાનવીર છે. વગેરે પ્રશંસા કરે.

એ પ્રમાણે તાપસ, પરિવ્રાજક, આજીવક, બ્રાહ્મણ વગેરે આશ્રયિને તેમના ગુણો તેમના દાન વગેરેની પ્રશંસા કરવા વડે વનિપક–પણું જાણવું.

અતિથિ ભક્તની આગળ એમ બોલે કે લોકોમાં મોટે ભાગે ઓળખીતાને, આશ્રિતોને કે ઉપકારીઓને જ આપે છે. પણ માર્ગ પરિશ્રમથી થાકેલા અતિથિને જે પૂજે છે તે જ દાન જગતમાં શ્રેષ્ઠ છે.

શ્વાન ભક્ત આગળ કહે કે આ કૂતરા એ કૂતરા નથી પણ કૈલાસ પર્વતથી આવેલા યક્ષો જ કૂતરા રૂપે પૃથ્વી પર ફરે છે માટે એમની પૂજા મોટા કલ્યાણ માટે થાય છે. એ પ્રમાણે કાગડા વગેરે માટે પણ વિચારવું.

આ પ્રમાણે વનિપકપણું કરી મેળવેલો આહાર તે વનિપકપિંડ છે. આમાં ઘણા–ઘણા દોષો છે. જેમકે ધર્મી કે અધર્મીને પાત્રમાં આપેલ દાન નકામું જતું નથી. એ પ્રમાણે કહેવાથી અપાત્ર દાનને સુપાત્રદાન સમાન પ્રશંસવાથી સમકિતીનો અતિચાર થાય છે. તો પછી બૌદ્ધ વગેરે કુપાત્રોને સાક્ષાત્ પ્રશંસાથી શું ન થાય? કહ્યું છે કે 'પાત્ર અપાત્રમાં આપેલું દાન નિષ્ફળ નથી જતું એમ બોલવાથી પણ દોષ છે. તો પછી અપાત્રદાનની પ્રશંસાથી કેમ ન હોય? (સુપાત્રદાનની વ્યાખ્યામાં આવી રીતે બોલાય તો દોષ જ છે. પણ અનુકંપાદાનની વ્યાખ્યામાં આમ બોલાય તો દોષ નથી.)

આ પ્રમાણે બૌદ્ધ વગેરેની પ્રશંસાથી લોકમાં મિથ્યાત્વને સ્થિર કર્યું કહેવાય. સાધુઓ પણ આ લોકોને પ્રશંસે છે માટે આમનો ધર્મ સાચો લાગે છે – એમ લોકો માને. જો બૌદ્ધ વગેરેના ભક્તો ભદ્રિક હોય તો આ રીતે સાધુને પ્રશંસા કરતા જોઈ એમના માટે આધાકર્મ વગેરે કરે. તેથી તે આધાકર્મ આહારના લોભથી કદાચ બૌધ વગેરે વ્રતને સ્વીકારે. તથા લોકમાં પણ આ સાધુઓ ખુશામતિયા છે. 'જન્માંતરમાં' દાન ન આપ્યું હોવાથી આહાર માટે કૂતરાની જેમ પોતાને ચાટુ (ખુશામત) કરી બતાવે છે. આ પ્રમાણે નિંદા થાય. કોઈ શાસનનો શત્રુ હોય, તો ઘરમાંથી બહાર કાઢી મૂકે. સર્વ સાવદ્યમાં રક્ત એવા તેમની પ્રશંસા કરવાથી મૃષાવાદ તથા પ્રાણાતિપાત વગેરે અનુમોદ્યા કહેવાય. **વર્તમાનમાં અપરિચિત ગ્રામ, નગરમાં ગૃહસ્થ જે સમુદાયનો ભક્ત હોય તે સમુદાયના સાધુઓની પ્રશંસા આદિ સારી ગોચરી મેળવવા માટે કરે તો આ દોષ લાગે.**

**૬. ચિકિત્સા :** રોગનો પ્રતિકાર કરવો કે રોગ પ્રતિકારનો ઉપદેશ કરવો તે ચિકિત્સા. સૂક્ષ્મ અને બાંદર એમ બે

પ્રકારે ચિકિત્સા છે. દવા અથવા વૈદ્યને જણાવવું તે સૂક્ષ્મચિકિત્સા. જાતે ચિકિત્સા કરવા વડે કે બીજા પાસે કરાવવા વડે બાદરચિકિત્સા.

તાવ વગેરે રોગથી ઘેરાયેલા કોઈ ગૃહસ્થ, પોતાના ઘરે ગોચરી માટે આવેલા સાધુને જોઈ પૂછે કે, 'હે ભગવંત! આ મારા રોગની કંઈ ચિકિત્સા જાણો છો?' તે સાધુ કહે, 'હે શ્રાવક! જેવો તમને રોગ થયો છે, તેવો રોગ મને પણ એક વખત થયો હતો. તે મને અમુક દવાથી સારો થયો. તે પ્રમાણે અજાણ અને રોગી ગૃહસ્થને દવા કરવાના અભિપ્રાય જણાવવાથી ઔષધનું સૂચન કર્યું અથવા રોગીએ ચિકિત્સા પૂછી હોય ત્યારે કહે કે હું વૈદ્ય છું? કે જેથી રોગનો પ્રતિકાર જાણું છું?' આ પ્રમાણે કહેવાથી અજાણ રોગીને આ વિષયમાં વૈદ્યને પૂછવાનું સૂચન કર્યું, તે સૂક્ષ્મ ચિકિત્સા.

જ્યારે પોતે જાતે વૈદ્ય થઈ વમન, વિરેચન, ઉકાળા, ક્વાથ વગેરે કરે કે બીજા પાસે કરાવે તો બાદર ચિકિત્સા. આ પ્રમાણે ઉપકાર થવાથી પ્રસન્ન થયેલ ગૃહસ્થ મને સારી ઊંચી ભિક્ષા આપશે એમ વિચારી સાધુ બન્ને પ્રકારની ચિકિત્સા કરે.

તુચ્છ આહાર માટે સાધુએ અનેક દોષનો સંભવ હોવાથી આ પ્રમાણે કરવું ઉચિત નથી. કેમકે ચિકિત્સા કરતી વખતે કંદમૂળ, ફળ, મૂળિયા વગેરેના જીવનો વધ થાય છે. **ક્વાથ વગેરેના સૂચનથી પાપ વ્યાપારમાં પ્રવૃત્તિ કરવાથી સાધુને અસંયમ થાય છે. નિરોગી થયેલ ગૃહસ્થ તપેલા લોખંડના ગોળા જેવો હોય છે એટલે દુર્બળ અને આંધળો વાઘ સારો થાય તો અનેક જીવનો નાશ કરે, તેમ અનેક જીવનો ઘાત કરે.** નસીબજોગે સાધુએ ચિકિત્સા કરતાં રોગીનો રોગ વધી જાય તો ગુસ્સે થયેલા તેના પુત્ર વગેરે સાધુને રાજકુલ વગેરેમાં પકડાવે તથા લોકોમાં આહાર લોલુપી આ સાધુઓ આવું આવું વૈદ્યુ કરે છે એમ પ્રવચનની હિલના થાય. **વર્તમાનમાં જે સાધુ-સાધ્વીઓ ગૃહસ્થોને નિરોગી બનાવવા માટે ઔષધિ આદિ અને વાસક્ષેપ આદિ આપે છે તેમને આ દોષ લાગે છે.**

**૭. ક્રોધપિંડ :** ક્રોધ-ગુસ્સો કરવા દ્વારા જે આહાર મેળવાય તે ક્રોધ પિંડ. તે ક્રોધ પિંડ શી રીતે થાય? કોઈક સાધુનો ઉચ્ચાટન, મારણ વગેરે વિદ્યા પ્રભાવ શ્રાપ દાન, તપ પ્રભાવ, સહસ્રયોધિપણાનું બળ કે રાજા વગેરેના પ્રિય જાણીને અથવા શ્રાપ આપવા વડે કોઈનું મરણ જોઈ દાતાર, ભયથી જે તેને આપે, તે ક્રોધપિંડ (ઘેવરિયા મુનિની કથા).

અથવા બીજા બ્રાહ્મણ વગેરેને દાન અપાતું જોઈ સાધુ પણ યાચના કરે અને ન મળે ત્યારે અલબ્ધિમાન થયેલ ગુસ્સો કરે, તે વખતે સાધુને ગુસ્સે થયેલ જોઈ દાતા સાધુ ગુસ્સે થાય તે સારૂં નહિ એમ વિચારી જે આપે તે ક્રોધપિંડ. અહીં બધે ગુસ્સો જ આહાર મેળવવામાં મુખ્ય કારણરૂપે જાણવો. વિદ્યા, તપ, પ્રભાવ વગેરે તો તેના સહકારી કારણરૂપે છે. માટે વિદ્યાપિંડ વગેરેના લક્ષણ સાથે આના લક્ષણને ભેળવવું નહિં.

**૮. માનપિંડ :** માન એટલે ગર્વ. તે જેમાં કારણરૂપે હોય, તેવો પિંડ માનપિંડ કહેવાય. એનો ભાવાર્થ આ પ્રમાણે છે કે (સેવરિયા મુનિની કથા).

કોઈક સાધુને બીજા કોઈક સાધુએ કહ્યું 'તને લબ્ધિધારી ત્યારે માનું કે તુ આ, આ ચીજો અમને વપરાવે' વગેરે વચનોથી ઉત્તેજિત કરે અથવા ' તારાથી કંઈ ન થાય' એ પ્રમાણે અપમાનિત થયેલ અથવા અભિમાની બનેલ પોતાની લબ્ધિપ્રશંસા બીજા વડે કહેવાતી સાંભળી 'જ્યાં હું જાઉં ત્યાં મને બધુય મળે છે' એમ લોકો મને પ્રશંસે એવા વધતા અભિમાનવાળો કોઈ ગૃહસ્થને ત્યાં જઈ તે ગૃહસ્થને એવી એવી દાનની વાતો કરવાવડે અભિમાનમાં ચડાવે, ત્યારે તે ગૃહસ્થ અભિમાનવાળો થઈને બીજા સ્રી-પુરુષ વગેરે ન ઈચ્છતા હોય, તો પણ જે અશનાદિ આપે તે માનપિંડ.

**૯. માયાપિંડ :** માયા એટલે બીજાને ઠગવાની બુદ્ધિ, તેના વડે જે આહાર મેળવે તે માનપિંડ. કોઈ સાધુ, મંત્રયોગ વગેરે ઉપાયમાં કુશળ હોવાથી પોતાના રૂપ પરાવર્તન વગેરે કરવાવડે જે લાડુ વગેરે ગોચરી મેળવે તે માયાપિંડ (આષાઢભૂતિની કથા).

**૧૦. લોભપિંડ :** લોભ એટલે આસક્તિ-ગૃદ્ધિ. ગૃદ્ધિ પૂર્વક જે ભિક્ષા લેવાય તે લોભપિંડ. એની ભાવના આ પ્રમાણે છે (સિંહકેસરિયા મુનિની કથા)

કોઈક સાધુ આજે હું ગોચરીમાં સિંહ કેસરિયા લાડુ વગેરે લઈશ એવી બુદ્ધિથી વાલ, ચણા વગેરે મળતા હોય તે પણ છોડી દે પરંતુ પોતાનું ઈષ્ટ મળે તે જ લે તે લોભપિંડ. અથવા **પહેલા તેવી બુદ્ધિ ન હોવા છતાં, પણ સહજભાવે મળતી લાપસીને સારી સ્વાદિષ્ટ છે એમ વિચારી લેવી તે લોભપિંડ** અથવા **દૂધ વગેરે મળ્યા હોય પછી ખાંડ-સાકર વગેરે મળી જાય તો સારૂં આમ વિચારી તે મેળવવા માટે ફરી ફરીને જે મેળવે તે લોભપિંડ.** આ ક્રોધાદિ ચારે પિંડ સાધુઓને ન ખપે. કારણ કે પ્રદ્વેષ, કર્મબંધ, પ્રવચનલઘુતા વગેરે દોષોનો સંભવ છે.

**૧૧. પૂર્વપશ્ચાત્સંસ્તવ :** વચનસંસ્તવ અને સંબંધીસંસ્તવ એમ બે પ્રકારે સંસ્તવ છે. વચન એટલે પ્રશંસારૂપ જે સંસ્તવ, તે પ્રવચન સંસ્તવ. માતા વગેરે અને સાસુ વગેરે રૂપ સંબંધીઓનો જે સંસ્તવ તે સંબંધીસંસ્તવ. તે બન્ને સંસ્તવ પૂર્વ અને પશ્ચાત્ એમ બે ભેદ છે.

દાન મેળવ્યા પહેલાં જ દાતારના જે ગુણો વર્ણવે, તે પૂર્વ સંસ્તવ. દાન મેળવ્યા પછી દાતાના ગુણો પ્રશંસે તે પશ્ચાત્ સંસ્તવ. આની ભાવના આ પ્રમાણે છે.

કોઈક સાધુ ભિક્ષા માટે ફરતાં, કોઈક શેઠને દાતાર જોઈ દાન લેવા પહેલાં સાચા-ખોટા ઉદારતા વગેરે ગુણોને પ્રશંસે. જેમકે 'અહો દાનપતિ! તમારી વાતો તો પહેલાં સાંભળી હતી, પણ આજે તો પ્રત્યક્ષ જોવા મળ્યું. તથા અનેક જગ્યાએ ફરતાં અમને આવી ઉદારતા વગેરે ગુણો બીજા કોઈના જોયા નથી કે સાંભળ્યા નથી. ધન્ય છે તમને, કે જે ગુણો બધી જગ્યાએ અસ્ખલિત પણે સર્વ દિશામાં ફેલાયેલાં છે.' આ પ્રમાણે પૂર્વ સંસ્તવ.

ગૃહસ્થે દાન આપ્યા પછી જે સ્તુતિ કરે કે તમને જોવાથી આજે મારી આંખો અને મનને ઠંડક થઈ. આ આમાં આશ્ચર્ય શું? કે દાતારના ગુણોને જોયા પછી કોને આનંદ ન થાય? આ પ્રમાણે પશ્ચાત્ સંસ્ત્વ. **આ બન્ને સંસ્તવમાં માયા-મૃષાવાદ, અસંયત અનુમોદના વગેરે દોષો થાય છે.**

માતા-પિતા વગેરે રૂપ જે સંસ્તવ એટલે પરિચય તે પૂર્વ સંબંધી સંસ્તવ. કેમકે માતા વગેરેનો સંબંધ પહેલાં હોય છે. સાસુ-સસરા વગેરેનો જે સંબંધ તે પશ્ચાત્ સંસ્તવ. સાસુ વગેરેનો સંબંધ પછી થાય છે.

જેમકે કોઈક સાધુ ગોચરી માટે કોઈકના ઘરે પ્રવેશ કરી આહારલંપટપણાથી પોતાની ઉંમર અને ઘરમાં રહેલ વ્યક્તિની વય જાણી, તેને અનુરૂપ સંબંધ ગોઠવે. જો તે વૃદ્ધ હોય અને પોતે મધ્યમ વયવાળો હોયા તો તે પોતાની માતા વિગેરેના સમાન મહિલાને જોઈ માયા વડે કંઈક આંસુ પાડવા માંડે, ત્યારે બાઈ પૂછે કે, 'હે સાધુ મહારાજ! કેમ રડો છો?' સાધુ પણ કહે કે, 'તમારા જેવી જ મારે માં હતી.' જો તે બાઈ મધ્યમ વયવાળી હોય તો, 'તમાર જેવી જ મારે બહેન હતી.' જો તે બાઈ બાળવયની હોય તો, 'તારા જેવી જ મારે દિકરી હતી' એમ કહે . આ પ્રમાણે પશ્ચાત્ સંસ્તવમાં પણ વિચારવું.

આમાં ઘણાં દોષો છે તે આ પ્રમાણે. તે ગૃહસ્થો જો ભદ્રિક હોય, તો સાધુ પણ પ્રતિબદ્ધ એટલે રાગવાળા થાય અને રાગવાળા થઈને આધાકર્મ વગેરે કરીને આપે. જો અધર્મી હોય, તો કાર્પટિક (ભિખારી) જેવો આ અમને ભિખારી જેવા વગેરે કલ્પી અમારી હલકાઈ કરે છે એમ વિચારી પોતાના ઘરમાંથી કાઢી મૂકવા વગેરે કરે.

અધૃતિથી આંસુ પાડવા વગેરે કરે તો, આ માયાવી અમને આકર્ષવા માટે ચાળા (ચાટુ) કરે છે એમ નિંદા થાય.

તમે મારી મા છો એમ કહેવાથી તે બાઈ પોતાના મરેલા છોકરાની જગ્યાએ આ મારો છોકરો છે એમ વિચારી તે સાધુને પોતાની વહુ વગેરે આપે. તમારા જેવી મારી સાસુ હતી. એમ કહેવાથી પોતાની વિધવા દિકરી કે કુરંડા પુત્રીને આપે. ઈત્યાદિ દોષો થાય છે તેથી સંસ્તવ પિંડ યતિઓને ન ખપે.

**૧૨-૧૩ વિદ્યા અને મંત્રપિંડ :** પ્રજ્ઞપ્તિ આદિ વિદ્યા એટલે સ્ત્રી દેવતા જેનાં અધિષ્ઠાયક હોય અથવા જપ-હોમ આદિ દ્વારા સિદ્ધ થાય તેવા અક્ષરોની રચના તે. મંત્ર એટલે પુરુષ દેવતા અધિષ્ઠિત અને પાઠ માત્રથી સિદ્ધ થનાર અક્ષર રચના વિશેષ રૂપ હોય છે. તે મંત્ર વિદ્યા દ્વારા જે આહાર મેળવાય તે વિદ્યા-મંત્રપિંડ કહેવાય. વિદ્યા અને મંત્રથી મંત્રિત કરી જેની પાસેથી દાન લેવાય તે દાતાર પાછો સ્વસ્થ થાય પછી કદાચ દ્વેષી પણ થાય અથવા બીજો તેનો પક્ષપાતિ કે સગો વગેરે દ્વેષી થાય તો પ્રતિવિદ્યા વડે સ્તંભન, ઉચ્ચાટન, મારણ વગેરે કરે. તથા વિદ્યા વગેરે દ્વારા પર દ્રોહ કરવાવડે આ સાધુઓ જીવનારા છે અને લુચ્ચા છે એમ લોકોમાં નિંદા થાય. આ કામણ-ટૂમણ કરનારા છે એમ કહી રાજ દરબારમાં પકડી જાય, ખેંચી જાય, વેષ લઈ લે, કદર્થના કરી મારી નાખે વગેરે કરે.

**૧૪-૧૫ ચૂર્ણ અને યોગ પિંડ :** ચૂર્ણ એટલે આંખમાં અંજન વગેરે આંજવાથી અદ્રશ્ય થવું તે. અને યોગ એટલે પગ ઉપર લેપ કરવા દ્વારા રૂપ, સૌભાગ્ય, દુર્ભાગ્ય કરવું તે છે. આ ચૂર્ણ અને યોગ કરવા વડે જે પિંડ મેળવાય તે ચૂર્ણ-યોગ પિંડ કહેવાય. આમાં દોષો પૂર્વોક્ત વિદ્યા-મંત્રની જેમજ જાણવા.

*પ્રશ્ન : ચૂર્ણ અને યોગ બન્ને ભૂકીરૂપ હોય છે. તો એમાં પરસ્પર શું તફાવત છે? જેથી યોગદ્વાર જુદું કહો છો.*

*ઉત્તર : આ સાચી વાત છે. પરંતુ શરીરના બહારના ભાગે ઉપયોગી હોય તે ચૂર્ણ કહેવાય અને અંદર અને બહાર બન્ને સ્થાને ઉપયોગી હોય તે યોગ કહેવાય. જેથી યોગ ખાવા લાયક અને ન ખાવા લાયક એમ બે પ્રકારે હોય છે. પાણી વગેરે પીવડાવવું વગેરે તે અભ્યવહાર્ય કે આહાર્ય યોગ છે. અને પગ વગેરે ઉપર લેપ લગાડવો તે અનાહારી યોગ છે. આ ચૂર્ણ અને યોગનો તફાવત છે.* ***વર્તમાનમાં સાધુઓ દ્વારા વાસક્ષેપ પીવડાવાય તે ચૂર્ણ દોષ અને એમને નિરોગી બનાવવા માટે માથા ઉપર નંખાય તે યોગપિંડ કહેવાય.***

**૧૬. મૂળકર્મ :** અતિગહન સંસારરૂપ વનનું જે મૂળ એટલે કારણ બને, તેવી પાપકારી ક્રિયારૂપ જે કર્મ તે મૂળકર્મ. મૂળ એ જ કર્મ છે તે મૂળકર્મ એટલે ગર્ભસ્તંભન, ગર્ભધાન, ગર્ભપાત, અક્ષતયોનિ, ક્ષીણયોનિ આદિ કરવા દ્વારા જે પિંડ મેળવવો તે મૂળકર્મ. આ સાધુને ન ખપે. કારણ કે પ્રદ્વેષ, પ્રવચન માલિન્ય, જીવઘાત વગેરે અનેક દોષોનો સંભવ છે. તે આ પ્રમાણે – ગર્ભસ્તંભન કે ગર્ભપાત સાધુએ કરાવ્યો એમ જાણવાથી દ્વેષ થાય. તેથી શરીરનો પણ નાશ થાય. ગર્ભાધાન, અક્ષતયોનિપણું કરવાથી યાવજ્જીવ મૈથુનપ્રવૃત્તિ ચાલે. પુત્ર ઉત્પત્તિમાં ગર્ભધાન થવાથી તે પ્રવૃત્તિ પ્રાયઃ કરી ઈષ્ટ બને છે. ક્ષીણયોનિપણું કરવાથી ભોગાંતરાય વગેરે દોષ થાય છે. **ક્યાંક ક્યાંક સાધુવેષધારી વિધવા વિવાહના સમર્થક બન્યાં છે તેઓને આ દોષપણ લાગે છે.** કારણ કે વિધવા પુર્નલગ્ન પછી એ સાધુને સારો સારો આહાર વહોરાવવા દ્વારા ભક્તિ કરે છે. (૫૬૭)

ઉત્પાદનાના સોળ દોષ કહ્યા હવે એષણાના દશ દોષો કહે છે.

**એષણા દોષ :**

**संकियमक्खियनिक्खित्तपिहियसाहरियदायगुमिस्सो अपरिणयलित्तछड्डियएसणदोषा दस हवंति ॥५६८॥**

**૧ શંકિત, ૨ મ્રક્ષિત, ૩ નિક્ષિપ્ત, ૪ પિહિત, ૫ સંહૃત, ૬ દાયક, ૭ ઉન્મિશ્ર, ૮ અપરિણત, ૯ લિપ્ત, ૧૦ છર્દિત આ એષણાના દશ દોષો છે.**

**૧. શંકિત :** આધાકર્મ વગેરેના દોષના સંભવની શંકા રાખવી, તે શંકિત. તેના ચાર ભાંગા થાય છે.

૧. ગોચરી લેતી વખતે અને વાપરતી વખતે શંકા રહે.

૨. ગોચરી લેતી વખતે શંકા અને વાપરતી વખતે નિઃશંક.

૩. વાપરતી વખતે શંકા પણ લેતી વખતે નિઃશંક.

૪. લેતી વખતે અને વાપરતી વખતે નિઃશંક.

પહેલા ત્રણ ભાંગામાં સોળ ઉદ્ગમ અને નવ એષણાના દોષ એમ પચ્ચીસ દોષોમાંથી જે દોષની શંકા રહે તે દોષ લેનાર વાપરનારને લાગે. એટલે કે જો આધાકર્મની શંકાથી જો ગ્રહણ કરે કે વાપરે તો આધાકર્મનો દોષ લાગે અને જો ઔદેશિકપણાની શંકા હોય તો ઔદેશિક દોષ લાગે.

ચોથો ભાંગો શુદ્ધ છે. તેમાં કોઈપણ દોષ લાગતો નથી. આ ભાંગાઓ આ રીતે સંભવે છે.

જે કોઈક સાધુ સ્વભાવે શરમાળ હોય, તે કોઈક ઘરે ગોચરી માટે ગયો હોય, ત્યાં ઘણી ભિક્ષા મળતી જોઈ વિચારે કે 'અહીં કેમ આટલી બધી ભિક્ષા અપાય છે?' પણ શરમના કારણે પૂછી ન શકે તેથી શંકાપૂર્વક લે અને શંકાયુક્ત વાપરે એ પહેલો ભાંગો.

ભિક્ષા માટે ગયેલ કોઈક સાધુ, કોઈક ઘરે શંકિત મનથી ઘણી ભિક્ષા લઈ પોતાના ઉપાશ્રયે આવે. વાપરતી વખતે તે સાધુનું મન શંકિત જોઈ બીજો સાધુ ભિક્ષાદાયક ઘરની હકિકત જાણતો હોવાથી, તે સાધુને કહે કે 'હે સાધુ! જ્યાં તમને ઘણી ભિક્ષા મળી તે ઘરે આજે મોટો પ્રસંગ છે કે મોટો લાભ થયો છે' એ પ્રમાણે તેની વાત સાંભળી આ શુદ્ધ છે – એવો નિશ્ચય કરી નિઃશંકપણે વાપરે એ બીજો ભાંગો.

કોઈક સાધુ કોઈક શેઠના ઘરેથી નિઃશંકપણે ઘણી ગોચરી લઈ ઉપાશ્રયે આવેલ હોય, ત્યાં બીજા સાધુઓને ગુરુની આગળ પોતાની ભિક્ષા સમાન જ ભિક્ષાને આલોચના કરતાં સાંભળી શંકિત થઈ વિચારે કે જેમ મેં ઘણી ભિક્ષા મેળવી છે એમ બીજા સંઘાટકોએ મેળવી છે, માટે નક્કી આ આધાકર્મ વગેરે દોષવાળું હશે. આ પ્રમાણે વિચારતો વાપરે તે ત્રીજો ભાંગો.

**૨. મ્રક્ષિત :** પૃથ્વી વગેરેથી ખરડાયેલ અથવા સંયુક્ત હોય તે મ્રક્ષિત. તે મ્રક્ષિત સચિત્ત અને અચિત્ત એમ બે પ્રકારે છે.

પૃથ્વીકાય મ્રક્ષિત, અપ્કાય મ્રક્ષિત અને વનસ્પતિકાય મ્રક્ષિત એમ સચિત્ત મ્રક્ષિત ત્રણ પ્રકારે છે.

સૂકી કે ભીની સચિત્ત પૃથ્વીકાયથી આપવા યોગ્ય વસ્તુ વાસણ કે હાથ વગેરે જો ખરડાયેલ હોય તો તે સચિત્ત મ્રક્ષિત છે.

અપ્કાય મ્રક્ષિતના ચાર ભેદો છે. ૧. પુરઃકર્મ, ૨. પશ્ચાત્કર્મ, ૩. સસ્નિગ્ધ અને ૪. ઉદકાર્દ્ર.

(અ) પુરઃકર્મ – સાધુને ભોજન આપવા પહેલાં જે હાથ, વાસણ વગેરે પાણીથી ધોવા તે.

(બ) પશ્ચાત્ કર્મ – જે ભોજન આપ્યા પછી હાથ વગેરે ધોવા તે.

(ક) સસ્નિગ્ધ – કંઈક પાણીથી ખરડાયેલ એટલે છાંટા ઉડેલ હાથ વગેરે ધોયે તે.

(ડ) ઉદકાર્દ્ર – સ્પષ્ટપણે પાણીનો સંપર્ક જણાતો હોય તે.

કેરી વગેરેના તરત કરેલ ટુકડા વગેરેથી જે હાથ વગેરે ખરડાયેલ હોય તે વનસ્પતિકાય મ્રક્ષિત.

અગ્નિ, વાયુ અને ત્રસકાયથી મ્રક્ષિતપણું હોતું નથી. અગ્નિ વગેરેનો સંસર્ગ હોવા છતાં પણ લોકમાં મ્રક્ષિતપણાનો વ્યવહાર નથી.

અચિત્ત મ્રક્ષિત ગર્હિત અને અગર્હિત એમ બે પ્રકારે છે.

ગર્હિત એટલે ચરબી વગેરે નિંદનીય ચીજથી ખરડાયેલ તે.

અગર્હિત એટલે ઘી વગેરેથી ખરડાયેલ તે.

અહીં સચિત્ત મ્રક્ષિત તો સાધુને બિલ્કુલ ન ખપે. અચિત્ત મ્રક્ષિત તો લોકમાં અગર્હિત ઘી વગેરેથી ખરડાયેલ હોય, તે ખપે પણ નિંદિત જે ચરબી વગેરેથી ખરડાયેલ હોય તે ન ખપે.

**૩. નિક્ષિપ્ત :** સચિત્ત વસ્તુ પર જે રાખેલ હોય તે નિક્ષિપ્ત. તે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ નિક્ષિપ્ત એમ છ પ્રકારે જાણવું. તે છ પ્રકારો અનંતર અને પરંપર એમ બે પ્રકારે છે.

અનંતર એટલે કોઈક જાતના આંતરા વગર રાખેલું ભોજન હોય તે. જેમ સચિત્ત માટી વગેરે પર જે પકવાન, માંડા વગેરે કોઈપણ આંતરા વગર રાખ્યા હોય તે અનંતર નિક્ષિપ્ત કહેવાય.

પરંપર એટલે આંતરા પૂર્વક જે રાખેલ હોય તે. જેમ સચિત્ત માટી વગેરે પર રહેલ તાવડી વગેરેમાં જે પકવાન વગેરે જે રાખેલ હોય તે પરંપર નિક્ષિપ્ત કહેવાય.

માખણ કે થીજેલું ઘી વગેરેને સચિત્ત પાણીમાં જે રાખ્યું હોય તે અનંતર નિક્ષિપ્ત તથા તેજ માખણ વગેરે કે પકવાન વગેરેને પાણીમાં રહેલી તાંવડી વગેરેમાં રાખ્યાં હોય તે પરંપર નિક્ષિપ્ત.

અગ્નિ પર જે પાપડ વગેરે સેકે તે અનંતર નિક્ષિપ્ત અને અગ્નિ પર રહેલ તાવડી વગેરેમાં જે રખાય તે પરંપર નિક્ષિપ્ત.

વાયુ (પવન)થી ઉડેલા ચોખા, પાપડ વગેરે અનંતર નિક્ષિપ્ત. અહીં જેનાથી જે ઉડે તે ત્યાં રહેલ છે એવી વિવક્ષાથી અનંતરનિક્ષિપ્ત ગણવામાં આવ્યું છે. વાયુથી ભરેલ મશક વગેરે પર રહેલ માંડા વગેરે ચીજો તે પરંપર નિક્ષિપ્ત.

સચિત્ત દાણા, ફળ વગેરે પર રહેલા પુરી-માંડા વગેરે અનંતર નિક્ષિપ્ત. લીલોતરી પર રહેલ તાવડીમાં રખાયેલ પુડલા વગેરે પરંપર નિક્ષિપ્ત.

બળદ વગેરેની પીઠ પર રખાયેલ પુડલા, લાડુ વગેરે ત્રસ અનંતર નિક્ષિપ્ત. અને બળદ વગેરેની પીઠ પર રખાયેલ કુતુપ (ચામડાની કોથળી) વગેરે વાસણોમાં રખાયેલ ઘી, લાડુ વગેરે પરંપર નિક્ષિપ્ત.

આમાં પૃથ્વી વગેરે પર રહેલ અનંતર નિક્ષિપ્ત ચીજો સચિત્ત પૃથ્વી વગેરે પર રહેલ હોવાથી સંઘટ્ટા વગેરે દોષના સંભવના કારણે સાધુઓને અકલ્પ્ય છે. **પરંપર નિક્ષિપ્ત તો સચિત્ત સંઘટ્ટા વગેરેના ત્યાગ પૂર્વક જયણાથી આપે તો લઈ શકાય. ફક્ત તેજસ્કાયપરંપરનિક્ષિપ્ત ગ્રહણમાં જે વિશેષ છે તે કહે છે.**

જેમ શેરડીનો રસ પકાવવાની જગ્યાએ અગ્નિ પર રહેલ કડાઈ વગેરેને જો ચારે તરફથી માટીનો લેપ કરેલ હોય તથા અપાતો શેરડીનો રસ ઢોળાતો ન હોય અને તે કડાઈનું મોઢું વિશાળ હોય, શેરડીનો રસ કડાઈમાં નાખ્યાને ઘણો ટાઈમ થયો હોય ઘણો ગરમ ન હોય, એવો શેરડીનો રસ આપે તો ખપે. (એવી જ રીતે ભઠ્ઠી ઉપર રહેલ ઉકાળેલ પાણી, દૂધ, ચા આદિ તરળ પદાર્થ કે પિંડ માટે સમજવું)

અહીં અપાતા શેરડીના રસનું ટીપું જો કોઈ રીતે બહાર પડે તો લેપ પર જ રહે, પણ ચૂલામાં રહેલ અગ્નિકાયમાં ન પડે તેથી માટીથી લેપ કરેલ કડાઈ એમ કહ્યું. તથા વિશાળ મોઢાવાળી કડાઈ વગેરેમાંથી રસ લેતાં ડોયો વગેરે કડાઈના કાનાને ન લાગે એટલે કડાઈ ભાંગે નહીં. આથી તેઉકાયની વિરાધના ન થાય માટે વિશાળ મુખ કહ્યું. તથા અતિ ગરમ જો શેરડીનો રસ અપાય તો જે વાસણમાં લેવાય તે વાસણ ગરમ થઈ જવાથી વહોરનાર સાધુનો હાથ બળે-આ રીતે આત્મ વિરાધના. જે વાસણ વડે દાત્રી આપે, તે વાસણ અતિ ગરમ હોવાથી તે દાતા બાઈ પણ દાઝે. અતિ ગરમ શેરડીના રસ વગેરેને આપતાં દાતાર બાઈ તકલીફપૂર્વક આપી શકે. કષ્ટપૂર્વક આપવાથી ગમે તે રીતે સાધુના પાત્રમાંથી બહાર રસ વગેરે પડવાથી અપાતો શેરડીનો રસ બગડે અને સાધુનું પાત્ર (ફૂટે) બગડે. ઉપાશ્રયમાં લાવવા માટે સાધુએ ઉપાડેલ પાત્રુ અતિ ગરમ હોવાથી જમીન પર પડવાથી ફૂટી જાય કે દાતા બાઈએ આપવા માટે હાથાવગરનો ડોયો લીધો હોય તો તે પણ અતિ ગરમ હોવાથી હાથમાંથી છટકી જવાના કારણે જમીન પર પડવાથી ફૂટી જાય તેથી છ જીવનિકાયની વિરાધના અને સંયમ વિરાધના થાય છે. માટે અતિ ઉષ્ણ નહીં, એમ કહ્યું.

**૪. પિહિત :** સચિત્ત વડે ઢાંકવું તે પિહિત. તે પૃથ્વીકાય વગેરેના છ ભેદે છે અને તે છ ભેદ પણ અનંતરના અને પરંપર એમ બે પ્રકારે છે.

૧. સચિત્ત પૃથ્વીકાય વડે માંડા વગેરેને ઢાંકવું તે સચિત્ત પૃથ્વીકાય-અનંતરપિહિત. સચિત્ત પૃથ્વીકાયરૂપ પિઠર વચ્ચે રાખીને ઢાંકવું, તે સચિત્ત પૃથ્વીકાય પરંપર પિહિત.

૨. બરફ વગેરે સચિત્ત અપ્કાય વડે માંડા વગેરેને ઢાંકવું તે સચિત્ત-અપ્કાય-અનંતરપિહિત. બરફ વગેરે જેમાં રહેલા હોય તેવા ઢાંકણા વગેરે વડે ઢાંકવું તે સચિત્ત અપ્કાયપરંપરપિહિત.

૩. થાળી વગેરેમાં સંસ્વેદિમ પદાર્થ વગેરે વચ્ચે અંગારા મૂકીને હિંગ વગેરેનો વઘાર જ્યારે અપાય, ત્યારે તે અંગારા વડે કેટલાક સંસ્વેદિમને પણ સ્પર્શ થયેલ હોય છે, તે તેજસ્કાય અનંતરપિહિત. એ પ્રમાણે મુર્મુર-અંગારા વગેરેમાં નાખેલ ચણા, મમરા વગેરે પણ અનંતરપિહિત જાણવું.

અંગારા ભરેલ શરાવડા તથા ઢાંકેલ તાવડી વગેરે તે પરંપરપિહિત.

૪. અંગારાના ધૂમાડા કે ધૂપ વગેરે સીધો અડતો હોય, તે અનંતરવાયુપિહિત જાણવું. કેમકે જ્યાં અગ્નિ હોય ત્યાં વાયુ હોય છે. એવા પ્રકારના વચનથી વાયુઅનંતરપિહિત જાણવું. વાયુ ભરેલ મશક વગેરેથી ઢાંકેલ હોય, તે પરંપર પિહિત.

૫. ફળ વગેરેના સીધા સંપર્કપૂર્વક ઢાંકેલ તે વનસ્પતિઅનંતરપિહિત. ફળ ભરેલ છબડી વગેરે વડે ઢાંકેલ પરંપરપિહિત.

૬. માંડા-લાડુ વગેરે ઉપર ચાલતી કીડીની હાર વગેરે ત્રસઅનંતરપિહિત. કીડી વગેરેથી ઘેરાયેલ શરાવડા વગેરેથી ઢાંકેલ તે ત્રસપરંપરપિહિત.

આમાં પૃથ્વીકાય વગેરે અનંતરપિહિત તો સાધુને સંઘટ્ટા વગેરે દોષના કારણે ન ખપે. **પરંપરપિહિત તો યતનાપૂર્વક લઈ શકાય.** અચિત્ત દેય વસ્તુ અચિત્ત વસ્તુથી ઢાંકેલ હોય તેની ચતુર્ભંગી આ પ્રમાણે થાય છે.

૧. ભારે ચીજને ભારે ચીજ વડે ઢાંકવી.

૨. ભારે ચીજને હલકી ચીજ વડે ઢાંકવી.

૩. હલકી ચીજને ભારે ચીજ વડે ઢાંકવી.

૪. હલકી ચીજને હલકી ચીજ વડે ઢાંકવી.

આમાં પહેલો અને ત્રીજો ભાંગો અગ્રાહ્ય છે, કેમકે ભારે ચીજને ઉપાડવાથી કોઈક વખતે પડવાથી પગ વગેરે ભાંગવાનો સંભવ છે.

બીજો અને ચોથો ભાંગો દોષોનો અભાવ હોવાથી ગ્રાહ્ય છે.

દેય વસ્તુ જેમાં રાખેલ હોય, તે તાવડી વગેરે હોય તો પણ વાટકી વગેરે વડે દાન આપી શકાય છે.

**૫. સંહૃત :** કોઈ દાતા બાઈ વાટકી વગેરે વડે જે ભોજન વગેરે આપવા ઈચ્છતી હોય, તે આપવા યોગ્ય ભોજન વગેરેમાં કોઈક સચિત્ત, અચિત્ત કે મિશ્ર અદેય પદાર્થ હોય, તો તે ન આપવા યોગ્ય સચિત્ત ચીજને બીજી જગ્યાએ મૂકી તે દેય ચીજ આપે, તે સંહૃત કહેવાય છે.

તે અદેય ચીજ ક્યારેક સચિત્ત પૃથ્વી વગેરેમાં નાંખે કે ક્યારેક અચિત્તમાં કે ક્યારેક મિશ્રમાં નાંખે. મિશ્ર સચિત્તમાં જ અંતર્ગત હોવાથી સચિત્ત અચિત્ત પદ વડે ચાર ભાંગા થાય છે.

૧. સચિત્તનું સચિત્તમાં સંહરણ.

૨. સચિત્તમાં અચિત્તનું સંહરણ.

૩. અચિત્તમાં સચિત્તનું સંહરણ.

૪. અચિત્તમાં અચિત્તનું સંહરણ.

આમાં પહેલા ત્રણ ભાંગામાં સચિત્તનો સંઘટ્ટ વગેરે દોષો સંભવતા હોવાથી ન ખપે. ચોથા ભાંગામાં તેવા દોષનો સંભવ ન હોવાથી ખપે છે.

અહીં પણ અનંતર પરંપર પ્રરૂપણા વિચારણા આગળ પ્રમાણે કરવી.

જેમ સચિત્તપૃથ્વીકાયમાં જે સંહરે તો અનંતર સચિત્ત પૃથ્વીકાય સંહૃત કહેવાય અને જો સચિત્ત પૃથ્વીકાય પર રહેલ તાવડી વગેરેમાં જો સંહરે તો પરંપર સચિત્ત પૃથ્વીકાય સંહૃત કહેવાય, એ પ્રમાણે અપ્કાય વગેરેમાં વિચારવું. અનંતર સંહૃત ન લેવું પરંપર સંહૃત જો સચિત્ત પૃથ્વીકાય વગેરેનો સંઘટ્ટો ન હોય તો લેવું.

**૬. દાયક :** દાયક દોષથી યુક્ત પિંડ. દાયક એટલે દાતા તે અનેક પ્રકારના હોય છે. તે આ પ્રમાણે – ૧. સ્થવિર, ૨. અપ્રભુ, ૩. નપુંસક, ૪. ધ્રુજતા શરીરવાળો, ૫. તાવવાળો, ૬. અંધ, ૭. બાળક, ૮. મત્ત, ૯. ઉન્મત્ત (ગાંડો), ૧૦. કપાયેલ હાથવાળો, ૧૧. કપાયેલ પગવાળો, ૧૨. ગળત્ કોઢવાળો, ૧૩. બંધાયેલ, ૧૪. પાદુકા પહેરેલ, ૧૫. ખાંડતી, ૧૬. પીસતી કે વાટતી, ૧૭. પીંજતી, ૧૮. ભુંજતી, ૧૯. કાંતતી, ૨૦. દળતી, ૨૧. જમતી, ૨૨. ગર્ભવતી, ૨૩. નાના બાળકવાળી, ૨૪. છકાયનો સંઘટ્ટો કરતી, ૨૫. કપાસમાંથી રૂ જુદુ કરતી, ૨૬. રૂનો હાથ વડે છૂટું કરતી, ૨૭. વલોણું કરતી, ૨૮. છ જીવનિકાયની હિંસા કરતો, ૨૯. ઉપદ્રવવાળો. એવા પ્રકારના સ્વરૂપવાળો દાતાર ગોચરી આપે તો ન ખપે.

૧. સ્થવિર – સીત્તેર વર્ષનો કે મતાંતરે ૬૦ વર્ષની ઉપરનો હોય તે વૃદ્ધ કહેવાય. તેને મોટે ભાગે મોઢામાંથી લાળ પડતી હોય છે, તેથી દેય ચીજને લાળથી ખરડી (બગાડી) નાખે છે. આથી લોકોમાં જુગુપ્સા થાય.

તેના હાથ કંપતા હોય તો હાથ કંપતો હોવાથી દેય ચીજને જમીન પર પાડે, તેથી છ જીવનિકાયની

વિરાધના થાય તથા પોતે અથવા વૃદ્ધ દાન આપતો આપતો જમીન પર પડે, તેથી તેને પણ પીડા થાય અને જમીન પર રહેલ છ જીવનિકાયની વિરાધના થાય.

૨. અપ્રભુ – મોટે ભાગે વૃદ્ધ પુરુષ ઘરનો સ્વામિ હોતો નથી, તેથી તે વૃદ્ધ દાન આપે તો જે ઘરના માલિક રૂપે હોય તેને એમ થાય કે 'આ વૃદ્ધને દાન આપવાનો શો અધિકાર છે? એ પ્રમાણે દ્વેષ થાય. વૃદ્ધ પણ જો ઘરનો માલિક હોય , ધ્રુજતો હોય પણ બીજો એનો હાથ વગેરે પકડીને દાન આપે અથવા તે વૃદ્ધ મજબૂત સ્વસ્થ શરીરવાળો હોય, તો તેના હાથે પણ ખપે.

૩. નપુંસક – નપુંસક પાસેથી વારંવાર ભિક્ષા ગ્રહણ કરવાથી અતિપરિચય થવાના કારણે તે નપુંસકને કે સાધુને વેદોદય થાય, તેના કારણે નપુંસકનું સાધુને ભેટવા વગેરે કરવાથી બંનેને કર્મબંધ થાય. તથા લોકમાં પણ 'આ સાધુઓ હલકા નપુંસકો પાસેથી ભિક્ષા લે છે.' એમ લોકનિંદા થાય. આમાં આ અપવાદ છે કે વર્ધિતક, ચિપ્પિત, મન્ત્રોપહત, ઋષિશપ્ત, દેવશપ્ત વગેરેમાં કોઈક અપ્રતિસેવી, (દુરાચાર ન સેવનાર) હોય તેની પાસે ભિક્ષા લેવાય.

૪. ધ્રુજતા શરીરવાળો – ધ્રુજતા શરીરવાળો પણ ભિક્ષા આપવાના વખતે વસ્તુ લાવતા લાવતા જમીન પર વેરે તથા સાધુના પાત્રાની બહાર ભિક્ષા નાંખે, અથવા દેય ચીજનું વાસણ જમીન પર પાડવાના કારણે ફોડી નાંખે.

તે ધ્રુજતા શરીરવાળો પણ જો મજબૂત રીતે ભિક્ષા આપવાનું વાસણ પકડે અથવા પુત્ર વગેરે મજબૂત રીતે હાથ પકડી ભિક્ષા અપાવે તો ખપે.

૫. તાવવાળો – તાવવાળા પાસે ભિક્ષા લેવાથી તાવનું સંક્રમણ સાધુમાં પણ થાય, લોકોમાં 'અહો આ લોકો કેવા આહાર લંપટ છે કે આવા તાવવાળા પાસેથી પણ ભિક્ષા લે છે' એમ અપભ્રાજના થાય. હવે જો ચેપ ન લાગે એવો જો તાવ હોય, તો જયણાપૂર્વક લઈ શકાય.

૬. અંધ – અંધ પાસે ભિક્ષા ગ્રહણ કરવાથી અપભ્રાજના થાય કે, અરે આ લોકો કેવા ખાઉધરા છે કે જે આપી ન શકે એવા અંધ પાસેથી પણ ભિક્ષા લે છે. તથા અંધ જોતો ન હોવાથી જમીન પર રહેલ ષડ્જીવનિકાયને વિરાધે. અંધ પત્થર વગેરે સાથે ઠોકર લાગવાથી જમીન પર પડી પણ જાય, તેથી ભિક્ષા આપવા માટે ઉપાડેલ થાળી વગેરે હાથમાંથી પડવાના કારણે ભાંગી જાય અને સાધુના પાત્રાની બહાર નાંખવાના કારણે ગોચરી ઢોળાઈ જાય.

તે અંધ પણ છોકરા વગેરેનો હાથ પકડી જયણાપૂર્વક આપે તો ખપે.

૭. બાળક – બાળક એટલે જન્મથી આઠ વર્ષની અંદરનો હોય છે તે. જો તેની માતા વગેરે હાજર ન હોય અને આપવાના પ્રમાણને ન જાણતો હોવાથી વધારે ભિક્ષા આપી દે, તો 'અરે! આ સાધુ સારા આચારવાળા નથી પણ લૂંટારા છે? એ પ્રમાણે હીલના થાય અને માતા વગેરેને સાધુ ઉપર દ્વેષ થઈ જાય.

૮. મત્ત – મત્ત એટલે દારૂ વગેરે પીધેલ હોય તે. તે ભિક્ષા આપે તો નશો કરેલ હોવાથી કદાચ સાધુને ભેટી પડે. પાત્રા ભાંગી નાખે અથવા ગોચરી આપતા આપતા પીધેલ દારૂની ઉલટી કરે કે ઉલટી કરતા સાધુને કે સાધુના પાત્રાને ખરડી નાંખે. તેથી લોકમાં જુગુપ્સા થાય કે આ સાધુઓને ધિક્કાર હો કે, જેઓ નશાખોર પાસેથી ભિક્ષા લે છે.' તથા કોઈ નશાખોર નશામાં ચકચૂર હોવાથી, હે મુંડિયા ! અહીં કેમ આવ્યો છે ? એ પ્રમાણે બોલતો ઘાત પણ કરે.

૯. ઉન્મત્ત – ઉન્મત્ત એટલે અભિમાની અથવા ગ્રહ-ભૂત-વગેરેથી ઘેરાયેલ હોય. આમાં પણ ઉપરોક્ત

જ ઉલટી સિવાયના આલિંગન વગેરે દોષો જાણવા.

મત્ત પણ જો ભદ્રિક અને નશા વગરનો હોય અને ત્યાં કોઈ ગૃહસ્થ ન હોય, તો તેના હાથે પણ ખપે. ઉન્મત્ત પણ જો પવિત્ર અને ભદ્રિક હોય, તો ખપે.

૧૦. કપાયેલ હાથવાળો – છિન્નકર એટલે હાથ કપાયેલ હોવાથી પેશાબ-સંડાસ વગેરેમાં પાણી શૌચના અભાવથી અપવિત્ર જ હોય છે. તેના હાથે લેવાથી લોકો નિંદા કરે. હાથ ન હોવાથી જે વાસણ વડે ભિક્ષા આપે, તે વાસણ કે દેય વસ્તુ જમીન પર પડે. તેથી છ જીવનિકાયની હિંસા થાય.

૧૧. કપાયેલ પગવાળો – છિન્નચરણમાં પણ આ દોષો જ જાણવા. પગ ન હોવાથી ભિક્ષા આપવા માટે ચાલતા-ચાલતા પડી જાય તથા જમીન પર રહેલ કીડી વગેરે ઘણા જીવોનો નાશ થાય.

કપાયેલ હાથવાળો પણ જો ગૃહસ્થનો અભાવ હોય, ત્યારે આપે તો જયણાપૂર્વક લઈ શકાય. કપાયેલ પગવાળો પણ ગૃહસ્થ ન હોય, ત્યારે બેઠા બેઠા આપે તો લઈ શકાય.

૧૨. ગળત્-કોઢવાળો – ગળતા કોઢવાળા પાસેથી લેવાથી તેનો શ્વાસોશ્વાસ, ચામડીનો સ્પર્શ, અર્ધપક્વ લોહી, પરસેવો, મેલ, લાળ વગેરે વડે ચેપ લાગવાથી સાધુને કોઢ રોગનો સંક્રમ થાય. જો તે કોઢ ફક્ત [1]મંડલ પ્રસૂતિરૂપ એટલે સફેદ ડાઘરૂપ જ હોય, એવા શરીરવાળા પાસે ગૃહસ્થનો અભાવ હોય, ત્યારે આપે તો ખપે. પરંતુ બીજા ગળત્કોઢવાળા પાસેથી નહિ પણ ગૃહસ્થ જોતા હોય ત્યારે તો ન ખપે.

૧૩. બંધાયેલ – હાથમાં લાકડાનું બંધન તે હસ્તાકડુ તથા પગને લોખંડનું જે બંધન તે બેડી (નિગડ). હાથ-પગની બેડીથી બંધાયેલ દાતા, જો ભિક્ષા આપે તો તેને દુઃખ થાય. ઝાડો પેશાબમાં શુદ્ધિ ન કરી શકવાથી ભિક્ષા ગ્રહણ કરે, તો લોકમાં નિંદા થાય કે 'આ લોકો અપવિત્ર છે. કેમકે અપવિત્રની પાસેથી પણ ભિક્ષા લે છે.'

પગથી બંધાયેલ આજુ-બાજુમાં પીડા વગર જઈ શકતો હોય, તો તેની પાસેથી ખપે. હવે જો આજુ-બાજુ ન જઈ શકતો હોય, તે જો બેસીને આપે અને ત્યાં કોઈ ગૃહસ્થ ન હોય, તો ખપે. હાથમાં બેડીવાળો તો ભિક્ષા આપવા અસમર્થ હોવાથી ત્યાં નિષેધ જ છે. એમાં કોઈ વિકલ્પ જ નથી.

૧૪. પાદુકા – પાદુકા એટલે લાકડાની ચાખડી. તે પહેરેલ દાતા ભિક્ષા આપવા માટે ચાલતા ક્યારેક બરાબર ન પહેરાયા હોય, તો પડી જાય માટે ન ખપે. પાદુકા પહેરેલ જો સ્થિર હોય તો કારણે ખપે.

૧૫. ખાંડતી – ખાંડતી (છડતી) હોય. ઉખરામાં ભાત વગેરેને છડતી (ખાંડતી) હોય તો ન લેવાય. કારણ કે ઉખારામાં નાંખેલ ભાત વગેરેના બીજનો સંઘટ્ટો કરતી હોવાથી તથા ભિક્ષાદાન પહેલા અને પછી પાણી વડે હાથ ધોવાથી પુરઃકર્મ અને પશ્ચાત્કર્મ વગેરે દોષો થાય છે.

જો અહીં ખાંડનારી બાઈએ ખાંડવા માટે મુશલ ઉપાડ્યું હોય, અને મુશળની [2]કાંચી ઉપર બીજ લાગેલ ન હોય અને તે વખતે જો સાધુ આવી જાય. ત્યારે તે બાઈ મુશલને ન પડે એવી રીતે ઘરના ખૂણા વગેરેમાં મૂકી ભિક્ષા આપે તો ખપે.

૧૬. પિસતી – વાટવાના પત્થર પર તલ-આમળા વગેરેને વાટતી હોય, ત્યારે ભિક્ષા આપવા માટે ઉભી

૧. મંડલ એટલે ગોળાકાર ચગદા (દાદર) પ્રસૂતિ એટલે નખથી ખણવા છતાં પણ પીડા ન થાય તેવા દાગ.

૨. લોખંડની ગોળાકાર બંગડી જેવું છેડા પર જે લગાડેલ હોય તે.

થાય તે વખતે તલ વગેરેના સચિત્ત નખીયા હાથ વગેરે પર લાગ્યા હોય છે. તેને ભિક્ષા આપવા માટે ઝાટકતા અથવા ભિક્ષા આપતી વખતે તેના સંપર્કથી તેની વિરાધના થાય છે અને ભિક્ષા આપ્યા પછી ખરડાયેલ બંને હાથ પાણીથી ધોતા અપ્કાયની વિરાધના થાય છે.

**વાટવાનું પૂરુ થઈ ગયું હોય અથવા અચિત્ત વસ્તુ વાટતી હોય અને આપે તો ખપે.**

૧૭. ભુંજતી – ચૂલા પર કઢાઈ વગેરેમાં ચણા વગેરે ભુંજતી વખતે ભિક્ષા આપતા વાર લાગે. તો તે વખતે ચણા વગેરે બળી જાય તો દ્વેષ થાય છે.

આમાં જે સચિત્ત ઘઉં વગેરે કઢાઈમાં નાંખેલ હોય તે ફૂટી ગયા પછી ઉતારી લીધા હોય અને બીજા દાણા નાખવા માટે હાથમાં હજુ લીધા ન હોય, તે વખતે સાધુ ગોચરી માટે આવી ગયા હોય અને ઉઠીને આપે તો ખપે.

૧૮-૨૧ કાંતતી-પીંજતી-કપાસીયા કાઢતી અને રૂ છૂટું કરતી – કાંતતી, પીંજતી, કપાસીયા કાઢતી અને રૂ છૂટું કરતી દાત્રી આપે તો ન ખપે.

રેંટીયા વડે રૂની પૂણીને સૂતર રૂપે કરતી હોય તે કાંતતી કહેવાય.

લોઢી પર એટલે લોખંડની પાટલી પર કપાસમાંથી ઠણકવડે એટલે લોખંડના સળીયા વડે કપાસીઆને છૂટા કરી રૂ બનાવે તે લોઢતી કહેવાય.

બે હાથ વડે રૂને વારંવાર છૂટું કરે તે.

પિંજવા વડે રૂને છૂટું કરે તે પીંજતી.

દેય વસ્તુથી ખરડાયેલ હાથ ધોવારૂપ પુરઃકર્મ, પશ્ચાત્કર્મ વગેરે દોષોના સંભવ છે અને કપાસીયા વગેરે સચિત્ત સંઘટ્ટાનો સંભવ છે.

આમાં કાંતતી વખતે જો સુતરને અતિ સફેદાઈ લાવવા માટે શંખ ચૂર્ણ વડે હાથ ખરડ્યા ન હોય અથવા હાથ ખરડેલા હોય તેને પાણીથી ન ધુએ, તો ખપે. રૂ છૂટું કરતા કે રૂ પીંજતા જો પશ્ચાત્કર્મ ન થતું હોય તો ખપે.

૨૨. દળતી – ઘંટીમાં ઘઉં વગેરે દળતી હોય તે વખતે આપે, તો ઘંટીમાં નાંખેલ બીજનો સંઘટ્ટો થાય અને હાથ ધુએ તો પાણીની વિરાધના થાય.

સચિત્ત ભાગ વગેરે દળાઈ ગયા હોય અને ઘંટી છોડી દીધી હોય, તે વખતે સાધુ આવી જાય અથવા અચિત્ત મગ વગેરેની દાળ દળતી હોય, તો તેના હાથે ખપે.

૨૩. વલોણું કરતી – દહિંને મથતી આપે તો દહિં વગેરે સંસક્ત એટલે જીવવાળું હોય તેને મંથન કરતી હોય તે વખતે સચિત્ત પાણી આદિથી સંસક્ત દહિં જીવોનો વધ થાય છે. અહીં જો અસંસક્ત દહિં વગેરે મંથન કરતા હોય, તો તે ખપે.

૨૪. ખાતી – દાતાર બાઈ ખાતી-ખાતી ભિક્ષાદાન માટે ઉભી થાય એટલે હાથ ધુએ અને હાથ ધોવાથી પાણીના જીવોની વિરાધના થાય છે. હવે હાથ ન ધુએ તો લોકોમાં જુગુપ્સા થાય. કહ્યું છે કે 'છકાયની દયાવાળા સાધુ પણ જો આહાર નિહાર અને ગોચરી વહોરવામાં દુર્ગંછનીય કરે તો બોધિ દુર્લભ કરે છે.'

૨૫. ગર્ભવતી – ગર્ભવતી બાઈ પાસે ભિક્ષા ન લેવી. કેમકે તેને ભિક્ષા માટે ઉભા થતા કે ભિક્ષા આપીને બેસતા ગર્ભને પીડા થાય. સ્થવિર કલ્પીને, આઠ મહિના સુધીના ગર્ભવાળીના હાથે ખપે, પ્રસવ થયાના મહિનામાં ન ખપે. ઉઠ-બેસ કર્યા વગર જે પ્રમાણે હોય તે પ્રમાણે રહીને ભિક્ષા આપે તો પ્રસવ થવાના મહિનામાં પણ ખપે.

૨૬. નાના બાળકવાળી – નાના બાળકવાળી બાઈ, બાળકને જમીન પર કે ખાટલા પર મૂકીને જો ભિક્ષા આપે, તો તે બાળકને બિલાડી-કૂતરા વગેરે માંસનો ટૂકડો કે સસલાનું બચ્ચું છે – એમ જાણી મારી નાખે તથા આહારથી ખરડાયેલ હાથ સૂકાવાથી કર્કશ થાય, તેથી ભિક્ષા આપીને દાત્રી બાઈ હાથવડે બાળકને લે, તો બાળકને પીડા થાય. જેનો બાળક આહાર કરતો હોય અને જમીન પર મૂકતા રડતો ન હોય, તો તેના હાથે સ્થવિર કલ્પીને ભિક્ષા ખપે. કેમકે આહાર ગ્રહણ કરતો બાળક પ્રાયઃ કરી શરીરે મોટો હોય છે, તેથી બિલાડી વગેરે દ્વારા મરવાનો પ્રસંગ ન થાય.

જિનકલ્પી ભગવંતો, નિરપવાદ સૂત્રવાળા હોવાથી ગર્ભાધાન વગેરે જાણીને પહેલેથી ગર્ભવતી અને બાળકવાળી બાઈના હાથની ભિક્ષા બિલકુલ છોડી દે.

૨૭. છકાયનો સંઘટ્ટો કરતી – પૃથ્વી, અપ્, તેજસ્કાય, વાયુકાય, વનસ્પતિ અને ત્રસકાય. આ છ જીવનિકાયને હાથ પગ વગેરે શરીરના અવયવથી સંઘટ્ટો થતો હોય. સચિત્ત મીઠું, પાણી, અગ્નિ, પવનથી ભરેલ મશક, બીજોરા વગેરે ફળાદિ હાથમાં રહેલ હોય, સિદ્ધાર્થક (અડદ વગેરેના દાણા) દૂર્વા, ઘાસ, પલ્લવ, માલતી, શતપત્રિકા, કમલીની વગેરે ફૂલો માથા પર રહેલ હોય, માલતી વગેરે ફૂલની માળા છાતી પર પહેરેલ હોય, જાસુદ વગેરે ફૂલોના આભૂષણરૂપે કાનમાં પહેરેલ હોય, પરિધાનની અંદર કમરમાં સારા ડીંટીયાવાળા તાંબૂલ નાગરવેલના પાન રાખેલ હોય. સચિત્ત પાણીના કણીયા વગેરે પગ પર લાગેલ હોય ને જો આપે તો ન ખપે. સંઘટ્ટા વગેરે દોષનો સંભવ હોવાથી.

૨૮. છકાયની હિંસા કરતી – પૃથ્વીકાય વગેરે છજીવનિકાયનો નાશ કરતા આપે, તો ન ખપે.

કોશ (હળ) વગેરે વડે જમીન ખોદવા વડે પૃથ્વીકાયનો નાશ, સ્નાન, કપડા ધોવા, ઝાડને પાણી સિંચવા વડે અપ્કાયનો નાશ. ઉંબાડીયા વગેરે અડવા કે ઘસવા વડે અગ્નિકાયનો નાશ. ચૂલામાં અગ્નિ ફૂંકવા વડે, લાઈટ ચાલુ કરતી હોય, પંખો ચાલુ કરતી હોય, ફ્રીજમાં પદાર્થ મૂકતી હોય, પ્રાયમસ, ગૈસ ચાલુ કરતી હોય, વાયુ ભરેલ મશક વગેરેને આમ-તેમ ફેંકવા વડે વાયુકાયનો નાશ. ચિભડા વગેરેને છેદવાથી વનસ્પતિકાયનો નાશ, ખાટલા, માંચા વગેરેમાં માંકડને મારવાથી ત્રસકાયનો નાશ કરતી દાતા બાઈ આપે, તો ન ખપે.

૨૯. સપ્રત્યપાય – જેમાં ઉપદ્રવનો સંભવ હોય તે અપાય. તે અપાયો તિર્ચ્છા, ઉપર અને નીચેના એમ ત્રણ પ્રકારે છે. ગાય વગેરે પ્રાણીઓ વડે તિર્ચ્છા અપાય થાય. બારણાની બારશાખનાં લાકડા વગેરે વાગવાથી ઉર્ધ્વઅપાય. સાપ, કાંટા વગેરેથી અધોઅપાય છે. આ રીતે ત્રણે અપાયોમાંથી કોઈપણ અપાયને બુદ્ધિ વડે કલ્પી (વિચારી) ત્યાંથી ભિક્ષા ન લે.

અહીં છ જીવનિકાયને સંઘટ્ટો કરતા કે વિનાશ કરતા આપે તેમાં તથા સપ્રત્યપાયમાં અપવાદ નથી, તેથી તે રીતે આપે, તો બિલકુલ ન જ ખપે. બાકીના દાયકોમાં અપવાદ બતાવ્યા જ છે. બીજા પણ દાયક દોષો જાતે શાસ્ત્રાંતરથી વિચારી ત્યાગ કરવા.

૭. **ઉન્મિશ્ર :** સચિત્ત સાથે મિશ્રિત તે ઉન્મિશ્ર. કોઈક ગૃહસ્થ આ વસ્તુ સાધુને આપવા માટે થોડી છે – એમ વિચારીને, શરમથી જૂદી જૂદી બે વસ્તુ મેળવવામાં સમય લાગશે – એમ ઉત્સુકતાથી વિચારીને, બે વસ્તુ મેળવવાથી મીઠી થશે એમ વિચારીને ભક્તિથી, આમનો સચિત્ત ભક્ષણનો નિયમ ભાંગો – એમ વિચારીને શત્રુતાથી અથવા અનુપયોગથી સાધુઓને કલ્પનીય રૂપ પૂરણ વગેરે અથવા સાધુઓને અકલ્પનીય અનુચિત કરમદા-દાડમના દાણા વગેરે વડે મિશ્રિત કરીને જે આપે, તે ઉન્મિશ્ર.

અહીં કલ્પ્ય અકલ્પરૂપ બંને વસ્તુ મેળવીને જે આપે, તે ઉન્મિશ્ર.

સંહરણતો વાસણમાં રહેલ અદેય વસ્તુને બીજી છાબડી વગેરેમાં સંહરીને આપવું તે સંહૃત – એમ ઉન્મિશ્ર અને સંહૃતનો ભેદ છે.

**૮. અપરિણત :** અપ્રાસુક એટલે અચિત્ત ન થયેલ તે. તેમાં સામાન્યથી દ્રવ્ય અને ભાવ – એમ બે પ્રકાર છે. આ બંનેના પણ દાતા વિષયક અને ગ્રહણ કરનાર વિષયક – એમ બે પ્રકાર છે.

દ્રવ્યરૂપે અપરિણત એટલે પૃથ્વીકાય વગેરે સજીવ સ્વરૂપે હોય તે, પરિણત એટલે જે અચિત્ત થયેલ હોય તે; તે પૃથ્વીકાય વગેરે દાતાના કબજામાં હોય, તો દાતૃવિષયક અને ગ્રાહકના કબજામાં હોય તો ગ્રાહકવિષયક.

ભાવવિષયક – બે અથવા ઘણી વ્યક્તિ જે દેય પદાર્થના માલિક હોય, તેમાંથી કોઈક એકને દાન આપું એવો ભાવ થાય અને બીજાઓને ન થાય – એ ભાવથી દાતૃવિષયક પરિણત.

અહીં સાધારણ અનિસૃષ્ટદોષમાં દાતા પરોક્ષમાં હોય છે. દાતૃભાવઅપરિણતમાં દાતા હાજર હોય છે – એમ બંને વચ્ચે તફાવત છે.

સંઘાટકરૂપે બે સાધુઓ ગૃહસ્થને ત્યાં ગોચરી માટે ગયા હોય, તેમાં એક સાધુને લેવા યોગ્ય અશનાદિને શુદ્ધ છે – એમ મનમાં લાગ્યું હોય એટલે પરિણમ્યું હોય અને બીજા સાધુને ન પરિણમ્યું હોય, તે ગ્રાહકવિષયક ભાવાપરિણત છે. આ સાધુને ન ખપે, શંકિત હોવાથી અને ઝઘડા વગેરે દોષનો સંભવ હોવાથી.

**૯. લિપ્ત :** દહિં, દૂધ, ઓસામણ વગેરે હાથ અને પાત્રને લેપ કરનાર એવા પદાર્થને ઉત્સર્ગથી સાધુએ ન લેવા. કારણ કે દૂધ, દહિં વગેરે રસોના વપરાશથી લંપટતા વધવાનો સંભવ છે. દહિં વગેરેથી લેપાયેલ હાથ ધોવા વગેરે રૂપ પશ્ચાત્કર્મ વગેરે અનેક દોષોનો સંભવ છે. સાધુને અલેપકૃત વાલ, ચણા, ભાત વગેરે જ ખપે.

તથાવિધ શક્તિનો અભાવ હોય, કે નિરંતર સ્વાધ્યાય અધ્યયન વગેરે કંઈક બીજા પુષ્ટ કારણ આશ્રયીને લેપકૃત પણ ખપે.

લેપકૃત ગ્રહણ કરતા દાતાનો હાથ સંસૃષ્ટ અથવા અસંસૃષ્ટ હોય છે અને જે વાસણ વડે ભિક્ષા આપવાની હોય, તે વાસણ માત્રક વાટકી વગેરે પણ સંસૃષ્ટ અથવા અસંસૃષ્ટ હોય છે.

દેય પદાર્થ પણ સાવશેષ એટલે પાછળ કંઈક બચે તે સાવશેષ અને પાછળ કંઈ ન બચે તે નિરવશેષ – એમ બે પ્રકારે છે.

આ ત્રણ પદો ૧. સંસૃષ્ટ હાથ, ૨. સંસૃષ્ટમાત્રક, ૩. સાવશેષ દ્રવ્યના વિરોધી પદો સાથે પરસ્પર યોગ કરવાથી (મેળવવાથી) આઠ ભાંગા થાય છે. તે આ પ્રમાણે –

૧. સંસૃષ્ટ હાથ, સંસૃષ્ટમાત્રક, સાવશેષદ્રવ્ય.

૨. સંસૃષ્ટ હાથ, સંસૃષ્ટમાત્રક, નિરવશેષદ્રવ્ય.

૩. સંસૃષ્ટ હાથ, અસંસૃષ્ટમાત્રક, સાવશેષદ્રવ્ય.

૪. સંસૃષ્ટ હાથ, અસંસૃષ્ટમાત્રક, નિરવશેષદ્રવ્ય.

૫. અસંસૃષ્ટ હાથ, સંસૃષ્ટમાત્રક, સાવશેષદ્રવ્ય.

૬. અસંસૃષ્ટ હાથ, સંસૃષ્ટમાત્રક, નિરવશેષદ્રવ્ય.

૭. અસંસૃષ્ટ હાથ, અસંસૃષ્ટમાત્રક, સાવશેષદ્રવ્ય.

૮. અસંસૃષ્ટ હાથ, અસંસૃષ્ટમાત્રક, નિરવશેષદ્રવ્ય.

આ આઠ ભાંગાઓમાં વિષમ એક, ત્રણ, પાંચ અને સાતમા ભાંગામાં લઈ શકાય પણ બે, ચાર, છ અને આઠ એ સમભાંગામાં ન લઈ શકાય.

કેમકે અહીં હાથ અને વાસણ બંને સ્વયોગથી સંસૃષ્ટ હોય કે અસંસૃષ્ટ હોય, તો પશ્ચાત્ કર્મ થાય છે. કારણ કે પાછળ દ્રવ્ય બચતું નથી માટે.

જેમ વાસણમાં દ્રવ્ય બચે છે, તે વાસણને ભલે સાધુ માટે ખરડ્યું હોય, છતાં દાતા બાઈ ધોતી નથી કેમકે ફરીવાર તેમાંથી બચેલ વસ્તુ પીરસી શકાય છે. જે વાસણમાં સાધુને વહોરાવ્યા પછી થોડું પણ દ્રવ્ય ન બચે, તો નક્કી તે થાળી માત્રક વગેરે વાસણ કે હાથને ધોઈ નાંખે છે. માટે બીજા વગેરે ભાંગામાં નિરવશેષદ્રવ્ય હોવાથી પશ્ચાત્કર્મનો સંભવ હોવાથી ન ખપે. પહેલા વગેરે ભાંગાઓમાં પશ્ચાત્કર્મનો સંભવ ન હોવાથી ખપે છે.

**૧૦. છર્દિત :** છર્દિત એટલે ત્યાગવું, છોડવું, ઢોળવું તે સચિત્ત, અચિત્ત અને મિશ્ર – એમ ત્રણ પ્રકારે છે. તે છર્દિત પણ ક્યારેક સચિત્તમાં, ક્યારેક મિશ્રમાં ને ક્યારેક અચિત્તમાં થાય છે, એમાં મિશ્રનું આધાર આધેય બંનેરૂપે સચિત્તમાં જ અંતર્ભાવ હોવાથી છોડવા. ફેંકવા વિષયકમાં સચિત્ત–અચિત્તદ્રવ્યનો આધાર રૂપે અને આધેયરૂપ સંયોગથી ચાર ભાંગા થાય છે. તે આ પ્રમાણે –

૧. સચિત્તમાં સચિત્તનો [1]ત્યાગ.

૨. સચિત્તમાં અચિત્તનો ત્યાગ.

૩. અચિત્તમાં સચિત્તનો ત્યાગ.

૪. અચિત્તમાં અચિત્તનો ત્યાગ.

આમાં પહેલા ત્રણ ભાંગાઓમાં સચિત્તના સંઘટ્ટા વગેરે દોષનો સંભવ હોવાથી ન ખપે. અને છેલ્લામાં ઢોળાતું હોવાથી ન ખપે. કારણ કે ઢોળવામાં મહાન દોષ છે. ગરમ પદાર્થને ઢોળતો ભિક્ષા આપે તો દાઝે અને જમીન પર રહેલા પૃથ્વીકાય વગેરેને બાળે.

ઠંડુ દ્રવ્ય ઢોળાય તો જમીન પર રહેલા પૃથ્વીકાય વગેરેને વિરાધે.

આ દશ એષણાના દોષો છે. આ પ્રમાણે સંક્ષેપથી ગોચરીના બેતાલીસ (૪૨) દોષ કહ્યા. વિસ્તારથી પિંડનિર્યુક્તિમાંથી જાણવા. (૫૬૮)

હવે પિંડવિશુદ્ધિનો સારાંશ કહે છે. (સર્વ સંગ્રહ)

## પિંડવિશુદ્ધિનો સાર :

**पिंडेसणा य सव्वा संखित्तोयरइ नवसु कोडीसु । न हणइ न किणइ न पयइ कारावणअणुमईहि नव ।।५६९।।**

**પિંડેષણા એટલે પિંડવિશુદ્ધિ. તે સંપૂર્ણપણે સંક્ષેપમાં નવ પ્રકારની કોટીમાં એટલે વિભાગમાં આવી જાય છે. તે આ પ્રમાણે ૧. પોતે જાતે ન હણે, ૨. ન ખરીદે, ૩. ન પકવે (રાંધે), ૪. ન હણાવે, ૫. ન ખરીદાવે, ૬. ન રંધાવે, ૭. હણનારાને, ૮. ખરીદનારને અને ૯. રાંધનારને અનુમોદન ન આપે. આ નવ પ્રકારે પિંડ**

૧. ત્યાગ એટલે મૂકવું.

**વિશુદ્ધિનો સંગ્રહ થાય છે. (૫૬૯)**

આગળ સોળ પ્રકારના ઉદ્ગમના દોષો કહ્યા, તે સામાન્યથી – બે પ્રકારે છે. ૧. વિશોધિકોટિ અને ૨. અવિશોધિકોટિ.

૧. દોષથી દુષ્ટ થયેલુ ભોજન બીજા નિર્દોષ ભોજન સાથે હોય અને તેમાંથી દોષિત જેટલો આહાર હોય, તેટલો આહાર કાઢી નાંખ્યા પછી બીજો આહાર ખપે, તે દોષો વિશોધિકોટિના કહેવાય.

૨. જે દોષોમાં દોષિત આહાર કાઢ્યા પછી પણ નિર્દોષ આહાર ન ખપે એવા દોષો અવિશોધિકોટિના છે.

## ૧. અવિશોધિકોટિના દોષ :

**कम्मुद्देसियचरिमे तिय पूइयमीसचरिमपाहुडिया । अज्झोयर अविसोही विसोहिकोडी भवे सेसा ॥५७०॥**

**આધાકર્મ, ઔદેશિકના છેલ્લા ત્રણ ભેદ, પૂતિકર્મ, મિશ્રજાત, છેલ્લી બાદર પ્રાભૃતિકા અને અધ્યવપૂરક - આ દોષો અવિશોધિકોટિના છે. બાકીના બધા વિશોધિકોટિના છે.**

કર્મ એટલે ભેદો સહિત આધાકર્મ, ઔદેશિકમાં – વિભાગૌદેશિકના છેલ્લા ત્રણ ભેદો, ભોજન–પાણીરૂપ પૂતિદોષ, પાખંડીગૃહિમિશ્ર અને સાધુગૃહિમિશ્રરૂપ મિશ્રજાત, છેલ્લી એટલે બાદર પ્રાભૃતિકા, અધ્યવપૂરકના છેલ્લા બે સ્વગૃહિ પાખંડી મિશ્ર અને સ્વગૃહી સાધુમિશ્ર બે ભેદો લેવા. આ ઉદ્ગમના દોષો અવિશોધિકોટિના છે.

આ અવિશોધિકોટિના દોષવાળા સુકા, સકથુ વગેરે કે છાશના છાંટાનો લેપ વગેરે ઉડવાથી અથવા અલેપકારી વાલ, ચણા વગેરેથી અડેલા છાંટાથી સ્પર્શાયેલા શુદ્ધ આહારને પણ કાઢી નાંખ્યા બાદ ત્રણ કલ્પ એટલે ત્રણ વખત પાત્ર ધોયા વગર જો શુદ્ધ આહાર પાછો લીધો હોય, તે પૂતિ જાણવું.

## ૨. વિશોધિકોટિના દોષો :

**ઔદેશિકના નવ ભેદો અને વિભાગૌદેશિક, ઉપકરણ પૂતિકર્મ, મિશ્રનો પહેલો ભેદ, સ્થાપના, સૂક્ષ્મપ્રાભૃતિકા, પ્રાદુષ્કરણ, ક્રીત, પ્રામિત્ય, પરિવર્તિત, અભ્યાહત, ઉદ્ભિન્ન માલાપહૃત, આચ્છેદ્ય, અનિસૃષ્ટ, અધ્યવપૂરકનો પહેલો ભેદ - આ ભેદો વિશોધિકોટિના છે.**

જેમાંથી અશુદ્ધ ભોજન કાઢી લીધા પછી બાકીનો આહાર વિશુદ્ધ રહે, તે વિશોધિકોટિ અથવા પાત્રાને ત્રણવાર ધોયા વગર પણ જેમાં છોડ્યા પછી ખપે તે વિશોધિકોટિ.

કહ્યું છે કે – ઔદેશિકમાં નવ, ઉપકરણ પૂતિ, યાવદર્થિક મિશ્રજાત, અધ્યવપૂરકનો પહેલો ભેદ, પરાવર્તિત, અભ્યાહૃત, ઉદ્ભિન્ન, માલાપહૃત, આચ્છેદ્ય, અનિસૃષ્ટ, પાદુષ્કરણ, ક્રીત, પ્રામિત્ય, સૂક્ષ્મપ્રાભૃતિકા, બે પ્રકારનો સ્થાપના પિંડ–આ બધા દોષો વિશોધિકોટિના જાણવા.

ગોચરી માટે ફરતા પહેલા શુદ્ધ આહાર લીધો પછી અનુપયોગ વગેરે કારણથી તેમાં વિશોધિકોટિવાળા દોષવાળો આહાર લીધો. તેનો પાછળથી ખ્યાલ આવે કે આ આહાર વિશોધિકોટિનો છે. જો તે આહાર વગર ચાલી શકે એમ હોય તો બધોય આહાર વિધિપૂર્વક પરઠવે. જો નિર્વાહ થાય તેમ ન હોય તો જેટલો વિશોધિકોટિ દોષવાળો આહાર હોય તેટલા આહારને સારી રીતે જાણી પરઠવે. જો જાણતા સરખા રંગ, ગંધ વગેરે પ્રવાહીથી મિશ્રિત હોય તો તે બધાયે આહારનો ત્યાગ કરવો. બધા આહારનો ત્યાગ કર્યા પછી જો આહારના સૂક્ષ્મ અવયવો તે પાત્રમાં રહેલા હોય તો પણ તે આહાર વિશોધિકોટિવાળો હોવાથી તે પાત્રમાં કલ્પ કર્યા વગર બીજો શુદ્ધ આહાર

લઈ શકાય છે.

## ગ્રાસેષણાના પાંચ દોષ :

**संजोयणापमाणे ईगाले धूम कारणे चेव । उवगरणभत्तपाणे सबाहिरब्भंतरा पढमा ॥७३४॥ प्र.सा.**

**૧ સંયોજના, ૨ પ્રમાણ, ૩ અંગાર, ૪ ધૂમ્ર, ૫ કારણ એ પાંચ દોષોમાં પ્રથમ સંયોજના ઉપકરણવિષયક, અને ભક્તપાનવિષયક છે. તે બંનેના પણ બાહ્ય અને અભ્યંતર એમ બે ભેદો છે.**

સંયોજના, પ્રમાણ, અંગાર, ધુમ્ર અને કારણ – એ પાંચ ગ્રાસેષણાના (ભોજન મંડલીના) દોષો છે. ગ્રાસ એટલે ભોજન, તેના વિષયક એષણા એટલે શુદ્ધ અશુદ્ધની વિચારણા, તે ગ્રાસેષણા. તેના પાંચ દોષો છે. તેમાં પાંચ દોષોની અપેક્ષાએ પ્રથમ સંયોજનાનું સ્વરૂપ કહે છે.

**૧. સંયોજના :** સંયોજના એટલે ભેગું કરવું, એકઠું કરવું. એક દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે ઉંચા પ્રકારનું બનાવવા માટે મેળવવું તે સંયોજના. તે ઉપકરણ વિષયક અને ભક્તપાન વિષયક – એમ બે પ્રકારે છે. અને તે બન્નેના બાહ્ય અને અભ્યંતર – એમ બે-બે ભેદ છે.

ઉપકરણ વિષયક બાહ્ય સંયોજના આ પ્રમાણે છે. કોઈક સાધુએ કોઈના ઘરેથી સારો ચોલપટ્ટો વગેરે મેળવીને વિભૂષા માટે તે ચોલપટ્ટા સાથે શોભે તેવી ચાદર-કપડો માંગી વસ્તિની બહાર જ પહેરે તે બાહ્યઉપકરણસંયોજના.

વસ્તિમાં સ્વચ્છ ચોલપટ્ટો પહેરી તેના ઉપર શોભા માટે તેને અનુરૂપ સ્વચ્છ કોમળ ચાદર-કપડો પહેરે તે અભ્યંતરઉપકરણસંયોજના.

**ભક્તપાનસંયોજના :** ભિક્ષા માટે ફરતા ખીર વગેરે અનુકૂળ દ્રવ્યોની સાથે રસની લાલસાથી ખાંડ વગેરેથી સ્વાદિષ્ટ બનાવવા માટે ઉપાશ્રયની બહાર મેળવે તે બાહ્ય-ભક્તપાનસંયોજના.

અભ્યંતર ભક્તપાનસંયોજના વસ્તિમાં આવી ભોજન વાપરતી વખતે ખીરમાં ખાંડ વિગેરે મેળવે તે. તે ત્રણ પ્રકારે છે. (૧) પાત્રવિષયક, (૨) કવલવિષયક, (૩) મુખવિષયક –

(૧) ભોજનના સમયે જે દૂધ વગેરેને ખાંડ વગેરે દ્રવ્ય સાથે રસની લાલસાથી એક જ પાત્રમાં મેળવીને રાખે. જેમ દૂધમાં ખાંડ નાંખે તે પાત્રસંયોજના.

(૨) ખાવા માટે હાથમાં સુંવાળી વગેરેના કોળિયાને ખાંડ વગેરે સાથે મેળવે. એટલે સુંવાળીને ખાંડ વગેરે લગાડે તે કવલ સંયોજના.

(૩) જ્યારે માંડા પુડલા વગેરેને મોઢામાં નાખી પછી ઉપર ગોળ વગેરે ખાય તે મુખસંયોજના.

આમાં અપવાદ કહે છે. સાધુઓના ઘણા સંઘાટકોને ઘણું ઘી વગેરે મળ્યું હોય તે વાપર્યા પછી પાછળથી થોડું વધે, તે વધેલા ઘીને ખપાવવા માટે ખાંડ વગેરેની સાથે સંયોજન કરવામાં દોષ ન લાગે.

કારણ કે વધેલું ઘી વગેરે ખાંડ વગેરે દ્રવ્ય સિવાય બીજા માંડા વગેરે દ્રવ્યની સાથે સાધુઓ ધરાયેલ (તૃપ્ત) હોવાના કારણે ખાઈ ન શકે. ઘી વગેરે પરઠવવું પણ યોગ્ય નથી. કેમકે ઘી વગેરે ચીકાશવાળા પદાર્થ હોવાથી પરઠવ્યા પછી કીડી વગેરે જીવોનો નાશ થવાનો સંભવ છે. (ગ્લાન) બિમાર સાધુને સાજા કરવા માટે સંયોજના કરે અથવા ભોજનની અરૂચીવાળાઓ, ઉત્તમ આહાર વાપરનારા અને સુખી કુટુંબમાંથી આવેલ રાજપુત્ર વગેરે સાધુઓના માટે સંયોજના વગરના આહારથી હજુ ટેવાયેલા ન હોય, તેવા નૂતન દીક્ષિત, શૈક્ષક વગેરેના માટે

રસગૃદ્ધિથી પણ સંયોજના કલ્પે છે. (૭૩૪)

**कुक्कुडिअंडयमेत्ता कवला बत्तीस भोयणपमाणे । रागेणाऽऽसायंतो संगारं करइ सचरित्तं ।।७३५।।**

**કુકડીના ઇંડા પ્રમાણ બત્રીસ કોળીયા જેટલું ભોજનનું પ્રમાણ છે. રાગપૂર્વક ખાવાથી પોતાના ચારિત્રને અંગાર સમાન કરે છે.**

**૨. પ્રમાણ :** કુકડીના ઇંડાના પ્રમાણે બત્રીસ કોળિયા ભોજનનું પ્રમાણ છે. કુકડીનું પ્રમાણ બે પ્રકારે છે. દ્રવ્યકુકડી અને ભાવકુકડી. તેમાં સાધુનું શરીર જ કુકડી છે અને તેનું મુખ ઇંડુ છે. માટે ભોજન કરતી વખતે આંખ, ગાલ, હોઠ, ભ્રમર, જરા પણ વિકૃત ન થાય – એ રીતે કોળિયો મોઢામાં પેસે તેવો કોળિયો, તે કોળિયાનું પ્રમાણ છે. અથવા કુકડી એટલે મરઘી તેના ઇંડા પ્રમાણ કોળિયાનું પ્રમાણ.

જેટલા પ્રમાણ આહાર ખાવાથી ન્યૂનતા એટલે ભૂખ પણ ન રહે અને વધારે એટલે પેટ સજ્જડ ન થઈ જાય, તે રીતે પેટ રહે અને સંતોષ રહે, જ્ઞાન-દર્શન-ચારિત્રની વિશિષ્ટ ધૃતિ પ્રાપ્ત થાય અને એની વૃદ્ધિ થાય, તેટલા પ્રમાણનો આહાર, તે ભાવકુકડી કહેવાય છે. તેનો જ બત્રીસમો ભાગ તે ઇંડુ. તે ઇંડા પ્રમાણનો કોળિયો. તે બત્રીસ કોળિયા પુરુષનો, અઠ્ઠાવીસ કોળિયા સ્ત્રીનો અને ચોવીસ કોળિયા નપુંસકનો આહારપ્રમાણ છે.

તંદુલ વૈચારિકમાં કહ્યું છે કે, 'બત્રીસ કોળિયા પુરુષનો, અઠ્ઠાવીસ કોળિયા સ્ત્રીનો અને નપુંસકનો ચોવીસ કોળિયા પ્રમાણ આહાર છે. અધિક આહાર કરવાથી ન પચે તો રોગ, ઉલ્ટી અને મૃત્યુ થાય છે.'

પિંડનિર્યુક્તિમાં કહ્યું છે કે, અતિ ઘણું, અતિ પ્રમાણ ભોજન ખાધા પછી ન પચવાથી રોગ, ઉલ્ટી અને મૃત્યુ થાય છે.

**૩. અંગાર :** રાગપૂર્વક અન્નની અથવા તેના દાતાની પ્રશંસા કરવા વડે નિર્દોષ પ્રાસુક ભોજન વાપરવાથી પોતાના ચારિત્રને સાધુ અંગારાવાળુ કરે છે. કેમકે ચરણરૂપી ઇંધણ માટે તે અંગારરૂપ છે.

અંગાર બે પ્રકારે છે. દ્રવ્યાંગાર અને ભાવાંગાર.

દ્રવ્યથી – અગ્નિથી બળેલ ખેર વગેરે વનસ્પતિનાં ટુકડા તે દ્રવ્યઅંગાર.

ભાવથી – રાગરૂપી અગ્નિ વડે બળેલું ચરણરૂપી ઇંધણ તે ભાવઅંગાર.

જેમ બળેલ ઇંધણ ધૂમાડો નીકળી ગયા પછી અંગારો કહેવાય. એ પ્રમાણે અહીં પણ ચરણરૂપી ઇંધણને રાગરૂપ અગ્નિ વડે બળેલો અંગરો કહેવાય. તેથી ભોજનમાં રહેલ વિશિષ્ટ ગંધ, સ્વાદ, રસ વગેરેને આધિન થવાથી, તેમાં મૂર્છિત થયેલ સાધુ અહો શું મીઠું છે! અહો શું સુંદર ભરેલ છે! અહો સ્નિગ્ધ છે! સરસ પકાવેલ છે! સરસ રસવાળું છે! વગેરે પ્રશંસાથી જે અંગારાવાળું કરે તે અંગાર કહેવાય. (૭૩૫)

**૪. ધૂમ્ર :**

**भुंजंतो अमणुन्न-दोसेण सधूमगं कुणइ चरणं । वेयणआयकप्पमुहकारणा छच्च पत्तेयं ।।७३६।।**

**દ્વેષથી ખરાબ આહાર કરતી વખતે સધુમ એટલે ધુમાડા સહિત ચારિત્રને કરે છે, વેદના, આતંક વગેરે છ કારણો દરેક ભોજનમાં જાણવા.**

દ્વેષપૂર્વક અન્નનો અથવા તેના દાતારનો નિંદાકરવાપૂર્વક અમનોજ્ઞ એટલે બેસ્વાદ આહાર વાપરે, તો ચારિત્રને ધુમાડાવાળું કરે છે. કેમકે નિંદાત્મક મલિન ભાવરૂપી ધુમાડા વડે મિશ્રિત હોવાથી.

ધુમાડો દ્રવ્ય અને ભાવ – એમ બે પ્રકારે છે. તેમાં અર્ધ બળેલ લાકડાનો ધુમાડો દ્રવ્યધૂમ્ર છે. અને દ્વેષરૂપી અગ્નિથી ચારિત્રરૂપી ઇંધણને (બળતણ) બાળતો નિંદાત્મક જે કલુષિત ભાવ, તે ભાવધૂમ્ર છે.

જેમ અંગારાપણાને પામ્યા પહેલાનું જે બળતું ઇંધણ તે સધુમ કહેવાય – એમ દ્વેષરૂપી અગ્નિ વડે બળતું ચરણરૂપી ઇંધણ પણ સધુમ કહેવાય. માટે ભોજન સંબંધી ખરાબ રસ, ગંધ અને સ્વાદથી તદ્વિષયક વ્યાકુળ ચિત્તવાળાને – એમ થાય કે અરે! કેવું ખરાબ, કેવું કોહવાય ગયેલું, કાચું છે, મસાલા વગેરે સંસ્કાર વગરનું છે, મીઠા વગરનું છે વગેરે નિંદાનાં વશથી ધુમાડા સહિત જે ચારિત્ર તે સધૂમચારિત્ર કહેવાય છે.

વેદના વગેરે છ કારણોથી ભોજન કરનાર અને આતંક એટલે રોગ વગેરે છ કારણોથી ભોજન ન કરનાર, પુષ્ટ કારણ હોવાથી તીર્થંકરની આજ્ઞાનો આરાધક છે. નહીં તો રાગ વગેરે ભાવોના કારણે આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે. (૭૩૬)

## ભોજનના છ કારણો :

**वेयण १ वेयावच्चे २ इरियट्ठाए य ३ संजमट्ठाए ४ । तह पाणवत्तियाए ५ छट्ठं पुण धम्मचिंताए ६ ।।७३७।।**

**(૧) વેદના (૨) વૈયાવચ્ચ, (૩) ઈર્યાસમિતિનું પાલન, (૪) સંયમ, (૫) પ્રાણવૃત્તિ, (૬) ધર્મચિંતા, એ છ કારણે ભોજન કરવું.**

(૧) બધી વેદનાઓમાં ભૂખ મુખ્ય હોવાથી ભૂખને સહન કરી ન શકાય. કહ્યું છે કે 'ક્ષુધા સમાન વેદના નથી' માટે ક્ષુધારૂપી વેદનાને સમાવવા ભોજન કરે.

(૨) ભૂખના કારણે ગુરુ વગેરેની વૈયાવચ્ચ ભક્તિ કરી ન શકે માટે તેને વૈયાવચ્ચ કરવા માટે ભોજન કરવું પડે.

(૩) નિર્જરાને ઇચ્છનારા ઇર્યાસમિતિને ઇચ્છે છે, તેથી ઇર્યાસમિતિના પાલન માટે ભોજન કરે. કેમકે ભૂખથી પીડાયેલ આંખે અંધારા આવતા હોવાથી આંખ વડે જોઈ ન શકે તો ઇર્યાસમિતિનું પાલન શી રીતે થાય?

(૪) ભૂખથી પીડાયેલ પડિલેહણ, પ્રમાર્જના વગેરે સંયમનું પાલન કરવા સમર્થ ન થાય. આથી સંયમની વૃદ્ધિ માટે ભોજન કરે.

(૫) શ્વાસોશ્વાસ વગેરે દશ પ્રાણોના પાલન માટે એટલે ધારણ કરવા માટે અથવા જીવવા માટે (આયુષ્ય ટકાવવા) ભોજન કરે. કેમકે અવિધિથી પોતાના આત્માના પ્રાણોને પણ નુકશાન કરનારને હિંસા લાગે છે. આથી કહ્યું છે કે, 'મમત્વ રહિત, ભાવિત જિન વચનવાળા આત્માને પોતાનો જીવ કે બીજાનો જીવ – એવો કોઈ વિશેષ ભેદ હોતો નથી. માટે પરની અને પોતાની એમ બંનેની પીડાનો ત્યાગ કરે.'

(૬) ધર્મચિંતા એટલે ધર્મધ્યાન ધ્યાવવા માટે અથવા શ્રુતધર્મચિંતા એટલે ગ્રંથ પરાવર્તન, વાચન ચિંતન વગેરે રૂપ શ્રુતચિંતા માટે ભોજન કરે. આ બંને પ્રકારના ધર્મધ્યાન, કે શ્રુતચિંતારૂપ ધ્યાન ભૂખથી વ્યથિત મનવાળો ન કરી શકે. કેમકે ભૂખ્યાને આર્તધ્યાનનો સંભવ હોય છે. (૭૩૭)

હવે ભોજન ન કરવાના આતંક વગેરે છ કારણો કહે છે.

**आयंके १ उवसग्गे २ तितिक्खया बंभचेरगुत्तीसु ३ । पाणिदया ४ तवहेऊ ५ सरीरवोच्छेयणट्ठाए ।।७३८।।**

**(૧) આતંક એટલે રોગ, (૨) ઉપસર્ગની તિતિક્ષા, (૩) બ્રહ્મચર્યની ગુપ્તિનું પાલન, (૪) જીવદયા, (૫) તપ, (૬) શરીરના ત્યાગ આદિના કારણે ભોજનનો ત્યાગ કરે.**

(૧) આતંક એટલે તાવ વગેરે રોગ થયો હોય, ત્યારે ભોજન ન કરે. કેમકે પ્રાયઃ ઉપવાસ કરવાથી તાવ વગેરે રોગોનો નાશ થાય છે. કહ્યું છે કે – પવન, શ્રમ, ક્રોધ, શોક, કામ, ઘાથી ઉત્પન્ન થયેલ સિવાયના બાકીના જ્વર આદિનું બળ લાંઘણથી નાશ પામે છે.

(૨) દેવ, મનુષ્ય, તિર્યંચો વડે કરાયેલ ઉપસર્ગોની તિતિક્ષા એટલે સારી રીતે સહન કરવા માટે ભોજનનો ત્યાગ કરે.

ઉપસર્ગો અનુકૂળ અને પ્રતિકૂળ એમ બે પ્રકારે છે. તેમાં માતા, પિતા, સ્ત્રી વગરના સ્વજનોએ કરેલ ઉપસર્ગ અનુકૂલઉપસર્ગ છે. તેઓ સ્નેહ વગેરેના કારણે દીક્ષા છોડાવવા માટે ક્યારેક આવે, ત્યારે આ ઉપસર્ગ છે – એમ માની ભોજન ન કરે. કેમકે તેઓ સાધુને ઉપવાસ કરતા જોઈ, સાધુનો નિશ્ચય જાણીને મરણ વગેરેના ભયથી સાધુને છોડી દે.

ગુસ્સે થયેલ રાજા વગેરે દ્વારા કરાયેલ ઉપસર્ગ પ્રતિકૂળઉપસર્ગ છે. તેમાં પણ ભોજન ત્યાગ કરે. સાધુને ઉપવાસ કરતા જોઈ, રાજા વગેરે પણ દયા આવવાથી પ્રાયેઃ છોડી દે.

(૩) બ્રહ્મચર્યગુપ્તિના પાલન માટે એટલે મૈથુનવિરમણવ્રતની રક્ષા માટે ઉપવાસ કરે. કેમકે ઉપવાસ કરવાથી કામવાસના ઘણી દૂર થાય છે. કહ્યું છે કે, **'આહાર વગરના આત્માની વિષયવાસના દૂર થાય છે.'**

(૪) પ્રાણિદયા એટલે જીવદયાના રક્ષણ માટે. વરસાદ પડતો હોય, ધુમ્મસ હોય, સચિત્ત રજની વૃષ્ટિ થતી હોય, ઝીણી ઝીણી દેડકીઓ, મસી, કુંથુવાં વગેરે જીવાતોવાળી જમીન પર જીવદયા માટે ફરવાનું છોડીને ભોજન ન કરે.

(૫) તપ કરવા માટે એટલે એક, બે, ત્રણ ઉપવાસથી લઈ છ મહિના સુધીના ઉપવાસ કરે, ત્યારે ભોજનનો ત્યાગ કરે.

(૬) શરીરના વ્યવચ્છેદ એટલે અનશન કરે ત્યારે. શિષ્યો બનાવવા માટે સમસ્ત પોતાની ફરજ પૂરી થયા પછી પાછલી વયમાં સંલેખના કરવાપૂર્વક જાવજ્જીવના અનશનનું પચ્ચક્ખાણ કરવા યોગ્ય આત્માને કરીને ભોજનનો ત્યાગ કરે. શિષ્ય બનાવવા વગેરે ફરજો પૂરી કર્યા વગર યુવા કે પ્રૌઢ અવસ્થામાં શરીર ત્યાગ માટે અનશન પચ્ચક્ખાણ કરવાથી જિનાજ્ઞા ભંગનો પ્રસંગ આવે છે. સંલેખના વગર અનશન કરે, તો આર્ત્તધ્યાન વગેરેનો સંભવ છે. કહ્યું છે કે 'શરીરની સંલેખના કર્યા વગર એકદમ અનશન સ્વીકારી લેવાથી અચાનક ધાતુઓનો ક્ષય થાય છે, તેથી છેલ્લા સમયે જીવને આર્ત્તધ્યાન થઈ જાય છે.' આવા કારણોની વિચારણા આગળની જેમ જ સમજવી. (૭૩૮)

## પાણી અને ભોજનની સાત એષણા :

**संसट्ठ १ मसंसट्ठा २ उद्धड ३ तह अप्पलेविया४ चेव। उग्गहिया ५ पग्गहिया ६ उज्झियधम्मा ७ य सत्तमिया ।।७३९।।**

**(૧) સંસૃષ્ટા, (૨) અસંસૃષ્ટા, (૩) ઉદ્ધૃતા, (૪) અલ્પલેપિકા, (૫) અવગૃહિતા, (૬) પ્રગૃહિતા અને (૭) ઉજ્ઝિતધર્મા - એ સાત ગ્રહણૈષણા છે.**

સિદ્ધાંતની ભાષામાં પિંડને ભક્ત કહેવાય છે. તેને ગ્રહણ કરવાના પ્રકાર તે પિંડૈષણા. તે સાત પ્રકારે છે. (૧) અસંસૃષ્ટા, (૨) સંસૃષ્ટા, (૩) ઉદ્ધૃતા, (૪) અલ્પલેપિકા, (૫) અવગૃહિતા, (૬) પ્રગૃહિતા, (૭) ઊજ્ઝિતધર્મા. આ સાતે એક બીજાથી ઉત્તરોત્તર અતિ વિશુદ્ધ હોવાથી – આ પ્રમાણે ક્રમ બતાવ્યો છે. ગાથામાં જે પહેલા સંસૃષ્ટા લેવામાં આવી છે તે ગાથાના છંદભંગના ભયથી લીધેલ છે. સાધુઓ બે પ્રકારના છે. ગચ્છવાસી

અને ગચ્છબાહ્ય. તેમાં ગચ્છવાસી સાધુઓને સાતે પ્રકારની પિંડૈષણાની (અનુજ્ઞા) છૂટ છે. જ્યારે ગચ્છબાહ્ય સાધુઓ પહેલી બે અગ્રહણ છે અને પાછળની પાંચમાંથી બેનો અભિગ્રહ કરે. (૭૩૯)

આ સાતે ભિક્ષાની વ્યાખ્યા ગ્રંથકાર પોતે જ કરે છે.

**तंमि य संसट्ठा हत्थमत्तएहिं इमा पढम भिक्खा १ । तव्विवरीया बीया भिक्खा गिण्हंतयस्स भवे २ ॥७४०॥**

**પ્રથમ સંસૃષ્ટાભિક્ષા - હાથ અને માત્રક (વાસણ) વડે ગ્રહણ કરતા થાય છે. બીજી ભિક્ષા પહેલી ભિક્ષાથી વિપરીતપણે ગ્રહણ કરતા થાય છે.**

**૧. સંસૃષ્ટાભિક્ષા :** હાથ અને માત્રક એટલે વાસણ વડે થાય છે. એટલે કે છાશ, ઓસામણ વગેરે ખરડાયેલ હાથ વડે અને ખરડાયેલ માત્રક એટલે વાટકી વગેરે વડે ભિક્ષા ગ્રહણ કરનાર સાધુને સંસૃષ્ટા નામે પહેલી ભિક્ષા થાય છે. આ ભિક્ષા બીજી હોવા છતાં પણ મૂળ ગાથાની અપેક્ષાએ પ્રથમ છે.

સંસૃષ્ટ અને અસંસૃષ્ટ, સાવશેષ અને નિરવશેષ દ્રવ્યો વડે આઠ ભાંગા થાય છે. તેમાં સંસૃષ્ટ-હાથ, સંસૃષ્ટ-માત્રક, સાવશેષ-દ્રવ્ય-એ આઠમો ભાંગો ગચ્છબાહ્ય સાધુઓને પણ ખપે છે. બાકીના ભાંગાઓ ગચ્છવાસી સાધુઓને સૂત્ર-હાનિ વગેરે કારણાશ્રયીને ખપે છે.

**૨. અસંસૃષ્ટભિક્ષા :** અસંસૃષ્ટ હાથથી અસંસૃષ્ટ માત્રક (ભાજન) વડે ભિક્ષા ગ્રહણ કરનાર સાધુઓને અસંસૃષ્ટા ભિક્ષા થાય છે. અહીં પણ અસંસૃષ્ટ હાથ, અસંસૃષ્ટ માત્રક, સાવશેષદ્રવ્ય અને નિરવશેષદ્રવ્ય હોય, તેમાં નિરવશેષદ્રવ્યમાં પશ્ચાત્કર્મનો દોષ લાગે છે. છતાં પણ ગચ્છમાં બાલ-વૃદ્ધ વગેરે હોવાથી તેનો નિષેધ નથી. આથી સૂત્રમાં તેની ચિંતા કરેલ નથી. (૭૪૦)

**नियजोएणं भोयणजायं उद्धरियमुद्धडा भिक्खा ३ । सा अप्पलेविया जा निल्लेवा वल्लचणगाई ४ ॥७४१॥**

**પોતે કરેલ ભોજનને મૂળ વાસણમાંથી બીજા વાસણમાં કાઢવું તે ઉદ્ધૃતા નામે ત્રીજી ભિક્ષા છે. વાલ, ચણા વગેરે લેપ વગરની ભિક્ષા તે અલ્પલેપ નામે ભિક્ષા છે.**

**૩. ઉદ્ધૃતા ભિક્ષા :** પોતાના પ્રયત્નથી જ બનાવેલ ભોજનને મૂળ થાળી વગેરે વાસણમાંથી બીજી થાળી વગેરે વાસણમાં કાઢવું તે ઉદ્ધૃતા. તેને સાધુ ગ્રહણ કરે તો ઉદ્ધૃતા નામે ત્રીજી ભિક્ષા થાય.

**૪. નિરસભિક્ષા :** વાલ, ચણા, પૌંઆ, પૂડલા વગેરે લેપ વગરની નિરસભિક્ષા. અલ્પ શબ્દ અભાવ વાચક અર્થમાં છે, માટે અલ્પલેપા એટલે લેપવગરની અથવા અલ્પલેપા એટલે પશ્ચાત્કર્મ વગેરેથી ઉત્પન્ન થયેલ કર્મસંબંધ જેમાં થોડો છે, તે અલ્પલેપા.

આચારાંગસૂત્રમાં કહ્યું છે કે, પાત્રામાં ગ્રહણ કર્યા પછી જેમાં અલ્પ પશ્ચાત્કર્મ વગેરે અલ્પપર્યાયજાત એટલે થોડા રેસા વગેરે છોડવાના હોય, તે અલ્પલેપા. અહીં પૌંઆ વગેરે ગ્રહણ કરે છતે પશ્ચાત્કર્મ આદિ અલ્પ થાય છે. તથા પર્યાય જાત પણ અલ્પ હોય છે. (૭૪૧)

**भोयणकाले निहिया सरावपमुहेसु होइ उग्गहिया ५ । पग्गहिया जं दाउं भुत्तुं व करेण असणाई ६ ॥७४२॥**

**ભોજન સમયે શરાવડા વગેરે કાંસાના વાસણમાં મૂકી રાખેલ હોય તે અવગૃહિતાભિક્ષા. જે આપવા માટે કે ખાવા માટે હાથમાં લીધેલ ભોજન (અશન) વગેરે તે પ્રગૃહિતા.**

**૫. અવગૃહિતા ભિક્ષા :** ભોજન સમયે શરાવડા તથા કાંસા વગેરેના વાસણમાં ખાવાની ઇચ્છાથી જે ભાત વગેરે કાઢેલ હોય, તેને ગ્રહણ કરનાર સાધુની ભિક્ષા અવગૃહિતા નામે પાંચમી ભિક્ષા થાય છે.

આમાં આપનારે પહેલા પાણીથી હાથ કે વાસણ ધોયા હોય અને તે હાથ કે વાસણમાંનું પાણી સૂકાઈ ગયું હોય તો ભિક્ષા લેવી ખપે. જો થોડી પણ ભિનાશ હોય તો ન ખપે.

**૬. પ્રગૃહિતા ભિક્ષા :** ભોજન વખતે ખાનારાઓને પીરસવા માટે પીરસનારાએ તપેલા વગેરેમાંથી ચમચા વગેરે દ્વારા ભોજન કાઢ્યું હોય પણ ખાનારાને આપ્યું ન હોય અને સાધુને આપે અથવા ખાનારાઓ ખાવા માટે પોતાના હાથમાં જે અશન વગેરેનો કોળીયો લીધો હોય, તે સાધુને આપે તો પ્રગૃહિતા નામની છઠ્ઠી ભિક્ષા થાય છે. (૭૪૨)

**भोयणजायं जं छड्डणारिहं नेहयंतिदुपयाई । अद्धच्चत्तं वा सा उज्झियधम्मा भवे भिक्खा ॥७४३॥**

**જે ભોજન નાંખી દેવા યોગ્ય હોય અને દ્વિપદ એટલે કોઈ પણ માણસ આદિ ઇચ્છતા ન હોય, તે અથવા અડધું ફેંકી દીધું હોય તે ભિક્ષા ઉજ્ઝિતધર્મા થાય છે.**

**૭. ઉજ્ઝિતધર્માભિક્ષા :** જે ભોજન ખરાબ હોવા વગેરેના કારણે, નાંખી દેવા યોગ્ય હોય અને બીજા દ્વિપદ એટલે બ્રાહ્મણ, શ્રમણ, અતિથિ, ભિખારી વગેરે લેવા ન માંગતા હોય, અથવા ભોજન અડધું ફેંકી દીધું હોય, તે ભોજન લેવાથી સાધુને ઉજ્ઝિતધર્મા નામની સાતમી ભિક્ષા થાય છે.

આ સાત પિંડૈષણામાં સંસૃષ્ટ વગેરે અષ્ટભંગી કહેવી. પરંતુ ચોથી ભિક્ષામાં જુદાપણું છે. કેમકે તે અલેપ હોવાથી સંસૃષ્ટ આદિનો અભાવ છે. (૭૪૩)

**પાણૈષણા :**

पाणेसणावि एवं नवरि चउत्थीए होइ नाणत्तं । सोवीरायामाई जमलेवाडत्ति समयुत्ती ॥७४४॥

**પાણૈષણામાં પણ એ પ્રમાણે જ જાણવું. પરંતુ ચોથી પાણૈષણામાં ભિન્નતા છે. સિદ્ધાંતમાં કહ્યું છે કે, સૌવિરક - કે અનાજ ધોયેલ કાંજીનું પાણી, ઓસામણ, ઉનું પાણી કે આચામ્લાદિ વગેરે અલેપકૃત છે.**

હવે પાણૈષણાસમક કહે છે. પાણૈષણા પણ એ પ્રમાણે સંસૃષ્ટ વગેરે સાત પ્રકારે જાણવી. પરંતુ ફક્ત ચોથી અલ્પલેપા હોવાથી એમાં ભિન્નતા છે. જેથી સિદ્ધાંતમાં કહેલ સૌવિરક એટલે કાંજી, ઓસામણ આદિ શબ્દથી ગરમ પાણી, ચોખાનું ધોવણ વગેરે અલેપ કૃત કહેલ છે. બાકીના શેરડીનો રસ, દ્રાક્ષનું પાણી, આમલીનું પાણી વગેરે લેપકૃત છે, તે પીવાથી સાધુને કર્મનો લેપ થાય છે. (૭૪૪)

*નિશ્ચયનયની દૃષ્ટિએ ચિત્તશુદ્ધિ એ જ પરમાત્માની આજ્ઞા છે. પણ વ્યવહારનયની દૃષ્ટિએ રત્નત્રયીની આરાધના એ જિનાજ્ઞા છે. કેમકે રત્નત્રયીની આરાધના વિના ચિત્તશુદ્ધિ સંભવિત નથી. એ આરાધનાઓનું સંયોજન એવા પ્રકારનું છે કે તેનાથી વિરાધનાઓને સો ગાઉનું છેટું પડી જાય છે. અશુભ નિમિત્તો નજરમાં આવતા નથી. એટલે જેણે ચિત્તશુદ્ધિ કરવાની વહાલા પ્રભુની આજ્ઞા પાળવી હોય તેણે રત્નત્રયીની આરાધના સ્વીકારવી જોઈએ. હા.... અહીં પણ હજી એક તત્ત્વ ઉમેરવાનું છે. તેના વિનાની રત્નત્રયીની આરાધના ચિત્તશુદ્ધિની આજ્ઞાની પાલક બની શકતી નથી. એ તત્ત્વ છે રાગાદિ દોષો પ્રત્યે તીવ્ર ધિક્કાર ભાવ.*

- *આરાધનાઓથી વિરાધનાઓ હટે પરન્તુ વિરાધકભાવ તો આરાધકભાવથી જ હટે.*
- *રાગાદિ દોષો પ્રત્યેનો ધિક્કારભાવ એ પાયાનો આરાધકભાવ છે.*
- *રાગાદિ દોષો પ્રત્યેનો ધિક્કારભાવ આહાર શુદ્ધિથી જ મેળવી શકાય. એ ગુરૂ મંત્ર પ્રત્યેક સાધુ-સાધ્વીએ આત્મસાત કરી લેવો જોઈએ.*
- *શ્રી દશવૈકાલિક સુત્રનું મૂળ ફળ આચારશુદ્ધિ અને આચારશુદ્ધિ આહારશુદ્ધિમાં છે.*

જે મુનિ શાસ્ત્રીય દૃષ્ટિએ કુશીલ છે, આચાર-હીન છે, તે મુનિ ઓઘો, ચોલપટ્ટો, પાતરા વગેરે ચિહ્નને ધારણ કરીને આજીવિકા ચલાવે છે, શાસ્ત્રીય દૃષ્ટિએ પોતાને અસંયમી હોવા છતાં પણ સંયમીના રૂપમાં વિખ્યાત કરે છે કે મુનિ છું. આવો આત્મા લાંબા સમય સુધી પરિભ્રમણ કરી વિનાશ પ્રાપ્ત કરે છે. આ તેની અનાથતા છે.

જેવી રીતે કોઈ મહામૂર્ખ માનવ ઝેરને મારક સમજ્યા છતાં જીવિત રહેવાની ઇચ્છાથી કાલકૂટ વિષનું પાન કરે છે, કોઈ પોતાના બચાવ માટે શસ્ત્રને ઊંધું પકડે છે, વેતાલની સાધના કરી વેતાલ પર નિયંત્રણ નથી રાખતા એવા આત્માઓ વિનાશને પ્રાપ્ત થાય છે. તેવી જ રીતે શ્રમણધર્મનો વેશ લઈને વિષયવિકારોની આસક્તિપૂર્વક અનાચારોનું આસેવન કરવાવાળાં આત્મા અશુભકર્મબંધન કરી વિનાશ પ્રાપ્ત કરે છે/વિનાશને પ્રાપ્ત થાય છે.

જે મુનિ જ્યોતિષ શાસ્ત્ર આદિનું અધ્યયન કર્યા પછી લક્ષણ, સ્વપ્ન, ફળ, નિમિત્ત આદિનો ઉપયોગ ભક્તગણની વૃદ્ધિ માટે, તેનાથી ભૌતિક સામગ્રી, યશ, કીર્તિ ધન આદિની પ્રાપ્તિ માટે કરે છે, કૌતુક કાર્યને દર્શાવે છે, જાદુઈ વિદ્યા/ખેલોનો પ્રયોગ કરે છે, જનસમુદાયમાં ચમત્કારી પદ પ્રાપ્ત કરવા માટે બધાં પ્રકારની વિદ્યાઓનો પ્રયોગ કરવાવાળાં અને આજીવિકા માટે ઉપર દર્શાવેલાં કામ કરનારાં કર્મ ફળને ભોગવવાનો સમય આવશે ત્યારે તે સમયે તે ભક્તોમાંથી એક પણ તેઓની રક્ષા કરવા નહીં આવે આ તેમની અનાથતા છે.

તીવ્રતમ અજ્ઞાનતાને પ્રાપ્ત મુનિ સદાચારનાં પાલનરહિત થઈને વિપરીત દૃષ્ટિવાળા બનીને અયોગ્ય આચરણ કરનારાં મુનિ મુનિધર્મની વિરાધનાના કારણે હંમેશાં સતત નરક તિર્યંચ આદિ ગતિઓમાં દુઃખોને સહન કરતાં પરિભ્રમણ કરતાં રહે છે. આ તેમની અનાથતા છે.

જે મુનિવેષથી સંયુક્ત મુનિ ઔદ્દેશિક આદિ ક્રીતપિંડ, અવિશુદ્ધિ કોટી, વિશુદ્ધિકોટી વગેરે કોઈપણ પ્રકારનો અનેષણીય આહાર લેશમાત્ર પણ નથી છોડતાં અર્થાત્ શ્રાવકના ઘેર ગવેષણ કર્યા વગરનો આહાર લેવાવાળા અગ્નિની ભાંતિ બધુ ખાનારાં ભિક્ષુ પાપઆચરણની તીવ્રતા થઈ જવાથી દુર્ગતિઓમાં જાય છે આ તેમની અનાથતા છે.



ખરાબ પ્રવૃત્તિઓમાં ડૂબેલાં દુરાત્મા મુનિ પોતાના આત્માનું જે અનર્થ કરે છે તે અનર્થ કોઈનું ગળું કાપનારાં શત્રુ પણ નથી કરી શકતાં. નિર્દય સંયમ પાલન/સાધ્વાચારથી હીન મુનિ મૃત્યુની પળોમાં ઘણો પશ્ચાત્તાપ કરીને દુઃખ પામશે આ તેમની અનાથતા છે.

જે મુનિ પોતાનાં હિત માટે છેલ્લી આરાધના માટે સાવધાન જાગ્રત નથી, તે મુનિ વ્યવહારથી શ્રમણધર્મનાં પાલનમાં રુચિ રાખતા હશે તોપણ નકામું છે. એવા મુનિના માટે આ લોક અને પરલોકનું કોઈ કાર્ય સિદ્ધ ન થવાથી ઉભય ભ્રષ્ટ થઈને સતત ચિંતિત રહેવાની પરિસ્થિતિ ઉપસ્થિત થઈ જાય છે. આ તેમની અનાથતા છે.

Multy Graphics
(022) 23873222 / 23884222